
# ઉપદેશમાળા

## 'દોઘટ્ટી' ભાવાનુવાદ





:: પુનઃ સંપાદક ::

આચાર્ય દેવ શ્રી રત્નાકર સૂરીશ્વરજી મ.સા ના શિષ્યરત્ન

**ઉપાધ્યાય શ્રી રત્નત્રય વિજયજી મ.સા.**

॥ શ્રી ગોડીજી પાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રી જિત-હીર-બુદ્ધિ-તિલક-શાંતિચંદ્ર-રત્નશેખર-રાજેન્દ્રસૂરિભ્યો નમઃ ॥

**શ્રી વીરપ્રભુ હસ્તદીક્ષિત શ્રી ધર્મદાસગણિ પ્રણીત તથા**

**શ્રી રત્નપ્રભસૂરિકૃત 'દોઘટ્ટી' વિખ્યાત-વૃત્તિ અલંકૃતા**

# ઉપદેશમાલા 'દોઘટ્ટી' ભાવાનુવાદ


**ભાવાનુવાદકર્તા**

**આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. સા. નાં શિષ્ય**

**આચાર્યદેવ શ્રી હેમસાગરસૂરીશ્વરજી મ. સા.**

**પુનઃ સંપાદન કર્તા**

**પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી રત્નાકરસૂરીશ્વરજી મ. સા. નાં શિષ્ય**

**ઉપાધ્યાય શ્રી રત્નત્રયવિજયજી મ. સા.**



**પ્રકાશક**

**શ્રી રંજનવિજયજી જૈન પુસ્તકાલય**

**માલવાડા જિ. જાલોર (રાજ.)**

| | | | પ્રાપ્તિસ્થાન |
|---|---|---|---|
| વિ. સંવત્ | : | ૨૦૬૯ | શ્રી પારસ-ગંગા જ્ઞાનમંદિર |
| નકલ | : | ૧૦૦૦ | B/૧૦૩/૧૦૪ કેદાર ટાવર |
| કિંમત | : | ૨૫૦ રૂપિયા | રાજસ્થાન હોસ્પીટલ સામે |
| મુદ્રક | : | નવનીત પ્રીન્ટર્સ (નિકુંજ શાહ) ૨૭૩૩, કુવાવાળી પોળ, શાહપુર, અમદાવાદ-૧ મો. ૦૯૮૨૫૨૬૧૧૭૭ | શાહીબાગ-અમદાવાદ - ૪ ફોન નં. ૦૭૯-૨૨૮૬૦૨૪૭/ ૯૪૨૬૫૩૯૦૭૬ |
| Email | : | navneet1177@gmail.com | |

## ઉપદેશમાળા ગ્રંથ એટલે શું ?

આ હુંડા અવસર્પિણીમાં પંચમકાલમાં શ્રી વીરભગવંતનાં અવિચ્છિન્ન પ્રભાવશાળી જિનશાસનમાં અનેક ગીતાર્થ આચાર્ય ભગવંતો થઇ ગયા અને શાસનનાં પુણ્ય પ્રભાવે હજુ પણ શાસનની ધુરા વહન કરનારાં પ્રભાવક મહાપુરૂષો થશે. જેઓનાં ઉપદેશયોગે દરેક કાળમાં શાસનની છત્રછાયામાં પુણ્યશાળી આત્માઓ તેમનાં ઉપદેશાનુસાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધનામાં જોડાઇ મોક્ષમાર્ગનાં અધિકારી બનશે.

તીર્થંકર-ગણધર ભગવંતોની ગેરહાજરીમાં તીર્થંકર-ગણધરનાં વચનાનુસાર ઉપદેશ આપી અનેક આત્માઓ સંસાર વિમુખ બની સંસાર સાગરથી પાર ઉતરે છે. સાધુભગવંત તેમજ શ્રાવકોને સંસાર સાગરથી પાર ઉતારવા માટે સમકિતની પ્રાપ્તિ કરી દેશવિરતિ, સર્વવિરતિ સુધી પહોંચી મોક્ષમાર્ગને અનુસરવા માટે ભગવાન મહાવીરનાં શિષ્ય ધર્મદાસગણીએ આ ગ્રંથની રચના કરેલ છે.

આ ઉપદેશમાળાનાં ૫૪૨ શ્લોક પ્રાકૃત ભાષામાં ધર્મદાસગણીએ પોતાનાં પુત્ર રણસિંહ જે રાજપુત્ર હતો તેને પ્રતિબોધવા માટે તથા તેમનાં પછી બીજાને પણ પ્રતિબોધવા માટે રચના કરેલ છે. આ ઉપદેશમાળાનાં ૫૪૨ શ્લોક રચી વિજયા સાધ્વી તથા સુજયસાધુ (જિનદાસગણી) ને કંઠસ્થ કરાવી ઉપદેશ આપવા માટે રણસિંહ રાજપુત્ર પાસે મોકલ્યા. રણસિંહ રાજપુત્રે પણ આ ઉપદેશમાળાનાં ૫૪૨ શ્લોક કંઠસ્થ કરી વૈરાગ્યભાગ પ્રાપ્ત કરી પોતાનાં પુત્રને રાજગાદી સાથે આ ઉપદેશમાળા ગ્રંથ સોંપી પોતે આચાર્ય મુનિચંદ્રસૂરિ પાસે સંયમગ્રહણ કરેલ.

જેમ રણસિંહ રાજપુત્રે ઉપદેશમાળા ગ્રંથથી વૈરાગ્યપ્રાપ્ત કરેલ અને પેથડ મંત્રી દરરોજ પાલખીમાં બેસી આ ગ્રંથનો સ્વાધ્યાય કરતા હતાં. તેથી આ ગ્રંથ વાદિદેવસૂરિનાં શિષ્ય રત્નપ્રભસૂરિએ વિ. સં. ૧૨૩૮નાં માઘ માસમાં માત્ર ૫૪૨ શ્લોકની ૧૧૧૫૦ શ્લોક-પ્રમાણ ટીકા બનાવી. ભૃગુકચ્છ (ભરૂચ) નગરનાં અશ્વાવબોધ તીર્થમાં મુનિસુવ્રતસ્વામીની છત્રછાયામાં પ્રગટ કરેલ. અને શ્રી હેમસાગરસૂરિએ આનુ ભાષાંતર કરેલ.

આ સંસારની અન્તર્ગત ઘણાં ભારેકર્મી જીવો હોય ઘણાં પ્રમાદમાં પડેલા હોય. વળી અર્થ, કામમાં અત્યંત આસક્ત બનેલા હોય. સંયમ તપમાં પ્રમાદી હોય, દર્શન-જ્ઞાન-ચારિત્રની ક્રિયામાં ઉત્સાહ વગરનાં હોય તેવાં આત્માઓ જો ઉપદેશમાળા ગ્રંથનું વાંચન કરે તો ધર્મ અને મોક્ષમાર્ગનાં મુસાફીર બની આગળ વધી શકે. સરલ ગુજરાતી ભાષામાં દોઘટ્ટી ટીકાવાળું આ ગ્રંથ પુનઃ પ્રકાશન કરેલ છે. તો દરેક સાધુ-સાધ્વીજી તેમજ દરેક શ્રાવક-શ્રાવિકા આ ગ્રંથને સંપૂર્ણ રૂપે વાંચી સ્વ-પરનાં કલ્યાણ માટે કલ્યાણકારી બને એજ હાર્દિક શુભેચ્છા.

હાલ દોઘટ્ટી ટીકાવાળો ગ્રંથ અપ્રાપ્ય હોવાથી પુનઃ સંપાદન કરેલ છે. શ્રાવકનાં અતિચારમાં પણ આ ગ્રંથનું નામ આવે છે માટે આ ગ્રંથને જીવનમાં એકવાર તો અવશ્ય વાંચવો જોઇએ...

**લિ.**


**આચાર્યદેવશ્રી રત્નાકરસૂરિજીનાં**
**શિષ્ય ઉપાધ્યાયશ્રી**
**રત્નત્રયવિજયજી**



પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી

રત્નશેખર સૂરીશ્વરજી મ.સા.





પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી

રત્નાકર સૂરીશ્વરજી મ.સા.

શત્રુંજયમંડન-શ્રીઋષભસ્વામિને નમઃ ।
શ્રીશ્રુતધર-પ્રભાવક-સ્થવિરેભ્યો નમઃ ।

# અનુવાદકીય-સંપાદકીય નિવેદન

અનંતજ્ઞાની શ્રીતીર્થંકર ભગવંતોનાં વચનાનુસાર અનંતદુઃખસ્વરૂપ, અનંત દુઃખફલ અને અનંત દુઃખપરંપરાવાળા આ સંસારમાં આ જીવ ચારેય-ગતિ તેમજ ૮૪ લાખ જીવયોનિમાં આમ-તેમ ચકડોળ માફક ઉંચે-નીચે અથડાતો અથડાતો, ભવિતવ્યતા પરિપક્વ થવાના યોગે અકામનિર્જરાના કારણે હલુકર્મી થવા સાથે સરિત્પાષાણ-ગોલન્યાયે અતિદુર્લભ મનુષ્યભવ સુધી આવી પહોંચ્યો.

દરેક ભવમાં આહાર, ભય, મૈથુન અને પરિગ્રહસંજ્ઞા અને તેના ઉદ્યમવાળો હતો, પરંતુ આત્મલક્ષી દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા કોઈ ભવમાં પામ્યો નથી. તે સંજ્ઞા મેળવવા પહેલાં જીવે અનેક વિશુદ્ધ પ્રયત્નો કરવા પડે છે. તીર્થંકર ભગવંતના શાસન કે ગીતાર્થ ગુરુમહારાજનો યોગ થયા સિવાય, તેમના ઉપદેશ સિવાય તેવા પ્રયત્નો કરવા આત્મા સ્વયં ઉલ્લસિત થઇ શકતો નથી. તીર્થંકર ભગવંતના આત્માઓને પણ છેલ્લા ભવ સિવાય લગભગ દરેક ભવમાં ઉપદેશક ગીતાર્થ ગુરુભગવંતોના સહારાની જરૂર રહે, તો પછી સામાન્ય આત્મા માટે તો ઉપદેશક ગુરુમહારાજની વિશેષ જરૂર ગણાય.

હૂંડા-અવસર્પિણીના આ પાંચમા આરામાં પણ શ્રીવીરભગવંતના અવિચ્છિન્ન પ્રભાવશાળી જૈનશાસનમાં તેવા અનેક જ્ઞાની ગીતાર્થ આચાર્ય ભગવંતો થઇ ગયા અને શાસનના પુણ્ય-પ્રભાવે હજુ પણ શાસનની ધુરા વહન કરનારા પ્રભાવક મહાપુરુષો-ગુરુવર્યો થશે, જેના ઉપદેશયોગે દરેક કાળમાં શાસનની છત્રછાયામાં વર્તી પુણ્યશાળી આત્માઓ તેમના ઉપદેશાનુસાર સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગમાં જોડાશે. સ્થિર થશે, વૃદ્ધિ પામશે અને બીજા આત્માઓના પ્રેરક બનશે.

તીર્થંકર ભગવંતની ગેરહાજરીમાં પણ આચાર્ય ભગવંતાદિ ગીતાર્થ ગુરુભગવંતો તીર્થંકરના વચનાનુસાર મોક્ષમાર્ગનો જ ઉપદેશ આપી, અનેક શાસન-પ્રભાવનાઓ કરી કોઇ પ્રકારે અનેક આત્માઓને સંસારવિમુખ બનાવી મોક્ષમાર્ગ તરફ પ્રીતિ ઉત્પન્ન કરાવનારી, સંસારસમુદ્ર તારનારી, આત્મોન્નતિ કરાવનારી સુંદર દેશનાનો વિપુલપ્રવાહ આગમના ઉંડા ગંભીર શાસ્ત્ર-સરોવરમાં વહેવડાવે છે.

વળી આવા કેવલી તીર્થંકર ભગવંતના વિરહકાલમાં જીવને સહેલાઇથી સંસારસમુદ્ર તરવાનાં મુખ્ય બે અનુપમ સાધનો છે. એક જિનેશ્વર ભગવંતની શાન્ત કરૂણામૃતરસપૂર્ણ

મૂર્તિ અને બીજું તેમના પ્રરૂપલા આગમો-દ્વાદશાંગીરૂપ શ્રુતજ્ઞાન. તેમની મૂર્તિને ઓળખાવનારા આ શ્રુતજ્ઞાન-શાસ્ત્રો છે, જે ગણિપિટક કહેવાય છે. તે શાસ્ત્રના રહસ્યો પરંપરાગમ દ્વારા મેળવેલા હોય છે. ગુરુ પાસેથી શાસ્ત્રોના પારમાર્થિક અર્થો વિનય કરીને, બહુમાન સાચવીને, તેમની પૂર્ણકૃપાથી પ્રાપ્ત કરીને અવધારણ કરી શકાય છે. વિનયાદિક કાર્યો વગર મેળવેલા અર્થો આત્માને યથાર્થ પરિણમતાં નથી. લાભદાયક નીવડતાં નથી. આત્માની પરમઋદ્ધિ પમાડનાર આ શ્રુતજ્ઞાન છે.

"सुयणाणं महड्ढियं" - શ્રુતજ્ઞાન મહર્દ્ધિક છે. અપેક્ષાએ કેવલજ્ઞાન કરતાં પણ શ્રુતજ્ઞાન મહાન એટલા માટે કહેલું છે કે, કેવલજ્ઞાન મૂંગું છે. જ્યારે શ્રુતજ્ઞાન પોતાને અને બીજાને પ્રકાશિત કરનાર છે. કેવલજ્ઞાની ભગવંતો શ્રુતજ્ઞાનદ્વારા બીજા જીવો પર પરોપકાર કરે છે. આત્માનું શુદ્ધસ્વરૂપ કર્મ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, મોક્ષ વગેરે કરણીય, અકરણીય, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, સન્માર્ગ, સંસારમાર્ગ આ સર્વ પદાર્થોનું જ્ઞાન કરાવનાર હોય તો સર્વજ્ઞ ભગવંતે પ્રરૂપેલા દ્વાદશાંગીરૂપ શ્રુતજ્ઞાન. આ શ્રુતજ્ઞાન સિવાય અતીન્દ્રિય પદાર્થોનું જ્ઞાન, શ્રદ્ધા, સંવેગ, ત્યાગ, વર્તન તપસ્યાદિ થવાં મુશ્કેલ છે. તેમાં મુખ્યતયા ગણધરભગવંતોએ અતિશયવતી ત્રિપદી પ્રાપ્ત થવાયોગે રચેલી દ્વાદશાંગી અન્તર્ગત ચૌદપૂર્વો છે, જેના આધારે વર્તમાનતીર્થ અવિચ્છિન્નપણે પ્રવર્તી રહેલું છે.

આચાર્યોની પરંપરાથી પરંપરાગમ પ્રાપ્ત કરેલ એવા પૂર્વાચાર્યોએ વર્તમાનકાળના અલ્પજ્ઞાની આત્માઓને સહેલાઇથી પ્રતિબોધ થઇ શકે, તે માટે આગમાનુસારી આગમના સિદ્ધાંતોને પ્રતિપાદન કરનારા એવા અનેકાનેક મહાગ્રન્થો, પ્રકરણો, શાસ્ત્રોની રચનાઓ કરેલી છે.

બહુશ્રુત ગીતાર્થ પ્રભાવક શાસનાધાર જેવા ક કલ્પસૂત્ર, દશ નિર્યુક્તિઆદિના રચયિતા શ્રી ભદ્રબાહુસ્વામી, દશવૈકાલિકના કર્તા શય્યંભવસૂરિ, વિશેષાવશ્યક ભાષ્યકાર શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણ, આર્યરક્ષિતસૂરિ, સ્કંદિલાચાર્ય, નંદીસૂત્રકર્તા દેવવાચક, પ્રજ્ઞાપનાસૂત્ર કર્તા શ્યામાચાર્ય, તત્વાર્થ-સભાષ્યકર્તા ઉમાસ્વાતી, ૧૪૪૪ ગ્રન્થકર્તા શ્રીહરિભદ્રસૂરિ, શિલાંકાચાર્ય, નવાંગી ટીકાકાર અભયદેવસૂરિ, શ્રીમલ્લવાદી, વાદીવેતાલ, શાંતિસૂરિ, વાદીદેવસૂરિ, દાર્શનિક અભયદેવસૂરિ, ઉપમિતિ કથાકાર સિદ્ધર્ષિ, કુવલયમાલા કથાકાર દાક્ષિણ્યચિહ્નાંક ઉદ્યોતનસૂરિ, કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્ય, શ્રીસંઘદાસગણી, શ્રીજિનદાસગણી, શ્રીમુનિચન્દ્રસૂરિ, શ્રીરત્નપ્રભસૂરિ, પ્રવચનપરીક્ષા-કલ્પકિરણાવલી આદિ ગ્રંથકર્તા ઉ. શ્રીધર્મસાગરજી ઉ. શ્રીયશોવિજયજી આદિ ગ્રન્થકારો શાસનના પુણ્યપ્રભાવે અનેકાનેક થઇ ગયા છે.

તેમાં ઉપદેશમાળા નામના પ્રકરણકર્તા પ્રભુમહાવીરના હસ્ત-દીક્ષિત અવધિજ્ઞાનવાળા શ્રીધર્મદાસગણિવરે પોતાના રાજપુત્ર રણસિંહ તેમ જ બીજાઓને પ્રતિબોધ કરવા માટે આ પ્રકરણની રચના કરેલી છે. જેના ઉપર ઉપમિતિભવ-પ્રપંચ-કથાકાર શ્રીસિદ્ધર્ષિગણિવરે કથાવગરની સંસ્કૃત સંક્ષેપટીકા રચેલી છે, તથા રત્નાવતારિકાકાર શ્રીરત્નપ્રભસૂરિએ તે ટીકાનો ઉપયોગ કરી પ્રાકૃત અને અપભ્રંશ ભાષામાં કથાસહિત "દોઘટ્ટી" નામની ટીકા રચેલી છે. જે કેટલાંક વર્ષો પહેલાં મેં તાડપત્ર ઉપરથી પ્રેસકોપી કરાવી બીજી પ્રતો સાથે સંશોધન કરી છપાવી હતી. ઉપદેશમાળા એ આગમની તુલનામાં મૂકી શકાય તેવું અપૂર્વ વિપુલવૈરાગ્યોત્પાદક શાસ્ત્ર છે, જેમાં વિવિધ પ્રકારના અનેક વિષયો તથા સવાસો ઉપરાંત સુંદર કથાઓ છે, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા ચતુર્વિધ શ્રીસંઘને ઉપકારક અને પઠન-પાઠન માટે કેટલાક શ્રમણો અને શ્રાવકોના અનુરોધથી મેં આ ટીકાનો ગૂર્જરાનુવાદ કર્યો, જેમાં સિદ્ધસેનની ટીકાને પણ સાથે આવરી લીધી છે, જેથી અનેક વર્ષો પહેલાં ડો. યાકોબીએ લખેલી હકીકત આજે સાકાર બની સાચી પડી છે. કેવી રીતે ? સ્વ. મોહનલાલ દલીચંદભાઇ દેસાઇ એડવોકેટ તેઓએ જૈન-સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ લખેલ છે, જેના ૧૮૬મા પત્રે લખેલ છે કે -

"ગુપ્ત સં. ૫૯૮ વર્ષમાં એટલે વિ. સં. ૯૭૪માં સિદ્ધર્ષિએ ધર્મદાસગણિકૃત પ્રાકૃત ઉપદેશમાળા ઉપર સંસ્કૃત વિવરણ-ટીકા લખેલ છે. આ ગ્રંથ બે જાતનો છે. એક ઘણી કથાઓવાળો મોટો, અને બીજો લઘુવૃત્તિ નામનો નાનો ગ્રન્થ છે. આ સંસ્કૃતવૃત્તિ અતિઉપયોગી છે. તે જ પાના પર ૧૮૮-૧૮૯-૧૯૦ ની ટીપ્પણીમાં પીટર્સન રીપોર્ટમાં ડો. યાકોબી કહે છે કે - "હું આશા રાખં છું કે કોઇ વિદ્વાન કથાઓ સાથે તે વિવરણ પ્રસિદ્ધ કરવા પ્રયત્ન કરશે. ગ્રન્થકર્તાની કીર્તિ અને સમય જોતાં તે વિવરણનો ગ્રન્થ અંધારામાંથી બહાર લાવવા માટેના ખાસ કારણો છે.

**कृतिरियं जिन-जैमिनि-कणभूक्-सौगतादिदर्शन वेदिनः ।**
**सकलग्रन्थार्थनिपुणस्य श्रीसिद्धर्षेर्महाचार्यस्येति- ।।**

એટલે કે જૈન, જૈમિનીયા, કણાદ-સાંખ્ય, બૌદ્ધઆદિ દર્શન જાણનાર, સકલ અર્થોના અર્થથી નિપુણ એવા શ્રીસિદ્ધર્ષિમહાચાર્યની આ કૃતિ છે, એમ ગ્રન્થને અંતે જણાવ્યું છે. આ પર વર્ધમાનસૂરિએ કથાનક યોજેલ છે. પી. ૫, પરિ. પૃ. ૫૭, વળી આ સિદ્ધર્ષિની વૃત્તિ પરથી જ ગાથાર્થ લઇને શ્રીરત્નપ્રભસૂરિએ સં. ૧૨૩૮માં ઉપદેશમાળા "દોઘટ્ટી" નામની વૃત્તિ રચી છે. જેથી અંતે સિદ્ધર્ષિને 'व्याख्यातृ चूडामणि' તરીકે યથાર્થ કહેલ છે. કારણ કે સિદ્ધર્ષિને 'व्याख्यातृ' નું બિરૂદ હતું (પ્રભાવક ચરિત્ર શૃંગ ૧૪ શ્લોક

૯૭, પી. ૩, પૃ. ૧૬૮) અને પોતાના બનાવેલા બે ગ્રન્થના છેડે તેઓ 'सत्साधुभिः कृतकृपैर्मयि शोधनीय' એ શબ્દો લખે છે ને તેવું જ વાક્ય આ વૃત્તિના અંતે પણ છે.

આ સિવાય મૂળગ્રન્થ અને ટીકાઓના પ્રણેતા વિષયક ગ્રન્થ અને ટીકા-વિષયક પ્રસ્તાવનામાં ઘણું કહેવાએલ હોવાથી તેમ જ અનુક્રમણિકામાં દરેક વિષયો નિર્દેશેલા હોવાથી અહીં વિસ્તારભયથી કહેતાં નથી.

ઉપદેશમાળાની મૂળ ગાથાઓ સાથે છપાવી છે. અને પ્રાકૃત ટીકાના ભાષાન્તરમાં લાંબી કથાઓ હોય ત્યાં ૨૫-૫૦-૧૦૦ એમ શ્લોકસંખ્યા સૂચવી છે, જેથી કોઇ કોઇ વખત અનુવાદનો મૂળ સાથે ઉપયોગ કરવો પડે તો સુગમતા રહે.

આવા મહાન ગ્રન્થો સંપાદન કરવામાં વિવિધ પ્રકારે અનેકોના સહકારની જરૂર પડે છે, તેમાં કેટલીક સંસ્થાઓ તથા મુનિભગવંતો તથા સાધ્વીજીઓની પ્રેરણાઓ, વ્યક્તિગત શ્રાવકો તરફથી સહાયક અને ગ્રાહક તરીકે આર્થિક સારો સહકાર મળેલો છે.

વળી વડોદરા રાજ્યના નિવૃત્ત-જૈનપંડિત લાલચન્દ્ર ભગવાન ગાંધીએ મારી લખેલ ગૂર્જરાનુવાદની પ્રેસકોપી બારીકીથી તપાસી આપી છે, તથા છાપેલા ફારમ તપાસી આપી શુદ્ધિપત્રક પણ જીણવટભર દૃષ્ટિથી તપાસી આપેલ છે.

ઉપરાંત શ્રી બહાદુરસિંહજી પ્રિ. પ્રેસના માલીક ભાનુચંદ્રભાઇ નાનચંદ મહેતાએ પોતાનું અંગતકાર્ય માની સુંદર-સફાઇદાર છાપકામ ઘણું જ ઝડપી કરી આપેલ છે. તેમ જ મારા વિનીતશિષ્યો મુનિ શ્રીમનોજ્ઞસાગરજી, શ્રીનિર્મલસાગરજી આદિની સંપાદન કાર્યમાં વિવિધપ્રકારની સેવા મળેલી છે. આ સર્વેનો સુંદર સહકાર મળ્યો ન હોત, તો આટલું જલ્દી કાર્ય પૂર્ણ ન થઇ શકતે. માટે સહકાર આપનાર દરેકનાં કાર્યો ધન્યવાદને પાત્ર અને અભિનંદનીય બન્યાં છે.

આ અનુવાદ લખતાં ક્ષયોપશમની મંદતા, અનુપયોગ કે પ્રમાદદોષના કારણે જો કંઇ પણ જિનેશ્વર વચન-વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડં. વાચકવર્ગના ખ્યાલમાં આવે તો મારા ખ્યાલપર લાવવા સાદર વિનંતિ.

અંતે આ પૂર્વાચાર્ય-રચિત ઉપદેશમાળા દોઘટ્ટી ટીકાસહિત મહાગ્રન્થના ગૂર્જરઅનુવાદનો સ્વાધ્યાય વાંચન-પઠન-પાઠન કરી ગ્રન્થકર્તા, વિવરણકર્તા અને અનુવાદ કરનારના પરિશ્રમને અને ધ્યેયને સફળ કરો - એ જ અભિલાષા.

**આ. હેમસાગરસૂરિ**

સવિવરણ ઉપદેશમાળા-ગૂર્જરાનુવાદનો

## વિષયાનુક્રમ

### પ્રથમ વિશ્રામ


૧. ટીકાકારનું પ્રથમ મંગલ - .................... ૧
૨. રણસિંહ કથા - .................... ૩
૩. કલિકાળનો પ્રભાવ - .................... ૨૫
૪. તપનાં પ્રભાવ ઉપર ઋષભદેવનું ચરિત્ર .................... ૩૦
૫. તપનાં પ્રભાવ ઉપર મહાવીર ચરિત્ર .................... ૩૬
૬. ચંદનબાલાની કથા .................... ૩૮
૭. ક્ષમા રાખવાનો અધિકાર... .................... ૪૩
૮. ઉપસર્ગ સમયે અડોલતા રાખવી .................... ૪૪
૯. વિનયઅધિકાર .................... ૪૫
૧૦. આચાર્યનાં ૩૬ ગુણોની વિધિધતાં .................... ૪૬
૧૧. સાધ્વીજીને વિનયોપદેશ .................... ૪૯
૧૨. પુરૂષની પ્રધાનતા (જ્યેષ્ઠતા) .................... ૫૧
૧૩. ભરત મહારાજાનો આત્મસાક્ષિક ધર્મ - .................... ૫૨
૧૪. પ્રસન્નચન્દ્ર રાજર્ષિ-કથા - .................... ૫૪
૧૫. બાહુબલીની કથા - .................... ૬૨
૧૬. સનત્કુમાર ચક્રીની કથા - .................... ૭૩
૧૭. લવસપ્તમ દેવતા કેમ કહેવાય ? .................... ૮૪
૧૮. બ્રહ્મદત્ત ચક્રીની કથા - .................... ૮૫
૧૯. ઉદાયિરાજાને મારનાર વિનયરત્નનું દૃષ્ટાંત - .................... ૧૧૫


### બીજો વિશ્રામ


૨૦. દેવતાઇ વરદાનવાળી ચિત્રકારની કથા - .................... ૧૧૯
૨૧. મૃગાવતીની કથા - .................... ૧૨૧
૨૨. જા સા સા સાનું દૃષ્ટાંત - .................... ૧૨૭
૨૩. મૃગાવતી-આર્યચંદનાને કેવલજ્ઞાન - .................... ૧૩૦
૨૪. જંબૂસ્વામી-ચરિત્ર - .................... ૧૩૩
૨૫. નાગિલાનો હિતોપદેશ - .................... ૧૩૬

૨૬. અવધિજ્ઞાની સાગરદત્તમુનિ - ..................... ૧૩૯
૨૭. સાગરદત્ત મુનિ સાથે શિવકુમારનો સમાગમ - ..................... ૧૩૯
૨૮. શ્રાવકપુત્ર દૃઢધર્મે કરેલી વેયાવચ્ચ - ..................... ૧૪૦
૨૯. ચારે ગતિનાં દુ:ખો - ..................... ૧૪૩
૩૦. અનાદૃત દેવની ઉત્પત્તિ - ..................... ૧૪૪
૩૧. આઠ કન્યાઓ સાથે પાણિ-ગ્રહણ - ..................... ૧૪૬
૩૨. પ્રભવકુમાર - મધુબિન્દુનું દૃષ્ટાંત - ..................... ૧૪૮
૩૩. કુબેરદત્ત અને કુબેરદત્તાયુગલ - ..................... ૧૫૧
૩૪. એક ભવમાં ૧૮ સંબંધ-સગપણ કેવી રીતે થયાં - ..................... ૧૫૩
૩૫. મહેશ્વર-કથાનક - ..................... ૧૫૫
૩૬. મકરદાઢા-વેશ્યાની કથા - ..................... ૧૫૬
૩૭. ભૌતાચાર્યની કથા - ..................... ૧૬૦
૩૮. વાનર-દંપતીની કથા - ..................... ૧૬૧
૩૯. ઔચિત્ય લાભનો લોભ - ક્ષેત્રદેવતા અને જુગારી - ..................... ૧૬૨
૪૦. પ્રીતિવાળી ત્રણ સખીઓ - ..................... ૧૬૫
૪૧. લક્ષ્મી સ્થિર મનુષ્યોને વરે છે - ..................... ૧૬૭
૪૨. ઉતાવળ કરનારની લક્ષ્મી નાશ પામે છે - ..................... ૧૬૯
૪૩. ધર્મકાર્યમાં સ્થિરતા ઢીલ ન કરવી - ..................... ૧૬૯
૪૪. વિજય-સુજયની કથા - ..................... ૧૭૦
૪૫. યોગરાજ-શંકરિકાની કથા - ..................... ૧૭૪
૪૬. કલિરાજ્ય કથા - ..................... ૧૮૦
૪૭. બે ડોસીની કથા - ..................... ૧૮૩
૪૮. નિત્ય-પર્વ-જુહાર મિત્રોની કથા - ..................... ૧૮૪
૪૯. અમરસેન-પ્રવરસેન બે બન્ધુની કથા - ..................... ૧૮૭
૫૦. અતિલોભ ઉપર લોહાર્ગલા ગણિકાની કથા :- ..................... ૧૯૦
૫૧. પ્રભાકરની કથા - ..................... ૧૯૭
૫૨. ચિલાતીપુત્ર સુંસુમાનું ઉદાહરણ - ..................... ૨૦૭
૫૩. ઢંઢણકુમારની કથા - ..................... ૨૧૦
૫૪. સ્કંદકકુમારની કથા - ..................... ૨૧૪

૫૫. હરિકેશમુનિની કથા - .................................................. ૨૧૮
૫૬. શાલ-મહાશાલઆદિ પાંચકેવલીઓની કથા .................................................. ૨૨૫
૫૭. ગૌતમસ્વામી દ્વારા અષ્ટાપદની યાત્રા .................................................. ૨૨૭
૫૮. વજસ્વામીની કથા .................................................. ૨૩૨
૫૯. વસુદેવના પૂર્વભવ નંદિષેણમુનિની કથા - .................................................. ૨૫૦
૬૦. ક્ષમા રાખવા ઉપર ગજસુકુમાલની કથા - .................................................. ૨૫૮
૬૧. ધર્મનું મૂળ વિનય .................................................. ૨૬૫
૬૨. દૃઢ વ્રત આરાધના કરનાર સ્થૂલભદ્ર મુનિની કથા - .................................................. ૨૬૬
૬૩. ગુણીઓની ઇર્ષ્યા ન કરવી ગુણાનુમોહના કરવી .................................................. ૨૭૮
૬૪. ગુણ-પ્રશંસા સહન ન કરનાર પીઠ-મહાપીઠની કથા - .................................................. ૨૭૯
૬૫. પારકા દોષો ન બોલવાં .................................................. ૨૮૬
૬૬. તામલિ-તાપસની કથા આ પ્રમાણે છે - .................................................. ૨૮૮
૬૭. શાલિભદ્રની કથા - .................................................. ૨૯૩
૬૮. અવંતિસુકુમાલની કથા કહે છે - .................................................. ૩૦૨
૬૯. ચંદ્રાવતંસક રાજાની કથા - .................................................. ૩૦૮
૭૦. સાગરચંદ્ર રાજાની કથા .................................................. ૩૧૦
૭૧. મેતાર્યમુનિની કથા .................................................. ૩૧૫

## બીજો ખંડ.

૭૨. દત્તસાધુની કથા .................................................. ૩૨૪
૭૩. ભક્તિ રાગ ઉપર સુનક્ષત્રમુનિની કથા- .................................................. ૩૨૬
૭૪. પ્રદેશીરાજાની કથા- .................................................. ૩૩૦
૭૫. કાલકાચાર્યનું દૃષ્ટાંત - .................................................. ૩૩૪
૭૬. મરિચિનાં ભવભ્રમણની કથા- .................................................. ૩૩૯
૭૭. બલદેવમુનિ અને મૃગની કથા - .................................................. ૩૪૨
૭૮. પૂરણઋષિની અને ચમરેન્દ્ર કથા - .................................................. ૩૪૭
૭૯. વારત્રકમુનિની કથા - .................................................. ૩૫૩
૮૦. સ્ત્રી-યુવતિ પરિચયનાં દોષો- .................................................. ૩૬૦
૮૧. કમલામેલા-સાગરચંદ્રનું દૃષ્ટાંત .................................................. ૩૬૨
૮૨. ધર્મની દૃઢતામાં કામદેવ શ્રાવકની કથા- .................................................. ૩૬૬

૮૩. દુર્ગતિગામી દ્રમકની કથા- ........................................ ૩૭૦
૮૪. સામ્ય સુખ સ્વરૂપ- ........................................ ૩૭૧
૮૫. ગોશાળાની કથા- ........................................ ૩૭૩
૮૬. દૃઢપ્રહારીની કથા- ........................................ ૩૭૭
૮૭. સહસ્ત્રમલ્લનું આખ્યાનક આ પ્રમાણે જાણવું- ........................................ ૩૮૧
૮૮. સ્કંધકમુનિની કથા- ........................................ ૩૮૫
૮૯. તેતલીપુત્રમંત્રી-પોટ્ટિલા પત્નીની કથા - ........................................ ૩૮૮
૯૦. શ્રેણિક-કોણિકની કથા - ........................................ ૩૯૨
૯૧. ચેડામહારાજાની સાત પુત્રીઓ કયા કયાં પરણી ? ........................................ ૩૯૭
૯૨. સુલસાનું અડોલ સમ્યક્ત્વ- ........................................ ૪૦૧
૯૩. પિતાનો વેરી કોણિક પુત્ર કેમ થયો ? ........................................ ૪૦૩
૯૪. અભય અને કપટી વેશ્યા શ્રાવિકાઓ- ........................................ ૪૦૬
૯૫. કોણિકે પિતાને કેદ કર્યા- ........................................ ૪૧૩
૯૬. શ્રેણિકનું મરણ- ........................................ ૪૧૪
૯૭. ચંદ્રગુપ્ત અને ચાણક્યની કથા - ........................................ ૪૧૬
૯૮. ચાણક્યની કુટિલનીતી- ........................................ ૪૨૨
૯૯. સુબુદ્ધિમંત્રીનું વેર કેવી રીતે વાળ્યું ? ........................................ ૪૨૫
૧૦૦. ચાણક્યે સ્વીકારેલ અનશનવ્રત- ........................................ ૪૨૬
૧૦૧. પરશુરામ અને સુભુમચક્રીની કથા - ........................................ ૪૨૮
૧૦૨. આર્યમહાગિરિની કથા - ........................................ ૪૩૪
૧૦૩. મેઘકુમારની કથા - ........................................ ૪૩૭
૧૦૪. એકલા સાધુનું સાધુપણું નથી તે બતાવે છે - ........................................ ૪૪૬
૧૦૫. સત્યકીની કથા - ........................................ ૪૪૭
૧૦૬. સાધુ-વંદન-ફલ ઉપર કૃષ્ણ કથા ........................................ ૪૫૨
૧૦૭. ચંડરૂદ્રાચાર્યની કથા - ........................................ ૪૫૫
૧૦૮. અભવ્ય અંગારમર્દકાચાર્યની કથા - ........................................ ૪૫૭
૧૦૯. પુષ્પચૂલા સાધ્વીજીની કથા - ........................................ ૪૬૦
૧૧૦. અગ્નિકાપુત્રાચાર્યની કથા - ........................................ ૪૬૨
૧૧૧. કરેલા પાપો કેટલાં ગુણા ફળો આપે તેનું સ્વરૂપ- ........................................ ૪૬૫

૧૧૨. પ્રત્યેકબુદ્ધ કરકંડુની કથા - ....................................................... ૪૬૬
૧૧૪. દુર્મુખની કથા - ....................................................... ૪૭૦
૧૧૫. પ્રત્યેક બુદ્ધ નમિરાજર્ષિ કથા કહે છે - ....................................................... ૪૭૧
૧૧૬. નગ્ગઇ રાજાનું ચરિત્ર - ....................................................... ૪૭૨
૧૧૭. સુકુમાલિકાની કથા- ....................................................... ૪૭૪
૧૧૮. આઠરૂપકો દ્વારા આત્મદમનની હિતશિક્ષા- ....................................................... ૪૭૭
૧૧૯. રસગારવાધીન મંગુ આચાર્યની કથા - ....................................................... ૪૭૮
૧૨૦. ધર્મકાર્યમાં પ્રમાદ કરવાથી ફળ- ....................................................... ૪૮૦
૧૨૧. આ જીવે કેટલીવાર આહાર સ્તનપાનાદિ કરેલ ? ....................................................... ૪૮૧
૧૨૨. પાપભોગઋદ્ધિની દુર્મોચકતા- ....................................................... ૪૮૩
૧૨૩. મહાગ્રહ-પાપગ્રહની પીડા- ....................................................... ૪૮૫
૧૨૪. પ્રમાદી શ્રમણોની સંયમવિરૂદ્ધ ચર્યા- ....................................................... ૪૮૮
૧૨૫. સંસર્ગથી થનાર ગુણ-દોષનું દૃષ્ટાન્ત - ....................................................... ૪૮૯
૧૨૬. માર્ગાનુસારીનાં ૩૫ ગુણો- ....................................................... ૪૯૧
૧૨૭. શ્રાવકની દિનચર્યા- ....................................................... ૪૯૨
૧૨૮. શ્રાવકધર્મ વિધિનાં કર્તવ્યો- ....................................................... ૪૯૬
૧૨૯. સર્વધર્મોમાં જીવદયા શિરોમણી છે- ....................................................... ૫૦૦
૧૩૦. પરિગ્રહ મમતા મહાદુઃખ, સંતોષ મહાસુખ- ....................................................... ૫૦૨
૧૩૧. શેલકાચાર્ય અને પન્થકશિષ્યનું ઉદાહરણ - ....................................................... ૫૦૩
૧૩૨. શ્રેણિકપુત્ર નંદિષેણની કથા- ....................................................... ૫૦૬
૧૩૩. નિકાચિત આદિ કર્માવસ્થાઓ- ....................................................... ૫૦૯
૧૩૪. પુંડરીક-કંડરીકની કથા - ....................................................... ૫૧૦
૧૩૫. શશિપ્રભ-સૂર્યપ્રભ ભાઈઓની કથા - ....................................................... ૫૧૩
૧૩૬. શોક કરવા લાયક મનુષ્યોની ગતિ- ....................................................... ૫૧૭
૧૩૭. ભિલ્લની ભક્તિ ઉપર કથા - ....................................................... ૫૧૮
૧૩૮. વિનય ઉપર શ્રેણિક રાજાની કથા - ....................................................... ૫૧૯
૧૩૯. ગુરૂને ન ઓળવવા વિષે દૃષ્ટાંત- ....................................................... ૫૨૨
૧૪૦. સમ્યક્ત્વ મિથ્યાત્વનું સ્વરૂપ- ....................................................... ૫૨૩
૧૪૧. સુગુરુ-કુગુરુનું સ્વરૂપ - ....................................................... ૫૨૫

૧૪૨. એકદિવસમાં પુણ્ય પાપ કેટલું ?........................................................... ૫૨૭
૧૪૩. દેવ નારકીનાં સુખદુઃખો- ........................................................... ૫૨૮
૧૪૪. તિર્યઞ્ચ ગતિનાં દુઃખો- ........................................................... ૫૨૯
૧૪૫. મનુષ્યગતિનાં દુઃખો- ........................................................... ૫૩૦
૧૪૬. દેવગતિનાં દુઃખો-........................................................... ૫૩૧
૧૪૭. નજીકનાં મોક્ષગામી આત્માનું લક્ષણ- ........................................................... ૫૩૩
૧૪૮. સંઘયણ બળ પ્રમાણે જયણાથી આરાધના- ........................................................... ૫૩૪
૧૪૯. પાંચ સમિતિનું સ્વરૂપ- ........................................................... ૫૩૫
૧૫૦. કષાયોનું સ્વરૂપ અને ત્યાગ- ........................................................... ૫૩૮
૧૫૧. ઉપમા દ્વારા કષાયોનો નિગ્રહ-........................................................... ૫૪૩
૧૫૨. નોકષાયનું સ્વરૂપ અને ત્યાગ- ........................................................... ૫૪૫
૧૫૩. ત્રણ ગારવનું સ્વરૂપ અને ત્યાગ- ........................................................... ૫૪૭
૧૫૪. ઇન્દ્રિયોનો નિગ્રહ- ........................................................... ૫૪૮
૧૫૫. આઠમદનું સ્વરૂપ અને ત્યાગ- ........................................................... ૫૪૯
૧૫૬. બ્રહ્મચર્યની નવવાડ- ........................................................... ૫૫૧
૧૫૭. સ્વાધ્યાય દ્વાર- ........................................................... ૫૫૨
૧૫૮. વિનયદ્વાર કહે છે. -........................................................... ૫૫૩
૧૫૯. તપદ્વાર-........................................................... ૫૫૪
૧૬૦. અપવાદ ક્યારે અને શા માટે સેવવો ?........................................................... ૫૫૪
૧૬૧. પાસત્થાદિક સાધુઓનું સ્વરૂપ- ........................................................... ૫૫૭
૧૬૨. પાસત્થાદિ સાધુનાં પ્રમાદ સ્થાનો- ........................................................... ૫૫૮
૧૬૩. પાક્ષિકપર્વ ચર્ચા-........................................................... ૫૬૨
૧૬૪. પાસત્થાદિક હીનાચારનાં પ્રમાદસ્થાનો-........................................................... ૫૬૩
૧૬૫. કપટક્ષપકની કથા - ........................................................... ૫૬૭
૧૬૬. ગીતાર્થ નિશ્રાયુક્ત રહેનાર મોક્ષગામી છે- ........................................................... ૫૬૯
૧૬૭. ગીતાર્થ-અગીતાર્થની રૂપરેખા- ........................................................... ૫૭૧
૧૬૮. અગીતાર્થ અનંત સંસારી કેમ ?........................................................... ૫૭૨
૧૬૯. જ્ઞાનક્રિયાની પરસ્પર સાપેક્ષતા-........................................................... ૫૭૬
૧૭૦. ક્રિયાશૂન્ય જ્ઞાન નકામું છે- ........................................................... ૫૭૮
૧૭૧. ચારિત્રરહિત જ્ઞાન નિરર્થક છે- ........................................................... ૫૭૯

૧૭૨. સર્વવિરતિની વિરાધના બોધિનાશ માટે ! ....................................... ૫૮૦
૧૭૩. દર્દુરાંકદેવની કથા - ........................................................ ૫૮૨
૧૭૪. શ્રેણિકનાં સમ્યક્ત્વની પરીક્ષા- .............................................. ૫૯૩
૧૭૫. કાલસૌકરિક કસાઇની કથા - ................................................ ૫૯૬
૧૭૬. સુલસની અહિંસા ભાવના- .................................................. ૫૯૭
૧૭૭. હિતોપદેશ- ...................................................................... ૫૯૯
૧૭૮. અવિવેકનાં લક્ષણો- ........................................................... ૬૦૧
૧૭૯. ગુણવાન્ અગુણવાનનું કથન- ................................................ ૬૦૩
૧૮૦. જમાલિની કથા - .............................................................. ૬૦૪
૧૮૧. હિતોપદેશ- ...................................................................... ૬૦૮
૧૮૨. આયુષ્યને ઉપક્રમ લાગવાનાં કારણો- ....................................... ૬૧૧
૧૮૩. 'મા સાહસ' પક્ષી સરખા ઉપદેશો- ......................................... ૬૧૨
૧૮૪. પડેલાને ચડવુ મુશ્કેલ છે ? .................................................. ૬૧૪
૧૮૫. હિતોપદેશ- ...................................................................... ૬૧૬
૧૮૬. સુવર્ણ જિનમંદિર કરતાં તપ સંયમ અધિક છે- ............................. ૬૧૮
૧૮૭. વિરતિધર્મે પ્રમાદ ત્યાગ- ...................................................... ૬૨૦
૧૮૮. માત્ર વેષધારી ન બનો ? ..................................................... ૬૨૨
૧૮૯. દ્રવ્યલિંગનો સંબધ અનંતકાળથી ? ......................................... ૬૨૫
૧૯૦. ત્રણ પ્રકારનો મોક્ષમાર્ગ- ..................................................... ૬૨૬
૧૯૧. ઉપદેશમાળાથી વૈરાગ્ય ન પામે તે કેવો ? ................................ ૬૨૮
૧૯૨. ઉપદેશમાળા દ્વારા રણસિંહને પ્રતિબોધ- ................................... ૬૨૯
૧૯૩. આ ઉપદેશમાળા કોને આપવી ? ............................................ ૬૩૦
વ્યાખ્યાકારની પ્રશસ્તિ - ........................................................... ૬૩૩
પુનઃ સંપાદક પ્રશસ્તિ ............................................................. ૬૩૪

# પ્રસ્તાવના

વિશ્વવત્સલ વિશ્વશુભેચ્છક વિશ્વકલ્યાણકર વિશ્વમૈત્રી-પ્રવર્તક વિશ્વશાંતિ-માર્ગદર્શક અહિંસા-સત્યમય સન્માર્ગદર્શક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમય મોક્ષ-માર્ગદર્શક વિશ્વવન્દ્ય શ્રીવર્ધમાન સર્વજ્ઞ ભગવાન મહાવીર સિદ્ધ બુદ્ધ થઇ, સર્વ કર્મોથી મુક્ત થઇ નિર્વાણસ્થાનમાં પધાર્યે ગત વર્ષની દીવાળીએ અઢી હજાર (૨૫૦૦) વર્ષો પસાર થઇ ગયાં.

એ ભગવાન મહાવીરના સમકાલીન અને તેમની હસ્તદીક્ષિત શિષ્ય તરીકે પ્રસિદ્ધ પ્રૌઢ વિદ્વાન શ્રીધર્મદાસગણિએ લોકોપકાર માટે પ્રાકૃતમાં મહત્ત્વના ઉપદેશોથી ભરપૂર ઉપદેશમાલા ૫૪૦ (૫૪૪) ગાથા-પ્રમાણ રચી હતી, જે સાધુ-સાધ્વી શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ જૈન સંઘમાં સેંકડો વર્ષોથી પઠન-પાઠન દ્વારા ઘણી માન્ય થયેલી છે. પાટણ, જેસલમેર, ખંભાત, વડોદરા, છાણી, ડભોઇ, લિંબડી, ચાણસ્મા, સૂરત વગેરે અનેક સ્થળોનાં પ્રાચીન જ્ઞાનભંડારોમાં તાડપત્રીય અને કાગળો પર લખાયેલી હસ્તલિખિત પ્રતિયોમાં પ્રકરણાત્મક પુસ્તિકાઓમાં મળી આવે છે.

આ ઉપદેશમાલા (મૂળ)ની दोससयमूलजालं० ૫૧મી ગાથાના શતાર્થી ઉદયધર્મગણિ નામના વિદ્વાને વિ. સં. ૧૬૦૫માં રચી હતી. ય. વિ. ગ્રન્થમાળા માટે વિ. સં. ૧૯૭૩માં અમરેલીમાં ચાતુર્માસમાં મેં તેની પ્રેસકોપીનું સંશોધન કર્યું હતું.

ધર્મદાસગણિની આ ઉપદેશમાલાએ અનેક વિદ્વાનોને ઉપદેશાત્મક રચના કરવા પ્રેરણાથી આપી છે. ગૂર્જરેશ્વર સિદ્ધરાજજયસિંહથી સન્માનિત થયેલા મલધારી હેમચન્દ્રસૂરિએ એ જ નામની પ્રા. ઉપદેશમાલા અપરનામ પુષ્પમાલા સ્વોપજ્ઞ વિસ્તૃત વિવરણ સાથે રચી હતી, જે પ્રસિદ્ધ છે. તેમની વિશેષાવશ્યક-ભાષ્ય-વૃત્તિ ૨૮૦૦૦ શ્લોક પ્રમાણ વગેરે રચના પ્રસિદ્ધ છે. વિશેષ માટે જુઓ અમારો "ઐતિહાસિક લેખ-સંગ્રહ" (સયાજી સાહિત્યમાલા, પુષ્પ ૩૩૫)

ધર્મદાસગણિની આ ઉપદેશમાલાનો ન્યાયાચાર્ય ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજે ૧૨૫ ગાથાના, થા ૩૫૦ ગાથાના શ્રી સીમન્ધર જિન-સ્તવનમાં અનેકવાર પ્રમાણ તરીકે નિર્દેશ કર્યો છે.

એ ઉપદેશમાળા ઉપર અનેક પ્રૌઢ વિદ્વાનોએ સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશાત્મક તથા અવચૂરિ, બાલાવબધરૂપ ગૂર્જરભાષામાં પણ કથાઓથી ભરપૂર સંક્ષિપ્ત વિસ્તૃત વ્યાખ્યાઓ રચી છે તેમાં સુપ્રસિદ્ધ વ્યાખ્યાત-ચૂડામણિ સિદ્ધર્ષિ વિદ્વાન (સં. ૯૬૨ લગભગ)ની વ્યાખ્યા (પં. હી. હં. પ્રકાશિત) પ્રસિદ્ધ છે. જેની તાડપત્રીય પ્રતિ સં. ૧૨૩૬માં લખાયેલી પાટણમાં સંઘવી પાડાના જૈનભંડારમાં છે. તેનો જ મુખ્ય ગાથાર્થ લઇને શ્રીવાદિદેવસૂરિના શિષ્યરત્ન

શ્રીરત્નપ્રભસૂરિએ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશભાષામાં વિસ્તારથી વિશેષાર્થીઓના હર્ષ માટે કથાનકો-દૃષ્ટાંતોથી આકર્ષક વ્યાખ્યા સં. ૧૨૩૮માં ભૃગુપુર (ભરૂચ)માં રચી હતી, જેનું સંપાદન આગમોદ્ધારક આચાર્ય શ્રીઆનંદસાગરસૂરિજીના શિષ્યરત્ન શ્રીહેમસાગરસૂરિજીએ વિક્રમ સંવત ૨૦૩૧માં પત્રાકાર પુસ્તિકાના રૂપમાં કર્યું હતું. જેમાં સંસ્કૃતભાષામાં વિદ્વત્તાભર્યો ઉપક્રમ શ્રીચન્દ્રસાગરસૂરિશિષ્ય શ્રીધર્મસાગરગણિશિષ્ય મુનિ શ્રીઅભયસાગરજીએ રચ્યો હતો.

રત્નપ્રભસૂરિની ૧૧૧૫૦ શ્લોક-પ્રમાણ એ વિશેષવૃત્તિ, જે દોઘટ્ટીનામથી પણ પ્રસિદ્ધ છે, જેનો આ પ્રકાશિત થતો ગૂજરાતી અનુવાદ પણ એ જ આ. શ્રીહેમસાગરસૂરિજીએ રચેલ છે, જે ગૂજરાતી વાચકોને આનન્દદાયક થશે-એવી આશા છે.

વૃદ્ધવાદ સંભળાય છે કે, ધર્મદાસગણિએ કલિકાલ-પ્રભાવિત પોતાના સાંસારિક પુત્ર રણસિંહને પ્રતિબોધ કરવા માટે પ્રા. ઉપદેશમાલાની રચના કરી હતી, વ્યાખ્યાકાર સિદ્ધર્ષિએ અને રત્નપ્રભસૂરિ વગેરેએ પણ રણસિંહની કથા જણાવી છે, તે સાથે કલિકાલના પ્રભાવથી કથા પણ જાણવા જેવી છે.

પ્રા. ઉપદેશમાલા (મૂલ)ના કર્તા ધર્મદાસગણિના સમય-સંબંધમાં મતભેદ છે. ઐતિહાસિક દૃષ્ટિથી વિચારનારા કેટલાક ધર્મદાસગણિને ભગવાન મહાવીરના સમકાલીન માનતા નથી. તેના કારણમાં ભગવાન મહાવીર પછી લગભગ પાંચસો વર્ષો સુધીમાં થયેલા સ્થૂલભદ્રજી, આર્ય મહાગિરિજી અને વજ્રસ્વામી, પર્યન્તના નામ-નિર્દેશો-દૃષ્ટાન્તો તેમાં સૂચિત છે. તેના સમાધાનમાં મૂળ ગ્રન્થકારે અવધિજ્ઞાનથી ભવિષ્યમાં થનારા મહાપુરુષોનાં ચરિત્રો સૂચવ્યાં જણાવાય છે.

વ્યાખ્યાકારો અને બાલાવબોધકાર વગેરેએ એ વાતનું સમર્થન કર્યું છે. ઉપદેશમાલા (મૂલ)ના સંપાદક સદ્ગત આનન્દસાગરસૂરિજી એમ માનતા જણાય છે.

ઉપક્રમ કરનાર વિદ્વાન મુનિ શ્રી અભયસાગરજીએ સંસ્કૃતમાં એની વિસ્તારથી ચર્ચા કરી પ્રાચીન માન્યતાને સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે. તત્ત્વ તો કેવલિગમ્ય કહી શકાય.

પ્રસ્તુત વ્યાખ્યાકાર રત્નપ્રભસૂરિ, બૃહદ્ગચ્છમાં થયેલા સુપ્રસિદ્ધ મુનિચન્દ્રસૂરિના નામાંકિત શિષ્ય વાદી દેવસૂરિના શિષ્યરત્ન હતા. મુનિચન્દ્રસૂરિએ હરિભદ્રસૂરિના પ્રા. ઉપદેશપદ પર વિસ્તારથી વ્યાખ્યા રચી હતી, જેનો ગૂજરાતી અનુવાદ આ. શ્રીહેમસાગરસૂરિજીએ કર્યો હતો, જે આ આનંદહેમગ્રન્થમાલામાં (નં. ૧૮) આ પહેલાં પ્રસિદ્ધ થઇ ગયેલ છે, તેની પ્રસ્તાવનામાં મેં દર્ભાવતી-ડભોઇ (લાટ-ગૂજરાત) નિવાસી મુનિચન્દ્રસૂરિનો સંક્ષેપમાં પરિચય કરાવ્યો છે.

વાદી દેવસૂરિએ પાટણમાં ગૂર્જરેશ્વર મહારાજા સિદ્ધરાજ જયસિંહની રાજસભામાં દિગંબર મહાનવાદી કુમુદચંદ્રને વિ. સં. ૧૧૮૧માં વાદમાં પરાસ્ત કર્યો હતો, અને સ્ત્રીનિર્વાણની સિદ્ધિ કરી હતી-એથી એ આચાર્ય વિશેષ પ્રસિદ્ધિમાં આવ્યા હતા. તેમની ગ્રન્થ-રચના સૂત્રાત્મક પ્રમાણ-નય-તત્ત્વાલોક છે. જે "સ્યાદ્વાદરત્નાકર" નામની ૮૪૦૦૦ શ્લોક-પ્રમાણ વિસ્તૃત વ્યાખ્યાથી અલંકૃત છે.

એ સ્યાદ્વાદરત્નાકરની રચનામાં વાદી દેવસૂરિએ સહકાર કરનારા પોતાના બે વિદ્વાન શિષ્યોનો નામ નિર્દેશ કર્યો છે -

**'किं दुष्करं भवतु तत्र मम प्रबन्धे ? यत्रातिनिर्मलमतिः सततामिमुखः ।**
**भद्रेश्वरः प्रवरसूक्तिसुधाप्रवाहो, रत्नप्रभश्च भजते सहकारिभावम् ।।'**

સ્યાદ્વાદરત્નાકરમાં પ્રવેશ સુગમ થાય તે માટે રત્નપ્રભસૂરિએ[1] રત્નાકરાવતારિકા નામની પ્રૌઢ વિદ્વતાભરી રચના કરી હતી, જે શ્રીયશોવિજય જૈન ગ્રન્થમાલા, વારાણસીથી વર્ષો પહેલાં પ્રસિદ્ધ છે, તથા લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યાભવન, અમદાવાદ તરફથી પણ અનુવાદ સાથે પ્રકાશિત છે.

રત્નાકરાવતારિકાના અંતમાં વૃત્તિકાર રત્નપ્રભસૂરિનો પરિચય મળે છે કે -

**'प्रज्ञातः पदवेदिभिः स्फुटदृशा सम्भावितस्तार्किकैः,**
**कुर्वाणः प्रमदाद् महाकविकथां सिद्धान्तमार्गाध्वगः ।**
**दुर्वाद्यङ्कुश-देवसूरि-चरणाम्भोजद्वयीषट्पदः,**
**श्रीरत्नप्रभसूरिरल्पतरधीरेतां व्यधाद् वृत्तिकाम् ।।'**

**ભાવાર્થ :** પદવેદીઓ-(વ્યાકરણજ્ઞો) વડે પ્રકૃષ્ટ તરીકે જાણીતા, તાર્કિકો વડે સ્ફુટ દૃષ્ટિ વડે સંભાવના-આદર કરાયેલ, અને હર્ષથી મહાકવિની કથાને કરનાર, સિદ્ધાન્તના માર્ગે ચાલનાર, દુર્વાદીરૂપી હાથીના અંકુશ જેવા દેવસૂરિના બંને ચરણ-કમળોમાં ભ્રમર સમાન, અત્યન્ત અલ્પબુદ્ધિવાળા શ્રીરત્નપ્રભસૂરિએ આ વૃત્તિની રચી છે.

આ રત્નાકરાવતારિકાના બે પરિચ્છેદ ઉપર મલધારી શ્રીરાજશેખરસૂરિએ રચેલ પંજિકા ય. વિ. ગ્રંથમાલા, વારાણસીથી પ્રકાશિત છે.

રત્નાકરાવતારિકાના આદ્ય પદ્યની શતાર્થી વિ. સં. ૧૫૩૯માં જિનમાણિક્યસૂરિએ

---

૧. રત્નાકરાવતારિકાની પ્રાચીન તાડપત્રીય પ્રતિ વિ. સં. ૧૨૨૫માં વટપદ્રકમાં લખાયેલી હતી, તેનો નિર્દેશ અમે "જેસલમેર-ભાંડાગારીય ગ્રન્થસૂચી" (ગા. ઓ. સિ. નં. ૨૧, પૃ. ૧૮)માં કર્યો છે.

રચી હતી, તેની અમદાવાદના ડેલાના ઉપાશ્રય-૨ ભંડારની હ. લિ. પ્રતિ ઉપરથી પ્રેસકોપી મેં મુનિ મલયવિજયની પ્રેરણાથી કરી આપી હતી, જે લા. સ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામન્દિર, અમદાવાદથી પ્રકાશિત છે.

આ સિવાય આ રત્નપ્રભસૂરિએ ઉપદેશમાલા-વૃત્તિ રચના કરતાં પહેલાં પ્રાકૃત ભાષામાં વિ. સં. ૧૨૩૩માં અરિષ્ટનેમિચરિત અણહિલ્લવાડ પાટણમાં સમર્થિત કર્યું હતું. જેનો પ્રારંભ નાગઉર (નાગોર)માં કર્યો હતો. છ પ્રસ્તાવવાળા આ ચરિતનું શ્લોકપ્રમાણ ૧૩૬૦૦ જણાય છે. આ ચરિતના આદ્યન્ત ભાગનો ઉલ્લેખ અમે પાટણ-જૈનભંડાર-ગ્રન્થસૂચી (ગા. ઓ. સિ. નં. ૭૬, પૃ. ૨૫૦ થી ૨૫૨માં) દર્શાવેલ છે. તેમાં પણ વડગચ્છ (બૃહદ્ગચ્છ) માં થયેલા મુનિચંદ્રસૂરિનું વર્ણન, જે અમે ઉપદેશપદ-અનુવાદની પ્રસ્તાવનામાં ઉદ્ધૃત કરેલ છે. ત્યારપછી દેવસૂરિના વર્ણનમાં જણાવ્યું છે કે, "સિદ્ધશિરોમણિ જયસિંહરાજાની આગળ વિબુધોની સભામાં સ્ત્રી-નિર્વાણ સિદ્ધ કરીને જેમણે પ્રવચનને પ્રભાવિત કર્યું હતું. તથા અણહિલ્લવાડપુરમાં સાહ થાહડે કરાવેલ શ્રીવીરનાથને દેવસૂરિએ હસ્ત-પદ્મથી પ્રતિષ્ઠિત કર્યા હતા. તેઓએ પોતાના પટ્ટ પર શ્રીભદ્રેશ્વરસૂરિને પ્રતિષ્ઠિત કર્યા હતા, જેઓ પ્રશમાદિ ગુણો વડે તેમના પ્રતિચ્છંદ-પ્રતિબિંબ જેવા હતા."

ઉપદેશમાલાના વિશેષવૃત્તિકાર રત્નપ્રભસૂરિએ આ વૃત્તિના અંતમાં રત્નાકર સમાન બૃહદગચ્છમાં થયેલા સાહિત્ય, તર્ક, આગમ, લક્ષણ (વ્યાકરણ)-વિશારદ, સમસ્ત દેશોમાં વિચરનાર વિદ્વદ્વર્ય મુનિચન્દ્રસૂરિના પટ્ટધર શિષ્ય દેવસૂરિના શિષ્ય તરીકે પોતાનો પરિચય આપ્યો છે -

'शिष्य-श्रीमुनिचन्द्रसूरिगुरुभिर्गीतार्थचूडामणिः ।
पट्टे स्वे विनिवेशितस्तदनु श्रीदेवसूरिप्रभुः ।
आस्थाने जयसिंहदेवनृपतेर्येनास्तदिग्वाससा,
स्त्रीनिर्वाण-समर्थनेन विजयस्तम्भः समुत्तम्भितः ।।

तत्पट्टप्रभवोऽभवन्नथ गुणग्रामाभिरामोदयाः,
श्रीभद्रेश्वरसूरयः शुचिधियस्तन्मानसप्रीतये ।
श्रीरत्नप्रभसूरिभिः शुभकृते श्रीदेवसूरिप्रभोः,
शिष्यः सेयमकारि संमदकृते वृत्तिर्विशेषार्थिनाम् ।।

व्याख्यातृचूडामणि-सिद्धनाम्नः, प्रायेण गाथार्थ इहाभ्यधायि ।
क्वचित् क्वचिद् या तु विशेषरेखा, सद्भिः स्वयं सा परिभावनीया ।।'

**ભાવાર્થ :** શ્રીમુનિચન્દ્રસૂરિ ગુરુજીએ પોતાના પટ્ટ પર, ગીતાર્થ-ચૂડામણિશિષ્ય દેવસૂરિપ્રભુને ત્યારપછી સ્થાપિત કર્યા હતા, જેમણે જયસિંહદેવ રાજાના આસ્થાન (સભા)માં, દિગમ્બરને પરાસ્ત કરી, સ્ત્રીનિર્વાણનું સમર્થન કરીને વિજયસ્તંભ સારી રીતે રોપ્યો હતો

તે' વાદિ દેવસૂરિના પટ્ટ-પ્રભુ, પવિત્ર બુદ્ધિવાળા, ગુણોના સમૂહથી અભિરામ ઉદયવાળા શ્રીભદ્રેશ્વરસૂરિ થયા. તેમના મનની પ્રીતિ માટે, શ્રીદેવસૂરિપ્રભુના શિષ્ય રત્નપ્રભસૂરિએ શુભ માટે વિશેષ અર્થીઓનાં હર્ષમાટે તે આ (ઉપદેશમાલાની) વૃત્તિ કરી છે.

આ વૃત્તિમાં, વ્યાખ્યાતૃ-ચૂડામણિ સિદ્ધ નામના વિદ્વાનનો ગાથાર્થ કહેવામાં આવ્યો છે. ક્યાંક ક્યાંક જે વિશેષરેખા છે, તે તો સજ્જનોએ સ્વયં પરિભાવન-વિચાર કરવા યોગ્ય છે.

**प्रकृता समर्थिता च श्रीवीरजिनाग्रतो भृगुपुरेऽसौ ।**
**अश्वावबोधतीर्थेश्रीसुव्रतपर्युपास्तिवशात् ।।**

**विक्रमाद् वसु-लोकार्क (१२३८) वर्षे माघे समर्थिता ।**
**एकादश सहस्राणि, मानं सार्धशतं तथा ।।**
**अंकतोऽपि ग्रन्थाग्रं ११११५० तथा सूत्रमं ११७६४ ।।'**

**ભાવાર્થ :** આ વૃત્તિનો પ્રારંભ, ભૃગુપુર (ભરૂચ)માં શ્રીવીરજિન આગળ કર્યો હતો અને ત્યાં અશ્વાવબોધ તીર્થમાં, શ્રીમુનિસુવ્રત જિનની પર્યુપાસ્તિવશથી આ વૃત્તિ સમર્થિત કરી છે - પૂર્ણ કરવામાં આવી છે.

વિક્રમ સંવત્ ૧૨૩૮ વર્ષમાં, માઘ માસમાં આ વૃત્તિ સમર્થિત કરી છે, તેનું શ્લોકપ્રમાણ ૧૧ હજાર, ૧૫૦ જેટલું છે.

પાટણમાં, સંઘવી પાડાના જ્ઞાનભંડારમાં આ વૃત્તિની તાડપત્રીય પ્રતિ, વિ. સં. ૧૨૯૩ વર્ષમાં લખાયેલી છે, તેનો અંતિમ પ્રશસ્તિનો ઉલ્લેખ અમે पत्तनस्थ-प्राच्यजैनभाण्डागारीयग्रन्थसूची (ગા. ઓ. સિ. નં. ૭૬, પૃ. ૨૦૬-૨૦૮)માં દર્શાવ્યો છે. તેમ જ સંઘ-ભંડારની સં. ૧૩૯૪ વર્ષમાં લખાયેલી પ્રતિનો ઉલ્લેખ ત્યાં પૃ. ૩૨૩-૩૨૪માં દર્શાવેલ છે.

સંસ્કૃત પ્રાકૃત અને અપભ્રંશ ભાષાના પ્રૌઢ વિદ્વાન્ રત્નપ્રભસૂરિની આ ઉપદેશમાલા-વિશેષવૃત્તિમાં ૪ વિશ્રામો (પરિચ્છેદો) છે. તેમાં પ્રાકૃતભાષામાં કથાઓ રચેલી છે, તેમ કેટલીક કથાઓ અપભ્રંશભાષામાં પણ રચેલી છે. કડવકસમૂહાત્મક સંધિ હૈમછન્દોऽનુશાસનમાં સૂચવેલ છે,

| | |
|---|---|
| ૧. ઋષભ પારણક સંધિ | ૪. શાલિભદ્રસંધિ |
| ૨. ચન્દનબાલા પારણક સંધિ | ૫. અવન્તિસુકુમાલસંધિ |
| ૩. ગજસુકુમાલસંધિ | ૬. પૂરણર્ષિસન્ધિ |

વિષયાનુક્રમમાં જોવાથી અને અનુવાદ વાંચવાથી વિશેષ જણાશે, એથી અહિં તેનો વિસ્તાર કર્યો નથી. કલિકાલનું સ્વરૂપ બીજા પ્રકારથી બીજે દર્શાવ્યું છે.

વિનયથી વિદ્યા ગ્રહણ કરાય-એ સંબંધમાં શ્રેણિક અને ચંડાલની કથા છે. ધર્મમાં પુરુષની પ્રધાનતા સમજાવી છે. આચાર્યમાં કેવા ગુણો હોવા જોઇએ ? એકલા સાધુથી ધર્મ પળાવો મુશ્કેલ છે. એ સંબંધમાં યુક્તિ-પ્રયુક્તિ દર્શાવી છે.

રત્નપ્રભસૂરિએ કલિકાલ-સર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્યના સ્વોપજ્ઞ વિવરણ સહિત યોગશાસ્ત્રનો અને તેમના પરિશિષ્ટપર્વ વગેરે ગ્રંથોનો સારી રીતે ઉપયોગ કર્યો જણાય છે. તુલનાત્મક દૃષ્ટિથી અભ્યાસ કરનારને જણાઇ આવે તેમ છે.

## બીજી વ્યાખ્યા-વૃત્તિઓ

ઉપદેશમાલાની સિદ્ધર્ષિકૃત વૃત્તિને વર્ધમાનસૂરિએ પ્રાક્તન મુનીન્દ્ર-રચિત કથાનકો સાથે જોડીને વૃત્તિ રચેલ છે, તેની સં. ૧૨૨૭ માં તથા સં. ૧૨૭૯માં લખાયેલી તાડપત્રીય પ્રતિ પાટણ જૈનભંડારમાં મળી આવે છે, તેનો નિર્દેશ અમે પાટણ જૈનભંડાર ગ્રન્થસૂચી (ગા. ઓ. સિ. નં. ૭૬, પૃ. ૨૮૩, ૩૩૪)માં કર્યો છે.

ઉપદેશમાલાની બીજી એક બારહજાર શ્લોક-પ્રમાણ વિશેષવૃત્તિ, જે કર્ણિકા નામથી પણ પ્રસિદ્ધ છે, તે નાગેન્દ્રકુલના વિજયસેનસૂરિના વિદ્વાન શિષ્ય ઉદયપ્રભસૂરિએ વિ. સં. ૧૨૯૯માં ધવલકપુર (ધોળકા)માં મંત્રીશ્વર વસ્તુપાલ-તેજપાલની વસતિ (ઉપાશ્રય)માં વસીને રચી હતી, તેનો નિર્દેશ અમે પાટણ જૈનભંડાર ગ્રન્થસૂચી (નં. ૭૬, પૃ. ૨૩૫ થી ૨૩૮) માં આદિ અંતના ભાગ સાથે દર્શાવ્યો છે.

શ્રીજિનભદ્રસૂરિએ (શાલિભદ્રસૂરિ શિષ્યે), તથા આચાર્ય શ્રીસર્વાણંદસૂરિએ ઉપદેશમાલા પર વિવરણ કથા-સંક્ષેપ સાથે કરેલ છે. તેનો નિર્દેશ પણ અમે પાટણભંડારગ્રન્થસૂચી (ગા. ઓ. સિ. નં. ૭૬, પૃ. ૯૦, તથા પૃ. ૩૯૨-૩)માં કર્યો છે.

આ ઉપદેશમાલાની એક વ્યાખ્યા રામવિજયજી ગણિએ સં. ૧૭૮૧માં રચી જણાય છે, જે હીરવિજયસૂરિની પરમ્પરામાં સુમતિવિજયજીના શિષ્ય હતા. તે વ્યાખ્યાનો હિન્દી અનુવાદ મુનિશ્રી પદ્મવિજયજીએ કર્યો છે. સંશોધન પં. નેમિચન્દ્રજી મ. એ કરેલ છે, સદ્ગત વિજયવલ્લભસૂરિએ સમર્પિત કરેલ છે. શ્રીનિર્ગ્રન્થસાહિત્ય પ્રકાશન સંઘ, દિલ્હીથી ઇ. સન ૧૯૭૧માં પ્રકાશિત છે.

## છપ્પય

ગાયકવાડ ઓરિયન્ટલ સિરીઝ (નં. ૧૩)માં, ઇસ્વીસન્ ૧૯૨૦માં "પ્રાચીન ગૂર્જર કાવ્ય સંગ્રહ" પ્રકાશિત થયેલ છે. સંપાદક સી. ડી. દલાલનો ઇ. સન્ ૧૯૧૮માં સ્વર્ગવાસ થવાથી, તેના ઉપર નોટ, પ્રસ્તાવના કે ઉપોદ્ઘાત વિના એ પ્રગટ થયેલ છે, તેમાં (પૃ. ૧૧ થી ૨૭) આ ઉપદેશમાલાના કથાનક છપ્પય ૮૧ - उवएसमाल-कहाणय-छप्पय પ્રકાશિત થયેલ છે, તેના પ્રારંભનો છપ્પય આ પ્રમાણે છે -

**'विजय नरिंद जिणिंद वीर-हत्थिहिं वय लेविणुं,**
**धम्मदास गणि-नामि गामि नयरिहिं विहरइ पुणु;**
**नियपुत्तह रणसीह राय-पडिबोहण-सारिहिं,**
**करइ एस उवएसमाल जिण-वयण-वियारिहिं;**
**सय पंच च्याल गाहा-रयण-मणिकरंड महियलि मुणउ,**
**सुह भावि सुद्ध सिद्धंत-सम सवि सुसाहु सावय सुणउ. १'**

તેના અંતમાં ૮૧ માં છપ્પયમાં કવિએ પોતાને રત્નસિંહસૂરિના શિષ્ય (ઉદયધર્મ ?) તરીકે ઓળખાવ્યા છે -

**'इणि परि सिरि उवएसमाल-कहाणय,**
**तव-संजम-संतोस-विणय-विज्जाइ पहाणय;**
**सावय-संभरणत्थ अत्थ-पय छप्पय-छंदिहिं,**
**रयणसीहसूरीस-सीस पभणइ आणंदिहिं;**
**अरिहंत-आण अणुदिण उदय धम्म-मूल मत्थइ हउं,**
**भो भविय ! भत्ति-सत्तिहिं सहल सयल लच्छि-लीला लहउ ॥'**

## બાલાવબોધ

આ ઉપદેશમાલાનો બાલાવબોધ ગૂર્જરભાષામાં તપાગચ્છીય દેવસુન્દરસૂરિના શિષ્ય શ્રીસોમસુંદરસૂરિજીએ વિ. સં. ૧૪૮૫માં રચ્યો હતો.

તેમ જ બીજા કેટલાક મુનિવરોએ અવચૂરિ, બાલાવબોધના રૂપમાં ૧૬મી, ૧૭મી સદીમાં પ્રયત્ન કર્યો જણાય છે.

## ઉપસંહાર


સેંકડો વર્ષોથી જૈનસંઘમાં સિદ્ધાંત તરીકે બહુમાન્ય થયેલ ધર્મદાસ ગણિની પ્રા.

ઉપદેશમાલાની વ્યાખ્યા, વિવરણ, વૃત્તિ, અવચૂરિ, બાલાવબોધ રચી અનેક વિદ્વાનોએ સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. પ્રસ્તુત વિશેષવૃત્તિ રચનાર રત્નપ્રભસૂરિએ (વાદી દેવસૂરિના શિષ્યરત્ને રસિક પ્રાકૃત, અપભ્રંશ કથાઓ રચી વિશેષ આકર્ષણ કર્યું છે, તેનું સંપાદન સુપ્રસિદ્ધ આગમોદ્ધારક યશસ્વી સદ્‌ગત્ આનંદસાગરસૂરિજીના શિષ્યરત્ન આ. શ્રીહેમસાગરસૂરિજીએ આજથી ૧૭ વર્ષો પહેલાં સં. ૨૦૧૪ માં કર્યું હતું, તેનો ગૂજરાતી અનુવાદ પણ વિદ્યાવ્યાસંગી એ જ આચાર્ય શ્રીહેમસાગરસૂરિજીએ લોકોપકાર માટે રચેલ છે, જે હાલમાં પ્રકાશિત થાય છે. તેમના બીજા અનુવાદો - (૧) પ્રા. કુવલયમાલા કથા, (૨) પ્રા. સમરાદિત્ય-મહાકથા, (૩) સવિવરણ સં. યોગશાસ્ત્ર, (૪) પ્રા. ચોપન્ન મહાપુરુષ-ચરિત્ર, (૫) પ્રા. પઉમચરિય-જૈનમહારામાયણ, (૬) પ્રા. ઉપદેશપદ-અનુવાદ વગેરેની જેમ આ (૭) પ્રા. ઉપદેશમાલા-વિશેષવૃત્તિનો અનુવાદ પણ લોકપ્રિય થશે-અનુવાદ વગેરેની જેમ આ જિજ્ઞાસુ ગૂજરાતી વાચકોને વિશિષ્ટ સમ્યગ્જ્ઞાન આપવામાં સહાયક થશે, આધ્યાત્મિક ઉચ્ચ પ્રકારની પ્રેરણા આપનાર થશે-સત્કર્તવ્યો કરવા સદ્‌બોધ આપશે. રસિક કથાનકોમાંથી પણ ઉત્તમ બોધ મળી રહેશે-તેવી આશા છે.


અનુવાદક પૂ. આ. મહારાજ શ્રીહેમસાગરસૂરિજીએ તેમના છેલ્લા ૬ મહાગ્રંથોમાં મને સહસંપાદક તરીકે યશોભાગી બનાવ્યો છે, તે માટે હું કૃતજ્ઞ છું. છેલ્લા આ ગ્રંથના સંશોધન માટે પાલીતાણા પહોંચવાનું મારે માટે અકસ્માતની અસરે અશક્ય થવાથી અહિં રહીને યથાશક્ય કર્તવ્ય બજાવ્યું છે.

આ ગ્રન્થના વાચન-મનન-પરિશીલનથી વાચકોને આત્મહિતની કર્તવ્યબુદ્ધિ પ્રકટો, જ્ઞેયને જાણી, હેય-ત્યાગ કરવા યોગ્યનો ત્યાગ કરી, ઉપાદેય-ગ્રહણ કરવા યોગ્યને ગ્રહણ કરી, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમય મોક્ષમાર્ગને આરાધવા ઉદ્યમવંત થઇ શાશ્વત સિદ્ધિસુખને પ્રાપ્ત કરનાર થાઓ! મૂલ ગ્રંથ રચનારનો, વ્યાખ્યાકારનો, અનુવાદકનો, સંપાદકનો, પ્રકાશકનો પ્રયત્ન સફલ થાઓ-એ જ શુભેચ્છા.

**સં. ૨૦૩૧ ચૈત્ર શુદિ ૨**
**વડીવાડી, રાવપુરા,**
**વડોદરા (ગૂજરાત)**
**સદ્‌ગુણાનુરાગી-**
**લાલચંદ્ર ભગવાન ગાંધી**
**(નિવૃત્ત "જૈન પંડિત" વડોદરા-રાજ્ય)**



संक्षिप्तप्रति लिखित सं. १५८६ आ. म. श्री विजयनेमिसूरीश्वरजी ज्ञान भंडार खंभात. ११×४॥



B संक्षिप्तप्रति लिखित सं. १५५८ साहित्य रसिक मुनिराज श्री पुण्यविजयजीना संग्रहमांथी, १२॥×५

॥ १ ॥

॥ ॐ अर्हम् ॥

श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः। श्रीदेवसूरिगुरुपादुकाभ्यो नमः।

श्रीवीरविभुदीक्षितधर्मदासगणिप्रवरप्रणीता

श्रीरत्नप्रभसूरिकृत'दोघट्टी'तिविख्यातविशेषवृत्तिसमलङ्कृता

# श्रीउपदेशमाला ॥

यस्यारघट्टस्य घनोपदेश-मालार्पितध्यानघटाघटीभिः। संसारकूपाद्भवभृज्जलाना-मूर्ध्वं गतिः स्यात्सजिनोऽवताद्वः ॥१॥

रागादिक्षपणपटुः स केवलश्रीजृम्भारिव्रजमहितो यथार्थवाक्यः।
नाभेयः स भवतु भूतये सदा नस्तीर्थस्याधिपतिरयं च वर्धमानः ॥ २ ॥

पायं पायं प्रवचनसुधा प्रीयते या प्रकामं, स्वैरं स्वैरं चरति कृतिनां कीर्तिवल्ली वनेषु।
दोग्ध्री कामाभवनवरसैः सा भृशं प्रीणयन्ती, मादृग् वत्सान् जयति जगति श्रीगवी देवसूरेः ॥ ३ ॥

विशुद्धसिद्धान्तधुरां दधानां, संसारनिस्सारकथावधानाम्।
श्राद्धः सुधासिन्धुमिमां विशालां, प्राप्नोति पुण्यैरुपदेशमालाम् ॥ ४ ॥

॥ १ ॥

सत्यामपि सद्वृत्तौ वृत्तिममुष्याः करोम्यहद्योऽपि। त्वरयति यस्मान्मामिह सविशेषकथार्थिनां यत्नः ॥ ५ ॥

तत्रादौ मंगलाभिधेयादिप्रतिपादनायाह—

नमिऊण जिणवरिंदे इंदनरिंदच्चिए तिलोअगुरू। उवएसमालमिणमो वुच्छामि गुरूवएसेणं ॥ १ ॥

अत्र पूर्वार्द्धेन निर्विघ्नमारब्धप्रकरणसमाप्त्यर्थमिष्टदेवतानमस्काररूपं मंगलमपरार्द्धेन पुनरध्येतृ-श्रोतृ-व्याख्यातृप्रवृत्त्यर्थमभिधेय-सम्बन्धौ साक्षादाह, प्रयोजनं तु सामर्थ्येन दर्शयति, अवयवार्थव्याख्यानादयमर्थो यथावद् व्यवस्थापयितुं शक्यत इति स एव ताव-न्निरूप्यते, 'नत्वा'–प्रणम्य जिनवरेन्द्रान्, रागादिजयाज्जिनास्ते च छद्मस्थवीतरागा अपि भवन्त्यतः केवलिप्रतिपत्त्यर्थं 'वर'ग्रहणम्। जिनानां वरा जिनवरास्ते च सामान्यकेवलिनोऽपि स्युरतोऽर्हत्प्रतिपत्त्यर्थं 'मिन्द्रग्रहणम्', जिनवराणामिन्द्रा जिनवरेन्द्राः, जिनत्वे केवलित्वे च सति तीर्थकृन्नामरूपपरमैश्वर्यवत्त्वाद् इत्यर्थस्तान्, 'नमिऊण अरहंते' इत्येव विवक्षितार्थप्रतीतिं भवन्तीमुपेक्ष्य 'जिनवरेन्द्रानि'त्यभिधानं, जिनानां जिनवराणां च तदन्तर्गतानां स्मरणार्थम्, ईन्द्राश्चन्द्रसूर्यादयो द्वात्रिंशच्चतुःषष्टिरसंख्या वा, नरेन्द्राः–पार्थिवादयः संख्यातास्तैरर्चितान्–पूजितान्, त्रैलोक्यस्य–ऊर्ध्वाधस्तिर्यग्लोकत्रयस्य केवलबलेनालोक्य यथावस्थितान्यर्थतत्त्वानि गृणन्ति–ब्रुवन्ति ये तांस्त्रिलोक्यगुरून्, अनेन ज्ञानातिशयवागतिशयौ भगवतः प्रोक्तौ, जिनवरेन्द्रानित्यनेन त्वपायापगमातिशयो रागाद्यपा-याऽपगमेनैव जिनत्वस्य सिद्धेः, यदि वा ज्ञानातिशयोऽप्यनेनैवोक्तो ज्ञातव्यः। केवलित्वे सत्येव स्वामिनि[1] जिनानां वरत्वस्य सद्भा-वात्, इन्द्रनरेन्द्रार्चितानित्यनेन पुनः पूजातिशयोऽभिहितः, एवं चैते जगत्प्रभोर्मूलातिशयाश्चत्वारोऽपि प्रतिपादिताः, अतिशयोत्की-र्तनमेव हि स्तुतिरभिधीयते, उभयसाधारणधर्मैर्हि किंकृतः स्तोतृस्तुत्यविभागः स्यात्, उपदेशानां–हितार्थाऽभिधायकवाक्यानां मालां–परम्परां वक्ष्ये, यतः—

---

१ पु ग

# ઉપદેશમાળા 'દોઘટ્ટી'
# ભાષાનુવાદ

ॐ अर्हम् ।

श्री वर्धमानस्वामिने नमः । श्री देवसूरिगुरुपादुकाभ्यो नमः ।

**શ્રી વીરવિભુ-હસ્તદીક્ષિત-શ્રી ધર્મદાસ ગણિપ્રવર-પ્રણીતા**
**શ્રી રત્નપ્રભસૂરિકૃત 'દોઘટ્ટી' વિખ્યાત-વિશેષ-વૃત્તિ-અલંકૃતા**

# શ્રી ઉપદેશમાલાનો ગૂર્જરાનુવાદ

## ૧. ટીકાકારનું પ્રથમ મંગલ -

જે જિનેશ્વર ભગવંતરૂપ રેંટના સચોટ ઉપદેશ શ્રેણીએ પ્રગટ કરેલ ધ્યાનરૂપી ઘડાઓની શ્રેણીઓ વડે સંસારરૂપ કૂપમાંથી ભવ્યાત્મારૂપ જળ (જડ)ની ઉચ્ચ ગતિ થાય છે, તે જિન તમારું રક્ષણ કરો. ૧

રાગાદિક શત્રુઓનો નાશ કરવામાં સમર્થ, કેવલજ્ઞાન લક્ષ્મીથી અલંકૃત, દેવેન્દ્રોના સમૂહથી પૂજિત, પૂર્વાપર-અવિરોધી અને યથાર્થ વચન બોલનારા, **શ્રી ઋષભદેવ** ભગવંત તેમ જ વર્તમાન તીર્થના અધિપતિ **શ્રી વર્ધમાનસ્વામી** હંમેશાં અમારું કલ્યાણ કરનારા થાઓ. ૨

પ્રવચનામૃતનું વારંવાર પાન કરનારને અત્યન્ત પ્રીતિ કરાવનાર પંડિત પુરુષોની કીર્તિરૂપ વેલડીઓનાં વનમાં સ્વૈર વિચરનાર, નવીન નવીન નવરસો વડે ઇચ્છિત મનોરથોને પૂર્ણ કરનાર, મારા સરખા બાળ વત્સને અત્યંત પ્રમોદ પમાડનાર એવી (મારા ગુરુ મહારાજ) **દેવસૂરિની** સુંદર વાણીરૂપી કામધેનુ જગતમાં જયવંતી વર્તે છે. ૩

નિર્મલ સિદ્ધાંતરૂપી ધુરાને ધારણ કરનાર, સંસારની નિઃસારતાનો નિશ્ચય કરાવનાર, વિશાળ અમૃતસાગર સરખી એવી આ **'ઉપદેશમાળા'** પુણ્યનો પ્રબળ યોગ થાય, ત્યારે જ શ્રદ્ધાળુ ભવ્યાત્મા પ્રાપ્ત કરી શકે છે. ૪

જો કે આ ઉપદેશમાળા ઉપર બીજી સુંદર વૃત્તિ-ટીકા હોવા છતાં પણ નિર્બુદ્ધિ હું નવીન વૃત્તિની રચના કરું છું. કારણ કે વિશેષ પ્રકારની નવીન કથાના રસિકો માટે યત્ન કરવાના વેગને હું રોકી શકતો નથી. ૫

તેમાં શરુ કરતાં પહેલાં મંગલ, અભિધેય વગેરે પ્રતિપાદન કરવા માટે પ્રથમ ગાથા કહે છે -

**नमिऊण जिणवरिंदे, इंद-नरिंदच्चिए तिलोअगुरू ।**
**उवएसमालामिणमो वुच्छामि गुरूवएसेणं ।।१।।**

અહિં પ્રથમ અર્ધી ગાથા દ્વારા આરંભ કરેલા કાર્યની નિર્વિઘ્ને સમાપ્તિ થાય તે માટે ઇષ્ટ દેવતાને નમસ્કાર કરવારૂપ મંગલ અને પાછલી અર્ધી ગાથા દ્વારા અધ્યયન કરનાર, શ્રવણ કરનાર અને વ્યાખ્યા કરનારની પ્રવૃત્તિ માટે ગ્રંથનું નામ અને સંબંધ સાક્ષાત્ કહેલ છે અને ગ્રંથ કરવાનું પ્રયોજન સામર્થ્યથી જણાવશે. છૂટાં છૂટાં પદોની વ્યાખ્યા કરવાથી યથાર્થ અર્થ સમજાવી શકાય, તે માટે હવે અર્થની વિસ્તૃત વ્યાખ્યા કહેવાય છે. રાગાદિક શત્રુને જિતનાર હોવાથી જિનો, છદ્મસ્થ વીતરાગ બારમા ગુણસ્થાનકે રહેલા પણ 'જિન' કહેવાય. માટે કેવલી એવા જિન ગ્રહણ કરવા માટે 'વર' શબ્દ ગ્રહણ કર્યો. જિનોમાં શ્રેષ્ઠ તે જિનવરો. સામાન્ય કેવલીઓને પણ જિનવર કહી શકાય. તે માટે જિનવરોમાં પણ ઇન્દ્ર એટલે જિનપણું કેવલીપણું હોવા છતાં તે સાથે તીર્થંકર નામકર્મરૂપ શ્રેષ્ઠ ઐશ્વર્યવાળા, તેમને નમસ્કાર કરીને, ૩૨ કે ૬૪ સંખ્યાવાળા ઇન્દ્રો અને મહારાજાઓ વડે પૂજા પામેલા, કેવલજ્ઞાનના પ્રભાવથી ત્રણે લોકના તમામ પદાર્થોને યથાર્થ જાણીને યથાર્થ રીતે કહેનાર હોવાથી ત્રણે લોકના ગુરુ. આમ કથન કરવા દ્વારા ભગવંતના જ્ઞાનાતિશય અને વચનાતિશય જણાવ્યા. 'જિનવરેન્દ્ર' પદ કહેવા દ્વારા અપાયાપગમાતિશય અને 'ઇન્દ્રનરેન્દ્રાર્ચિત' પદથી પૂજાતિશય જણાવ્યો. આવી રીતે જિનેશ્વર ભગવંતના ચાર મૂળ અતિશયો જણાવ્યા. અતિશયોનું કીર્તન કરવું, તે ભગવંતની સ્તુતિ જ કહેવાય. ઉપદેશો-આત્માને હિતકારી એવાં વાક્યોની શ્રેણી-પરંપરાને હું કહીશ. જે માટે કહેલું છે કે - "સંતોષને પોષણ કરનાર, કરેલા અપરાધોનું શોષણ કરનાર, ક્લેશને દૂર કરનાર, માનસિક સંતાપનો લોપ કરનાર, પ્રશમરસમાં પ્રવેશ કરાવનાર, છેવટે સિદ્ધિસામ્રાજ્ય અપાવનાર હોય તો તે સદ્ગુરુનો હિતોપદેશ છે." આ ઉપદેશમાળા હું મારી સ્વતંત્ર બુદ્ધિથી કહેતો નથી, પરંતુ તીર્થંકર ભગવંતના ઉપદેશને અનુસરીને જ કહીશ. અહીં કહેવા યોગ્ય હિતકારી ઉપદેશનાં વચનોની માલા, તે ઉપદેશમાલા, તે જણાવીને કર્તાએ નામનો નિર્દેશ કર્યો. તે સાથે કર્તાએ સામર્થ્યની પરોપકારનું નજીકનું પ્રયોજન જણાવ્યું. શ્રોતાને તો ઉપદેશ દ્વારા આ લોક અને પરલોકના હિતકારી પદાર્થની પ્રાપ્તિ, બંનેને પરંપર પ્રયોજન તો મોક્ષફળની પ્રાપ્તિ. પરોપકાર અને હિતાર્થની પ્રાપ્તિ તે પરંપરાએ છેવટનું મોક્ષ ફલ જ આપનાર થાય છે. સંબંધ તો ગુરુ ઉપદેશપરંપરા સ્વરૂપ ગુરૂઉપદેશાનુસાર એ પદથી કહેલો છે. પ્રકરણ-અભિધેય વાચ્ય-વાચકભાવ, અભિધેય-પ્રયોજન ઉપાય-ઉપેયભાવ સંબંધ પૂર્વની વૃત્તિમાં સમજાવી ગયા છે. કેટલાકો આ ગાથા ઉમેરેલી માને છે.

શ્રી ધર્મદાસગણીએ આ પ્રકરણ કયા ઉદ્દેશથી રચેલું છે, તે વૃદ્ધો પાસેથી સાંભળેલું અહિં કહેવાય છે.

## ૨. રણસિંહ કથા -

આ જંબૂદ્વીપના દક્ષિણાર્ધભરતમાં મુકુટ સમાન શત્રુનો પરાભવ કરી જય પ્રાપ્ત કરેલ એવું **વિજયપુર** નામનું નગર હતું. જ્યાં જિનમંદિરના વાજિંત્રો અને પડઘાના શબ્દોના બાનાથી તે નગર જાણે દેવનગરીની સ્પર્ધા કેમ કરતું ન હોય તેવું જણાતું હતું, જે નગરમાં પુષ્પોના અને ભ્રમરોના સંબંધયોગે મનોહર જણાતા એવા બગીચાઓ અંદર અને બહાર સેંકડોની સંખ્યામાં હતા. જે રાજાના યુદ્ધમાં શત્રુના હાથીઓનાં કુંભસ્થળો વિષે તરવારરૂપ ગાયો ચારો ચરતી હતી. એવો તે વિજયસેન રાજા રાજ્યનું પાલન કરતો હતો. પોતાના નિર્મલકુલક્રમાગત રણોત્સાહનું અખંડિત પાલન કરનાર ત્રિવિક્રમ રાજાના શૌર્યની સ્પર્ધા કરનાર એવા આ રાજાની ઉજ્જ્વલ કીર્તિ નંદનવનમાં સુવર્ણશિલા પર બેઠેલી અપ્સરાઓ આજે પણ ગાય છે. **શ્રી વિજયસેન રાજા**ના માનરૂપ હાથીના બંધનસ્તંભ સરખી, માનિનીઓમાં અગ્રેસર એવી **અજયા** નામની તેને અગ્રમહિષી હતી. રોહણાચલ પર્વતમાં રત્નખાણ સમાન શીલરત્નને ધારણ કરનાર તેમ જ ગૌરી સમાન સૌભાગ્યવતી સુંદર અંગવાળી બીજી **વિજયા** નામની પ્રિયા હતી. તેની સાથે સંસારસુખ ભોગવતાં ભોગવતાં ભાગ્યશાળી સ્ત્રીઓને મેળવવા યોગ્ય ગર્ભ ઉત્પન્ન થયો. યોગ્ય સમયે રાત્રે તપાવેલા સુવર્ણની કાંતિયુક્ત પુત્રને જન્મ આપ્યો. પાપિણી અજયા રાણીએ પહેલાંથી જ સૂયાણીને લાલચ આપી ફોડી નાખી હતી અને નક્કી કરાવ્યું હતું કે, પુત્ર જન્મે ત્યારે કોઈક મૃત બાલક લાવી ત્યાં સેરવી દેવો અને જીવતો પુત્ર મને આપવો. દાસીએ તે પ્રમાણે મુખ્ય રાણી અજયાને પુત્ર અર્પણ કર્યો. બીજી બાજુ કોઈ ન જાણે તેમ ગુપ્ત રીતે દાસી દ્વારા જુના ઊંડાણવાળી અને ઘાસ ઉગેલી ઝાડીમાં એટલે દૂર ફેંકાવ્યો કે, આપોઆપ ક્ષુધાથી બાળક મૃત્યુ પામે. તે બીજી રાણીએ દાન-સન્માન પૂર્વક વિશ્વાસુ સૂતિકારિકાને આ કાર્યમાં ગુપ્તપણે જોડી. ધન-ધાન્યની લાલચથી તેવી હલકી દાસીઓ પોતાના હલકા કુલાનુસાર અધમ કાર્ય કરવા ભલે તૈયાર થાય, પરંતુ પુત્ર માટે મુખ્ય પટ્ટરાણી પણ આવું કાર્ય કરવા તૈયાર થાય તો બીજાની શી વાત કરવી ?

"મૂઢ મતિવાળી મહિલા કાર્ય અને અકાર્યને જાણતી નથી, એક પદાન્તર હોય છે; યંત્ર પણ ખરેખર જાણતું નથી. તો બહેતર છે કે, ઘરમાં પોતાની ગૃહિણીને બદલે યંત્ર યુવતી કરવામાં આવે કે, જેથી શત્રુ સમાન થઈ અસાધારણ વ્યસન ન આણે."

આ બાજુ વિજયપુર નજીક સર્વપ્રકારે શોભાયમાન અતિ ધાન્ય દૂધ, ઘી આદિ સામગ્રીની સુલભતા યુક્ત શ્રેષ્ઠ ગામ હતું. તે ગામમાં રહેનાર એક સુંદર નામનો ખેડૂત ત્યાં ઘાસ લેવા માટે આવ્યો હતો ત્યારે તેણે રુદન કરતાં તે બાળકને જોયો. આશ્ચર્ય પામતા તે ખેડૂતે ઝાડીમાં પ્રવેશ કરીને ઉગેલી વેલડી અને લતા વચ્ચે પડેલા કુમારને મણિમય પ્રતિમા

હોય, તેમ પોતાના કરસંપુટમાં હર્ષપૂર્વક ગ્રહણ કર્યો. "વિધિ (દૈવ) એવા પ્રકારનું વિચિત્ર છે કે, નર, જે કાર્યને હૃદયમાં વિચારી શકતો નથી, જ્યાં ઘોડાના વચ્છેરા હણહણાટ કરતા નથી, તેવું ન ઘટતું કાર્ય પણ ઘટાવે છે અને બીજું ઘટતું કાર્ય પણ વિઘટિત કરે છે-વિનષ્ટ કરે છે." (ન ધારેલું કાર્ય કરાવે છે અને ધારેલ કાર્યથી ઉલટું કાર્ય કરાવે છે.)

અણધાર્યું નિધાન પ્રાપ્ત થયું હોય, તેમ તે બાળકને લઇને પોતાના ઘરે આવીને મૂર્ત મનોરથની જેમ પોતાની પ્રાણપ્રિયાને અર્પણ કરે છે. પત્નીને કહ્યું કે, 'વનદેવતાએ પ્રસન્ન થઇને અપુત્રિયા એવા આપણને આ પુત્ર આપ્યો છે. કલ્પવૃક્ષના નવીન અંકુર માફક તારે આ પુત્રને કાળજીથી ઉછેરવો.' સમયે તે બાળકનું રણસિંહ એવું નામ સ્થાપન કર્યું. તે કુમાર હાથી, ઘોડા ઉપર બેસી અનેક પ્રકારની રાજક્રીડાઓમાં આનંદથી સમય પસાર કરે છે.

હવે કોઈક સમયે વિજયસેન રાજાને રાજલોકના કોઈક મનુષ્યે એકાંતમાં અગ્રમહિષીએ કરેલ સાહસની હકીકત જણાવી. "ચંદ્રની કળા, અસ્ત્રાથી કરેલ મુંડન, ચોરી-છૂપીથી ગુપ્ત પાપક્રીડા કરેલી હોય, એ સારી રીતે છૂપાવવા પ્રયત્ન કરવા છતાં ત્રીજા દિવસે નક્કી પ્રગટ થાય છે." નિપુણતાપૂર્વક સાચી સર્વ હકીકત જાણીને રાજા રાણીનું દુશ્ચરિત્ર વિચારવા લાગ્યો કે 'અરેરે ! સ્ત્રીઓને અને દુર્જનોને કોઇ અકાર્ય હોતું નથી.' અરે ! મેં એના માટે શું કરવાનું બાકી રાખ્યું છે ? મેં હંમેશાં તેના ઉપર પ્રસન્નતા રાખી છે, પુત્રનું અપહરણ કરાવીને ખરેખર તેણે મારું મરણ નીપજાવ્યું છે.

અપયશરૂપી મદિરા-ઘરથી વાસિત થઇ પાપ કરનારી, કુચરિતરૂપી કાજલથી લેપાયેલ મુખવાળી હે અજયા ! તે શું સાંભળ્યું નથી ? "શોક્યનો પુત્ર પણ જે કુલીન હોય છે, તે સુવિનીત હોય છે અને જે જનનીથી ઉત્પન્ન થયો હોય છતાં અકુલીન જેવો અવિનીત થાય છે."

રામચંદ્ર પણ અપર માતા કૈકેયીની આજ્ઞાથી વનવાસ ચાલ્યા હતા; પરશુરામે પોતાની માતા રેણુકાનું મસ્તક કાપ્યું હતું. એક કેસરીસિંહના નહોરના અગ્ર ભાગથી હાલાહલ-ઝેરની લહર ઉછળે છે. બીજું કાલકૂટ ઝેરના કોળિયા ભરવા જેવું છે, આ ચાલતી આગ જેવું છે. કૂડ-કપટથી એકને શત્રુ કરવામાં આવે છે. નિશ્ચે નારીને વિધિએ આવી ઘડી છે; મારો સંદેહ નષ્ટ થયો છે. અજયાએ મારા જીવિત સમાન પુત્રનું હરણ કર્યું - એ મારા દેહને બાળે છે.

માટે ઘરવાસ એ ફાંસો છે, રાજ્ય એ પાપ છે, સુખ એ નક્કી દુઃખ છે, ભોગો ક્ષયરોગ સમાન છે, નારી ચાલતી મરકી છે; તો હવે આ સર્વેથી સર્યું. આ નિમિત્તથી ભવનો અંત આણવા માટે શ્રી વીર ભગવંતે કહેલ સંયમ અંગીકાર કરીશ. આ પ્રમાણે પોતાના વંશમાં થએલ કોઈક કુમારનો રાજ્યાભિષેક કરીને નિશ્ચલ ચિત્તવાળા **વિજયસેન રાજાએ વિજયા**

**રાણી અને પોતાના સુજય નામના સાળા સાથે ભવસમુદ્રમાં મહાપ્રવહણ એવા વીર પ્રભુના હસ્તથી દીક્ષા ગ્રહણ કરી.** ત્યારબાદ અતિ તીવ્ર તપ તપવા લાગ્યા, આગમશાસ્ત્રનો અભ્યાસ, ગ્રહણ-આસેવન શિક્ષા, ધ્યાન તેમ જ મનોહર ધર્મની આરાધના કરવા લાગ્યા. કેટલોક સમય વીત્યા પછી તેમને **અવધિજ્ઞાન** ઉત્પન્ન થયું. બળવાન્ તેજસ્વી યશસ્વી એવા તે મહાતપસ્વી શ્રી વીર ભગવંતના ચરણકમળની નિરંતર સેવા કરતાં કરતાં ગીતાર્થ થયા ત્યારપછી તે સાધુ સાથે પૃથ્વીમાં વિહાર કરતા હતા.

આ બાજુ વિસ્તાર પામેલા નવયૌવનવાળો મનોહર રૂપવાળો રણસિંહ ખેતરની સારસંભાળ કરતો હતો. ગામની નજીકમાં ખેતરની સામે શ્રી પાર્શ્વનાથ ભગવંતનું એક જિનમંદિર હતું, જેનું રક્ષણ એક યક્ષ કરતો હતો.

જે મંદિર, પાટણના બજાર જેવું, તુલા-સહિત ધાન્ય-સહિત, પુષ્પમાલા-સહિત હાથીના કુંભસ્થળવાળું, શ્રેષ્ઠ સકલ શાલિવાળું શોભતું હતું. નિપુણ શિલ્પીએ અનેક કારીગરીવાળું જિનમંદિર બનાવ્યું હતું, જેના શિખર ઉપર કળશ અને ધજાદંડ શોભતા હતા. દરરોજ વિજયપુર નગરમાંથી ધાર્મિક લોકો આવી અભિષેક, વિલેપન, પુષ્પપૂજા, નાટક કરતા હતા. તેમાં વિવિધ પ્રકારનાં ચિત્રામણો હતાં. વળી ઘસેલી નિર્મલ કાંતિવાળી ભિત્તિમાં યાત્રા માટે આવેલા લોકોનાં પ્રતિબિંબો દેખતાં હતાં. નિર્ધનને ધન, દુઃખીને સુખ, દુર્ભાગીને સૌભાગ્ય, અપુત્રિયાને પુત્ર નમસ્કાર કરનારાને હંમેશાં પ્રાપ્ત થતા હતા. ખેતર ખેડવાના લાગેલા થાકને દૂર કરવા માટે અને કેળના શીતળ ગૃહ સમાન તે તીર્થસ્થાનમાં રણસિંહ આવી પહોંચ્યો. પ્રતિમાનું અવલોકન કરતો જેટલામાં ત્યાં રહેલો હતો, તેટલામાં નિર્મલ કલહંસના યુગલ સરખા બે ચારણ મુનિઓ આવી પહોંચ્યા. ભગવંતને વંદન કરીને જેટલામાં મુનિઓ જતા હતા, તેટલામાં પુરુષસિંહ સરખા રણસિંહકુમારે તેમને અભિવંદન કર્યું, એટલે મુનિઓએ તે કુમારમાં રાજલક્ષણો દેખ્યાં, મુનિઓએ આશીર્વાદ આપીને ધર્મદેશના શરુ કરી. એટલે મસ્તક ઉપર અંજલિ કરી આગળ બેસી શ્રવણ કરવા લાગ્યો. 'ધર્મના પ્રભાવથી હાથીઓની શ્રેણીયુક્ત, ચપળ હણહણતા અશ્વો સહિત, નવીન વિજળી સરખી કાંતિવાળા **અંતઃપુર સહિત મહારાજ્યની પ્રાપ્તિ થાય છે.** કેટલાકો સૌભાગ્ય ઉપર મંજરી સમાન સ્વર્ગ, કોઈક રાજ્ય, કોઇક પુત્ર જે કંઇ પણ ચિંતવે છે, તે ધર્મના પ્રભાવથી મેળવે છે. શાલિભદ્રના જીવે આગલા ભવમાં સુંદર દાનધર્મનું આરાધન કર્યું હતું, તો તેના પ્રભાવે તેણે અતુલ સુખ મેળવ્યું. અને હજારો શીલાંગ સહિત સાધુપણું પાલન કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. તીવ્ર તપ કરવાથી કઠણ પાપકર્મ નાશ પામે છે અને અંતઃકરણપૂર્વક ભાવના ભાવનાર સર્વ સુખ-સંપત્તિ મેળવી છેલ્લે સિદ્ધિપદ પ્રાપ્ત કરે છે.' જે દાન, શીલ, તપ, ભાવનારૂપ ધર્મ કરવા માટે શક્તિમાન્ ન હોય, તે કોઈપણ એક નિયમનું પાલન કરે,

તેને કયો દેવ સહાય કરનાર થતો નથી ?

જેઓ ત્રણ વસ્તુ મેળવીને ખાતા નથી, ત્રણ વસ્તુઓ મેળવી પહેરતા નથી, ઘણા લોકોવાળા નગરમાં અને અટવીમાં ભમે છે; પોતાનાં દુઃખો વડે ઝૂરે છે-દુઃખી થાય છે. ઘણા કાંટા અને કાંકરાઓથી કરાલ સ્થલમાં રાતે ઘરે સૂએ છે, અથવા ભમે છે, દીક્ષા-રહિત હોવા છતાં મહર્ષિની જેમ ભિક્ષા માટે ભ્રમણ કરે છે.' એટલામાંથી ધર્મ સંબંધી કોઇપણ એક નિયમ લેવામાં આવે, જે કરવામાં આવે, તો લાખ દુઃખનો નાશ થાય છે, તેમ જ ઇચ્છેલા મનોરથો ક્ષણવારમાં નક્કી પૂર્ણ થાય છે. દેશના પછી તે રણસિંહને કહ્યું કે, 'હે વત્સ ! તારે દરરોજ અહિં આવવું અને ભગવંતના દર્શન-વંદન કરવાં.' ત્યારે બાળકે કહ્યું કે, 'હે નાથ ! મારાં એટલાં મોટાં ભાગ્ય નથી. વળી સુકૃતના નિધાનભૂત એવા ભગવંતના વંદન-પૂજન-વિધિ કેમ કરવી ? તે પણ હું જાણતો નથી.' મુનિએ કહ્યું કે, 'જિનભક્તિ કરવાથી નક્કી ઇચ્છિત ફળની સિદ્ધિ થાય છે. જો તને વંદનવિધિ ન આવડતી હોય તો તારે તારા ભોજનમાંથી આ દેવને થોડો પિંડ ધરાવી પછી હંમેશાં ભોજન કરવું. આટલો પણ નિયમ સારી રીતે પાલન કરીશ, તો તારી આશારૂપી વેલડીઓ હંમેશાં ફળીભૂત થશે.'

આ પ્રમાણેનો અભિગ્રહ અંગીકાર કરીને મુનિઓને વંદન કર્યું. મુનિઓ આકાશમાં અદૃશ્ય થયા અને રણસિંહ પણ પોતાના ખેતરમાં ગયો. લીધેલો નિયમ સંપૂર્ણપણે પાળે છે અને દરરોજ પ્રભુ પાસે કૂર-કરંબાદિ નૈવેદ્ય ધરે છે.

ત્યાં આગળ દેવમંડપના દ્વારમાં ચિંતામણિ નામના એક યક્ષે તેની પરીક્ષા કરવા માટે તેમજ તેના અભિગ્રહનો ભંગ કરવા માટે કઠોર નખવાળા આગલા ચરણ વડે એકદમ ફાળ મારવાની તૈયારી કરતો, ગંભીર શબ્દયુક્ત ગુંજારવ કરતો, અતિકુટિલ દાઢાવાળો એક ભયંકર સિંહ બાળક વિકુર્વ્યો, રણસિંહે વિચાર કર્યો કે, 'આ સિંહ જાનવર છે, હું નરસિંહ બનીશ. આ દેવકુલનો સિંહ મને શું કરી શકવાનો છે ? એ પ્રમાણે નિર્ભય બની જેટલામાં હક્કાર કરી તેના ઉપર આક્રમણ કરવા તૈયાર થાય છે, તેટલામાં તે ક્યાંઈ અદૃશ્ય થયો. શોધવા છતાં ક્યાંઈ ન દેખાયો. ત્યારપછી નૈવેદ્ય તૈયાર કરીને જિનેશ્વરને ધરાવ્યું અને ખેતરમાં ભોજન કરવા બેઠો. તેટલામાં વગરસમયે બે બાળ શિષ્યો આવી પહોંચ્યા. તેમને પ્રતિલાભીને જેટલામાં જમવા બેઠો, તેટલામાં વળી જર્જરિત અંગવાળા વૃદ્ધ મુનિઓ આવ્યા. તેમને પણ પ્રતિલાભીને વિચારવા લાગ્યો કે, 'જો પાપપંક સુકવવા માટે સૂર્યસમાન એવા તે ચારણ મુનિઓ અત્યારે અહિં આવે, તો આ સર્વ બાકીનું પણ આપી દઉં અને આ જન્મનું ફલ પ્રાપ્ત કરું.'

ઉત્તમ દેવા યોગ્ય પાત્ર, મોટી શ્રદ્ધા, યોગ્ય કાળે, યથોચિત દેવા યોગ્ય પદાર્થ, ધર્મયોગ્ય સાધન-સામગ્રી અલ્પપુણ્યવાળા પામી શકતા નથી. મરેલા મડદાની જેમ કૃપણ

પુરુષ યોગ્ય પાત્ર છતાં દાન આપી શકતો નથી. શરીરમાં માત્ર માંસની વૃદ્ધિ કરનારા એવા તેણે કયો ઉપકાર કર્યો ? તે સજ્જન પુરુષોને ધન્ય છે કે, જેઓ ભોજન સમયે આવી પહોંચેલા ગુણી પુરુષોને વહોરાવીને પોતે બાકી રહેલું ભોજન કરે છે.' તેના ચિત્તને જાણનાર એવા તે યક્ષે પ્રત્યક્ષ થઇને કહ્યું કે, 'તારું સત્ત્વ બીજા કોઈની તુલનામાં આવી શકે તેમ નથી, માટે વરદાન માગ.' રણસિંહે પ્રત્યુત્તર આપ્યો કે, 'મારે કશાની જરૂર નથી. તમારું દુર્લભ દર્શન પ્રાપ્ત થયું તે ઓછું છે ? છતાં પણ હે દેવ ! શક્ય હોય તો આ મારી દરિદ્રતા દૂર કરો.' એ પ્રમાણે કહ્યું એટલે દેવે જણાવ્યું કે-'કનકપુરમાં કનકશેખર રાજાની કનકવતી પુત્રીના સ્વયંવરમાં તારે જલ્દી પહોંચવું. ત્યારપછી હું સર્વ સંભાળી લઇશ. હે વત્સ ! ત્યાં તું આશ્ચર્ય દેખજે. જ્યારે જ્યારે તું મારું સ્મરણ કરીશ, ત્યારે ત્યારે જિંદગી સુધી હું તારો સહાયક થઈશ.' એમ કહીને તે યક્ષ અદૃશ્ય થયો. ચાર-પાંચ દિવસે રણસિંહ ત્યાં પહોંચ્યો. ત્યાં સ્વયંવર-મંડપ થયાની હકીકત સાંભળી એટલે ઉજ્જવલ બળવાન નાના બે બળદની જોડી જોડેલા હળ ઉપર આરૂઢ થએલો હાથમાં તીક્ષ્ણ પરશુ ધારણ કરીને ત્યાં પહોંચ્યો. તે સમયે તેણે સંખ્યાબંધ રાજાઓની શ્રેણી એકઠી થઇને મોટા મંચ પર બેઠેલી દેખી. વળી સ્વયંવરમંડપને કેવો શણગાર્યો હતો ? અખંડ વગર સાંધેલા મોટા રંગ-બેરંગી રેશમી લાંબા વસ્ત્રો જેમાં લટકતાં હતાં, પરવાળાં, મોટી, માણિક્ય, રત્નાદિક જડેલા મંડપસ્તંભો ચમકતા હતા. ત્યાં શ્વેત વસ્ત્રોથી શોભાયમાન શરીરવાળી, હાથમાં સુંદર પુષ્પમાળા ધારણ કરેલી જાણે સરસ્વતી જાતે જ આવી હોય, તેવી કનકવતીને દેખી જાણે રાજકુમારો આગળ ચાલતી દીપિકા આગળ પ્રકાશ અને પાછળ અંધકાર આપતી હોય તેવી કનકવતી શોભતી હતી. તેણીએ ચાલતાં ચાલતાં એક પણ ક્ષત્રિયના કંઠમાં માળા ન પહેરાવી અને વીલખી થએલી તે વિચારતી હતી, તેટલામાં તરત જ વેગથી રણસિંહ ખેડૂત સન્મુખ દોડી. રાજલક્ષ્મી માફક હર્ષથી તેના કંઠમાં વરમાળા પહેરાવી. એટલે ઉદ્ભટ ભૃકુટીવાળા કપાળ ચડાવીને તિરસ્કારતા રાજકુંવરો એકઠા થઈને કહેવા લાગ્યા કે, 'હે કનકરાજ ! આ ન કરવાયોગ્ય તમે કેમ કરાવ્યું ? જો આ તમને સમ્મત છે, તો ફોગટ અમને શા માટે બોલાવ્યા ? અમારું અપમાન કરાવીને તમે નવું વૈર ઉત્પન્ન કર્યું છે.' કનકશેખર-સ્વયંવરમાં મનવલ્લભને વરે, તેમાં અયુક્ત શું ? તમે નીતિવિરુદ્ધ હાલિક-બાલક જેમ કેમ બોલો છો ?' રાજાઓ- 'અરે હાલિક ! તારું કુલ કયું છે ? તે કહે, નહિંતર ફોગટ મૃત્યુ પામીશ.'

રણસિંહ-'અત્યારે કુલકથા કહેવાનો અવસર નથી, કદાચ કહું તો પણ તમને વિશ્વાસ ન બેસે, તેથી સંગ્રામ કરીશું, તેમાં જ કુળનો નિર્ણય થશે.' ત્યારપછી બખ્તર સહિત હાથીઓની ઘટા, કવચ ધારણ કરેલા સુભટો, પલાણ કવચથી સજ્જ કરેલા ચપળ અશ્વો

રાજાઓના પક્ષમાં તૈયાર થયા. ત્યારપછી ભાલાં, બરછી, તરવાર, બાણ, મુદ્ગર, ગદા વગેરે હથિયારથી તેના ઉપર પ્રહાર કરવા લાગ્યા. આ અગ્નિથી સળગાવેલ ચાબૂક ચારે બાજુ ફેરવે છે, પરંતુ આ બાળક કે બાળ વૃષભોના શરીરને હથિયારો લગીર પણ લાગતાં નથી. બાળ વૃષભોને મુક્ત કરી શત્રુસૈન્યમાં મોકલ્યા એટલે શત્રુસૈન્ય સાથે ઝગડવા લાગ્યા. શત્રુસૈન્યના સુભટોનાં બખ્તરો તોડી નાખ્યાં, પગની કઠણ ખરીથી ચીરી નાખ્યા, હાથીઓની ઘટાને ભેદી નાખી. ભયંકર કેસરીસિંહ સમાન એવો તે યુદ્ધ કરવા લાગ્યો કે, જેથી દરેકના મનમાં ચમત્કાર ઉત્પન્ન થયો. જેમ બળરામે હળ ઉપાડીને રૂક્મીરાજાને કંઠપ્રદેશમાંથી કાપી નાખ્યો, અથવા તો ખેડૂત હળથી પૃથ્વીને ખોદી નાખે, તેમ શત્રુસૈન્યને કોઇને ગબડાવતો હતો, કોઇને બાળતો હતો, કોઇને ચીરતો હતો, જેમ હરણના ટોળામાં સિંહ તેમ શત્રુસૈન્યમાં રણસિંહ ગર્જના કરતો હતો. પરશુરામની જેમ સતત અગ્નિની જાળવાળી ભયંકર પરશુ હાથમાં લઇને સમ-વિષમની ગણતરી કર્યા વગર રણમાં ઝઝુમતો હતો. તે સમયે રાજકુમારો-સૈન્ય સાથે નાસી ગયા એટલે રણસિંહ તારાગણમાં જેમ ચંદ્ર તેમ એકલો શોભવા લાગ્યો.

આ સમયે હર્ષથી પુલકિત થયેલા કનકરાજાએ કહ્યું કે, 'હે વત્સ ! આશ્ચર્ય આશ્ચર્ય ! આ તેં કેવી રીતે કર્યું ? એકલા માત્ર હળથી બખ્તરવાળા હાથીની ઘટા કેવી રીતે તગડી મૂકી ?' ત્યારે તેણે કહ્યું કે, 'આ તો માત્ર મારા રખવાલ યક્ષની ક્રીડા છે.'

હાથમાં ધૂપનો કડછો ઉંચો રાખી કનકશેખર રાજા યક્ષને તેવી વિનંતિ કરવા લાગ્યો, જેથી તરત યક્ષ પ્રત્યક્ષ થયો. યક્ષે કનકરાજાને રણસિંહની જન્મથી માંડી અત્યાર સુધીની સર્વ હકીકત જણાવી અને મેં જ તેને અહિં આણ્યો છે. વિજયસેન રાજા અને વિજયા રાણીનો આ પુત્ર છે, ખેડૂત નથી. પુત્ર-વિયોગના દુઃખથી તપી રહેલા એવા તેઓએ દીક્ષા અંગીકાર કરી છે. (૧૦૦)

પછી તે રાજાએ હર્ષ પામીને પેલા સર્વ રાજકુંવરોને બોલાવ્યા. દેવે કહેલી હકીકત જણાવી અને તેમનું સન્માન કર્યું. આવેલા કુમારોને રજા આપી, એટલે તેઓ પોતાના સ્થાને ગયા. રણસિંહકુમાર પણ કનકવતી સાથે વિષયસુખ ભોગવતો હતો. સસરાએ આપેલ એક દેશનું રાજ્ય ન્યાય-નીતિપૂર્વક ભોગવતો હતો. તે નરસિંહ પોતાનું રાજ્ય પાપ છોડીને કરતો હતો. પેલા પાલક સુંદર ખેડૂતને પોતાની પાસે બોલાવ્યો, ઉચિત કાર્યનો જાણકાર તે પણ રાજ્યની સાર-સંભાળ-ચિંતા કરતો હતો.

હવે સોમાપુરી નગરીમાં પુરુષોતમ રાજાની રતિના રૂપ સમાન રૂપવાળી કનકવતીના ફઇની પુત્રી રત્નવતી નામની હતી, તે રાજકુંવરીએ કનકવતીના વિવાહનું કૌતુક સાંભળ્યું એટલે રણસિંહકુમાર ઉપર તેનો સ્નેહાનુરાગ-સાગર એકદમ ઉછળ્યો. જેટલી વાત સાંભળેલી

મીઠ્ઠી લાગે છે, તેટલી દીઠેલી નથી લાગતી. આવી જગતની સ્થિતિ હોય છે. તેમાં પણ રમણીઓ જેઓ બીજાની આંખથી જોવાવાળી અને વિશ્વાસ રાખનારી હોય છે, તેને તો આ વિશેષપણે હોય છે. ત્યારપછી પુત્રીના મનોભાવ જાણીને પુરુષોત્તમ રાજાએ પોતાના મુખ્ય પુરુષોને રણસિંહ રાજાને લાવવા માટે મોકલ્યા. 'નાગવલ્લી જેમ સોપારીના વૃક્ષનો આધાર ઇચ્છે છે, તેમ સુંદરાંગી રત્નવતી ઉત્તમમુખવાળા અને આધાર આપનાર વરની અભિલાષા કરે છે.' એ પ્રમાણે તમે કહેજો. સંદેશો લાવનાર તેઓ રણસિંહ પાસે આવ્યા અને પ્રણામ કરીને પોતાના સ્વામીનો સંદેશો જણાવ્યો. રણસિંહે કહ્યું કે, 'આ વિષયમાં કનકરાજા પ્રમાણ છે.' ત્યારપછી રણસિંહકુમારને જુહારીને નીકળ્યા અને કનકશેખર પાસે આવ્યા. પુરુષોત્તમ રાજાનો સંદેશો જણાવ્યો. ત્યારપછી પ્રણામ કરીને સુખાસન પર બેઠા. તેણે પણ કહ્યું કે, 'તે પણ મારી ભાણેજ છે અને મને પુત્રી સમાન છે, તો તેનો વિવાહ મારે જ નક્કી કરવાનો છે.' ત્યારપછી કનકશેખર રાજાએ રણસિંહને તરત પોતાની પાસે બોલાવીને માર્ગમાં ઉપયોગી ઘણી વિશાળ સામગ્રી સહિત આવેલ મનુષ્યો સાથે સોમાનગરીએ મોકલ્યો. રોકાયા વગરના અખંડ પ્રયાણ કરતાં કરતાં માર્ગ વચ્ચે આવેલા પાટલીખંડપુરમાં એક સ્થાનમાં શ્રેષ્ઠ બગીચો હતો, તેના સુંદર પ્રદેશમાં પડાવ નાખ્યો. થોડા પરિવાર સાથે ચિંતામણિયક્ષના ભવનમાં પહોંચ્યો. તેને પ્રણામ કરીને તેના મદોન્મત્ત હાથી ઉપર જેટલામાં બેઠો, તેટલામાં તેની જમણી આંખ ફરકી એટલે વિચારવા લાગ્યો કે, ' આજે મને પ્રિય મનુષ્યનાં દર્શન, અગર પ્રિય મનુષ્યનો મેળાપ અહિં થશે. અથવા યક્ષના પ્રસાદથી કયા મોનરથ સિદ્ધ થતા નથી ?

આ સમયે પાટલીખંડના રાજા કમલસેનની પુત્રી કમલવતી ચિંતામણિ યક્ષની પૂજા કરવા આવી. સુંદર સુગંધી પુષ્પો, કેસર, ચંદન વગેરે પૂજાની સામગ્રીથી પૂર્ણ છાબડી જેના હાથમાં રહેલી છે, જેની પાછળ સુમંગલા દાસી અનુસરી રહેલી છે. વિકસિત નેત્રરૂપી નીલકમળ વડે લક્ષ્મી સરખી મૃગાક્ષીની પૂજા કરતો હોય તેમ તે કન્યાને દેખી. ઇષ્ટ પદાર્થ જોવો કોને ન ગમે ? લક્ષ્મી અને સરસ્વતી બંને પરસ્પર વિરોધી છે, એક બીજાને તેઓ સહેતા નથી. અથવા તો બંનેનો સમાયોગ કરવા માટે દૈવે આને બનાવી છે. જેઓનું માનસ ભેદવા માટે મદનબાણ સમર્થ નથી, તે ખરેખર બુઠ્ઠા થઇ ગયા છે. તેવાઓના માનસ ભેદવા માટે જ વિધિએ આ તીવ્ર કટાક્ષો આમાં બનાવ્યા છે. દુસ્તર કામદેવના બાણથી સજ્જડ વિંધાએલા મારા હૃદયના ઘાને રૂઝવનારી આ સુંદરાંગી મહાઔષધી આવે છે. અમૃત, સુંદર અંગના સાથે કામદેવના પ્રસંગનો આનંદરસ, સજ્જન સાથેની ગોષ્ઠી આ ત્રણ પગથિયાં સુખપર્વત ચડવા માટે જણાવેલાં છે.' આ પ્રમાણે ચિંતવન કરતા તે કુમારની સન્મુખ સ્નેહપૂર્ણ શરીરવાળી કંઈક કટાક્ષપૂર્ણ નેત્રથી નજર કરતી યક્ષ પાસે જાય છે.

યક્ષની પૂજા કરીને પ્રાર્થના કરવા લાગી કે, 'હે દેવ ! બીજા બધા પતિની ચિંતાથી મને સર્યું. તમારા મંદિરના દ્વારમાં રહેલા છે, તે જ મને પતિ હો.' 'પહેલાં પણ મેં કન્યા આપી છે, અત્યારે તો વળી અતિથિનો સત્કાર થશે, અવસરોચિત યોગ આવી પહોંચ્યો.' - એમ વિચારીને યક્ષે તે વાત સ્વીકારી. નેત્રરૂપી દોરડાથી જકડીને મારા સ્વામીને સાથે લઇ જાઉં- એમ વિચારતી હતી. વળી જતાં જતાં ફરી ફરી પ્રેમપૂર્વક કુમાર તરફ નજર કરતી કુમારી પોતાને ઘરે ગઇ. ક્ષણવાર વૃદ્ધ દાસી સાથે આદરપૂર્વક વાતચીત કરીને નામ, ઓળખાણ, પરિચય વગેરે પરસ્પર તેઓએ જાણી લીધા. રણસિંહ પોતાના માનસથી ચિંતામણિ યક્ષના ભવનને અને આખા જગતને તે કન્યા વગરનું શૂન્ય માનતો પોતાના નિવાસસ્થાને પહોંચ્યો. બીજા દિવસે કમલવતી યક્ષની પૂજા કરીને પંચમ સ્વરથી મનોહર કંઠ અને મૂર્ચ્છના સહિત વીણા વગાડવા લાગી. ત્યાં આગળ રણસિંહ પાસે આવીને કન્યાના સ્નેહમાં પરાધીન બનેલા કુમાર તરફ તિર્છી આંખથી નજર કરતી એવી તેણે પોતાનો આત્મા કુમારને અર્પણ કર્યો. 'સામો મનુષ્ય ખુશ છે કે રોષવાળો છે, અનુરાગવાળો છે કે અનુરાગ વગરનો છે, એવા બીજા વિકલ્પો લોકોના નેત્રથી જાણી શકાય છે.' ઘરે આવેલી તે વિચારવા લાગી કે, 'હું તેની સાથે જ પરણીશ, જો કદાચ એમ ન થાય તો મારે જીવવાથી સર્યું.'

ત્યારપછી કુમાર પોતાના નિવાસસ્થાને પહોંચ્યો, એટલે પુરુષોત્તમ રાજાના સેવકોએ પોતાની નગરી તરફ પ્રયાણ કરવાની વિનંતિ કરી. 'આજે શા માટે વિલંબ કરો છો ?' ત્યારે રણસિંહે કહ્યું કે, 'આજે મારે તેવું રોકાવાનું ખાસ પ્રયોજન છે, તો તમે આગળ પ્રયાણ ચાલુ રાખો. મારું ઇચ્છિત કાર્ય પૂર્ણ થશે, એટલે તરત નિર્વિઘ્ને હું આવી પહોંચીશ.'

ત્યાં આગળ કમલસેન રાજાની સેવા કરવા માટે ભીમ નામનો રાજપુત્ર આવેલો હતો, તે પણ કમલવતીને પરણવા માટે ઇચ્છા કરતો હતો. કમલવતીની ધાવમાતાને વસ્ત્ર, સુવર્ણ આભૂષણ, કપૂર વગેરે પદાર્થો આપી લલચાવતો હતો. ધાવમાતાએ કમલાવતીને ભીમકુમારની અભિલાષા જણાવી, તો તેનું નામ સાંભળવા પણ તે ઇચ્છતી નથી. 'જે ઉપચાર કરે, પ્રપંચ કરે, ખુશામતનાં પ્રિયવચનો ઉચ્ચારે નજર પણ નાખે, પરંતુ પ્રતિકૂલ વામાઓ (સ્ત્રીઓ) તેને તૃણસમાન ગણે છે.' યક્ષમંદિરમાં જાય છે એમ જાણ્યું ત્યારે તે તેની પાછળ પહોંચ્યો. 'જો મધુર વચનોથી બોલાવીશ, તો કદાચ મને ઇચ્છશે.' 'ધનદાન, લોકસન્માન, રૂપ, સૌભાગ્ય, મીઠાં વચનો તે સર્વે મનોહર સ્નેહ આગળ તૃણની જેમ કશાં કારણ નથી.' યક્ષમંદિરના દ્વાર-પ્રદેશમાં તે ધીઠો થઈને બેઠો એટલે દાસીને કુમારીએ કહ્યું કે, 'પૂજા કર્યા પછી આપણે ઘરે કેવી રીતે જઇ શકીશું ? કારણ કે, આ દ્વાર વચ્ચે જ બેઠો

છે. અથવા આ દ્વારપ્રદેશમાં કંઇ કહેશે અગર અંદર આવશે માટે તું દ્વારમાં બેસ અને તેને અંદર પ્રવેશ કરે તો રોકજે.' તે પ્રમાણે દાસી ત્યાં બેઠી, અને એકાંતમાં મૃગાક્ષી કમલવતીએ આગળ મેળવેલી મૂલિકાને બાંધી. એના પ્રભાવથી તે પુરુષ સ્વરૂપ બની બહાર નીકળી. એટલે કુમારે પૂછ્યું કે, 'હે પૂજારી ! હજુ કેમ કુમારી બહાર ન નીકળી ?' પૂજારીએ કહ્યું કે, 'તે જ આ છે. બીજી કોઇને મેં દેખી નથી.' એમ કહીને કુમારી ઘરે ગઇ. કાન ઉપરથી મૂલિકા છોડી સંતાડી દે છે. યક્ષમંદરિમાં બે ત્રણ વખત દરેક સ્થળે તપાસ કરી, પરંતુ તે જોવામાં ન આવી એટલે વિલખો થયો, પેલો સુમંગલાકુમારી પાસે આવ્યો. એટલે દાસીએ પૂછ્યું કે, હેં ભર્તૃદારિકા ! તું અહિં કેવી રીતે આવી ગઈ અને આ શી હકીકત છે ?' ત્યારે કમલવતીએ કહ્યું કે, 'હું ઔષધિના પ્રભાવથી પુરુષનું રૂપ કરીને અહિં આવી ગઇ છું. તેણે મને પૂછ્યું હતું ત્યારે મેં તેને ભળતો ઉત્તર આપ્યો હતો. (૧૫૦)

આ ઔષધિની ઉત્પત્તિની હકીકત સાંભળ. એક વખત અમે ચિંતામણિયક્ષના મંદિરમાં ગયા હતા. ત્યારે ત્યાં વિદ્યાધરનું યુગલ ફરતું દેખ્યું. યક્ષમંદિરના ઊંચા શિખરનું ઉલ્લંઘન કરતા તેઓ ક્ષોભ પામ્યા. અમો પૂજા કરવાની ધમાલમાં હતા. તે વિદ્યાધર યુગલે મંદિરમાં પ્રવેશ કર્યો. મારું રૂપ દેખી રખે વિદ્યાધર મોહિત થાય એમ ધારીને વિદ્યાધરીએ મારા કાને ઔષધિ-મૂલિકા બાંધી, તેની મને ખબર ન પડી. પરંતુ તે યુગલ ગયા પછી હું મારું રૂપ દેખું છું, તો પુરુષરૂપ દેખાયું મને આ જોવાથી ધ્રાસકો પડ્યો અને મારું સમગ્ર રૂપ જોતાં ખેચરી યાદ આવી. એટલામાં કાન ઉપર મૂલિકા દેખી. જેટલામાં તેને છોડી તેટલામાં સ્વાભાવિક અસલ શરીરવાળી કુમારી થઇ ગઇ. તે ઔષધિનો પ્રભાવ જાણ્યો, એટલે ધારણ કરીને તેને સારી રીતે સંભાળી રાખું છું. અતિસ્નેહાધીન થએલા ભીમકુમારે કમલવતીની માતાને સમજાવીને કુમારી આપવા માટે તૈયાર કરી. કમલિની નામની રાણીએ આ હકીકત રાજાને જણાવી. બીજા દિવસે લગ્ન કરવાનો નિર્ણય કર્યો. આ હકીકત જાણીને કુમારી ફરવા જતી નથી, ભોજન કરતી નથી, હસતી નથી, સુતી નથી, સખીઓને બોલાવતી નથી, દુર્જનોથી છેતરાએલ સજ્જન રુદન કરવા લાગ્યા. હવે તેઓના ઉપર કરુણા આવવાથી તેના દર્શનને માટે જ હોય તેમ સૂર્ય ઉદયાચલના શિખરનો સ્પર્શ કરીને મનોહર બિંબવાળો પ્રગટ થયો. (૧૯૯)

"હે રાત્રિના રાજા ચંદ્ર ! તું રાગીના હૃદયમાં હતો" - એથી ઇર્ષ્યાલુ ઈન્દ્રે પ્રાતઃકાલે શંકિત થઇને પોતાની શુદ્ધિ માટે, દિવ્ય પદવી પામી સમુદ્રના વડવાનલના તાપવાળા તળિયાથી ખેંચીને પૂર્વ દિશાએ તને આકાશમાં બહાર મૂક્યો છે, તપેલા માષ જેવો સૂર્ય દીપે છે. (૨૦૦)

કોઇકે કહ્યું કે પ્રાતઃકાળે બગીચામાં મેં કમલવતીને દેખી. વસ્ત્રો પહેરેલાના લક્ષણથી

તે તરતની પરણેલી સુંદરી અને બીજો રાજા હોવો જોઇએ.' આ સાંભળી ભયંકર ઉદ્‌ભટ ભૃકુટી ચડાવેલ કપાળવાળો મહાબાહુ ભીમરાજ હજારો બખ્તર પહેરેલા સુભટો સાથે જયકુંવર હાથી ઉપર આરૂઢ થઇ મૃગ ટોળું જેમ સિંહને, તેમ વાગતા વાજિંત્રોના આડંબર સહિત રણસિંહને જિતવા માટે નીકળ્યો. અનેક સૈનિકસેના સહિત કમલસેન રાજા પણ આવ્યો. રણસિંહે પણ તરત જ સેના સજ્જ કરી. પોતપોતાના પક્ષના રાજાની જયલક્ષ્મી ઇચ્છતા એવા બંનેના સૈન્યો 'હું પહેલાં હું પહેલા લડવા જઉં' એ પ્રમાણે યુદ્ધ જામ્યું. તે આ પ્રમાણે :-

કવચ અને પલાણથી સજ્જ કરેલા તુર્ક દેશના ઘોડાઓની શ્રેણી સામસામા, તથા રથો સાથે રથો લડીને એકબીજાના રથોનો ચૂરો કરતા હતા. આકાશમાં બાણો ફેંકીને સામસામા ઘાયલ કરતા હતા. ફારક્ક નામના અસ્ત્રવિશેષથી સુભટવર્ગ અને તેની પાછળ ધનુર્ધરો પહોંચતા હતા, મોટા શ્રેષ્ઠ ભાલાંઓથી મલ્લ સરખા વીર સુભટોને પીડા કરતા હતા, તેથી છત્ર, ધ્વજાઓ નીચે પડતા હતાં. ભાલાં ભોંકાએલા હાથીઓ ચીસ પાડતા હતા. સૈનિકો ભૃકુટી ચડાવી બાથ બાથ લડતા હતા. તેઓનાં મસ્તક, હાથ, પગ કપાઇને નીચે રગદોળાતા હતા. હાથી અને મનુષ્યોનાં મસ્તકો એકઠાં થતાં હતાં. તાડ સરખા ઊંચા લાખો વેતાલો કીલકીલાટની ચીસો પાડી હજારો લોકોને ભય પમાડતા હતા. ડાકિણીઓ પણ મોટા શબ્દોથી ત્રાસ પમાડતી હતી. આવા મહાયુદ્ધમાં સુભટ સમુદાય ભાગવા લાગ્યો. શૂરવીરો અસ્ત થવા લાગ્યા. ચિંતામણિનું ધ્યાન કર્યું. રણસિંહકુમારને આગળ સ્થાપન કર્યો, ફરી કુમાર ઊભો થયો. ધનુષપર બાણ ચડાવી રાજાના સૈન્યમાં કોઈકના હાથ, પગ, ગળું મર્દન કરી વાળી નાખે છે. કોઇકનાં મસ્તક મુંડી નાખે છે, દાંત અને દાઢાઓ ઉખેડી નાખે છે, કાન, નાક કાપી નાંખે છે, કોઇકના શરીરના નિઃશંકપણે ટૂકડા કરી નાખતો હતો, ધનુષની દોરીને તોડી નાખતો હતો, બીજાં હથિયારો ફાડી-તોડી નિષ્ફળ બનાવતો હતો. હાથી ઘોડાનાં બખ્તરો તોડી પાડતો હતો.

હવે ભીમકુમારને લાવી પગમાં પાડ્યો તથા આકાસબંધથી બાંધેલા રથમાં બેઠેલા સસરાને પણ પકડી લીધા. ત્યારપછી અત્યંત નિશ્ચલ ચંપાપુરીના રાજાને દેખીને સુમંગલા સખીએ પુત્રીનો સર્વ વૃત્તાન્ત પ્રગટ કર્યો. આ નવવધૂ છે; નવવધૂ છે. આકાશ-પાસ દૂર કરીને પિતાજીના પગમાં નમસ્કાર કર્યો લજ્જામુખવાળી નવવધૂએ ભીમકુમારને મુક્ત કરાવ્યો. રણસિંહે જુહાર કર્યા, એટલે રાજાએ કુમારની પીઠ થાબડી, કુમારનું કુલક્રમાગત પરાક્રમ વગેરે જાણીને રાજા ખુશ થયો. મોટા મહોત્સવપૂર્વક રાજાએ લગ્નવિધાન કરાવ્યું. સિંહણની જેમ સિંહકુમારને રાજાએ પોતાના હાથથી અર્પણ કરી. હર્ષથી નિર્ભર અંગવાળી તેની સાથે ત્યાં કેટલાક દિવસો પસાર કર્યા પછી કમલવતી સાથે પ્રયાણ કર્યું અને પોતાના

ઘરે આવ્યો. કમલાવતી પત્નીનો લાભ થવાથી પોતાના આત્માને કૃતકૃત્ય માનતો કુમાર રત્નવતીને પરણવા માટે સોમાપુરી ન ગયો. તે સંબંધી બીજાં કાર્યોને તે સમયે વિઘ્ન માનવા લાગ્યો. નવવધૂ સાથે વિષયસુખરૂપ અમૃતથી સિંચાએલા એવા તેઓનો ઘણો સમય પસાર થયો.

હવે રત્નવતી વિચારવા લાગી કે, 'ધન્ય સુભગ ભાગ્યશાળી તે રાજપુત્ર આવતાં આવતાં પાછા વળી ગયા અને હજુ આજ સુધીમાં ન આવ્યા. હાં હું સમજી કે, કોઇક કૂડ-કપટ કરવામાં ચતુર એવી તેણે તીક્ષ્ણ કટાક્ષ નાખીને તે જડને વશ કરેલો જણાય છે, તેનો સ્નેહ તેના હૃદયકળશમાં પૂર્ણ ભરેલો છે, તેથી આ મારા સ્નેહનો તેમાં અવકાશ નથી. ઘડામાં જળ પૂર્ણ ભરેલું હોય અને તેમાં બીજું નાખો તો ઢોળાઇ જાય છે. તો હવે તેનું કૂડ-કપટ સફળ થવા નહિ દઉં અને તેના મસ્તક ઉપર પગનો પ્રહાર કરીશ. પોતાની માતાને વાત કરીને વિશ્વાસમાં લીધી. અતિ તીવ્ર દુઃખથી બલી રહેલા મનવાળી રાજપુત્રીએ વશીકરણ, કામણ-ટુંબણ કરનારી એક ગંધમૂષિકા હતી, તેને બોલાવીને રત્નવતીએ કહ્યું કે, 'હે માતા ! તું મારું એક કાર્ય કર. તે કાર્ય એ છે કે રણસિંહકુમાર કમલવતી ઉપર અતિ સ્નેહવાળા થયા છે. તેથી તમે એવો કોઈ ઉપાય કરો કે, 'તેના ઉપર કલંક આવે અને કુમાર તેને ઘરમાંથી કાઢી મૂકે. તમે આટલા મંત્ર-તંત્ર વગેરે જાણો તેનું ફળ શું ?' આ વાત સ્વીકારીને ગંધમૂષિકા ત્યાંથી નીકળી એકદમ કુમારના નગરમાં પહોંચી. 'આ કમલવતી મારી ભાણેજ છે.' એમ કહીને હંમેશાં કુમારના અંતઃપુરમાં કમલવતી પાસે જવા લાગી.

નવીન નવીન કૌતુકવાળી કથા સંભળાવનાર હોવાથી કમલવતી તેની સાથે વિશેષ પ્રકારે વાતચીત કરવા લાગી. વિશ્વાસ બોસાડ્યો. 'વિશ્વાસના પાસમાં પડેલાને સુખેથી ઠગી શકાય છે.'

કોઈક સમયે કપટ-નાટક કરવામાં આતુર ચતુર બુદ્ધિવાળી પાપિણી કુટિલ બુદ્ધિવાળી ગંધમૂષિકાએ રાત્રિ વખતે નોકર-ચાકરના વ્યાપારમાં રોકાએલા મનુષ્યો વાસમંદિરમાં જતા-આવતા હોય તેવા સમયે કુમારને પરપુરુષની અવર-જવર પ્રગટ બતાવી. છતાં પણ કુમાર તેમાં વિશ્વાસ કરતો નથી. કુમારને કમલવતીના શીલવિષયક ચોખ્ખી ખાત્રી કરી કે, 'તેના શીલમાં કોઈક દિવસ કલંકનો સંભવ નથી.' જ્યાં નજરો-નજર સાક્ષાત્ પરપુરુષ દેખાય છે, અતિદૃઢ પ્રતીતિવાળું ચિત્ત થયું છે, એવી નિશ્ચયવાળી હકીકતમાં વિસંવાદને કોણ રોકી શકે ? હવે ફરી ફરી કોઇક પુરુષને દેખતો હતો, ત્યારે પ્રાણપ્રિયાને પૂછ્યું કે - 'આ શી હકીકત છે ?' મને બીજા પુરુષનો સંચાર જણાય છે. તો મારાં નેત્રો હીણભાગી થયાં હશે ? હે પ્રિય ! નિર્ભાગિણી એવી મને પૂછવાથી સર્યું, તમારી દૃષ્ટિને વિકાર કરાવનારું મારું જે કર્મ છે, તેને જ પૂછો. હે વસુંધરા માતા ! હે દૈવ ! કૃપા કરીને મને

પૃથ્વીમાં વિવર આપો, જેથી તેમાં પ્રવેશ કરું જેથી આવાં દુર્વચનો મારે સાંભળવાં ન પડે. કુમાર કોઈ ભૂત, રાક્ષસનાં તેવાં વચનો સાંભળીને આવા પ્રકારનો વ્યવસાય કરે છે. કોઈ દિવસ દૂધમાં પૂરા હોય ખરા ? 'જો કે તરુણ તરુણીઓ વિજળીના ઝબકારા સરખા નેત્રના કટાક્ષોથી લોકોના ચિત્તનું આકર્ષણ કરે છે, તો પણ મનને જાણનાર નિરંતર સમાગમ થવાનો શક્ય નથી, તેથી નિશ્ચય દુર્મનવાળો રહે છે.' ત્યારપછી ગંધમૂષિકાએ તેઓને પાન, તંબોલ, ભોજન વગેરેમાં મંત્ર-ચૂર્ણાદિકના પ્રયોગ કરી તેના પ્રત્યે વિદ્વેષ કરાવવાનો પ્રયત્ન કર્યો. તેના માટે પૂર્ણરાગવાળો હોવા છતાં, તેને જ જોવાવાળો, તેનું લાવણ્ય પોતાના જીવનાધિક માનતો હોવા છતાં તે મંત્રાદિકને આધીન થવાથી તેની વાત સાંભળતાં જ અગ્નિ માફક દાઝવા લાગ્યો. લોકોપવાદથી સંતાપ પામેલા એવા તેણે નિર્ણય કર્યો કે, અહીંથી કાઢી મૂકિને તેના પિતાને ઘરે મોકલી આપવી. ત્યારપછી તેવા વિશ્વાસુ મનુષ્યોને એકાંતમાં બોલાવી ગુપ્તપણે આદેશ આપ્યો. સેવકે વિચાર કર્યો કે, 'વગર કારણે અકાલે આવો હુકમ કેમ કર્યો હશે ?' કનકવતીને સેવકે કહ્યું કે 'કુમાર બગીચામાં સુતેલા છે અને આપને ત્યાં બોલાવે છે.' આ પ્રમાણે કહીને રથમાં બેસાડીને રાત્રિએ જંગલમાં રથ હાંકી ગયો. કનકવતીએ જમણું લોચન ફરકવાથી જાણ્યું કે, 'મારણાન્તિક સંકટ જણાય છે. છતાં પણ તેમની આજ્ઞા એ જ મને તો પ્રાણ છે, મારું જે થવાનું હોય તે થાવ.' આ પ્રમાણે તે આકુલ-વ્યાકુલ થવા લાગી, ત્યારે તેઓએ રથ અતિ વેગથી ચલાવ્યો, તેઓને પૂછ્યું કે 'જ્યાં પ્રિય રોકાયા છે, તે બગીચો હજુ કેમ ન આવ્યો ?' ત્યારે સેવકોએ પ્રત્યુત્તર આપ્યો કે, હે સ્વામિની ! આપના પિતાને ત્યાં વાસ કરવા નિમિત્તે તમને મોકલ્યાં છે.' 'મારા પીયરમાં વાસ કરવાને મોકલ્યા છે, તો અત્યાર સુધી તે બોલતા કેમ નથી ? વગર વિચાર્યા પરીક્ષા કર્યા વગર આ પ્રમાણે કાર્ય કરવાથી કુમારને જરૂર પશ્ચાત્તાપાગ્નિ ઉત્પન્ન થશે.' તેઓ પાટલીખંડના સીમાડાની ભૂમિમાં જલ્દી પહોંચી ગયા. રાજપુત્રીએ કહ્યું કે, 'હે સત્પુરુષો ! તમે અહિંથી જ પાછા વળો.' (૨૫૦)

'પાટલીપુર નગરના આ ઊંચા મોટા સુંદર વૃક્ષો દેખાય છે, અહિંથી તો હું જાતે જ જઇશ, તમારી સહાયની હવે જરૂર નથી, ત્યારપછી સારથિએ પ્રણામ કરીને કહ્યું કે, 'હે પ્રત્યક્ષ શીલલક્ષ્મી ! હું પાપી આજ્ઞા ઉઠાવનાર કર્મચંડાલ થયો છું.' 'હે સત્પુરુષ ! પોતાના માલિકની આજ્ઞા બજાવનાર તારો આમાં શો દોષ ? પત્થર અથવા તો સેવક ત્યાં જ ફેંકે છે કે, જ્યાંનું સ્થળ ચિંતવાયું હોય. તત્ત્વ સમજનારાઓએ પ્રભુનું પરવશપણું, અન્નની આસક્તિ, દૂરદેશનાં દર્શન અને ચાકરીથી આજીવિકા કરવી આ વસ્તુઓને ઉચિત કહી નથી. હવે નિર્ભાગિણી એવી હું એક વચન કહેરાવું છું, તે તેમને કહેજે કે, 'મારા અને તમારા કુલનો પ્રેમ છે, તેમાં તમે કોને અનુરૂપ આ કાર્ય કર્યું ?' રુદન કરતી તે રથનો

ત્યાગ કરીને એક વડવૃક્ષ નીચે બેઠી. તેઓ પણ જુહાર કરીને રથ લઇને પોતાના સ્વદેશ તરફ ચાલ્યા.

'દૈવ અહિત કાર્ય કરે, તો સુખેથી તેના ફળ સહન કરવા માટે સામર્થ્ય મેળવી શકાય છે, પરંતુ ખોટા કલંક વડે કરીને પ્રિયાને પરદેશનો પ્રવાસ કરવો પડે. આ પાપ-ક્લેશ દુસ્સહ છે. હે શ્વેત અને શ્યામ કાર્યો કરાવનાર તું મને આજે જ આ પ્રમાણે પ્રવાસ કરાવે છે. ક્ષણમાં રાગી ક્ષણમાં વિરાગી થનાર મનુષ્યોને નમસ્કાર થાઓ. હે માતા ! તમે અહિં જલ્દી આવો, પહેલાં આ વત્સા ઉપર તું વાત્સલ્યવાળી હતી. અસામાન્ય દુઃખ-દાવાનળમાં બળી રહેલી તારી પુત્રીનું રક્ષણ કર. અથવા હે માતાજી ! તમે અહિં ન આવશો. કારણ કે, 'આ શૂન્ય અરણ્યમાં મારું દુઃખ દેખવાથી તમારું હૃદય ફાટી જશે. હે પિતાજી ! હું કુમારી હતી, ત્યારે તમને મારા વરની ચિંતા હતી, પરણાવ્યા પછી સાસરા પક્ષના વચન-પ્રહારની પીડા, અત્યારે તો હું આવા સંતાપ કરાવનારી થઈ છું. હે રાજન ! હું સારી રીતે અનેક વખત પરીક્ષિત શીલવાળી પ્રાણપ્રિયા હતી, તો કોઇક દુર્બુદ્ધિ ભૂત-રાક્ષસનો આ પ્રપંચ જણાય છે. અપયશના કલંકથી મલિન થએલી હું પિતાના ઘરમાં પ્રવેશ કરીશ નહિં, ઔષધિના પ્રભાવથી પુરુષ બનીને ઇચ્છા પ્રમાણે રહીશ. કારણ કે, સ્ત્રીઓમાં લાવણ્ય, મધુરતા આદિ ગુણો હોવાથી સ્વાભાવિક રીતે તે પ્રાર્થના કરવા યોગ્ય ગુણવાળી હોય છે. પાકેલી આંબલીના ફળની માફક જગતના મનુષ્યોની વાંછા વૃદ્ધિ કરનાર સ્ત્રીઓ હોય છે. તંબોલ, તરુણીઓ, ચંદ્ર, તળાવનું પાણી કોના મનને હરણ કરતું નથી ? એવો કોણ છે કે, આ પદાર્થોને માણે ? પ્રાણના ત્યાગમાં પણ મારે મારા શીલનું રક્ષણ કરવાનું છે. આનો વિનાશ થાય, તો આ લોક કે પરલોક બંને બગડે છે.' શીલ એ શાશ્વતું ધન છે, પરમ પવિત્ર અને નિષ્કપટ-હિતૈષી મિત્ર છે. ઉત્તમ કીર્તિ માટે અને મુક્તિ-સુખ મેળવવાના સાધનભૂત હોય તો આ શીલ છે. ધન વગરનાને આ શીલ ધન છે, આભૂષણ રહિત હોય, તેને શીલ એ મોટું આભૂષણ છે, પરદેશમાં પણ પોતાનું ઘર અને સ્વજન રહિત હોય, તેને શીલ એ સ્વજન છે." શીલ વ્રતના પ્રભાવથી જ્વાલાશ્રેણીથી ભયંકર અગ્નિ હોય, તે પણ હિમ સરખો શીતલ બને છે, નદી બંને કાંઠા એકઠા થઇ માર્ગ આપે છે, પાતાળ ફૂટીને જળ પર્વત ઉપરની નદી વહેવા લાગે, સિંહ, હાથી, યક્ષ, રાક્ષસ, સર્પ ઉલ્લંઘન કરતા નથી, નિર્મલ શીલના પ્રભાવથી જીવ જગતમાં અસ્ખલિત આનંદનો અનુભવ કરે છે. ત્યારપછી પુરુષનું રૂપ પરાવર્તન કરી પાટલીપુરની પશ્ચિમ દિશામાં ચક્રપુરમાં કમલવતીએ ચક્રધરદેવના મંદિરમાં પૂજારીનું બટુકનું રૂપ ધારણ કર્યું.

આ બાજુ પાછા ફરેલા રથિક સેવકોએ કમલવતીનો ત્યાગ ક્યાં અને કેવી રીતે કર્યો ? તે સર્વ નિવેદન રાજાને કર્યું. મંત્રાદિકનો પ્રભાવ જાણનાર કુમાર આ સાંભળીને અતિ

પશ્ચાત્તાપ કરવા લાગ્યો. ખોટા પ્રલાપના કારણે અપયશથી દૂષિત કરેલી કમલવતી પિતાને ત્યાં જીવતી ગઇ હશે ખરી ? અત્યારે તો નિર્ભાગી થએલો હું અકાર્યના કાજલના લેપથી ખરડાએલ મુખવાળો કમલસેના વગેરેને મારું મુખ કેવી રીતે બતાવીશ.' કમલવતી માટે આવું ખોટું ચિંતવતાં મારું હૃદય ફાટી કેમ ન ગયું ? આવી વાણી બોલતાં મારી જીભ કેમ ન તૂટી ગઈ ? તેવા પ્રકારનું અકાર્ય કરનાર એવા મારા મસ્તક ઉપર તડતડ કરતા મોટા શબ્દવાળી વિજળી તૂટી કેમ ન પડી ? ગંધમૂષિકા તે પણ અહિં દેખાતી નથી, તો ચાલી ગઇ જણાય છે. એટલે રણસિંહ વિચારવા લાગ્યો કે, 'તે પાપિણીએ જ આ અકાર્યનું પાપ કર્યું છે, કપટ, કામણ, ટૂંબણ, વિદ્વેષ, ઉચ્ચાટન વગેરે અશુભ કાર્ય કરવામાં નિપુણ બુદ્ધિવાળી તે ગમે તે કોઈ કારણથી આ અકાર્ય કરીને નક્કી ચાલી ગઈ છે.

હવે ગંધમૂષિકાએ સોમાપુરીએ પહોંચીને સમગ્ર વૃત્તાન્ત રત્નવતીને જણાવ્યો, એટલે ચંદ્રની જેમ હર્ષતી પ્રફુલ્લિત બની, પિતા પુરુષોતમ રાજાને રત્નવતીએ કહ્યું કે, 'હવે કુમારને ફરી અહિં આણવા માટે પુરુષોને મોકલો. તેઓ કનકપુર ગયા અને કનકશેખર રાજાને વિંતિ કરી કે 'તે સમયે કુમાર અધવચ્ચેથી પાછા વળ્યા, તો પણ રત્નવતી હજુ સુધી તેની આશાએ રાહ જોતી બેઠેલી છે, માટે કુમારને મોકલી આપો.' કુમારને આ વાત જણાવી, કમલવતીના વિરહના કારણે કુમારનું મન વ્યગ્ર હતું. 'કમલવતીએ તો બીજો જન્મ ધારણ કર્યો હશે, તેથી પાપ કરનાર મને હવે બીજાં લગ્ન કરવાં યોગ્ય ન ગણાય,' પરંતુ પિતાના આગ્રહથી અને પાટલીનગરમાં કનકવતીની પણ તપાસ કરી શકાય એમ ધારીને શુભ શુકનના મંગળ પૂર્વક સારા દિવસે પ્રયાણ કર્યું. કેટલાક પડાવ કર્યા પછી ચક્રપુરની બહાર નિવાસ કરીને ચક્રધર દેવની પૂજા કરવા માટે ગયો. આ સમયે જમણું નેત્ર ફરક્યું, એટલે રણસિંહે જાણ્યું 'આ પ્રિય મનુષ્યનો મેલાપ કરાવનાર ચિહ્ન છે.' 'મસ્તક ફરકે રાજ્ય-પ્રાપ્તિ, નેત્ર-સ્ફુરણ થાય તો પ્રિયજનનો મેલાપ થાય, બાહુ સ્ફુરાયમાન થાય, તો પ્રિયજનની ભુજાનું આલિંગન સમજવું.'

ત્યારપછી પૂજારી કુમારની હથેળીમાં પુષ્પો આપે છે. કુમાર પણ મૂલ્ય અને પોતાનું હૃદય આપીને તે ગ્રહણ કરે છે. બટુકપૂજારીએ આ મારા નાથ છે અને રત્નવતી સાથે લગ્ન કરવા પ્રયાણ કરી રહ્યા છે.' તેમ ઓળખી લીધા. રણસિંહ પણ વિચારે છે કે, આ પુષ્પ આપનાર બટુકપૂજારીને દેખીને મારી પ્રાણવલ્લભા કનકવતી યાદ આવે છે. જાણેતે જ કેમ ન હોય. તેમ તેને દેખું છું. તેને બોલાવીને અતિથિસત્કાર કરવા માટે પોતાના નિવાસસ્થાને લઈ ગયો. ઉત્પન્ન થએલ પૂર્વ પ્રેમાનુ ભાવવાળા કુમારે અગ્રાસન પર બેસાડી પૂર્ણ ભક્તિથી ભોજન કરાવીને સુંદર સુકુમાર ધોતિયું પહેરામણીમાં આપ્યું. રણસિંહે કહ્યું, 'આંખની મીટ માર્યા વગર એકી ટસે હું તારા તરફ નજર કરું છું, છતાં હે ભૂમિદેવ ! કયા કારણથી મને

જોવામાં તૃપ્તિ થતી નથી.' બ્રાહ્મણે કહ્યું કે, 'જગતનો એવો સ્વભાવ છે કે, કોઈકના દેખવાથી વગર કારણે તેના તરફ સ્નેહ પ્રગટ થાય છે. ચંદ્રની ચાંદનીના યોગે ચંદ્રકાન્ત મણિમાંથી સુધા ઝરે છે.'

કુમાર કહે છે કે, 'હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! મારે આગળ પ્રયાણ કરવાનું છે, પરંતુ તારી સ્નેહ-સાંકળથી મારું મન એવું જકડાઇ ગયું છે કે, 'હું આગળ જઈ શકતો નથી; તો હે બ્રાહ્મણ ! મારા પર કૃપા કર અને મારી સાથે ચાલ.વળતી વખતે હું તને પાછો અહીં આણીને મૂકી દઇશ.' બ્રાહ્મણે કહ્યું કે, 'દરરોજ આ ચક્રપાણિની પૂજા કરું છું, તેમાં અંતરાય થાય, તે માટે હું નહિ આવું, તેમ જ સ્વાભાવિક બ્રહ્મચારીઓને રાજાની સાથે રહેવાથી શો લાભ ?' કુમાર કહે છે કે, 'તારે મારી સાથે નક્કી આવવું જ પડશે. સજ્જનો દાક્ષિણ્ય માનસવાળા હોય છે. કોઇની પ્રાર્થનાનો ભંગ કરતા નથી. જો તું મારી સાથે નહિં આવીશ, તો મારે અહીં જ રોકાવું પડશે.' કુમારનો નિશ્ચય દેખીને પ્રધાન-પુરુષોએ પણ સાથે આવવાનો આગ્રહ કર્યો એટલે સાથે ચાલવાનું કબૂલ કર્યું. તરત જ આગળ ચાલવાનું પ્રયાણ કર્યું. હવે કુમાર આદર્શના પ્રતિબિંબની જેમ તે બેસે, ચાલે, ઉભો રહે, જમે, જાગે, સુઇ જાય, ક્રીડા કરે, તેમ સર્વ તેની સાથે જ કરે છે. કોઇક દિવસે તેના હૃદયનો સદ્ભાવ જાણવા માટે બટુક બ્રાહ્મણે પૂછ્યું કે, 'તે કમલવતી કેવી હતી કે, જેના માટે આ પ્રમાણે ઝુરો છો.' ત્યારે કુમારે કહ્યું કે, 'એક જીભથી તેનું વર્ણન કરી શકાય નહિં. પ્રજાપતિએ તેને ગુણવાળી જ નિર્માણ કરી હતી. (૩૦૦)

તેનું રૂપ રતિના જેવું હતું, લાવણ્ય પર્વતપુત્રી સરખું હતું, સુંદરતા તો દેવીથી પણ ચડી જાય. અત્યારે તો તેના વગર સમગ્ર ભુવન પણ મને ઝેર જેવું જણાય છે. હે મિત્ર ! તેના વગર સર્વ શૂન્ય માનું છું, માત્ર મને તારી પાસે લગાર સુખ પ્રાપ્ત થાય છે.'

બ્રાહ્મણે તેને કહ્યું કે, 'તેના માટે આટલો શોક કરવાનો છોડી દો, દૈવે જે ઝુંટવી લીધું હોય, તેનો શોક સત્પુરુષો કરતા નથી.' નિરંતર અટક્યા વગરના પ્રયાણ કરતાં કુમાર સોમાપુરીએ પહોંચ્યો. નગર-દરવાજે હાથી, ઘોડા, રથ સાથે પુરુષોત્તમ રાજા પહોંચી ગયો. ઉત્તમ પુરુષોત્તમ રાજાએ મોટા ઉત્સાહપૂર્વક ધ્વજા-પતાકા બંધાવીને સોમાનગરીમાં કુમારનો પ્રવેશ કરાવ્યો. રંગાવેલી ચિત્રાવેલી ભિત્તિવાળા શ્રેષ્ઠ પ્રાસાદમાં મુકામ આપ્યો. જ્યોતિષીઓને બોલાવીને વાર, નક્ષત્ર, લગ્નવેળા તપાસીને શુભ યોગ સમયે મંગલ વાજિંત્રોના શબ્દ સહિત, શ્રેષ્ઠ વારાંગનાઓ જેમાં નૃત્ય કરી રહેલ છે, તેવા સમયે કુમાર સાથે કુમારીનું પાણિગ્રહણ થયું.

કેટલાક દિવસ તો રાજાએ કુમારને ત્યાં જ રોકી રાખ્યો, હૃદયને આનંદ આપનાર કથા-વિનોદમાં બ્રાહ્મણ સાથે કેટલાક દિવસો પસાર કર્યા.

હવે એક રાત્રિએ રત્નવતીએ સ્નેહપૂર્વક પતિને પૂછ્યું કે, 'એવી તે કમલવતી કેવા ગુણવાળી હતી કે; મૃત્યુ પામી છે છતાં પણ તમારું હૃદય આટલું ખેંચાય છે.' 'મોટા મનોરથો કરતાં કરતાં મારા તરફ આવતા હતા, પરંતુ માર્ગમાં જ તેણે તમને તરુણી દેખાશે, તો તેની ઉપમા આપીને તને જણાવીશ. તેનો વિયોગ થયો એટલે દૈવયોગે તારી સાથે લગ્ન કર્યાં. દૂધની ખીર ન મળે ત્યાં સુધી ખારી ઘેંસનું પણ ભોજન કરવું જ પડે.'

હવે રત્નવતીએ પોતાનું પોત પ્રકાશતા અભિમાનથી જણાવ્યું કે - 'ગંધમૂષિકા પરિવ્રાજિકાને મેં મોકલી હતી. તે એકદમ ત્યાં આવીને કામણનો પ્રયોગ કરીને નોકર-ચાકર પુરુષો આવતા જતા હતા, તેના બાનાથી પરપુરુષનો પ્રસંગ તમને બતાવ્યો. તે કારણે તેના મંત્રથી તમોને તેના તરફ ચિત્તમાં વિદ્વેષ ઉત્પન્ન થયો. કમલવતી (બ્રાહ્મણ બટુક) અને કુમાર સમક્ષ આ હકીકત પોતાના મુખથી કહી એટલે કમલવતીનું કલંક આપોઆપ ભુંસાઇ ગયું અને તેથી કમલવતીને આનંદ થયો. આ સાંભળીને રણસિંહની ઉદ્ભટ ભૃકુટી કપાળની કરચલીઓ ભયંકર બની ગઈ. લાલ નેત્રો થવાથી દુષ્પ્રેક્ષ બની રત્નવતીને અતિશય તિરસ્કારી. 'અરે પાપિણી ! નિઃશંકપણે આ પાપ કરીને મને દુઃખના સમુદ્રમાં અને તારા આત્માને નરકના અંધારા કૂવામાં ફેંકયો.' "કૂતરી સારા સારા શબ્દોથી પોકાર કરે છે, જ્યારે દુષ્ટ સ્ત્રી મનુષ્ય જ્યારે સંકટમાં પડે છે, ત્યારે મહાઆનંદ માણે છે, કૂતરીને કટકો રોટલો કોઈ આપે, તો તેની સામે ભસતી નથી, જ્યારે મહિલાને દાન-માન આપો, તો પણ મારવા માટે તૈયાર થાય છે."

'જે કારણથી ખોટું કલંક ચઢાવીને કઢાવી મૂકી અને દુઃખની ચિંતામાં નાખી, કમલ સરખા નેત્રવાળી કમલવતીને મૃત્યુ પમાડી. હે સેવક લોકો ! તમે એકદમ આ ધવલગૃહના દરવાજે કાષ્ઠો ગોઠવીને એક ચિતા તૈયાર કરો, જેથી હવે કમલવતીના વિયોગના દુઃખાગ્નિના કારણે ન બળ્યા કરું. જ્વાલાથી ભયંકર એવા ચિતાગ્નિમાં પડીને મારી શુદ્ધિ કરું.' ચિંતાતુર એવા તે સેવકોએ કોઇ પ્રકારે ચિતા તૈયાર કરી અને પરિવારે ઘણો રોક્યો, તો પણ ચડવા માટે ચાલ્યો. આ સર્વ સમાચાર રાજાએ જાણ્યા, એટલે કપટી એવી ગંધમૂષિકાનો તિરસ્કાર કર્યો, નરકગતિ તરફ પ્રયાણ કરનારી, અતિ ક્રૂર કાર્ય કરનારી અનાર્ય આચરણ આચરનારના મસ્તક ઉપર વજ્ર પડો. ખોટું કલંક આપનારના મસ્તક ઉપર અહિં અપયશનો પત્થર પડ્યો. એવા પ્રકારે ધિક્કારાતી નગરલોક વડે ડગલે પગલે નિંદાતી, પૂંછડા વગરની બાંડી, કાન વગરની કાપી નાખેલા રૂંવાટાવાળી ગધેડીની પીઠ પર તેને બેસાડી તેની વગોવણી થાય તેવી રીતે પરિવ્રાજિકાને નગરમાંથી કાઢી મૂકી. 'સ્ત્રી અવધ્ય છે' તેમ ધારીને વધ ન કર્યો અને જીવતી હાંકી કાઢી.

હવે મંત્રીઓ, સાર્થવાહો, સજ્જન પુરુષો, નગરના અગ્રેસરો મરવા તૈયાર થએલા

કુમારને વારંવાર રોકે છે, લજ્જા પામતા પુરુષોત્તમ રાજાએ માર્ગમાં અટકાવ્યા છતાં કુમાર પોતાના નિર્ણયથી પાછો હઠતો નથી. તે સમયે નગરના લાખો લોકો એકઠા થયા. રાજા અને નગરલોકો હાહારવ કરતા વ્યાકુલ મનવાળા થયા છે. મૃત્યુ પામવાના નિશ્ચલ ચિત્તવાળો ચિતા ઉપર ચડવા લાગ્યો. કુમારે શ્વેત વસ્ત્ર પહેર્યાં છે, શરીરે શ્વેત વિલેપન, પુષ્પની શ્વેતમાળા અને અલંકારો ધારણ કર્યા છે. શ્વેત કાંતિવાળો રણસિંહ કમલવતીના અનુરાગમાં અતિ આસક્ત થએલો છે. તેના વચનથી ચિતા પાસે અગ્નિ પ્રગટાવ્યો. તે સમયે રાજાએ વિનયપૂર્વક બ્રાહ્મણ કુમારને વિનંતિ કરી કે, 'હે ભગવંત ! કુમાર તમારાં વચનનું કોઈ દિવસ ઉલ્લંઘન કરતા નથી, તો કોઈ પ્રકારે કુમારને સમજાવો કે, જેથી આ અકાર્ય કરતાં રોકાઈ જાય.' એટલે બ્રાહ્મણે કુમારને કહ્યું કે, 'હે ભદ્ર ! આ તમે શું આરંભ્યું છે ? ઉત્તમકુળમાં જન્મેલા નીચ લોકોને ઉચિત નિન્દિત કાર્ય કરે ખરા ? બીજી એ વાત કે, 'ચક્રપુરથી મને અહિં આણ્યો, ત્યારે તમે કબૂલાત આપી હતી કે, હું જ્યારે કૃતકૃત્ય થઈશ ત્યારે તમને અહિં પાછો મૂકી જઇશ.' કમલવતીને કલંક આપ્યું અને તેની શુદ્ધિ માટે આવું કાર્ય કરતા હો, તો મલિનવસ્ત્રને કાજળવાળા જલથી શુદ્ધિ કરવા સમાન છે. અર્થાત્ મૃત્યુ પામવાથી પાપની શુદ્ધિ થતી નથી. કમલવતી જો મૃત્યુ પામી છે, તો તેને મળવાના મનોરથ કરીને મૃત્યુ ન પામો, પોતપોતાના કર્મના અનુસારે જીવ ક્યાયં પણ જાય છે. તેને કયો જીવ જાણી શકે છે ? ૮૪ લાખ જીવયોનિવાળા સંસારમાં દરેક સ્થલે જીવ જાય છે. તેમાં પોતાના કર્મથી ક્યાં ક્યાં જીવો જતા નથી ? વળી કહ્યું છે કે -

"બુદ્ધિશાળી પુરુષે ગુણવાળા કે નિર્ગુણ કોઇ પણ કાર્ય કરતા પહેલાં સર્વ જગોપર આ કાર્યનું છેવટનું પરિણામ શું આવશે ? તે પ્રથમ વિચારવું જોઈએ." તે માટે બીજી જગો પર પણ કહેલું છે કે "લાભ કે નુકશાનકારક કાર્યો કરતાં પંડિત પુરુષે યત્નપૂર્વક તેનું ફળ શું આવશે ? તે નક્કી કરી લેવું જોઇએ, અતિ ઉતાવળથી કરેલાં કાર્યોના ફળ શલ્ય માફક હૃદયને બાળનાર એવી વિપત્તિમાં જ ફલનારા થાય છે." માટે મારું કહેલું કરો અને તમારા પ્રાણોનું રક્ષણ કરો. જે માટે જણાવેલું છે કે 'રાજાઓ ભલે સન્ધિ ન જાણો, કે વિગ્રહ-યુદ્ધ ન જાણો, પરંતુ જો કહેલું સાંભળનારા હોય, તો તેનાથી તે સમજુ પંડિત ગણાય છે." તથા 'અત્યારે પ્રાણોનું પાલન કરનારને ભલે કદાચ તેનો સમાગમ ન થાય, પણ જીવતા જીવોનો ભવિષ્યમાં સમાગમ થાય પરંતુ પ્રાણોનો ત્યાગ કર્યા પછી નક્કી મેળાપ દુર્લભ છે જ.'

કુમારને હવે ભાવી મળવાની આશા બંધાઈ, એટલે હર્ષપૂર્વક પૂછ્યું કે, 'હે શ્રેષ્ઠ બ્રાહ્મણ ! તેં સાક્ષાત્ મારી પ્રિયાને દેખી છે, કે બીજાએ વાત કહી છે ? અગર કોઇએ પોતાના જ્ઞાન-બલથી જીવતી જાણી છે ? હર્ષપૂર્વક તેં કયા આધારે તે જીવતી છે ? એમ

કહ્યું, તેમ જ તું એકદમ અગ્નિમાં પડતાં મને રોકવા તૈયાર થયો છે, તે કયા કારણે તે જાણવાની મને તીવ્ર ઇચ્છા થઈ છે. ત્યારે બ્રાહ્મણે કહ્યું કે, 'હે શ્રેષ્ઠકુમાર ! તમારી પ્રિયા વિધાતા પાસે સ્વસ્થ છે, તે મેં જ્યોતિષજ્ઞાનના બળથી જાણ્યું છે. જો તમો કહો, તો મારા આત્માને વિધાતા પાસે મોકલીને તેને અહીં લાવી આપું.' 'જો તારી કહેલી વાત સત્ય હોય તો અને તેને જ તેં દેખી હોય તો જલ્દી લાવ. તેને દેખીને હું કૃતાર્થ થઈશ.' કુમાર - 'હે ભૂમિદેવ ! હજુ તું કાર્યનો ઉદ્યમ કેમ કરતો નથી ?' બટુક - 'હે કુમાર ! દક્ષિણા વગર ધ્યાનકળા સિદ્ધ થતી નથી. કુમાર-આગળ મારું મન તો મેં તને અર્પણ કરેલું છે. આ આત્મા પણ આપ્યો. હે બ્રાહ્મણ ! આ બેથી ચડિયાતી કઈ દક્ષિણા આપું ? બાહ્ય પદાર્થોની દક્ષિણાથી શું સિદ્ધ કરી શકાય છે ? બ્રાહ્મણ બટુક-તમારો આત્મા ભલે તમારા પાસે રહે. તેની જરૂર નથી, જ્યારે હું કંઈ પણ તમારી પાસે માગું ત્યારે તે મને તમારે આપવું.

કુમાર-ભલે એમ થાઓ. વિસ્તારથી સર્યું. મારી પ્રાણપ્રિયાને જલ્દી લાવ. હવે બ્રાહ્મણે ધ્યાન કરવાનું હોય, તેમ પડદામાં ધ્યાન કરવાનું નાટક કર્યું. (૩૫૦)

હવે મારે સંજીવની ઔષધિ દેખવી જોઇએ. આ પ્રમાણે કુમારે જોયું એટલે તેના શરીરના રોમાંચ હર્ષથી ખડા થયા. આશ્ચર્ય આશ્ચર્ય, મૃત્યુ પામેલી કમલવતી આવે છે. આ પ્રમાણે નગરમાં વાત ફેલાઇ એટલે નગરના લોકો અને રાજા કમલવતીને જોવા માટે ઉલ્લાસવાળા થયા. 'નવાઇની વાત છે કે આ બ્રાહ્મણ બટુક કોઈ મોટા ગુણવાળો આત્મા છે, આ ભુવનમાં આના જેવો બીજો કોઈ જણાતો નથી, મૃત્યુ પામેલી કમલવતી પાછી લાવશે.' આવા પ્રકારનો કોલાહલ લોકમાં ઉછળ્યો. આકાશ સ્થાનમાં વિદ્યાધરીઓ પોતાના હસ્તમાં પુષ્પમાળાઓ ધારણ કરેલી હોય તેવા રૂપે બ્રાહ્મણે કાન પર બાંધેલી ઔષધિ છોડી નાખી તરત જ તેના રૂપનું કમલવતીમાં પરાવર્તન થઇ ગયું. પડદો ખસેડીને જ્યાં તેને દેખી એટલે હર્ષથી રોમાંચિત થયેલા ગાત્રવાળા રણસિંહકુમારે 'તે જ આ મારી પ્રિયા છે' એમ જાણ્યું. રતિ અને રંભાના રૂપ-લાવણ્યનો સર્વ ગર્વ નીકળવા માટે નીક સમાન, ગૌરીના સુંદર સૌભાગ્ય માર્ગમાં અગ્ર અર્ગલા સમાન અર્થાત્ રતિ, રંભા અને પાર્વતીના રૂપ-લાવણ્યથી ચડિયાતી કમલવતી હતી. હર્ષ પામેલા કુમારે લોકને વિશ્વાસ થાય તે માટે કહ્યું કે, 'હે લોકો ! દેખો દેખો, આ મારી પ્રિયા કમલવતી છે.' ત્યારે ત્યાં એકઠા મળેલા લોકો કમલવતીને લાવણ્ય, કાંતિ, શોભા, અને મનોહરતાના ગૃહ સરખી દેખતા હતા અને રત્નવતી સાથે સરખામણી કરતા હતા, પરસ્પર આ પ્રમાણે વાતો કરતા હતા. સુવર્ણના ઢગલા પાસે પિત્તળ જેવા પ્રકારનું દેખાય, તેમ કમલવતી પાસે રત્નવતી ગુણગણમાં ઝાંખી દેખાય છે; તેથી કરીને કુમારે રત્નવતીને છોડીને કમલવતીમાં અનુરાગ કર્યો છે, તે સ્થાને કર્યો છે. સાકરનો સ્વાદ જાણનાર એવો કયો મનુષ્ય કડવાતૂરા રસની અભિલાષા કરે ?

ત્યારપછી રાજાએ તેને સ્નાન કરાવ્યું. સર્વાલંકારથી તેનું શરીર શોભાયમાન કર્યું. દેવાંગના સરખા ભૂષણ ધારણ કરનારી, કલ્પવૃક્ષની લતા સરખી બનાવી. કુમાર તેની સાથે પાંચે ઇન્દ્રિયોના અનુકૂલ ભોગો ભોગવવા લાગ્યો. જેટલા દિવસનો વિયોગ થયો, તેટલા દિવસના સુખનો ગુણાકાર કરીએ તેટલા મોટા ભોગ સુખને અનુભવવા લાગ્યો. કોઈક સમયે કુમારે પ્રિયાને પૂછ્યું કે, 'કોઇક બટુકને બ્રહ્માજીની પાસે તેં દેખ્યો હતો ? ત્યારે કમલવતીએ ઔષધિના પ્રભાવથી મેં રૂપનું પરાવર્તન કરી બટુકનું રૂપ ધારણ કર્યું હતું, એ સર્વ વૃત્તાન્ત જણાવ્યો.

હત્યારા વિધિએ પૂર્ણિમાના ચંદ્રને લાંછન-સહિત કર્યો, તેમ જ સજ્જનને ન ઘટતો દુર્જન ઘડ્યો, ધનથી હર્ષિત શ્રીમંતને કૃપણ કર્યો, જેણે નિષ્કલંક મારી પ્રિયતમાને કલંક આપ્યું.

હવે કમલવતી વિચારવા લાગી કે, 'આ રત્નવતી ઉપર કુમારનો સ્નેહ અતિ ઓસરી ગયો છે, એમાં મારો અવર્ણવાદ થશે. જો કે આ બિચારીએ બીજાના આગ્રહથી અપરાધ કર્યો છે, તો પણ મારે તેના ઉપર ઉપકાર કરવો જોઇએ, એ સિવાય બીજો વિચાર કરવાનું કોઈ પ્રયોજન નથી.

ઉપકાર કરનાર ઉપર ઉપકાર કરવો, તે તો આપીને પછી પાછું મેળવી લેવું અર્થાત્ ધન આપીને કરિયાણું ખરીદ કરવું તેની બરાબર છે. પરંતુ અપકાર કરનાર ઉપર ઉપકાર કરવો તે ગુણવંતની અંદર પ્રથમ રેખા સમાન છે. કોઈક દિવસે પતિ જ્યારે હર્ષમાં હતા, ત્યારે કમલવતીએ આદરપૂર્વક પોતે આપેલું વરદાન માગ્યું. ત્યારે કુમારે કહ્યું કે, 'ભલે માગ તે આપીશ.' તો હે સ્વામી ! આ રત્નવતીને આપે મારી માફક દેખવી. તેથી તમોને અને અમોને પણ મધ્યસ્થ ગુણ પ્રાપ્ત થશે. જો કે તેણે કોઈ પ્રકારે પેલી પાપિણીની પ્રેરણાથી આમ કર્યું છે, છતાં પણ વિશિષ્ટ કુલમાં જન્મેલા તમારે તેને ક્ષમા આપવી. ઘણે ભાગે સ્ત્રીઓ નિર્દય હૃદયવાળી હોય છે. ઈર્ષ્યારૂપ ઝેરનું પાન કરનાર, સ્વાર્થ સાધવામાં એકાંત તત્પર હોય છે. એમ કરીને તેણે તેનું કલંક ભૂંસી નાખ્યું.

હવે એક વખત કુમારે રાજાને વિનંતિ કરી કે, 'કનકપુરીએ જવાની અનુજ્ઞા આપો. તે પણ સમયનો જાણકાર હોવાથી પોતાની પુત્રીને ઘણા દાસ-દાસી, આભૂષણો, ચીનાઈ વસ્ત્રો, કેસર વગેરે ઘણી વસ્તુઓ કરીઆણામાં આપીને વળાવી. માત-પિતાના પગમાં પડી. જમાઇને પણ હાથી, ઘોડા, રથ, સુવર્ણ, રૂપું વસ્ત્રાદિકની પહેરામણી આપી. રણસિંહે પણ તેમને પ્રણામ કર્યા અને જવાની રજા આપી. સારા મુહૂર્તે પ્રયાણ કર્યું. ચાલતાં ચાલતાં મોટી સેનાસામગ્રી સાથે પાટલીખંડના સીમાડાની ભૂમિએ પહોંચ્યા. મહાસેનાવાળા કમલસેન રાજાએ આગળથી પુત્રીનો અદ્દભુત વૃત્તાન્ત પ્રમથથી જાણેલો

હોવાથી નગરના દરવાજે સામો આપ્યો. આવા સજ્જન પરોણા ઘરે આવેલા હોવાથી કેટલાક દિવસ પોતાના ત્યાં રોક્યા. અદ્ભુત ચરિત્રવાળી કમલવતીનું લક્ષ્મી માફક ગૌરવ કર્યું. માતાના પગે પડવા ગઇ, ત્યારે રુદન કરતી કમલિની માતાએ ખોળામાં બેસાડી આલિંગન કરીને કહ્યું કે, 'પતિએ કરેલી પરાભવની અવસ્થામાં તું અહિં મારી પાસે કેમ ન ચાલી આવી ? તે વખતે વજ્ર સરખા કઠોર હૃદયવાળી કેમ બની ? 'દુઃખી એવી પુત્રીઓને પિતાનું ઘર અવશ્ય શરણ છે.' 'હે માતાજી ! તેં મને જીવનદાન આપ્યું છે. મેં તમારી કુખ લજવી નથી. લગ્ન કર્યાં ત્યારથી અત્યાર સુધી આ પ્રમાણે તારું વિજ્ઞાન વહન કરેલું છે.'

કુમાર ત્યાંથી આગળ ચાલ્યો અને ટૂંક સમયમાં કનકપુરમાં પહોંચી ગયો. નીતિનિપુણ કનકરાજાએ નગરની મોટી શોભા કરાવવા પૂર્વક પ્રવેશ કરાવ્યો. નગરમાર્ગમાં કુંવર-કુંવરીનો પ્રવેશ જોવા આવેલા નાગરિકો અને નારીઓ અવનવી વાતો કરતા હતા, તે સાંભળતા સાંભળતા બંને રાજમાર્ગમાં જતા હતા. અરે ! જે વિરહાગ્નિથી બળી રહેલ કુમાર ચિતામાં પ્રવેશ કરતા હતા, તે વાત તો કમલવતીના શીલાદિગુણો આગળ તદ્દન નજીવી છે. આ કમલવતીએ પોતાના શીલ ગુણના પ્રભાવથી યમના ઘરે પહોંચેલી હોવા છતાં તેના મુખમાં ધૂળ નાખીને ઘરે પાછી આવી.' આવી વાતો શ્રવણ કરતા તેમ જ ગાદીના આભૂષણ, વસ્ત્રાદિક સન્માન પામતા, દરેક માર્ગોમાં આ યુગલને જોવા માટે ઊતાવળી ઊતાવળી દોડતી સ્ત્રીઓને દેખતા દેખતા, કેટલીકના હાથમાં દર્પણ, કોઇકના હાથમાં આંખોમાં આંજવાનું અંજન, તિલક કરવાની સળી, અંબોડો અધુરો રહેવાથી હાથમાં રાખેલા કેશવાળી સ્ત્રીઓ ત્યાં આવી પહોંચી છે. તેઓ જાણે દેવકુલિકાની પુતળીઓ હોય તેમ શોભતી હતી. જેમ ઊત્તમકાવ્યો શ્રેષ્ઠ છંદ, લક્ષણો અને અલંકારો એમ ત્રણેથી યુક્ત હોય એ પ્રમાણે રણસિંહકુમાર આ ત્રણ પ્રિયાઓ સાથે વિષયસુખો ભોગવે છે.

હવે વિજયપુર નગરની નજીકના કોઇક ગામના સીમાડાપર શ્રી પાર્શ્વનાથ ભગવંતના તીર્થમાં કોઈક સમયે કુંવરે અષ્ટાહ્નિકા-મહોત્સવ કરાવ્યો, કર્પૂર, કેસર, ચંદન, કાલાગુરુ, કુંદરૂક્ક, પુષ્પાદિક ઉત્તમ વસ્તુઓ વડે પાર્શ્વનાથ ભગવંતની પૂજા, તેમ જ અનેક પ્રકારનાં નાટક કરાવ્યાં. તો તે સમયે યક્ષે પ્રત્યક્ષ આવીને કહ્યું કે 'તારા પિતાનું રાજ્ય અંગીકાર કર. વિજયસેનના પુત્રની હૈયાતી હોવા છતાં બીજાને રાજ્ય ભોગવવાનો શો અવકાશ હોઈ શકે ? યક્ષના વચન પછી તે તેના પગમાં પ્રણામ કરીને સેનાસહિત વિજયપુર નજીક પહોંચ્યો અલ્પસેનાવાળો તે રાજા સામે આવી યુદ્ધ કરવા શક્તિમાન્ ન હતો. તેથી કોટમાં ચડીને બેસી રહેલો છે. ત્યારપછી દ્વારમાંથી અન્ન-પાણી આદિ સામગ્રીનું રોકાણ કરીને

નગરનાં દ્વાર મજબૂત બંધ કરીને ગોંધી દીધાં, જેથી કરીને કે રાજા કુમારનો ખરેખર ગોત્રિયો બીજા અર્થમાં કેદી બન્યો.

બાણસમૂહ, યંત્રવાહન, સારી રીતે ઉકળતા તેલની પીચકારીઓ અતિગાઢ રીતે દરરોજ ફેંકવામાં આવે છે, ઘણાં યંત્રો પડી ગયાં, નાશ પામ્યાં, ખંડિત થયાં, ભાંગી ગયાં. એક માસ વીતી ગયો, છતાં નાશ પામતો નથી કે ત્રાસ પામતો નથી.

એટલે અંદર રહેલા રાજાને યક્ષે આકાશમાર્ગેથી ઉતરતી કુમારસેનાને દેખાડી, એટલે તેને ધ્રાસકો પડ્યો અને નાસવા લાગ્યો. એટલે વિજયસેન રાજાનાં પુત્રે તરત જ નગરમાં પ્રવેશ કર્યો. નગરના પ્રધાન પુરુષોએ એકઠા મળીને રણસિંહકુમારને પિતાના રાજ્યે બેસાડ્યો. હવે કુમાર સજ્જનોનો સંસર્ગ કરે છે, દુર્જનોનો સંસર્ગ ત્યાગ કરે છે, સાધુનો સત્કાર અને દુર્જનને શિક્ષા કરે છે. શિકાર, જુગાર, મદ્યપાન વગેરે સાત વ્યસનોનો ત્યાગ કરીને પોતાના દેશમાંથી પણ દેશવટો અપાવે છે. દેવમંદિરોમાં પૂજાઓ પ્રવર્તાવે છે. યાત્રાઓ કરાવે છે, જિનમંદિરોમાં આઠ કે તેથી અધિક દિવસોના નાટક સહિત મહોત્સવો કરાવે છે.

તે સમયે નજીકના કોઇ ગામમાંથી એક અર્જુન નામનો ખેડૂત આવેલો છે. માર્ગના તાપથી અત્યંત તૃષાતુર અને ક્ષુધાતુર થયો હતો, ત્યારે તેણે માર્ગમાં પાકેલ ચીભડું દેખ્યું. (૪૦૦) માલિકને જોયો. પણ ન દેખાયો, એટલે તે સ્થાનકે બમણું મૂલ્ય મૂકીને ચીભડું પોતાની ઝોળીમાં નાખ્યું, નગરમાં જઇને ભક્ષણ કરીશ. એટલામાં નગરના મોટા શેઠપુત્રનું મસ્તક કાપીને કોઇ ગયો અને બાકીનું ધડ ત્યાં પડી રહ્યું. ઉંચા ઉગામેલા તીક્ષ્ણ તરવારો અને હથિયાર યુક્ત રક્ષપાલ, કોટવાલ અને દુર્જન સુભટોએ શોધ કરતાં કરતાં અર્જુનને દેખ્યો. તેઓએ કહ્યું કે, 'આ તારી ઝોળીમાં શું છે ?' તો કે, 'ચીભડું' તો લોહીની ધારાઓ દેખવાથી ઝોળીમાં તપાસ કરી, તો પુત્ર-મસ્તક દેખાયું. એટલે તેને પકડીને યમરાજા સરખા અમાત્ય પાસે લઇ ગયા. તેણે પૂછ્યું કે, 'અરે ! તારે તેની સાથે શું વેર હતું કે તે બાળકને મારી નાખ્યો. એટલે અર્જુને કહ્યું કે, 'હે સ્વામિ ! આ વિષયમાં હું કંઇ જાણતો નથી. 'ઘડઈ ઘડઈ' એમ જવાબ આપે છે. પછી રાજા પાસે લઈ ગયા તો પણ ફરી ફરી તે જ શબ્દો કહે છે.

રાજા કહે છે કે, 'ઘડઈ ઘડઈ' એમ વારંવાર શું બોલ્યા કરે છે ? જે પરમાર્થ-સાચી હકીકત હોય તે કહે. અર્જુન કહે છે, કે - આવી સ્થિતિમાં સાચું કહું તો પણ કોને વિશ્વાસ બેસે ? છતાં આપ સાંભળો. કોઈ પતિનું ખૂન કરનાર એક સ્ત્રીએ પોતાના જ ઘરમાં પતિને મારીને મુખમાં માંસ હતું અને બિલાડાના સરખો એક ખાટકી દેખ્યો, એટલે મોટી બૂમ મારતી કહે છે કે, 'દોડો દોડો, આ ખાટકી હાથમાં લોઢાની છરી રાખીને જાય છે, તેણે

મારા પતિને મારી નાખ્યો.' પછી ખાટકીને બાંધ્યો. જ્યારે તેને પૂછવામાં આવે છે, ત્યારે 'ઘડઈ ઘડઈ,' લોહીવાળી છરી અને ઘાત કરનાર મનુષ્યને દેખીને શું ઘટી શકતું નથી ? એટલે ઘડઈ ઘડઈ એટલે એમ પણ ઘટી શકે-હોઈ શકે એમ બોલે છે. ત્યારપછી તેનું અને સ્ત્રીનું ચરિત્ર લોકો પાસેથી જાણીને રાજાએ ખાટકીને છોડી મૂક્યો. અત્યારે મારાં કર્મોથી મને શું થશે ? તે સમજી શકાતું નથી. ત્યારપછી કોટવાલના આગેવાને કહ્યું કે, 'અરે રે ! તું કેટલો દુષ્ટ અને ધીઠો છે હાથમાં કાપેલ તાજું મસ્તક હોવા છતાં આવો જવાબ આપે છે. એટલે તેના સ્વામીએ આજ્ઞા કરી કે, આને ઉપાડી લઈ જાવ' એટલે શૂલ પર આરોપણ કરવા માટે લઇ ગયા. હવે ત્યાં અતિ કાળા વર્ણવાળો વિકરાળ આકૃતિવાળો પુરુષ આવી પહોંચ્યો. તેણે કહ્યું કે, 'જો આને મારશો તો તમને પણ મારી નાખીશ.' એમ બોલાચાલી કરતાં તેઓનું યુદ્ધ થયું. તેમાં પેલા આવનારે દરેકને જિતી લીધા. એટલે રાજા પણ પોતાની સામગ્રી સહિત યુદ્ધ કરવા માટે ત્યાં આવી પહોંચ્યો.

રાજા સાથે યુદ્ધ કરતાં પેલાએ એક ગાઉ પ્રમાણ પોતાની કાયા મોટી કરી. એટલે તેને મારવા માટે ભાલાં, બરછી, પક્ષીના પિંછા સહિત બાણ, તરવાર, આદિ હથિયાર, ચક્ર વગેરે છોડ્યાં છતાં તેની કશી પણ અસર તેના ઉપર ન થઈ. ત્યારે રણસિંહ મહારાજાએ જાણ્યું કે, 'આ મનુષ્યથી વશ કરી શકાય તેવો નથી, પરંતુ આ કોઈ યક્ષ, રાક્ષસ, ભૂત કે પિશાચ જણાય છે, એટલે હાથમાં ધૂપનો કડછો ગ્રહણ કરીને રાજા વિનંતિ કરવા લાગ્યો કે, તમે જે કોઈ હો, તેપ્રગટ થાઓ. પરમાર્થ ન જાણનારા એવા અમો આ વિષયમાં અપરાધી નથી. પોતાનું રૂપ નાનું કરીને તેણેકહ્યું કે, 'હે મહાભાગ ! તું સાંભળ.'

'હું મારા પોતાના પરાક્રમથી દેવો અને દાનવોથી પણ અસાધ્ય છું. હું દુઃષમકાળ છું અને લોકો મને કલિ તરીકે ઓળખે છે. હે રાજન્ ! આ ભરતક્ષેત્રમાં મારું એકછત્રી રાજ્ય અત્યારે પ્રવર્તી રહેલું છે. અહિં પહેલાં ગુણોથી મહાવીર અને નામથી પણ મહાવીર નામના મારા વેરી હતા. તેમને નિર્વાણ પામ્યા પછી ૮૯ પખવાડિયાં ગયા પછી મારો અવતાર થયો. અત્યારે અસ્ખલિત પ્રચારવાળું મારું રાજ્ય જયવંતુ વર્તે છે. આ ખેડૂતને મેં જ શિક્ષા કરી છે. કારણ કે, ચિભડું લઇને જંગલમાં બમણું મૂલ્ય મૂક્યું; તેથી મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું, (કલિ રાજ્યમાં ન્યાયથી વર્તનાર ગુનેગાર ગણાય.) એકાંત શૂન્યસ્થળમાં મૂલ્ય મૂકનાર આ ચોર છે. તેથી તેની ઝોળીમાં ચિભડાના બદલે કાપેલું મસ્તક બતાવ્યું. જે લોકો જોવા માટે આવેલા હતા તેમાં લોકો રાજા, તાપસો પણ હતા. શેઠપુત્ર ઘરેથી ત્યાં આવ્યો અને મસ્તક જોડાવાથી અખંડિત શરીરવાળો થયો. સ્વજન અને સજ્જન વર્ગની સાથે જીવતો થએલો પુત્ર રાજાની પાસે તરત આવ્યો. વિસ્મય પામેલા રાજાએ શેઠપુત્રને ખોળામાં બેસાડ્યો.'

અર્જુન ખેડૂતને પાંચે અંગના આભૂષણનો પ્રસાદ આપ્યો અને રાજાએ તેને મુખ્ય પુરુષ બનાવ્યો. હવે કલિપુરુષ પોતાનો પ્રભાવ અહિં કેવો પ્રવર્તશે, તે કહેવા લાગ્યો.

## 3. કલિકાળનો પ્રભાવ -

વર્ષાકાળ અને કલિકાલ એ બંનેની અત્યારે એક સરખી રાજ્યસ્થિતિ જય પામી રહેલી છે. વર્ષાકાળમાં સર્વ જગોપર પૃથ્વી ઉગેલા અંકુરાવાળી હોય છે, લોકો આનંદથી રોમાંચિત હોય છે, જળની મોટી વૃદ્ધિ થાય છે. કલિકાળમાં જડબુદ્ધિ વગરના લોકોની વૃદ્ધિ થાય છે, વર્ષામાં જગત્ કમલ વગરનું, કલિમાં શોભા વગરનું, વર્ષામાં મલિન-શ્યામમેઘની ઉન્નતિ થાય છે, કલિમાં અન્યાયના ધનની ઉન્નતિ થાય છે. વર્ષામાં દરેક ઘરમાં સર્પો પ્રવેશ કરે છે, કલિમાં બેવચનીલોકો હોય છે, વર્ષામાં માર્ગનો લોકો ત્યાગ કરે છે, કલિકાળમાં સત્યમાર્ગનો લોકો ત્યાગ કરે છે.

આવી જ રીતે કલિકાળને ગ્રીષ્મ ઋતુ સાથે સરખાવે છે. ઉષ્ણ ઋતુમાં જલ-પાન સંતોષ પમાડનાર થાય છે, તેમ કલિમાં દુર્જનનો સમાગમ, ઉષ્ણ ઋતુમાં ગોવાળો અને સૂર્યનાં કિરણો કઠોર થાય છે. ગ્રીષ્મકાળમાં તૃષ્ણા અટકતી નથી, તેમ કલિકાલમાં ધનની તૃષ્ણા પૂર્ણ થતી નથી. ઉનાળામાં રાત્રિનો આરંભ હર્ષ માટે અને કલિમાં દોષારંભ પણ હર્ષ માટે થાય છે. કલિકાલમાં વૈરની ઉત્પત્તિ થાય છે. જૂઠ બોલવાની પટુતા ચોરી કરવાનું ચિત્ત, સજ્જનોનું અપમાન, અવિનયથી બુદ્ધિ, ધર્મમાં શઠતા, ગુરુને ઠગવા, ખુશામતવાળી વાણી જે સાક્ષાત્ કે પરોક્ષમાં નુકશાન કરનારી હોય-આ સર્વે કલિયુગ મહારાણાની વિભૂતિઓ સમજવી.

ધર્મ તો માત્ર દીક્ષા લેનારને જ, તપ કપટથી, સત્ય તો દૂર રહેલું હોય, પૃથ્વી અલ્પફળ આપનારી, રાજાઓ કુટિલ અને ઠગીને દ્રવ્ય ઉપાર્જન કરનારા, લોકો સ્ત્રીઓને આધીન; સ્ત્રીઓ અને અતિચપલ, બ્રાહ્મણો એકાંત લાભ કરનારા, સાચા સાધુઓ સીદાશે અને દુર્જનોનો પ્રભાવ વધશે. ઘણે ભાગે કલિનો પ્રવેશ થયા પછી અન્યાય પ્રવર્તશે.

વળી અવાડામાંથી કુવાઓ ભરાશે, ફુલથી વૃક્ષો છેદાશે,, ગાય વાછરડાને ધાવશે, સર્પની પૂજા થશે પણ ગરુડની નહીં, કર્પૂર-ચંદન વગેરે ખરાબ ગંધવાળા થશે. આમ્રવૃક્ષો કાપીને બાવળનું રક્ષણ કરવા માટે ઉંચી વાડો કરાશે. આ સર્વ દાખલાઓથી મારી રાજ્યવ્યવસ્થા જાણવી.

રાજાએ કહ્યું કે, 'આ તો પ્રત્યક્ષ વિરોધી દાખલા જણાવ્યા. ત્યારે કલિરાજાએ કહ્યું કે,' આનો પરમાર્થ અહિં બીજો છે તે સાંભળ. હે રાજન્, આટલા દિવસ તો ખેડુતો કૂવામાંથી અવાડા ભરતા હતા, તેથી ધન, ધાન્ય જળથી શોભતા હતા. હવે નવા નવા કર (Texes)

દ્વારા ખેડૂતોનું ધન ગ્રહણ કરીને પોતાની દુર્ભર કુક્ષિ ભરશે, (સ્વાર્થી સત્તાધીશો પોતાનું ઘર ભરશે.) પહેલાં જરૂર પડે ત્યારે, શ્રેષ્ઠ વૃ-ક્ષોના નીચે ગળી ગએલાં પાકેલાં જ ફળની જેમ અલ્પધન લેતા હતા, હવે તો સર્વ પ્રકારે જાણીને ધન, સુવર્ણ વગેરે સમૃદ્ધિ લઇ જાય છે. બનાવટી ગુના ઉભા કરીને અગર ગુના વગર પણ હવેના રાજ્યકર્તાઓ ધન ખેંચી જશે. આગળના કાળમાં પુત્રીને ઘણું ધન આપવા પૂર્વક પરણાવતા હતા, ગાય સરખી માતા પરણ્યા પછી પણ સર્વ સામગ્રીઓ પુત્રીને પૂરી પાડતી હતી; જ્યારે અત્યારે તો શરત કબૂલતા કરીને પછી અતિ ધનવાનને પુત્રી પરણાવાય છે, પાછળનો નિર્વાહ પણ તેની પાસેથી ચિંતવાય છે. પહેલા ગુણના સમુદ્ર એવા અતિથિ-પરોણા ગરૂડ માફક પૂજા પામતા હતા. દુર્જન-હલકા તુચ્છ લોકો તેમ જ સર્પનો પ્રવેશ નિવારણ કરાતો હતો. અત્યારે ચાડિયા-રુજ્ન બીજાને પરેશાન કરનારાનું ગૌરવ કરાય છે. સીધા સરળ ચિત્તવાળા અને સુંદર ચિત્તવાળાએ આ કાળમાં શું કરવું ? અંગુલિ અને અંગુઠાનો સમાયોગ થાય, તો સર્વકાર્યની સિદ્ધિ થાય. ઘણા પુત્રો હોય, તેઓ માતા-પિતાની સેવા-ભક્તિ-આજ્ઞા વિશેષપણે ઉઠાવતા હતા. તે આ પ્રમાણે - બીજા સ્થળે કહેલું છે. -

"માતા-પિતાનું પૂજન કેવી રીતે કરવું ? તો કે ત્રણે સંધ્યા સમયે નમનની ક્રિયા, ઉંચા સ્થાન પર આરોપિત કરવા, બહારથી આવે ત્યારે ઉભા થવું, તેમને આસન આપવું, અન્તે સામે સ્થિર આસને બેસવું, અયોગ્ય સ્થાને નામ ગ્રહણ ન કરવું, તેમનો અવર્ણવાદ ન સાંભળવો, પોતાની શક્તિ અનુસાર સારાં સુંદર વસ્ત્રોનું નિવેદન કરવું, તેમની પરલોકને હિતકારી ક્રિયાના હંમેશા કારણ બનવું-સહાયભૂત થવું."

પરંતુ આકલિકાળમાં સ્ત્રી સાથે લગ્ન કર્યાં અને ઘરમાં પત્ની આવી, પછી માતા-પિતા સાથે મનનો મેળ ક્યાંથી ટકે ? આ કલિકાલના પ્રભાવથી પુત્રો માતાને પણ ઘરની બહાર કાઢશે. સરળ સુભગ ઉચિત સમજનારી વહુ ઘરડી સાસુ માટે સુખ કરનારી નહિં થાય. ઘરનું કુશળ આ સાસુથી નથી, તો ત્યાં જાવ, જ્યાં એમને રૂચે-સારું જણાય. જે માતા માંસ-પેશીને ઉદરમાં ધારણ કરે છે અને તે પુત્રને કામદેવ-સમાન કરે છે. વહુને વશ થયેલો તે પુત્ર, માતાનો તિરસ્કાર કરે છે, મારા માહાત્મ્યને તું જો. ('સ્ત્રીને આધીન થએલો પુત્ર માતાને પણ કાઢી મૂકશે.' - એવો મારો પ્રભાવ દેખ.)

કર્પૂર આદિ સમાન શીલરૂપી સુગંધવાળા સુસાધુઓનું ગુણાનુરાગી એવા શ્રેષ્ઠ શ્રાવકો ગૌરવ કરશે. શીલરહિત શિથિલવિહારી જેઓ હમણાં ધન રાખનાર ગૃહસ્થો થયા છેં, તે લોકોથી અવગણના પામશે. આટલા કાળ સુધી તો વિકસિત આમ્રવૃક્ષોની કાંટાળા વૃક્ષોની વાડોથી રક્ષણ કરવામાં આવતું હતું, તેમ જ સજ્જનોનું પણ રક્ષણ કરાતું હતું, પરંતુ હવે તો સરલ ઉત્તમ શીલાદિ ગુણવાળા ધર્મ ધારણ કરનારાને દૂર કાઢીને તેમના સ્થાનકે

રાજાઓએ દુર્જન અનીતિ કરનારને સ્થાપન કરેલા છે.

માટે હે રણસિંહ રાજન્ ! કલિકાળમાં આ મારી રાજ્યસ્થિતિ છે, માટે હે વત્સ ! તું આટલી મારી આજ્ઞાનો ઉલ્લંઘન કરનાર ન થશે.' આ પ્રમાણે રણસિંહ રાજાને ઠગીને એકમદ અદૃશ્ય થયો. રાજા અર્જુન તથા લોકો જ્યાંથી આવ્યા હતા, ત્યાં સર્વે પોતાના સ્થાનકે પહોંચી ગયા. કલિનાં વચનો સાંભળીને જાએ તેની દુષ્ટ નીતિ હૃદયમાં ધારણ કરી. સ્વભાવને અન્યથા કરવા કોણ સમર્થ થઇ શકે છે ? સંદેહરૂપી હિંચકા ઉપર ઝુલતો હોવા છતાં પણ પહેલાની માફક રાજ્ય પાલન કરતો હતો. તો પણ તેનું વચન દુષ્ટો વડે સ્ખલના પમાડાતું હતું. લોકો બોલવા લાગ્યા કે -

"ઘડા માફક પરિપૂર્ણ હોવા છતાં ચતુર રાગવાળો હોય, પરંતુ કાનના કાચા એવા રાજાને કોણ વિશ્વાસમાં લઇ શકે ? અવિવેકી રાજા ઉપર સમૃદ્ધિ માટે જે લાલચવાળો થાય છે, તે સમૃદ્ધિ ઉપર ચડીને દેશાન્તર જાય છે - એમ હું માનું છું."

કલિકાળના પ્રભાવનો વિચિત્ર કજિયાનો ઉપદેશ જાણીને ચપળચિત્તવાળા ભાણેજ રણસિંહ રાજાને તેની અસર તળે આવેલો જાણીને તેના મામા જિનદાસ મહામુનિ વિજયપુરનગરના દરવાજા બહાર બગીચામાં વસ્તિની માગણી કરીને ત્રસ-પ્રાણ-બીજરહિત સ્થાનમાં આનંદથી રોકાયા. તેમનું આગમન જાણીને રાજા આનંદ પામ્યો અને તેમને સર્વઋદ્ધિ સહિત વંદન કરવા માટે ગૌરવવાળી ભક્તિથી નીકળ્યો. તે પ્રદેશમાં પહોંચીને ત્રણ વખત પ્રદક્ષિણા આપીને બે હાથની અંજલિની રચના કરીને પ્રણામપૂર્વક સન્મુખ બેઠો.

ધર્મલાભના આશીર્વાદ આપીને તૃણ અને મણિમાં સમાનભાવ માનનારા એવા મુનિએ મેઘના શબ્દ સરખા ગંભીર અવાજથી ધર્મદેશના આપવી આરંભી - 'હે રાજન્ ! નિરુક્ત-નિશ્ચિત મનુષ્યપણામાં એક સાથે જન્મેલા જીવોનો સુખ-દુઃખની વિશેષતા કે ન્યૂનતા તે પુણ્ય-પાપને પ્રકાશિત કરે છે. જીવ સુખ મેળવવા માટે અને દુઃખ દૂર કરવા માટે પ્રયાસ કરે છે. કર્મ આવવાનાં કારણોને અટકાવે છે, તેનાથી આત્માની શુદ્ધિ કરે છે તે કારણે સુખ મેળવે છે અને આવતાં પાપકર્મ રોકતા નથી, પાપકર્મથી આત્માને મલિન બનાવે છે, તો તેનાથી જીવ દુઃખ પ્રાપ્ત કરે છે.'

પ્રાણીનો વધ કરવો, જૂઠ બોલવું, વગર આપેલું ગ્રહણ કરવું, મૈથુન સેવન કરવું, પરિગ્રહની મર્યાદા ન બાંધવી. આ કર્મ આવવાનાં કારણો-પાંચ આસ્રવ દ્વારો-જળના પ્રવાહથી આત્મા પૂરાઇ જાય છે. જો દ્વારો બંધ કર્યાં હોય તો નવાં પાપકર્મ આવતાં રોકાય છે અને ભૂતકાળમાં એકઠાં કરેલાં કર્મનો ક્ષય થાય છે. હે વત્સ ! પહેલાં તારો આસ્રવ રોકવાનો સ્વભાવ લગભગ હતો, પરંતુ અત્યારે કલિએ ઠગવાથી દુર્જનમિત્રોના સમાગમથી

તું કંઈક ચપળ સ્વભાવવાળો થયો છે. વળી આ દુઃષમ કાળ કલિકાલ કહેવાય છે. કોઇક વ્યંતરદેવની આ રમતક્રીડા પણ કોઈ વખત કહેવાય છે. જો તેના ભયથી, હિતોપદેશ બુદ્ધિથી અજ્ઞાનતાથી તે પ્રમાણે પાપ કરવામાં આવે તો ઝેર ખાનારનું જેમ મૃત્યુ થાય છે, તેમ તેને પાપ બંધાય છે. શું કલિકાળમાં અસત્ય બોલવું ઠગવું ઇત્યાદિક નરકમાં નથી લઇ જતા ? શું રાત્રે વિષમ ઝેર ખાધું હોય, તો મૃત્યુ પમાડનાર થતું નથી ?

આ પ્રમાણે મુનિનો ઉપદેશ સાંભળીને બીડેલા નેત્રવાળો ઉન્નતમુખવાળો થયો. ત્યારે મુનિએ કહ્યું કે, હે વત્સ ! તારા પિતાજી મુનિનું વચન સાંભળ.

કલિના પ્રપંચથી ઠગાએલા પોતાના ગુણોથી પ્રાપ્ત કરેલ ધર્મદાસગણી નામ વાળા વિજયસેન મુનિએ જ્ઞાનના બળથી જાણ્યું. એટલે તને પ્રતિબોધ કરવા માટે, તને સદ્ગતિગામી બનાવવા માટે આ ઉપદેશમાળા પહેલેથી જ તૈયાર કરી છે. તેની કંઇક વાનગી જણાવે છે. (૪૭૬)

રાજા જે કંઇ પણ આજ્ઞા કરે છે, ત્યારે પ્રજા પણ તેરાજાની આજ્ઞા મસ્તકે ચડાવી પાલન કરે છે એ જ પ્રમાણે ગુરુમહારાજના મુખમાંથી નીકળેલું વચન બે હાથની અંજલિ કરવા પૂર્વક શ્રવણ કરવું જોઈએ. સાધુઓ આવતા હોય, તો તેમની સન્મુખ જવું, વંદન કરવું, નમસ્કાર કરવો, સુખશાતા પૂછવી, આ વગેરે કરવાથી પૂર્વનાં લાંબા કાળનાં એકઠાં કરેલાં કર્મ ક્ષણવારમાં વિખરાઈ જાય છે. લાખો ભવોમાં દુલ્લભ, જન્મ-જરા-મરણાદિકના દુઃખસમુદ્રથી પાર ઉતારનાર એવા જિનવચનમાં હે ગુણના ભંડાર ! તું ક્ષણવાર પણ પ્રમાદ ન કરીશ. આ સમયે રણસિંહ રાજાની માતા વિજયા સાધ્વી પણ ત્યાં આવી પહોંચ્યાં, તેણે પણ પુત્રને કહ્યું કે, 'હે વત્સ ! આવા પ્રકારનો ઉપદેશ આપનાર આ 'ઉપદેશમાળા' છે. માટે આને મૂળથી તું ભણ અને એ ઉપદેશ દ્વારા ઉત્તમ સુખવાળા મોક્ષને મેળવ. ધર્મદાસગણિ મહર્ષિ જેઓ તારા પિતા છે, તેમની આજ્ઞાનું પાલન કર. એટલે જિનદાસગણિએ રણસિંહને આ ઉપદેશમાળા ભણાવી. રણસિંહ રાજાએ ઉપકારબુદ્ધિથી ગ્રહણ કરી.

ભાવી જેમનું કલ્યાણ થવાનું છે, એવા બુદ્ધિના ભંડાર હોય, તેમને કંઇપણ અસંભવિત હોતું નથી. નિરંતર અસ્ખલિત વારંવાર પરાવર્તન કરતાં કરતાં નવીન નવીન ભાવોવાળા વૈરાગ્ય વડે કરીને તેનો આત્મા ભાવિત બન્યો. સમય પાક્યો એટલે કમલવતીના પુત્રનો રાજ્યાભિષેક કરીને મુનિચંદ્રસૂરિ પાસે સંયમ-સામ્રાજ્ય અંગીકાર કર્યું. લાંબા કાળ સુધી નિષ્કલંક મહાવ્રતોનું પાલન કરીને, પાપપંકને પ્રક્ષાલન કરીને આરાધના-પતાકા મેળવીને ઉત્તમ દેવગતિ પામ્યો. કમલવતીના પુત્રે બીજા સર્વ લોકોને આ ઉપદેશમાળાનો અભ્યાસ કરાવ્યો. નિરંતર ભણાતી એવી આ ઉપદેશમાળા આજ સુધી અહિં પણ ભણાઈ રહેલી છે.

પરંપરાથી આ જ સુધીના જીવોને પ્રાપ્ત થએલી છે. આ પ્રમાણે 'ઉપદેશમાળા' પ્રકરણના ઉપોદ્ઘાત રૂપે કહેલી રણસિંહની કથા સમાપ્ત થઇ.

રણસિંહકુમારના પ્રતિબોધ માટે રચેલ અને આટલા કાળ સુધી શાસનમાં પરિપાટી-પરંપરાથી પ્રાપ્ત થએલ આ 'ઉપદેશમાલા' વળી સમગ્ર મંગલના મૂળ સમાન, નિકાચિત કર્મની એકાંત નિર્જરા કરનાર એવું જે તપ, જે તપનું આસેવન ઋષભદેવ અને શ્રી મહાવીર ભગવંતે પોતે કરેલું છે, અને તે દ્વારા શ્રી રણસિંહ પુત્રને તથા બીજાઓને મુખ્ય ઉપદેશ આપવાની અભિલાષાવાળા, શ્રી ધર્મદાસ ગણી તે બે તીર્થંકરનું

માહાત્મ્ય સમજાવે છે કે -

**जगचूडामणिभूओ, उसभो वीरो तिलोयसिरितिलओ ।**
**एगो लोगाइच्चो, एगो चक्खू तिहुयणस्स ।।२।।**

જગતના મસ્તકના રત્નાભૂષણ સરખા અને અત્યારે તો ચૌદ રાજલોકના ઉપર મુક્તિસ્થાનમાં સ્થિર થએલા એવા ઋષભદેવ ભગવંત, અને ત્રણે લોકની લક્ષ્મીના તિલકભૂત એવા વીર ભગંવત, આ બેમાં પ્રથમના ઋષભદેવ ભગવંત પ્રભાતમાં સૂર્યોદય થાય, તેમ યુગની આદિમાં પદાર્થોને પોતાના જ્ઞાનથી પ્રકાશિત કરનાર તેમ જ સમગ્ર જગતના વ્યવહારના કારણભૂત હોવાથી લોકના સૂર્ય સમાન, બીજા શ્રી વીર ભગવંત અત્યારના જીવોને માટે આગમના અર્થને કહેનારા હોવાથી ત્રણે ભુવનના ચક્ષુ સમાન છે. આ પ્રમાણે બે તીર્થંકરના ગુણોત્કીર્તન દ્વારા ઉપદેશમાળાકારે મહાવીર ભગવંતની વિદ્યમાનતામાં જ આ પ્રકરણની રચના કરી છે-એમ પણ જણાવેલું છે.

અહીં સૂત્રનો સંક્ષેપ અર્થમાત્ર વ્યાખ્યા કરીને સૂક્તિવાળાં પદો સહિત વિવિધ રમણીય કથાઓ વિસ્તારથી કહીશું. દૂધમાં સાકર નાખવાથી દૂધનો સ્વાદ વધી જાય છે, તેમ કથામાં વિવિધ પ્રકારની સૂક્તિઓ કહેવાથી તેનો રસ વધી જાય છે.

હવે તે ઋષભદેવ ભગવંતનું દૃષ્ટાંત કહેવા દ્વારા તપનો ઉપદેશ કરે છે.

**संवच्छरसुसभजिणो, छम्मासे वद्धमाणजिणचंदो ।**
**इय विहरिया निरसणा, जइज्ज एओवमाणेणं ।।३।।**

ઋષભદેવ ભગવંત એક વર્ષ સુધી પરિષહ-ઉપસર્ગ સહન કરતા કરતાં આહાર વગર ઉપવાસ કરતા હતા. તેવી જ રીતે વીર ભગવંત છ માસ સુધી તપ કરવા પૂર્વક વિચર્યા. જે નિમિત્તે બંને ભગવંતોએ કહેલ તપ કર્યું, તે તપનો ઉપદેશ શિષ્યને આપે છે કે, તે પ્રમાણે તેમની ઉપમાથી તમારે પણ તપકાર્યમાં પ્રયત્ન કરવો જોઇએ. જો કે અત્યારે સંઘયણાદિ શક્તિ તેવી નથી, તો પણ મળેલી શક્તિ અનુરૂપ પોતાનું બલ, વીર્ય ગોપવ્યા વગર તેમાં

પ્રયત્ન કરવો જોઇએ. ભગવંતોને તો છેલ્લો ભવ હતો. અવશ્ય મોક્ષ થવાનો હતો, તોપણ ઘોર તપ કર્યા, પરિષહ-ઉપસર્ગો સહ્યા, જ્યારે આપણે માટે તો મુક્તિનો સંદેહ છે, તો વિશેષ પ્રકારે આદરથી તપકાર્યમાં પ્રયત્નની જરૂર છે. જે માટે કહેલું છે કે -

"અનેક સંકટશ્રેણીનો નાશ કરનાર, ભવરૂપી ભવનને ભેદનાર, અનેક કલ્યાણકારી સુંદર રૂપ આપનાર, રોગના વેગને રોકનારા, સુર-સમુદાયને પ્રભાવિત કરનાર, ક્લેશ-દુઃખની શાંતિ કરનાર, મહારાજ્ય, ઇન્દ્ર-ચક્રવર્તિ-બળદેવ-વાસુદેવની લક્ષ્મી, બીજી અનેક સુખ-સામગ્રીની પ્રાપ્તિ બાજુ પર રાખીએ, પરમોત્કૃષ્ટ પુણ્યથી પ્રાપ્ત થાય, તેવા તીર્થંકરપણાના વૈભવની પ્રાપ્તિ-આ સર્વ લીલાપ્રભાવ હોય તો નિષ્કામ તપસ્યાનો છે. તે તપસ્યાની તુલનામાં બીજું કોણ આવી શકે ? (૧)"

"જે તપના પ્રભાવ આગળ તીક્ષ્ણ તરવાર, ચક્રવર્તીના ચક્રો, બાણોના પ્રહારો નિષ્ફળ જાય છે. મંત્રો, તંત્રો કે વિચિત્ર સાધનાઓની શક્તિ બુઠ્ઠી થાય છે. બાહુઓનું ચાહે તેવું બલ એપણ સમર્થ બની શકતું નથી, ન સાધી શકાય તેવું પ્રયોજન પણ તે તપથી સિદ્ધ થાય છે, તે તપની આરાધનાથી નક્કી ધારેલ કાર્યની સિદ્ધિ થાય છે, તેમાં સંદેહ ન રાખવો માટે જલ્દી તેવા તીવ્ર તપની સેવના કરો. (૨)"

આ બંનેનાં ચરિત્રો તેમનાં ચરિત્રોથી સમજી લેવા. સ્મરણ માટે અહિં કંઇક કહીએ છીએ. પાપપંકને પ્રક્ષાલન કરનાર, ભવ્યાત્માઓને મોક્ષસુખ દેખાડનાર, એવા ઋષભદેવ જિનેશ્વરનું મનોહર ચરિત્રસ્વરૂપ સંધિબંધ વર્ણવીશ.

## ૪. તપનાં પ્રભાવ ઉપર ઋષભદેવનું ચરિત્ર

દક્ષિણ ભરતમાં મુકુટમણિ સમાન, એકલા સુવર્ણથી બનાવેલી જાણે વિજળી હોય તેમ ચમકતી, ધન-ધાન્યાદિક સમૃદ્ધિથી યુક્ત પ્રસિદ્ધ એવી અયોધ્યા નામની નગરી હતી. પ્રથમ રાજા ઋષભદેવને માટે કરાવેલી, શક્રે મણિ-સુવર્ણાદિકથી નિર્માણ કરેલી, શિખરવાળાં મોટાં જિનચૈત્યોથી મનોહર દેખાતી, સમગ્ર વિલાસી લોકને નવીન આનંદ આપનાર, જાણે શ્રેણીબદ્ધ તરુણી ઉભેલી હોય, તેમ સરલ ઉંચા પિયાલ (રાયણ) વૃક્ષોની ઉજ્જ્વલ વાડીયુક્ત, હાથી જોડાએલ વાહન અને અસ્વ જોડેલ વાહનમાં બેસીને જનાર એવા ધનપતિઓવાળી, જિનમંદિરોના ઉંચા ધ્વજાદંડની ધ્વજાઓ જેમાં ફરકતી હતી, તેની ઉપર રણઝણ કરતી ઘુઘરીઓના શબ્દના બાને જે નગરી ગર્વ કરતી હોય, નિરંતર હસતી હોય તેમ જણાતી હતી. પોતાના વૈભવ વડે કરીને શક્રની નગરી કરતાં પણ ગુણોથી ચડિયાતી હતી. નાભિકુલકરના પુત્ર ઋષભરાજા ઈન્દ્રની જેમ તે નગરીનું લાલન-પાલન કરતા હતા.

પ્રથમ ન્યાયનીતિના ભંડાર, પ્રથમ પ્રજાપતિ, પ્રથમ લોકવ્યવહાર દર્શાવનાર તેમને નિર્મલ ઉજ્જવલ સ્નેહાનુરાગિણી પત્નીઓમાં પ્રથમ સુમંગલા નામની અને સમગ્ર અંતઃપુરમા પ્રધાન એવી બીજી સુનંદા નામની રાણી હતી. પ્રથમ સુમંગલા દેવીએ દુર્ધર એવા ભરત રાજા અને બ્રાહ્મી યુગલને જન્મ આપ્યો. જ્યારે સુનંદા રાણીએ બળવાન બાહુવાળા બાહુબલી અને સુંદરી યુગલને જન્મ આપ્યો. ફરી સુમંગલારાણીએ શીલ સમાન ઉજ્જવલ કરેલ જયમંગલવાળા ૯૮ = ૪૯ યુગલ તદ્દ્ભવમુક્તિગામી પુત્રોને જન્મ આપ્યો. વીશ લાખ પૂર્વ કુમારવાસની ક્રીડા ભોગવી. ૬૩ લાખ પૂર્વથી અધિક કાળ સુધી પ્રભુએ મંગલ કરનારી રાજ્યલક્ષ્મી પાલન કરી. જ્યાં આગળ માત્ર મદોન્મત્ત હાથીને જ બંધન હોય છે, દંડો માત્ર સુવર્ણના દંડવાળા છત્રમાં હોય છે, પણ ગુનેગાર દંડપાત્ર કોઇ હોતો નથી. જુગારીની દુકાનમાં પાસા પડતા હતા, પરંતુ અપરાધીને પાસા એટલે દોરડાથી બંધન ન હતું. 'માર' શબ્દ રમવાના સોગઠાં માટે વપરાતા સંભળાતા હતા.

વેશોમાં કેશનો ભાર સંભળાતો, પણ લોકોને ક્લેશનો ભાર ન હતો. મુનિઓનું અવલોકન કરતા હતા, પરંતુ પર-દારાઓને જોતા ન હતા. દેશમાં દારિદ્રય ન હતું, શ્રેષ્ઠ તરુણી વર્ગનો મધ્યપ્રદેશ બહુ પાતળો હોવાથી દારિદ્રય માત્ર ત્યાં દેખાતું ન હતું. ધનવંતો દાન દેતાં કૃપણતા કરતા ન હતા. રાજા ઉચિત દાણ (કર) ઉઘરાવતા હતા. ધન વડે જનોની સેવા કરતા હતા, લોભ ન કરતાં, દાન આપતા હતા.

ત્યાં રાજ્યમાં હકાર-મકાર-ધિક્કાર રૂપ દંડનીતિ પ્રવર્તતી હતી. ત્યાં કોઈ અર્થી વર્ગ માગનાર ન હોવાથી દાન આપવાના મનોરથો નિષ્ફળ થતા હતા. ૬૩ લાખ પૂર્વ સુધી લોકોને સંતોષ પમાડી નાભિરાજાના પુત્રે ભવ વધારનાર રાજ્યનો ત્યાગ કરીને તરત સંયમરાજ્ય અંગીકાર કર્યું. ઋષભરાજાએ ૮૩ લાખ પૂર્વ વર્ષ ગૃહવાસમાં પસાર થયા. લોકાંતિક દેવોની વિનંતિ પામેલા પ્રભુ એક વરસ સુધી નિશ્ચિતપણે નિરંતર દાન દેવા લાગ્યા. કોઈકને કડાં, કોઈકને મુકુટ, કોઇકને કચોળાં-વાટકા, ભગવંત બીજાને દરેક જાતનાં વસ્ત્રો, પરવાળાં, મોતી, માણિક્યના હારો, વળી ત્રીજાને પદ્મરાગરત્ન દાનમાં આપતા હતા. વળી કોઇને હાથી, ઘોડા, સુગંધી પદાર્થો ગંધસાર ઘનસાર આપી કેઇને કૃતાર્થ કર્યા. કેટલાક અર્થીજનોને સુવર્ણ-ચાંદી આપતા હતા. આ પ્રમાણે માગનારાઓનું સન્માન કરતા હતા. ભગવંતને અનુસરનારા તેમાં જ આનંદ માનનારા કચ્છ, મહાકચ્છ વગેરે ચાર હજાર રાજાઓ સહિત ઋષભપ્રભુ સમગ્ર સાવદ્યનો ત્યાગ કરવાનું મંગલકાર્ય વિચારવા લાગ્યા. ચૈત્ર વદિ અષ્ટમીના દિવસે છઠ્ઠતપ કરવા પૂર્વક આનંદિત બત્રીશ સુરેન્દ્રોથી સેવાતા ઋષભ પ્રભુએ સિદ્ધાર્થ વનમાં સંયમ અંગીકાર કર્યો.

શ્યામ વાંકડિયા કોમલ કેશવાળા પ્રભુએ મસ્તકપરથી વજ્ર સરખી કઠણ ચાર મુષ્ટિથી

કેશલુંચન કર્યા પછી ઈન્દ્રની વિનંતિથી પાંચમી મુષ્ટિનો લોચ ન કરતાં ધારણ કરી રાખી. દીક્ષાગ્રહણના મંગલકાર્યમાં મંગલ સુવર્ણકળશ ઉપર નીલકમલ શોભે તેમ કંચનવર્ણવાળા ભગવંતના ખભાના સ્થાન પર શ્યામ કેશની ઝુલતી લટ શોભા પામતી હતી. કચ્છાદિક રાજાઓએ જિનેશ્વર કરશે, તેમ કરશું એવી અનુવૃત્તિથી દીક્ષા લીધી હતી, પરંતુ ભગવંતે દીક્ષા આપી ન હતી. સમગ્ર નક્ષત્રમંડલ સહિત પૂર્ણિમાનો ચંદ્ર હોય તેમ ભગવંતની પાછળ પાછળ વિચરવા લાગ્યા. નમિ વિનમિ નામના રાજકુમાર પોતાની ઇચ્છાથી હાથમાં તરવાર ધારણ કરીને સેવા કરતા હતા. કમલપત્રના પડિયામાં પાણી લાવીને પ્રભુ આગળ છાંટે છે અને પુષ્પોનાં પ્રકર બનાવે છે. કોઈક દિવસે ધરણેન્દ્રે પ્રભુની પાસે આવી તેમની આગળ સુંદર મહોત્સવ કર્યો. નમિ-વિનમિની સેવાભક્તિ દેખી પ્રસન્ન થએલા ધરણેન્દ્રે વૈતાઢ્ય પર્વતમાં વિદ્યાધરનું રાજ્ય આપ્યું. ભગવંતને આહાર ન મળવાથી ઉપવાસવાળા ધ્યાન કરતા, મૌન પાળતા વિહાર કરતા ઉભા રહેતા હતા, ત્યારે મણિમય સ્થૂલ સ્તંભ સરખા શોભતા હતા. તે સમયે કોઇને ભિક્ષા અને ભિક્ષાચરનું જ્ઞાન ન હતું, એટલે આજે પણ તેમને કોઇ ભિક્ષા આપતું ન હતું. ક્ષુધાવાળા, તૃષાવાળા ઋષભપ્રભુ ઘરે ઘરે ભિક્ષા માટે ભ્રમણ કરતા હતા. જાણે ચાલતા કલ્પવૃક્ષ હોય તેમ પૃથ્વીને શોભિત કરતા હતા.

કેટલાક લોકો ચપળ ચતુર અશ્વો વગેરેનું નિમંત્રણ સ્વામીને કરતા હતા. વળી બીજાઓ ત્રણ લોકમાં સારભૂત એવા સુવર્ણનાં કડા, કંદોરા, મુગટ આદિ આભૂષણો અર્પણ કરતા હતા, બીજા કોઇક કર્પૂરયુક્ત સુગંધી પાનબીડાઓનું, કેટલાક અતિચપળ કટાક્ષ કરનાર, હર્ષથી પરવશ થએલી સ્ત્રીઓ તેમના તરફ દૃષ્ટિ ફેંકતી હતી. વળી કેટલાક પિતાઓ પોતાની કન્યાઓને ધરતા હતા. તે સમયે જેઓએ આ દેખ્યું, તેઓ ધન્ય છે. પ્રભુ તો 'આ સર્વ અકલ્પ્ય છે.' એમ વિચારીને કંઇ પણ બોલ્યા વગર એકદમ ત્યાંથી પાછા વળી ગયા. કચ્છ, મહાકચ્છ વગેરે ચારે હજારને ભિક્ષા ન મળવાથી, ક્ષુધા ન સહેવાથી તેઓ સર્વે વનવાસી તાપસ થઇ ગયા. ભગવંત તો આહાર વગર ગામે ગામ હિંડન-વિહાર કરે છે, પાપનો ચૂરો કરે છે, પોતાની પદપંક્તિથી પૃથ્વીતલને પવિત્ર કરે છે; તે સમયે જે કોઇ તેમને વંદન કરે છે, તે લાંબા કાળ સુધી આનંદ પામે છે, સંપત્તિઓ મેળવે છે. ઉનાળામાં લાંબા દિવસો હોય છે, અગ્નિના તણખા સરખા ઉષ્ણ સૂર્યનાં કિરણો હોય છે, જગતમાં વખણાય તેવું તીવ્ર તપ તપે છે, તો પણ પ્રભુ પાણીથી પણ પારણું કરતા નથી. વર્ષાકાલમાં મેઘ વરસે છે, કઠોર વાયરાથી લોકોનાં શરીર થરથર ધ્રુજે છે, તો પણ ત્રણ ગુપ્તિવાળા જિનેશ્વર ભગવંત અડોલ નિર્મલ નિશ્ચલ ધ્યાન કરે છે. શીયાળામાં ઠંડો પવન વાય છે, હિમ પડવાથી વન શોષાઈ જાય છે, નિરંતર અતિલાંબી રાત્રિઓમાં પરમેશ્વર અવિચલ ચિત્તથી શુભ ધ્યાન કરે છે. ત્રણ ગુપ્તિવાળા જિનેન્દ્ર ભગવંત આહાર-પાણી વગર પુર,

પટ્ટણ, પર્વત, ગામ, અટવી, આરામ વગેરે સ્થલમાં વિચરતા વિચરતા લગભગ વર્ષ પછી ગજપુર પટ્ટણના દ્વાર પાસે પહોંચ્યા.

જે નગર તરુવરોથી આચ્છાદિત થએલું, ધવલગૃહોથી અતિ ઉજ્જ્વલ દેખાતું, ધન-ધાન્યથી સમૃદ્ધિવાળું, જગતમાં પ્રસિદ્ધિ પામેલું પૃથ્વીમંડલમાં તિલકભૂત રહેલું હતું. તેને મહાયશવાળા સોમયશ પાલન કરતા હતા. પોતાના કુલના ગુણ ગૌરવને ઉજાલતા હતા. તેમને શ્રેયાંસ નામના યુવરાજ પુત્ર હતા, જેની પવિત્ર કીર્તિ સાથે યશવાદ સર્વત્ર વિસ્તાર પામેલો હતો. શ્રેયાંસકુમારને સ્વપ્નમાં શ્યામ મેરુપર્વત દેખાયો, વળી તેને તેણે અમૃતથી ભરેલા કળશથી સિંચ્યો, એટલે, સ્થિર વિજળીના ચક્રની જેમ અતિ ઉજ્જ્વલતાથી શોભવા લાગ્યો. સૂર્યબિંબમાંથી કિરણોનો સમૂહ ખરી પડ્યો, શ્રયાંસ કુમારે ફરી તેને જોડી દીધાં, એટલે તે શોભવા લાગ્યો. નગરશેઠે આવા પ્રકારનું સ્વપ્ન દેખ્યું. સોમયશ રાજાને પણ સ્વપ્ન આવ્યું કે, 'રાજાઓની સાથે યુદ્ધભૂમિમાં યુદ્ધ કરતા બળવાનને શ્રયાંસ પુત્રે સહાય કરવાથી પોતાની જિત અને શત્રુપક્ષની હાર થઇ, જેથી તે ભુવનમાં શોભવા લાગ્યો. ત્રણેના સ્વપ્નની વાત પ્રસરી, ત્રણે રાજસભામાં એકત્ર થયા અને દરેક પોતપોતાના સ્વપ્નની વાત રજૂ કરે છે, પરંતુ રાજા સ્વપ્નનો પરમાર્થ ન જાણી શક્યા, ફલાદેશમાં કુમારનો ઉદય જણાવ્યો.

પછી શ્રેયાંસકુમાર મહેલના ગવાક્ષમાં બેઠેલા હતા, ત્યારે ભાગ્યશાળી કુમારે જાણે મૂર્તિમંત જિનધર્મ હોય, તેવા ઋષભદેવ ભગવંતને ગજપુર નગરની શેરીમાં પ્રવેશ કરતા જોયા. પુણ્યશાળીમાં શ્રેષ્ઠ એવા શ્રેયાંસકુમારને ભગવંતને દેખીને પોતાની પૂર્વજાતિ સ્મરણમાં આવી. આગલા ભવમાં વિદેહવાસી વજ્રનાભ નામના ચક્રવર્તી હતા, ત્યારે હું તેમનો સારથી હતો. વજ્રસેન નામના તીર્થંકર પાસે વજ્રનાભ નામના ગચ્છાધિપ હતા. ત્યારે મેં પણ દીક્ષા અંગીકાર કરી હતી અને કાળ પામી સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયો હતો. ત્યાંથી ચ્યવીને અત્યારે અહિં શ્રેયાંસકુમાર થયો છું.'

વજ્રસેન તીર્થંકરનું સ્મરણ થયું, તેવા પ્રકારનો વેશવિશેષ વહન કરતા હતા. તેટલામાં આહાર રહિત, મત્સર રહિત એક વરસથી ભૂખ્યા-તરસ્યા વિચરતા ઋષભ ભગવંત ત્યાં પહોંચ્યા. કોઇએ પણ તેમને પ્રતિલાભ્યા નહિં, 'જો મારા ઘરના આંગણે ચિંતામણિ રત્નાધિક ઋષભ ભગવંત પધાર્યા છે, તો તેમને હું વહોરાવું.' જેટલામાં શ્રેયાંસ આ પ્રમાણે વિચારે છે, એટલામાંતો પ્રભુ જગતને પવિત્ર કરતા કરતા શ્રેયાંસકુમારના દરવાજામાં પધાર્યા, એટલે શ્રેયાંસકુમારના અંગમાં, ઘરમાં, દરવાજામાં કિલ્લામાં પત્તનમાં હર્ષ સમાતો ન હતો.

હર્ષિત થએલ કુમાર ચિંતવવા લાગ્યો કે, 'આજે હું ત્રણે લોકનો એક મોટો રાજા થયો,

આજે હું સંસારસમુદ્રનો પાર પામ્યો, આજે મારે માટે નક્કી મુક્તિનાં દ્વારો ઉઘડી ગયાં. આજે મારી અનાદિની કામદેવ અને મોહરાજાની ગાઢ ગ્રન્થીને ભેદી નાખી, ભયંકર કાલસર્પની ઝેરી દાઢા ઉખેડી નાખી-અર્થાત્ કાયમ માટે મૃત્યુ બંધ થયુ. મેં નરકકૂવાને ઢાંકી દીધો, - હવે મારે કદાપિ નરકગમન કરવું ન પડે, શાશ્વત સુખ-નિધાન આજે ખોદીને પ્રગટ કર્યું. આજે જગતના એક નાથને પ્રતિલાભું, જેથી જલ્દી હૃદયની શાંતિ પામું. 'અરે ! મને અનેક પ્રકારના ઘી, ખાંડ, દૂધ, ખજૂર, દ્રાક્ષ વગેરે ખાવાના સુંદર ભક્ષ્યો આપો.' એટલામાં ઘડામાં ભરેલા મધુર અતિ શીતલ ઇક્ષુરસ લઇને કોઇક ભેટ આપવા આવ્યા. કુમાર હર્ષપૂર્વક તે ઘડાઓ બે હાથથી ઉપાડી પ્રતિલાભવા તૈયાર થયો. દાદા ઋષભ ભગવંતે બંને હાથ લાંબા પ્રસાર્યા, છિદ્ર વગરની અંજલિ એકઠી કરી, શ્રેયાંસકુમાર તે અંજલિ દેખીને તેમાં નવીન-તાજા રસના ભરેલા અનેક કુંભો રેડવા લાગ્યા. તે વખતે જાણે પર્વત ઉપરથી ધારવાળો ગંગા-પ્રવાહ કુંડમાં પડતો, તે પ્રમાણે તે રસની ધાર શોભતી હતી, પણ ત્રણ લોકના નાથના મુખમાં પ્રવેશ કરતી જોવાતી ન હતી. ભગવંતના છિદ્ર વગરના હાથની અંજલીમાંથી એક પણ બિંદુ પૃથ્વીતલ ઉપર-નીચે પડતું ન હતું, પરંતુ સૂર્યમંડલ સુધી તેની શિખા પહોંચતી હતી, પરંતુ નજીકમાં એક પણ ટીપું ઢોળાતું ન હતું. યોગ્ય સમયે તાજો શેરડી રસ પ્રાપ્ત થયો તેથી શ્રેયાંસકુમાર ધન્ય બન્યા, જગદ્ગુરુને વરસતપનું પારણું કરાવ્યું, શરીરને શાંતિ પમાડી, ત્રણે લોકમાં પાર કરાવ્યાનો યશ પ્રાપ્ત કર્યો, તીર્થંકર ભગવંત એક વર્ષની તપસ્યાવાળા હતા, તેવું સર્વોત્તમ પાત્ર પ્રાપ્ત થયું, ભક્તિ ઉછળેલ પવિત્ર ચિત્ત, યોગ્ય સમયે શેરડીનો રસ આવી પહોંચવો, આવાં પાત્ર, ચિત્ત અને વિત્ત ત્રણેનો યોગ પુણ્યથી જ પ્રાપ્ત થાય છે. ગોવાળના બાળકે જે તપસ્વી મુનિનેદાન આપ્યું, તેને પણ તેવા પ્રકારનું સુંદર ફળ પ્રાપ્ત થયું.

'જે જિનેશ્વર સરખા સર્વોત્તમ પાત્રને દાન અપાય છે, તેનું ફળ કહેવાની શક્તિ કોની હોય ? સુપાત્રમાં આપેલ દાનના પ્રભાવથી દુર્ગતિ દૂર થાય છે, ભુવનમાં લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે, બળવાનને હરાવનાર થાય છે. અસ્ખલિત ભોગો પણ ભોગવનારો થાય છે, ભવ-જન્મ-મરણનો ઉચ્છેદ કરી સિદ્ધિના સુખની પ્રાપ્તિ થાય છે. એક પાષાણ પણ ચિંતામણિ રત્ન બની જાય છે. દાનના પ્રભાવથી આ લોક અને પરલોકના કાર્યની સહેલાઈથી સિદ્ધિ થાય છે; જ્યારે ચિંતામણિ તો પરલોકનું કંઈ સાધી આપી શકતો નથી. મણિ, રત્ન, સુવર્ણ પાંચવર્ણના પુષ્પના ઢગલા મેઘ માફક વરસવા લાગ્યા. આકાશમાં દુંદુભી વાગવા લાગી અને 'સુપાત્ર-દાન જય પામો.' એવી ઉદ્ઘોષણા દેવો કરવા લાગ્યા. દેવોએ પંચદિવ્યો કુમારના ઘરે કુશલ મહાનિધિ માફક પ્રગટાવ્યાં. યુવરાજ, રાજા અને નગરના લોકો વિવિધ પ્રકારે વધામણાં કરવા લાગ્યાં. નવીન રંગબેરંગી સુંદર વસ્ત્રો પહેરીને તરુણીઓ

અક્ષતપાત્ર સહિત નગરમાં પ્રવેશ કરતી હતી. સૌભાગ્યવંતી સ્ત્રીઓ તેમને કેસર-કુંકુમના થાપા તથા કંઈક ગમ્મત કરતાં ફળ અને પાન-બીડાં આપતા હતા. અતિ મનોહર સુંદર અવાજવાળાં વાજિંત્રો વાગતાં હતાં. ખુબસુરત મનોહર નગરનારીઓ નૃત્ય કરતી હતી, સેંકડો બિરુદાવલી બોલનારા લોકો વિજયાવલી પ્રગટ કરતા હતા, યોગિણીઓનો સમૂહ જયજયકાર કરતો હતો. પગમાં ઝાંઝર પહેરી લીલાપૂર્વક ચાલતી સુંદરીઓ પણ કુમારના યથાર્થ ચરિત્રને ગાતી હતી. ભાલતટમાં ચંદનનાં તિલક અને વેલ કરીને મનોહર નૃત્ય કરતી હતી. નવીન પાંદડાથી તૈયાર કરેલાં તોરણો લોકો ગજપુરના દરેક ઘરે અને દ્વારે બાંધતા હતા. લોકો એક-બીજાને દાન આપતા હતા, માર્ગો શણગારતા હતા, ધ્વજા-પતાકાઓ તે ક્ષણે લહેરાવી હતી.

ભગવંત તો પ્રથમ પારણું કરી પુર, નગર, દેશ વગેરેમાં જ્યાં જ્યાં વિહાર કરતા હતા, ત્યાં ત્યાં નગરાદિકનાં દુઃખ દુરિત દૂર થતાં હતાં. જેને ઘણો પ્રમોદ થયો છે, તે શ્રેયાંસકુમાર આવ્યા, એટલે સર્વલોક પૂછવા લાગ્યા કે, 'સુકૃત કરનાર કુમાર ! આ ભગવંતનું પારણું કરાવવાનું વિધાન તમે કેવી રીતે જાણ્યું ?' ત્યારે શ્રેયાંસે કહ્યું કે, 'પૂર્વભવ સંબંધી જાતિસ્મરણ જ્ઞાન થયું. એ સર્વ હકીકત પ્રકાશિત કરી. તે આ પ્રમાણે :- 'પુંડરીકિણી નગરીમાં ઋષભદેવ ભગવંતનો જીવ શ્રી વ્રજનાભ નામના ચક્રવર્તી રાજા હતા, સંસાર-દુઃખથી ભય પામીને જિનેશ્વરની પાસે દીક્ષા અંગીકાર કરી. અનુક્રમે મુખ્ય આચાર્ય-ગચ્છાધિપતિ થયા. વીશસ્થાનક તપની આરાધના કરી તીર્થંકર નામ-કર્મ ઉપાર્જન કર્યું. હું તે વખતે તેમનો સારથિ હતો, એટલે તેમની પાસે દીક્ષા ગ્રહણ કરી. ગ્રહણ-આસેવન બંને શિક્ષા ગ્રહણ કરી. મુનિઓને શું કલ્પે ? અને શું ન કલ્પે ? તે મેં જાતિસ્મરણથી જાણ્યું. હવે તમોને પણ સમજાવું, કે સાધુઓને દાન કેવું અને કેવી રીતે આપી શકાય. ઉત્તમવંશવાળા શ્રેયાંસકુમાર પાસે લોકોએ અખંડ ભિક્ષાવિધિ જાણી ને ત્યારપછી ઋષભ જિનેશ્વરનાં ચારિત્રગુણને ધારણ કરનાર શિષ્યોને સહેલાઇથી ભિક્ષા પ્રાપ્ત થવા લાગી. એક હજાર વર્ષ છદ્મસ્થપણે વિચર્યા પછી કેવલજ્ઞાન પ્રગટ થયું અને કૃતાર્થ થયા.

પુરિમતાલ નગરમાં ફાગણ વદિ ૧૧ ના દિવસે ઈન્દ્રોએ સમવસરણ તૈયાર કરાવ્યું. ચતુર્વિધ સંઘની સ્થાપના કરી, ભરતના ૫૦૦ પુત્રો અને ૭૦૦ પૌત્રોને દીક્ષા આપી બંને પ્રકારની શિક્ષા ગ્રહણ કરાવી. આગળ જે વનવાસી તાપસો થયા હતા, તે સર્વે સાધુ થયા. ૮૪ ગણધરો સ્થાપ્યા. તેમાં ભરત મહારાજાના મહાબુદ્ધિશાળી પુત્ર પુંડરીક મુખ્ય ગણધર થયા. ૮૪ હજાર જગત્માં ઉત્તમ એવા સાધુ હતા, ઉત્તમ સંયમધારી ત્રણ લાખ સાધ્વીઓનો ભગવંતને પરિવાર હતો. ઋષભદેવ ભગવંતના શ્રાવક ભરત મહારાજા હતા. ગોમુખ યક્ષ

અને ચક્રેશ્વરી દેવી યક્ષિણી હતી, ક્રમે ક્રમે ઋષભદેવપ્રભુના બાહુબલી આદિ ૯૮ પુત્રો કેવલી થયા. ભગવંતે લાખપૂર્વ સાધુપણું પાળ્યું, ૮૪ લાખ પૂર્વનું સમગ્ર આયુષ્ય હતું. યુગાદિજિન દશહજાર સાધુ અને મહાબાહુ વગેરે ૯૮ પુત્રો સાથે સર્વ કર્મનો ક્ષય કરી પોષ વદિ ૧૩ ના મેરુ ત્રયોદશીના દિવસે નિઃસીમ સુખના સ્થાનસ્વરૂપ નિર્વાણપુરીમાં ગયા.

આ પ્રમાણે ઋષભ ભગવંતના પારણાનો અધિકાર પૂર્ણ થયો. અહિં આટલું જ ચરિત્ર ઉપયોગી હોવાથી અધિક વિસ્તાર જણાવેલ નથી, અધિક ચરિત્ર જાણવાની ઇચ્છાવાળાએ તેમનું ચરિત્ર જોઈ લેવું. હવે મહાવીર ચરિત્રમાં પણ તે જ પ્રમાણે જણાવીશું.

## ૫. તપનાં પ્રભાવ ઉપર મહાવીર ચરિત્ર

ત્રિશલાદેવીની કુક્ષિના કલહંસ સમાન, ક્ષત્રિય જ્ઞાતકુલમાં મુગટ સમાન, છેદેલા સુવર્ણ સરખા સુંદર દેહની કાંતિવાળા વીર ભગવંતના પારણાનો સંબંધ જણાવીશ. દક્ષિણ ભારત ખંડમાં વિખ્યાતિ પામેલ ક્ષત્રિયકુંડ નામનું નગર હતું, જે ઊંચા મનોહર કિલ્લાથી શોભતું હતું, તેના કરતાં બીજા કોઈ નગર ચડિયાતાં ન હતાં. જે નગરીમાં જિનમંદિરો મંડપોથી શોભતા હતા. મણિની પુતળીઓની પંક્તિઓ મનને આશ્ચર્ય પમાડતી હતી.

આ નગરીની સુંદરતા જોવા માટે આંખના મટકા માર્યા સિવાય અનેક કુતૂહલી લોકો ઉતાવળથી આવતા હતા. તે નગરી પ્રસિદ્ધિ પામેલા, સિદ્ધાર્થ રાજાના મોટા પુત્ર, યશની વૃદ્ધિ કરનાર, અગણિત ગુણ સમુદાયમાં શ્રેષ્ઠ, ધન-ધાન્ય-સંચયની કોટીઓથી સમૃદ્ધ પ્રચંડ સુભટોને નિવારણ કરનાર, અન્યાય-અનીતિને અટકાવનાર, જેના યશથી સમગ્ર દેવતાઓ પ્રભાવિત થયા છે, અતિ બળવાળા સૈનિકો અને પ્રધાનવાળા નંદિવર્ધન રાજા કુંડગ્રામ નગરનું પાલન કરતા હતા. મેરુ ઉપર દેવોએ અને અસુરોએ જેમનો કર્મ-સંમાર્જન કરનાર જન્માભિષેક કરેલો છે, ગુણોમાં મોટા એવા વર્ધમાન નામના તેમને સહોદર લઘુબન્ધુ હતા.

મોટા બન્ધુ નંદિવર્ધનને વર્ધમાનકુમારે પૂછ્યું કે, 'મેં જે નિયમ લીધો હતો કે, મારાં પ્રભાવશાળી એવાં માતા-પિતા જીવતાં હોય, ત્યાં સુધી હું શ્રમણ નહિં થાઉં, એ મારો નિયમ અત્યારે પૂર્ણ થયો છે. પ્રથમ માતા પરલોકે સીધાવ્યા, ફરી અત્યારે યશવાળા પિતાજી પણ સ્વર્ગલોકમાં ગયા છે, તો હવેતમો તમારું ચિત્ત સ્વસ્થ કરો, અને મને પ્રવ્રજ્યા અંગીકાર કરવાની અનુમતિ આપો. આવા પ્રકારનું વર્ધમાનભાઇનું વચન સાંભળીને મસ્તક ઉપર વજ્રાઘાત લાગ્યો હોય તેમ, અશ્રુનો પ્રવાહ સતત નીકળતો હોય તેમ નંદિવર્ધન નિશ્ચયપૂર્વક કહેવા લાગ્યા કે, 'હે બન્ધુ ! જો તું મારો ત્યાગ કરીશ, તો હું પંચત્વ પામીશ. હજુ તેમને પંચત્વ પામ્યા કેટલા દિવસ માત્ર થાય છે ? જો તમે મને ઘરમાં એકલો મૂકીને ચાલ્યા જશો તો આ મારું હૃદય ફૂટી જશે. (૧૦)

નંદિવર્ધન વિલાપ કરે છે. એવી સ્થિતિમાં દેખીને પણ સ્વામી પોતાનું મન કોમલ કરતા નથી, ત્યારે વંશના વડેરાઓએ કોઇ રીતે મનાવીને બે વરસ પ્રતીક્ષા કરવા દબાણ કર્યું. એટલે તેમના વચનથી ભગવંત ભાવસાધુપણે ઘરમાં રોકાયા, પોતાના લાંબા બાહુ રાખીને કાઉસ્સગ્ગ ધ્યાને રહેવા લાગ્યા. બ્રહ્મચર્યનો નિયમ કરી દંભરહિત સંગ-શોક વગરના તેમણે સર્વ પાપ-વ્યાપારનો ત્યાગ કર્યો. કેટલોક સમય વીત્યા પછી લોકાન્તિક દેવતાઓ એકદમ વિનંતિ કરવા લાગ્યા કે, 'હે સ્વામી ! સર્વ વિરતિવ્રત ગ્રહણ કરવાનો સમય થયો છે. **એટલે પ્રભુ એક વર્ષ સુધી દરરોજ જ્યાં સુધી મસ્તક ઉપર સૂર્ય હોય ત્યાં સુધી દાન આપતા હતા.** મોતી, મરકત રત્ન, માણિક્ય, અંક, મણિ, સુવર્ણ, મુકુટ, કડાં, કંકણ, ઘોડા, હાથી, રથ વગેરે સજાવટ કરવાની સામગ્રી સહિત પહેરવેશ વગેરે માગનારા લોકોની ઇચ્છાથી અધિક દાન આપતા હતા. આ પ્રમાણે ત્રીશ વર્ષ ગૃહસ્થપણામાં રહી, છઠ્ઠ તપ કરીને ચંદ્રપ્રભા નામની શિબિકામાં બેસી અપરાહ્ણ સમયે એકલાએ માગશરવદિ ૧૦ ના દિવસે યુવાન વયમાં દીક્ષા અંગીકાર કરી. તે સમયે ભગવંતને ચોથું મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું. ઈન્દ્રોએ તેમના ચરણમાં પ્રણામ કર્યા. જ્ઞાતખંડ વનથી વિહાર કરીને પ્રભુ કોલ્લાગ સન્નિવેશમાં પધાર્યા. રાત્રે ગોવાળિયાએ ભગવંતને ઉપસર્ગ કર્યા. બલ નામની બ્રાહ્મણીએ ક્ષીરથી પારણું કરાવ્યું. બાર વરસ સુધી સ્વામીએ દુસ્સહ ઉગ્ર ઉપસર્ગ અને પરિષહો સહન કર્યા. કોઇક સ્થળે વિકરાળ અતિ ઊંચા ભયંકર ભય લાગે તેવા શરીરવાળા વેતાલો ભય પમાડતા હતા. કોઇક સ્થળે મદોન્મત્ત દંતશૂળવાળા હાથી ભ્રષ્ટ ચિત્તવાળા કોપાયમાન થઇને સામે આવતા હતા.

કોઈક સ્થળે કઠોર તીક્ષ્ણ નખવાળા ક્રૂર દુર્ધર કેશવાળીવાળા, ભયંકર સ્કંધવાળા સિંહોએ કરેલા ઉપસર્ગો, ક્યાંઈક પ્રગટ અગ્નિના તણખા સરખી અને વિશાળ ફણાવાળા કુંડલી કરેલા ભયંકર કાલસર્પ ભયંકર ઉપસર્ગો કરતા હતા, પરંતુ મેરુ પર્વત ગમે તેવા વાયરાથી કંપાવી શકાતો નથી, તેમ અતિશય દુસ્સહ ઉપસર્ગો-પરિષહોથી ધીરતાના મેરુ ચલાયમાન કરી શકાતા નથી. સ્વામી બાર વરસ સુધી અપ્રમત્તપણે વિચરતા-વિચરતા ઉગ્ર-દુસ્સહ પરિષહ-ઉપસર્ગ સહન કરતા વિશાળ કૌશાંબી નગરીમાં પહોંચ્યા. જિનેશ્વર ભગવંતે એક નવો નિયમ-અભિગ્રહ ગ્રહણ કર્યો. ત્રિભુવનના પરમેશ્વરે આવા પ્રકારનો નિયમ ગ્રહણ કર્યો - 'મારે તો જ ભિક્ષા ગ્રહણ કરવી કે જો રાજપુત્રી હોય અને તેને યોગ્ય વેષ પહેરેલો ન હોય, રુદન કરતી હોય, મસ્તક ઉપરથી કેશલુંચન કરાવેલા હોય, કેદખાના માફક પગમાં અને હાથમાં સાંકળથી જકડાએલી, ત્રણ ઉપવાસ કરેલા હોય, સૂપડાના ખૂણામાં અડદના બાકળા કરેલા હોય, ઘરના ઊંબરામાં એક પગ બહાર કર્યો હોય અને એક પગ અંદર રહેલો હોય, ભિક્ષાકાળ પૂર્ણ થયો હોય તો મારે પારણું કરવું. આ અભિગ્રહ

પૂર્ણ ન થાય, ત્યાં સુધી મારે પારણું ન કરવું. સ્વામી ભિક્ષાકાલે હંમેશાં ગોચરી માટે પ્રવેશ કરે છે, દુસ્સહ-પરિષહ સહન કરે છે, સમભાવપૂર્વક ભૂખ-તરસ-ઉપસર્ગ ભોગવી લે છે.

લોકો ખાંડ-સાકરમિશ્રિત ખીર, ખજ્જૂર કરંબક વહોરાવે છે. વળી કોઈક રોટલી રોટલો, કોઇક ઉત્તમ લાડુ આપે છે, પરંતુ પ્રભુ તે લીધા વગર ચાલ્યા જાય છે. હંમેશા ભિક્ષા માટે ભ્રમણ કરે છે, આકરાં કર્મનો ચૂરો કરે છે. બૂખ-તરશ સહન કરે છે, ચાર માસ વીતી ગયા પણ ઇચ્છેલી ભિક્ષા મળતી નથી. સ્વામીનું શરીર અત્યંત કૃશ બની ગયું.

ત્યાં આગળ સંગ્રામ કરવામાં શૂરવીર શતાનિક નામનો રાજા હતો. તેને સુંદર રૂપવાળી ચેટકરાજાની મુખ્ય પુત્રી, શ્રી ત્રિશલાજી દેવીના ભત્રીજી, પ્રભુના મામાની બેન મૃગાવતી નામની રાણી હતી. તેના જાણવામાં આવ્યું કે, 'આપણા નગરમાં અભિગ્રહ ધારણ કરીને પ્રભુ વહોરવા માટે વિચરે છે, પરંતુ ભિક્ષા ગ્રહણ કર્યા વગર પાછા ફરે છે, તેથી દુઃખ પામતી રુદન કરતી રાજાને ઠપકો આપે છે કે, 'સ્વામી ઘરે ઘરે જાય છે અને તરત પાછા ફરે છે. સ્વામીને કયો અભિગ્રહ છે, તે કોઇ જાણી શકતું નથી. તો પ્રિય ! આ રાજ્ય તમને શું કામ લાગવાનું છે ? જ્યાં સુધી અભિગ્રહ ન જાણી શકાય, તો તમારું વિજ્ઞાન બીજું શું કામ લાગશે ? હે શતાનિક રાજા ! આ તમારા રાજ્યથી સર્યું. આ વચન સાંભળીને રાજાનું મન ખેદ પામ્યું. યતિઓ-સંયમીઓને બોલાવીને તેમને વંદના કરવા પૂર્વક પૂછ્યું કે, સાધુઓના અભિગ્રહો કેવા કેવા પ્રકારના હોય છે ! બીજા મતના સ્થાનોમાં પણ જે નિયમો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ સંબંધી જે સ્વાભાવિક અભિગ્રહો હોય, તે સર્વ કહી જણાવ્યા. નગરની નારીઓ પણ જુદા જુદા પ્રકારે પ્રભુને વહોરાવવાનું આમંત્રણ આપે છે. કોઈક સ્ત્રી મંગલગીત ગાતી મોદક આપતી હતી. કાંસાના પાત્રમાં અડદ વહન કરતી, પોતાનું અંગ બતાવતી, વળી કોઇક કેશ છૂટા મૂકીને રુદન કરતી હતી. વળી કોઇ સ્ત્રી પગમાં દોરડી બાંધી ભાવના ભાવીને સુવાસિત વસ્તુ આપતી હતી.

કોઇ અંગ-ઉપાંગનું સંચારણ કરે છે. નાચતી કોઈ તાજું દૂધ પાણી સાથે આપે છે. એ સર્વનું નિવારણ કરે છે. એટલે દાન ગ્રહણ કરતા નથી. કોઇક ઘોડેસ્વાર ભાલાની અણીથી રોટલો ભોંકીને આપે છે, કોઇ પ્રણામ કરીને આપે છે, તો પણ સ્વામી પોતાના હાથ લાંબા કરતા નથી અને પાછા વળી જાય છે, પરંતુ પોતાનો નિયમ છોડતા નથી. ત્યારે મૃગાવતી રાણી, રાજા, શેઠ વણિક લોક, સાર્થવાહ અને સર્વ લોકો અતિ દુઃખમાં આવી પડ્યા, ચિંતા કરવા લાગ્યા, હંમેશા શોકસાગરમાં ડૂબી ગયા છે.

## ૭. ચંદનબાલાની કથા

આ બાજુ શતાનિક રાજા ચંપાનગરીના રાજા ઉપર એકદમ ધાડ પાડવા નીકળ્યો,

માર્ગમાં વિસામો લીધા વગર એક રાત્રિમાં આવી ગયો અને ચંપાનગરીને ઘેરીને પોતાના સૈનિકો પાસે ઘોષણા કરાવી કે, નગરને ફાવે તેમ લૂંટી લો. એકલા અંગવાળો દધિવાહન રાજા ત્યાંથી નાસી ગયો. ઘોડા, હાથી, કાંસા વગેરે કોષ સર્વ લૂંટવા લાગ્યા. એક સૈનિક હાથમાં ધારિણી રાણી તથા તેની પુત્રી વસુમતીને પકડી લાવ્યો. કૌશાંબીમાં લોકોને કહેવા લાગ્યો કે, આ મારી પ્રાણપ્રિયા થશે, એ સાંભળી ચેટકપુત્રી ધારિણીને પોતાના શીલને કલંક લાગશે એવો આઘાત લાગતાં, તેનું હૃદય ફાટી ગયું અને પરલોકે ગઇ. એટલે તે સૈનિક પસ્તાવો કરતાં વિચાર કરવા લાગ્યો કે, 'આ પુત્રી આ વાત સાંભળીને આત્મહત્યા કરશે.' એટલે વસુમતીને મધુર વચનથી આશ્વાસન આપતો કહેવા લાગ્યો; જેથી બાલિકાનો શોક ચાલ્યો ગયો અને કોઈ પ્રકારે વિવિધ પ્રકારની સુંદર વસ્તુઓથી તેને સમજાવી પોતાની કરી લીધી - એમ કરતાં તે કૌશાંબી પહોંચ્યો પુત્રીને હાટમાર્ગમાં ઉભી રાખી અને કોઈ પ્રકારે ઘણું ધન મળે તેમ તે સૈનિક પ્રયત્ન કરવા લાગ્યો. ત્યાં ધનાવહ શેઠે કામદેવના બાણયષ્ટિ સમાન સુકુમાલ ગૌર વર્ણયુક્ત અને પાતળી કાયાવાળી જાણે ચાલતી સારી વર્ણવાળી સુવર્ણની પૂતળી હોય, એવી બાલિકાને દેખીને શેઠ ત્યાં પહોંચ્યા. જેમ પોતાની પુત્રી હોય, તેમ તેના ઉપર મમત્વભાવ થયો. તેનું મૂલ્ય નક્કી કરી તેને સ્વીકારી લીધી તેના પુણ્યોદયથી જ જાણે પ્રાપ્ત થઈ હોય એવી તેને પોતાના ઘરે લઇ ગયો. ભરપૂર કુટિલ શ્યામ અતિ લાંબા કેશવાળી તે બાલિકાને શેઠે નિરંતર પુત્રી રહિત એવી પોતાની મૂલા નામની પ્રિયાને અર્પણ કરી. પોતાના ગુણોના પ્રભાવથી સમગ્ર નગરલોકોને પ્રગટપણે અતિ સ્ફુરાયમાન ઉત્તમ પ્રમોદ પમાડ્યો-એટલે તેણે હિમ કરતાં પણ અતિશીતલ જગતમાં પ્રસિદ્ધ એવું તેનું 'ચંદના' નવું નામ પ્રાપ્ત કર્યું.

આ બાલિકા ભુવનમાં સર્વને પ્રિય થઇ ગઇ છે અને જગતમાં સુંદર રૂપવાળી અને ગુણિયલ ગણાય છે, તે મૂલાશેઠાણીના મનને સુહાતું નથી. આકાશમાં જ્યારે સૂર્ય ઝળહળતો હોય, ત્યારે કોઇ સ્થળે ઘુવડ આનંદ પામતો નથી. જ્યારે મૂલા શેઠાણી ચંદનાનું સારભૂત સૌભાગ્યના ઘરસમાન નવીન રૂપની રેખા સ્વરૂપ રૂપ દેખે છે, ત્યારે ચિત્તમાં ધ્રાસકો પાડીને વિચારવા લાગી કે, 'ધનશેઠ જરૂર આને પોતાની પ્રિયા કરશે.' જો ચંદના શેઠની પત્ની થશે, તો મારે મરણના જ મનોરથ કરવા પડશે. જે ખીર ખાંડ ખજૂર ખાય, તેને તુચ્છ ભોજનમાં કોઇ દિવસ મન જાય ખરૂં ? વ્યાધિ સરખી આ બાલાને જો છેદી નાખું, તો નક્કી મારા મનમાં સમાધિ થઈ જાય.' એટલે મૂળા તેના ઉપર અપમાન, આક્રોશ, તર્જના, તિરસ્કાર, તાડન વગેરે કરવા લાગી. જાતિવાન સેવકની જેમ ચંદના સહન કરવા લાગી, પોતાની માતા માફક નિત્ય તેની આરાધના કરવા લાગી. આમ કરવા છતાં પણ ચંદના પ્રત્યે ઝેરના ઘડા ઉપર જેમ ઝેરવાળું ઢાંકણ કરવામાં આવે, તેમ અશુભ

ધ્યાન કરવા લાગી. હવે એક દિવસ ધનશેઠને બહારથી આવતાં ઘણું મોડું થયું. મનમાં કષાય કરતા આવ્યા છે, સેવકોને બૂમ પાડી, પણ કોઇ ઘરમાં રહેલા ન હતા, દરેક પોતપોતાના કાર્ય માટે બહાર ગયા હતા. એટલે ચંદના પાણી લેવા ચાલી અને પોતાના પિતાના પગ ધોઉં, વારંવાર શેઠે નિવારણ કરવા છતાં એકતાનથી વિનયથી પિતાના પગ ધોવા લાગી. સારી રીતે ઓળેલા લટકતા કેશ કલાપ અંબોડામાંથી છૂટા પડી કાદવમાં ન ખરડાય એટલે ધનાવહશેઠે પોતે વાળની વેણી પકડી રાખી. ચંદના તો એકતાનથી વિનયથી પગ ધોતી હતી. આ બીજા કોઇના દેખવામાં ન આવ્યું, પરંતુ બિલાડીની જેમ ધનાવહની પત્નીએ સર્વ બરાબર જોયું. ક્રોધ પામેલી તે એવું ચિંતવવા લાગી કે મારું કાર્ય નક્કી નાશ પામ્યું. હવે જ્યારે પતિ ઘરની બહાર જાય, ત્યારે પોતાની પુત્રી અને પતિને કલંક આપીશ. શેઠને એનો કેશપાશ બહુ પ્રિય છે. તો મૂળાએ પોતાના રોષ સ્વભાવાનુસાર આ દાસીને બોડા મસ્તકવાળી કરી નાખું. એમ વિચારી નાપિત હજામને બોલાવી મસ્તક મુંડાવરાવી નંખાવ્યું. પગમાં બેડીની સાંકળ બાંધી, ભોંયરામાં પૂરીને સોટીથી મારે છે અને પછી, પાણી આપવાનું પણ નિવારણ કર્યું, તથા દ્વાર ઉપર તાળું માર્યું. ત્યારપછી ઘરના દાસ-દાસી વર્ગને અને બીજા સમગ્રને નિષ્ઠુર વચનથી કહ્યું કે, 'આ વાત જો કોઇ શેઠને કહેશે, તો તેને માર પડશે, તેને ઘણો અનર્થ સહન કરવો પડશે.'

ત્યારપછી શેઠ આવ્યા અને બાલા દેખવામાં ન આવી. ગુણરત્નની માળા, વિશાળ ઉજ્જ્વલ યશવાળી પુત્રી રમત અને ક્રીડા કરવામાં પણ જેનું શરીર થાકી જાય છે, તેથી સુખે સુઇ ગઇ હશે. જ્યારે બીજા દિવસે પણ જોવામાં ન આવી, એટલે શેઠની ધીરજ ન રહી, તેને દેખવા માટે અતિ ઉત્કંઠિત થયા.

આદર સહિત પરિવારને તેના સમાચાર પૂછતાં મૂલાના ભયથી કોઇ શેઠને હકીકત કહેતાં નથી. વળી શેઠ વિચારવા લાગ્યા કે, ગુણભંડાર તે સખી પાસે રમવા ગઇ હશે એમ કરતાં જ્યારે ચોથો દિવસ થયો, ત્યારે શેઠ એકદમ કોપાયમાન થયા. ત્યારે બાલ્યકાલથી એક ગુણિયલ દાસી સેવા કરતાં કરતાં શેઠને ત્યાં જ ઘરડી થઈ હતી, તેણે જીવનનું જોખમ વહોરીને મૂલા શેઠાણીનું દુશ્ચરિત્ર જણાવ્યું. તે સાંભળી શેઠ મનમાં ઘણા જ દુઃખી થયા, મોગરનો ગાઢ પ્રહાર મારવા માટે ભોંયરામાં ગયા અને ઘણા વેગથી કુહાડી મારી તાળું તોડી નાખ્યું. પોતાના કરકમલમાં કપાલ સ્થાપન કરીને જેનું શરીર શિથિલ બની ગયું છે, એવી બાલાને રુદન કરતી દેખી. ત્રણ દિવસ કંઇ પણ ભોજન ગ્રહણ કરેલ ન હોવાથી એકદમ ભૂખી થએલી, જાણે હાથીએ કમલિનીને મૂળમાંથી ઉખેડી નાખી હોય, તેના સરખી આ બાલા ક્ષુધાના કારણે ભોજન ઇચ્છતી હતી. અત્યારે મૂળા પાસેથી તો કંઇપણ મેળવી શકાય તેમ ન હતું. કોઈ પ્રકારે બાફેલા અડદના બાકળા દેખ્યા, તે લઈને સૂપડાના ખૂણામાં

અર્પણ કર્યા.

ધનશેઠ બેડી ખોલવવા માટે લુહારને બોલાવવા માટે ગયા. ચંદના આ બાકળા દેખીને પોતાના પિતાના ઘરને યાદ કરી રડવાલાગી. 'મને લાગલાગટ ત્રણ ઉપવાસ થયા છે, અત્યારે તેવા કોઈ અતિથિ નથી કે જેમને પ્રતિલાભીને પછી હું પારણું કરું, આવી દુઃસ્થિતિમાં પણ જો કોઇ સાધુ ભગવંત મળી જાય, તો તેમને પ્રતિલાભીને પારણું કરું.' એ ભાવના ભાવતી હતી. તેવા સમયે ચંદનાના પુણ્યથી પ્રેરિત થયા હોય તેમ, સૂર્ય તીવ્ર તેજથી જેમ શોભતો હોયતેવા, અગ્નિમાં તપાવેલ સુવર્ણ કાંતિવાળા, જંગમ કલ્પવૃક્ષ સરખા અભિગ્રહવાળા મહાવીર ભગવંત પધાર્યા. શું બીજો મેરુ પર્વત અહિં ઉત્પન્ન થયો અથવા તો દીક્ષા ગ્રહણ કરેલ કામદેવ છે ? અથવા વૃદ્ધિમાન ધર્મદેહ છે ? તે ભગવંતને દેખીને ચિંતવવા લાગી કે, 'અહોહો ! અત્યારે અતિથિનો મને યોગ થયો. અહોહો ! મારો પુણ્યોદય કેટલો પ્રબળ છે ? અતિથિવિષયક મારા મનોરથ પૂર્ણ થયા. પ્રભુને ઘરે આવેલા દેખીને ઝકડાએલી છતાં ઉભી થઈ, ઊંબરાની બહાર એક પગ મૂકીને આંસુપ્રવાહ ચાલી રહેલો હતો અને કહેવા લાગી કે, 'હે ભગવંત ! આ અડદના બાકળા ગ્રહણ કરીને આપ પારણું કરો.' એ સાંભળીને 'પોતાનો અભિગ્રહ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ સ્વરૂપે પૂર્ણ થયો છે.' એમ સ્મરણ કરીને પોતાના હાથ લંબાવી અંજલિ એકઠી કરી, એટલે સૂપડાના ખૂણામાં રહેલા બાકળા વહોરાવ્યા. તીર્થંકર પરમાત્માના પારણા-મહોત્સવમાં પોતાના પરિવાર સહિત ઇન્દ્ર મહારાજા આવ્યા. બહાર દેવદુંદુભિ વાગવા લાગી ભગવંતનો અભિગ્રહ લાંબા સમયે પૂર્ણ થવાથી સર્વે લોકો આનંદ પામ્યા. સુગંધી પુષ્પસમૂહની વૃષ્ટિ થઇ. તે સમયે રત્ન-સુવર્ણના કંકણ, મણિના હાર, વસુધારાની વૃષ્ટિ થવા લાગી. દરેક ઘરે તોરણો, ધ્વજા, ચડઉતર કળશોની શ્રેણીઓ કરવામાં આવી હતી. વસ્ત્રો ઉછાળતા હતા. કેટલાક કાપાલિકો 'અહોહો ! સુંદર દાન આપ્યું.' એવી ઉદ્‌ઘોષણા કરતા હતા. હર્ષથી સુરસમુદાય નૃત્ય કરતા હતા. સીધા ચંચળ મોરપિછનો કલાપ હોય, તેમ ચંદનાના મસ્તક ઉપર કેશકલાપ ઉત્પન્ન થયો.

પગમાં સાંકળ ઝકડી હતી, તે અદશ્ય થઇને સુંદર મણિમય નુપૂર દેખાવા લાગ્યા, વસંત ઋતુમાં નવીન નવીન ઉત્તમ રંગવાળાં પુષ્પો સમાન પંચ વર્ણવાળાં સુંદર રેશમી વસ્ત્રો પહેરેલા દેખાયાં. (૭૫) વળી દરેક અંગો ઉપર મરકત, માણિક્ય, ચમકતાં મોતી, પદ્મરાગ વિદ્રુમના જડેલા અલંકારો અને આભૂષણોથી અલંકૃત થએલી, દૂર થયેલા દૂષણવાળી ચંદના વસ્ત્રાભૂષણથી સુશોભિત દેખાવા લાગી.

હવે શતાનિક રાજાને ખબર પડી, એટલે હાથીની ખાંધ પર આરૂઢ થઈને મૃગાવતી દેવી સાથે ત્યાં આવી પહોંચ્યો. રાજસભામાં બેસનાર લોકો પણ ત્યાં આવ્યા. બીજા પણ

તંબોલીઓ, સુથાર, ખેડૂત, વેપારીઓ, માળીઓ વગેરેએ આવીને તેને અભિનંદન આપ્યા. મૂલાનો તિરસ્કાર કર્યો. રાજાએ ચંદનાબાલાને અભિનંદતાં જણાવ્યું કે, 'હે સુંદરી ! તારો જન્મ સુંદર અને સફળ થયો છે. તારા નામનું કીર્તન કરવું તે પણ ગુણ કરનારું છે. દેવતાઓ પણ તારા ગુણની પ્રશંસા કરે છે અને તે ઉજ્જ્વલ પ્રશંસાથી જગતના ઉજ્જ્વલ ગૃહો પણ વિશેષ ઉજ્જ્વલ થાય છે.

વીર ભગવંતને તેં જ પારણું કરાવ્યું, તારા જેટલા બીજા કોઇ એટલા ગુણસમુદાયવાળા નથી, અરે ! માતંગને ઘરે હાથી કોઈ દિવસ બંધાય ? કુરંગને ત્યાં શું કામધેનુ દૂઝે ખરી ? (૮૦) આ પ્રમાણે કહીને અભિષેક કર્યો, મલિનતા દૂર કરી, સ્ત્રીકલંક નિવાર્યું. 'આ ચંદના મહાબુદ્ધિશાળી છે' - એમ મૃગાવતી રાણી બોલીને ચંદનાના પગમાં પડી, વસુધારાનું ધન રાજા સ્વાધીન કરવા લાગ્યો, એટલે ઇન્દ્રે તે દેખીને રોક્યો, જે કંઇપણ ધન વગેરે હોય, તે ચંદનાને અર્પણ કરવું, આ વિષયમાં બીજો કોઇ તેના પર અધિકારી નથી. ત્યારપછી તે ઘરના સ્વામી ધનાવહ શેઠને તે સર્વ ધન મૃગાવતીએ અર્પણ કર્યું. રાજાએ પણ તેમાં સમ્મતિ આપી એટલે શેઠે ઘરની અંદર મૂકાવ્યું. દધિવાહન રાજાનો સંપુલ નામનો એક વૃદ્ધ સેવક હતો, તે મૃગાવતી દેવી પાસે આવ્યો. ત્યાં ચંદનબાલાને દેખી તેને ઓળખીને તેના પગમાં પડી રુદન કરવા લાગ્યો, એટલે મૃગાવતીએ પૂછ્યું કે, 'કેમ રુદન કરવા લાગ્યો ?' ત્યારે તે વૃદ્ધે કહ્યું કે, 'આ તો દધિવાહન રાજાની પુત્રી વસુમતી છે. એ નિરાધાર થઇ. ચંપાનગરીનો ભંગ થયો, એટલે અહિં આવી છે. ત્યારે મૃગાવતી તેને જોઇને કહે છે કે, તું તો મારી બેનની પુત્રી-ભાણેજ છે. હે વત્સે ! મને આલિંગન આપી મારા દેહને શાંતિ પમાડ. એટલે ખૂબ આલિંગન આપ્યું, તેમજ એક-બીજાએ જુહાર કર્યા. પછી ઇન્દ્ર મહારાજાએ રાજાને કહ્યું કે, 'આ મારી આજ્ઞા સાંભળ. હે નરેશ્વર ! આ બાલાને તારે ત્યાં લઇ જા. કેટલાક માસ આ બાલાની સાર-સંભાળ બરાબર રાખજે. જ્યારે વીરભગવંતને કેવલજ્ઞાન પ્રગટ થશે, ત્યારે આ બાલા તેમની પ્રથમ શિષ્યા થશે.' રાજા ચંદનાને હાથીપર ચડાવીને તરત જ પોતાના મહેલમાં લઇ ગયો. ઈન્દ્રમહારાજા ચંદનાને દેવદુષ્ય નામનું ઉત્તમ વસ્ત્ર આપીને પોતાના સ્થાને ગયા. કન્યાના અંતઃપુરમાં ક્રીડા કરતી અને ભગવંતના કેવલજ્ઞાનની રાહ જોતી હતી.

ગ્રામ, ખાણ, નગરાદિકમાં વિહાર કરતાં કરતાં વીરસ્વામી જૃંભિત નામના ગામમાં પધાર્યા. ત્યાં ઋજુવાલુકા નદીના કિનારા પર વિશાળ શાલવૃક્ષ નીચે છઠ્ઠતપ કરીને રહેલા હતા. અપ્રમત્ત દશામાં બાર વરસ પસાર કર્યા, ઉપર સાડા છ માસ પણ વીતાવ્યા, એટલે વૈશાખ શુદિ ૧૦મીના શુભ દિવસે કેવલજ્ઞાન પ્રગટ થયું. કેવલજ્ઞાનના કલ્યાણકના પ્રભાવથી જેમનાં આસન કંપાયમાન થયાં છે-એવા બત્રીશ ઇન્દ્ર મહારાજાઓ તે ક્ષણે

કેવલજ્ઞાનનો મહોત્સવ ઉજવવા લાગ્યા, રત્ન, સુવર્ણ અને રૂપાના ત્રણ ગઢ સહિત રત્નોની કાંતિથી ઝળહળતું સમવસરણ ઉત્પન્ન કર્યું. તે સમવસરણ વિષે સિંહાસન ઉપર ભગવંત ચતુર્મુખ કરી ક્ષણવાર શોભવા લાગ્યા. ત્યાંથી ભગવંત પાવાપુરીએ પધાર્યા. પ્રાપ્ત કરેલા ગુણવાળા તીર્થંકર ભગવંતે ત્યાં ચાર પ્રકારના સંઘની સ્થાપના કરી તીર્થ પ્રવર્તાવ્યું. વળી ઉત્તમ ગુણવાળા ગૌતમાદિક અગીઆર ગણધરો અને નવ ગણો ભગવંતે સ્થાપન કર્યા. વળી ત્યાં આવેલી ચંદનબાલાને દીક્ષા આપીને સ્વામીએ મુખ્ય પ્રથમ સાધ્વી તરીકે સ્થાપન કરી.

પછી પ્રભુ પૃથ્વીને શોભાવતા વિહાર કરવા લાગ્યા. ભવ્યજીવોરૂપી કમલોને સૂર્ય માફક વિકસિત કરતા હતા. શ્રેણીક રાજાને ક્ષાયિક સમ્યક્ત્વ પમાડીને મહાન તીર્થંકર-નામ કર્મ પણ ઉપાર્જન કરાવ્યું. સિદ્ધાર્થરાજાના નંદન વીરપ્રભુએ ભવના બીજને મૂળમાંથી ઉખેડી નાખ્યું, સિંહ લંછનવાળા ભગવંતને ૧૪ હજાર મહાસંયમવાળા સાધુઓ હતા. તે ભગવંત ! મને સુંદર યશ અને મારા મનોવાંછિત ઇષ્ટફલ આપનારા થાઓ. હે દેવ ! ગોશાળો આપની સાથે પ્રતિસ્પર્ધા કરતાં પ્રસિદ્ધિ પામ્યો અને જગતમાં ખોટી ગર્જના કરવા લાગ્યો હતો. પોતનું નિઃસીમ ગુણવાળું નિર્વાણ જાણીને ભગવંત પાવાપુરી પહોંચ્યા. છેલ્લું અદ્વિતીય અતિશય શોભાયમાન સમવસરણ પાવાપુરીમાં શુલ્કશાળામાં વિકુર્વ્યું. ત્રીશ વરસ આપ ગૃહસ્થવાસમાં રહ્યા. સાડાબાર વર્ષ છદ્મસ્થપણામાં પસાર કર્યા, ત્રીશ વરસ સુધી અતિપ્રશસ્ત એવું તીર્થ ધારણ કરીને વિસ્તાર્યું. સર્વ આયુષ્ય આપનું બહોંતેર વર્ષ પ્રમાણ હતું. સાત હાથ પ્રમાણ આપની કાયા હતી. પ્રત્યક્ષ એવા આપના શાસનનું રક્ષણ કરનાર દોષરહિત માતંગ નામનો યક્ષ છે. સમકિતદૃષ્ટિઓને સહાય કરવામાં રક્ત એવી તમારા તીર્થમાં સિદ્ધાયિકા નામની દેવી છે. (૧૦૦) શ્રી સિદ્ધાર્થરાજાના નંદન-વીરપ્રભુ સુવર્ણ સરખી કાંતિયુક્ત શરીરવાળા પર્યંકાસને બેઠેલા કાર્તિક અમાવાસ્યાની રાત્રિએ સ્વાતિ નક્ષત્રમાં એકલા જ નિર્વાણ પામ્યા. આ પ્રમાણે ચંદનબાલા-પાણરકસન્ધિ પૂર્ણ થયો.

હવે તપ-કર્મની જેમ ભગવંતના ચરિત્રનું અવલોકન કરીને ક્ષમા પણ કરવી જોઇએ. તે અધિકાર કહે છે :-

## ૭. ક્ષમા રાખવાનો અધિકાર...

जइ ता तिलोयनाहो, विसहइ असरिसजणस्स ।
इय जीयंतकराई, एस खमा सव्वसाहूणं ।।४।।

જો કે ઋષભદેવ ભગવંતને તેવા અને તેટલા ઉપસર્ગો થયા નથી, તેઓ તો નિરુપસર્ગપણે વિચર્યા હતા. પરંતુ મહાવીર ભગવંતને તો ખેડૂત ગોવાલ સંગમ સરખા નીચ-હલકા-નિર્બળ લોકો તથા પશુઓએ જીવનો અંત કરનાર એવા મહાઉપસર્ગો કર્યા હતા. નીચ લોકો એમ કહેવાથી હલકા લોકોએ કરેલ ઉપસર્ગ સહન કરવો આકરો પડે છે, સંગમે ચક્ર ચોડ્યું હતું તે જીવનનો અંત કરનાર હતું. આવા ઉપસર્ગ સમયે પણ ભગવંતે તે ઉપસર્ગ કરનાર પ્રત્યે માધ્યસ્થપણું રાખ્યું હતું-ક્ષમા રાખી હતી. ભગવંતની ક્ષમા હૃદયમાં રાખીને સર્વ સાધુઓએ હલકા લોકોને તાડન, તર્જન, કુવચન કહ્યાં હોય; તેવા સમયે સમભાવપૂર્વક સહન કરી લેવું, પરંતુ સામે કોપ ન કરવો, અગર મનમાં વેર ન રાખવું.

"કોઈ ક્રોધી મનુષ્ય ઝેર સરખાં કટુક વચનો અમને સંભળાવે, તો તેમાં અમે ખેદ પામતા નથી, કોઈ સજ્જન કાનને અમૃત સમાન એવાં સુંદર વચનો કહે, તેમાં અમે ખુશી થતા નથી, જેની જેવી પ્રકૃતિ હોય, તે પ્રમાણે તે વર્તન કરે, તેની ચિંતા કરવાનું અમોને પ્રયોજન નથી. અમે તો એક જ નિશ્ચય કર્યો છે કે, અમારે તેવું કાર્ય-વર્તન કરવું, જેથી નક્કી જન્મરૂપી બેડીનો સર્વદા માટે નાશ થાય. અર્થાત્ સર્વકાર્ય કર્મનો ક્ષય થાય તે માટે જ કરવું."

અહિં આ ઉપદેશ રણસિંહ રાજાને માટે છે, તોપછી અહિં 'આ ક્ષમા સર્વ સાધુએ કરવી જોઈએ' એમ કેમ જણાવ્યું ? પ્રત્યુત્તરમાં જણાવે છે કે, તેને આગળ કરીને બીજાને પણ ઉપદેશ અપાય-તેમાં દોષ નથી. (૪)

## ૮. ઉપસર્ગ સમયે અડોલતા રાખવી

ઉપસર્ગોમાં નિષ્કંપતા રાખવી, તે ભગવંતના દૃષ્ટાંત દ્વારા સમજાવે છે -

**न चइज्जइ चालेउं, महइ महावद्धमाणजिणचंदो ।**
**उवसग्ग-सहस्सेहिं वि, मेरू जह वायगुंजाहि ।।५।।**

મોક્ષરૂપ મહાફલ મેળવવા માટે નિરંતર ઉદ્યમ કરનાર, દેવતા, મનુષ્યો અને તિર્યંચોએ કરેલા હજારો ઉપસર્ગ-પરિષહ અડોલપણે સહન કર્યા, તેથી વર્ધમાન જિનચન્દ્ર, તથા "ભૂમિતલ પર શયન કરવું, અંત-પ્રાન્ત ભિક્ષાથી ભોજન કરવું, સ્વાભાવિક પરાભવ થાય કે હલકા લોકોનાં દુર્વચનો સાંભળવાં પડે, તો પણ મનમાં કે શરીરમાં ખેદ-ક્લેશ ઉત્પન્ન કરતા નથી. તેમનું એક જ માત્ર લક્ષ્ય હોય છે કે, મહાફલ-મોક્ષ મેળવવા માટે નિરંતર પ્રયત્ન કરવો." અથવા જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મહોત્સવો વડે અતિ મહાન, સર્વોત્કૃષ્ટ તેજવાળા મહાવીર ભગવંત, શબ્દવાળા-ગુંજારવ કરતા સખત વાયરાથી મેરુ ચલાયમાન થતો નથી, તેમ મહાવીર ભગવંતની જેમ બીજા સાધુઓએ પણ ઉપસર્ગમાં નિષ્કંપ થવું

જોઈએ. (૫)

## ૯. વિનયઅધિકાર

હવે ગણધર ભગવંતને આશ્રીને વિનયનો ઉપદેશ કરતાં કહે છે -

**भद्दो विणीयविणओ, पढमगणहरो समत्तसुअनाणी ।**
**जाणंतो वि तमत्थं, विम्हिय-हियओ सुणइ सव्वं ।।६।।**

ભદ્ર એટલે કલ્યાણ અને સુખવાળા, કર્મ જેનાથી દૂર કરાય તે વિનય, વિશેષ પ્રકારે પ્રાપ્ત કરેલ છે વિનય જેમણે એવા વર્ધમાનસ્વામીના પ્રથમ શિષ્ય, શ્રુતકેવલી ગૌતમસ્વામી સર્વ જાણતા હોવા છતાં પણ બીજા સમગ્ર લોકોને પ્રતિબોધ કરવા માટે પ્રશ્નો પૂછતા હતા અને ભગવંત જ્યારે તેના ઉત્તરો આપતા હતા, ત્યારે વિસ્મયપૂર્વક રોમાંચિત પ્રફુલ્લિત નેત્ર ને મુખની પ્રસન્નતાપૂર્વક સર્વ શ્રવણ કરતા હતા; તે જ પ્રમાણે હંમેશાં વિનીત શિષ્યે બાહ્ય અભ્યંતર ભક્તિપૂર્વક ગુરુએ કહેલા અર્થો શ્રવણ કરવા જોઇએ. (૬) આ જ વાત લૌકિક દૃષ્ટાંતથી સ્પષ્ટ સમજાવે છે -

**जं आणवेइ राया, पगइओ तं सिरेण इच्छंति ।**
**इय गुरुजण-मुह-भणियं, कयंजलिउडेहिं सोयव्वं ।।७।।**

રાજા જે આજ્ઞા કરે છે, તેને પ્રજા મસ્તક પર ચડાવીને અમલ કરે છે, આ જ પ્રમાણે શાસ્ત્રના અર્થને કહે તે ગુરુ, એવા ગુરુ મહારાજના મુખમાંથી કહેવાએલ ઉપદેશ આદર સહિત કાનની અંજલિ કરવાપૂર્વક શ્રવણ કરવો જોઈએ. (૭) શા માટે ગુરુવચન શ્રવણ કરવું ? તે કહે છે -

**जह सुरगणाण इंदो, गह-गण-तारागणाण जह चंदो ।**
**जह य पयाण नरिंदो, गणस्स वि गुरू तहाणंदो ।।८।।**

જેમ દેવતા-સમૂહમાં ઈન્દ્ર, જેમ મંગલ વગેરે તારાગણમાં ચન્દ્ર, પ્રજામાં નરેન્દ્ર પ્રધાન ગણાય છે, તેમ સાધુ-સમુદાયમાં ગુરુમહારાજ આત્માને આનંદ કરાવનાર હોવાથી પ્રધાન છે.

આ પ્રમાણે હોવાથી જન્મ અને પર્યાયથી અતિ નાના ગુરુ હોય અને તેને કોઇક પરાભવ પમાડતું હોય, તેને દૃષ્ટાંત દ્વારા શિખામણ આપે છે.

**बालोत्ति महीपालो, न पया परिहवइ एस गुरु उवमा ।**
**जं वा पुरओ काउं, विहरंति मुणी तहा सो वि ।।९।।**

"આ રાજા બાળક છે.' એમ કરીને પ્રજા તેનો પરભાવ કરતી નથી; એ પ્રમાણે ગુરુ-આચાર્યની ઉપમા જાણવી. આચાર્યની વાત બાજુ પર રાખો, પરંતુ સામાન્ય સાધુ વય અને દીક્ષા પર્યાયથી નાનો હોય, પરંતુ ગીતાર્થપણે દીવા સમાન ગણી તેને ગુરુપણે સ્વીકારવા અને તેમની આજ્ઞાનુસાર વિહાર કરવો, તેમની અવગણના ન કરવી. તેમનો પરાભવ કરવાથી દુસ્તર ભવદંડની પ્રાપ્તિ થાય છે - એમ અભિપ્રાય સમજવો. (૯)

શિષ્યોને ઉપદેશ આપીને હવે ગુરુનું સ્વરૂપ કહે છે -

**पडिरूवो तेयस्सी, जुगप्पहाणागमो महुर-वक्को ।**
**गंभीरो धीमंतो, उवएसपरो य आयरिओ ।।१०।।**

## ૧૦. આચાર્યનાં ૩૬ ગુણોની વિધિધતાં

**अपरिस्सावी सोमो, संगह-सीलो अभिग्गहमई य ।**
**अविकत्थणो अचवलो, पसंत-हियओ गुरू होइ ।।११।।**

વિશિષ્ટ પ્રકારની અવયવ-રચનાવાળા રૂપયુક્ત, આમ કહીને શરીરની રૂપ-સમ્પત્તિ જણાવી. પ્રતિભાયુક્ત, વર્તમાનકાળમાં બીજા લોકોની અપેક્ષાએ પ્રધાન હોવાથી યુગપ્રધાન, બહુશ્રુત-આગમના જ્ઞાનવાળા, મધુર વચન બોલનાર, ગંભીર-બીજાઓ જેના પેટની વાત ન જાણી શકે-તુચ્છતારહિત, ધૃતિવાળા-સ્થિર ચિત્તવાળા, શાસ્ત્રાનુસારી વાણીથી મોક્ષમાર્ગને પ્રવર્તાવનાર - આ જણાવેલા ગુણવાળા આચાર્ય થાય છે. (૧૦)

તથા બીજાએ કહેલી પોતાની ગુપ્ત હકીકત બીજા કોઇને ન કથન કરનાર, આકૃતિ દેખવા માત્રથી આલ્હાદ કરાવનાર, શિષ્ય અને સમુદાયમાં જરૂરી એવાં વસ્ત્ર, પાત્ર વગેરે સંયમનાં સાધનો ગ્રહણ કરવામાં તત્પર, ગણવૃદ્ધિનું કારણ હોવાથી, દ્રવ્યાદિક અભિગ્રહ ગ્રહણ કરનાર-કરાવનાર એવા બુદ્ધિવાળા, પરિમિત બોલનાર આત્મપ્રશંસા ન કરનાર, ચપળ સ્વભાવ રહિત, ક્રોધાદિક રહિત, આવા પ્રકારના ગુણવાળા આચાર્ય ગુરુ થઈ શકે છે. કહેલું છે કે - "બુદ્ધિશાળી-સમગ્ર શાસ્ત્રના પરમાર્થ જેણે પ્રાપ્ત કરેલા હોય, લોકોની મર્યાદાના જાણકાર, નિઃસ્પૃહ, પ્રતિભાવાળા, સમતાયુક્ત, ભાવીકાળ લાભાલાભ દેખનાર, ઘણે ભાગે પ્રશ્નોના પ્રત્યુત્તરો આપવામાં સમર્થ, પારકાના હિત કરનાર, બીજાના અવર્ણવાદ ન બોલનાર, ગુણના ભંડાર, એવા આચાર્ય તદ્દન ગમે તેવા સુંદર શબ્દોથી ધર્મોપદેશ આપનાર હોય છે." (૧)

આચાર્યના ગુણવિષયક આ બે ગાથા જણાવી. તેમાં ઉપલક્ષણથી આચાર્યના છત્રીશ ગુણો પ્રવચનમાં આ પ્રમાણે કહેવાય છે -

જ્ઞાન સંબંધી આઠ આચાર, દશ પ્રકારનો અવસ્થિત કલ્પ, બાર પ્રકારનો તપ અને છ આવશ્યકો એમ આચાર્યના છત્રીશ ગુણો હોય છે.

(૧) આચેલક્ય (૨) ઔદ્દેશિક, (૩) શય્યાતર અને (૪) રાજાનો પિંડ, (૫) રત્નાધિકને વંદન, (૬) મહાવ્રત (૭) વડીદીક્ષામાં મોટા કોને કરવા, (૮) પ્રતિક્રમણ, (૯) માસકલ્પ (૧૦) પર્યુષણા કલ્પ આ દશ પ્રકારનો કલ્પ છે.

સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર એ દરેકના આઠ આઠ ભેદ, બાર પ્રકારનો તપ એ પ્રમાણે છત્રીશ ગુણો આચાર્યના છે.

આઠ પ્રકારની ગણી સંપત્તિ, દરેકને ચાર ચારથી ગુણાકાર કરવાથી બત્રીશ થાય. ચાર ભેદવાળો વિનય એમ બીજા પ્રકારે ગુરુના ૩૬ ગુણો થાય.

આઠ પ્રકારની ગણિસંપત્તિ-૧. આચાર, ૨. શ્રુત, ૩. શરીર, ૪. વચન, ૫. વાચના, ૬. મતિ, ૭. પ્રયોગમતિ, ૮.

સંગ્રહપરિજ્ઞા. આ દરેક વિષયની સંપત્તિવાળા આચાર્ય ભગવંતો હોય છે.

૧. તેમાં આચાર-સંપત્તિ ચાર પ્રકારની, તે આ પ્રમાણે :-

૧ સંયમધ્રુવયુક્તતા, ૨ અસંપ્રગ્રહતા, ૩ અનિયતવૃત્તિતા, ૪ વૃદ્ધશીલતા.

૨ શ્રુતસંપત્તિ ચાર પ્રકારની - ૧. બહુશ્રુતતા, ૨ પરિચિતસૂત્રતા, ૩ વિચિત્રસૂત્રતા, ૪ ઘોષાદિવિશુદ્ધિસંપન્નતા.

૩ શરીરસંપત્ ચાર પ્રકારની - ૧ આરોહ-પરિણાહયુક્તતા, ૨ અનવદ્યાંગતા, ૩ પરિપૂર્ણ ઇન્દ્રિયતા, ૪ સ્થિર સંહનતા.

૪ વચનસંપત્ ચાર પ્રકારની - ૧ આદેયવચનતા, ૨ મધુરવચનતા, ૩ અનિશ્ચિતવચનતા, ૪ અસંદિગ્ધ વચનતા.

૫ વાચનાસંપત્ ચાર પ્રકારની - ૧ જાણીને ઉદ્દેશ કરવો, ૨ જાણીને સમુદ્દેશ કરવો, ૩ સામાને સંતોષ-શાંતિ થાય તેમ કથન કરવું, ૪ અર્થમાં સંતોષ-શાંતિ થાય તેમ કહેવું.

૬ મતિસંપત્ - ૧ અવગ્રહ, ૨ ઈહા, ૩ અપાય, ૪ ધારણા.

૭ પ્રયોગમતિસંપત્ - ૧ આત્મ, ૨ પુરુષ, ૩ ક્ષેત્ર, ૪ વસ્તુનું જ્ઞાન.

૮ સંગ્રહપરિજ્ઞાસંપત્ - ૧ દુર્બલ-ગ્લાન-ઘણા સાધુ સમુદાય-વર્ગને નિર્વાહયોગ્ય ક્ષેત્ર શોધી ગ્રહણા કરવા રૂપ, ૨ નિષદ્યા-કોઇ અધર્મ ન પામે-શાસન મલિનતા ન પામે તેમ પાટ-પાટલા પ્રાપ્ત કરવારૂપ, ૩ યથાસમય સ્વાધ્યાય, પડિલેહણા ભિક્ષા-ભ્રમણ ઉપધિ મેળવવારૂપ, ૪ દીક્ષા આપનાર, ભણાવનાર, રત્નાધિક વગેરેની ઉપધિ ઉપાડવી, વિશ્રામણા, બહારથી કોઇ રત્નાધિક આવે, ત્યારે ઉભા થવું, આસન આપવું, દંડ લઈ લેવો તે રૂપ.

વિનય ચારપ્રકારનો - ૧ આચારવિનય, ૨ શ્રુતવિનય, ૩ વિક્ષેપણાવિનય ૪ દોષનિર્ઘાતન

એમ ૪ X ૯ = ૩૬

અથવા તો પ્રમાણે -

દેશ-કુલ-જાતિ-રૂપ, સંઘયણ, ધૃતિયુક્ત, નિસ્પૃહ, નિંદા ન કરનાર, માયા વગરનો, ભણેલું બરાબર ક્રમસર યાદ રાખનાર, જેનું વચન દરેક માન્ય રાખે (૧૦૦૦) પરિષહ જિતનાર, નિદ્રા જિતનાર, મધ્યસ્થ, દેશ-કાલ-ભાવને જાણનાર, ટૂંકા કાળમાં પ્રતિભા પ્રાપ્ત કરનાર, વિવિધ દેશની ભાષા જાણનાર, પાંચ પ્રકારના આચારયુક્ત, સૂત્ર-અર્થ-તદુભયની વિધિના જાણકાર, દૃષ્ટાન્ત, હેતુ, કારણ-એમ તર્ક નયશાસ્ત્રમાં નિપુણ, બીજાને તત્ત્વ સમજાવીને બરાબર ગ્રહણ કરાવવામાં કુશળ, સ્વસિદ્ધાંત અને પરમતના સિદ્ધાંતના જાણનાર, સંભીર તેજસ્વી, કલ્યાણકર, સૌમ્ય, સેંકડો ગુણયુક્ત, પ્રવચનનો સાર કહેવામાં અપ્રમત્ત.

કહી ગએલા કેટલાકની ઉપયોગદ્વારથી કંઈક વ્યાખ્યા કહેવાય છે. ૧ આર્યદેશમાં જન્મેલાને સુખે કરીને સમજાવી શકાય છે. ૨ વિશિષ્ટકુલમાં ઉત્પન્ન થએલ હોય તે ચાહે તેટલો ભાર વહન કરે, તોપણ થાકતો નથી. માતાનું કુલ ઉત્તમ હોય તે જાતિવાળો વિનયવાળો થાય છે. ૪ રૂપવાળો હોય, તેનું વચન દરેક આદરપૂર્વક સ્વીકારે છે. ૫ દૃઢ સંહનનવાળો વ્યાખ્યાન, તપ, ક્રિયાદિઅનુષ્ઠાનમાં ખેદ પામતો નથી. ૬ ધૃતિવાળાને કોઈ તેવું સંકટ આવી પડે, તો દીનતા વહેતો નથી. ૭ શ્રોતાઓ પાસેથી વસ્ત્રાદિકની અભિલાષા રાખતો નથી. ૮ બહુબોલનારો કે આત્મપ્રશંસા કરનાર ન થાય. ૯ શિષ્યો સાથે કપટભાવથી ન વર્તે. ૧૦ સૂત્ર એવાં પરિચિત કર્યાં હોય, જેનો અર્થ ભૂલી ન જાય. ૧૧ જેના વચનનું કોઈ ઉલ્લંઘન ન કરે, ૧૨ પરવાદીઓથી ક્ષોભ ન પામે. ૧૩ નિદ્રાને જિતેલી હોવાથી અપ્રમત્તપણે વ્યાખ્યાનાદિ કાર્યોમાં પ્રવૃત્તિ કરે. અતિશય નિષ્કારણ સૂનાર શિષ્યોને શિખામણ આપનાર હોય. ૧૪ મધ્યસ્થ પક્ષપાતરહિત ગચ્છને સારી રીતે સાચવી શકે છે. ૧૫-૧૬-૧૭ દેશ-કાલ-ભાવને જાણનાર દેશાદિકના ગુણો જાણીને યથાયોગ્ય વિચરે છે અને હૃદયને જિતનારી દેશના આપે છે. ૧૮ ઉત્તમ જાતિ-કુળવાળો ગમે તેવા પ્રશ્નોના ઉત્તર આપવા સમર્થ બની શકે છે. ૧૯ જુદા જુદા દેશમાં જન્મેલા શિષ્યોને ધર્મમાર્ગે જોડવામાં તે સમર્થ બની શકે છે કે, જેણે વિવિધ દેશની ભાષાઓ જાણેલી હોય. ૨૦-૨૪-જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચારરૂપ પાંચ પ્રકારના આચારવાળો હોય, તો તેનું વચન શ્રદ્ધા કરવા લાયક થાય છે. ૨૫-સૂત્ર, અર્થ અને તદુભય જાણનાર ઉત્સર્ગ-અપવાદ સારી રીતે પ્રરુપણા કરી શકે છે. ૨૬-૨૯ ઉદાહરણ, હેતુ, કારણ, તર્કનિપુણ આ સર્વ જાણનાર હોય તેથી સમજી શકાય એવા પદાર્થોના ભાવોને સારી રીતે

પ્રરૂપી શકે છે, એકલા આગમનું શરણ કે આધારમાત્ર ન સ્વીકારે તેમાં ઉદાહરણો અગ્નિઆદિની સિદ્ધિમાં રસોડા વગેરેનાં દૃષ્ટાન્તો, હેતુઓ જેનાથી સાધ્ય જાણી શકાય તેવા ધૂમવાન પર્વત વગેરે, કારણો નિમિત્ત કારણ, પરિણામી કારણ, ઘડા બનાવવામાં ચક્ર, કુંભાર, માટીનો પિંડ વગેરે માફક, નયો-નૈગમ, સંગ્રહ, વ્યવહાર વગેરે. ૩૦ મંદબુદ્ધિવાળા શિષ્યોને અનેક પ્રકારે સમજાવીને શિષ્યને અર્થ ગ્રહણ કરાવવામાં કુશળ. ૩૧ બીજામતનું ખંડન કરીને પોતાનો મત સુખપૂર્વક પ્રરૂપે. ૩૨ ગંભીર-ગમે તેવું મહાન કાર્ય સિદ્ધ કરીને 'મેં આ કર્યું' એમ અભિમાન ન કરે. ૩૩ તેજસ્વી પરવાદીઓ જેને દેખીને ક્ષોભ પામે. ૩૪ મરકી આદિ મહારોગના ઉપદ્રવને દૂર કરનાર, ૩૫ સૌમ્ય-પ્રશાન્ત દૃષ્ટિ હોવાથી સમગ્ર લોકોને પ્રીતિ ઉત્પન્ન કરાવનાર. ૩૬ આવા પ્રકારના સેંકડો ગુણોથી યુક્ત હોય, તે આગમરહસ્ય કહેવા માટે સમર્થ થઇ શકે છે. (૧૧)

કયા કારણથી ગુરુના આટલા ગુણો તપાસવા જોઈએ ?

**कइया वि जिणवरिंदा, पत्ता अयरामरं पहं दाउं ।**
**आयरिएहिं पवयणं, धारिज्जइ संपयं सयलं ।।१२।।**

કોઇક કાળ એવો હશે કે - જ્ઞાન, સમ્યક્ત્વ, ચારિત્રરૂપ મોક્ષમાર્ગ ભવ્ય જીવોનો આપીને જન્મ-જરા-મરણરહિત એવો મોક્ષ તેઓએ પ્રાપ્ત કરેલો હશે. તેમના વિરહમાં પણ તેમના પ્રભાવથી આ શાસન તે જ મર્યાદાપૂર્વક ચાલશે. અત્યારે ચતુર્વિધ સંઘ અથવા સમગ્ર દ્વાદશાંગીરૂપ પ્રવચન આચાર્યો ધારણ કરે છે અને તેમની પરંપરા આ પ્રવચન ટકાવી રાખશે. ગુણરહિત આ પ્રવચન ધારણ કરી શકતા નથી, માટે તેમના ગુણ તપાસવા તે યુક્ત છે. (૧૨)

## ૧૧. સાધ્વીજીને વિનયોપદેશ

શિષ્યોને ગુરુ વિનય ઉપદેશીને, વિનય યોગ્ય ગુરુની વ્યાખ્યા સમજાવીને સાધ્વીજીને વિનય કરવાનો ઉપદેશ આપે છે.

**अणुगम्मइ भगवई, रायसुयज्जा-सहस्स-विंदेहिं ।**
**तह वि न करेइ माणं, परिच्छइ तं तहा नूणं ।।१३।।**

**दिण-दिक्खियस्स दमगस्स, अभिमुहा अज्जचंदणा अज्जा ।**
**नेच्छइ आसण-गहणं, सो विणओ सव्वअज्जाणं ।।१४।।**

કથાનક કહેવાશે, એટલે ગાથાનો અર્થ આપોઆપ પ્રગટ થશે.

કૌશાંબી નગરીમાં અત્યંત દરિદ્ર શેડુવક નામનો કોઇ કુલપુત્ર હતો. તે કાકંદી નગરીમાંથી કંટાળીને આવેલો હતો. કૌશાંબીના રાજમાર્ગમાં આમ-તેમ ફરતાં ચંદના સાધ્વીને જતાં જોયાં. કામદેવ વસંત ચંદ્રને પોતાના રૂપથી પરાભવ પમાડતી હોવા છતાં મનોહર વસંતલક્ષ્મી માફક તે શોભતી હતી. ચારે બાજુ જળસમૂહ પ્રસરવાથી આવેલા કલહંસોથી મહોદયવાળી, અતિશય જેમાં મેઘો વ્યાપેલા છે-એવી વર્ષાલક્ષ્મી સરખી હોવા છતાં કાદવ વગરની, બીજા પક્ષે લાંબા હસ્ત યુગલવાળી, સુંદર બુદ્ધિશાળી જ્ઞાનાદિક લક્ષ્મીવાળી, પાપપંક વગરની ચંદના સાધ્વી. શરદલક્ષ્મી અને હેમંતલક્ષ્મીની જેમ શોભતી, અનેક સામંત, મંત્રી, રાજા, શ્રેષ્ઠી, સાર્થવાહ-પુત્રો સાથે તથા પગલે પગલે અનેક સાધ્વીઓથી અનુસરાતી, રાજાઓ અને પ્રધાન લોકો વડે પ્રશંસા કરાતી હતી. ત્યારે કૌતુકમનવાળા શેડુવક દરિદ્રે એક મનુષ્યને પૂછ્યું કે, આ મસ્તકે કેશ વગરની, પવિત્ર પરિણામવાળી, સરસ્વતીદેવી સરખા શ્વેત વસ્ત્રવાળી કોણ છે ? ત્યારે તેણે પ્રત્યુત્તર આપ્યો કે, દધિવાહન રાજાની પુત્રી અને મહાવીર ભગવંતની પ્રથમ શિષ્યા અને સર્વ સાધ્વીઓનાં સ્વામિની-ગુરુણી બનાવ્યાં છે. આ ચંદનબાલા ચંદન માફક શીતળ અને સ્વભાવથી સુગંધવાળાં છે. તેની પાછળ પાછળ ચાલતો તે સુસ્થિત ગુરુની વસતિમાં ગયો. ગુરુને વંદના કરી તેમની સમક્ષ બેઠો. તેમના ગુણો જાણીને આચાર્યે પૂછ્યું કે, 'હે વત્સ ! કયા કારણથી તું અમારા પાસે આવ્યો છે ? વિસ્મય, પ્રમોદ વગેરે જે ધર્મનાં કારણો ચંદનાને દેખી થયાં હતાં, તે શેડુવકે જણાવ્યાં. ચંદના સાધ્વી પોતાના ઉપાશ્રયે ગયા પછી તેને સુંદર ભોજન કરાવ્યું. તે વિચારવા લાગ્યો કે - 'અહો ! આ લોકો કેવા કરુણાના સમુદ્ર છે કે - આવતાંની સાથે પ્રથમ બોલાવનારા છે, ગુણીઓને વિષે પ્રથમ ઉપકાર કરવામાં આદરવાળા છે, અતિદીન દુઃખીઓની કરુણા કરનારા પુરુષરત્નો છે.

"આધિ, વ્યાધિ, ઉપાધિ, વ્યથા, મરણાદિના પ્રચંડ દુઃખથી દીનાતાવાળા, વિષમકષાયાધીન, દુર્બળ જન્તુઓને સાક્ષાત્ દેખીને પ્રશસ્ત કરુણાના રસવાળી ચિત્તવૃત્તિ જે સત્પુરુષોની થાય છે, ભુવનમાં તે પુરુષો કોને નમવા યોગ્ય બનતા નથી ?"

માતંગીના બોડા કંઠા વગરના ઘડા સરખો હું ક્યાં ? અને આ પ્રભુ ક્યાં ? તે આર્યાઓને પણ વંદનીય એવી, મારા દુષ્કૃત પર્વતને ભેદનાર વજ્ર સમાન એવી પ્રવ્રજ્યા ગ્રહણ કરવા તૈયાર થયો છું. તો તે જ ક્ષણે દીક્ષા અને શિક્ષા ગુરુએ તેને આપી. આચાર્ય ભગવંતે આ સાધુને સંયમમાં સ્થિર કરવા માટે ચંદના સાધ્વીના ઉપાશ્રયે બે ગીતાર્થ સાધુ સાથે મોકલ્યો. નવદીક્ષિત સાધુને દૂરથી આવતા દેખ્યા, એટલે ચંદના સાધ્વી ઉભી થઈ, સપરિવાર સન્મુખ ગઈ. ઉપાશ્રયમાં આવ્યા, એટલે આસન આપ્યું. સાધુઓ બેઠા છતાં પોતે ભૂમિપર બેસવા ઇચ્છા કરતી નથી. બે હાથની અંજલિ કરીને સન્મુખ જાનુ ઉપર બેઠેલી

આવવાનું પ્રયોજન પૂછે છે; એટલે નવીન સાધુ સાધ્વીનો નિષ્કારણ વિનય દેખીને ચિંતવવા લાગ્યો કે, જિનધર્મ જયવંતો વર્તી રહેલો છે. પ્રત્યુત્તરમાં જણાવ્યું કે, સંયમયાત્રા મને કેમેય પ્રાપ્ત થઈ, પૂજ્યોએ તમારી પાસે મને મોકલ્યો છે. અહિં આવવાથી તમને દેખવાથી મારા આત્મામાં મહાસમાધિ ઉત્પન્ન થઇ, ચિત્તની સ્થિરતા અને ધર્મની દૃઢતા મેળવીને તે સાધ્વીની વસતિમાંથી ગુરુ પાસે ગયો. આ પ્રમાણે બીજી આર્યાઓએ વિનયવૃત્તિ કરવી જોઈએ. ગાથાઓનો અર્થ આ પ્રમાણે - રાજપુત્રી ભગવતી આર્યચન્દના સાધ્વી હજારો આર્ય લોકોના સમૂહથી આદરથી અનુસરાતી હતી, છતાં અહંકાર કે માન મનમાં બિલકુલ કરતી ન હતી. જેમકે હું રાજપુત્રી, સર્વસાધ્વીઓમાં હું મુખ્ય પ્રધાન છું, તો આ દ્રમકનું અભ્યુત્થાન, વિનય શા માટે કરું ? જે કારણ માટે તે સમજતી હતી કે, આ ચારિત્રના ગુણનો પ્રભાવ છે, પણ મારો પ્રભાવ નથી (૧૩-૧૪) તેથી શું નક્કી થયું ?

## ૧૨. પુરુષની પ્રધાનતા (જ્યેષ્ઠતા)

वरिससय-दिक्खयाए, अज्जाए अज्ज-दिक्खिओ साहू ।
अभिमण-वंदण-नमंसणेण विणएण सो पुज्जो ।।१५।।

धम्मो पुरिस-प्पभवो, पुरिसवर-देसिओ पुरिस-जिट्ठो ।
लोए वि पहू पुरिसो, किं पुण लोगुत्तमे धम्मे ? ।।१६।।

संवाहणस्स रन्नो, तइया वाणारसीए नयरीए ।
कण्णा-सहस्समहियं, आसी किर रूववंतीणं ।।१७।।

तह वि य सा रायसिरी, उल्लटंती न ताइया ताहिं।
उयर-ट्ठिएण एक्केण, ताइया अंगवीरेण ।।१८।।

સો વર્ષની દીક્ષિત સાધ્વીએ એક દિવસનો દીક્ષિત સાધુ હોય, તો પણ સન્મુખ જવું, વંદન અને નમસ્કારરૂપ વિનય કરવાવડે પૂજ્ય છે. ધર્મ પુરૂષથી ઉત્પન્ન થાય છે, શ્રેષ્ઠ પુરુષે ઉપદેશેલો છે, તેથી પુરુષ જ શ્રેષ્ઠ છે. લોકને વિષે પણ પુરુષ સ્વામી થાય છે, તો પછી લોકોત્તર અને લોકમાં ઉત્તમ એવા ધર્મમાં પુરુષની જ શ્રેષ્ઠતા છે. અભિગમન એટલે સામા જવું, ગુણની સ્તવના કરવારૂપ વન્દન, દ્વાદશાવર્ત વંદન કરવા પૂર્વક નમ્ર થવું, સાધુ-સાધ્વીને પૂજ્ય શા માટે ગણાય છે ? દુર્ગતિમાં પડતા પ્રાણીને ધારી રાખે અને શુભ સ્થાનમાં સ્થાપન કરે, તે કારણે ધર્મ્મ કહેવાય છે. શ્રુતચારિત્રરૂપ તે ધર્મ, ગણધરાદિકથી ઉત્પન્ન થએલો છે. તેઓએ સૂત્રમાં ગૂંથેલો હોવાથી, ચારિત્ર પણ શ્રુતદ્વારા જ પ્રતિપાદન

કરેલ છે. પુરુષોમાં શ્રેષ્ઠ એવા તીર્થંકર ભગવંતોએ આ શ્રુત-ચારિત્ર ધર્મ અર્થથી કહેલો છે. (૧૫-૧૬)

વારાણસી નગરીમાં સંવાહણ રાજાને અદ્‌ભુત રૂપવાળી રંભાનો પરાભવ કરનારી હજાર ઉપરાંત પુત્રીઓ હતી. એક રાણી ગર્ભવતી હતી અને રાજા મૃત્યુ પામ્યો. બીજા રાજાઓ આવીને રાજ્યશ્રી ગ્રહણ કરવા લાગ્યા. નિમિત્તયાએ તે રાજાઓને નિવારણ કર્યા કે, આમાં તમારું કલ્યાણ નથી. કારણકે, રાણીના પેટમાં શરીરથી વીર એવો એક પુત્ર છે, તેના પુણ્ય-પ્રભાવથી તમારો અવશ્ય પરાભવ થવાનો છે. તે રાજાઓ ચાલ્યા ગયા અને રાજ્ય પુત્રના પ્રભાવથી વૃદ્ધિ પામવા લાગ્યું. હજાર પુત્રીઓ વિનાશ પામતી રાજ્યલક્ષ્મીને રક્ષણ કરી શકી નહિં, પરંતુ ગર્ભમાં રહેલ એક અંગવીર પુત્રે રાજ્યલક્ષ્મીનું રક્ષણ કર્યું. (૧૭-૧૮)

**महिलाण सुबहुयाण वि, मज्झाओ इह समत्थ-घर-सारो ।**
**राय-पुरिसेहिं निज्जइ, जणे वि पुरिसो जहिं नत्थि ।।१९।।**

**किं परजण-बहु-जाणावणाहिं वरमप्पसक्खियं सुकयं ।**
**इय भरह-चक्कवट्टी, पसन्नचंदो य दिट्ठंता ।।२०।।**

આ જગતમાં પણ જ્યાં પુરુષ-પુત્ર નથી, ત્યાં ઘણી સ્ત્રીની મધ્યમાંથી પણ સમગ્ર ઘરના સાર પદાર્થો રાજપુરુષો લઇ જાય છે.લૌકિક દૃષ્ટાન્તો આપીને પુરુષ પ્રધાન ધર્મ કહ્યો, તથા જેઓ આકરી તપસ્યા વગેરે કરીને લોકોને રંજન ન કરી શકે, તે જ ધર્મ કહેવાય એમ ચિંતવનાર પ્રત્યે જણાવે છે. હે આત્મા ધર્મ કરીને બીજા લોકોને જણાવવાથી શો લાભ ? આત્મસાક્ષીએ કરેલો ધર્મ શ્રેષ્ઠ છે. આ વિષયમાં ભરતમહારાજા અને પ્રસન્નચંદ્રનાં દૃષ્ટાંતો વિચારી લેવાં. (૧૯-૨૦)

## ૧૩. ભરત મહારાજાનો આત્મસાક્ષિક ધર્મ -

અહિં પરોપકાર કરવારૂપ તેલ જેમાં છે, દશે દિશાઓમાં જેમનો પ્રકાશ ફેલાય છે એવા ઋષભદેવ ભગવંતરૂપ દીપક નિર્વાણ પામ્યા પછી દેવલોકમાં જેમ ઇન્દ્ર મહારાજા, તેમ છ ખંડથી શોભાયમાન ભરતમાં પ્રજાવર્ગનું લાલન-પાલન શ્રી ભરત ચક્રવર્તી કરતા હતા. સુંદર શ્રેષ્ઠ શૃંગાર સજેલી, હાવભાવ સહિત અભિનય કરતી ૬૪ હજાર તરુણીઓની સાથે તે વિષયસુખ ભોગવતા હતા. કોઈ વખત ભરત મહારાજાએ હરિચંદન રસનું શરીર વિલેપન કરી દિવ્ય સુંદર વસ્ત્રો પહેરીને કડાં, કંદોરો, કુંડલ, બાજુબંધ, મુગુટ વગેરે અલંકારો પહેર્યાં. આ પ્રમાણે આભૂષણોથી અલંકૃત બની શરીર શોભા દેખવા માટે નિર્મલ

સ્ફટિકમય આદર્શગૃહમાં પ્રવેશ કર્યો. આભૂષણોથી અલંકૃત દરેક અંગોનું વારંવાર નિરીક્ષણ કરતા હતા; એટલામાં અંગુલિરૂપ કોમલ કિસલયથી મુદ્રિકા સરી પડી એટલે તે આંગળી શોભા વગરની દેખાવા લાગી. આંગળી શોભા વગરની દેખીને બાકીના સર્વ અંગોનાં આભૂષણો ઉતારીને પોતાનું સ્વાભાવિક રૂપ ભરત મહારાજાએ જોયું.

તે સમયે સર્વાભૂષણથી રહિત શરીર-શોભા એવી દેખાવા લાગી કે, ગ્રહો, તારાગણ અને ચંદ્ર વગરનું આકાશમંડલ હોય અથવા જેમાંથી સર્વ કમલો ઉખાડી નાખેલાં હોય એવું સરોવર અથવા તો નસોરૂપ દોરડીથી બાંધેલ, ચામડાથી મઢેલ, હાડકાં, ફેફસાં, આંતરડાના સમૂહ જેવું આ શરીર છે. આવા પ્રકારનું આભૂષણ રહિત શરીર શોભા વગરનું દેખીને ભરત મહારાજા ચિંતવવા લાગ્યા અને મહાસંવેગથી ઉગ્ર વૈરાગ્ય ઉલ્લસિત થયો કે, આવા અસાર શરીરનું મારે હવે પ્રયોજન નથી. કાલાગુરુ, કસ્તૂરી, કેસર, ઘનસાર, કે તેવા ઉત્તમ સુગંધી પદાર્થોથી, શ્રેષ્ઠ આભૂષણોથી આ શરીરને સાચવીએ, લાલન-પાલન કરીએ કે શોભાવીએ તો પણ સ્વભાવથી જ આ શરીર અસાર છે. શ્મશાનમાં સર્વાંગે અલંકૃત કરેલ કલેવર અગ્નિથી દૂષિત થઈ બળી જાય છે અને પોતાનો સ્વભાવ ત્યાગ કરે છે, તેમ આ નિર્ભાગી દેહ પોતાના સ્વભાવનો ત્યાગ કરતો નથી. આ પ્રમાણે નિંદિત મહાદેહને કારણે મેં મહાપાપો કર્યાં, મૂઢ એવા મેં લાંબા કાળ સુધી અત્યંત રૌદ્ર પાપ બાંધ્યું. વિષય-માંસના ટૂકડામાં મોહિત બનીને નિષ્પુણ્યક થઇને શિવફલના કારણભૂત જિનદેશિત ધર્મનું મેં સુંદર આચરણ ન કર્યું. ચિંતામણિ, કલ્પવૃક્ષ અથવા કામધેનુ પ્રાપ્ત કરીને કયો ડાહ્યો પુરુષ તેનાથી પરાઙ્મુખ થાય ? મહાભાગ્યશાળી બાહુબલી વગેરે મારા ભાઇઓને ધન્ય છે કે, જેઓએ અસાર એવા શરીરથી સુંદર મોક્ષને મેળવ્યો.

અનેક પ્રકારના નિરંતર વિઘ્નોવાળી કાયા છે, સ્નેહીઓને વિષે સુખ સ્થિરતા વગરનું છે, ભોગો મહારોગોનું કારણ છે, કમળ સરખાં નેત્રો શલ્ય સરખાં છે, ગૃહ-સંસારમાં પ્રવેશ કરવો એટલે ક્લેશને નોતરું દેવાનું, તુચ્છ લક્ષ્મી તે પણ સ્વભાવથી ચપળ ચાલી જનારી જ છે, સ્વચ્છંદ મૃત્યુ કે મહાવૈરી છે. આ સર્વ પ્રત્યક્ષ અનુભવવા છતાં મેં આત્મહિતનું કંઈ કાર્ય ન કર્યું." આવા પ્રકારના શુભ ધ્યાનાગ્નિની જાળમાં, જેમ તૃણસમૂહ અગ્નિમાં તેમ ભરત રાજાએ મોહના વેગને બાળી નાખ્યો. વિઘ્ન વગરના સુખના કારણભૂત કેવલજ્ઞાન ઉત્પન્ન કર્યું. દેવે અર્પણ કરેલ વેષ ગ્રહણ કરીને ઘરમાંથી નીકળી ગયા, તે સમયે દશ હજાર રાજાઓએ દીક્ષા ગ્રહણ કરી. તે પરિવાર સહિ ભરત કેવલી પૃથ્વીમાં વિચરતા હતા. (૨૦)

ભરત ચક્રવર્તીનું દૃષ્ટાંત પૂર્ણ થયું.

## ૧૪. પ્રસન્નચન્દ્ર રાજર્ષિ-કથા -

મનોહર પોતનપુરનગરમાં માંગનારા લોકોને ઈચ્છા મુજબ દાન આપી કૃતાર્થ કરનાર, ધર્મ ધારણ કરનાર સોમરાજ નામના રાજા હતા. ગવાક્ષમાં બેઠેલા હતા, ત્યારે એક વખત ધારણી રાણીએ રાજાના મસ્તકે કેશ ઓળતાં એક સફેદ વાળ દેખ્યો. વૃદ્ધત્વ વેલડીને તંતુસ્વરૂપ, વૈરાગ્યબીજનો અંકુર વિશેષ ધર્મબુદધિરૂપ વડલાવૃક્ષનું પ્રથમ મૂળ હોય, તો આ સફેદ કેશ છે. પાકી વય થવાના યોગે ચિતામાં ચડવાની ઈચ્છાવાળી અગ્નિના ધૂમાડાની પાતળી લેખા ઉછળતી હોય તેમ આ ઉજ્જ્વલ કેશ દેખીને પતિને કહે છે કે, 'હે દેવ ! દ્વારદેશમાં દૂત આવ્યો છે.' પતિ જ્યારે દ્વારમાં દેખે છે એટલે રાણીએ કહ્યું કે 'હે પ્રિય ! ધર્મનો દૂત આવ્યો છે, પરંતુ બીજા કોઇ રાજાનો દૂત નથી આવ્યો. સુવર્ણના થાલમાં તે પાલિત રાજાને દેખાડ્યો. એટલે અધૃતિ પામેલા રાજાને કહ્યું કે - 'હે સ્વામી ! વૃદ્ધાવસ્થાથી શું લજ્જા આવે છે ? રાજાએ કહ્યું કે, 'મેં મારા કુલક્રમાગત ધર્મ ઓળંગ્યો, તેની લજ્જા આવે છે. આપણા કુળમાં આ પલિત આવ્યા પહેલાં જ દરેક દેશ, ગામ, કુલ છોડી પ્રવ્રજ્યા અંગીકાર કરતા હતા; હવે મારે આ વિષયોથી સર્યું. "આ વિષયો પ્રાપ્ત થયા ન હોય, તો સંકલ્પો તેને ઉતાવળ કરાવે છે, કદાચ મળી ગયા તો અભિમાન રૂપ જ્વરથી હેરાન થાય છે, નાશ પામે તો તેને અંગે ચિંતાઓ ચાલ્યા કરે છે. આ પ્રકારે વિષયો જીવને પરેશાન કરે છે." પ્રસન્નચંદ્ર યુવરાજ પુત્રનો રાજ્યાભિષેક કરીને તરત ધારિણી રાણી સાથે વનવાસી તાપસ થયો. દેવીને અજાણપણામાં ગર્ભ રહ્યો. યોગ્ય સમયે પુત્ર જન્મ્યો, ઝાડની છાલનાં વસ્ત્ર પહેરાવવાના યોગે 'વલ્કલચીરી' એવું તે પુત્રનું નામ પાડ્યું. પ્રસવની પીડાથી મૃત્યુ પામી ધારણી તાપસી ચંદ્રવિમાનમાં દેવી થઇ. પુત્ર સ્નેહ રોકવો મુશ્કેલ હોવાથી તે દેવી પુત્ર પાસે આવે છે. દેવી વનની ભેંશનું રૂપ કરીને શ્રેષ્ઠ સ્તનપાનમાં અમૃત પીવડાવે છે, પિતાજીથી પાલન કરાતો કોઇક સુકૃતથી તે મોટો થાય છે. એક બાજુ માતારહિત એવા બાળકને ઋષિ એવા પિતાને પાલન કરવામાં જે લગાતાર દુઃખ જે ભોગવવું પડે છે 'હું પહેલાં, હું પહેલાં' એવી સ્પર્ધામાં કોને વધારે દુઃખ છે તે જાણી શકાતું નથી.

"રાજાને દુર્જનનો સંગ, કુળવાન સ્ત્રીને ખરાબ શીલવાલાનો સંસર્ગ, ઋષિમુનિઓને બાળકનું પાલન કરવું, તે લઘુતા લાવનાર છે." મોટાભાઈ પ્રસન્નચંદ્રને ખબર પડી કે, મારો નાનો ભાઇ વનમાં વલ્કલચીરી મનોહર યૌવનાવસ્થા પામ્યો છે - એમ સાંભળીને તાપસના વેષવાળી વેશ્યાઓને મોકલી. કહ્યું કે, 'ખાવાના પદાર્થોથી લોભાવીને મારા ભાવિને વનમાંથી અહિં લાવો.' એટેલ વેશ્યાઓ નવહાવભાવ, શૃંગારચેષ્ટાથી આકર્ષિત થાય તેમ કરીને તથા ચિત્તને આનંદ ઉત્પન્ન થાય તેવા લાડુ સહિત તેઓ વનમાં પહોંચી સોમઋષિના શ્રાપથી ભય પામેલી વેશ્યાઓ તેને દર્શન આપતી નથી.

અતિ મધુર સ્વાદવાળા લાડુઓ દૂર દૂર વૃક્ષ નીચે સ્થાપન કરે છે, તેના સ્વાદથી આકર્ષાએલ તે દૂર સુધી નજીક આવે, ત્યારે તેને બોલાવે. પછી તાપસકુમાર વેશ્યાઓને પૂછે છે કે, 'અરે તાપસો ! આ નવરસ પૂર્ણ તમારા અંગની રચના કેવા પ્રકારની છે ? તથા સુગંધી મુલાયમ મધુર વૃક્ષફલો અને મૂળો પણ ક્યાંથી લાવ્યા ? ત્યારે તરુણીઓએ કહ્યું કે, 'હે તાપસ ! આ આશ્રમ અતિ નિઃસાર છે, પરંતુ પોતનપુરના આશ્રમમાં ઉડવા દીણનો નવો માર્ગ છે. આલિંગન આપી, લોભાવી, રોમાંચ ખડાં થાય તેવા સ્નેહ વિભ્રમવાળા કટાક્ષો ફેંકી વિશ્વાસુ બનાવી તાપસકુમારને કહ્યું કે, 'તમે અમારે આશ્રમે આવો, તો શ્રેષ્ઠ સ્વાદિષ્ટ વૃક્ષોનાં ફળો આપીશું, બીજું પણ તમે જે કહેશો તે અમે કરીશું.' કરેલા સંકેત પ્રમાણે બીજા દિવસે તે વેશ્યાઓ ત્યાંથી નાસી ગઈ. પેલો વૃદ્ધ તાપસ અટવીમાં લાંબા કાળ સુધી આમતેમ અટવાયો. વલ્કલચીરીને અટવીમાં ક્યાંય ન દેખવાથી સોમર્ષિ આશ્રમમાં પહોંચ્યા. પિતાના પગલે પગલે અટવીમાં ભમવા લાગ્યો. વનની ગાઢ ઝાડીમાં આમ તેમ પરિભ્રમણ કરતા, અતિશય ભૂખ-તરસથી પીડા પામતા તેને એક ગાડાવાળાએ જોયો. તેણે કહ્યું કે, 'તમારું અભિવાદન કરીએ છીએ.' ગાડાવાળાએ પૂછ્યું કે, 'હે તાપસકુમાર ! તમારે ક્યાં જવું છે ?' 'મારે પોતનપુરના આશ્રમમાં જવું છે, પરંતુ તેના માર્ગની મને ખબર નથી.'

તે તરફ જવાની ઈચ્છાવાળા ગાડાવાળાએ કહ્યું કે, 'આપણે સાથે ચાલીએ. ગાડાવાળાની ભાર્યાને તે તાત ! તાત ! એમ કહેવા લાગ્યો, એટલે તેણે પતિને કહ્યું કે, 'આ કઇ રીતે મને બોલાવે છે ? હે વલ્લભ ! હું સ્ત્રી છતાં મને તાત કેમ કહે છે, તે કહો,' પતિએ સ્ત્રીને કહ્યું કે, 'તું કોપ ન કરીશ. આ બિચારાએ હજુ કોઇ દિવસ સ્ત્રીને દેખી નથી.' ગાડાવાળાએ તાપસકુમારને લાડવા ખાવા આપ્યાં, ત્યારે તે કહેવા લાગ્યો કે, 'પહેલાં પણ મેં આ ખાધા હતા. હવે મારા જાણવામાં આવ્યું કે, આ પોતનપુર આશ્રમનાં વૃક્ષોનાં ફળો છે. વળી સ્ત્રીને પૂછ્યું કે, અપૂર્વ રૂપવાળા આ વનના મૃગલાને અહિં કેમ ગાડામાં જોડેલા છે ? તેણે કહ્યું કે, 'પોતનપુર આશ્રમમાં આવા બીજા પણ નવીન પદાર્થો જોવા મળશે. (૫૦) પોતનપુરનો સીમાડો આવ્યો ત્યારે ગાડાવાળો ઋષિકુમારને કહે છે કે, 'હે કુમાર ! આ તે આશ્રમ છે કે જેના દર્શનની તને અભિલાષા થએલી છે.' કેટલુંક ખાવા માટે ભાથું આપ્યું, વળી કેટલુંક ખર્ચ માટે ધન આપ્યું અને કહ્યું કે, પાંદડાનું બનાવેલ વસ્ત્ર ખરીદ કરી તને ઠીક લાગે ત્યાં નિવાસ કરજે.' દરેક ઘરે ભ્રમણ કરતો હતો, ત્યારે આવો દુઃખી દરિદ્રી અહિં કેમ આવ્યો ? લોકો તેને કાઢી મૂકતા હતા. એમ કરતાં વેશ્યાને ઘરે પ્રવેશ કર્યો. તેણે ઉભા થઇ સત્કાર કર્યો, ખુશ થયો. દરેક સ્ત્રીને કહેવા લાગ્યો કે, 'હે તાત ! હું તમને અભિવાદન કરૂં છું, અભિવાદન કરૂં છું.' શ્રેષ્ઠ આદરસત્કાર પૂર્વક તેને સુંદર સિંહાસન પર બેસાડ્યો. 'મ મ

હું હું' એમ બોલતો હતો. તેના લાંબા વધી ગએલા નખ કપાવી નંખાવ્યા. સુંદર સારાં વસ્ત્રો પહેરાવીને પુત્રી સાથે તેના લગ્ન કર્યાં. વિવાહ-પ્રસંગે મોટા મૃદંગોના પ્રચંડ શબ્દો, તથા બીજા તિન્ના સ્વરવાળાં વાજિંત્રો વાગવા લાગ્યાં. નવીન હાવ-ભાવ-વિલાસવાળા નૃત્યો પ્રેક્ષણકનો ઉત્સાહ વૃદ્ધિ પામ્યો.

આ બાજુ વનમાંથી શાપના ભયથી નાશી આવેલી વેશ્યાઓ રાજા પાસે આવીને બનેલો વૃત્તાન્ત કહેવા લાગી કે, 'અમે આશ્રમથી દૂર પહોંચ્યા ત્યાં સુધી તે અમારી સાથે હતા, સોમરાજર્ષિ એને ખોળતાં હતા. એમ જાણીને તેમના ભયથી ભય પામેલી અમે ગમે તે દિશામાં પલાયન થઈ ગયા. એટલે રાજા વધારે ચિંતામાં પડ્યો કે, 'હે વત્સ ! વલ્કલચીરી ! તું એકલો વનમાં અથડાતો હશે, નથી તું પિતા પાસે કે નથી તું મારા પાસે. રાત્રિના બે પહોર પૂર્ણ થયા પછી જાગતો રાજા આ પ્રેક્ષણકના વાજિંત્રોના શબ્દ સાંભળી કહે છે કે, 'જ્યારે હું તીક્ષ્ણ દુઃખ અનુભવી રહેલો છું, તે સમયે આ આનંદ કોણ માણી રહ્યું છે ? કોનાં મનોરથો પૂર્ણ થયા છે ? પ્રતિહારીને આજ્ઞા કરી કે, નાટક-પ્રેક્ષણકનો ઉત્સવનો પડહો કોણ વગાડે છે ? તેને અહિં પકડી લાવો.' એટલે પ્રતિહારી સાથે વેશ્યા ત્યાં આવી. વિનંતિ કરવા લાગી કે 'હે દેવ ! આપના દુઃખની ખબર ન હોવાથી મેં આ પ્રેક્ષણક કરાવેલ છે. નિમિત્તિયાના કહેવાથી કોઇક તાપસકુમાર મારે ઘરે ચડી આવેલ, જેથી ઉત્સાહપૂર્વક મેં તેની સાથે વિવાહ કર્યો. નિમિત્તિયાએ મને એમ કહી રાખેલ કે 'વલ્કલ પહેરેલ જે કોઇ તારે ત્યાં આવી ચડે, તેને તારી પુત્રી આપવી, તેથી તે દુઃખી નહિં થશે. અણધાર્યો તેવો સંયોગ થઇ ગયો અને એ કાર્ય પતાવ્યું, તેથી ગુમગુમિર એવા મૃદંગના આનંદ આપનાર શબ્દો વાગતા હતા. રાજા વિચારવા લાગ્યો કે, રખેને આ ઋષિકુમાર મારો ભાઇ તો ન હોય ? એટલે તે વેશ્યાઓને ત્યાં ઓળખવા માટે મોકલી, એટલે સાક્ષાત્ વલ્કલચીરીને ઓળખ્યો અને રાજાને નિવેદન કર્યું કે, 'તે જ ઋષિકુમાર છે.' એટલે રાજા હર્ષ પામ્યો. અત્યારે મળવાની જેની આશા ન હતી, લોકોને જે બનવાનું શક્ય લાગતું નથી, પરંતુ જ્યારે પુણ્યનો પ્રકર્ષ વૃદ્ધિ પામે છે, ત્યારે તે પણ હસ્તગત થાય છે.

મોટાભાઇ પ્રસન્નચંદ્ર પોતાના બન્ધુને ઘરે લાવવા માટે તૈયાર થયા. હાથીના સ્કંધ ઉપર રોમાંચિત ગાત્રવાળી પ્રૌઢ નવપરિણીત પત્ની સાથે બેસાડીને મહાઋદ્ધિ સહિત પોતાના મહેલમાં તેનો પ્રવેશ કરાવ્યો. રાજાએ ત્યારપછી સમાન વયવાળી બીજી ભાગ્યશાળી કન્યાઓ પરણાવી. તેના સાથે ભોગ-સુખભોગવતો હતો. પિતાની પાસે કોઈ પુરુષને મોકલીને પોતાનો સર્વ વૃત્તાન્ત કહેવરાવ્યો. બાર વરસ સુધી તેઓની સાથે શ્રેષ્ઠ ભોગો ભોગવ્યા પછી વલ્કલચીરી વિચારવા લાગ્યો કે, 'સોમરાજર્ષિનું શું થતું હશે ? પોતાના પિતાના ચરણમાં જવા માટે એકદમ તીવ્ર ઇચ્છા થઇ, હૃદય મંથન થવા લાગ્યું, એટલે

પ્રસન્નચંદ્રને પૂછ્યું. તે પણ પિતા પાસે આશ્રમમાં આવવા તૈયાર થયો. ત્યાં આશ્રમમાં પહોંચ્યા. ખડા થએલા રોમાંચિત ગાત્રવાળો તે પિતાના પગમાં પડ્યો. સોમર્ષિ હાથ વડે પ્રસન્નચંદ્રની પીઠ પર સ્પર્શ કરવા લાગ્યા. વલ્કલચીરીના વિયોગથી શોક કરનાર તેના નેત્રોમાં પડલ આવી ગયાં હતાં, તેથી પગમાં પડેલા રાજાને તેણે ન દેખ્યો. હવે વલ્કલચીરી પગમાં પડ્યો. ત્યારે વારંવાર તેને સ્પર્શ કરતા કરતા આનંદાશ્રુના પ્રવાહથી પડલો ગળી ગયાં. ત્યારે પિતાએ સાક્ષાત્ પુત્રને દેખ્યો, એટલે ઉલ્લસિત સ્નેહ-શૃંખલાથી બંધાએલ પિતાએ આશીર્વાદ આપી બોલાવીને એકદમ ખોળામાં બેસાડ્યો. ત્યારપછી ત્યાંથી ઊભો થઇને ક્ષણવારમાં પોતાની પર્ણકુટિરમાં પહોંચ્યો. કેસરિકા રૂપ પોતાનું પહેલાનું ઉપકરણ જેટલામાં ઉપયોગમાં લે છે, (૭૫) તેટલામાં જાતિસ્મરણજ્ઞાન થયું અને આગલા પોતાના મનુષ્ય અને દેવભવો દેખ્યા જેમાં પોતે પ્રવ્રજ્યા અંગીકાર કરી ઉત્તમદેવભવમાં ગયા હતા. આગલા ભવમાં ઉત્તમ પ્રકારનું શ્રમણપણું સ્વીકારી પાલન કર્યું હતું, તે સ્મરણ કરીને ઉગ્ર વૈરાગ્યમાર્ગને પામ્યો. કર્મમલ ગળી જવાથી ચિંતવવા લાગ્યો કે, 'દેવભવોમાં તેવા પ્રકારના નિરંતર ભોગો ભોગવીને હવે અસાર અને કડવાં ફળ આપનાર એવા મનુષ્યોના ભોગોમાં મૂઢ બનીને કેમ આનંદ પામું ?' આ પ્રમાણે અત્યંત અદ્ભુત સાચી ભાવના ભાવતાં ભાવતાં ક્ષય કરેલા મોહવાળા તેને કેવલજ્ઞાનરૂપ મહાનેત્રોની પ્રાપ્તિ થઈ. જેનાથી ત્રણે લોકના સર્વ પદાર્થો સાક્ષાત્ દેખાવા લાગ્યા.

તેમનો કેવલજ્ઞાન-મહોત્સવ કરવા માટે આવતા દેવતાના રત્નવિમાન વડે તે સમયે એકદમ આકાશ પ્રફુલ્લિત વન સમાન બની ગયું.

પંચમુષ્ટિ લોચ કર્યો એટલે દેવતાએ તેને રજોહરણ અર્પણ કર્યું. એટલે સમગ્ર જનો તેમના ચરણકમળમાં પ્રણામ કરવા તત્પર બન્યા. સોમરાજા વગેરેને આ જાણવામાં આવ્યું, એટલે હર્ષથી પ્રફુલ્લિત થએલા તેઓ નવીન કેલીના પગમાં પડેલા હોવા છતાં ગુણમાં ચડિયાતા થયા.

હવે વલ્કલચીરી કેવલી ભગવંત દેવતાએ બનાવેલ સુવર્ણકમલ ઉપર બેસી જળવાળા મેઘના શબ્દ સરખી ગંભીર ધીર વાણી-વિલાસથી ધર્મકથા કરવા લાગ્યા. હે ભવ્યાત્માઓ ! પ્રમાદચેષ્ટાનો ત્યાગ કરીને અતિ મનોહર એવો જિનધર્મ સેવન કરવાનો સુંદર ઉદ્યમ કરનારા થાઓ. કલ્પવૃક્ષ પ્રાપ્ત કરીને નિર્ભાગી તેની પાસે પત્થરવાળું સ્થળ માગે; તેની જેમ મનુષ્યપણું પ્રાપ્ત કરીને જે વિષયસુખની ઇચ્છા કરે, તે સ્વર્ગ અને મોક્ષમાર્ગનાં દ્વાર બંધ કરે છે અને ઉત્તમ પ્રકારની ધર્મ-સામગ્રી ભવિષ્યમાં મેળવી શકતો નથી. એટલું જ નહિં પરંતુ વિષયસુખમાં આધીન બનેલો અતિતીક્ષ્ણ દુઃખસમૂહને ભોગવનારો થાય છે. ભયંકર કાળકૂટ ઝેરના કોળિયા સરખા વિષયોથી સર્યું. દુર્ગતિ-કેદખાનાનાદ્વાર સરખા

રાજ્યથી પણ સર્યું. વીજળીના વેગ સમાન ચપળ તારુણ્ય છે. સતત રોગના સંઘાતવાળી નશ્વર કાયા છે, સમુદ્રના કલ્લોલની ચપળતા સમાન ચપળ સ્ત્રીઓ હોય છે. તો શાશ્વત મોક્ષ-સુખ સાધી આપનાર અને તેના મુખ્ય સાધન સંયમમાં તમારે ઉદ્યમ કરવો જોઇએ. તમારું ચિત્ત વ્રતની સાધનામાં જોડવું જોઇએ. અમૃત સમાન ધર્મદેશનાનું પાન કરીને સોમરાજ અને પ્રસન્નચંદ્ર રાજા વિરતિવિધિના અનુરાગવાળા અને સમ્યક્ત્વમાં સ્થિરતાવાળા થયા. (૯૦) પ્રત્યેકબુદ્ધની લક્ષ્મી પામેલા વલ્કલચીરી પિતાની સાથે જિનેશ્વર પાસે પહોંચીને કેવલીની પર્ષદામાં બેસી ગયા. પ્રસન્નચંદ્ર રાજા પોતનપુર પહોંચ્યા. વૈરાગ્યમાર્ગમાં લાગેલા મનવાળા ત્યાં રહેલા છે; એટલામાં મહાવીર ભગવંત ક્રમપૂર્વક વિહાર કરતા કરતા ત્યાં પધાર્યા. દેવોએ અપૂર્વ પ્રકારના સમવસરણની રચના કરી, એટલે સ્વામી તેમાં બિરાજમાન થયા. રાજાને ખબર પડી. કે તરત જ વંદન કરવા માટે નીકળ્યો. પ્રભુની દેશના શ્રવણ કરીને પૂર્વનો પલ્લવિત વૈરાગ્ય વૃક્ષ સમાન થયો. ઉત્સાહપૂર્વક પોતાના બાળપુત્રનો રાજ્યાભિષેક કર્યો. અતિ રાજ્યલક્ષ્મીના આડંબર પૂર્વક મહાવીર ભગવંતની પાસે દીક્ષા અંગીકાર કરી. સતત બંને પ્રકારની શિક્ષા ગ્રહણ કરીને ગીતાર્થ થયા. પ્રભુ સાથે વિહાર કરતા પ્રસન્નચંદ્રરાજર્ષિ રાજગૃહી નગરીમાં આવ્યા.

એક દિવસ પ્રસન્નચંદ્ર રાજર્ષિ શ્રેણિક રાજાના માર્ગ વચ્ચે કાઉસ્સગ્ગ કરીને ઉભા રહ્યા. શ્રેણિકરાજા ભગવંતનાં સેવા-દર્શન માટે જેટલામાં નીકળ્યા ત્યારે શ્રેણિક રાજાના સુમુખ-દુર્મુખ નામના મનુષ્યોએ તેમને દેખ્યા. પ્રસન્નચંદ્રરાજર્ષિ એક પગ પૃથ્વી પર સ્થાપન કરીને, બે હાથ ઉંચા કરીને જાણે આકાશને પકડી રાખવા ઈચ્છતા હોય અથવા તો આ જ દેહથી સિદ્ધિપુરીમાં પ્રયાણ કરતા હોય, મધ્યાહ્નના સૂર્યમંડલનાં કિરણોની શ્રેણી સાથે પોતાની નેત્ર-કીકીને જોડી દેતા, તપના તેજથી ચન્દ્રના તેજને ઝાંખું પાડતા, એક અદ્ધર પગે કાઉસ્સગ્ગ કરતા હતા. તેને દેખીને સુમુખે કહ્યું કે, 'આ પ્રકારને આતાપ લેનાર આ પુરુષ અતિધન્ય છે, સ્વર્ગ અને મોક્ષ એના હસ્તમાં અવશ્ય આવેલું જ છે. (૧૦૦) હવે આ સમયે દુર્મુખ બોલ્યો કે, 'આ તો પેલો બાળકને રાજ્યે બેસાડી દીક્ષા લેનાર પ્રસન્નચંદ્ર છે. એનું નામ પણ બોલવા લાયક નથી. કૃતઘ્ન તેને ધિક્કાર થાઓ. બાળકને રાજ્યાર્પણ કરી પોતાના રાજ્યનો તેણે વિનાશ કર્યો છે. અત્યારે સીમાડાના રાજાઓ તેનું રાજ્ય લૂંટે છે. સાલમહાસાલના પિતા પાપબુદ્ધિવાળા આ પ્રસન્નચંદ્ર છે. આના બાલપુત્રરાજાને મંત્રીઓ રાજ્ય છોડાવશે. ચંપાનગરીના દધિવાહન રાજાએ આની રાજ્યલક્ષ્મી સ્વાધીન કરેલી છે, એટલે તેનું અંતઃપુર અને પ્રજાઓ ગમે તે દિશામાં પલાયન થાય છે.'

આવી દુર્મુખની વાણી સાંભળીને મહર્ષિના શુભ ધ્યાનના પરિણામ પલટાયા અને પોતાને અનુરૂપ અશુભ ધ્યાન-રૌદ્રધ્યાન કરવા લાગ્યા. હે દુરાત્મન્ મંત્રી ! તમોને અત્યાર

સુધી પોષ્યા, સંતોષ પમાડવા, ઈચ્છા મુજબ દાન આપ્યું. તમોને બાળક સાચવવાની, રક્ષણ કરવાની આટલી શિખામણો આપી હતી, છતાં અત્યારે શત્રુ માફક વર્તન કરો છો ? હે સીમાડાના દધિવાહન વગેરે રાજાઓ ! તમે શૂરવીર છો, તો હું પણ અત્યારે યુદ્ધ માટે તૈયાર થયો છું. હું જલ્દી મારા જુના કિલ્લા સ્વાધીન કરું છું. હવે મદોન્મત્ત હાથી પાસે હથિયાર વગરના, હાથથી પ્રહાર કરતા અને ચિત્તમાં અત્યંત ક્રૂરતા કરતા હતા, ત્યારે શ્રેણિક રાજાએ તેને દેખ્યા. હર્ષ પામી કહેવા લાગ્યા કે, 'આ જગતમાં આ કોઇ ઉત્તમ તપસ્વી જયવંતા વર્તે છે. આ અતિ દુસ્સહ આતાપના વિધાન કરે છે. શ્રેણિક સમવસરણમાં પહોંચી પ્રભુને પ્રણામ કરીને બેઠા અને 'આ તીવ્ર ધ્યાન કરનાર તપસ્વીની કઇ ગતિ થશે ?' એ પ્રશ્ન કર્યો. ભગવંતે સાતમી નરકપૃથ્વી જણાવી. એટલે ચિત્તમાં આશ્ચર્ય પામ્યા. જો આવા કાર્યથી દુર્ગતિ થાય, તો પછી અહિં સદ્ગતિ કોનાથી થશે ? અથવા તો મારા સાંભળવામાં બરાબર નહિં આવ્યું હશે, માટે ભગવંતને ફરી પૂછું. અવસરની રાહ જોતા બેસી રહેલા હતા. વળી ભગવંતને પૂછ્યું. હવે પ્રભુએ કહ્યું કે, 'જો તે તપસ્વી અત્યારે કાળ કહે, તો પુણ્યસમૂહ એકઠો કરનાર તે સર્વાર્થ વિમાનમાં ઉત્પન્ન થાય.' રાજાના મનમાં વિસ્મય થયો કે, આમ વિસંવાદ-જુદી જુદી વાતો કેમ સમજાય છે ? નક્કી મેં બરાબર તેં સાંભળ્યું છે. અન્યથા સાંભળ્યું નથી. તે વખતે તે ક્રૂર મનથી યુદ્ધ કરતા હતા. સુમુખ અને દુર્મુખનો પ્રસન્નચંદ્રનો વૃત્તાન્ત જણાવ્યો. રૌદ્રધ્યાનવાળા તે માત્ર મનથી વૈરીને મારતા હતા.

અશ્વ સાથે અશ્વ, હાથી સાથે હાથી, સુભટ સાથે સુભટ લડીને હણતા હતા, હવે સર્વ હથિયાર ફેંકાઇ ગયા, પાસે કંઇ બાકી ન રહ્યું, એટલે મસ્તક રક્ષણ કરનાર મુગટ ગ્રહણ કરવા જાય છે, તો લોચ કરેલ અને સંકોચાઇ વળી ગએલા કેશસમૂહવાળા મસ્તકનો સ્પર્શ કર્યો. એટલે જાણ્યું કે, હું તો સાધુ થએલો છું, એટલે યુદ્ધ સંબંધી કરેલ રૌદ્રધ્યાનનું મિચ્છા-મિ દુક્કડં આપ્યું. 'સ્ત્રી, પુત્ર, હાથી, દેશ સર્વનો ત્યાગ કરીને આ મેં શું વિચાર્યું, પર્વતના શિખર પર ચડતાં ચડતાં ખરેખર હું મોટા ઊંડા ખાડામાં પડ્યો. માગણી મોક્ષસુખની કરે છે, હે ખલ આત્મા ! ક્ષણમાં વળી તું તુચ્છ વિષયની ઇચ્છા કરે છે ? હે જીવ ! ખરેખર જીવવાની ઇચ્છા કરીને તું કાલકૂટ ઝેરનું ભક્ષણ કરે છે. (૧૨૦) આત્મકાર્યનો ત્યાગ કરીને અત્યારે હું પરકાર્ય કરવા માટે ઉદ્યમી બન્યો છું.' આવી સુંદર ભાવનાના યોગે તેણે સર્વાર્થસિદ્ધને અનુરૂપ સુકૃત ઉપાર્જન કર્યું, એ જ સમયે દુંદુભિનો પ્રચંડ મહાશબ્દ સંભળાયો. શ્રેણિકે પૂછ્યું કે, 'હે સ્વામી ! આ શાનો શબ્દ સંભળાય છે ? તે પ્રસન્નચંદ્ર મહામુનિ અતિપ્રસન્ન ચિત્તવૃત્તિવાળા થયા અને દરેક સમયે અતિ ઉત્તમ અધ્યવસાયથી વિશુદ્ધિ પામતા પામતા લોકાલોકને દેખવા સમર્થ એવં કેવલજ્ઞાન તેમને હમણાં ઉત્પન્ન થયું. તેથી

દેવતાઓ આવીને તેમનો કેવલજ્ઞાન-મહોત્સવ કરે છે.

આ પ્રમાણે સાતમી પૃથ્વીનું બાંધેલ પાપકર્મ નાશ કરીને, તથા બીજાં પણ ઘાતી-મોહાદિક કર્મનો ક્ષય કરીને બીજા લોકો ન જણાવે, તો પણ જાણી શકાય તેવા ઉત્તમ કેવળજ્ઞાનવાળા થયા.

હવે શ્રેણિકે પૂછ્યું કે, 'આવું સુંદર કેવલજ્ઞાન હે સ્વામી ! ક્યારે વિચ્છેદ પામશે ? ત્યારે પ્રભુએ કહ્યું કે, 'આ આગળ બેઠેલ વિદ્યુન્માલી દેવ સુધી.' શ્રેણિકે પૂછ્યું કે, 'શું દેવતાને પણ કેવલ હોય ?' પ્રભુએ કહ્યું, 'આજથી સાતમા દિવસે આ દેવ ઋષભદત્ત શેઠના પુત્ર થશે. તેનું નામ જંબૂકુમાર પડશે. વળી તે દીક્ષા લઇને સુધર્માસ્વામીના શિષ્ય થશે. આ સાંભળીને એકદમ અનાદૃત દેવતા નૃત્ય કરવા લાગ્યા. રાજાએ પૂછ્યું કે શાથી ? પ્રભુએ કહ્યું કે, 'આના પૂર્વભવના વંશમાં આ શેખરરૂપ થશે, નાની વયમાં વ્રતાદિક પામશે, તે કારણે તે તુષ્ટ મનવાળો થયો છે.' આ 'વિદ્યુન્માલી દેવ નજીકમાં ચ્યવવાનો છે, છતાં આટલી કાંતિ તેને કેમ વર્તે છે ?' તો કે 'શિવકુમારના આગલા ભવમાં કરેલા તપના પ્રભાવથી.' એ પ્રમાણે સાંભળીને વંદન કરીને રાજા ત્યાંથી નીકળ્યા. (૧૩૦) પ્રસન્નચંદ્ર રાજમહર્ષિની કથા પૂર્ણ થઈ.

આ પ્રમાણે લોકોને રંજન કરવાની મુખ્યતાવાળો ધર્મ નથી, પરંતુ ચિત્તની શુદ્ધિથી પ્રધાન ધર્મ છે - એમ કહ્યું. (૨૦)

હવે પુણ્ય-પાપ ક્ષય કરવામાં દક્ષ એવી આ જિનેશ્વરની દીક્ષા છે. એ વચનથી શૈવ માફક દ્વેષમાત્રથી ખુશી થનારને શિખામણ આપતા કહે છે -

वेसो वि अप्पमाणो, असंजमपएसु वट्टमाणस्स ।
किं परिय(व)त्तिय-वेसं, विसं न मारेइ खज्जंतं ? ।।२१।।

धम्मं रक्खइ वेसो, संकइ वेसेण दिक्खिओ मि अहं ।
उम्मग्गेण पडंतं, रक्खइ राया जणवउ व्व ।।२२।।

अप्पा जाणइ अप्पा, जहट्ठिओ अप्प-सक्खिओ धम्मो ।
अप्पा करेइ तं तह, जह अप्प-सुहावओ होइ ।।२३।।

जं जं समयं जीवो, आविसइ जेण जेण भावेण ।
सो तंमि तंमि समए, सुहासुहं बंधए कम्मं ।।२४।।

**धम्मो मएण हुंतो, तो न वि सीउण्हावाय-विज्झडिओ ।**
**संवच्छरमणसिओ, बाहुबलि तह किलिस्संतो ।।२५।।**

'લોકોને રંજન કરનાર રજોહરણ વગેરે ધારણ કરવારૂપ સાધુનો વેશ અપ્રમાણ છે.' એકલો વેશ પહેરવા માત્રથી કર્મબંધનો અભાવ માનવો એ યુક્તિ વગરની હકીકત છે. કોના માટે-જે પુરુષ ઓઘો કે સાધુનો વેશ પહેરે અને વળી તેનાથી વિરુદ્ધ અસંયમ સ્થાનકોમાં-પૃથ્વી, પાણી, વનસ્પતિ આદિનું મર્દન કરે, તો તેના કર્મબંધન રોકાતાં નથી. એ વાત દૃષ્ટાંત આપીને સાબિત કરે છે, કોઇ પુરુષ વેષપરાવર્તન કરીને ઝેર ખાય, તો તેનું મૃત્યુ થતું નથી ? અર્થાત્ મૃત્યુ પામે જ છે. એ પ્રમાણે સાધુવેષ પણ. તે પુરુષ જો અસંયમ સ્થાનકનું સેવન કરે, તો સંસારનો માર તેને સહન કરવો જ પડે છે. અર્થાત્ એકલો વેષ, કર્મબંધનથી રક્ષણ કરી શકતો નથી. (૨૧)

એ પ્રમાણે કર્મનો અભાવ ઇચ્છતા મનુષ્યે માત્ર મનની ભાવશુદ્ધિ જ કરવી, ચારિત્રના વેષની શી જરૂર છે ? તેના સમાધાનમાં જણાવે છે કે-નિશ્ચયનયથી તો ભરત-વલ્કલચીરીના દૃષ્ટાંતથી તે વાત બરાબર છે, પરંતુ વ્યવહારનયથી તો વેષને પણ કર્મના અભાવનો હેતુ કહેલો છે, ભાવશુદ્ધિમાં ઉપકારક હોવાથી. વેષ વગર તે કંઇ કરી શકતો નથી. આ વ્યવહાર પણ નિશ્ચયનય અનુસાર પ્રમાણ જ છે. અતિશયજ્ઞાન વગરના આ કાળના જીવોની પ્રવૃત્તિ તેનાથી જ દેખાય છે. તથા કહેલું છે કે - "જો જિનમતનો સ્વીકાર કરતા હો, તો વ્યવહાર કે નિશ્ચયનય એકનો પણ ત્યાગ ન કરશો..વ્યવહારનયનો ઉચ્છેદ થવાથી નક્કી તીર્થનો ઉચ્છેદ થાય છે." ભાવશુદ્ધિનો ઉપકારક વેષ કેવી રીતે તે કહે છે धम्मं-ગાથા. ધર્મનું રક્ષણ કરનાર વેષ છે. જો વેષનો ત્યાગ કરવામાં આવે. તો પછીના કાળમાં અકાર્યની પ્રવૃત્તિ જોવામાં આવે છે. કદાચ વેષમાં રહીને અકાર્યચરણ કરે, તો પોતે શંકા પામે છે કે, 'હું દીક્ષિત થએલો છું.' એમ માનીને અકાર્ય કરતાં અટકે છે. દૃષ્ટાંત કહે છે-ચોરી, પરદારાગમન વગેરે અકાર્યના રસ્તે જનાર પુરુષનું રક્ષણ રાજા કરે છે. તે માટે કહેલું છે કે "અધમપુરુષ રાજભયથી કે દંડભયથી, અપકીર્તિના ભયથી પાપસેવન કરતો નથી, પરલોકના ભયથી મધ્યમ અને સ્વભાવથી ઉત્તમપુરુષ પાપાચરણ કરતો નથી. રાજા જેમ લોકને અથવા ગ્રામલોકને ખોટે માર્ગે જતાં રોકે છે, તેમ વેષ અકાર્યાચરણ કરતાં રોકે છે. (૨૨)

'अप्पा' ગાથા. નિશ્ચયથી વિચારીએ તો આત્માના શુભ કે અશુભ પરિણામ થતા હોય, તે પોતાનો આત્મા જ જાણી શકે છે, પણ બીજો જાણી શકતો નથી. બીજાના આત્માના ચિત્તના પરિણામ જાણવા અતિમુશ્કેલ છે. ધર્મ તો આત્મસાક્ષિએ કરેલો પ્રમાણ

છે, તેથી આત્મા વિવેક પ્રાપ્ત કરીને તેવા પ્રકારનું ધર્માચરણ કરે. જેથી અનુષ્ઠાન આત્માને સુખ કરનારૂં થાય. બીજાને રંજન કરવાથી આત્મા ઠગાય છે. (૨૩) ભાવના શુભાશુભ કારણમાં શું લાભ-નુકશાન થાય છે તે કહે છે. 'जं जं' ગાથા-જે જે સમયે આ જીવ શુભ કે અશુભ ભાવથી જેવા પરિણામમાં પ્રવેશ કરે છે, તે જીવ તે તે સમયે ભાવને અનુસારે શુભ કે અશુભ કર્મ બાંધે છે. (૨૪) તેથી કરીને શુભ ભાવ જ કરવો, પરંતુ ગર્વાદિથી દૂષિત ન કરવો. તે કહે છે. 'धम्मो' ગાથા-અભિમાનાદિ કષાય સહિત જો ધર્મ થઈ શકતો હોય, તો ઠંડી, તાપ, વાયરાથી પરેશાની પામેલા અને વરસ દિવસ સુધી આહાર વગરના રહેલા બાહુબલી તેવા ક્લેશ ન પામત. (૨૫)

## ૧૫. બાહુબલીની કથા -

ઈન્દ્ર મહારાજાએ દક્ષિણ ભરતમાં શ્રી ઋષભ નામના પ્રથમ રાજા માટે શત્રુરહિત સુવર્ણની અયોધ્યા નામની નગરી બનાવી. સૂર્યકાન્ત અને ચન્દ્રકાન્ત મણિયમ પુતળીઓ રત્નના ગૃહોમાં દિવસે જાણે અગ્નિ, જળ, ઈન્દ્રજાળની જેમ શોભતી હતી. પ્રગટ સુંદર વર્ણવાળા સવર્ણના બનાવેલા સદા દક્ષિણાવર્તવાળાં મકાનો બનાવેલાં હતાં. જેથી ભરત પૃથ્વીરૂપી સ્ત્રીની મધ્ય નાભિ હોય, તેમ તે નગરી શોભતી હતી. સર્વમુનિ અને સર્વ મનુષ્યોમાં વૃષભ સમાન એવા ઋષભ ભગવંતના મોટા પુત્ર ગુણોમાં ચડિયાતા એવા શ્રી ભરત મહારાજા તે નગરીનું, પ્રજાનું લાલન-પાલન કરતા હતા. ઇન્દ્રની પ્રચંડ આજ્ઞા ખંડન કરીને બળાત્કારથી જો તે તેના રાજ્યનું હરણ કરે તો તેના ભુજાબળની ખણની શાંતિ થાય.

ભરતમહારાજા ન્યાયનીતિ પૂર્વક રાજ્ય પાલન કરતા હતા. ત્યારે કોઇક સમયે આ સ્થાન સભામાં ઉતાવળો ઉતાવળો દૂત આવીને વધામણી આપે છે, કે - 'હે દેવ ! આજે પુરિમતાલ ઉદ્યાનમાં દેવાધિદેવ ઋષભપ્રભુને લોકાલોક પ્રકાશિત કરનાર કેવલજ્ઞાન પ્રગટ થયું છે.' વળી તરત જ બીજા દૂતે આવી વધામણી આપી કે, 'હે પ્રભુ ! આજે આયુધશાળામાં દશે દિશામાં પ્રકાશના કિરણોથી ઝળહળતું ચક્રરત્ન ઉત્પન્ન થયું છે.' તે સમયે ભરત રાજા વિચારવા લાગ્યા કે, આ બે સાથે મહોત્સવ ઉત્પન્ન થયા, તો હવે મારે બેમાંથી પ્રથમ પૂજા કોની કરવી ? સૂર્યમંડલના પ્રચંડ એકઠા મળેલા પ્રકાશ-કિરણોનો જત્થો જેમ સમગ્ર દિશઓના અંધકારને દૂર કરે છે, તેમ આ ચક્રરત્ન પણ અંધકારને દૂર કરનાર છે. આગળ વધતા કામ-ક્રોધાદિક ભાવશત્રુ-સમુદાયને રોકવામાં અપૂર્વ ગુણયુક્ત અને ત્રણે ભુવનમાં ધર્મચક્રવતીપણાનું કારણ કેવલજ્ઞાન તો ચડિયાતું છે. દ્રવ્યતેજ અને ભાવતેજ સ્વરૂપ ચક્ર અને કેવલજ્ઞાન એક સરખાં હોવા છતાં ભાવતેજ સ્વરૂપ કેવલજ્ઞાનની પૂજા પ્રથમ કરીશ' - એમ કહ્યું. અહિં ભરતે પૂજા સમયે ચક્રને સમાન ગણ્યું, તે ખરેખર મોટાઓને પણ વિષય-

તૃષ્ણા વિષમ હોય છે અને મતિમોહ કરાવે છે. અરેરે ! નિર્ભાગી મેં પરમેશ્વર અને ચક્રને સમાન ગણ્યાં-એ અયોગ્ય ચિંતવ્યું.

હૃદયમાં ખટકો થવા લાગ્યો કે, 'ઐરાવણ અને ગધેડો, મણિ અને કાંકરો, કર્પૂર અને ધૂળ, કસ્તૂરી અને કાદવ આ પદાર્થોમાં મેં કશો ફરક ન ગણ્યો. પિતાજી તો સંસાર-સમુદ્ર પામવા માટે નાવ સરખા છે, મહાસિદ્ધિસુખના પ્રકર્ષ પમાડનારા છે, જ્યારે આ ચક્ર તો અદ્ભુત ભોગ-વિભૂતિ આપીને દુર્ગતિના દાવાનળમાં પ્રવેશ કરાવે છે; માટે અહિં મેં અયોગ્ય વિચાર્યું. તાતની પૂજા થઇ એટલે ચક્રની પૂજા તો થઇ જ ગઇ. પૂજા યોગ્ય પિતાજી છે, ચક્ર તો માત્ર આ લોકનું સુખ આપનાર છે, જ્યારે પિતાજી તો શાશ્વતું પરલોકનું સુખ આપનાર છે.' મરુદેવા માતાને બોલાવીને અભિનંદીને કહ્યું કે, 'હે માતાજી ! મારી અને આપના પુત્રની ઋદ્ધિનો તફાવત આપ નીહાળો. હાથણીની ખાંધ પર મરુદેવા માતાજીને બેસાડી ભરતરાજા પોતાની ઋદ્ધિ અનુસાર પ્રભુના કેવળજ્ઞાનનો મહોત્સવ કરવા નીકળ્યો. (૨૦) વન, શ્મશાન, પર્વત-ગુફામાં અતિ ઠંડી, અતિ ગરમી, સખત વાયરાથી પીડા પામતો મારો પુત્ર નગ્ન અને કલેશ પામતો ભ્રમણ કરે છે. જ્યારે હે પુત્ર ભરત ! તું તો અત્યંત મનોહર સર્વાંગ યોગ્ય ભોગ-સામગ્રી ભોગવી રહેલો છે.' આ પ્રમાણે નિરંતર ઉપાલંભ આપતી અને રુદન કરતી મરુદેવ અંધ સરખી આંખે પડલવાળી બની છે. હવે ભરત મહારાજા કહે છે - 'હે માતાજી ! વિરહ વગરની અપૂર્વ દેવતાઈ પુત્રની ઋદ્ધિ જુવો જુવો, મણિ-સુવર્ણાદિકના કિલ્લાવાળા આવા સમવસરણની ઋદ્ધિવાળા આ ભુવનમાં બીજો કોણ છે ? ગંગા નદીના તરંગ સમાન પ્રભુની વાણી સાંભળીને આનંદ અશ્રુની ધારાથી માતાજીના નેત્રનાં તરંગ સમાન પ્રભુની વાણી સાંભળીને આનંદ અશ્રુની ધારાથી માતાજીના નેત્રનાં નીલ પડલ ઓસરી ગયાં. મણિજડિત વિમાન-પંક્તિથી અલંકૃત આકાશતલ જોયું, રણકાર કરતી ઘુઘરીઓ અને ધ્વજા-શ્રેણીયુક્ત સમવસરણ દેખ્યું. (૨૫) હર્ષથી ઉલ્લસિત સદ્ભૂત ભાવના યોગે સર્વ કર્મનો ચૂરો કર્યો. કેવલજ્ઞાનરૂપ નેત્ર પ્રગટ થયાં અને તરત મરુદેવા મોક્ષલક્ષ્મી પામ્યાં. આ એક આશ્ચર્યની વાત છે કે, અત્યંત સ્થાવરપણામાં આટલો કાળ પ્રભુની માતા હતા. આટલા માત્રમાં ભરત ક્ષેત્રમાં, પ્રથમ સિદ્ધિ પામ્યાં. આ ભરતમાં મરુદેવા પ્રથમ સિદ્ધિપદને પામ્યાં એટલે દેવોએ તેનો મહોત્સવ કર્યો. ભરત પણ ભગવંત અને તેને વંદન કરી અયોધ્યામાં ગયા. ત્યારપછી ચક્રનો પૂજા, નાટક વગેરેના પ્રબંધપૂર્વક અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો. ત્યાંથી આયુધશાળાની ભૂમિમાં તેને સ્થાપન કર્યું.

ત્યારપછી લોકોનો જે વ્યવહાર, તે તેનાથી શરૂ થયો. ચતુરંગ સેના સહિત ભરતરાજા છ ખંડ સ્વાધીન કરવા માટે નીકળ્યા. ભરત રાજા ચાલતા હોય તો તેની પાછળ અનુસરે, રોકાય તો તેઓ પણ રોકાય, નિરંતર નાટક-પ્રેક્ષણકનો આનંદ ચાલુ હોય, પૂર્વાદિક્રમે

માગધ વગેરે દેવોને સાધ્યા. સભામંડપમાં ચક્રી નામથી અંકિત તીર એકદમ આવેલું દેખીને તેઓ અવધિજ્ઞાનથી જાણે છે કે પ્રથમ ચક્રી ઉત્પન્ન થયા છે, મણિ-રત્ન-સુવર્ણના બનાવેલા કુંડલ, મુગટ, બાજુબંધ, હાર, કંદોરા વગેરે આભૂષણો તરવાર, છરી, કૃપાણ વગેરે હથિયારનું નજરાણું ધરાવ્યું. ચક્રીને ત્યાં બેસાડી આજ્ઞાપાલન કરવાનું સ્વીકાર્યું. અષ્ટાહ્નિકા મહોત્સવ પૂજા સ્વીકારી પોતાના સ્થાનકે ગયા. પોતે સિન્ધુ મહાનદી ઉતરીને પછી સુષેણ નામના સેનાપતિને સિન્ધુનદીના મહાન નિષ્કુટો સાધવા માટે અહિંથી મોકલે છે. વૈતાઢ્ય પર્વતના કુમાર દેવનો સાધ્યો, તેની ભેટો સ્વીકારી તમિસ્રાગુફામાં કૃતમાલ નામના દેવને બોલાવે છે. સુષેણ સેનાપતિ ત્યાં જિને તમિસ્રાગુફા ખોલાવે છે. હાથીના ખાંધપર બેઠેલો તે ગુફામાં પ્રવેશ કરે છે. ગુફાની બંને બાજુની ભીંતો ઉપર એક કાકિણી નામના રત્નથી ૪૯ મંડલશ્રેણીઓ કરે છે. ત્યારપછી ભરતચક્રવર્તી બીજા ભરતાર્ધમાં પહોંચ્યા. મ્લેચ્છોને જિતીને દેવતાઓ સાથે મણિ, સુવર્ણ વગેરે ગ્રહણ કરીને નાના હિમવાન પર્વતના કુમાર દેવને જિતવા માટે ત્યાં ઉતર્યા. સુષેણાધિપતિ સિન્ધુના નિષ્કુટમાં જઇને પોતાના નામથી અંકિત કેરલા બાણને ધનુષમાં જોડી ફેંક્યું. (૪૦) સુષેમના હાથથી ગંગાદેવીને સાધી તેનો નિષ્કુટ સ્વાધીન કર્યો. ભરત મહારાજાએ ગંગાદેવી સાથે એક હજાર વર્ષ સુધી ભોગ ભોગવ્યા. નમિ-વિનમિને સાધ્યા. તેઓએ ભેટણું અર્પણ કર્યું. તેઓએ ભેટણામાં સ્ત્રીરત્નાદિક આપ્યાં. ગંગાકિનારેથી નવ નિધિઓ સેવા કરવા સાથે ચાલ્યા. ત્યારપછી ખંડપ્રપાત નામની ગુફામાં પ્રવેશ કર્યો. ત્યાં નાટ્યમાલની સાધના કરી. તેમાંથી ભરતાર્ધમાં આવ્યા. સાઠહજાર વર્ષ સુધી સમગ્ર ભરતને સ્વાધીન કરવામાં સમય પસાર કર્યો. અનુક્રમે વિનીતા-અયોધ્યા નગરીમાં પહોંચ્યા. ઘણો ભંડાર એકઠો કર્યો. ચોસઠ હજાર સ્ત્રીઓનું અંતઃપુર, ૩૨ હજાર મુગુટબદ્ધ રાજા, ૮૪ લાખ ઘોડા, હાથી, રથો, ૧૪ રત્નો, ૯૬ ક્રોડ પાયદળસેના, તેમ જ ગામો, એ પ્રમાણે ચક્રવર્તીની તે સમયે ઋદ્ધિ હતી. બાર વરસ સુધી ચક્રવર્તીનો રાજ્યાભિષેક ચાલ્યો, જ્યારે સર્વની સંભાલ લેતા હતા, ત્યારે સુંદરીને દુર્બળ શરીરવાળી દેખી. ભરત છ ખંડ સાધવા ગયા, ત્યારથી સુંદરી નિરંતર આયંબિલ તપ કરતી હતી. તેથી નિસ્તેજ મુખવાળી, સંસારરાગ પાતળો થવાથી ભરતે તેને કહ્યું કે, 'કૃશોદરિ ! કાં તો ગૃહિણી અગર વ્રતવાળી સાધ્વી થા.' સુંદરીએ દીક્ષા અંગીકાર કરી, પોતાના દરેક ભાઇઓ ઉપર દૂત મોકલ્યા કે, 'મારાં રાજ્યો છે, તો તમે મને અર્પણ કરી દ્યો.' ત્યારે ભાઇઓએ કહેરાવ્યું કે, 'પિતાજીએ અમને રાજ્યો આપ્યાં છે, ભરતનું સ્વામીપણું કેવી રીતે ગણાય ?' (૫૦)

હે દૂત ! તું ભરતને કહેજે કે, 'રાજ્યો તો પ્રભુ અમને આપી ગયા છે. ભરત પણ રાજ્ય ભોગવે છે, જેમ તે આપતો નથી, તેમ અમે પણ તેને રાજ્યો અર્પણ કરીશું નહિ.'

"ધન પ્રાપ્ત કરીને કોણ ગર્વવાળા નથી બન્યા ? વિષયાધીન મનુષ્યોની આપત્તિ કોની અસ્ત થઈ ? સ્ત્રીઓની સાથે આ જગતમાં કોનું મન ખંડિત નથી થયું ? આ જગતમાં કાયમનો રાજાનો પ્રિય કોણ બન્યો ? કાળના વિષયમાં કોણ બાકી રહ્યું ? કયો માગનાર ગૌરવ પામ્યો ? દુર્જનની જાળમાં ફસાએલ કયો મનુષ્ય ક્ષેમે કરીને બહાર નીકળી શક્યો." - એમ વિચાર કરીને ફરી તેઓએ કહ્યું કે, 'પ્રભુને પૂછીને પછી તેઓ કહેશે તે તેમની આજ્ઞા મસ્તકે ચડાવીશું' દૂતે ભરત પાસે પહોંચી સર્વ હકીકત નિવેદન કરી.

સ્વામી પણ વિચરતા વિચરતા કોઈ વખતે અષ્ટાપદ પર્વત પર સમવસર્યા. ત્યાં જઇને કુમારોએ પ્રભુને વિનંતિ કરી કે, 'અમારે યુદ્ધ કરીને રાજ્યરક્ષણ કરવું કે સોંપી દેવું ?' ઋષભદેવ ભગવંતે વિષય-તૃષ્ણા દૂર કરનારી દેશના આપી - કે, 'હે વત્સો ! આ વિષયોથી સર્યું. આ વિષયો અનર્થ કરનારા અને કવચ વનસ્પતિ જેવા છે. સંસારના છેડા સુધી ભોગવીએ, તો પણ તેનો છેડો આવતો નથી.' કહેલું છે કે -

"આ વિષયો લાંબા કાળ સુધી અહિં વાસ કરીને નક્કી ચાલ્યા જનારા છે, વિયોગમાં કયો ફરક છે ? કે જેથી મનુષ્ય પોતે આને ત્યાગ કરતો નથી ? વિષયો પોતાની સ્વતંત્રતાથી ચાલ્યા જાય છે, તો મનને અતિશય સંતાપ થાય છે અને વિષયોને જાતે ત્યાગ કરે તો અપરિમિત સમતા ઉત્પન્ન કરે છે." "વિષ અને વિષયો એ બંનેમાં મોટું અંતર છે. ખાધેલું ઝેર મારનાર થાય છે અને વિષયો સ્મરણ કરવાથી આત્માને મારી નાખે છે." તથા અંગારદાહકનું દૃષ્ટાન્ત વિચારવું. આ તમને કહેવાથી તમારી વિષયતૃષ્ણા દૂર થશે.

એક અંગારા પાડનાર મનુષ્ય સખત તાપવાળી ઋતુમાં પાણી ભરેલો ઘડો લઇને અરણ્યમાં ગયો. લાકડાં કાપી કાપીને તેના કાષ્ઠો મધ્યાહ્ન સમયે બાળતો હતો. કઠોર સૂર્યના તાપમાં લુવાળા સખત વાયરા વાતા હતા, તેથી વારંવાર તે તૃષાતુર થતો હતો. પાણી પીવે તો તાજી તૃષા લાગતી હતી. હવે પાણી પીવા માટે મોટી આશાએ ઘડા પાસે આવ્યો. પરંતુ વાંદરાઓએ તેનો ઘડો હલાવી ઢોળી નાખ્યો હતો, એટલે બિચારો નિરાશ થઈ કંઇક ગરમ રેતીમાં આળોટવા લાગ્યો. દુઃખ સહિત ઉંઘી ગયો. સ્વપ્ન આવ્યું. તેમાં ઘરના ઘડાનું, કૂવાનું, વાવડીનું, તળાવનું, નદીઓનું, સમુદ્રનું, સર્વ જળાશયોનું પાણી પી ગયો; તો પણ તેની તૃષા દૂર ન થઈ. એટલે વનના ઉંડા કૂવામાં નવીન ઘાસનું દોરડું બનાવી છેડે તૃણનો પૂળો બાંધી બહાર કાઢી ઘાસના તણખલા પર લાગેલા બિન્દુ ચાટવા લાગ્યો. તેથી તેની તૃષા દૂર થાય ખરી ?

સમુદ્રાદિક જળથી જે દૂર ન થઇ, તે તેટલા તૃણબિન્દુથી તૃષાની શાંતિ થાય ખરી ? દેવલોકનાં, મનુષ્યોના ભોગો ભોગવ્યા પછી આવાં અસાર ભોગોથી તમને કદાપિ તૃપ્તિ થવાની છે ? અત્યારના ભોગો જળબિન્દુ સરખુ તુચ્છ છે. પ્રભુએ તે પુત્રો પાસે વેતાલીય

અધ્યયન વૃત્તોથી પ્રરૂપ્યું. એકેક એક અજ્ઝયણથી પ્રતિબોધ પામ્યા. અને દીક્ષા અંગીકાર કરી. તેઓએ દીક્ષા અંગીકાર કરી છતાં ચક્ર શાળામાં પ્રવેશ કરતું નથી. ત્યારે ચક્રવર્તી વિચારે છે કે, હજુ તક્ષશિલામાં બાહુબલીને જિતવાનો બાકી છે, ત્યારે એક ચતુર વિચક્ષણ દૂતને ભણાવીને તેની પાસે મોકલે છે. તે ત્યાં પહોંચી, પ્રણામ કરી બેઠો અને બાહુબલીને કહેવા લાગ્યો કે, 'તમારા વડીલબંધુએ મારા સાથે સદ્‌ભાવપૂર્ણ સ્નેહથી કહેવડાવેલ છે કે, તમારી સહાયથી હું ભારતનું ચક્રીપણું કરું.

બાહુ૦ - એમાં શું અયોગ્ય છે ? તો તેને જે અસાધ્ય હોય, તે હું સાધી આપીશ.

દૂત - સર્વ સિદ્ધ થઇ ગયું છે, પરંતુ ચક્ર આયુધશાળામાં પ્રવેશ કરતું નથી.

બાહુ૦ - મારી નાની અંગુલીના નખના અગ્રભાગથી હું તેને પ્રવેશ કરાવીશ.

દૂત - આજ્ઞા અતિક્રમ કરનાર કોઇપણ તેને પ્રવેશ ન કરાવી શકે.

બાહુ૦ - હું તે કાર્ય સાધી આપીશ.

દૂત - સ્વામી ! પ્રથમ આત્માને સાધો. છ ખંડ-ભરતના સ્વામીની આજ્ઞા જે મસ્તકે ધારણ ન કરે, તે બીજાં કાર્ય શું સાધે ?

બાહુ૦ - અરે ! મર્યાદા વગર બોલનાર હે દૂત ! દુર્જાત ! આ તું શં બોલે છે ? ભાઇઓને બીવડાવીને દીક્ષા અપાવી, જેથી તું આટલો ગર્વ કરે છે ?

એક વનમાં ભુંડ અને આમ્રવૃક્ષ ઉત્પન્ન થયા હોય, એમાં મોટો અને વિશેષ હોય તેમ તું તેની જેમ આપણી ગણના ગણે છે ? તેને જણાવો કે, 'યુદ્ધ કરવા ભલે આવે.' એમ ભાઇને જે અતિ તીવ્ર અભિમાન થયું છે, તેના સર્વ અભિમાનને દલન કરી-મસળી-પરિભ્રંશ કરી મારા તાબે કરીશ. (૭૫) પ્રતિહારીએ દૂતને ગળે પકડીને બહાર કાઢ્યો. ત્યાં જઇને સર્વ વૃત્તાન્ત ભરતને જણાવ્યો. સાંભળતાં જ અસાધારણ રોષાગ્નિ ભભુક્યો. ભયંકર ભૃકુટી અને ભાલતલવાળા ભરતચક્રીએ યુદ્ધ માટે શત્રુસમૂહને આક્રમણ કરવા માટે પ્રયાણ-ભેરી વગડાવી. ભરતચક્રી સમગ્ર યુદ્ધસામગ્રી સહિત નીકળ્યો અને તેના સીમાડાના પ્રદેશમાં પડાવ નાખ્યો. એટલે મહારોષ પામેલા બાહુબલી પણ સામા આવ્યા. આગળના સૈન્યોનું પરસ્પર યુદ્ધ જામ્યું. સારથીબાણો વરસાવીને સામસામા વીંધાવા લાગ્યા, ખડ્‌ગથી ખડ્‌ગો, ખંડિત થવા લાગ્યા, ભાલા ભાલાને કાપવા લાગ્યા. ચપળ તેજસ્વી ઘોડાની અતિ તીક્ષ્ણ ખુરાથી ઉડેલી ધૂળથી વ્યાપ્ત થએલ, ભાલા ભોંકાવાથી હાથીના લોહી ઝરવાના કારણે જાલિમ જણાતું, અગ્નિ સંબંધવાળાં બાણ ફેંકવાથી અનેક પ્રાણીગણ જેમાં બળે છે, ભ્રમણ કરતા અનેક ભય પામેલા લોકોને યૂથના કોલાહલ શબ્દ જેમાં થઈ રહેલા છે, ઘોડા, હાથી, કાયર, શૂરવીર એવા અનેક પ્રાણીઓનો જેમાં સંહાર થઈ રહેલો છે, જાણે મહાનગર સળગી રહેલું હોય તેવું મહા ભયંકર યુદ્ધ શરૂ થયું. આ

પ્રમાણે નિષ્કારણ અનેક જીવોનો સંહાર દેખી આ ઘણું ખોટું થાય છે - એમ દેખીને બાહુબલી બન્ધુને એમ કહે છે કે, 'નિરપરાધી લોકોનો વિનાશ કરવાનું છોડી આપણે આપણાં અંગોથી યુદ્ધ કરીએ.' ત્યારે ભરતે કહ્યું કે, 'ભલે એમ થાઓ. શું હું તેમ કરવા સમર્થ નથી ? શક્ર પણ જેની શંકા કરે છે, તો પછી બીજાની યુદ્ધમાં કઇ ગણના ગણવી ?' (૮૪) (અહિંથી ૧૦૮ ગાથા સુધી અપભ્રંશ કાવ્યો છે.)

ત્યારપછી બંનેએ એક અંગથી યુદ્ધ કરવાની પ્રતિજ્ઞા કરી અને પક્ષોના સૈનિકોને યુદ્ધ કરતા નિવારણ કર્યા, એટલે તેઓ સાક્ષીની માફક બંને પક્ષમાં જોતા ઉભા રહ્યા. પ્રથમ દૃષ્ટિયુદ્ધ શરુ થયું, એટલે નિર્નિમેષ નેત્રવાળા આ બંને નરદેવો 'દેવો છે' એમ દેવતાઓએ પણ અનુમાન કર્યું. જેમાં સાક્ષીઓ દેવતા હતા, એવા તે બંનેમાં ભરત હારી ગયો; એટલે પક્ષ અને પ્રતિપક્ષ સ્થાપવારૂપ વાદ-વિવાદરૂપ વાગ્-યુદ્ધ કર્યું. તેમાં પણ ભરતનો પરાજય થયો; એટલે મહાભુજાવાળા બંનેએ ભુજાયુદ્ધથી યુદ્ધ શરૂ કર્યું. બાહુબલિએ પોતાનો હાથ લંબાવ્યો, તેને ભરત વાળવા પ્રયત્ન કરવા લાગ્યો, પણ મહાવૃક્ષની ડાળી ઉપર વાંદરો લટકે તેમ લટકતો દેખાયો. ભરતની મોટી ભુજાને બળવાન બાહુબલિએ એક જ હાથ વડે લતાનાળની જેમ વાળી નાખી. પછી મુષ્ટિયુદ્ધ શરુ થયું. એટલે બાહુબલિના ઉપર ભરત પ્રહાર કરવા લાગ્યો, પણ સમુદ્રનાં મોજાં કિનારા પરના પર્વત પર અથડાય તેની માફક તેની મુષ્ટિઓ નિષ્ફળ ગઈ. બાહુબલિએ વજ્ર સરખી મુષ્ટિનો પ્રહાર કર્યો, એટલે ભરત પોતાના સૈન્યના અશ્રુજળ સાથે પૃથ્વીમાં પડ્યો. મૂર્ચ્છા ઉતર્યા બાદ હાથી દંતૂશળથી પર્વતને તાડન કરે, તેવી રીતે ભરતે અભિમાનથી બાહુબલિને દંડ વડે તાડન કર્યું. ત્યારપછી બાહુબલિએ પણ ભરતને દંડથી માર્યો, જેથી તે ભૂમિમાં ખોડેલા ખીલા માફક જાનુ સુધી ખૂંચી ગયો. પછી ભરતને સંશય થયો કે, 'શું આ ચક્રવર્તી હશે ?' તેટલામાં યાદ કરતાં તરત ચક્ર તેના હાથમાં આવી ગયું. મહાકોપથી ભૂમિમાંથી બહાર નીકળીને ભરત મહારાજાએ લશ્કરના હાહારવ સાથે તેવા પ્રચંડ ચમકતા ચક્રને ફેંક્યું, તે ચક્ર બાહુબલીને પ્રદક્ષિણા ફરી પાછું આવ્યું. કારણ કે દેવતાથી અધિષ્ઠિત શસ્ત્રો એકગોત્રવાળા સ્વજનોનો પરાભવ કરતા નથી. તેને અનીતિ કરતા દેખીને કોપથી લાલ નેત્રવાળા બાહુબલિએ 'ચક્ર સાથે તેને ચૂરી નાખું.' એમ વિચારી મુઠ્ઠી ઉગામી. 'તેની માફક હું પણ કષાયો વડે ભાઇનો વધ કરવા તૈયાર થયો છું, માટે ઇન્દ્રિયોને જિતી હું કષાયોને હણું' એમ વિચારતાં ઉત્પન્ન થએલ વૈરાગ્યવાળા બાહુબલિએ તે જ મુષ્ટિથી મસ્તકના કેશનો લોચ કર્યો. અને તરત સામાયિક-ચારિત્ર ગ્રહણ કર્યું. 'સુંદર કર્યું, સુંદર કર્યું' એમ આનંદપૂર્વક બોલતા દેવતાઓએ બાહુબલિના ઉપર પુષ્પવૃષ્ટિ કરી.

બાહુબલિએ મનમાં વિચાર્યું કે, 'ભગવંતની પાસે જઇને જ્ઞાનાતિશયવાળા નાના

ભાઇઓને વંદના કેવી રીતે કરૂં ? માટે કેવલજ્ઞાન ઉત્પન્ન થયા પછી હું પર્ષદામાં જઇશ.' - એમ વિચારી કૃતાર્થ બનેલા તે ત્યાં જ પ્રતિમા ધારણ કરી મૌનપણે કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા. તેવી સ્થિતિમાં રહેલા બાહુબલિને દેખી અને પોતાનું ખરાબ વર્તન વિચારી નમાવેલી ગ્રીવાવાળો ભરત જાણે પૃથ્વીમાં પેસવાની ઇચ્છાવાળો હોય, તેવો ઝંખવાણો બની ગયો. સક્ષાત્ શાંતરસવાળા બન્ધુને પ્રણામ કર્યા અને બાકી રહેલા કોપનો જાણે ત્યાગ કરતા હોય તેમ લગાર ઉષ્ણ આંસુ નેત્રમાં ભરાઇ આવ્યાં. આત્મનિંદા કરતા કહેવા લાગ્યા - "ખરેખર તમોને ધન્ય છે કે, જેમણે મારી અનુકંપા ખાતર રાજ્યનો ત્યાગ કર્યો. ખરેખર હું પાપી, અસંતોષી અને ખરાબ અહંકારવાળો છું કે, જેણે તમને ઉપદ્રવ કર્યો. પોતાની શક્તિ જાણ્યા વગર અન્યાય-માર્ગે પ્રવર્તી જેઓ લોભથી જિતાયા છે, તે સર્વમાં હું અગ્રસર છું. ભવ-વૃક્ષનું બીજ રાજ્ય છે - એમ જાણવા છતાં જેઓ છોડતા નથી, તેઓ અધમ કરતાં પણ અધમ છે. ખરેખર પિતાનો પુત્ર તું જ ગણાય કે, જે પિતાજીના માર્ગે ગયો. હું પણ તેમનો તો જ પુત્ર ગણાઉં, જો તમારા સરખો થાઉં." પશ્ચાત્તાપજળથી વિષાદ-કાદવને સાફ કરી બાહુબલિના પુત્ર સોમયશાને તેની ગાદીએ રાજ્યાભિષેક કર્યો. ત્યારથી માંડીને સેંકડો શાખાઓ યુક્ત તે તે પુરુષ-રત્નોની ઉત્પત્તિના એક કારણરૂપ એવો સોમવંશ ચાલુ થયો.

ત્યારપછી બાહુબલિને પ્રણામ કરી પરિવાર સહિત ભરતરાજા પોતાની રાજ્યલક્ષ્મી સરખી અયોધ્યા નગરીમાં ગયો. દુષ્કર તપ તપતા બાહુબલિમુનિને પૂર્વભવનાં કર્મ સાથે એક વર્ષનો કાળ પસાર થયો. ત્યારપછી ઋષભદેવ ભગવંતે બ્રાહ્મી અને સુંદરી સાધ્વીને ત્યાં જવા આજ્ઞા કરી એટલે બાહુબલિ પાસે આવી તેઓ કહેવા લાગી "હે મહાસત્ત્વવાળા ! સુવર્ણ અને પત્થરમાં સરખા ચિત્તવાળા ! સંગ-ત્યાગ કરનારને હાથી-સ્કંધ પર આરોહણ કરવું યોગ્ય ન ગણાય. આવા પ્રકારના તમને જ્ઞાન કેવી રીતે પ્રગટ થાય ? નીચે લીંડીનો અગ્નિ હોય એવા વૃક્ષને નવપલ્લવો ઉગતાં નથી. માટે જો તમારે ભવ-સમુદ્ર તરવાની ઇચ્છા હોય, તો તમો જાતે જ વિચાર કરી લોઢાની નાવ સરખા આ હાથી ઉપરથી નીચે ઉતરો." ત્યારપછી બાહુબલી વિચારવા લાગ્યા કે, 'વૃક્ષ પર ચડેલી વેલડી માફક મારા શરીરને હાથીનો સંગમ કેવી રીતે લાગે ? કદાચ સમુદ્ર મર્યાદા મૂકે, પર્વત ચલાયમાન થાય, તો પણ ભગવંતની આ શિષ્યાઓ અસત્ય વચન ન બોલે. હા, જાણ્યું. અથવા તો આ માન એ જ હાથી છે અને એણે જ મારું જ્ઞાનફળવાળું વિનય-વૃક્ષ નાશ પમાડ્યું છે.' 'નાના ભાઇઓને હું કેવી રીતે વંદન કરું ?' એવા વિચારને ધિક્કાર હો. તેઓ જ્ઞાન, ચારિત્ર, તપ વડે મોટા છે. મારું મિથ્યા દુષ્કૃત થાઓ. દેવો અને અસુરોને વંદન કરવા યોગ્ય એવા ભગવંતની પાસે જઇને નાના ભાઇઓના શિષ્યોને પણ પરમાણુ સરખો થઇ હું તેમને વંદન કરું. જેટલામાં તે મુનિ પગ ઉપાડીને ચાલ્યા, તેટલામાં તેમણે નિર્વાણ-ભવનના દ્વાર

સરખું કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. હાથમાં રહેલા આમલકની માફક કેવલજ્ઞાન લક્ષ્મીથી સમસ્ત વિશ્વને જોતા તે બાહુબલિ મુનિ ભગવંત સમીપે કેવલીઓની પર્ષદામાં બેઠા.

અતિ ગૂંચવાએલા કેશને ઓળી-સરખા કરી, નિર્મળ મજબૂત કટીવસ્ત્ર પહેરી, હરિચંદનનું તિલક કરી અતિપ્રચંડ બાહુદંડને ઉત્તમ પદાર્થોથી વિલેપન કરી તે બંને પુરુષસિંહો રણાંગણમાં ઉતર્યા. તે સમયે ત્રણે લોકના સહુકોઇ કુતૂહળ જોવા એકઠા થયા. આ દૃશ્ય જોવામાં કોઈ કંટાળતા નથી. (૮૫)

મનોહર ઉત્તમ ચિહ્નવાળા વિમાનમાં રહેલા, પહોળા અનિમેષ નેત્રથી આકાશમાં એકઠા થએલા દેવો આ યુદ્ધ નીહાળતા હતા. વિદ્યાધરો, યક્ષો, રાક્ષસો, લોકપાલો પણ અસ્ખલિત ગતિવાળા વાહનમાં ચારે દિશામાં કૌતુક સહિત એકઠા મળી વિચરતા હતા. આ બંને એવી સરસાઈથી લડતા હતા કે આમાં કોણ હારશે અને કોણ જિતશે ? તેનો નિશ્ચય કરી શકતા ન હતા. (૮૬) ચકચકાટ કરતા અતિતીક્ષ્ણ ભાલાવાળા અને મજૂબત બખ્તર પહેરેલા પ્રથમ ગોળાકારમાં બંને શત્રુ-સૈન્યો ઘેરીને ઉભા રહ્યા. એની પછી તેને વીંટલાને બખ્તર પહેરેલા ચપળ ચતુર લાખો અશ્વોની શ્રેણી, તે સર્વની બહાર વીંટળાઇને મદ ઝરતા મહાહાથીઓની શ્રેણી રહેલી હતી. તે સર્વની મધ્ય ભાગમાં બાથમાં લેતા, દ્વંદ્વયુદ્ધ કરતાં વળી વિખૂટા પડતા તે બંને પુરુષસિંહો રહેલા હતા. (૮૭)

હવે બંને રણાંગણમાં ઉતર્યા પછી લગાર વક્ર થઇને સાથળ ઉપર હથેલી ઠોકીને એક બીજા વળગતા હતા. નિઃશંકપણે સિંહનાદ કરતા હતા. એવા પ્રકારના પગના પ્રહાર કરતા હતા કે, જેથી ઉંચા પર્વતો ડોલતા હતા. સાંઢની ગર્જના સરખા શબ્દો કરીને પગ બંધન કરતા હતા, મોટા મલ્લો લડતા હોય, તેમ યશના કારણભૂત જય જય શબ્દ બોલતા હતા. (૮૮)

નિર્નિમેષ નેત્રો કરીને દૃષ્ટિની ચેષ્ટા, ભુવનમાં વિસ્તાર પામતી દિવ્યવાણીથી વાગ્યુદ્ધ, દુર્ધર બાહુબંધ બાંધી બાહુયુદ્ધ કરી લડતા હતા, નિષ્ઠુર મુષ્ટિઓ વડે કરીને તેમજ ઉંચા દંડોએ કરીને દંડાદંડી યુદ્ધ કરતા હતા. દરેક યુદ્ધમાં ભરત હારી ગયો; એટલે ભરતને પોતાના બળમાં શંકા થઈ. (૮૯)

ચિત્તમાં શંકા થઇ એટલે ભરતચક્રી વિચારવા લાગ્યા કે, 'બાહુબલિ અતિ બળવાન છે, શું ચક્રવર્તી એ થશે ?' શું હું તેની આગળ દુર્બળ બાળક હોઇશ ? મેં ઉપાર્જન કરેલ સર્વાંગ રાજ્યને તે પડાવી લેશે ? હવે તેને મારવાના એકમનવાળો ભરત બોલવા લાગ્યો, હાથ લાંબો કર્યો અને કંટાળીને કહેવા લાગ્યો કે, 'હે ચક્ર ! તું આજે દુશ્મન બની મારા હાથ પર કેમ આવી ચડતું નથી ?' (૯૦)

એટલે કરવતી સરખી ધારવાળું, વિજળીના સમૂહથી ઘડેલું હોય તેવું ભયંકર ચક્ર

ભરતના હાથ પર ચડી ગયું. 'જગત ઉપર આક્રમણ કરવા માટે નાની મોટી શિખાવાળા ઉલ્કાગ્નિના મોટા મોટા તણખા ઉડાડતું ચક્ર તે બાહુબલિના ભાલસ્થળમાં, એવું મારું કે, વૈરીના હૃદયમાં ધ્રાસકો પડે.' એમ ચિંતવીને ભરત ચક્રવર્તીએ એકદમ ચક્ર છોડ્યું. (૯૧)

તડતડ શબ્દ કરતું, અગ્નિકણ એકઠા કરતું, અંધકાર દૂર કરતું, હાહાકારના મુખર શબ્દો અને ધિક્કારના શબ્દો લેતું તે ચક્રનું તુંબ બાહુબલિના વક્ષઃસ્થલ પર પડ્યું, પરંતુ ચક્રની ધાર તેને ન લાગી. કારણ કે, પોતાના ગોત્ર-વંશમાં ચક્ર એક વખત પણ તે સમર્થ બની શકતું નથી. (૯૨)

તે જ ક્ષણે તક્ષશિલાના નાથ બાહુબલિ પૃથ્વી પર પટકાયા, ત્યારે સમગ્ર લોકોનું નેત્રાશ્રુ સાથે મૂર્ચ્છાંધકાર ઉછળ્યો. જ્યાં બાહુબલિની મૂર્ચ્છા ઉતરી અને ચેતના પ્રગટી. ચક્ર હાથમાં લઈ મારનાર ઉપર પ્રહાર કર્યો. ચક્રી તરત ચિંતવવા લાગ્યો કે, હું ભરતનો ચક્રવર્તી છું. હું શરભ છું, તે ગજેન્દ્ર છે, અવિનય-વૃક્ષ સરખા તેને હું મૂળના કંદમાંથી ઉખેડી નાખું. (૯૩)

હવે બાહુબલિ ચિંતવવા લાગ્યો કે, 'મેં અપકીર્તિ કરનાર દુષ્ટ વિચાર્યું. ભરત અને બાહુબલિ બંને એક મગની બે ફાડ છે. પોતાના બંધુને મારી તેની ઋદ્ધિ તેવી ન થાઓ. બલ, ધન, જીવિત, યૌવનનો કોઇ ગર્વ કરે, તે ઘરમાં જીવિતનો સંશય કરનાર જંતુ (સર્પ) હોવા છતાં વાત કહેતો નથી. (૯૪)

સોમાં બે ઓછા એવા મારા ૯૮ ભાઇઓ જે મહાભાગ્યશાળીઓએ આ સંસારના વિષયો અને રાજ્યોને વિષ સરખા દેખ્યા, આ લોકમાં અને પરલોકમાં આત્માને તપાવનારા, ભોગવતી વખતે મીઠાં લાગે, પરંતુ તેનાં ફળો ઉદયમાં આવે, ત્યારે કડવાં દુઃખો અનુભવવાં પડે, પિતાજીના ચરણની સેવાના પ્રસાદથી શ્રેષ્ઠ સંયમ-સામ્રાજ્યની સિદ્ધિ કરી. કેવલજ્ઞાન પ્રગટાવી પરલોકરૂપ પરમપદની સાધના કરી. (૯૫)

આ ભરત ભરતક્ષેત્રમાં છ ખંડનું રાજ્ય કરે છે, તોપણ મર્યાદાનો ત્યાગ કરી લક્ષ્મીમાં અતિ લંપટ અને લોભ મનવાળો થયો છે. ભાઇપણાના સંબંધને પણ તિલાંજલિ આપી છે. પિતાજી તરફથી મળેલ વારસાનું ધન લૂંટી જાય છે, જેમ અગ્નિ કંઈ પણ છોડતો નથી, તેમ આ ભરત ભાઇઓના રાજ્યાદિક ધનને છોડતો નથી. જેમ જેમ તે લેતો જાય છે, તેમ લોભની ભૂખ વધતી જાય છે. માટે હું તક્ષશિલાને અને મનમાં રહેલા રોષનો ત્યાગ કરું છું. એ પ્રમાણે તે પિતાજીના ચરણમાં જવા તૈયાર થયો, ચિત્તમાં સંક્ષોભ થયો. (૯૬)

ત્યારપછી ચક્ર છોડી દીધું, જે કંઈ આભરણ, આયુધ, પુષ્પો તે સર્વનો ત્યાગ કર્યો, રાજ્ય અને રાષ્ટ્રનું હવે મારે શું કામ છે ? પોતાની વજ્ર સરખી પાંચ મુષ્ટિથી કેશ ઉખેડી નાખ્યા. મસ્તકે સ્વયં લોચ કર્યો, તે સમયે શાસનદેવીએ અસંગ થએલા બાહુબલી મુનિને

સાધુવેષ આપ્યો. ત્યારપછી ભરતની સર્વ રાણીઓ ત્યાં આવી અને નવા મુનિને ભરત ચક્રવર્તી કહેવા લાગ્યા. (૯૭)

હે મુનિવર ! તમે તો કુલક્રમ આ રીતે નિર્વાહ કર્યો અને સર્વનો ત્યાગ કર્યો. વિધિતત્પર પુરુષો તમારી આગળ કયા ગર્વનું નાટક કરી શકે ? પોતાના વંશ પર બીજો કોણ (વાડઇ) કળશ ચડાવે ?

ભગવંતની જેમ ત્રિભુવનરૂપી ઉજ્જ્વલ ગૃહને પોતાના ઉજ્જ્વલ યશવાદથી પ્રકાશિત કર્યો. આ પ્રમાણે સ્તુતિ કરનાર ચક્રવર્તી ભરત સ્તુતિપાઠક-વૈતાલિક માફક શોભવા લાગ્યા. (૯૮)

હવે મહા બાહુબલી મુનિ અતિશય વિચારવા લાગ્યા કે, 'પરમેશ્વર પિતાજી પાસે હું જાઉં, પરંતુ કેવલજ્ઞાન વગરનો કેવી રીતે ત્યાં જાઉં ? મારા નાના ભાઇઓ તો કેવલજ્ઞાની હોવાથી હું તેમની પાસે દીન લાગું અને લજ્જા પામું, તો હવે અહિં હું જલ્દી કેવલજ્ઞાન ઉત્પન્ન કરું, ત્યારપછી પરમેશ્વર સન્મુખ જવા માટે હું પ્રસ્થાન કરીશ. (૯૯)

આ પ્રમાણે ચિત્તમાં વિચાર કરીને, બંને હાથ લંબાવીને નાસિકાના અગ્ર ભાગ ઉપર નેત્રો સ્થાપન કરીને અડોલ ચિત્તવાળા, નિર્મલ મનવાળા, સ્તંભ માફક શોભન કાઉસ્સગ્ગધ્યાનમાં ઉભા રહ્યા. આહાર-પાણી વગરના અત્યંત સ્થિર મુનિવર એક વરસ સુધી તે પ્રમાણે રહીને મોક્ષપદ પામવાને માટે તૈયાર થએલા તે એકાગ્રતાથી શુભ ધ્યાન કરતા હતા. (૧૦૦)

શરીરમાં પુરુષાર્થ છે, હૃદયમાં ઉત્સાહ છે, જે કારણે ચક્રવર્તીને પણ જિત્યા, આ એક આશ્ચર્ય બનાવ્યું, જો તું અહિં પગ ઉંચો કરે, તો નક્કી કેવળજ્ઞાન આવે, તો બીજું આશ્ચર્ય થાય. જે કંઇ પણ પ્રત્યક્ષ દેખાય. તેને માટે સહુ કોઇ પ્રયત્ન આરંભે છે, જો હું કેવલજ્ઞાની થાઉં તો તે અપૂર્વ આરંભ-પ્રયત્ન ગણાય. (૧૦૧)

હેમંત ઋતુમાં દુસ્સહ શીતળ ઠંડી પડે છે, હિમ પડવાથી કમલવનો બળી જાય છે, નિર્ભાગી દરિદ્ર લોકોને કકડતી ઠંડી વાગતી હોવાથી દંતવીણા વગાડે છે, અર્થાત્ દાંત કકડાવે છે, રાત્રિ લાંબી હોય છે, તેમાં મુનિઓનાં રુંવાડાં સર્વાંગે ખડાં થઇ જાય છે, નજીકમાં ફરતાં શિયાળોના પ્રગટ ફેક્કારવ શબ્દ સંભળાય છે, તો બાહુબલિ મુનિ શુક્લધ્યાન ધ્યાતા ધ્યાતા શિયાળાની ઠંડી સમભાવથી સહન કરતા હતા. (૧૦૨)

ગ્રીષ્મ ઋતુનો આરંભ થયો, તેમાં વૃક્ષ નષ્ટ થવા લાગ્યા, મૃગજળ દેખાવા લાગ્યાં, માર્ગો તપવા લાગ્યા, સૂર્યનો આકરો તાપ પડવા લાગ્યો, ગરમ લૂનો પવન વાવા લાગ્યો, જગના જીવો અતિ તૃષા-વેદનાઓ સહન કરે છે, તો પણ આ સ્થિરતાથી કાઉસ્સગ્ગ કરતા તપસ્વી મુનિ મનથી પણ પોતાના ધ્યાનથી ચલાયમાન થતા નથી. પોતાનું હૃદય કઠણ કરીને એક જ માર્ગ-કેવલજ્ઞાન પ્રગટ કરવાની જ માત્ર રાહ જોઇ રહેલ છે. (૧૦૩)

ચોસામાના સમયમાં એકધારો સખત વરસાદ પડે છે, નવીન વિજળી ઝબુક ઝબુક ઝળક્યા કરે છે, ધીર-ગંભીર શબ્દથી મેઘનો ગડબડાટ શબ્દ ગાજે છે. મુનિના આખા શરીર ઉપર ઘાસ અને વેલડી-વૃક્ષના પલ્લવો એવા વીંટળાઇ વળેલા છે કે, મુનિનું શરીર જાણી શકાતું નથી. સર્પ, ગોધા વગેરે તેના શરીર પર ફરે છે, ઘણા પક્ષીઓએ તેમાં માળા બનાવ્યા છે, તો પણ બાહુબલી મુનિ મનમાં ચલાયમાન થયા વગર શુભ ધ્યાનમાં રહેલા છે; કોઇથી ભય કે પીડા પામતા નથી. (૧૦૪)

ઋષભદેવ ભગવંતે જાણ્યું કે, 'હવે સમય પાકી ગયો છે, તો પોતાની ઉત્તમ બ્રાહ્મી, સુંદરી નામની સાધ્વી પુત્રીઓને ત્યાં મોકલાવે છે. વનખંડની સુંદરી સરખી તે બંને અટવીમાં પહોંચી. ભાઇને વનમાં શોધતાં શોધતાં ઘણો સમય થયો. ગુણોમાં અતિ મોટા એવા બાહુબલી ઘાસ, વેલડીથી ઢંકાઇ ગએલા એવા તે મુનિને કોઇ પ્રકારે દેખ્યા. (૧૦૫)

કોઈ પ્રકારે બંને બહેનોએ વંદન કરી કહ્યું કે, 'હે મોટા આર્ય ! ભગવંતે કહેવરાવ્યું છે કે, 'હાથી પર ચડેલાને કેવલજ્ઞાન પ્રગટ થતું નથી.' ત્યારે બાહુબલી વિચારવા લાગ્યા કે, 'અહિં હાથી ક્યાં છે ? ભગવંત કદાપિ ફેરફાર કહેવરાવે નહિં, હાં હાં ! જાણ્યું કે, આ મારી સ્વચ્છંદ દુર્મતિ કે એક વરસ સુધી તીવ્ર તપસ્યા તપ્યો, તે જ માનરૂપી હાથી પર હું ચડેલો છું.' (૧૦૬)

આ મેં ખોટો અહંકાર કર્યો, જો કે મારા ભાઇઓ વયથી નાના છે તો પણ તેઓ ગુણોથી મોટા છે. લાંબા કાળના દીક્ષા પર્યાયવાળા, ક્ષમા વગેરે સમગ્ર યતિના ગુણવાળા, કેવલજ્ઞાનથી વિશિષ્ટ છે. ભગવંતે મને સુંદર શિખામણ આપી. હવે હું ગુણોના ભંડાર એવા તેમને વાંદીશ, એમ વિચારી જેવો પગ ઉપાડ્યો, તે જ ક્ષણે ઉત્તમ કેવલજ્ઞાન પામ્યા. (૧૦૭)

તે ક્ષણે આકાશમાં ઘણા દેવતાઓ એકઠા થઈને દુંદુભી વગાડવા લાગ્યા, મધુર સુગંધી પુષ્પો અને જળની વૃષ્ટિ વરસાવી, મોટા હર્ષ-સમૂહથી ભરેલા અનેક દેવતાઓની સાથે નવા કેવલી ચાલવા લાગ્યા, સમવસરણમાં પહોંચી તે મુનિએ ભગવંતને એક પ્રદક્ષિણા આપી, કેવલીઓની પર્ષદામાં જઇ, આસનબંધ-બેઠક લીધી. (૧૦૮)

બાહુબલિને હું અહિં જ જ્ઞાન ઉત્પન્ન કરીને, પ્રભુ પાસે જઈશ એવી પોતાની કલ્પનાથી કાયોત્સર્ગ કરીને ક્લેશ પામ્યા છતાં જ્ઞાન કેમ ન પ્રગટ થયું ? તેનું સમાધાન કહે છે.

**नियगमई-विगप्पिय चिंतिएण सच्छंद-बुद्धि-चरिएण ।**
**कत्तो पारत्त-हियं, कीरइ गुरुअणुवएसेण ।।२६।।**

थद्धो निरुवयारी, अविणिओ गव्विओ निरुवमाणो ।
साहुजणस्स गरहिओ, जणे वि वयणिज्जयं लहइ ।।२७।।

थोवेण वि सप्पुरिसा, समंकुमार व्व केइ बुज्झंति ।
देहे खण-परिहाणी, जं किर देवेहिं से कहियं ।।२८।।

ગુરુના ઉપદેશ વગર માત્ર પોતાની બુદ્ધિથી કલ્પના કરેલ-સ્વચ્છંદમતિથી આચરેલ, તે કારણે ગુરુના ઉપદેશને અયોગ્ય એવા શિષ્યો પરલોકનું હિત-કલ્યાણ કેવી રીતે સાધી શકે ? ઉપાયનો અભાવ હોવાથી તે હિત સાધી શકે નહિં. (૨૬)

સ્તબ્ધ એટલે ગર્વવાળો, નિરુપકારી એટલે આસન આપવું વગેરે ઉપકારનો બદલો વાળવામાં પરાઙ્મુખ થએલો હોવાથી કૃતઘ્ન, અવિનીત - આવે ત્યારે ઉભા થવું, વિનય કરવો ઇત્યાદિકમાં પ્રમાદ કરનાર, પોતાના ગુણની બડાઇ મારનાર, પ્રણામ કરવા યોગ્યને પણ પ્રણામ ન કરનાર આવા પ્રકારના શિષ્યો સજ્જન લોકથી પણ નિંદાપાત્ર થાય છે અને લોકોમાં પણ હીલના પામે છે. (૨૭)

એવા પ્રકારના ભારે કર્મી આત્માઓને બોધ પમાડો-સમજાવો, તો પણ બોધ ન પામે. જ્યારે હલુકર્મી મહાત્માઓ તો અલ્પ વચનથી પ્રતિબોધ પામે છે, તે વાત કહે છે - 'થેવેણ' ગાથાનો અર્થ કથા કહીશું, તેથી સમજાશે. સનત્કુમારની જેમ અલ્પ ઉપદેશથી પણ સત્પુરુષો સુલભ બોધિ જીવો પ્રતિબોધ પામી જાય છે. 'તમારા શરીરમાં ક્ષણમાં ફેરફાર થઈ ગયેલ છે' - એમ દેવતાએ કહેવાથી વૈરાગ્યવાન્ બન્યા તે વાત અહિં સંક્ષેપમાં કહીશું.

### ૧૭. સનત્કુમાર ચક્રીની કથા -

કુરુજંગલ નામના દેશમાં શારીરિક અને આત્મિક એમ બંને પ્રકારના સુખના અભિલાષીઓ સુખેથી રહેતા હતા, તેવું પૃથ્વીરૂપી મહિલાને ક્રીડા કરવા કમલ સમાન હસ્તિનાપુર નામનું નગર હતું. જ્યાં માતાઓ માયા વગરની, શ્રાવકો પાપ વગરના, મનુષ્યોમાં મણિસમાન રમણીઓ અને પુરુષો કામદેવના સમાન રૂપવાળા હતા. તે કુરુવંશમાં ઉજ્જ્વલ યશવાળો, પ્રગટ પ્રતાપવાળો **વિશ્વસેન** નામનો રાજા રાજ્યપાલન કરતો હતો. તેને **સહદેવી** નામની મુખ્ય રાણી હતી. તેને ચૌદ સ્વપ્નથી સૂચિત પ્રસિદ્ધ એવો પુત્ર થયો અને સમય થયો ત્યારે ઉત્સવ-પૂર્વક **સનત્કુમાર** એવું નામ સ્થાપન કર્યું. યોગ્ય સમયે કળાનિધિની જેમ કળા-સમુદાયમાં નિષ્ણાત તેમ જ રમણીઓના મનરૂપી હરણને પકડવા માટે જાળ સમાન તારુણ્ય પામ્યો. નિરવદ્ય વિદ્યાઓ રૂપ મણિ-દર્પણમાં મુખ જોનારને તેના સૌભાગ્ય રૂપ સુધા-અમૃતરસની નીક અથવા તો નેત્રના દર્શનસુખની સરણી

હતી. ઇન્દ્રાણીના આવાસની વળી સરખા તેના બે બાહુઓ હતા. સુંદર તરુણીઓ માટે તેનું વક્ષસ્થલ સારપટ્ટ સમાન હતું. કોઈ કવિ પણ તેના સમગ્ર અંગોનું વર્ણન કરવા સમર્થ ન થઇ શકે. જો કોઈ તેની પ્રાર્થના કરે, તો તે ગ્રન્થનો વિસ્તાર થાય. સૂર્ય કે ચંદ્ર હોય તેનું તેજ મહાન છે, પણ મેળવી શકાતું નથી અથવા તો બંનેનો સમાહાર-એક આશ્રય કરાય તો દુઃખે કરીને જાણી શકાય અને સૌમ્ય સ્વભાવ છે. નવા રૂપ-રેખાની તુલના કરીએ, તો તેની આગળ નલકુબેર પણ રાંકડો બની જાય છે, કામદેવ કે ઇન્દ્ર પણ આ રૂપ પામવા સમર્થ નથી. કોઈક સમયે અશ્વ ખેલવાની ક્રીડા આનંદપૂર્વક કરતો હતો, ત્યારે એક અશ્વ તે ક્રીડામાંથી આકાશતલમાં ઉડીને માનસ સરોવરના કિનારા પાસેની પૃથ્વીમાં લઇ ગયો. ત્યારે આ વિચારવા લાગ્યો કે, કોઇક કોપાયમાન થએલા યક્ષે કે રાક્ષસે મને અહિં આણ્યો છે. અશ્વ ઉપરથી નીચે ઉતરી અતિ થાક તૃષાવાળો સંધ્યા સમયે શૂન્ય અરણ્યમાં ચારે બાજુ જળાશય મેળવવાની આશાએ પરિભ્રમણ કરવા લાગ્યો.

મોટા કલ્લોલ યુક્ત અતિનિર્મલ અનેક જળજન્તુના સમૂહથી ક્ષુભિત એવું માનસ સરોવર પૂર્વદિશામાં જોવામાં આવ્યું. ચપળ કલ્લોલરૂપ બાહુદંડ જેમાં એક પછી એક સતત ઉછળી રહેલા છે, અથવા તો અતિથિ એવા કુમારના અંગને આલિંગન કરવા રૂપ ગૌરવ કરવા માટે જાણે કેમ કલ્લોલ ઉછળીને જેમાં પડતા હોય. પ્રચંડ તરંગયુક્ત સુંદરનાલથી સંગત સારસ-સમુદાયથી શોભિત એવું માનસ સરોવર જિન પ્રવચન સરખું શોભતું હતું. ઘણા આનંદ સહિત સ્નાન કરી શીતળ જળનું પાન કરી શ્રેષ્ઠ વૃક્ષોવાળા કિનારા ઉપર છાયડામાં વિશ્રામ કરવા બેઠો. જેટલામાં છાયડામાં બેઠો એટલામાં તો પૂર્વના વૈરી અસિત નામના યક્ષે તેની સાથે લડવાનું શરુ કર્યું. સર્પ ભરડો મારે તેમ પાશ નાખીને દૂર ફેંક્યો, અતિશય મહાન શલ્ય ઉત્પન્ન કર્યું, મસ્તક ઉપર પર્વતનો ભાર મૂક્યો અને મુષ્ટિપ્રહારથી ચૂરવા લાગ્યો. એટલે કુમારે પણ પ્રહાર કરી તેને જર્જરિત દેહપંજરવાળો કર્યો, મોટી ચીસ પાડી નાસી ગયો, પરંતુ દેવતા હોવાથી તે મૃત્યુ ન પામ્યો. આ પ્રમાણે તેને જિતવાથી અતિશય શરીરબલ અને જાગતું પુણ્ય જણાવાથી ખેચર દેવતાએ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી. ત્યાર પછી તેને પ્રણામ કરીને વિમાનમાં બેસારીને ભાનુવેગ રાજાની પ્રિયસંગમા નામની નગરીમાં લઈ ગયો. ત્યારપછી બિરુદાવલી બોલનારે કહ્યું કે :-

"નિર્મલ કુલ, કલ્યાણકારી આકૃતિ, શ્રુતાનુસારી મતિ, સમર્થ ભુજાબલ, સમૃદ્ધિવાળી લક્ષ્મી, અખંડિત સ્વામીપણું, સૌભાગ્યશાલી સ્વભાવ, આ દરેક ભાવો અહંકારનાં કારણો છે. પુરુષ જેનાથી ઉન્માદ પામે છે, તે જ ભાવો તારા માટે અંકુશરૂપ છે."

રાજસભામાં બેઠેલ ભાનુરાજાએ પણ હર્ષપૂર્વક ઉભા થઇ સન્માન આપ્યું. શ્રેષ્ઠ આદર-સત્કાર કરીને વાતની શરૂઆત કરી આ પ્રમાણે પ્રાર્થના કરી. 'મારી આઠ

કન્યાઓના પતિ તમે થશો,' એમ અર્ચિમાલિ મુનિએ કહેલ હતું. અસિતયક્ષ નામના યક્ષની સાથે યુદ્ધ થાય, તે નિશાનીથી તે ચોથા સનત્કુમાર નામના ચક્રવર્તી થશે. સ્થિરસત્ત્વવાળા તેને આ કન્યાઓ આપવાથી અત્યંત સુખી થશે. અમે તમારા અતિહિતવાળા થઇશું. કુમારે તેમનું વચન પ્રમાણ માન્યું. પ્રથમ વિદ્યાધર કન્યાઓ સાથે પાણિગ્રહણ કર્યું. વળી ભાનુ રાજાએ સનત્કુમારને કહ્યું કે, 'અર્ચિમાલિ મુનિએ યક્ષ સાથે તમને જે વેરનું કારણ થયું હતું તે પણ હું સંક્ષેપથી કહું છું, તે સાંભળો -

કંચનપુર નગરમાં ૫૦૦ અંતઃપુરની રાણીના વલ્લભ જાણે પોતે કામદેવ હોય તેવા વિક્રમયશ નામના રાજા હતા. તે નગરમાં નાગદત્ત નામનો સાર્થવાહ અને તેને રતિના રૂપનો ગર્વ દૂર કરનારી વિષ્ણુશ્રી નામની ભાર્યા હતી, તેને વિક્રમયશ રાજાએ દેખી તેના રૂપમાં મોહિત બની તેને અંતઃપુરમાં નાખી. પોતાની પત્નીના વિરહમાં અગ્નિદાહથી તે સાર્થવાહ ગાંડો બની ગયો.

વિષ્ણુશ્રીના મોહની મૂલિકાથી વિક્રમયશ રાજા એવો મોહાધીન બની ગયો કે, બીજાં રાજ્યાદિકનાં કાર્યોનો ત્યાગ કરી તેને જ દેખતો તેની પાસે રહેતો હતો. ઇર્ષ્યા-વિષાદરૂપ વિષથી દુભાએલી એવી બીજી રાણીઓએ તેને ઝેર આપ્યું, એટલે તે મૃત્યુ પામી. સાર્થવાહની જેમ રાજા પણ શુન્યમન બની રુદન કરવા લાગ્યો તેના દેહને અગ્નિસંસ્કાર કરવા પણ આપતો નથી, એટલે મંત્રીઓએ ગુપ્તમંત્રણા કરી રાજાની નજર ચૂકાવી બીજા કલેવરને અરણ્યમાં ત્યાગ કરાવ્યું. રાજા તેને ન દેખવાથી ભોજન-પાણી લેતો નથી એટલે કદાચ રાજા મૃત્યુ પામશે-એમ ધારીને રાજાને અટવીમાં લઇ ગયા. ત્યાં કલેવરની તેવી અવસ્થા દેખી કે ગીધડાંઓએ તેને અર્ધી ફોલી ખાધી હતી, આંતરડાં બહાર નીકળી આવ્યાં હતાં અને તેના ઉપર માખો બણબણતી હતી. માંસ, ચરબી, પરુ, ફેફસાં, હાડકાં વગેરેમાં કીડાઓ સળવળતા હતા. અતિશય ખરાબ ગંધ ઉછળતી હતી. નાસિકા પક્ષીની ચાંચથી ફોલાઈ ગઈ હોવાથી ભયંકર આકૃતિવાળી તેને દેખીને વૈરાગ્ય પામેલો રાજા આ પ્રમાણે ચિંતવવા લાગ્યો. 'અરે ! મેં મારા કુલની લજ્જા, મર્યાદા, યશ વગેરેનો ત્યાગ કરી જેને માટે મેં આ કર્યું, તેના દેહની આવા પ્રકારની ભુંડી દશા થઇ. ખરેખર હું મૂઢ છું. (૩૮) જેના અંગો માટે કુંભ, મોગરાનાં પુષ્પ, કમમળ, ચંદ્ર ઇંદિવર, કમલ અને બીજી શુભ ઉપમાઓ અપાતી હતી, તેના અંગની આ સ્થિતિ થઇ. ગંધસાર ઘનસાર, અગુરુ, કસ્તૂરી, કુંકુમ વગેરે સારપદાર્થો આ દેહને આપવામાં આવે, તો તેનો મહા અધમગંધ ઉત્પન્ન કરનાર આ દેહ છે: અરે ! કોહાઇ ગએલા દેહ માટે મેં શું શું કલ્પના અને કાર્ય નથી કર્યા, દુર્મતિ એવા દેહે બળાત્કારે મારા આત્માને દુઃખ અર્પણ કર્યું છે. રાજાએ તૃણ માફક રાજ્યાદિકનો ત્યાગ કરીને સુવ્રત નામના આચાર્યની પાસે દીક્ષા અંગીકાર કરી. તીવ્ર

તપશ્ચર્યા કરવા લાગ્યા. મૃત્યુ પામી સનત્કુમાર કલ્પમાં મહર્ધિક દેવપણે ઉત્પન્ન થયા. પછી રત્નપુરમાં શેઠપુત્ર થયો. જિનધર્મ નામ પાડ્યું. ત્યાં સુંદર રીતે શ્રાવકધર્મનું પાલન કરતો હતો. મુનિ અને જિનેશ્વરની પૂજાભક્તિ કરતો હતો. આ બાજુ નાગદત્ત પત્નીવિરહના આર્તધ્યાનના કારણે મૃત્યુ પામી લાંબા કાળ સુધી તિર્યંચગતિમાં ભ્રમણ કરીને સિંહપુરનગરમાં બ્રાહ્મણ થયો. ત્યાં ત્રિદંડી-વ્રત અંગીકાર કરી ૧-૨-૩-૪-૫ માસના ક્ષમણાદિ તપ કરીને પારણું કરતો હતો. હવે હરિવાહન રાજાની રત્નપુર નામની નગરીમાં તે પહોંચ્યો. ચાર મહિનાના પારણાના દિવસે રાજાએ આમંત્રણ આપ્યું એટલે રાજાને ત્યાં પારણું કરવા ગયો.

હવે કોઇક કાર્ય-પ્રસંગે તે જ વખતે જિનધર્મ પણ ત્યાં પહોંચ્યો, તેને દેખીને પૂર્વભવના વૈરાનુબંધથી તેના ઉપર તીવ્રક્રોધ ઉત્પન્ન થયો, એટલે તેને દેખીને કહ્યું 'હે રાજન્ ! હું ભોજન આ વ્યવસ્થા-પૂર્વક કરીશ. આ જિનધર્મના વાંસા ઉપર થાળ સ્થાપન કરીને હું ભોજન કરીશ.' તે ત્રિદંડીનો તેવો આગ્રહ જાણીને રાજાએ તે પ્રમાણે ભોજન કરાવ્યું. સખત ગરમ ખીર થાળમાં પીરસી, ખુશ થએલો તે અજ્ઞ તાપસ ભોજન કરવા લાગ્યો, શેઠ પણ 'મારાં પૂર્વનાં દુષ્કૃતનું ફળ ભોગવું છું.' એમ સમતાપૂર્વક સહન કરે છે. ભોજન કરી રહ્યા બાદ થાલ ઉંચક્યો, તો ચામડી, ચરબી, માંસ, લોહી સાથે થાળ ઉંચકાઇ આવ્યો. ત્યારપછી ઘરે જઇને સમગ્ર સ્વજનોને ખમાવ્યા (૫૦) જિનમુનિ આદિ ચાર પ્રકારના સંઘને પૂજીને, તથા ખમાવીને પર્વતની ગુફામાં ગયો. ત્યાં કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યો. પૂર્વાભિમુખ દિશામાં એક પખવાડિયું, એમ દરેક દિશામાં પખવાડિયા સુધી કાઉસ્સગ્ગ-ધ્યાનમાં રહ્યા. પક્ષીઓ, શિયાળ વગેરે તેના માંસનું ભક્ષણ કરતા હતા. આ સુભટ રાત-દિવસ પીઠી વેદના સહન કરે છે. બે મહિના સુધી સમભાવપૂર્વક સહન કરતાં કરતાં કાળ કરી સૌધર્મસ્વામી ઇન્દ્ર થયો. પેલો ભાગવત સંન્યાસી તેનો હુકમ ઉઠાવનાર ઐરાવણ હાથી થયો. ઇન્દ્ર તેમ જ પહેલા પરાભવ પમાડેલ એ સર્વ વિભંગજ્ઞાનથી દેખ્યું. હાથીનું રૂપ કરતો નથી, તેથી ઇન્દ્ર વજ્ર વડે કરીને તેને તાડન કરે છે. ઇન્દ્રપણામાંથી ચ્યવીને હવે તમે અહીં આવ્યા છો અને ભવિષ્યમાં ચક્રી થવાના છો. ઐરાવણ દેવતા તિર્યંચગતિમાં લાંબા કાળ સુધી ફરીને કોઇક તેવા અજ્ઞાન તપથી અસિતયક્ષ નામનો યક્ષ થયો.

આ પ્રમાણે પૂર્વ ભવના અભ્યાસથી તેને તારા ઉપર આ વેર વર્તે છે તો હવે તારે દરેક કાર્યો સાવધાની અને સલામતીથી કરવાં. તે માટે કહેલું છે કે : - "ક્રોધવાળા શત્રુ વિષે વૈર બાંધીને જે મનુષ્ય ગફલતમાં રહે છે, તે અગ્નિમાં પૂળો નાખીને પવનની દિશામાં સુઇ જાય છે-અર્થાત્ અગ્નિની જાળ પવનથી પોતાની તરફ આવે, એટલે મૃત્યુ પામે છે." વળી "હું કોણ છું ? દેશ-કાળ કેવા છે ? લાભ કે નુકશાન, શત્રુઓ કોણ છે ? સહાયકો કોણ છે ?

મિત્ર કેવા છે ? ઉપાય કયો છે ? અહિં ફળ કેટલું મળશે, મારી ભાગ્ય-સંપત્તિ કેવી છે ? આપત્તિનું પરિણામ શું ? મારી ધારણા ઉલટી પડે, તો પછીથી મારું શું થાય ? આ પ્રમાણે કાર્ય-સિદ્ધિ સફલ કરવા માટે સાવધાની રાખનાર મનુષ્ય બીજાને હાસ્યપાત્ર બનતો નથી." શત્રુનો પરાભવ કરાવી શકે તેવી પ્રહરણવિદ્યા તે વિદ્યાધરે કુમારને આપી. આઠ પ્રિયાઓ સાથે રાત્રે વાસગૃહમાં તે સુઈ ગયો. (૬૦) પ્રાતઃકાળે જાગ્યો, ત્યારે પર્વતમાં મહાગહન એવી કાંકરાવાળી ભૂમિમાં પોતાને પડેલો દેખ્યો. વિચારવા લાગ્યો કે, 'શું આ પણ ઇન્દ્રજાળ હશે ? મારી આઠ પ્રિયાઓ ક્યાં ગઇ ? મારી બાજુમાં ફેક્કાર શબ્દ કરતી શીયાળો દેખાય છે. કોઇ વૈરી દેવતાનું આ વિલસિત જણાય છે. તેણે જ ભયંકર ભય ઉત્પન્ન કરી મારું અપહરણ કર્યું છે અને વૈરથી મારૂં છલ જોયા કરે છે. ત્યારપછી નિઃશંક-નિર્ભયપણે પર્વતના શિખર ઉપર લટાર મારે છે, તો શિખર પર એક ઉજ્જ્વલ મહેલ દેખ્યો, એટલે વળી આ પણ ઈન્દ્રજાળ હશે ? એમ માનવા લાગ્યો. એટલામાં ધવલમહેલ ઉપર કરુણ શબ્દથી રુદન કરતી એક રમણી સંભળાઇ. સાતમા તલપર પહોંચ્યો, તો તેનો પ્રલાપ વધારે સાંભળવામાં આવ્યો, શું સાંભળ્યું ? 'હે કુરુકુલરૂપી આકાશને શોભાવનાર ચંદ્ર સરખા સનત્કુમાર ! જો આ ભવમાં મારા નાથ ન થયા, તો હવે બીજા ભવમાં તો જરૂર થશો.' પછી પ્રગટ થયો અને આસન આપ્યું, એટલે તેણે આ પ્રમાણે પૂછ્યું કે, 'હે સુંદરાંગી ! તું કોણ છે ? અને કયા કુમારની અભિલાષા કરે છે ? આવી દશા કેમ પામી ? તેણે કહ્યું, 'હે સત્પુરૂષ ! સૂર્ય સરખા તમારા દર્શન થવાથી બીડાએલ મારું મનકમળ વિકસિત થાય છે, તેમાં કયું કારણ છે, તે કહો.'

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના અરિમર્દન રાજાની હું સુનંદા નામની પુત્રી છું, તમારા ગુણો સાંભળવાથી તમને પતિ કરવાની મને મહા આશા હતી. માત-પિતાએ પણ જળદાન પૂર્વક તે કુરુ કુમારને જ મને આપેલી છે, પરંતુ મારો વિવાહ થવા પહેલાં જ વજ્રવેગ નામના ખેચરે મારું અપહરણ કર્યું. અહિં શિખરી પર્વતના શિખર સરખા ક્ષણમાં ઉંચા વિકુર્વેલા મહેલમાં મને રાખેલો છે. રાત-દિવસ શોકમાં મારા દિવસો પસાર થાય છે. એટલામાં પેલો ખેચર ત્યાં આવી પહોંચ્યો અને તે પ્રમાણે રહેલા કુમારને દેખ્યો. એકદમ તીવ્ર કોપ ચડાવીને આકાશમંડલમાં ઉડ્યો. હાહારવના મુખર શબ્દો પોકારતી તે કન્યા તરત ધરણી ઉપર ઢળી પડી અને વિલાપ કરવા તે ખેચરને હણીને અક્ષત કાયાવાળો કુમાર સુનંદા આગળ આવ્યો. નિરાશ થએલી કુમારીને આશ્વાસન આપીને સનત્કુમારે બનેલો વૃત્તાન્ત કહ્યો. ત્યારપછી ગાંધર્વવિવાહ વિધિથી સુનંદાકુમારી સાથે લગ્ન કર્યાં. (૭૫)

સુનંદાનું રૂપ કેવું છે ? શ્રેષ્ઠ કેશપાશવાળી, કમલપત્ર સરખું લાંબુ વદન શરદપૂર્ણિમાના ચંદ્રનો પરાભવ કરતું હતું, કામદેવના સુભટના ભાલા સરખાં નેત્રો વિશાળ હતાં. મણિના

દર્પણ સરખા ગંડતલ ચમકતા હતા, કમલના દાંડા સરખી ભુજલતા હતા, હાથ કોમલ-સુંદર હતા. કમળની શોભા સમાન ઉદર હતું, કંચનના કળશ સરખા કઠણ સ્તનો હતા, કેળના સ્તંભ સમાન સુંવાળા સાથળ હતા. તેના રૂપની રેખા અને સૌભાગ્યકળશની કવિ વર્ણના કરે તે માત્ર તેનું કવન સમજવું. જે કન્યા કુરુ-કુમાર સનત્કુમાર ચક્રવર્તીનું નક્કી રમણીરત્ન થવાનું છે, તેના દર્શનમાત્રથી શાંતિ ઉત્કટ વૃદ્ધિ પામતો પ્રેમગુણ પ્રગટ થાય છે, તેની સાથે ક્રીડા કરતો તે નિઃશંકપણે ત્યાં જ રહેતો હતો. થોડીવાર પછી સંધ્યા-સમયે વજ્રવેગની બહેન ત્યાં આવી અને ભૂમિ પર પોતાના બંધુનું મૃતક દેખ્યું. કયા ક્રૂર મનુષ્યે આ મારા બંધુને મારી નાખ્યા - એમ કોપ કરતી વિદ્યાથી જ્યાં મારવા ઉદ્યત થાય છે, એટલામાં નિમિત્તિયાએ આગળ કહેલું વચન યાદ આવ્યું કે, 'ભાઇને મારનાર તારો વર થશે.' હર્ષવાળા હૃદયવાળી થઇને તેની સાથે વિવાહની અભિલાષા કરવા લાગી.

સુનંદાની અનુમતિથી ન્યાયનીતિમાં નિપુણ એવા કુમારે તેની સાથે લગ્ન કર્યાં. તેણે પણ ભર્તારને પ્રજ્ઞપ્તિવિદ્યા આપી. શ્વસુરપક્ષ તરફથી ચંદ્રવેગ અને ભાનુવેગ સાથે બખ્તરવાળા રથમાં બેસારીને પુત્રીને કુમાર પાસે મોકલાવી. હરિચંદ્ર અને ચંચુવેગે કુમારને આ પ્રમાણે કહ્યું કે - વજ્રવેગના પિતા મણિવેગ પોતાના પુત્રનો પંચત્વ પામ્યાનો વૃત્તાન્ત જાણીને પોતાના સૈન્ય અને સામગ્રી સહિત અતિક્રોધ પામીને તમને હણવા મોકલ્યા છે. તેથી અમારા પિતાજીએ એમોને અહિં મોકલ્યા છે. પિતાજી પણ હમણાં જ આપના ચરણની સેવા માટે આવી રહ્યા છે. એટલામાં આવતા સૈન્યોનો વાજિંત્રશબ્દ સંભળાયો. એટલે તરત જ ચંડવેગ અને ભાનુવેગ બંને રાજાઓ અશનિવેગની સાથે યુદ્ધ કરવા માટે કુમાર નજીક આવી પહોંચ્યા. ક્રોધાવેશમાં આકાશમાર્ગેથી આવતા અશનિવેગની સેનાનો બહારના આકાશમાં કોલાહલ સંભળાયો. કુમારે આકાશમાર્ગે તેની સન્મુખ જઇને ખેચર પરિવાર સાથે યુદ્ધારંભ કર્યો. (૯૦) ઉતાવળથી ચંડવેગ અને ભાનુવેગ અશનિવેગની સાથે યુદ્ધ કરતા-પ્રહાર કરતા હતા. તેમને પીડા પમાડીને તે બંનેને ઉલટો માર્ગ પમાડ્યા. કુમારની સાથે અશનિવેગ રાજાને બાથંબાથા લડાઇ થતાં અશનિવેગે મહાસર્પાસ્ત્ર ફેંક્યું. એટલે કુમારે ગરુડવિદ્યાથી તેનું નિવારણ કર્યું. આગ્નેયાસ્ત્રને વારુણાસ્ત્રનો વિસ્તાર કરી અટકાવ્યું. તામસશસ્ત્રને ક્ષણવારમાં કઠોર કિરણવાળા સૂર્યાસ્ત્રથી નાશ કરે છે. ત્યારપછી તરવાર ઉગામીને એકલો જ બીજા છૂરાને ધરનાર રાજાઓને ડાળી કપાએલા વૃક્ષ સરખા કર્યા અને પછી અશનિવેગને પણ હણ્યો. ત્યારપછી લઘુવજ્રાસ્ત્રથી હણવાનું કાર્ય આરંભ્યું. એટલે કુમારે દોડીને સરખી ખાંધવાળું કબંધ કર્યું. અર્થાત્ મસ્તક ઉડાવી નાખ્યું.

ત્યાર પછી સમગ્ર ખેચરોની રાજ્યશ્રી કુમારના શાસનમાં સંક્રમી, સમગ્ર ખેચર વર્ગ પણ કુમારની સેવા કરવા લાગ્યો. ત્યારપછી ચંડવેગાદિકની સાથે તે વૈતાઢ્યમાં રાજા

અશનિવેગને ઘરે રહ્યા અને બીજા પોતપોતાના સ્થાનમાં રોકાયા. ત્યારપછી શુભતિથિ, મુહૂર્ત, નક્ષત્ર, યોગ અને લગ્ન હોતે છતે ખેચરોએ એકમત બની ખેચરરાજા તરીકે તેનો વિસ્તારથી અભિષેક કર્યો. વૈતાઢ્ય સ્વાધીન કરી ચતુર કુમાર ત્યાં ચક્રીપણું કરતા હતા. અવસર મળતાં ચંડવેગે વિનંતિ કરી કે 'હે સ્વામિ ! આગળ અગ્નિમાલિ મુનિએ મને એક કહેલ હતું કે, 'તારી સો કન્યાનું પાણિગ્રહણ સનત્કુમાર ચક્રી કરશે. (૧૦૦) તમારા હસ્ત-પીડનના ઉપકાર દ્વારા તેમનો જન્મ સફલ થશે.' 'ઠીક ભલે એમ જલ્દી થાઓ.' એટલે મોટો વિવાહમહોત્સવ પ્રવર્ત્યો. વૈતાઢ્યના જિનમંદિરોમાં અટ્ઠાઇ મહોત્સવના મહિમા પ્રવર્ત્યા, વળી શાશ્વતાં, અશાશ્વતાં બીજાં પણ તીર્થસ્થાનોમાં નાટક, સંગીત, પ્રેક્ષણક, પૂજાદિક પ્રકારો વિસ્તારથી પ્રવર્તાવ્યા. બીજાં પણ તીર્થોની સવિસ્તર યાત્રાઓ કરતા કરતા એક મનોહર સરોવર પાસે પહોંચ્યા. મનોહર બગીચામાં નાટક જોવાના ઉત્સવવાળો જ્યાં બેસવા જાય છે, એટલામાં મેઘ વગરની વૃષ્ટિ માફક ઓચિંતો દૂરથી આવતો એક બાળમિત્ર દેખ્યો. હર્ષથી સભર થએલા રાજાએ પોતાની નજીકમાં બોલાવી લીધો. સર્વાંગથી પ્રણામ કરી અતિ આનંદ પામ્યો. તેને રાજાએ પૂછ્યું કે, 'મહેન્દ્રસિંહ ! તું અહિં કેવી રીતે આવ્યો ? અરે ! માતા-પિતા, બંધુ વગેરેના શરીરે ક્ષેમ-કુશળ વર્તે છે ને ? બોલ, તેનાં ધર્મકાર્યો નિર્વિઘ્ને ચાલે છે ને ? આલિંગન કરીને પગ પાસે બેસીને પ્રાણિપ્રિય મિત્રે પાંચે અંગો એકઠાં કરીને બે હાથ જોડીને વિનંતિ શરુ કરી કે, માતા-પિતા કાયાથી તો કુશળ છે, પણ હૈયાથી દુઃખી છે. જ્યારથી અશ્વે તમારું હરણ કર્યું, ત્યારથી દુઃખે કરી નિવારણ કરી શકાય તેવા દુઃખનો અનુભવ કરી રહેલા છે અને તેમનું સુખ તો મૂળમાંથી જ ઉખડી ગયું છે. દિશા અને વિદિશામાં સર્વ સ્થાને તમને ખોળવા માટે ઘણા પુરુષોને મોકલ્યા છે. સૈન્ય સહિત હું પણ ઘણું ભટક્યો અને હવે તો ઉદ્વેગ કરતો એકલો જ પર્વત, નગર, ખાણ, જંગલ, સમુદ્ર, નદી વગેરે અનેક સ્થાનોમાં મેં તમને ખૂબ ખોળ્યા, પણ ક્યાંય પણ દેખવામાં ન આવ્યા. આજે આટલા વર્ષના અંતે મારા દુઃખનો અંત આવ્યો અને દરિદ્રને રત્ન-નિધાન પ્રાપ્ત થાય, તેમ આજે મારા ભાગ્યયોગે તમારી પ્રાપ્તિ થઈ.

કુમારે પણ ઘણા વિસ્તારવાળો પોતાનો વૃત્તાન્ત કહ્યો, તે જાણે કઢેલા દૂધમાં ખાંડ નાખવા સમાન એમની સુંદર આનંદદાયક અવસ્થા થઈ. હવે વૈતાઢ્યે પહોંચ્યા. ત્યાં ન્યાય-નીતિથી નિષ્પાપ રાજ્યપાલન કરે છે. ત્યારે મહેન્દ્રસિંહે કહ્યું કે, 'હે દેવ ! માતા અત્યંત દુઃખ ભોગવી રહેલાં છે, પિતાજી અતિ ચિંતા કરે છે તો હવે તમો તે તરફ જલ્દી ચાલો.' પછી રાજા વિશાળ મણિમય વિમાનોની શ્રેણીમાં પરિવાર સહિત ચાલ્યો. આકાશતલમાં અતિશય મહાન વિદ્યાધર-ખેચરની સમૃદ્ધિ સહિત હોવાથી મનોહર હસ્તિનાપુરમાં સર્વ લોકોને વિસ્મય પમાડતો સનત્કુમાર ત્યાં આવી પહોંચ્યો. ભરતે છખંડ ભારતક્ષેત્ર સાધવા

માફક માતા-પિતા અને નગર લોકોને મહાઆનંદ થયો. નવ નિધિઓ, ચક્ર, ચઉદરત્નો તેને ઉત્પન્ન થયા, સમગ્ર રાજાઓએ એકઠા મળી તેનો બાર વર્ષનો રાજ્યાભિષેક કર્યો. છખંડથી અલંકૃત ભરતદેશનું રાજ્ય તીક્ષ્ણ અક્ષય પ્રતાપવાળો કુમાર કરતો હતો.

કોઈક સમયે અનેક દેવ-સમૂહ સાથે સૌધર્મ સભામાં ઇન્દ્ર મહારાજા સોદામણિ નામનું નાટક કરાવતા હતા, તે અવસરે ઇશાન દેવલોકથી સંગમ નામના દેવ ઈન્દ્રની પાસે આવેલા છે, તે દેવતાનું તેજ એટલું છે કે, બીજા દેવતાઓ તેની આગળ તારા જેવા અલ્પ તેજવાળા હોવાથી ઝાંખા પડી ગયા; તેથી દેવો ઇન્દ્રને પૂછે છે કે, 'હે સ્વામી ! કયા કારણથી આના શરીરનું તેજ સર્વથી ચડિયાતું છે ?' ઈન્દ્રે કહ્યું કે, શ્રીવર્ધમાન આયંબિલતપ કરવાનું આ ફળ પામ્યો છે. દેવતાના રૂપમાં જ્યારે તમને આટલો ચમત્કાર જણાય છે, પરંતુ જ્યારે ચક્રવર્તી સનત્કુમારનું રૂપ જોશો, એટલે આ રૂપનો ચમત્કાર કશા હિસાબમાં ગણાશે નહિં. હવે ઇન્દ્રની આ વાતની શ્રદ્ધા ન કરનાર વિજય અને વૈજયંત નામના બે દેવતાઓ પરસ્પર મંત્રણા કરે છે કે, હજુ દેવતાને આવું રૂપ સંભવી શકે, પરંતુ મનુષ્યને આવું રૂપ કેવી રીતે ઘટી શકે ? અથવા તો વસ્તુ જે સ્વરૂપમાં છે, તે સ્વરૂપ કહેનારા આપણે તો સેવક છીએ પરંતુ ખોટી વાતને સાચીમાં ખપાવનારાઓનું લોકમાં સ્વામીપણું હોય છે. બંને દેવો બ્રાહ્મણનું રૂપ કરીને તે કુમારને દેખવા માટે હસ્તિનાપુરમાં આવ્યા. રાજા પાસે ઉપસ્થિત થઈ એ પ્રકારે ચિંતવવા લાગ્યા કે, ઇન્દ્રે તો ઘણું અલ્પ કહ્યું હતું, તેના કરતાં તો આપણે અધિક રૂપ દેખીએ છીએ. રૂપ અદ્ભુત દેખવાથી મસ્તક ધૂણાવતા હતા, ત્યારે રાજાએ પૂછ્યું કે, કેમ મસ્તક ડોલાવો છો ? શી હકીકત છે ? ત્યારે દેવો કહેવા લાગ્યા કે, દેશાંતરમાં અમે સાંભળ્યું કે, દેવોથી અધિક રૂપવાળા આપ છો. અમે તે દેખવા માટે ઘણા દૂર દેશથી આવ્યા છીએ અને આપનું રૂપ દેખી પ્રભાવિત થયા છીએ. ત્યારે રાજાએ કહ્યું કે, હે ભાગ્યશાળી ! જ્યારે ભદરણી ગંધવાળું તેલ માલીશ કર્યું છે, ત્યારે તમારો ભેટો થયો છે, થોડીવાર રાહ જુઓ પછી મને દેખજો.

આ પ્રમાણે તેઓને હાલ વિદાય આપી પછી સ્નાનાદિક કાર્ય કરી સનત્કુમાર ચક્રવર્તી વિશેષ પ્રકારે પુષ્પો, વસ્ત્રો, આભૂષણો, શૃંગાર પહેરી સજ્જ થાય છે. ફરી સવિશેષ રૂપ વેષભૂષા સજીને ગર્વિત બનેલો તે બ્રાહ્મણોને બોલાવે છે. તે સમયે તેઓ રૂપનો વિચાર કરી અતિશામલ ચહેરાવાળા બની ગયા. (૧૩૦) આશ્ચર્ય પામેલા ચક્રવર્તીએ પૂછ્યું કે, 'તમે આમ નિરાનંદ કેમ થઇ ગયા ? તેનું કારણ કહો.' એટલે દેવો કહેવા લાગ્યા- 'તમારું અભ્યંગન કર્યું હતું, તે વખતે જે દેહનું મનોહરપણું હતું, તેવું અત્યારે નથી. આટલું શણગારવાં છતાં પણ આગળના રૂપ જેવું અત્યારે નથી. તમારા શરીરમાં અનેક પ્રકારની વ્યાધિઓ પરિણમી છે. હે વિચક્ષણ ! દરેક ક્ષણે તે વ્યાધિઓ તમારા રૂપનો નાશ કરે છે.'

ચક્રીએ પૂછ્યું કે, 'તે કેવી રીતે જાણી શકાય ? શું તમે વૈદ્ય છો ? અથવા તો અતિસુસ્થિત નિમિત્તશાસ્ત્ર કંઈક તમારી પાસે છે ? અથવા તો અવધિજ્ઞાનથી આ જાણ્યું છે ?' આ પ્રમાણે પૂછનાર તે ચક્રી સમક્ષ કુંડલ અને મુગુટને ડોલાવનાર તે દેવો પ્રકટ થયા. હવે દેવો કહેવા લાગ્યા કે, 'ઇન્દ્રના વચનની અશ્રદ્ધા કરતાં ઈર્ષ્યાથી અહિં અમે આવ્યા છીએ. હે મહાયશવાળા ! તમો ખરેખર ધન્ય છો અને તે ઇન્દ્ર પણ તમારા બંદી (સ્તુતિપાઠક) સરખા થયા. મધ્યમવય પહેલાં મનુષ્યોનાં રૂપ, યૌવન, તેજ સુંદર હોય છે, પરંતુ ત્યારપછી દરેક ક્ષણે અલ્પ અલ્પ ઘટતું જાય છે, પરંતુ તમારા માટે આ એક આશ્ચર્ય છે કે, ક્ષણમાત્રમાં વ્યાધિ થવાના કારણે એકદમ રૂપનું પરાવર્તન થઈ ગયું. માટે હવે આ રૂપને અનુરૂપ કાર્ય કરજો.' - એમ કહીને તે દેવો સ્વર્ગમાં પહોંચી ગયા. હવે ચક્રવર્તી પણ પોતાના અંગની મનોહરતા આગળ કરતાં ઘટતી સાક્ષાત્ દેખવા લાગ્યા.

"જ્યારે માત્ર આટલા ટૂંકા કાળમાં સુંદર તેજ, રૂપાદિ જો નાશ પામે છે, તો દિવસ, મહિના અને વર્ષો પછી આ શરીરનું શું થશે ? તે અમે જાણી શકતા નથી. મેં આ કાયા માટે કયું પાપકાર્ય નથી કર્યું ? આટલું સાચવવા છતાં એની આવી દશા થઇ, તો હવે મારે મારા આત્માનું સ્વકાર્ય સાધવા માટે પ્રયત્ન કરવો જોઇએ. જ્યારે અતિમજબૂત કાયા હતી, ત્યારે મેં કયાં કાર્યો નથી સાધ્યાં ? હવે નિર્બળ થયો છું, ત્યારે આત્મહિત નહિં સાધીશ તો પછી આત્મિક સુખ કેવી રીતે દેખીશ ? જે આગળ સુકૃત-પુણ્ય કર્યું હતું , તે તો ભોગવીને પૂરું કર્યું. હવે નવું પુણ્ય ઉપાર્જન કરીશ. રોગોથી ઘેરાએલો હોવા છતાં પરલોકની સાધના કરીશ. હવે હું ભોગ ભોગવવામાં પણ અસમર્થ છું, બીજાને ભોગવતા દેખીને ઇર્ષ્યા-દુઃખ વહન કરીશ, હવે સુખના માટે પણ તેનો ત્યાગ કરીશ."

"આ શરીરની પ્રથમ ઉત્પત્તિ અવસ્થા વીર્ય અને રુધિરરૂપ અશુભ પુદ્ગલમય છે. વળી જેમાં ગર્ભની ઉત્પત્તિ થાય છે, તે સ્ત્રીઓની કુક્ષી દુગુંછનીય છે, વળી દરેક ક્ષણે દુર્ગંધવાળા મલ અને રસો વડે કરીને દેહની વૃદ્ધિ થાય છે. વળી તેમાંથી હંમેશાં અશુચિમય રસ ઝર્યા કરે છે, જો કદાચ તેને જળ કે સ્નેહવાળા પદાર્થોથી સંસ્કાર કરીએ, તો પણ શરીર પોતાની મલિન અવસ્થા છોડતું નથી, જીવતા શરીરની આ અવસ્થા છે, તો પછી મૃત્યુ પામ્યા પછી તેની અવસ્થા કેવી થશે ?" ત્યારપછી વિચાર કર્યો કે-"આવી આ કાયા છે, તો તણખલાથી કલ્પવૃક્ષ જેમ પ્રાપ્ત થાય, કાણી કોડીથી કામધેનુ, પત્થરના ટૂકડાથી ચિંતામણિની જેમ આ નકામી બનેલી કાયાથી ધર્મ-ધનની ખરીદી કરી લઉં."

પછી પોતાની રાજ્યગાદી ઉપર પુત્રને સ્થાપન કરીને અરિહંતનું, સંઘનું ચતુર્વિધ સન્માન કરીને, અખૂટ ચક્રવર્તીની લક્ષ્મીની સમૃદ્ધિનો તણખલા માફક ત્યાગ કરીને **શ્રીવિનયંધર આચાર્યની પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી.** બંને પ્રકારની અસ્ખલિત સ્પષ્ટ શિક્ષાઓ

ગુરુ પાસે ગ્રહણ કરી. સર્વ કર્મથી એકાંત મુક્ત થવાનો જ માત્ર અભિપ્રાય રાખ્યો. ચક્રવર્તીપણાનાં ચૌદ રત્નો, સ્ત્રીરત્ન, નવ નિધાનો, નગરલોકો રાજાઓ વગેરેએ તેની પાછળ પાછળ છ છ મહિના સુધી ભ્રમણ કર્યું, છતાં એક ક્ષણવાર પણ તેના ઉપર નજર ન કરી. છઠ્ઠના પારણે છઠ્ઠ કરે અને પારણામાં ચણાની કાંજી, બકરીની છાશ માત્ર ગ્રહણ કરે, ફરી પણ છઠ્ઠ તપ કરી પારણામાં ચણાદિક લે (૧૫૦) આવા પ્રકારનું તપ અને આવા પ્રકારનું પારણું કરતાં લાંબો કાળ પસાર કર્યો. પરંતુ સર્પ દૂધનું પાન કરે અને દુસ્સહ થાય તેમ તેના વ્યાધિઓ વૃદ્ધિ પામવા લાગ્યા અને દુઃખે કરી સહન થઇ શકે તેવા થયા. તીવ્ર તપ કરવાથી તેને આમર્શ ઔષધિ આદિ લબ્ધિઓ ઉત્પન્ન થઇ, તો પણ પોતે તેનાથી વ્યાધિનો પ્રતિકાર કરતા નથી. પોતે સમજે છે કે પૂર્વે કરેલાં દુષ્કર્મ ભોગવ્યા સિવાય તેની મેળે નાશ પામતા નથી, તેથી હંમેશાં તેની વેદના ભોગવે છે; ખંજવાળ, અરુચિ, આંખ અને પેટની તીવ્રવેદના, શ્વાસ, ખાંસી, જ્વર, આદિ વેદના સાતસો વર્ષ સુધી સમભાવથી કર્મનો ક્ષય કરવા માટે સ્વેચ્છાએ ભોગવે છે.

ઈન્દ્ર મહારાજાએ ફરી પણ સનત્કુમાર મુનિની પ્રશંસા કરી કે, મારા સરખા ઇન્દ્રથી પણ તે ક્ષોભ પામતા નથી. પોતાના ધ્યાનથી ચલાયમાન કરી શકાતા નથી. ત્યારે તે જ દેવો તેના સત્ત્વની પરીક્ષા કરવા માટે ખભાપર ઔષધિના કોથળા રાખી ઉત્તમ વૈદ્યના વેષમાં ત્યાં આવ્યા, એક પર્વતની તલેટીમાં એકાગ્રચિત્તથી કાઉસ્સગ્ગ કરતાં સ્થિરપણે ઉભા રહેલા સનત્કુમાર મહામુનિને તરત દેખ્યા. દુષ્ટ જનોના સંસર્ગનો ત્યાગ કરનાર, શ્રેષ્ઠ સરલ શોક રહિત અભય આપવાના ચિત્તવાળા અડોલ શોભતા હતા. નાસિકાના અગ્રભાગ પર સ્થાપન કરેલ દૃષ્ટિવાળા, કાઉસ્સગ્ગમાં હલન-ચલન કર્યા વગર-અડોલ દેહવાળા મોહશત્રુનો વિજયસ્તંભ ઉખેડનાર જાંણે ધર્મરાજા હોય તેવા સનત્કુમાર મુનિની પાસે આવી ઘોષણા કરે છે કે, જ્વર, શૂલ, શ્વાસ, ખાંસી આદિ વ્યાધિઓને ક્ષણવારમાં દૂર કરનાર એવા અમે શબર વૈદ્યો છીએ. (૧૬૦) કાઉસ્સગ્ગ પારીને મુનિ પૂછે છે કે, તમે દ્રવ્ય-ભાવ વ્યાધિ પૈકી કોનો પ્રતિકાર કરી શકો છો ? દ્રવ્યવ્યાધિ તો હું પણ મટાડી શકું છું. એક આંગળી ઉપર થુંક લગાડીને તે આંગળી ઝળહળતા રૂપવાળી તેમને બતાવી અને દેવોને કહ્યું કે, વ્યાધિઓ અને તેના ઉપાયભૂત ઔષધિઓ બંને હું મારા દેહમાં ધારણ કરું છું. માત્ર હું મારા પોતાના દુષ્કૃતનો પ્રતિકાર કરી ખપાવી શકતો નથી. અજ્ઞાની જીવો માટે આ પાપ ખપાવવાં એ અત્યંત દુષ્કર કાર્ય છે. મને આઠ મહભાવવ્યાધિઓ થએલા છે, વળી તેના ૧૫૮ પેટા ભેદો છે, તેની પ્રક્રિયા ઘોર ક્રિયા આચરીને કરીએ છીએ. હંમેશાં હું ક્રિયાધીન ચિત્ત કરું છું, પરમેષ્ઠિનો જાપ અને લય સુધી એકાગ્ર ચિત્તથી ધ્યાન કરું છું. અણગમતા કડવા-તુરા સ્વાદવાળાં ભોજન કરું છું, ઘી આદિ સ્નેહવાળા પદાર્થોનો ત્યાગ

કરું છું. દ્રાક્ષ, સાકર, સ્ત્રીઓનો પણ પરિહાર કરું છું. જો આ મારા કર્મવ્યાધિના વિનાશમાં તમારું સામર્થ્ય હોય તો બોલો, તો અમે તે કરીશું. પોતાના આત્માને પ્રગટ કરીને તે દેવો કહેવા લાગ્યા કે, તમારા રોગ સમયે જે અમે આવ્યા હતા, તે જ દેવો છીએ. ઇન્દ્રે આપના સત્ત્વની પ્રશંસા કરી, તેની પ્રતીતિ ન થવાથી ફરી અહિં આવ્યા. મૂઢ એવા અમે એ વિચાર કર્યો કે, મેરુને હાથી દંતૂશળથી પ્રહાર કરવા જાય, તો દાંત ભાંગી જાય, પણ મેરુ અડોલ રહે છે. તમારા ગુણગણની પ્રશંસા કરનાર ઇન્દ્ર મહારાજ ભાગ્યશાળી અને સેંકડોમાં એક હશે, પરંતુ અત્યારે તમારાં દર્શનથી અમો અત્યંત કૃતાર્થ થયા છીએ. (૧૭૦)

હે નિર્વાણ મહાનગરીના માર્ગના નિત્ય પથિક ! તમો જય પામો. અસાર સંસારરૂપ કેદખાનામાં રહી આત્મહિત સાધનારા આપ જય પામો. ચક્રવર્તીની લક્ષ્મી અને ઝુરતી અનેક યુવતીઓનો ત્યાગ કરનાર તમો જય પામો. ઈન્દ્રો, દેવસમુદાયો એકઠા મળીને અસ્ખલિતપણે આપના અગણિત મહાગુણગણની પ્રશંસા કરે, તો પણ હે સ્વામી ! તમો તમારા મનમાં લગાર પણ મોટાઈ માણતા નથી, પરંતુ તમો અભિમાન-પર્વતને તોડવા માટે વજ્ર સરખા થાવ છો. આપે આમર્શૌષધિ, વિપ્રુડૌષધિ, ખેલૌષધિ વગેરે લબ્ધિની સમૃદ્ધિ સિદ્ધ કરેલી છે, પરંતુ માત્ર સિદ્ધિના અર્થી એવા તમોએ તો ઉદયમાં આવેલા વ્યાધિઓને સમભાવપૂર્વક સહન કરી કર્મનો ક્ષય કર્યો, પરંતુ મળેલી લબ્ધિનો રોગ મટાડવામાં ઉપયોગ ન કર્યો, તેથી કરીને હે કુમાર ! તમો યોગીશ્વર છો, મહર્ષિ છો, તમારી તુલનામાં બીજા કોઈ ન આવી શકે. જેમ જગતમાં તમારા રૂપનો જોટો મળે તેમ નથી, તેમ અતિ સમર્ગલ અને નિરુપમ વૈરાગ્યની પણ તુલના કરી શકાય તેમ નથી. તો હે મહર્ષિ ! આપ હર્ષપૂર્વક અમારા પર કૃપા કરી અમારાથી અજ્ઞાન-યોગે જે કંઇ આપનો અપરાધ થયો હોય, તેની અમોને વારંવાર ક્ષમા આપો.' આ પ્રમાણે સ્તુતિ કરી અતિહર્ષથી રોમાંચિત દેહવાળા તે બંનો દેવો તેમના ચરણમાં પ્રણામ કરી પોતાના સ્થાનકે ગયા. સ્વામી સનત્કુમાર ધર્મધુરાને ધારણ કરીને સનત્કુમાર નામના દેવલોકમાં મહર્દ્ધિક દેવપણે ઉત્પન્ન થયા. (૧૭૫)

આ પ્રમાણે સનત્કુમાર ચક્રીની કથા પૂર્ણ થઈ. આ કથાના અનુસારે ગાથાનો અર્થ સમજાય તેવો છે. (૨૮)

આ શરીરની હાનિ ક્ષણવારમાં અણધારી થાય છે, તેનું પ્રતિપાદન કરી બાકીના સર્વ જીવોની અશાશ્વત-ચંચલ સ્થિતિ સમજાવે છે :-

## ૧૭. લવસપ્તમ દેવતા કેમ કહેવાય ?

**जइ ता लवसत्तमसुरा, विमाणवासी वि परियडंति सुरा ।**
**चिंतिज्जंतं सेसं, संसारे सासयं कयरं ? ।।२९।।**

અનુત્તરવાસી દેવો લવસપ્તમ દેવો કહેવાય છે. તેવા સર્વ જીવોથી અધિક આયુષ્યવાળા દેવતાનું ૩૩ સાગરોપમનું લાંબું આયુષ્ય પણ પૂર્ણ થાય, એટલે તે સ્થાનથી પતન પામે છે, તો તેની અપેક્ષાએ ઓછી આયુષ્યસ્થિતિવાળા જીવોને સંસારમાં કયું સ્થાન શાશ્વતું ગણવું ? અર્થાત્ સંસારમાં કોઈ પણ સ્થાન શાશ્વત નથી.

અહિં લવ શબ્દ કાળવાચક કહેલો છે. ચાલુ અધિકારમાં સદ્ગતિયોગ્ય પ્રકૃતિબંધનો અધિકાર કહેવાશે.

અનુત્તર દેવોને ઉત્પન્ન થવાનું સ્થાન, તેમાં વાસ કરનારા તે અનુત્તર દેવો કહેવાય. કોઇક જીવ તેવી સુંદર ભાવનાવિશેષથી ક્રમે કરી વિશુદ્ધિ પામતો પ્રથમ લવમાં સુમાનુષત્વ-યોગ્ય શુભ કર્મપ્રકૃતિ બાંધે છે. ત્યારપછી બીજા લવમાં વ્યંતરને યોગ્ય, ત્યારપછી ક્રમે કરી ત્રીજા લવમાં જ્યોતિષ્ક દેવ-યોગ્ય, પછી ચોથા લવમાં ભવનપતિ દેવ-યોગ્ય, પાંચવાં લવમાં વૈમાનિક દેવ-યોગ્ય શુભ પ્રકૃતિ બાંધે. છઠા-સાતવાં લવમાં ગ્રૈવેયક અને અનુત્તરવાસી દેવને યોગ્ય એવી શુભ પ્રકૃતિ બાંધે, એ પ્રમાણે સાતમા લવમાં અનુત્તરદેવમાં ઉત્પત્તિ થવાને યોગ્ય ક્રમસર શુભ પ્રકૃતિ બાંધે. તેથી કરીને જો ૩૩ સાગરોપમના લાંબા આયુષ્યવાળા વિજય, વૈજયન્તાદિ દેવો પોતાની આયુષ્યસ્થિતિનો ક્ષય કરે, એટલે ત્યાંથી ચ્યવી જાય છે, તો પછી બીજા કોણ સંસારમાં શાશ્વત રહી શકે ? કોઈ પણ સાંસારિક સુખનું ઉત્પત્તિસ્થાન જીવોને અશાશ્વતું હોય છે. સંસારમાં કોઇ સ્થાન નિત્ય નથી, પૂર્વભવમાં મુક્તિ-પ્રાપ્તિની યોગ્યતા છતાં સાત લવ ન્યૂન આયુષ્ય હોવાથી તેમને અનુત્તર વિમાનમાં વાસ કરવો પડે છે. શ્રીસિદ્ધર્ષિની વૃત્તિમાં બીજો અર્થ પણ કહેલો છે. (૨૯)

હવે પુણ્યાનુબંધી-પાપાનુબંધી પુણ્યને પરમાર્થથી દુઃખરૂપ જણાવતાં કહે છે :-

**कह तं भन्नइ सोक्खं ? सुचिरेण वि जस्स दुक्खमल्लियइ ।**
**जं च मरणावसाणे, भव-संसाराणुबंधि च ।।३०।**

**उवएस-सहस्सेहिं वि, बोहिज्जंतो न बुज्झइ कोइ ।**
**जह बंभदत्तराया, उदाइनिव-मारओ चेव ।।३१।।**

જે સુખ પછી લાંબા કાળે પણ દુઃખનો ભેટો કરવો પડે છે, તેને સુખ શી રીતે કહી શકાય ? પ્રથમાર્ધમાં પુણ્યાનુબંધી પુણ્યનું ઉદાહરણ અનુત્તર દેવો સમજવાનું, પછીના

અર્ધશ્લોકમાં પાપાનુબંધી પુણ્યવાળા સુભૂમ, બ્રહ્મદત્ત વગેરેનાં દૃષ્ટાન્તો સમજવાં. ચાર ગતિમાં જન્મ-મરણનાં દુઃખ બંધાય અને તેમાં રખડવું પડે, તેવું સાંસારિક સુખ છે. તેવા દુઃખના છેડાવાળાને સુખ કહી શકાય નહિ. (૩૦)

હજારો ઉપદેશ આપવા છતાં, પ્રતિબોધ કરવા છતાં જેમ બ્રહ્મદત્ત અને ઉદાયિ રાજાને મારનાર પ્રતિબોધ પામ્યા નહિં. આનો વિસ્તારથી અર્થ બે કથાથી સમજી લેવો. તે આ પ્રમાણે -

## ૧૮. બ્રહ્મદત્ત ચક્રીની કથા -

સાકેતપુર નામના નગરમાં ચંદ્રાવતંસકનો પુત્ર સાગરચંદ્ર નામનો રાજા હતો. સાગરચંદ્રે મુનિ પાસે દીક્ષા અંગીકાર કરી તથા બંને પ્રકારની શિક્ષા પણ પામ્યો. સ્થિર પરમાર્થવાળો શાસ્ત્રોના અર્થને પાર પામેલો ગીતાર્થ થએલો તે ગુરુની સાથે વિહાર કરતો હતો. માર્ગમાં કોઇ વખત ભિક્ષા માટે કોઈક ગામમાં ગયો. માર્ગથી ભૂલો પડેલો સાર્થથી પણ વિખૂટો પડી ગયો. ભૂખ-તરશથી પીડા પામતા તેને ચાર ગોવાળોએ અન્ન-જળથી પ્રતિલાભ્યા. તે ચારેને ઉપદેશ આપી પ્રતિબોધ્યા અને દીક્ષા આપી. ચારે ચતુર બુદ્ધિવાળા હતા અને સુંદર તપ-સંયમની આરાધના કરીને સુકૃતરૂપ વૃક્ષને પુષ્પોદ્ગમ થાય, તેમ તેઓ દેવ થયા. તેમાં બે સાધુ-દુગંછા કરનાર હતા, તેથી ચારિત્રપાલન કરવા છતાં અંધારી રાત્રિના ચંદ્ર માફક ચારિત્રની દુગંછા કરવાના કારણે દેવલોકમાંથી ચ્યવી દશપુરમાં શાંડિલ્ય બ્રાહ્મણની જસમતી દાસીના ગર્ભમાં યુગલપણે બે પુત્રો થયા, બંને પરસ્પર અતિપ્રીતિવાળા હતા. અનુક્રમે યૌવનવય પામ્યા. કોઇક વખતે બેમાંથી એક ક્ષેત્રની પૃથ્વી પર સુખેથી સૂતેલો હતો, ત્યારે વડના કોટરમાં રહેલા એક કાલસર્પે બહાર નીકળી તેને ડંખ માર્યો. બીજો તે સર્પની તપાસ કરતો હતો, તેને પણ તરત ડંખ માર્યો. તેનો કોઈ તરત પ્રતિકાર ન કરવાથી બંને મૃત્યુ પામ્યા. ત્યાંથી તેઓ બંને હરણીના યુગલ બચ્ચા રૂપે જન્મ્યા. કાલિંજર પર્વતમાં ક્રીડા કરતા હતા, ત્યારે એક શિકારીએ એક જ બાણથી બંનેને મારી નાખ્યા. ત્યાંથી મૃતગંગામાં એક રાજહંસીના ગર્ભમાં સાથે પુત્રો થયા. એક પારધીએ એક દોરડાના પાશમાં બાંધી બંનેને મારી નાખ્યા. ત્યાંથી મૃત્યુ પામી તે બંને વારાણસી નગરમાં ભૂતદિન્ન નામના માતંગ અધિપતિના પ્રૌઢ પ્રીતિવાળા ચિત્રસંભૂત નામના બે પુત્રો થયા. તે સમયે કાશી દેશમાં અનેક ગુણ સમુદાય યુક્ત શંખ નામનો રાજા હતો. તેને કળાઓમાં કુળ એવો નમુચિ નામનો પ્રધાન હતો. રાજાની કૃપાનું પાત્ર થયો, એટલે લોકોનો અપકાર કરનાર થયો. એક વખત રાજાનો અપરાધી બન્યો. કિંપાકફળની મધુરતા શું મરણ માટે થતી નથી ? અંતઃપુરના ગુનેગાર થવાના કારણે મંત્રી નમુચિને ભૂતદિન્ન નામના ચંડાળને ગુપ્તપણે

મસ્તક-છેદ કરવા માટે અર્પણ કર્યો.

"લોક શોકયુક્ત થાય, ગુણ-રહિત એવા ક્ષણમાં, શ્રેયનો માર્ગ વ્યથાવાળો થાય, બ્રહ્મનું ઉલ્લંઘન થતાં, મર્મમાં મતિ થતાં, હિંસક યુદ્ધ થતાં, મૌન પુષ્ટ થાય છે. જો સુંદર નેત્રવાળી સ્ત્રીને રાવણે હરી ન હોત, તો તેના વિશાળકંઠના છેદથી શું આ વિશ્વને ઉત્સવ થાત ?"

ચંડાળે નમુચિને કહ્યું કે, 'મૃત્યુના મુખમાંથી બચવું હોય તો મારા પુત્રોને કળાઓ શીખવ.' તે વાત કબૂલ કરી ગુપ્ત ભોંયરામાં રાખી હર્ષપૂર્વક નમુચિ બ્રાહ્મણે કળાઓ શીખવવાનું શરુ કર્યું. 'જીવો પ્રાણ બચાવવા માટે ગમે તેવું અકાર્ય સ્વીકારે છે.' સમગ્ર કળા-કલાપ વિચક્ષણ પુત્રોને ભણાવે છે અને માતંગની પ્રાણપ્રિયા સાથે ગુપ્તપણે ચોરીથી ક્રીડા કરવા લાગ્યો. ચંડાળને ત્યાં અન્નજળ વાપરવા, તેની ભાર્યા સાથે છૂપી ક્રીડા કરવી- એ ઉત્તમ જાતિના બ્રાહ્મણનું ચરિત્ર ન ગણાય. ગુણવંતને અકાર્ય ભ્રષ્ટ કરનાર થાય છે. નમુચિનો આ અપરાધ જાણીને ચંડાલ મારી નાખવા તૈયાર થયો. પોતાની પત્ની વિષે પરદારા-વિષયક અપરાધ કોણ સહી શકે ? આ વાત પુત્રોના જાણવામાં આવી, એટલે તેમણે નમુચિનો પગ-દબાવી તેને વાકેફ કર્યો અને બહાર નીકળી જવા કહ્યું, એટલે તે હસ્તિનાપુર પહોંચ્યો. 'ઉપકારના બદલામાં ઉપકાર કરવો તે તો એક વેપારનો સોદો ગણાય એમાં કોઇ ગુણ ન ગણાય, પરંતુ તેને જે જીરવનાર હોય છે, તેવાનાં વખાણ કેટલાં કરવાં ? ત્યાં સનત્કુમાર ચક્રીએ તેને સચિવ-મંત્રી બનાવ્યો. તત્ત્વ-વસ્તુસ્વરૂપ ન જાણનાર મણિના સ્થાનમાં કાચ જડી દે છે. કામદેવ રાજાની વિજયયાત્રા શરદ-સમય આવ્યો, ત્યારે ચિત્ર-સંભૂત ચંડાલપુત્રો અતિ મનોહર યૌવન વય પામ્યા. મહાદેવે શૃંગારદીક્ષામાં દક્ષ એવા કામદેવને બાળી નાખ્યો, ત્યારે વિધાતાએ અહંકારથી જ જાણે બે નવા કામદેવોનાં નિર્માણ કર્યાં હોય, તેવા તે બંને કિન્નર સરખા કંઠવાળા, તેના કંઠની પાસે નારદની વીણા પણ અપવીણા જણાતી હતી. તેઓ જ્યારે ગાતા હતા, ત્યારે સુંદર સ્વરથી કાનને પારણું થતું હતું. સ્વર, તાલ, મૂર્ચ્છના, છાયાથી યુક્ત તેનું સંગીત સાંભળીને કોયલનાં મુખોને મુદ્રા દેવાઇ ગઇ છે, તેમ હું માનું છું. ત્યારપછી વસંત વિલસે છે, જેના પતિઓ પ્રવાસી થયા છે, તેવી સ્ત્રીઓને વસંતને સૂકવી નાખનાર, વિયોગી નહિ, એવા સંયુક્ત યુગલોને આનંદ આપનાર વસંત, લોકોના હૃદયમાં ન વસે-ન માય એવો વસંત પ્રકટ થયો.

ઉજ્જ્વલ પૂર્ણચંદ્રરૂપ છત્ર ધારણ કરનાર, મલયાચલના પવનથી મનોહર વિંજાતા ચામરવાળો, કામદેવરૂપ સેનાપતિવાળો વસંતરાજા જગતમાં જય પામી રહેલો છે. આકાશરૂપ વાટિકા, તારારૂપ પુષ્પો, કામરૂપ માળી વડે કરીને આ શૃંગારરસને ઉત્તેજિત કરનાર ચંદ્ર શોભી રહેલો છે. 'આ વસંતસમયમાં કોઇ પ્રવાસ અગર અભિમાન ન કરશો.' આ પ્રમાણે જગતમાં મદન કોકિલાના શબ્દની ઢંઢેરો દેવરાવે છે.

તે સમયે સ્થાને સ્થાને અતિઆનંદથી રોમાંચિત થએલા હૃદયવાળા લોકો એકઠા થઈ મંડલીઓ રચી રાસડાઓ ગાતા ગાતા લેતા હતા. આ બંને ચંડાલપુત્રો પણ મનોહર સંગીત ઘણા જ મધુર સ્વરથી ગાતા ગાતા નીકળ્યા. મધુર શબ્દથી જેમ હરણિયાંઓ આકર્ષાય, તેમ નગરલોકો પણ સર્વે આકર્ષાયા. બીજાનાં સંગીત નિષ્ફલ થવાથી તે ઇર્ષ્યાલુઓએ રાજાને ફરિયાદ કરી કે, 'આ ચંડાલપુત્રોએ નગરીને વટલાવી નાખી.' એટલે રાજાના હુકમથી તેમને નગરમાં પ્રવેશ કરવાની મનાઇ કરી. તો પણ નગરનાં પ્રવેશ કરવાની અતિ મહાન ઈચ્છા રાખે છે. (૩૫) હવે શરદ ઋતુ આવી, લોકો કૌમુદી મહોત્સવ આવ્યો- તેમ બોલવા લાગ્યા. ત્રણે ભુવન સમક્ષ સૂર્ય ખૂબ તપવા લાગ્યો.

શરદ ઋતુમાં ખળભળતા જળપ્રવાહવાળી, લાલકમળરૂપ અરુણ નેત્રપંક્તિવાળી, કિનારારૂપ નિતંબોને પ્રગટ કરનારી નદીઓ થઈ છે. વર્ષાઋતુના જળ પ્રસરવાથી અતિશય શાંત થએલી છે ધૂળી જેમાં એવા આકાશતલરૂપી પૃથ્વીમાં નિધાન-કળશ સરખો ચન્દ્રનો ઉદય થયો. વૃદ્ધ પુરુષો ટેકા માટે હાથમાં દંડ ધારણ કરે છે, લાંબા જીવનમાં અનેક વિષયના અનુભવ કરેલા હોવાથી અનેક વિષયોને પ્રગટ કરતા, ઉજ્જવલ કેશવાળા વૃદ્ધો સરખા રાજહંસો શોભતા હતા. (શ્લેષાર્થ હોવાથી હંસોએ મૃણાલદંડ ધારણ કરેલ છે. ઘણા પ્રદેશોમાં હંમેશા સંચરનારા, સફેદ રૂંવાટીવાળા રાજહંસો.)

આવા શરદ સમયમાં મનોહર કૌમુદી-મહોત્સવ પ્રવર્તતો હતો, ત્યારે બંને ચંડાળ ભાઇઓ ચપળ અને ઉત્કંઠિતચિત્તવાળા બુરખાથી સર્વાંગ ઢાંકીને ચોરની જેમ ગુપ્તપણે પ્રેક્ષણક અને ઉત્સવ જોવા માટે નગરની અંદર પેઠા, નગરલોકને સારી રીતે ગાતા સાંભળીને તેઓ પણ સુંદર ગાવા લાગ્યા, શિયાળનો શબ્દ સાંભળીને શિયાલણ પણ શું શબ્દ કરવા લાગતી નથી ? અતિમધુર સ્વરથી આકર્ષાએલા હૃદયવાળા નગરલોકો તેની પાસે આવીને બોલવા લાગ્યા કે, 'આવા સ્વરથી પેલા ચાંડાલો તો આ નહિં હોય ? રાજપુરુષોએ મુખ ઉપરનો બુરખો ખસેડી તેમને ઓળખ્યા. એટલે સખત મુઠ્ઠીના માર, ઢેફાં અને લાકડી વડે નિષ્ઠુરપણે તેમને હણ્યા. બંનેના પ્રાણો કંઠે આવી ગયા. તેવા માર ખાઇને મહામુશ્કેલીથી દોડીને નગર બહાર નીકળી ગયા. અતિશય વૈરાગ્ય-વાસિત ચિત્તવાળા તેઓ એકાંતમાં આ પ્રમાણે ચિંતવવા લાગ્યા.

'ખરેખર આપણું કળાકૌશલ્ય, સૌભાગ્ય, સ્વાભાવિક રૂપની મનોહરતા જેમ એક ઝેરના ટીપાથી દૂધ દૂષિત થાય, તો નકામું ગણાય છે, તેમ આપણી જાતિના કરણે સર્વ દૂષિત થાય છે. આ કળા-કલાપ પ્રાપ્ત થવો દુર્લભ છે. આ આપણા કલ્યાણહિત માટે થશે તેમ ધારી કળાઓ ભણ્યા પરંતુ દુર્જાતિના દોષથી તે કળાઓ આપણા માટે મરણ ઉપજાવનારી થઇ છે.

"ભાંગેલા ઇન્દ્રનીલ રત્નના ટૂકડા સમાન શ્યામ એવી યમુના નદીના અંદર સ્નાન કરતા અંજનસમૂહ સમાન કાળા સર્પની શોધ શા માટે કરતા હશે ? એટલા જ માટે કે તેની ફણામાં તારાની કાંતિ સરખા ચમકતા બાલમણિઓ હોય છે. તે મણિઓના અંગે ઉન્નતિ પ્રાપ્ત કરે છે. ગુણીઓ જેનાથી ઉન્નતિ મેળવે છે, તેનાથી જ આપત્તિઓ પ્રાપ્ત કરે છે."

'હલકી જાતિથી દૂષિત એવા આ જન્મથી હવે સર્યું' એમ વિચારીને તેઓ ઉંચું મુખ કરીને ક્યાંય પણ આત્મ-ઘાત માટે આગળ ચાલ્યા. ઉતાવળા ઉતાવળા પડવા માટે એક પર્વતના શિખર પર ચડતાં તેઓએ એક મહાસાધુ દેખ્યા. (૫૦) ઉભા ઉભા લાંબા હાથ કરીને કાઉસ્સગ્ગ કરતા સૂક્ષ્મ પ્રાણ અને શરીરનો પરિસ્પંદ-હલન-ચલન રોકતા, નાસિકા ઉપર દૃષ્ટિ સ્થાપન કરીને શુક્લધ્યાન ધ્યાતા હતા.

અમૃતપ્રવાહના ખળભળતા નિઝરણા સરખા તે મુનિને દેખતાં જ જેમનાં પાપો દૂર થયાં છે-એવા તે વંદના માટે સન્મુખ આવ્યા. પ્રણામ કરીને તે બંને ભૂમિપર બેઠા. મુનિએ કાઉસ્સગ્ગ પારીને પૂછ્યું કે, તમો કોણ છો ? અને આવા વિષમ દુર્ગમાં કેમ આવ્યા છો ? ત્યારે પોતાની સર્વ વીતક હકીકત જણાવી, એટલે તપસ્વી-મુનિએ કહ્યું કે, પોતાનો આત્મઘાત કરવો તે સર્વથા અયુક્ત છે. આ જાતિનું કલંક દુષ્કર્મે નિર્માણ કર્યું છે, માટે તેનો નાશ કરવો યોગ્ય છે. ભૃગુપાત કરવાથી તમારો દેહ નાશ પામશે, પરંતુ તમારાં પાપકર્મ નાશ પામશે નહિં પોતાનાં દુષ્કર્મ ખપાવવા માટે પ્રવ્રજ્યા લો, વિસ્તારથી સૂત્ર, અર્થ ભણીને તમે તીવ્ર તપકર્મ કરો. એ પ્રમાણે ધર્મની દેશના સાંભળી તેમના આત્મામાં ધર્મની વાસના પ્રગટી, એટલે તેઓએ દીક્ષા અંગીકાર કરી. મોટા મુનિઓનો માર્ગ કોઇ અલૌકિક હોય છે-એથી તેમને પણ દીક્ષા આપી. સૂત્ર-અર્થનો પરમાર્થ વિસ્તારથી જાણી તેઓ જલ્દી ગીતાર્થ બન્યા અને છઠ્ઠ, અઠ્ઠમ, ચાર વગેરે તપસ્યા કરી આત્માના કર્મ ખપાવવા લાગ્યા. ત્યારપછી પુર, નગર, ગામ આદિમાં ક્રમે કરી વિહાર કરતા હસ્તિનાપુર આવી પહોંચ્યા. સંભૂતમુનિ માસક્ષમણના પારણાના દિવસે નગરની અંદર ઉંચ-નીચ ગૃહના આંગણામાં ગોચરી માટે ફરતા હતા. ઉજ્જ્વલ ઘરના ગવાક્ષમાં ઉભેલા નમુચિ મંત્રીએ તેને દેખ્યા. તેને ઓળખ્યા. 'રખેને મારી નિંદિત પહેલાની હકીકત કોઇને અહિં કહેશે.' એ શંકાથી તેને નગરમાંથી હાંકી કાઢવા માટે અતિશય માર મરાવે છે.

"પાપકર્મ કરનાર હંમેશાં વક્ર હોય છે અને પોતાના મનમાં શંકા જ વિચારે છે; જ્યારે સુકૃત કરનાર દરેક સ્થાને શંકારહિત વિચરનારા હોય છે." વગર અપરાધે તે મુનિને ઢેફાં, લાકડીથી હણ્યા એટલે તપસ્વીની તેજોલેશ્યા ઉલ્લસિત બની અને આખું આકાશ ધૂમાડાથી અંધકારમય બની ગયું. અતિસુગંધી શીતલ તેમજ નિર્મલ એવા ચંદનના કાષ્ઠોને સજ્જડ ઘસવાથી તેનાથી એકદમ અગ્નિ પ્રગટ થતો નથી ? નવીન શ્યામ મેઘ વડે હોય તેમ સખત

ધૂમાડાના ગોટે ગોટા આકાશમાં ફેલાએલા દેખીને નગરનેતાઓ ભય પામીને ત્યાં આવ્યા. ચક્રી રાજા પણ એકદમ ત્યાં આવીને પગમાં પડીને વિનંતી કરવા લાગ્યો કે, મહર્ષિઓ પણ કોપ કરે. તો પછી જળ કેમ સળગતું નથી ? "જો કે મુખ્યતાએ મુનિઓના હૃદયમાં કોપ હોતો નથી, કદાચ કોપ થઈ જાય, તો પણ લાંબા કાળ સુધી રહેતો નથી, કદાચ લાંબા કાળ સુધી રહે, તો પણ તેનું ફળ નીવડવા દેતો નથી." ચક્રીએ વિવિધ પ્રકારના શાંત થવાનાં વચનો કહેવા છતાં તેની અવગણના કરી, એટલે તેને ઉપશાંત કરવા માટે હકીકત જાણીને ઠરેલ પ્રકૃતિવાળા ચિત્રમુનિ ત્યાં આવ્યા. તે કહેવા લાગ્યા કે, તમે કોપ ન કરો, આ નગર તો પછી બળશે, પરંતુ તે પહેલાં તીવ્ર તપકર્મથી ઉપાર્જન કરેલ તારો સુકૃત-પુણ્યરાશિ બળી જશે.

"તપ, વ્રત, નિયમ, બ્રહ્મચર્ય, સંયમરૂપ સમીવૃક્ષનાં નાનાં પત્રોથી ઉપાર્જન કરી એકઠા કરેલા પુણ્યને અતિશય ક્રોધ કરવારૂપ ખાખરાના પડિયા વડે ઉલેચ નહિ."

જો કે કુશાસ્ત્રરૂપ પવનથી સંધુકાએલો કષાય-અગ્નિ જગતમાં લોકને બાળનાર થાય છે, પરંતુ આશ્ચર્યની વાત છે કે, જિનપ્રવચનરૂપ જળથી સિંચાએલ આત્મા પણ જળી રહેલ છે.' એ વગેરે દેશનારૂપ નીકથી મનની શાન્તિ પમાડીને ચિત્રમુનિ તેને બહારના ઉદ્યાનમાં લઇ ગયા. ત્યાં તેઓ બંનેનો પરસ્પર વાર્તાલાપ થયો કે, 'હવે આપણે તીવ્ર તપકર્મ કરીને સંલેખના કરી શરીર અને કષાયો પાતળા કરી અનશન સ્વીકારીએ. બીજું આ કાયા માટે આપણે પારકા ઘરે આહાર લેવા ભટકવું પડે છે, તેમાં કોઈકને મત્સર, ઇર્ષ્યા, ક્રોધ થાય તો આપણે દોષિત બનીએ છીએ, તેને અંગે પ્રાયશ્ચિત્તપાત્ર બનીએ છીએ. મુનિને કોપે કરવાનું કારણ ચક્રી તપાસ કરે છે, તો કોઈકે કહ્યું કે, નમુચિ મંત્રીએ એકદમ વારંવાર તેને તિરસ્કાર્યો. (૭૫)

"જેઓ મુનિને જાણતા નથી, જાણતા છતાં જેઓ પૂજા કરતા નથી, અથવા તો જેઓ મુનિઓનું અપમાન કરે છે, તે અનુક્રમે ત્રણે પાપી સમજવા." (૭૬)

રાજાએ નમુચિ મંત્રીને સર્વ અંગોપાંગે સખત બાંધીને નગરમાં રાજમાર્ગ વિષે ફેરવાવીને પોતાના સમગ્ર અંતઃપુરના પરિવાર સહિત સનત્કુમાર ચક્રી મહામુનિ પાસે આવ્યા. તેમના ચરણમાં પ્રણામ કરીને જકડેલા નમુચિને બતાવ્યો, પરંતુ ક્ષમાવાળા મુનિઓએ તેને છોડાવ્યો. 'પોતાનાં દુશ્ચરિત્રનાં ફળો આ પાપી ભોગવશે.' એમ કહીને રાજાએ તેને દેશનિકાલ કર્યો. "અધમ મનુષ્યો ઉપકાર કરતા જ નથી. મધ્યમ મનુષ્યો અહિં પ્રત્યુપ્રકાર કરીને બદલો વાળે છે, જ્યારે ઉત્તમ આત્માઓ તો અપકાર કરનાર ઉપર પણ ઉપકાર કરે છે." (૮૦)

તે મુનિઓના ચરણ-કમળ પાસે નજીકમાં જઇ અંતઃપુર પણ પ્રણામ કરે છે, ત્યારે

સ્ત્રીરત્નના કેશની અત્યંત સુકોમલ લટ મુનિના ચરણમાં અણધારી લોટવા લાગી-અર્થાત્ કેશનો સ્પર્શ થયો. સંભૂતિ મુનિ તે કેશના સ્પર્શમાત્રથી તેના સ્પર્શના અભિલાષાવાળા થયા. કામદેવ ચામડીના ઝેરવાળો સર્પ એવો છે કે, માત્ર સ્પર્શ કરવાથી મૃત્યુ થાય છે. ચક્રી સાથે સ્ત્રીરત્ન ગયા પછી સંભૂતિ મુનિએ નિયાણું કર્યું કે, 'મેં આજ સુધીમાં તપ-સંયમનો વૈભવ મેળવ્યો, તેના પ્રભાવથી મને આવી આવી ભાર્યા મળજો.' કોઈક મૂર્ખ કામધેનુ આપી કૂતરી અગર ચિંતામણિ રત્નથી કાંકરો, કલ્પવૃક્ષના બદલે તૃણ ખરીદ કરે, તેમ આ મુનિએ કિંમતી તપના બદલામાં કાંકરા સરખા વિષય-સુખની અભિલાષા કરી. ચિત્ર મુનિ તેને કહે છે કે, 'હવે તેં આ પ્રમાણે નિયાણું કરી નાખ્યું, તો હજુ પણ તેનું મિચ્છામિ દુક્કડં આપ અને માર્ગમાં આવી જા.'

'દુસ્સહ તપ કરવા વડે કરીને તેં પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કર્યું છે, તેને તેં અત્યારે નિયાણાથી અશુભ-પાપાનુબંધી કરી નાખ્યું. હે વત્સ ! અતિમહાન તપકોટીમાં તું ચડેલો છે. હવે તું મિથ્યાત્વમાં કેમ જાય છે ? બહુમોટા પદથી નીચે પડીશ, તો તું સર્વ અંગનો ભંગ પામીશ. વિષયરૂપી વિષના આવેગ અને પાપનો નાશ કરનાર હોય તો જિનવચનરૂપ અમૃતપાન છે. એ ઘણી પ્રસિદ્ધ હકીકત હોવા છતાં પણ તને નિયાણાનું કારણ થાય છે. આમાં અમે શું કરી શકીએ ?' વારંવાર મોહનું નિવારણ કરવા છતાંપણ તે મુનિ નિયાણાને છોડતા નથી. કામદેવ વૈરીએ તેને તેમાં ઉત્સાહિત કર્યો. કરેલા અનશનો નિર્વાહ કરીને તે બંને બન્ધુ મુનિઓ સૌધર્મ દેવલોકમાં દેવો થયા, ત્યાંથી ચ્યવીને ચિત્રદેવતાનો જીવ પુરિમતાલ નગરીમાં શેઠને ત્યાં પુત્રપણે ઉત્પન્ન થયો. તે સંભૂત મુનિનો જીવ ચ્યવીને કાંપિલ્યપુરમાં બ્રહ્મરાજાની ચુલની રાણીના ગર્ભમાં આવ્યો. હાથી, વૃષભાદિક ચૌદ સ્વપ્નોથી સૂચિત અતિશય રૂપ-કાંતિવાળા પુત્રને પૂર્વદિશા જેમ સૂર્યને તેમ અહિં રાણીએ પુત્રને જન્મ આપ્યો. બ્રહ્મરાજાએ સર્વત્ર મોટો પુત્રજન્મોત્સવ પ્રવર્તાવ્યો, અને સારા મુહૂર્તે પુત્રનું બ્રહ્મદત્ત નામ સ્થાપન કર્યું. શુક્લપક્ષમાં જેમ ચંદ્ર વૃદ્ધિ પામે, તેમ દેહની વૃદ્ધિ પામવા સાથે અતિનિર્મલ કળા-સમુદાયમાં વૃદ્ધિ પામવા સાથે નિરુપમ લાવણ્યવાળો અને નયનને આહ્લાદક થયો. ચાર મુખવાળા ભગવંતના નેત્ર, નાસિકા, વદન સમાન હોય તેમ સદા અર્પિત સદ્ભાવવાળા ચાર મિત્રો બ્રહ્મદત્ત રાજાને હતા. વારાણસીના ૧ કટકરાજા, ગજપુરનો ૨ કરેણુદત્ત, કોશલાનો ૩ દીર્ઘરાજા અને ચંપાનો ૪ પુષ્પચૂલરાજા. અને નિર્દોષ રીતે રાજ્યની ચિંતા કરવામાં અગ્રેસર એવો ધનુ નામનો તેને અમાત્ય હતો. તે મંત્રીને પ્રિતાના ગુણો વરેલા છે જેને એવો વરધનુ નાનો પુત્ર હતો. તે પાંચે રાજાઓ પરસ્પર અતિસ્નેહવાળા ક્ષણવાર પણ કોઇ કોઇના વિયોગને ન ઇચ્છતા કહેવા લાગ્યા કે, આપણે પાંચેયે દરેકના રાજ્યમાં વારા ફરતી પોતાના પરિવાર સાથે એક એક વર્ષ સાથે રહેવું.

કોઇક સમયે કટક વગેરે ચારે રાજાઓ બ્રહ્મરાજા પાસે આવી પહોંચ્યા છે, તે વખતે બ્રહ્મદત્તને સ્વજનવર્ગને શોક આપનાર એવો મસ્તક-રોગ ઉત્પન્ન થયો. (૧૦૦) રોગના અનેક પ્રતિકાર-ઉપાયો કરવા છતાં રોગ મટતો નથી. જીવવાની આશાથી મુક્ત થએલા બ્રહ્મદત્ત રાજાએ પોતાના બ્રહ્મદત્તપુત્રને કટકાદિક રાજાના ખોળામાં અર્પણ કર્યો 'જે પ્રમાણે સમગ્ર કળાઓમાં કુશળ બને, સમગ્ર રાજ્ય-કારભાર સંભાળી શકે-એવો મારો પુત્ર તૈયાર થાય તે પ્રમાણે તમારે તેની સાર-સંભાળ રાખવી.'

"નદીઓ મુખમાં સાંકડી હોય છે, વાંકી-ચુંકી અનિયતપણે આગળ આગળ વિસ્તાર પામતી પ્રવર્તનારી હોય, તેમ સજ્જનની મૈત્રી નદી જેવી હોય છે. ધનવાનોની ભોજનવૃત્તિઓ સ્નિગ્ધ અને મધુર હોય છે, વચમાં વિવિધ પ્રકારની, અંતમાં લુખ્ખી હોય તેમ દુર્જનની મૈત્રી શરૂઆતમાં સ્નેહવાળી અને મીઠાશવાળી હોય, વચલા કાળમાં જુદા જુદા વિચિત્ર પ્રકારની હોય અને છેલ્લે લુખ્ખી-ફસામણ કરનારી હોય છે." (૧૦૪)

ત્યારપછી બ્રહ્મરાજાએ પરલોકના માર્ગે પ્રયાણ કર્યું. લોકપ્રસિદ્ધ એવાં મૃતક-કાર્યો નીપટાવ્યા પછી, ત્યાં દીર્ઘરાજાને રાજ્યકાર્યની વ્યવસ્થા સાચવવાનું સોંપીને, કટક વગેરે બીજા ત્રણ રાજાઓ પોતપોતાના રાજ્યમાં પહોંચ્યા.

હવે દીર્ઘરાજા અને ચુલની બંને રાજ્યકાર્યની વ્યવસ્થા માટે ભેગાં થાય, ત્યારે શીલરૂપી બગીચાને બાળવામાં ચતુર અગ્નિ સરખો મદન વૃદ્ધિ પામ્યો. ચિત્તની ચંચળતાના કારણે કુળની મલિનતાને કારણે મૂકીને તથા લોકોની લજ્જા દૂરથી ત્યાગ કરીને ચુલની પાપી દીર્ઘરાજામાં કામાનુરાગવાળી બની. દીપશિખામાફક પુત્રસ્નેહરૂપ વાટનો નાશ કરનારી સદા પોતાના સ્વાર્થી કાર્યમાં લાગેલી ચુલણી વખત આવે ત્યારે બાળવામાં શું બાકી રાખે ? સર્પ સરખો કુટિલ ગતિવાળો, વિષનું સ્થાન, કામક્રીડાના વિલાસવાળો ભોગવંશની મલિનતા કરનાર દુષ્ટ ચિત્તવાળો દીર્ઘરાજા ભય આપનારો હોય છે. ચુલણીના શીલ-ભંગનો સમગ્ર વૃત્તાન્ત ધનુ પ્રધાનના જાણવામાં આવ્યો, એટલે વિચાર્યું કે 'કુમાર માટે આ હકીકત કુશળ ન ગણાય.' એટલે મંત્રીએ પોતાના વરધનુપુત્રને જણાવ્યું કે, 'હે પુત્ર ! તારે કુમારની સંભાળ અપ્રમત્તપણે બરાબર કરવી, તેની શરીર-રક્ષા તારે કરવી. કારણ કે, તેની માતા હાલ તેના હિતવાળી નથી. સમય મળે ત્યારે તારે તેની માતાનું સર્વચરિત્ર જણાવવું, જેથી કોઇ બાનાથી આ કુમાર ઠગાય નહિં. કાલક્રમે કરી કુમાર સુંદર યૌવનારંભ વય પામ્યો. ક્રોધ અને અહંકાર યુક્ત તેણે માતાનું ચરિત્ર જાણ્યું. માતાને જણાવવા માટે કોયલ અને કાગડાને બંનેને લઇ જઇને કોપ સહિત કહે છે કે, 'હે માતાજી ! હું આમને મારી નાખીશ. મારા રાજ્યમાં જો બીજો કોઇ પણ અકાર્ય કરવા તૈયાર થશે, તે સર્વને નિર્દયપણે હું શિક્ષા કરીશ.' આ પ્રમાણે અસમાન પશુ-પક્ષીઓનાં યુગલને અનેક

વખત શિક્ષા કરતા અને સંભળાવતા બ્રહ્મદત્તકુમારને જાણીને દીર્ઘરાજાચુલણીને કહેવા લાગ્યો કે - 'જે આ તારો પુત્ર આ પ્રમાણે બોલે છે, તે પરિણામે સુખકારી નથી.' ત્યારે ચુલણીએ કહ્યું કે, 'બાલભાવથી અણસમથી બોલે છે. એના બોલવા ઉપર મહત્ત્વ ન આપવું.' ત્યારે દીર્ઘે કહ્યું કે, 'હે ભોળી ! નક્કી હવે આ યૌવન વય પર આરૂઢ થએલો છે, આ મારા અને તારા મરણ માટે થશે. આ વાત ફેરફાર ન માનીશ. તો હવે કોઇના લક્ષ્યમાં ન આવે તેવો ઉપાય કરીને પુત્રને મારી નાખ. હે સુંદરી ! હું તને સ્વાધીન છું, પછી પુત્રની કશી કમીના નહિં રહેશે.' રતિરાગમાં પરવશ બનેલી આ લોક અને પરલોકકાર્યથી બહાર રખડતા ચિત્તવાળી ચુલણીએ આ વાતનો સ્વીકાર કર્યો. 'ધિક્કાર થાઓ આવા સ્ત્રીચરિત્રોને,' ખરેખર ચુલની સ્વપુત્રનું ભક્ષણ કરનારી સર્પિણી હોય એમ શંકા કરું છું, કે જે ગૂઢ મંત્ર ગ્રહણ કરીને પુત્રનો બલિ આપીને દીર્ઘની સોબત-શય્યામાં પ્રવેશ કરે છે.

આ કોઈ દુષ્ટ મનોરથ કરનાર કોઇ દીર્ઘ કાગડો ક્યાંઇકથી આવ્યો છે. તેને માટે પોતાનો જ ચક્રી પુત્ર મારી નંખાય છે. આવી સ્ત્રીકથાથી સર્યું. તેઓએ તે પુત્ર માટે કોઇક રાજાની પુત્રી વિવાહ માટે નક્કી કરી, તેમ જ વિવાહને લાયક સર્વ સામગ્રી તૈયાર કરી. ૧૦૮ સ્તંભવાળું અતિગુપ્ત પ્રવેશ અને નિર્ગમન દ્વારવાળું લાક્ષાઘર તેઓને વાસ કરવા માટે તૈયાર કરાવ્યું. (૧૨૫)

રાજ્ય-કાર્યને સંભાળતા એવા ધનુમંત્રીએ આ હકીકત જાણી અને દીર્ઘરાજાને કહ્યું કે - 'આ મારો પુત્ર પૂર્ણ યૌવન વય પામેલો છે, રાજ્ય-કાર્યને સંભાળી શકે તેવો છે. મારી હવે વનમાં જવાની વય થયેલી છે, તો આપ હવે મને રજા આપો જેથી હું ત્યાં જાઉં. દીર્ઘરાજાએ કપટથી કહ્યું કે, 'હે પ્રધાન ! આ નગરમાં રહીને દાનાદિક પરલોકની ક્રિયા કરો.' એ વાત સ્વીકારીને નગરના સીમાડામાં રહેલી ગંગા નદીના કાંઠા ઉપર ધનુએ એક શ્રેષ્ઠ મોટી દાનશાળા-પરવડી કરાવી, પરિવ્રાજકો તથા ભિક્ષુઓ તેમ જ જુદા જુદા દેશના મુસાફરોને ભદ્રગજેન્દ્રની જેમ દાન આપવાની પ્રવૃત્તિ કરવા લાગ્યો. પોતાના ખાતરીવાળા પુરુષોને દાન-સન્માન આપી વિશ્વાસમાં લઈ ચાર ગાઉ લાંબી લાક્ષાઘર સુધીની સુરંગ બનાવી. આ સર્વ કાર્યવાહી ચાલતી હતી, તે સમયે વિવાહ કરેલી રાજકન્યા પરિવાર સહિત કાંપિલ્યનગરીમાં જ્યાં ધ્વજા-પતાકા ફરી રહેલી છે, ત્યાં લગ્ન માટે આવી પહોંચી. પાણિગ્રહણ-વિધિ પતિ ગયો, ત્યારપછી રાત્રે વાસ કરવા માટે વરધનુ સાથે વહુ સહિત કુમારે લાક્ષાગૃહમાં પ્રવેશ કર્યો. રાત્રીના બે પહોર પસાર થયા પછી ભવનને આગ લગાડી. તે સમયે અતિ ભયંકર ચારે બાજુ કોલાહલ ઉછળ્યો. સમુદ્રના ખળભળવા સરખો કોલાહલ સાંભળીને કુમારે વરધનુને પૂછ્યું કે, 'આમ ઓચિંતુ કેમ તોફાન સંભળાય છે ?' 'હે કુમાર ! તારું અપમંગલ કરવા માટે આ વિવાહનું કૌભાંડ રચાએલું છે. આ રાજકન્યા નથી, પરંતુ

તેના સરખી બીજી કોઇ કન્યા છે.' એટલે મંદસ્નેહવાળો કુમાર પૂછવા લાગ્યો કે, 'હવે અહિં શું કરવું ?' તો વરધનુએ કહ્યું કે, 'આ સ્થાને પગની પાનીથી પ્રહાર કર.' ત્યાં પગ ઠોક્યો, ત્યાંથી સુરંગદ્વારથી બંને નીકળી ગંગાના કિનારા પરની દાનશાળામાં પહોંચી ગયા.

ધનુ મંત્રીએ આગળથી જ ઉત્તમ જાતિના બે અશ્વો તૈયાર રાખેલા હતા. તરત તેના ઉપર આરૂઢ થઇને બંને પચાસ યોજન દૂર નીકળી ગયા. અતિ લાંબા માર્ગના થાકથી થાકી ગએલા અશ્વો એકદમ ભૂમિ પર પટકાઇ પડ્યા. એટલે બંને પગપાળો કરતા કરતા એક ગામે પહોંચ્યા. તે ગામનું નામ કો-ગોષ્ઠક હતું. ત્યાં કુમારે વરધનુને કહ્યું કે, 'મને સખત ભૂખ લાગી છે, તથા ખૂબ થાકી ગયો છું.' તેથી કુમારને ગામ બહાર સ્થાપન કરીને વરધનુ ગામમાં જઇ એક નાપિતને બોલાવી લાવ્યો, કુમારનું મસ્તક મુંડાવી નાખ્યું. સ્થૂલ ભગવા રંગનું વસ્ત્ર પહેરાવ્યું. તેમ જ લક્ષ્મી કુલના સ્થાનરૂપ વક્ષસ્થલમાં શ્રીવત્સ ઢાંકવા માટે ચાર આંગળ પ્રમાણ એક પટ્ટ બાંધ્યો. વરધનુએ પણ પોતાના વેષનું પરાવર્તન કર્યું કે જેથી દીર્ઘરાજા અમને ઓળખીને હણાવી શકે નહિં. આવા પ્રકારના ભયને વહન કરતા, તેના પ્રતિકાર કરવાના મનવાળા એક ગામમાં પહોંચ્યા. ત્યાં એક બ્રાહ્મણના ઘરમાંથી બહાર નીકળી એક નાના નોકરે બોલાવી કહ્યું કે, 'ઘરમાં આવી ભોજન કરો.' એટલે રાજાને ઉચિત નીતિથી ત્યાં ભોજન કર્યું. ત્યારપછી એક મુખ્ય મહિલા કુમારના મસ્તક ઉપર અક્ષત વધાવીને બોલી કે, 'હે વત્સ ! તું બંધુમતી નામની મારી પુત્રીનો વર થા.' અતિશય પોતાને છૂપાવતા મંત્રીપુત્રે કહ્યું કે, 'હે આર્યે ! આ મૂર્ખ બટુકને ક્યાં હેરાન કરે છે ? મારી વાત સાંભળો - આગળ કોઇ નિમિત્તિયાએ અમને કહેલું છે કે, 'છાતી પર શ્રીવત્સ ઢાંકેલ પટ્ટ બાંધેલ એવો કોઈ મિત્ર સાથે તમારે ત્યાં ભોજન કરશે, તે આ બાલિકાનો પતિ થશે. તેમાં સંદેહ ન રાખવો.' (૧૫૦)

ત્યારપછી તે જ દિવસે તે કુમારે તેની સાથે પાણિગ્રહણ કર્યું. તેઓ બંનેનો પરસ્પર ગાઢ પ્રેમ ઉત્પન્ન થયો. અતિલજ્જાપણાના કારણે સર્વાંગ અર્પણ કર્યા વગર કૌતુક મનવાળી તેની સાથે તે રાત્રિ પસાર કરી.

બીજા દિવસે વરધનુએ કહ્યું કે, 'આપણે ઘણે દૂર ગયા સિવાય છૂટકો નથી.' ખરો સદ્ભાવ બંધુમતીને જણાવી તે બંને ત્યાંથી નીકળી ગયા. ત્યાંથી ઘણે દૂર બીજા ગામમાં બંને બહોંચ્યા. વચમાં વરધનુ જળ લેવા માટે ગયો, જલ્દી પાછો ફર્યો. અને કહેવા લાગ્યો કે, 'આવી લોકવાયકા સાંભળી કે, દીર્ઘરાજાએ બ્રહ્મદત્તને પકડવા માટે સર્વ માર્ગો રોકી લીધા છે, માટે માર્ગનો દૂરથી ત્યાગ કરી નાસીને ગમે ત્યાં ચાલ્યા જઇએ.' એ પ્રમાણે ગયા. ત્યાં મહાઅટવીમાં આવી પડ્યા અને કુમારને તૃષા લાગી. સુંદર વડવૃક્ષ નીચે કુમારને બેસારીને વરધનુ પાણીની તપાસ કરવા નીકળ્યો. સંધ્યા પડી ગઇ, પાણી મળ્યું

નહિ પરંતુ દીર્ઘના સૈનિકોએ તેને દેખ્યો અને રોષપૂર્વક તેને ઘણો માર માર્યો. એમ કરતાં વૃક્ષોની વચ્ચે સંતાતો સંતાતો કોઇ પ્રકારે કુંવર પાસે પહોંચ્યો. દૂરથી કુમારને ઇસારો કર્યો, જેથી કુમાર રાત્રે પણ કોઈક પ્રકારે ત્યાંથી ચાલી ગયો અને તીવ્રવેગથી પલાયન થતો થતો દુઃખે કરી પાર પામી શકાય, કાયર લોકને શોક સંપાદન કરાવનાર, જ્યાં હરણના વૈરી સિંહોની ગર્જના સંભળાય છે, ભયંકર સિંહગર્જનાના શબ્દોથી પર્વતની ગુફાઓ ગાજતી હતી. એવા ભયાનક અરણ્યમાં ગયો. ભૂખ-તરશથી પરેશાન થએલો તે અટવીનું ઉલ્લંઘન કરી ત્રીજા દિવસે પ્રસન્નમનવાળા, તપથી સુકાઇ ગએલા શરીરવાળા એક તાપસને દેખે છે, તેને દેખવા માત્રથી હવે કુમારને જીવિતની આશા ઉત્પન્ન થઇ. પગમાં પ્રણામ કર્યા પછી કુમારે તે તાપસને પૂછ્યું કે, 'હે ભગવંત ! આપનો આશ્રમ ક્યાં છે ?' ત્યારે પ્રેમ સહિત તેને તે તાપસ કુલપતિ પાસે લઇ ગયો. એટલે કુલપતિએ આદર-સહિત બોલાવ્યો અને પૂછ્યું કે, 'આ અરણ્ય ઘણા વિઘ્નવાળું છે, લોકોની તદ્દન અવરજવર વગરનું, હાથી અને બીજા પ્રાણીઓ જેમાં અનેક ત્રાસ આપનારા છે, તો હે મહાભાગ્યશાળી ! આવા અરણ્યમાં તું કેવી રીતે આવ્યો ?' આ કુલપતિ ઘણા માયાળુ છે એમ જાણી પોતાના ઘરની જેમ ત્યાં રોકાયો. કુમારે પોતાનો સર્વ વૃત્તાન્ત કુલપતિને જણાવ્યો. ઉત્પન્ન થએલા અતિશય પ્રેમથી પરવશ બનેલા કુલપતિએ કહ્યું કે, 'તારા પિતા બ્રહ્મરાજાનો હું નાનો બંધુ હતો, માટે હે વત્સ ! આ આશ્રમ તારો પોતાનો માની નિર્ભયપણે અહિં રહે. શોકનો ત્યાગ કર. સંસારનાં ચરિત્રો આવાં જ દુઃખદાયક અને વિચિત્ર હોય છે. હે વત્સ ! પોતાનો પતિ સારાકુલનો આગળ ચાલનાર મર્યાદાવાળો છે - એમ જાણીને લક્ષ્મી તથા મૃગાક્ષી મહિલા નીચ કે વધારે નીચ હોય, તેને અનુસારનારી થાય છે. શ્રી કહેતાં લક્ષ્મી કેવી છે ? સમુદ્રમાં ઉત્પન્ન થએલી, જેનો પ્રભાવ સર્વત્ર પથરાએલ છે, ત્રિનયન (મહાદેવ)ના મસ્તક પર વસનાર ચંદ્રની જે બહેન છે, વિષ્ણુની જે પત્ની છે. કમલતંતુના આસન પર રહેનારી હોવા છતાં લક્ષ્મી ચપલ સ્વભાવવાળી સ્ત્રીની માફક ખલપુરુષોને આલિંગન કરે છે.'

"આપત્તિમાં ધીરજ રાખવી, આબાદીમાં ક્ષમા, સભામાં બોલવાની ચતુરાઈ, યુદ્ધમાં પરાક્રમ, યશ મેળવવામાં અનુરાગ, શ્રુતજ્ઞાન મેળવવા માટે લોભ વ્યસન હોય. આ સર્વ ગુણો મહાત્માપુરુષોને સ્વભાવથી જ સિદ્ધ થએલા હોય છે." ૧૭૦

કુલપતિના અભિપ્રાયને જાણીને કુમાર ત્યાં નિશ્ચિંતપણે પોતાના ઘરની જેમ રહેવા લાગ્યો, પરંતુ વરધનુ મિત્રનું સ્મરણ ભૂલી શકાતું નથી. પૂર્વે જેમણે અભ્યાસ કર્યો છે, એવી ધનુર્વેદાદિક સમગ્ર કળાઓ. કુલપતિએ સુંદર રીતે કુમારને શીખવી. કોઇક વખતે તાપસો કંદ-ફળ, જળ વગેરે શોધવા-લેવા જતા હતા, ત્યારે કુલપતિએ તેને રોક્યો, છતાં પણ કુતૂહળથી ચપળ થએલા ચિત્તવાળો તાપસોની પાછળ પાછળ ગયો. તે અરણ્યના સીમાડે

મનોહર વનોને અવલોકન કરતો હતો, ત્યારે અંજન પર્વત સરખો ઉંચો મોટો હાથી દેખ્યો. વિંધ્યપર્વતને જેમ ઉંચા શિખર, મોટા દાંત, અતિપ્રગટ તળેટી, વિશાળ વાંસ હોય, તેમ આ હાથીને શ્રેષ્ઠ ગંડસ્થળ, મોટાં દંતૂશળ, અતિપ્રગટ પગ અને વિશાળ સૂંઢ હતી. તે જાણે જંગમ વિંધ્યપર્વત હોય, તેવો હાથી કુમારના દેખવામાં આવ્યો. (૭૫)

સામા આવતા કુમારને દેખી કંઈક રોષવાળી ઉતાવળી ગતિ કરતો તેની સન્મુખ ચાલ્યો, એટલે જાણે પ્રત્યક્ષ ભયંકર યમરાજા હોય તેવો જણાવા લાગ્યો. કૌતુક લગાતાર લાલસા શંકા અને વક્રચિત્તવાળા કુમારે પોતાનું ઉપરનું વસ્ત્ર મંડલાકારવાળું કરીને હાથી સન્મુખ ફેંક્યું. હાથીએ પણ તે વસ્ત્ર ગ્રહણ કરવા માટે પોતાનો શુંડાદંડ આકાશમાં ઉંચો કર્યો. રોષાન્ધ થએલ હાથીએ તેને ફેંક્યું. એટલે દક્ષપણાથી છળીને પોતાનું ઉત્તરીય વસ્ત્ર ગ્રહણ કરી લીધું. પછી શાંત કરીને તેને ક્રીડા કરાવવા લાગ્યો. શૂંઢના મુખભાગને સ્પર્શ કરીને તેને વેગથી દોડાવતો, વળી તેની પાછળ ચાલતો, વળી ક્ષણમાં કુમાર હાથીની આગળ દોડતો હતો. (૧૮૦)

પછી કુંભારના ચક્ર માફક ભમાવતા ભમાવતા આશ્રમના સ્થાન સુધી ખેંચી લાવ્યો. ત્યાં હાથીને થંભાવીને તે પ્રદેશમાં ચરતા મૃગલાના ટોળાંને કાગણી ગીતરાગથી ગાવા લાગ્યો.

તે સમયે સ્થિર રહી કાન સરવા કરી હાથી પણ સંગીત શ્રવણ કરવા લાગ્યો. હાથીના દંતૂશળ ઉપર પગ લગાડીને, સમગ્ર ત્રાસ પમાડવાથી મુક્ત થએલ કુમારે તેના પીઠ-પ્રદેશમાં આસન સ્થિર કર્યું. કૌતુક પૂર્ણ થયા પછી ધીમે ધીમે નીચે ઉતરીને ચાલવા લાગ્યો. ઉલટી દિશામાં ચાલવાથી પોતાને કઇ દિશામાં જવાનું છે, તે પણ ભૂલી ગયો. ત્યારપછી અવ્યવસ્થિત ગતિથી આમ-તેમ પરિભ્રમણ કરતો, તે પ્રદેશના પર્વતના આંતરામાંથી નીકળતી નદીના કિનારા પર રહેલા, જીર્ણ પડી ગએલ ઘરના ભિત્તિખંડ માત્રથી ઓળખાતું એક નગર જોવામાં આવ્યું. તેને દેખીને ઉત્પન્ન થએલા કુતૂહલવાળો નિરીક્ષણ કરવા લાગ્યો. એટલામાં અતિગૂઢ વાંસનું જૂથ જોવામાં આવ્યું. બાજુમાં મૂકેલું એક ક્રીડા કરવાનું ખડ્ગ રાખેલું હતું. કૌતુકથી તે ખડ્ગ ગ્રહણ કર્યું અને વાંસના જાળમાં તે છેદવા માટે આદરથી ચલાવ્યું. એટલે વાસંનું જૂથ નીચે પડ્યું અને તેના વચલા ભાગમાં તરત કપાએલું પૂર્ણિમાના ચંદ્રમંડલ સરખું વદન-કમળ પણ પડ્યું. પોતાનું દુષ્ટચેષ્ટિત દેખીને કુમાર ચિંતવવા લાગ્યો કે, 'વગર અપરાધે કોઇક પુરુષને મેં હણી નાખ્યો - એ મેં ઠીક ન કર્યું.' બીજી દિશા તરફ નજર કરતાં ઉંચે પગ હોય તેવું મસ્તક વગરનું વિદ્યા સિદ્ધ કરવા માટે ધૂમ્રપાન આરંભેલું હતું, એવું કબંધ દેખ્યું. એટલે કુમારને વધારે અધૃતિ ઉત્પન્ન થઈ. અરે રે ! મેં આની વિદ્યાસિદ્ધિમાં વિઘ્ન કર્યું, આની પ્રતિક્રિયા મારે કઇ કરવી ? આ પ્રમાણે

ઝુરતા હૃદયવાળો કુમાર જ્યાં આગળ ચાલે છે, ત્યાં બગીચામાં ઉંચી ધ્વજા જેના ઉપર લહેરાય છે, તેવો ઊંચો ઉજ્જ્વલ મહેલ દેખ્યો. તેમાં આરૂઢ થતાં થતાં સાતમા માળ પર ગયો, ત્યાં લાવણ્યનો સમુદ્ર હોય તેવી, કમલપત્ર સરખા નેત્રવાળી એક કન્યાને દેખી. દિવસના તારા સરખા તેના દાંત અને નખ તેમ જ અમાવાસ્યા (પૂર્ણીમા) ના ચન્દ્રથી તેનું મુખ બનાવેલું હોય તેમ હું માનું છું, જે કારણથી તેના વગર પણ તે સર્વ દેખાય છે.

કન્યાએ કુમારને પણ દેખ્યો, ઉભી થઇ, આસન આપ્યું, પછી પૂછ્યું કે, 'હે સુંદરી ! તું કોણ છે ? અને અહિં કેમ રહેલી છે ! ભય અને રૂંધાતા સ્વરથી તે કહેવા લાગી કે, 'હે મહાનુભાવ ! મારો વૃત્તાન્ત તો ઘણો લાંબો છે. પ્રથમ તમે કહો કે, 'આપ કોણ છો ? પંચાલ દેશના સ્વામી બ્રહ્મરાજાનો બ્રહ્મદત્ત નામનો હું પુત્ર છું. હે સુંદરાંગી ! એવું કાર્ય આવી પડવાથી હું અરણ્યમાં આવેલો છું.' તેનો પ્રત્યુત્તર સાંભળતા જ નેત્રપુટ જેનાં હર્ષાશ્રુથી પૂરાએલાં છે, સર્વાંગે રોમાંચિત બની વદન-કમલ નમણું કરીને એકદમ રુદન કરવા લાગી. કારુણ્યના સમુદ્ર સરખા કુમારે તેનું (૨૦૦) વદન-કમળ ઉંચું કરીને દેખ્યું અને કહ્યું કે, હે સુંદરી ! કરુણ સ્વરથી તું રુદન ન કર. આ રુદન કરવાનું જે કંઈ પણ યથાર્થ કારણ હોય, તે કહે.' નેત્રાશ્રુ લુછી નાખીને તે કહેવા લાગી કે, 'હે કુમાર ! તમારી માતા ચુલણી રાણીના ભાઇ પુષ્પચૂલ રાજાની હું પુત્રી છું, તમને જ હું અપાએલી છું. વિવાહ-દિવસની રાહ જોતી કેટલાક દિવસો પસાર થયા. ઘરના બગીચામાં વાવડીના કિનારે વિવિધ પ્રકારની ક્રીડા કરતી હતી, ત્યારે કોઇ અધમ વિદ્યાધરે મને અહિં આણી. સગા-સંબંધી અને બંધુના વિરહાગ્નિથી બળતા હૃદયવાળી હું જેટલામાં રહેતી હતી, તેટલામાં અણધાર્યા જેમ સુવર્ણ-વૃષ્ટિ થાય, તેમ ઓચિંતા મારા પુણ્યોદય-યોગે ક્યાંયથી પણ તમારું આગમન થયું અને જીવિતની આશા પ્રાપ્ત થઇ. ફરી કુમારે પૂછ્યું છે, તે મારો શત્રુ ક્યાં છે ? જેથી તેના બળની પરીક્ષા કરૂં. ત્યારપછી તે કન્યાએ કહ્યું કે-તે વિદ્યાધરે મને ભણવા માત્રથી સિદ્ધ થાય તેવી શંકરી નામની વિદ્યા આપેલી છે. તારા પરિવારમાં, કે સખીઓનાં કાર્ય કરશે અને શત્રુઓથી રક્ષણ કરશે, મારો વૃત્તાન્ત પણ તે કહેશે. હંમેશા તમારે તેનું સ્મરણ કરવું. તે વિદ્યાધરનું નામ નાટ્યોન્મત્ત ભુવનમાં પ્રસિદ્ધ થએલું છે. મારું પુણ્ય કંઇક વિશેષ હોવાથી મારું તેજ ન સહી શકવાથી વિદ્યાસિદ્ધિ માટે મને અહિં મૂકીને બહેનોને આ હકીકત જણાવવા માટે, તેમ જ વિદ્યા સાધવા માટે વાસંના ઝુંડમાં અત્યારે તેણે પ્રવેશ કર્યો છે. આજે તેની વિદ્યા સિદ્ધ થશે, એટલે તે મારી સાથે લગ્ન કરશે.'

ત્યારે કુમારે કહ્યું કે, 'તેને તો મેં આજે હણી નાખ્યો છે.' હર્ષથી ઉંચો શ્વાસ લેતી તે બોલવા લાગી કે, 'બહુ સારું બહુ સારૂં કર્યું; કારણ કે, તેવા દુષ્ટ ચેષ્ટાવાળાઓનું મરણ સુંદર ગણાય છે.' સ્નેહની સરિતા સરખી તે કન્યા સાથે ગાંધર્વ-વિવાહથી લગ્ન કર્યા. તેની

સાથે કેટલોક સમય પસાર કર્યો, એટલામાં શ્રવણને અતિમધુર અમૃત સમાન લાગે તેવો સુંદર ઉલ્લાસ પમાડતો, દિવ્યમહિલાઓનો શબ્દ સંભળાયો, એટલે તેને કુમારે પૂછ્યું કે, 'આ શબ્દ શાનો સંભળાય છે ?'

'હે આર્યપુત્ર ! તમારા શત્રુ નાટ્યોન્મત્ત વિદ્યાધરની ખંડ અને વિશાખા નામની આ બે બહેનો અત્યંત રૂપશાલિની છે. ભાઇના વિવાહ-નિમિત્તે લગ્નની સામગ્રી લઇને અહિં આવે છે; તો હાલ તમો આ સ્થાનેથી ક્યાંય ચાલ્યા જાવ તમારા વિષયમાં તેમનો અનુરાગ કેવો છે ? તે જાણીને હું આ મહેલ ઉપરની ધ્વજા ચલાવીશ. જો અનુરાગ હશે, તો લાલ અને નહિં હશે, તો સફેદ ધ્વજા લહેરાવીશ.' આ પ્રમાણે સંકેત આપીને થોડા સમય પછી સફેદ ધ્વજા ફરકાવી ! તે દેખીને તે પ્રદેશમાંથી નીકળીને એક પર્વતના ગહનમાં પહોંચ્યો, એટલે ત્યાં આકાશ જેવડું મોટું સરોવર દેખ્યું. ઈચ્છા પ્રમાણે તેમાં સ્નાન કર્યું. માર્ગનો થાક અને સર્વ સંતાપ દૂર કર્યો. વિકસિત કમલખંડની અતિસુગંધ ગ્રહણ કરી. સરોવરના કિનારાથી નીચે ઉતરીને સરોવરના વાયવ્ય ભાગમાં નવયૌવનવતી ઉન્નત સ્તનવાળી એક કન્યા દેખી. તે જ સમયે કામદેવે કટાક્ષના ધનુષ-બાણ ફેંકીને તેને શલ્યથી જર્જરિત શરીરવાળો કરી નાખ્યો. હજુ તેના તરફ માત્ર નજર કરે છે, ઉજ્જ્વલ સ્નેહ સમાન ઉજ્જ્વલ નેત્રોથી તેને જોતી જોતી અને કુમાર વડે આમ કહેવાતી તે પ્રદેશમાંથી ચાલવા લાગી.

"તન્દ્રાથી અલ્પ બીડાએલ સ્નેહજળથી ભીની થએલી વારંવાર બીડાઈ જતી, ક્ષણવાર સન્મુખ થતી લજ્જાથી ચપળ નિમેષ ન કરતી, હૃદયમાં સ્થાપન કરેલ ગુપ્ત સ્નેહભાવ અને અભિપ્રાયને નિવેદન કરતી હોય, તેવા નેત્રના કટાક્ષો કરનારી આ વ્યક્તિ કોણ ભાગ્યશાળી હશે ? કે જેને તેં દેખ્યા છે." (૨૨૬)

ત્યારપછી એક મુહૂર્ત પછી એક ચેટિકાને તેણે ત્યાં મોકલી. તેણે અતિકોમળ કિંમતી વસ્ત્ર, તંબોલ, પુષ્પો તેમ જ શરીરને જરૂર પડે તેવી યોગ્ય સામગ્રી મોકલી. તેણે વળી કહ્યું કે, 'સરોવરના કિનારા પાસે તમે જેને દેખી હતી, તેણે આ સંતોષ-દાન મોકલાવ્યું છે, તથા મારી સાથે કહેવરાવેલ છે કે - 'હે વનલતિકા ! આ ભાગ્યશાળી મારા પિતાના મંત્રીના ઘરે આવે, તે પ્રમાણે તારે આ કાર્ય ચોક્કસ કરવું, તો આપ ત્યાં પધારો, એમ કહીને કુમારને મંત્રીના ઘરે લઇ ગઇ, હસ્તકમળની અંજલી કરવા પૂર્વક વનલતિકાએ મંત્રીને કહ્યું કે, 'આપના સ્વામીની શ્રીકાંતા નામની પુત્રીએ આમને આપને ત્યાં મોકલેલા છે, તો અતિગૌરવથી તમારે તેમની સંભાળ કરવી. મંત્રીએ પણ તે પ્રમાણે સર્વ સારસંભાળ કરી. બીજા દિવસે સરોવરના બંધુ સમાન સૂર્યોદય થયો, ત્યારે વજ્રયુદ્ધ રાજાની પાસે તેને લઇ ગયા. દેખીને રાજાએ ઉભા થઇ આદર કર્યો, તેને નજીકમાં મુખ્ય આસન આપ્યું. વૃત્તાન્ત પૂછ્યો. કુમારે

પણ યથોચિત વૃત્તાન્ત જણાવ્યો. ભોજન કર્યા પછી કુમારને કહ્યું કે, 'અમો તમારૂં વિશિષ્ટ પ્રકારનું સ્વાગત કરવા સમર્થ નથી, તો અત્યારે તમો આ મારી શ્રીકાન્તા પુત્રી સાથે પાણિગ્રહણ કરવાનું સ્વીકારો.' શુભ દિવસે વિવાહ પ્રવર્ત્યો. કોઈક દિવસે એકાકિની શ્રીકાન્તા હતી; ત્યારે પૂછ્યું કે, વગર ઓળખાણે પિતાએ મારી સાથે તારા કેમ લગ્ન કર્યાં ? શ્વેત દાંતની પ્રભાના કિરણથી ઉજ્જ્વલ બનેલા હોઠવાળી તે કહેવા લાગી કે, 'આ મારા પિતાજી ઘણા સૈન્યવાળા શત્રુથી હેરાન કરાતા હતા, ત્યારે આ અતિવિષમ પલ્લીનો આશ્રય કર્યો. તથા દરરોજ નગર-ગામને લૂંટીને આ કિલ્લામાં પ્રવેશ કરતા હતા. શ્રીમતી નામની પત્નીને ચાર ચાર પુત્રો થયા પછી તેના ઉપર હું થઇ. પિતાજીને હું પોતાના જીવન કરતાં અધિક પ્રિય હતી. જ્યારે હું યૌવનવય પામી, ત્યારે સર્વ નાના રાજાઓને કહ્યું કે, 'દૂર રહેલા બીજા રાજાઓ મારી વિરુદ્ધ વર્તે છે, તો અહિં જ કોઈ મારી પુત્રીના મનને હરણ કરનાર ભર્તાર હોય, તો મને જણાવવો, જેથી કરીને તે માટે યોગ્ય કરીશ."

કોઈ એક બીજા દિવસે ઘણા કુતૂહલથી પ્રેરાએલી હું આ પલ્લી છોડીને ત્યાં આવી કે, જે સરોવરમાં તમે સ્નાન કર્યું. લક્ષણવાળા સૌભાગ્યશાળી માનિનીના મદનને ઉત્પન્ન કરનારા તમોને દેખ્યા. તમે જે પ્રશ્ન પૂછ્યો, તેનો આ પરમાર્થ સમજવો. શ્રીકાન્તા સાથે તે નિર્ભર વિષય-સુખ અનુભવતો સમય પસાર કરતો હતો, કોઇક દિવસે તે પલ્લીપતિ પોતાના સૈન્ય પરિવાર-સહિત નજીકના દેશોને લૂંટવાના મનથી પલ્લીમાંથી બહાર નીકળ્યો, ત્યારે કુમાર પણ તેની સાથે ચાલી નીકળ્યો. ગામ બહાર ધાડ પડી, ત્યારે ઓચિંતા કમલ-સરોવરના કિનારા પર રહેલા વરધનુને જોયો, તેણે પણ કુમારને દેખ્યો. ત્યારપછી તે બંનેને શું થયું ? પ્રથમ મેઘધારા એકસામટી મારવાડ-પ્રદેશમાં સિંચાય, અથવા પૂર્ણિમાનાં ચંદ્ર-કિરણો પ્રાપ્ત કરીને ગ્રીષ્મના કુમુદ જેમ વિકસિત થાય, તેની જેમ કંઇક ન કહી શકાય તેવા વિરહદાહની શાંતિને પામીને બંને રુદન કરવા લાગ્યા. વરધનુને કુમારને કોઈ પ્રકારે શાન્ત કરી સુખેથી બેસાર્યો. (૨૫૦)

વરધનુએ કુમારને પૂછ્યું કે, 'હે સુભગ ! આપણા વિયોગ પછી તેં શો અનુભવ કર્યો ?' કુમારે પોતાનું સર્વ ચરિત્ર જણાવ્યું. વરધનુએ પણ કહ્યું કે, 'હે કુમાર ! મારો બનેલ વૃત્તાન્ત પણ સાંભળો. તે સમયે વડલાના વૃક્ષ નીચે તમને સ્થાપન કરીને જેટલામાં હું જળ શોધવા માટે ગયો, ત્યાં એક સરોવર જોયું. નલિનીપુટમાં પાણી ગ્રહણ કરીને જેવો તમારી પાસે આવતો હતો, તેટલામાં દીર્ઘરાજાના સૈનિકોએ મને દેખ્યો. કવચ પહેરેલા એવા તેમણે મને ખૂબ માર માર્યો વળી મને પૂછ્યું કે, 'અરે વરધનુ ! બ્રહ્મદત્ત ક્યાં છે ? તે કહે.' મેં કહ્યું કે, 'મને કશી ખબર નથી.' ત્યારપછી મને અતિશય ચાબુકના માર માર્યા, બહુ જ માર્યો, ત્યારે કહ્યું કે, તેને વાઘે ફાડી ખાધો.

ત્યાંથી કપટથી ભમતો ભમતો તને દૂરથી દેખ્યો અને સંકેત કર્યો કે, 'તું અહીંથી જલ્દી પલાયન થઇ જા.' એક પરિવ્રાજકે મને આપેલી ગુટિકાથી મારી ચેતના ઉડી ગઇ અને જાણે મૃત્યુ પામ્યો હોઉં તેવો ચેતના-વગરનો થઇ ગયો; એટલે પેલા સૈનિકો સમજ્યા કે, 'આ મરી ગયો છે,' એમ જાણીને મને છોડી દીધો. તે ગયા પછી ગુટિકા મુખમાંથી બહાર કાઢી. ત્યારપછી તને ખોળવા લાગ્યો. માત્ર કોઈ વખત સ્વપ્નમાં દેખતો હતો. એક ગામમાં ગયો, ત્યાં એક પરિવ્રાજકને મેં જોયો. પ્રેમસહિત પ્રણામ કરીને કોમળ વચનથી મને કહ્યું કે, તારા પિતાનો વસુભાગ નામનો હું મિત્ર હતો. વળી કહ્યું કે, 'તારા પિતા પલાયન થતા થતા વનમાં ગયા અને મૃત્યુ પામ્યા. તારી માતાને દીર્ઘરાજાએ ચાંડાલોના પાડામાં સ્થાપી છે.' તે દુઃખથી ગાંડો બની હું કાંપિલ્યનગર તરફ ચાલ્યો. કાપાલિકનો વેષ ધારણ કરી કપટથી કોઇ ન જાણે તેવી રીતે ચંડાળના પાડામાંથી માતાનું હરણ કરી દેવશર્મા નામના પિતાના મિત્ર બ્રાહ્મણના ઘરે મૂકી. તને ખોળતાં ખોળતાં અહિં આવ્યો અને રહેલો છું. બંને સુખ-દુઃખની વાતો કરી રહેલા હતા, તેટલામાં એક મનુષ્યે આવી આ પ્રમાણે કહ્યું કે, 'હે મહાનુભાવો ! હાલ તમારે બિલકુલ મુસાફરી ન કરવી; કારણ કે, દીર્ઘરાજાએ મોકલેલા જમ સરખા પુરુષો આવી પહોંચ્યા છે.' તેઓ બંને મિત્રો ગહન વનમાંથી કોઇ પ્રકારે નીકળીને પૃથ્વી-મંડલમાં ભ્રમણ કરતા કૌશાંબી પુરીમાં પહોંચ્યા છે.

ત્યાં ઉદ્યાનમાં સાગરદત્ત શેઠ તથા બુદ્ધિલને લાખની શરતવાળું કૂકડાનું યુદ્ધ કરાવતા જોતા હતા. તે કૂકડાઓ યુદ્ધ કરતા હતા. તેમાં સાગરદત્તનો કૂકડો અતિસુજાત હોવા છતાં પણ તેને બુદ્ધિલના કૂકડાએ હરાવ્યો. બીજાનો કૂકડો અશક્ત હોવા છતાં કેમ જીત્યો ? ત્યારે વરધનુએ કહ્યું કે 'અરે સાગરદત્ત ! જો તું કહેતો હોય, તો બુદ્ધિલના કૂકડાની તપાસ કરું કે, તેમાં કેટલું વિજ્ઞાન છે ? તેની સમ્મતિથી બુદ્ધિલના કૂકડાને હાથમાં લઇને જ્યાં દેખે છે, તો તેના નખમાં લોઢાની સોયો બાંધેલી દેખી. ત્યારે બુદ્ધિલે જાણ્યું કે, 'મારું કૌભાંડ પ્રગટ થશે.' ધીમે ધીમે તેની નજીક જ તેણે કહ્યું કે, 'આ હકીકત પ્રગટ ન કરીશ, તો મારા લાભમાંથી અર્ધો લાભ તને આપીશ. લાખની શરતમાંથી પચાસ હજાર આપીશ.' વરધનુએ કહ્યું કે, 'આમાં કંઈ વિજ્ઞાન નથી. બુદ્ધિલને ખબર ન પડે તેમ કુમારને સોય બાંધ્યાની હકીકત જણાવી. કૂમારે પણ સોયો ખેંચી કાઢી પછી આકાશમાર્ગે ઉડીને બંને કૂકડા ફરી લડવા લાગ્યા, તો પેલો કૂકડો હારી ગયો. બુદ્ધિલના લાખ પણ હારમાં ગયા. ત્યારે બંને સરખા થયા, એટલે સાગરદત્ત ખુશ થયો. ત્યા પછી તે બંનેને સુંદર રથમાં બેસારીને પોતાને ઘરે લઇ ગયો. ઉચિત સરભરા કરી. એમ કેટલાક દિવસો પસાર કર્યા. ત્યાં વરધનુ પાસે આવીને બુદ્ધિલના એક સેવકે એકાંતમાં કહ્યું કે - 'જે સોયની હકીકત વિષયમાં શરતમાં બુદ્ધિલે જે વાત સ્વીકારી હતી, તેના અર્ધા લાખ દીનાર મોકલ્યા છે, પચાસ હજારની

કિંમતનો આ હાર મોકલ્યો છે. એમ કહી અર્પણ કરી ચાલ્યો ગયો. કરંડકમાંથી હાર બહાર કાઢ્યો. શરદચંદ્રનાં કિરણોના સમૂહ સરખો ઉજ્જ્વલ કરેલ દિશા સમૂહવાળો આમલા જેવડાં મોટાં અનુપમ નિર્મલ મુક્તાફળોનો તે હાર કુમારને બતાવ્યો. બારીકીથી દેખતાં કુમારે હારના એક પ્રદેશમાં પોતાના નામનો લેખ રહેલો હતો, તે દેખ્યો. વરધનુને પૂછ્યું કે, 'હે મિત્ર ! આ લેખ કોણે લખી મોકલ્યો હશે ?' તેણે કહ્યું કે, 'હે કુમાર ! આ વૃત્તાન્તનો પરમાર્થ કોણ જાણી શકે ? આ પૃથ્વીમંડલમાં તમારા નામ સરખા અનેક માણસો હોય છે. એ પ્રમાણે વાત તોડી નંખાએલ કુમાર એકદમ મૌન બની ગયો.

વરધનુએ તે લેખ ખોલ્યો અને તેમાં લખેલી ગાથા વાંચી 'અતિતીવ્ર કામદેવના ઉન્માદ કરાવનાર એવા રૂપવાળી હું જો કે સંયોગમાં આવનાર લોકવડે પ્રાર્થના પામું છું, તો પણ આ રત્નવતી આપના તરફ ઘણીજ દૃઢપણે માણવાવાળી છે.' વરધનુ આ લેખ વાંચી ચિંતાવાળો થયો કે, 'આ લેખનો પરમાર્થ કેવી રીતે ઉકેલવો ?' બીજા દિવસે એક પરિવ્રાજિકા આવી. (૮૪) (ગ્રં. ૨૦૦૦).

કુમારના મસ્તક ઉપર અક્ષતો વધાવીને કહેવા લાગી કે - 'હે કુમાર ! હજાર વર્ષનું આયુષ્ય ભોગવનાર થા.' ત્યારપછી એકાંતમાં વરધનુને લઇ જઇને કંઈક ગુપ્ત મંત્રણા કરી જલ્દી ચાલી ગઈ. ત્યારપછી કુમારે વરધનુને પૂછ્યું કે, 'પેલી શું કહી ગઈ ?' કંઈક હાસ્ય કરતા વદનવાળો વરધનુ કહેવા લાગ્યો કે, 'પરિવ્રાજિકા પેલા લેખનો પ્રત્યુત્તર માગે છે.' મેં પૂછ્યું કે, 'આ લેખ બ્રહ્મદત્તના નામનો જણાય છે, તો કહે કે, આ બ્રહ્મદત્ત કોણ છે ?' ત્યારે તેણે મને કહ્યું કે, 'હે સૌમ્ય ! સાંભળ. આ વાત તારે કોઇને ન કહેવી. આ જ નગરમાં રત્નવતી નામની એક શેઠ પુત્રી છે, જે બાલ્યકાળથી મારા પર અતિશય સ્નેહ-વિશ્વાસ રાખનારી છે. તે ત્રણે જગતમાં જય મેળવનાર કામદેવ-ભિલ્લની પોતાના હસ્તની ભલ્લી સરખી યૌવનવય પામી છે. એક દિવસે ડાબી હથેળીમાં મુખકમળ સ્થાપન કરીને ઉદ્વેગ મનવાળી કંઇક ચિંતા કરતી મેં દેખી. એકાંતમાં જઇને મેં સમજાવી કે - 'હે પુત્રી ! તું આજે ચિંતાસાગરની લહરીમાં તણાતી હોય તેવી કેમ દેખાય છે ?' તેણે મને કહ્યું, 'હે ભગવતી માતા ! એવી કોઇ ગુપ્ત હકીકત નથી કે, જે તમારી આગળ ન કહેવાય, માટે એકાગ્ર ચિત્તથી સાંભળ.'

"જે વખતે કૂકડાનું યુદ્ધ ચાલતું હતું અને મોટા ભાઇ બુદ્ધિલની સાથે હું ત્યાં ગઈ હતી, ત્યારે કોઇ કુમાર ત્યાં હતો. ત્યારે મને એમ થયું કે, 'કામદેવ જાતે જ અહિં આવ્યા છે કે શું ?' આ દાસીએ જાણ્યું કે, 'આ તો પંચાલ દેશના રાજાનો બ્રહ્મદત્ત નામનો પુત્ર છે.' ત્યારથી માંડી મારું હૃદય સુઇ જાઉં તો પણ તેને ભૂલી શકતું નથી. જો મને આ પતિ ન મળે

તો મારે મરણનું શરણ છે." ફરી મેં એને ધીરજ આપતાં કહ્યું કે - 'હે વત્સે ! ઉતાવળી ન થા, હું તેવો ઉદ્યમ કરીશ, જેથી તારો ચિંતવેલો મનોરથ પૂર્ણ થશે.' આમ કહ્યું એટલે સ્વસ્થ શરીરવાળી થઇ. તેના હૃદયને આશ્વાસન આપવા માટે મેં તેને કહ્યું કે, 'ગઇકાલે મેં નગરીમાં તે કુમારને જોયો હતો.' આ સાંભળીને હર્ષપૂર્ણ હૃદયવાળી એમ બોલવા લાગી કે, 'હે ભગવતી ! તમારા પ્રભાવથી સર્વ સુંદર કાર્ય થશે.' પછી મેં તેને કહ્યું કે, 'તેના વિશ્વાસ માટે બુદ્ધિલના બાનાથી હારરત્ન અને તેની સાથે બાંધેલ એક લેખપત્ર મોકલી આપ.' (૩૦૦)

આ પ્રમાણે દાભડાની અંદર લેખ સહિત હાર ગ્રહણ કરાવીને એક પુરુષના હાથમાં આપીને તેના વચનથી તે મેં જ મોકલેલ હતો. આ લેખનો વૃત્તાન્ત તેણે કહ્યો. હવે તેનો પ્રત્યુત્તર અત્યારે લખી આપો. વરધનુએ કહ્યું કે, 'મેં પણ તારા નામનો પ્રત્યુત્તર લખી આપ્યો છે.'

તે આ પ્રમાણે :- 'શ્રી બ્રહ્મરાજાનો પુત્ર વરધનુ મિત્ર સાથે ઉપાર્જન કરેલ પ્રભાવવાળો બ્રહ્મદત્તકુમાર પૂર્ણચંદ્ર જેમ કૌમુદીને, તેમ રત્નવતી સાથે રમણ કરવાની અભિલાષા કરે છે.' વરધનુએ કહેલ આ વૃતાન્ત સાંભળીને કુમાર રત્નવતીને દેખેલી ન હોવા છતાં પણ તેના તરફ સ્નેહાભિલાષવાળો થયો. વળી બોલ્યો કે - "જેને શૂરવીર વિનીત અને વિચક્ષણ મિત્ર ન હોય, તેને રાજ્યલક્ષ્મી મળી હોય કે સુંદરાંગી પત્ની મળી હોય, તે કશા બિસાતમાં ગણાતી નથી."

કોઇક દિવસે નગર બહારના દેશમાંથી આવીને કોઇકે વરધનુ અને કુમારને કહ્યું કે, 'અત્યારે તમારે અહિં રહેવું તે ઉચિત નથી. કારણ કે, કોશલાધિપતિ દીર્ઘ રાજાએ તમારી તપાસ કરવા માટે અહિં પુરુષો મોકલ્યા છે. આ નગરના સ્વામીએ પણ તે માટે પ્રયત્ન કર્યો છે. તમારી શોધ દરેક સ્થાને થતી સંભળાય છે - એમ લોકવાદ પણ સંભળાય છે. સાગરદત્તે આ વૃત્તાન્ત જાણીને તેમને પોતાના ભૂમિગૃહમાં રાખી છૂપાવ્યા. કાજળ અને કોયલના કુલ સરખા શ્યામવર્ણવાળા અંધકારથી સર્વ દિશાઓ વ્યાપી ગઈ, ત્યારે કુમારે શેઠપુત્રને કહ્યું, 'તેવા પ્રકારનો કોઇક ઉપાય કર, જેથી જલ્દી અમો અહિંથી પલાયન થઇ

શકીએ. તે સાંભળીને સાગરદત્ત શેઠપુત્ર અને વરધનુ સહિત કુમાર નગરીની બહાર થોડેક દૂર ગયા એટલે સાગરદત્તને ત્યાં રોકીને તે બંને જવાની તૈયારી કરે છે; એટલામાં તે નગરીની બહાર યક્ષાલયની નજીક ગીચ વૃક્ષોની ઝાડીની અંદર રહેલી તરુણ મહિલા કે જે વિવિધ પ્રકારના હથિયાર ભરેલા રથમાં બેઠેલી હતી અને નજીક આવી પહોંચી હતી, તે ઉભી થઇને કહેવા લાગી કે, 'તમે આટલા મોડા અહિં કેમ આવ્યા ?' આ પ્રમાણે તેણે

કહ્યું, એટલે તેઓએ પૂછ્યું કે, 'અમે કોણ છીએ ?' તે પણ કહેવા લાગી કે - 'બ્રહ્મદત્ત રાજા અને વરધનુ નામના મિત્ર છો.' 'તેં આ કેવી રીતે જાણ્યું ?' તે કહે, ત્યારે તેણે પ્રત્યુત્તર આપ્યો કે, આ નગરમાં ધનપ્રવર નામના શેઠને ધનસંચય નામની ભાર્યા છે. તેની કુક્ષીએ આઠ પુત્ર ઉપર પુત્રી તરીકે જન્મેલી છું. યૌવનવય પામી કોઇ વર મને રુચતો ન હતો, એટલે વર માટે યક્ષની આરાધના શરુ કરી. મારી ભક્તિથી પ્રત્યક્ષ થએલા તેણે મને કહ્યું કે, 'હે વત્સે ! બ્રહ્મદત્ત નામનો છેલ્લો ચક્રવર્તી તારો પતિ થશે.'

'હે પ્રભુ ! મારે તેને કેવી રીતે ઓળખવા ?' કૂકડાના યુદ્ધ સમયે બુદ્ધિલ અને સાગરદત્તની પાસે જે દેખ્યો હતો, તે તરફ તારું માનસ આકર્ષાશે. તે બ્રહ્મદત્ત નામનો, તથા કૂકડાના યુદ્ધકાલ પછી જ્યાં રહેલા છે, તેમ જ આજ રાત્રિએ અહિં આવશે,' તે પણ કહેલું હતું. 'હે પ્રભુ ! હારાદિક મોકલ્યા હતા, તે પણ મેં જ મોકલ્યા હતા.' એ વૃત્તાંત સાંભળીને મારા રક્ષણ કરવામાં આદરવાળી છે. નહિંતર હથિયાર સહિત રથ મારી પાસે કેમ હાજર કરે ? એ પ્રમાણે ઘણો વિચાર કરીને રાજાએ તેની સાથે વિવાહ કર્યો. તે પણ રથમાં બેસી પૂછવા લાગ્યો કે, 'કઈ દિશા તરફ જવું છે ?' એટલે તેણે કહ્યું કે, 'હે સ્વામી ! મગધાપુરમાં મારા પિતાના નાના બંધુ ધન નામના છે, તે નગરના નગરશેઠપદને પામેલા છે. આપણો વૃત્તાન્ત જાણીને તે તમારો અને મારો આદર-પૂર્વક સત્કાર કરશે કારણ કે, મારા ઉપર તેને ઘણું વાત્સલ્ય છે. (૩૨૫) હાલ તો તે તરફ પ્રયાણ કરો, ત્યારપછી આપને રુચે તેમ કરજો' ત્યારપછી કુમારે તે તરફ પ્રયાણ કર્યું. વરધનુએ સારથિપણું સ્વીકાર્યું.

અનુક્રમે જતાં જતાં કૌશાંબી દેશમાંથી નીકળીને, અનેક પહાડો ઓળંગીને જેમાં સૂર્યકિરણો પ્રવેશ કરી શકતાં નથી-એવા ગીચવૃક્ષોના ગહનવાળું પર્વતનું એક ગહન સ્થળ હતું, ત્યાં પહોંચ્યા. ત્યાં કંટક અને સુકંટક નામના ચોરસ્વામી વસતા હતા. શ્રેષ્ઠ રથ, આભૂષણોથી અલંકૃત શરીરવાળું સ્ત્રીરત્ન દેખીને વળી કુમાર અલ્પપરિવારવાળો હોવાથી બખ્તરપહેરીને સજ્જ થએલા ધનુષ-દોરી ખેંચીને નવીન મેઘધારસમાન બાણોનો વરસાદ વરસાવવા લાગ્યા. ધીરતાના મંદિર સરખા કુમારે પણ ક્ષોભ પામ્યા વગર સિંહ જેમ હરણિયાને તેમ તે જ ક્ષણે તે ચોરોને હાર આપી.

જેમનાં છત્ર અને ધ્વજાઓ નીચે પડી ગયાં છે, વિવિધ પ્રકારના હથિયારના ઘા વાગવાથી ઘૂમી રહેલા શરીરવાળા નિષ્ફળ કાર્યારંભ કરનારા તેઓ દરેક દિશામાં પલાયન થવા લાગ્યા, ત્યારપછી તે જ રથ ઉપર આરૂઢ થઇને જતા હતા, ત્યારે વરધનુએ કુમારને કહ્યું કે અત્યારે તું પુષ્કળ થાકી ગયો છે, તો એક મુહૂર્ત અહિં રથમાં નિદ્રાસુખનું અવલંબન

કર. અતિસ્નેહવાળી રત્નવતી સાથે કુમાર ઊંઘી ગયો. એટલામાં એક પર્વત પરથી વહેતી નદી પાસે રથના અશ્વો આવ્યા. થાકી જવાથી ઉભા રહ્યા. તે સમયે કોઈ પ્રકારે બગાસાં ખાતો કુમાર જાગ્યો. ચારે દિશામાં નજર કરતાં જ્યારે વરધનુ ન દેખાયો, ત્યારે વિચાર્યું કે, 'જલાદિક માટે બહાર ગયો હશે.' નવીન મેઘ સરખા ગંભીર શબ્દથી કુમાર તેને બોલાવવા લાગ્યો, જ્યારે પ્રત્યુત્તર ન મળ્યો ત્યારે કોઈ પ્રકારે રથના ધૂંસરા ઉપર નજર પડી તો અતિશય લોહીની ધારાથી ખરડાએલું જોવામાં આવ્યું. એટલે ઉત્પન્ન થએલા સંભ્રમવાળો કુમાર વિકલ્પો કરવા લાગ્યો કે, 'નક્કી વરધનુને કોઇકે મારી નાખ્યો છે. રથની મધ્યમાં જેની સર્વાંગે ચેતના સજ્જડ રોકાઇ ગઈ છે, એવા તેને રત્નવતીએ શીતળ જળ અને પવનથી આશ્વાસિત કર્યો, આંખો ખુલીને હા હા ! વરધનુ એમ બોલીને રુદન કરવા લાગ્યો. કોઇ પ્રકારે રત્નવતીએ સમજાવીને રુદન બંધ કરાવ્યું. પછી તેણે કહ્યું કે, 'હે સુંદરી ! સ્પષ્ટ વાત સમજી શકાતી નથી કે, 'વરધનુ જીવે છે કે મૃત્યુ પામ્યો છે.' માટે તેનો વૃત્તાન્ત જાણ્યા પછી ગમન કરવું યોગ્ય છે. અત્યારે મારે તેની આટલા પ્રદેશમાં નક્કી તપાસ કરવી જોઇએ, એટલે તે કહેવા લાગી કે, 'આ ઘણા શ્વાપદ-જાનવરોવાળી અટવી છે, તેમાં આપણે સર્વનો ત્યાગ કરીને હે નાથ ! આવ્યા છીએ. માંસપેશી સમાન આપણે અટવીમાં રહેવું જોખમ ભરેલું છે. આપણે રહેવાનું સ્થાન હવે નજીક છે. આ માર્ગ ઘણા લોકોની અવર-જવરથી ઘાસ, કાંટા વગેરેના ઉપર ચાલવાથી ખૂંદાએલો માર્ગ છે, તે તરફ જવું યોગ્ય છે.'

ત્યારપછી મગધ સન્મુખ જવા લાગ્યો. દેશના સીમાડે રહેલા એક ગામમાં એક સભાસ્થાનમાં રહેલા ગામસ્વામીએ પ્રસન્ન રૂપવાળા કુમારને દેખીને હૃદયમાં વિચાર્યું કે, 'આ કોઈ પુણ્યશાળી પુરુષ દૈવયોગે એકાકી થયો છે. ઘણા બહુમાનથી તેને ઘેર લાવ્યા, સુખાસન પર બેસાડી પૂછ્યું કે, 'હે મહાભાગ્યશાળી ! તમે ઉદ્વેગ ચિત્તવાળા કેમ દેખાવ છો? અશ્રુ લૂંછીને તે કહેવા લાગ્યો કે, 'મારો નાનોભાઈ ચોરો સાથે લડતો હતો, ત્યાં મારે તપાસ કરવા જવાનું છે કે, તે કેવી અવસ્થા પામ્યો હશે ! ત્યારપછી ગામસ્વામીએ કહ્યું કે, "આ ભુવનમાં મોટાઓને આપત્તિ આવે છે, પણ નાનાને નથી આવતી, સૂર્ય અને ચંદ્રને રાહુ ગ્રસે છે, પણ નાના તારાને કંઈ આપત્તિ આવતી નથી." (૩૫૦)

"જ્યાં સુપુરુષ હોય, ત્યાં દુર્જનો હોય છે, જ્યાં નદી હોય, ત્યાં કોતરો હોય છે; જ્યાં ડુંગર હોય છે, ત્યાં કંદરાઓ (ગુફાઓ) હોય છે, તો હે સુજન ! તું ખેદ કેમ પામે છે ?"

'હે સત્પુરુષ ! આ વિષયમાં તમારે ખેદ ન કરવો, જો આ વનગહનમાં હશે, તો નક્કી તે મળશે જ, કારણ કે આ અટવી મારે આધીન છે. ત્યારપછી પોતાના બે સેવકોએ ત્યાં

તપાસ કરવા મોકલ્યા. પાછા આવેલા તેઓએ કહ્યું કે, 'અમે દરેક સ્થળે તપાસ કરી, પરંતુ ક્યાંય કોઈ દેખાયો નહિં. માત્ર કોઈક સૈનિકે કોઇક સુભટને શરીરમાં યમજિહ્વા સરખું બાણ માર્યું હશે, તે જમીન પર રગદોળાતું હતું, તે મળ્યું છે. તેમનું વચન સાંભળીને ઉત્પન્ન થએલા તીવ્ર ખેદવાળો તે લાંબા સમય સુધી શોક કરવા લાગ્યો. મહામુશીબતે બાકીનો દિવસ પૂર્ણ કર્યો અને રાત્રિ આવી પહોંચી. રત્નવતી સાથે સુઇ ગયો. એક પહોર રાત્રિ બાકી રહી, એટલે ત્યાં ચોરોએ ધાડ પાડી. કુમારે તરત અતિશય ધનુષ ખેંચીને બાણો તેમના ઉપર વરસાવ્યા, એટલે જેમ પ્રચંડ પવનથી ધૂમાડો અને આકાશમાં મેઘ વીખરાઇ જાય, તેમ ચોરો ભાગી ગયા. ગામસ્વામીએ અને ગામ લોકોએ પ્રેમપૂર્વક અતિશય અભિનંદન આપ્યું. તમારા સરખો જયલક્ષ્મીના મંદિર સરખો બીજો કયો પુરુષ હોઈ શકે? પ્રાતઃકાળ થયો, એટલે ગામસ્વામીને પૂછીને રાજગૃહ સન્મુખ પ્રયાણ કર્યું. તેના પુત્ર સાથે ગામ બહાર ગયો. એક મોટી ઘટાવાળા વૃક્ષ નીચે રત્નવતીને બેસાડીને નગરની અંદર પ્રવેશ કરતા એક સ્થળે ઘણા મજબૂત સ્તંભોથી નિર્માણ કરેલ વળી જેમાં ચિત્રકર્મ પણ નાશ પામ્યું નથી, તેવું અતિ ઉંચું અને મનોહર, ધ્વજશ્રેણીથી શોભાયમાન એવું એક ધવલગૃહ દેખ્યું. પોતાનાં રૂપથી દેવાંગનાઓના વિલાસને જિતનાર એવી બે અંગનાઓ દેખી. તેઓએ કુમારને દેખીને કહ્યું કે - 'સ્વભાવથી પરોપકાર કરનારા તમારા સરખાને ભક્તજન અને અનુરાગયુક્ત ચિત્તવાળાને છોડીને પરિભ્રમણ કરવું ઉચિત ગણાય ખરૂં કે ?' 'એવા મેં કોનો ત્યાગ કર્યો ? તે મને કહો.' અમારા ઉપર કૃપા કરીને આપ આસન ગ્રહણ કરો. આ પ્રમાણે વિનવાએલ કુમારે આસન ગ્રહણ કર્યું. ત્યારપછી આદર સહિત ભોજન-વિધિ કર્યો અને છેવટે પોતાનો વૃત્તાન્ત જણાવતાં કહ્યું કે, 'આ જ ભારતવર્ષમાં અનેક ઝરણા વહેવડાવતો વૈતાઢ્ય નામનો પર્વત છે. ત્યાં દક્ષિણ શ્રેણીના આભૂષણ સરખું શિવમંદિર નામનું નગર હતું. જ્વલનશિખ રાજા અને વિદ્યુત્શિખા નામની તેને પ્રિયા હતી. નાટ્યોન્મત્ત નામનો અમારો એક ભાઇ હતો અને અમે બે તેમની બહેનો હતી.'

કોઇક સમયે અમારા પિતાજી ચારણશ્રમણની દેશના સાંભળતા હતા. અગ્નિસિંહ નામના પિતાજીના મિત્રે અવસર જાણીને પ્રશ્ન કર્યો કે, 'આ બાલિકાઓનો પતિ કોણ થશે ? ત્યારે શ્રમણભગવંતે કહ્યું કે, 'તેમના ભાઇના વધ કરનારની તે બંને ભાર્યાઓ થશે.' તે સાંભળીને રાજાનું મુખ શ્યામ પડી ગયું. આ સમયે અમે પિતાજીને કહ્યું કે, હે પિતાજી ! જિનેશ્વર ભગવંતે આ સંસાર આવો જ કહેલો છે. અહિં વિષય-સેવનથી હવે સર્યું. કારણ કે, વિષયો ભોગવતી વખતે મીઠા લાગે છે, પણ તેના વિપાકો ઘણા કડવા ભોગવવા પડે છે. આ વાત પિતાજીએ યથાર્થ સ્વીકારી. અમારા ભાઈની વલ્લભાઓએ પોતાના દેહના સુખનો ત્યાગ કર્યો. ભાઇના ભોજનાદિકની સાર સંભાળ કરતી અમે બંને રહેલી હતી

ત્યારે કોઇક દિવસે ગામ-ખાણ, નગરોથી વ્યાપ્ત પૃથ્વીમાં ભ્રમણ કરતા અમારા ભાઇએ તમારા મામાની પુત્રી પુષ્પવતી નામની કન્યા હતી, તેનું હરણ કર્યું. તેને ઉઠાવી લાવ્યો, પરંતુ તેનું તેજ સહન ન કરવાથી તે વિદ્યા સાધવા વાંસના જુંડમાં ગયો. ત્યારપછીની હકીકત તમે જાણો જ છો. પુષ્પવતી તમારી પાસેથી પાછી આવી અમને શાંતિથી ધર્મ સમજાવવા પૂર્વક આ પ્રમાણે કહ્યું, 'જેણે રમત ખાતર ખડ્ગનો ઉપયોગ કરી તમારા ભાઇનો વધ કર્યો, તે પંચાલસ્વામીનો પુત્ર તમારા પતિ થશે.' "આવી પડતી આપત્તિઓમાં કોઈ વખત સ્નેહી હિતકારી પણ કારણ બની જાય છે. વાછરડાને માતાના પગની જંઘા પણ બાંધવામાં ખીલા તરીકે કામ લાગે છે." (૩૭૮)

બંધુવધના શોકમાં ડૂબી ગએલી અમે બંને બેનો આકાશ બેરું બની જાય, તેમ રુદન કરવા લાગી. એટલે પુષ્પવતીએ આશ્વાસન આપવા પૂર્વક સંસારની અનિત્યતા જણાવી પ્રતિબોધ પમાડી. તથા નાટ્યોન્મત્તના વદનની હકીકત જાણવાથી આનો પતિ બ્રહ્મપુત્ર થશે. વળી કહ્યું કે, 'આ વિષયમાં બીજો કોઇ વિકલ્પ ન કરવો. મુનિ-વચન યાદ કરો અને બ્રહ્મદત્ત પતિને માન્ય કરો.'

તેનું વચન સાંભળીને અનુરાગવાળી બનેલી અમો બંનેએ સ્વીકાર્યું, પરંતુ ઉતાવળમાં તે વખતે લાલધ્વજાને બદલે શ્વેતધ્વજા ફરકાવી. એટલે તે પ્રમાણે વિપરીત સંકેત થવાના કારણે તમે બીજે સ્થળે ચાલ્યા ગયા. ત્યારપછી તમોને પૃથ્વીમંડળમાં શોધતાં ક્યાંય પણ ન દેખ્યા. તમે ક્યાં હશો ? એમ અમે નિરાશ પામ્યા. આજે અણધાર્યો સુવર્ણનો મેઘ વરસવા સમાન ન ચિંતવેલ નિધાન સમાન એવું તમારૂં સુખનિધાન-સ્વરૂપ દર્શન થયું. તો પ્રાર્થના કરનારને કલ્પવૃક્ષ સમાન હે મહાભાગ્યશાળી ! પુષ્પવતીનો વૃત્તાન્ત યાદ કરીને અમારા મનોરથ પૂર્ણ કરો. મોહ અને ત્વરાધીન થએલા કુમાર ઉદ્યાનમાં લગ્ન કરીને રાત્રે તેમની સાથે સૂઈ ગયા. પ્રાતઃકાળે બંનેને કહ્યું કે, 'મને રાજ્યપ્રાપ્તિ થાય ત્યાં સુધી વિનયપૂર્વક પુષ્પવતી પાસે રહેવું.' 'એ પ્રમાણે અમો કરીશું' એમ કહીને તેઓ ગયા બાદ પ્રાસાદ દેખે છે, તો મહેલ વગેરે કંઇ દેખાતા નથી. કુમારે વિચાર્યું કે, 'નક્કી તે વિદ્યાધરીઓએ માયાજાળ કરી છે, નહિંતર આ ઇન્દ્રજાળ જેમ કેમ સર્વ બની જાય ? હવે રત્નવતી પત્નીનું સ્મરણ કરીને તેને ખોળવા માટે આશ્રમ સન્મુખ અવલોકન કરે છે, ત્યારે તે પણ ન હતી. કોને તેના સમાચાર પૂછવા એમ વિચારીને દિશાઓ તરફ અવલોકન કર્યું. કોઇ સર્વજ્ઞ નથી, તેની જ ચિંતા કરતો હતો, તેટલામાં એક ભદ્ર આકૃતિવાળો અને પાકી ઉંમરે પહોંચેલો પુરુષ આવી પહોંચ્યો. તેને પૂછ્યું કે, 'અરે ભાગ્યશાળી ! આવાં કપડાં પહેરેલી આજે કે કાલે આ નગરના સીમાડામાં કે આસપાસ ભટકતી કોઈક બાલા દેખી ?' વૃદ્ધે

પૂછ્યું કે, 'શું તું તેનો ભર્તાર થાય છે ? કુમારે કહ્યું કે, 'હા' વૃદ્ધે કહ્યું કે, પાછલા પહોરે રુદન કરી મેં દેખી હતી, ત્યારે પૂછ્યું કે, તું અહિં ક્યાંથી ? શોકનું શું કારણ બન્યું છે, વળી તારે ક્યાં જવું છે ? ત્યારે તે બાલાએ ગદ્ગદ સ્વરે કહ્યું. જ્યારે મેં ઓળખી ત્યારે મેં તેને કહ્યું કે, - 'તું મારી ભત્રીજી થાય છે.' નાનાપિતા-કાકાને આદરથી પોતાને વૃત્તાન્ત જણાવ્યો. હું મારે ઘરે લઈ ગયો, તને ઘણો ખોળ્યો, પણ તારો પત્તો ન લાગ્યો. અત્યારે મેળાપ થઇ ગયો, તે પણ સુંદર થયું. શેઠને ઘરે તેને લઇ ગયા અને વિસ્તારથી તેનો વિવાહ કર્યો.

રત્નવતીના સમાગમમાં અતૃપ્ત એવો કુમાર દિવસો પસાર કરતો હતો, એટલામાં વરધનુના મરણનો દિવસ આવી પહોંચ્યો. તે માટે ભોજન-સામગ્રી તૈયાર કરાવી. (૪૦૦)

બ્રાહ્મણાદિક ભોજન કરતા હતા, બ્રાહ્મણનો વેષ ધારણ કરી પોતાનો સાંવત્સરિક દિવસ જાણીને વરધનુ ત્યાં આવી પહોંચ્યો. કહેવા લાગ્યો કે, ભોજન કરાવનારને નિવેદન કરો કે, સમગ્ર બ્રાહ્મણોમાં મસ્તકના મુગુટસમાન ચાતુર્વેદી પંડિત દૂરદેશથી આવેલો છે, તે ભોજનની માગણી એટલા માટે કરે છે, કે - તેને આપેલું ભોજન તેમના પિતરાઇઓના ઉદરમાં હર્ષપૂર્વક પહોંચી જાય છે, આ વાત કુમારને કહી. ભોજન પીરસવાની વ્યવસ્થા કરનાર પુરુષો સાથે કુમાર બહાર નીકળ્યો, તો સાક્ષાત્ વરધનુને જોયો. કોઈ વખત પૂર્વે નહિં અનુભવેલ એવો આનંદ અનુભવતા તે હર્ષથી સર્વાંગનું આલિંગન કરીને કહેવા લાગ્યો કે -

"જો દૈવ પાધરું થયું હોય તો દૂર દૂરના બીજા દ્વીપમાંથી કે સમુદ્રના તળિયામાંથી અગર દિશાઓના છેડા-ભાગમાંથી એકદમ લાવીને મેળાપ કરાવી આપે છે." ભોજન અને બીજાં કાર્યો પૂર્ણ કરીને વરધનુને પૂછ્યું કે, 'હે મિત્ર ! આટલા કાળ સુધી ક્યાં રહીને તેં સમય પસાર કર્યો ?' ત્યારે મંત્રીપુત્રે કહ્યું કે, 'તે રાત્રે ઝાડીમાં તમે સુખેથી ઉંઘી ગયા હતા ત્યારે પાછળથી દોડી એક ચોર પુરુષે મને સખત બાણનો પ્રહાર કર્યો. શરીરમાં તેની વેદના એવી સખત થઈ કે, જેથી મૂર્च्छा ખાઇને જમીન પર ઢળી પડ્યો. મને કંઇક ભાન આવ્યું, ત્યારે તમારા માટે ઘણા વિઘ્નો દેખતો હું મારી અવસ્થાને છૂપાવતો તે જ ગાઢ વનમાં રોકાયો. રથ પસાર થઇ ગયા પછી અંધકારમાં પગે ચાલતો ચાલતો ધીમે ધીમે સરકતો સરકતો હું એક ગામમાં પહોંચ્યો. જેની નિશ્રાએ તમે રહેલા હતા, તે ગામના મુખીએ તમારો સર્વ વૃત્તાન્ત કહ્યો. વિવિધ પ્રકારની ઔષધિઓ લગાડીને મારો ઘા રૂઝાવી નાખ્યો. ત્યારપછી ઠેકાણે ઠેકાણે તમારી ગવેષણા કરતો કરતો અહિં આવ્યો અને ભોજનના બાનાથી તમોને મેં અહિં દેખ્યા.'

શાન્ત ચિત્તે તેઓ બંને એક-બીજાનો વિરહ સહન નહિં કરતા રહેતા હતા. ત્યારે કોઇક દિવસે પરસ્પર એકબીજાનો આવો સંલાપ થયો કે - પુરુષાર્થ વગર આપણે કેટલો કાળ પસાર કરવો ? માટે કંઈક અહિંથી નિર્ગમન પ્રયાણ કરવાનો સારો ઉપાય મેળવીએ. ત્યારે કામદેવને પ્રહાર કરવા યોગ્ય વસંતકાળ પ્રવર્તતો હતો, સમગ્ર લોકો ચંદનના પરિમલવાળા મલયના વાયરાનું સુખ અનુભવતા હતા, તે સમયે નગર લોકોની વિવિધ પ્રકારની વસંતક્રીડા પ્રવર્તતી હતી. કુબેરની નગરીના વિલાસ સરખી ધન-સમૃદ્ધિની છોળો ઉછળતી હતી. અતિમહાકુતૂહલ પામેલા કુમારો પણ નગરના ઉદ્યાનમાં ગયા. અતિશય મદ ઝરાવતા ગજેન્દ્રને દેખ્યો, મહાવતને ભૂમિ પર પટકી પાડીને નિરંકુશ બની નગરમાં પરિભ્રમણ કરતો હતો. કેળના બગીચા સમાન લોકોની વસંતક્રીડાને ડોળી નાખતો હતો. 'હાલો હાલો એવા પોકારો થઈ રહેલા હતા ત્યારે ભયભીત બનેલી કરુણ રુદન કરતી એક કુલબાલિકાને હાથીએ સૂંઢથી પકડી, ત્યારે કમલિની માફક હાથીએ પોતાની સ્થૂલ સૂંઢમાં પકડેલી, પોતાની કોમળ બાહુલતાને ધૂણાવતી બાલા કુમારના દેખવામાં આવી. જેના કેશપાશ વિખરાઇ ગયા છે, ભયભીત ચપળ નેત્રોથી સમગ્ર દિશા તરફ નજર ફેંકતી, પોતાનું રક્ષણ ન દેખતી અંત સમયે કરવા યોગ્ય દેવનું સ્મરણ કરતી; 'હે માતા ! હે બન્ધુ ! હાથી રાક્ષસે મને પકડેલી છે, તો તેનાથી જલ્દી મારું રક્ષણ કરો, તમે મારા માટે બીજું ચિંતવ્યું, જ્યારે દૈવ કંઇક બીજું જ આદર્યું.' ત્યારપછી ઉભરાઈ રહેલા કરુણારસથી પરવશ થએલો કુમાર એકદમ તેની સામે દોડીને ધૈર્યસહિત તે હાથીને પડકાર્યો, અરે દુષ્ટ ! અધમ કુજાત હાથી ! ગભરાએલી યુવતીનું મથન કરવા વડે કરીને હે નિર્દય ! આ તારી મોટી કાયાથી તને લજ્જા કેમ આવતી નથી ? (૪૨૫)

હે દયારહિત ! શરણ વગરની આ અતિદુર્લભ બાળાને મારવા દ્વારા તારું માતંગ (-ચંડાળ) નામ સાર્થક કરે છે. આક્રોશ-ઠપકાવાળા શબ્દો બોલવાના કારણે આકાશપોલાણ જેમાં ભરાઇ ગએલ છે એવા કુમારના હાકોટાને સાંભળીને હાથી તેના તરફ અવલોકન કરવા લાગ્યો. તે બાલિકાને છોડીને રોષથી લાલ નેત્રયુગલ થવાથી ભયંકર દેખાતો, વદનને કોપાયમાન કરતો હાથી કુમાર તરફ દોડ્યો.

પોતાના કર્ણયુગલ અફાળતો, ગંભીર હુંકાર શબ્દથી આકાશ-પોલાણને ભરી દેતો, લાંબે સુધી પ્રસારેલી સૂંઢવાળો તે કુમારની પાછળ પાછળ જવા લાગ્યો. કુમાર પણ તેની આગળ આગળ કંઇક કંઇક ખભા નમાવતો દોડતો હતો. વળી કુમાર હાથીની સૂંઢના છેડા ભાગ સુધી પોતાનો હાથ લંબાવીને પ્રત્યાશા આપતો હતો. હાથી પણ આગળ આગળ પગલાં માંડીને કુમારી આગળના માર્ગને ન પહોંચવાના કારણે કોપથી બહુ વેગ કરતો

અને 'હમણાં પકડી પાડું છું' એમ વિચારતો દોડવા લાગ્યો. કુમાર આગળ આગળ ચાલીને આમ-તેમ ઉલટી દિશામાં ભ્રમણ કરાવીને તેવા પ્રકારનો સીધો કર્યો કે, જાણે ચિત્રામણમાં ચિત્રેલ મહાકુંજર ન હોય તેમ સ્થિર કર્યો. તીક્ષ્ણ અંકુશ હાથમાં પ્રાપ્ત કરીને કુમાર હાથીની ગરદન ઉપર એવી રે આરૂઢ થયો કે, જેથી નીલકમળ સમાન નેત્રવાળી નગરનારીઓ તેના તરફ નજર કરવા લાગી. વળી કુમારે મધુર વચનોથી એવી રીતે સમજાવ્યો, જેથી કરીને તે હાથીનો રોષ ઓસરી ગયો અને તેને બાંધવાના સ્થાનમાં શાંતિથી બંધાય તેવા પ્રકારનો કર્યો. અહો ! આ કુમાર તો પરાક્રમનો ભંડાર છે. દુઃખીઓનું રક્ષણ કરવામાં પરોપકારી મનવાળો છે. એવો જયશબ્દ ઉછળ્યો. તે નગરના સ્વામી અરિદમન રાજા પણ તે સ્થળમાં આવ્યા અને આવા સ્વરૂપવાળો કુમારનો વૃત્તાન્ત જોયો. આશ્ચર્યચકિત બની પૂછ્યું કે, 'આ કયા રાજાના પુત્ર છે ?' તેના વૃત્તાન્ત જાણનાર પ્રધાને સર્વ કહ્યું નિધિ-લાભથી અધિક આનંદ વહન કરતો રાજા પોતાના મહેલે લઇ ગયો અને સ્નાનાદિક કાર્યો કરાવ્યાં. ભોજન કર્યા પછી કુમારને આઠ કન્યાઓ આપી અને શુભ દિવસે તેઓનો લગ્ન-મહોત્સવ કર્યો. કેટલાક દિવસ યથાયોગ્ય સુખમાં રહ્યા પછી એક દિવસે એક સ્ત્રી કુમાર પાસે આવીને આમ કહેવા લાગી. (૪૪૦)

'હે કુમાર ! આ નગરમાં વૈશ્રમણ નામનો સાર્થવાહપુત્ર છે, તેને શ્રીમતી નામની પુત્રી છે. બાલ્યકાળથી આરંભીને અત્યાર સુધી મેં તેને ઉછેરી છે, હાથીના ભયથી તમે તેનું રક્ષણ કર્યું છે. તે તમારી પત્ની થવાની અભિલાષા રાખે છે, તે વખતે 'આ મારા જીવનદાતા છે.' એમ તમારી અભિલાષા કરતી દૃષ્ટિથી તમને દેખેલા છે. તો તેના મનોરથો પૂર્ણ કરો.'

હાથીનો ભય દૂર થયા પછી સ્વજનો મહામુશીબતે તેને ઘરે લઈ ગયા, પરંતુ ત્યાં પણ સ્નાનાદિક અને શરીરની સાર-સંભાળ કરવા અભિલાષા કરતી નથી. મુખ સીવી લીધું હોય, તેમ મૌનપણે રહેલી છે. મનના બીજા સર્વ વ્યાપારોનો ત્યાગ કર્યો છે. 'હે પુત્રી ! અકાળે તને આવું શું સંકટ આવ્યું. ?' એમ પૂછ્યું, એટલે તે બોલી કે, તમને સર્વ કહેવા યોગ્ય છે, છતાં શરમ એવી નડે છે કે, જેથી બોલી શકાતું નથી, છતાં તમને કહું છે. રાક્ષસ સરખા તે હાથી પાસેથી જેણે મને પ્રાણદાન કર્યું છે, મારૂં રક્ષણ કર્યું છે, તેની સાથે જો મારું પાણીગ્રહણ નહીં થશે, તો અવશ્ય મને મરણનું શરણ છે.' એ સાંભળીને આ હકીકત તેના પિતાને કહી, પિતાએ પણ મને આપની પાસે મોકલાવી છે, માટે આપ તે બાળાનો સ્વીકાર કરો. 'આ સમયે આ સ્વીકાર કરવો જ પડશે' એમ માની કુમારે તેને માન્ય રાખી. ત્યાંના પ્રધાને વરધનુને પોતાની નંદા નામની પુત્રી આપી. બંનેનાં વિવાહ-કાર્યો પૂર્ણ થયાં. એમ બંનેના દિવસો સુખમાં પસાર થતા હતા. (૪૫૦)

'પંચાલ રાજાનો પુત્ર બ્રહ્મદત્ત સર્વ જગો પર જય પ્રાપ્ત કરે છે.' એવા પ્રકારના સર્વકલંક રહિત યશોગાન તેના ફેલાય છે. વિન્ધ્યવનમાં હાથી નિરંકુશ ભ્રમણ કરે છે, તેમ ધનુકુલના નંદન વરધનુ સાથે અનુસરતો હતો. કોઇક દિવસે તેઓ વારાણસીમાં પહોંચ્યા. કુમારને નગર બહાર સ્થાપન કરીને વરધનુ પંચાલ રાજાના મિત્ર કટક નામના રાજા પાસે ગયો, ત્યારે સૂર્યોદય-સમયે કમલ-સરોવર વિકસિત થાય, તેમ તેને દેખતાં જ તે હર્ષિત થયો અને પૂછ્યું. કુમારના સમાચાર આપ્યા કે, તે અહિં જ આવેલો છે. પોતાના સૈન્ય વાહન-સહિત કુમારને લાવવા સામો ગયો. પોતાના બ્રહ્મમિત્ર અને તેના પુત્રને સમાનપણે દેખ્યો, જયકુંજર હાથી ઉપર બેસારી શ્વેત ચામરથી વીંજાતો, પૂર્ણિમાના ચંદ્ર સરખા છત્રને ઉપર ધારણ કરાતો, જેમનું ચરિત્ર ડગલે-પગલે ચારણોનો સમુદાય ગાઇ રહેલ છે, એવો તે કુમાર નગરમાં લઈ જવાયો અને રાજાએ પોતાના મહેલમાં ઉતરો આપ્યો. કટક રાજાએ કટવતી નામની પોતાની પુત્રી આપી. વિવિધ પ્રકારના અશ્વ, હાથીઓ, રથ વગેરે સામગ્રી આપવા પૂર્વક પ્રશસ્ત દિવસે કુમારનો વિવાહ-મહોત્સવ કર્યો. ત્યાં વિષય સુખ અનુભવતાં રહેલા છે. દરમ્યાન દૂત મોકલી બોલાવાએલા ધનુંમંત્રી પુષ્પચૂલા કણેરૂદત્ત સિંહ રાજા, ભવદત્ત, અશોકચંદ્ર વગેરે પોતપોતાના સૈન્ય-વાહન-પરિવારસહિત આવ્યા તેમજ બીજા અનેક રાજા એકઠા થયા. કહેલું છે કે -

"ન્યાયમાર્ગે પ્રવૃત્તિ કરનાર મનુષ્યને તિર્યંચો પણ સહાય કરનાર થાય છે અને અન્યાયમાર્ગે જનારને સગો ભાઇ પણ છોડીને ચાલ્યો જાય છે." (૪૬૨)

વરધનુને સેનાપતિનો અભિષેક કરી ત્યારપછી તરત જ દીર્ઘરાજાને વશ કરવા માટે કાંપિલ્યપુરમાં મોકલ્યો. વળી તેને કહ્યું કે - "આ ભુવનની અંદર એકલો સજ્જનોમાં ચૂડારત્ન સમાન ઉદયગિરિ છે કે, જે સૂર્યને મસ્તક ઉપર રાખીને તેનો ઉદય કરાવે છે. શ્લેષાર્થ હોવાથી મિત્ર એટલે સૂર્ય પણ થાય છે. વળી મિત્રનો ઉદય કરાવનાર સજ્જન-શિરોમણિ હોય છે." વિસામો લીધા વગર દરરોજ પ્રયાણ કરતા કરતા દીર્ઘરાજાની નજીક પહોંચ્યા, ત્યારે દીર્ઘરાજાએ કટક વગેરે રાજાઓ ઉપર દૂત મોકલાવીને કહેવરાવ્યું કે, 'દીર્ઘરાજા તમારા ઉપર અતિશય ગુસ્સે થયા છે. કારણ કે, આ બ્રહ્મદત્તને તમે સર્વેએ વડેરો બનાવ્યો છે. આમ કરવામાં તમારા સર્વનું કલ્યાણ નથી. કારણ કે; જો પ્રલયકાળના પવનથી ઉછાળા મારતા સમુદ્ર-જળના તરંગો સરખા વિપુલ સૈન્યવાળો દીર્ઘરાજા પોતાનું લશ્કર ચારે બાજુ પાથરશે, તો તમો પછી છૂટી શકવાના નથી, હજુ પણ સમજીને પાછા ફરશો, તો તમારો આ અપરાધ માફ કરવામાં આવશે. સત્પુરુષો વિનયવાળા મનુષ્યો ઉપર ક્રોધ કરતા નથી, એટલે ભયંકર ભૃકુટીની રચના કરીને અતિ રુદ્ર રોષ બતાવતા

તેઓએ દૂતનો તિરસ્કાર કર્યો. અને પોતે પંચાલ દેશના સીમાડે જેવા પહોંચ્યા એટલે દીર્ઘરાજાએ ઘણા શત્રુ-સૈન્યના ભયથી નગરનું રક્ષણ કરવા માટે લશ્કર ગોઠવી સજ્જ કર્યું, તથા કિલ્લાને યંત્ર-સાધનો ગોઠવીને સુરક્ષિત કર્યું. અનેક નરેન્દ્ર-રાજાઓ સહિત તે બ્રહ્મદત્ત પણ પાછળ પાછળ ચાલતો આવી પહોંચ્યો અને ભયંકર ભય ઉત્પન્ન થાય તેમ ચારે બાજુથી કાંપિલ્યપુરને ઘેરી લીધું.

તલભાગમાં રહેલા અને કિલ્લા પર રહેલા એવા બંને પક્ષના સુભટો પરસ્પર એક-બીજા ઉપર હથિયારોના પ્રહારોની પરંપરા કરતા હતા. જે સૈન્યોમાં અતિઘોર ગુંજારવ કરતા એક પછી તરત જ બીજા એમ લગાતાર પત્થરોનો વરસાદ વરસતો હતો. જેમાં નિર્દયપણે કરેલા પ્રહારથી નાસી જતા, યુદ્ધ-વાજિંત્રોના શબ્દથી કાયર બનેલા અને ભય પામેલા એવા બંને પક્ષોના ભયંકર કુતૂહળ કરાવનાર, કેટલાકને હાસ્ય કરવનાર, કેટલાકને અતિરોષ કરાવનાર યુદ્ધો જામ્યાં. દીર્ઘરાજાના સુભટો હતાશ થયા અને હવે પોતાના જીવનનો બીજો ઉપાય ન મેળવનાર તે આગળ આવીને (૪૭૫) નગરના દરવાજાના બંને કમાડ ખોલીને એકદમ નગરમાંથી નીકળીને પુષ્કળ સૈન્ય સહિત અતિશય પુરુષાર્થને અવલંબીને ભાલા સાથે ભાલાનું, બાણ સામે બાણનું તરવાર સાથે તરવારનું એમ સામસામે બંને બળોનું ક્ષણવાર યુદ્ધ થયું, તેમાં ઘણા ઘાયલ થયા. હાથીઓ ભૂમિ પર ઢળી પડ્યા. ત્યારપછી ક્ષણવારમાં પોતાનું સૈન્ય નાશ પામતું દેખી ધીઠાઇથી દીર્ઘરાજા બ્રહ્મદત્ત તરફ દોડ્યો. બરછી, ભાલા, બાણ વગેરે શસ્ત્રોથી બ્રહ્મદત્ત અને દીર્ઘરાજાનું દેવ-મનુષ્યોને આશ્ચર્ય કરનાર મોટું યુદ્ધ પ્રવર્ત્યું. તે સમયે નવીન સૂર્ય મંડલ સરખું તેજસ્વી, તીક્ષ્ણ અગ્રધારદાર, અતિ ભયંકર, શત્રુ પક્ષના બળનો ક્ષય કરનાર, હજાર યક્ષ દેવતાઓથી અધિષ્ઠિત એવું ચક્રરત્ન બ્રહ્મદત્તના હસ્તતલમાં આવી પહોંચ્યું. તરત જ ચક્રને દીર્ઘરાજા ઉપર ફેંક્યું, જેથી તેનું મસ્તક છેદાઇ ગયું. ગંધર્વો, વિદ્યાસિદ્ધો, ખેચરો, મનુષ્યોએ પુષ્પવૃષ્ટિ વરસાવી. જાહેર કર્યું કે, 'અત્યારે બારમા ચક્રવર્તી ઉત્પન્ન થયા છે.' ભરત ચક્રીની જેમ ભરતક્ષેત્રના છ ખંડોની સાધના કરી. તેમજ કાંપિલ્યપુરની બહાર બાર વરસ ચક્રવર્તીપણાનો અભિષેક-મહોત્સવ ઉજવાયો. પ્રશંસકો બોલવા લાગ્યા કે -

"હે ચક્રીશ્વર ! આપ ક્યાંય કલા વડે પણ કાલુષ્યને (કલંકને) પામ્યા નથી, આકાશગમન લક્ષ્મીને આપે ધારણ કરી નથી, આપ નક્ષત્રોના પતિપણાને પામ્યા નથી, દોષા (રાત્રિ)ના આગમનમાં ઉદયને પામ્યા નથી, મંડલના ખંડનમાં નષ્ટ રુચિ થયા નથી, કમલની શોભાને દૂર કરી નથી, તેમ છતાં વિદિત જાણ્યું કે, આપ સમ્યક્ કલાવાન છો."

કોઇક સમયે દેવતાએ ગૂંથેલ હોય, તેવો મનોહર વિકસિત પુષ્પમાળાનો સુંદર દડો

એક દાસીએ ચક્રવર્તીને આપ્યો. તેને સુંઘતાં 'મધુકરી સંગીતક' નામનું નાટક યાદ આવ્યું. વિચારણા કરતાં 'આવું ક્યાંઇક પહેલાં દેખેલું છે.' પૂર્વભવનું જાતિ સ્મરણ જ્ઞાન થયું કે, 'અમે બંને આગલા ભવમાં સૌધર્મમાં દેવતાઓ હતા. આગલા ચાર ભવોમાં યુગલ-જોડલા રૂપે, દાસાદિકપણે થયા હતા. સંજીવન ઔષધિ સમાન તે ભાઇ અહીં કેવી રીતે મળશે ? એ નિરંતર ઝુરતો ચક્રવર્તી જમતો નથી કે સુતો નથી. મંત્રીઓએ પૂછ્યું, ત્યારે પહેલાનો વૃત્તાન્ત રાજાએ જણાવ્યો. મંત્રીઓએ માંહો-માંહે મંત્રણા કરીને કહ્યું કે, 'હે દેવ ! દાસાદિક ભવો જાહેરમાં પ્રગટ કરવાપૂર્વક તમારી સમસ્યા દરેક સ્થલે વિસ્તારવી, તેમ કરતાં કદાચ તે પૂરાઈ જશે. દુર્ઘટ કાર્યને સરળતાથી કરાવનાર, એવા ઉદ્ભટ દૈવના વ્યાપાર વડે કોઈ પ્રકારે આ ક્ષેત્રમા તે ઉત્પન્ન થયો હશે, તો તેનો પણ તમને યોગ થઇ જાય.' એટલે ચક્રવર્તીએ કહ્યું કે, 'આ ઉપાય ઇષ્ટ-સાધક નીવડશે.' પૂર્વભવ વિષયક આ શ્લોકાર્ધમાં સંગૃહિત કર્યું છે.

**'आस्व दासौ मृगौ हंसौ, मातङ्गावमरौ तथा ।'**

"પૂર્વભવમાં આપણે દાસો હતા, ત્યારપછી આપણે મૃગયુગલ, પછી હંસયુગલ, પછી ચાંડાલ, પછી દેવો હતા." તથા રાજાએ જાહેરાત કરાવી કે આ શ્લોકના બાકીના પાછળના સોળ અક્ષરો પૂર્ણ કરશે, તેને સોળ હજાર હાથી અને લાખ અશ્વો આપીશ. બાળકો, સ્ત્રીઓ, ખેડૂતો, વેપારી, ગોવાળો વગેરે સર્વ સમુદાય આ શ્લોકાર્ધ ભણતા હતા, પરંતુ તેને અનુરૂપ છેલ્લા પદો કોઈ પૂરી શકતા ન હતા.

આ બાજુ પુરિમતાલ નગરીમાં ચિત્રનો જીવ શેઠપુત્ર હતો, પૂર્વભવની જાતિનું સ્મરણ કરીને દીક્ષા અંગીકાર કરી, સૂત્રાર્થ ભણીને ગીતાર્થ થયો. દેવતાના ભવ વિષયક અવધિજ્ઞાનથી જાણ્યું કે, 'મારો આગળનો સંબંધી દેવતા ભરતક્ષેત્રમાં ચક્રવર્તી થયો છે. તેને પ્રતિબોધ કરવા તે ચક્રવર્તીના નગરમાં આવ્યા. ત્રસ-બીજ-પ્રાણ-રહિત ભૂમિમાં રહીને પરમાર્થ સ્વરૂપ ધ્યાન કરતા હતા, રેંટ ચલાવનાર કોઇ પુરુષ ઉપરા ઉપરી તે અર્ધ-શ્લોક વારંવાર બોલતો હતો. પોતાના પહેલાના પાંચ જન્મો સાંભળીને આ મુનિ વિચારવા લાગ્યા કે, 'ચક્રીએ આને આ પદો ભણાવ્યાં જણાય છે; - એટલે મુનિએ તરત બાકીનાં પદો આ પ્રમાણે પૂર્યાં.'

**'एषा नौ षष्ठिका जातिरन्योन्याभ्यां वियुक्तयोः ।।'**

એકબીજાનો વિયોગ પામેલા એવી આપણી આ છઠ્ઠી જિંદગી છે. આ પદ ગોખીને તે રેંટવાળો એકદમ લોભથી બ્રહ્મદત્ત રાજા પાસે ગયો અને જે પ્રમાણે સાંભળ્યું હતું, તે

પ્રમાણે અસ્ખલિત પદો બોલી ગયો. (૫૦૦)

આ સાંભળીને ચક્રવર્તી અતિશય હર્ષ પામવાને લીધે આકુલિત ચિત્તવાળો થયો, મૂર્ચ્છા પામ્યો, જેથી રાજસેવકો તેને હણવા લાગ્યા. અરે ! આમ બોલીને સ્વામીને તેં આકુળ-વ્યાકુળ કેમ કર્યા ? તારી આકૃતિથી નક્કી તું કોઇ ક્રૂર મતિવાળો જણાય છે. પેલાએ કહ્યું કે, પ્રથમ રાજાને સ્વસ્થ કરો, નહિંતર હું તમને હણીશ. તેણે વળી કહ્યું કે, 'મને કોઇક મુનિએ આ પદો ભણાવ્યાં છે. હું કંઈ આ કરનાર કવિ નથી.' રાજાની મૂર્ચ્છા ઉતરી ગઈ. સ્વસ્થ થયો એટલે પારિતોષિક દાન આપી પૂછ્યું કે, હે ભદ્ર ! તે મુનિને બતાવ, જેથી તેમને પ્રણામ કરીએ. પૂર્વભવનું શ્રુત પ્રગટ થયું, સ્નેહ-રાગે રંગાએલો આનંદાશ્રુપૂર્ણ નયનવાળો રાજા ત્યાં જઇને પ્રણામ કરે છે. ધર્મલાભના આશીર્વાદ આપવાપૂર્વક ચિત્ર સાધુસિંહે સંસારથી તારનારી ધર્મદેશના શરુ કરી. આ પાર-વગરના નિસ્સાર ખારા સંસાર-સમુદ્રમાં સારભૂત પદાર્થ હોય, તો માત્ર જિનેશ્વરે કહેલો ધર્મ છે, ધર્મ દુરિત-દુઃખને બાળવામાં સમર્થ છે, સ્વર્ગ અને મોક્ષનો માર્ગ સાધી આપવામાં સમર્થ, સર્વ ગુણમાં ચડિયાતો હોય તો ધર્મ છે, ધરિત્રીમાં પવિત્રોમાં શ્રેષ્ઠ એક (અદ્વિતીય) પવિત્ર ધર્મ છે. સમર્થ પુણ્યમાં તત્પર મનુષ્યો રમ્ય ધર્મનું પરિપાલન કરે છે.

હાથીના કાન સરખું ચપળ યૌવન છે, મળેલું રૂપ અસ્થિર છે, સ્ત્રીનાં કટાક્ષ સરખી લક્ષ્મી ચંચળ છે, દેખતાં જ નાશ પામનારી છે, સખત પવન-પ્રેરિત નવીન પાંદડાં સરખું અતિ ત્વરાવાળું ચપળ આયુષ્ય છે. કાયા રોગનું ઘર છે. પ્રયિજનનો સંયોગ તે પણ વિયોગ કરાવનાર છે. મહાગુણોનું ઘર આ દેહ છે, તે પણ વૃદ્ધાવસ્થાયોગે જીર્ણ પાંજરા સરખું થાય છે, પાપ કરાવનાર રાજ્ય નરકનું દુઃખ ઉપાર્જન કરાવે છે. હે રાજન્ ! બીજા પણ સર્વ પ્રમાદનાં કાર્યો સંસાર-વૃદ્ધિનાં કારણ થાય છે. માટે સમજ સમજ, સંસારમાં મુંઝા નહિં, પ્રમાદ કરવો યુક્ત નથી. આ સંસારનાટકભૂમિમાં હજુ તે બહારના વૈરીને જિતીને પૃથ્વીનું રાજ્ય મેળવ્યું છે. મોક્ષસુખ સાધવા માટે કામ-ક્રોધાદિક અભ્યંતર શત્રુઓને જિતી લે. પાપ કરાવનાર રાજ્યનો ત્યાગ કરીને આજે પ્રવ્રજ્યા અંગીકાર કર, જે પ્રમાણે આગળ સનત્કુમાર ચક્રીએ પ્રવ્રજ્યા અંગીકાર કરી હતી, તેમ તું પણ દીક્ષા ગ્રહણ કર.

બ્રહ્મદત્ત - જો તમે ભોગો ભોગવો અને આ રાજ્ય ગ્રહણ કરો તો તેથી હું કૃતાર્થ થઇ તમારો દાસ બનીશ અને રાજ્યનો ત્યાગ કરીશ.

મુનિ - મને પણ ભોગો મળેલા હતા, ભવથી ભય પામેલા મેં તેનો ત્યાગ કર્યો. હે રાજન્ ! કૂતરા સિવાય બીજું કોણ વમેલું પીવાની ઇચ્છા કરે ?

બ્રહ્મ૦ - હે પ્રભુ ! પ્રવ્રજ્યાથી આગળના ભવમાં સંપૂર્ણ સુખ-પ્રાપ્તિ ભોગો મળે છે, તો હાથમાં આવેલા ભોગોને છોડીને શા માટે પ્રવ્રજ્યા અંગીકાર કરવી ?

મુનિ - જિનધર્મ મોક્ષફળ અને શાશ્વત સુખ આપનાર જિનેશ્વરે કહેલો છે. ખેતી કરતાં પલાલ-ઘાસની માફક મનુષ્ય અને દેવલોકનાં સુખો આનુષંગિક-ગૌણફળ આપનાર છે.

બ્રહ્મ૦ - આ જગતમાં વિષય-સેવન અને તેમાં પણ માત્ર કામદેવનું મુખ્ય સુખ છે, એને જ મોક્ષ કહેલો છે, તેના સિવાય બીજો કોઇ મોક્ષ કહેલો નથી. જો શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શનું અલ્પ સુખ હોય તેમાં સુખ નથી, માટે જ્યાં આગળ ભોગ માટે સ્ત્રીઓ છે, એવો સંસાર એજ સાર છે.

મુનિ - સંસાર-સમુદ્રમાં ડૂબતા મારા બંધુને મારા સરખો હસ્તાલંબન ભાઇ મળવા છતાં આવા મોક્ષનું ફળ આ જન્મમાં મેળવી શકાય તેમ છે, છતાં આ જન્મમાં તું નરકફળ મેળવે છે. મોહરૂપ મહાપારધીએ ભવારણ્યમાં મનુષ્યરૂપ હરણિયાઓને જાળમાં સપડાવવા માટે આ સ્ત્રીરૂપ જાળની રચના કરેલી છે. આંતરડાં, ચરબી, માંસ, લોહી, વિષ્ટો, પિશાબથી ભરેલ કોથળી સરખી તરુણીઓને ચંદ્ર, કમળ, મોગરાનાં પુષ્પો વિગેરેની ઉપમા આપનાર આ લોકમાં મૂર્ખ સમજવા.

બ્રહ્મ૦ - હે સ્વામી ! આપની પાસે મારી આ પ્રથમ પ્રાર્થના છે અને તે સ્વીકારીને મને કૃતાર્થ કરજો. રાજ્ય સ્વીકારી પાલન કરો અને પાછળથી દીક્ષા લેજો. હું પણ તમારો અનુચારી થઈશ.

મુનિ - તને પાછળથી સંયમ મળવાનું નથી - એ નિશ્ચયની વાત છે. મારો પણ નિશ્ચય છે કે, પાછળથી દીક્ષા લેવાની છે, તો અત્યારે મારે દીક્ષાનો ત્યાગ શા માટે કરવો ? (૫૨૫)

સ્વર્ગમાંથી ચ્યવીને આપણે દુષ્કૃત-પાપથી દાસાદિક થયા, આટલું સ્મરણ કરનાર તારાથી તે વિષય-વિપાકો કેમ ભૂલી જવાય છે ? ઉત્તમ કુલ-આગમાદિક સામગ્રીવાળો આ મનુષ્યભવ મળ્યો અમૃતથી પાદશૌચ કરવા સમાન વિષયોથી આ મનુષ્યભવ હારી ન જા. જેણે આગળ નિયાણું કરેલું છે, તે નક્કી દીક્ષા અંગીકાર કરશે નહિં, એમ ચિત્તમાં ચિંતવીને ચિત્રમુનિ ત્યાંથી વિહાર કરી ગયા. ઘાતીકર્મનો નાશ કર, કેવળજ્ઞાન ઉત્પન્ન કરી, લાંબા કાળ સુધી વિચરી, સમગ્ર કર્મ-મલનું પ્રક્ષાલન કરી, તેમણે પરમપદને પ્રાપ્ત કર્યું, સંસારના ઇન્દ્રિયોના વિષયસુખ ભોગવવાની તૃષ્ણાવાળો, તેના જ ચિત્તવાળો, તેની જ લેશ્યાવાળો બ્રહ્મદત્ત સાતસો વર્ષ પસાર કરે છે. (૫૩૦)

કોઈક સમયે રાજાનું ચિત્ત પ્રસન્ન કરી એક બ્રાહ્મણ માગણી કરે છે કે, 'તમારો મહા આહાર છે, તેમાંથી લગાર પણ મને આપો.' રાજાએ કહ્યું કે, મારો આહાર બીજા માટે પચાવવો અતિમુશ્કેલ છે. એમ છતાં એનું પરિણામ મનુષ્યને એવું આવે છે કે, તેના શરીરમાં કામદેવનો તીવ્ર ઉન્માદ થાય છે.' બ્રાહ્મણે કહ્યું કે, 'અલ્પ ભોજન પણ આપવા આપ સમર્થ થઇ શકતા નથી, તો સ્નેહી-સંબંધીઓ મોટા પ્રમાણમાં તમારો પ્રભાવ પ્રસાર કરવા સમર્થ બની શકશે ? આમ કહેવાથી આવેશમાં આવેલા રાજાએ પોતાના ભોજનમાંથી અલ્પ ભોજન કરાવ્યું અને તે ઘરે ગયો. રાત્રે તે ભોજન પચતાં પચતાં મહા ઉન્માદ થયો. રાત્રે માતા, પત્ની, પુત્રી, બહેન, સાસુનો તફાવત ગણ્યા સિવાય ગાંડા ગધેડા માફક બળાત્કારથી દરેક સાથે રતિક્રીડા કરવા લાગ્યો. એમ કરતાં પ્રાતઃકાળ થયો, ચક્રીનો આહાર કોઈ પ્રકારે જીર્ણ થઇ ગયો અને પોતાનું રાત્રિનું ચરિત્ર વિચારવા લાગ્યો, એટલે લજ્જાથી લેવાઇ ગયો. પોતાના ખરાબ વર્તન રૂપ કલંક-કાદવથી ખરડાએલ મુખ તેઓને બતાવવા અશક્તિમાન થવાથી ઘરમાંથી બહાર નીકળી ગયો અને પાછો ઘરમાં પ્રવેશ કરતો નથી.'

અતિતીવ્ર કોપજાળથી ભયંકર નક્કી આત્મઘાતક થાય છે. હવે વિચારણા કરવા લાગ્યો કે, 'આ ચક્રીને કેવી રીતે મારી નાખવો ? આ મારો નિષ્કારણ શત્રુ, સારા સ્વામીના બાનાથી વિખ્યાત થએલો છે. જેણે મને ભોજન આપીને લેવા-દેવા વગર મને વજાઘાત માર્યો, "સર્પને દૂધપાન કરાવો, ખોળામાં ધારણાદિકથી લાલન-પાલન કરો, તો પણ પોતાનો થતો નથી, તેમ બ્રાહ્મણને પણ ચાહે એટલું આપીએ, પોષીએ તો પણ પોતાનો થતો નથી." (૫૪૦)

લાંબા કાળ સુધી સ્નેહપૂર્વક સહાયતા કરવામાં આવે, વારંવાર માગેલો આહાર આપવામાં આવે, તો પણ વાઘની જેમ રાજાની આંખ ફોડીને હણવાની ઇચ્છા કરે છે.

એક દિવસે એક ગોપાલ-બાળક વડ નીચે બેઠેલો હતો અને વીંધવાની કળાના અભ્યાસ માટે દૂરથી બકરીની લિંડીઓથી વૃક્ષનાં પાંદડાઓને ક્રમસર ધારેલા સ્થાને ફેંકી વીંધતો હતો. 'મારું વૈર શુદ્ધિ કરનાર આ બાળક નિપુણ છે.' એમ વિચારી દાન આપી એવો વશ કર્યો કે, જેથી કહ્યા પ્રમાણે કરનાર થાય.

કોઈક સમયે ચક્રવર્તી પોતાના રસાલા સહિત બહાર ફરવા નીકળ્યો હતો, ત્યારે ગોવાળના પુત્રે દેખ્યો. કોઇક દેવગૃહમાં કોઇ ન દેખે તેમ છૂપાઈ ગયો. ગોફણથી બે ગોળી એવી રીતે તાકીને મારી જેથી કરીને પરપોટાની જેમ રાજાની બંને આંખો બહાર નીકળી ગઇ. ચારે બાજુ તપાસ કરતા કોપાયમાન અંગરક્ષકોએ તે ઘાતકને દેખ્યો. જ્યારે તેને

માર-ઠોક કરવા લાગ્યા, ત્યારે 'બ્રાહ્મણની પ્રેરણાથી આ કાર્ય મેં કર્યું.' એમ જાણવામાં આવ્યું. મહારાજાએ સત્ય હકીકત જાણીને વિચાર્યું કે, ખરેખર વિપ્રની જાત જ એવી છે કે જ્યાં ભોજન કરે, ત્યાંનું જ ભાજન ભાંગી નાખે છે. "વધેલું નકામું એઠું પણ ભોજન આપીએ, તો કૂતરો તેને માલિક માને છે, તે ઘણો સારો ગણાય છે, પરંતુ અમૃત સરખો આહાર બ્રાહ્મણને ભોજન કરાવ્યો હોય, તો પણ બ્રાહ્મણ મારી નાખે છે."

ત્યારપછી રાજાએ તે ગોવાળ-બાલકને તેના સમગ્ર કુટુંબ સહિત તથા પેલા બ્રાહ્મણને પણ મુઠ્ઠીમાં મચ્છરને મસળે તેમ મરાવી નંખાવ્યો. વળી બ્રહ્મદત્ત રાજાએ બીજા પણ પુરોહિત, ભટ્ટ, ચટ્ટ વગેરે બ્રાહ્મણ સર્વ જાતિ ઉપર અતિશય ક્રોધાંધ થએલો હોવાથી દરેકને મરાવી નાખ્યા. (૫૫૦)

વળી મંત્રીઓને આજ્ઞા કરી કે, તે બ્રાહ્મણોનાં નેત્રો ઉખેડીને વિશાળ થાળ ભરીને મને અર્પણ કરો, જેથી મારા હસ્તથી તેને મસળી આનંદ માણું. અતિરૌદ્ર પરિણામવાળા રોષવાળા રાજાને જાણીને ગુંદાના ઠળિયા ભરેલા થાળ હાથમાં અર્પણ કરે છે. વારંવાર તેને મસળતો એવો અપૂર્વ અધિક આનંદ અનુભવે છે કે બે નેત્ર ગ્રહણ કરવાવાળા તેના ક્રોડમા ભાગે પણ ખૂશ થતો નહિં હોય. સ્ત્રીરત્ન પુષ્પવતીના સ્પર્શમાં પણ તેને તેટલો ચિત્તનો આનંદ નહિં થતો હોય કે, પાપમતિવાળા તેને ગુંદાના ઠળિયા ભરેલા થાળ મસળવાથી થતો હશે. તે રાજાની આગળ સ્થાપન કરેલ આ સ્થાલ સાચાં નેત્રોની ભ્રમણા કરાવતો હતો. અથવા તો સાતમી નરકપૃથ્વીમાં પ્રસ્થાન કરવા માટેનું મંગલ અક્ષયપાત્ર હોય. આ પ્રમાણે રૌદ્રધ્યાન કરતાં તેનાં સોળ વર્ષ વીતી ગયાં. સાતસો સોળ વર્ષનું સમગ્ર આયુષ્ય પૂર્ણ કરીને સાતમી નરકપૃથ્વીમાં ગયો. શ્રી બ્રહ્મદત્ત ચક્રીની કથા સંપૂર્ણ.

## ૧૯. ઉદાયિરાજાને મારનાર વિનયરત્નનું દૃષ્ટાંત -

પુષ્પોના સમુદાયથી મનોહર, કલહંસોની શ્રેણીના શબ્દોથી યુક્ત, જળદાન કરનાર એવી વાવડીઓ વડે બહાર અને અતિમનોહર-લાવણ્ય યુક્ત, કલહંસોના શબ્દ સરખા પગમાં પહેરેલ ઝાંઝરનાં શબ્દોની પ્રધાનતાવાળી તરુણીઓ વડે અંદર શોભા પામતું, અમરાપુરીને ચમત્કાર પમાડનાર ત્રણ-ચાર માર્ગયુક્ત, જેમાં શત્રુ-સૈન્યનો પ્રવેશ થઇ શકતો નથી એવું પાટલિપુત્ર નામનું નગર છે અને ત્યાં **ઉદાયિ** નામનો મોટો રાજા છે. તે રાજા અતિવિશુદ્ધ ધર્મ ધારણ કરવામાં અગ્રબુદ્ધિવાળો હોવા છતાં સજ્જ કરનાર જે ધનુષદોરી હોવા છતાં અર્પિત લક્ષવાળો હોવા છતાં પરાઙ્મુખ બાણોને ફેંકે છે.

શ્લેષાલંકારથી વર્ણન છે. શૂરવીર છે, તેમ દાનશૂર છે. (માર્ગણ એટલે બાણ અને

માર્ગણ એટલે યાચકો) યાચકોને લાખોનું દાન આપે છે.

કોઈક સમયે કોઇક રાજાના મહા અપરાધને કારણે તે મહારાજાએ તેની સમગ્ર રાજ્યલક્ષ્મી સંહરી લીધી, દેશાંતરમાં ગયા પછી તેનો પુત્ર અવંતીમાં પહોંચ્યો. ત્યાંના રાજાની સેવા કંટાળ્યા વગર કરવા લાગ્યો. એક વખત પરિમિત વિશ્વાસુ પર્ષદામાં રાજાએ પોતાનો અભિપ્રાય પ્રકાશિત કર્યો કે, 'આપણામાં તેવો કોઇ સમર્થ નથી કે, 'જે ઉદાયિ રાજાના ઉગ્રશાસનનો નાશ કરે.' એટલે પેલા રાજુપત્રે વિનંતિ કરી કે, 'જો મારું વચન માન્ય કરો, તો હું તમારા મનોરથ પૂર્ણ કરું.' આ પ્રમાણે રાજાની અનુજ્ઞા પામેલો તે પાટલીપુત્ર નગરીએ પહોંચ્યો. નિરંતર રાજમંદિરમાં પ્રવેશ કરવાના ઉપાયો ખોળે છે, ગુપ્તપણે રાજાનો જીવ ઉચ્છેદ કરવાનો પ્રયત્ન કરે છે, પણ રાજકુળમાં પ્રવેશ મેળવી શકતો નથી. 'અષ્ટમી-ચતુર્દશીના દિવસે પૌષધ કરાવવા માટે રાજા આચાર્ય પાસે જાય છે, તેમ ત્યાં રાત્રિવાસ કરે છે.' તેમ તેના જાણવામાં આવ્યું. 'ખરેખર રાજાના વેરીનો વિનાશ સાધવામાં સમર્થ આ આય ઠીક છે.' એમ ચિંતવીને તે આચાર્યની હંમેશાં સેવા કરવા લાગ્યો. સમ્યગ્ધર્મનું શ્રવણ કરે છે, તીવ્ર તપ સેવન કરવા લાગ્યો, વિનય પણ ખૂબ કરવા લાગ્યો. પ્રવ્રજ્યા અંગીકાર કરવા માટે અતિ ઉદ્યમ કરવા લાગ્યો, શ્રદ્ધા બતાવવા લાગ્યો. ભવિતવ્યતાના નિયોગથી ઘણા પ્રકારના ઉપયોગ કર્યા વગર આચાર્ય ભગવંતે કપટથી ધર્મના અર્થી થએલા તેને દીક્ષા આપી.

કહેલું છે કે, '' જગતમાં છદ્મસ્થ જીવને ઉપયોગનો અભાવ થયા વગર રહેતો નથી. જ્ઞાનાવરણ કર્મનો સ્વભાવ જ જ્ઞાન આવરવાનો છે, "ઘણા કૂટ કપટ નાટક કરવામાં ચતુર એવા શિકારી, વેશ્યા અને ધર્મના બાનાથી ઠગાઈ કરવામાં વત્સલતા ધરાવનારથી જગતમાં કોણ ઠગાતા નથી ?" (૧૫)

આચાર્ય-સમુદાય, નવીન સાધુ, તપસ્વી, ગ્લાન, કુલ વગેરેનાં વૈયાવૃત્ય કાર્યો કરવામાં હંમેશા લીન થએલો હોવાથી પરિવારના લોકોએ તેનું બીજું 'વિનયરત્ન' નામ પાડ્યું. 'આ લોકસંબંધી કાર્ય કરવામાં સર્વ પ્રયત્ન પૂર્વક લોકો ખેંચાય છે, તે પ્રમાણે જો પરલોક સુધારવા માટે લાખમા અંશમાં પણ પ્રયત્ન કરે, તો આત્મા સુખ મેળવનાર થાય છે.' જ્યારે ગુરુ રાજમંદિરમાં જતા હતા, ત્યારે ઉપધિ લઇને તે સાથે જવા તૈયાર થતો હતો, પરંતુ ગુરુ તેને સાથે ત્યાં લઇ જતા ન હતા, કારણ કે, હજુ યોગ્યતા મેળવી નં હતી. તે કહેવાતો વિનયરત્ન પોતાના રજોહરણની અંદર કંકલોહની છરી વહન કરતો હતો, જે પોતાના વજનથી જ લોહી સાથે મળીને પૃથ્વીતલ પર જાય છે. જીવરક્ષાનું વિખ્યાત સાધન રજોહરણ તેની અંદર રાજાનો ઘાત કરવા કંકલોહની છરી વહન કરતો હતો. આ કુશિષ્ય

રજોહરણ અને છરી અમૃત અને ઝેર એમ એક સાથે બંને વહન કરતો હતો. પ્રપંચથી રાજાનો ઘાત કરવાની ઇચ્છાવાળા કૃત્રિમ એવા તે સાધુને બાર વરસ પસાર થયાં, પરંતુ રાજાના પુણ્યપ્રભાવથી તેને ધારેલા કાર્ય કરવાનો અવસર પ્રાપ્ત ન થયો.

કોઇક સમયે સર્વ સાધુ-પરિવાર કામકાજમાં એકદમ વ્યાકુલપણે રોકાઇ ગયા હતા, ત્યારે તે જ કુશિષ્ય સાથે આચાર્ય રાજભવનમાં ગયા. "દુર્જન, ચોર, પરસ્ત્રીલંપટ, બિલાડા વગેરે જીવો મહાક્રૂર હોય છે, તે પાપીઓને લાંબા કાળ સુધી ગમે તેટલા સાચવ્યા હોય, રક્ષણ-પાલન કર્યું હોય, તો પણ પોતાના પાપી કાર્યના એકાગ્રચિત્તવાળા તેઓ પ્રપંચ કરી ઠગે છે." "બાર વરસના દીક્ષાપર્યાય પાળતા અને હજારો ઉપદેશનાં વચનો સાંભળતા ગીતાર્થની જેમ પ્રૌઢ થઇ ગયો હશે, એમ ધારીને વર્જવા યોગ્ય હોવા છતાં આજેભલે તે ઉપધિસહિત આવે.' વસતિ માગીને ગુરુગુણવાળા તે આચાર્ય ભગવંત એકાંત સ્થળમાં રહ્યા. સમય થયો, એટલે સુવિશુદ્ધ શ્રદ્ધાવાળા રાજા ત્યાં આવ્યા. (૨૫)

ઉત્તમ ગુરુ ભગવંતના ચરણ-કમળમાં પ્રણામ કરવા પૂર્વક પૌષધ લીધો. પ્રતિક્રમણ કર્યા પછી પ્રશ્નો પૂછતો હતો અને તેના જવાબો પણ શ્રવણ કરતો હતો. ભાલતલ પર બે હાથની અંજલી જોડી ક્ષણવાર દેશના સાંભળી, ત્યારપછી પોતાના શ્વાસોશ્વાસ લાગવાથી ગુરુની આશાતના ટાળવા માટે મુખે મુખકોશ બાંધી શક્તિ અનુસાર વિશ્રામણા કરી. વળી રાજાએ તે કૃત્રિમ કુશિષ્યની પણ મનની વિશુદ્ધિથી શરીર વિશ્રામણા કરી.

મુહપત્તિ પડિલેહણ કરી પછી સંથારો પાથરીને આચાર્ય, ઉપાધ્યાય વગેરે જેઓ મારા અપરાધ જાણે છે ઇત્યાદિક ચાર શરણ સ્મરણ કરીને અનિત્યાદિક ભાવના ભાવીને બાહુનું ઓશીકું અને ડાબે પડખે કૂકડીની જેમ ઉંચા પગ લાંબા કરીને ભૂમિ-પ્રમાર્જન કરીને આ વગેરે સંથારાપોરિસી ભણાવીને ગુરુ સુઈ ગયા, પછી રાજા સુઈ ગયો. પરંતુ પેલો ભેખધારી કુમુનિ એકલો દ્રવ્યથી જાગતો હતો, પણ ભાવથી ઊંઘતો હતો. તે ધીમે ધીમે ઉઠ્યો. નરકના અંધકારવાળા કૂવામાં પડવાના પરિણામ કરતો દુઃખની ખાણ સરખી કંકલોહની છરી તૈયાર કરી. રાજાના કંઠ ઉપર તે છરી સ્થાપન કરી, પરંતુ પોતાના આત્માનો કંઠ કાપી નાખ્યો. તત્ત્વ સમજનાર રાજા પંચત્વ પામ્યા. ભયથી કંપતા હસ્તવાળો તે પાપી તે છરી ત્યાં જ મૂકીને ત્યાંથી ચાલી નીકળ્યો. મુનિ હોવાથી પહેરેગીરે અને અંગરક્ષકોએ તેને ન રોક્યો. રાજાનું શરીર પુષ્ટ હોવાથી તે શરીરરૂપ પર્વતના શિખરથી લોહીનું ઝરણું વહેતું વહેતું આચાર્યના સંથારા-પ્રદેશ સુધી આવી ગયું. લોહીના સ્પર્શ અને ગંધથી જાગીને જ્યાં દેખે છે, તો મસ્તક અને કંઠ કપાઈ ગએલાં જોયાં. અરેરે ! આ તો મહા અકાર્ય થયું, આ કયા ક્રૂર કર્મીએ શા માટે કર્યું ? ત્રણ ગણા અંગરક્ષકોથી વીંટળાએલ છતાં

આમ કેમ થયું ! આ વિચારે છે. વળી સંથારામાં જેટલામાં પેલા કુજાત શિષ્યને દેખતા નથી, એટલે નિર્ણય કર્યો કે, 'આ સર્વ કૌભાંડ તે પાપી શિષ્યે જ કર્યું છે. અરે રે ! હું કેવો નિર્ભાગી કે, આવું મહાકલંક મને લાગ્યું, જિનપ્રવચન રૂપી મહાવિકસિત બગીચામાં આ દાવાગ્નિ સળગાવ્યો. મુનિવેષથી વિશ્વાસમાં લઇને આ રાજાને મારી નાખવા અહીં કોઈ ઘાતક આવ્યો. આ કારણે શાસનનો અપયશનો પડહો વાગશે. 'શરદપૂર્ણિમાના ચંદ્ર સરખા જિનશાસન વિષે અપભ્રાજના મલિનતા ન થાઓ' તે માટે આ અવસરે મારે આત્મવધ કરવો જોઇએ. આ પ્રમાણે નિશ્ચય કરીને જેટલામાં ત્યાં દેખે છે, તો તરત કંઠ છેદવા માટેનું શસ્ત્ર મળી આવ્યું. રાજાના કંઠમાં સ્થાપેલી છરી દેખી. પોતાના સમગ્ર પાપશલ્યોની શુદ્ધિ કરીને, સિદ્ધોને નમસ્કાર કરીને તેમની સમક્ષ પાંચ મહાવ્રતો ઉચ્ચારીને, સંઘ આચાર્ય વગેરે પ્રાણીગણને ખમાવીને ભવચરિમનું દૃઢ ચતુર્વિધ આહારનું પ્રત્યાખ્યાન સ્વીકારી પંચપરમેષ્ઠિનાં પાંચ પદો કંઠમાં સ્થાપન કરવા પૂર્વક કંકલોહની છરી પણ કંઠ ઉપર સ્થાપન કરે છે. તીવ્ર સંવેગયુક્ત તેઓ બંને મૃત્યુ પામીને દેવલોકે ગયા.

પ્રભાતસમય થયો, ત્યારે શય્યાપાલિકા જ્યાં દેખે છે, ત્યાં જ મોટા શબ્દથી પોકાર કર્યો કે, 'અરે ! હું હણાઈ ગઈ, લૂંટાઇ ગઈ, હાહારવ કરતા લોકો એકઠા થયા અને આકાશ બહેરું થઇ જાય તેવા શબ્દોથી રુદન કરવા લાગ્યા. લોકોમાં એવો પ્રવાદ ફેલાયો કે, કોઈ કુશિષ્ય રાજા અને પોતાના ગુરુને તથા પોતાના આ લોક અને પરલોકને હણીને ક્યાંઈક પલાયન થઇ ગયો. તે પુત્ર વગરના મૃત્યુ પામેલા રાજાની પાટે સર્વે નગરનેતાઓએ એકઠા મળી પંચ દિવ્યો વડે પહેલા નંદને સ્થાપન કર્યો.

એકદમ ત્યાંથી નાસીને તે ક્રૂર પાપી અવંતીના રાજા પાસે પહોંચ્યો, જુહાર કરીને પૂર્વનો સર્વ વૃત્તાન્ત સ્મરણ કરાવ્યો. તે સાંભળીને આ રાજા ચમકીને તેનું દુષ્ટ ચરિત્ર વિચારવા લાગ્યો કે, 'અરેરે ! આ દુરાત્માએ આ રાજરત્નને મૃત્યુ પમાડ્યો. (૫૦) આ દુષ્ટને કોઇ અકાર્ય નથી. કદાચ કોપાયમાન થાય, તો સો વર્ષે પણ તે પોતાના સ્વભાવાનુસાર મને પણ મારી નાખે.' એમ ધારીને એકદમ પોતાના દેશમાંથી દેશવટો આપ્યો. ચિત્ર સાધુના હજારો ઉપદેશના વચનો વડે પણ તે બ્રહ્મદત્ત પ્રતિબોધ ન પામ્યો. તેમ બાર વરસે પણ આ કુશિષ્ય પ્રતિબોધ ન પામ્યો. આ વિનયરત્ન(તિ)ની કથા સમાપ્તા.

રાજ્યલક્ષ્મી ન ત્યાગ કરનાર બ્રહ્મદત્ત સામતી નરક કેમ પામ્યો તે કહે છે -

**गयकण्ण-चंचलाए, अपरिचताए रायलच्छीए ।**

**जीवा सकम्म-कलिमल-भरिय-भरातो पडंति अहे ।।३२।।**

હાથીના કાન સરખી ચંચલ, પોતાની મેળે ચાલી જવાના સ્વભાવવાળી હોવા છતાં અલ્પ સત્ત્વવાળા તે રાજ્યલક્ષ્મીનો ત્યાગ ન કરી શકવાના કારણે, તેના મમત્વના કારણે પોતાના કર્મરૂપ કાદવથી ભારે થએલા તેઓ નીચે નરકના કૂવામાં પડે છે. કલિમલ એટલે પાપરૂપ કચરો, બીજા પણ અલ્પ સત્ત્વવાળા સ્વેચ્છાએ રાજ્યલક્ષ્મી પરિગ્રહ-મમતાનો ત્યાગ ન કરનાર અતિ કલિમલથી બારે થએલા આત્મા નીચેની નરકભૂમિમાં પડે છે. આ કારણે બ્રહ્મદત્ત પણ નીચે સાતમીમાં ગયો (૩૨)

આ પ્રમાણે શ્રી રત્નપ્રભસૂરિએ રચેલ ઉપદેશમાળાની વિશેષવૃત્તિના પ્રથમ વિશ્રામનો આગમોદ્ધારક આ. શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના શિષ્ય આ. શ્રી હેમસાગરસૂરિએ ગૂર્જરાનુવાદ પૂર્ણ કર્યો.

[સં. ૨૦૨૯ અષાડ શુદિ ૧૫ રવિવાર તા. ૧૫-૭-૭૩ નવાપુરા જૈન ઉપાશ્રય, સૂરત]

## બીજો વિશ્રામ -

આ પાપો માત્ર પરલોકમાં જ સહન કરવાં દુષ્કર છે - એમ નથી, પરંતુ આ ભવમાં બોલવાં પણ ઘણાં દુષ્કર છે, તે કહે છે -

**वुत्तूण वि जीवाणं, सुदुक्कराइं ति पावचरियाइं ।**
**भयवं ! जा सा सा सा, पच्चाएसो हु इणमो ते ।।३३।।**

કેટલાક જીવોનાં પાપચરિત્રો જીભથી બોલવાં પણ સજ્જન માટે અતિદુષ્કર હોય છે તે માટે 'જા સા સા સા' નું ચોરપુરુષે પૂછેલ દૃષ્ટાંત છે. તે પ્રશ્નના પ્રત્યુત્તરમાં આ કથા કહેલી છે, તે દ્વારા આ ગાથાનો અર્થ સમજાશે. (૩૩)

### ૨૦. દેવતાઈ વરદાનવાળી ચિત્રકારની કથા -

સાકેતપુર નગરમાં ઈશાન દિશામાં એક ક્ષેત્રાધિપતિ દેવતા નજીક રહેનારા આરાધના કરનાર ને સહાય કરનાર સુરપ્રિય નામનો યક્ષ હતો. દરેક વર્ષે તેનું ચિત્રામણ ચિતરાવીને રાજા તેનો યાત્રા-મહોત્સવ કરતો હતો. જે ચિત્રકાર ચિત્રામણ આલેખતો હતો, તેને સુરપ્રિય યક્ષ સંહરી લેતો હતો. કદાચ ચિત્રામણ ન કરવામાં આવે, તો નગરમાં મારી-મરકી ફેલાવતો હતો. તેથી ચિત્રકારો ઉદ્વેગ પામીને ત્યાંથી પલાયન થવા લાગ્યા. ઘણા ચિત્રકારો નાસી ગયા. તે જાણીને રાજા નગરલોકોને પૂછે છે કે, 'હે પૌરલોકો ! આ મરકી-ઉપદ્રવનો પ્રતિકાર કેવી રીતે કરવો ?' તે કહો. ત્યારે કહ્યું કે, બધા ચિત્રકારોને એક

સાંકળમાં જકડી રાખો, એટલે એક પણ નાસી શકે નહિં. જ્યારે તેની યાત્રાનો સમય આવ્યો, ત્યારે તે સર્વેના નામની ચીઠ્ઠી લખીને એક ઘડાની અંદર નાખી. એ કુંવારી કન્યા પાસે ઘડામાંથી તે નામનો પત્ર ખેંચાવી તે વર્ષે તે નામવાળા ચિત્રકાર પાસે તે યક્ષનું ચિત્રામણ આલેખન કરાવે એટલે તે પંચત્વ પામે. જેના ઉપર અપકાર કર્યો હોય, તે અપકાર કરે તે પુરુષ ન ગણાય, પરંતુ તેની આરાધના કરનારને જે મારે તેનું નામ પણ કોણ લે ?

'દુર્જનો ઉપર જે ઉપકાર કરાય, તે બહાર વ્યર્થ થાય; સજ્જનો તે ઉપકારને વિસરતા નથી, જે માથાથી દૂર કરવામાં આવ્યો હોય.'

"સર્પને દૂધ પાવું, વાઘની આંખ ખોલવી, દુર્જનના ઉપર ઉપકાર કરવો-આ ત્રણે તત્કાલ પ્રાણનો અંત કરનાર છે."

હવે અહિં કોઈક સમયે દૂર દેશાવરો દેખવાની ઇચ્છાવાળો એક નિપુણશિલ્પી ચિત્રકારનો પુત્ર આવ્યો છે. એક ઘરડી ડોસીને ઘરે વાસ કરવા લાગ્યો. ડોસી પોતાના પુત્ર જેટલું જ ગૌરવ અને વાત્સલ્ય તેને બતાવતી હતી. તે વરસે તે સ્થવિરાના પુત્રનો વારો આવ્યો, યક્ષનો યાત્રાદિવસ આવ્યો, એટલે ચિત્રામણ કરનાર પોતાના પુત્રનું મૃત્યુ જાણી વૃદ્ધા કરુણ સ્વરથી રુદન કરવા લાગી. ત્યારે આવનાર બીજા ચિત્રકારે પૂછ્યું કે - 'હે માતાજી ! આમ આક્રંદન કરવાનું શું કારણ છે ?' એટલે પૂછનારને આ વૃત્તાન્ત જણાવ્યો. તેણે કહ્યું કે - 'હે માતાજી ! તમે રુદન ન કરો. આ વખતે હું ચિત્રામણ આલેખન કરીશ.' ત્યારે તે વૃદ્ધા તેને કહેવા લાગી કે, 'હે વત્સ ! તું તો મારા પુત્ર કરતાં અધિક ગૌરવ કરવા યોગ્ય છે. તું જીવતો છે, તો તે જીવે છે. તું મૃત્યુ પામે તો મારો પુત્ર પણ મરેલો છે. ફરી ફરી પગમાં પડી પડીને તેણે માતાને મનાવી. ત્યારપછી સ્નાન કરી, સુગંધી પદાર્થોથી શરીરે વિલેપન કરી અતિ પવિત્ર ધોતિયા સહિત, વજ્રલેપના અંશથી રહિત એવા રંગો સાથે, પીછી, સરાવ, જળ વગેરે તદ્દન નવાં અને તાજાં લઈને જેણે સાત આઠ ગણો મુખકોષ કર્યો છે, ઉપવાસ કરી પગમાં પ્રણામ કરી અન્યોક્તિ દ્વારા વિનંતિ કરવા લાગ્યો.

"વારિ આપનાર હે મેઘ ! તારું મલિનપણું ભુવનમાં અધિક છે, તારો ગગડાટ આડંબરવાળો છે, જેમના પતિ પ્રવાસી થયા હોય, તેના અક્ષરનો તું વિધિ છે, વીજળી આંખને અપમૃત્યુ સમાન છે, એ તો આપનું બાહ્ય સ્વરૂપ છે. મધ્યમાં તો નૈસર્ગિક (સ્વાભાવિક) અમૃત રહેલું છે, તે ત્રણે જગતને જીવન-ઔષધરૂપ થાય છે."

ત્યારપછી પવિત્ર ચિત્તવાળો સર્વ પ્રકારનાં બીજા કર્તવ્યોનો ત્યાગ કરીને અલ્પ કાળમાં ચિત્રામણ આલેખ્યું. અખંડ ભક્તિ સહિત પછી યક્ષ પાસે ક્ષમા માગે છે કે, 'મારાથી કોઇ અવિધિ-આશાતના થઇ હોય, તો માફ કરવી.' આ પ્રમાણે ચિત્ર ચિતરીને રહ્યો. તેની આશ્ચર્યકારી ભક્તિ દેખીને યક્ષ પ્રત્યક્ષ થયો અને કહ્યું કે, 'તારી ભક્તિથી હું પ્રસન્ન થયો છું, તો મારી પાસે વરદાન માગ. આણે કહ્યુ કે, 'તારી કૃપાથી વરદાનમાં એ માગું છું કે, 'હવેથી તારે કોઇ ચિત્રકાર કે નગરલોકને કોઇને ન મારવા.' તેણે કહ્યું કે, તે વાત તો સંશય વગર સિદ્ધ થએલી જ છે. અત્યારે તને ઘણા આનંદથી જીવતો મુકું છું. માટે બીજું વરદાન માગ. ત્યારે તે અતિ તુચ્છ પૂર્વના પુણ્યવાળો જેમાં ચામરો વિંજાતા હોય-એવા અશ્વો હાથી કે રાજ્યની માગણી નથી કરતો, સુવર્ણ-મણિની કોટી પણ નથી માગતો, પરંતુ તે કુબુદ્ધિ એવી માગણી કરે છે કે, 'જીવ કે અજીવ પદાર્થનો કોઇ પણ એક અંશ દેખું, તો તેના આધારે સંપૂર્ણ આખું રૂપ જોયા વગર તે સમગ્ર રૂપ ચીતરી શકું.' આવા પ્રકારની લબ્ધિ પ્રાપ્ત કરીને ઘરે જઇને પેલી વૃદ્ધાને પ્રણામ કર્યા. પોતાનો વિધિપૂર્વક આરાધનાનો વૃત્તાન્ત લોકોને જણાવ્યો એટલે રાજા, નગરલોક વગેરેએ તેનું સન્માન કર્યું.

## ૨૧. મૃગાવતીની કથા -

કેટલાક દિવસ પછી કૌશાંબી નગરીએ પહોંચ્યો. ત્યાં શતાનિક રાજા પોતાની એક ચિત્રસભા ચિત્રાવે છે. તેમાં ભિત્તિ ઉપર ચિત્રો ચિત્રાવવા માટે ક્રમસર દરેક ચિતારાઓને વહેંચી આપવામાં આવે છે. તેમાં રાજસભા, રયવાડી, અંતઃપુરક, ઘોડા, હાથીક્રીડા, વળી કોઇકને અપૂર્વ ચિત્રામણ આલેખન કરવાનું કાર્ય સોંપ્યું. (૩૦) દેવતાઈ વરદાન મળેલા ચિત્રકારને અંતઃપુરની તરુણીઓનું ક્રીડા-કૌતુક ચિતરવાનો પ્રદેશ પ્રાપ્ત થયો. જેમાં તે રાજાને ચિતરવા લાગ્યો. કોઈ વખત રાજાના પરમ પ્રેમનું પાત્ર એવી મૃગાવતી રાણી ગવાક્ષમાં ઉભી હતી, ત્યારે આ ચિતારાએ તેના પગનો અંગૂઠો દેખ્યો. તેના આધારે મૃગાવતીનું રૂપ જોયા વગર વરદાનના પ્રભાવથી આબેહૂબ અતિશય તેના રૂપના અનુરૂપ, રેખાથી મનોહર વસ્ત્રાભૂષણથી અલંકૃત સુંદર રૂપ આલેખ્યું. હજુ જેટલામાં આંખ મીંચાઇ ગઈ, તેટલામાં સાથળપ્રદેશમાં પીછીના અગ્રભાગથી મશીબિન્દુ ટપકી પડ્યું. ભૂંસી નાખવા છતાં ફરી પણ પડ્યું, ફરી ભૂંસી નાખ્યું, તો પણ પાછું મશીબિન્દુ ટપકી પડ્યું. નક્કી તેના સાથળમાં આ કાળો મસો હશે જ, માટે ભલે રહ્યું. હવે તેને નહિં ભુંસીશ. આખી ચિત્રસભા ચિતરાઇ ગઈ, રાજા જોવા આવ્યો. મૃગાવતી દેવીનું રૂપ જેટલામાં દેખે છે, એટલામાં સ્નિગ્ધ-સ્નેહવાળું ચિત્ત હતું. તે વિંધાઇ ગયું. જંઘા પર મસાને દેખીને વિચારવા લાગ્યો કે, ગુપ્ત લંછન આણે કેવી રીતે જાણ્યું હશે ? ગમે તે હો, પરંતુ આ ચિત્રકારે નક્કી મૃગાવતીને

ભ્રષ્ટ કરી છે.

ત્યારપછી ક્રોધથી લાલનેત્રવાળા રાજાએ તેને મારી નાખવાનો હુકમ કર્યો. 'મત્ત મનુષ્યોની માફક કોપાયમાન થએલાઓ પણ અવિચારિત કાર્ય કરનાર હોય છે. રાજાઓ વિચાર કર્યા વગર કાર્ય કરનાર હોય છે, ધનિકોનું નિષ્ઠુર કરવાપણું, ગુણીઓ ગુણીની ઈર્ષ્યા કરનારા હોય છે, તુચ્છ કાર્ય કરનારને આ ત્રણેય હોય છે.' મૃગાવતી શીલગુણમાં મહાસતી છે, એમ જગતમાં પ્રસિદ્ધ છે, દેવી તરીકે પ્રસિદ્ધિ પામેલી છે, સમુદ્રની વેલા મર્યાદા છોડતી નથી, તેમ પોતાના મર્યાદા ચુકે તેમ નથી, શતાનિક રાજા આ સર્વ મનમાં જો કે જાણે જ છે, તો પણ ક્ષણવાર તે મોહપિશાચને પરવશ બની જાય છે. (૪૦)

દેવીઓમાં મૃગાવતી દેવી ગંગા નદી માફક શુદ્ધ છે, અકલંકિતમાં આ કલંકની શંકા કેમ ઉત્પન્ન થઈ ? વસ્તુમાં બીજો કોઇ પરમાર્થ જગતમાં નથી, જે અતિ વિશુદ્ધ છે, તેને કોઇ પણ આળ ચડાવી શકે તેમ નથી. ચિત્રકાર મનમાં એમ વિચારતો હતો કે રાજા તરફથી મને શ્રેષ્ઠ કૃપા અવશ્ય પ્રાપ્ત થશે જ, પરંતુ મનુષ્ય ધારે છે કંઇ અને દૈવ કરે છે બીજું કંઇક, દૈવયોગે મરણ માફક દુઃખ પામ્યો.

હરિણોને કસ્તૂરી, સુગંધવાળા પદાર્થોને સારો ગંધ, કોઈ પદાર્થની અધિકતા-પ્રકર્ષ એ જેમ પોતાના નાશ માટે થાય છે, તેમ મને આ પ્રકર્ષવળો કળાગુણ મળ્યો, તે મારા નાશ માટે સિદ્ધ થયો. ચિત્રકારો સર્વે એકઠા મળીને રાજાની પાસે ઉપસ્થિત થઈ વિનંતિ કરવા લાગ્યા કે, 'હે દેવ ! વગર કારણે આ ચિત્રકારને શા માટે મારી નાખો છો ?' સાચો પરમાર્થ જાણનારા ચિત્રકારો કહેવા લાગ્યા કે, 'તેમાં લગાર પણ કોઈ દોષ હોય તો બતાવો, દેવતા પાસેથી વરદાન મેળવેલું છે, તો તેને શા માટે શિક્ષા કરવી જોઈએ ?'

દેવતાઇ વરદાનનો વૃત્તાન્ત રાજાને કહ્યો, ખાત્રી માટે એક કુબડીનું માત્ર મુખ બતાવીને તેવું જ રૂપ આલેખન કરાવ્યું. આમ છતાં પણ રાજાનો કોપ વ્યર્થ જતો નથી, તેથી તે રાજાએ જેનાથી ચિત્રકાર્ય કરી શકાય છે, તેવા હાથના અંગૂઠાને કપાવી નંખાવ્યો. ફરી સાકેતપુરમાં તે સુરપ્રિય યક્ષને આરાધવા માટે પહોંચ્યો. યક્ષના ચરણમાં પ્રણામ કરી પહેલાની માફક વરદાન માગ્યું. યક્ષ પ્રત્યક્ષ થઇને કહે છે કે, 'હે વત્સ ! ચાલ ઉભો થા, તું સારી રીતે જમણા માફક ડાબા હાથથી પણ હવે ચિત્રામણો આલેખી શકીશ. ચિંતવીશ તે પ્રમાણે થશે.' એટલે હવે વિચારવા લાગ્યો કે, હવે મારે મારા શત્રુને કેમ હણવો ? તેમાં કેવી રીતે સફળતા મેળવવી ?

આ શતાનિક રાજા ચંડપ્રદ્યોત રાજાના તાબામાં છે, (૫૦) શ્રેષ્ઠ તરુણસ્ત્રીઓને આલિંગન કરવાના લોભથી કંઇપણ નહિં કરશે-એમ ચિંતવીને ચિત્રપટમાં મૃગાવતીનું રૂપ

ચિતર્યું, ઉજ્જેણી નગરીમાં જઇને પ્રદ્યોતન રાજાને અર્પણ કરતા કહ્યું કે, 'આ તો માત્ર મૃગાવતીના રૂપનો અંશ જ ચિતર્યો છે. બે હજાર નેત્રો વડે કરી તે દેખી શકાય તથા તેટલી જ જીભો વડે વર્ણન કરી શકાય તેવા રૂપવાળી આ મૃગાવતી છે, તે કદાચ દેખવું અને વર્ણવવું શક્ય ગણાય, પરંતુ તેના રૂપનું આબેહુબ ચિત્રામણ કરવું તેવી શક્તિ કોઇની નથી.' ચિત્રામણ દેખી પ્રદ્યોતન રાજના ચિત્તમાં દ્વિધાભાવ પ્રગટ્યો. દેવીને દેખીને એકદમ જેમ ચંદ્રોદયથી સમુદ્ર ક્ષોભ પામે તેમ રાજાનો અનુરાગ-સાગર ક્ષોભાયમાન થયો.

શ્રવણ કરવું તે સ્વાધીન છે. રતિ પણ સાંભળવી સ્વાધીન છે, પરંતુ રતિ-ક્રીડા તો પરાધીન છે, રતિ માફક મદનાગ્નિથી તપેલાનું હૃદય રમણી હરણ કરે છે, દ્યૂત રમનારને કાળી કોડી દાવમાં ન આવતી અને ઉજ્જ્વલ આવતી ગમે છે. મદનાધીનને રમણી પણ આવતી ગમે છે. પોતાના અંતઃપુરમાં સ્વાધીન-સમીપ-અનુરાગવાળી અનેક રમણી હોવા છતાં રાગ વગરની દૂર એક રમણી માટે ઇચ્છા કરે છે, તે ખરેખર દૈવ મૂઢ છે. હવે ચંડપ્રદ્યોતરાજા શતાનિક રાજા ઉપર એક દૂત મોકલે છે. તે ત્યાં ગયો, રાજાને પ્રણામ કરી આપેલા આસન પર બેઠો અને વિનંતિ કરવા લાગ્યો. તમારી ભક્તિ માટે રાજાને ચિત્તમાં બહુમાન છે, તેથી જ દેવે આપની તરફ મને મોકલ્યો છે. સ્વામી તમારા ઉપર હંમેશા શ્રેષ્ઠ પ્રીતિ વહન કરે છે. તે પ્રીતિરૂપ કલ્પલતાની વેલડીને પલ્લવરૂપ ઉલ્લસિત કરવા માટે નિઃશંકપણે સ્વામી પાસે મૃગાવતી દેવીને મોકલી આપો. (૬૦)

હે રાજન્ ! તમારી પ્રાણપ્રિયાના પ્રેમથી તેની પ્રીતિ પ્રગટ થશે. જ્યાં પુત્ર વલ્લભ હોય છે, ત્યાં તેનો પૌત્ર પણ વિશેષ વલ્લભ થાય છે. રાજાએ જવાબ આપ્યો કે સ્વામીએ મારી ભક્તિ તો બરાબર જાણી. આ વાત કરવામાં તારા કરતાં બીજો કયો ચડિયાતો શોધી લાવવો ? રાવણને સીતાના પ્રેમથી રામ વિષે જેવી પ્રીતિ પ્રગટી, તેવી મહાપ્રીતિ પત્નીના પ્રેમવડે કરીને બહુ સારી મારા વિષે બતાવી. તારે રાજાને જઇને અમારી પ્રીતિ પણ પ્રકાશિત કરવી કે, દેવીને આજે મોકલવાનો કોઈ પ્રસ્તાવ નથી.

દૂત - જો દેવી નહિં મોકલશો, તો દેવ રોષ ધારણ કરશે.

રાજા - અરે ! અમારા ઉપર રોષાયમાન થયાને તેને કેઇકાલ વીતી ગયો છે.

દૂત - રોષાયમાન હોય કે તોષાયમાન હો, અધિક બળવાળા આગળ તમારું શું ચાલવાનું છે ? કાણી આંખવાળો સુતેલો હોય કે જાગતો હોય, તો પણ વિદિશામાં દેખી શકતો નથી.

રાજા - ઘણા સૈન્ય-પરિવારવાળો વિજયપતાકાનું કારણ બને તેમ હોતું નથી ઘણા હરણિયાના જુથવાળો કાલસાર મૃગ પણ સિંહથી હણાય છે. ફરી ફરી પણ ગમે તેમ

કોપથી દૂત પ્રલાપ કરતો હતો, તેને પ્રતિહારે ઠોક્યો અને ગળે પકડીને હાંકી કાઢ્યો. ત્યારપછી દૂતે ઉજ્જેણી પહોંચી પોતાના સ્વામી પાસે જઇ કંઈક ઉત્પ્રેક્ષા સહિત સમગ્ર વૃત્તાન્ત જણાવ્યો. એટલે કોપાયમાન થએલા ચંડપ્રદ્યોત રાજાએ યુદ્ધની ઢક્કા વગડાવી અને યુદ્ધ કરવાની સર્વ સામગ્રી સહિત ત્યાંથી નીકળીને કૌશાંબી દેશના સીમાડાએ પહોંચ્યો. સૈન્યાદિક મોટી સામગ્રી સહિત રાજાને યુદ્ધ કરવા આવતો જાણી રાજા શતાનિકને હૃદયમાં પ્રચંડ આંચકો લાગ્યો, ઝાડા છૂટી ગયા અને મરણ પામ્યો.

હવે મૃગાવતી રાણી એકદમ શોકમગ્નબની. પતિના મૃત્યુની ઉત્તર ક્રિયા કર્યા પછી મહાચિંતાથી આક્રમિત થએલી ચિંતવવા લાગી કે, આ મારાં રૂપ, લાવણ્ય, સૌભાગ્ય અને મનોહરતાના કારણે મારા પતિ મૃત્યુ પામ્યા અને મસ્તક ઉપર વજ્ર સરખું સંકટ આવી પડ્યું. હવે અત્યારે મારે શું કરવું ? એ પાપી બળાત્કારે પણ મારા શીલનું ખંડન કરશે, પરંતુ આત્મઘાત કરીને પણ મારા શીલનું હું રક્ષણ કરીશ. કદાચ બળાત્કારે પણ શીલખંડન કરશે તો પણ જીવતા શીલખંડન કરવા નહિં દઉં. કેસરીસિંહ આગળ સાંઢનું શું જોર ગણાય ? (૭૫)

અથવા હું ચેટક રાજાની પુત્રી, ભુવનના અપૂર્વ સૂર્ય સમાન મહાવીર ભગવાનની (માસીબાઈ) ભગિની, આજે તેમના જેવી કીર્તિ ઉપાર્જન કર્યા વગર કેવી રીતે મૃત્યુ પામું ? પણ જીવતી રહીશ, તો યમરાજ કરતાં ભયંકર એવા તેનાથી શીલ પાલવા કેવી રીતે સમર્થ થઇશ ?

ખરેખર એક બાજુ વાઘ અન બીજી બાજુ જળથી ભરપુર બે કાંઠાવાળી નદીનો ન્યાય મને લાગુ પડેલો છે; તો હવે તે પાપસ્વભાવવાળાનાં વચનને અનુકૂળ બની "કાલક્ષેપ કરવો, તે જ સર્વ સંકટનો પ્રતિકાર છે." ત્યારપછી તેના ચિત્તને પ્રસન્ન કરાવનાર કોમલ વચન કહેનાર એક મુખ્ય માણસને મોકલીને મૃગાવતીએ પ્રદ્યોત રાજાને કહેવરાવ્યું, તે માણસ રાજાને પ્રણામ કરીને વિનંતિ કરવા લાગ્યો કે, 'હે દેવ ! દેવી કહેવરાવે છે કે, તમારા પ્રતાપાગ્નિમાં રણક્રીડાની ખણજવાળા મારા ભર્તાર ક્ષણવારમાં પંચત્વ પામી ગયા છે. હવે તમારે અબલા એવી મારી ઉપર યુદ્ધ પ્રયાણ કરવું ઉચિત નથી. આજે તો તમો પાછા વળીને હાલ ઉજ્જેણી જાવ. જે મારા શતાનિક પતિ હતા, તે તો યમરાજાએ પોતાને ઘરે મોકલી આપ્યા છે, હવે મારી બીજી કઇ ગતિ હોય ?' એમ હમણા જઇને રાજાને કહો.

રાજા - દેવીનાં દર્શન માટે, દુઃખે કરી નિવારી શકાય તેવા કામદેવના ઉન્માદવાળો હું નગરીમાં આવું છું.

પુરુષ - હે દેવ ! દેવી પોતાની મેળે જ આવશે, થોડો સમય વિલંબ રાખો.

રાજા - ક્યારે આવશે ?

પુરુષ - જ્યારે નગરી સારી રીતે સ્વસ્થ થશે. નહિંતર નજીકના રાજાઓ આવીને પુત્ર નાનો હોવાથી તેને ચાંપી નાખે.

રાજા - એવો કયો છે ? તેનું નામ કહે, આજે તેનું મસ્તક ખંડિત કરું.

પુરુષ - સો યોજન દૂર રાજા હોય અને ઓશીકે સર્પ ચાલતો હોય તો તે કેવી રીતે બાળકને બચાવી શકે ?

રાજા - તો દેવીને જણાવો કે, કયા ઉત્તમ આદેશનો અમલ કરું ?

પુરુષ - આ કૌશાંબી નગરીને એવી તૈયાર-સજ્જ કરો કે, શત્રુસૈન્યને જિતવી અસાધ્ય થાય. ઉજ્જેણી નગરીની મજબૂત ઇંટો મંગાવી સારી રીતે ચોંટાડી એવી ઇંટોનો કોટ કરાવો. તે ઇંટો ઘણી જ બળવાન મજબૂત છે. અમારી નગરીમાં તેવી ઇંટો નથી.

ત્યારપછી પ્રદ્યોતરાજા પોતાની નગરીમાં ગયો, પોતાના તાબેદાર રાજાઓ તેનો પરિવાર લશ્કર વગેરેને શ્રેણીબદ્ધ ઠેઠ ઉજેણીથી કૌશાંબી સુધી ગોઠવ્યા. એક પુરુષ બીજા પુરુષને ઇંટ આપે, તેવી પરંપરાથી ઇંટો સંચાર કરી એકઠી કરી, પછી ટૂંકા કાળમાં સુંદર ઉંચો કોટ કરાવ્યો. દેવીને બોલાવી એટલે કહ્યું કે, 'ઘઉં, જળ વગેરે ધાન્યો ઇંધણ, ઘાસ વગેરે સામગ્રી નગરીમાં ભરાવી આપો. તેણે કહ્યા પ્રમાણે કિલ્લામાં ધાન્ય, ઇન્ધણ વગેરે સામગ્રી નગરમાં ભરાવી આપી. ઉપરાંત વળી મણિરત્નના આભૂષણો આપવા પૂર્વક દેવીને બોલાવે છે.

હવે મૃગાવતી વિચારવા લાગી કે, 'અત્યારે જેની તુલનામાં ન આવે, તેવો પ્રત્યુત્તર પાઠવવો.' ચેટક રાજાની પુત્રી, તેવા પ્રકારના રાજકુલની ભાર્યા, જગત્પ્રભુ મહાવીરની ભગિનીને આવું અકાર્ય કરવું યોગ્ય ન ગણાય. કુલાંગના-સ્ત્રીઓને શીલ એ તો કદાપિ ન ભાંગે તેવું આભૂષણ છે, સીલ-રહિતને હીરા, રત્ન, મુક્તાફળનાં આભૂષણ હોય, તો તે હાસ્ય માટે થાય છે. ધન વગરનાને શીલ એ ધન છે, આભૂષણ વગરનાને શીલ મણિનો બનાવેલ દાગીનો છે. શીલ એ સહાય વગરનાને સહાય કરનાર છે, ગુણરહિત હોય, પણ એક શીલગુણથી તે ઘણું ગૌરવ પામે છે.'

'પરમાર્થથી વિચાર કરીએ, તો સ્ત્રીઓને શીલ એ જ જીવિત છે. શીલથી રહિત હોય તેવી સ્ત્રી મડદું ગણાય છે. તે મડદાના ભોગમાં કયો ગુણ કે કયું સુખ હોય છે ? રાવણ સરખા રાક્ષસના પંજામાં સપડાએલી હોવા છતાં સીતાએ પોતાના શીલનું રક્ષણ કર્યું. આ

શ્વાન (કૂતરા) સરખાથી હું શીલનું રક્ષણ કેમ ન કરું ?' આ પ્રમાણે સુંદર દઢ નિશ્ચય ઉત્સાહથી કાંતિયુક્ત મુખવાળી થઇ થકી પ્રદ્યોત ઉપર કોપથી ભૃકુટી ચડાવીને પ્રદ્યોત પ્રત્યે પ્રતિકૂળ થઇને મોકલેલા પુરુષો આગળ મૃગાવતી કહેવા લાગી કે, 'હું આવવાની નથી, તમે પાછા ચાલ્યા જાવ. લજ્જાનો ત્યાગ કરીને અકાર્ય કરવા પ્રદ્યોત તૈયાર થયો છે, તે કેવી ખેદની વાત ગણાય ! મારા શીલરત્નને લંપટપણાથી નાશ કરવા વડે કરીને, અકીર્તિ અને કર્મમલને પુષ્ટ કરતો પોતાના કુલને કલંકિત કરતો તે પ્રદ્યોત નથી, પણ ખદ્યોત એટલે ખજવો કીડો છે.' વળી આ પણ કહેવું કે - 'ઈન્દ્રનો વૃત્તાન્ત વિચાર કે - શરીરમાં છિદ્રો ન હતાં, તેમાં આખા શરીરે છિદ્રોવાળો બન્યો, તે કયા કારણે ? રાવણના કુલનો ક્ષય થયો, તેનો વિચાર તારા મગજમાં ક્ષણવાર કેમ આવતો નથી ? વળી તું જૈનધર્મ પામેલો છે, તો પરદારાગમન કરનારને વજ્ર સરખા કાંટાની ઘટાવાળી શાલ્મલી વૃક્ષે આલિંગન કરવું પડે છે, તપેલી લાલચોળ અગ્નિવાળી પુતળીને ભેટવું પડે છે, તે કેમ ભૂલી જાય છે ? જેથી પતિવ્રતા શીલવતીને તું મર્યાદા વગરનું વચન બોલી અને દૂષિત કરે છે.'

આ પ્રમાણે દેવીએ કહેવરાવેલ પ્રત્યુત્તર ત્યાં જઇને કહ્યો, એટલે સૈન્ય-પરિવાર સહિત સૂર્યની જેમ પ્રદ્યોત રાજા વગર રોકાયે તરત કૌશાંબી પહોંચ્યો. નગર બહાર ચારે બાજુ મજબૂત સૈન્ય ગોઠવી ઘેરો ઘાલ્યો. ભયથી કંપાયમાન થતી માનવાળી મૃગાવતી વિચારવા લાગી. 'તે ગામ, નગર, શહેર, ખેટક, મંડપ, પટ્ટણ વગેરે સ્થળોને ધન્ય છે કે, જેમાં શત્રુના ભયો, વેર-વિરોધોનો નાશ કરનાર એવા વીર ભગવંત વિચરે છે. જો જગતના લોકોનાં નેત્રોને આનંદ આપનાર જેના દર્શન દુર્લભ છે, એવા વીર ભગવંત અહિં પધારે, તો તરત હું મારો મનોરથ સફળ કરું.' પુણ્યાનુબંધી પુણ્યની પરંપરાવાળા પ્રાણીઓથી જાણે પ્રેરણા પામ્યા હોય, તેમ ભગવંત ત્યાં પધાર્યા, દેવતાઓએ સુંદર સમવસરણની રચના કરી, એટલે ભગવંત તેમાં, વિરાજમાન થયા. નગરમાં દૂર સુધી સેના સ્થાપન કરીને ચંડપ્રદ્યોત રાજા પ્રભુને વંદન કરવા માટે જલ્દી સમવસરણમાં પહોંચ્યો. હર્ષપૂર્ણ અંગવાળી મૃગાવતી બાળક રાજકુંવરને લઇ બીજા વિપરીત દરવાજાથી પ્રભુને વંદન કરવા માટે આવી. મનુષ્યો, દેવો, અસુરોની પર્ષદામાં ગંભીર ધીર વાણીથી પ્રભુએ ધર્મ-દેશના શરુ કરી.

ઉત્તમ મનુષ્યજન્મ, ઉત્તમ ક્ષેત્ર, કુલ, નિરોગી સંપૂર્ણ ઇન્દ્રિયવાળો દેહ વગેરે નિષ્કલ ગુણોનો યોગ થયો હોય, યુગપ્રધાન ગુરુ સાથે સમાગમ પ્રાપ્ત થયો હોય, ત્યારે નક્કી મહાપ્રમાદનો, મોહનો, અજ્ઞાનનો ત્યાગ કરીને પંડિત પુરુષો સંસારનો અંત કરનાર એવા ધર્મમાં ઉદ્યમ કરે છે. હે રાજન્ ! તું ઉદ્યમ કેમ કરતો નથી ? ધર્મ એકઠાં કરેલાં પાપકર્મના

કાદવના પડલોનું પ્રક્ષાલન કરવામાં સમર્થ છે, તેમ શાશ્વત નિર્મલ મંગલ શ્રેણીની કળા ઉત્પન્ન કરનાર છે, ધર્મ કામધેનુ છે, અખૂટ નિધાન હોય તો ધર્મ છે જીવોને ચિંતામણિરત્ન છે, ધર્મ સ્વર્ગ અને મોક્ષના સમાગમ સુખને વગર શંકાએ સાધી આપનાર છે. તે ધર્મ ઉત્તમ પ્રથમ હોય તો મહાવ્રતસ્વરૂપ કે જેમાં હિંસા નાની-મોટી મન, વચન, કાયાથી બિલકુલ કરવાની હોતી નથી અને તે ધર્મ સાધુ જ માત્ર આચરી શકે છે. બીજો પ્રકાર અણુવ્રત સ્વરૂપ છે, જે અનેક પ્રકારનો છે અને તે શ્રાવકોએ કરવા લાયક છે. દરેક સમયે હંમેશાં પ્રત્યાખ્યાન, દીનાદિકને દાન આપવાનો ઉદ્યમ કરવો, ગુરુના સન્મુખ હંમેશા શાસ્ત્ર-વ્યાખ્યાઓનું શ્રવણ કરવું, એકાગ્રચિત્તથી ક્રમ-પૂર્વક ધ્યાન કરવું, રાગ-દ્વેષ, વિષાદ, ક્રોધ, વિકથા, કંદર્પ, અભિમાન, માયાદિક દોષોને દૂરથી વર્જવા, હંમેશાં દાક્ષિણ્યાદિ ગુણો દીક્ષાદિક રત્નોને ઉપાર્જન કરવા. પંચ પરમેષ્ઠીનં સ્મરણ કરી કાર્યારંભ કરવો, શાસ્ત્રોનાં તત્ત્વોનું પરાવર્તન કરવું, વળી કરુણાપાત્રમાં કારુણ્ય કરવું. આ માર્ગ મોક્ષને યોગ્ય છે.

આ સમયે એક ધનુષધારી પામર મનુષ્ય દૂર ઉભો રહી પ્રભુને મનથી પૂછતો હતો, ત્યારે પ્રભુએ વચનથી પૂછવા કહ્યું. પ્રગટ પૂછવા માટે શક્તિમાન્ થતો ન હતો, છતાં શરમાતાં શરમાતાં તેણે પૂછ્યું કે, હે ભગવંત ! 'જા સા, સા સા' 'જે તે, તે તે' એમ ગુપ્તાક્ષર અને વાણીથી તેણે પ્રશ્ન કર્યો. પૂછેલાનો પ્રત્યુત્તર તેમાં આવી જ જાય છે. તેને સ્વામી પણ ઉત્તર આપે છે. ત્યારપછી પ્રણામ કરીને ગૌતમસ્વામી પણ આ ગુપ્તાક્ષરનો પરમાર્થ પૂછે છે. હે ભગવંત ! 'જા સા, સા સા' એવી વિશેષ ભાષામાં તેણે આપને પૂછ્યું, તો કૃપા કરીને તેનો વિસ્તારથી પરમાર્થ આ વિષયમાં શુ છે ? તે સમજાવો. (૧૨૦) પ્રભુએ એ વૃત્તાન્ત આ પ્રમાણે કહ્યો -

## ૨૨. જા સા સા સાનું દષ્ટાંત -

ચંપાનગરીમાં સ્ત્રી લોલુપી એક સુવર્ણકાર હતો. સુંદર રૂપવાળી જે કોઈ કન્યાને દેખે છે, તેની તે અભિલાષા કરે છે. તેના પિતાને ૫૦૦ સુવર્ણમહોરો આપીને તે કન્યા સાથે લગ્ન કરતો હતો, એમ કરતાં તેણે પોતાને ત્યાં ૫૦૦ સ્ત્રીઓ એકઠી કરી. દરેક પત્નીને તિલક આદિ ચૌદ પ્રકારના આભૂષણો, ચીનાઇ રેશમી વસ્ત્રો આપે છે. પરંતુ જે દિવસે જે ભાર્યાને ભોગવે છે, તે જ દિવસે કુંકુમ, પુષ્પો, આભૂષણો વસ્ત્રો આપે છે, બીજા દિવસે આપતો નથી. ઈર્ષ્યા-શસ્ત્રથી ઘવાએલો તે ઘરની બહાર નીકળતો નથી. સગા, સંબંધી, પિતા, બન્ધુ આદિને ઘરમાં પ્રવેશ કરતાં રોકે છે. (૧૨૫)

એક વખત સ્નેહીમિત્રે ઉત્સવ પ્રસંગે ઘરે જમવા આમંત્રણ આપ્યું. જવાની ઇચ્છા ન હોવા છતાં હાથ પકડીને બળાત્કારે ઘરે લઇ ગયો. એ વખતે તે સ્ત્રીઓ સામુદાયિક વિચાર

કરે છે કે, આપણા જીવતરથી શો ફાયદો ? મળેલા ભોગો હોવા છતાં આપણે ભોગવટો કરી શકતા નથી. મણિરત્નાદિના તે નિધાન પાસે રહેલાં છે, પણ આપણને તેનો શો લાભ ? રાક્ષસ અને યક્ષથી રક્ષાએલ એવા તે ભોગો ભોગવટામાં કામ લાગતા નથી. આજે આપણને એકાંત સમય મળ્યો છે, તો આપણે લાંબાકાળે વસ્ત્ર, તંબોલ વિલેપન, આભૂષણથી શૃંગાર સજીએ. આ પ્રમાણ કામદેવને અનુરૂપ સર્વાંગે શૃંગાર સજી મનોહર રૂપવાળી તેઓ પોતાનું વદન દર્પણમાં અવલોકન કરતી રહેલી હતી; એટલામાં તે સોનાર આવી પહોંચ્યો.

તે ક્ષણે તેવા શણગારેલા શરીરવાળી સર્વને દેખીને કોપ કરી તેમાંથી એકને પકડીને તેને તાડન કર્યું, એટલામા તે સ્ત્રી મૃત્યુ પામી. બાકીની સ્ત્રીઓ પોતાના પ્રાણના નાશની શંકાથી તે એક સામટી સર્વ સ્ત્રીઓએ વેગથી તે પતિ ઉપર દર્પણો ફેંક્યાં, તેથી તે પણ મૃત્યુ પામ્યો. મૃત્યુ પામેલા પતિને દેખીને તેઓ અતિશય પશ્ચાત્તાપથી તપ્ત થએલ ચિત્તવાળી એકઠી મળીને સમય જાણનાર એવી તેઓ પશ્ચાત્તાપ કરવા લાગી કે, ખરેખર આપણે નિર્ભાગિણીઓ છીએ, 'પતિમારિકા' એવી આપણી અપકીર્તિ થશે, પછી આપણે આપણું મુખ કોને બતાવી શકીશું ? હવે સાક્ષાત્ લોકો કુટુંબી, સ્નેહી સંબંધીઓ દરરોજ આપણા ઉપર ધિક્કાર વરસાવશે, ભીખારીઓનાં ટોળાં પણ ગમે તેમ આપણા માટે અપવાદ-તિરસ્કારનાં વચનો બોલશે, જેથી આપણે મરેલા જેવાં જ થઇશું. પાછળથી પ્રાણનો ત્યાગ કરવો પડે, તો હજુ સુધી આજે આપણું મહાપાપ કોઇએ જાણ્યું નથી, ત્યાં સુધીમાં આ ઘરમાં ઇંધણાં ભરીને ઘરને આગ લગાડીને આપણે સર્વ સાથે મૃત્યુ પામીએ. તે પ્રમાણે કર્યું, એટલે સતત સળગેલા અગ્નિની ભયંકર યમજિહ્વા સરખી લાંબી જાળમાં તે મૂઢ સ્ત્રીઓ બળી મરી.

પાપ કર્યા પછી જેનો પશ્ચાત્તાપ પલ્લવિત થયો હતો, એવી તે અકામ નિર્જરાના પુણ્યયોગે પર્વત ઉપર એક પલ્લીમાં એક ન્યૂન એવા મહા ભરાડી ચોરો થયા. પ્રથમ મૃત્યુ પામેલી સ્ત્રી એકાંતરે-એક ભવના આંતરામાં બ્રાહ્મણ કુળમાં પુત્રરૂપે થયો અને દાસપણું કરવા લાગ્યો. બીજા ભવમાં તિર્યંચજાતિમાં ઉત્પન્ન થયો હતો. પેલાને જન્મ્યા પાંચ વર્ષ થયાં હતાં, ત્યારે સુવર્ણકાર પણ તિર્યંચનો ભવ પૂર્ણ કરી તે જ બ્રાહ્મણ-કુળમાં અતિસ્વરૂપવાળી પુત્રીરૂપે જન્મી. તે પુત્રીને બાલ્યવયમાં જ કામાગ્નિનો તીવ્ર ઉદય રહેતો હતો. નિરંતર શરીરમાં કામદાહ ઉત્પન્ન થાય, તેથી રુદન કર્યા જ કરે. કોઇ પ્રકારે શાંત થતી ન હતી. બાલિકાને સાચવનારો આ બ્રાહ્મણપુત્ર હતો. પૂર્વ ભવના કામદાહથી બળતી હતી. એમ કરતાં પેલો સેવક શરીર પર હાથ ફેરવતાં ફેરવતાં તેની આંગળી યોનિ પંપાળવા લાગી, એટલે રોતી બંધ થઇ ગઈ; એટલે રુદન બંધ કરાવવાનો ઉપાય મળી ગયો. બ્રાહ્મણે આવી

કુચેષ્ટા દેખવાથી તેને તાડન કરી પોતાના ઘરમાંથી હાંકી કાઢ્યો. તે દુષ્ટ નોકર અતિક્રોધ પામ્યો અને ચોરોને મળ્યો.

ચારે બાજુ ઘોર અંધકારમાં પહોંચેલ ઘુવડ સુખી થાય છે, દુષ્ટ માણસ દુષ્ટોના વનમાં જાય, તો પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે. પેલી બ્રાહ્મણપુત્રી યૌવન વય ન પામવા છતાં અસતીઓમાં અગ્રેસરપણું ધારણ કરનાર બની. માતા-પિતાએ તેને તજી દીધી એટલે રખડતી રખડતી તે એક ગામમાં પહોંચી. તે ગામમાં પેલા પાંચસો ચોરો ધાડ પાડીને આખું ગામ લૂંટી ગયા. પેલી પણ તે ચોરો સાથે ગઈ. તે પાંચસો ચોરોને આ એક જ સ્ત્રી છે, તેઓની સાથે ભોગ ભોગવતી અતિશય હર્ષ પામે છે, ફરી ભોગવે, તો પણ તૃપ્તિ થતી નથી. જો સમુદ્ર જળથી અને અગ્નિ લાકડા-ઇન્ધણાંથી તૃપ્તિ પામે છે, બીજા બીજા પુરુષોને તૃપ્તિ થાય છે, પરંતુ આ વિષયમાં સ્ત્રીઓ તૃપ્તિ પામતી નથી. આ ચોરો સાથે ફરે છે, જેમ મ્લેચ્છોની ઘંટી બીજા બીજા અન્નને દળે છે, તેમ આ તરુણ કામિની સ્ત્રી પણ તે ગતિ પામેલી છે. કોઇ વખત ચોરો ધાડ પાડવા માટે ગયા, ત્યાંથી એક બીજી સ્ત્રી એટલા માટે લાવ્યા કે, બિચારી આ એકલી સર્વ સાથે ઘણી થાકી જાય, તેને રાહત આપવા માટે અને સહાય કરવા માટે કામ લાગે. (૧૫૦) પરંતુ આ ઇર્ષ્યાલુ સ્ત્રી તેને શોક્ય ગણવા લાગી અને પોતાના કામસુખમાં ભાગ પડાવનારી છે, તેથી તેને અહિં ઘરવાસ કરવા દેતી નથી, તેનાં છિદ્રો ખોળે છે અને મરકી માફક મારી નાખવા ઇચ્છા કરે છે.

જ્યારે સર્વ ચોરો ધાડ પાડવા ગયા, ત્યારે બંને પાણી ભરવા ઘણે દૂર ગયા, તેને પેલીએ કહ્યું કે, 'આ કુવાના તળિયામાં શું દેખાય છે ? હે અલી ! આગળ જઇને અંદર નિરીક્ષણ કર' પેલી જેવી જોવા ગઈ કે, તરત પેલીએ ધક્કો મારી અંધારા કૂવામાં બિચારીને ફેંકી. પાછા આવેલા તેઓ પૂછવા લાગ્યા કે તારી નાની બહેન ક્યાં ગઈ ? તે જલ્દી કહે, અતિશય ક્રોધ કરવા પૂર્વક તે કહેવા લાગી કે, 'તમે તેની તપાસ કેમ નથી કરતા ?' ઇંગિત આકાર જાણવામાં કુશળ તેઓ સમજી ગયા કે જરૂર આણે જ તેને મારી નાખી જણાય છે.

ત્યારપછી તે નાનો ચોર હતો, તેણે વિશુદ્ધ ચિત્તથી વિચાર્યું કે, 'હું માનું છું કે, આ પેલા બ્રાહ્મણની પુત્રી અથવા પત્ની હોવી જોઇએ. કારણ કે બાલા હતી, ત્યારે પણ સુવર્ણ સરખી સુંદર કાયાવાળી હતી અરેરે ! હે નિર્ભાગી ! આ તને કામનો ઉન્માદ કોઈ નવી જાતનો ઉત્પન્ન થયો લાગે છે ? આટલા આટલા પુરુષોથી પણ હજુ તને તૃપ્તિ થતી નથી ? અથવા આ કોઈ વેશ્યા છે, અથવા બીજી કોઇ પાપિણી છે, આવી પાપિણી સ્ત્રીથી સર્વથા સર્યું. પરંતુ કૌશાંબી નગરીમાં જઈને જેમને સમગ્ર અર્થ પ્રગટ છે, એવા વીર ભગવંતને

સમવસરણમાં પૂછીને આ વિષયમાં પરમાર્થ શું છે ? તે જાણી લઉં.'

આ પ્રમાણે ચિંતવન કરીને આવેલા તેણે ગુપ્તપણે પૂછ્યું હતું. હે ગૌતમ ! મેં પણ તેને તે જ ઉત્તર આપ્યો હતો. હવે પેલા પામરને કહે છે કે, હે સુંદર ! અસાર એવા દુઃખપૂર્ણ આ સંસારમાં એક ક્ષણવાર પણ વાસ કરવો યોગ્ય નથી. વાસ કરવો હોય તો નિર્વૃત્તિ-મોક્ષનગરીમાં વાસ કરવો યોગ્ય છે. મોક્ષનગરીમાં એકાંતિક, આત્યંતિક, અનુપમ, બાધા વગરનું સુખ હોય છે. જો તે સુખની અભિલાષા વર્તતી હોય તો તત્કાલ પ્રવ્રજ્યા અંગીકાર કરવા લાગ્યો, એટલે ભગવંતે પોતાના હસ્તથી તેને દીક્ષા આપી અને ઉત્તમ સાધુ થયો. તે સાધુ પેલી પલ્લીમાં પહોંચી પાંચસો ચોરોને પણ તે કથા કહીને પ્રતિબોધ કર્યો અને ત્યારપછી દીક્ષા આપી. આ પ્રમાણે 'જા સા સા સા' ની કથા પૂર્ણ થઈ.

## ૨૩. મૃગાવતી-આર્યચંદનાને કેવલજ્ઞાન -

હવે સમવસરણમાં મૃગાવતી દેવીએ વીરભગવંતને વંદન કરી વિનંતિ કરી કે, 'હે મહાપ્રભુ ! હું પણ પ્રદ્યોત રાજાને પૂછીને દીક્ષા અંગીકાર કરીશ.' ત્રણ ભુવનના સ્વામી વીરભગવંતે કહ્યું કે, 'હે ભદ્રે ! તારો મનોરથ અનુરૂપ છે. આવા ધર્મકાર્યમાં વિલંબ કરવો યોગ્ય નથી. ફરી આવો ક્ષણ મળવો દુર્લભ છે. પ્રદ્યોતરાજા પાસે પહોંચીને તેને કહ્યું કે, 'હે સજ્જન ! સુપુરૂષ ! જો તમે મને અનુજ્ઞા આપો, તો હું સાધ્વીપણું અંગીકાર કરું. કારણ કે, હાલ હું તમારે આધીન છું. દેવતાઓ અને અસુરોની સમવસરણની પર્ષદામાં તેને નિવારણ કરવા અસમર્થ, જેના મુખની કાંતિ ઉડી ગઇ છે, એવો તે પ્રદ્યોત કહેવા લાગ્યો કે, 'હે સુંદરી ! તેમાં શું અયોગ્ય છે ?' તેણે પણ પ્રભુ સન્મુખ તીવ્રકામના ઉન્માદની અધિકતા હોવા છતાં રજા આપી. પૃથ્વી નરેન્દ્રની પાસે મુખમાં ગયેલાને મૂકી દે છે.

ત્યારપછી મૃગાવતીએ બાળ ઉદયનકુમારને પ્રદ્યોતરાજાના ખોળામાં નિધિ માફક સ્થાપન કરી મહાવીર ભગવંતના હસ્તથી પ્રવ્રજ્યા અંગીકાર કરી. (૧૭૦) તે જ મહારાજાની બીજી આઠ રાણીઓએ શ્રેષ્ઠ ભાવના ભાવવા પૂર્વક તેની સાથે દીક્ષા અંગીકાર કરી. જેમ દેવદ્રવ્યનો દ્રોહ કરવામાં-ડૂબાડવામાં બાપ-દાદાની પહેલાની મૂડી હોય તે પણ સર્વ ચાલી જાય છે, તે પ્રમાણે મૃગાવતી સાથે ભોગ ભોગવવાની ઇચ્છાવાળા તેને પણ તે પ્રમાણે થયું. અર્થાત્ ચંડપ્રદ્યોતની આઠ રાણીઓએ પણ દીક્ષા અંગીકાર કરી. ઉપાંગ-સહિત અંગોનો તે સર્વેએ અભ્યાસ કર્યો, પોતાના આત્માને અતિતીવ્ર તપકર્મ કરવામાં અર્પણ કર્યો.

બીજા બીજા સ્થળે પ્રભુએ વિહાર કર્યો. કોઇક સમયે ફરી પ્રભુ કૌશાંબીમાં પધાર્યા. ભવથી ભય પામેલા ભવ્યાત્માઓ સમવસરણમાં ભગવંતના શરણમાં આવેલા હતા.

દેશના સાંભળી પર્ષદા પાછી નીકળી ત્યારે મૂળ વિમાન સહિત સૂર્ય અને ચંદ્ર બંને ત્યાં આવ્યા. પ્રભુને નમસ્કાર કરીને ધર્મદેશના સાંભળતા હતા. (૧૭૫)

દિવસ અને રાત્રિના વિશેષને ન જાણતી મૃગાવતી મહાઆર્યા અકાળ હોવા છતાં લાંબા કાળ સુધી સમવસરણમાં બેસી રહી. ચંદના મહાઆર્યા અને બીજા સાધ્વીઓ ઉપયોગ રાખી વસતિમાં આવી ગઈ. પ્રતિક્રમણ કરીને સ્વાધ્યાય-ધ્યાનમાં લીન મનવાળી તેઓ રહેલી હતી. સૂર્ય-ચંદ્ર પોતપોતાના સ્થાનકે ઉપડીને પહોંચી ગયા, ત્યારે અણધાર્યો અંધકાર-સમૂહ ચારે બાજુ એકદમ ફેલાઇ ગયો, ત્યારે ગભરાતાં ગભરાતાં મૃગાવતી આર્યા વસતીમાં આવી પહોંચ્યાં.

ચંદના આર્યાએ ઠપકારૂપ શિખામણ આપતાં કહ્યું કે, તેવા પ્રકારના માતા-પિતાથી ઉત્તમકુળમાં જન્મેલી એવી તમને અકાલે ચાલવું, તે યુક્ત ગણાય ? હે ધર્મ શીલે ! તેનો મને જવાબ આપો. પ્રણામ કરીને મૃગાવતી ખમાવે છે કે, 'હે ભગવતી ! તે મિથ્યા દુષ્કૃત થાઓ, મારો અનુપયોગ થયો, હવે કદાપિ આ પ્રમાણે નહિં કરીશ.' વારંવાર ગુરુ સમક્ષ પોતાની ગર્હણા કરતાં આત્માને શિખામણ આપતાં આપતાં જેણે લોકાલોકને પ્રકાશિત કરનાર એવું કેવલજ્ઞાન પ્રગટ કર્યું. એ જ વાત કહે છે -

પગમાં પડીને પોતાના દોષો સમ્યગ્પણે સરળતાથી અંગીકાર કરીને ખરેખર મૃગાવતીએ કેવળજ્ઞાન મેળવ્યું. સંથારામાં રહેલાં ચંદના આર્યાને તે સમયે નિદ્રા આવી ગઈ. ગાઢ અંધકારના અંકુર સતત ફેલાએલા. એવા કાળમાં એક ખૂણા તરફથી ચાલ્યો આવતો ભયંકર કાળો મહાસર્પ આગળ દેખ્યો. કેવળી એવાં મૃગાવતીએ ચંદના આર્યાનો હાથ સંથારામાં સ્થાપન કર્યો. રખે આ સર્પ ચંદના આર્યાને ડંખે, જાગેલાં ચંદનાર્યા પૂછે છે કે 'હજુ પણ તું અહિં જ રહેલી છે ?'

અરેરે ! મારો પ્રમાદ થયો કે, તે વખતે ખામતી એવી તને મેં રજા ન આપી. વળી પૂછયું કે, 'મારા હાથનો સ્પર્શ કયા કારણે કર્યો ?' મૃગાવતીએ કહ્યું કે, 'આ સર્પ એકદમ આવતો હતો, તેથી લટકતા તમારા હસ્તને મેં શય્યામાં સ્થાપન કર્યો' ચંદનાએ પૂછયું કે, 'આવા ગાઢ અંધકારમાં તેં સર્પ આવતો શી રીતે જાણ્યો ?' 'જ્ઞાનથી' 'ક્ષાયોપશમિક કે ક્ષાયિક જ્ઞાનથી ?' 'ક્ષાયિક કેવળજ્ઞાનથી.' એ સાંભળી ચંદના કહેવા લાગ્યાં, 'હે મહાશયે ! મેં જાણ્યું ન હતું, નિર્ભાગી મને ખમજો. અજાણ હોવાથી કેવલીની મેં મોટી આશાતના કરી. મને તેનું 'મિચ્છા દુક્કડં'' થાઓ,' આ પ્રમાણે નિંદન, ગર્હણાની ભાવના દૃઢ ભાવતાં ભાવતાં ચંદનાએ પણ તરત જ કેવળજ્ઞાન પ્રગટ કર્યું. આ મૃગાવતીની કથા પૂર્ણ થઇ. (૧૯૧) (૩૪)

ઠપકો પામતી મૃગાવતી પણ કષાયોનો નિગ્રહ કરીને કેવળજ્ઞાન પામી, એ પ્રમાણે જે બીજાઓ પણ તેને કબજે કરી શકે છે, તેનો ગુણ કહે છે.

**किं सक्का वुत्तुं जे, सरागधम्मम्मि कोइ अकसाओ ।**
**जो पुण धरिज्ज धणिअं, दुव्वणुज्जालिए स मुणी ।।३५।।**

રાગ અને ઉપલક્ષણથી દ્વેષ એ બંનેથી યુક્ત હોય, તે સરાગ ધર્મ, અત્યારે તેવા સરાગ ધર્મમાં રહેલો આત્મા એવો કોઈ હોઈ શકે ખરો કે જે કષાય વગરનો હોય ? અર્થાત્ ન હોય. તો પણ કોઈનાં દુર્વચનરૂપી ઇન્ધણાથી ઉદ્દીપિત થએલા અગ્નિ સરખા ઉદયમાં આવેલા કષાયોને દબાવી દે, નિષ્ફળ બનાવે, બહાર ન કાઢે, અંદર ધારણ કરી રાખે. કષાયોનું ફળ બેસવા ન દે, યથાવસ્થિત મુક્તિમાર્ગને જે માને, તે મુનિ કહેવાય. વિવેક સહિત હોવાથી સરાગધર્મમાં વર્તતો હોવાથી, તે યથાવસ્થિત મોક્ષનું કારણ છે. (૩૫)

શા માટે કષાયોનો નિગ્રહ કરે છે ? તેવી શંકા કરીને કષાયોનાં નુકશાનનાં ફળો કહે છે -

**कडअकसायतरूणं, पुप्फं च फलं च दोऽवि विरसाइं ।**
**पुप्फेण जाइ कुविओ, फलेण पावं समायरइ ।।३६।।**

**संते वि को वि उज्झइ को वि असंते अहिलसइ भोए ।**
**चयइ परपच्चएण वि, पभवो दट्ठूण जह जंबुं ।।३७।।**

જેમાં નેત્રો લાલ અને મુખ ભયંકર દેખાય છે, એવા ક્રોધાદિ-કષાયવૃક્ષોનાં પુષ્પો અને ફલ અતિ કટુક હોય છે. હજુ કડવી લીંબોળીનાં ફળ પાકે ત્યારે મધુર હોય છે, પરંતુ કષાયોનાં પુષ્પ અને ફળ બંને એકાંત કડવા સ્વાદ-પરિણામવાળાં હોય છે. ક્રોધનું પુષ્પ એ સમજવું કે ક્રોધ આવે ત્યારે અશુભ ચિંતવન થાય, ફળ એ સમજવું કે ક્રોધ થાય ત્યારે તાડન, મારણ અપશબ્દોચ્ચારણ આદિ અનુચિત પાપ-પ્રવૃત્તિ કરાવનાર થાય છે. કષાયોનો ઉદય એ પુષ્પ અને તેના ઉદયથી પ્રવૃત્તિ કરવી, તે કષાયનાં ફળો સમજવાં. (૩૬)

માટે તે કષાયો અને તેનાં કારણભૂત શબ્દાદિક ભોગોનો જંબૂસ્વામી અને પ્રભવની જેમ સર્વથા ત્યાગ કરવો. કેટલાક છતા ભોગોનો પણ ત્યાગ કરે છે, કેટલાક પાસે ભોગોની સામગ્રી ન હોવા છતાં ભોગોની અભિલાષા કરે છે, જેમ જંબૂસ્વામીને દેખીને પ્રભવે ભોગોનો ત્યાગ કર્યો, તેમ કેટલાક પારકાનું આલંબન લઇને ત્યાગ કરે છે. જંબૂસ્વામીએ ભોગોનો, પત્નીઓનો અને કુટુંબનો ત્યાગ કેવી રીતે કર્યો અને તેમને દેખીને પ્રભવે અને

જંબૂસ્વામીના પરિવારે પણ ભોગોનો ત્યાગ કેવી રીતે કર્યો ? તેની વિસ્તૃત કથા વર્ણવતા જણાવે છે કે :-

## ૨૪. જંબૂસ્વામી-ચરિત્ર -

જંબૂદ્વીપના આ ભરત-ક્ષેત્ર વિષે મગધ દેશના આભૂષણ સમાન, લષ્ટ પુષ્ટ ગોકુળ યુક્ત, સુપ્રસિદ્ધ યથાર્થ નામવાળું સુગ્રામ નામનું એક ગામ હતું. તે ગામમાં સત્ય વચન બોલનાર આર્ય માફક સરળ સ્વભાવી રાઠોડ હતો, તેને રેવતી દેવીએ આપેલી હોવાથી રેવતી નામની ભાર્યા હતી. તેઓને ભવના ભયથી ઉદ્વેગ પામેલા ચિત્તવાળો ભવદત્ત નામનો પ્રથમ પુત્ર હતો, ભાવપૂર્વક પૂજા કરવામાં તલ્લીન ભવદેવ નામનો બીજો પુત્ર હતો. કોઈક સમયે સુસ્થિત નામના આચાર્યની પાસે દેશનારૂપી અમૃતવૃષ્ટિથી સિંચાયેલ નવયૌવન વયવાળા હોવા છતાં મોટા ભવદત્તે વૈરાગી બની દીક્ષા અંગીકાર કરી. તે ગચ્છ-સમુદાયમાં એક મુનિએ આચાર્ય ભગવંતને વંદના કરી વિનંતિ કરી કે, 'આપની આજ્ઞા પ્રાપ્ત થાય તો હું મારા પૂર્વ-સંબંધીઓને પ્રતિબોધ કરવા જાઉં, મારો લઘુબન્ધુ મારા ઉપર અત્યંત સ્નેહાળુ હતો, મને દેખવાથી તે જરૂર તરત દીક્ષા અંગીકાર કરશે.' આચાર્ય મહારાજાએ તેને સહાય કરનારા એવા બે ગીતાર્થ સાધુઓ આપ્યા, તેઓ ત્યાં ગયા, પણ જલ્દી પાછા આવી ગયા. ગુરુ મહારાજના ચરણ-કમળમાં પ્રણામ કરી જણાવ્યું કે, 'નાનાભાઇના લગ્ન થઇ ગયાં, તે કારણે તે દીક્ષા લેવા તૈયાર ન થયો.' એટલે હાસ્ય કરતા ભવદત્ત મુનિ મીઠો ઓલંભો આપતાં બોલ્યા કે, 'તારા સ્નેહાળ ભાઇને તારા ઉપર સાચો સ્નેહ હોય તો ભલે વિવાહ કે લગ્ન થયાં હોય, તો પણ દીક્ષા કેમ ન અંગીકાર કરે ?' એટલે પેલાએ પ્રત્યુત્તર આપ્યો કે, 'તારે પણ સ્નેહી નાનો ભાઇ છે, તો તું તેને દીક્ષા આપીશ. તે અમે જોઇશું.' તે સમયે ભવદત્તે કહ્યું કે, 'જો આચાર્ય ભગવંત ત્યાં વિહાર કરશે, તો તેને તમે દીક્ષિત થયેલો જરૂર દેખશો, બહુ બોલવાથી શું ?' એમ વિહાર કરતાં કરતાં કોઇ વખતે આચાર્યની સાથે તે મગધ દેશમાં ગયા, એટલે ગુરુની આજ્ઞા મેળવી પોતાના પૂર્વ સંબંધીઓને પ્રતિબોધ કરવા માટે સુગ્રામ નામના ગામે ગયો. તે વખતે તે ભવદેવ નવપરિણીત નાગિલા નામની પ્રિયાનાં મુખની શોભા કરી રહ્યો હતો.

લાંબા કાળે ભવદત્ત મુનિ ઘરાંગણે પધારેલ હોવાથી તેમના દર્શનથી માતા-પિતાદિક કુટુંબી સ્નેહીવર્ગ આનંદ પામ્યો અને અતિભક્તિપૂર્વક ભવદત્તમુનિનાં ચરણ-કમલમાં પ્રણામ કર્યા, એટલે મુનિએ સર્વેને ધર્મલાભના આશીર્વાદ આપ્યા. સ્નેહી કુટુંબી વર્ગે પૂછ્યું કે, ધર્મ નિર્વાહ કરવાનું સાધન આપનું શરીર કુશલ તેમ જ શીલ અને વ્રતો સુખપૂર્વક વહન થાય છે ને ? તે મુનિએ પણ કહ્યું કે, 'તમે સર્વે વિવાહકાર્યમાં વ્યગ્ર છો, તો હું જાઉં

છું.' ત્યારે સાધુને કલ્પે તેવા ભોજનાદિ ભવદત્ત મુનિને પ્રતિલાભ્યા. નવવધૂના મુખની શોભા કરવામાં રોકાયેલ હોવા છતાં 'ભાઈ મુનિને પ્રણામ કરીને તરત પાછો આવું છું' એમ કહી બહાર આવી ભવદત્તને પ્રણામ કર્યા. એટલે નાનાભાઇના હાથમાં પાત્ર સમર્પણ કરી મુનિ લઘુ બન્ધુ સાથે ઉપાશ્રય તરફ ચાલ્યા. સ્નેહી સંબંધીઓ કેટલાક પાછળ વિદાય આપવા આવ્યા. સ્ત્રીવર્ગ થોડું ચાલી પાછો વળી ગયો. તેમની પાછળ પુરુષવર્ગે પણ પ્રણામ કરી ઘર તરફ પ્રયાણ કર્યું. આ સમયે ભવદેવે મનમાં વિચાર્યું કે, 'મોટાભાઇ પાછા વળવાનું ન કહે, તો મારાથી પાછા કેવી રીતે વળાય ? બીજી બાજુ નવવધૂના મુખની શોભા કરવાનું કાર્ય અધુરું મૂકીને આવ્યો છું. હવે મોટાભાઈ પાત્ર પકડાવેલા નાનાભાઇને પૂર્વે ક્રીડા કરેલાં સ્થાનો બતાવતાં કહે છે કે, 'પહેલા આપણે અહિં રમતા હતા, અને પછી થાકીને ઘરે જતા હતા.' હવે ભવદેવ મનમાં વિચારે છે કે, 'કોઇ પ્રકારે મોટાભાઈ મારા હાથમાંથી પાત્ર પોતાનાં હાથમાં લઈ લે, તો હું પાછો ફરું.' આ વાત સાંભળતો સાંભળતો ભવદેવ ગુરુ પાસે જ્યાં આવી પહોંચ્યો એટલે ઉપાશ્રયમાં રહેલા મુનિઓ એકદમ બોલવા લાગ્યા કે, 'આ તો નાનાભાઇને આજે જ દીક્ષા આપવાનો.'

શણગારેલા સુંદર વસ્ત્ર પહેરેલા અને આભૂષણોથી અલંકૃત કરેલાભાઇને સાથે લાવ્યો એટલે ભવદત્તે કહ્યું કે, 'મુનિવાણી કોઇ દિવસ અન્યથા બને ખરી ?' આચાર્યે ભવદેવને પૂછ્યું કે, 'હે વત્સ ! આ તારા મોટાભાઇ સાચી વાત કહે છે ?' મોટાભાઈ ખોટા ન પડે તેથી દાક્ષિણ્યથી ભવદેવે કહ્યું કે, 'ભાઈ કહે તે બરાબર છે.' લજ્જાથી દીક્ષા લીધી, પરન્તુ શરીરથી નવી પ્રવ્રજ્યાને અને મનમાં તો નવી ભાર્યાને ધારણ કરતો હતો. કલ્પવૃક્ષના પુષ્પની માળા સાથે પ્રિયાને મનમાં ધારણ કરતો બિચારો તે એકી સાથે પંચગવ્યરૂપ પવિત્ર વસ્તુને અને અપવિત્ર મદિરાને સાથે ધારણ કરતો હતો.

પુત્ર ભવદેવને પાછા ફરતાં ઘણો વિલંબ થવાથી માતા-પિતાએ તેની ખોળ કરી, લોકો પાસેથી જાણ્યું કે, 'ભવદેવ દીક્ષા અંગીકાર કરી. શુભચિત્તવાળા મોટા ભાઇ ભવદત્ત મુનિ લાંબા કાળ સુધી દીક્ષા પાળી અનશન-પૂર્વક સમાધિ સહિત કાળ પામી સૌધર્મ દેવલોકમાં મોટા દેવપણે ઉત્પન્ન થયા. હવે નાનાભાઇ ભવદેવ પણ 'અરે ! મારી પ્રિયા નાગિલા મારા પ્રત્યે સ્નેહ રાખનારી છે, હું તેને પ્રિય છું" એમ વિચારતો બબડતો પાળ તૂટવાથી સેતુબંધનું પાણીનું પુર બહાર નીકળી જાય, તેમ ભાઇની શરમ તૂટી જવાથી પોતાના સુગ્રામ નામના ગામે પહોંચ્યો. વિચારવા લાગ્યો કે, 'મારા લાંબા કાળના વિરહાગ્નિથી બિચારી બળતી-ઝળતી કૃશ શરીરવાળી બની ગઇ હશે, વિવાહ સમયે મારા પ્રત્યે નવીન સ્નેહવાળી હતી, હવે તેને ઓળખીશ કેવી રીતે ?' એમ વિચારતો કોઈક મંદિરના દ્વારભાગમાં જેટલામાં

ઉભો રહે છે, તેટલામાં ત્યાં આગળ ગામમાંથી પૂજાનાં ઉપકરણોથી પૂર્ણ થાળ હાથમાં ધારણ કરેલી એક સ્ત્રી બ્રાહ્મણી પૂજારણ સાથે ત્યાં આવી પહોંચી.-'આ સાધુ ભગવંત છે.' એમ કરી તેમને વંદના કરી, 'શરીર તથા સંયમયાત્રા સુખપૂર્વક ચાલે છે ?' એમ બે પ્રકારે સુખશાતા પૂછી. આવનાર ભવદેવ મુનિએ તેને પૂછ્યું કે, 'હે શ્રાવિકા ! આર્ય રાઠોડ, રેવતી તથા તેમની પુત્રવધૂ નાગિલા જીવે છે કે ?' શ્રાવિકા મનમાં ચિંતવવા લાગી કે, 'આ તેઓ હશે કે જેની સાથે મારા લગ્ન થયાં હતાં, તો હવે હું તેમને પૂછું કે, 'તમોને તેમનું શું પ્રયોજન છે ?' મુનિએ કહ્યું કે, 'આર્ય રાઠોડ તથા રેવતીનો હું ભવદેવ નામનો નાનો પુત્ર છું અને નાગિલા સાથે મારાં લગ્ન થયાં હતાં. તે સમયે મારી પ્રિયાનું મુખમંડન અપૂર્ણ મૂકીને મારા પ્રિયબંધુ મુનિ ભવદત્તના દબાણ અને શરમથી આટલા દિવસ દીક્ષા પાળી. ભવદત્તમુનિ થોડા સમય પહેલાં દેવલોક પામ્યા. એટલે હવે હું ત્યાંથી મારી પ્રિયાનું મુખકમલ નીરખવા ઉત્સુક હૃદયવાળો અહિં આવ્યો છું.' પેલી સ્ત્રીએ કહ્યું કે, 'તમારા માતા-પિતાજી મૃત્યુ પામ્યાને ઘણો કાળ વીતી ગયો, પરંતુ હજુ નાગિલા જીવે છે અને અને તે મારી સખી છે.'

## નાગિલાનો હિતોપદેશ -

ભવદેવ કહે - 'તેનું સર્વ સ્વરૂપ જાણતી હોય, તો તને કંઇક પૂછું, તે કેવા રૂપ, લાવણ્ય અને વર્ણવાળી છે ? અત્યારે તેની વય કેટલી હશે ?'

શ્રાવિકા - 'જેવી હું છું તેવી જ તે પણ છે, તેમાં લગાર ફરક નથી, પરંતુ સુંદર ચારિત્રવાળા હે મુનિવર ! તમોને તેનું શું પ્રયોજન છે ?'

ભવદેવ - 'પરણતાંની સાથે જ તે બિચારીનો મેં ત્યાગ કર્યો હતો.'

શ્રાવિકા - 'તેના ભાગ્યોદયથી જ તમે ત્યાગ કરી, તેથી તેની ભવ-વિષવેલડી સુકાઈ ગઈ.'

ભવદેવ - 'શુભ શીલવાળી, તેમ જ સુંદર વર્તનવાળી શું તે શ્રાવક વ્રતો પાળે છે ?'

શ્રાવિકા - 'એકલી વ્રતો પાળતી નથી, પરંતુ બીજાને પ્રેરણા આપી પળાવે પણ છે.'

ભવદેવ - 'હું તો તેનું નિરંતર સ્મરણ કરું છું તો તે પણ મને યાદ કરે છે ?'

શ્રાવિકા - 'તમો તો સાધુ થઇને ચૂક્યા, તે તો નિરંતર મોક્ષમાર્ગમાં લાગી ગઇ છે.' તમારા બેની તુલના કેવી રીતે કરી શકાય ? તે તો દરરોજ દેરાસરમાં જયણાપૂર્વક કચરો કાઢવો, સાફસૂફી કરવી, ચૂનો દેવરાવવો વગેરે પ્રભુભક્તિ-કાર્યમાં રોકાયેલી હંમેશાં

શ્રાવિકાનાં વ્રતોનું પાલન કરવું, ભાવનાઓ ભાવવી, અતિતીવ્ર તપ તપવું, સુવિહિત સાધુઓ પાસે જઇ ઉપદેશ-રસાયણનું સદા પાન કરવું, ગુરુવંદન, દેવવંદન, પ્રતિક્રમણ, પચ્ચક્ખાણ વગેરે ક્રિયામાં ઉદ્યમ કરે છે.'

ભવદેવ - 'તો તેને આંખથી નિહાળું.'

શ્રાવિકા - 'અશુચિવાળી તેને નિહાળવાથી શો લાભ ? અથવા તો મને દેખી, એટલે તેને જ દેખેલી માનો. વધારે શું કહેવું ? જે હું છું તે જ એ છે, તે છે એ જ હું છું, બંનેનો આત્મા જુદો નથી.'

ભવદેવ - 'તો એમ સ્પષ્ટ કહી દે કે, હું જ તે નાગિલા છું. હે શ્રાવિકા ! તું જ નાગિલા હોવી જોઇએ.'

શ્રાવિકા - 'ચોક્કસ અતિપ્રૌઢ બ્રહ્મચર્યને ધારણ કરનારી, ચરબી, માંસ, વિષ્ટા આદિ અશુચિપૂર્ણ ચામડાની ધમણ-પખાળ સરખી હું પોતે જ નાગિલા છું. મારી ગુરુણીએ કહેલી એક કથા હું તમને કહું છું, તે તમે સાવધાન થઇને સાંભળો અને આવું સાધુપણું તમે હારી ન જાવ.'

## ૨૫. નાગિલાનો હિતોપદેશ -

કોઈક સમયે તત્કાલ વિધુર બનેલો વૃદ્ધ બ્રાહ્મણ પુત્રને લઇને નગરભંગ થવાના કારણે ઘરની બહાર નીકળી ગયો. મોક્ષસુખની અભિલાષાવાળા, સાધુ પાસે ધર્મશ્રવણ કરી ઉત્પન્ન થયેલી સન્મતિવાળા તેણે દીક્ષા અંગીકાર કરી. તે દશવિધ ચક્રવાલ સામાચારીનું પાલન કરતા હતા, કઠણ ક્રિયાઓ કરતા હતા. તેનો જે પુત્ર સાથે સાધુ થયો હતો, તે ઠંડા આહાર, સ્વાદ-રસ વગરનું ઉકાળેલું જળપાન કરવું, પગમાં પગરખાં ન પહેરવાં, કઠણ પથારીમાં શયન કરવું, નાવા-ધોવાનું મળે નહિ. આ વગેરે કઠણ સાધુચર્યાથી મનમાં ખેદ અનુભવતો પિતાજીને કહેવા લાગ્યો કે - 'હે ખંત ! આ ઠંડું ભોજન મને નથી ભાવતું અરસ-વિરસ જળપાન કરી શકતો નથી.' ઇત્યાદિક બોલતો હતો, ત્યારે વૃદ્ધ પિતાએ કેટલોક સમય જયણાપૂર્વક તેને માફક આવે તેવા પ્રકારના આહાર-પાણી લાવી આપ્યા. એમ કટલોક સમય સંયમમાં પ્રવર્તાવ્યો. કોઈક સમયે પુત્રે કહ્યું કે - 'હે ખંત ! કામદેવના બાણ ભોંકાવાથી જર્જરિત શરીરવાળો હું હવે સ્ત્રી વગર ક્ષણવાર પણ પ્રાણ ધારણ કરવા સમર્થ નથી.' એટલે પિતાએ પુત્રનો ત્યાગ કર્યો. 'અસંયત જીવની સારસંભાળ કરવાથી સર્યું.' જે કારણથી કહ્યું છે કે - 'જિનેશ્વર ભગવંતોએ એકાંતે કોઇ પણ વસ્તુની અનુજ્ઞા કે પ્રતિષેધ કર્યા નથી, માત્ર મૈથુનભાવને છોડીને. કારણ કે મૈથુનક્રીડા રાગ-દ્વેષ વગર બની શકતી

નથી.' ત્યારપછી તે દીક્ષા છોડીને પોતાના પૂર્વના સહવાસીઓને યાદ કરીને એક બ્રાહ્મણને ત્યાં ઘરકામ કરવાની આજીવિકાથી રહેવા લાગ્યો.

કેટલાક કાળ પછી એક છોકરી સાથે લગ્ન કર્યું. વિવાહ સમયે ગામમાં ધાડ પડી અને તે નવદંપતીને મારી નાખ્યા. ભોગતૃષ્ણાવાળો તે આર્તધ્યાનમાં વર્તતો હોવાથી મૃત્યુ પામી પાડો થયો. પિતાસાધુ પંડિતમરણ પામવાપૂર્વક કાળધર્મ પામી દેવલોકમાં દેવ થયા. અવધિજ્ઞાનથી દેવે પુત્રને પાડારૂપે જોયો. દેવે દેવમાયાથી યમરાજા સરખી મોટી કાયા વિકુર્વી કસાઇ દ્વારા તે પાડો ખરીદ કર્યો અને તેના ઉપર ઉચકી ન શકાય તેટલો ભાર આરોપ્યો. ગ્રીષ્મ ઋતુવાળા, સખત તાપવાળા કાળમાં તપેલી રેતીના માર્ગમાં તેના ઉપર ચડી ગાઢ લાકડીના પ્રહાર મારવા પૂર્વક તેને ચલાવે છે. જ્યારે જિહ્વા બહાર નીકળી જાય છે અને તપેલી રેતીમાં નીચે ઢળી પડે છે, ત્યારે જોરથી લાકડી-ઢેફાંનો માર મારી ઉઠાડે છે અને પ્રહારની પીડાથી જેટલામાં પ્રાણ જવાની તૈયારી થઇ એટલે સાધુનું રૂપ વિકુર્વી પોતાનું પૂર્વભવનું સ્વરૂપ બતાવે છે. વળી કહે છે કે, 'હે ખંત ! તે તે કરી શકવા માટે હું સમર્થ નથી.' સાધુરૂપને દેખતો તે પાડો વિચારે છે કે, 'આવું રૂપ પહેલાં મેં ક્યાંય જોયેલું હતું એમ વિચારતા પાડાને તેવા પ્રકારનાં આવરણ કર્મના ક્ષયોપશમ-પડલ દૂર થવાના યોગે જાતિસ્મરણ જ્ઞાન થયું. ત્યારપછી પોતાની ભાષામાં 'હે ખંત ! મારું રક્ષણ કરો, યમદૂત સરખા આ કસાઇથી મને છોડાવો.' દેવે કહ્યું, 'અરે કસાઈ ! આ મારા ક્ષુલ્લકને પીડા ન કરો.' તેણે કહ્યું - 'તમારું વચન તે પાડો સાંભળતો નથી, માટે તમે ખસી જાવ. અમે તો એની પાસે ભાર વહન કરાવીશું. જીવતાં તો તેનો છૂટકારો નહીં જ કરીએ.' જ્યારે દેવે જાણ્યું કે, 'હવે એ ધર્મ માર્ગ અંગીકાર કરશે, ત્યારે તેની પ્રાર્થનાથી તેને છોડ્યો અને દેવે ઉપદેશ આપ્યો. ભય દેખ્યો, એટલે દેશવિરતિરૂપ શ્રાવકધર્મ સ્વીકાર્યો, ભક્ત-પ્રત્યાખ્યાન અર્થાત્ અશન કરી સૌધર્મ કલ્પ નામના પ્રથમ

દેવલોકમાં વૈમાનિક દેવપણે ઉત્પન્ન થયો. તિર્યંચગતિ અને દુર્ગતિમાં જતા એવા તે પાડાને પિતાએ બચાવ્યો.'

પરંતુ તમોને તો દેવલોક ગયેલા મોટા ભાઇએ સાધુરૂપ દેખાડીને પ્રતિબોધ પમાડવાનો ઉપાય ન કર્યો. અનિત્ય એવા જીવતિમાં તમે પ્રમાદી બની કાળ પામી દુઃખમય સંસારમાં પરિભ્રમણ કરશો, તો હવે અહિંથી ગુરુની પાસે પાછા જાવ. જે કારણ માટે કહેલું છે કે - 'જેઓને તપ, સંયમ, ક્ષાન્તિ અને બ્રહ્મચર્ય પ્રિય છે, તેઓ પછી પણ તેવા ધર્મકાર્યમાં પ્રયત્ન કરે છે, તેઓ અમર-દેવોના ભવનોમાં વાસ કરે છે.'

આ સમયે તે બ્રાહ્મણીનો એક પુત્ર ખીરનું ભોજન કરીને ત્યાં આવી પહોંચ્યો. ગમે તે

કોઈ કારણથી તેને ત્યાં વમન થયું. બ્રાહ્મણીએ કહ્યું - 'હે પુત્ર ! ચોખા, દૂધ, સાકર વગેરે સામગ્રી માગી લાવીને આ ખીર રાંધી હતી, તો આ વમેલી ખીર ફરીથી ખાઇ જા, આ સુન્દર મિષ્ટાન્ન ભોજન છે.' ત્યારે ભવદેવે કહ્યું - 'હે ધર્મશીલા ! આવું શું બોલે છે ? વમન કરેલું ભોજન દુગુંચ્છનીય-ખરાબ હોવાથી ખાવા યોગ્ય ન ગણાય.' હવે આ પ્રસંગે નાગિલા કહેવા લાગી કે, 'તમે પણ વમેલું ખાનાર કેમ ન ગણાવ ?' કારણ કે માંસ, ચરબી, મજ્જાથી બનેલી હું છું, તમે મને છાંડેલી-વમેલી છે અને ફરી મને ભોગવવાની ઇચ્છા કરો છો ?' આટલા લાંબા કાળ સુધી દીક્ષા પાળી પછી તેને છોડતાં તમને આજે શરમ કેમ નથી આવતી ? અકાર્ય કરવા તૈયાર થયેલા તમને હું ન ઇચ્છતી હોવા છતાં મને તમે ઇચ્છો છો. જેમ કોઇ ભીખ અને ભૂખથી દુઃખી થયેલો હોય અને કોઈ જમીનમાં દાટેલું નિધાન બતાવે, છતાં પૂર્વની દુઃખી અવસ્થાની પ્રાર્થના કરે, તેમ તમો મારી પ્રાર્થના કરો છો. જેમ, ખીર, સુંદર ખાદ્ય, ખજૂર, મીઠા પૂડલા હાજર હોવા છતાં ભોગાંતરાયકર્મના ઉદયવાળા ભૂખ્યા છતાં ખાઈ શકતા નથી, તેમ તમે આ ચારિત્ર પાળી શકતા નથી. દ્રવ્ય ગુપ્તિવાળા મુનિપણામાં તમે અતિતીક્ષ્ણ દુઃખો સહન કર્યાં, હવે જો ભાવગુપ્તિવાળા બની સહન કરશો, તો અત્યારે પણ જય પામશો.'

'આટલા દિવસ તો તમે દેખાવ પૂરતી ભાઇની શરમથી દીક્ષા પાળી, તો હવે તમે ભાવથી દીક્ષા પાળો. પાછળ ચાલનારા જો વેગથી ચાલનારા થાય તો શું આગળ નીકળી ન જાય ? તો હવે પાછા ગુરુ પાસે જાવ અને પોતાના દુશ્ચારિત્રની શ્રીસુસ્થિત ગુરુ પાસે આલોચના કરી, ભાવથી સુંદર ચારિત્ર-ભારને વહન કરો. હું પણ હવે સાધ્વીજી પાસે દીક્ષા અંગીકાર કરીશ.' આ પ્રમાણે શીખામણ અપાયેલા તે ઉત્સાહમાં આવી બોલવા લાગ્યા કે, 'અરે શ્રાવિકા ! તેં મને સુંદર માર્ગનો ઉપદેશ આપ્યો. હું ઘણો જ રાજી થયો છું. નિશ્ચયથી નરકરૂપી અંધારા કૂવામાં પડતા મને તેં બચાવ્યો છે. ખરેખર મારા મહારાગને તોડાવનારી હોવાથી તું મારી સાચી ભગિની છે, નરકાદિક નુકશાનથી બચાવનારી નિઃસ્વાર્થ-માતા છે, સીમા વગરના મનોહર ધર્મને અર્પણ કરનાર હોવાથી ગુરુણી છે; તો હવે હું અહિંથી જાઉં છું અને તેં કહેલા ઉપદેશનું અનુસરણ કરીશ.' એમ કહી અનુપમ જિનપ્રતિમાઓને વંદન કરી ભવભ્રમણથી ભય પામેલો ભવદેવ પોતાના ગુરુ પાસે પહોંચ્યો. પોતાના ત્રિવિધ પાપોની આલોચના-પ્રતિક્રમણ-નિન્દન-પ્રાયશ્ચિત્ત કરી અતિતીવ્ર તપ વડે શરીર ગાળી નાખી પંડિત-મરણની આરાધના કરી સૌધર્મ દેવલોક પામ્યો. સૌધર્મ કલ્પમાં ઈન્દ્ર સરખી ઋદ્ધિ કાંતિવાળો માનિક-દેવ થયો અને યાવજ્જીવ દિવ્ય કામભોગોનાં સુખો ભોગવવા લાગ્યો.

## ૨૭. અવધિજ્ઞાની સાગરદત્તમુનિ -

હવે તે મોટાભાઇ ભવદત્ત સાધુનો જીવ દેવલોકથી ચ્યવી પુષ્કલાવતી નામની વિજયમાં પુંડરીક નગરીના સ્વામી વજ્રદત્ત ચક્રવર્તીની યશોધરા પ્રિયાની કુક્ષિરૂપી કમળમાં હંસની જેમ ઉત્પન્ન થયો. તે સમયે રાણીને સમુદ્રમાં સ્નાન કરવાનો દોહલો ઉત્પન્ન થયો. ચક્રવર્તીએ સમુદ્ર સરખી મહાસીતા નદીમાં મોટી ઋદ્ધિપૂર્વક સ્નાન કરાવી તેનો દોહલો પૂર્ણ કર્યો. ચક્રવર્તીએ જાતે તેના સર્વ દોહલા પૂર્ણ કર્યા. સારા મુહૂર્તે રાજા યોગ્ય સંપૂર્ણ લક્ષણવાળા પુત્રને જન્મ આપ્યો. દોહલાના અનુસારે તેનું સાગરદત્ત નામ સ્થાપ્યું. અનુક્રમે

દિનપ્રતિદિન દેહવૃદ્ધિ સાથે સમગ્ર કળાઓથી પણ વૃદ્ધિ પામવા લાગ્યો. પ્રસન્ન લાવણ્ય વર્ણથી પરિપૂર્ણ એવી અનેક કન્યાઓ સાથે લગ્ન કર્યાં. સુંદર તારુણ્યથી પૂર્ણ દેહવાળી તે કન્યાઓ સાથે આનંદ કરતો હતો. કોઈક સમયે મહેલ ઉપર આરૂઢ થયો હતો. ત્યારે વાદળથી વ્યાપ્ત શરદમેઘ કલિકાળના આકાશમંડલના મહાસ્થાન સરખો થઈ ગયો. અપૂર્ણપણે ફેલાતો, કૂદતો, પ્રેરાતો સર્વાંગથી ઉંચો-નીચો થતો ક્રમસર ફેલાતો ફેલાતો છેવટ ટૂકડે ટૂકડા રૂપ બની અદૃશ્ય થયો. 'ખરેખર ! આ મેઘની માફક રાજ્યાદિક સર્વ ભોગ-સામગ્રી અસ્થિર છે. ધન, જીવિત, યૌવનાદિક નજર સામે દેખાતાં હોય, તે ક્ષણવારમાં વીજળીની જેમ અદૃશ્ય થાય છે; તો જ્યાં સુધી આ દેહ-પંજર વૃદ્ધાવસ્થાથી જીર્ણ ન થાય, ત્યાં સુધીમાં આજે પણ અતિઉદ્યમ કરીને પ્રવ્રજ્યા ગ્રહણ કરવી એ જ મારા માટે યોગ્ય છે.' એમ વિચારીને અનેક પરિવારવાળા અમૃતસાગર નામના ગુરુનાં ચરણકમળમાં ઘણા રાજપુત્રો સાથે દીક્ષા અંગીકાર કરી, શ્રુતસમુદ્રનો પાર પામેલા, ગુરુકુળવાસમાં રહી પોતાનું નિર્મળ ચરિત્ર પાળતા, તેઓ કર્મનો ક્ષયોપશમ કરી અવધિજ્ઞાન પામ્યા.

## ૨૭. સાગરદત્ત મુનિ સાથે શિવકુમારનો સમાગમ -

ભવદેવનો જીવ પણ દેવલોકમાંથી ચ્યવી, તે જ વિજયમાં વીતશોકા નામની નગરીમાં પદ્મરથ રાજાની વનમાળા રાણીથી ઉત્પન્ન થયો. તે રાજકુંવરનું શિવકુમાર એવું નામ પાડ્યું. મનોહર એવો તે રાજકુમાર પ્રૌઢ યૌવનવંતી, સરખા રૂપવાલી કુલબાલિકા પ્રિયાઓ સાથે વિલાસક્રીડા કરતો હતો. હવે પુર, નગર, ખાણ વડે મનોહર પૃથ્વીમંડલમાં વિચરતા વિચરતા પ્રશમ ગુણના નિધાનભૂત સાગરદત્ત મુનિ ત્યાં પધાર્યા. રહેવા માટે જગ્યાની અનુમતિ લઇ લોકોના ઉપકાર માટે ઉદ્યાનમાં સમવસર્યા અને અમૃતધારા સરખી દેશનાની વૃષ્ટિ કરી. લોકોનું હિત કરી રહેલા તેમણે એક મહિનાના ઉપવાસ કરી સાર્થવાહના ઘરે પારણું કર્યું. તે સમયે [1]વસુધારાની વૃષ્ટિ થઇ. પારણા સંબંધી પાંચ

૧. ધર્મરસિક દેવો તપગુણથી આકર્ષાઇ ધન, સુવર્ણ, વસ્ત્ર આદિની વૃષ્ટિ કરે છે. 'અહો દાનં, અહો દાનં,' એવી ઉદ્ઘોષણા કરે છે. દુંદુભિનાદ કરે છે.

દિવ્યોનો વિસ્તાર સાંભલી શિવકુમારે સાગર સાધુની સેવા કરવાના મનોરથ સહિત પ્રણામ કર્યા. ત્રણ પ્રદક્ષિણા આપી ચરણ-કમલમાં પ્રણામ કરી આગળ બેસીને સદ્ધર્મની દેશના રૂપ અમૃતરસનું પાન કર્યું. ચઉદપૂર્વી, અવધિજ્ઞાની મુનિવર કેવલજ્ઞાનીની જેમ સર્વને હિતકારી જિનધર્મના મનોહર મર્મને સમજાવનારી, ગંભીર વાણીથી દેશના સંભળાવવા લાગ્યા. 'આ જીવનમાં રોગરહિત કાયા મળવી, મનોહર અનુકૂલ સ્વભાવવાળી પ્રિયાઓની પ્રાપ્તિ, ઇચ્છિત કાર્યની સિદ્ધિ, આ સર્વની પ્રાપ્તિ પૂર્વભવમાં કરેલા ધર્મનું ફળ છે. એનાં ફળ મળ્યા પછી આ જન્મમાં નવીન ફળ ન મેળવે તો ભાતું પૂર્ણ થયેલા મુસાફરની જેમ પરલોકમાં તે શોક પામે છે. વિષય, પ્રમાદ, કષાયરૂપ પિશાચનો ત્યાગ કરી સમગ્ર સમીહિત કરવામાં તત્પર એવા સંયમ-સામ્રાજ્યને પ્રાપ્ત કરવા ઉદ્યમ કરો. ગ્રહણ-આસેવન એવી બે સિક્ષાઓ શીખીને ચારિત્રથી તીક્ષ્ણ દુઃખનો ઉચ્છેદ કરી જીવસ્થાનમાં સ્વર્ગ અને મોક્ષના સુખની રોપણી કરો.' તે સમયે શિવકુમારે સાગરદત્ત મુનિને વિનંતિ કરી કે, 'તમને દેખવાથી હર્ષોલ્લાસ અને રોમાંચ ખડાં થાય છે, તેમ જ મનમાં તુષ્ટિ અને પુષ્ટિ થાય છે, તો શું મને કોઈ પૂર્વ જન્મનો તમારી સાથે સ્વજન-સંબંધ હશે ?'

## ૨૮. શ્રાવકપુત્ર દૃઢધર્મે કરેલી વૈયાવચ્ચ -

હે શિવકુમાર ! આ ભવની પહેલાના ત્રીજા ભવમાં જંબૂદ્વીપમાં નિષ્કારણ પ્રેમના પ્રતિબંધવાળો તું ભવદેવ નામનો મારો નાનો ભાઈ હતો. મારા મનના સંતોષ ખાતર તેં દીક્ષા લીધી અને તેનું પાલન કરી તું સૌધર્મ દેવ થયો, ત્યાં પણ હું તારા ઉપર સ્થિર સ્નેહવાળો હતો. પૂર્વ ભવના અભ્યાસથી તને મારા ઉપર અત્યારે પણ સ્નેહ ઉત્પન્ન થયો છે. રાગ વગરના મને તારા ઉપર હિત અને ઉપકાર બુદ્ધિ થાય છે, પણ મને તારી માફક સ્નેહ થતો નથી.' શિવકુમારે કહ્યું કે - 'હે ભગવંત ! આ વાત યથાર્થ છે અને તેથી કરી આ ભવમાં પણ હું દીક્ષા અંગીકાર કરી આપના ચરણની સેવા કરવાની અભિલાષા કરું છું. પરંતુ હે સ્વામિ ! મારા હિત માટે માતા-પિતાની આજ્ઞા માગું.' મુનિએ કહ્યું - 'હે ધીર ! આ ધર્મ કરવાના વિષયમાં મમત્વભાવને ન ધારણ કરીશ.'

પોતાના ઘરે જઈ વ્રત લેવા માટે માતા-પિતાને વિનવે છે, પરંતુ માતા-પિતા પુત્રને કહે છે કે, 'હે વત્સ ! તું અમને એક જ પુત્ર છે. તું જ શરણ, રક્ષક, દીવો, સ્વર્ગ કે મોક્ષ છે, તારા વગરના અમે હે પુત્ર ! અંધ અને બહેરા સરખા છીએ. અમારા પ્રાણો તારે આધીન છે. જો તું દીક્ષા લે, તો હે પુત્ર ! ઘરમાં ઘાલેલ સસલા માફક તે અમારા પ્રાણો પણ જલ્દી પલાયન થઈ જાય.' ઘણું સમજાવવા છતાં સંયમ લેવા માટે પુત્રને રાજા રજા આપતા નથી, એટલે પાપયોગોથી વિરમેલો, વૈરાગ્યમાં લીન મનવાળો સાધુ માફક ધૃતિ સહાયવાળો તે

હવે રમતો નથી, જમતો નથી અને અંતઃપુરના એક શૂન્ય ખૂણામાં ઉદાસીનતાથી રહેલો છે.

માતા-પિતા, ઘણા નગરલોકોએ વિવિધ પ્રકારે સમજાવવા છતાં કોઇનું લગાર પણ માનતો નથી. એટલે ખેદ પામેલા રાજાએ વિવેકના ભંડાર જેવા દૃઢધર્મ નામના શ્રાવકપુત્રને બોલાવી તેને ખરેખરી હકીકત જણાવી કે, 'એવો કોઇ ઉપાય કર. કે જેથી પુત્ર આહાર ગ્રહણ કરે, જો એમ કરીશ, તો તેં અમોને જીવિત આપ્યું તેમ માનીશું.' શ્રાવકપુત્રે કહ્યું કે, 'યથાશક્તિ તે માટે પ્રયત્ન કરીશ' - એમ કહી શિવકુમાર રાજપુત્ર પાસે ગયો. 'નિસીહિ' શબ્દોચ્ચારણ કરી જાણે ઉપાશ્રયમાં પ્રવેશ કરતો હોય, તેમ તેણે તે સ્થાનમાં પ્રવેશ કર્યો. ઇરિયાવહી પ્રતિક્રમીને સાધુને વંદન કરાય, તેમ દ્વાદશાવર્ત વંદનથી તેને વંદન કર્યું. આજ્ઞા લઇ ભૂમિ-પ્રમાર્જન કરી શિવકુમાર પાસે દૃઢધર્મા શ્રાવક બેઠો. શિવકુમાર વિચારવા લાગ્યો કે, 'યતિની માફક આણે મારો વિનય કેમ કર્યો ? લાવ પૂછી જોઉં.' - 'હે શેઠપુત્ર! તેં તેવા પ્રકારનો વિનય કર્યો કે, જે સાગરદત્ત ગુરુ પાસે કરાતો મેં જોયો હતો. શું તેવા પ્રકારના વિનય માટે હું અધિકારી છું ? હું તો તેમના આગળ તેમના ચરણ-કમલના પરાગના માત્ર પરમાણુ સરખો છું.' શ્રાવકપુત્રે કહ્યું કે, 'તમોએ મૌનવ્રત તોડ્યું, તેથી હું રાજી થયો છું. જો કે આ વિનય યતિવર્ગને કરવો યોગ્ય છે, તો પણ કાર્ય કરવા માટે તમારો વિનય કરું છું. આ જિનશાસનમાં ધર્મનું મૂળ હોય તો વિનય જ જણાવેલો છે.' જે કારણ માટે કહેલું છે કે, 'ત્રણે જગતને પવિત્ર કરનાર તંત્રવાળા મંત્રો, વૃદ્ધ પુરુષોના હિતોપદેશનો પ્રવેશ, દેવસમૂહને વંદ્ય, નિરવદ્ય વિદ્યાઓ હંમેશાં સન્તોનો અને વિનીતનો આશ્રય કરે છે. જેની સરખામણીમાં કોઇ આવી શકતું નથી. એવા સંયમભાવથી ઉત્પન્ન થયેલી શુભલેશ્યાવાળા સુશ્રાવકનો પણ વિનય કરવો ઉચિત છે.'

'વળી જે દ્વાદશાવર્ત વંદન તે તો યતિવર્ગને જ દેખાય છે, તે વંદન તમને મેં એટલા માટે કર્યું કે, અત્યારે તમે ભાવસાધુ થયેલા છો, જે અત્યારે તમને માતા-પિતા દીક્ષા અપાવતા નથી, તો 'ભાવસાધુ બની હું ઘરમાં રહું.' એ રૂપે તમે ભાવસાધુ થયેલા હોવાથી મેં તમને વંદન કર્યું છે. હું તમને પૂછું છું કે, તમે જમતા નથી, બોલતા નથી, તેનું શું કારણ ?' ત્યારે શિવકુમારે કહ્યું કે, 'વ્રતના દૃઢ પરિણામવાળા મારે એ અવશ્ય કરવાનું જ છે. હજી પણ માત-પિતા દીક્ષા ગ્રહણ કરવા દેતા નથી, તો હવે ભાવસાધુ બની ઘરમાં વાસ કરું. બીજું સર્વસાવદ્ય યોગના સંયોગ વર્જવાના ઉદ્યમવાળો હું કેવી રીતે સાવદ્ય-આહારનું ભોજન કરું અને તેઓની સાથે કેવી રીતે બોલું ?' દૃઢધર્મ શ્રાવકે કહ્યું કે, 'તમે સમ્યક્ પ્રકારે સદ્ધર્મ કરવામાં નિશ્ચલ છો. ભાવશત્રુરૂપ કર્મને જીતવા માટે બીજા કોની આવી

જય-પતાકા હોઈ શકે ? પરંતુ આહારનો ત્યાગ કરીને ભાવચારિત્ર તમે શી રીતે વહન કરી શકશો ? પડતા દેહને આહારથી સ્થિરપણે ધારણ કરી શકાય છે, ટકાવી શકાય છે. લાંબા કાળ સુધી દીક્ષા પાળનારને જીવનના અંતે વિધિથી આહાર ત્યાગ કરવો ઉચિત છે. ગમે તે પ્રકારે આહારત્યાગ કરી શકાતો નથી. જેઓ દીર્ઘકાળ સુધી સંયમપૂર્વક જીવિત પાલન કરે છે, તેઓ ધન્ય છે. માટે નિરવદ્ય આહાર-સ્વીકારનારા બની દિવસો પસાર કરો, નિરવદ્ય વાણી અને ચેષ્ટાપૂર્વક એકાંત ઘરના ખૂણામાં રહો.'

શિવકુમાર કહે છે કે - 'આ સર્વ કોની સહાયતાથી કરી શકું ? સાવદ્ય અને નિરવદ્ય વચન અને ભોજન-પાણી કોણ જાણી શકે ? મેં જેની નિવૃત્તિ કરેલી છે, તેની પ્રવૃત્તિ હવે કેવી રીતે બની શકે ?' દઢધર્મે કુમારને કહ્યું કે - 'હે કુમાર ! તમો સાધુભૂત બન્યા છો, તો હું શિષ્યની માફક તમારી દરેકે દરેક વૈયાવૃત્યનાં કાર્યો કરીશ. સાધુને કલ્પી શકે કે ન કલ્પી શકે, તે વિષયમાં હું જાણકાર અને બુદ્ધિવાળો છું. વિશુદ્ધ આહાર-પાણી હું વહોરી લાવીશ, વધારે કહેવાથી સર્યું.' કુમારે કહ્યું - 'ભલે એમ થાઓ - એમ કહી અભિગ્રહ ગ્રહણ કર્યો કે, 'જીવન પર્યન્ત મારે છઠ્ઠના પારણે છઠ્ઠ કરવા અને પારણામાં આયંબિલ તપ કરવું.' એ પ્રમાણે નિર્દોષ આહાર-પાણી પૂર્વક છઠ્ઠને પારણે આયંબિલ કરતા તીવ્ર તપમાં રાજકુમાર શિવકુમારનાં બાર વર્ષો પસાર થયાં. નવીન યૌવનવયમાં ગૃહસ્થપણામાં વ્રત અને શીલવાળા હોવા છતાં કર્મના મર્મને સાફ કરવામાં ઉદ્યમવાળા જે કોઈ મહર્ષિઓ થયા, તેમને નમસ્કાર થાઓ.' પંડિતમરણની આરાધના કરવા પૂર્વક કાયાનો ત્યાગ કરીને બ્રહ્મદેવલોકમાં વિદ્યુન્માલી નામનો સામાનિક દશ સાગરોપમની સ્થિતિવાળો મોટો દેવ થયો. તે દેવ અતિકાંતિવાળો અનેક સુંદરીના પરિવારવાળો જિનેશ્વરદેવના સમવસરણમાં જઇ હંમેશાં સુન્દર દેશના શ્રવણ કરતો હતો. દેવલોકના દિવ્ય ભોગો ભોગવીને પોતાનું આયુષ્ય પૂર્ણ થયું, એટલે ત્યાંથી ચ્યવી રાજગૃહી નગરીમાં જેવી રીતે શેઠનો પુત્ર થયો, તે હવે કહીશું.

રાજગૃહી નગરીમાં ગુણો વડે ગૌરવશાળી એવા ઋષભદત્ત નામના ધનાઢ્ય શેઠ હતા. તેને પવિત્ર શીલ ધારણ કરનાર ધારિણી નામની પ્રિયા હતી. જિનધર્મની ધુરા ધારણ કરવામાં અગ્રેસર ચિત્ત હોવા છતાં પોતાને પુત્ર ન હોવાથી અતિમનોહર પુત્રપ્રાપ્તિ માટે તેઓનું ચિત્ત ઝુર્યા કરતું હતું. ધારિણીએ કહ્યું કે, જે કામિની-સ્ત્રીઓને પુત્રરત્ન ન હોય, તેને રૂપનો ગર્વ અને સૌભાગ્યનો આડંબર શો શોભે ? વળી તેનાં સુંદર વચનની શી કિંમત ?

હવે વૈભારગિરિની નજીકમાં બગીચામાં કામ, ક્રોધ, મોહને દૂર કરનાર, હીરાના

હારને હાસ્ય કરનાર એવા સુંદર ઉજ્જ્વલ યશવાળા, તેજ વડે તરુણ સૂર્યસમાન, ભવ્યજીવો રૂપી કમળોને વિકસિત કરનાર એવા પાંચમા ગણધર સુધર્માસ્વામી ત્યાં સમવસર્યા. તે સમાચાર સાંભળીને નોકર-ચાકર આદિ પરિવારથી પરિવરેલ ઋષભદત્ત શેઠ ધારિણી ભાર્યા સાથે વંદન કરવા માટે આંડબરથી નીકળ્યો. માર્ગ વચ્ચે નિમિત્ત જાણનાર તેનો શ્રાવક-મિત્ર મળ્યો. એટલે કહ્યું કે, 'હે યશમિત્ર ! કેમ ઘણા લાંબા સમયે દેખાયા ?' મિત્રે જવાબ આપ્યો કે, 'શ્રમણોની સર્વ પ્રકારે પર્યુપાસના-સેવા કરવામાં અસ્ખલિત મનવાળા મને તેવો કોઇ નવરાશનો સમય મળતો નથી. મારી વાત તો ઠીક, પરંતુ અતિચિંતાના સંતાપથી બળી રહેલા ચિત્તવાળા હોય તેવા આ મારાં ભાભીનું મુખ શ્યામ અને ઉદાસીન કેમ જણાય છે ? તે મને કહો.'

ઋષભદત્તે કહ્યું કે, 'તું જાતે જ તેને પૂછી લે, જેથી પોતે જ દુઃખનું કારણ કહે.' તેમ કહ્યું એટલે ધારિણીએ હ્યું કે, 'હે દિયર ! મેં પહેલાં તમોને નિમિત્ત પૂછ્યું હતું, તે તમો જાણો છો. આ નગરમાં નિમિત્ત જાણનાર કોઇ નથી, તો મારા ચિત્તને અનુસારે જાણીને તમે પોતે જ તે કહો.' જશમિત્રે ક્ષણવાર કંઇક મનમાં વિચાર કરીને કહ્યું કે, 'જાણ્યું તમે પુત્ર વગરનાં હોવાથી ઉદ્વેગ ચિત્તવાળાં ઉત્તમ પુત્રની ઈચ્છા કરો છો. તમને શુભ શકુન પ્રાપ્ત થયાં છે, હવે તમારા મનોરથ સિદ્ધ થશે. આ ભરતક્ષેત્રમાં તમારો પુત્ર ચરમકેવલી થશે, તે વાતની ખાત્રી માટે ઉજ્જ્વલ કેસરીસિંહનું બચ્ચું જાણે ચંદ્રથી નીકળી તમારા ખોળામાં રહેલું હોય તેવું સ્વપ્ન તમે નજીકના સમયમાં દેખશો. પરંતુ તેમાં કોઇક ક્ષુદ્ર અંતરાય રહેલો છે, તે કોઇ દેવતાનું આરાધન કરવાથી ચાલ્યો જશે. તે દેવ કોણ ? તે હું જાણતો નથી.' હર્ષપૂર્ણઅંગવાળી જશમિત્ર સાથે વાતચીત કરતી ઋષભદત્તની પાછળ ચાલતી ધારિણી બગીચામાં પહોંચી. શ્રીસુધર્માસ્વામીને ત્રણ પ્રદક્ષિણા દેવા પૂર્વક ચરણમાં નમસ્કાર કરી બંને પાપકર્મને દૂર કરનાર એવા કેવલી ભગવાન શ્રીસુધર્માસ્વામીની દેશના શ્રવણ કરવા લાગ્યા. તે આ પ્રમાણે :-

## ૨૯. ચારે ગતિનાં દુઃખો -

મનુષ્યજન્માદિ સર્વ ધર્માનુકૂળ સામગ્રી પ્રાપ્ત કરીને શાશ્વત સુખ માટે પ્રયત્ન કરવો જોઈએ. કારણ કે, સંસારની આ ચારે ગતિઓ સેંકડો દુઃખોથી ભરપૂર છે. નારકીભૂમિમાં અતિ સાંકડા મુખવાળી ઘટિકામાંથી છેદાઈ-ભેદાઈને ખેંચાવું, અગ્નિમય કુંભીમાં રંધાવું, કાગડા અને તેવા હિંસક પક્ષીઓ વડે શરીર ફોલી ખાવું, ધગધગતી અગ્નિ-જ્વાલાઓથી તપાવેલી હોવાથી લાલચોળ લોઢાની પૂતળીઓ સાથે દૃઢ આલિંગન, આવા પ્રકારની નારકીની અનેક ભયંકર વેદનાઓમાંથી એક પણ વેદનાનું યથાર્થ સ્વરૂપ કહેવા અમે

શક્તિમાન નથી.

ભૂખ, તરશ, તાપ, નદી, વાયરો, ઠંડી, સખત વરસાદ, પરાધીનતા, અગ્નિદાહ આદિક વેદનાઓ, વ્યાધિ શિકારીઓથી વધ, વ્યથા, ચામડી કપાવી, નિર્લાંછન, ડામ વગેરેની વેદના, પીઠ ઉપર હદ ઉપરાંતનો ભાર વહન કરવો, આ વગેરે દુઃખથી તિર્યંચગતિમાં સાંસારિક સુખથી છેતરાયેલા બિચારા તિર્યંચો વિચરે છે.

દૌર્ભાગ્ય, દુર્જનની વાણીનું શ્રવણ, ગૃહસ્થપણાનું ગર્હિતગૃહ, દરિદ્રપણારૂપી મહાપર્વતની અંદર જેનો હર્ષ છૂપાઈ ગયો છે દાસપણાદિકથી દીનમુખવાળા, સંગ્રામમાં મોખરે જવાથી ભેદાયેલા શરીરવાળા, એવી, અનેક પીડાઓથી દુઃખી મનુષ્યોના આત્મા માટે વિચાર કરીએ તો તેમને ઉચિત લેશ પણ સુખ નથી.

દેવતાઓ મરણકાલ-સમયે કેવા વિલાપ કરે છે ? અરેરે ! મારા કલ્પવૃક્ષો ! ક્રીડા કરવાની વાવડીઓ ! મારી પ્રિય દેવાંગનાઓ ! તમે મારો ત્યાગ કેમ કરો છો ? દેવોને હવે ગર્ભરૂપી નરકમાં વાસ કરવો પડશે, આવાં અનેક દુઃખો અનુભવતા તે દેવોનું હૃદય વૈક્રિય હોવા છતાં પાકેલાં દાડિમફળ ફુટવા માફક ખરેખર સેંકડો અને ક્રોડો ટૂકડા રૂપે ભેદાઈ જાય છે.

સંસારમાં નિવાસ કરતા ચારે ગતિના જીવોનાં ઘણાં દુઃખો જણાવ્યાં. આ સમગ્ર દુઃખો ત્યાગ કરવાની અભિલાષાવાળાએ અનુપમ, છેડા વગરના, દુઃખ વગરના અને એકાંત સુખમય સિદ્ધિ-સુખ મેળવવા માટે યોગ્ય ઉચિત ઉપાય-પ્રયત્ન કરવો જોઇએ. અહિં આ મનુષ્યગતિમાં ખરેખર પ્રશંસવા લાયક પદાર્થ હોય તો શુદ્ધધર્મની પ્રાપ્તિ છે, માટે આર્ય-વિવેકી પુરુષોએ સાક્ષાત્ જિનેશ્વરોએ આચરેલી અને કહેલી દીક્ષા અને શિક્ષા-ઉપદેશનું સેવન કરવું જોઇએ.”

આ સમયે ધારિણી ચિંતવવા લાગી કે, ‘કેવલી ભગવંતો સર્વ ભાવોને જાણે છે.’ હે ભગવંત ! હું કયા દેવને અનુકૂલ કરું, તે મારા સંદેહને દૂર કરો. આ વખતે સુધર્માસ્વામીએ જંબૂદ્વીપના જંબૂવૃક્ષમાં નિવાસ કરનાર અનાદૃત નામના દેવની કહીકત કહી.

## ૩૦. અનાદૃત દેવની ઉત્પત્તિ -

અહિં ઋષભદત્ત શેઠનો ભવાભિનંદી ભાઈ જિનદાસ નામનો જુગારી હંમેશાં જુગારનું વ્યસન સેવતો હતો. જુગારી કેવા હોય છે ? ઘણા ભાગે લંગોટીમાત્ર વસ્ત્ર ધારણ કરનાર, ખરાબ દુગુંચ્છનીય આહારનું ભોજન કરનાર, ધૂળવાળી ધરામાં શયન કરનાર, અશિષ્ટ વાણી બોલનાર, વેશ્યાઓ વિટ-જાર પુરુષો, સહાયકને કુટુંબી વર્ગ મારનાર, બીજાને

ઠગવાનો ધંધો કરનાર, ચોરને મિત્ર માનનાર, મહાસજ્જન પુરુષોને દુશ્મન માનનાર, દુર્વ્યસની પુરુષોનો આ સંસાર-ક્રમ હોય છે. અતિમદિરાપાન કરનાર, માંસ ખાનાર, હિંસા કરનાર, વેશ્યાગમન, ખરાબ વર્તન કરનાર આ સર્વ વ્યસન સેવનાર વ્યસની નથી એમ માનું છું. પરંતુ એકલો જુગાર રમનાર વ્યસની છે. આ સર્વ અનર્થનું મૂળ હોય તો જુગાર છે. પોતાના જુગારી મિત્રો સાથે વાંધો પડ્યો એટલે જુગારીઓએ હથિયારથી તેને ઘાયલ કર્યો. મરણદશા અનુભવતો પોતે પારાવાર પશ્ચાત્તાપ કરવા લાગ્યો. જો કે ઋષભદત્તે આ જુગારી ભાઇનો ત્યાગ કર્યો હતો, તો પણ આવા સંકટમાં તે આવી પડ્યો, ત્યારે ઋષભદત્ત બન્ધુ તે દુ:ખી જિનદાસ પાસે આવ્યો. 'પાપી આત્માઓને પાપી મનવાળા સાથે જ પ્રસંગ પડે છે અને પાછળથી પરેશાની પામે છે,' તે ઋષભદત્ત સારી રીતે સમજતો હતો.

જેમ વયમાં જ્યેષ્ઠ હતો, તેમ ગુણોમાં પણ આ ભાઈ જ્યેષ્ઠ હતો. કહ્યું છે કે - 'નિરભિમાન ઉપકારી પ્રત્યે સદ્ભાવ રાખવો કે દયાવાળા બનવું તેમાં શું અધિક ગણાય ? પરંતુ અહિતકારી કે અણધાર્યો કોઇકે આપણો અપરાધ કર્યો હોય, તેવા ઉપર ઉપકાર કરવો કે દયાવાળું મન કરવું - એમ કરનારા પુરુષો સજ્જન-શિરોમણિ ગણાય છે.' ત્યારપછી વિવશ બનેલો આ જિનદાસ જુગારી મોટાભાઈ ઋષભદત્તના ચરણમાં આખું અંગ અને મસ્તક લગાડીને વારંવાર પોતાના અવિનય અને અપરાધોને ખમાવવા લાગ્યો - 'હે બન્ધુ ! હું તમને સુખ આપનાર તો ન થયો, પણ મારા કારણે તમો તીવ્ર સંતાપને અનુભવો છો. કારણ કે તમે મને વારંવાર આ દુર્વ્યસનથી રોક્યો, છતાં પણ મેં તે ન કરવા યોગ્ય વ્યસનો સેવ્યાં, તેની મને ક્ષમા આપો.' ઋષભદત્તે તેને એવી રીતે આશ્વાસન આપ્યું કે, જેથી કરી પંચ નમસ્કારના ધ્યાનમાં તન્મય બની પંચ નમસ્કારના પ્રભાવથી મરીને તે ભવનાધિપ અનાદૃત નામનો મહર્દ્ધિક તેજસ્વી દેવ થયો. અને સરલ ચિત્તવાળા ઋષભદત્તને વિષે આ નવીન અનાદૃત દેવ પક્ષપાત રાખતો હતો. આ પ્રમાણે દેશના સાંભળીને પછી ઋષભદત્ત પોતાના ઘરે ગયો અને દેવ, ગુરુ તથા શ્રી સંઘની પૂજા કરવામાં તત્પર બની દિવસો પસાર કરવા લાગ્યો.

## પુત્રજન્મ અને નામકરણ -

ધારિણી શ્રાવિકાએ તે દેવની આરાધના માટે ૧૦૮ આયંબિલ તપ કરવાની માનતા માની; તેમ જ પુત્રનું નામ પણ તે દેવતાનું જ પાડીશું. હવે ભવદેવનો જીવ વિદ્યુન્માલી બ્રહ્મદેવલોકના ભોગો ભોગવીને ત્યાંથી ચ્યવીને જેમ ગુફામાં સિંહ આવે, તેમ ધારિણીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. ધારિણીએ સ્વપ્નમાં સફેદ સિંહ બાળકને જોયો. જાગીને ઋષભદત્ત પાસે જઇ સ્વપ્નની હકીકત કહી. જસમિત્રે કહેલા વૃત્તાન્તથી ધારિણીને વિશ્વાસ ઉત્પન્ન

કરાવ્યો. પરમહર્ષને પામેલી તે ભાગ્યશાળી ગર્ભને વહન કરવા લાગી. જિન-પ્રતિમાની પૂજા, યતિવર્ગને પ્રતિલાભવાનાં કાર્યો, દુઃખી-દીનોને ઉદ્ધાર કરવાનાં કાર્યોના દોહલા ઉત્પન્ન થયા. ગણ્યા વગરનું-અગણિત દ્રવ્યનું દાન દેવા લાગી. ઉત્તમ વસ્ત્રાદિ વસ્તુઓ દાનમાં અર્પણ કરતી, જેના સર્વ દોહલા પૂર્ણ થયા છે, એવી તે ચંદ્ર સરખી સૌમ્યકાન્તિવાળી બની.

ગર્ભના દિવસો પૂર્ણ થયા, તેમ જ સમગ્ર અનુકૂળ યોગો હતા, ત્યારે સુમેરુ પૃથ્વી જેમ કલ્પવૃક્ષને તેમ ધારિણીએ પુત્રને જન્મ આપ્યો. પુત્રજન્મ-સમયે નગરલોક સમૂહથી ચૈત્યગૃહો અને જિનાલયોમાં વિસ્તારપૂર્વક પૂજાની રચના તથા વાજિંત્રોના શબ્દોના આડંબરથી આનંદ-મદોન્મત્ત બનેલી નૃત્ય કરતી નગરનારીઓવાળું નગર બની ગયું. કેદખાનામાંથી કેદીઓને બંધનમુક્ત કરાવીને તથા દીનાદિક વર્ગને દાન આપવાનું વર્દ્ધાપના-વધામણું-મહોત્સવ કરીને ઋષભદત્તે નગરને મનોહર અને રમણીય બનાવ્યું. બારમા દિવસે શુભવિધિથી સાધુ આદિને પ્રતિલાભી સમગ્ર જ્ઞાતિ અને નગરલોકોને ભારપૂર્વક ઉત્તમ પ્રકારની રસવતીઓ તૈયાર કરી સુંદર ભોજન જમાડ્યું. શુભ મુહૂર્તમાં મોટા મહોત્સવ પૂર્વક **'જંબૂદેવે આપેલા હોવાથી પુત્રનું નામ પણ જંબૂકુમાર હો'** એમ કહીને તે નામ સ્થાપન કર્યું. જેમ નવીન કલ્પવૃક્ષ પ્રતિદિવસ વૃદ્ધિ પામે, તેમ પાંચ ધાવમાતાથી પાલન કરાતો જંબૂકુમાર શરીરથી અને કળાઓથી વિશેષ વૃદ્ધિ પામવા લાગ્યો. નિષ્કલંક અને સંપૂર્ણ સર્વ કળાઓ ગ્રહણ કરી મિત્રમંડળ સાથે હંમેશાં ઉદ્યાન અને બગીચાઓમાં ક્રીડા કરવા લાગ્યો.

## ૩૧. આઠ કન્યાઓ સાથે પાણિ-ગ્રહણ -

ફરી કોઇક સમયે સુધર્માસ્વામી વિહાર કરતાં કરતાં રાજગૃહી નગરીની બહાર પધાર્યા. જંબૂકુમાર તેમનું આગમનજાણીને તેમને વંદન કરવા માટે બહાર નીકળ્યો. ઉદ્યાનમાં સમવસરેલા તેમને પ્રણામ કરી ગણધર પ્રભુ સન્મુખ બેઠો અને બે હાથ જોડી હર્ષિત હૃદયવાળો તેમની દેશના શ્રવણ કરવા લાગ્યો. લોકમાં ચોલ્લક આદિ દશ દૃષ્ટાન્તે દુર્લભ ઉત્તમ મનુષ્યપણાનો ભવ પામી પ્રમાદ-મદિરામાં મત્ત બની તમે આ કીંમતી મનુષ્ય-ભવ હારી ન જતાં તેમાંથી શ્રેષ્ઠ રત્નનું ફળ મેળવો. કારણ કે પવનની લહેરોથી ડોલતા વૃક્ષના પત્ર સરખું જીવોનું આયુષ્ય અતિચંચળ છે. યૌવન મદોન્મત્ત કામિનીના કટાક્ષ સરખું ચપળ છે, કાયા જૂના જર્જરિત બખોલ વાળા વૃક્ષ સરખી રોગાદિક સર્પ માટે નિવાસસ્થાન છે. સર્પિણી સરખી રમણીઓ સ્વાધીન કરવી મુશ્કેલ છે. લક્ષ્મી વૃક્ષના છાયડાં માફક બીજે ચાલી જનારી અતિચંચળ છે, એટલું જ નહિ, પરંતુ અનર્થ ઉત્પન્ન કરનારી છે. જે પ્રિયના સંયોગો, તે પણ વિયોગના અંતવાળા છે. આ પ્રમાણે વિનાશ

પામવાના સ્વભાવાવાળા સંસારભાવને યથાર્થ વિચારી શાશ્વતસુખના સ્થાન સ્વરૂપ મોક્ષને વિષે પ્રયત્ન કરવો, તે હંમેશ માટે યુક્ત છે, તે મોક્ષનું પણ જો કોઈ અપૂર્વ કારણ હોય તો નિરવદ્ય એવી દીક્ષા છે સારા ક્ષેત્રમાં પણ બીજ વગર ડાંગર ઉગતી નથી. તે દીક્ષા કાયર પુરુષને દુષ્કર છે અને બહાદુર પુરુષને સુકર-સહેલી છે. સંતોષ અંતે સમાધિવાળા પુરુષને શિવ-સુખ અહિં જ દેખાય અને અનુભવાય છે.

જંબૂકુમાર ગણધર ભગવંતના ચરણ-કમલમાં પ્રણામ કરીને વિનંતિ કરવા લાગ્યો કે, 'હે સ્વામી ! આપની પાસે દીક્ષા લેવાની અભિલાષા રાખું છું.' ગણધર ભગવંતે કહ્યું કે, 'હે ધીર ! તો હવે ઢીલ ન કરીશ, જલ્દી તૈયાર થા. આવો ક્ષણ ફરી પ્રાપ્ત થવો ઘણો દુર્લભ છે.' કુમારે કહ્યું કે - 'માતા-પિતાની આજ્ઞા લઇને જલ્દી આવું છું. હે ભગવંત ! પ્રથમ તો મને જિંદગીપર્યંત માટે બ્રહ્મચર્ય વ્રત આપો.' પ્રભુએ કહ્યું કે, 'દીક્ષા પહેલાં આ બ્રહ્મચર્યવ્રત એ પ્રણવ 'ૐ' મંત્ર સમાન છે. આ પ્રમાણે બ્રહ્મચર્યનો નિયમ ગ્રહણ કરીને અને તે નિર્મલ બ્રહ્મચર્ય માટે પ્રયત્ન કરતો જલ્દી ઘરે પહોંચ્યો, ત્યારપછી માતા-પિતાને વિનંતિ કરવા લાગ્યો કે, 'હે પિતાજી અને માતાજી ! આજે મેં સુધર્માસ્વામીજીની નિરવદ્ય દેશના સાંભળી, ત્યારપછી મારું મન સાવદ્યલેપરહિત-વિરતિમાં લીન બન્યું છે.'

'હે પુત્ર ! ભગવંતની દેશના સાંભળી, તે કાર્ય તેં સુંદર કર્યું.' એમ તેઓએ કહ્યું એટલે જંબૂ કુમારે કહ્યું કે, 'મને દીક્ષા ગ્રહણ કરવાની અનુમતિ આપો.' એ વાત સાંભળતાંની સાથે મૂર્ચ્છાથી બીડાઈ ગયેલી આંખોવાળા માતા-પિતાને દેખ્યા. મૂર્ચ્છા વળી ગઇ અને ચેતના પાછી આવી, ત્યારે તેઓ દીન સ્વરથી કહેવા લાગ્યા કે - 'હે પુત્ર ! તું અમારા ઘરમાં કલ્પવૃક્ષ સરખો છે, તારા વગર અમારું હૃદય અતિશય પાકેલ દાડિમ-ફલ માફક તડ દઇને ફુટી જાય, - એમ અનુકૂલ-પ્રતિકૂલ અનેક પ્રકારનાં વચનો વડે માતા-પિતાએ સમજાવ્યો, તો પણ તેમનું વચન માનતો નથી. ત્યારે માતા-પિતાએ કહ્યું કે - 'એક વખત લગ્ન-મંગલ કરેલા તારું મુખકમલ જોઇએ, તો અમે સર્વ કૃતાર્થ થઇશું. જંબૂએ કહ્યું કે, 'હે માતાજી ! લગ્ન કર્યા પછી મને દીક્ષાની અનુમતિ આપશો, તો પણ મને સમ્મત છે, તો ભલે તેની તૈયારી કરો.'

ત્યારપછી ધારિણી માતાએ સમુદ્રપ્રિય વગે આઠ સાર્થવાહ અને પદ્માવતી વગેરે આઠ સાર્થવાહીની સુવર્ણવર્ણ સરખા અંગવાળી ભાગ્યવતી સરખા રૂપ યૌવન અને લાવણ્યવાળી મદોન્મત્ત કામદેવના દર્પવાળી આઠ કન્યાઓ સાથે વિવાહ કર્યો. સિન્ધુમતી, પદ્મશ્રી, પદ્મસેના, કનકસેના આ ચાર દેવભવની ભાર્યા હતી, બીજી નાગસેના, કનકશ્રી, કમલવતી અને જયશ્રી ચાર એમ આઠ કન્યાઓ સાથે મહાઋદ્ધિ-સહિત વિવાહ મહોત્સવ શરુ કર્યો.

ગુમગુમાયમાન ગંભીર મૃદંગના શબ્દ સાથે કામિનીસમૂહ જેમાં નૃત્ય કરી રહેલ છે એવો જંબૂપ્રભુનો પાણિ-ગ્રહણ-વિધિ પ્રવર્ત્યો. તેનો પૂજા-સત્કાર કર્યો. કૌતુક-માંગિલક કર્યાં. સર્વાલંકાર-વિભૂષિત દેહવાળા તે આઠે નવપરિણીત સ્ત્રીઓ સાથે રાત્રે વાસભવનમાં ગયા. જંબૂકુમાર આઠે પ્રિયાઓ સાથે સિંહાસન પર આરૂઢ થયા, ત્યારે અષ્ટ પ્રવચનમાતા વડે કરીને જેમ ધર્મ શોભા પામે, તેમ તે કુમાર શોભવા લાગ્યા.

## ૩૨. પ્રભવકુમાર - મધુબિન્દુનું દૃષ્ટાંત -

આ બાજુ જયપુર નગરના વિંધ્ય નામના રાજાનો પ્રભવ નામનો મોટો પુત્ર હતો. તેના પિતાએ પ્રભુ નામના નાના પુત્રને પોતાનું રાજ્ય અર્પણ કર્યું. જયપુરનો રાજા પ્રભુ થવાના કારણે અભિમાની મોટો પુત્ર પ્રભવ જયપુરથી બહાર નીકળી ગયો. વિન્ધ્ય પર્વતની તળેટીમાં નાનો સંનિવેશ (રહેઠાણ) બનાવરાવીને રહેલો તે નજીકના સાર્થ, ગામ વગેરે લૂંટીને આજીવિકા ચલાવતો હતો. જંબૂકુમારના લગ્ન સમયે કન્યાઓનાં માતા-પિતા તરફથી મળેલ લક્ષ્મીવિસ્તારને જાણીને પ્રભવ પોતાના ઉદ્‌ભટ પરિવાર સાથે રાજગૃહીમાં પહોંચ્યો. સમગ્ર લોકોને અવસ્વાપિની વિદ્યાથી ઉંઘાડીને તે મેરુપર્વત સરખા ઊંચા જંબૂકુમારના

મહેલમાં ગયો. તાલોદ્‌ઘાટિની વિદ્યાથી જલ્દી તાળાં ખોલીને, દ્વાર ઉઘાડીને પોતાના ઘરની જેમ મહેલમાં તેણે પ્રવેશ કર્યો, તે સમયે ઘરના મનુષ્યો ઘસઘસાટ ઊંઘતા હતા, એટલે ચોરો ભંડારમાંથી સમગ્ર આભૂષણાદિક લૂંટવા લાગ્યા. શંકાવગરના માનસવાળા સિંહાસન પર બેઠેલા જંબૂકુમારે કહ્યું કે, 'આ પરોણાલોકોને અડકશો નહિં.' તે વચન બોલતાં જ ભવનમાં તે ચોરો જાણે ચિત્રામણમાં ચિત્રેલા હોય અથવા પાષાણમાં ઘડેલા હોય, તેમ થંભાઇ ગયા. તે વખતે પ્રભવે જેમ આકાશમાં તારામંડલથી પરિવરેલો શરદ ઋતુનો ચંદ્ર હોય, તેમ નવ યૌવનવંતી સુંદર તરુણીઓથી પરિવરેલા જંબૂકુમારને જોયા.

પોતાના ઉદ્‌ભટ સુભટોને સ્તંભ માફક સ્તંભિત કરેલા જોઇને ચમત્કાર પામેલા ચિત્તવાળો પ્રભવ કહેવા લાગ્યો કે, 'હે સુપુરુષ ! તમો કોઇ વિશિષ્ટ પ્રભાવશાળી પુરુષ જણાઓ છો. કારણ કે અવસ્વાપિની વિદ્યાથી ઊંઘાડવા છતાં. તે વિદ્યાનો પ્રભાવ આપના ઉપર બિલકુલ અસર કરનાર ન થયો. તેમ જ અમને પકડવા કે મારવા માટે તમે ઉભા થતા નથી. હું જયપુરનરેશ વિન્ધ્યરાજાનો પુત્ર છું. દુર્દૈવ યોગે હું ચોર સેનાપતિ થયો છું અને અહિં ચોરી કરવા આવેલો છું.' જંબૂકુમારે પ્રભવને કહ્યું કે, 'મને તારા માટે કંઇ અપરાધ કરવા બદલ દુર્ભાવ થયો નથી, તેથી તું મારો મિત્ર છે.' પ્રભવે કહ્યું કે, 'તો હવે મારી પાસેની અવસ્વાપિની અને તાલોદ્‌ઘાટિની નામની બે વિદ્યા ગ્રહણ કરો અને તમારી પાસેની સ્તંભિની વિદ્યા મને આપો, એટલે તમો જેમ કહેશો, તેમ કરીશ.' જંબૂકુમારે કહ્યું

કે 'હે સુંદર પુરુષ ! આ વિષયમાં જે ખરો પરાર્થ છે, તે સાંભળ. હું વિદ્યાને શું કરું ? અથવા તો આજે જ પરણેલી આ ભાર્યાઓનું પણ મારે શું પ્રયોજન છે ? મણિ, રત્ન, સુવર્ણના કુંડલો, મુગુટ આદિ આભૂષણોનો પણ મેં ત્યાગ કર્યો છે. આજે પ્રાતઃકાલ થશે, ત્યારે ધન, સ્વજન આદિ સર્વનો ત્યાગ કરી નક્કી સર્વ પાપવાળા યોગોની વિરતિ-પ્રતિજ્ઞા અંગીકાર કરીશ.' હવે વિસ્મિત ચિત્તવાળા પ્રભવે માન અને શોક છોડીને લગાર આગળ જઇને મોટા મિત્ર જંબૂકુમારને કહ્યું કે, 'આ કામિનીપ્રિયાઓ સાથે ભોગો ભોગવીને કૃતાર્થ થયા પછી પાછલી વયમાં પ્રવ્રજ્યાનો પ્રયત્ન કરજો.' જંબૂએ કહ્યું કે, 'કયો ડાહ્યો મનુષ્ય વિષયસુખની પ્રશંસા કરે ?' દિવ્યજ્ઞાનીએ દેખેલું એક દૃષ્ટાંત કહું છું, તે સાંભળ :-

**મધુબિન્દુ-દૃષ્ટાંત-[1]**

એક મોટીભયંકર અટવીમાં મુસાફરી કરતા કોઇક યુવાન પુરુષને હણવા માટે કોઈક દુર્ધર મદોન્મત્ત હાથી તેની પાછળ દોડવા લાગ્યો. તે હાથીથી દૂર પલાયમાન થતા એવા તેણે કોઇક સ્થાન પર જૂનો કૂવો દેખ્યો. તે કૂવાની અંદર વડલાની વડવાઇઓ લટકી રહેલી હતી. તે પુરુષ ચતુર હોવાથી તેને પકડીને કૂવાની અંદર લટકવા લાગ્યો. તેની પાછળ પાછળ હાથી આવી પહોંચ્યો અને લટકતા એવા તેના મસ્તક ભાગને સૂંઢથી સ્પર્શ કરવા લાગ્યો. કૂવાની અંદર નીચે નજર કરી તો મહાન અજગર દેખાયો. તે કેવો હતો ? 'આ લટકતો પુરુષ ક્યારે નીચે પડે અને મારી ભૂખ ભાંગે ?' વળી ચારે દિશામાં નજર કરી તો દરેક દિશામાં વીજળી સરખી ચપળ લપલપ થતી જીભવાળા યમરાજાની ભૃકુટી-બાણ સરખા ચાર કાળા સર્પો તેને ડંખવાની ઇચ્છા કરતા હતા, તે વડવાઇના મૂળભાગને સફેદ અને શ્યામ એવા બે ઉંદરો તીક્ષ્ણ દાંતથી કોરતા હતા, જેથી આને નીચે પડવામાં ડાળીનું શૈથિલ્ય થાય. કોપાયમાન હાથી પોતાના બે દંતશૂળથી વડલાના વૃક્ષને હચમચાવવા લાગ્યો. તે કારણે વૃક્ષ ઉપર લટકતા મધપૂડાની મધમાખો ઉડીને પેલા લટકતા મુસાફરના શરીર ઉપર દુસ્સહ ચટકા ભરવા લાગી.

મધપૂડામાંથી ધીમે ધીમે ટપકતાં મધનાં બિન્દુઓથી ખરડાયેલ વેલડી શરીર સાથે ઘસાવા લાગી, એટલે મધના બિન્દુઓ શરીરે લાગ્યાં, અને તે બિન્દુઓને વારંવાર ઝટઝટ ચાટવા લાગ્યો. ચારે બાજુ ભયની અવસ્થાવાળો તે મૂઢાત્મા મધુબિન્દુના ટપકવાથી તે બિન્દુઓ મસ્તક ઉપરથી નાકની દાંડી પર થઈ, હોઠ પરથી જીભ ઉપર તેનો અલ્પ અંશ આવ્યો, ત્યારે કંઈક મધુર સ્વાદનો અનુભવ કર્યો. તે સમયે હાથી, અજગર, સર્પો, ઉંદર, મધમાખી વગેરેનાં દુઃખોને મધના સ્વાદસુખ આગળ તૃણસમાન ગણવા લાગ્યો. તે વખતે

૧. મારા કરેલા સમરાદિત્ય ચરિત્રના અનુવાદમાં આ જ દૃષ્ટાંત વિસ્તારથી કહેલું છે. પત્ર ૫૭

આકાશમાર્ગે ઉડતા કોઈ વિદ્યાધરે તેને કહ્યું કે, 'આ સંકટમાંથી તારો ઉદ્ધાર કરી તને નંદનવનમાં લઇ જઇ અનેક ભોગ સામગ્રી આપું.' મધના બિન્દુના સ્વાદમાં લંપટ બનેલો તે શું ત્યાં જાય ખરો ?

## દૃષ્ટાંત-ઉપનય -

આ દૃષ્ટાંત વૈરાગ્ય ઉત્પન્ન કરવા માટે કહેલું છે. હવે તેનો દાર્ષ્ટાન્તિક અર્થ કહું છું, તે સાંભળો. જે ત્યાં ભૂલો પડેલો મુસાફર જણાવ્યો, તે ભવમાં ભ્રમણ કરતો આપણો પોતાનો જીવ સમજવો. જે અટવી, તે ભવમાં રહેવું તે. જે હાથી તે યમરાજા-મરણ. જે કૂવો તે મનુષ્યજન્મ, જે વડવાઈ તે જીવિત, નીચે અજગર તે નરક અને દુર્ગતિ, જે ચાર સર્પો તે ક્રોધાદિ ચાર કષાયો, કાળા-ધોળા બે ઉંદરો, તે શુક્લ અને કૃષ્ણ-એમ મહિનાના બે પક્ષો, તે ઉંદરો જે વડવાઇને દાંતથી કરડીને વડવાઇઓ ઢીલી કરતા હતા, તે શરીરનું વૃદ્ધત્વ થવું અને નબળાઈ આવવી, મધમાખીઓનાં ટોળાં, તે આધિઓ-વ્યાધિઓ શરીરે લાગેલી વેલડીઓ સમજવી. નાની વેલડીઓ છે, તે પ્રેમ કરનારી વહાલી પ્રિયાઓ છે, તે વિષય-સુખ સમજવું. જે દુઃખથી ઉદ્ધાર કરી નંદનવનમાં સુખ માટે વિદ્યાધર લઇ જાય છે, તે સંસારનો ત્યાગ કરાવી મોક્ષે લઈ જનાર એવા ધર્માચાર્ય સમજવા. આ મધુબિન્દુનું દૃષ્ટાન્ત વિચારવું. 'માટે હે પ્રભવ ! તું કહે કે, દુઃખનો નાશ કરી વિદ્યાધર વડે અપાતું સુખ જે ન ઇચ્છે તો એને મૂર્ખ કેમ ન સમજવો ? હું પણ મુનીન્દ્રોએ બતાવેલા માર્ગે ભવનો ક્ષય કરી મોક્ષની આકાંક્ષા કરું છું. 'હે સુમિત્ર ! આ આપણો આત્મા મનુષ્યોમાં પશુ છે-એમ કેમ ન કહેવું ?' અથવા મોટા દુઃસાહસ કરવામાં-પાપ કરવામાં પણ નિર્ભય અને શંકા વગરનો છે. વિષયસુખનો એક માત્ર અંશ છે, તેમાં લંપટ બની તેના ફળરૂપે પર્વત જેવડા મહાદુઃખને પણ ગણકારતો નથી.

પ્રભવે કહ્યું કે, 'હે બન્ધુ ! આ તમારા માતા-પિતા અતિ પ્રેમની લાગણીવાળા પ્રત્યક્ષ દેખાય છે, તેઓ તમારા વગર કેવી રીતે જીવશે ? તમારી આશારૂપી પલ્લવોથી વિકસિત બનેલી એવી આ લતા સરખી પ્રિયાઓ તમારા વગર નિષ્ફલ ઉદયવાળી કોના હાસ્ય માટે નહિં થાય ?'

જંબૂકુમારે કહ્યું કે :- માતા, પિતા, પુત્ર, પુત્રીઓ, પ્રિયાઓ કોઇ પણ એકાંતે નથી. આ એક જ ભવમાં તેમાં પરિવર્તન થાય છે. કહેલું છે કે, 'અનાદિ અનંત એવા સંસારમાં કોની સાથે આ જીવને કયા પ્રકારનો સંબંધ થયો નથી ?' આમાં સ્વ-પર-કલ્પના કરવી નિરર્થક છે. આ સંસારમાં માતા થઈને પુત્રી, બહેન કે ભાર્યા થાય છે, વળી પુત્ર પિતાપણાને, ભાઇપણાને, વળી શત્રુપણાને પણ પામે છે. પરલોકની વાત તો બાજુ પર રાખો, પરંતુ

અહિં જ તેવા ક્લિષ્ટ કર્મવાળા માતા આદિ પ્રાણીઓનો પણ ફેરફાર સંબંધ થાય છે. 'હે મિત્ર ! સાવધાન થઇ ક્ષણમાત્ર એક દૃષ્ટાન્ત કહું છું, તે સાંભળ, જે જીવોને મહાવૈરાગ્ય ઉત્પન્ન કરનાર છે. એક જ ભવની અંદર પરસ્પર વિચિત્ર કેવાસંબંધો થયા, તે ઉપર કુબેરદત્ત અને કુબેરદત્તા યુગલનું કથાનક છે.

## 33. કુબેરદત્ત અને કુબેરદત્તાયુગલ -

મથુરા નામની મહાનગરીમાં સુંદર શરીર અને મનોહર લાવણ્યવાળી કુબેરસેના નામની વેશ્યા હતી, પ્રથમગર્ભના અતિભારની તેને અતિશય પીડા ઉત્પન્ન થઈ, ત્યારે તેની માતાએ કહ્યું કે, 'હે પુત્રી ! આ ગર્ભભારથી સર્યું, કોઇ પણ પ્રકારે આ તારો ગર્ભ પાડી નાખું. આવું દુઃખ ભોગવવાથી આપણને શો લાભ ?' એ વાતમાં પુત્રી સમ્મત ન થવાથી સમય થયો એટલે એક પુત્ર અને એક પુત્રી એમ જોડલાં બાળકોને જન્મ આપ્યો. માતાએ કહ્યું કે, 'હે પુત્રી ! આ બાળકયુગલનો ત્યાગ કર. વેશ્યાધર્મના મર્મને નુકશાન કરનાર આ બાળક-યુગલથી સર્યું.' કુબેરસેનાએ કહ્યું, 'હે માતાજી ! તમે ઉતાવળા ચિત્તવાળાં છો, વળી તમારે અવશ્ય આ કાર્ય કરવું જ છે, તો દશ દિવસ પછી જે તમને ઠીક લાગે તેમ કરશો.' પછી કુબેરસેનાએ કુબેરદત્ત અને કુબેરદત્તા એવા નામવાળી બે મુદ્રિકા-વીંટી તૈયાર કરાવરાવીને દશમી રાત્રિના સમયે ઉત્તમ જાતિની ચાંદીની બનાવેલી પેટીમાં રત્ન અને રેશમી વસ્ત્રો પાથરીને તેમાં બંનેના હાથની આંગળીમાં મુદ્રિકા પહેરાવીને તે બંને બાળકોને સાથે સુવડાવ્યાં. યમુનાનદીના પ્રવાહમાં તે પેટીને વહેતી મૂકી. ભવિતવ્યતા-યોગે પ્રાતઃકાળના સમયે શૌરિકપુરમાં નિવાસ કરનાર બે શ્રેષ્ઠીઓ શૌચ માટે નદી-કિનારે આવેલા; તેમણે તે પેટી દેખી અને સ્વીકારી. પેટી ખોલીને જોયું, તો તેઓએ બાળક યુગલને જોયું. કાલિન્દી દેવતાએ આપેલ ભેટનો અણધાર્યો લાભ સ્વીકારી એકે પુત્રનો અને બીજાએ પુત્રીનો સ્વીકાર કર્યો અને મુદ્રિકામાં નામ હતાં, તે નામ રાખ્યાં. અનુક્રમે બેં બાલકો શરીરથી વૃદ્ધિ પામવા લાગ્યા.

ત્યારપછી નવીન યૌવન, અતિશય રમણીયતા વડે રંજિત થયેલા હૃદયવાળા એવા તે બંને શ્રેષ્ઠીઓએ તે બંનેના સરખાં રૂપ-રંગ-રેખા વિશેષ ફલવાળાં બનો' એમ ધારી બંનેનાં લગ્ન કર્યાં. બીજા દિવસે તે દંપતીએ પાસા-ક્રીડાની રમત શરુ કરી ત્યારે કુબેરદત્તે પાસા નાખ્યા, તે સાથે પોતાની મુદ્રિકા સરી પડી. તે મુદ્રિકાને કુબેરદત્તા બારીકીથી અવલોકન કરતાં પોતાની મુદ્રિકા સરખી જ બરાબર મળતી આવતી હોવાથી વિચાર કરવા લાગી અને મનમાં સંકલ્પ પ્રગટ થયો કે, 'કદાચિત્ આ મારો ભાઈ તો નહિ હશે ? વળી તેના પ્રત્યે આલિંગન કે સુરતક્રીડા માટે મારું મન ઉત્તેજિત થતું નથી, તેમ મારા પ્રત્યે તેને પણ

પ્રિયાબુદ્ધિ થતી નથી. માટે નક્કી આ વિષયમાંહે કોઇ દૈવી સંકેત છૂપાયેલ હોવો જોઇએ.' "કોઈક કરવા માટે સમર્થ ન હોય, કરવા માટે ચંચળ મન પણ તૈયાર ન થાય, છતાં એ કાર્ય શુભ કે અશુભ હોય, તે કાર્ય કરવા માટે દૈવ ત્યાં ખેંચી જાય છે તેમાં શું આશ્ચર્ય છે ?" ત્યારપછી તત્કાલ દ્યૂતક્રીડા બંધ કરી બંને મુદ્રિકાઓ કુબેરદત્તના હાથમાં મૂકી માતા પાસે પહોંચી.

સો સોગનથી માતાને બાંધીને માતાને પૂછ્યું કે 'હું તારા ઉદરથી જન્મેલી છું કે કોઇ દેવતાએ અર્પેલી પુત્રી છું ?' એટલે જે પ્રમાણે વૃત્તાન્ત બન્યો હતો, તેપ્રમાણે માતાએ જણાવ્યો. શોકાગ્નિમાં ડૂબેલીએ તેણે સર્વ વૃત્તાન્ત કુબેરદત્તને જણાવ્યો. બે સમાન મુદ્રિકા દેખવાથી ઉત્પન્ન થયેલા વિતર્કવાળા કુબેરદત્તે પણ તે જ વૃત્તાન્ત માતાને જણાવ્યો. અનુચિત્ત આચારરૂપ શોકાગ્નિથી વ્યાપેલા અંતઃકરણવાળા તેઓ બંનેએ પોતપોતાના માનેલા માતા-પિતાને કહ્યું કે, 'અમે બંને ભાઇ-બહેનો છીએ' એવું તત્ત્વ જાણ્યા વગર તમોએ અમારો વિવાહ કર્યો, તે અનુચિત કાર્ય કર્યું છે, પરંતુ પરસ્પર પાણિ-ગ્રહણના સ્પર્શ સિવાય કોઇપણ દોષનું સેવન થયું નથી, માટે અમને સ્વગૃહે જવાની રજા આપો.' કુબેરદત્તાએ પોતાની મુદ્રિકા પાછી લઈ લીધી. પિતાને ઘેર પહોંચી. ત્યાં તે જ કારણથી માતા-પિતા રુદન કરતાં હતાં, છતાં તેણે દીક્ષા અંગીકાર કરી અને પેલી મુદ્રિકા પોતાની પાસે છૂપાવીને રાખેલી હતી. તીક્ષ્ણ તરવારની ધાર સરખા તીવ્ર તપો તપતી હોવાથી તેને અવધિજ્ઞાન ઉપન્ન થયું. તે જ્ઞાનનો ઉપયોગ મૂકીને દેખ્યું; તો કુબેરદત્ત વેપાર માટે મથુરાનગરીમાં ગયો હતો, અને પોતાની જ માતા કુબેરસેના સાથે સંવાસ કરતો જોયો.

'અહો ! અવિવેકની અધિકતા ! અહો ! કિંપાકફલનો વિપાક ! અહો ! અવિરતિ અને મોહની વિડંબના ! બનનાર બની ગયું, તો પણ હવે પાપરૂપ અંધકૂવાના કોટરમાં અટવાયેલા એવા તેઓનો કોઇ પ્રકારે ઉદ્ધાર કરી પાર ઉતારું' એમ વિચારી પ્રવર્તિનીની આજ્ઞા લઇ તે મથુરાનગરીએ પહોંચી. કુબેરસેના પાસે મકાનના થોડા ભાગની વસતિ માટે માગણી કરી અને ન ઓળખાય તેવી રીતે કુબેરદત્તા સાધ્વી ત્યાં રોકાયાં હતાં. કુબેરસેના પણ પોતાના બાળકને સાધ્વી પાસે રાખી પોતાના ઘર-કાર્યમાં ગૂંથાયેલી રહેતી હતી, તે સમયે વિશિષ્ટ આસન પર બેઠેલા કુબેરદત્તને પ્રતિબોધ કરવા માટે બાળકને રમાડતી અને બોલાવતી કહેવા લાગી કે, 'હે બાળક ! તું મારો ભાઈ, ભત્રીજો, દિયર, પુત્ર, કાકાનો છોકરો અને પૌત્ર છે.' 'જેનો તું પુત્ર છે, તે પણ મારો ભાઈ, પિતા; પુત્ર, પતિ, સસરા અને દાદા છે.' 'જેના ગર્ભથી તું ઉત્પન્ન થયો છે, તે પણ મારી માતા, સાસૂ, સોક, ભોજાઇ, દાદી અને પુત્રવધૂ છે.'

## ૩૪. એક ભવમાં ૧૮ સંબંધ-સગપણ કેવી રીતે થયાં -

કુબેરદત્તે આ વિચિત્ર હકીકત સાંભળીને આશ્ચર્યપૂર્વક સાધ્વીજીને પૂછ્યું કે, 'હે આર્યા ! આવું અયોગ્ય કેમ બોલો છો ? પરસ્પર વિરુદ્ધ જણાતી હકીકત અરિહંતના દર્શનમાં ક્યાંય દેખાતી નથી.'

સાધ્વીજીએ પ્રત્યુત્તર આપ્યો ક, 'હે શ્રાવક ! મને આમ આક્ષેપ કરવાનું સાહસ ન કર. હું જે કહું છું, તે સત્ય હિતકારી યુક્તિ અને હેતુપર્વક કહું છું. પ્રત્યક્ષ દેખાતી વાતમાં તર્કને સ્થાન નથી. અવધિજ્ઞાનથી આ વસ્તુ મેં જાણેલી છે, તે આ પ્રમાણે :- ૧. આ બાળક મારો ભાઇ છે, કારણ કે અમારા બંનેની માતા એક છે. ૨. ભાઇનો પુત્ર હોવાથી ભત્રીજો છે. ૩. પતિની એક જ માતાએ જન્મ આપેલ હોવાથી પતિનો નાનો ભાઇ હોવાથી દિયર. ૪. પતિનો પુત્ર હોવાથી પુત્ર. ૫. માતના ભર્તારનો ભાઇ હોવાથી કાકા. ૬. શોકના પુત્રનો પુત્ર હોવાથી પૌત્ર.

૧. બાળકના પિતા પણ એક માતાએ જન્મ આપેલ હોવાથી મારા ભાઇ છે. ૨. ભાઈના પિતા હોવાથી તે મારા પણ પિતા છે. ૩. માતાના પતિ હોવાથી અને શોકે જન્મ આપેલ હોવાથી મારો પુત્ર છે. ૪. મને એક વખત પરણેલી હોવાથી મારા ભર્તાર છે. ૫. સાસૂના ભર્તાર હોવાથી મારા સસરા છે. ૬. પિતામહી = દાદીના પતિ હોવાથી પિતામહ અર્થાત્ દાદા છે.

૧. જેના ગર્ભથી આ બાળક જન્મ્યો છે, તે મારી માતા છે, મને જન્મ આપેલ હોવાથી. ૨. પતિની માતા હોવાથી સાસૂ ૩. પતિની પત્ની હોવાથી શોક. ૪. ભાઈની ભાર્યા હોવાથી ભોજાઈ. ૫. પિતાની માતા હોવાથી પિતામહી-દાદી. ૬. શોકના પુત્રની ભાર્યા હોવાથી પુત્રવધૂ.

[1]૧૮ સંબંધો સૂચવનારી બે ગાથાનો અર્થ નીચે પ્રમાણે :-

૧. ભાઈ, ૨. ભત્રીજો, ૩. કાકો, ૪. પૌત્ર, ૫. દિયર અને ૬ પુત્ર. ૧. તારો પિતા તે ૧ દાદા, ૨ પતિ, ૩ ભાઈ, ૪ પુત્ર, ૫ સસરો અને ૬. પિતા.

હે બાળક ! તારી માતા તે મારી ૧ માતા, ૨ સાસુ, ૩ શોક, ૪ બહુ, ૫ ભાભી અને ૬. દાદી. આ એક જ જન્મમાં આટલા સંબંધો થયા છે.

આ સાંભળી સંસાર ઉપરથી ઉત્પન્ન થયેલા વૈરાગ્યવાળા કુબેરદત્તે કુબેરસેના પ્રતિબોધ

૧. આ હકીકત વસુદેવહિંડી અને પરિશિષ્ટ પર્વમાં બીજા સર્ગની ૨૯૩ થી ૩૦૬ ગાથા સુધી સમજાવેલી છે.

માટે કહ્યું કે, 'હે આર્યા ! હું વાત વિશેષથી જાણવાની ઇચ્છાવાળો છું. ત્યારપછી શરમથી સ્તબ્ધ બનેલો વધારે સાંભળવાની ઇચ્છા કરે છે. સાધ્વીજી પણ સમાન આકારવાળી બે મુદ્રિકાઓ બતાવતી તેમ જ કુબેરસેનાના પેટમાં દુઃખવું, ત્યાંથી માંડી યુગલજન્મ વગેરેને વૃત્તાન્ત પ્રતિપાદન કર્યો. આ વૃત્તાન્ત સાંભળી કુબેરદત્ત વૈરાગ્યવાસિત અંતઃકરણવાળો બની ચિંતવવા લાગ્યો કે, 'મારા અજ્ઞાનને ધિક્કાર થાઓ કે, જેણે આવું અકાર્ય કરાવ્યું. ક્રોધાદિક સર્વ પાપો કરતાં પણ અજ્ઞાન ખરેખર મહાદુઃખદાયક છે, જેનાથી આવૃત થયેલ લોક હિતાહિત પદાર્થને જાણતો નથી. આવા પ્રકારનું શરમ ઉત્પન્ન કરનાવનાર નવીન અંજન સરખા શ્યામ કાદવનો લેપ લાગવાથી હવે હું મારું મુખ પણ બતાવવા સમર્થ નથી, શું હું આત્મહત્યા કરૂં ? હે આર્યા ! હવે હું સળગતા ભડકાઓવાળા અગ્નિમાં પ્રવેશ કરીશ, નહિંતર આવા મહાપાપથી મારો છૂટકારો કેવી રીતે થાય ?' સાધ્વીએ કહ્યું કે, 'હે ધર્મશ્રદ્ધાવાળા ઉત્તમ શ્રાવક ! પોતાનો વધ કરવો, તે પણ અનુચિત છે. પાપના ક્ષય કરવા માટે જિનેશ્વરોએ ઉપદેશેલી દીક્ષા ગ્રહણ કર. ત્યારપછી તેણે તેના વચનથી દીક્ષા અંગીકાર કરી, તીવ્રતપ અને ઉત્તમ ચારિત્ર પાલન કરીને સ્વર્ગે ગયો. કુબેરસેના પણ બારવ્રતધારી શ્રાવિકા બની. કુબેરદત્તા સાધ્વી પણ બંનેને પ્રતિબોધ પમાડી પોતાની પ્રવર્તિની પાસે પહોંચી સંયમ-સામ્રાજ્યની આરાધના કરવા લાગી.

હે પ્રભવમિત્ર ! આ જગત વિષે ભવની શોક કરવા લાયક કુચરિત્રની ચેષ્ટાઓનો સમ્યક્ પ્રકારે લાંબો વિચાર કર. જો હું તેનો વિચાર કરું છું, તો મારું ચિત્ત પણ દ્વિધામાં પડી જાય છે. તેવા પ્રકારના અનાચરણ કરનારી અને તેવી જાતિવાળી સ્ત્રીઓનું મારે શું પ્રયોજન છે ?' ત્યારે પ્રભવે કહ્યું કે, 'એક પુત્રને તો ઉત્પન્ન કર, પુત્ર વગરનાની પરલોકમાં સારી ગતિ નથી નથી, કે અહિં કોઈ પિતાનું શ્રાદ્ધ ન કરે, તો પરલોકમાં તેને તૃપ્તિ થતી નથી.'

જંબૂકુમારે પ્રભવને કહ્યું કે, 'આ વાત તેં સત્ય કહી નથી. કોઈપણ જીવની ગતિ પોતે કરેલાં કર્મને આધીન છે. બ્રાહ્મણોને ભોજન કરાવવાથી પરલોકમાં ગયેલા પિતાદિકને તત્કાલ તૃપ્તિ થાય છે, તે તો જીવોને મિથ્યા શાસ્ત્રોના ઉપદેશથી અવળે માર્ગે દોરવનાર ખોટો આગ્રહ છે. તેમના શાસ્ત્રોમાં જે એમ કહેલું છે કે - 'અગ્નિમુખમાં નાખેલ બલિ અને બ્રાહ્મણનાં મુખમાં નાખેલ માંસ અનુક્રમે દેવગત થયેલા માતા-પિતાની તૃપ્તિ માટે થાય છે.-' એ વાત કોઈ પ્રકારે ઘટી શકતી નથી. કારણ કે, 'ખાધું કોઈકે અને તૃપ્તિ થઈ બીજાને, આ જુદા અધિકરણમાં કેવી રીતે ઘટી શકે ?'

## ૩૫. મહેશ્વર-કથાનક -

પુત્રે પિતાનું રક્ષણ કર્યું, તે વિષયમાં એક કથાનક સાંભળ. તામ્રલિપ્તી નગરીમાં મહેશ્વરદત્ત નામનો વેપારી રહેતો હતો. તેને સમુદ્ર નામના પિતા અને બહુલા નામની માતા હતી. તે બંને ધનરક્ષણ કરવામાં તત્પર ચિત્તવાળા હતા અને ધર્મની વાત પણ સાંભળતા ન હતા. નિરંતર આર્તધ્યાનના ચિત્તવાળો પિતા મૃત્યુ પામીને બીજાને ઘેર પાડો થયો અને માતા મરીને તેના ઘરની કૂતરી થઇ. ત્યારપછી એની ગાંગલી નામની પુત્રવધૂ નિરંકુશ વૃત્તિવાળી થઇ પરપુરુષ સાથે વ્યભિચાર કરનારી, અતિલોભી અને સ્વચ્છંદી બની ગઇ. કોઇક રાત્રિના સમયે પોતાના મનગમતા પરપુરુષ સાથે ક્રીડા કરતી હતી, તેને ગુપ્તપણે પતિએ દેખી, એટલે 'આ એનો બીજો પતિ છે.' એમ જાણી તેને તલવારથી એવો સખત ઘા કર્યો કે અધમુવો બની ગયો અને બહાર જવા લાગ્યો. કેટલાંક પગલાં આગળ ચાલીને ગયો, પરંતુ પ્રહારની સખત પીડાથી તે નીચે ઢળી પડ્યો. મનમાં પશ્ચાત્તાપ કરતા એવા તેને છેલ્લી વખતે સુંદર પરિણામ થયા. તે જ વખતે મૃત્યુ પામી કુલટા સાથે કરેલ મૈથુન-ક્રીડામાં પોતાના જ વીર્યમાં પોતે તેના ઉદરે પુત્રપણે ઉત્પન્ન થયો. તે પુત્ર મહેશ્વરદત્તને ઘણો જ વહાલો થયો. પોતાના સમુદ્ર પિતાની સંવત્સરીના દિવસે સમુદ્ર પિતાનો જે જીવ અત્યારે બીજાને ત્યાં પાડારૂપે છે, તેને ખરીદ કરી હણીને સ્વજનો માટે તેના માંસનું ભોજન તૈયાર કરાવ્યું. પેલા કુલટાના પુત્રને ખોળામાં બેસાડી જેટલામાં મહેશ્વર તેનું માંસ ભક્ષણ કરતો હતો અને તેનાં હાડકાં બહુલા નામની કૂતરી તરફ ફેંકતો હતો, તેટલામાં મહિનાના ઉપવાસ કરેલા મુનિવર પારણાની ભિક્ષા માટે ત્યાં આવી પહોંચ્યા. જ્ઞાનવિશેષથી મુનિએ ઉપયોગ મૂકી તેનો યથાર્થ વૃત્તાન્ત જાણ્યો. મસ્તક ડોલાવી ચપટી વગાડીને ગોચરી વહોર્યા વગર મહાતપસ્વી મુનિ જે માર્ગેથી આવ્યા હતા, તે માર્ગે પાછા ફર્યા.

હવે મહેશ્વરદત્તે મુનિના પગલે પગલે પાછળ જઇ ત્યાં પહોંચી ચરણમાં પડી કુશલ સમાચાર પૂછ્યા. 'હે ભગવંત ! મારે ત્યાંથી આપે ભિક્ષા કેમ ગ્રહણ ન કરી ?' ભગવંતે કહ્યું કે, 'માંસ ખાનારના ઘરની ભિક્ષા લેવી અમને યોગ્ય નથી.' મહેશ્વરે પૂછ્યું કે, 'તેનું શું કારણ ?' મુનિએ કહ્યું કે, 'માંસ ખાવું એ અધર્મ વૃક્ષનું મૂળ છે. સ્થલચર, જલચર, ખેચરાદિ જીવોના વધના કારણભૂત માંસ-ભક્ષણ એ મહાદોષ ગણેલો છે.' "જે કોઇ માંસ વેચે, ખરીદ કરે, મારવા માટે તેનું પોષણ કરે, તેના માંસને રાંધીને સંસ્કારિત કરે. ભક્ષણ કરે; તે સર્વે જીવના ઘાતક સમજવા."

જેમ મનુષ્યનું અંગ દેખીને શાકિનીને તેનું માંસ ખાવાની ઇચ્છા થાય છે, તેવી રીતે માંસાહારીઓને વિશ્વનાં પ્રાણીઓ દેખીને માંસ ખાવાની ઇચ્છા થાય છે તે સાક્ષાત્ જુવો.

'જે કોઇ પરલોક તથા કર્મો માને છે, તેણે હિંસાથી પાપ તથા હિંસા-વિરતિ કલ્યાણ કરનારી છે-તેમ માનવું જોઇએ. તે કારણથી તેની જુગુપ્સાવાળો હું માંસાહારી કુળોમાં ભિક્ષા લેવા જતો નથી. તારા ઘરે તો વિશેષ પ્રકારે.'...... એમ કહી મુનિ મૌનપણે ઉભા રહ્યા. ફરી પૂછાયેલા પદયુગલની પર્યુપાસના-સેવા કરાતા મુનિ તેના માતા-પિતાનો સર્વ વૃત્તાન્ત કહેવા લાગ્યા. પિતા પાડો બન્યો, તેના સંવત્સરદિવસે તેનું માંસ ખાવું, એક વર્ષપછી કૂતરીનો જન્મ થયો, તે પિતાનાં હાડકાં ખાય છે, શત્રુપુત્રને ખોળામાં બેસાડી પ્રેમ કરે છે.' આ હકીકત સાંભળી મહેસ્વરદત્ત મહાસંવેગ પામ્યો. તેણે મુનીશ્વર પાસે દીક્ષા ગ્રહણ કરી અને બે પ્રકારવાળી ગ્રહણ આસેવન શિક્ષા લીધી. તેથી કરી 'હે પ્રભવ ! પુત્રોથી પરલોકમાં કેવા પ્રકારનું રક્ષણ થાય છે, તે મેં જાણ્યું છે, હે મિત્ર ! પુત્ર ખાતર અમૃતપાન કરવાના આનંદ સરખી દીક્ષાનો ત્યાગ હું કેવી રીતે કરી શકું ?'

આ સમયે પ્રિય પતિ-વિયોગના આંતરિક દુઃખ અને લજ્જાવાળી કટાક્ષ કરતી મોટી સિન્ધુમતી ભાર્યાએ કહ્યું કે - 'હે સ્વામી ! તમોને પરલોકના સુખ માટે આટલો બધો દીક્ષા માટે શો આગ્રહ છે ? અહિં જ મહાભોગો અને મહારમણીઓના સુખનો અનુભવ કરો. કદાચ દીક્ષા ગ્રહણ કરી લેશો, તો મકરદાઢા ગણિકા માફક બંને લોકના સુખથી ઠગાશો, તો પાછળથી પસ્તાવાનો વખત આવશે.' ત્યારે તેને જંબૂકુમારે કહ્યું 'હે બાલા ! વિલાસથી બીડેલી આંખવાળી, મંદદષ્ટિથી કટાક્ષ કરતી તું હવે બોલતી અટકી જા, આ તારો પરિશ્રમ વ્યર્થ છે. અત્યારે અમે બીજા છીએ. અમારું બાલ્ય પૂર્ણ થયું છે અને હવે ભવનો અંત કરવાની અમારી દઢ અભિલાષા છે. અમારો મોહ ક્ષીણ થયો છે, અમે જગતને હવે તૃણ સરખું દેખીએ છીએ. અથવા તો તારે જે કથા કહેવાની હોય તે ખુશીથી કહે.' એટલે તે મોટી પત્ની નીચું મુખ રાખી મકરદાઢા વેશ્યાની કથા કહેવા લાગી.

## ૩૬. મકરદાઢા-વેશ્યાની કથા -

જયન્તી નામની નગરીમાં ધનાવહ નામનો સાર્થવાહ રહેતો હતો. તેને વિનયવાળો સુધન નામનો પુત્ર હતો. સમગ્ર કળાઓનો પાર પામેલો હોવાથી પિતાએ તેને પુષ્કળ ધન આપી વેપાર કરવા માટે ઉજ્જયિની નગરીએ મોકલ્યો. વિવિધ પ્રકારના વ્યાપાર કરતાં કોઇ વખત કામપતાકા નામની ચતુર અને પ્રસિદ્ધ વેશ્યાના મંદિરે પહોંચ્યો. વેશ્યાએ તેને તેવા તેવા પ્રકારે એવો વશ કર્યો કે, જેથી અલ્પ દિવસોમાં તેના વિષે અતિરાગવાળ બની ગયો. યજ્ઞ-ઉજાણી આદિ કાર્ય કરવા માટે ધનની જરૂર છે એવા કપટ-મહાપ્રપંચપૂર્વકના બાનાથી કામપતાકાની માતા મકરદાઢા ગણિકાએ સુધનનું સર્વ દ્રવ્ય પોતાના મહેલમાં મંગાવ્યું. હવે તેની પાસે કંઇ બાકી રહેલું નથી, આપણે સર્વસ્વ હરણ કરી લીધું છે, એમ

જાણી મકરદાઢા અક્કા અવજ્ઞા અને અનાદરથી સુધનને જોવા લાગી. કામપતાકાના મહેલમાં પ્રવેશ ન મેળવી શકતો, ઓસરી ગયેલા અભિમાનવાળો તે તેના ઘરેથી નીકળીને વિચારવા લાગ્યો.-કામપતાકાના સ્નેહમાં આધીન બની લાખો સોનામહોરોથી તેનું ઘર ભરી દીધું અને હું તદ્દન નિર્ધન બની ગયો.

'સર્વ સ્નેહ, દેહ અને સર્વ દ્રવ્ય અર્પણ કરીએ તો પણ આ વેશ્યા, કોઇની થતી નથી. વેશ્યાને શત્રુ કહેલી છે, તે યુક્ત જ છે.' કોઈકે બરાબર જ કહેલું છે :- 'કાય કોઇનું અને આલિંગન બીજા સાથે કરે, વળી ધ્રૂજતાં ધ્રૂજતાં ધની માગણી બીજા અન્યનીપાસે કરે, વાંકાચૂકા શ્યામ કોમળ ખીચોખીચ કેશવાળી વેશ્યા કૃત્રિમ હાવભાવ બતાવતી સાચાપણાનું નાટક કરી સામાને વિશ્વાસ પમાડે છે. આંખમાં રુદન કરતી દેખાય, પણ મનમાં હસતી હોય, સર્વ લોકો તેને સત્ય માને, જે તીક્ષ્ણ દાંતવાળી કરવત કાષ્ઠને બંને બાજુથી કાપે છે, તેમ વેશ્યા પણ પોતાની ચતુરાઈથી માનવને પોતાનો કે દુનિયાનો રહેવા દેતી નથી અર્થાત્ બંને બાજુથી માણસનું જીવન કાપી નાખે છે. સર્વ મૂઢલોક તેનાં વચનો સત્ય માને છે અને પરમાર્થ વિચારતા નથી. વેશ્યાઓ હૃદયમાં મુક્ત હાસ્ય કરે છે અને નેત્રમાં અશ્રુ દેખાડે છે.

હવે નિર્ધન સુધનનો પરિવાર તેને જયંતીનગરીએ આવવા ઘણું સમજાવે છે, પથ શરમથી ત્યાં જવા તેનો ઉત્સાહ થતો નથી. ભોજન અને વસ્ત્ર પણ મેળવી શકતો નથી એટલે સુધનના પરિવારે તેના પિતા પાસે જઇને બનેલો સમગ્ર વૃત્તાન્ત કહ્યો, અને તેના સર્વ દુઃખની હકીકત કહી. પિતાએ કહ્યું કે, 'એવો વેશ્યાનો વ્યસની દુરાત્મા ભલે ત્યાં જ દુઃખ ભોગવતો, તેવા વ્યસની પુત્રથી દૂર સારા' ત્યારે પરિવારે કહ્યું કે - 'સજ્જન પુરુષો અવિનીત એવા પોતાના આશ્રિતો તરફ વિમુખ બનતા નથી. [1]વાછરડો ગાયના સ્તનમાં માથું મારીને વ્યથા કરે, તો પણ ગાય દૂધનો નિરોધ કરતી નથી. એટલે ધનાવહ પિતાએ વિચાર્યું કે, પરાધીનપણે ઉત્પાતથી ગળાઈ ગયેલ પદાર્થને પાછો કાઢવાની જેમ મકરદાઢાએ પડાવી લીધેલ મારું દ્રવ્ય પાછું સ્વાધીન કેવી રીતે કરવું ? તે માટેનો ઉપયા સૂઝી આવ્યો, એટલે પોતાના ખાનગી વિશ્વાસુ મનુષ્યોને મોકલીને તેને સમજાવીને પિતાજી પાસે લાવ્યા. વિશ્વાસુ મનુષ્યોની સહાયતા આપીને તેમ જ ઘણાં ધન-સમૃદ્ધિથી સમૃદ્ધ કરીને કાનમાં કંઇક ગુપ્ત વાત કહીને ફરીસુધનને અવંતીમાં મોકલ્યો. સાથે કેળવેલો એક માકડો આપ્યો. તે એવો હતો કે, જેટલું દ્રવ્ય ગળાવીને છૂટો મૂકી દીધો હોય અને પચી જેટલું પાછું માગીએ તો તેટલું જ આપે. ઉજ્જયિનીનગરીમાં પહોંચી તેણે ફરી વ્યાપાર-રોજગાર શરુ કરયો. તેમાં હવે ઘણો ધનાઢ્ય બની ગયો.

૧. છોરું કછોરું થાય તો પણ માતા-પિતા તો વાત્સલ્ય જ રાખે.

આ વાતની મકરદાઢાને ખબર પડી, એટલે દાસીઓ દ્વારા વિવિધ વચનની યુક્તિ અને ભક્તિ વડે મનાવીને પોતાના ઘરે લાવ્યા. મકરદાઢા કહેવા લાગી કે - 'જ્યારથી માંડીને તમે કહ્યા વગર અહિંથી ચાલ્યા ગયા, ત્યારથી માંડી આજ સુધી આ કામપતાકા વેણીબંધ બાંધીને શરીરશોભા ટાળીને મનમાં દુભાતી, મરવાના વાંકે જીવતી રહી કદાચ 'જીવતો નર ભદ્રા પામે તે ન્યાયે જીવતા હઈશું તો ફરી મેળાપ થશે-એ આશાએ પ્રાણ ધારણ કરતી હતી. આટલો કાળ તો તમારા વિહરમાં કામપતાકાએ આવી દુઃખી અવસ્થા પસાર કરી. કોઇ પ્રકારે ફરી તમારી મળવાની આશાએ આશ્વાસન આપી જીવાડી છે. આ પ્રમાણે સુધનને ઠસાવીને મકરદાઢાએ કામપતાકાને કહ્યું કે, 'હે વત્સે ! હવે તારા મનોરથો પૂર્ણ કર. ત્યારપછી પૂર્વ માફક વિવિધ હાવભાવ, કટાક્ષ વગેરે ઉપચારથી તેને રંજન કરવા લાગી. અક્કા-માતા જ્યારે જ્યારે ધન માગતી હતી ત્યારે ત્યારે વૃક્ષના થડ સાથે બાંધેલા માકડાની અને થડની પૂજા કરી જેટલું ધન માગે તેટલું આપ્યા કરે છે. આ દેખીને અક્કાનું ચિત્ત ચમત્કાર પામ્યું અને ચમત્કારની હકીકત કામપતાકાને પૂછવા માટે કહી રાખ્યું કે, વિનંતિ પૂર્વક પરમાર્થ પૂછી લેવો.

હવે કામપતાકા સ્નેહપૂર્વક વિનયથી પૂછવા લાગી કે - 'હે પ્રાણેશ ! દ્રવ્ય મેળવવાનો આ કોઇ અપૂર્વ ઉપાય છે, તો કૃપા કરી આ વિષયનો શો પરમાર્થ છે ? તે કહો.' સુધને કહ્યું કે, હે પ્રિયા ! આ હકીકત કોઇ પાસે તારે પ્રકાશિત ન કરવી. આ માકડું કામધેનુ-સમાન છે. તેની પાસે સો, હજાર, લાખ, ક્રોડ, અબજ ગમે તેટલું દ્રવ્ય માગીએ, તો પણ તે આપતાં થાકે નહિં. ત્યારપછી કોઇક વખત અક્કાના કહેવાથી વિવિધ સ્નેહપૂર્ણવાણી આદિના પ્રકારો વડે તેનું મન રીઝવીને કામપતાકાએ કહ્યું કે, 'હે પ્રિય ! મને તમારા પ્રત્યે એટલો સ્નેહ છે કે તમારા ખાતર મારા પ્રાણો પણ અર્પણ કરું. હે પ્રિયે ! તમોને મારા પ્રત્યેની સ્નેહ-રેખાનો કસોટી-પાષાણ કેવો છે ? સુધને કહ્યું કે, 'હે પ્રાણપ્રિયા ! નક્કી મને પણ પ્રેમ-મર્મ અતિમહાન છે. સફેદને કાળું કરનારો હું તેથી રાત્રિ-દિવસ હંમેશાં તારી પાસે જ રહું છું. કામપતાકાએ કહ્યું કે, 'એ વાતમાં મને સન્દેહ નથી. માતાજીને પણ આવો જ વિશ્વાસ છે. જેથી કરીને તેણે મને કહ્યું છે કે-હે વત્સા ! આ જમાઇનો તારા ઉપર આટલો મોટો સ્નેહ છે, જો કદાચ તું મર્કટ-કામધેનુની પ્રાર્થના કરે, તો શું તે તને ન આપે ?' એટલે સુધને વિચાર્યું કે - 'સમય આવે ત્યારે શત્રુ વિષે અપકાર, મિત્ર વિષે અને બન્ધુવર્ગ ઉપર ઉપકાર ન કરાય કે સત્કાર-સન્માન ન કરાય તો તેણે કયો પુરુષાર્થ કર્યો ગણાય ?'

હવે આ સમયે સુધને કહ્યું કે, હે પ્રિયા ! આટલી વાતમાં પણ તને નહીં આપે, તેવો

સંદેહ થાય છે ? તો માતાને બોલાવ. અહીં હમણાં જ તેનું કૌતુક પૂર્ણ કરું. ત્યારપછી તે જ વખતે હર્ષ પામેલી મુક્ત પગલાં મૂકતી વિસ્તીર્ણ કેડ ભાગ વાળી મકરદાઢા ત્યાં આવી મોટા આસન ઉપર બેઠી. જમાઇએ જુહાર કર્યા. પુત્રીને કહ્યું કે, 'હે વત્સા ! આ વાતમાં શું આશ્ચર્ય છે ? એમ નિશ્ચયપૂર્વક તે જ્યારે મંત્રણા કરી હતી કે, આવા ગાઢ સ્નેહ આગળ શું દુષ્કર છે ? તેં પ્રાણેશને પૂછ્યું કે નહિં ? આની પાસે પ્રાર્થના કરવાનો વિધિમાર્ગ કયો ?' સુધને કહ્યું કે, 'હે માતાજી ! પ્રાર્થના પ્રકાર અતિદુષ્કર છે. જો તે વાત અંગીકાર કરવાના હો, તો જ વિધિ કહીશ. તેણે કહ્યું કે, 'આ કામધેનુના લાભમાં દુષ્કર શું હોઈ શકે ?' 'જો તારો આ દૃઢ નિશ્ચય અને નિર્ણય જ હોય તો લાંબા કાળથી એકઠું કરેલું સર્વ દ્રવ્ય અને સારભૂત પદાર્થોને તારા ઘરમાંથી બહાર કાઢ, તને ઠીક લાગે તેને આપી દે, પહેલાંનું જેનું ધન હોય, તેને પણ આપી દે, એક કણ પણ જો ઘરમાં બાકી રહી જાય તો આ કામધેનુ ફળ આપનારી ન થાય.' આ પ્રમાણે જ્યારે સુધને કહ્યું, ત્યારે મકરદાઢાએ કહ્યું કે, 'બીજા કોને ઘરનું સારભૂત દ્રવ્ય આપી દઉં ? બીજા કોઇનું ગૌરવ વધારું તે કરતાં તમો શું ઓછા છો ? તમો જ સર્વ દ્રવ્ય અંગીકાર કરો. મણિ, રત્ન, સુવર્ણ, ધન, કપડાં વગેરે નાની ખીલી સુધીનું સર્વ તમને અર્પણ કરું છું.'

સુધને પણ આગળથી તૈયાર કરેલાં વહાણોમાં ધન ભરીને જયંતી નગરીએ મોકલી આપ્યાં. ત્યારપછી પૂજા કરીને પ્રણામ કરીને ખમાવીને પોતાના હાથે કેટલીક સોનામહોરો ગળાવીને મક્કડ (કામધેનુ)ને મકરદાઢાના હાથમાં અર્પણ કર્યું. અક્કાને કહ્યું કે, 'આજથી રવિવારે સાતમા દિવસે પ્રથમ પ્રાર્થના કરવી' - એમ કહી ઘરેથી નીકળી ગયો. વહાણ ગયાં, તેની પાછળ પછળ સુધન જયંતી નગરીએ પહોંચી ગયો.

મકરદાઢા પણ રવિવારના દિવસે સ્નાન-વિલેપન કરીને થડ ઉપર કામધેનુ મર્કટને ચડાવીને પૂજા-પ્રણામ કરીને પંચાંગ નમસ્કાર કરીને એક સો માગ્યા. પેલો મર્કટ (કામધેનુ) માગ્યા પ્રમાણે મુખમાંથી કાઢીને અર્પણ કરતો હતો. જેમ ઘરમાંથી સર્વ સારભૂત પદાર્થ તેમ બે વખત ત્રણ વખત આગળના ગળેલા સુવર્ણ સિક્કા આપતો હતો. હવે તેની કુક્ષિ તદ્દન ખાલી થઈ ગઈ. ત્યારપછી માગણી કરતા છતાં કંઇ પણ અર્પણ કરતો નથી. લાકડીથી ઠોકે તો ચીચીયારી-કીકીયારી કરવા લાગ્યો. ત્યારપછી ઠગાયેલી પેલી મકરદાઢા પેટ કૂટતી પોકારવા લાગી. હાય હાય ! હું મરી ગઈ. તે ધૂર્ત મને ઠગી. પારા જેવું તેનું સર્વ દ્રવ્ય અને મારું સર્વદ્રવ્ય જે મેં પૂર્વે એકઠું કર્યું હતું, તે બધું લઇને ચાલ્યો ગયો ! કામધેનુના લોભથી હું ઠગાઇ અને વિડંબના પામી. લોકો પાસેથી મેળવેલું ધન પણ ગયું. દરિદ્રનારી થઈ ગઈ. દોરડાના પાસમાં જેમ પક્ષીઓ, પાણીની અંદર જાળમાં જેમ

જળચરો, તેમ હું લોભ-યંત્રમાં પડીને નાશ કેમ ન પામું ?' આ પ્રમાણે મકરદાઢાનું કથાનક કહ્યું. કથાનકના ઉપસંહારમાં સિન્ધુમતીએ કહ્યું કે, 'ભર્તાર પ્રત્યે અતિ અનુરાગવાળી અમોને છોડીને દીક્ષાના ઉત્તમ સુખની તમે ઇચ્છા રાખો છો, પરંતુ મર્કટ-કામધેનુમાં લોભી બનેલી અક્કા સરખા ન થાવ. કહેલું છે કે, 'આ લોકનાં પ્રત્યક્ષ સ્વાધીન સુખનો ત્યાગ કરી દુર્બુદ્ધિવાળા એવા જેઓએ તપ-સંયમ પરલોક માટે ઉદ્યમ કરે છે, તેઓ ખરેખર હાથમાં રહેલા કોળિયાને છોડીને પગની આંગળી ચાટવા જાય છે. અર્થાત્ બંનેથી વંચિત થાય છે. તે સમયે પ્રત્યુત્તરમાં જંબૂકુમારે કહ્યું કે, 'હે સુંદરી ! જાણ્યું જાણ્યું, તું ખરેખર ભૌતાચાર્યની બહેન જણાય છે.

## ૩૭. ભૌતાચાર્યની કથા -

પૂર્વકાળમાં કોઈક સન્નિવેશની જાણે સર્વ જડતા અહીં જ એકઠી થઈ હોય એવી મૂર્ખ-મંડળીના અગ્રેસર એક આચાર્ય હતા. કોઈક સમયે પોતાના પ્રતિનિધિ મઠિકાના રક્ષપાલક તરીકે પોતાના એક શિષ્યને મૂકીને પોતે નજીકના ગામમાં ગયા. ત્યાં ભેંશના દહિં સાથે કોદ્રવા ભાતનું ભોજન કરી પોતાની ડુંબને પંપાળતો તે સુઈ ગયો અને સાક્ષાત્ એક સ્વપ્ન જોયું કે, આખી મઠિકાસિંહકેસરિયા લાડુથી ભરાઇ ગઇ. ક્ષણવારમાં આનંદ ઉલ્લસાથી ખડાં થયેલાં રુંવાટાવાળો જાગ્યો અને ઉભો થઇ પોતાના ગામ અને મઠિકા તરફ એકદમ દોડ્યો. કદાચ શિષ્ય પોતે ખાઈ જાય અગર બીજાને આપી દે તો ? ત્યાં આવી મઠિકાને તાળું માર્યું અને શિષ્યને કહેવા લાગ્યો કે, 'મારા ભાગ્યથી મઠિકા લાડવાથી ભરાઈ ગઈ છે. તે સાંભળી શિષ્ય હર્ષથી નૃત્ય કરવા લાગ્યો અને ગુરુ તેનાથી બમણા નૃત્ય કરવા લાગ્યા. શિષ્યને આજ્ઞા કરી કે, 'આજે આખા ગામને તું જલ્દી જમવાનું નિમંત્રણ આપ. મારે આજે એકદમ આખા ગામને મોદકનું જમણ આપવું છે.

ગુરુના કહેવાથી શિષ્યે સમગ્ર ગામને નિમંત્રણ આપ્યું કે, 'મારા ગુરુજી આજે સમગ્ર ગ્રામલોકોને લાડવાનું ભોજન આપશે. કારણ કે અત્યંત પ્રસન્ન થયેલા રુદ્રે આખી મઠિકા લાડવાઓથી ભરી દીધી છે. સમગ્ર ગ્રામલોક જમવા માટે આવીને પ્રીતિપૂર્વક પંક્તિમાં બેસી ગયા. પીરસાવાની રાહ જોઈ રહેલા હતા, ત્યારે હર્ષવાળા ગુરુએ તાળું ખોલ્યુ અને જુવે છે તો મઠિકા ખાલી દેખી. દુર્બુદ્ધિવાલા ગુરુ પોકાર કરવા લાગ્યા. ગામલોકો હાસ્ય કરતા પરસ્પર હાથ-તાલી આપતા જમ્યા વગર ઉભા થઈ ગયા. ભસ્મ ધારણ કરનાર બાવાજી લોકોને કહેવા લાગ્યા કે, થોડીવાર થોભો. તમારા સર્વેના આગમનથી હું અતિહર્ષ પામ્યો, જેથી સ્થાન ભૂલાઇ ગયું છે, ફરી હું ઊંઘી જાઉં અને ફરી સ્વપ્ન આવ્યે સ્થાન જાણી લઉં એટલે તમોને ભોજન કરાવું' તે પગ લાંબા કરી ફરી મેળવવા માટે સુઇ ગયો, શિષ્યે

ઘણી ના કહી. લોકો મોટા કોલાહલ કરવા લાગ્યા અને બોલવા લાગ્યા કે, શિષ્ય મૂર્ખ, ગુરુ મહામૂર્ખ, આ બંનેનો સંયોગ આંધળા પિતા અને બહેરા પુત્ર સરખો થયો છે. યથાર્થ જ કહેલું છે કે :- ''શ્વેતામ્બરોને સમ્યગ્જ્ઞાન, ભસ્મ-ભભૂતિ લગાડનારને અજ્ઞાન, બ્રાહ્મણોને અક્ષમા, દિગંબરોને કુક્ષિ પૂર્ણ કરવી.'' ગામલોકો ગુરુ-ચેલાનું પ્રગટ હાસ્ય કરે છે, તો પણ તે બંને તેનું લક્ષ્ય કરતા નથી. અટ્ટહાસ્ય કરતાં સમગ્ર ગામલોક પોતાના સ્થાનકે ગયા. માટે હે શુભાશયવાળી ! સ્વપ્નમાં મેળવેલા મોદક વડે નગરલોકોને આમંત્રણ આપી જડતાથી જગતને જિતનાર ભૌતાચાર્ય હાસ્યપાત્ર બન્યો, તેમ સ્વપ્ન સરખા અલ્પક્ષણમાં નાશ પામવાના સ્વભાવવાળા ભોગોવડે મારા મનને લોભાવતી તું હાસ્યપાત્ર કેમ નહિં થાય ? તે વિચાર. ભૌતાચાર્યની કથા પૂર્ણ.

## ૩૮. વાનર-દંપતીની કથા -

ત્યારપછી પદ્મશ્રી નામની બીજી પત્ની કહેવા લાગી કે, 'હે પ્રિય ! અમને પ્રાપ્ત કરીને તમે તમારો ત્યાગ કરો છો, પરંતુ પાછળથી તમોને વાનરની જેમ પસ્તાવો થશે. -

એક અટવીમાં અતિસ્નેહી વાનરયુગલ રહેતું હતું. દરેક વૃક્ષે કુદતું ઠેકડા મારતું ફરતું ફરતું કોઇક વખતે ગંગાના કિનારે આવી પહોંચ્યું, ત્યાં ઘણી વિશાળ ડાળોવાળા એક વૃક્ષની શાખા ઉપર ક્રીડા કરતા હતા. કોઇક વખતે માકડે ફાળ મારી પણ અવલંબન ચૂકી જવાથી તે નીચે પડ્યો. કઠણ પૃથ્વીપીઠનો સજ્જડ પ્રહાર લાગવાથી પીડા પામેલો તે માકડો દેવકુમાર સરખો મનુષ્ય યુવાન બની ગયો. તે સમયે વાનરીએ વિચાર્યું કે, 'અહોહો ! આ તીર્થ પ્રભાવવાળી ભૂમિ છે. તો મર્કટ માફક હું પણ મારા આત્માને અહિં પાડું. પતિવિયોગથી ક્ષોભ પામેલી હું આ અરણ્યમાં એકલી શું કરીશ ?' તો ખરેખર માનુષી બનીને આના ખોળામાં ક્રીડા કરું.' તેવી રીતે વાનરી પણ ભૂમિ ઉપર પડી એટલે કામદેવની પ્રિયા રતિના સરખા રૂપવાળી બની ગઈ.

હર્ષપૂર્ણ હૃદયવાળાં બંને ક્રીડા કરવા લાગ્યાં. હવે યુવતીને પુરુષ કહેવા લાગ્યો કે, 'વાનરમાંથી પુરુષ થયો તો ફરી નીચે પડું તો હે પ્રિયા ! હું નક્કી દેવકુમાર થઈશ.' પત્નીએ કહ્યું કે, 'હે સ્વામી ! તમે હવે અતિલોભ ન કરો, દેવયુગલના રૂપ સરખા નવદંપતીમાં આપણને કશી કમી નથી. ફરી પડવાથી કદાચ મળેલી વસ્તુનો નાશ થાય માટે મારું કહેવું માન્ય રાખો. દેવતાઈ વચન માફક મારા વચનનું ઉલ્લંઘન ન કરશો.' એમ વારંવાર વિનવણી કરીને રોકે છે; છતાં પણ ફરી પડતું મૂક્યું એટલે પાછો હતો તેવો વાનર બની ગયો. અતિદીન મનવાળો પશ્ચાત્તાપથી તપી રહેલ દેહવાળો પેલી સુંદરી પાસે આવી અતિ ઝુરે છે. ત્યારે સુંદરી કહેવા લાગી કે, 'તમોને ઘણું સમજાવ્યા છતાં માન્યા નહિ.'

હવે ત્યાં આવેલ કોઇ રાજકુમાર તે સુંદરીને પોતાના નગરમાં લઇ ગયો અને પોતાની ભાર્યા બનાવી. તે અનેક પ્રકારનાં વિષય-સુખ અને ભોગો ભોગવવા લાગી, હવે એકલો પડેલો માકડો પોતાની પ્રિયાના ધ્યાનમાં ઝુરતો ઉંચા તરંકવાળી ગંગા નદીમાં મૃત્યુ પામ્યો. માટે હે નાથ ! આ પ્રમાણે અલ્પબુદ્ધિવાળી હું આપને વિનંતિ કરું છું કે, 'મારું કથન સાંભળી બરાબર વિચાર કરો કે, જેમ વાનરને થયું તેમ તમને પાછળથી પસ્તાવો ન થાય. કોઈપણ પદાર્થમાં બહુ આગ્રહ ન રાખવો. જેથી કરી આવો અનર્થ થાય.' વાનર-યુગલ કથા પૂર્ણ.

## ૩૯. ઔચિત્ય લાભનો લોભ - ક્ષેત્રદેવતા અને જુગારી -

હવે ત્યારપછી જંબૂકુમારે કહ્યું કે, 'હે સુંદરી ! મારો ભાવ પણ તું સાંભલી લે. ઉચિત પ્રકારનો લોભ ચતુર પુરુષ પણ કરે છે. હે પ્રિયા ! શું હું તેવો લોભ ન કરું ? કોઇપણ દેહધારી લોભ વગર ક્યાંય પણ કોઇપણ પદાર્થનો આશ્રય કરી શકતો નથી. આ મારો દીક્ષાનો લોભ એ મારા ઔચિત્યનું ઉલ્લંઘન કરનાર નથી. કારણ કે, દીક્ષાનો લોભ કલ્યાણકારી સિદ્ધિનું કારણ છે. અથવા તો હું લોભમાં લપટાઈ ગયો નથી. પૂર્વના પુણ્ય-પ્રભાવથી જ દીક્ષા અવશ્ય થનારી છે, પરંતુ દીક્ષા એ લોભ નથી. અથવા તો આ દીક્ષાલોભ એ બાવી દીક્ષાની શિક્ષાનું સામ્રાજ્ય સમજવું. ભાગ્ય અને સૌભાગ્યને વરેલા ભાગ્યશાળીઓને કોઇ પદાર્થ અપ્રાપ્ય હોય છતાં સિદ્ધદત્તની જેમ તત્કાલ પ્રાપ્ત થાય છે. વળી ભાગ્યની ગેરહાજરીમાં અતિલોભ હોવા છતાં પણ વીરસેનની માફક પ્રયત્ન નિષ્ફલ થાય છે. તે આ પ્રમાણે :-

ચન્દ્રાભા નગરીમાં નામનથી અને અર્થથી આશાપૂરી નામની ક્ષેત્રદેવતા હતી. તેના મંદિરમાં રાત્રે કોઇક જુગારી આવ્યો અને તરતના તાજા પકવેલા પૂડલામંદિરના દીપકના તેલમાં બોળીને ખાવા લાગ્યો. એટલે તે દેવીએ પોતાના દીપકનો છેદ અને એંઠા ભોજનનો સ્પર્શ થવાના કારણે તેને ભય પમાડવા માટે લટકતી લાંબી જિલ્વાવાળું ઉઘાડું મુખ લંબાવી વિકરાળ કર્યું. તે જુગારી નિર્ભયતાથી અને નિઃશૂકતાથી અર્ધખાધેલ પૂડલા સાથે તેની જીભ ઉપર થૂંક્યો. 'એઠું અને થૂંકેલ અપવિત્ર આ કેવી રીતે ગળામાં ઉતારું' એમ વિચારી દેવતા તે પ્રમાણે લાંબી જીભ રાખીને રહેલી હતી, ત્યારે પ્રભાતમાં તેવી સ્થિતિમં રહેલી દેવીને લોકોએ દેખી. 'આ કયા પ્રકારનો ઉત્પાત ઉત્પન્ન થયો ? આ કરનાર કોઈ નાગરિકમાંથી હોવો જોઈએ.' આવી રીતે આકુલ-વ્યાકુલ બનેલા નાગરિકો શાન્તિકાર્યો, પૂજા-પાઠ આદિ ઉપાયો કરવા છતાં પણ ફાડેલું-મુખ બંધ કરતી નથી. ત્યારે ભય પામેલા ચિત્તવાળા લોકોએ કહ્યું કે - 'આ નગરીમાં ઉત્પાતની શાંતિ કરવા કોઇ પુરુષ સમર્થ છે ?' પેલા

જુગારીએ કહ્યું કે - 'આ કાર્ય કરવા માટે હું સમર્થ છું. પરંતુ પ્રથમ પૂજાની સામગ્રી લાવવા મારા હાથમાં સો સોનૈયા આપો. તમારું કાર્ય સિદ્ધ થાય તો તમો સર્વે એકઠા થઈ જે ઉચિત હોય તે વસ્ત્રાદિકથી મારું સન્માન કરશો.'

લોકોનો સમુદાય એકઠો થઇ મંત્રણા કરવા લાગ્યો કે, આ દ્યૂતકાર (જુગારી) એવો માંત્રિક સંકટમાં પડેલા આપણને દેખીને પૂજાના બાનાથી ખાવાની ઇચ્છાવાળો છેતરીને ધન ખાઈ જશે, પરંતુ દુઃખથી પીડિત થયેલા ચિત્તવાળા આપણે બીજું શું કરીએ ? નિમિત્તિયા, વૈદ્યો, બ્રાહ્મણો, જ્યોતિષીઓ અને મંત્રના જાણકારોના પુણ્યથી લક્ષ્મીવાળાઓને ઘરે દેહપીડા, ભૂત, ગ્રહ, વળગાડ ઇત્યાદિ સંકટો પ્રાપ્ત થાય છે.' - એમ વિચારી તેના હાથમાં સો સુવર્ણ સિક્કાઓ આપ્યા. રાત્રે ભટ્ટારિકા-દેવીના મંદિરમાં પ્રવેશ કરી બંને દ્વાર બંધ કરી જુગારી કહેવા લાગ્યો કે, 'હે કટપૂતના ! સ્વાભાવિક અસલરૂપવાળી કેમ થતી નથી ? જો તું મારી કહેલી યથાર્થ વાત કંઈપણ ન કરે તો તારું વિજ્ઞાન શી શોભા પામશે ? માટે 'આડા લાકડે આડો વેધ' એમ કહી જેટલામાં તેની જિહ્વા ઉપર વિષ્ટા કરવાનો પ્રયત્ન કર્યો. એટલે વિચાર્યું કે, 'આ પાપીને કંઇપણ અકર્તવ્ય નથી.' એટલે મૂર્તિ અસલ હતી તેવી મૂળ-સ્વાભાવિક રૂપવાળી થઈ ગઈ. ઉપદ્રવ શાન્ત થવાથી નગરમાં શાન્તિ થઇ.

કોઈક સમયે જુગારી મસ્તકની હોડ મૂકી તેમાં હારી ગયો. ભટ્ટારિકા-દેવી પાસે આવી કહેવા લાગ્યો કે, 'હે દેવિ ! મેં જુગાર રમવામાં મસ્તક આપવાની શરત કરી હતી. તેમાં હું હારી ગયો છું, માટે તેમાંથી છૂટવા માટે પાંચસો સોનામહોર આપ.'

દેવીએ કહ્યું - 'તેં કે તારા પિતાએ મારી પાસે કોઇ થાપણ-અનામત મૂકી હતી ખરી?'

જુગારીએ કહ્યું - 'હે માતાજી ! કોઇએ થાપણ નથી મૂકી, પણ મસ્તક છેદાવાના સંકટમાં તમારું સ્મરણ કર્યું, માટે મારું રક્ષણ કરો.'

ભટ્ટારિકા - 'તારા સરખાનું રક્ષણ કેમ ન કરવું ? તેવા પ્રકારની તારી ભક્તિના બદલામાં જે કંઈ કરાય તે ઘણું અલ્પ ગણાય. હે દુરાત્મન્ ! અત્યારે આટલી દીનતા બતાવે છે. તો તે વખતે તો તેમ(ન કરવાનું) કર્યું. તેણે એ ન વિચાર્યું કે, 'મૃત્યુદશા પામેલાઓની માગણીનો ઈન્કાર ન કરવો જોઈએ.' ખરેખર આકુલિત-પ્રાણોવાળાઓએ બીજાના પ્રાણો ક્ષણવારમાં ફેંકવા ન જોઇએ.

જુગારી - 'જો હવે ભક્તિથી પ્રસન્ન થતી નથી, તો હવે જેવી રીતે પ્રસન્ન થઇશ, તેવી રીતે કરીશ. એમ કહીને તેની મૂર્તિનો ભંગ કરવા માટે પાષાણ લેવા બહાર ગયો. ભટ્ટારિકાદેવીએ તરત જ દ્વાર બંધ કર્યાં. જુગારી મોટી શિલા ઉપાડીને જ્યાં બંધ દ્વાર

પાસે આવ્યો, દ્વાર બંધ દેખ્યાં, એટલે વિલખા થયેલા તેણે બારણા પર સિલા અફાળી, તો પણ દ્વાર ન ઉઘડ્યાં એટલે તે આખું મંદિર સળગાવી નાખવાની તૈયારી કરવા લાગ્યો. 'અગ્નિનો સ્વભાવ છે કે, સર્વ વિનાશ કરે, તેમ આ જુગારીમાં સર્વ અનર્થ સંભવે છે' - એમ ભય પામેલી દેવીએ તત્કાલ દ્વાર ખોલી પોકાર કર્યો કે, નષ્ટ-દુષ્ટચેષ્ટાવાળા ! મારું મંદિર બાળી ન નાખ, નિર્દયપણાથી તેમ મને દાસી બનાવી, તો બોલ હવેતારું શું કાર્ય કરું ? લે આ પુસ્તિકા લઈને જા, આના બદલામાં તને પાંચસો સોનામહોર પ્રાપ્ત થશે.'

જુગારીએ પૂછ્યું કે, 'એટલું મૂલ્ય ન મળે તો ?' તે મનુષ્યો મેંઢા સરખા મૂર્ખ સમજવા, ન ખરીદ કરનાર મૂર્ખ માનવા. 'ઠીક મને મળી ગયું.' એમ કહીને પુસ્તક ગ્રહણ કરીને દુકાનની શ્રેણિમાં આવ્યો.

'પ્રાપ્તવ્યમર્થં લભતે મનુષ્યઃ' = પ્રાપ્ત કરવા યોગ્ય પદાર્થ મનુષ્ય મેળવે છે.

બજારમાં પુસ્તિકા બતાવી અને ઘણું મોટુ મૂલ્ય કહેતો હોવાથી વેપારીઓ વડે હાસ્ય કરાતો અનુક્રમે પુરંદર શેઠના પુત્ર સિદ્ધદત્તની દુકાને આવી પહોંચ્યો. પુસ્તિકા દેખીને મૂલ્ય પૂછ્યું તો ૫૦૦ સોનામહોર કહી. સિદ્ધદત્ત વિચારવા લાગ્યો કે, 'આ પોથીનું મૂલ્ય જયકુંજર હાથી જેવડું કેમ ?' તો આમાં જરૂર કંઈ કારણ હોવું જોઇએ. તો અંદર જોઉં તો ખરો-એમ કહી પુસ્તક ખોલીને જોયું તો પ્રથમ પત્રમાં 'પ્રાપ્તવ્યમર્થં લભતે મનુષ્યઃ-મનુષ્ય પ્રાપ્ત કરવા યોગ્ય પદાર્થ જરૂર મેળવે છે. અરે ! આ તો ઉપજાતિછંદનો એક પદ છે. અરે ! મારા હૃદયમાં એક ખટકતી શંકાનો સંવાદ છે. તેની જ આ યથાર્થ વ્યવસ્થા જણાવનાર છે. એમ વિચારી પાંચસો સોનામહોર આપી તેણે પુસ્તિકા ખરીદી.

જેટલામાં તે પ્રથમપાદ વિચારે છે અને હવે 'બાકીના ત્રણ પાદ મેળવીને આ શ્લોક પૂર્ણ કેમ બનાવું ?' એમ ધ્યાન કરતો ચિંતામણિરત્નની પ્રાપ્તિની જેમ આત્માને કૃતાર્થ માનતો રહેતો હતો. તેટલામાં પાડોસી વેપારીઓના વાચાલપુત્રોએ તાળી આપવા પૂર્વક 'સારો અને વિશેષ લાભ આપનાર કરિયાણું ખરીદ કર્યું.' એવા શબ્દોથી ગૃહવાર્તા ફેલાવી. 'વેપારીની આંટ વધારી' - એમ બોલીને મશ્કરી કરનારાઓએ આ વાત તેના પિતા પુરંદરના કાને પહોંચાડી. કોપ પામેલા પિતા 'આજે કેટલી આવક જાવક થઈ છે !' તે તપાસ કરવા દુકાને આવ્યા. પુસ્તક-ખરીદીના ૫૦૦ સોનૈયા ઉધારેલા દેખીને પિતાએ પૂછ્યું કે, 'કયા પ્રદાર્થની ખરીદીમાં આટલી મોટી સોનૈયાની રકમ ઉધારી છે ? આપણે કયા એવા વિદ્વાન છીએ ? અથવા તો પુસ્તક સંગ્રહના ગ્રહથી ગ્રથિલ (ગેલો) બનેલ તું જ મોટો વિદ્વાન છે. આને વેચવા જઇશ, તો કોઈ તેના બદલામાં પાણી પણ નહીં પીવડાવશે. માટે તું મારા ઘરમાંથી નીકલ આટલું ધન કમાઇને પછી અહિં પ્રવેશ કરવો.' ત્યારપછી

સિદ્ધદત્તે નિર્ણય કર્યો કે, 'એટલા હજાર કમાયા પછી જ મારે અહિં આવવું.' બરાબર પહેલી રાત્રિએ પ્રયાણ કર્યું. નગરની અંદર રહેલા દેવમંદિરમાં બાકીની રાત્રિ પસાર કરવા રોકાયો તે પાદનું તાત્પર્ય વિચારતો નિશ્ચિંતપણે સુખપૂર્વક ઊંઘી ગયો.

## ૪૦. પ્રીતિવાળી ત્રણ સખીઓ -

આ બાજુ તે જ નગરીમાં રાજા, પ્રધાન અને પુરોહિતની અનુક્રમે રતિમંજરી, રત્નમંજરી અને ગુણમંજરી નામની નિરંતર સાથે જ રહેનારી હોવાથી નિઃસીમ પ્રીતિવાળી, એક બીજાથી વિયોગ થવાના ભયવાળી એવી ત્રણે સખીઓને એક સમયે વાર્તાલાપ થયો કે, બાલ્યકાળથી અત્યાર સુધી આપણે સાથે દરેક ક્રીડા કરવાના સુખનો અનુભવ કર્યો છે. અત્યારે વળી વૈરી એવા યુવાનપણાથી શોભી રહેલી છીએ. નથી જાણી શકાતું કે, આ દૈવરુપી વંટોળિયોઆપણને ઉપાડીને ક્યાં ફેંકી દેશે ? ત્યારપછી રાજપુત્રીએ કહ્યું કે - 'જો તમારો પરસ્પર સ્નેહાનુબંધ હોય તો પછી હજુ સુધી પિતાજીએ આપણો કોઇ સાથે ક્યાંય પણ વિવાહ-સંબંધ કર્યો નથી, તેટલામાં આપણે પોતાની જ મેળે કોઇ એક જ પતિને વરીએ, જેથી કાયમ સાથે જ રહી શકીએ.'

દરેક સખીએ આ વાતનો સ્વીકાર કર્યો. ત્યારપછી રાજપુત્રીએ દૂર દેશાવરથી આવેલ મહા ઉત્તમ કુળનો કોઈક રાજપુત્ર પિતાનો સેવક વીરસેન નામનો હતો, તેને ગુપ્તપણે કહ્યું કે - 'અમારી સખીઓએ અને મેં આવો વિચાર કરેલ છે.' ત્યારપછી યૌવન પ્રગટ થવાના કારણે અને તેના કટાક્ષ-બાણથી ભેદાયેલા હૃદયવાળા તેણે તેની વાતનો સ્વીકાર કર્યો. ''નગર કોટની બહાર દેવમંદિરના મંડપમાં અતિચપળ અશ્વો અને જરૂરી સામગ્રી સાથે આજની ત્રીજા દિવસની રાત્રિએ આવી પહોંચીને રહેવું, જેથી કરીને લગ્ન કરીને આપણે ત્યાથી પલાયન થઇશું," એ પ્રમાણે વીરસેનને સંકેત કર્યો હતો, તે દિવસે આવી પહોંચ્યો. તે સ્થલે વીરસેન આવી તો પહોંચ્યો, પરંતુ પિતાના વૈરી સાથે યુદ્ધ કરતાં પોતાની પાસે અલ્પ સૈન્ય હોવાથી અને શત્રુ પાસે વધારે સૈન્ય હોવાથી હારીને સ્વદેશે ચાલ્યો ગયો.

રાજપુત્રી પણ એક પહોર રાત્રિ વીત્યા પછી પરણવાની સામગ્રી સાથે દાસીથી પરિવરેલી સંકેત સ્થાને મંડપમાં આવી પહોંચી. ત્યાં નિશ્ચિંતપણે સૂતેલા સિદ્ધદત્તને જોયો. પહેલાના પરિચયના કારણે ઉત્પન્ન થયેલા વિશ્વાસથી રાજકુમારીએ કહ્યું કે, 'આવા ગંભીર કાર્યનો આરંભ કરેલ હોવા છતાં નિશ્ચિંતપણે ઊંઘે છે.' ત્યારપછી જગાડીને તેના હાથ સાથે હાથ મેળવ્યો. ગંધર્વ-વિવાહ કરીને કંકણ-બંધ કર્યો. સંકેત્ ગ્રહણ કરેલ એવો તું કંઈ બોલતો નથી. એ પ્રમાણેનું વચન સાંભળી 'આ ઇન્દ્રજાળ છે કે શું ?' - એમ વિસ્મય પામેલા મનવાળા 'પ્રાપ્ત કરવા યોગ્ય પદાર્થ મનુષ્ય પ્રાપ્ત કરે છે -' એ પદ વિચારતા

સિદ્ધદત્તને રાજપુત્રીએ કહ્યું કે, 'મને અને મારી બંને સખીઓને તમે કૃતાર્થ કરી. પલાયન થવા માટેનાં વાહન ક્યાં રાખ્યાં છે ?' તેણે કહ્યું કે - 'આમ ઉતાવળ કેમ કરો છો ? મને ઊંઘ આવે છે, એટલે સુઇ જઇશ.' એમ કહી સુવાનો ડોળ કરતો તે સુઈ ગયો.

રાજપુત્રી તો આને આમ નિશ્ચિંત અને નિરાકુલ દેખી 'રખે ને આ વીરસેન સિવાયનો બીજો કોઇ પુરુષ તો નહિં હોય ?- એમ વિચારી પહેલાં સાથે લાવેલ પ્રકાશના કોડિયાનું સંપુટ ખોલીને જેટલામાં નજર કરે છે. તો અજાણ્યો કોઈ ધૂર્ત પ્રાપ્ત થયેલો આ જણાય છે. ભલે જે કોઇ સુકુમાર આકૃતિવાળો કામદેવના દર્પને દૂર કરનાર પુણ્યયોગે અહિં આવી પહોંચેલ સાથે લગ્ન થયાં તે અનુચિત કાર્ય થયું છે. પછી મસ્તક પાસે રાખેલી પુસ્તિકા દેખી. તેને ગ્રહણ કરી ખોલીને પ્રથમથી વાંચવા લાગી, 'પ્રાપ્ત કરવા યોગ્ય પદાર્થ મનુષ્ય પ્રાપ્ત કરે છે." શ્લોકનો માત્ર આ ચોથો ભાગ છે, તો પણ કપૂરના ઢગલાની સુગંધ માફક લોકમાં વ્યાપી જાય છે. ખરેખર સમયસર કહેવાયેલા અક્ષરોની જેમ પરમાર્થ-માર્ગને વિસ્તારનાર છે. નહિંતર આ બનાવ કેવી રીતે બન્યો ? હવે પછી આ નારી બંને સખીઓને વિશ્વાસ બેસાડવા માટે હથેળીમાં કાજળની શાહી બનાવી 'किं कारणं दैवमलंघनीयं' "તેનું શું કારણ ?' કોઇથી પણ દૈવ-ભાગ્ય ઉલ્લંઘી શકાતું નથી. એમ બીજો પાદ લખીને બીજા પહોરે રતિમંજરી પોતાના ઘરે ગઈ.

ત્રીજા પહોરે રત્નમંજરી આવી પહોંચી. તેણે પણ રતિમંજરીના કંકણબંધ લિપિસંવાદનો વિચાર કરી તેની સાથે લગ્ન કર્યાં. બે પાદ પછી તે જ પ્રમાણે ''તસ્માન્ન શોકો ન ચ વિસ્મયો મે" - તેથી મને શોક કે આશ્ચર્ય થતાં નથી-એમ ત્રીજો પાદ લખીને પોતાના સ્થાને પહોંચી ગઈ. એ પ્રમાણે ચોથા પહોરે ગુણમંજરી પણ વીને તેની સાથે લગ્નવિધિ કરીને 'યદસ્મદીયં નહિ તત્પરેષામ્' - જે આપણું છે, તે પારકાનું નથી-એમ ચોથો પાદ તેની આગળ લખીને પોતાના ઘરે ચાલી ગઈ. તે પછી પુત્રીઓની દાસીઓએ 'રખે અમે આવા અપરાધનું સ્થાન ન પામીએ' - એમ ધારી પુત્રીઓની કાર્યવાહી તેઓની માતાને જણાવી. માતાઓએ પણ પોતપોતાના ભર્તારને વાત કહી. રાજાએ કહ્યું કે, 'હે દેવી ! દુઃસાહસ અને ચપળતાથી આગળ વધેલી પુત્રી જેના સંસર્ગમાં આવી હશે, તે શૂન્ય દેવ-મંદિરના મંડપમાં સુતેલા કોઇક પાદચારી મુસાફર સાથે પરણી હશે. શું કરવું ?' દેવીએ કહ્યું - 'હે દેવ ! હવે આપણી પાસે બીજો કોઇ પ્રકાર કે ઉપાય નથી. કન્યા એક જ વખત અપાય છે. એ જ વસ્તુ તેણે મેળવી કે, 'પ્રાપ્ત કરવા યોગ્ય પદાર્થ મનુષ્ય પ્રાપ્ત કરે છે' બીજું તમારી પુત્રીએ પ્રાપ્ત કરેલ પતિ સામાન્ય મનુષ્ય હશે, તો પણ પૃથ્વીપતિ જ થશે.' કહેલું છે કે - ''ખારા સાગરથી ઉત્પન્ન થયેલ, કલંકિત શરીરવાળા જડ જ્યોતિરૂપ ચન્દ્રને શંભુમહાદેવના મસ્તકને મૂકી બીજું નિવાસસ્થાન કયું ?કઈ ભૂમિકા ? અને કયા ગુણો ? ગુણીજનો શું આકાશમાંથી

પડે છે ? જેના ઉપર રાજપ્રસાદને ઉચિત, સ્વામીની ઉજ્જ્વલ દૃષ્ટિઓ પડે છે, ત્યાં જ સર્વે ગુણો વસે છે."

માટે કરી હજુ સુધી પ્રયાણ કરી ક્યાયં જાય નહિં, ત્યાં સુધીમાં પ્રધાન મનુષ્યોને મોકલીને હાથી ઉપર બેસાડી નગરમાં પ્રવેશ કરાવો.' પછી રાજાએ મોકલેલ પ્રધાન પુરુષોએ સતત વાજિંત્ર વગાડવાના આડંબર સહિત સિદ્ધદત્તને જગાડ્યો. ત્રણ કંકણોથી અલંકૃત જમણા હસ્તથી પુસ્તિકા ગ્રહણ કરીને વાંચવા લાગ્યો. અરે ! આ ઉપજાતિ છંદવાળો અપૂર્ણ શ્લોક ચારપાદવાળો સંપૂર્ણ બની ગયો અને સાથે હું પણ આઠ પગવાળો થઈ ગયો. આટલું જ માત્ર મેં પ્રયાણ કર્યું, હજુ કંઇ પણ ઉદ્યમ ન કર્યો, પરંતુ દૈવ અનુકૂલ થયું, તો ચારગણો લાભ થયો. અથવા તો ઉદ્યમ કોઇ કરે છે અને તેનું ફલ બીજો ભોગવે છે, માટે ઉદ્યમથી સર્યું, મને તો ભાગ્ય એ જ પ્રમાણ છે.' ત્યારપછી તેને રાજ-હસ્તીપર બેસારીને પ્રધાન પુરુષોએ રાજમહેલ પહોંચાડ્યો. તેણે રાજાના પગમાં પ્રણામ કર્યા એટલે આ તો પુરંદર શેઠનો પુત્ર જ મારી કૃપાનું પાત્ર બન્યો. તેને ઓળખ્યો. પ્રધાન અને પુરોહિતે આ વૃત્તાન્ત જાણ્યો. તે બંનેએ પણ રાજા પાસે આવી પોતપોતાની પુત્રીઓનો વૃત્તાન્ત જણાવ્યો.

પુરંદર શેઠનો પુત્ર જમાઇ તરીકે પ્રાપ્ત થવાથી અને પુત્રીઓની ચપળ ચેષ્ટાથી સર્વે પ્રસન્ન થયા અને લગ્નોત્સવ કરવાના ઉત્સાહવનાળા થયા. રાજા રતિમંજરી, રત્નમંજરી અને ગુણમંજરી એમ ત્રણે કન્યાનાં પાણિગ્રહણ કરાવીને પ્રતિપાદન કરવા લાગ્યા કે, 'ખરેખર ! દૈવરાજા ચિંતા કરનારો છે, જે દૂર વસતો હોય, તેને પણ જાણે છે. જે જેને યોગ્ય હોય તે તેને બીજા સાથે જોડી આપે છે.' રાજાએ જમાઇને પાંચસો ગામો આપ્યાં, અને મોટો સામંત બનાવ્યો. સિદ્ધદત્ત પુરંદર પિતાના ચરણ-કમલની સેવામાં રહી સમૃદ્ધિનું પાલન કરવા લાગ્યો. ખરેખર સિદ્ધદત્ત ઉત્કૃષ્ટ પુણ્યના સારભૂત છે. પોતે ઊંઘતો હોવા છતાં તેનો પ્રભાવ જાગતો છે. તેમ ભય પામેલ એક વર્ષના હરણના બચ્ચા સરખા ચપળ નેત્રવાળી હે પ્રિયા ! મારા માનેલા પદાર્થની સિદ્ધિ થશે. ત્યારપછી પદ્મસેનાએ કહ્યું કે, 'હે પ્રિય ! પ્રવ્રજ્યાનો ઉદ્યમ ભલે કરો, પરંતુ ઉતાવળ કરવી યોગ્ય નથી. કારણ કે, સ્થિર મનુષ્યોને લક્ષ્મી વરે છે. જેમ સુંદર શેઠને પ્રાપ્ત થઈ હતી અને જેઓ ઉત્સુક હોય છે, તેની લક્ષ્મી વિષ્ણુની જેમ હોય છે, તે પણ ચાલી જાય છે.'

## ૪૧. લક્ષ્મી સ્થિર મનુષ્યોને વરે છે -

ગુણસ્થલ નામના ગામમાં સુંદર નામના શેઠ હતા. તેને સુંદરી નામે પ્રિયા હતી. તેનાથી પુરંદર નામનો પુત્ર થયો. સમાન કુલ-શીલવાળાને ત્યાં લગ્ન કર્યાં. ગામની અંદર

વાસ કરતાં સુખેથી રહેતા હતા. ગામડામાં દૂધ, દહિં, ઘી, ધાન્ય સર્વે તાજાં અને ઘરનાં આંગણામાં જ મળે છે. વલી ઘાસ, ઈન્ધણાં મફત મળે છે. ખરેખર ગામડાનો વાસ સુખકર છે. ભક્તિ કરનાર યોગ્ય અનુરાગવાળી શીલપ્રિય એવી એક પ્રિયા, આજ્ઞાંકિત પુત્ર જ્યાં હોય તેવું ગામ પણ નક્કી સ્વર્ગ છે. કોઇક સ્થાને કહેલું છે કે :- "આજ્ઞાંકિત અને અનુકૂલ વલ્લભાની પ્રાપ્તિ, મસ્તક નીચે કોમળ તાક્યો, કુટુંબ-સેવક પરિવાર વલ્લભ અને વિનયથી વર્તનાર હોય અને સાકર (ચાસણી)વાળાં ઘેબર પીરસાતાં હોય, તે જ અહિં સ્વર્ગ છે."

કોઇક સમયે ચોમાસાની વર્ષાઋતુમાં આંગણાંની ખડકી પડી ગઇ. ઘર ઉઘાડું બની ગયું. ત્યારે સુંદરી શેઠાણીએ શેઠને કહ્યું કે, 'આજે જ આ પડી ગયેલી ખડકીને પાછી ચણાવી લેતા કેમ નથી ? આખો દિવસ ઘરનું રક્ષણ કરવા સમર્થ નથી, તેમ જ બહારના કોઇ પહેરેગીરને પગાર પણ આપતા નથી. દ્વાર ખોલીને સુખપૂર્વક જે ચોરી કરતો નથી, ખરેખર ઠગાય છે.' શેઠે કહ્યું કે, 'વાઘણ સરખી કૂતરી દ્વારમાં બેઠેલી છે, તે નવીન આવનાર સર્વને દેખીને ભસે છે.' કેટલોક સમય પસાર થયા પછી બિચારી કૂતરીને પણ કોઈએ મારી નાખી, તેથી કરીને ગૃહદ્વાર સર્વથા ઉઘાડું અને શૂન્ય બની ગયું. વળી ફરી સુંદરીએ શેઠને કહ્યું કે, 'કોઇક કૂતરી લાવીને ગોઠવો, નહિંતર શૂન્ય દ્વારમાં કોઇ પ્રવેશ કરીને ઘરમાં ચોરી કરશે.' શેઠે કહ્યું કે - 'હે સુંદરિ ! લક્ષ્મી સ્થિરતાવાળા મનુષ્યોને વરે છે.' ત્યારે સુંદરીએ કહ્યું કે, લક્ષ્મી સ્થિર થાય કે અસ્થિર થઇ ચાલી જાય, તે કોણ જાણી શકે ? કોઈક સમયે પુત્ર-પત્ની મૃત્યુ પામી, ત્યારે શેઠાણીએ કહ્યું કે, 'આ યુવાન પુત્રને ફરી કેમ પરણાવતા નથી. ? એકલી હું કેટલા કામને પહોંચી વળું ? વળી નહિ પરણાવશો તો, આ યુવાનપુત્ર જુવાનીના તોરમાં બહાર ભટકીને પૈસાનો દુર્વ્યય કરશે.' સુંદરશેઠે ફરી પત્નીને તે જ પ્રત્યુત્તર આપ્યો, એટલે શેઠાણીએ સંભળાવ્યું કે, 'તમોને કોઈ નવો ખોટો આગ્રહરૂપી ગ્રહનો વળગાડ વળગ્યો જણાય છે. આવો એકાંત ખોટો આગ્રહ પકડી રાખવાથી તમારી લક્ષ્મી અવશ્ય ચાલી જશે. મારું કહેલું કાર્ય સમજો અને કોઇનું કહેલું માન્ય કરો.

એક દિવસે તે ગામની નજીકના માર્ગેથી એક ભ્રમણ કરતો સાર્થ પસાર થતો હતો : રાત્રિએ જ્યારે સાર્થ પસાર થઈ રહેલ હતો ત્યારે ભય પામેલી એક સારી ખચ્ચરી શેઠના આંગણામાં આવી પહોંચી. તેની પીઠપર રેહલા સોના-મહોરોથી ભરેલાં વીશ ભાજન નીચે પાડી ફરી સાર્થની સાથે ભળી ગઈ. શેઠ અંધકારમાં તે દેખીને ખુશ થઇ કહેવા લાગ્યા કે, 'જો ધીરતા અને સ્થિરતાનું ફળ' ભય પામેલા તેણે સોનામહોરો ઘરની અંદર ગોઠવી દીધી. કેટલા સોનૈયા છે, તે જાણીને ધનની ગુપ્તતા જાળવતો હતો. હવે શેઠે એકાંતમાં ગુપ્ત

મંત્રણા કરતાં તોષ અને આવેશથી કહ્યું કે, 'હે સુંદરી ! મેં તને આગળ કહેલું હતું કે, લક્ષ્મી સ્થિર પુરૂષોને પ્રાપ્ત થાય છે અને તે આવી ગઈ. હવે તું કાર્યમાં સ્થિર થા. જો ખડકી ચણી લીધી હોત અને દ્વાર બંધ હોત તો ખચ્ચરી અંદર પ્રવેશ કેવી રીતે કરી શકતે ? અને કૂતરી દ્વારમાં બેઠી હોત તો ભસ્યા કરતે, તો પણ લક્ષ્મી પ્રવેશ ન કરી શકતે. કૂતરી ભસતી હોય તો આપણી મેળે જ દ્વાર બંધ કરી દઇએ. યુવાનપુત્રના લગ્ન કર્યા હોત તો નક્કી પુત્રવધૂ પીયરમાં જઈ ધનની વાત જાહેર કરત. સ્વ કાર્ય નિર્વિઘ્ને પતી ગયું, જો કાર્યની મેં સ્થિરતા રાખી તો.'

'હવે ઉંચી ખડકી તથા દ્વારમાં એક સારો દ્વારપાળ રાખો, વળી ઘણું ધન ખરચીને હવે પુત્ર-વિવાહ કરો.' પરંતુ સુંદર શેઠ એમ ઉતાવળા કાર્ય-સાધક ન બન્યા. એટલે સુંદરીએ કહ્યું કે, 'હે પ્રાણનાથ ! હે ઉત્તમ ! ચિત્તને સ્થિરતામાં લગાડો.'

## ૪૨. ઉતાવળ કરનારની લક્ષ્મી નાશ પામે છે -

ઉતાવળો મનુષ્ય સિદ્ધ કરેલા કાર્યનો વિનાશ કરે છે. પાછળથી પસ્તાય છે, જેમ વિષ્ણુ, કે જેનું કથાનક શ્રવણ કરવા યોગ્ય છે. ધનના અર્થી એવા કોઈ વિષ્ણુ નામના કુટુંબના અગ્રેસરે કોઈ દેવતાની આરાધના કરી. પ્રસન્ન થયેલા દેવે વિષ્ણુને કહ્યું કે - 'સુવર્ણમય એવો મોર બનીને દરરોજ નૃત્ય કરતો હું એકાંતમાં તને એક મોરપીંછ આપીશ. તેનાથી તું શ્રીમંત બનીશ.' 'તથેતિ' - એમ કહીને તે દરરોજ સુવર્ણપીંછ મેળવતો ઋદ્ધિ-સમૃદ્ધ બન્યો અને સર્વથા વિલાસ કરવા લાગ્યો. કોઇક દિવસે તેણે વિચાર કર્યો કે, 'દરરોજ ત્યાં જઇને કોણ માગણી કર્યા કરે ? સર્વાંગ મોરને જ પકડી લઉં !'

અન્ય કોઇ દિવસે નૃત્ય કરી રહેલા મોરને દેખીને તે તેને પકડવા દોડયો. તેને બે હાથથી પકડ્યો, એટલે કાગડો થઇને ઉડી ગયો, ત્યારથી માંડીને મોર સુવર્ણપીંછ આપતો નથી અને વ્યંતરદેવ દર્શન પણ આપતો નથી. એટલે વિષ્ણુ દરિદ્ર અને દીનમનવાળો બની ગયો. કહેવાય છે કે :- 'ઉતાવળ વગર કાર્યો કરો, ઉતાવળ કરવાથી કાર્યનો નાશ થાય છે. ઉતાવળ કરનારા મૂર્ખે મોરને કાગડો કરી નાખ્યો.' આ પ્રમાણે પદ્મશ્રીએ જંબૂસ્વામીને ઉતાવળ ન કરવા માટે વિનંતિ કરતાં જણાવ્યું કે, 'અમારું તારુણ્ય છે, ત્યાં સુધી પ્રિય વિલાસવાળા ભોગો ભોગવો. ત્યારપછી તમારા પગલે અનુસરીને વૃદ્ધાવસ્થા પર્યંત સર્વ શિક્ષાવાળીદીક્ષા અમે સર્વે ગ્રહણ કરીશું.'

## ૪૩. ધર્મકાર્યમાં સ્થિરતા ઢીલ ન કરવી -

ત્યારપછી જંબૂસ્વામીએ કહ્યું કે - 'હે પ્રિયા ! તમોએ કહેલું સર્વ મેં સાંભળ્યું. છતાં પણ

આર્યોએ ધર્મકાર્યમાં સ્થિરતા-ઢીલ ન કરવી જોઇએ. પાપકાર્યમાં ધીમી ગતિ કરવી વ્યાજબી છે. આ ભુવનમાં અતિ કઠોર પવનની લહેરોથી ચપળ પલ્લવના અગ્રભાગ સરખા લોકોનાં જીવિત ચપળ-અસ્થિર હોવાથી સવાર દેખાશે કે નહિ, તે કોણ જાણે છે ?' વળી સંપત્તિઓ ચંપકપુષ્પના રાગ સરખી ક્ષણિક છે, રતિ મદોન્મત્ત સ્ત્રીની આંખની લાલાશ સરખી છે, સ્વામીપણું કમલપત્રના અગ્રભાગ પર રહેલા જળબિન્દુ સરખું ચંચળ છે, પ્રેમ વીજળી દંડ સરખો ચપળ છે, લાવણ્ય હાથીના કાનના તાડન સરખું ક્ષણમાં વિનાશ પામવાના સ્વભાવવાળું છે. શરીર કલ્પાંતકાળના વાયરાથી ભમતી દીપશિખા સરખું અસ્થિર છે. જીવોનું યૌવન પર્વત-નદીના વેગ સરખું એકદમ વેગિલું છે. જો ધર્મ કરવામાં ઢીલ કરીએ, તો ધર્મ કર્યા વગરના રહીએ અને વચ્ચે મરણ આવી પડે તો દુર્ગતિ થાય. માટે હે સુકૃતિ ! શુભકાર્યમાં ઉતાવળ કર. હે ચતુર મતિવાળી ! તમો જલ્દી ચારિત્ર લેવાની ઇચ્છાવાળં હો, તો વિલંબન કરો, કારણ કે, કાલક્ષેપ કરવાથી વિજય અને સુજય માફક વચમાં વિઘ્ન ઉભાં થાય છે.

## ૪૪. વિજય-સુજયની કથા -

લલાટમાં તિલક સરખી શોભાવાળી પૃથ્વીમાં વસુમતી નામની નગરી હતી. ત્યાં અદ્‌ભુત ગુણ-સમુદાયવાળો જયમિત્ર નામનો રાજા હતો. તે નગરીમાં વણિક લોકમાં ઉત્તમ એવો સોમધર્મા નામનો શ્રેષ્ઠી હતો. તેને અતિવિનયવંત એવા ૧. વિજય, ૨. સુજય, ૩. સુજાત અને ૪. જયન્ત એવા નામવાળા ચાર પુત્રો હતા. વિખ્યાત નામવાળા સા કુળમાં જન્મેલી ચાર બાલિકાઓ સાથે તેઓએ લગ્ન કર્યાં. પ્રૌઢ ફણસના વૃક્ષની જેમ બે, ત્રણ, ચાર પુત્રો હોવાથી તેઓ પુત્રવાળા થયા, તેમ જ બુદ્ધિશાળી હોવાથી ગૃહભારની ધુરા ધારણ કરવા માટે સમર્થ બન્યા. હવે સોમધર્મ પિતાએ ધર્મ-સામ્રાજ્ય મેળવવાની ઇચ્છા હોવાથી ગોત્રીય સ્વજનોને નિમંત્રણ આપી ભોજન કરાવ્યું. ત્યારપછી તેઓ સમક્ષ ચારે પુત્રોને કહ્યું કે, 'હે વત્સો ! તમો પરસ્પર કજિયા-કંકાસ-ક્લેશો સર્વથા ન કરશો. કીર્તિલતાના ક્યારા માટે જળસમાન, ધર્મના અંકુરા ઉગવા માટે ઉત્તમ જમીન સમાન, સુખરૂપ ચંદ્રના ઉજ્જ્વલ કિરણ સમાન કુટુંબનો સંપ છે.

હવે કોઈ પણ પ્રકારે પરસ્પર સ્ત્રીઓનાં વચનથી સંપ તૂટે, તો પણ હે પુત્રો ! તમો સુનીતિવાળા છો માટે વિરોધ ન કરવો, કે લડવું નહિ. જે કારણ માટે કહેલું છે કે - 'જે કુલમાં પરસ્પર કલહ થાય છે, તેની અપકીર્તિ, સુખનો પ્રવાસ અર્થાત્ સુખનું ચાલ્યા જવું, દુર્વ્યસનોનું આઘમ, કુવાસનાઓનો અભ્યાસ, અનેક પાપોનો નિવાસ થાય છે.' કદાચ બન્ધુઓમાં કોઈ તેવા બહારનાં ખોટા વચનોથી મનનો ભેદ થાય તો 'સ્ત્રીઓનાં અને

દુર્જનોનાં વચનો કાને ન સાંભળવાં.' તેમ છતાં અનિચ્છાએ કોઈ પ્રકારે છૂટાં પડવું પડે, તો અનુક્રમે ચાર ખૂણામાં નિધાનો છે, તે કાઢી લેવાં. કેટલાક દિવસો પછી પિતાજી પરલોકવાસી થયા પછી પણ પહેલાંની જેમ ઘણાં વર્ષો સુધી પ્રીતિપૂર્વક વર્ત્યાં, કુટુંબ વધતું ગયું અને ગૃહ-કારભાર વધી ગયો, હવે એકત્ર રહેવા માટે અશક્તિવંત થયા, ત્યારે જુદા રહેવા માટે નિશ્ચય કર્યો. બહારનું દૃશ્ય ધન જાણેલું છે. જ્યારે નિધિઓને બહાર કાઢી વહેંચણી કરવા લાગ્યા, ત્યારે વિજયના કળમાંથી ગાય અને ઘોડાના કેશ નીકળ્યા. બીજા નિધાનમાંથી માટી, ત્રીજા નિધાનમાંથી જૂના હિસાબના ચોપડા, લેણું વસુલ કરવાની ખાતાવહીઓ અને છેલ્લા નિધાનમાં મણિરત્ન, સુવર્ણ, સોનાના સિક્કાઓ વગેરે નીકળ્યા.

જયન્ત પોતાના કળશને દેખી અતિશય લાભના હર્ષથી રોમાંચિત હૃદયવાળો નૃત્ય કરવા લાગ્યો. બાકીના બન્ધુઓ તપસ્વીની જેમ ઉદાસીન હોય તેમ જણાવા લાગ્યા. અરેરે ! તે સમયે પિતાજીએ આપણને ઠગ્યા, તે આપણે ન સમજી શક્યા. ખરેખર ! અમને ત્રણને કૂવામાં ઉતારી એકદમ વચ્ચેથી દોરડું કાપી નાખ્યું. પિતાજીના મનમાં આ નાનો ભાઇ પહેલાંથી જ વસેલો હતો અથવા પિતાજીને તે અતિ વહાલો હતો. પરંતુ પિતાજીના મનનો ભાવ આપણે કોઇ કળી શક્યા નહિં. તો હવે પિતાજી અને બીજા દૈવ-ભાગ્ય એમ બંનેથી હણાયેલા આપણે શું કરીએ ? અને કોની પાસે જઇને પોકાર કરીએ ? અથવા તો દરેકના નિધાનનો ચોથો ભાગ, ચોથો ભાગ દરેક વહેંચી લઇએ. એટલે નાનો ભાઈ જયન્ત કહે છે કે, 'એ તો કદાપિ વિભાગ કેમ કરી શકાય ? નિધાનમાં સુવર્ણ વગેરે સરખાં જ હતાં, તમે અત્યારસુધી બહાર ન કાઢ્યા એટલે તેની માટી વગેરે થઇ ગયા, તેથી કરી તમારા પાપ અને ભાગ્ય ઉપર કોપ કરો, પણ પિતાજી પર કોપ ન કરો.'

હવે આમ ક્લેશ અને મહાકલહનો કોલાહલ વધી ગયો. સ્વજન-વર્ગે સમજાવવા છતાં કોઇએ ન માન્યું. - એમ લડતાં લડતાં જયમિત્ર રાજા પાસે જવાની એકદમ ઇચ્છા કરી. નગરના મોટા મહાજનની પર્ષદા પણ તેઓએ વચ્ચેનો વિવાદ ટાળી શકી નહિં. એક વર્ષ પછી જયમિત્ર રાજા પાસે ન્યાય કરાવવા પહોંચ્યા. રાજાએ પડહ વગડાવી એવી ઉદ્‌ઘોષણા કરાવી કે - 'આ ભાઇઓ વચ્ચેનો વિવાદ જે કોઈ દૂર કરાવશે, તેમ જ તેમના ચિત્તની કલુષતા જે કોઇ ટાળશે, તેને રાજા મંત્રી બનાવશે અને મિત્રનું સ્થાન આપશે. તે સમયે કોઇક વણિક-પુત્રે એકદમ પડહ ઝીલી લીધો. તેને રાજા પાસે લઇ ગયા અને રાજાની આજ્ઞાથી તેણે તેઓને કહ્યું કે, 'આમાં વિવાદનું કોઇ નામ નથી. પિતાજીએ કેશ-માટી, વગેરે વડે કરીને વિવાદ છેદી જ નાખેલો છે. જન્મ-સમયે જ પિતાજીએ દરેકની જન્મશુદ્ધિ કરેલી છે. વળી જોશીએ પણ ગણતરી કરીને જેનું જેવું કર્મ છે, તેવી અસાધારણ સમૃદ્ધિ

પણ તેને પ્રાપ્ત થયેલી છે.

બળદ, ઊંટ, ગાય, ભેંશ, ગધેડા, ઘોડા વગેરેનું વેચાણ કરવામાં આવે, તો વિજયની સમૃદ્ધિ અપાર વૃદ્ધિ પામશે-એમાં સંદેહ નથી. સુજયને ખેતરની માટીના ક્યરામાં ડાંગર આદિની ખેતી કરવાની સમૃદ્ધિ વૃદ્ધિ પામશે. સુજાત વ્યાજે ધીરીને ધનની વૃદ્ધિ કરશે અને જયન્ત તો મરકત વગેરે રત્નોનો નિરવદ્ય વેપાર કરીને બઝારમાં વેપારઓમાં એક અગ્રેસર વેપારી બનશે. પિતાએ પ્રથમથી જ પોતાના પુત્રો માટે નિર્ણય કરી તે તે કાર્યોમાં તેમને નિયુક્ત કરેલા છે. પોતાની મુડીમાં દરેક શંકા કરો છો, પરંતુ સર્વેની મુડી સમાન છે. ત્યારપછી રાજાએ જયંતના કળશના રત્નોની કિંમત અંકાવી ગણતરી કરાવી એટલે ઢોર-જાનવર, ધાન્ય, વ્યાજે ફરતી રકમનું ધન લગભગ સરખું થયું. રાજાએ કહ્યું કે, આ વાત યુક્તિ-યુક્ત છે. તમે એમ સમજો કે સ્નેહી-બન્ધુઓ ક્યાંય પણ મળતા નથી. જે માટે કહેલું છે કે :-

"સર્વ સંપળાલો સહોદર પરિવાર ઘરમાં કે બહાર, સંકટમાં કે ઉત્સવમાં, સંગ્રામમાં કે શાંતિમાં હોય તો પણ જય-રેખા પ્રાપ્ત કરે છે. તે સિવાયના નિર્દય મનવાળા કુમિત્ર માફક હલકા પુરુષોનો પરિવાર અર્થ ખાવાનાં મનવાળા સંકટમાં ખેંચી જાય છે. તે દિવસ અતિપ્રશસ્ત છે, રાત્રિ પણ ઉત્તમ છે, કે જે ઘરમાં પોતાના નયનથી ભાઈ, બહેન, પુત્ર, પૌત્રનાં દર્શન થાય છે. જે ઘરમાં પુત્ર, પૌત્ર, બન્ધુ વગેરે સંચરતા-હરતા-ફરતા નથી, ત્યાં નિશ્ચે કરી પડી જવાના ભયતી આકુળ બની થાંભલો પણ કંપવા લાગે છે."

'હે બુદ્ધિશાળીઓ ! મારા કહેવા પ્રમાણે એક વર્ષ સુધી આ ન્યાય પ્રમાણે તમો વર્તો, કદાચ તેમાં મારી વાત ખોટી પડે, તો તમારે મને ઠપકો આપવો.' રાજાના વચનથી તેઓએ તે વાત સ્વીકારી અને સર્વે ઘરે આવ્યા. તેણે કહેલા વ્યવહાર-વેપારથી ધનવૃદ્ધિ થઇ. અનર્ગલ ધન ઉપાર્જન કરતાં એક-બીજાને ત્યાં સ્નેહપૂર્વક ભોજન કરતાં તેઓના પરસ્પર પ્રીતિવાળા દિવસો પસાર થવા લાગ્યા.

## વિજય-સુજયનું અપમૃત્યુ -

હવે કોઈક સમયે વસુમી નામની નગરીમાં અનાર્ય કાર્યોનો ત્યાગ કરનાર, સત્પુરુષોને ધ્યાન કરવા યોગ્ય શ્રી વસુદત્ત નામના આચાર્ય આવી પહોંચ્યા. તેઓ સદ્ધર્મ-દેશનારૂપી અમૃત-છાંટણાથી પૃથ્વીના છેડા સુધી ભવ-તાપથી તપી રહેલા અનેક જીવોને શીતળતા પમાડતા હતા. શુભ આચરણવાળા આ ચારે બન્ધુઓ કર્મનાશ કરવા માટે તેમની પાસે આવી ધર્મના મર્મને પમાડનાર સત્યવાણી શ્રવણ કરતા હતા. તે ચારેય બન્ધુઓ શ્રવણ-

અંજલિ-પુટ વડે તેમના વચનામૃતની ધારાનું પાન કરી વિશેષ વૈરાગ બન્યા. આચાર્ય ભગવંતને નમસ્કાર કરી સર્વે પોતાના ઘરે ગયા. ત્યાં વિજયે કહ્યું કે, 'હું દીક્ષા અંગીકાર કરીશ.' નાના ભાઇ જયન્તે પણ કહ્યું કે, 'હે બંધુ ! હું પણ દીક્ષા લઈશ. પરંતુ હજુ સુધી પુત્ર ઘરનો ભાર ઉપાડવા માટે સમર્થ થયો નથી, માટે કેટલાક મહિના પછી આપણે બંને સાથે દીક્ષા અંગીકાર કરીશું.'

કોઇક સમયે જયન્તની પત્ની સાંજે પીયરથી આવતી હતી, તે સમયે કોઇ સ્વરૂપવાન દુષ્ટ વ્યભિચારી પુરુષ અને જયન્તની યુવાન પત્ની સાથે જોવામાં આવ્યા. કામદેવના જ્વરથી પીડાતી તે સ્ત્રીએ તે પુરુષસાથે સંગમ કરવાની પ્રબળ ઇચ્છાથી પોતાની શરીર-પીડાના બાનાથી જયન્ત પતિને જણાવ્યું. અનેક વૈદ્યો આવ્યા, ચિકિત્સાઓ કરવા છતાં રોગના ખોટા બાનાવાળી તેને લગાર પણ શાંતિ ન થઈ. ખોટા-કૃત્રિમ પ્રાણાચાર્ય એવા તે દુષ્ટ પુરુષને પણ જયન્તે બોલાવ્યો અને પોતાની પત્ની પાસે રાખી શરીર-પીડાની ચિકિત્સા કરાવી, પાછળથી જાણ્યું કે, 'આ તો મારી પત્નીનો કોઈ જાર પુરુષ છે અને પોતાની આંખે પણ કેટલોક સમય ગયા પછી નીહાળ્યું.' પછી ત્યાં આગળ આવતાં તેને બીજા દ્વારા રોકવામાં આવ્યો, તો પણ તે જાર પુરુષ હજુ આવતો બંધ થતો ન હતો. એટલે પોતાના સેવકોને કોઇક તેવો અપરાધ જોઇને મારી નાંખવાની આજ્ઞા કરી. તે સેવકોએ અંધારી રાત્રિમાં કોઈ વખતે તેના ઘરની બહાર નીકળતા જયન્તના મોટાભાઈ વિજયને દુર્જન ભુજંગની ભ્રાન્તિથી મારી નાખ્યો. 'ખરાબ થયું, ખરાબ થયું' એવો કોલાહલ ઉછળ્યો. આ બનાવથી બન્ધુના વિયોગથી જયન્ત અતિ દુઃખી થયો.

હવે સુજય પહેલાં વૈરાગી બનેલો હતો જ, પરંતુ આ બનાવ બન્યા પછી અતિવૈરાગી બનેલો. દીક્ષાની અભિલાષાવાળો વિજય જેમ બે મહિના રોકાયો હતો, તેમ તેણે પણ વિલંબ કર્યો. કેટલાક દિવસો પછી કેટલાક લૂંટારા લૂંટવા માટે અહિં પ્રવેશ કરવાના હતા, પણ સુજાતે બરાબર હેરાન કરી તેઓને હાંકી કાઢ્યા. રાત્રે ત્યાં સુવાને માટે આવતો હતો અને નિર્ભયપણે ચી કરતો હતો. સુજય પણ રાત્રે ત્યાં નિર્ભયપણે લૂંટારાઓથી રક્ષા કરવા માટે તૈયાર થઇ સાંજે સૂવા માટે ત્યાં આવતો હતો. કોઇ રાત્રિ સમયે વ્યગ્રતાથી મકાન ઉપર જલ્દી આવતો પોતાનો નાનો ભાઈ 'તે જાણે ચોર છે.' તેની ભ્રાન્તિથી દેખાયો. લગાર આગળ વધી ભાઇ પ્રવેશ કરતો હતો, તેને ચોરની ભ્રાન્તિથી તરવારના પ્રહારથી મૃત્યુ પમાડ્યો નાનો ભાઇ મૃત્યુ પામ્યો તેમ જાણ્યા પછી તે અતિશય શોક કરવા લાગ્યો.

આવા પ્રકારી અણધારી હકીકત બની ગઇ, તેથી તે અતિશય શોક કરવા લાગ્યો. પશ્ચાત્તાપ-અગ્નિમાં અતિ જળી રહેલા શરીરવાળો સુજાત અતિ શોક કરવા લાગ્યો અને

જયન્ત પણ હકીકત જાણીને સોક કરવા લાગ્યા.

ભયથી ચકિત મૃગ નયન સરખા નયનવાળી હે પદ્મસેના ! મારી કહેલી કથાનું સર્વ રહસ્ય તું સમજી ગઈ હશે કે 'સ્થિરતા ભજનારા વિજય અને સુજય એમ બંને બન્ધુઓની જૈન-દીક્ષાની અભિલાષા અપમૃત્યુથી નિષ્ફલ બની.'

ત્યારપછી કનકસેના કહેવા લાગી કે - 'હે સ્વામી ! તમો પેલી ડોશી સરખા છો કે, વિષય-સામગ્રી પ્રાપ્ત થવા છતાં પણ સંતોષ પ્રાપ્ત કરતા નથી, એક નાના ગામડામાં બે પાડોશમાં ડોશીઓ રહેતી હતી. તેમાંથી એક ક્ષેત્રપાલ દેવતાની આરાધના કરતી હતી. દરરોજ તેના મંદિરમાંથી કચરો-પૂંજો વાળી જમીન લીંપી સાથિયો પૂરતી હતી. ભક્તિથી ધૂપ લાવી યથાશક્તિ પૂજન કરતી હતી. ડોશીની ભક્તિથી તે દેવતા પ્રસન્ન થયો, એટલે વરદાન માગવાનું જણાવ્યું. ડોશીએ 'હંમેશાં એક સોનામહોર આપે, તો આટલાથી જ મારા મનોરથો પૂર્ણ થાય.' દરરોજ એક એક સોનામહોર મળવાથી સારાં સારા ખાન-પાન કરતી, કપડાંની શોભા, પરોણાઓની મહેમાનગતિ, સ્વજનોનું સન્માન દિ કરવા લાગી. હવે ઇર્ષ્યાળુ મનવાળી પાડોશની ડોશીએ પૂછ્યું કે, 'હે સ્થવિરા ! તું આટલી સમૃદ્ધિ ક્યાંથી પ્રાપ્ત કરે છે, તે મને જણાવ.' પહેલી સ્થવિરા કહે છે કે, પૂર્વે યોગરાજે જેમ સંકરિકાને કહ્યું હતું, તેમ મારી બહેનને હું કેમ ન કહું ?' ત્યારપછી બીજી સ્થવિરાએ કહ્યું કે, 'તો તે કથા પ્રથમ કહે અને પૂછેલી વાત પછી કહેજે, એટલે પ્રથમ સ્થવિરાએ યોગરાજ અને શંકરિકાની વાત કહેવાની શરુ કરી -

## ૪૫. યોગરાજ-શંકરિકાની કથા -

કેટલાક સેવકોના પરિવારવાળો યોગરાજ નામનો એક ઠાકોર એક નગર નજીક આવી પહોંચ્યો. સીમાડા પર રહેલા બગીચાની જમીન પર આંબાના ઝાડની છાયામાં વિશ્રામ લેવા બેઠો. નગરમાંથી નીકળીને ત્યાં આગળ એક પુરુષ આવ્યો. ત્યાં તેને નીચે બેસાડી તાંબૂલ-દાનપૂર્વક ઠાકોરે પૂછ્યું કે, 'આ નગરનું શું નામ છે !'

પુરુષ - કલિ મહારાજાએ પોતાની પ્રાણ-વલ્લભાને કૃપાદાનપૂર્વક આ નગરનું 'અનાચાર' એવું નામ સ્થાપન કર્યું છે.

યોગરાજ - અહિં આચાર-રીત રીવાજ કેવા પ્રકારનાં છે ?

પુરુષ - અનાચારમાં આચારની શી વાત કરવી ? તો પણ સાંભળો - જુગાર રમવો, પારદારિક-વ્યભિચાર, ગાંઠ છોડી પારકું ધન ચોરી લેવું-ખાતર પાડવું, હરણ કરી જવું- એવા અનાચાર-અનીતિ સેવનારા ઊંચા ધોળા મહેલવાળા આ નગરમાં રહે છે.

યોગરાજ - અહો આચાર-ચાતુરી કરવામાં ચતુર પ્રજાથી રમણીય અને ધોળા મહેલવાળું આ નગર છે, તો હવે કલિ મહારાજની કૃપાનું પાત્ર કયો રાજા છે ?

પુરુષ - અવિચારી નામનો.

-યોગરાજ - ખરેખર અનાચારને અવિચારનું આધિપત્ય ઘટી શકે. લોહની મુદ્રિકામાં કાચનો મણિ જ યોગ્ય ગણાય. તેના ગુણો કયા ?

પુરુષ - દેશ, પુર-પાટણનું રક્ષણ કરે નહિ અને વારંવાર નવા નવા કરો નાખે, પ્રજાજનો ઉપર કૂડ-કપટ માંડે, તો પણ ખજાનો-ભંડાર ખાલી જ હોય.

ક્ષેમ-કુશલતાથી વહાણું થતાં આજ થયું-એમ નગરના જન જાણે છે. દિવસ વરસ જેટલો લાંબો લાગે છે, તે રાજા બીજી પણ આજ્ઞાઓ-હુકમો કર્યા કરે છે.

યોગરાજ - રાજલીલા-રાજવ્યવસ્થા તો સારી છે ને ? કાગડો પણ રાજા છે અને તેનો પરિવાર રાજહંસ જેવો વખાણવા યોગ્ય છે. તો હવે કહો કે, અમાત્ય કોણ છે ?

પુરુષ - અન્યાય અમાત્ય છે.

યોગરાજ - વિધિ-દૈવ યોગ્યની સાથે યોગ્યનો સંયોગ કરી આપે છે, અવિચારીની સાથે અન્યાયનો યોગ બરાબર બંધ બેસતો છે, તેથી યોગ્ય જ કહેવાય છે કે, 'જુગારીની પુત્રી ગાંઠ છોડનાર-ચોરના પુત્ર સાથે પરણી, વિવાહ બરાબર જોડાયો, રત્નને રત્ન મળી ગયું.

યોગરાજ - પ્રતિહારી કોણ છે ?

પુરુષ - ચાડી ખાનાર પ્રતિહારી છે.

યોગરાજ - નગરનો કોટવાળ કોણ છે ?

પુરુષ - સર્વલુંટી નામનો કોટવાળ છે, કે જે ચોર, ચરડ, લૂંટારા, કેદી વગેરે ગુનેગારોને છોડતો નથી, તેની પાસેથી કોઇ છૂટી શકતો નથી. કબૂલ કરેલો ભાગ નિઃશંકપણે લે છે, રક્ષણ કરવું, દુષ્કાળમાં રક્ષમ આપવું, સુરાજ્ય કરવું, એવાં કાર્યો કોટવાળ ભૂલી જાય છે, પણ સ્વાર્થનાં કાર્યો ભૂલતો નથી.

યોગરાજ - અરે ! માણિક્યરત્નનો એકાવલિ હાર સુંદર થયો. અહિં શેઠ કોણ છે ?

પુરુષ - લઈવુડિ નામના શેઠ છે. હંમેશાં અભિમાન કરનાર તે જુદા જુદા તોલ-માપ રાખી વેપાર કરે છે. ઘી, મધ, ગોળ, ગુગળની ગોળી વગેરેમાં હલકી વસ્તુ ભેળ-સેળ કરી ઘરાકોને માલ વેચે છે. પચીશ વાત બોલે, તેમાં એક વાત ભાગ્યે જ સાચી પડે. છતાં પણ

અહીંનાં નગરલોકો તેને ધર્મતુલ્ય માને છે. તેને ગુણાર્ગલ નામનો મોટો પુત્ર છે અને મૂલનાશ નામનો નાનો પુત્ર છે. અત્યારે નાનો પુત્ર જુદો થઇને પાછળથી ભાગીદાર સરખો બન્યો છે. ફુંક મારીને કોઇકના તાળાં ઉઘાડી નાખે છે, આંખનું અંજન દૂર કરે છે, કોશથી ખાતર પાડે છે, પગથી ગાંઠ છોડીને ચોરી કરે છે.

યોગરાજ - અહો ! દરેક એક-એકથી ચડિયાતા અને અંકુશ વગરના છે. ઠીક પરંતુ અહિં કોઇ વિદ્વાન મુનિ છે ?

પુરુષ - હા છે, 'ડલકાપણ' શિષ્યના માત્ર પરિવારવાળો મહાતપસ્વી 'સાવગિલી' નામનો મુનિ છે, જે ભૂતિ લગાડેલ, વાંકા વળી ગયેલ શરીરવાળો, મોટી જટાજૂટથી શોભિત મસ્તકવાળો, બગલ માફક 'કોઇકનું પડે ને મને જડે' એવું અશુભ ધ્યાન ધરતો, નગરલોકના સર્વ દ્રવ્યને પડાવી લેવાના મનવાળો છે.

યોગરાજ - જો બક-ધ્યાન અને ધન-આસક્તિ છે તો પછી ભસ્મ અને જટાજૂટ રાખવાનું શું પ્રયોજન છે ?અહિં વળી વેશ્યા, ગ્રામણી લોકમાં અગ્રેસર ગણિકા કોણ છે ?

પુરુષ - મકરદાઢાની પુત્રી બહુમાયા નામની વેશ્યા છે. એક આંખથી એક પુરુષ તરફ નજર કરે, બીજાને હૃદય અર્પણ કરે, બીજી આંખથી કોઇક શેઠને ઈસારો કરે, ચોથાને આવવાનો સમય આપે, તેના દ્વારમાં કેઈ લક્ષ્મીપતિઓ લાગેલા હોય. પણ અલતાની જેમ તેનો રસતો કોઇક જ મેળવી શકે છે.

યોગરાજ - અહો ! વૈશિક-કામશાસ્ત્રમાં કેટલી ચતુર છે ? આવા પ્રકારના સર્વ સમવાય તંત્રમાં રાજ્ય-વ્યવસ્થા કેવી છે ?

પુરુષ - એ વાત કેમ ન કહું / આ નગરલોકો ચૌટામાં-બઝારમાં કે દુકાનમાં જે મળે તે વસ્તુની લૂંટ કરે છે, ઘરમાંથી ઝુંટવી જાય છે, બંદીજનથી ભય પામે છે, કેટલાક ધીર પુરુષો કંઇપણ કરતા નથી. પોતાના રાજ્યનો કે બીજાના રાજ્યોનો ભય દૂર થતો નથી, હે દેવ ! દરેકને કલિકાળની અસર થયેલી છે તે કેવી રીતે છૂટી શકે ? બીજું જે જેને ભેટ્યો, તે તેનાથી પીટાયો, જે કોઇએ જેને દેખ્યો કે તેનાથી તે લૂંટાયો, જે જેને પ્રાપ્ત થયો, તે બીજાથી ચવાયો, જે જેના વડે વાસ કરાયો-પરોણા તરીકે સ્વીકારોય, તે તેનાથી ભગાડાયો. વળી જે કોઈ માલ લે-વેચ કરી જતો હોય તો તેમાંથી રાજાનું ત્રીજા ભાગનું દાણ આપવાનું હોય, તેમ જ ડાપુ-(દાપું)-જગાત જે ઇચ્છામાં આવે છે તે માગે છે અને નક્કી વસુલ કરાય છે. શેઠ, સૈનિક, મંત્રી, ભટ, બ્રાહ્મણ સર્વેને ડાપુ (દાપું) આપવું જ પડે છે. કદાચ કોઈ ક્ષેમ-કુશળતાથી ત્યાંથી પસાર થઇને જાય, તો વાઘના ભય માફક ભયભીત બની જાય.

યોગરાજ - અહો ! રાજ્ય-વ્યવસ્થાનું સુખ નગરમાં પ્રવેશ કરીને જોઇએ. એમ ઉભા થઈ પુરુષને વિસર્જન કરી એક શેઠની દુકાને પહોંચ્યા. યોગરાજને દેખી લઇબુડિ શેઠ જગતના પિતા સરખા જાણી ઉભા થઇ જુહાર કરવા મંડ્યા. આલિંગન કરી ઊંચા આસન પર બેસાડ્યા. કંઇ પણ ધાન્ય-દાણા કે ભોજનની ભિક્ષા માગનાર તેમ જ સૈનિકની ગેરહાજરીમાં 'ડલકાપણ' નામનો બાળ-શિષ્ય આવીને કહેવા લાગ્યો કે - 'જ્યારે હું તમારી દુકાન પાસેથી પસાર થતો હતો, ત્યારે મારી ગૂંચવાયેલી જટામાં ઘાસના તણખલાનો ટૂકડો ઉડીને લાગી ગયો હતો, મારા 'સાવગિલી' ગુરુજીએ તે તૃણખંડ લઈ મને પાછો આપવા માટે મોકલ્યો છે, કારણ કે, તૃણખંડ પણ આપ્યા વગરનો અમારે લેવો કલ્પે નહિં. 'લો તમો હાથમાં લઇ લો' - એમ હાથોહાથ શેઠને આપીને શિષ્ય પોતાના સ્થાને ગયો.

યોગરાજ - (પોતાના મનમાં) તણખલાની પણ અહિંસા-ચોરી ન કરનાર આ કોઇ મહાતપસ્વી છે ! ખરેખર ઘણા વખતથી ચિંતવેલા મારા મનોરથો પૂર્ણ થશે-એમ વિચારી ઉભો થઈ ઘરે ગયા. ભોજન કરી સાધુ પાસે ગયો. તે વખતે નાસિકાના અગ્રભાગ ઉપર બે નેત્રોને સ્થાપન કરી અક્ષમાળા ફેરવવામાં જેના હાથ તત્પર બન્યા છે - એવા તે સાવગિલી ગુરુને કહ્યું કે, 'હે ભગવંત ! મારી પાસે હજાર સોનામહોરો છે. તમો કોઇ સ્થાને અમારી થાપણ-અનામત દાટીને સુરક્ષિત રાખી સંભાળજો. સોમેશ્વર તીર્થની યાત્રા કરી પાછો આવીશ ત્યારે લઇ જઇશ.' ત્યારે સાવગિલી (સર્વને ગળી જનાર) ગુરુએ કહ્યું કે, 'અમે દ્રવ્યને નખથી પણ સ્પર્શ કરતા નથી. હવે જો તારે બીજો કોઈ રસ્તો જ નથી અને યાત્રાના અવશ્ય કાર્ય માટે જવું જ છે, તો મઠિકાની અંદર કોઈક ખૂણામાં તારા પોતાના હાથે મૂકી દે અને પાછો આવે ત્યારે પોતાના હાથે જ ગ્રહણ કરી લેજે.'

એ પ્રમાણે કરીને પ્રણામ કરીને યાત્રા માટે પ્રયાણ કર્યું. ત્રણ-ચાર મહિના સુધી તીર્થયાત્રા કરી પાયદલ પરિવાર પોતપોતાની દિશામાં ગયા પછી 'કલહપિંગ' નામનો એક છત્રધર-પ્રાહરિક સાથે રાખેલો હતો. તેનાથી અનુસરાતો રાત્રે અનાચાર-પટ્ટણના દરવાજે આવી પહોંચ્યો. ઘોડાને ઝાડની ડાળીએ બાંધીને કલહપિંગ પ્રાહરિકને દેખભાળ-સારસંભાળ કરવા માટે મૂકીને બે પ્રહર ઊંઘી ગયો. ત્રીજા પહોરે જાગીને પ્રાહરિકને બોલાવ્યો કે, 'હે કલહપિંગ ! જાગે છે કે ? ત્રણ-ચાર વખત બોલાવ્યો, ત્યારે જવાબ આપ્યો કે, 'જાગું છું-જાગું છું, પરંતુ કંઇક ચિંતન કરું છું. કદાચ ચોરો પલાણ ચોરી જશે, તો તમારે કે મારે ઘોડા ઉપર પલાણ વગર પીઠ ઉપર બેસીને સ્વારી કરવી પડશે.'

યોગરાજ - અરે મૂર્ખશેખર ! આનંદ કે ઉજાણી કરવા ગયા હોઇએ, ત્યાં ઘંટનું શું પ્રયોજન ?

પ્રાહરિક - ચોથે પ્રહરે પણ તે જ પ્રમાણે તેને બૂમપાડીને જગાડ્યો, એટલે બોલ્યો કે, 'હું કંઈક ચિંતાનું ચિંતન કરું છું. આ મારા દેહરૂપ ગામમાં ઊંઘરૂપ પ્રિયાને વલ્લભ 'પ્રાહજ' નામનો ખેડૂત રહે છે. તેને નિદ્રા નામની પુત્રીઉત્પન્ન થઇ છે. ઢુણુક્ક સાથે તેના લગ્ન થયાં છે. તેને વળી ડીપ્રા નામની બેટી જન્મી છે, તેના વિવાહ કરવાની મૂંઝવણમાં પડ્યો છું.

યોગરાજ - હે ધિક્કારપાત્ર મૂર્ખ ! ઠીપ્રાને ચંદક વર સુલભ છે, આમાં ચિંતા કરવા જેવું શું છે ? - એમ પ્રભાત થવાથી બંને આગળ ચાલ્યા એટલે સામેથી ચાલતા આવતા પુરુષોએ બેસવાનો ઘોડો ઝુંટવી લીધો, કે તમે દાણ-(ટેક્સ) આપ્યા વગર આ ઘોડો ખરીદ કર્યો છે. પલ્લાણ માથે રાખ્યું. તેના ઉપર કલહપિંગે છત્ર ધર્યું એવા યોગરાજે જેટલામાં નગરપ્રવેશ કર્યો, તેટલામાં 'લઇલઇ' નામનો કોટવાળ માથે પલ્લાણ અને તેના ઉપર છત્ર રાખેલું છે, એ જોઇને વિચારવા લાગ્યો કે, 'આ વિચિત્ર સંયોગ કયા પ્રકારનો હશે / એટલે કોટવાળે કહ્યું કે, કાં તો સ્થાન અગર પલ્લાણ મને આપો. તેની પાસે સ્થાન ન હોવાથી પલ્લાણ આપી દીધું. જો ઘોડો મળશે, તો પલ્લાણ મેળવી શકીશું.

આજની રાત્રિમાં તો ઘોડો અને પલ્લાણ બંને લૂંટાઇ ગયાં. ત્યારપછી 'સર્વલૂડિ' નામના તલાર પાસે ફરીયાદ કરવા પહોંચ્યા. તેને ઘોડો અને પલ્લાણ ગૂમાવ્યાનો વૃત્તાન્ત નિવેદન કર્યો, જણાવ્યું કે, આજ રાત્રે નગર દરવાજે કોઇકે મારો પ્રાણાધિક ઘોડો અને પલ્લાણ પડાવી લીધાં. હું ચોરાયો-ચોરાયો. ઘોડો અને પલ્લાણ ગૂમાવ્યાં. તેણે કહ્યું કે, 'હે મહાત્મા ! તે પડાવી લેનારને હું પકડી પાડીશ અને જરૂર તમારું પ્રયોજન હું સિદ્ધ કરીશ, પરંતુ ખાલી હાથવાળાની કાર્યસિદ્ધિ થતી નથી-અર્થાત્ કાર્ય નિષ્ફલ થાય છે.

યોગરાજ - અહો નગરના કોટવાલ ! તમારી વાત સત્ય અને યથાર્થ છે. પરંતુ હાલ તો મારી પાસે કંઈ નથી, જો મારા કાર્યની સિદ્ધિ થશે, તો પ્રયોજન ઉચિત તમારી પૂજા જરૂર કરીશ.

સર્વલૂડિ - આ અદ્ભુત વસ્તુ વડે બનાવેલ શોભાવલું તમારું ભક્તિ કરવામાં ઉપયોગી વેષનું વસ્ત્ર ક્ની બનાવટનું છે / યોગરાજ સમજી ગયા કે આને પહેરેલ વસ્ત્રની જરૂર જણાય છે, એટલે એકાંતમાં બીજું વસ્ત્ર પહેરી બદલાવીને, પહેરેલ વસ્ત્રની ઘડી કરીને તેને અર્પણ કર્યું. એટલે તેણે કહ્યું કે, 'આજ સાંજ સુધીમાં તમારું કાર્ય પાર પાડી આપીશ.'

યોગરાજ - આ વાત પણ કેવી વિચિત્ર છે કે આપણી વસ્તુ ઝુંટવાઇ ગઇ છે, છતાં પણ દાન ઉપર દક્ષિણા, 'પડતાને પાટુ' એ ન્યાયે હજુઉપરથી લાંચ આપવી પડે છે ! આવા મારાં પહેરેલાં મેલાં વસ્ત્ર પણ સ્વીકાર્યાં. ઠીક, હવે બીજું શું કરી શકીએ ? આશા-

પિશાચિકા જ આપણને ઠગી રહેલી છે. સાંજે આવવું' - એમ દરરોજ આગળ-આગળના દિવસના વાયદા કરતો હતો. અનેક રાત્રિ વીતી જવા છતાં કાર્ય કરી આપવા સમર્થ ન બન્યો. કેવળ મધુર વચન કહીને મને મારી નાખવાની ઇચ્છાવાળો જણાય છે. માટે દીવાન પાસે જઈ આનો અન્યાય જણાવી ફરીયાદ કરું.' એમ વિચારી દીવાન પાસે જઇ તેની સમક્ષ સમગ્ર વૃત્તાન્ત જણાવી વિનંતિ કરી.

દીવાને કહ્યું કે, ફીકર ન કરવી. તારી સર્વ સંભાળ હું કરાવી આપીશ.સવારનાં સમયે સર્વ અહીં જ તને અપાવરાવીશ - એમ આશ્વાસન મેળવી દરબારના ઓરડામાંથી દ્વાર ભાગમાં આવી પહોંચ્યો. ત્યાં દીવાનના મુખ્ય પુરુષે કહ્યું કે, 'સવારે દીવાનને આપવા માટે ૧૦૦ સોનામહોરો સાથે લેતા આવવી અને એકાંતમાં મને આપવી, જેથી તમારા પ્રયોજનની સિદ્ધિ તત્કાલ થશે.'

યોગરાજ- 'કાર્ય સિદ્ધ થશે એટલે દીવાનનું ઔચિત્ય હું જરૂર કરીશ.' થોડે બે પગલા આગળ ચાલ્યા, એટલે બે પહેરેગીરો મળ્યા. તેઓ પણ તે જ પ્રમાણે માગણી કરવા લાગ્યા. તેમને પણ 'કાર્ય સિદ્ધ થશે એટલે તમોને સંતોષ પમાડીશું.' એમ બત્રીશ, સોળ વગેરેની માગણી કરતા હતા, તેને તે જ ઉત્તરો આપતાં આપતાં દરવાજા સુધી આવી પહોંચ્યા.

સાંકળથી બાંધેલા હાથકડીઓથી જકડેલા વ્યાપારી લોકોના સમુદાયને દેખીને પહેરેગીરોને પૂછ્યું કે, 'કયા અપરાધથી આ સર્વેને નિયંત્રિત કર્યા છે ?' હાથ બતાવતાં તેણે જણાવ્યું કે, રાજાના ગોકુળમાંથી વગર પૂછ્યા ઈન્ધન-બળતણ માટે છાણાં લઇ ગયા. વળી તે ઇન્ધનથી આણે ઘરે રાંધ્યું અને ભોજન કર્યું. ત્રણ-ચાર પાડોશીઓને ત્યાં તેનો ધૂમાડો રોકાયો, તેમનાં ઘરમાં ધૂમાડો ફેલાઇને વ્યાપી ગયો, તેમની કૂતરી રાજહાથી સન્મુખ ભસવા લાગી, તેના ઘર પાસેથી રાજાને અતિશય શરીર-પીડા થઇ, તેથી રાજાના અપરાધી બન્યા. આ કારણે રાજાએ તેમનું સર્વસ્વ દંડમાં લઇ લીધું.

યોગરાજ - અહો ! અન્યાયની પરાકાષ્ઠા, અહો ! યુક્તિ વગરની પ્રતિષ્ઠા-વાતો, ધનિકો, ધર્મીઓ અને સાધુઓ માટે ખરેખર અત્યારે કાળરાત્રિ આવી લાગી. અમાત્ય ૧૦૦ સોનામહોરોની માગણી કરે છે, પહેરેગીરો અને તેવાં બીજાઓ પણ ઇચ્છા પ્રમાણે માગે છે. ઘોડો તો મને માત્ર પચાસમાં જ મળશે. હરણ થયેલ મેળવતાં વધારે ખર્ચ થશે. જો હવે અહિંથી હેમ-ખેમ નિર્વિઘ્ને જીવતો નીકળી જાઉં, તો મેં સર્વ મેળવ્યું. કલિકાલ અને ધનલુબ્ધ રાજાઓ હોય, ત્યારે ધનનું રક્ષણ કરવું કે જીવિતનું રક્ષણ કરવું ? ખરેખર કાન વગરના બોકડાને કસાઇથી છૂટી જવાય, તે જ તેને લાભ છે.

એ પ્રમાણે નિરાશ બનેલો યોગરાજ નીકળી ગયો અને જેનું મુખ-દ્વાર પરાવર્તન થઈ ગયું છે, તેવી સાવગિલી ગુરુની મઠિકા ખોળતો હતો, પણ દ્વાર ફેરવાઇ ગયેલ હોવાથી આમ-તેમ કોળવા છતાં તેનો પત્તો લાગતો ન હતો, એટલે નિરાશ બની વિચાર્યું કે, 'વાગેલા ઘા ઉપર ક્ષાર ભભરાવવા સરખું આપણને સંકટ આવ્યું છે.' હું માનું છું કે, 'જે ગતિ અશ્વની થઇ છે, તેવી જ ગતિ હજાર સોનામહોરની થઈ જણાય છે.' કોઈક સમયે છત્રધારક ચતુરે બિક્ષુક વેષમાં ફરતા તેના શિષ્યને દેખ્યો. તેની પાછળ-પાછળ સાવગિલી ગુરુની મઠિકામાં ગયો. તેમને પ્રણામ કરી તેની સામે બેસીને કહ્યું કે, 'હે ભગવંત ! થાપણ તરીકે મૂકેલ હજાર સોનામહોરો પાછી આપો.'

સાવગિલી - 'તું કોણ છે ? ક્યાં અને ક્યારે તેં હજાર સોનામહોરો આપી હતી ? તું કોઈ ધૂર્ત જણાય છે કે, અમારા સરખા સાધુને ઠગવા નીકળ્યો લાગે છે?'

યોગરાજ - 'હે સ્વામી કેમ આમ બોલો છો ? તમારા કહેવાથી આ મઠિકામાં મેં મૂક્યા હતા.'

સાવગિલી - 'પારકા દ્રવ્યને આંગળીના નખથી પણ નહીં અડકનારા અમોને તેં શું લૂંટારા માન્યા ? તારી ભક્તિથી સર્યું. જેવો આવ્યો, તેવો અહીંથી પાછો નીકળી જા.'

એટલે ત્યાંથી ઉભો થયેલો ચિંતા-ચાકડા પર ચડેલો તે ભ્રમણ કરતો કરતો ચાર પુષ્પની માળાઓ ખરીદ કરી મકરદાઢા વેશ્યા પાસે પહોંચ્યો. આવવાનું પ્રયોજન પૂછ્યું એટલે કહ્યું, એટલે મકરદાઢાએ કહ્યું કે, મેળવેલામાંથી અર્ધ દીનાર આપે, તો તારા કાર્યની સિદ્ધિ કરી આપું.

યોગરાજ - "સમૂળગું નાશ પામવાનું હોય તો, પંડિત અર્ધાનો ત્યાગ કરે" - એમ મનમાં નિર્ણય કરીને વેશ્યાની વાતનો સ્વીકાર કર્યો. વેશ્યાએ તેને કહ્યું કે, હું ત્યાં જાઉં, પછી તારે ત્યાં આવીને આ પ્રમાણે કહેવું. પછી પથરા ભરેલી દશ પેટીઓ દાસીઓના મસ્તક ઉપર ઉચકાવરાવી બીજા પણ કેટલાક પગપાળા પરિવાર સાથે સુખાસનમાં બેસી મયૂર-પીંછાનું છત્ર મસ્તકે ધારણ કરી તે ગણિકા સાવગિલી ગુરુ પાસે આવી પ્રણામ કરીને કહેવા લાગી -

## ૪૭. કલિરાજ્ય કથા -

મકરદાઢા - 'બહુમાયા નામની મારી પુત્રી ઘણા વખતથી ચંપા નગરીએ ગઇ છે, તેથી તેને બોલવવા માટે મારે અણધાર્યું જવું છે, તો આ મણિ, મરકત, મોતી, માણિક્ય, સુવર્ણ દાગીના આભૂષણ વગેરે કિંમતી રત્નોથી ભરેલી આ દશ પેટીઓ તમો તમારા સ્થાનમાં

હાલ અનામત સાચવી રાખો, જ્યાં સુધી હું પાછી આવું.' આ જ વખતે યોગરાજ આવી પહોંચ્યો અને પ્રણામ કરીને કહ્યું કે, 'હે સ્વામી ! થાપણ તરીકે મૂકેલી મારી હજાર દીનાર પાછી આપો.'

સાવગિલી - 'તું જાણે જ છે. જ્યાં તેં તારા હાથે મૂક્યા હોય, ત્યાંથી જ તું જાતે લઈ લે.' આજ્ઞા થતાં જ મઠિકાના ખૂણામાંથી લઇને યોગરાજ બહાર નીકળ્યો. જેટલામાં દાસીઓ પેટીઓ મૂકવા તૈયાર થઇ, તેટલામાં એક દાસીએ આવી મકરદાઢાને વધામણી આપી કે, 'સ્વામિની ! બહુમાયા ગણિકા ઘરે આવી ગઈ છે માટે તરત ઘરે ચાલો.' એટલે જેવી આવી હતી, તેવી પેટીઓ લઇને આવી. આવેલું દ્રવ્ય ચાલ્યું ગયું અને નવું દ્રવ્ય આવ્યું નહિં, તેથી સાવગિલીનું મોં ફાટીને પહોળું થયું. યોગરાજે મકરદાઢાને મહેનતાણા બદલ કબૂલેલી ૫૦૦ સોનામહોરો આપી દીધી. બાકી વધેલું દ્રવ્ય ૫૦૦ રહ્યું તેમાંથી ૧૦૦ સોનામહોરો પોતાની પાસે રાખી, ૪૦૦ દીનાર મૂલનાશ શેઠને ત્યાં થાપણ રાખવા-રક્ષણ કરવા માટે આપી.

સ્નાન-ભોજન વગેરે કાર્ય કરનારી શંકરી નામની દાસીને ૧૦૦ દીનાર ખર્ચ માટે આપી. સ્નાન-ભોજનાદિ કાર્યો પતાવીને વસ્ત્ર અને ભોજનની સામગ્રી ખરીદ કરવા માટે મૂલનાશ શ્રેષ્ઠી પાસે ૧૦૦ દીનારો માગી. ત્યારે રૂઆબપૂર્વક કહ્યું કે, 'તું કોણ છે ? સો દીનારની શી વાત છે ?- એમ કહેવાયેલો તે લેણદાર તેના આંગણામાં ભૂખ્યો-લંઘન કરીને બેઠો, એટલે તેના પિતા લઈવુડિ શેઠ ત્યાં પહોંચ્યા. પુત્રને કહ્યું કે, 'હે પુત્ર ! તેની દીનારો તેને અર્પણ કરી દે, નહિંતર તું મુક્ત નહીં થઈશ; અથવા તે ગાંડો બની દિવસો પસાર કર. હું તેનું નિવારણ કરીશ. જો પચી ગયા, તો ૪૦૦ દીનારો અર્ધા-અરધા કરી બંને વહેંચી લઇશું.

બીજા દિવસે યોગરાજ માગણી કરતો હતો, ત્યારે 'મૂલનાશ' પુત્ર ગાંડો બની ગયો અને 'આવાવાવા - એમ ગાંડપણના શબ્દો બોલવા લાગ્યો. સ્વજન કે પરજન જે કોઈ કંઇ પણ બોલે તે સર્વ સન્મુખ 'આવાવાવા' એમ બોલવા લાગ્યો. ત્યારપછી લયવુડિ શેઠે યોગરાજને કહ્યું કે, ' તમે સર્વ પ્રકારે કે થોડા પ્રકારે મારા પુત્રને ગાંડો કરી નાખ્યો. તે પરવશ થયો છે, તેને તમે હેરાન-પરેશાન કેમ કરો છો ? માટે ચૂપ બેસી રહો, આ સ્થાનેથી ઉભા થઈ બીજે સ્થાને જાવ. પછી યોગરાજે 'રાજાને ફરીયાદ કરીશ'-એમ કહ્યું, એટલે પિતાએ કહ્યું કે, 'તારી સર્વ દીનારો ખર્ચમાં પૂરી થશે, કારણ કે તેઓ રાક્ષસ સરખા ભૂખ્યા-ડાંસ હોય છે. જો તારે શેઠનું લેણું વસુલ કરવુ હશે, તો કાળ-વિલંબ કરવો પડશે.' એ પ્રમાણે કાલ-વિલંબ કરવા લાગ્યા.

કેટલાક દિવસ પછી પિતાએ પુત્રને કહ્યું કે, 'આગળ તેં કબૂલ કરેલ ૨૦૦ સોનામહોર મને આપ.' એટેલ પુત્ર પિતા સન્મુખ પણ 'આવાવાવા' કહેવા લાગ્યો. ફરી માગ્યા તો પણ એમજ કહેવા લાગ્યો. કોપાયમાન પિતાએ મૂલનાશ પુત્રને કહ્યું કે, 'મને ઉપાય બતાવનારને પણ 'આવાવાવા' કહે છે ?' ત્યારે પુત્રે કહ્યું કે, તમારી સાથે, તમારા પિતા સાથે અને દાદા સાથે 'આવાવાવા.' ત્યારપછી પિતા ત્યાંથી ઉભા થઈ પોતાના ઘરે ગયા. યોગરાજને બોલાવી કહ્યું કે, 'તારી ચારસોએ દીનાર પાછી વાળી આપું, જો તેમાંથી બસો મને આપે તો.' એટલે તેણે તે કબૂલ કર્યું, યોગરાજને કાનમાં ગુપ્તપણે કરવાનું કાર્ય જણાવ્યું. પછી યોગરાજ મૂળનાશ પાસે ગયો. જુહાર કરી તેણે કહ્યું કે - 'હુ તારી પાસે કંઇ માગણી કરતો નથી. જો તમો મને સેવક તરીકે સ્વીકારો, તો હું આપની સેવામાં રહેવા તૈયાર છું.' તે પ્રમાણે કબૂલ કર્યું અને યોગરાજ પણ તેની આરાધના કરવા લાગ્યો અને વિશ્વાસપાત્ર બની ગયો.

કોઇક સમયે કાર્ય પ્રસંગે શેઠાણીને બહાર જવાનો અવસર આવ્યો, ત્યારે માર્ગમાં સહાયક તરીકે યોગરાજને આપ્યો. કોઇક છૂપા ઘરમાં શેઠાણીને પૂરી દીધાં. બહાર તાળું માર્યું. મૂળનાશ પાસે આવ્યો. 'શેઠાણી ક્યાં ગયાં ?' એમ પૂછ્યું, પરંતુ તેનો ઉત્તર આપતો નથી, અતિઆગ્રહથી પૂછ્યું, ત્યારે બોલ્યો કે, 'શેઠાણી કોણ ? તું કોણ છે?' બીજી વખત, ત્રીજી વખત એમ વારંવાર પૂછ્યું, ત્યારે આવેશથી 'આવાવાવા' બોલવા લાગ્યો.

સામ, ભેદ વગેરે ઉપો પૂર્વક લોકોએ પૂછ્યું, તો પણ તે જ જવાબ આપવા લાગ્યો. ત્યારે લયવુડિ શેઠે કહ્યું કે, 'એનું હોય તે સર્વસ્વ સમર્પણ કરે, તો જ શેઠાણી પાછાં મળશે, નહીંતર તારી સ્ત્રી ગઈ સમજવી.' તેની સોનામહોરો પાછી આપી, એટલે તેની પ્રિયા અર્પણ કરી. લયવુડિ શેઠને ૨૦૦ દીનારો આપી. થોડીક દીનાર કપડાં, ભોજનાદિ માટે પાસે રાખી, બાકીની દિનારો શંકરિકા દાસી ન જાણે તેમ ખાડામાં દાડી દીધી. કપડાં, ભોજનાદિ કાર્યમાં વધારે ખર્ચ કરતાં જોયા એટલે યોગરાજને પૂછ્યું કે, 'તારી પાસે આટલી ધન-સંપત્તિ ક્યાંથી આવી ? સાચી હકીકત જણાવી, પણ છૂપાવેલું દ્રવ્યનું સ્થાન ન જણાવ્યું. પછી ઘરમાં ખર્ચ કરવા માટે શંકરિકાએ દ્રવ્યની માગણી કરી.

રાત્રે શંકરિકા ઊંઘવાનો ડોળ કરીને સૂતી હતી, ત્યારે તેણે તે સ્થાનમાંથી થોડુંક દ્રવ્ય તેમાંથી બહાર કાઢ્યું. ઉઠીને શંકરિકા પાછળ ગઈ એટલે દાટેલું ધનનું સ્થાન જાણી લીધું, બીજા દિવસે તે જ્યારે બહાર ગયો, ત્યારે તે ખાડામાંથી બાકીના સોનૈયા કાઢી લીધા અને ત્યાંથી ચાલી નીકળી. યોગરાજ પાછો આવ્યો. શંકરિકા દેખાણી નહિ, એટલે નિધાન-સ્થાનકની તપાસ કરી તો સર્વ શૂન્ય દેખાયું. પોતે પણ સર્વથા ધન વગરનો થઇ ગયો.

ભોજન માત્ર પણ મેળવ્યા વગર નગરમાંથી બહાર નીકળી પોતા સ્થાનેક ગયો. ચિંતવવા લાગ્યો કે -

"જેઓએ બંદીજનોની અર્થાત્ માગણી કરનારાઓની પ્રાર્થના ઉદારતા-મહોદયથી પૂર્ણ કરી નથી, જેઓએ પરોપકાર માટે કારુણ્યની મમતાથી સ્વર્થની ગણતરી કરી નથી, જેઓ હંમેશાં પારકાં દુઃખે દુઃખિત બુદ્ધિવાળા થઇ રહેનારા છે, એવા સાધુઓ અત્યારે અદૃસ્ય થયા છે. અત્યારે નેત્રમાંથી નીકળતા અશ્રુ વેગને રોકી કોની પાસે રુદન કરવું ?"

"ચાર સમુદ્ર રૂપ મેખલાવાળી, આંતરા વગરની પૃથ્વીમાં ભ્રમણ કરતાં અમોએ તેવો કોઇ પણ નિષ્કલંક ગુણવાળો ક્યાયં દેખ્યો કે સાંભળ્યો નથી, કે જેની આગળ લાંબા કાળથી ધારણ કરેલાં હૃદયનાં દુઃખો અને સુખો સંભલાવીને એક કે અર્ધ-ક્ષણ શાંતિનો અનુભવ કરીએ."

## ૪૭. બે ડોસીની કથા -

'હે સ્થવિરા ! આ પ્રમાણે તને કલિરાજ્યની કથા સંભળાવી. હવે તેં જે પૂછયું હતું, તે કથા કહું છું, પરંતુ યોગરાજે જેમ શંકરિકાને ખરી હકીકત જણાવી અને પછી તેને શંકરિકાએ ઠગ્યો, તેમ તારે મને ઠગવું નહિ અને રક્ષણ આપવું.'

પ્રસન્ન થયેલા યક્ષે મને મારા માગ્યા પ્રમાણે લક્ષ્મી આપી છે, ત્યારપછી બીજી સ્થવિરા પણ હંમેશા તે દેવતાની આરાધના કરવા લાગી. બીજીએ 'પ્રથમ સ્થવિરા કરતાં મને બમણું ધન-રૂપ-શોભા આપ' એવી માગણી કરી, તે પ્રમાણે દેવ બમણું ધન આપવા લાગ્યો. તે પણ અધિક ઋદ્ધિરૂપ અને ઘરની શોભાવાળી જણાવાથી પ્રથમની સ્થવિરાએ પૂછ્યું, એટલે તેણે પણ બનેલી યથાર્થ હકીકત જણાવી. ફરી ઇર્ષ્યાથી એક એકથી બમણાં ધનની માગણી કરવા લાગી. દેવ પણ વારા ફરતી બમણા બમણા એક એકના મનોરથો પૂરવા લાગ્યો.

તેમ કરતાં પ્રથમ સ્થવિરાએ ઇર્ષ્યાથી દેવ પાસે એક આંખ ફૂટી જવાનું વરદાન માગ્યું કે, 'તારી કૃપાથી મારી એક આંખ ફૂટી જાવ' પછી સ્થવિરાએ વિચાર કર્યો કે, 'આવા મનોહર રૂપ વડે શું કરવું ?' તેમ મારું રૂપ સહન ન કરનારી એવી તેના મસ્તક ઉપર વજ્ર પડો. વરદાન પ્રાપ્ત થયા પછી હવે એક આંખે કાણી થયેલી હોવાથી ઘરમાં સંતાઈ રહેવા લાગી, એટલે બીજીને શંકા થઈ કે, તેણે કંઇક ફરી અધિક મેળવ્યું જણાય છે, એટલે અતિલોભથી પરાભવ પામેલી તે યક્ષને અક્ષતાદિકથી પૂજવા લાગી.

પ્રથમને જેટલું આપ્યું હોય, તેનાથી બમણી માગણી કરી. એટલે પરપોટાની જેમ તેની

બંને આંખો ફૂટી ગઈ. 'હે યક્ષ ! હું હતાશ-નિર્ભાગી બની ગઇ. તેં મને તીવ્ર દુખમાં ધકેલી દીધી. હવે મારો જન્મારો કેવી રીતે પસાર થશે ? તારા પ્રસાદથી મારી બંને આંખો ઉખડી ગઈ.' આક્રોશથી રુદન કરતી સ્થવિરાને વિલખા બનેલા યક્ષે કહ્યું કે, 'હે ચંડિ મુંડિ રંડા ! તારી પ્રાર્થના-માગણી પ્રમાણે આપ્યું, તેમાં કોપ કેમ કરે છે ? હે પાપિણી ! તેં પોતે કરેલી ઇર્ષ્યા ઉપર કોપ કર, અથવા તો અતિલોભ કરવા ઉપર કોપ કર. દરરોજ બમણી દીનારો મળતી હતી, તો પણ તને ઓછી પડી, સંતોષ ન થયો.' જે કોઇ ઘરમાં આવીને તેને આંધળી દેખીને પૂછવા લાગ્યા કે, 'હે સ્થવિરા ! અરેરે ! આ તને શું થયું ?' ત્યારે બંને આંખે આંધળી થયેલી સ્થવિરાએ કહ્યું કે, મારા તીવ્ર દુર્ભાગ્ય-દોષના ઉદયથી યક્ષે રાક્ષસ સરખા નિર્દય થઇ મને આંધળી કરી. બીજી સ્થવિરાએ કહ્યું કે, 'નિરર્થક યક્ષને શા માટે ઉપાલંભ આપે છે ? અતિલોભમાં પરાભવ પામેલા અથવા તો પરાધીન થયેલા તારા આત્માને જ ઠપકો આપ.'

આ પ્રમાણે કનકસેનાએ કથા કહીને તેણે જંબૂકુમારને કહ્યું કે, 'હે સ્વામી ! મનોહર લાવણ્યયુક્ત કુલવતી સુંદર સુખ કરનાર આજ્ઞાંકિત પ્રેમાસક્ત એવી અમે આઠ આપની વિશ્વાસુ પત્નીઓ છીએ માટે હવે આપ લોભાંધ બનેલી અંધ સ્થવિરાની જેમ અમારાથી ચડિયાતી બીજી પ્રિયાઓનાં સુખ માટે લોભ ન કરો.'

## ૪૮. નિત્ય-પર્વ-જુહાર મિત્રોની કથા -

જંબૂસ્વામીએ કહ્યું કે, 'હે સુંદરી કનકસેના ! તું સાંભળ, પર્વમિત્ર સરખા તમારી સાથેના સહવાસથી સર્યું. જુહાર કરનાર મિત્ર માત્ર એક જ સાચો મિત્ર છે, તેની સાથે જ હું વાસ કરીશ.'

ક્ષિતિતિલક નામના નગરમાં જિતશત્રુ નામનો રાજા હતો. તે રાજાને પોતાના અધિકારમાં કુશળ બુદ્ધિશાળી સોમદત્ત નામનો મહામંત્રી હતો. તેને ત્રણ મિત્રો હતા, જેમાં પ્રથમ મિત્ર સાથે ખાવા-પીવા અને મોજ-મજા કરવા હંમેશાં સાથે રહેનાર નિત્યમિત્ર હતો, બીજો પર્વ દિવસે દેખાનાર, ત્રીજો માર્ગમાં સામે અણધાર્યો મળી જાય, પૂછ્યા વગર માત્ર પ્રણામ અને જુહાર કરનાર-એમ ત્રણ મિત્રો હતા. પ્રથમ મિત્રની ખાવા-પીવા, મોજ-મજા કરાવવાની દરરોજ ભક્તિ કરતો હતો, બીજાની પર્વ દિવસે દરેક ભક્તિ અને ત્રીજાની કોઇક દિવસ માર્ગમાં મળી જાય તો સલામ કરવાની કે હાથ જોડવાની માત્ર મૈત્રી રાખી હતી. (હવે મંત્રી પોતાની હકીકત કહે છે :)

કોઇક સમયે રાજાના અપરાધમાં આવી જવાથી પ્રાણાન્ત કષ્ટ આવી પડ્યું, ત્યારે

ગભરાતા મનવાળો હું પ્રથમ નિત્યમિત્રને ત્યાં શરણ માટે ગયો. મેં મારો વૃત્તાન્ત તેને નિવેદન કર્યો, ત્યારે અતિશય ભય પામેલા તેણે મને કહ્યું કે, 'મારા ઘરમાથી એકદમ બહાર નીકળ, નહિંતર રાજા મારા આખા કુળનો વિનાશ કરશે.'

તત્ત્વ પામેલો હું તેના ઘરના આંગણાંથી એકદમ બહાર નીકળી ગયો. અતિકૃતઘ્ન એવો તે પોતાના ગૃહદ્વાર સુધી મને વિદાય આપવા આવ્યો. ત્યાંથી નીકળીને હું પ્રાણ બચાવવા બીજા પર્વમિત્ર પાસે આવ્યો. તેણે કૃત્રિમ ઘણો વિનય બતાવ્યો. મારી હકીકત સાંભળી 'મારું રક્ષણ કરવામાં પોતાને રાજ તરફથી ભય છે' એમ જાણીને તેણે મને કહ્યું કે, 'તમારે જ્યાં જવું હોય, તે કહો.' પ્રધાને વિચાર્યું કે 'મારા અહીં રહેવાથી આ મિત્ર ઘણો આકુલ-વ્યાકુલ બની જાય છે, એટલે અહિંથી પણ નીકળી જાઉં.' તે પણ ચૌટા સુધી વિદાય આપવા આવ્યો. ત્યાં પ્રધાને વિચાર્યું કે, 'આ બંનેની મિત્રતાને ધિક્કાર થાઓ.'

આ બંનેની મિત્રતા ખાવા-પીવા અને મોજ-મજા કરવામાં પૂર્ણ થઇ અને ચાલી ગઈ. "બુદ્ધિશાળીઓએ સંકટ સમયમાં મિત્રોની, દરિદ્રતા-સમયે તથા આપત્તિ કાળમાં સ્ત્રીઓની અને લેવડ-દેવડમાં કૃતાર્થ થયેલા એવા સેવકોની સુબુદ્ધિથી પરીક્ષા કરવી જોઇએ." અથવા તો અત્યારે ઉંચા મુખવાળો હું કોઇક દિવસ પ્રણામ-જુહાર કરનાર મિત્ર પાસે જાઉં અને મારી વાત જણાવું, કદાપિ એવા મિત્રથી પણ મારા કાર્યની સિદ્ધિ થાય. સિંહ ચરણોમાં નખ અને મસ્તકે કેસરાં ધારણ કરે છે, પરંતુ હાથીના કુંભસ્થળને ભેદવાથી ક્રીડામાં પગના નખો જ સહાય કરનાર થાય છે - એમ દીર્ઘકાળ વિચાર કરીને પ્રણામમિત્રના ઘરની અંદર પ્રવેશ કર્યો.

કોઇ દિવસ પણ સાથે ખાન-પાન, મોજ-મજા ન કરવા છતાં, પ્રણામ કરવાનો જ માત્ર સંબંધ હોવા છતાં અણધાર્યો શ્રેષ્ઠ પરોણો ઘરે આવી પહોંચે, જે રીતે તેની દરેક પ્રકારની સરભરા કરાય તેવા ગૌરવપૂર્વક સન્માન કરતો દેખ્યો. મિત્રની આપત્તિ જાણી તે પ્રણામમિત્રે કહ્યું કે, 'તારે અલ્પ પણ ભય ન રાખવો. તું નિર્ભયતાથી મારી પાસે રહે. તને પકડવા માટે હવે કોઇ સમર્થ કે પરાક્રમવાળો નથી. આ પોતાનો દેશ છોડવાની ઇચ્છાવાળા તેમ જ શરીરમાંથી પણ નીકળી જવાની ઇચ્છા વાળાને પ્રણામમિત્રને આશ્વાસન આપતાં કહ્યુ કે, 'હું બાણો ભરેલા ભાથાને તૈયાર કરી તારી આગળ ચાલું છું.' એ પ્રમાણે કોઇક દિવસના પ્રણામમાત્ર સંબંધવાળા મિત્રે સહાય આપી નિર્ભય નગરીમાં પહોંચાડ્યો. ત્યાં નવું ઘર વસાવી આપી, તેની પાસે રહી જરૂરી નિત્યોપયોગી સામગ્રીઓ પણ સંપડાવી આપી.

## કથાનો ઉપનય -

કથાનો ઉપયન સમજાવતાં જેમ ત્યાં ત્રણ મિત્રો કહ્યા, તે અનુક્રમે કાયા, સગા-વહાલા અને ધર્મ. તે દરેકમાં તેનો ઉપનય-સંબંધ જોડવો. ખજૂર, મેવા, મીઠાઇ, ખીર, ખાંડ, કેસર, કસ્તૂરી વગેરે સ્વાદિષ્ટ પદાર્થોથી મિશ્રિત ભોજન, માણિક્ય, રત્નાદિકનાં આભૂષણોથી હંમેશાં આ દેહની ભક્તિ કરવામાં આવે, તો પણ યમરાજનું તેડું આવે, તે સમયે ઉપકારના બદલાની વાત તો દૂર રહી, પણ એક ડગલું પણ આ શરીર પાછળ વિદાય કરવા આવતું નથી. પુત્રો, મિત્રો, સ્ત્રીઓ માતા-પિતા, સહોદરો નજીકના સંબંધીઓ કે બીજાઓ - જેમના ઉપર અનેક ઉપકાર કર્યા છે, તેવા પણ પરલોકમાં પ્રયાણ કરવાના સમયે કંઈક ક્ષણ આક્રંદન કરીને શ્મશાનભૂમિ સુધી વળાવી પાછા ઘરે ફરે છે.

લોક ગૌણવૃત્તિથી કોઈ કોઈ દિવસ ધર્મ કરે છે અને મુખ્યવૃત્તિથી તો પોતાના ગૃહસ્થપણાના કાર્યમાં મસ્ત-આસક્ત-મશગુલ રહે છે, છતાં પરલોકમાર્ગમાં માત્ર એકલો ધર્મ જ સહાયક છે. જે સાથે રહેનાર, રક્ષણ કરનાર, શરણ આપનાર અને મનોવાંછિત પૂર્ણ કરનાર થાય છે. તેથી કરી પ્રથમના બે મિત્રો સરખાં શરીર અને કુટુંબ હોવાથી તેઓ સુખ માટે થતાં નથી, પરંતુ કોઇક દિવસ માત્ર પ્રણામ કરેલ તેવો ધર્મમિત્ર હોવાથી હર્ષથી અને ધૈર્યથી તે જૈનધર્મની હંમેશાં આરાધના કરીશ.

ત્રણ મિત્રોની કથા પૂર્ણ થઈ.

મૃગના નેત્ર સરખા નેત્રવાળી હે પ્રિયા ! આ કલિરાજ્યની કથા પણ મને પ્રયત્નપૂર્વક ભોગસ્પૃહા અટકાવનારી છે. અસંયમ, અન્યાય-અનીતિવાળા નગરમાં ફરતા એવા યોગરાજની જે ગતિ થઈ, તે મારી પણ થાય. હવે બહુમાન-પૂર્વક પ્રભવ કહા લાગ્યો કે :-

"ખરેખર તેવા પુરુષોને ધન્ય છે કે, જેઓ ચપળ અને દીર્ઘ નેત્રવાળી, કામદેવના દર્પ સરખા કઠિન અને પુષ્ટ પયોધરવાળી, દુર્બલ ઉદર હોવાથી સ્ફુરાયમાન ત્રણ કરચલીઓવાળી સુંદરીઓને દેખી જેનું મન વિકાર પામતું નથી. કાન્તાના કટાક્ષો રૂપી બાણોની અસર જેના ચિત્ત વિશે થતી નથી, તથા કામે કરેલો અનુરાગ જેના ચિત્તમાં ઉપતાપ કરતો નથી, અનેક વિષયના લોભ-પાશો જેના ચિત્તને આકર્ષણ કરતા નથી. એવો તે ધીર પુરુષ ત્રણે લોકમાં જય પામનાર થાય છે."

પૂર્વ ભવની ચાર ભાર્યાઓએ આ ચાર કથાનકો કહ્યાં. હવે બાકીની ચાર પત્નીમાંથી એક પત્ની કથા કહેવા લાગી. કનકશ્રી, કમલવતી, જયશ્રી એ ત્રણે પત્નીઓએ આગળ કરેલી નાગશ્રી સુંદર વચનોની યુક્તિપૂર્વક જંબૂસ્વામીને કહેવા લાગી કે, પ્રિય ! કનકસેનાએ

યુક્ત વચનો કહેવા છતાં તમોએ શું પોતાની નિઃશંક વક્ર વચનોવાળી યુક્તિથી એને પાછી પાડી નથી ? જિનેશ્વરો પણ ગૃહવાસમાં રહ્યા હતા. તેવી રીતે તમે ધર્મમાર્ગને અનુસરો અને સારી રીતે અમારું સન્માન આચરો. ધનનો ભોગવટો કરો, દાન આપો, અતિદુઃખી દુર્ભાગીઓને દાન દેનારા કેટલાક ગૃહસ્થપણાનું પાલન કરે છે, તેઓ શૂરવીર છે, બાકીના દુઃખી પાખંડીઓ છે. નીતિમાં કહેલું છે કે - 'ગૃહાશ્રમ સરખો ધર્મ થયો નથી અને થવાનો નથી, શૂરવીરો જ તેનું પાલન કરી શકે છે, બીજા કાયર પુરુષો પાખંડ-ધર્મનો આશ્રય કરે છે, હે પ્રાણેશ !અગ્નિથી તપેલ લોહ માફક લોહાર્ગલા જેવી રીતે લોભથી સુખ ન પામી, તેમ દ્રવ્યોપાર્જનની જેમ સર્વોદર પૂર્વક ધર્મ ઉપાર્જનનો લોભ કરવો, તે સુખ માટે થતો નથી.

## ૪૯. અમરસેન-પ્રવરસેન બે બન્ધુની કથા -

કંચનપુર નામના નગરમાં કંચનશેખર રાજાને અમરસેન નામનો મોટો અને પ્રવરસેન નામનો નાનો એમ બે પુત્રો હતા. તે બંને ઉપર રાજાને ઘણો સ્નેહ હતો તેથી કૃપાવાળા પિતાએ કોઇ વખત તેઓને જયકુંજર નામનો હાથી ક્રીડા કરવા માટે આપ્યો હતો. તે બંને ભાઇઓ હાથી ઉપર ચડીને હંમેશાં ક્રીડા કરતા હતા. ઉત્તમ કુળમાં જન્મેલા તે રાજાનો યશ અને પ્રતાપ એમ બંનેનો ઉદય વર્તી રહ્યો હતો. અથવા તો વ્યવસાય (-વ્યાપાર) અને સુકૃતયોગ (-ધર્મ કાર્યો કરવાં) - એ બંને ઉત્તમ કુળવાળાને હોય છે. કામદેવ સમાન રૂપવાળા તે બંને ભાઇઓને જયકુંજર હાથી સાથે ક્રીડા કરતા દેખીને તેની સાવકી માતા ઇર્ષ્યા વહન કરવા લાગી. વળી વારંવાર દિવસે અને રાત્રે રાજના કાન ભંભેરવા લાગી. વળી કહેવા લાગી કે, 'હે સ્વામી ! આ જયકુંજર હાથી મારા પુત્રને ક્રીડા કરવા આપો. હે વલ્લભ ! તમને શું કહેવું ? કૃપાથી મોહ ઓછો કરી-ત્યાગથી આપો. આટલું પણ અમારું કાર્ય ન કરો તો, અમારે એમ જ માનવું રહ્યું કે, તમારો અમારા ઉપર કૃત્રિમ સ્નેહ છે.

વિકાસ પામતા રોષના ધૂમાંધકારવાળી અને બબડતી તેને દેખી રાજાએ કહ્યું કે, 'એવુંતે કદાપિ બને ખરું ? તે પુત્રો ભક્તિ અને સત્ત્વવાળા છે, મેં જાતે તેમને હાથી આપ્યો છે, આપેલો હાથી મારાથી પાછો કેમ માગી શકાય ? તું બીજી કોઇ માગણી કર, જે હું તને આપીશ. 'રાણી હઠીલી બની છે' - એમ જાણીને વિષયમૂઢ રાજાએ કુમારોને કહ્યું કે, 'આ હાથી મને પાછો આપો, તો તેના બદલામાં બીજા દશ હાથી આપું' સાવકી ચુલ્લ(નાની) માતાનું આ નિષ્ઠુર ચેષ્ટિત જાણીને કુમારો વિચારવા લાગ્યા કે, 'સ્ત્રીઓનાં દુશ્ચરિત્રને ધિક્કાર થાઓ.' પોતાની માતા માફક આ માતાનું ગૌરવ અમે બરાબર જાળવીએ છીએ, તો પણ પોતાના પુત્ર-વાત્સલ્યથી અમોને શત્રુસમાન માને છે, અંકુશ વડે

હાથીઓ, ચોકડાથી ઘોડાઓ, નાથ વડે બળદો જેમ વશ કરાય છે; તેમ હંસ-લલા કરનારી સ્ત્રીઓ વડે પુરુષ સ્વાધીન કરાય છે.

સજ્જન પુરુષ ત્યાં સુધી જ માની, જ્ઞાની અને વિચક્ષણ છે કે, જ્યાં સુધી દુષ્ટ મહિલાઓ દ્વારા ઘંટી માફક ભમાવ્યા નથી. ''આંખથી સમગ્ર ત્રણે બુવન દેખી શકાય છે, આકાશમાં પક્ષીઓથી જવાનો માર્ગ જાણી શકાય છે, સમુદ્ર-જળનું પરિમાણ પણ જાણી શકાય છે, પરંતુ તરુણી સ્ત્રીનું ચરિત્ર નિશ્ચે કરીને મૂંઝવનારું થાય છે - અર્થાત્ જાણી શકાતું નથી." અથવા તો તુચ્છ બુદ્ધિવાળી સુંદરીઓને આ સર્વ શોભે છે. પરંતુ પિદાજી પણ આમાં સહાયક થાય છે, ખરેખર મહાશચર્ય ગણાયા.

મદોન્મત્ત દશ હાથી આપે, તો તેનું આપણે શું પ્રયોજન છે ? જ્યાં માનનો વિનાશ થાય છે, ત્યાં પુરુષે ક્રોડ પણ મળતા હોય, તે તણખલાં સમાન છે. કદાચ માની પુરુષે શરીરનો નાશ ન થાય, તો પણ દશનો તો ત્યાગ કરવો જોઇએ. કારણ કે- 'રખેને દુર્જનની આંગળીથી બતાવાતો તું ન ભમ.'

- આ બાનાના કારણે જ આપણે અહિંથી હવે એકદમ ચાલ્યા જઇએ. કારણ કે, દુર્જનની આંગળીથી બતાવેલ ફળોની વૃદ્ધિ વનમાં વિનાશ પામે છે. 'પોતાના પુણ્યની પરીક્ષા, લોકો સાથેના વ્યવહારમાં ચતુરાઈ, દેશ-વિદેશની ભાષા જાણવાનું, વસ્ત્ર-સજાવટ કરવાની કળા પોતાના દેશમાં બની શકતી નથી.' - એમ ચિંતવીને તે બંને કુમારો રાત્રે ઉદ્વેગ વગર પિતા કે બીજા કોઇને કહ્યા વગર નગરમાંથી નીકળી ગયા.

અતિઉતાવળી ચાલવાળા, રોકાયા વગરનાં પ્રયાણ કરતાં કરતાં એક મહા ભયંકર અટવીમાં આવી પહોંચ્યા. અટવી કેવી હતી ? - દુષ્ટ મનવાળી સાસૂ જેમ વહુને આનંદ ન આપનારી થાય, તેમ દુષ્ટ મનવાળા હિંસક પ્રાણીઓ ત્યાં ઘણા હોવાથી અટવી આનંદ આપનારી થતી ન હતી. વિષ્ણુની મૂર્તિની જેમ અશોક વૃક્ષની શ્રેણીથી શોભાયમાન, ચિત્તા, સિંહ, મૃગલા-મૃગલીનાં યુગલોથી આકાશલક્ષ્મીની જેમ અંલકૃત, હરિકથાની જેમ સારંગ જાતિના હરણને મારવા ઉદ્યત થયેલા વ્યાઘ્રવાળી; તે અટવીમાં એક મોટા વડના વૃક્ષની છાયામાં વિશ્રાન્તિ કરતા અમરેસન કુમારને તરત સુખવાળી નિદ્રા વી ગઇ. પ્રવરસેન કુમાર તેના ચરણની નજીકમાં સારી રીતે બેસીને તેના પગ દબાવવા લાગ્યો. 'જો પોતે જાગતો રહે, તો શિકારી પ્રાણીઓનો ભય રહે નહિં.'

હવે તે વડલામાં વાસ કરનાર યક્ષે સૂતેલા કુમારના શરીરનાં લક્ષણો જોયાં અને વિચાર્યું કે, આના ઉપર ઉપકાર કરાય તો તે ઘણા ગુણવાળો થાય. સજ્જનો સર્વ જગ્યા પર ઉપકાર કરે છે, એમાં સન્દેહ નથી, પણ અહિં એ વિચારવાનું છે કે, કરેલો ઉપકાર ક્યાં

વિસ્તાર પામે છે ? વરસાદ છીપના અને સર્પના મુખમાં સમાન સમયે જ જળ અર્પણ કરે છે, પરંતુ એકના મુખમાં ઝેર અને બીજાના મુખમાં મુક્તાફળરૂપે પરિણમે છે.

આ પ્રવરસેન પવિત્ર પુણ્યશાળી પુરુષ છે-એનો પંક્તિભેદ ન થાય એમ વિચારીને યક્ષે પ્રત્યક્ષ થઇને પ્રવરસેનને કહ્યું, 'દૂર દેશમાંથી આવેલા અતિથિ એવા તમારું કંઇક ઉચિત સન્માન કરવા ઇચ્છું છું.' એમ કહી તેને બે રત્ન અર્પણ કર્યાં. તે બે માંથી એક રત્ન વડે રાજ્ય અને બીજા રત્નથી ઇચ્છા પ્રમાણે લક્ષ્મી પ્રાપ્ત થાય છે. પ્રથમ રત્ન રે બન્ધુને આપવું અને બીજું તારે રાખવું. રત્નની પૂજા કરી પ્રણવ (ૐ) અને માયાબીજ (હ્રીં) પૂર્વક સાત વખત જાપ કરવાથી અને છેવટે પ્રણામ કરી અર્થની પ્રાર્થના કરે, તો તેની સિદ્ધિ થાય છે, તેમાં સન્દેહ નથી.

અતિ નમાવેલ મસ્તકવાળા પ્રવરસેનકુમારે બે હાથની અંજલિમાં તે બે રત્નોનો સ્વીકાર કર્યો અને વસ્ત્રના છેટે ગાંઠે બાંધ્યાં. ત્યારપછી તે યક્ષદેવ અદૃશ્ય થયો. ક્ષણવાર પછી અમરસેનકુમાર જાગ્યો. તેઓ ત્રણ દિવસ એવા ચાલ્યા કે, જેથી મહાઅટવીનું ઉલ્લંઘન કરી પાટલીપુત્રનગરીએ પહોંચ્યા. તે નગરીના સીમાડા ઉપર ઉત્તમ સરોવરની પાળ ઉપર અંગશૌચ અને પાદશૌચ કરી આંબા નીચે સુખપૂર્વક વિસામો લેવા બેઠા તે સમયે નાનાભાઇએ મોટાભાઇને વિનંતિ કરી કે, 'હે પ્રિયબન્ધુ ! રાજ્ય લાભ કરાવનાર આ રત્ન તું લે, દેવે કહેલ આરાધના કરવાનો સવિસ્તર વિધિ કહ્યો અને સ્થિર મનથી સાધના કરવા જણાવ્યું. એના ફળની સિદ્ધિ વખતે તેના લાભની હકીકત હું તને કહીશ.

ત્યારપછી તે હર્ષપૂર્વક એકાંત આમ્રવૃક્ષોની શ્રેણીમાં ગયો, રત્નનીપૂજા કરી, પ્રણામ કરીને અતિસ્થિરચિત્તવાળા તેણે રાજાપણું માગ્યું. પ્રવરેસેને પણ પ્રધાન વિધિ કરી એકાગ્રચિત્તથી પૂજા કરી, પ્રણામ કરી પોતાના રત્ન પાસે ભોજનાદિક સામગ્રીની માગણી કરી એટલે સુંદર રૂપવાળી આઠ અપ્સરાઓએ પ્રગટ થઇ, નિર્મલ અતિવિશાળ સમચોરસ શાળા વિકુર્વી, તેલમાલીશ, અંગમર્દન, ઉદ્વર્તન, સ્નાન, આભૂષણ વગેરેથી સન્માન કરી રાજાને દિવ્યવસ્ત્રો પહેરાવ્યા.'

અતિસ્વાદવાળાં પાન-ભોજન, તાંબૂલ, પુષ્પો વગેરે આપીને ક્ષણવારમાં ઈન્દ્રજાળ માફક સર્વ અદૃશ્ય થયું. હવે ભોજન કર્યા પછી જેટલામાં મોટો કુમાર વૃક્ષ-છાયામાં બેઠો તેટલામાં ત્યાં પાંચ દિવ્યો આવી પહોંચ્યાં. પાટલીપુત્રનગરમાં પહોંચ્યા. ત્યાં પુત્ર વગરનો રાજા મૃત્યુ પામ્યો હતો, એટલે હાથી, ઘોડો, ચામર, દુંદુભિ, છત્રાદિ સાથે નગરલોકો આવી પહોંચ્યા.

કળશવડે અભિષેક કરી ગુલગુલ શબ્દપૂર્વક હાથીએ કુમારને પોતાના સ્કંધ ઉપર

આરોપણ કર્યો. ઘોડો હર્ષથી હેષારવ કરવા લાગ્યો. નિર્મળ ચામરોથી કુમારને વીંઝવા લાગ્યા, આગળ દુંદુભિ વાગવા લાગી. વિસ્તારવાળું શ્વેત છત્ર મસ્તક ઉપર પ્રગટ થયું. મોટા સૈન્ય પરિવાર સાથે સામંત, મંત્રિમંડળ અને નગરલોકોથી પ્રણામકરાતો નગરના મધ્યમભાગમાં પ્રવેશ કર્યો. તે અવસરે પ્રવરસેન નાનોભાઇ નગરમાંથી બહાર નીકળી ગયો. રાજાના કાર્યમાં ગૂંથાઇ રહેલા મને શું સુખ મળે ? રાજાએ ઘણા સમય સુધી તપાસ કરાવી, પણ તેની ભાળ ન લાગી-એટલે મહેલે પહોંચી રાજ્યકાર્યમાં તત્પર બન્યો.

## ૫૦. અતિલોભ ઉપર લોહાર્ગલા ગણિકાની કથા :-

બીજો નાનોભાઇ પ્રવરસેન માગધિકા નામની ગણિકાને ઘરે સ્વજનના ઘરે જવા માફક ગયો, એટલે ગણિકાએ પોતે જ સન્મુખ જઈ તેનો સત્કાર કર્યો. લોહાર્ગલાએ વિવિધ પ્રકારની સેવા કરવા પૂર્વક તેનું હૃદય હરી લીધું, તેથી તે જે જે માગણી કરે, તે તે સામગ્રી પ્રવરસેન પૂરી પાડતો હતો, કોઇક દિવસે લોહાર્ગલા અક્કાએ પુત્રીને કહ્યું કે, 'આટલું ધન આ ક્યાંથી લાવે છે ? કદાપિ કોઇ તેને કંઈ આપતું નથી, તેમ વેપાર, સેવા-ચાકરી પણ કરતો નથી. માટે હે વત્સા ! જમાઈને પૂછીને તું ચોક્કસ જાણી લે.' ત્યારે પુત્રીએ લોહાર્ગલા માતાને કહ્યું કે, 'તારે દ્રવ્યનું પ્રયોજન છે, આ ચિંતા શા માટે કરવી ?' છતાં લોહાર્ગલાના અતિગાઢ હઠાગ્રહથી માગધિકાએ તેને પૂછ્યું. ત્યારે પ્રવરસેનકુમારે કહ્યું કે, 'હે પ્રિયે ! મારી પાસે તેવું રત્ન છે, જેનાથી ચિંતવેલી સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.' એ વાત લોહાર્ગલાને જણાવી, એટલે તે પણ ઘરડી બિલાડી માફક તે રત્ન લઈ લેવા માટે તે કુમાર ક્યારે ઊંઘી જાય અગર આઘો-પાછો થાય-તેવાં છિદ્રો જોયા કરતી હતી. પછી કુમાર જ્યારે સ્નાન કરવા ગયો, ત્યારે ગુપ્તપણે તેના વસ્ત્રના છેડેથી ગાંઠ છોડી રત્ન લઇ લીધું અને છૂપાવી દીધું.

સ્નાન કર્યા પછી ગાંઠ દેખી તો અંદર રત્ન ન દેખાયુ એટલે વિલખો બની ખૂણામાં આસપાસ ખોળવા લાગ્યો એટલે અક્કાએ પૂછ્યું કે, 'શું ખોળો છો ? શું કંઈ પણ પડી ગયું છે ? પ્રગટ બોલો, એટલે હું જાતે જોઈને તમને અર્પણ કરું.' પેલાએ કહ્યું કે, વેચવા માટેનોએક પત્થરનો ટૂકડો હતો. કપટથી વેશ્યા ખૂણામાં શોધવા લાગી અને કહ્યું કે, 'અહિં તો કંઈ નથી.' દાસીઓને પૂછ્યું. એટલે કુટ્ટણીએ કહ્યું કે, 'મારા પરિવારને કલંક આપી દૂષિત ન કરો. તમે સર્વ પાંચ દિવસના પરોણા છો અને આ મારી દાસીઓ તો જિંદગી સુધીની છે. એક પત્થરના ટૂકડા માટે મારા પરિવારને કલંકિત કરો છો ?'

એ સાંભલી કુમાર વિચાર કરવા લાગ્યો કે કુટિલ કાળી સર્પિણી સરખી આવી રીતે શોધવાનો દેખાવ કરતી એવી આ લોહાર્ગલાનું જ કાર્ય છે. ઘણું ધન તોલ કરનાર

ભારતુલા સરખી આ લોહાર્ગલા છે કે શું ? ઘણું ધન આપવા છતાં જે ધારણા-પલ્લામાં સ્થિર થતી નથી. મેં સુવર્ણ તેમ જ બીજાં સર્વ પ્રકારનાં દ્રવ્યો આપ્યાં, છતાં જાણે કંઈ જ આપ્યું નથી. અથવા તો આ વેશ્યા લોકો અતિશય કુશીલ અને લોભી હોય છે. હું જ ખરેખર મૂર્ખ છું કે, મને બુઝવ્યો છતાં હું બુઝ્યો નહિં. કહેલું છે કે :-

"આ વેશ્યા સ્ત્રીઓને સર્વસ્વ સમર્પણ કરવામાં આવે, કામી પુરુષોની સર્વ સંપત્તિઓ ક્ષીણ થાય, તો પણ જતાં એવા કામી પાસેથી બાકી રહેલું વસ્ત્ર ખેંચવાની ઇચ્છા કરે છે મનમાં જુદું, વચનમાં જુદું, ક્રિયામાં જુદું એમ જે સાધારણ સ્ત્રી (વેશ્યા)ઓમાં હોય છે, તેઓ સુખનું કારણ શી રીતે થાય ? ધનની લાલચથી કુષ્ઠીને પણ કામદેવ સમાન માનનારી, કૃત્રિમ સ્નેહને વિસ્તારતી એવી સ્નેહ વગરની ગણિકાનો ત્યાગ કરવો." તો હવે આજે પણ મોટા અપમાનરૂપ વજ્રથી ભેદે નહિં, ત્યાં સુધીમાં નીકળી જવું અને મારા પરાભવનો બદલો લેવો યુક્ત છે. સંધ્ય-સમયે કોઇને કહ્યા સિવાય દૂર દેશાવર ચાલ્યો ગયો અને કુટ્ટણીનો અહંકાર દૂર કરવા માટે તિલક, અંજનાદિના પ્રયોગ સાધવા ઉદ્યમ કરવા લાગ્યો.

વાસગૃહ શણગારી, સજાવટ કરી તૈયારી કરી પ્રવરસેનની રાહ જોતી માગધિકાની રાત્રિ પરાસર થઇ. પછી જાણ્યું કે, માનધનવાળાનું રત્ન ચોરાયું, એટલે વલ્લભ ચાલ્યો ગયો. તે કારણે ગદ્ગદ્ સ્વરથી રુદન કરતી માગધિકા પુત્રીને અક્કાએ કહ્યું કે, 'તેની પાસેથી સારભૂત વસ્તુ આપણે ગ્રહણ કરી લીધી છે, એટલે ઔષધ વગર વ્યાધિ મટી જાય, તેમ વગર ઉપાયે ચાલ્યો ગયો, તે ઠીક થયું. હવે એકાંતમાં રત્ન પાસે હજાર, લાખ સોનૈયાની માગણી કરવા લાગી, પણ દમડી પણ ન મળવાથી પશ્ચાત્તાપ કરતી પોક મૂકવા લાગી. માગધિકાએ કહ્યું 'હે અંબા ! પતિ ન મળ્યો, વિધિ વગર રત્ન ન ફળ્યું. મહાલોભ-નદીમાં પ્રવેશ કર્યો, પણ સામે પાર ન પહોંચી.'

હવે પ્રવરસેનકુમાર રાત્રિ-સમયે એક શ્મશાનમાં ગયો. ભૂતરૂપ અતિથિને કહેવા લાગ્યો કે, 'અરે ! કોઈ મહામાંસ લો.' તે સમયે આકાશમાં વાણી સંભળાઇ કે, 'હે વીર ! અહીં પર્વત-મેખલામાં રહેલા દુર્ગાદેવીના મંદિરમાં જઇશ, તો ફલસિદ્ધિ થશે.' એટલે તે સાંભળી અસ્ખલિત અક્ષુબ્ધ એક લક્ષ્યવાળો કુમાર ત્યાં ગયો. દુર્ગાદેવી પાસે બેઠેલા એક યોગીને જોયો. ત્યાં લાલ ચંદનના કરેલા મંડલ પાસે મનુષ્ય ચરબીથી પ્રગટી રહેલી દીપક-શ્રેણી હતી.

મંડળની આગળ લાલ કરેણના પુષ્પોની માળા પહેરાવેલ તથા પાછલા ભાગમાં બંને બાહુઓ બાંધેલા એવા એક પુરુષને તરવાર ઉગામીને જેટલામાં યોગી બોલવા લાગ્યો કે-

હે દેવિ ! મેં તને અન્નબલિ આપ્યો, હવે આ માંસબલિ થાવ.' એટલે કુમારે કહ્યું કે, 'હે દુષ્ટ પુરુષ ! શું કરે છે ? હે નિર્દય ! આ નિરપરાધી પુરુષને બાંધીને જકડીને તું નક્કી હણવા તૈયાર થયો છે, તો તેને બાંધેલું દોરડું છેદી નાખ, નહીંતર તું જીવતો રહેવા નહિ પામીશ.'

આ પ્રમાણે કહેવાયેલો તે યોગી તલવાર ઉગામીને પ્રવરસેન સન્મુખ જવા લાગ્યો. એટલે કુમાર પણ ભયંકર તરવાર મ્યાનમાંથી બહાર કાઢી સન્મુખ આવ્યો, અતિમહાયુદ્ધ કરી પાપપૂર્ણ તે યોગીને પીડા પમાડી યમરાજાનો પરોણો બનાવ્યો. બાંધેલા પુરુષના દોરડાને ખડ્ગથી છેદીને તે પુરુષ સન્મુખ બેસી પૂછ્યું કે, 'આ કર્મચંડાળ કોણ હતો ?' બંધનથી છૂટેલા પુરુષે જવાબ આપ્યો કે, 'આ અઘોરઘંટ નામનો યોગીન્દ્ર કોઇક તેવી કાર્યસિદ્ધિ માટે દુર્ગામાતાને બલિ આપવા માટે મને અહિં લાવ્યો હતો. આ પાદુકા ઉપર ચડીને તે સમગ્ર ત્રણ ભુવનમાં ભ્રમણ કરતો હતો.' પછી તે જકડેલા પુરુષને સાજો કરીને તેની પાદુકા પોતાના પગમાં પહેરી. હુંકાર શબ્દ કરી ક્ષણવરમાં પાટલીપુત્ર નગરીએ પહોંચ્યો. પાદુકાના પ્રભાવથી દેશાન્તરોમાંથી ઘણું ધન હરણ કરીને લાવ્યો. પછી વિચાર્યું કે, 'કોઈપણ પ્રકારે ગમે તે બાનાથી કુટ્ટણીને દૂર લઈ જઈ એકાંત સ્થળમાં મૂકી આવું, ત્યારપછી જ મારે મદિરા-પાન કરવું.'

કોઈક સમયે આ કુમાર પોતાના અંગ ઉપર સુંદર વેષભૂષા સજી અને આભૂષણ પહેરી શણગારથી સુંદર બની તે જ માર્ગે જતો હતો, ત્યારે અક્કાએ જાતે તેને જોયો. વિચારવા લાગી કે, 'ફરી પણ આને અઢળક ધન ઉપાર્જન કર્યું જણાય છે, તો કપટથી તેને બોલાવી માગધિકાને સોપું.' દાસીઓ મોકલીનેબોલાવ્યો, છતાં ન આવ્યો એટલે કુટ્ટણી જાતે ગઇ અને હાથ પકડીને કુમારને બોલાવા લાગી. વળી કહ્યું કે, 'હે પુત્ર ! આમ કહ્યા વગર તું ચાલ્યો ગયો, તે તને યોગ્ય છે ? તારા ગયા પછી માગધિકા તારા વગર કેવી દુઃખી તઈ છે ? અને ગ્રહનો વળગાડ વળગ્યો હોય તેવી તારા સ્નેહમાં પરાધીન બની ગઈ છે.'

પ્રત્યુત્તરમાં કુમારે કહ્યું કે, 'હે માતા ! તમો કોપ ન કરશો, મોટું કાર્ય આવી પડ્યું, એટલે ગયો હતો. હમણાં જ આવી પહોંચ્યો છું. હવે જે આજ્ઞા હોય, તે જણાવો.' ફરીપણ માગ્યા કરતાં અધિક ધન આપવા લાગ્યો, એટલે ચમત્કાર પામેલી તે વિચારવા લાગી કે, 'આની પાસે આટલું ધન આવે છે ક્યાંથી ? પુત્રીને કહ્યું કે, 'હે વત્સા ! કુમાર ધન કેવી રીતે ઉપાર્જન કરે છે, તે તું પૂછી લેજે.' પુત્રીએ કહ્યું કે, 'તમને ધનનો આટલો લોભ કેમ લાગ્યો છે ? તમારે તેનું શું પ્રયોજન છે ? મારી ના છતાં તમારે જાણવું જ હોય તો હે માતા ! તમે જાતે જ પૂછી લો. ખરેખર તમારું નામ લોહા(ભા)ર્ગલા છે, તેને તમો બરાબર સાર્થક

કરો છો. જો કે હું રતિક્રીડામાં પ્રયત્નવાળી છું, તો તેની આગળ કંઈ પણ નહીં બોલીશ. જે કરવા યોગ્ય હોય તે તમે જાણો.'

'હવે લોહાર્ગલા કુમારને કહેવા લાગી કે, 'તમે દ્રવ્ય ખોળવા અને લાવવા માટે ક્યાં જાવ છો, તે કહો, જેથી તમારી સાથે આવી પછી હંમેશાં હું જ લઈ આવું. કારણ કે માગધિકા તમારા વગર ક્ષણવારના વિરહમાં કામની દશમી અવસ્થા (મરણ) પામી જાય છે.' હવે દૂર દેશાવરમાં છોડી દેવાની ઇચ્છાવાળો કુમાર કુટ્ટણીને કહેવા લાગ્યો કે, 'રત્નદ્વીપ અને સુવર્ણદ્વીપ જવા માટે હું મારી દિવ્ય પાદુકા ઉપર આરૂઢ થઇ ત્યાંથી દ્રવ્ય લાવીને તમો ઇચ્છો, તેટલું આપું છું. હવે અક્કાએ વિચાર્યું કે, કોઇક બાનાથી સમુદ્ર વચ્ચેના બેટમાં સાથે જઈ તેને ત્યાં મૂકી ગહું પાદુકા ઉપર ચડી પોતે પાછી ચાલી આવું.'

કોઈક વખત અક્કાએ કુમારને કહ્યું કે, 'જ્યારે તું પાદુકા ઉપર બેસી અમને છોડીને ગયો, ત્યારે તારી વત્સલાથી મેં આવી માનતા માની છે, 'જો જમાઈ મને પાછા પ્રાપ્ત થાય, તો સમુદ્ર વચ્ચેના દ્વીપમાં રહેલા કામદેવની ચંદનના રસથી પૂજા કરું.' પોતાનો અભિપ્રાય સિદ્ધ થવાની અભિલાષાથી કુમારે કહ્યું કે, 'હે માતાજી ! જલ્દી ચાલો, હું ત્યાં લઇ જાઉં, એમાં વિલંબ કરવાનો ન હોય. હુંકાર કરીને અને હાથથી તેને ગ્રહણ કરીનેપાદુકાઓ પહેરીને કામદેવના મંદિરે એકમદ પહોંચી ગયો.

મંદિરના દ્વાર ભાગમાં મૂકેલી પાદુકા ઉપર ચડી અક્કા પાટલીપુત્ર નગરે પહોંચી ગઈ અને પોતે ઠગવાળી કળામાં સફળ થવાથી આનંદ પામી.

બહાર નીકળી કુમાર જુવે છે, તો ડોકરી અને પાદુકાઓ ન દેખી. કુમાર હવે પશ્ચાત્તાપ કરવા લાગ્યો કે, કેવી પાપિણી ! કે ફરી આવું પાપાચરણ કર્યું. મેં જે ચિંતવ્યું હતું, તેનો ભોગ હું પોતે જ બન્યો. લોકપ્રવાદ જે બોલાય છે કે, 'જે જેવું બીજા માટે વિચારે, તે તેને પોતાને જ થાય.' 'પરસ્ય ચિન્ત્યતે યદ્યત્, ધ્રુવં તત્ તસ્ય જાયતે । - બીજા માટે જેવું શુભ કે અશુભ વિચારીએ, તેવું શુભ કે અશુભ પોતાનું થાય.' આ ન્યાય મને જ લાગુ થયો.

ચિંતાવ્યાપ્ત ચિત્તવાળા કુમાર પાસે ક્ષણવારમાં એક ખેચર આવી પૂછવા લાગ્યો કે, 'તું અહિં કેમ આવ્યો છે ? અને ઉદાસી કેમ જણાય છે ?' કુમારે પોતાનો વૃત્તાન્ત કહ્યો, એટલે ખેચરે કામદેવની પૂજા કરી, શુભ પાંપણવાળી ચંચલ લોચનવળી સુંદરીને ક્ષોભ કરનારી વિદ્યાને સાધવા લાગ્યો. સાહસ ધનવાળા પ્રવરસેન કુમારને ઉત્તરસાધક બનાવ્યો એટલે તે વિદ્યા સિદ્ધ થઇ, એટલે વિદ્યાધર યુવાને તે વિદ્યા કુમારને અર્પણ કરી. ઉપરાંત બે ગુટિકાઓ પણ આપી. એક ગુટિકા ઘસીને તેનું તિલક કરવાથી ગધેડાનું રૂપ બની જાય,

બીજીથી અસલ સ્વાભાવિક મનુષ્યનું રૂપ થઇ જાય. આના પ્રભાવથી હે મહાધીર ! તું હંસ જેવો ઉત્તમ સાધક થઇશ. મારો અતિથિ હોવાથી આ સુવર્ણ-રત્નોથી તારી પૂજા કરું છું.' તે ખેચરે પ્રવરસેન કુમારને ઉપાડીને પાટલીપુત્રમાં મૂકી દીધો. એટલે તે ફરી પણ તે માર્ગે વિલાસવાળી મંદ ગતિથી ફરવા લાગ્યો.

દાસીએ લોહાર્ગલાને કહ્યું કે, 'હે માઇ ! સર્વાંગ-શૃંગારવાળા તમારા જમાઇને મેં હમણાં જ જોયા. એટલે તે છાતી કૂટવા લાગી કે, 'અરેરે ! તે કેવી રીતે અહિં આવ્યો ? મારી વગોવણી કરીને તે પોતાની પાદુકાઓ લઇ જશે. કંઈક કૂડ-કામણ કરી કોઈ પ્રકારે અંગમાં પ્રવેશ કરું ? પછી છૂટી છેતરીને નવું દ્રવ્ય પણ ગ્રહણ કરું.' લોહાર્ગલાએ આખા શરીર ઉપર ઘા વાગ્યા હોય અને મલમ-પટ્ટા બાંધ્યા હોય, તેમ પાટા-પિંડી કરી ખાટલામાં સુવડાવીને સારી રીતે પાઠ શીખવેલી માગધિકાને બોલાવવા મોકલી. જઇને તે કહેવા લાગી કે, 'તમને પોતાનું ઘર અને તમારા દર્શનાધીન પ્રાણાધીન પ્રાણવાળી મને છોડીને બીજે સ્થાને ઉતરવું ઉચિત લાગે છે ? આપ મારી વિનંતિ સ્વીકારો, કૃપા કરી પોતાના ઘરે પધારો, તેમ જ મરણ-પથારીએ પડેલી માતાને છેલ્લી વખત કંઈક સંભળાવો.' તેણે કહ્યું - 'હે મૃગાક્ષી ! હું માતાને ભેટવા જાતે આવતો જ હતો, તેટલામાં તું બોલાવવા આવી, તે પણ એક મહાશકુન જ ગણાય.' - એમ કહી કુમાર લોહાર્ગલા પાસે આવ્યો અને તેના મહાપ્રહારની પીડાનો વૃત્તાન્ત પૂછ્યો.

કુટ્ટિણી અતિ લાંબો નીસાસો નાખી અગાધ વ્યાધિની પીડા ભોગવતી હોય તેમ કહેવા લાગી કે, 'હું સંકટમાં સપડાયેલી છું, તમને જલ્દી જવાબ શું આપું ? તું જાણે છે કે આપણે બંને કામદેવનાં મંદિરનાં દ્વાર પાસે પહોંચી ગયા. તું પાદુકાઓ મૂકીને તેના ગર્ભદ્વારમાં ગયો. તેનું રક્ષણ કરવા હું ત્યાં ઉભી હતી. તે સમયે એક ખેચર આવ્યો અને મારી સમક્ષ પાદુકા લેવા લાગ્યો. પગમાં પાદુકાઓ પહેરી હું પલાયન થતી હતી અને આટલી ભૂમિ સુધી આવી પહોંચી અને મારી પાછળ તે ખેચર પણ આવ્યો. બંને વચ્ચે સંગ્રામ ચાલ્યો, તેમાં મને મહાપ્રહાર વાગ્યા. મને પાડીને તે પાપી ખેચર પાદુકાઓ લઈ ગયો.

આ સાંભળી કુમારે વિચાર્યું કે, 'પાપિણી કપટપૂર્વક પાસે રહેલી પાદુકા માટે આડું-અવળું બોલે છે, પરંતુ સમય આવશે ત્યારે સર્વ હકીકત જાણી શકાશે.' કુમારે કહ્યું કે, 'હે માઇ ! તમારા દુઃખના કારણ રૂપ જો પાદુકા ગઈ, તો ભલે ગઈ, હવે તમો ચિરકાલ જીવતાં રહો.' આ સાંભળી તેનો જીવ શાંતિ પામ્યો અને અદ્ધર હતો, તે શરીરમાં સ્વસ્થ થયો.

ખુશ થયેલી તે પૂછવા લાગી કે, 'હે પુત્ર ! ત્યાંથી તું અહિં કેવી રીતે આવી પહોંચ્યો ?' કુમારે કહ્યું કે, 'પ્રત્યક્ષ થયેલા કામદેવે વૃદ્ધપણામાંથી તરુણ થવાય તેવી ગુટિકાઓ મને આપી, ઉપરાંત પુષ્કળ ધન આપ્યું, તેણે જ મને અહિં લાવીને મૂકી દીધો. ઠીક હવે તમારા પાટા છોડો, જેથી હું તરવારના પ્રહાર કેવા વાગ્યા છે, તે જોઉં અને સંરોહિણી ઔષધિથી રુઝવી દઉં.'

તે જ ક્ષણે કુટ્ટિણીએ કહ્યું કે, 'તે કાર્યથી સર્યું. પાટા ચોડવામાં આવે, તો તેની પીડા મારાથી સહન ન થાય. જો પાટાઓ એમને એમ કાયમ રાખી કંઈ પણ ચિકિત્સા કરી શકાતી હોય, તો ઉપાય કર. હે વત્સ ! આથી વધારે બોલવા હું સમર્થ નથી.' એટલે કુમારે કહ્યું કે - 'અપૂર્વ પ્રૌઢ યૌવન કરનાર ગુટિકાથી તિલક કરવામાં આવે તો વૃદ્ધત્વ અને પ્રહાર-વેદના બંને દૂર થાય, અને નવયૌવન પ્રાપ્ત થાય.' એટલે તેણે માગણી કરી કે, 'તેવા પ્રકારનો ઉપાય કર, જેથી તરુણીઓની વચ્ચે મારું રૂપ રેખા સમાન દેખાય અને નગરલોક મારું રૂપ દેખી આસ્ચર્ય પામે.' ત્યાર પછી કુમારે પણ તે ગુટિકાથી કુટ્ટિણીના કપાળમાં તિલક કર્યું, એટલે તે જ ક્ષણે સ્થૂલ દેહવાળી ગધેડી બની ગઇ. તેના મુખમાં ચોકડું ચડાવીને તેની પીઠ પર ચડીને કુમાર લાકડી મારતો મારતો રાજમાર્ગમાં આવ્યો. રાજ્યની સહાયથી પાદુકાઓ, રત્ન વગેરે સમગ્ર જલ્દી મેળવી લીધાં.

હવે માગધિકાએ રાજાને જઈને ફરીયાદ કરી કે, કોઈ દુષ્ટ ધૂર્ત કુટ્ટિણીને ગધેડી બનાવી સોટીથી નિર્દયપણે માર મારે છે, એના ઉપર તે ચડી બેઠો છે, એની આકૃતિ લગભગ આપને મળતી છે.' રાજાએ પૂછ્યું કે, તે ધૂર્તને કેટલા દિવસ થયા છે ? તેનું રૂપ કેવું છે ? કેટલી વયનો છે ?' માગધિકાએ કહ્યું, 'હે પ્રભુ ! તમને રાજ્ય પ્રાપ્તિ અને મને આ પુરુષની પ્રાપ્તિ થઈ છે. તમારા જેવા જ અતિશય રૂપવાળો, તમારા કરતાં કંઇક નામની વયવાળા છે.' ત્યારે રાજાએ જાણ્યું કે, 'તે ધૂર્ત મારો નાનો ભાઈ જ છે.' રાજાએ માગધિકાને કહ્યું કે, 'હુ પોતે જ તે ધૂર્તને શિક્ષા કરીશ.' જયકુંજર હાથી ઉપર બેસી રાજા ત્યાં ગયો.

અતિ મોટી કાયાવાળી ગધેડી પર આરૂઢ થયેલો, લાખો લોકોની ચપળ આંખોથી જોવાતો હતો. પાસે જઇને પૂછ્યું, દેખતાં જ પ્રણામ કરી કહ્યું કે, 'સ્નેહરહિત મહાધૂર્તનું સ્વાગત કરું છું. કલહ-ક્રીડામાં આનંદ માનનાર તારા સરખાને આવું ગધેડીનું વાહન શોભતું નથી, માટે અહિં મારા હાથી ઉપર આવી જા અને તારા અંગથી મારા અંગનું આલિંગન કર. ગધેડી બનેલી તે કુટ્ટિણીને પાપના પ્રાયશ્ચિત્ત રૂપે હોય તેમ રાજમાર્ગમાં બાંધીને રાખી. માર્ગમાં જતા આવતાં લોકો તેના ઉપર પ્રહાર કરીને જતા હતા. પ્રવરસેન

હાથી ઉપર બેસી રાજા સાથે રાજાના ધવલ-મહેલે પહોંચ્યો, સર્વ સમાચાર પૂછ્યા એટલે રત્નાદિકનો સર્વ વૃત્તાન્ત કહ્યો.

પાદુકા-સહિત તે, રાજા પાસે આવ્યો અને જણાવ્યું કે, 'પ્રત્યક્ષ ચોરી કરનાર બીજી હકીકત આ ગધેડી અહીં જાતે જ કહેશે.' તેની પાસેથી નાનાભાઇનાં ઉત્તમરત્ન, તથા પાદુકા જે હરણ કર્યાં હતં, તે લઈ લીધાં અને કંઇ પણ શરીરશિક્ષા કર્યા વગર એને મુક્ત કરી. તો હવે પણ તેં તેવા પ્રકારની કરેલી સર્વ ચોરીમાંથી જો કોઇ એક સાચો શબ્દ જણાવે, તો તારું અસલ પૂર્વનું રૂપ પ્રાપ્ત થાય.

ત્યારપછી તેમ કર્યું એટલે પ્રવરસેનકુમારે બીજી ગુટિકાથી તિલક કર્યું એટલે ગધેડી અસલરૂપવાળી લોહાર્ગલા બની ગઈ. ત્યારથી માંડી આવા પ્રકારનો પ્રવાદ શરુ થયો કે : 'અતિલોભ ન કરવો, તેમ સર્વથા લોભનો ત્યાગ પણ ન કરવો. અતિ લોભાધીન બનેલી કુટ્ટિની ગધેડી બની ગઈ.' શ્રેષ્ઠ રત્ન અને પાદુકા સાથે રત્નાલંકારથી વિભૂષિત, ચીનાઈ-રેશમી વસ્ત્ર પહેરેલ શરીરવાળી તે માગધિકા કુમારને સમર્પણ કરી. કુમારને યુવરાજ બનાવ્યો, માગધિકા તથા બીજી રાજકન્યાઓ સાથે લગ્ન કરી વિષયસુખનો અનુભવ કરવા લાગ્યો.

એ પ્રમાણે પ્રિયાએ લોહાર્ગલાનું લાંબું કથાનક અતિધીઠાઇનું અવલંબન કરી કહ્યું, 'તો હે પ્રિય ! આ જગતમાં જે સ્વાધીન ન હોય તેવા પદાર્થનો લોભ કરવો તે યોગ્ય છે ?'

લોહાર્ગલાની જેમ લોભ કરનારનો યશ ચાલ્યો જાય છે. ત્યારે જંબૂકુમારે કહ્યું કે, 'હે નાગશ્રી. કનકશ્રી, કમલવતી, તથા જયશ્રી પ્રિયા ! સર્વસારભૂત એવું આ વચન કહું છું તે તમે સાંભળો.' ધર્મશાસ્ત્રોમાં સ્ત્રીઓને દોષોના ભંડાર અને ગુરુઓને ગુણોના ભંડાર અનુક્રમે વર્ણવેલા છે. 'ઠગવાપણું, ચંચળતા, કુશીલતા વગેરે દોષો જે સ્ત્રીઓમાં સ્વાભાવિક હોય છે, તેવી સ્ત્રીઓમાં કોણ આનંદ પામે ?' પાર વગરના સમુદ્રનો પાર પામી શકાય છે, પણ સ્વભાવથી વાંકી-કુશિલ એવી સ્ત્રીઓનાં દુશ્ચરિત્રનો પાર પામી શકાતો નથી.

દુર્વર્તનવાળી નારીઓ પતિ, પુત્ર, પિતા, ભાઇ વગેરે સ્નેહીના પ્રાણ સંશયમાં મૂકાય તેવો આરોપ ક્ષણવારમાં મૂકતાં વાર લગાડતી નથી, ભવ-પરંપરા વધારવા માટે સ્ત્રી બીજ સમાન છે, નરકના દ્વારમાર્ગની દીવડી, શોકનું મૂળ, કજીયા-કંકાસનું ઘર, અને દુઃખની ખાણી છે. જેઓ સ્ત્રી સાથેના સંભોગથી કામજ્વરની શાન્તિ અને ચિકિત્સા કરવના ઈચ્છે છે, તેઓ ઘીની આહુતિથી અગ્નિને ઓલવવાની ઈચ્છા કરે છે. લાલચોળ તપેલા લોહ-સ્તંભનું આલિંગન કરવું સારૂં છે, પરંતુ નરકદ્વાર સમાન સ્ત્રીના જઘનનું સેવન કરવું સારૂં નથી. સ્ત્રી સંતપુરુષના હૃદયપર પગ મૂકે છે, ત્યારે નોહર ગુણ-સમુદાય નક્કી દેશવટો

ભોગવે છે. તેથી કરી ધર્મશાસ્ત્રોમાં સ્ત્રીઓને દોષવાળી બતાવી છે અને ધર્માચાર્યો તો વળી પ્રૌઢ ગુણસમુદાયને ધારણ કરનારા કહેલા છે. -

"શાસ્ત્રોના અર્થોને જાણનારા, ઉત્તમકોટિની નિઃસંગતાને વરેલા, ભવ્યોરૂપી કમળોને વિકસ્વર કરવા માટે સૂર્ય-મંડલ સરખા ગુરુમહારાજ હોય છે. ચારિત્રથી પવિત્ર, પ્રવચનરહસ્યોનો પાર પામવા માટે તીક્ષ્ણ બુદ્ધિવાળા, અતિશય ધીર, શાન્તાત્મા, અમૃતસરખા મધુર અને શાસ્ત્રાનુસારી વચન બોલનારા, કૃપાળુ, નિર્લોભી, ભવસમુદ્ર તરવા માટે નાવ સમાન, સેંકડો સુકૃત કર્યાં હોય ત્યારે દેહધારી જીવોને આવા પ્રકારના ગુણવાળા આપ્ત ગુરુમહારાજ પ્રાપ્ત થાય છે."

"મોહાન્ધ બનેલા પ્રાણીઓ માટે ગુરુ નિર્મળ આંખ સમાન છે, દુઃખથી પરેશાન થયેલા આત્માઓનાં દુઃખો હિતબુદ્ધિથી દૂર કરનારા થાય છે, દેવલોક અને મોક્ષસ્થાનમાં સુખોને અપાવનારા છે, તેથી કરી આ જગતની અંદર ગુણી પુરુષોમાં ગુરુ મહારાજ કરતાં ચડિયાતા કે સુંદર કોઇ નથી." જેવી રીતે પ્રભાકર ખોટાનો ત્યાગ કરી સાચાનો આશ્રય પકડી સુખી થયો, તેમ દોષવાળી એવી તમો સ્ત્રીઓનો ત્યાગ કરી ગુણોમાં અધિક એવા ગુરુઓનો આશ્રય ગ્રહણ કરીશ.

## ૫૧. પ્રભાકરની કથા -

મેદિનીતિલક નામની નગરીમાં દિવાકરનો પુત્ર જુગારી અને મૂર્ખશેખર એવો પ્રભાકર નામનો બ્રાહ્મણ હતો. તેના પિતા મરણ-પથારીએ પડેલા હતા, ત્યારે ગાયત્રી જેવામાં પણ અપની એવા પુત્રને પિતાએ અતિઆદરથી એક ગ્લોક ભણાવ્યો -

"પોતાના હિતની અભિલાષાવાળા પુરુષે નવનિધિથી પણ અધિક, સાક્ષાત્ ફલ આપનાર, ઉપદ્રવ અને રોગને દૂર કરનાર એવો સાધુ સમાગમ કરવો જોઇએ." પિતાજી મૃત્યુ પામ્યા પછી જુગારના વ્યસનના કારણે પિતાએ આપેલ લક્ષ્મી ગૂમાવીને દરિદ્ર બન્યો.

પોતાનું ઉદર પૂર્ણ કરવા અસમર્થ એવો તે નગરમાંથી નીકળી ગયો. વિચારવા લાગ્યો કે, 'પિતાજી ઉત્તમ પુરુષનો સમાગમ કરવાનું કહી ગયા છે, તો પ્રથમ નીચ પુરુષનો સમાગમ કરી પરીક્ષા કરું. પછી ઉત્તમ પુરુષની પરીક્ષા કરીશ.' એમ વિચારી કીર્તિપુર નામના નગરમાં પહોંચ્યો અને અશ્રદ્ધાળુ દુષ્ટાશય નામના ઠાકોરની સેવા કરવા લાગ્યો. તેમ જ દુર્જનતારૂપ અદ્વિતીય નટી સરખી ગોમટિકા નામની એક દાસીને પોતાની પ્રિયા બનાવી અને માતંગને મિત્ર બનાવ્યો. (૭૦૦)

દાનશૂર, સ્ફુરાયમાન નીતિના તાંડવ અને ઉલ્લાસથી શોભતા, ઘણા વિદ્વાનોની મંડલી સાથે વિનોદ કરનાર એવા કીર્તિશેખર રાજાની સેવા તે ઠાકોર સાથે હંમેશાં કરતો હતો, પણ અંતઃકરણમાં ન ભણ્યાનો સવસો કાયમ રહેતો હતો. કોઈક સમયે અનેક વિદ્વાન મંડળ વચ્ચે બેઠેલ રાજા સાથે 'સમાન શીલવાળા સાથે મૈત્રી કરવી યોગ્ય છે.' એવી વાત ચાલી રહી હતી, ત્યારે આગળ કોઇ વખત મુખપાઠ કરેલ હતો, તે શ્લોક પ્રભાકર સ્પષ્ટાક્ષરમાં એવી શુદ્ધિ રીતિએ તાલબદ્ધ બોલ્યો કે, સાંભળનારના કર્ણોએ અમૃત-પાન કર્યું.

"मृगा मृगैः संगमनुव्रजन्ति, गावश्च गोभिस्तुरगास्तुरंगैः ।
मूर्खाश्च मूर्खैः, सुधियः सुधीभिः,समानशीलव्यसनेषु सख्यम् ।।"

"મૃગલાઓ મૃગોની સાથે સોબત કરે છે, ગાયો (બળદો) ગાયો (બળદો)ની સાથે, ઘોડા ઘોડાની સાથે, મૂર્ખાઓ મૂર્ખાની સાથે, પંડિતો પંડિતોની સાથે સમાગમ કરે છે, સમાન આચાર અને સમાન વ્યસનવાળા સાથે મૈત્રી જોડાય છે." પ્રભાકરનો આ શ્લોક સાંભળી રાજા અને પર્ષદાનું વિદ્વદ્‌ન-મંડલ મસ્તક ડોલાવતું આનંદ અને આશ્ચર્ય પામ્યું.

પોતાનું સત્ત્વ હોય તેમ બ્રાહ્મણને રાજાએ કહ્યું કે, 'હે પ્રભાકર ! તેં મને પ્રીતિરસથી સિંચ્યો, તેથી કરી ગ્રામ-મંડલનું પ્રસાદ-દાન સ્વીકાર. 'પ્રભુનું ઔચિત્ય, શ્રીમંતનું આરોગ્ય, રાજાની ક્ષમા, ઉપકારીનું પ્રભુત્વ આ ચાર પદાર્થો અમૃત સમાન ગણાય છે.' પ્રભાકર પ્રત્યુત્તરમાં જણાવ્યું કે, 'આપનું ચિત્ત મારા પર પ્રસન્ન થયું હોય તો, હે પ્રભુ ! કૃપા કરીને આ દાન આ ઠાકોરને આપો.' રાજાએ કહ્યું, 'ભલે તે પ્રમાણે હો.' એ પ્રમાણે પ્રભાકરના પ્રભાવથી દુષ્ટાશય લક્ષ્મીનું સ્થાન પામ્યો. હવે રાજાની આજ્ઞાથી પરિવાર-સહિત તે બંને ભેટ મળેલ નગરને શોભાવવા લાગ્યા અર્થાત્ ત્યાં રહેવા ગયા. કોઇ વખતે મદિરા-પાન કરવાથી વિહ્વલ બનેલ માતંગ-મિત્રે ઠકરાણીની છેડતી કરી એટલે ઠાકોરે વધ કરવાની આજ્ઞા આપી. ત્યારે પ્રભાકરે રાજાને કહ્યું કે, મદિરા-પાનથી આ ભાન વગરનો નિર્વિવેકી થયો હતો, તેનો દોષ નથી, માટે પ્રાર્થના કરું છું કે, 'મારા મિત્રને મુક્તિ આપો.' એમ કહી વિષાદવાળા માતંગ-મિત્રને બ્રાહ્મણે મૃત્યુથી મુક્ત કરાવી ઉપકારપાત્ર કર્યો.

આ બાજુ કોઇક ભિક્ષુએ પ્રભાકરની પત્ની-દાસીને કહ્યું કે, 'ઠાકોરને મોર પ્રિય છે, તેનું માંસ જે ખાય, તે લક્ષ્મી પ્રાપ્ત કરનાર થાય.' આ વાત પત્નીએ પ્રભાકરને કહી. તેના માંસની સ્પૃહાવાળી તેણે સ્ત્રીહઠ કરીને તે કાર્ય કરવા માટે પ્રભાકરને દબાણ કર્યું. પ્રભાકર પણ મોરનું ગુપ્તપણે રક્ષણ કરી બીજું માંસ આપ્યું. એ પ્રમાણે સર્વને ઉપકારની સુખાસિકા પમાડી. ભોજન-સમયે પુત્રાધિક પ્રિય મોરને ન દેખવાથી ઠાકોરે સર્વ સ્થાનકે મોરની

તપાસ કરાવી. પત્તો ન લાગવાથી ઠાકોરે નગરમાં ઉદ્‌ઘોષણા કરાવી કે, હજાર સોનામોહોરો લઇને જેઓ મોરને સોંપી દેશે, તેને અભય આપવામાં આવશે અને પાછળથી પકડાશે તો દેહાંતદંડની આકરી શિક્ષા થશે.'

આ ઘોષણા સાંભળી દાસી વિચાર કરવા લાગી કે, 'ભાવિમાં મને બીજો પતિ મળશે, પણ પ્રાપ્ત થતું ધન તો તરત સ્વાધીન કરું.' તુચ્છઆશયવાળા, ઇન્દ્રિયોના વિષયોની આસક્તિવાળા. હતભાગી લાલચુ પુરુષોની પાપને ઉત્તેજન કરનારી બુદ્ધિને ધિક્કાર થાઓ. પડહની ઉદ્‌ઘોષણા ઝીલીને દાસી દુષ્ટાશય પાસે પહોંચી અને ભિક્ષુકે કહેલી વાત પ્રગટ કરીને પાપિણીએ વિનંતિ કરી કે, 'મેં વારંવાર ના કહ્યા છતાં પણ ધનલોભી પતિએ રને મારી નાખ્યો.'

દાસીના વચનથી સળગેલા ક્રોધાગ્નિવાળા, કરેલા ઉપકારને ન જાણનાર ઠાકોરે તેના માતંગ-મિત્રને વધ કરવા માટે સોંપ્યો. 'ગમે તેટલા ઉપકાર કરવામાં આવે, તો પણ જેમને સ્વાધીન-વશ કરી શકાતા નથી, ઓળખીતા પરિચિત હોય તેની સામે પણ ભસે છે, પોતાની જાતિવાળો હોય તેને પણ કરડે છે, એવા ખલપુરુષો કૂતરાના સ્વભાવથી પણ આગળ વધી જાય છે.' પ્રભાકરે માતંગ-મિત્રને કહ્યું કે, 'હે ભદ્ર ! મને છોડી દે, તો હું દૂર દેશાન્તરનો આશ્રય કરું અને તારા ઉપર કરેલા ઉપકારનો બદલો પૂર્ણ કરવા અવકાશ આપું.' 'હે મિત્ર ! તેં યથાર્થ કહ્યું, પણ તારો અપરાધ ઘણો મોટો છે. આ ઠાકોર નામ અને ગુણ બંને પ્રકારથી દુષ્ટાશય અને આકરા છે, તેથી હું તને કેવી રીતે છોડી શકું ? ધોબીના ગધેડા જેવું મારું મૃત્યુ થાય.'

ત્યારપછી ઉદ્વેગવાળો પ્રભાકર વિચાર કરવા લાગ્યો કે, નીચ સ્વભાવવાળા આ લોકોને ધિક્કાર થાઓ કે જેનો સ્વભાવ મેં જાતે અનુભવ્યો. નીચને કરેલો ઉપકાર નક્કી વિનાશ કરનાર છે. યજ્ઞના અગ્નિને ઘીથી તર્પણ કરવામાં આવે તો પણ તે બાળનાર થાય છે, આ સર્વેએ મારા ઉપકાર રૂપ વિત્ર દૂધના કુંભને દોષના સંકલ્પરૂપ મદિરના બિન્દુથી સમગ્રપણે મલિન કર્યો. પાકેલા કિંપાક (ઝેરી) વૃક્ષના ફળમાં મને સુંદર આમ્ર ફલ (કેરી)નો ભ્રમ થયો. નીચ પ્રકૃતિવાળા જન વિષે લક્ષ્મીના લવની કે સુખની આકાંક્ષા પણ તેવી છે. નીચને આશ્રિત થનારનું ઘણા લાંબા કાળનું પાણી તેને તજી જાય છે. એનાથી કયા અન્ય જનને ગુણથી ભરપુર સફેદ કમળનો સમાગમ થાય ?

પિતાએ આપેલી શ્લોકની અવજ્ઞા કરનાર પ્રભાકર લાંબો નિસાસો મૂકી વિચારવા લાગ્યો કે, 'હવે હું મહાન ઉત્તમ પુરુષની સેવા કરું. એમ વિચારી મિત્રને કહ્યું કે, તું તો મારો મિત્ર છે, તો મને સ્વામી પાસે લઇ જા, તો હું તેમને મોર અર્પણ કરું. શરમાયેલો

ચંડાળ તેનું વચન સવીકારી મોર સાથે ઠાકોર પાસે લઈ ગયો અને રાજા પાસે મોર મૂક્યો. રાજાના કોપાગ્નિને શાંત કરવા માટે અગર ચંડાળની મૈત્રી કરનાર પોતાની શુદ્ધિ માટે જાણે હોય તેમ દાંતના કિરણોને ફેંકતો રાજાને કહેવા લાગ્યો કે, 'હે સ્વામિ ! આ મોરનો સ્વીકાર કરો અને આપના સત્ય ન્યાયનું, સદ્વિચારનું, આપના પરિવારનું લાંબા કાળ સુધી કલ્યાણ થાઓ (નવગજના નમસ્કાર થાઓ.)'

રાજા વિચારવા લાગ્યો કે, 'આ દાસી વાચાળ અતિદુષ્ટ જૂઠ બોલનારી છે, આ પ્રભાકર બ્રાહ્મણ તો અનાચારથી પરાઙ્મુખ રહેનારો છે, આમાં આ કાર્ય સંભવતું નથી- એટલો પણ મેં વિચાર ન કર્યો. તેમ જ મેં એને કંઈ પૂછ્યું પણ નહિં, ગુનેગાર અને બિનગુનેગારનો વિભાગ પણ મેં ન વિચાર્યો, ઉપકાર કે અપાકારનો વિચાર ન કર્યો અને દંડ પણ આકરામાં આકરો કર્યો. અરે ! તારું સુકૃતજ્ઞપણું કેવું / દુષ્ટાશયે જ્યારે સત્ય હકીકત પૂછી, ત્યારે બનેલી યથાર્થ હકીકત કહી. ત્યારપછી ઠાકોરે તેને ખૂબ ખમાવ્યો અને સત્કારપૂર્વક પોતાની પાસે પકડીને રાખ્યો, તો પણ તે નગર બહાર નીકળી ગયો.

અનુક્રમે ફરતો ફરતો રત્નપુર નામના નગરે પહોંચ્યો. તે નગરી કેવી હતી ? વિધાતાએ અમરાપુરી બનાવવા માટે અભ્યાસ કરી શિલ્પશાસ્ત્રની પરીક્ષા આપવા માટે જાણે બનાવી હોય ! ત્યાં પરાક્રમી, શત્રુરાજાઓને પણ સ્વાધીન કરનાર રત્નરથ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને ન્યાયમાર્ગે ચાલનાર, કામદેવના રૂપનો તિરસ્કાર કરનાર કનરકથ નામનો પુત્ર હતો. જેના વડે ગુણો આશ્રય કરીને રહેલા છે અને જે ગુણો વડે આશ્રિત થયો છે. જાણે સાથે મળીને ઉત્તમ કીર્તિ મેળવવાની ઉત્કઠાં થઈ હોય, તેમ પોતે અને ગુણો પરસ્પર સ્પર્દ્ધા કરતા હતા. તે રાજકુમાર રાજસભામાં બેસવા માટે દ્વારમાં પ્રવેશ કરતા હતા, ત્યારે દ્વાર પાસે ઉભેલા પ્રભાકર વિપ્રે ॱગશીર્વાદ પૂર્વક કહ્યું કે, 'હું બ્રાહ્મણ છું, તમો ગુણનિધાન રાજપુત્ર છો, તેથી આપની પાસે રહેવા અભિલાષા કરું છું.'

રાજપુત્રો વિચાર્યું કે, 'આગળ ભવિષ્યમાં પુરોહિત પદ માટે મને કોઈની જરૂર તો પડશે જ; તેથી દાન-સન્માનની સંપત્તિથી પોતાનો બનાવીશ.' એમ વિચારી ઉદાર આશયવાળા કુમારે વિકસિત મુખ-કમળ કરવા પૂર્વક તેની મિત્રતા વિસ્તારતો હોય તેમ તેને કહેવા લાગ્યો કે, 'હે પ્રભાકર ! મેં તારી સાથે મૈત્રી બાંધી છે, માટે હવે તું ચિંતા-તાપથી ક્યાંય પણ નિરર્થક ખેદ ન કરીશ. ત્યારપછી હર્ષથી ત્યાં રહેલો હતો, ત્યારે તેણે મનોરથ નામના શેઠપુત્ર સાથે મૈત્રી કરી. સદ્ગુણોના અદ્વિતીય વિલાસ સ્થાન સરખી રતિવિલાસ નામની પિંડવાસ સ્થળની વિલાસિનીને ભાર્યા બનાવી. આ ત્રણેની સાથે વૃદ્ધિ પામતા ઉજ્જ્વલ સ્નેહવાળો, પિતાના વચનનું મંત્ર માફક સ્મરણ કરતો પ્રભાકર રહેલો

હતો.

કોઇક સમયે હેડાવિત્તકચોડ નામના કોઇ પરદેશીએ સર્વાંગ લક્ષણોથી સુંદર અશ્વની જોડી રાજાને અર્પણ કરી. તે બંને અશ્વો ઉપર બેસી કુમાર અને પ્રભાકર બંને નગર બહાર તેને દોડાવવાનું કૌતુક અને રમત-ગમ્મત કરતા હતા. ઘોડા ઉપર બેઠેલા બંનેએ લગામ ખેંચવા છતાં તે બંનેને દૂર દૂર મારવાડ સરખી ઉખર નિર્જર ભૂમિમાં ખેંચી ગયા. કુમાર અને પ્રભાકર બંનેએ થાકીને લગામ ઢીલી કરી એટલે વિપરીત કેળવાયેલા બંને અશ્વો ઉભા રહ્યા. સુકુમાર શરીરવાળા કુમારને અતિશય તૃષા લાગી, એટલે અશ્વ ઉપરથી નીચે ઉતરીને તે રેતાળ ભૂમિ ઉપર બેઠો. પ્રભાકરને કહ્યું કે, 'મારા ચપળ પ્રાણો પ્રયાણ કરવા તૈયાર થયા છે, માટે હે મિત્ર ! તું ઉતાવળ કરી ઘોડાનો ત્યાગ કરી પીવા માટે પાણી જલ્દી લાવી આપ.' ત્યારે બ્રાહ્મણે કહ્યું કે, ધીરજ રાખો, એમ કહી પ્રભાકર જંગલમાં ચારે બાજુ પાણીની શોધ કરવા લાગ્યો.

ક્યાંયથી પણ જળ ન મળવાથી જેમ ગુરુ પાસેથી વિષય-તૃષ્ણા દૂર કરનાર જ્ઞાન, દર્શન અને ચારિત્રની પ્રાપ્તિ થાય, તેમ મોટા વૃક્ષ પાસેથી તૃષ્ણા દૂર કરનાર ત્રણ મોટાં આમળાં પ્રાપ્ત કર્યાં. જળ પ્રાપ્ત કર્યા વગર એકદમ આમળાં લઇને વિપ્ર પાછો આવ્યો. ચિન્તાયુક્ત ચિત્તવાળા પ્રભાકરે મૂર્ચ્છાના વિકારથી બેભાન બનેલા કુમારને જોયો. પોતે જળ ન મળવાના કારણે વિલખા માનસવાળો મનમાં દુઃખ લાવતો બંને નેત્રમાંથી અશ્રુ-જળ ટપકાવવા લાગ્યો. મૂર્ચ્છા રૂપ અંધકારનો નાશ કરનાર બાલસૂર્ય સમાન લાલવર્ણવાળું સ્વાદિષ્ટ એક આમળું કુમારના મુખમાં સ્થાપન કર્યું.

ખીલેલા ચંદ્રની જેમ લગાર બંને નેત્રો ખોલ્યાં, એટલે વિપ્રે કુમારને બીજાં બે આમળાં આપ્યાં. કુમાર ભાનમાં આવ્યો, તે ક્ષણે પીડા પામતો અને મૂર્ચ્છાથી ઉન્નત થયેલા મુખવાળો ધૂળથી મલિન થયેલા આકાશને જોવા લાગ્યો. આ આકાશના મધ્યભાગમાં અકસ્માત્ ભયં પામેલાની જેમ પૃથ્વી પોતાની સારભૂત રજ કેમ ફેંકતી હશે ? જેટલામાં ઉદ્વેગ મનવાળા કુમાર અને વિપ્ર ત્યા બેઠા હતા, તેટલામાં કુમારની શોધ કતા ભોજન-પાણી સહિત સૈન્યના માણો આવી પહોંચ્યા. ત્યારપછી દિવસનાં આવશ્યક કાર્યો કરીને કુમારે અને પ્રભાકરે પરિવાર સાથે પોતાની નગરીએ પ્રયાણ કર્યું. ક્રમે કરી પહોંચીને નગર અલંકૃત કર્યું.

પોતાના મોટા રાજ્ય ઉપર રત્નરથ પિતા રાજકુમારનો અભિષેક કરીને પોતે વનવાસી તાપસ થયો. આ વનીન રાજાએ પ્રભાકરને પુરોહિતપદે અને મનોરથ શેઠને નગરશેઠ પદે સ્થાપન કર્યાં. તેઓ ન્યાય અને નીતિથી મહારાજ્યનું નિરંકુશપણે પાલન

કરતા હતા. તેઓના દિવસો પવિત્ર મૈત્રીના કારણે આનંદમાં પસાર થતા હતા. જેમ શેરડીનું માધુર્ય, તથા શંખની શ્વેતતા હોય છે, તેમ સજ્જનની મૈત્રીનો આનંદ જિંદગી સુધીનો હોય છે.

પુરોહિતપત્ની રતિવિલાસાને ગર્ભના પ્રભાવથી કોઈક વખતે એવા પ્રકારનો દોહલો ઉત્પન્ન થયો. પોતાના ઘરના આંગણામાં વગર લજ્જાએ ક્રીડા કરતા રાજકુમારને દેખી મનોરથ ઉત્પન્ન થયો-આ કુમારનું કાલખંડમાંસ-કાળજું ખાઉં તો જ જીવીશ, નહિતર મૃત્યુ પામીશ.' 'કપટ કરવું, અનાર્યપણું, હઠાગ્રહ, દુર્જનતા, નિર્દયતા આ દોષો સ્ત્રીઓમાં ગળથુંથીથી હોય છે અર્થાત્ જન્મથી સ્વાભાવિક હોય છે.' જે દોહલો કોઇ રીતે પૂર્ણ કરી શકાય તેવો નથી, કોઈની પાસે પ્રગટ પણ કરી શકાય તેવો નથી-એ પ્રમાણે હંમેશાં ખેદ પામતી તે અત્યંત દુર્બલ-કૃશ અંગવાળી બની ગઈ.

પોતાની પ્રિયાની આવી વિષમ સ્થિતિ દેખીને પ્રભાકર મહાઆગ્રહથી દુર્બળ કાયા થવાનું કારણ પૂછ્યું. નમણાં નેત્ર કરીને ઘવાયાં હૃદયવાળી પત્નીને પોતાનો અશુભ દોહદ પ્રગટ કર્યો - એટલે પ્રભાકરે કહ્યું, 'હે પ્રિયા ! તું ફોગટ મનમાં દુઃખ ન લાવ, તારા દોહલાને અવશ્ય હું પૂર્ણ કરીશ. હે આર્યે ! કાર્ય કરવાની દૃઢ ઇચ્છાવાળાને આ કાર્યની શી વિસાત છે ? એકાંતમાં કુમારને ગુપ્ત સ્થાનમાં છૂપાવીને પરમ આદરપૂર્વક કોઈક બીજાનું સારી રીતે સંસ્કારિત કરેલું તૈયાર માંસ ખાવા આપ્યું. ક્ષણવારમાં આનંદ અને કલ્યાણ પામેલી અતિહર્ષવાળી બનેલી તે ગર્ભ ધારણ કરવા લાગી.

ભોજન-સમયે રાજાએ કુમારની તપાસ કરાવી. એકદમ દરેક જગાએ શોધવા છતાં ન દેખાયો કે ન કોઇ સમાચાર મળ્યાં. રાજા ભોજન કરતો નથી અને બોલવા લાગ્યો કે, 'યમરાજાએ કોના તરફ નજર કરી છે કે શેષનાગના ફણાના મણિને ગ્રહણ કરવા માફક મારા પુત્રને લઈ ગયો.' આ વાત નગરમાં ચારે બાજુ ફેલાઈ ગઇ અને રતિવિલાસાએ પણ સાંભળી અને લાંબો વિચાર કરવા લાગી કે, માંસ ખાવાનું મનોરથનું આ પરિણામ આવ્યું.

અરે રે ! ખરેખર હું હણાઇ ગઇ, મને ધિક્કાર થાઓ કે, આવું અધમ કાર્ય મેં કર્યું, મને જીવવાથી સર્યું, મારા સ્વામી જીવતા રહો, મને જેમ ગર્ભ વહાલો છે, તેમ રાજાને પોતાનો બાળક વિશે, વહાલો લાગે. શાકિની મફક લક્ષણવંતા કુમારનું ભક્ષ ણ કરી હું મૃત્યુ કેમ ન પામી ? શું જન્મનાર બાળક શાશ્વતો જીવતો રહેવાનો છે ? હવે કોઇ પ્રકારે આ હકીકત રાજાના જાણવામાં આવશે, તો મારા પતિનું મૃત્યુ નિવારણ કરનાર કોણ મળશે ? હજુ જેટલામાં મારા પતિની વાત કોઇના જાણવામાં આવી નથી, તેટલામાં

મનોરથ શેઠની સાથે મંત્રણા કરી કંઇક રક્ષણનો ઉપાય કરું.'

ત્યારપછી તરત મનોરથ શેઠના ઘરે જઇને જે પ્રમાણે હકીકત બની હતી, તે પ્રમાણે તેની આગળ નિવેદન કરી. શેઠે કહ્યું કે, તે આવું અકાર્ય કેમ કર્યું ? પ્રભાકરના પ્રાણોને તેં ખરેખર હોડમાં મૂક્યા. તો પણ ધૈર્ય ધારણ કરીને નિરાંતે તારા ઘરે જા, હું કોઇ પ્રકારે ગમે તેમ કરી તેનો પ્રતિકાર કરાવીશ.' રતિવિલાસા પોતાના મહેલે જઈ વિચારવા લાગી કે, આ શેઠ મારા પતિનું રક્ષણ કરશે, તો પોતાનું મૃત્યુ થશે. અને બિનગુનેગારનું મૃત્યુ થાય, તે તો બહુ જ ખોટું ગણાય. એમ વિચારી જેટલામાં શેઠ રાજા પાસે પહોંચ્યા નથી, તેટલામાં રતિવિલાસા પોતે રાજા પાસે પહોંચી વિનંતિ કરવા લાગી કે, કોણે છળ-પ્રપંચથી આ કુમારનું અપહરણ કર્યું ? એવા પ્રકારના વિચારો અંતઃકરણમાં આપ ન કરશો. મેં જ પાપિણીએ આ કુમારનું વધનું પાપ કોઇ કારણથી કર્યું છે, માટે મારા જ પ્રાણનો સ્વીકાર કરો. 'ક્યારે ? કઇ જગો પર ? કેવી રીતે ?' એમ જ્યાં રાજા પૂછતો હતો, એટલામાં મનોરથ શેઠે ત્યાં આવી રાજાને વિનંતિ કરી કે, 'હે દેવ ! મારા મહેલ ઉપર કુમાર ક્રીડા કરતો હતો, ત્યારે મારા પુત્રે દાદર પરથી ધક્કો માર્યો અને ભૂમિ પર પડીને મૃત્યુ પામ્યો.'

'તે વખતે ભયથી આપને આ વૃત્તાન્ત ન કહ્યો, અત્યારે તમારા દુઃખથી હું કહું છું. મારા પ્રાણની હાનિ કરવામાં આપ શંકા ન કરશો. આપને જે યોગ્ય લાગે તે મને શિક્ષા કરવા આપ અધિકારી છો.' તે જ વખતે ત્યાં પ્રભાકર પણ આવી પહોંચ્યો. જ્યારે તેઓ બંને પોતાનો અપરાધ કહેતા હતા અને વિનંતિ કરી કે, કુમારને અમે મારી નાખ્યો છે, ત્યારે પ્રભાકરે વિનંતિ કરી કે, 'કુમારને મેં મારી નાખ્યો છે. મારી પ્રિયાના ગર્ભના પ્રભાવથી કુમારનું માંસ ખાવનો દોહલો થયો અને મેં પાપીએ તેનો દોહલો પૂર્ણ કર્યો. આવું અકાર્ય કરવાથી હું તમારો મિત્ર કે બ્રાહ્મણ કેમ ગણાઇ શકું ? મારી નિષ્ઠા વિષ્ટામાં પલટાઇ ગઈ. હવે તમે શિક્ષા કરવામાં વિલંબ ન કરો. આ શેઠ તો ઉત્તમ સજ્જન છે કે, જે આડી-અવળી વાત કરીને પોતા પર ગુન્હો વહોરી લે છે. રાજકુમારની હત્યા મેં જ કરી છે.'

ચિત્રામણ સરખો સ્થિર બનેલો રાજા જેટલામાં આ ત્રણે તરફ જુએ છે, તેટલામાં પ્રભાકરે કહ્યું. 'હવે આપ આ વિષયની શંકા દૂર કરો. બાલહત્યા કરનાર બ્રાહ્મણ એવા મને પ્રાયશ્ચિત્ત પણ શુદ્ધ કરે તેમ નથી. હે રાજન્ ! એમ પણ કંઇ જણાતું હોય તો પણ હું બીજું કેમ કરું ? અહિં હું જ ગુનેગાર છું પણ અહિં પુત્રને મેં સ્વર્ગસ્થ કર્યો છે' આ વિષયમાં તેણે સોગન આપીને રાજાને સ્થિર કર્યા. હવે રાજાએ કહ્યુ કે, 'કદાચ તેમ થયું હોય તો પણ હે મિત્ર ! હું તારો અપરાધ ગણતો નથી અને આ અપરાધની હું તને ક્ષમા

આપું છું.'

"સ્ત્રી, મિત્ર, ભાર્યા, બુદ્ધિ, ધન અને આત્માની આપત્તિરૂપ કસોટીના સમયે પુરુષ તેના સારાપણાની પરીક્ષા કરી શકે છે." આ રાજશબ્દ ખરેખર ચંદ્રની સાથે યથાર્થ ઘટી શકે છે કે, જે કલંક સરખા પણ આશ્રિત હરણનો ત્યાગ કરતો નથી. ફરી રાજાએ કહ્યું કે, 'નિર્જન વનમાં મરેલા સરખા મને તૃષા લાગી હતી, તે સમયે જીવિતદાન સરખું તેં આમળું આપ્યું હતું, તે હું ભૂલ્યો નથી. હે છત્રાતિચ્છત્ર મૈત્રીવાળા તે વખતે તરત મૃત્યુ પામ્યો હોત તો આ રાજ્ય પણ કોણ ભોગવતે / માટે આ સર્વ તારું જ છે.' તે સમયે પ્રભાકરે કહ્યુ કે, 'હે દેવ ! જો તત્ત્વથી એમ જ હોય, તો મારે ત્યાં ભોજન માટે પધારવાની કૃપા કરો.' રાજાએ તે વાતનો સ્વીકાર કર્યો. પ્રાતઃકાલે પ્રભાકર પુરોહિતે નગરલોકો અને પરિવાર સાથે રાજાની પોતાના ઘરે પધરામણી કરાવી.

આમંત્રિત કરેલા રાજાને રત્નસિંહાસનપર વિરાજમાન કરી ચંદનાદિથી સત્કાર કરી સ્વાદિષ્ટ ભોજન પીરસીને દરેકને જમાડ્યા. સમગ્ર નગરજનોને અલંકાર તથા વસ્ત્રોની પહેરામણી આપીને તે કુમારને સમર્પણ કર્યો. રાજાના ખોળામાં બેસાડી માણેક, મોતી, રત્નો વગેરે રાજા આગળ ભેટ ધર્યાં. તે સમયે રાજનું મુખ શ્યામ થઈ ગયું અને નીચી નજર કરવા લાગ્યો, એટલે લોકોએ પૂછ્યું કે, 'હે પ્રભુ ! હર્ષસ્થાને આપ શોક કેમ કરો છો?'

રાજાએ કહ્યું કે, મને શરમ અત્યંત પીડા કરે છે. અત્યારે હું વિલખો બની ગયો છું, જેથી બોલવા માટે અસમર્થ છું. સમગ્ર પૃથ્વી પર જેનું મૂલ્ય ન બની શકે તેવું જેનું એક પ્રાણ અર્પણ કરનાર આમળાંનું મૂલ્ય કૃતઘ્ન બનેલા એવા મેં કુમારના મૂલ્યની કક્ષાએ ગણાવ્યું. ખરેખર વિધાતાએ અમૃત માફક પ્રભાકરને પરોપકાર માટે જ ઘડ્યો છે.

"[1]રત્ન-દીપક સરખા ઉત્તમપુરુષો સ્નેહની, પાત્રની કે દશાન્તરની અપેક્ષા રાખતા નથી. તેઓ હંમેશાં લોકોના પરોપકાર કરવામાં તલ્લીન રહેનારા હોય છે." આ પ્રમાણે સર્વ સ્વસ્થ બનેલાં હોવાથી તારા સોગન ખોટા નથી બન્યા. હે પ્રભાકર ! ઠીક ઠીક, તેં આ પ્રમાણે શા માટે કર્યું ? એમ રાજાએ પૂછ્યું, ત્યારે પિતાજીએ આપેલ શિખામણનો સમગ્ર વૃત્તાન્ત કહ્યો તથા પહેલાં દુષ્ટાશય વગેરે ઉપર કરેલા અત્યંત ઉપકારનો ગેરલાભ થયો અને ઉત્તમ સાથે સંગતિની પરીક્ષા કરવા માટે હું અહિં આવ્યો. 'ઉત્તમ સાથે સંસર્ગ કરવો' એ વિષયમાં અત્યંત સ્થિર બનેલા તે ડાહ્યાપુરુષોનો કાળ પરમપ્રીતિથી પસાર થઈ રહેલો હતો. પ્રભાકરકથા સંપૂર્ણ.

---

૧. શબ્દશ્લેષાલંકાર હોવાથી રત્નદીપક પણ તેલ, દીવેટ, કે પાત્ર (કોડિયા)ની અપેક્ષા રાખતો નથી.

આ પ્રમાણે દોષ અને ગુણની પ્રધાનતાવાળા પુરુષોનો સમાગમ કરનાર પ્રાણીઓને નુકસાન અને ફાયદા નક્કી થાય છે, તેથી હે મૃગ સમાન નેત્રવાળી પ્રિયાઓ ! તમારી સ્નેહદૃષ્ટિથી લગાર પણ ચલાયમાન થયા સિવાય હું દોષોના એક સ્થાનરૂપ તમારો ત્યાગ કરીને શિવરમણીના સ્નેહાર્પણના સાક્ષીભૂત એવા સદ્‌ગુરુનો આશ્રય કરી દીક્ષા લેવાની અભિલાષાવાળો થયો છું.

હે માતાજી અને પિતાજી ! કાન્તાઓ ! અને હે પ્રભવ ! સવારે હું દીક્ષા ગ્રહણ કરીશ, ત્યારે તમે શું કરશો ? તે કહો. અંગારદાહક, મધુબિન્દુ વગેરે સુન્દર દૃષ્ટાન્તોથી તમને સત્ય સ્વહિત સમજાવ્યું. આવા પ્રકારના વિષય-સુખથી હવે આપણને સર્યું. જેમ ખારા જળથી લવણસમુદ્ર ભરપૂર છે, તેમ અસંખ્યાતાં શારીરિક અને માનસિક દુઃખોથી ભરેલો આ ભવ છે. મધ ચોપડેલ તરવારની ધાર ચાટવા સરખું આ વિષયસુખ છે. તેમાં જે કોઇને સુખનો ભ્રમ થાય છે, તે સુંદર નથી, કહ્યું છે કે :- 'તેવા પ્રકારની બુદ્ધિ હોય તો નાશ થશો, તેવા પ્રકારનું શાસ્ત્રહોય તો તેના ઉપર વજ્ર પડજો, તેવા પ્રકારના ઉછળતા ગુણો હોય તો ભયંકર જ્વાલાવાળા અગ્નિમાં પ્રવેશ પામો કે, જેનાથી ફરી સ્ત્રીના ગર્ભાવાસ અને નરકાવાસની વ્યથા થાય.'

આ પ્રમાણે અવધિ વગરના દુઃસહ દુઃખવાળા સંસારમાં વાસ્તવિક સુખનો છાંટો પણ નથી. જો તમે સુખની અભિલાષાવાળા હો, તો મારી સાથે આજે વિરતિ ગ્રહણ કરવાની ઇચ્છા રાખો. ત્યારપછી અશ્રુ-પ્રવાહથી છલકાતી આંખોવાળા માતા-પિતા અને પ્રિયાઓએ કહ્યું કે-'વાત બરાબર છે, અમે પણ સાથે જ દીક્ષા અગીંકાર કરીશું.'

ઉપશાન્ત બનેલી કાન્તાઓ કહેવા લાગી કે, ''અમે જે કંઈ પણ તમને વધારે પડતું કહ્યું, તે વિરહના દુઃખ અને પ્રેમથી કહ્યું છે, તેમાં જે કંઈ અનુચિત કહેવાયું હોય, તેની ક્ષમા માગીએ છીએ."

પ્રભવ પણ આજ્ઞા લઇને એમ કહીને પલ્લીમાં ગયો કે, 'હું પણ મારું કેટલુંક કાર્ય પતાવીને એકદમ પાછો આવું છું, અને તમારી સાથે દીક્ષા અંગીકાર કરીશું.'

શુભ મુહૂર્તના યોગ્ય-સમયે સર્વાંગ ઉત્તમ જાતિનાં આભૂષણો ધારણ કરીને શિબિકામાં બેસીને માતા-પિતા સાથે પ્રયાણ કર્યું. તે આઠે કાન્તાઓ પણ પોતાના માતા-પિતાના ઘરેથી મહાઆડંબર અને ઋદ્ધિ સાથે શિબિકારૂઢ થઇને આવી પહોંચી. તે સર્વની સાથે જંબૂકુમાર અનુસરાતા તેમ જ અનાદૃત દેવતાએ જાતે આવી સર્વ ઋદ્ધિ વિકુર્વી, ઉપર ધરેલ છત્રવાળા, શ્વેત ચામરોથી વીંજાતા, નમન અને નૃત્ય કરતી નારીઓથી યશોગાન કરાતા, બન્દીજનોથી પ્રશંસા કરાતા, ખેચરો વડે પુષ્પવૃષ્ટિ કરાતા, વાજિંત્રોના શબ્દોથી આકાશ ભરી દેતા

જંબૂકુમાર દીક્ષા માટે ઉદ્યાનમાં ગયા.

પાંચમા ગણધર સુધર્માસ્વામીએ પરિવાર સહિત જેને પવિત્ર પ્રવ્રજ્યા આપી છે, એવા તે ઉગ્રવિહારી મહામુનિ થયા.

સમસ્ત શ્રુત અને અર્થ ભણેલા, ઉત્તમ કીર્તિને વિસ્તારતા, છત્રીશ ગુણોને ધારણ કરતા એવા તેમને ગુરુએ ત્રીજા આચાર્યપદ ઉપર સ્થાપન કર્યા. લોકાલોક પ્રકાશિત કરનાર એવા શ્રેષ્ઠ કેવલજ્ઞાનને ધારણ કરનાર સુધર્માસ્વામી નિર્વાણ પામ્યા પછી સંઘની ધુરાને વહન કરનાર એવા જંબૂસ્વામીએ પોતાની પાટે પ્રભવસ્વામીને સ્થાપન કરીને આ અવસર્પિણી કાળમાં છેલ્લા કેવલી શ્રી જંબૂસ્વામી ગુરુ મુક્તિ પામ્યા. તેમનું ચરમ કેવલીપણું આ ગાથાથી જાણવું.

જંબૂસ્વામી નિર્વાણ પામ્યા પછી મનઃપર્યવ જ્ઞાન, પરમાવધિ, આહારક શરીર, ક્ષપક અને ઉપશમશ્રેણિ, જિનકલ્પ, ત્રણ સંયમ, કેવલજ્ઞાન અને નિર્વાણ આટલી વસ્તુઓ વિચ્છેદ પામી. અર્થાત્ જંબૂસ્વામી મોક્ષ ગયા પછી ઉપર જણાવેલી વસ્તુઓ પણ બંધ થઇ. છતું ધન, અને વિષયો સ્વાધીન હોવા છતાં તે સર્વનો ત્યાગ કરી જંબૂસ્વામી મહાસાધુ થયા, તેમને હું પ્રણામ કરું છું. તેવા ત્યાગીને દેખીને તેવા લૂંટારા-ચોર વિરતિ પામ્યા તે પ્રભવસ્વામીને પણ હું વંદન કરું છું.

**શ્રી જંબૂસ્વામી ચરિત્ર સંપૂર્ણ.**

પ્રભુ મહાવીરના હસ્તદીક્ષિત શિષ્ય શ્રી ધર્મદાસગણીએ પોતાના પુત્ર રણસિંહને પ્રતિબોધ કરવા માટે રચેલ શ્રી ઉપદેશમાલા (પ્રાકૃત)ની આચાર્ય શ્રી રત્નપ્રભસૂરિએ રચેલી દોઘટ્ટી નામની ટીકામાંથી ઉદ્ધૃત પ્રા. જંબૂસ્વામી ચરિત્રનો પ. પૂ. આગમોદ્ધારક આચાર્ય શ્રી આનંદસાગરસૂરીશ્વરજીના શિષ્ય આ. શ્રી હેમસાગરસૂરિએ કરેલ ગૂર્જરાનુવાદ પૂર્ણ થયો.

[વિ. સં. ૨૦૨૬ ભાદરવા વદિ ૯ બુધવાર, તા. ૨૩-૯-૭૦, દાદર, જ્ઞાનમંદિર મુંબઈ-નં. ૨૮.]

લુંટારો લૂંટ કરવા આવેલો હતો, તે પ્રભવ ચોર ક્ષણવારમાં પ્રતિબોધ પામ્યો, તે આશ્ચર્ય ગણાય; તે આશ્ચર્ય નથી, પરંતુ અત્યંત ક્રૂરકર્મ કરનાર હોવા છતાં પણ ચિલાતીપુત્ર વગેરે પ્રતિબોધ પામ્યા, તે કહે છે :-

**दीसंति परमघोरा वि, पवरधम्म-प्पभाव-पडिबुद्धा ।**
**जह सो चिलाइपुत्तो, पडिबुद्धो सुंसुमाणाए ।।३८।।**

અતિશય ભયંકર એવા ક્રૂર પ્રાણીઓ પણ જિનેશ્વર ભગવંતે બતાવેલા ઉત્તમ ધર્મના પ્રભાવથી જેની મિથ્યાત્વની નિદ્રા ચાલી ગઈ છે, એવા પ્રાણીઓ પ્રતિબોધ પામ્યા, જેમ કે સુંસુમાના દૃષ્ટાન્તથી ચિલાતીપુત્ર પ્રતિબોધ પામ્યો. સુંસુમાનું ઉદાહરણ આ પ્રમાણે -

## ૫૨. ચિલાતીપુત્ર સુંસુમાનું ઉદાહરણ -

જેની ચારે બાજુ ઉંચો વિશાળ કિલ્લો વીંટળાએલ છે, લોકો ન્યાય-નીતિથી વર્તના છે, એવું ક્ષિતિ-પ્રતિષ્ઠિત નામનું નગર હતું. જ્યાં શશી (ચંદ્ર) દોષાકર (રાત્રિનો કરનાર), શશાંક (સસલાના ચિહ્નવાળો) કલંકસહિત અને વક્ર હતો, લોકો દોષોના આકર ન હતા, કલંક રહિત હતા, સરલ હતા, શ્રીમંતો સુખી અને પરોપકારી હતા.

તે નગરમાં શ્રુત-જાતિમદ કરવામાંમત્ત, જિનશાસનની લઘુતા કરવામાં આસક્ત, યજ્ઞદેવ નામનો બ્રાહ્મણ વસતો હતો. 'જે કોઇ મારી સાથે વાદ કરતાં જિતે, તેનો હું નક્કી શિષ્ય થાઉં.' - એમ પ્રતિજ્ઞા કરી વાદવિવાદ કરતો હતો.

એક વખત એક નાના સાધુ સાથે વિવાદ કરતાં તે હારી ગયો. સાધુ પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી, સારા ગીતાર્થ સાધુના સમાગમથી ધર્મ પરિણમ્યો. પરંતુ મનમાંથી લગાર પણ બ્રાહ્મણજાતિનું અભિમાન ઓછું કરતો નથી. પૂર્વના ગાઢ પ્રેમાનુરાગવાળી તેની ભાર્યા તેની પાસે પ્રવ્રજ્યાનો પરિત્યાગ કરાવવા ઇચ્છતી હતી. વૃદ્ધિ પામતા અતિશય મોહવાળી તે પાપિણી પત્નીએ કામણયોગવાળી ભિક્ષા તૈયાર કરી અને ગોચરી માટે તેના ઘરે આવેલા તે સાધુને ભિક્ષા વહોરાવી. પેલો સાધુ સમાધિપૂર્વક કાળધર્મ પામી સૌધર્મદેવ થયો. તેની ભાર્યાને અત્યંત વૈરાગ્ય થયો, એટલે પોતાનો વૃત્તાન્ત ગુરુને નિવેદન કરી દીક્ષા અંગીકાર કરી. માયાના કારણે દેવી થઈ.

પેલો સૌધર્મદેવ ત્યાંથી ચ્યવીને રાજગૃહનગરમાં ધનશેઠના ઘરમાં પૂર્વના બ્રાહ્મણ જાતિ-મદના કારણે ચિલાતી નામની દાસીનો પુત્ર થયો. લોકોએ તેનું ચિલાતીપુત્ર એવું બીજું ગૌણ નામ પાડ્યું. પેલી પણ ત્યાંથી ચ્યવીને ધનશેઠની ભાર્યાની કુક્ષીએ પાંચ પુત્રો ઉપર પુત્રી થઇ અને સુંસુમા એવું તેનું નામ સ્થાપન કર્યું. તે બાળકીને સાચવવા-રમાડવા માટે ચિલાતીપુત્રને સેવક તરીકે રાખ્યો. પરંતુ અતિશય કજિયા કરનાર અને ખરાબ ચાલનો હોવાથી ધનશેઠે તેને પોતાના મહાઋદ્ધિવળા ઘરેથી હાંકી કાઢ્યો. જંગલમાં પલ્લીપતિને ત્યાં સાહસિક હોવાથી વડેરો થયો. પલ્લીપતિ મૃત્યુ પામ્યા પછી તેના સ્થાને તે ચોરોએ તેને સ્થાપ્યો.

એક અવસરે ચોરોને તેણે કહ્યું કે, 'રાજગૃહમાં ધન નામનો સાર્થવાહ છે. તેને સુંસુમા

નામની પુત્રી છે, તેને ત્યાં ધન પણ પુષ્કળ છે. ધન તમારે લેવું અને સુંસુમા મારે ગ્રહણ કરવી. આજે આપણે ત્યાં ધાડ પાડવા જઈએ.' ચોરોએ એ વાતનો સ્વીકાર કર્યો અને તેઓ રાજગૃહમાં ગયા. અવસ્વાપિની નિદ્રા આપીને તરત તેઓએ ગૃહમાં પ્રવેશ કર્યો. ત્યારપછી ચોરપતિ ચિલાતીપુત્રે શેઠને હાકલ કરી કે, 'પાછળથી કદાચ તું એમ કહે કે અમને ન જણાવ્યું. હું ચોરી કરું છું, માટે તમો પુરુષાર્થ ફોરવજો.' ત્યારપછી સાક્ષાત્ તેઓના દેખતાં જ ચોરવા લાયક ધન-માલ અને ગુણરત્નના ભંડારરૂપ સુંસુમા પુત્રીને ગ્રહણ કરીને બહાર નીકળી ગયા.

ઇચ્છિત પદાર્થ પ્રાપ્ત કરીને ખુશમનવાળો તે પોતાના સ્થાન તરફ પ્રયાણ કરવા લાગ્યો. સૂર્યોદય થયો એટલે પાંચ પુત્રો સહિત મજબૂત કવચ બાંધીને રાજાના સુભટોથી પરિવરેલો તે ધનશેઠ પુત્રીના સ્નેહથી એકદમ તેના પગલે પગલે પાછળ જવા લાગ્યો. ધનશેઠે રાજસુભટોને કહ્યું કે, 'મારી પુત્રીને પાછી વાળી લાવો, તો સર્વ ધન તમારું' એમ કહ્યું એટલે રાજસુભટો દોડવા લાગ્યા. પાછળ સુભટોને આવતા દેખીને ધન મૂકીને ચોરો ચાલી ગયા. સુભટો ધન લઇને જેવા આવ્યા હતા, તેવા પાછા વળી ગયા.

હવે પાંચે પુત્રો સહિત ધન શેઠને પાછળ આવ. દેખીને ચોર હવે તેને ઉચકી શકવાને-વહન કરવા માટે અસમર્થ થયો એટલે તે મૂઢ ચિલાતીપુત્ર તે કન્યાનું મસ્તક છેદીને સુખ-પૂર્વક દોડવા લાગ્યો. પુત્ર-સહિત પિતા વિલખા બની ગયા. શોક-સહિત પાછા ફરવા લાગ્યા. (૨૫) પૂર્વભવમાં સ્નેહાનુરાગથી કામણ આપીને ન મરાયો હતો. આ ભવમાં તેનાથી સર્વ વિપરીત આવી પડ્યું. આ સર્વ ઇન્દ્રજાળ સરખું અને દૈવના વિલાસ સ્વરૂપવાળું છે, ચિત્તના ચિંતાચક્ર ઉપર ચડીને ચિંતવે છે અને તે પ્રમાણે નાટક કરે છે. મિત્ર, શત્રુ, દુ:ખી, સુખી, રાજા, રંક એમ સંસારમાં જીવ વિવિધ ભાવો અનુભવે છે.

જ્યારે દૈવ-ભાગ્ય પ્રતિકૂળ થાય છે, ત્યારે પ્રગટ માતા પણ પ્રપંચ કરનારી થાય છે, પિતા પણ સંકટ પમાડનાર થાય છે, ભ્રાતા પણ પ્રાણઘાતક નિવડે છે અને વિધિ અનુકૂલ થાય છે, ત્યારે ભયંકર કાળો સર્પ પણ શ્રેષ્ઠ સુગંધવાળા કમળની માળા બની જાય છે અને શત્રુ પણ ગમે ત્યાંથી આવી મિત્ર બની જાય છે. (૩૦) આ દુર્દૈવે અત્યારે આફતને કેવા નચાવ્યા છે કે અત્યારે દુ:ખી અને મરણ અવસ્થાએ પહોંચાડ્યા છે. આ જંગલમાં આપણે ક્ષુધા અવસ્થામાં અત્યારે શું કરવું ? તેની સૂઝ પડતી નથી. આપણા વંશનો ઉચ્છેદ ન થાય, હું પણ જર્જરિત દેહવાળો મરણ અવસ્થાએ પહોંચેલો છું - એ પ્રમાણે પિતાએ પુત્રને કહ્યું કે, 'મારા દેહનો આહાર કરી આ સંકટનો પાર પામો.' એમ બાકીના પુત્રોએ પણ તેમ કહ્યું, પણ કોઈની વાત માન્ય ન થઈ. એટલામાં વિચાર્યું કે, સુંસુમા તો મૃત્યુ પામી ગઇ છે,

માટે તેના દેહને રાગ-દ્વેષ રહિત ભાવથી ભોજન કરી જીવન ટકાવવું અને આપત્તિનો પાર પામવો. જિનેશ્વરોએ મુનિઓને આ ઉપમાએ આહાર કરવાનો કહેલો છે. ભૂખનું સંકટ નિવારણ કરી ફરી સુખના ભાજન બન્યા.

હવે સુંસુમાનું મસ્તક હાથમાં રાખી અટવીમાં ભ્રમણ કરતાં કાઉસ્સગ્ગ કરતાં એક હાસત્ત્વ મુનિવરને દેખ્યા. ચિલાતીપુત્રે તે મુનિને કહ્યું કે - 'હે મહામુનિ ! મને સંક્ષેપથી ધર્મ કહો, નહિંતર તમારું પણ મસ્તક વૃક્ષ પરથી ફળ તોડાય તેમ આ તરવારથી હણી નાખીશ. 'ઉવસમ-વિવેય-સંવર' એ ત્રણ પદો વડે મુનિએ ધર્મ કહ્યો. તે પદો બોલીને જેટલામાં તે જાય છે, ત્યારે આ વિચારવા લાગ્યો. 'અહો ! મહાનુભાવ ધર્મધ્યાન કરતા હતા, તેમાં મેં અંતરાય કરી ધર્મ પૂછ્યો, તો હવે આ ધર્મપદોના અર્થો કયા હશે ?' 'ક્રોધનો નિગ્રહ કરવો-કબજે રાખવો, તે ઉપશમ. હું ક્રોધ કરનાર થયો માટે હવે મેં સર્વથા ક્રોધનો ત્યાગ કર્યો.'

બીજું વિવેક પદ છે, તેનો અર્થ ત્યાગ એમ જાણ્યો. તો તે અર્થને વિચારતાં તેણે ખડ્ગ અને સુંસુમાનાં મસ્તકનો ત્યાગ કર્યો. જ્યાં સુધી આ જીવ હણે છે, વેદે છે, ક્રિયા કરે છે, ત્યાં સુધી તે કર્મ બાંધનાર ગણેલો છે, તેથી સંવર પદનો અર્થ જાણીને તે કાઉસ્સગ્ગ ધ્યાનમાં સ્થિર ઉભો રહ્યો. ફરી ફરી નાસિકાના અગ્ર ભાગ ઉપર દૃષ્ટિ સ્થાપન કરીને મેરુપર્વત માફક અતિનિશ્ચલ-અડોલ બની ત્રણે પદો વિચારવા-ભાવવા લાગ્યો. પોતે મસ્તક કાપેલ હોવાથી શરીરે લોહીથી ખરડાએલો હોવાથી લોહીની ગંધમાં લુબ્ધ બનેલી તીક્ષ્ણ વજ્રના અગ્રભાગ માફક પ્રચંડ મુખવાળી ધીમેલ-કીડીઓ શરીરની સર્વ બાજુથી ભક્ષણ કરવાલાગી. તે માટે કહેવાય છે કે - 'પગથી માંડીને મસ્તક સુધીના આખા દેહને કીડીઓએ ભક્ષણ કરીને ચાલણી સમાન કાણાં કાણાંવાળો કરી નાખ્યો, તો પણ ઉપસમ-વિવેક-સંવરરૂપ આત્મધ્યાનમાંથી ચલાયમાન ન થયો. કીડીઓએ તીક્ષ્ણ મુખથી તે મુનિના આખા શરીરમાં ભક્ષણ કરીને જે છિદ્રો પાડેલાં હતાં, તે સમગ્ર પાપોને બહાર નીકળવા માટે જાણે લાંબા દ્વારો ન હોય તેમ શોભતાં હતાં. અઢી દિવસ સુધી ચારિત્ર ધનવાળા તે મહાત્મા બુદ્ધિશાળી મુનિ ઉત્તમાર્થની અંતિમ સુંદર આરાધના કરીને સહસ્રાર નામના દેવલોકમાં ગયા. (૪૫)

**સુંસુમા-ચિલાતિપુત્ર કથા સંપૂર્ણ થઇ. (૩૮)**

પ્રતિજ્ઞા નિર્વાહ કરનાર મહાસાહસિક ચિલાતીપુત્રનો અધિકાર કહીને બીજા પણ તેવા તપસ્વીનો અધિકાર કહે છે :-

**पुप्फिय-फलिए तह, पिउघरम्मि तण्हा-छुहा-समणुबद्धा ।**
**ढंढेण तहा विसढा, विसढा जह सफलया जाया ।।३९।।**

પુષ્પિત એટલે સમગ્ર ભોગ-સામગ્રી-સહિત અને ફલિત એટલે ખાન-પાન આદિ ભોગ-સંપત્તિ-યુક્ત પિતાજી કૃષ્ણનું ઘર હોવા છતાં તે સર્વનો ત્યાગ કરીને સ્વેચ્છાએ કર્મ ખપાવવા માટે ઢંઢણકુમારે નિષ્કપટ ભાવથી અલાભ-પરિષહ સહન કરીને ભૂખ-તરશ લાગલાગટ સહન કર્યાં, તે સફળતાને પામ્યા. એટલે તેમને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. તેની કથા આ પ્રમાણે જાણવી -

## ૫૩. ઢંઢણકુમારની કથા -

ઇન્દ્રની આજ્ઞાથી કુબેરે નિર્માણ કરેલી મણિ-કંચનના બનાવેલા મનોહર મહેલોવાળી દ્વારવતી-મહાદ્વારિકા નામની નગરી હતી. જે નગરીમાં, સુર-સેનાને આનંદ પમાડનાર, મોટાં કમળોને આધીન જયલક્ષ્મીવાળો, સુરપતિ તરફ વિજયપ્રયાણ કર્યું હોય, તેવો સરોવરનો સમૂહ શોભે છે. જે નગરીની સમીપમાં, નેમિજિનનાં કલ્યાણકોથી શ્રેષ્ઠ, ક્રીડાપર્વતરૂપ ઉજ્જયંત (ગિરનાર) ગિરિ શોભે છે.

તે નગરીના અને ભરતાર્ધના ભૂષણ દશાર્હના સિંહ એવા કૃષ્ણ નામના રાજા હતા. તેમને ઢંઢણ નામનો એક પુત્ર હતો, કામદેવથી અધિક રૂપવાળા, કળાસમૂહનો પાર પામેલા, નવી લાવણ્યને વરેલા, ઉદાર શણગાર સજેલા એવા કુમારે ખામી વગરનાં પ્રચંડ તાજા યૌવનયુક્ત ગુણવતી અનેક તરુણીઓ સાથે વિવાહ કરીને તેમની સાથે વિષયસુખ અનુભવતો તે ઢંઢણકુમાર આનંદમાં કાળ પસાર કરતો હતો.

કોઈક સમયે સમગ્ર પ્રાણીવર્ગને પોતાની દેશનાથી શાતા કરતા, તેમજ દરેક દિશામાં પોતાની દેહકાંતિથી જાણે કમળ-પ્રકર વેરતા હોય, ૧૮ હજાર શીલાંગ ધરનાર ઉત્તમ સાધુઓના પરિવારવાળા ઉત્તમ ધર્મધારીઓના હિતકારી એવા અરિષ્ટનેમિ ભગવંત ગામ, નગર આદિકમાં ક્રમે ક્રમે વિહાર કરતાં કરતાં દ્વારવતીમાં આવી પહોંચ્યા અને ગિરનારપર્વત ઉપર સમવસર્યા. ભગવંતનું આગમન જાણી હર્ષિત થયેલા કૃષ્ણાદિક રાજાઓ ત્યાં આવ્યા અને પ્રભુને પ્રણામ કરી બેસી ગયા. ભગવંતે અમૃતની નીક સરખી સમ્યક્ત્વ-મૂળ નિર્મલ મૂલ-ઉત્તર ગુણને પ્રકાશિત કરનાર એવી ધર્મકથા ગંભીર વાણીથી કહેવાની શરૂ કરી. તે આ પ્રમાણે -

"જ્યાં સુધીમાં હજુ જરારૂપી કટપૂતની રાક્ષસી સર્વાંગને ગળી નથી ગઈ, જ્યાં સુધીમાં ઉગ્ર નિર્દય રોગ-સર્પે ડંખ નથી માર્યો, ત્યાં સુધીમાં તમારું મન ધર્મમાં સમર્પણ કરીને

આત્મહિતની સાધના કરી લેવી, આજે કરીશ, કાલે કરીશ એવા વાયદા ન કરતાં પ્રમાદ છોડી ધર્મ કરવામાં ઉદ્યમવાળા બનો. કારણ કે, આ જીવ હંમેશાં મૃત્યુ તરફ પ્રયાણ કરી રહેલો છે." આ ચરાચર જગતમાં જીવની દયાવાળો જ ધર્મ સુંદર છે, વળી ઘર, સ્ત્રી, સુરતક્રડા, સંગ વગરના જે હોય, તે ગુરુ કહેવાય.

"વિષય-કષાયનો ત્યાગ કરી નિષ્કામવૃત્તિથી જે દાન આપે છે, તે ચિંતિત ફળ આપનાર ત્રણ રત્ન પ્રાપ્ત કરે છે. દયા કરવી, સત્ય અને પ્રિય વચન બોલવું, કોઈનું વગર આપેલ ગ્રહણ ન કરવું, જગતમાં દુર્જય એવા મદન-કામદેવને હણી નાખો, પરિગ્રહનો સંગ્રહ ન કરવો, કરવા યોગ્ય સુકૃત કરો, તો જરા-મરણને જિતીને તમે શિવ-સુખની પ્રાપ્તિ કરશો."

આ પ્રમાણે જગત્પ્રભુ નેમિનાથ ભગવંતની સુંદર ધર્મદેશના આદરપૂર્વક સાંભળીને ગુણભંડાર એવા ઢંઢણકુમારે પ્રવ્રજ્યા અંગીકાર કરી. હંમેશાં બાર ભાવનાં ભાવતો, શ્રુતનો અભ્યાસ કરતો, વિવિધ પ્રકારના તપનું સેવન કરતો, સર્વજ્ઞ ભગવંતની સાથે વિચરતો હતો. વિચરતાં વિચરતાં ઢંઢણકુમારને પોતાના પૂર્વભવમાં ઉપાર્જન કરેલ અનિષ્ટફળ આપનાર એવું અંતરાયકર્મ ઉદયમાં આવ્યું. તે કર્મના દોષથી જે સાધુની સાથે તે ભિક્ષા ભ્રમણ કરતો હતો, તેની પણ લબ્ધિ હણાતી હતી. ખરેખર બાંધેલાં કર્મો કેવાં ભયંકર ફળ આપનારાં છે. એક અવસરે મુનિઓએ તેના અલાભ વૃત્તાન્તને ભગવંતને જણાવ્યો, એટલે નેમિનાથ ભગવંતે મૂળથી માંડી તેનો વૃત્તાન્ત કહ્યો, તે આ પ્રમાણે -

મગધદેશના મુગુટ સમાન ધાન્યપૂરક નામના ગામમાં બ્રાહ્મણકુલમાં અધિકબળવાળો પારાશર નામનો ખેડૂત હતો. કોઇક વખતે ખેતમજૂરો રાજાના ચંભ ખેડયા પછી ભોજન સમયે થાકી ગએલા ભૂખ્યા થએલા ખેત-મજૂરો અને બળદો પાસે પોતાના ખેતરમાં એક એક ચાસ-ચંભ-ભૂમિ રેખા હળથી કરાવતો હતો, ખેતમજૂરો તે વખતે તે કાર્ય ન કરવાની ઇચ્છાવાળા હોય, તો પણ બળાત્કારથી તરત ખેડાવતો હતો. તે સંબંધી દૃઢ અંતરાયકર્મ તેણે બાંધ્યું હતું. ત્યારપછી પરાણે વેઠ કરાવવાના કારણે તે નરકપૃથ્વીમાં ઉત્પન્ન થયો. ત્યાંથી નીકળીને વિચિત્ર ભેદવાળી તિર્યંચયોનિમાં, દેવભવમાં, મનુષ્યભવોમાં રખડીને સુકૃત કર્મ કરવાના યે સૌરાષ્ટ્ર દેશના ભૂષણ સમાન દ્વારિકામાં કૃષ્ણવાસુદેવના ઢંઢણકુમાર નામના પુત્રપણે ઉત્પન્ન થયો. પોતાના પૂર્વભવથી હકીકત સાંભળીનેતે ઉત્તમમુનિએ પ્રભુની પાસે અભિગ્રહ ગ્રહણ કર્યો કે, 'હવે હું બીજાની લબ્ધિથી મેળવેલ ભિક્ષાનું કદાપિ ભોજન કરીશ નહિં.'

એ પ્રમાણે સુભટની જેમ અલાભ-વૈરીથી પરાભવ નહિં પામેલો હંમેશાં ખેદ પામ્યા

વગરનો ધરાએલા માફક પોતાના દિવસો પસાર કરતો હતો. કોઇક દિવસે કૃષ્ણજીએ ભગવંતને પૂછ્યું કે, 'આટલા સાધુ-સમુદાયમાં કયા સાધુ દુષ્કરકારી છે ? તે મને કહો.' તો ભગવંતે કહ્યું કે, 'હે કૃષ્ણ ! આ સર્વ સાધુઓ દુષ્કરકારી છે, પરંતુ તે સર્વમાં પણ ઢંઢણકુમાર સવિશેષ દુષ્કરકારી છે. ધીરતાવાળા દુસ્સહ અલાભ-પરિગ્રહ સહન કરતા ભાવની ન્યૂનતા કર્યા વગરના એવા તે મુનિનો ઘણો કાળ પસાર થયો. કેવી રીતે ? જ્યારે કોઈને ત્યાં ભિક્ષા માટે પ્રવેશ કરે છે, ત્યારેરાજકુમાર ઢંઢણ મુનિને લોકો કેવાં અપમાન-જનક વચન કહે છે કે - 'અહિં અમારા ઘરમાં કેમ પ્રવેશ કરે છે ? હે મલિન વસ્ત્રવાળા અપવિત્ર ! તું ત્યાં દ્વારમાં જ ઉભો રહે, અમારા ઘરને અપિવત્ર ન કર, આ પાખંડીઓ અમારે ત્યાં દરરોજ આવે છે, જેથી અમને સુખની પ્રાપ્તિ થતી નથી.'

આવાં વચનો ઘરની દાસીઓ સંભળાવે છે, 'અહિં સારા સારા મિષ્ટાન્ન પદાર્થો જોવા માટેઆવે છે ?' કઈના ઘરમાં પ્રવેશ કરતી વખતે ખરેખર ભાગ્યશાળી આત્માઓને આવાં વચનો સાંભળતાં કર્ણામૃત લાગે છે. આ સાંભળી કૃષ્ણજી વિચારે છે કે, 'તે ધન્ય કૃતપુણ્ય પુરુષ છે, જેને જગતના પ્રભુ પણ સ્વયં આ પ્રમાણે વખાણે છે.' એમ ભાવના ભાવતા કૃષ્ણ જેવા આવ્યા હતા, તેવા પાછા ફર્યા.

નગરમાં પ્રવેશ કરતાં દૈવયોગે ઉચ્ચ-નીચ કુળમાં ભિક્ષા માટે ભ્રમણ કરતા તે મહાત્માને દેખ્યા, તો દૂરથી હાથી ઉપરથી નીચે ઉતરી અતિશય ભક્તિપૂર્વક ભૂમિ પર મસ્તક સ્પર્શ થાય, તે પ્રમાણે કૃષ્ણે તે મુનિને વંદના કરી. કૃષ્ણ વડે વંદન કરાતા તે મુનિને ઘરમાં રહેલા એક શેઠે વિસ્મય પામતાં વિચાર્યું કે, ખરેખર આ મહાત્મા ધન્ય છે કે, જેને કૃષ્ણે આવી ભક્તિથી વંદન કર્યું. દેવતાઓને પણ વંદનીય એવા આ મુનિ સવેશેષ વંદન કરવા યોગ્ય છે.

કૃષ્ણ વંદન કરીને જ્યારે ત્યાંથી આગળ ગયા, ત્યારેક્રમે કરીને ભિક્ષા માટે ભ્રમણ કરતા કરતા ઢંઢણકુમાર તે શેઠને ઘરે આવી પહોંચ્યા. એટલે તે શેઠે પરમભક્તિ પૂર્વક સિંહકેસરિયા લાડુના થાળ વડે તે મહાત્માને પ્રતિલાભ્યા, એટલે તે નેમિનાથ ભગવંતના ચરણકમળમાં પહોંચ્યા. ભગવંતને નમસ્કાર કરી કહ્યું કે, હે ભગવંત ! શું મારું અતંરાયકર્મ ક્ષય પામી ગયું ? ભગવંતે કહ્યું કે, 'હજુ આજે પણ તેમાંથી બાકી રહેલું છે. આ તને જે લાડુ પ્રાપ્ત થયા છે, તે તારી લબ્ધિનાં નથી મળ્યા, પણ કૃષ્ણની લબ્ધિથી મળ્યા છે. કૃષ્ણે માર્ગમાં તને વંદન કર્યું, ત્યારે એક શેઠે તને દેખ્યો હતો અને કૃષ્ણને પૂજ્ય હોવાથી આ લાડુ તને આપ્યા.'

આ પ્રમાણે ભગવંતે આ મહાત્માને કહ્યું કે, પારકી લબ્ધિથી તને મળેલા છે. ત્યારપછી

પરઠવા યોગ્ય ભૂમિએ જઇને પોતે તે લાડુને પરઠવવા લાગ્યો. પરઠવતાં પરઠવતાં કર્મના કેવા કડવા વિપાકો હોય છે ? એમ વિચારતાં શુદ્ધ અધ્યવસાયના યોગે તેને તે સમયે કેવલજ્ઞાન પ્રગટ થયું ત્યારપછી કેવલીપર્યાય પાલન કરી, ભવ્યાત્માઓને પ્રતિબોધ કરીને જેને માટે પ્રવ્રજ્યા અંગીકાર કરી હતી, તે મોક્ષપદે પ્રાપ્ત કર્યું.

**ઢંઢણમુનિની કથા પૂર્ણ થઈ. (૩૯)**

આ ઢંઢણમુનિ આહારની અપેક્ષા રાખ્યા વગર કયા કારણથી વિચરતા હતા ? તે કહે છે -

**आहारेसु सुहेसु अ, रम्मावसहेसु कांणणेसुं च ।**
**साहूण नाहिगारो, अहिगारो धम्मकज्जेसु ।।४०।।**

**साहू कांतार-महाभएसु अवि जणवए वि मुइयम्मि ।**
**अवि ते सरीरपीडं, सहंति न लहंति य विरुद्धं ।।४१।।**

**जंतेहि पीलिया वि हु, खंदगसीसा न चेव परिकुविया ।**
**विइय-परमत्थ-सारा, खमंति जे पंडिया हुंति ।।४२।।**

વિશિષ્ટ રસ-સ્વાદવાળા શુભ આહાર વિષે ચ શબ્દથી વસ્ત્ર, પાત્રાદિક સારાં ઉપકરણોમાં, મનોહર ઉપાશ્રયોમાં, સુંદર બગીચાઓમાં સાધુઓને આસક્તિ-મમતા-મૂર્ચ્છા કરવી તેમાં અધિકાર નથી, અધિકાર માત્ર હોય તો તપ, સંયમ સ્વાધ્યાય વગેરે ધર્મકાર્યો કરવાનો અધિકાર છે. કારણ કે, સાધુઓને ધન ગણાતું હોય તો તે ધર્મકાર્યો જ ધન છે. રસ-સ્વાદ વગરના અંત-પ્રાન્ત એવા આહાર ગ્રહણ કરવાના અભિગ્રાહ કરવ, નિર્દોષ શુદ્ધ આહાર-પાણી ગ્રહણ કરવાનો અધિકાર છે. તેથી હરિકુમાર-ઢંઢણકુમાર તે પ્રમાણે વિચર્યા હતા. (૪૦)

સાધુઓ મહાજંગલમાં કે મહાભય સમયે-રાજભયમાં સપડાયા હોય, તો પણ ઋદ્ધિવાળા નિરુપદ્રવ દેશમાં હોય, તેમ ક્ષુધાદિ પીડા-પરિષહ સહન કરે છે, પરંતુ આચાર-વિરુદ્ધ અનેષણીય ગ્રહણ કરતા નથી, કે અભિગ્રહનો ભંગ કરતા નથી. ભગવંત પણ શરીરપીડા સહે છે; માટે સાધુઓને આહારાદિક ઉપર પ્રતિબંધ હોતો નથી, પરંતુ ધર્મકાર્ય વિશે જ પ્રતિબંધ હોય છે. શરીરપીડા ગ્રહણ કરવાથી માનસિક પીડાના સદ્ભાવમાં યતના-પૂર્વક ગ્રહણ કરાતા હોવાથી, ભગવંતની આજ્ઞાકારીપણું હોવાથી તેમાં પ્રતિબંધ જણાવવા માટે શરીરપીડા શબ્દ ગ્રહણ કર્યો છે. (૪૧)

તેથી કરીને ભગવંતે આપત્તિમાં ધર્મની દૃઢતા રાખવાની જણાવી છે. તે દૃઢતા ભગંવતે જેવી રીતે આચરેલી છે, તે દ્વારા જણાવે છે -

યંત્રોથી દૃઢ પીલાવા છતાં સ્કંદકના શિષ્યો બિલકુલ કોપાયમાન પણ ન થયા. જેમણે યથાર્થ પરમાર્થ જાણેલો હોય તેઓ સહન કરે છે, તેઓ પંડિત કહેવાય છે. પ્રાણના નાશમાં પણ પોતે માર્ગથી ચલાયમાન થતા નથી. (૪૨)

ભાવાર્થ કથાનક કહીશું, તે દ્વારા સમજવો -

## ૫૪. સ્કંદકકુમારની કથા -

શ્રાવસ્તિ નગરીમાં જિતશત્રુ રાજા અને ધારિણી નામની રાણી હતી. તેમને ન્યાય-નીતિપૂર્વક અનુસરનાર સ્કંદકકુમાર નામનો પુત્ર હતો. જીવ, અજીવ આદિ તત્ત્વોનો અભ્યાસી અને પદાર્થ-સ્વરૂપ સમજવાથી સ્થિરબુદ્ધિવાળો, જિનપ્રવચનમાં નિષ્ણાત, યોગ્ય સમયનાં ધર્માનુષ્ઠાન આચરનાર હતો. તેને પુરંદરયશા નામની લઘુ બહેન હતી, તે કુંભકારકડા નગરીના સ્વામી દંડકીરાજાને પરણાવી હતી. તે દંડકીરાજાએ કોઇ વખત કાંઇક પ્રયોજન માટે નાસ્તિકવાદી અને દુર્જન બ્રાહ્મણ એવા પાલક નામના મંત્રીને જિતશત્રુ રાજા પાસે મોકલ્યો. જિતશત્રુમહારાજાની રાજસભામાં તે આવ્યો, તે સમયે સભા સાથે અતિપ્રશસ્ત પદાર્થવિષયક ધર્મચર્ચા ચાલતી હતી. ત્યારે નાસ્તિક પાલકમંત્રી પરલોક, પુણ્ય, પાપ, જીવ વગેરે તત્ત્વભૂત પદાર્થોનું ખંડન પર્ષદામાં કરતો હતો, ત્યારે સંકોચ રાખ્યા વગર મુખની વાક્યાતુરીપૂર્વક નય, હેતુ, દૃષ્ટાન્ત, પ્રત્યક્ષ પ્રમાણ આદિથી પદાર્થની સ્થાપના કરીને સ્કંદકકુમારે તેને પ્રશ્નોત્તર કરતો બંધ કર્યો.

જેમ ખજવો ઉદ્યોત કરનાર સૂર્યની પાસે સ્ફુરાયમાન થઈ શકતો નથી, તેમ નાસ્તિકવાદી તે પાલકકુમાર સભામાં ઝંખવાણો પડી ગયો. કેસરિસિંહના બચ્ચાનો ગુંજારવ સાંભળીને હરણિયાઓની જે સ્થિતિ થાય છે, તે પ્રમાણે આ શૂન્ય, મ્લાનમુખવાળો, મૌન અધોમુખ કરીને ઊભો રહ્યો. હવે પર્ષદામાં 'જિનવરનું શાસન જયવંતુ વર્તે છે.' એવી ઉદ્‌ઘોષણા ઉત્પન્ન થઈ. પરાજિત થએલો તેપાપી પાલક પોતાના રાજ્યમાં પાછો ગયો. સંસારરૂપ કેદખાનામાં રહેલો હંમેશાં વૈરાગ્યભાવના ભાવતો સ્કંદકકુમાર વિષયોને ઝેર સરખા માનીને તત્ત્વમાં પોતના ચિત્તને પ્રવર્તાવતકો હતો.

"રે સમર્થ ચિત્ત ! હું વિષયોનો ત્યાગ કેમ કરૂં ? એ વિષયોએ શું કર્યું છે ? આપણું બંનેનું વિરુદ્ધ શ્રદ્ધાન કરાવ્યું છે, તે કેવી રીતે બોલીએ અને કેટલું ગોપવીએ ? આ વિષયો ક્ષણભંગુર, પરિણામે નિસ્સાર અલ્પસુખ આપીને, સજ્જનોને અસાધારણ પરસુખથી

વંચિત કરે છે."

ત્યારપછી શ્રી મુનિસુવ્રતસ્વામી પાસે ૫૦૦ પુરુષો સહિત દીક્ષા અંગીકાર કરીને યશ પ્રાપ્ત કરનાર યતિ થયા. કાલક્રમે તે સૂરિપણું તેમજ પવિત્ર જ્ઞાનભંડાર પામ્યા. ત્યાર પછી પ્રભુએ ૫૦૦ સાધુનો પરિવાર તેને આપ્યો. એક સમયે પ્રભુની આજ્ઞા માગી કે, કુંભારકડ નામના નગરમાં નાનીબહેન પુરંદરયશાને પ્રતિબોધ કરવા માટે વિહાર કરીને જાઉં ?' ત્યારે પ્રભુએ કહ્યું કે, 'ત્યાં તને અને તારા પરિવારને મારણાંતિક ઉપસર્ગ થવાનો છે.' ફરી પ્રણામ કરીને ભગવંતને પૂછે છે કે, 'હે સ્વામી ! અમે આરાધક કે વિરાધક બનીશું ? અથવા તો બીજું શું થશે ?' ત્યારે સ્વામીએ જણાવ્યું કે, 'તને છોડીને બાકીના સાધુઓ આરાધક છે.' 'ભવિતવ્યતાનો નાશ થતો નથી' એમ ધારીને વિચાર્યું કે, 'મારી સહાયતાથી જો સાધુઓ સિદ્ધિ પ્રાપ્ત કરતા હોય, તો તેથી શું ઓછું ગણાય ?' એમ ધારીને તે આચાર્ય કુંભકારકૃત નગરમાં પહોંચ્યા.

જ્યારે સૂરિ વિહાર કરી માર્ગમાં આવતા હતા, ત્યારે પાપી પાલકને તે ખબર પડી. આગળ સ્કંદકકુમારે રાજસભામાં પરાભવ કરેલ, તેનું સ્મરણ થવાના કારણે અતિશય કોપ પામેલા તે પાલકે પ્રથમથીજ ઉતરવાના ઉદ્યાનમાં ગુપ્તપણે ખોદાવીને કેટલાંક શસ્ત્રો દટાવ્યાં. તે જ શ્રેષ્ઠ ઉદ્યાનમાં સૂરિ સુખપૂર્વક ઉતર્યા, તેમને વંદન કરવા માટ દંડકીરાજા નીકળ્યો. તેમને પ્રણામ કરીને આગળ રાજા બેઠો, એટલે આચાર્યે અમૃતપ્રવાહ સરખી ધર્મકથા શરૂ કરી. ઘણા બુદ્ધિધન પુરુષો-પ્રાણીઓ તેમજ રાજા પ્રતિબોધ પામ્યા.

ત્યારપછી ગુરુના ગુણથી મહાઆનંદિત ચિત્તવાળો રાજા નગરની અંદર પહોંચ્યો. હવે પાપી પાલકે એકાંતમાં રાજાના કાન ભંભેર્યા કે, 'હે સ્વામી ! આપની હિતબુદ્ધિથી આપને પરમાર્થની વાત કહેવી છે. આ આચાર્ય નક્કી હવે વ્રતથી ઉદ્વેગ પામીને અહિં આવેલા છે, તેમાં કારણ એ છે કે, 'હે પ્રભુ ! આ પાખંડી અને અતિકપટી તમારૂં રાજ્ય પડાવી લેવા માટે, (૨૫) કપટથી સાધુના લેબાશમાં છે. આપાંચસો સર્વે યોદ્ધાઓ છે. જો તમે ત્યાં જશો, તો નિઃશંકપણે તેઓ તમને શસ્ત્રોથી મારી નાખશે. હે દેવ ! કદાચ આ વાતમાં આપને સંદેહ હોય, તો કોઈકને ત્યાં મોકલીને પૃથ્વીમાં દાટેલા હથિયારોને હું જાતે બતાવીશ.' તે પ્રમાણે કરીને રાજા પાસે તે હથિયારો પ્રગટ કરાવ્યાં.

ન ઘટવા લાયક બનેલી ઘટનાથી રાજા મનમાં ચમક્યો. '"પાણીમાં સુકું પાંદડું ડૂબી જાય, શીલા તરે, અગનિ પણ બાળે, આ સંસારમાં એવું વિધાન નથી કે જે ન સંભવે." સારી વાત પરીક્ષા કર્યા વગર, ઘણે ભાગે પહેલાંનું પુણ્ય ઘટી ગયું હોવાથી તે પાલકમંત્રીને જ તેઓને શિક્ષા કરવા માટે આજ્ઞા આપી. (૩૦) આ પ્રમાણે પાપિષ્ટ દુષ્ટચિત્તવાળો તે

પ્રધાન રાજાની આજ્ઞા મેળવીને કાળદૂતની જેમ અતિહર્ષ અને દ્વેષ પામ્યો, તે નગરથી દૂર પ્રદેશમાં અનેક પીલવાના ઘાણીની માંડણી કરાવી એક એક મુનિને તેમાં નાખે છે અને પોતાના આત્માને નરકમાં નાંખે છે.

સ્કંદકસૂરિની સમીપમાં દરેકસાધુઓ પોતાના આત્માનાં સર્વશલ્યોની શુદ્ધિ કરીને ગુરુની સંવેગવાળી દેશનાથી આ પ્રમાણે આત્મભાવના ભાવે છે. ''શારીરિક અને માનસિક દુઃખથી ભરેલા આ સંસારમાં જીવોને દુઃખનો સંયોગ થવો તે સુલભ છે." નહિંતર સુકોશલ મહામુનિ કાઉસ્સગ્ગમાં રહેલા સ્થિર મનવાળા નિર્ભય થએલા તેને વાઘણે એકદમ ભૂમિ પર પાડીને કેવી રીતે ભક્ષણ કર્યા ? જેમણે ત્રણે દંડનો ત્યાગ કર્યો છે, એવા કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેલા દંડ સાધુના મસ્તકનો યદુણ રાજાએ છેદ કર્યો, તે કેમ બન્યું હશે ? માટે આ ભવ-સમુદ્રમાં સખત આપત્તિઓ પામવી સુલભ છે, પરંતુ સેંકડો ભવના દુઃખનો નાશ કરનાર જિનધર્મ દુર્લભ છે.

આવો ચિંતામણિરત્ન, કામધેનુ અને કલ્પવૃક્ષ સરખો દુર્લભ પ્રાપ્તિવાળો જિનધર્મ પૂર્વના સુકૃતયોગે કોઇ પ્રકારે આજે મેં પ્રાપ્ત કર્યો. તેથી કરીને અનાદિ સંસારમાં અનાચારણ દોષ-રહિત સુંદર ચારિત્રના ગુણની પ્રધાનતાવાળો આ મારો જન્મ સફળ થયો છે. માત્ર મારા ચિત્તમાં એક વાત ઘણી ખટકે છે કે, હું બિચારા બ્રાહ્મણને કર્મબંધના કારણમાં વર્તી રહેલો છું. આ કારણથી જે મુનિઓ અનુત્તર એવા મોક્ષમાં ગયા છે, તેમને નમસ્કાર કરૂં છું. જે કારણ માટે તે સિદ્ધ થેયલા આત્માઓ કોઇને કર્મબંધના કારણ બનતા નથી. મારા આત્માને દુઃખ પડે છે, તેનો મને તેટલો શોક થતો નથી, પરંતુ જેઓ જિનવચનથી બાહ્યમતિવાળા કર્મથી પરતંત્ર બની દુઃખ-સમુદ્રમાં ડૂબે છે, તેનો મને વિશેષ શોક થાય છે.

આ પ્રમાણે અંતિમ સુંદર ભવના ભાવતા ૪૯૯ સાધુઓ મહાસત્ત્વધારી પીલાતા પીલાતા અંતકૃત્ કેવલી થયા. હવે એક બાળમુનિ ઘણા ગુણની ખાણ સમાન હતા, તેમને ભક્ત પ્રત્યાખ્યાન કરાવવા માટે દેખીને સ્કંદકમુનિ ઉભા થઇને પાલકને કહે છે કે, 'આટલા ચારિત્રવાળા સુપાત્ર સાધુઓને પીલીને જો તારો કોપ કંઇક ઉપશાન્ત થયો હોય, તો મારે તને એક વાત કહેવી છે કે - આ નાના સાધુને રહેવાં દે, અથવા પ્રથમ મને પીલ, મારાથી તેને પીલાતો જોઇ શકાશે નહિં. આટલી પણ મારી માગણી કબૂલ રાખીશ, તો પણ આમ કરનાર તેં ઠીક કર્યું-એમ માનીશ.' આટલી વાત સાંભળતાં જ કસાઇમાં પણ ચડિયાતા કસાઈ એવા પ્રચંડ શિક્ષા કરનાર તે પાલકે ક્ષણવારમાં તે નાના સાધુને પણ ખંડિત કરી નાખ્યાં.

"[ચંદ્રને] આનંદ માટે બંને દૃષ્ટિ આગળ ન કર્યો, કુંડલરૂપ ન કર્યો, ક્ષણવાર ચૂડામણિ રત્નના સ્થાનમાં ન સ્થાપ્યો, રાહુએ ચંદ્રને ગ્રસ્ત કર્યો, તેણે એવી રીતે કરતાં કવલયોએ બલાત્કારે ક્રીડારહિતપણું કર્યું. અથવા હૃદય-હીન કયો જન, ઔચિત્ય આચરણના ક્રમોને જાણે છે ?"

તે બાળસાધુ પણ શુભ ભાવનાથી અંતકૃત્ કેવલી થયો. આ પ્રમાણે સ્કંદક આચાર્યના દેખતાં જ તેને પીલી નાખ્યો; એટલે આચાર્યે શુભ ધ્યાનનો ત્યાગ કરીને નિયાણું કર્યું કે, 'જો આ ભવમાં કરેલા તપ-સંયમનું કાંઇ પણ મને ફળ હોય તો ભાવી ભવમાં હું આ રાજાનો વધ કરનારો થાઉં.' (૫૦)

બળતણના પગથી ખૂંદાતા અતિમધુર અને સારભૂત કલમ જાતિના ડાંગરમાં પણ નિઃશૂકતા હોતી નથી, અતિશય શીતલ એવાં ચંદનકાષ્ઠોને જોરથી ઘસવામાં આવે, તો અગ્નિ ઉત્પન્ન થતો નથી ? અથવા અતિભંયકર અગ્નિ પ્રગટતો નથી ? સ્કંદક આચાર્યને પણ તરત જ પીલી નાખ્યા, એટલે તે અગ્નિકુમારમાં દેવ થયા. અવધિજ્ઞાનથી નિયાણું જાણ્યું.

આ બાજુ રાજાએ આપેલ કંબલરત્નનું બનાવેલ સુંદર નિષદ્યા-ઓઘારિયાયુક્ત લોહીના સમૂહથી ખરડાએલ સ્કંદક આચાર્યનું રજોહરણ લોહીવાળા હાથની શંકાથી ગીધે ઉપાડેલ, કોઈ પ્રકારે આકાશમાં ગીધના મુખમાંથી તે સમયે હથેલીમાં મુખ સ્થાપન કરીને અંતઃપુરમાં શોકસમુદ્રમાં ડૂબેલી સ્કંદકની પુરંદરયશા બેનના આગળના ભાગમાં નીચે પડી ગયું. તે દેખીને અને તેને આ મારા ભાઇનું રજોહરણ છે એમ ઓળખીને તેના હૃદયમાં એકદમ ધ્રાસ્કો પડ્યો. તપાસ કરતાં પૂછતાં પાપી પાલકનું દુશ્ચરિત્ર જાણ્યું. પોકાર કરતી તે દંડકી રાજા પાસે પહોંચી. અરેરે ! નિર્ભાગી નિર્દય ! આ તેં તેની પાસે કેવું અધમ કાર્ય કરાવ્યું ?' આ સમયે સ્કંદકનો જીવ દેવ અહિં શ્રાવસ્તિમાં આવ્યો અને આખી નગરીમાં સંવર્તક વાયુ વિકુર્વીને ઘાસ, લાકડાં અને ઇન્ધણાંના ભારા એકઠા કર્યા.

પોતાની બહેન પુરંદરયશાને શ્રી મુનિસુવ્રતસ્વામી પાસે ઉપાડીને લઇ ગયો, ભગવંતના હસ્તકમળથી તેણે પ્રવ્રજ્યા અંગીકાર કરી. તે દેવતાએએકદમ સમગ્ર શ્રાવસ્તિ નગરીને બાળી નાખી અને તે જ અગ્નિથી મુનિઓનાં હાડપિંજરો બાળી નાખ્યાં. તેણે તે નગરી બાળ્યા પછી બાર યોજન પ્રમાણ ભૂમિ અરણ્ય થઇ ગઇ, જે આજે પણ 'દંડકારણ્ય' તરીકે જાણીતું છે. કહેલું છે કે - ''દેવ કે દેવસ્થાને કે તે વનોનો ખરાબ રાજાના પાપાચારથી જ્યારે વિનાશ થાય અગર મુનિઓનો નાશ થાય કે માર પડે તો તરત જ તે નગર, દેશ અને રાજાનો ભંગ થાય." તેમ જ ''અતિઉગ્ર પુણ્ય કે પાપનું ફળ ત્રણ વર્ષ, ત્રણ માસ, ત્રણ પક્ષ

કે ત્રણ દિવસે પ્રાપ્ત થાય છે. (૬૪)" (૪૨).

અધમ આચારવાળા બ્રાહ્મણ જાતિના તેવા ઉપસર્ગો સાધુઓએ સહન કર્યા, તે આશ્ચર્ય નથી ? તો કે આશ્ચર્ય નથી. તે વાત જણાવે છે -

**जिणवयण-सुइ-सकण्णा, अवगय-संसार-घोर-पेयाला ।**
**बालाण खमंति जई, जइ त्ति किं इत्थ अच्छेरं ।।४३।।**

**न कुलं इत्थ पहाणं, हरिएसबलस्स किं कुलं आसी ? ।**
**आकंपिया तवेणं, सुरा वि जं पज्जुवासंति ।।४४।।**

જેમાં કષાયોના વિપાકો જણાવેલા હોય, તેવાં જિનવચનો સાંભળનાર, સંસારના ઘોર દુઃખો અને અસારતાનો વિચાર કરનાર એવા સાધઓ અજ્ઞાનીઓનું દૃષ્ટ વર્તન સહન કરે છે, તેમાં કશું આશ્ચર્ય ગણાતું નથી. સ્કંદકના શિષ્યો માફક સહન કરવું તેમાં કંઇ આશ્ચર્ય નથી. તેમણે તેમ સહન કરવું, તે યોગ્ય છે. (૪૩)

આવા પ્રકારનાં સારાં કર્તવ્યો કુલીન હોય, તે જ કરે છે, બીજા નહિ - એમ કહેનારને જણાવે છે કે, કર્મની લઘુતા એ જ અહિ કારણ છે, પણ કુલ કારણ નથી; તે વાત કહે છે -

ધર્મના વિચારમાં ઉગ્ર, ભોગ વગેરે કુલ પ્રધાનકારણ ગણેલું નથી. હરિકેશ ચંડાલ કુલના હતા, છતાં તેના તપથી પ્રભાવિત થએલા દેવતાઓ પણ તેની સેવા-પર્યુપાસના કરતા હતા. તેને કયું કુલ હતું ? તેની કથા આ પ્રમાણે જાણવી -

## ૫૫. હરિકેશમુનિની કથા -

મથુરા નગરીમાં શંખ નામનો રાજા હતો. વ્રતો ગ્રહણ કરી ગીતાર્થ બની એકાકી પ્રતિમા ગ્રહણ કરી, તે ગજપુર ગયો. એક વખત ગ્રીષ્મ કાળમાં નગરીની અંદર અગ્નિ સરખા તપેલા માર્ગના દ્વારમાં સોમદેવ બ્રાહ્મણને પૂછ્યું કે, 'આ માર્ગે હું જાઉં ?' ત્યારે તેણે કહ્યું કે, 'જલ્દી જા.'ર અતિતપેલા માર્ગ ઉર આગળના પગ ઉછળતા જોવાનું કુતૂહળ મને પ્રાપ્ત થાય. મુનિ ઇરિયાસમિતિ સહિત ધીમે ધીમે ચાલતા હતા, તેને દેખીને તે બ્રાહ્મણ ચિંતવવા લાગ્યો કે, 'શું આજે માર્ગની રેતી તપેલી નથી કે શું ?' પોતાના મકાનમાંથી ઉતરીને પોતે જાતે ત્યાં સૂર્યના કિરણથી સ્પર્શાએલી હોવા છતાં હિમ સરખી ભૂમિ શીતલ લાગી. જરૂર આ મુનિના પ્રભાવથી આ ભૂમિ શીતળ બની ગઇ છે.

મુનિ પાસે પહોંચીને હેરાન કરવાનું પોતાનું દુશ્ચરિત્ર ખમાવ્યું. મુનિએ પણ તે

બ્રાહ્મણને 'સંસારનો અસાર ભાવ તથા ક્રોધાદિક કષાયોનાં અતિશય કડવાં ફળો ભોગવવાં પડે છે.' તેવો ઉપદેશ આપ્યો, જો આદર-પૂર્વક સુંદર ચારિત્ર આચરવામાં આવે, તો તેનું ઉત્તમ પુણ્યફળ મેળવે છે, તેમ જ એકાંતિક, આત્યન્તિક, અનુપમ સિદ્ધિસુખની પ્રાપ્તિ થાય છે.' અતિમહાસંવેગ અને તીવ્ર વૈરાગ્યવાળા ક્ષાંતિ-ક્ષમા ધારણ કરનાર એવા તેણે તે મુનિની પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી, લાંબા કાળ સુધી તેનું પરિપાલન કરીને બ્રાહ્મણજાતિનો મદ નહિ છોડતો છતાં પણ મૃત્યુ પામીને દેવલોકમાં ભોગો ભોગવતો હતો. ત્યાંથી ચ્યવીને તે ગંગા નદીના કિનારે તરંગ નામના ગામમાં બલકોટ્ટની ગૌરી નામની ભાર્યાના ઉદરમાં આવ્યો.

જાતિમદના અહંકારથી ચંડાલકુલમાં ખરાબ લક્ષણવાળો સૌભાગ્ય-રૂપ-રહિત પોતાના બંધુઓને પણ હાસ્યપાત્ર થયો. હરિકેશીબલ એવું જેનું નામ પાડેલું છે, તે વયથી વૃદ્ધિ પામવા લાગ્યો અને કજિયા, ગાલી ભાંડવી વગેરે દુર્વર્તન કરતો હતો. એક સમયે ભાઇઓ સાથે મોટું તોફાન આરંભ્યું અને ક્રોધે ભરાઇને દરેક જણને અપશબ્દો બોલી અપમાન તિરસ્કાર કરતો હતો. પગમાં થએલા ફોલ્લા માફક તે ચંડાલપુત્ર દરેકને ઉદ્વેગ કરાવવા લાગ્યો. ચંડાલોના મંડળમાંથી એક વખત તેને હાંકી કાઢ્યો, ત્યારે ઘણે દૂર ગયેલા તેણે અનેક પ્રહાર પામતા આગળ વધતા એવા સર્પને દેખ્યો. ક્ષણવાર પછી તેનાથી થોડા અંતરે જળસર્પ આવ્યો, તેઓએ તેને કંઇપણ ઇજા ન કરી, કારણ કે, તે સર્વથા ઝેર વગરનો સર્પ હતો. દૂર રહેલા હરિબલે આ પ્રમાણે દેખીને વિચાર્યું કે, 'અપકાર કરનાર કાલસર્પની જેમ લોકો અપકાર કરનારને મારે છે' બીજા જલસર્પ જેવાને કોઈ હણતાનથી, તેથી કરીને દ્રોહ કરનાર હોય, તો આ ક્રોધ છે, જેના યોગે લોકોને હું શત્રુ સરખો જણાઉં છું.

પ્રશમાદિ ગુણ-સમુદાયવાળો આત્મા પરમાર્થથી આપણો મિત્ર છે. તત્ત્વથી તે જ શત્રુ છે કે, જે કજિયા, કોપાદિની અધિકતા થાય. ક્રોધ સ્વજનોમાં વિરોધ કરાવનાર છે, પોતાના કુલના કલંકનો ફણગો-બીજભૂત હોય તો ક્રોધ છે. દુઃખનો સમુદાય હોય તો ક્રોધ છે, સુંદર ચારિત્ર-વર્તનનો વિયોગ કરાવનાર, ગુણસમુદાયને બાળી નાખનાર ક્રોધ છે. કજિયા, ટંટા કરવા, અપશબ્દો, ક્રૂર શબ્દો બોલવા, ક્રોધ કરવા રૂપ આગ સળગાવવી વગેરેથી હવે મને સર્યું. હવે તો હું વિનયપૂર્વક શાન્તિથી જ બોલીશ. તેમજ 'ઘરમાં વિનય કરનાર સેવક પણ અહિં સ્વામી થયેલો દેખાય છે. દરિદ્રતાથી પીડાએલો હોય, તો પણ વિનયવાળો ઉજ્જ્વલ લક્ષ્મીનો માલિક થાય તે, દુર્ભાગ્યથી ઘેરાએલો પુરુષ પણ અતિશય સૌભાગ્યશાલી થાય છે."

વિનય કરનારને એવી કઇ કઈ વસ્તુ છે કે, જે તેનાં મનોવાંછિત સિદ્ધ કરતી નથી ?'

આ પ્રમાણે ભાવના ભાવતો અને સાધુના ચરણકમળમાં ધર્મશ્રવણ કરીને સંસારથી અતિશય નિર્વેદ પામેલ તે માતંગ મહાઋષિ થયો. ચાર-પાંચ ઉપવાસ, પંદર દિવસ, એક માસ, બે માસ એમ લાગલાગટ ઉપવાસો કરી સર્વ શરીરને સોસાવીને ગામ, નગર, શહેરમાં વિચરવા લાગ્યો. વિચરતા વિચરતા શ્રી પાર્શ્વનાથ ભગવંતના જન્મકલ્યાણકથી મનોહર વારાણસી નગરીના તિંદુક ઉદ્યાનની બહાર રહ્યા. (૨૫) ગંડી તિંદુકયક્ષ હંમેશાં તેની સંપૂર્ણ આરાધના કરે છે. અતિ મોટા ગુણોથી ગાઢ આકર્ષાએલા માનસવાળો તે ક્યાયં કોઇને મળવા પણ જતો નથી.

હવે કોઇક દિવસે તેને ત્યાં બીજો કોઇ યક્ષ પરોણો મળવા આવ્યો અને કહેવા લાગ્યો કે, 'હે મિત્ર ! લાંબા કાળથી કેમ ક્યાંય જતો-આવતો નથી ? મેં તને કેટલા લાંબા સમયે દેખ્યો.' તેણે પ્રત્યુત્તર આપ્યો કે, 'આ તપસ્વી સાધુ પાર વગરના અસાધારણ પ્રશમાદિ ગુણોના મહાનિધાન છે. આ મહામુનિની લગાતાર સેવા કરવાના મનવાળો થએલો છું.' તે યક્ષ પણ તે મુનિને દેખીને રાજી થયો અને તિંદુક યક્ષને કહે છે કે - 'હે મિત્ર ! તું ધન્ય છે કે, જેના વનમાં આવા ધર્મ ઋષિ રહેલા છે. મારા વનમાં પણ સાધુઓ રહેલા છે. અહિંથી જઇને હું પણ તેમને વાંદીશ -' એમ બંને મંત્રણા કરીને ત્યાં ગયા.

તે બંનેએ સમદૃષ્ટિથી તે તપસ્વીઓને જોયા, તો કોઈ પ્રકારે પ્રમાદથી અનેક પ્રકારની વિકથા કરતા હતા. નવીન દેવ ઘણા સમયે અહિં આવવાથી ઘણા અનુરાગવાળા ચિત્તથી તેની ભક્તિ કરતો હતો, પાદપદ્મની સેવા કરતાં તેને તૃપ્તિ થઈ. ભાવથી તે સાધુને વંદન કરનાર એક યક્ષનો કાળ આનંદમાં પસાર થતો હતો, બીજો પોતાના સ્થાનકમાં ગયો.

હવે કોઇક સમયે કોશલદેશના રાજાની ભદ્રા નામની પુત્રી યક્ષની આરાધના કરવાના કાર્ય માટે આવી. યક્ષની પૂજા કરીને જ્યાં તેની પ્રદક્ષિણા દેવાની શરૂ કરે છે, ત્યાં પેલા મલિન ગાત્રવાળા સાધુને દેખ્યા. કેવા ? લોહી, ચરબી, માંસ જેનાં ગએલા નેત્રવાળા, અતિ ચીબુ મોટા ભયંકર દેખાતા કાણાવાળી નાસિકાવાળા, ટોપરાના કાચલા સરખા ત્રિકોણ મસ્તકવાળા, અતિશ્યામ વર્ણવાળા, મલથી દુર્ગંધ મારતી કાયાવાળા તે સાધુને દેખી દુર્ગંછાથી તેના ઉપર થૂત્કાર કરવા લાગી.

મુનિની ભક્તિથી તે યક્ષે તીવ્રકોપથી ભદ્રાના શરીરમાં પ્રવેશ કર્યો, ન બોલવા યોગ્ય ખરાબ પ્રલાપો કરવા લાગી, શૂન્ય દિશાઓ તરફ જોવા લાગી, રાજપુરુષો તેને કોઈ પ્રકારે રાજમહેલમાં લઈ ગયા. મંત્રવાદી વગેરેએ ભૂત-ગાંડપણ કાઢવા માટે અનેક વિવિધ ક્રિયાઓ કરવા માંડી, તો પણ તેમા લગાર પણ તેને ફાયદો ન થયો.

આ પ્રમાણે જ્યારે સર્વે વૈદ્યો, માંત્રિકો, તાંત્રિકો નિષ્ફળ નીવડ્યા, ત્યારે યક્ષે પ્રત્યક્ષ

થઈને કહ્યું કે, 'આ પુત્રીએ સાધુની નિંદા-અવજ્ઞા કરી છે. જો આ કન્યા તેને આપો, તો નિઃસંદેહ તેના દેહમાંથી નીકળી જાઉં.' રાજાએ 'જીવતી તો રહેશે.' એમ ધારીને યક્ષનું વચન કબૂલ કર્યું.

ત્યારપછી સ્વસ્થ અવસ્થા પામેલી સર્વાલંકારથી અલંકૃત દેહવાળી પુત્રીને પિતાએ પરણવા માટે મુનિ પાસે મોકલી. તે મુનિના પગમાં પાડીને કેટલાક પ્રધાન પુરુષોએ તે મુનિને વિનંતિ કરી કે, 'પોતાની મેળે વરવા આવેલી આ રાજકન્યાનો હસ્ત તમારા હસ્તથી ગ્રહણ કરો.' મુનિએ પ્રધાન પુરુષોને કહ્યું કે, 'અરે ! આ તમો શું બોલો છો ! આ વાત તો પશુઓ પણ જાણે છે કે, 'મુનિઓ નિષ્કપટ ભાવથી બ્રહ્મચર્યને ધારણ કરનારા હોય છે.' એક મકાનમાં સ્ત્રીઓની સાથે વસવા પણ જેઓ ઇચ્છતા નથી, તેઓ પોતાના હસ્તથી રમણીનો હાથ કેવી રીતે ગ્રહણ કરે ? સિદ્ધિ-સુંદરીમાં એકાંત અનુરાગવાળા, ગ્રૈવેયકવાસી દેવ માફક મહામુનિઓ અશુચિ-પૂર્ણ યુવતીઓમાં અનુરાગ કરતા નથી.' શું તમે આ સૂત્ર શ્રવણ કર્યું નથી ? -

"જેના હાથ-પગ કપાઇ ગયા હોય, કાન-નાક કાપી નાખેલાં હોય, એવી સો વરસની, દાંત વગરની, કદ્રૂપી નારી હોય, તો પણ બ્રહ્મચારી એકાંતમાં તેનો ત્યાગ કરે." ત્યારપછી પુત્રી પર ક્રોધ પામેલો યક્ષ મહર્ષિનું રૂપ આચ્છાદિત કરીને બીજું મહારૂપ કરીને પોતે જ તેને પરણ્યો, આખી રાત્રિ તેની સાથે પસાર કરીને તેણે તેને છૂટી મૂકી દીધી; ત્યારે કંઇપણ ત્યાં ન દેખતી વિલખા મુખવાળી થઈ. રોતી રોતી પિતા પાસે પહોંચી અને પિતાને દુઃખ પમાડ્યું. ત્યારે રુદ્રદેવ નામના પુરોહિતે રાજાને આ પ્રમાણે કહ્યું (૫૦) કે, 'મહર્ષિઓએ જે પત્નીઓનો ત્યાગ કર્યો હોય, તે નક્કી બ્રાહ્મણની પત્ની થાય છે, માટે હે દેવ ! મને જ દક્ષિણામાં આપો. આમાં આપે શા માટે ચિંતા કરવી ?'

મડદાના જડ હસ્તવડે નંખાએલ દૂધની ખીરનું ભક્ષણ કરવામાં જેઓ મહોત્સવ માણનારા છે, તેને વળી અકાર્ય શું હોઇ શકે ? દારા-પત્નીમાં સર્વ સન્માનનીય થાય છે, અત્યારે આ પ્રમાણે કરવું ઉચિત છે-એમ ધારીને રાજાએ તે પુરોહિતને આપી. તો તે વર અને વહુનો સંતોષવાળો સંયોગ થયો, વિચારો કે, 'આ સાધુ અને બ્રાહ્મણ બેમાં કેટલો લાંબો આંતરો છે કે, મહર્ષિએ જે તરુણીનો સર્વથા ત્યાગ કર્યો, ત્યારે દુર્ગતિનાં દ્વાર સરખી એવી તે તરુણીને પુરોહિતે ગ્રહણ કરી.' તેની સાથે મહાભોગ ભોગવતાં ભોગવતાં સુખમાં ઘણો મોટો કાળ પસાર થયો.

કોઇક વખતે પૂર્વાપરનો વિચાર કર્યા વગર ઉત્કંઠાપૂર્વક પુરોહિતે યજ્ઞનો આરંભ કર્યો. રુદ્રદેવે યજ્ઞપત્ની તરીકે યજ્ઞના આરંભમાં સ્થાપનાં કરી. દેશ-દેશાવરથી યજ્ઞમાં ભટ્ટો,

ચટ્ટો વગેરે અનેકો ત્યાં આવી પહોંચ્યા. મહિનાના ઉપવાસના પારણા-સમયે બાલસાધુ પણ યજ્ઞ-મંદિરના દ્વારમાં ભિક્ષા માટે પ્રવેશ કરતા હતા, ત્યારે રૂદ્રદેવના સેવકોએ તેમને દેખ્યા. ધન્ય ધર્મલાભ આપ્યો, ત્યારે પાપી બ્રાહ્મણો મલથી મલિન શરીર અને વસ્ત્રો હોવાથી તેની અવજ્ઞા-અપમાન કરવા લાગ્યા. મુનિની આગળ તે બોલવા લાગ્યા કે, 'અરે ? પિશાચ સરકો તું અહિં કેમ આવ્યો છે ?' જલ્દી આ સ્થાનથી તું પાછો ચાલ્યો જા.'

'અતિમલિન ખરાબ વસ્ત્ર નગ્ન સરખા દુષ્કર્મવાળા લાજ-મર્યાદા દૂર મૂકનાર હે અપવિત્ર ! તું પવિત્ર એવા અમને અપવિત્ર-અભડાવવા અમારી પાસે આવ્યો છે ?' (૬૦) એ સમયે ભક્તિવાળા યક્ષે ઋષિના દેહમાં પ્રવેશ કર્યો અને કહેવા લાગ્યો કે, 'હું ભિક્ષા લેવા આવેલો છું. તો મને ભિક્ષા આપો.'

વિપ્રો-અહિં જે અમોને અન્ન પકાવ્યું છે, તે જાતિ-કુલથી વિશુદ્ધ વેદ-વિધિના જાણકાર પોતાના યજ્ઞાદિ કાર્યમાં સંતુષ્ટ હોય, તેવા બ્રાહ્મણોને આપવા માટે, નહિં કે તારા સરખા માટે આ રસોઈ તૈયાર કરી નથી.

સાધુ - હું હંમેશાં હિંસા, જૂઠ, ચોરી, મૈથુન પરિગ્રહોના પાપથી વિરમેલો છું. શત્રુ-મિત્ર, કાંકરા અને કંચનમાં સમાન ભાવ રાખનારો, અભિમાનરહિત, ગૃહવાસનો ત્યાગ કરેલ છે, જેણે એવો ઉદ્‌ગમ-ઉત્પાદના-એષણાથી શુદ્ધ એવી ભિક્ષા માત્ર ભક્ષણ કરનારો છું, તેથી ઘરે ઘરો ફરતો અહિં આવેલો છું. આ તમે અહિં જે અન્ન પકાવ્યું છે, તેઘણે ભાગે તમારા પોતાના ઘરના માટે છે, તેમાંથી મને પણ ધર્મ-કાજે હે બ્રાહ્મણો ! ભિક્ષા આપો.

વિપ્રો - 'હે શ્રમણ ! જ્યાં સુધી હજુ પ્રથમ અગ્નિમાં તે નાખી નથી, બ્રાહ્મણોએ ભોજન કર્યું નથી, ત્યાં સુધી શૂદ્રોને આ આપી શકાતું નથી, માટે અહિંથી ચાલતો થા.'

મુનિ - હે બ્રાહ્મણ ! જેમ ફળદ્રૂપ ક્ષેત્રમા વિધિ-સહિત બીજો વાવવામાં આવે, તો તે ફળ આપનાર થાય છે, પરંતુ અગ્નિમાં નાખેલું દાન પિતૃઓને ફળ આપનાર કેવી રીતે થાય ?

મુનિ - બ્રાહ્મણજાતિમાં જન્મ લેવા માત્રથી વિપ્રો થતા નથી, તમારા સરખા હિંસા, જૂઠ, મૈથુનમાં આસક્ત થનારા પાપી બ્રાહ્મણો કેવી રીતે કહેવાય ? અગ્નિ પણ પાપના કારણભૂત છે. તેમા સ્થાપન કરેલું પરભવમાં પહોંચેલા પિતાને કેવી રીતે પહોંચે ? અને સુખ કરનાર થાય ? અહિં આપેલું તે કેવી રીતે ગ્રહણ કરી શકે ?'

આ પ્રમાણે પ્રતિકૂલ જૂઠ પ્રલાપ કરવાના સ્વભાવવાળા આણે આપણી હલકાઈ કરી છે-એમ માનીને તે સર્વે મુનિને પ્રહાર કરવા માટે દોડ્યા.

હાથમાં દંડ, ચાબુક, ઢેફાં વગેરે ફેંકવા લાગ્યા, અપમાનના શબ્દો બોલવા લાગ્યા, પરંતુ મુનિના શરીરની રક્ષા કરનાર તે યક્ષે સર્વેને દૂરથી થંભાવી દીધા અને કેટલાકને પકડી લીધા. છેદાએલા વૃક્ષો માફક તેઓ ધરણી પર ઢળી પડ્યા, કેટલાકને તાડન કર્યા, વળી બીજાઓને પ્રહાર મારીને હણ્યા, કેટલાકને મુખથી લોહી વમતા કર્યા. આ ભટ્ટો-ચટ્ટોને ભૂમિ પર આળોટતા દેખીને ભયથી કંપાયમાન હૃદયવાળી-ભદ્રા રુદ્ર સાથે વાત કરતાં કહેવા લાગી કે, 'આ સાધુને ઓળખ્યા કે કેમ ? આ તે છે કે, તે વખતે હું સ્વયં વરવા આવી હતી અને મને છોડી દીધી, સિદ્ધિસુંદરીમાં ઉત્કંઠિત મનવાળા તે દેવાંગનાઓને પણ ઇચ્છતા નથી.

'અતિતીવ્ર તપમાં પરાક્રમ કરીને સમગ્ર માનવ અને દેવ-સમુદાયને વશ કરનાર, ત્રણે ભુવનના પ્રાણીઓ જેના ચરણાગ્રમાં પ્રણામ કરે છે, વિવિધ પ્રકારની અનેક લબ્ધિથી સમૃદ્ધ (૭૫) ક્રોધ, માન, માયા, લોભ, પરિષહ-શત્રુઓ ઉપર જય મેળવનાર, મહાસત્ત્વાળા, પાપ-પ્રસરનો અંત કરનાર, જેની અનંત યશ-જ્યોત્સ્ના ફેલાએલી છે, અગ્નિ માફક રૂઠેલાં ધારે તો ભુવનને બાળી મૂકે, પ્રસન્ન થાય તો તમારું રક્ષણ કરે. આ પ્રમાણે તાડન કરતા તમે જ નક્કી મૃત્યુ પામવાના છો. જો તમારે હવે જવવાનું પ્રયોજન હોય, તો તેમના ચરણમાં પડીને આ મહર્ષિને પ્રસન્ન કરો."

આ પ્રમાણે ભદ્રાવડે કહેવાએલા તે મુનિને નમસ્કાર કરવા પૂર્વક કહેવા લાગ્યા કે, 'હે ભગવંત !

અમોને ક્ષમા આપો. આ લોકમાં મુનિસિંહો પ્રણામ કરનાર પ્રત્યે વાત્સલ્ય રાખનાર હોય છે. હવે તે મુનિ તેમને કહે છે કે, 'સંસારનાં કારણભૂત એવા કોપને કોણ અવકાશ આપે ? ખાસ કરીને જિનવચન જાણનાર તો કદાપિ કોપને સ્થાન આપે જ નહિ. (૮૦) મારા પ્રત્યે ભક્તિભાવ ધરાવનાર યક્ષે આ ભટ્ટોને આ પ્રમાણે શિક્ષા કરી છે. તો તમે તેને વિનંતિ કરી કહો, જેથી તમને સારા કરે.' ઘણા પ્રકારે તેવાં તેવાં વિધાનો-પૂર્વક આદર-સહિત સાધુને વારંવાર વિનંતિ કરી, ત્યારે યક્ષે બ્રાહ્મણોને સારા કર્યા.

ત્યારપછી મહાભક્તિપૂર્વક તે તપસ્વીને પ્રતિલાભ્યા, મુનિએ ઘણા ગુણવાળું નિર્દોષ હોવાથી એષણીય તરીકે ગ્રહણ કર્યું. તે સમયે આકાશસ્થળથી એકદમ પાંચ દિવ્યો પ્રગટ થયાં. તેવું આશ્ચર્ય દેખીને અનેક લોકો અભિમાન-રહિત થયા. અમૃતની નીક-સમાન મુનિની દેશનાથી ઘણા પ્રતિબોધ પામ્યા અને 'ભૂમિદેવ' એવું બ્રાહ્મણનું નામ સાર્થક કર્યું. (૮૫)

**હરિકેશી મુનિની કથા પૂર્ણ થઈ. (૪૪)**

માટે કુલ પ્રધાન નથી, પરંતુ ગુણો પ્રધાન છે. કહેલું છે કે - 'જો માણસમાં ગુણ નથી, પછી કુલનું શું પ્રયોજન ? જો કે, ગુણીઓને કુલનું પણ પ્રયોજન છે. ગુણરહિતને નિષ્કલંક કુલ હોય, તોપણ મોટું કલંક છે. (૮૬) તેમ જ -

"કાદવમાંથી કમળ, સમુદ્રમાંથી ચંદ્ર, છાણ (પંક)માંથી કમળ, કાષ્ઠમાંથી અગ્નિ, સર્પની ફણામાંથી મણિ, ગાયના પિત્તથી ગો-રોચન, કૃમિમાંથી રેશમ, પત્થરમાંથી સુવર્ણ, ગાયના લોમથી દૂર્વા ઉત્પન્ન થાય છે. આ સર્વ પોતાના ગુણના પ્રભાવથી પ્રકાશિત થાય છે. તે શામાંથી ઉત્પન્ન થાય છે, તેનું શું પ્રયોજન ?" (૮૭)

વળી આ આત્મા નટ માફક જુદાં જુદાં રૂપ-પરાવર્તન કરે છે, તો પછી અહિં કુલના અભિમાનને કયું સ્થાન છે ? તે કહે છે -

**देवो नेरइउ त्ति य, कीड पयंगु त्ति माणुसो वेसो ।**
**रूवस्सी अ विरूवो, सुहभागी दुक्खभागी अ ।।४५।।**

**राउ त्ति दमगु त्ति य, एस सपागु त्ति एस वेयविऊ ।**
**सामी दासो पुज्जो, खल त्ति अधणो धइवइ त्ति ।।४६।।**

**नवि इत्थ कोऽवि नियमो, सकम्म-विणिविट्ठ-सरिस-कय-चिट्ठो ।**
**अन्नुन्न-रूव-वेसो, नडु व्व परियत्तए जीवो ।।४७।।**

આ જીવ દેવ થયો, નારકી થયો, કીડો, પતંગિયો થયો, ઉપલક્ષણથી અનેક પ્રકારનો તિર્યંચ થયો, મનુષ્યના વેષવાળો અર્થાત્ મનુષ્ય થયો, રૂપવંત કે રૂપરહિત થયો, સુખ ભોગવનાર કે દુઃખ ભોગવનાર થયો. રાજા કે દ્રમક થયો - માગનાર સેવક, પૂજ્ય પાઠક, કે તિરસ્કારવા યોગ્ય દુર્જન થયો હોય, નિર્ધન કે ધનવાન થયો હોય, આ સંસારમાં કોઇ તેવો ચોક્કસ નિયમ નથી કે, આગળ હતો તેવો ફરી પણ તે જ રૂપે થાય. આગળ જેવાં કર્મ કર્યાં હોય, તેને અનુરૂપ ચેષ્ટા કરનારા જીવો થાય છે. નટની જેમ આ જીવ કર્મથી પ્રેરાએલા બીજા બીજા વેષો કરીને પોતાના રૂપનું પરાવર્તન કરે છે. આ એકલો જીવ જુદા જુદા પ્રકારની ગતિમાં જુદા જુદા વેષ-પર્યાય ધારણ કરનાર થાય છે. (૪૫-૪૬-૪૭)

**कोडीसएहिं धण-संचयस्स, गुण-सुभरियाए कन्नाए ।**
**न वि लुद्धो वयररिसी, अलोभया एस साहूणं ।।४८।।**

## ૫૭. શાલ-મહાશાલઆદિ પાંચકેવલીઓની કથા

નિર્લોભતાનો ઉપદેશ દૃષ્ટાંત આપવા પૂર્વક જણાવે છે કે સેંકડો અને ક્રોડો સોનામહોરવાળા ધનપતિ શેઠની અનેક સુંદર ગુણાલંકૃત ભાગ્યશાળી કન્યાની પ્રાપ્તિ થવા છતાં તેમાં વજ્રમુનિ ન લોભાયા. ગાથાનો ભાવાર્થ કથાથી આ પ્રમાણે જાણવો -

હિમવાન પર્વત સરખી ઉંચી શ્રેષ્ઠ પૃષ્ઠચંપા નામની નગરીમાં પ્રસન્નચંદ્રનો પુત્ર શાલ નામનો રાજા હતો. મહાશાલ નામનો યુવરાજ અને તેઓને યશોમતી નામની બહેન હતી. તેનાં લગ્ન કામ્પિલ્યપુરમાં પિઠર રાજાની સાથે થયાં હતાં. તેમને મોટા અનેક ગુણયુક્ત ગાગલિ નામનો પુત્ર હતો. હવે કોઇક સમયે વીર ભગવંત વિહાર કરતા કરતા ચંપાપુરી નગરીએ સમવસર્યા. એટલે ઇન્દ્રાદિક દેવોએ સમગ્ર જગતની લક્ષ્મીને ક્રીડા કરવા માટે ક્રીડાભૂમિ સમાન અર્થાત્ આશ્ચર્યકારી દુઃખથી સંતપ્ત થયેલા પ્રાણીઓને આશ્રય કરવા લાયક એવું સમવસરણ ત્યાં વિકુર્વ્યું.

ભગવંતના આગમનની વધામણી આપનાર ઉદ્યાનપાલકના વચનથી નગરના લોકોને આશ્ચર્ય પમાડતો હાથીના ઉપર બેસીને સપરિવાર અતિ ઉલ્લસિત રોમાંચવાળો શાલમહારાજા ભગવંતને વંદન કરવા માટે નીકળ્યો, સમવસરણભૂમિના નજીકનાં ભાગમાં જ્યાં ત્રણ છત્રો દેખ્યાં, એટલે હાથી પરથી નીચે ઉતરી, પગે ચાલી પાંચ પ્રકારના અભિગમ આચરવા લાગ્યો. ઉત્તર તરફના દ્વારમાંથી પ્રવેશ કરી પ્રદક્ષિણા આપી, ભગવંતને પ્રણામ કરી તેમના સન્મુખ ઇશાનદિશામાં બેઠો. યોજન ભૂમિ સુધી સંભળાય, તેમજ દરેક જીવો પોત-પોતાની ભાષામાં સમજી શકે તે પ્રમાણે ભગવંતે બાર પર્ષદા સન્મુખ ધર્મકથા કહેવી શરુ કરી તે આ પ્રમાણે :-

ભયંકર મહાજ્વાળાવાળા અગ્નિથી સળગી રહેલા ઘરમાં બુદ્ધિશાળી પુરુષોને વાસ કરવો ક્ષણવાર પણ યુક્ત નથી, તે જ પ્રમાણે દુઃખોથી ભરપૂર એવા ભવમાં પણ સમજુ પુરુષોએ રહેવું યોગ્ય નથી. કાક-તાલીય ન્યાયે અથવા દશ દૃષ્ટાન્તે દુર્લભ સદ્ધર્મપ્રાપ્તિના મહાનિધાન સમાન એવું મનુષ્યપણું મહાપુન્યયોગે પ્રાપ્ત કર્યું છે. જેમ કોઈક કાકિણી (કોડી) નામના તુચ્છ ધનમાં લુબ્ધ બની ક્રોડો સોનૈયા હારી જાય, તેમ વિષયાસક્ત મનુષ્યો વિવેક રહિત બની આ જન્મ હારી જાય છે.

સ્વર્ગ અને સિદ્ધિગતિની સાધના કરવા માટે ધર્મનો શ્રેષ્ઠ સમય પ્રાપ્ત કર્યો છે, તો તમારા સરકાએ આવો સમય વેડફી નાખવો યોગ્ય ન ગણાય. પ્રિયજનો અને ધનનો સંયોગ વિજળીના ઝબકારા જેમ ક્ષણિક છે, પવનથી લહેરાતી ધજા સમાન ચિત્તવૃત્તિઓ ચંચળ છે, મનુષ્યનું આયુષ્ય ઘાસના પત્ર પર હેલ ઓસબિન્દુના પડવા સરખું ભરોસા

વગનરું અસ્થિર છે, માટે આ ભવવૃક્ષને બાળી નાખનારવ સુન્દર ધર્મરૂપ અગ્નિને પ્રગટાવો. આ જન્મની અંદર સર્વાદરથી ધર્મનો ઉદ્યમ કરો, જેથી આ જન્મમાં અહિં પણ અનુપમ સુખની પ્રાપ્તિ અને પરલોકમાં સુખસંપત્તિ અને પરંપરાએ નિર્વૃતિ-સુખની પ્રાપ્તિ થાય.

આ પ્રમાણે ધર્મશ્રવણ કરી ભાલતલપર હસ્તકમલ જોડીને-મસ્તકે અંજલિ કરીને ભગવંતને નમસ્કાર કરી વિનંતિ કરી કે, 'હે ભગવંત ! મારા લઘુબંધુ મહાશાલનો રાજ્યાભિષેક કરીને હું આપની પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરીશ.' એમ કહીને પોતાના ભવને ગયો. મહાશાલને બોલાવીને આજ્ઞા કરી કે, 'હે બન્ધુ !આ રાજ્યનો સ્વીકાર કર. કારણ કે હું તો આજે જ દીક્ષા અંગીકાર કરવાનો છું.' ત્યારે મહાશાલે પ્રત્યુત્તર આપ્યો કે, 'અસાર રાજ્યનો આપ ત્યાગ કરો છો, તેમ હું પણ તેનો ત્યાગ કરીને પ્રવ્રજ્યા અંગીકાર કરવાની ઇચ્છાવાળો છું.'

એમ બંને વૈરાગી બન્યા અને કાંપિલ્યપુરથી ભાણેજ ગાગલિને લાવીને રાજ્ય ઉપર બેસાડ્યો. ગાગલિએ પણ પોતાના મામાઓનો અતિવાત્સલ્યથી દીક્ષા-મહોત્સવ કર્યો. બે હજાર મનુષ્ય વહન કરી શકે તેવી બેસવાની શ્રેષ્ઠ શિબિકાઓ કરાવી. સિંહાસન ઉપર ઉજ્જવલ વસ્ત્રો પહેલે દિવ્ય ચંદનથી વિલેપન કરેલા સર્વાંગવાળા ઉદયગિરિના શિખરપર રેહલા સાક્ષાત્ જાણે સૂર્ય-ચંદ્ર હોય તેમ બંને શોભતા હતા અને પોતાની શરીર-કાંતિથી બાકીનાં દિશા-વલયોને પૂરતા હતા. અતિજોરથી ઠોકીને અને ફૂંકીને વગાડાતાં શ્રેષ્ઠ વાજિંત્રોના શબ્દથી પૂરી દીધેલા આકાશતલવાળા સાજન-મહાજનના પરિવારવાળા ભગવંતના ચરણ-કમલમાં આવી ત્રણ પ્રદક્ષિણા આપવા પૂર્વક પ્રણામ કર્યા.

વિધિપૂર્વક બંનેને દીક્ષા આપી. યશોમતી શ્રેષ્ઠ શ્રાવિકા બની. શાલ અને મહાશાલ બંનેએ ૧૧ અંગનો અભ્યાસ કર્યો. હવે કોઇક સમયે ભગવંત રાજગૃહીથી વિહાર કરી ચંપાનગરી તરફ વિહાર કરવા લાગ્યા, ત્યારે તે સમયે બંને બંધુઓએ પ્રભુને વિજ્ઞપ્તિ કરી કે, 'અમે પૃષ્ઠચંપાપુરીમાં જઇએ તો અમારા સંસારી સંબંધીઓમાંથી કોઇ દીક્ષા અંગીકાર કરે, અથવા સમ્યક્ત્વ પણ પામે, પ્રભુએ કેવલજ્ઞાનથી જાણેલું હોવાથી કે 'પ્રતિબોધ પામશે' એમ ધારી તેઓને મુખ્ય તરીકે ગૌતમસ્વામીને આપ્યા. ભગવંત ચંપામાં ગયા અને ગૌતમસ્વામી પૃષ્ઠચંપામાં ગયા. તેઓને જિનકથિત ધર્મ સંભલાવ્યો. જે તેઓએ શ્રવણ કર્યો.

ગાગલિ નામના રાજા, તેના પિતા પિઠર, તથા માતા યશોમતી અતિદૃઢ વૈરાગી થયા. ગાગલિના પુત્રનો રાજ્યાભિષેક કરીને સંવેગ પામેલા ત્રણેએ ઉત્કૃષ્ટ ભાવથી સર્વવિરતિ

અંગીકાર કરી. ગૌતમસ્વામી તે ત્રણેને સાથે લઇ જ્યારે માર્ગમાં ચાલતા હતા, ત્યારે શાલ અને મહાશાલને આ પ્રકારનો ઉત્કૃષ્ટ હર્ષોલ્લાસ થયો-કે નિર્મલ એવા ભાવથી આ સર્વેને સંસારનો પાર પમાડ્યા. એવી શુદ્ધ ભાવના કરતા તેમને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. વળી પેલા ત્રણે પણ એવી ભાવના ભાવવા લાગ્યા કે, પ્રથમ આપણને રાજ્યપર સ્થાપન કર્યા, વળીમહાવ્રતોને વિષે પણ આપણને સ્થાપન કર્યા, આ કરતા બીજા ચડિયાતા ઉપકારી કોણ ગણાય ? આવી નિર્મલ ભાવનાં ભાવતા તેમને પણ પાપોનો નાશ થતાં નિષ્કલંક કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ઉત્પન્ન થયેલા કેવલજ્ઞાનવાળા તે પાંચે ગૌતમસ્વામીની પાછળ ચાલતા ચાલતા ભગવંતની પાસે ચંપાપુરી ગયા.

ત્રણ પ્રદક્ષિણા આપી, 'નમો તિત્થસ્સ' કહી તેઓ કેવલિઓની પર્ષદામાં જવા લાગ્યા. ત્યારે ગૌતમસ્વામીએ પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપી, ચરણમાં નમસ્કાર કરી ઉભા થયા ને પેલા કેવલીઓને કહેવા લાગ્યા કે, 'ક્યાં ચાલ્યા ? અહિં આવો અને પ્રભુને વંદન કરો.' ત્યારે પ્રભુએ કહ્યું કે, 'હે ગૌતમ ! આ કેવલીઓની આશાતના ન કર.' આશાતનાથી આકુલ મનવાળા ગૌતમસ્વામીએ તેમને ખમાવ્યા. અતિસંવેગ પામેલા ગૌતમસ્વામી ચિંતવવા લાગ્યા કે, 'શું મારી આ ભવમાં સિદ્ધિ થશે કે નહિ ? આટલું તીવ્ર તપ ચારિત્ર પાળવા છતાં હજુ મને કેવલજ્ઞાન પ્રાપ્ત થતું નથી.'

આ પહેલાં કોઇક સમયે ભગવતે દેવો, અસુરો અને મનુષ્યોની પર્ષદામાં કહેલું હતું કે, 'જો કોઇ પોતાના પ્રભાવ કે લબ્ધિથી અષ્ટાપદ પર્વત ઉપર આરોહણ કરી ત્યાં રહેલાં ચૈત્યોને વાંદે તો તે મનુષ્ય તે જ ભવમાં સિદ્ધિ પામે, તેમાં સન્દેહ નથી.' તે વચન સાંભળીને હર્ષપૂર્ણ હૃદયવાળા દેવો માંહોમાંહે એ વાતની ચર્ચા કરવા લાગ્યા અને તેની સર્વત્ર પ્રસિદ્ધિ થઇ. ગૌતમસ્વામી પણ આ વચન સાંભળી ચિંતવવા લાગ્યા કે, 'પવિત્ર એવા અષ્ટાપદ ઉપર જો મારું ગમન થાય, તો જરૂર આ જ ભવમાં હું શ્રેષ્ઠ સિદ્ધિગતિ પામી શકું.'

## ૫૭. ગૌતમસ્વામી દ્વારા અષ્ટાપદની યાત્રા

ત્યારપછી ગૌતમના મનના સંતોષ માટે તથા તાપસોના પ્રતિબોધ થવાના કારણે પ્રભુએ આજ્ઞા કરી કે, 'હે ગૌતમ ! તું અષ્ટાપદ ઉપર જઇને ત્યાં જિનબિંબોને વંદન કર.' સુપ્રશસ્ત લક્ષણવાળા, વિનયથી નમાવેલા સર્વાંગવાળા તે મુનિવરોમાં સિંહ સમાન ગૌતમસ્વામી હર્ષિત અને તુષ્ટ થયા. પ્રભુને નમસ્કાર કરી અનુક્રમે કહેલ અષ્ટાપદ પર્વતની તલેટીમાં આવ્યા. ત્યાં આગળ દિન્ન, કૌડિન્ય અને સેવાલી એમ ત્રણ પ્રકારના પાંચસો પાંચસો તાપસો આ અષ્ટાપદ ઉપર ચડવા માટે વિવિધ પ્રકારનાં તપ કરતા હતા. તેમાં પ્રથમના પાંચસો તાપસો ઉપવાસ તપ કરીને પારણામાં તાજા રસવાળા સચિત્ત કંદ-મૂલ અને પત્રોનું

ભક્ષણ કરતા હતા. બીજા કૌડિન્ય નામના પાંચસો તાપસો છટ્ઠ તપ કરીને સૂકાઇ ગયેલાં પાકાં પાંદડાંઓનું ભક્ષણ કરતા હતા, ત્રીજા પ્રકારના સેવાલી નામના પાંચસો તાપસો અટ્ઠમ તપ (-લાગલાગટ ત્રણ ઉપવાસ) કરીને પારણામાં પોતાની મેળે સુકાયેલી શેવાલનું ભક્ષણ કરતા હતા. અનુક્રમે પ્રથમ, બીજી અને ત્રીજી મેખલાને વિષે તે તાપસો તપ કરતા હતા.

તે તાપસોએ સૌમ્ય કંચનવર્ણી કાયાવાળા ગૌતમસ્વામીને દેખીને વિચાર્યું કે, 'આવા હૃષ્ટ-પુષ્ટ શરીરવાળા આ અહિં કેવી રીતે ચડી શકશે ? જંઘાચારણની લબ્ધિવાળા કરોળિયાની જાળના તાંતણાના બારીક આલંબનથી તેની નજર સમક્ષ ક્ષણવારમાં એકદમ ઉપર ચડી ગયા. 'આ ચાલ્યા, આ તો ગયા' એ પહોળા નેત્રથી જોતા હતા, તેવામાં સૂર્ય જેમ અદૃશ્ય થાય, તેમ એકદમ દેખાતા બંધ થયા. ઉલ્લસિત થયેલા અને કુતૂહળ પામેલા તે ત્રણે પ્રકારના તાપસો તેમની પ્રશંસા કરવા લાગ્યા. ફરી તેમનાં દર્શનની ઉત્કંઠાવાળા ત્યાં તેમની રાહ જોતા બેસી રહેલા હતા. વળી વિચારતા હતા કે, 'જ્યારે તેઓ અહિં ઉતરશે, ત્યારે આપણે તેમના શિષ્યો થઈશું.'

ગૌતમસ્વામી તો અષ્ટાપદના શિખર ઉપર પહોંચી ગયા. ભરતમાં અદ્‌ભૂત વિભૂતિના ભાજન રૂપ ઘણી ભક્તિથી ભરત મહારાજાએ કરાવેલા જિનભવનને જોયાં. ઉત્સેધ આંગલવાળા એક યોજન લાંબા, ત્રણ કોશ ઉંચા, બે ગાઉ વિસ્તારવાળા, આકાશના અગ્રભાગમાં ધ્વજાશ્રેણી લહેરાવતા, પાંચ પ્રકારના વર્ણવાળા રત્નસમૂહમાંથી ઉલ્લસિત થતા કિરણોના મિશ્રણથી મેઘધનુષનો ભ્રમ કરાવતા, અંધકાર સમૂહને કાયમ દૂર કરનાર, ચાર દ્વારયુક્ત-એવા મોટા જિનમંદિરમાં હર્ષથી વિકસિત થયેલા નેત્રકમલવાળા ગણધર ભગવંતે મણિપીઠિકાને પ્રદક્ષિણા આપી જિનપ્રતિમાઓને વંદના કરી.

ચૈત્યવંદન પૂર્ણ કર્યા પછી તે જ ચૈત્યના છેડાના ભાગમાં ઉત્તર અને પૂર્વ દિશાના મધ્ય ભાગ - (ઇશાનખૂણા)માં રહેલા પૃથ્વીના શિલાપટ્ટમાં અશોકવૃક્ષની નીચે સંધ્યા-સમયે નિવાસ કરવા માટે આવ્યા. આ જ સમયે શક્રેન્દ્રનો વૈશ્રમણ (કુબેર) નામનો દિશાપાલક પણ ચૈત્યનોના વંદન નિમિત્તે તે જ પર્વત ઉપર આવ્યો. ચૈત્યોને વાંદીને પછી સ્વામીને વાંદી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો -

"હે ભગવંત ! દૂરથી આપનાં મંગલમય દર્શન અતિ હર્ષને ઉત્પન્ન કરાવનાર થાય છે, તેમ જ જો ભક્તિથી વંદન કરવામાં આવે તો પાપરૂપ મેશની કાળાશને ભૂંસી નાખનાર થાય છે, પ્રસન્ન થયેલા આત્માઓ આપની સેવા અગર ધ્યાન કરે છે, તેમને પવિત્ર પુણ્યાનુબંધી પુણ્યની પરંપરાનો વિસ્તાર પામે છે. આપના વચનોનું તો જે ફલ છે, તે તો

વાણીથી કેવા માટે અમો સમર્થ બની શકતા નથી."

હવે ગણધર ભગવંતે ધર્મોપદેશ આપતા મુનિઓના ગુણોનું કથન કરતાં એમ જણાવ્યું કે, 'મુનિઓ તો અંતપ્રાન્ત-રસકસ વગરની ભિક્ષા લાવીને ભોજન કરનારા હોય છે.' આ સમયે વૈશ્રમણ વિચારવા લાગ્યો કે, 'આવા પ્રકારના સાધુના ગુણોનું વર્ણન પોતે કરે છે અને તેમના શરીરની મનોહરતા તો એવી છે કે તેના જેવી બીજા કોઈની મનોહરતા નથી.' તેના મનનો અભિપ્રાય જાણીને ગૌતમ ભગવંતે જ્ઞાનાધર્મકથામાં કહેલું પુંડરીક નામનું અધ્યયન સ્પષ્ટ વર્ણવ્યું.

'શરીર બળવાળું કે બળ વગરનું હોય, તે કંઇ સાધુભાવનું કારણ ગણાતું નથી. પુંડરીક સાધુ બળવાન હતા, તો પણ દેવલોકે ગયા અને જેના શરીરમાં માત્ર હાડકાં બાકી રહેલાં હતાં અને કઠોર તપ કરીને જેણે કાયા ગાળી નાખી હતી, તેવો કંડરિક રૌદ્રધ્યાનની પ્રધાનતાથી મરીને નરકે ગયો.' આ સાંભળી વૈશ્રમણ દેવ તુષ્ટ મનવાળો થયો અને સ્તુતિ કરવા લાગ્યો કે, 'એમણે મારા મનનો અભિપ્રાય જાણી લીધો, તેથી તેમનું જ્ઞાન અતિશયવાળું છે.' પછી તે દેવવંદન કરીને ગયો. પરંતુ તે વૈશ્રમણ દેવનો એક જૃંભક નામનો દેવ જેણે પાંચસો શ્લોક પ્રમાણ પુંડરીક અધ્યયન શ્રવણ કર્યું હતું, તેનું અવધારણ કર્યું અને તેના યોગે સમ્યક્ત્વ-રત્ન પ્રાપ્ત કર્યું.

હવે પ્રભાત સમયે ગૌતમસ્વામી ભગવંત પર્વત પરથી નીચે ઉતરતા હતા, ત્યારે મધ્યાહ્નના સૂર્યના તેજ સમાન પ્રકાશવાળા ભગવંતને વિકસિત મુખથી જોવા લાગ્યા, પૂર્વદિશામાં સૂર્યોદયથી જેમ કમળો તેમ દિન્નઆદિક તાપસોએ વિકસિત મુખથી કહ્યું કે, તમે જ અમારા ગુરુ છો અને નમાવેલા મસ્તકવાળા અમો આપના શિષ્યો છીએ. ત્યારે ગૌતમસ્વામીએ તે તાપસોને કહ્યું કે, 'તમારા અને મારા સર્વના ગુરુ તો જગતના જીવોના બન્ધુ સમાન, ભવ્ય જીવોરૂપી કમલોને પ્રતિબોધ કરવામાં સૂર્ય સમાન, પ્રાતઃકાલમાં નામ સ્મરણ કરવા લાયક એવા વીર ભગવંત છે. ત્યારે વળી તાપસોએ કહ્યું કે, 'શું તમારે વળી બીજા કોઈ ગુરુ છે ?' ત્યારે પ્રસન્ન થયેલા ગૌતમસ્વામી ભગવંતના મહાગુણોને કહેવા લાગ્યા.

તેઓને દીક્ષા આપી, તરત જ દેવતાઓ, તેમના માટે વેષ લાવ્યા, વેષ અંગીકાર કરીને પર્વતની મેખલાથી નીચે ઉતરીને માર્ગમાં ચાલવા લાગ્યા. તે સમયે ભિક્ષા સમય થયો, એટલે તાપસોને ગૌતમ ભગવંતે પૂછ્યું કે. આજે તમારા માટે પારણામાં શું લાવું ? ત્યારે તેઓએ પારણામાં ઉચિત ક્ષીરનું ભોજન કરીશું.' ગૌતમસ્વામી ભગવંત તો સર્વ લબ્ધિસંપન્ન હતા, એટલે ભિક્ષાચર્યામાં ઘી-ખાંડ-સહિત ઉત્તમ ક્ષીરની ભિક્ષા એક પાત્રમાં

વહોરી લાવ્યા. તેમની સમીપમાં આવીને અક્ષીણમહાનસ નામની લબ્ધિથી દરેક તાપસોને જુદા જુદા પાત્રમાં પ્રથમ તેઓએ પારણાં કરાવ્યાં. પાછળથી પોતે તે પાત્રમાં પારણું કર્યું, ત્યારે તાપસોને આશ્ચર્ય થયું અને તાપસો ભોજન કરતા કરતા વિચારવા લાગ્યા કે, ખરેખર આપણે ઘણા પુણ્યશાળી છીએ કે, 'આવા મહાનગુણવાળા ગુરુ આપણને પ્રાપ્ત થયા કે, જેઓએ ઘી-સાકર-યુક્ત ક્ષીરથી પારણું કરાવ્યું.'

આ પ્રમાણે અઠ્ઠમતપના પારણે સૂકાયેલી સેવાલનું ભોજન કરનાર મહાતપસ્વીઓને કેવલજ્ઞાનાવરણીયનો ક્ષય થવાથી એકદમ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ખીરનું ભોજન કરતાં તેમને જે કેવલજ્ઞાન થયું, તેથી હું એમ માનું છું કે, 'કેવલ અને કવલ બંનેમાં ભેદ નથી' એમ કરીને બંનેસાથે આરોગી ગયા. અતિવિશિષ્ટ છઠ્ઠ તપના પારણેમ પાકેલાં સડેલાં પત્રનું ભક્ષણ કરનારા પાંચસો કૌડિન્ય નામના તાપસોને સમવસરણમાં પ્રભુના છત્રાતિછત્ર આદિ શોભા દેખતાં દેખતાં અને દૈન્ય નામના પાંચસો તાપસોને દેવાધિદેવની અતિશયો વિચારતાં વિચારતાં કેવલજ્ઞાન ઉત્પન્ન થયું.

આ પ્રમાણે માર્ગમાં ૧૫૦૦ તાપસોને કેવલજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું. હવે આનંદિત માનસવાળા ગૌતમ પ્રભુને પ્રદક્ષિણા આપવા લાગ્યા, તેઓ પણ તેમની પાછળ પ્રદક્ષિણા આપીને કેવલીઓની પર્ષદામાં 'નમો તિત્થસ્સ' એમ કહી બેસી ગયા. ગૌતમસ્વામીએ પાછળ જોયું અને તેઓને કહ્યું કે, 'અરે ! પ્રભુને વંદન કરો. ત્યારે પ્રભુએ કહ્યું કે, 'હે ગૌતમ ! એ કેવલીઓની આશાતના ન કર, પશ્ચાત્તાપ કરતાં તેમને 'મિચ્છા મિ દુક્કડં' આપ્યું. વળી અધૃતિ કરવા લાગ્યા કે, 'હું આ જન્મમાં સિદ્ધિગતિ નહિં મેળવીશ, મેં દીક્ષા આપી તો તેઓ તત્કાલ કેવલજ્ઞાન પામ્યા.'

પ્રભુએ કહ્યું બસ, 'હે ગૌતમ ! દેવતાનું કે મારું વચન સત્ય હોય ?' ગૌતમે કહ્યું કે, 'જિનેશ્વરનું', તો પછી આટલી અધૃતિ કેમ કરે છે ? ત્રણે ભુવનનું રક્ષણ કરનાર પ્રભુએ ચાર પ્રકારના પડદા વિષયક પ્રરૂપણા કરી. (૧) સુતળીના બનાવેલા, (૨) પત્રના બનાવેલા, (૩) ચામડાના બનાવેલા અને (૪) કંબલના બનાવેલ પડદા.

આ પ્રમાણે ગુરુ ઉપર શિષ્યનો ચાર પ્રકારનો સ્નેહાનુબંધ હોય છે. ''હે ગૌતમ ! તને તો મારા ઉર ઉનની કંબલના પડદા સમાન સ્નેહ છે. તું મારો ઘણા કાળનો સ્નેહી છો, લાંબા સમયની પિછાણવાળો, દીર્ઘ કાળના પરિચયવાળો, લાંબા વખતના સંબંધવાળો, લાંબા સમયથી મને અનુસરનારો, લાંબા સમયથી ઉતરી આવેલા મોહવાળો તું છે; છતાં પણ આ દેહનો જ્યારે વિનાશ થશે, એટલે આપણે બંને એક સરખા થઇશું. હે ધીર-ગંભીર ! નિરર્થક તું શોક-સંતાપ ન કર."

હવે ગૌતમને આશ્રીને તથા બીજા મુનિઓને પ્રતિબોધ કરવા માટે પ્રભુએ દ્રુમ-પતર્ક નામના અધ્યયનની પ્રરૂપણા કરી. ગૌતમસ્વામી પણ અટ્ઠમ-છટ્ઠ વગેરે ઉગ્ર તપ કરવા પૂર્વક હંમેશાં ભગવંતની સાથે વિહાર કરતા કરતા મધ્યમ-અપાપા નગરીમાં પહોંચ્યા ત્યાં ભગવંત્ અને ગૌતમને ચોમાસાના સાત પક્ષો વ્યતીત થયા એટલે ગૌતમના મોહનો વિચ્છેદ કરવા નિમિત્તે કાર્તિક માસની અમાવાસ્યાના દિવસે નજીકના ગામમાં પ્રભુએ તેમને મોકલ્યા અને કહ્યું કે, 'હે ગૌતમ ! એ ગામમાં અમુક શ્રાવક (દેવશર્મા) ને પ્રતિબોધ કર. ગૌતમસ્વામી ત્યાં પહોંચ્યા એટલે સાંજ સમય થઈ ગયો એટલે રાત્રે ત્યાં જ નિવાસ કર્યો, પરંતુ રાત્રે દેખ્યું કે દેવતાઓ ઉપર અને નીચે ઉડતા અને ઉતરતા દેખાયા. ઉપયોગ મૂક્યો તો જાણ્યું કે, 'આજે પ્રભુ નિર્વાણ પામી મોક્ષે ગયા.'

વિરહ થવાના ભયપૂર્ણ મનવાળા ગૌતમસ્વામીએ આજ પહેલાં ચિત્તમાં કોઈ દિવસ ભગવાનના વિરહ દિવસનો વિચાર જ કર્યો ન હતો. હવે તે જ ક્ષણે તે વિચારવા લાગ્યા કે, 'અરે ! આ ભગવંત તો સ્નેહ વગરના છે, અથવા જિનેશ્વરો એવા વીતરાગ જ હોય છે. સ્નેહાનુરાગવાળા જીવો સંસારમાં પડે છે.' આવી ભાવના ભાવતાં ભાવતાં ગૌતમપ્રભુને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. કહેવાય છે કે -

ખરેખર ! આ મોહોદયના કારણે ઇન્દ્રભૂતિ ગૌતમને મહાકષ્ટે કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ, સ્થૂલભદ્ર સરખા પણ જ્ઞાનનો વિકાર પામ્યા, મનકપુત્રની મરણવિધિમાં ચૌદ પૂર્વના સ્વામી શય્યંભવ પણ દડ દડ સતત અશ્રુજળ મૂકવા લાગ્યા, બળરામ સરખા બહાદુર પુરુષે મોહના જ કારણે છ મહિના સુધી ભાઇના શબને વહન કર્યું. આ પ્રમાણે મોહનાં વિચિત્ર રૂપો જગતમાં થથાય છે. એવા મોહરાજાને નવ ગજના નમસ્કાર થાઓ અર્થાત્ આવા મોહથી સર્યું.' તેમનો કેવલિકાલ બાર વરસનો હતો. જેવી રીતે ભગવંત વિહાર કરતા હતા, તેવી રીતે અતિશય રહિત વિહાર કરતા હતા. ત્યારપછી આર્ય સુધર્માસ્વામીને ગણ સોંપીને પોતે સિદ્ધિ પામ્યા. ત્યારપછી તેમને પણ અતુલ્ય કેવલજ્ઞાન ઉત્પન્ન થયું.

આઠ વરસ સુધી કેવલિપર્યાયમાં વિહાર કરી જંબૂમુનિને ગણ સમર્પણ કરી તેઓ પણ સિદ્ધિપદને પામ્યા. ભગવંત કાલધર્મ પામવાના કારણે દુભાયેલા દેવો, અસુરો વગેરે મધ્યમ 'અપાપા'ના બદલે 'પાપા'-નગરી કહેવા લાગ્યા. વીર ભગવંત નિર્વાણ થયા પછી પાંચસો વર્ષમાં કંઇક ન્યૂન સમય થયો; ત્યારે જૃંભક દેવતા વિમાનથી ચ્યવીને જ્યાં, જેના પુત્ર તરીકે અને જેની કુક્ષીમાં ઉત્પન્ન થયા, દીક્ષા-શિક્ષા પામ્યા, અસ્ખલિત ચારિત્ર, દશ પૂર્વનું જ્ઞાન, તીર્થની પ્રભાવના કરનાર જેવી રીતે થયા, તે અધિકાર હવે કહીશું.

## ૫૮. વજસ્વામીની કથા

તુંબવન નામના સંનિવેશમાં અને અવંતિ દેશમાં પોતાની સુંદરતાના કારણે દેવાધિક રૂપવાળા ધનગિરિ નામના શેઠ પુત્ર હતા. બાલ્યકાળમાં જિનેશ્વરના ધર્મને સાંભળીને તે શ્રાવક થયો હતો. ભવથી ભય પામેલો વિષયતૃષ્ણાથી રહિત તે પ્રવ્રજ્યા લેવાની અભિલાષાવાળો થયો. પૂર્ણ યૌવન પામવાના કારણે તેના પિતા જે જે કન્યાઓ માટે વાત કરે છે, તેને તેને નિષેધ કરીને જણાવે છે કે, 'મારે તો દીક્ષા અંગીકાર કરવી છે. વળી કહે છે કે, આ કામિનીઓ કેવા પ્રકારની હોય છે ? :-

"જે સ્ત્રીઓ વિષે પૂર્ણ હર્ષ પામેલી માયારૂપ મહારાક્ષસી નૃત્ય કરે છે, જેમાં પ્રેતથી પણ અધમ એવો મોહ પ્રાણીઓને ગમે તે પ્રકારે ફસાવીને ઠગે છે, જેમાં નિરંતર કામાગ્નિ સતત સળગતો જરહે છે, તેવી શ્મશાન કરતા અધિક વિષમાસ્ત્રીને કયો કલ્યાણની ઇચ્છાવાળો પંડિત પુરુષ કદાપિપણ સેવન કરે ?"

હવે તે જ નગરમાં ધનપાલ શેઠની પુત્રીએ પિતાને કહ્યું કે, મને ધનગિરિ સાથે પરણાવો, તો હું કોઇ પ્રકારે તેને વશ કરીશ. આર્યસમિત નામના મારા ભાઇએ પોતાની સ્થિરતાથી જિતનાર એવા સિંહગિરિ ગુરુ પાસે દીક્ષા લઇ ગ્રહણ અને આસેવન શિક્ષાનું જ્ઞાન મેળવ્યું છે. ધનગિરિએ સુનંદાને કહ્યું કે, 'હે ભદ્રે ! હું મુનિ થઈશ, વાત ખોટી ન માનીશ, એ કાર્યમાં હું ઢીલ નહિં કરીશ, તને જેમ રુચે તેમ તું કર.'

ત્યારપછી માતા-પિતાના આગ્રહથી વિવાહ કર્યો, તેમાં મોટો ખર્ચ કરી ઘણો આડંબર કર્યો અને તેણે પાણિગ્રહણ કર્યું. વિષય-સંગથી અતિવિરત થયેલા હોવા છતાં મહાનુભાવો અનુરાગીની જેમ દાક્ષિણ્ય અને આગ્રહને આધીન બનેલા સંસારના કાર્ય કરનારા થાય છે. તે વિવાહ સમય પૂર્ણ થયા પછી આનંદ માણતી સુનંદાને તેણે કહ્યું કે, 'હે સુંદરિ ! પૂર્વના વૃત્તાન્તનો વિચાર કરીને હવે મને છોડ. સુનંદા ધનગિરિ પ્રત્યે પૂર્ણ પ્રેમવાળી હતી, જ્યારે તે સુનંદા પ્રત્યે વિરક્ત ચિત્તવૃત્તિવાળો હતો, રાગી અને વિરાગી એવા તે બંને વચ્ચે અનેક વાર્તાલાપો થયા. તેમાં સુનંદાએ તેને કહ્યું કે, 'પિતાના ઘરથી પરાङ્મુખ બનેલી હવે મને તમો જ એક સ્થાન છો, તમારા સિવાય મને હવે બીજો કોઇ આધાર નથી એટલે તો વિચાર કરો. કુમારીપણામાં પિતા, યૌવન વયમાં ભર્તાર, વૃદ્ધપણામાં પુત્ર એમ સ્ત્રીઓને દરેક અવસ્થામાં રક્ષણ કરનાર હોય છે. સ્ત્રી રક્ષણ વગરની-એકાકી રહી શકતી નથી."

આ વાત સાંભળીને તેના વચનથી સુનંદાના બન્ધુઓ તથા બીજા લોકોએ આગ્રહ કરીને તેવી રીતે રોક્યો, જેથી પુત્રલાભની ઇચ્છાવાળો બન્યો. કેટલાક દિવસો ગયા પછી શ્રેષ્ઠ સ્વપ્ન સૂચિત પેલા દેવતાનો જીવ તેના ગર્ભમાં પુત્રપણે ઉત્પન્ન થયો. પ્રશસ્ત પુત્ર

લાભ થવાનો જ છે, તેથી સુનંદાએ ધનગિરિએ કહ્યું કે, 'હવે સુન્દર લક્ષણવાળો સહાયક તને પુત્ર થશે.' વળી વિચારવા લાગ્યો કે, 'ગૃહસ્થોને કુશલ ક્યાં હોય છે ? તે સ્ત્રીઓથી સંસાર-સાગરમાં ફેંકાય છે, કદાચ પોત એટલે બાળક પ્રાપ્ત કરે છે, તો તે તેનાથી જ અતિશય ડૂબી જાય છે.'

પોત એટલે બીજો અર્થ વહાણ-તરવાનું સાધન મેળવે છે, તો પણ તેનાથી ડૂબી જાય છે. કોઈ પ્રકારે સુનંદાએ રજા આપી એટલે સર્વ જીવોને અભયદાન આપનાર સર્વવિરતિ મહાઆડંબરપૂર્વક મહોત્સવ કરીને ગ્રહણ કરી. સર્વ ચતુર્વિધ શ્રી સંઘનું સન્માન કર્યું. શુભ નક્ષત્ર, મુહૂર્ત, યોગ, લગ્નબળ હતાં, તે સમયે મહાનિધાનના લાભની ઉપમા વડે સિંહગુરુની પાસે મહાવ્રતો લીધાં.

આ બાજુ કંઈક નવમાસથી અધિક કાળ થયો, ત્યારે પૂર્વદિશામાં જેમ સૂર્ય તેમ સુનંદાએ સૂર્યસમાન તેજવાળા પુત્રને જન્મ આપ્યો. તે સમયે અનેક પાડોશની સ્ત્રીઓ એકઠી થઈ અને પરસ્પરવાતો કરવા લાગી કે, 'જો આના પિતાએ દીક્ષા ન લીધી હોત, તો પુત્રનો અતિમહાન જન્મોત્સવ કરત. નિર્મલ મતિજ્ઞાનવાળા જન્મેલા આ બાળકને તે સ્ત્રીઓના મુખમાંથી નીકળતા દીક્ષાના શબ્દો સાંભળીને જાતિસ્મરણજ્ઞાન થયું. વિચારવા લાગ્યો કે, 'માતા ઉદ્વેગમનવાળી ન થાય, ત્યાં સુધી મને પ્રવ્રજ્યા ગ્રહણ કરવા રજા નહીં આપશે, તો કોઇ પ્રકારે તેને હું ઉદ્વેગના કારણરૂપ થાઉં.'

હવે બાળક હંમેશાં મુખ પહોળું કરી એવી રીતે રુદન કરવા લાગ્યો કે, જેથી સુનંદા શયન-ઊંઘ ન કરી શકે, બેસી ન શકે, ભોજન ન કરી શકે, સુખેથી ઘરકાર્ય પણ ન કરી શકે.-એમ રુદન કરતાં છ મહિના પસાર થયા, પછી ત્યાં નગરઉદ્યાનમાં સિંહગિરિ ગુરુ પધાર્યા. સ્વાધ્યાયાદિક યોગક્રિયાઓ પૂર્ણ થઇ અને ભિક્ષા સમય થયો. ત્યારે ધનગિરિ અને સમિત સાધુએ સિંહગિરિને પૂછ્યું કે, 'હે ભગવંત ! અમારા પૂર્વના સંબંધવાળાસ્નેહીવર્ગને મળવા માટે તેમના ઘરે જઇએ.' ગુરુએ તે વાતની અનુમતિ આપી. પોતે મનથી ઉપયોગ મૂક્યો, તો તે સમયે કોઇક ઉત્તમફલ આપનાર નિમિત્ત ઉત્પન્ન થયું.

ગુરુએ તેમને જણાવ્યુ કે, 'ત્યાં ગયા થકા જે કંઈ ચેતનવંત કે અચિત્ત જે મળે તે તમારે સ્વીકારવું, કારણ કે મને આજ શુભ શકુન થયેલું છે.' તે બંને મુનિઓ સુનંદાના ઘરે ગયા, એટલે તે પણ બહાર આવી. બીજી પાડોશની ઉત્તમ કુળની સ્ત્રીઓ પણ તે વખતે એકઠી થઇ. બે હાથની અંદર પુત્રને ધારણ કરી પગમાં પડીને સુનંદા કહેવા લાગી કે, અત્યાર સુધી તો મેં આ બાળકનું પાલન કર્યું. હવે તો આ બાળકને તમે ગ્રહણ કરો. કારણ કે, તેને હવે પાળી શકવા હું સમર્થ નથી.'

આ પ્રમાણે કહ્યું, એટલે ધનગિરિએ કહ્યું કે, 'પછી તને પશ્ચાત્તાપ થશે, તો પછી શું કરવું ?' ત્યારે સુનંદાએ કહ્યું કે, 'આ લોકોની સાક્ષીએ તમને અર્પણ કરું છું. ફરી મારે તેની માગણી ન કરવી' - એમ દૃઢ શરત સાક્ષીની હાજરીમાં કરીને તે બાળકને ધનગિરિએ ઝોળીમાં ગ્રહણ કર્યો. તરત જ રુદન બંધ કર્યું, જાણે કે 'હું સાધુ થયો.' સાધુઓ બાળકને લઇને ગુરુ પાસે પહોંચ્યા. લક્ષણવાળો, શરીરે વજનદાર હોવાથી ધનગિરિનો હાથ પણ નીચો નમી ગયો. એટલે સૂરિ મહારાજે તેન હાથમાંથી વજનદાર ઝોળી લઇ ભૂમિ ઉપર સ્થાપન કર્યો. આચાર્ય પણ વજનદાર બાળક જાણીને બોલ્યા કે, 'શું આ વજ્ર હશે કે આટલો ભાર કેમ જણાય છે ?' જ્યાં બાળકને જોયો એટલે દેવકુમાર સમાન રૂપ જોઇને વિસ્મય પામ્યા અને કહ્યું કે, 'આ બાળકનું સારી રીતે પાલન કરવું, કારણ કે આ પ્રવચનની પ્રભાવના કરનાર થશે. 'વજ્ર" એવું તેનું નામ પાડ્યું અને સાંધ્વીઓને સ્વાધીન કર્યો.

સાંધ્વીઓએ પણ શય્યાતરના ઘરે આ બાળકને પાલન-પોષણ માટે રાખ્યો. જ્યારે ઘરના બાળકોનું સ્નાન, સ્તનપાન શરીર-સંસ્કાર વગેરે કરાતું હતું, ત્યારે પ્રાસુક પદાર્થોથી આ બાળકના પણ સ્નાન, સ્તનપાનાદિક સાથે સાથે શ્રાવિકાઓ કરતી હતી. આવી રીતે તે બાળક વૃદ્ધિ પામવા લાગ્યો. તેને દેખીને દરેકનાં ચિત્તો સંતોષ અને આનંદ પામતાં હતાં. સિંહગિરિ આચાર્ય સપરિવાર બહાર વિચરવા લાગ્યા. હવે તેની માતા સુનંદા બાળકને માગવા લાગી. એટલે શય્યાતરી સ્ત્રીઓ કહેવા લાગી કે, ' આ બાળક તો ગુરુની થાપણ છે, અમે તને આપી શકીએ નહિં.'

દરરોજ માતા આવીને સ્તનપાન કરાવતી હતી. એમ કરતાં બાળક ત્રણ વરસનો થયો. ફરી વિહાર કરતા કરતા આચાર્ય ત્યાં પધાર્યા, એટલે માતા બાળકને માંગવા લાગી. બાળક માતાને અર્પણ ન કરવાના કારણે રાજકુલમાં વિદાય લઈ ગયા, રાજાએ ધનગિરિને પૂછ્યું. ત્યારે કહ્યું કે, 'સાક્ષી સમક્ષ, શરતપૂર્વક સુનંદાએ મને સમર્પણ કરેલો છે.' પરંતુ અત્યારે સાક્ષી તરીકેના નગરલોકો સુનંદાના પક્ષમાં ફરી બેઠા.

રાજાએ ન્યાય આપતાં એમ કહ્યું કે, 'મારી સમક્ષ પુત્રને સ્થાપન કરો અને પછી તમો તેને બોલાવો. જેના તરફ તે જાય, તેનો તે પુત્ર.' આ વાતનો બંને પક્ષે સ્વીકાર કર્યો. હવે માતા સુનંદાએ બાળકજનને દેખીને આનંદ થાય તેવાં અનેક રૂપવાળાં રમકડાં તથા ખાવા લાયક પદાર્થો તૈયાર કર્યાં. એક પ્રશસ્ત દિવસ નક્કી કરેલો, તે દિવસે બંને પક્ષોના સાક્ષીઓ આવી પહોંચ્યા. રાજા પૂર્વાભિમુખ બેઠો, જમણી બાજુ સંઘ બેઠો, ડાબી બાજુ પોતાના પરિવાર સહિત સુનંદા બેઠી. રાજાએ કહ્યું કે, તમારા અને એના માટે આટલો નિયમ છે કે, 'નિમંત્રેલો બાળક જે દિશામાં જાય તેનો આ બાળક.'

હવે પ્રથમ કોણ નિમંત્રણ કરે, તો રાજાએ કહ્યું કે, 'ધર્મમાં પુરુષ શ્રેષ્ઠ ગણાય છે, માટે પ્રથમ બોલાવનાર પિતા છે.' આ પ્રમાણે રાજાએ કહ્યું, એટલે સુનંદા તરફ સ્નેહ બતાવતા નગરલોકો કહેવા લાગ્યા કે, ના ના - એમ નહિં, પરંતુ પ્રથમ આ બેમાંથી માતા દુષ્કરકારિણી હોવાથી માતાને પ્રથમ બોલાવવા આપવી, વળી માતા બાળકને પ્રત્યે અતિવાત્સલ્ય અને સત્ત્વવાળી ગણાય છે. એટલે માતા રત્નજડિત એવા અશ્વ, વૃષભ, હાથી, ઉંટ વગેરે રમકડાં બતાવીને અતિકોમળ સ્નેહાળ કરુણાપૂર્ણ વચનો વડે અતિદયામણું મુખ કરતી કહેવા લાગી કે, 'હે વજ્ર ! આ બાજુ આવ.'

આ સ્થિતિમાં બોલાવતી માતાને તે જોતો રહેલો છે. વળી મનમાં વિચારે છે કે, 'અહીં બેઠેલા સંઘની અવજ્ઞા કરીશ, તો લાંબા કાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરવું પડશે. બીજું હું પ્રવ્રજ્યા સ્વીકારીશ, એટલે માતા પણ નક્કી દીક્ષા લેશે જ.' એમ વિચારતા બાળકે માતાએ ત્રણ વખત બોલાવ્યો તો પણ આવતો નથી. ત્યારપછી પિતાએ પોતાના હાથમાં રજોહરણ ઉંચું કરી બતાવ્યું, એટલે કમલપત્ર સરખા લોચન યુગલવાળો અને ચંદ્રમંડલ સમાન આહ્લાદક મુખવાળો થોય.

વળી પિતાએ કહ્યું કે, 'હે વજ્ર ! જો પુણ્ય કાર્ય કરવાની ઈચ્છા હોય તો, કર્મરજ દૂર કરનાર આ ઉત્તમ પ્રકારના ધર્મના ધ્વજરૂપ રહોહરણને જલ્દી ગ્રહણ કર.' તરત જ તેણે એકદમ પિતા પાસે જઈને રજોહરણ ગ્રહણ કર્યું, લોકો ઉત્કૃષ્ટ સિંહનાદ કરીને બોલવા લાગ્યા કે, ધર્મનો જય જયકાર થયો. ત્યારપછી માતા વિચારવા લાગી કે, 'મારા ભાઇએ, ભર્તારે અને અત્યારે પુત્રે પણ પ્રવ્રજ્યા ગ્રહણ કરી, તો હવે મારે કોના માટે ગૃહવાસ કરવો ?' એમ વિચારી તેણે પણ પ્રવ્રજ્યા અંગીકાર કરી.

હવે સ્તનપાનનો પણ ત્યાગ કર્યો, તે દ્રવ્યથી સંયત થયો. હજુ પણ સાધ્વીઓ પાસે રાખેલો છે, કારણ હજુ વિહાર યોગ્ય થયો નથી. તેમની સમીપમાં રહેતો અને સાધ્વીઓ અગ્યાર અંગ ભણતી હતી, તેને સાંભલી-સાંભળીને પણ પોતે અગિયાર અંગ શીખી ગયો. એક પદ માંથી તે સો પદોનું સ્મરણ કરી શકે તેવી તેની પદાનુસારી બુદ્ધિ હતી. જ્યારે તે આઠવર્ષની વયવાળો થયો, ત્યારે ગુરુએ તેને પોતાની પાસે સ્થાપન કર્યો.

વિહાર કરતાં કરતાં અવંતિમાં ગયા અને બહાર ઉદ્યાનમાં નિવાસ કર્યો. કોઇક સમયે તીવ્ર ધારાવાળો સતત વરસાદ પડવા લાગ્યો. વરસાદ ચાલુ પડતો રહેવાથી ભિક્ષા માટે કે બીજા પ્રયોજન માટે સાધુ બહાર જઈ શકતા નથી. તે સમયે વજ્રના પૂર્વ ભવના જૃંભક નામના મિત્ર દેવો તે પ્રદેશમાં ફરવા નીકળેલા.

તેમના જોવામાં વજ્રમુનિ આવ્યા એટલે તેમને તે મુનિ ઉપર ભક્તિ અને અનુકંપા

પ્રગટી મુનિના પરિણામની પરીક્ષા કરવા માટે દેવોએ વણિકના સાર્થનું, તથા બળદ ગાડાં આદિનાં રૂપો વિકુર્વ્યાં અને સાથે એક પ્રદેશમાં નિવાસ કર્યો.

ભોજન-પાણી તૈયાર થયાં એટલે વણિકોએ આવી બાળ મુનિ વજ્રને વંદના કરી ગોચરી પધારવાનું નિમંત્રણ કર્યું. ગુરુની આજ્ઞા પામેલા તે ધન્ય વજ્ર મુનિ વહોરવા નીકળ્યા. ધીમે ધીમે થોડો થોડો વરસાદ પડતો હતો, તે જ્યારે બંધ થયો, તે સમયે અતિઆદર પૂર્વક બોલાવવા લાગ્યા. ઘણે દૂર સુધી ગયા, ત્યારે તે પ્રદેશમાં વજ્રમુનિ દ્રવ્યાદિકનો તીવ્ર ઉપયોગ કરવા લાગ્યા. દ્રવ્યથી આ પુસ્સ પુષ્પ-કૂષ્માંડ ફળ અર્થાત્ કોળાફળનો બનાવેલ પદાર્થ છે, વળી ક્ષેત્રથી આ ઉજ્જયિની નગરી છે, કાળથી કૃષ્ણપક્ષ અને વર્ષાકાળ છે, ભાવથી પૃથ્વીને સ્પર્શ કર્યા વગરનો પગ અદ્ધર છે અને નેત્રો મિંચાયાં વગરનાં છે, વળી અત્યંત ચિત્તના આનન્દવાળા આ દેવો છે. એમ જાણ્યું કે, 'આ તો દેવતાઓ છે. હું માનું છું કે, આમાં કંઈક છેતરવાનો પ્રસંગ છે.' તેથી તે ન વહોર્યું - એટલે તે દેવો પ્રસન્ન થયા અને કહ્યું કે, 'અમે કૌતુકથી તમારા દર્શન માટે આવ્યા છીએ।'

ત્યારપછી અનેક દેવતાઇ અને મનુષ્યોનાં વિવિધ પ્રકારનાં રૂપો વિકુરવી શકાય તેવી વૈક્રિય વિદ્યા તેમને આપી. ફરી પણ જેઠ મહિને સ્થંડિલભૂમિ ગયા હતા, ત્યાં દેવતાઓ ઘેબરની ભિક્ષા આપતા હતા, તે વખતે પણ આગળની જેમ દ્રવ્યાદિકનો ઉપયોગ મૂક્યો, એટલે સદ્ભાવ જાણી તે ગ્રહણ ન કર્યું. ફરી તુષ્ટ થયેલા દેવોએ નિરાબાધપણે આકાશમાં ગમન કરી શકાય તેવી વિદ્યા આપી. તે વિદ્યાના પ્રભાવથી માનુષોત્તર પર્વત તરફ આકાશમાં ગમન કરી શકાય. અતિ બળવાન દેવ સમુદાય પણ તેમના ગમનમાં સ્ખલના કરવા સમર્થ થઇ શકે નહિ.

આવી રીતે બાલ્યકાળમાં પણ અનેક અદ્ભુત સ્થાન પામેલા તે વજ્ર મુનિ ગુરુની સાથે પુર, નગર અને ગામોમાં વિચરતા હતા. ''બાલસૂર્યનાં કિરણરૂપ પગલાં મોટા પર્વતના ઉપર પડે છે, તેજના-પરાક્રમની સાથે જન્મેલાઓને વય સાથે સંબંધ હોતો નથી.'' સાધ્વીઓની વચમાં રહેતા રહેતા તેણે જે અંગો ગ્રહણ કર્યાં હતાં, તેમાંથી એક પદ સ્મરણ કરતાં જ સર્વ પદો યાદ આવી જતા હતા.

વળી જ્યારે સાધુ પાસે રહેવા લાગ્યા, ત્યારે તે જ અંગો સ્પષ્ટપણે ભણી ગયા. વળી જે કોઇ સાધુ પૂર્વગત શ્રુત ભણતા હતા, તે પણ કાનથી સાંભળી સાંભળીને તેણે જલ્દી ભણી લીધું. અલ્પપરિશ્રમથી પણ તે લગભગ બહુશ્રુત થઈ ગયા. તેને બીજા સાધુઓ સાધુક્રિયાનાં નાનાં નાનાં સૂત્રો ભણાવતા હતા અને કહેતા હતા કે, 'આ સૂત્ર ગોખીને તૈયાર કરો.' તે વખતે ભણાવનાર સમક્ષ નાનાં નાનાં સૂત્રો-જાણે આવડતાં જ નથી, તેમ

તેમના દેખતાં ગોખ્યા કરે અને બીજાં પૂર્વનાં સૂત્રો ભણતા સાંભળે, તે પણ ઉપયોગપૂર્વક કાનથી સંભળી યાદ કરી લેતા હતા.

હવે કોઈક સમયે મધ્યાહ્ન સમયે આચાર્ય મહારાજ બહાર સ્થંડિલભૂમિએ ગયેલા હતા અને સાધુઓ ભિક્ષા માટે ગયા હતા, તે સમયે ઉપાશ્રયના વસતિપાલક તરીકે વજ્રને સ્થાપન કર્યા હતા, પોતાના બાલચાપલ્યના અને કુતૂહળના કારણે સાધુઓના વિંટિયાઓ મંડલિના ક્રમે ગોઠવ્યા. જાણે સાધુઓ સામે વાચના લેવા બેઠા ન હોય, વચ્ચે પોતે બેસીને સમુદ્રના ક્ષોભ સરખા ગંભીર શબ્દથી પૂર્વગત અંગોની વાચના આપવા લાગ્યા.

એ સમયે પ્રથમ ગુરુ મહારાજ બહારથી આવી પહોંચ્યા અને વાચનાનો શબ્દ સાંભળ્યો. વિચાર કરવા લાગ્યા કે, 'મુનિઓ મારા પહેલાં જલ્દી આવી ગયા કે શું ? નહીંતર આશબ્દ કોનો હશે ? બહાર ઉભા રહીને એકાગ્રતાથી સાંભળવા લાગ્યા, ત્યારે જાણ્યું કે આ સાધુઓનો શબ્દ નથી, પણ વજ્રનો છે. તેને ક્ષોભ ન થાય તેથી વળીને પાછા હઠી ગયા અને થોડા સમય પછી મોટા શબ્દથી નિસીહિ શબ્દ ગુરુએ કહ્યો.

અતિચકોરપણાના ગુણથી તે શબ્દ સાંભળીને સર્વ વિંટિયાઓ જે જે સ્થાનના હતા, ત્યાં ગોઠવી દીધા

અને ગુરુના હાથમાંથી દાંડો ગ્રહણ કર્યો. ગુરુના પગોની પ્રમાર્જના કરી. સિંહગિરિ પણ ચિંતવવા લાગ્યા કે, 'આ તો અતિશય શ્રુત-રત્નનો ભંડાર છે, તો રખે કોઇથી પરાભવ ન પામો. આ સાધુઓને આનો ગુણોત્કર્ષ જણાવી દઉં, જેથી કરીને તેના ગુણને ઉચિત વિનય કરે.

રાત્રિ સમયે એકઠા થયેલા સાધુઓને એ પ્રમાણે કહ્યું કે, 'અમે બે ત્રણ દિવસ બીજા ગામ જવાના છીએ. અને ત્યાં રોકાઇશું" ત્યારે યોગ વહન કરનાર અને વાચના લેનાર સાધુઓએ પૂછ્યું કે, 'અમારા ગુરુ કોણ ?' ગુરુએ કહ્યુ કે, 'વજ્ર' સ્વભાવથી જ ગુરુવચનમાં વિશ્વાસવાળા વિનયલક્ષ્મીનું કુલગૃહ એવા તે મુનિસિંહોએ તે ગુરુનું વચન પ્રમાણભૂત માન્યું. (૨૦૦ ગ્રન્થાગ્ર)

'ગુરુવચનની શ્રદ્ધા કરનાર સિંહગિરિના વિનીત શિષ્યોનું કલ્યાણ થાઓ કે 'વજ્ર તમને વાચના આપશે.' એ ગુરુના વચનથી કોઇએ પણ ગુરુનું વચન ન અવગણવું' પ્રભાત-સમય થયો, તે સમયે વસતિ-પ્રમાર્જનાદિ કાર્યો કર્યાં, કાલ-પ્રવેદન આદિ વિનય વજ્રમુનિનો તેઓ કરવા લાગ્યા. શ્રી સિંહગિરિ ગુરુ પછી જે મોટા હોય, તેને યોગ્ય એવા પ્રકારની નિષદ્યા-બેસવાનું આસન સર્વ સાધુઓએ એકઠા મળીને તૈયાર કર્યું. વજ્ર તેના

ઉપર વગર સંકોચે આસન જમાવી બેસી ગયા. ''જેઓને પિંછાંની કળા કરતાં આવડે છે. એવાં મોરનાં બચ્ચાઓ સરોવરમાં જળપાન કરીને તેને પીઠ આપતા નથી, તે તેમનો સ્વભાવજ કહી આપે છે." તે શિષ્યો જે પ્રમાણે ગુરુનો વંદનાદિ વિનય કરતા હતા, તે પ્રમાણે જ વજ્રમુનિનો વિનય કરતા હતા. તેઓ પણ દૃઢ પ્રયત્નપૂર્વક સર્વને વાચના આપતા હતા. વળી જે અલ્પબુદ્ધિવાળા હતા, તેઓ પણ તેના પ્રભાવથી વિષમરૂપવાળા આલાપકો મનમાં સ્થિરપણે સમજવા લાગ્યા.

ભણનાર સાધુઓ વિસ્મય મનવાળા થઇ પોતે આગળ ભણી ગયેલા આલાપકો પણ જેમાં પોતાને ઓછી સમજણ પડેલી, તેવા અનેક આલાપકો પૂછવા લાગ્યા. જેમ જેમ કોઈ પૂછે છે, તેમ તેમ દક્ષતાથી સ્ખલના પામ્યા વગર તરત જ જવાબ આપવા લાગ્યા. આનંદિત ચિત્તવાળા તેઓ માંહોમાંહે કહેવા લાગ્યા કે, 'જો કેટલાક દિવસ ગુરુમહારાજ ત્યાં જ સ્થિરતા કરે, તો આપણો આ શ્રુતસ્કંધ જલ્દી સમાપ્ત થાય, અને ગુરુ પાસે તો લાંબા સમયે પૂર્ણ થશે. વજ્રમુનિ એક જ પોરિષીમાં તે સર્વને વાચના આપે છે. તેથી ચિંતામણિરત્ન કરતાં પણ અધિક અત્યન્ત સર્વને માન્ય બન્યા. નિર્મલ મણિદર્પણતલમાં જેમ રૂપનાં પ્રતિબિંબો એકદમ પડે, તેમ નિર્મલગુણોવડે નિર્મલ સ્વરૂપવાળા સજ્જનનાં હૃદયોમાં વજ્રનાં વાચનાનાં વચનો તે પ્રમાણે પ્રતિબિંબિત થયાં.

વજ્રમુનિના ગુણો સાધુ-સમુદાયમાં જાણવામાં આવ્યા, આચાર્ય ભગવંત પણ પાછા આવી ગયા. હવે બાકી રહેલ શ્રુત પણ એને ભણાવવું એમ મનમાં કરેલા સંકલ્પવાળા સિંહગિરિએ ચરણમાં પડેલા સાધુઓને પૂછ્યું કે, 'તમારો સ્વાધ્યાય સુખપૂર્વક થયો ?' ત્યારે અતિપ્રસન્ન વદનકમળવાળા તે સાધુઓ કહેવા લાગ્યા કે, 'આને જ અમારા વાચનાચાર્ય બનાવો.' ત્યારે ગુરુએ કહ્યું કે, 'આ (વજ્ર) તમારા મનોરથોને પૂર્ણ કરનાર જરૂર થશે. અત્યારે તો માત્ર આ ગુપ્ત ગુણગણવાળો તમારાથી પરાભવ ન પામે, અજાણપણામાં આ જ્ઞાનીની રખે તમે આશાતના ન કરી બેસો, તમોને એ ખાત્રી કરાવવા માટે અમે બીજે ગામ ગયા હતા. ''નહિં પ્રગટ થયેલા ગુણોવાળો સમર્થ પુરુષ પણ કોઇ વખત તિરસ્કાર પામે છે, કાષ્ઠની અંદર છૂપાયેલ અગ્નિ લંઘન કરી શકાય છે, પણ સળગેલો અગ્નિ લંઘી શકાતો નથી." અત્યારે તો શ્રુતવાચના આપવા માટે યોગ્ય નથી. કારણ કે (યોગવહન-તપ વિનય કર્યા વગર) કાનની ચોરીથી સાંભળીને તેણે શ્રુત ગ્રહણ કરેલું છે.'

'ઉત્સાર કલ્પની ટૂંકી વિધિથી તેને હું વાચના દેવા લાયક કરીશ, પછી પ્રથમ પોરિષીમાં આ ભણાવવા માટે શક્તિમાન થશે.' અત્યંત બુદ્ધિશાળી હોવાથી તે જેટલું ગ્રહણ કરે, તેટલું શ્રુત આપવા લાગ્યા.એમાં દિવસનું પ્રમાણ ગણ્યા સિવાય આચાર્ય

ભગવંતે શ્રુત આપવાનું કાર્ય આરંભ્યું. બીજી પોરિષીમાં તેને અર્થ કહેવામાં આવ્યા જેથી તે બંને કલ્પોને સમુચિત બન્યા. આ પ્રમાણે તેમના દિવસો પસાર થવા લાગ્યા, 'શિષ્યો ચાર પ્રકારના છે, (૧) અતિજાત, (૨) સુજાત, (૩) હીનજાત આ ત્રણે અનુક્રમે એક એક કરતાં હીન હોય છે, સર્વહીન સ્વરૂપ કુલિંગાલ-કુલાંગાર સમજવો.'

'પ્રથમ અતિજાત શિષ્ય ગુરુના ગુણોથી અધિક હોય, બીજો સુજાત ગુરુના સરખો હોય, ત્રીજો હીનજાત ગુરુના ગુણથી કંઇક ઓછા ગુણવાળો હોય અને ચોથો કુલાંગાર નામ સરખા ગુણવાળો અર્થાત્ કુલમાં અંગારા સરખો કલંક લગાડનાર હોય.' તે જ પ્રમાણે કુટુંબીના પુત્રો માટે પણ સમજી લેવું. તેમાં વજ્રમુનિ સિંહગિરિને આશ્રીને અતિજાત-અધિકગુણવાળા થયા. કારણ કે પ્રવચનના અર્થો અધિક જાણનાર હતા. ગુરુને પણ કેટલાક શંકિત પદાર્થો હતા, તેના પણ અર્થો તેણે સ્પષ્ટ કહ્યા. સિંહગિરિ પાસે જેટલું દૃષ્ટિવાદ શ્રુત હતું, તેટલું શ્રુત તેમની પાસેથી ગ્રહણ કર્યું. ગામ, નગર, ખાણ, પટ્ટણ આદિનાં પાપોને દૂર કરતાં, વિહાર કરતાં કરતાં દશપુર નામના નગરમાં પધાર્યા.

તે સમયે ઉજ્જયિની નગરીમાં ભદ્રગુપ્ત નામના આચાર્ય વૃદ્ધાવસ્થાના કારણે ત્યાં સ્થિરતા કરીને દશેય પૂર્વો ભણાવતા હતા. તેમની પાસે સિંહિગરિજીએ બે મુનિઓ સાથે વજ્રમુનિને ભણવા માટે મોકલ્યા. ભદ્રગુપ્ત આચાર્યે રાત્રે સ્વપ્નમાં એવું જોયું કે, 'કોઇ પરોણાએ આવી મારા પાત્રમાં પૂર્ણ ભરેલા દૂધનું એકદમ સંપૂર્ણ પાન કર્યું.' પ્રભાતકાલ સમયે ગુરુએ સર્વ સાધુને તે વૃત્તાન્ત કહ્યો.

સ્વપ્નનો પરમાર્થ ન સમજેલા એક-બીજાને પૂછવા લાગ્યા, ત્યારે ગુરુએ કહ્યું કે, સ્વપ્નનું ફલ હજુ સમજ્યા નથી. અતિમહાબુદ્ધિશાળી કોઇ પરોણો આજે અહિં આવશે, તે મારી પાસે રહેલું સર્વ પૂર્વગત શ્રુત ગ્રહણ કરશે. - સ્વપ્નનું ફલ આ સમજવું. ભગવાન વજ્રસ્વામી તે રાત્રે તે નગરની બહાર વસ્યા. દર્શનનાં ઉત્કંઠિત મનવાળા હોવા છતાં તેમની વસતિમાં ન ગયા.

ચંદ્રને દેખીને જેમ કુમુદનાં વનો વિકસિત થાય, જેમ મેઘથી મોરનાં મંડલો હર્ષ પામે, તેમ આચાર્યપ્રવર પણ આગળ સાંભલે તેવા ગુણવાળા વજ્રમુનિને દેખીને હર્ષ પામ્યા. જેના ઉજ્જ્વલ યશથી પૃથ્વીમંડલ શોભીરહેલ છે, એ જ આ વજ્ર છે-એમ જાણ્યું, એટલે બેભુજાઓ પ્રસારીને સર્વાંગે તેનું આલિંગન કર્યું. સ્થાનિક મુનિવરોએ પરોણા મુનિઓનાં આગતા-સ્વાગતાદિક વિનય-બહુમાન કર્યાં, ક્રમ કરીને તેમણે સંપૂર્ણ દશે પૂર્વોનું અધ્યયન કર્યું. જ્યાં જ્યાં ઉદ્દેશ કરવાના હતા, ત્યાં ત્યાં અનુજ્ઞા પણ કરવામાં આવતી હતી, કારણ કે, તેમાં આ ક્રમ છે જ. અનુક્રમે ત્યારપછી દૃષ્ટિવાદ મહાઆગમસૂત્ર અને તેના અર્થો પણ

પામ્યા.

સિંહગિરિ પણ વજની જેમ દશપુર નગરમાં આવી પહોંચ્યા અને શ્રી સિંહગિરિ ગુરુ વજમુનિને આચાર્યપદ અર્પણ કરવા તૈયાર થયા. પહેલાના પરિચિત જૃંભક દેવતાઓ પણ આ સમયે આવી પહોંચ્યા. તેઓએ શ્રેષ્ઠ દેવતાઇ પુષ્પ અને ગંધની વૃષ્ટિ કરવા પૂર્વક મહામહોત્સવ પ્રવર્તાવ્યો. શરદઋતુના તરુણ અરુણોદયની જેમ આચાર્યપદ પ્રાપ્ત કર્યા પછી ભવ્ય જીવોરૂપી કમળોને વિકસિત કરનાર અધિકતર પ્રતાપવાળા થયા.

વર્ષાકાળ સિવાય વિહાર કરનારા, જો કે પોતે પોતાના ગુણોનું કથન ન કરતા હોવા છતાં આપોઆપ તેમના ગુણો સ્વયં જાણી શકાતા હતા. કારણ કેગુણ-સમુદાયનો આ સ્વભાવ સ્વયં પ્રગટ થાય છે. વર્ષાકાળમાં કદંબ જો કે વનની ઝાડીમાં છૂપાયેલ હોય છે, તો પણ ભ્રમરો અને મધુકરીઓ વડે પોતાની ગંધથી જાણી શકાય છે.

અગ્નિ ક્યાં નથી જળાવતો, આ જગતમાં ચંદ્ર ક્યાં પ્રકાશ નથી કરતો, શ્રેષ્ઠ લક્ષણ ધારણ કરનાર સત્પુરુષો ક્યાં પ્રગટ નથી થતા ? સિંહગિરિ ગુરુએ વજાચાર્યને પોતાનો ગણ સમર્પણ કર્યો અને આયુષ્ય-સમય પૂર્ણ થવા આવ્યો, ત્યારે ભક્તપ્રત્યાખ્યાન કરી સમાધિપૂર્વક કાળધર્મ પામી મહર્દ્ધિક દેવ થયા. પાંચસો મુનિવરોથી પરિવરેલા વજસ્વામી ભગવંત પણ જ્યાં જ્યાં વિહાર કરતા હતા, ત્યાં ત્યાં હંમેશાં તીર્થની પ્રભાવના થતી હતી. ત્રણે ભુવનના ગુણીપુરુષોનાં ગુણ-કીર્તન એ તીવ્ર આનંદ ઉત્પન્ન કરનાર થાય છે, પરંતુ વર્તમાનકાળમાં તો અતિ-અદ્‌ભુત ગુણરત્નોનું ભાજન હોય તો વજસ્વામી છે.

હવે કુસુમપુર નામના નગરમાં સુંદર કીર્તિ પામેલા ધન નામના શ્રેષ્ઠી હતા, તેને લજ્જા અને સૌભાગ્યાદિ ગુણવાળી મનોહર ભાર્યા હતી. તેમને પોતાની દેહકાંતિથી ખેચરી (વિદ્યાધરી) અને દેવાંગનાઓના રૂપથી ચડિયાતી કન્યા હતી, જે ભરયૌવનવયને પામી, તે શેટની ઉત્તમ યાનશાળામાં રહેલી સાધ્વીજીઓ દરરોજ વજસ્વામીના શરદ-ચંદ્ર સમાન ઉજ્જ્વલ ગુણોની સ્તુતિ કરતા હતા, જેવા કે - 'આ અખંડિત શીલગુણસંપન્ન છે, બહુશ્રુત જ્ઞાની છે, પ્રશમ ગુણ પણ અનુપમ છે, ગુણના ભંડાર છે, એના જેવા સર્વગુણસંપન્ન બીજા આત્માઓ શોધ્યા પણ મળતા નથી. તે શેઠપુત્રી સાધ્વીજીના મુખેથી મહાગુણો સાંભળીને વજસ્વામી વિષે અતિદૃઢ અનુરાગવાળી બની.

વજમાં દૃઢ મનવાળી બનેલી તે પોતાના પિતાને આ પ્રમાણે કહેવા લાગી કે, 'જો મારો વિવાહ વજની સાથે થશે, તો હું તેની સાથે લગ્ન કરીશ, નહિતર જ્વાળાઓથી ભયંકર એવા અગ્નિનું જ મારે શરણ કરવું, તે સિવાય બાજું કોઇ મારે શરણ નથી.'સાધ્વીઓએ તેને કહ્યું કે, 'ઉત્તમ કુલમાં જન્મેલી બાલિકાઓ સ્વયંવરને પસંદ કરીને બોલતી નથી, વળી

વજસ્વામી તો સાધુ છે, એટલે વિવાહ તો કદાપિ કરે જ નહિ.' 'જો વજ્ર મારા સ્વામી નહિં થશે અને લગ્ન નહિં કરશે તો નક્કી હું પણ દીક્ષા અંગીકાર કરીશ - આ પ્રકારનો મારો નિશ્ચય છે.'

ભગવંત વજ્રસ્વામી પણ વિહાર કરતા કરતા ક્રમે કરી પાટલીપુત્ર પધાર્યા. હિમ-સરખા ઉજ્જ્વલ યશસમૂહવાળા વજ્રસ્વામીનું આગમન સાંભળીને આનંદિ થયેલા રાજા પોતાના પરિવાર સહિત જ્યાં સન્મુખ જવા નીકળ્યો, તો ટોળે ટોળે સમુદાયરૂપે નગરમાં આવતા સાધુઓને જોયા. તેમના દેખાવડા શરીર દેખીને રાજા પૂછવા લાગ્યો કે, 'આ જ વજ્રસ્વામી છે કે બીજા છે ?' એ પ્રમાણે વિકસિત નેત્રવાળા રાજા અને લોકો દૂર દૂર નજર કરવા લાગ્યા ત્યારે અનેક મુનિ-મસૂહથી પરિવરેલા તેમને જોયા.

ઘણા બહુમાન-પૂર્વક ઘણા લોકોને એકઠા કરી મસ્તકથી અભિનંદન અને વિનયનાં વચનો બોલવા પૂર્વક સ્તુતિ કરી. નગરના ઉદ્યાનમાં નિવાસ કર્યો, ત્યારપછી ક્ષીરાશ્રવલબ્ધિથી લોકોના મોહને નાશ કરનારી ધર્મકથા કહેવી શરુ કરી. ''જે વૈભવો સંસારમાં આપણી નજર સમક્ષ દેખાઇને તરત નાશ પામવાવાળા છે, વિવિધ સુખો અને દુઃખો ક્ષણવારમાં પલટાઈ જવાના સ્વભાવાવાળાં છે, સંયોગ અને વિયોગ ક્ષણમાં ઉત્પન્ન થઈ નાશ પામવાવાળા છે. આવા પ્રકારના સંસારમાં લગાર પણ સુખ નથી. જે માટે કહેલું છે કે, 'કઠોર પવન વડે ચલાયમાન થયેલ કમલપત્રના અગ્રભાગ પર રહેલ જલબિન્દુ સરખું આ જીવતર પણ ચંચળ છે.'

ચંચળ લવંગપત્રની શ્રેણીથી અધિક ચપળ સ્નેહપરિણામો છે, નવીન શ્મમેઘના શિખર પર રહેલ વિજળીના ચમકારા સમાન અતિચંચળ લક્ષ્મી છે, લોકોના યૌવનના વિલાસો હાથીના કાનના તાડન સરખા અસ્થિર છે. સુખ-દુઃખસ્વરૂપ કર્મપરિણતિનો પ્રતિકાર કરવો અનિવાર્ય છે; તેથી કરીને આ સંસારમાં જિનધર્મને છોડીને કોઇ પણ શરણ નથી. આ જગતમાં માત્ર એક ધર્મ જ વાત્સલ્ય રાખનાર છે, ધર્મથી નિરવદ્ય ધાન્ય અને ધનની પણ પ્રાપ્તિ થાય છે, અતિનિર્મલ ધર્મના પ્રભાવથી દુર્ગતિનાં તીક્ષ્ણ દુઃખો પમ રોકાય છે, ધર્મથી નિર્ભર ભોગ-સુખસામગ્રી, પરલોકમાં દેવલોક અને ધર્મથી પરંપરાએ પ્રશંસનીય ઉત્તમ મોક્ષસુખ થાય છે."

ધર્મદેશના સાંભળીને નગરલોક સહિત રાજા અત્યંત આકર્ષિત હૃદયવાળો બન્યો. પોતાના મહેલે પહોંચીને વજ્રસ્વામીના સ્વરૂપની પ્રશંસા કરવા લાગ્યો. તે સાંભળીને અંતઃપુરની સ્ત્રીઓ વિસ્મય પામીને રાજાને વિનંતિ કરવા લાગી કે, 'હે નાથ ! અમે પણ તેમના સ્વરૂપને જોવાની ઇચ્છા રાખીએ છીએ. અતિતીવ્ર ભક્તિથી પરવશ મનવાળા

રાજાએ સર્વ રાણીઓને તેમનાં દર્શન કરવાની અનુમતિ આપી, એટલે અંતઃપુરની રમણીઓ વજ્રસ્વામી પાસે પહોંચી.'

અતિશય દર્શનની ઉત્કંઠાવાળી શ્રેષ્ઠિપુત્રી પણ આ વૃત્તાન્ત સાંભળીને એકદમ તેમની પાસે જવા આતુર બની. 'તેમને જલ્દી કેમ દેખું ?' એમ વિચારતી પિતાજીને વિનંતિ કરવા લાગી કે, 'હે પિતાજી ! સૌભાગીઓમાં શિરોમણિ સમાન એવા વજ્રને જ મને સમર્પણ કરો અથવા મારા જીવતરને જલાંજલિ આપો.' ત્યારપછી સર્વાલંકારથી વિભૂષિત બનેલી અનેક સખીઓથી પરિવરેલી અપ્સરા સરખી બની. વળી તેના પિતાએ ક્રોડ સોનૈયા પણ સાથે લીધા અને ત્યાં પહોંચ્યા, એટલે વજ્રસ્વામીએ વિસ્તાર સહિત ધર્મનું સ્વરૂપ સંભળાવ્યું.

લોકો ધર્મશ્રવણ કરીને કહેવા લાગ્યા કે, 'માત્ર તેમનું રૂપ અદ્ભુત છે, તેમ નથી, પરંતુ તેમનો સ્વર અને સૌભાગ્ય પણ ચડિયાતા છે, આ ત્રણે જગતમાં આની રૂપ-લક્ષ્મીને અસુર, સુર, વિદ્યાધર કોઇની સાથે સરખામણી કરી શકાય તેમ નથી. અર્થાત્ આના સમાન કોઇનું રૂપ નથી. હવે વજ્રસ્વામીએ સભાનું માનસ પારકીને તે જ ક્ષણે હજારો પત્રવાળું સુવર્ણકમળ વિકુર્વ્યું અને તેના ઉપર ઉજ્જ્વલ ઉદ્યોતમય વિજળીના પુંજ હોય તેના સરખા તેજસ્વી રૂપવાળા પોતે વિરાજમાન થયા. તે સમયે એવા પ્રકારનું વૈક્રિય રૂપ વિકુર્વ્યું કે, જાણે કામદેવના લાવણ્યનો નિધિ ન હોય ! તેવા શોભવા લાગ્યા.

હવે લોકો બોલવા લાગ્યા કે, 'આ તો તેમનું સુંદર સ્વાભાવિક જ રૂપ છે.' વળી ચિંતવ્યુ કે, 'આવું રૂપ દેખીને સ્ત્રીઓને પ્રાર્થનીય બનીશ' એમ કરીને પ્રથમ તો રૂપ ન બતાવ્યું. જ્યારે રાજાએ કહ્યું કે, ''એમનો આટલો પ્રભાવાતિશય છે ?' ત્યારે વજ્રસ્વામીએ અનગારના ગુણોનું સ્વરૂપ તેમને સમજાવ્યું વળી જણાવ્યું કે, તપગુણના પ્રભાવથી અનગાર સાધુઓમાં એવા પ્રકારની શક્તિ હોય છે કે, અસંખ્યાતા જંબૂદ્વીપ સરખા દ્વીપોમાં ન સમાઇ શકે તેટલાં વૈક્રિય-શરીરનાં અદ્ભુત રૂપો વિકુર્વણા કરવાની શક્તિ ધરાવે છે. તો તમોને આટલું માત્ર રૂપ જોવામાં ચિત્તમાં આટલો મોટો ચમત્કાર કેમ થયો ?

આ સમયે વજ્રસ્વામીને વંદન કરીને ધનશ્રેષ્ઠિ પ્રાર્થના કરવા લાગ્યા કે, 'હે પ્રભુ ! કામદેવની ભાર્યા-રતિના રૂપને હરાવનાર, સર્વ સુંદરીઓમાં ચડિયાતા રૂપવાળી અતિશય સૌભાગ્ય-લાવણ્યાદિ ગુણને ધારણ કરનાર મારી આ પુત્રી છે, તો કૃપા કરીને આપ તેનું પાણિગ્રહણ કરો. મહામતિવાળા પુરુષો ઉચિત ક્રમને પાલન કરનારા હોય છે.' ત્યારે વજ્રસ્વામી ભગવંત ભોગોને વિષની ઉપમાવાળા અસારરૂપે કહેવા લાગ્યા.

ભયંકર ફણાટોપવાળા સર્પની માફક મનુષ્યોને આ ભોગો કરુણાપાત્રબનાવે છે - અર્થાત્ દુઃખ આપનાર નીવડે છે, અથવા તો તરવારનીધાર પર ચોપડેલ મધને ચાટવા

સરખા એટલે કે મધનો અલ્પ સ્વાદ કરનારની જિહ્વા જેમ છેદાઈ જાય છે, તેમ સંસારના અલ્પકાલીન થોડા વિષયસુખના ભોગો દીર્ઘકાળનાં નારકી આદિનાં દુઃકો આપનાર થાય છે. અથવા તો કિંપાકવૃક્ષના ફળ દેખાવમાં, સ્વાદમાં, સુગંધમાં મધુર દેખાવડાં અને સુગંધી હોય છે પણ ખાનારના પ્રાણ જલ્દી ઉડી જાય છે. માટે મસાણભૂમિ સમાન આ ભોગો અનેક ભયના કારણરૂપ છે. વધારે કેટલું કહેવું ?

ચારે ગતિમાં દુઃખનું મહાકારણ હોય તો આ વિષયભોગો છે, તો કલ્યાણની કાંક્ષાવાળો કયો શલ્ય સરખી તે સ્ત્રીઓમાં રાગ કરનાર થાય ? જો એને મારું જ પ્રયોજન હોય, તો મહાવ્રતોને અંગીકાર કરે. ત્યારપછી મોટો મહોત્સવ કરીને તેણે દીક્ષા અંગીકાર કરી. પદાનુસારી લબ્ધિવાળા ભગવંત મહાપરિજ્ઞા નામનાં પૂર્વના અધ્યયનમાંથી વિચ્છેદ પામેલી ગગનગામિની વિદ્યાનો ઉદ્ધાર કરીને તેમ જ જૃંભક દેવતાએ આપેલી વિદ્યાના પ્રભાવથી ઇચ્છા પ્રમાણે આકાશમાં ગમન કરનાર મહાભાગ્યશાળી બન્યા.

કોઇક વખત ભગવંત પૂર્વના દેશ તરફથી વિહાર કરતા ઉત્તરાપથ તરફ ગયા. ત્યાં દુષ્કાળ પડ્યો. ત્યાંથી વિહાર કરીને બીજા ગામ વિહાર કરી શકાતો નથી, તે સમયે કંઠે આવેલા પ્રાણવાળો સંઘ ભગવંતને વિનંતિ કરવા લાગ્યો કે, ‘આપ સરખા વિદ્યાવંત અને જ્ઞાનના ભંડાર તીર્થાધિપતિ હોવા છતાં શ્રેષ્ઠ ગુણોના સંઘાતવાળો આ સંઘ આર્તધ્યાનને આધીન બને અને મૃત્યુ પામે તે યુક્ત ન ગણાય.’ ત્યારે પટવિદ્યાથી જ્યારે (શ્રમણ) સંઘને પટ ઉપર ચડાવતા હતા, ત્યારે ગાયો ચરાવવા ગયેલ એક શય્યાતર દ્વિજ ત્યાં આવી પહોંચ્યો. તેણે દેખ્યું કે આ સર્વે ઉડવાના છે, એટલે પોતાના મસ્તકની વાળની ચોટલીને દાતરડાથી કાપીને વજસ્વામી ભગવંતને કહેવા લાગ્યો કે, ‘હે ભગવંત ! હું પણ તમારો ખરેખરો સાધર્મિક થયો છું.’ કરુણા-સમુદ્ર એવા ભગવંતે તેનો સ્વીકાર કર્યો.

જગતના સર્વ જીવોને હિતકારી એવા શ્રુતાચારને અનુસરનારા સાધર્મિક-વાત્સલ્ય કરવામાં અને સ્વાધ્યાયધ્યાન કરવામાં ઉદ્યમવાળા તેઓ ચરણ-કરણમાં રક્ત બની તીર્થની પ્રભાવના કરતા હતા, જો પ્રવચન-ચિંતામણિ ગુણના અદ્વિતીય ભંડાર એવા વજસ્વામી સરખા સંઘનું વાત્સલ્ય કરે, તો ખરેખર આ સંઘ-વાત્સલ્ય એ જ પ્રવચનનો સાર ગણાય.

શાસ્ત્રના જાણકારોમાં શિરોમણિ, અતિશ્રેષ્ઠ ગુણવાળા તેમણે તેવા પ્રકારની ઇરિયાવહિયા કરી. આવા પ્રકારની તેમની અદ્વિતીય ગીતાર્થતા જય પામો. જગતમાં કેટલાક કાર્ય કરવા સમર્થ હોય છે, પરંતુ સમર્થ હોવા છતાં પણ ગીતાર્થ હોતા નથી, પરંતુ આ વજસ્વામી મુનિસિંહ તો અતિસમર્થ અને સાથે ગીતાર્થ પણ છે, તેમને નમસ્કાર કરું છું.

હવે દક્ષિણ દેશની મુકુટ સમાન એવી પુરી નામની નગરીમાં વિહાર કરતા કરતા

આવી પહોંચ્યા. ત્યાં સુકાળ છે, તેમજ શ્રાવકો પણ ઘણા ધન-ધાન્યની સમૃદ્ધિથી ભરપૂર છે. ત્યાં બૌદ્ધનાં ભક્તો અને જૈન શ્રાવકો વચ્ચે પરસ્પર પોત-પોતાના ચૈત્યાલયમાં પુષ્પો ચડાવવા માટે પ્રતિસ્પર્ધા ચાલી રહી હતી. સાધુઓને, શ્રાવકોને પ્રતિપક્ષીઓ પરાભવ પમાડતા હતા.

હવે ત્યાંનો રાજા બૌદ્ધધર્મી હોવાથી કોઇક વખતે સંવત્સરી પર્વ આવ્યું, ત્યારે આખા નગરનાં તમામ જૈન ચૈત્યાલયોમાં પુષ્પો આપવાની મનાઇ કરી. પર્વના દિવસોમાં પુષ્પો વગર ભગવંતની પૂજા કેવી રીતે કરવી ? તે માટે સકિંચ બનેલો સર્વ આબાલ-વૃદ્ધ શ્રાવકવર્ગ વજ્રસ્વામી પાસે આવી પહોંચ્યો. (૩૦૦) વિનંતિ કરી કે, 'હે સ્વામી ! તમારા સરખા તીર્થાધિપ હોવા છતાં શાસનની લઘુતા થાય, તો પછી શાસનોન્નતિ કરનાર બીજા કોને સમર્થ ગણવા ?

આ પ્રમાણે ખૂબજ વિનંતિ કરી, ત્યારે વજ્રસ્વામી તરત જ આકાશમાં ઉપડ્યા અને રેવા-(નર્મદા) નદીના દક્ષિણકિનારે રહેલી માહેશ્વરપુરીમાં પહોંચ્યા. ત્યાં માલવદેશના મધ્યમાં મનોહર હુતાશન નામના ઉદ્યાનથી શોભિત વ્યંતરનું મંદિર હતું. તેમાં ભમરાઓ વડે રસપાન કરાતાં સુગંધથી ભરેલાં, વિકસિત એવાં તાજાં પુષ્પો દરરોજ કુંભ-મોટા પ્રમાણમાં ઉત્પન્ન થતાં હતાં. સાઠ, એંશી અને સો આઢકનો અનુક્રમે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ કુંભ ગણાવેલો છે.

પિતાનો મિત્ર તડિન નામનો માળી ભગંવતને દેખીને એકદમ આદરપૂર્વક ઉભો થયો અને પૂછ્યું કે, 'આપનું આગમન કયા પ્રયોજનથી થયું છે ?' વજ્રસ્વામીએ કહ્યું કે, 'મારે આ પુષ્પોનું પ્રયોજન છે.' તડિત માળીએ કહ્યું કે, 'મારા ઉપર ઉપકાર કર્યો'- એમ કહીને સ્નેહપૂર્વક પુષ્પો અર્પણ કર્યાં. ભગવંતે કહ્યું કે, 'તમે જે પ્રમાણે ગુંથીને માળાઓ તૈયાર કરતા હો તેમ કરો. અગ્નિના ધૂમથી પ્રાસુક પ્રાયઃ બની જશે એટલામાં હું બીજાં પુષ્પો ગ્રહણ કરીને પાછો વળીશ-એટલે લેતો જઇશ.

ત્યારપછી તેઓ નાના હિમવાન પર્વતમાં રહેલા પદ્મદ્રહમાં રહેલી શ્રીદેવીના સ્થાનમાં પહોંચ્યા. તે જ સમયે દેવીની પૂજા માટે તેણે હજારપત્રવાળું શ્વેત કમળ છેદ્યું હતું, તેની સુગંધ અત્યંત ફેલાઇ હતી. તે જ સમયે વજ્રસ્વામીને દેખીને તે પદ્મ-કમલનું નિમંત્રણ કર્યું. તે કમલ ગ્રહણ કરી ફરી હુતાશનવનમાં આવ્યા. ત્યાં દિવ્યાકૃતિમય જેની ઉપર ઉંચી હજારો ધ્વજાઓ ફરકતી હતી ઘુઘરીઓનો રણકાર સંભળાતો હતો-એવું વિમાન વિકુર્વ્યું. તેમાં સમગ્ર પુષ્પોનો સમૂહ ગ્રહણ કર્યો.'

જૃંભક દેવો જેમાં દિવ્ય સંગીત-વાજિંત્રના શબ્દોથી આકાશ પૂરી રહેલા છે - એવા

તેના પરિવાર સહિત અને જેના મસ્તક ઉપરવિક્ત ઉર્ધ્વમુખ-કમલ રહેલું છે, એવા વજસ્વામી ક્ષણવારમાં પુરી નગરીમાં આવી પહોંચ્યા. આવા પ્રકારના નેત્ર અને કર્ણને સુખકારી કુતૂહલને દેખીને આશ્ચર્ય પામેલા બૌદ્ધ ભિક્ષુઓના ભક્તો એમ બોલવા લાગ્યા કે, સર્વે દેવતાઓ પણ અમારું પ્રાતિહાર્ય-સાંનિધ્ય કરે છે - એટલે આકાશ ભરાઈ જાય તેવા શબ્દોવાળા વાજિંત્ર વગડાવતા અને અર્ધ્ય ગ્રહણ કરીને જેટલામાં નગરથી બહાર નીકળ્યા અને તેમની રાહ જોવા લાગ્યા, તેટલામાં બુદ્ધવિહારને ઉલંઘીને અરિહંતના મંદિરે પહોંચ્યા. ત્યાં દેવોએ મહોત્સવ કર્યો.

તે દેવોએ વજસ્વામીના કરેલા મહોત્સવને દેખીને લોકો જિનપ્રવચન વિષે અતિ બહુમાન કરનારા થયા. આનંદિત ચિત્તવાળો બૌદ્ધધર્મી રાજા પણ સુશ્રાવક થયો. શાસન-પ્રભાવના, પ્રવચનની ઉન્નતિ માટે વિદ્યા, ધર્મકથા, વાદ, મંત્ર વગેરે પોતે મેળવેલ લબ્ધિનો ઉપયોગ કરનારા આચાર્ય વજ સિવાય બીજા કોણ હોય ?

(સ્વ-ગુરુ-સ્તુતિ) દિગંબરોના સિદ્ધાન્તરૂપી સમિધ (કાષ્ઠો) દ્વારા ચેતેલા સ્ત્રીનિર્વાણને ઉચિત પવિત્ર વચનચાતુરી અગ્નિ સમક્ષ, તથા સિદ્ધરાજ પ્રજાપતિપણાને ધારણ કરતા હતા, તે પ્રસગે જયશ્રીએ જેનો વિવાહ કર્યો, તે દેવસૂરિ સદા સમૃદ્ધિ પામો.

જંગમ યશસમૂહ સરખા વજસ્વામી અનેક દેશોમાં જિનશાસનની પ્રભાવના કરતા કરતા વિહાર કરીને દક્ષિણદિશામાં પધાર્યા. ત્યાં કફનો વ્યાધિ થયેલો. તેમાં ઔષધ લેવા માટે સાધુએ સૂંઠનો ગાંઠિયો આપ્યો. ભોજન પછી વાપરવા માટે કાન ઉપર સ્થાપન કર્યો, પરંતુ તે વાપરવાનો ભૂલી ગયા.

સાંજના પ્રતિક્રમણમાં મુહપત્તિનું પ્રતિલેખન કરતા સૂંઠ આગળ પડી, ત્યારે ઉપયોગ આવ્યો કે, 'આગળ કોઈ વખત ન થયેલો એવો મને ભૂલવાનો પ્રમાદ થયો. આ સંયમમાં પ્રમાદ કરવો યોગ્ય ન ગણાય. તો હવે અનશન કરવું-તે હિતાવહ ગણાય. લાંબા કાળથી પાલન કરેલ ઉત્તમ સમ્યક્ચારિત્રરૂપ દેવકુલિકાના શિખર ઉપર આરાધના-પતાકા ચડાવવી એ હવે મારા માટે ફરજીયાત છે. હવે ભાવીમાં બાર વરસનો મહાદુષ્કાળ પડવાનો છે, એમ જાણીને પ્રભુએ વજસેન નામના શિષ્યને દૂર દૂરના આઘા પ્રદેશમાં મોકલી આપ્યો. વળી તેને કહ્યું કે, 'હે વત્સ ! જે દિવસે ક્યાંઈક લાખના મૂલ્યવાળી રાંધેલી ખીર ભિક્ષામાં પ્રાપ્ત થાય, તે દિવસથી સુકાળ થશે એમ સમજવું.

હવે જ્યારે ગામ, નગર, શહેર મોટાં પુરો વગેરે સ્થળોમાં દુષ્કાળ પ્રવર્ત્યો, ત્યારે અન્નની કથા ચાલી ગઈ, ત્યારે અન્યની કથા કેવા પ્રકારની થાય ? ભૂખથી શુષ્ક લોક થતાં જે યુક્ત છે કે, ઘરને આંગણે લોક ભૂખથી શુષ્ક થયા. અહો ! સર્વ લોક ભોજન ન કરનાર

અને નિત્ય આકુલ થયા.

ભિક્ષાચરો ભિક્ષાચરોની ભિક્ષા પણ બળાત્કારથી ખૂંચવી લેતા હતા, નગરના માર્ગો, પાઠાઓ શેરીઓમાં માંગણો અને હાડપિંજરો રઝળતા હતા. માતાઓ નાનાં બાળકોનો, તરુણ પુત્રો વૃદ્ધ માતા-પિતાનો ત્યાગ કરતા હતા. માર્ગોમાં કરોડો હાડપિંજરોના કર્કશ અણગમતા શબ્દો સંભળાતા હતા.

કેટલાક લોકો રાંધેલા અને કેટલાક કાચા માંસ ખાનારા બની ગયા, ખરેખર તે સમય શ્વાન અને કાગડાઓ માટે અતિસુકાળ બની ગયો. આવા ભયંકર દુષ્કાળમાં ભગવંત પોતાની વિદ્યાના બળથી દરરોજ વગર આપેલ આહાર લાવીને સાધુઓને આપતા હતા. સાધુઓને કહ્યું કે, બાર વરસ સુધી આ પ્રમાણે આહૃતપિંડ ખાવો પડશે, હવે તો ભક્તિવાળા શ્રાવક કુળોમાંથી પણ ભિક્ષા પ્રાપ્ત નહિ થાય. 'તમોને હવે સંયમયોગોથી સર્યું એમ માનીને જો તમે આવો વગર આપેલ આહૃતપિંડ ભલે વાપરો, પરંતુ જો સંયમની સાપેક્ષતા રાખવી હોય તો ભક્તકથાનાં પચ્ચક્ખાણ કરો અર્થાત્ જીંદગી સુધીના આહારનો ત્યાગ કરો.' ત્યારે તે સર્વે સાધુઓએ કહ્યું કે, 'હે સ્વામી ! આવા ભોજનથી સર્યું, અનશન વિધિથી અમે અવશ્ય મહાધર્મ-સ્વરૂપ પંડિતમરણની સાધના કરીશું.'

આરાધના કરવાની અભિલાષાવાળા ૫૦૦ સંયતોના પરિવારથી પરિવરેલા શ્રી વજ્રસ્વામી સિંહની જેમ એક પર્વત નજીક આવી પહોંચ્યા. ત્યાં ભગવંતે વિશુદ્ધ સદ્ધર્મની દેશનારૂપ અમૃત-ભોજન પીરસીને સાધુઓને મહાસમાધિમાં સ્થાપન કર્યા જીવન દરમ્યાન કરેલા દોષોની અને પાપોની આલોચનાપૂર્વક સાધુઓએ અનશન અંગીકાર કર્યું. મેરુની જેમ અડોલ બની મોટી શિલાઓ ઉપર તેઓ બેસી ગયા. જો કે, પહેલાં વજ્રસ્વામીએ એક બાલશિષ્યને અનશન કરતાં રોક્યો હતો. આજે પણ તેને કહ્યું કે, 'હે વત્સ ! તું આ જ નગરમાં રોકાઈ જા. તો પણ ન રોકાતાં એક ગામની અંદર તેને પાછો વાળીને સ્થવિરો પર્વત ઉપર ગયા. તે બાલમુનિ પણ તેમની પાછળ પાછળ પાછા આવ્યા અને પેલા સાધુઓ ન દેખે તેવી રીતે પર્વતની તળેટીમાં અનશન સ્વીકારીને બેસી ગયા.

'મને અનશનમાં દેખીને અનશની સાધુઓને અસમાધિ ન થાવ' એમ માનીને તેમને દર્શન આપતા નથી. ઉનાળાના દિવસોના મધ્યભાગના સમયે મહાશિલાઓ ખૂબ તપેલી હોવાથી તેમાં બેઠેલા તે માખણના પિંડની માફક ક્ષણવારમાં ઓગળી ગયા અર્થાત્ પંચત્વ પામ્યા. બાલમુનિ સમાધિમરણ પામ્યા, એટલે તે સ્થલે દેવતાઓએ આવીને આનંદપૂર્વક વાજિંત્રોના શબ્દો સહિત તેમનો મહોત્સવ કર્યો.

બાલમુનિના સમાચાર સાંભળીને ઉપર ગયેલા મુનિઓ મનમાં ચમત્કાર પામ્યા કે,

'આવા બાલમુનિએ ઉત્તમ સમાધિમરણની જલ્દી સાધના કરી લીધી.' તે મુનિઓ બમણો સંવેગ પામ્યા અને વિશેષ શ્રદ્ધાવાળા થયા. તે કારણે દૃઢ ધ્યાન અને નિર્મલ મનથી એમ વિચારવા લાગ્યા કે-'જો આવા બાલમુનિએ પણ સાધુધર્મમાં પરમાર્થભૂત સમાધિ-મરણની સાધના કરી, તો લાંબાકાળથી પાળેલી પ્રવ્રજ્યાવાળા આપણે ઉત્તમાર્થ કેમ ન સાધી શકીએ ? પર્વત ઉપર કોઈક પ્રત્યનીક દેવતા શ્રાવિકાનું રૂપ વિકુર્વીને ઉપસર્ગ કરવા લાગી. આગળ રહીને કહેવા લાગી કે, 'હે પ્રભુ ! કૃપા કરીને તમો સર્વે મુનિઓ પારણું કરો અને આ ખાજા, પુડલા વગેરે મનોહર ભોજન વાપરો. 'આપણા અહિં રહેવાથી આ ક્ષેત્રપાળ દેવતાને અપ્રીતિ થાય છે' - એમ ધારીને તે પર્વતનો ત્યાગ કરીને સેંકડો મુનિપરિવાર સાથે નજીકના બીજા પર્વત ઉપર ચડ્યા.

દરેક મુનિવરોએ ત્યાંના ક્ષેત્રદેવતા માટે કાઉસ્સગ્ગ કર્યો; એટલે પ્રત્યક્ષ થઇને તે દેવતાએ સર્વે સાધુને વંદન કરીને કહ્યું કે, 'હે મુનિવરો ! આપ સર્વે નિર્વિઘ્ને જલ્દીથી ઉત્તમાર્થ-અંતિમ સાધના અહિં જ કરો. આપ મહાત્માઓએ અહિં પધારી મારા ઉપર મહાઉપકાર કર્યો છે.' શ્રી વજસ્વામી મુનિકુંજર અને બીજા અન્ય સાધુઓએ યથાયોગ્ય મોટી શિલાઓ ઉપર બેસીને પાદપોપગમન અનશન કર્યું.

જ્ઞાન અને ધ્યાનના નિધિરૂપ વજસ્વામી અને સર્વે અનશન કરનાર મુનિવરોને અતિબહુમાનથી રથમાં બેઠેલા ઇન્દ્રે તેમને પ્રદક્ષિણા આપી વંદના કરી. તે સમયે તે રથવડે વૃક્ષોનાં શિખરો વામન થઇ ગયાં, તે આજે પણ તે પર્વત ઉપર તે જ પ્રમાણે નીચાં વૃક્ષો દેખાય છે. લોકોએ તેનું ગુણનિષ્પન્ન રથાવર્તગિરિ એવું નામ પાડ્યું, કારણ કે વજસ્વામીએ તે પ્રદેશમાં અંતિમ આરાધના કરી હતી. ગુરુની સાથે ઉત્તમ સત્ત્વાવાળા તે સર્વે મુનિવરો મહાસમાધિ-પૂર્વક કાળધર્મ પામી વૈમાનિકમાં દેવપણું પામ્યા.

શાસન ઉદયોત કરનાર અદ્વિતીય સૂર્યરૂપ એવા તે શ્રુતજિન અસ્ત થયા, ત્યારે દશપૂર્વના જ્ઞાનનો અને અર્ધનારાચ સંઘયણનો વિચ્છેદ થયો.

સુંદર મતિવાળા તે વજસેન મુનિવર મહીતલમાં વિહાર કરતા કરતા અનુક્રમે નાગરવેલની લદા અને સોપારીનાં વૃક્ષોથી આચ્છાદિત એવા સોપારક નામના નગરમાં પધાર્યા. ત્યાં આગળ જીવ, અજીવાદિક પદાર્થ-સમુદાયના અર્થને ભણી ગણીને જેણે અતિસ્થિર કરેલા છે, તેમજ ધર્મમાં અતિશય ભાવિક એવી ઇસ્વરી નામની શ્રાવિકા હતી. તે મહાશ્રાવિકા ચિંતવવા લાગી કે, 'દાન આપતાં આપતાં આજ સુધીનો કાળ પસાર કર્યો, હવે અત્યારે તો અતિઆકરો તદન સુક્કા દુષ્કાળનો ભીષણકાળ આવી લાગ્યો છે. પિંડ આપનારની જેમ કદાચ દેહ-બલિદાનથી આપણે જીવીએ.'

હવે તોપંચત્વ પામીએ, તો જ તેનાથી આપણું કલ્યાણ છે. એક લાખપ્રમાણ ધન ખર્ચીને ક્ષીરનું ભોજન તેણે તૈયાર કર્યું. હવે અંદર ઝેર નાખીને પોતે ભક્ષણ કરવા ભાવના કરી. તે શ્રાવિકા વિચારવા લાગી કે 'પંચ નમસ્કારનું સ્મરણ કરી હું કુટુંબ સહિત આ ઝેરમિશ્રિત ભોજન કરી પ્રાણોનો પરિત્યાગ કરીશ, પરંતુ કદાપિ ભીખ નહિં માગીશ.' તે સાર્થવાહી શ્રાવિકા જેટલામાં ઝેર ચૂર્ણ ભોજનમાં નાખવા તૈયાર થઈ, તેટલામાં જાણે પુણ્યથી આકર્ષાયેલા હોય, તેમ વજ્રસેન મુનિ ત્યાં આવી પહોંચ્યા.

તેમના દર્શનથી આનંદિત થયેલી તે ચિંતવવા લાગી કે, 'આ યોગ બહુ સુંદર થયો, યોગ્ય સમયે સુપાત્ર-દાનનો લાભ થયો, તો તેમને પ્રતિલાભી પછી ઝેરમિશ્રિત ભોજન ખાઈને મરીશું.' મુનિને વંદના કરી ખીરથી પ્રતિલાભી તે વજ્રસેન મુનિ પાસે લાખના મૂલ્યની ખીરનો પરમાર્થ પ્રગટ કર્યો. ત્યારે મુનિએ શ્રાવિકાને કહ્યુ કે, 'ખીરમાં ઝેરન નાખીશ, મરણથી સર્યું, કારણ કે, આવતી કાલે મોટો સુકાળ થવાનો છે. શ્રી વજ્રસ્વામી ગુરુ મહારાજે મને એકાંતમાં આ પ્રમાણે કહ્યું હતું કે, અહિં ભયંકર દુષ્કાળ છે, માટે તું દૂર દેશાવરમાં જા અને વિહાર કરતાં કરતાં જ્યાં લાખના મૂલ્યવાળી પકાવેલી ખીર પ્રાપ્ત થાય, તે દિવસથી જ જાણજે કે, હવે સુકાળ આવી પહોંચ્યો છે.'

'માટે હે ધર્મશીલે હવે જોઇએ તેટલા પ્રમાણમાં અનાજની સુલભતા થશે, તો વગર પ્રયોજને આવું અકાલમરણ શા માટે પામવું ?'

વળી વજ્રસેન મુનિએ કહ્યું કે, 'સુકાળ થવાના કારણે તમો સ્વસ્થ ચિત્તવાળા થાવ. એટલે કુટુંબ સમુદાયે ઉજ્જ્વળ પ્રવ્રજ્યા સ્વીકારીને પોતાના સત્ત્વથી પવિત્ર ચારિત્રનું પાલન કરવું.' આ સાંભળીને રોમાંચિત અંગવાળી બની ઝેરનો ત્યાગ કરી મુનિને વંદના કરી ઇચ્છા પ્રમાણે ભોજન કર્યું. દિવસના છેલ્લા ભાગમાં દેશાન્તરેથી અતિપ્રચુર ધાન્યથી ભરેલાં ઘણાં વહાણો આવી પહોંચ્યાં, એટલે તેનાથી અતિસુકાળ પ્રવર્ત્યો.

વજ્રસેન મુનિવરની પાસે શુદ્ધ ચિત્તવાળા તે સર્વેએ નિરવદ્ય દીક્ષા અંગીકાર કરીને તેઓ અનેક સ્થળે વિચરવા લાગ્યા. આ પ્રમાણે વજ્રસ્વામીના શિષ્ય વજ્રસેન અને તેમના શિષ્યોની વિસ્તારવાળી પરંપરા આજે પણ વિચરી રહેલ છે. (૩૭૮ ગાથા)

આજે પણ દીક્ષા-વડીદીક્ષા પદાર્પણ સમયે નામકરણ કરતાં દરેક કોટિક ગુણ, વયૂરી (વજ્ર) શાખા... ઇત્યાદિક બોલી વજ્રની શાખાનું સ્મરણ કરવામાં આવે છે.

- આ પ્રમાણે ધર્મદાસગણિકૃત ઉપદેશમાલાની ૪૮મી ગાથાની ટીકાના વિવેચનમાં કહેલી વજ્રર્ષિની પ્રાકૃત કથાનો આચાર્ય શ્રીહેમસાગરસૂરિએ કરેલો ગૂર્જરાનુવાદ પૂર્ણ થયો.

[વિ. સં. ૨૦૨૬ આસો વદિ ૭ મંગળ તા. ૨૧-૧૦-૭૦ શ્રી જૈન જ્ઞાનમંદિર, દાદર-મુંબઈ.]

अंतेउर-पुल-बल-वाहणेहिं वरसिरि-घरेहिं मुणिवसहा ।
कामेहिं बहुविहेहि य, छंदिज्जंता वि नेच्छंति ।।४९।।

छेओ भेओ वसणं, आयास-किलेस-भय-विवागो अ ।
मरणं धम्म-ब्भंसो, अरई अत्थाउ सव्वइं ।।५०।।

दोससय-मूल-जालं, पुव्वरिसि-विवज्जियं जई वंतं ।
अत्थं वहसि अणत्थं, कीस अणत्थं तवं चरसि ? ।।५१।।

वह-बंधण-मारण-सेहणाओ काओ परिग्गहे नत्थि ? ।
तं जइ परिग्गहु च्चिय, जइधम्मो तो नणु पवंचो ।।५२।।

किं आसि नंदिसेणस्स कुलं ? जं हरिकुलस्स विउलस्स ।
आसि पियामहो सच्चरिएण वसुदेवनामु त्ति ।।५३।।

विज्जाहरीहिं सहरिसं, नरिंद-दुहियाहि अहमहंतीहिं ।
जं पत्थिज्जइ तइया, वसुदेबो तं तवस्स फलं ।।५४।।

વિશેષ પ્રકારની સુંદર સ્ત્રીઓના સમૂહરૂપ અંતઃપુર, નગરો, ચતુરંગ સૈન્ય, હાથી, ઘોડા, રથ વગેરે વાહનો, અખૂટ ખજાનો, ઘણા પ્રકારના ચિત્તને આકર્ષનારા-લલચાવનારા શબ્દાદિક વિષયોનું નિમંત્રણ કરવા છતાં ઉત્તમ મુનિઓ-સત્ત્વવાળા સાધુઓ તેને ઈચ્છતા નથી. (૪૯)

સુવર્ણ વગેરે અર્થ-ધન તેનાથી કાન, નાક, શરીરનો છેદ, કરવત, કુહાડા આદિથી કપાવું-ચીરાવું, ભાલાથી ભેદાવું, રાજ તરફથી પકડાવું, શરીરને કષ્ટ ભોગવવાનું, તેના માટે ક્રોધાદિક કરવા પડે, ચોર, લુંટારા આદિકનો લઇ જવાનો ભય, સ્વજનો સાથે વિવાદ ઉભા થાય, ધન ઉપાર્જન કરવામાં પરિશ્રમ કરવો પડે, રક્ષણ કરવા માટે ચિંતા, ભય, ત્રાસ, વિવાદ, પ્રાણત્યાગ, શ્રુતચારિત્રલક્ષણ ધર્મનો ત્યાગ, સદાચારના પરિણામનો લોપ, અરત, ઉદ્વેગ આ સર્વ વિવેક ચુકાવે છે. (૫૦)

વળી ''ગ્રહ સરખો આ પરિગ્રહ મહાગ્રહ છે, તે દ્વેષ કરવાનું સ્થાન, ધીરજ ખૂટાડનાર,

ક્ષમાનો શત્રુ, વિઘ્ન કરનાર દૈવ, અહંકારનો મિત્ર, દુર્ધ્યાન કરવાનું ભવન, કષ્ટ કરનાર શત્રું, દુઃખ ઉત્પન્ન કરનાર, સુખનો નાશ કરનાર, પાપને નિવાસ કરવાનું સ્થાન, ડાહ્યા-વિવેકીઓને માટે આ પરિગ્રહ ક્લેશ કરાવનાર અને આત્માનો અનર્થનાશ કરનાર છે.

વળી આ અર્થ મહાવ્રત-ચારિત્રનો વિરોધી છે, તે કહે છે. રાગ-દ્વેષ, પ્રાણિવધ વગેરે સેંકડો દોષોનું મૂળ કારણ, માછીમારો જાળમાં મત્સ્યોને સપડાવે છે, તેમ કર્મબંધના જાળસ્વરૂપ એવું ધન*જો તું વહન કરે છે, પૂર્વના વજસ્વામી, જંબૂસ્વામી, મેઘકુમાર આદિ મહર્ષિઓએ જેનો વમન માફક ત્યાગ કરેલ છે, એવા અનર્થ કરાવનાર અર્થને જો તું વહન કરે છે, તો જ્યારે તેં પ્રવ્રજ્યા અંગીકાર કરી છે, તે ધનને તેં વમી નાખેલું છે, એવા ત્યાગ કરેલા અર્થને વહન કરવું હતું, તો નિરર્થક તપ-ચારિત્ર અનુષ્ઠાનનું કષ્ટ શા માટે આચરે છે ? (૫૧)

પરિગ્રહ સંગ્રહ કરવામાં વધ, બંધન, મરણ, વિવિધ પ્રકારની સર્વ કદર્થનાઓ સહન કરવી પડે છે. પરિગ્રહ એકઠો કરવામાં શું બાકી રહે છે ? આ તો યતિપણાનો માત્ર બહારનો આડંબર છે. નક્કી પરિગ્રહ સંગ્રહ કરનાર એ સાધુપણામાં પ્રપંચ સમજવો. માત્ર વેષ-પરાવર્તન કરીને લોકોને ઠગવા છે, સ્વકાર્ય કરનાર ન હોવાથી યતિધર્મ એ નક્કી વિડંબના જ છે. (૫૨)

આ પ્રમાણે બાહ્યગ્રંથ-ત્યાગ કહીને ઉપલક્ષણથી કુલાભિમાનરૂપ આંતરગ્રન્થનો ત્યાગ કરવા માટે કહે છે -

બ્રાહ્મણકુલમાં જન્મેલા નંદિષેણનું કુલ કયું હતું ? પરંતુ ઉત્તમ ચારિત્ર-તપ ગુણના પ્રભાવથી મોટા હરિકુલના દાદા વસુદેવ નામના મોટા રાજા થયા, તેમ જ વિદ્યાધરીઓ અને રાજપુત્રીઓ 'હું એ પતિ મેળવું, હું એ પતિ મેળવું' - એમ હર્ષપૂર્વક પતિ મેળવવામાં સ્પર્ધા કરતી હતી. અનેક ઉત્તમ કુળની કન્યાઓ તે વસુદેવને પતિ મેળવવા માટે પ્રાર્થના કરતી હતી, તે વસુદેવને ફળ મળેલું હોય તો, આગલા ભવમાં કરેલા તપગુણનું ફળ છે. એટલેકુલની પ્રધાનતા નથી, પણ ગુણની પ્રધાનતા ગણેલી છે. વસુદેવના પૂર્વભવમાં થએલા નંદિષેણ મુનિની કથા કહે છે -

## ૫૯. વસુદેવના પૂર્વભવ નંદિષેણમુનિની કથા -

મગધદેશરૂપ મહિલાના ક્રીડાસ્વરૂપ સાલિગ્રામમાં ગૌતમગોત્રવાળો કામદેવના રૂપ અને કાંતિ સમાન એક વિપ્ર હતો. તેની પત્નીને ગર્ભધારણ કર્યા છ માસ થયા એટલે પિતા, અને પુત્ર જન્મ્યો એટલે માતા પણ મૃત્યુ પામી. 'બાળકને માતનું મરણ, યૌવનવયવાળાને

ભાર્યા-મરણ, વૃદ્ધવયવાળાનેપુત્રનું મરણ આ ત્રણે મોટાં દુઃખો કહેલાં છે.” પોતાના સમગ્ર સ્વજનોથી રહિત એવો પણ જે આ જીવે છે, તે ‘ન ઘટી શકે તેવાં કાર્ય ઘડનાર દૈવ-ભાગ્યનો પોતાનો વ્યાપાર છે.’ તેના અશુભોદય કર્મની સાથે તે છોકરો સર્વ લોકોને પણ અળખામણો થઇ ગયો. તેના પિતાની પાછળ ઘરની સમૃદ્ધિ પણ ચાલી ગઇ.

અનુક્રમે આઠ વર્ષની વયનો થયો, ત્યારે જાણે ટીપેલા હોય તેવા વિષમ પાદયુગલવાળો, ડુંટીની સૂંઢ બહાર નીકળેલી હોય તેવો, અતિકઠણ ઘણા મોટા પેટવાળો માંસ વગરનો, પ્રગટ હાડકાં દેખાતાં હોય તેવા વક્ષ્યસ્થળવાળો, વિષમ વાંકી બાહાઓવાળો, લટકતા વિષમ હોઠવાળો, અતિચીબા મોટા છિદ્રયુક્ત નાસિકાવાળો, ઝીણી ચપટી કેકરા-કાણી દૃષ્ટિવાળો, ટોપરા જેવા કાનવાળો, ત્રિકોણ મસ્તકવાળો, માખીઓ જેના ઉપર બણબણી રહેલી છે વો કદ્રૂપો તે પૃથ્વીપીઠમાં ભીખ માટે ભટકતો હતો.

મગધપુરીમાં ભમતાં ભમતાં તેને પોતાના મામા મળી ગયા. ત્યાં ઘરનાં કાર્ય કરવા લાગ્યો, જેથી તેના મામા ગૃહકાર્યમાં નિશ્ચિત થયા. અતિસુખી સજ્જન લોકો પણ સ્વભાવથી દુર્જન લોકો અને નગરજનોએ તેને આડું-અવળું મામાથી વિરુદ્ધ સમજાવી ભગાવ્યો. વચન-પરંપરારૂપ ચોખા અને પારકી પંચાતરૂપ ગોરસ-દૂધથી તૈયાર થયેલ ગળી રાબડીનો સ્વાદ કોઈ અપૂર્વ પ્રકારનો હોય છે ! તે બિચારા ભાણિયાને પાડોશી અને બીજાઓ ચડાવીને ભરમાવે છે કે, ‘હે ગરીબડા ! અહિં તારું કંઇ વળવાનું છે ? માત્ર કામ કરીને તને ખાવાનું આપે છે. બીજા નોકરને લાવે, તો તેને આજીવિકા-પગાર આપવો પડે, તું તો મફતિયું કામ કરનાર ઠીક મળી ગયો છે. તને તો કશુંય આપતા નથી.

લોકોએ આમ સમજાવ્યો, એટલે એનું મન કામ કરવામાં પાછું પડ્યું. મામાના ઘરના કાર્યમાં પૂરતું ધ્યાન આપતો નથી. મામાને વૃત્તાન્તની ખબર પડી, એટલે સમજાવ્યો કે, ‘લોકોના કહેવા ઉપર ધ્યાન ન આપીશ. તારા માટે મને દરેક પૂરી ચિંતા છે. મારે અતિશય રૂપવાળી આ ત્રણ પુત્રીઓ છે, તેમાંથી મોટીનું લગ્ન તારી સાથે કરી આપીશ. તેના વચનથી વળી તેનું મન સ્વસ્થ થયું અને ઘરકાર્યો સારી રીતે કરવા લાગ્યો.

કન્યા વરવા લાયક થઈ, એટલે પુત્રીને કહ્યું કે, ‘હે વત્સે ! અતિશય સારા સ્વભાવવાળા ભર્તારને સ્વીકાર.’ પુત્રીએ કહ્યું, ‘હે પિતાજી ! મારું રમણ થાય તો પણ તેને હું નહિં પરણીશ.’ ફરી ખેદમનવાળો થયો, ત્યારે મામાએ કહ્યું કે, હે વત્સ ! બીજી પુત્રી આપીશ. વિવાહસમય થયો, ત્યારે બીજીએ પણ થૂત્કાર કરી નાપસંદ કર્યો. ત્રીજીના પગ ધોવા ઇત્યાદિત વિનયોપચાર કરવા પૂર્વક દરરોજ લગ્ન કરવાની વાત કરે છે, તો તે પણ આક્રોશ કરીને થૂંકે છે.

ત્યારપછી પોતાનાં અતિશય દુર્ભાગ્યના દુઃખથી દુભાએલા મનવાળા તેનો આ ત્રણેએ તિરસ્કાર કર્યો, એટલે ઘરમાં ક્યાંય શાંતિ ન મેળવતો તે ત્યાંથી બહાર નીકળી ગયો. ભોજન, વસ્ત્રાદિક વગરનો પૃથ્વીપીઠમાં દીનમનથી ભટકતો, ભિક્ષાવૃત્તિ કરી જીવનનિર્વાહ કરતો હતો. ભિક્ષાથી ઉદરપૂર્તિ થતી ન હતી, ભૂખ લાગતી હતી, અતિરોગ, શોક, દુર્ભાગ્યથી ભયંકર દુઃખી થએલો એવો તે ચિંતવવા લાગ્યો કે, 'મારા જીવતરને ધિક્કાર થાઓ.'

'મનુષ્યપણું સમાન હોવા છતાં, ઇન્દ્રિય-સમુદાય દરેક સરખો હોવા છતાં હું ભિક્ષાથી જીવું છું અને બીજા ભાગ્યશાળીઓ અહિં આનંદ ભોગ-વિલાસ કરે છે. એક મનુષ્ય એવો શોક કરે છે કે મેં કોઇને કંઇપણ દાન આપ્યું નથી. જ્યારે હું તેનાથી વિપરીત શોક કરું છું કે આજે મને ભિક્ષામાં કંઇ પ્રાપ્ત થયું નથી અને તેનાથી વિપરત શોક કરું છું કે આજે મને ભિક્ષામાં કંઇ પ્રાપ્ત થયું નથી અને આમ ક્લેશાનુભવ કરું છું. કેટલાક ધર્મ કરવા માટે પોતાની ઘણી લક્ષ્મીનો ત્યાગ કરે છે, જ્યારે ઘણા સ્થાનમાં જર્જરિત થએલું એવું આ ઠીબડું પણ હું ત્યાગ કરી શકતો નથી.

પોતાને સુંદર તરુણીઓ સ્વાધીન હોવા છતાં એક મનુષ્ય તેના ઉપર આંખ પણ કરતો નથી, જ્યારે હું તો માત્ર સંકલ્પ કરીને તેના વિષયનો સંતોષ વહન કરું છું. (૨૫) એક ભાગ્યશાળી પુરુષને ચારણ લોકો 'તમો જય પામો, લાંબા કાળ સુધી જીવતા રહો, આનંદ પામો' - એમ સ્તુતિ કરે છે, જ્યારે હું તો વગર કારણે ભિક્ષા માટે ગયો હોઉં તો પણ મારા ઉપર લોકો આક્રોશ-તિરસ્કાર કરે છે.

કેટલાકો કઠોર વચન બોલનારને એમ જાણે છે કે, 'એમ બોલીને પણ તેને સંતોષ થતો હોય, તો ભલે તેઓ તેમાં આનંદ માને,' જ્યારે હું તો કઠોર વચન કહેનાર-તિરસ્કાર કરનારને પણ આશીર્વાદ આપું છું,

તો પણ મને ગળે પકડીને બહાર કાઢે છે. હું અતિશય પ્રચુર પાપનો ભંડાર છું, મારી ચેષ્ટા-વર્તન પણ ઘણા હીન પ્રકારનું છે. આવી રીતે હવે મારે જીવીને શું કરવું, આ દુઃખથી મુક્ત થવા માટે મને મરણ એ જ શરણ છે.' આ પ્રમાણે લાંબાકાળ સુધી ચિંતવીને સુંદર ધર્મમાર્ગને ન જાણતો આ પર્વત પરથી પડતું મૂકી પડવા માટે વૈભારગિરિના શિખર ઉપર ચડવા માંડે છે.

એટલામાં માર્ગ વચ્ચે સ્વર્ગ અને મોક્ષમાં ઉપર ચડવા માટે નિસરણી સરખા કાઉસ્સગ્ગ-ધ્યાનમાં રહેલા એક મહાસાધુનાં દર્શન થયાં. જે તપના તેજના એક સરખા મનોહરરૂપવાળા અને રેખાથી મનોહર જાણે સાક્ષાત્ મૂર્તિ હોય, અથવા નિર્મલરત્નના મોટા સ્તંભ હોય,

તેવા શોભતા હતા. નાસિકાની દાંડીપર સ્થાપન કરેલ સ્થિર મન્દ જેનો તારાનો પ્રચાર છે, કરુણારસથી પૂર્ણ નેત્રવાળા હોય તેમ જે મુનિ શોભતા હતા. જે મેરુપર્વત માફક અડોલ, ચરણાંગુલિના નિર્મળ નખરૂપ દીવડીઓ વડે ક્ષાંતિ આદિ દશ પ્રકારના મુનિધર્મ જાણે પ્રકાશિત કરતા હોય, તેવા મુનિને પ્રણામ કરીને તેમના ચરણકમળની સેવા કરવા માટે આગળ બેઠો. મુનિવરે પણ પૂછ્યું કે, 'હે વત્સ ! અહિં ક્યાંથી ? તેણે પણ પોતાનો સમગ્ર વૃત્તાન્ત અને છેલ્લે પંચત્વ પામવા માટે અહિં આવ્યો છું.' એમ કહ્યું, ત્યારે મુનિએ કહ્યું કે, 'હે સુંદર આવું અસુંદર ન કરવા યોગ્ય કાર્ય તેં શા માટે આરંભ્યુ ? આત્મઘાત કરવો-એ એક મહાન અજ્ઞાન છે. સુંદર-વિવેક રહિત અંધપુરુષોના માર્ગ આચરવા સરખું આ અશુભ કાર્ય છે.

"કાં તો એક નિર્મલ નેત્ર અને સહજ પોતાનામાં સારો વિવેક હોય, અથવા તેવા સાથે સહવાસ રાખવો-એ બીજું નેત્ર, આ બંને વસ્તુ જેની પાસે ન હોય, તે જગતમાં પરમાર્થથી અન્ધ છે અને તેવો અંધાત્મા ખોટે માર્ગે ચાલે તેમાં કયો અપરાધ ગણવો ?" આ પ્રમાણે ઉત્તમ મુનિએ શિખામણ આપી, એટલે તે પ્રતિબોધ પામ્યો અને વિચારવા લાગ્યો કે, મારા માટે દીક્ષા જ ઉચિત છે. તે દીક્ષા વડે તે જ કાર્ય છે. ગુરુએ કહ્યું કે- આ દીક્ષામાં મલથી મલિન શરીર હોય છે, પારકે ઘેરથી સાધુના આચાર પ્રમાણે ભિક્ષા લાવી આજીવિકા ચલાવવાની હોય છે, ભૂમિતલ પર શયન કરવાનું હોય છે, પારકું ઘર માગીને, તેમાં મર્યાદા-પૂર્વક રહેવાનું હોય છે, હંમેશાં ઠંડી, ગરમી સહન કરવાં પડે છે. નિષ્પરિગ્રહતા, ક્ષમા, બીજાને પીડા થાય તેવાં કાર્યોનો ત્યાગ કરવાનો, તપસ્યાથી કાયા દુર્બળ રાખવાની હોય.'

ત્યારે પેલાએ કહ્યું કે, 'મને આ સર્વ જન્મથી સ્વભાવ-સિદ્ધ થએલી વસ્તુઓ છે, પરંતુ ચારિત્રના વેષવાળાને કહેલી વસ્તુઓ શોભા આપનાર છે, પરંતુ ગૃહસ્થો માટે તે શોભારૂપ નથી.' ''યોગ્ય સ્થાન પામેલા સર્વે દોષો હોય, તે પણ ગુણો બની જાય છે." તરુણીના નેત્ર-કમળમાં સારી રીતે આંજેલું અંજન શોભા પામે છે અને સુગંધ રહિત જાસુદ પુષ્પ પણ જિનેન્દ્રની પૂજામાં ઉપયોગી નીવડે છે. આ પ્રમાણે ચિંતવીને પ્રવ્રજ્યા અંગીકાર કરવા માટે ઉદ્યત થયો. તે મહામુનિએ તેને પ્રવ્રજ્યા આપીને તેનું નંદિષેણ નામ સ્થાપન કર્યું. (૪૪)

૧૧ અંગોનું સારી રીતે અધ્યયન કર્યું. સમગ્ર સૂત્ર અને અર્થનો સંગ્રહ કર્યો, ગીતાર્થ થયા અને શત્રુ મિત્ર બંને તરફ સમભાવ રાખતા વિહાર કરવા લાગ્યા. છટ્ઠ, અટ્ઠમ, ચાર, પાંચ લાગલાગટ ઉપવાસ કરવા, અર્ધ માસ, એક માસના ઉપવાસ કરવા, કનકાવલિ, રત્નાવલિ નામની તપશ્ચર્યા કરી શરીર શોષવી નાખ્યું.

મમત્વ-સહિત વિશુદ્ધ લેશ્યાવાળા ઉપસર્ગ-પરિષહ સહન કરવામાં ક્ષોભ ન પામનાર, વાયુ માફક અપ્રતિબદ્ધ, મેરુ માફક અડોલ, સિંહની જેમ નિર્ભર, અંતરંગ શત્રુઓ પ્રત્યે હાથીની જેમ શૂરવીર, ચંદ્રની માફક સૌમ્ય મૂર્તિ, તપના તેજથી સૂર્ય સરખા, આકાશ માફક નિરુપલેપ-કોઈના સંગ વગરના, શંખ માફક નિરંજન-વિકાર વગરના, ધરણી માફક સર્વ ઉપસર્ગ-પરિષહ સહન કરનાર, મહાસમુદ્રની જેમ ગંભીર, લાભ થાય કે ન થાય, સુખમાં કે દુ:ખમાં, જીવિત કે મરણમાં, માનમાં કે અપમાનમાં સર્વ સ્થાનમાં સમાન મનવાળા, રાગ-દ્વેષ વગરના (૫૦) તે નંદિષેણ મુનિ ગુરુની પાસે સાધુઓનો દશે પ્રકારની વેયાવચ્ચ કરવાનો અને ઓછામાં ઓછો છટ્ઠ તપ કરવાનો અભિગ્રહ ગ્રહણ કરે છે.

આ પોતાની પ્રતિજ્ઞાનું પાલન અખંડ પરિણામવાળા થઈ પાળતા હતા. એમ કરતાં હજારો વર્ષો ગયા પછી તે મહાસત્ત્વવાળા મુનિની વેયાવચ્ચની અને તપ ગુણની નિશ્ચલતા તેમ જ તેનું અખંડિત ચારિત્ર તે સર્વે ગુણની પ્રશંસા સૌધર્મેન્દ્ર સુધર્મા સભામાં કરે છે કે, 'અહો ! આ મુનિ કૃતાર્થ છે. વેયાવચ્ચ કરવામાં અપૂર્વ સ્થિર પરિણામવાળા છે.' પરંતુ સભામાં બેઠેલા બે દેવોને આ વાતની પ્રતીતિ થતી નથી. એટલે તેઓ બંને સાધુનો વેષ ધારણ કરીને એક સાધુની વસતિ બહાર રહ્યા અને બીજા વસતિની અંદર ગયા. ત્યારે સખત સૂર્ય તપવાનો ગ્રીષ્મ સમય હતો; તે મુનિ છટ્ઠ તપના પારણા માટે જેટલામાં નવકોટી પરિશુદ્ધ એવો પ્રથમ કોળિયો મુખમાં નાખવા તૈયાર થાય છે, એટલામાં કોઇ દેવતાએ બૂમ પાડી કે, 'અહિં ગચ્છમાં જો કોઇ ગ્લાન મુનિની વૈયાવચ્ચ કરવા માટે અભિગ્રહ કરેલા મુનિ હોય અને તેની માવજત કરવી હોય, તો બહાર એક મુનિ વિષમાવસ્થા પામેલા છે.'

એ સાંભળી નંદિષેણ સાધુ ગ્રહણ કરેલા કોળિયાનો ત્યાગ કરીને ઉભા થયા. તેને કયા ઔષધની જરૂર છે ? તે ગ્લાનિ મુનિ કયાં છે ? એમ પૂછ્યું, ત્યારે કૃત્રિમ દેવસાધુએ જવાબ આપ્યો કે, જેને ઝાડાનો રોગ થઇ ગયો છે, શરીર-શુદ્ધિ કરવા માટે પણ જે અસમર્થ છે, તે તો અટવીમાં રહેલાં છે. તું કેવો નિર્લજ્જ છે કે, અહિં નિશ્ચિત બનીને મધુર આહારનું ભક્ષણ કરે છે ! અને રાત-દિવસ સુખેથી નિદ્રામાં કાળ નિર્ગમન કરે છે.

લોકો તને 'વેયાવચ્ચ કરનારો સાધુ છે' એમ કહે છે એટલા માત્રથી સંતોષ માનનારો છે. નંદિષેણ મુનિએ કહ્યું કે, પ્રમાદથી તે વાત મેં જાણી ન હતી. (૬૦) પ્રણામ કરી ફરી ફરી ખમાવ્યા, ત્યારે દેવે-બનાવટી સાધુએ કહ્યું કે, 'ત્યાં ક્ષેત્રમાં-કાળમાં ઔષધ દુર્લભ છે, તેથી તે ઔષધો અને પાણી પણ ઉકાળેલું-ઉષ્ણ મંગાવેલ છે.' ત્યારે પેલા દેવતાએ દરેક ઘરે

સાધુને ન કલ્પે તેવા ઔષધ-પાણીની અનેષણા કરી. છતાં પણ અદીન-મનવાળા તે તે દેવને છળીને તે સર્વ વહોરી લાવી સાથે લઇ તે સાધુ પાસે ગયા. એટલે પેલો સાધુ ક્રોધ પામીને એમ બોલવા લાગ્યો કે - 'રોગની મહાવેદના ભોગવતો હું અહિં જંગલમાં હેરાનગતિ ભોગવી રહેલો છું, ત્યારે હે પાપિષ્ઠ નિર્દય દુષ્ટ ! તું મકાનમાં સુખેથી સુતો સુતો આણંદ માણે છે.'

આવાં તિરસ્કારનાં વચનોથી તિરસ્કાર પામેલો છતાં ફરી ફરી તેને ખમાવે છે. એવાં તિરસ્કાર વચનોને પણ તે મહામુનિ અમૃત સરખાં માનતા હતા. આ સાધુને અશુભ રોગથી નિરોગી કેમ કરું ? એવા ધ્યાનથી તે સાધુની રજા લઇને પોતાના હસ્તો વડે અશુચિથી ખરડાએલાં તેનાં અંગોને ધોઇને સાફ કર્યાં અને નંદિષેણે વસતિમાં લઇ જવા માટે પોતાની ખાંધ પર બેસાર્યાં.

હાલતાં-ચાલતાં લગાર પગ ખાડામાં પડે અને સ્ખલના થાય, તો સાધુના મસ્તકમાં હાથથી પ્રહાર કરવા લાગ્યો. વળી તે દેવસાધુ નંદિષેણની પરીક્ષા કરવા માટે અતિદુર્ગંધમય અશુચિ પ્રવાહી સ્થંડિલ નંદિષેણ તપસ્વી ઉપર કરે છે. ક્ષારવિશેષથી જલ્દી તપસ્વી મુનિનું અંગ પીડાવા લાગ્યા. પોતાના શરીર ઉપર લોહની મોટા પર્વતની વજનદાર શિલાનો ભાર વિકુર્વ્યો અને વળી મુનિ શરીર જોરથી પકડી રાખે છે, તો કહે છે કે, 'હે પાપિષ્ઠ ! મને કઠણ હાથ કરીને કેમ પકડી રાખે છે ? હે નિર્ભાગ્યશેખર ! બીજાની પીડાની દરકાર કેમ કરતો નથી ? હે અનાર્ય ! સામાની પીડા તરફ વિચાર કર.'

આ પ્રમાણે નિષ્ઠુર વચન કહેનાર એવા તે રોગી મુનિને રોગની શાંતિ અને સમાધિ કેમ થાય ? એમ નંદિષેણ મુનિ માર્ગમાં વિચારતા હતા. 'મારાથી જે કંઈ તેને પીડા થાય છે, તેનું હું મિચ્છામિ દુક્કડં આપું છું.' એમ વિચારી કહે છે કે, 'હે મુનિ ભગવંત ! તમે તમારા મનમાં ખેદ ન કરો, મારી વસતિમાં જઇને તમને હું રોગ વગરના કરીશ.' ત્યારપછી તે દેવોએ નિર્મલ અવધિજ્ઞાનથી જાણ્યું કે, 'અગ્નિમાંથી તપીને બહાર નીકલેલા સુવર્ણ માફક આ મહાસત્ત્વવાળા મુનિની ઇંદ્રે કરેલી પ્રશંસા યથાર્થ છે અને તેવા વેયાવચ્ચના ગુણવાળા અને સમતાવાળા છે - તેવા જાણ્યા.'

ત્યારપછી તે બંને દેવો કડાં, કુંડલ, મુગુટ, બાજુબંધ, હાર વગેરે આભૂષણોથી દીપતું પોતાનું રૂપ અને કલ્પવૃક્ષની શોભાને તિરસ્કાર કરનાર શોભા વિકુર્વીને અતિસુગંધી તાજાં શીતળ પુષ્પો સહિત જળ-વૃષ્ટિ ક્ષણવાર વરસાવીને હર્ષથી રોમાંચિત થએલા અંગવાળા તેઓ મુનિને નમસ્કાર કરી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.

'ઈન્દ્રથી પ્રશંસા પામેલા, મુનિઓની વેયાવચ્ચ કરવામાં તત્પર, બાલ્યકાળથી અખંડિત

બ્રહ્મવ્રત પાળનાર હે મુનિવર ! તમો જય પામો. તમારા સિવાય બીજો કોણ આવા પ્રકારની પોતાની મહાપ્રતિજ્ઞા પાલન કરી પૂરી કરી શકે ? જીવોને આપના ગુણથી આદરની વૃદ્ધિ થાય છે' એ પ્રમાણે તે મુનિની સ્તુતિ કરીને પોતે ઇન્દ્રની કહેલી વાતની શ્રદ્ધા ન કરતા હતા-એમ પોતાનો વૃત્તાન્ત જણાવીને તે દેવો પોતાના સ્થાનમાં અને સાધુ પણ પોતાની વસતિમાં ગયા.

'પોતાનાં પ્રત્યે દેવો પ્રભાવિત થયા છે' - એવા પ્રકારના મમત્વરહિત ચિત્તવાળા નંદિષેણ મુનિ વસતિમાં ગયા પછી ગુરુના ચરણકમળમાં પ્રણામ કરીને ક્ષાયોપશમિક ભાવથી તે બનેલો દેવવૃત્તાન્ત કહે છે. 'બીજા કરતાં પોતે ચડિયાતા છે' તેવા અભિમાનનો ત્યાગ કરે છે, ત્યાં રહેલા સાધુઓને સ્થિરભાવ ઉત્પન્ન કરે છે, તેમજ નિષ્કામવૃત્તિ-પૂર્વક હંમેશાં સુંદર વેયાવચ્ચ કરતાં **૫૨૦૦ વર્ષ** (વસુદેવહિન્ડીમાં ૫૫૦૦ વર્ષ) પૂર્ણ કર્યાં.

અંત સમયે અનશન કરીને નમસ્કારનું જ્યારે પરાવર્તન કરતા હતા, ત્યારે અશુભ કર્મની પરિણતિને આધીન થવાના કારણે તે નંદિષેણ સાધુને પોતાનું મહાદૌર્ભાગ્ય સાંભરી આવ્યું કે; 'સમગ્ર નારીઓને હું અનિષ્ટ થયો. મને દેખવામાત્રથી દરેકને હું અપ્રીતિકર બન્યો ! કોઇએ પણ મારા તરફ ભાવ ન કર્યો. તેમ જ માતા-પિતા, ધન-સમૃદ્ધિ નાશ પામ્યાં.' આ સર્વ ભાવો યાદ આવતાં, સાધુઓએ ઘણું નિવારણ કર્યું, છતાં તેણે એવું નિયાણું કર્યું કે, 'આ મારા તપનું મને ફળ આવતા જન્મમાં એવું મળો કે, હું તરુણીના મનને હરણ કરનારો સુંદર સમગ્ર દેહના અવયવવાળો, દરેકને વલ્લભ, મારા સૌભાગ્યાતિશયથી ભુવનના સમગ્ર લોકોને જિતનારો, પુષ્કળ સમૃદ્ધિવાળો થાઉં.'

જેમ કોઈ મહાકિંમતી પદ્મરાગ-રત્નના ઢગલાથી ચણોઠી, હાથીથી ગધેડો ખરીદ કરે, તેમ તે નંદિષેણ મુનિએ પોતાના અપૂર્વ તપ કર્યાના બદલામાં દુર્ગતિમાં લઇ જનાર અસાર સૌભાગ્યની માગણી કરી ! "જે કોઇ અજ્ઞાની વિશુદ્ધ ચારિત્રનું પાલન કરીને ભોગાદિક મેળવવાનું નિયાણું કરે છે, તે ઉત્તમ ફળ આપવા સમર્થ એવા નન્દનવનની વૃદ્ધિ કરીને બિચારો તેમાં આગ ચાંપીને તે વનનો રાખોડો કરે છે." ત્યારપછી ત્યાંથી મૃત્યુ પામી, તે સાતમા દેવલોકમાં ઝળહળતી કાંતિવાળો દેવ થયો. ત્યાંથી ચ્યવ્યા પછી જ્યાં ઉત્પન્ન થયો, તે હવે હું કહીશ.

કુશાર્ત નામનાં દેશમાં યદુવંશમાંથી ઉત્પન્ન થએલા દેવતાએ ભુવનમાં પ્રસિદ્ધ એવું સોરિયપુર નામનું નગર વસાવેલું હતું. ત્યાં હરિવંશમાં અંધકવૃષ્ણિ નામના પૃથ્વીપતિ હતા, તેની સુભદ્રા ભાર્યાએ દશ દશાર્હ પુત્રોને જન્મ આપ્યો. (૯૦) તેમાં પ્રથમ સમુદ્રવિજય, ૨. અક્ષોભ્ય, ૩. સ્તિમિત, ૪. સાગર, ૫. હિમવાન્, ૬. અચલ, ૭. પૂરણ, ૮ ધરણ

નામનો, ૯. અભિચંદ્ર, હવે નંદિષેણનો જીવ જે દેવ થયો હતો, તે તેમનો વસુદેવ નામનો નિઃસીમ સૌભાગ્યાતિશય-યુક્ત દસમો વસુદેવ પુત્ર થયો. તે દશારોને કુંતી અને માદ્રી નામની બે બહેનો હતી. તેમાં વસુદેવ સમગ્ર નિર્મલ કળા-કલાપ શીખેલા હતા અને શુભ-સ્વભાવવાળા અને સુખ ભોગવનારા હતા.

જેવી રીતે કંસ રાજા સાથે જીવયશાને પરણાવીને તેની સાથે મૈત્રી કરીને, જેવી રીતે રોષ પામીને વસુદેવ એકલા સોરિયપુરથી નીકળી ગયા, જેવી રીતે પૃથ્વીમંડળમાં ભ્રમણ કરીને અનેક ચતુર કન્યાઓ સાથે લગ્ન કર્યાં. કોઈ શેઠ કન્યા, કોઇ સામંતની, કોઈ રાજાની કે કોઈ વિદ્યાધર રાજાઓની કન્યાઓ એમ સો વર્ષ સુધી અનેક કન્યાઓ સાથે લગ્ન કર્યાં.

વળી રોહિણી અને સમગ્ર પરણેલી કન્યાઓને વિમાનમાં લઇને સોરિયપુરમાં જેવી રીતે વસુદેવ આવી પહોંચ્યા, જેવી રીતે કંસરાજા મથુરામાં પોતાની પાસે લઇ ગયો અને દેવકીની પુત્રી અને પોતાની બહેન દેવકીને તેની સાથે પરણાવી. જેવી રીતે રોહિણીને બળરામ પુત્ર થયા. તથા દેવકીને ગોવિંદ પુત્ર થયા. જેવી રીતે સમુદ્રવિજય રાજાની ભાર્યા શિવાને અરિષ્ટનેમિ સ્વામી ભગવંત પુત્ર થયા, જેવી રીતે ઘરે ૫૬ દિશાકુમારીઓએ તેમનો જન્મોત્સવ કર્યો અને ૩૨ ઈન્દ્રોએ તેમને મેરુપર્વત ઉપર લઇ જઈને જન્મકલ્યાણક મહોત્સવ કર્યો.

જેવી રીતે કંસના ભયથી એકલા સૌરી રાજાએ રાત્રે ગોવિંદને લઈ જઈને ગોકુળમાં મૂક્યો. (૧૦૦) ગોકુળની અંદર નંદ અને યશોદાએ પાલન-પોષણ કરી તેને મોટો કર્યો, જેવી રીતે કંસને કેશોથી પકડી મંચ ઉપરથી નીચે પાડ્યો, જેવી રીતે જીવયશાના વચનથી ઉત્પન્ન થયો છે કોપ જેને એવા જરાસંધ રાજાએ યાદવોને જિતવા માટે કાલપુત્ર અને કાલદૂતને મોકલ્યા, જેવી રીતે યાદવો એકદમ નાસી ગયા અને સૌરાષ્ટ્ર દેશમાં પહોંચ્યા, જેવી રીતે કપટથી દેવતાએ કાલને અગ્નિમાં પ્રવેશ કરાવ્યો, જેવી રીતે ઈન્દ્રની આજ્ઞાથી કુબેર દેવતાએ રૈવત પર્વત પાસે સુવર્ણ રત્નમય એવી દ્વારિકા નામની નગરી નિર્માણ કરી, જેવી રીતે ભગવાન્ અરિષ્ટનેમિ ધર્મચક્રીપદે સ્થાપન થયા અને ઘણા યાદવકુળને નિર્વૃત્તિ નગરી-મોક્ષમાં પહોંચાડ્યા.

આ સર્વ બીજા વૃત્તાન્તો વિસ્તારથી પૂર્વાચાર્યોએ શ્રી નેમિ ચરિત્રમાં (વસુદેવહિંડીમાં પણ) કહેલું છે, તેમાંથી જાણી લેવું. ત્યાં દશ દશાર્હો પાંચ બલાદિક તેમ જ પ્રદ્યુમ્ન પ્રમુખ સાડા ત્રણ કોડી મહાવીર, સાઠ હજાર સાંબ વગેરે દુર્દાન્ત કુમારો, બત્રીશ હજાર રુક્મિણી પ્રમુખ અંતઃપુરની સ્ત્રીઓ આ દરેકનું આધિપત્ય હંમેશા કેશવ (કૃષ્ણ) કરતા હતા. આ

પ્રમાણે હરિકુલની વિપુલતા હતી, તેના દાદા વસુદેવ શૌરી હતા. (૧૦૦) (૫૪)

દેવે આકરા-કઠોર શબ્દો સંભળાવ્યા છતાં નંદિષેણ મુનિએ યતિધર્મના મૂલ સ્વરૂપે અને મોક્ષના અંગ તરીકે ક્ષમા રાખી, તે પ્રમાણે સામો આક્રોશ-વધાદિ કરે તો પણ બીજા સાધુઓએ ક્ષમા રાખવી જોઇએ. તે કહે છે -

**सपरक्कम-राउल-वाइएण, सीसे पलीविए निअए ।**
**गयसुकुमालेण खमा, तहा कया जह सिवं पत्तो ।।५५।।**

સામાને પડકાર કરવાને ઉત્સાહશક્તિ હોવા છતાં, રાજકુળમાં જન્મ થએલ હોવાથી પોતે ક્ષાત્રતેજવાળા હોવા છતાં સાધુપણામાં મસ્તકે અગ્નિ સળગાવવા છતાં ગજસુકુમાલ મુનિવરે ક્ષમા રાખી અને મોક્ષ પામ્યા. (૫૫)

આ કથાનક જાણવાથી ગાથાનો અર્થ વિશેષ પ્રતીતિકારક થશે, તેથી તે કહેવાય છે -

## ૭૦. ક્ષમા રાખવા ઉપર ગજસુકુમાલની કથા -

ઈન્દ્ર મહારાજાએ બાર યોજન લાંબી, નવ યોજન પહોળી સર્વથા સુવર્ણ અને રત્નની સમૃદ્ધિવાળી દ્વારિકા નામની પ્રસિદ્ધ નગરી કરાવી હતી. જેમાં ધન, વર્ણ કોટી પ્રમાણ હોવાથી કોઈ દાન મેળવવાના મનોરથ કરતા ન હતા, ભેરીનો શબ્દ શ્રવણ કરવાથી લોકોના લાંબા કાળના રોગો નાશ પામતા હતા. જેથી ધન્વંતરિ વૈદ્યનો પણ આદર કરતા ન હતા. ત્યાં રાણીઓને વરનારમાં શ્રેષ્ઠ નાયક-કૃષ્ણ સ્ત્રીઓને ઘણા પ્રિય હતા, તે નગરના લોકો અન્યાય-અનીતિ-કુસંગના કલંકથી મુક્ત હોવાથી ત્યાં ધનુષ્ય અને કેદખાનાની જરૂર પડતી ન હતી.

જેમ માનસ સરોવરમાં, જગતમાં સારભૂત હંસ વાસ કરે છે, તેમ જે દ્વારિકા નગરીમાં ક્ષાયિક સમ્યક્ત્વથી વિશિષ્ટ એવા નેમ જિનેશ્વર ઉપદેશ આપનાર વાસ કરતા હતા. સત્યભામા અને રુક્મિણી રાજા કૃષ્ણના સમગ્ર અંતપુરમાં મુખ્ય રાણીઓ હતી. કોઇક સમયે વિહાર કરતા કરતા નેમિ જિનેશ્વર ભગવંત ત્યાં પધાર્યા. ઉજ્જયંત નામના મોટા પર્વતપર અનેક આરામો હતા, ત્યાં દેવતાઓએ તરત પોતાની સ્વેચ્છાએ સમવસરણની રચના કરી.

ભવથી ભય પામેલા પ્રાણીઓને શરણભૂત સમવસરણમાં કેઈ દેવો, દેવીઓ, મનુષ્યો, અસુરો, રાજાઓ વગેરે સુંદર દેશના સાંભળી પાછા જતા હતા. તે સમયે વહોરવાનો સમય થયો છે, એટલે સાધુજન ઘરના દ્વાર તરફ અનુસરતા હતા.

હવે તે સમયે દેવકી રાણીના બે મુનિપુત્રો વિચરતા વિચરતા દેવકીના ભવનના આંગણામાં પહોંચ્યા. બેમાંથી એકનું અજિતયશ નામ છે અને અતિશય સમતાવાળા બીજાનું નામ મહાસેન છે. તે બંને સાધુરૂપ સિંહને દેખીને દેવકીના અંગમાં તેઓ પ્રત્યેનું સ્નેહ-વાત્સલ્ય સમાતું ન હતું. દેવકીએ પણ નવીન રસપૂર્ણ તૈયાર કરાવેલા વિશાળ સિંહકેસરિયા મોદક વહોરાવ્યા.

વહોરાવીને જેટલામાં દેવકી બેઠી, તેટલામાં બીજું મુનિયુગલ ત્યાં પ્રવેશ્યું. એક સમગ્ર ગુણયુક્ત અજિતસેન મુનિ અને તેની પાછળ અનુસરતા નિહતસેન મુનિ વહોરવા આવ્યા. તેમને પણ વિકસિત મુખવાળી દેવીએ લાડુથી પ્રતિલાભ્યા. થોડીવારમાં અપ્રમત્ત એવા ત્રીજા મુનિયુગલની જોડી ત્યાં આવી પહોંચી. તેમાં જે અગ્રેસર મોટા મુનિનું નામ દેવસેન મુનિ અને તેની પાછળ આવતા હા, તે મુનિનું નામ શત્રુસેન મુનિ. તેમને પણ અતિભાવ-ભક્તિથી અતિઉત્તમ લાડુ પ્રતિલાભ્યા.

હવે લાડુઓ પ્રતિલાભ્યા પછી લાંબા કાળ સુધી દેવકી મનમાં વિચારવા લાગી કે, 'આ મહામુનિના સંઘાટકો અહિં ઘરમાં વારંવાર કેમ વહોરવા આવતા હશે ? હવે તે શ્રેષ્ઠ ભક્તિ-ભાવ પૂર્વક મુનિકુમારના ચરણમાં પ્રણામ કરીને તે દેવકી તેમને પૂછવા લાગી કે, 'હે મુનિવરો ! વારંવાર ફરી ફરી મારા ઘરમાં પધારો છો, તેમાં તમો દિશા કે માર્ગ ભુલી ગયા છો ? અથવા તો હે સ્વામી ! આ ધન-ધાન્યની સમૃદ્ધિવાળા આ સ્થાનમાં ક્યાંઈથી ભિક્ષા પ્રાપ્ત થતી નથી ? અથવા તો અમે ભ્રમિતચિત્તવાળા થયા છીએ કે, તમે તેના તે જ ફરી ફરી કેમ આવતા હશો ? આ વિચારું છું.' હવે સાધુ દેવકીને પ્રત્યુત્તર આપે છે કે, 'હે મહાનુભાવ ! હું તમોને સાચી યથાર્થ હકીકત કહું, તે સાંભળો' -

'ભદ્દિલપુર નગરમાં એક ભાવિક નાગશેઠ અને તેમને પતિમાં અતિશય સ્નેહ રાખનાર સુલસા નામની ભાર્યા છે. તે બંને સુંદર જિનધર્મ વિષે અનુરાગવાળા, તેમ જ દેવગુરુના ચરણોની સેવા કરનારા એવા તેઓના અમ દેવ સરખા રૂપવાળા તેમ જ પુણ્ય-કારુણ્યના કૂપ સરખા અમે ૬ એ તેમના પુત્ર છીએ. પૃથ્વી પર વિચરતા નેમિનાથ ભગવંતની દેશના સાંભળી અમે છએ પ્રતિબોધ પામ્યા અને દીક્ષા અંગીકાર કરી. તેમાંથી અમો બબ્બેના સંઘાટક તરીકે જુદા જુદા સર્વ આવેલા છીએ. વારાફરતી સમાન રૂપવાળા અમો જુદા જુદા આવ્યા હતા, પણ ત્રણ વખત અમો તમારે ઘરે આવ્યા નથી.'

મુનિનાં વચન સાંભળીને અતિહર્ષ વહન કરતી રોમાંચિત થએલ કાયાવાળી દેવકી વારંવાર મુનિને વંદન કરવા લાગી અને તેમને અભિનંદન આપવા લાગી. વળી હર્ષ પામેલી ચિંતવવા લાગી કે, 'હું જ્યારે કૃષ્ણ સરખા રૂપવાળા આ સાધુસિંહનાં દર્શન કરું

છું, ત્યારે મારું ચિત્ત અતિશય આનંદ પામે છે, જાણે મારા નયનોમાં અમૃતજળ સ્થાપન કર્યું હોય તેમ વિકસિત થાય છે.'

શું કૃષ્ણે વક્ષઃપ્રદેશમાં શ્રી વત્સના લંછન કર્યા હોય, તેવાં સાત રૂપ કર્યાં છે કે શું ? હું બાલ્યવયની હતી, ત્યારે અઇમુત્તા (અતિમુક્તક) મુનિએ મને કહેલું હતું કે, જગતમાં ઉત્તમ તેવા તારા આઠ પુત્રો જીવતા હશે. તો આ મારા પોતાના અંગથી ઉત્પન્ન થયા હશે ! તે છએ નક્કી કૃષ્ણના બન્ધુઓ હશે. મારા દુર્દૈવે કોઈ દ્વારા આ મારા ઉત્તમ દેહવાળા પુત્રોને સુલસા-નાગશેઠને ઘરે પહોંચાડી દીધા જણાય છે. પ્રાતઃકાળે જાગીને હું નેમિપ્રભુની પાસે જઈશ. જ્ઞાનના ભંડાર એવ તેમને આ વાત પૂછીશ. પોતાના હસ્તમાં કંકણો સ્થાપન કરીને વળી હાથમાં દર્પણ ધરી મુખ દેખ્યું. સૂર્યોદય થયો, ત્યારે દેવી દેવ પાસે પહોંચ્યા.

રથમાંથી નીચે ઉતરી, પ્રણામ કરી, આગળ બેસી. ત્યારપછી ઉત્તમજ્ઞાનવાળા ભુવનના ભાનુ સમાન ભગવંતને પૂછે છે.

દેવો અને અસુરો આદિની પર્ષદામાં ટગમગ નજર કરતી દેવકીને દયાસમુદ્ર ભગવંતે બોલાવી અને મનમાં વિચારેલ પ્રશ્નનો ઉત્તર આપ્યો કે, 'હે ધર્મશીલે ! તેં મનમાં ચિંતવ્યું હતું, તે સત્ય જ છે, તેમાં બિલકુશ શંકા નથી. હરિણૈગમેષી દેવે તારા પુત્રોને સમયે ખસેડીને સુલસાને ત્યાં રાખ્યા. હે મૃગાક્ષિ ! આ તારા જ પોતાના પુત્રો છે. તારા પુત્રોને મારવા માટે કંસને આપ્યા હતા, આગલા ભવમાં તેં જાતે કરેલા કર્મનું પોતાના પુત્રના વિયોગનું કર્મ આ ભવમાં ઉદયમાં આવ્યું હતું. આગલા ભવમાં તેં તારી શોક્યના સાત રત્નો છુપી રીતે ચોરીને તેના બદલે તેના સરખા સારા કાચના અખંડ ટૂકડા મૂક્યા હતા.

શોક્ય ઘણી વિલાપ કરવા લાગી, ત્યારે સારા ગુણવાળા રત્નોમાંથી એક પાછું આવ્યું. સાત રત્નો ચોર્યા હતાં, તે સંબંધી સજ્જડ મનનું દુઃખ થાય તેવું, છ પુત્રના વિયોગનું દુઃખ તને પ્રાપ્ત થયું. જે ક્ષણે તેં એક રત્ન અર્પણ કર્યું, તેથી કૃષ્ણેતને અનેક સુખ આપ્યાં. આ સાંભળીને દેવકી રાણી બોલ્યાં કે, નેમિ જિનેશ્વરે મને સુંદર વાત કરી. જિનેશ્વરે બતાવેલા તે સાધુને વંદન કરે છે, ત્યારે સ્તનમાંથી દૂધનો પ્રવાહ ઝરવા લાગે છે.

હવે તે વંદના કરતી હતી, ત્યારે મુનિ અભિનંદન આપતા કહે છે કે, જગતમાં તમે ઘણા ધન્ય અને પુણ્યવતી છો, તમે ઘણા ગુણ ધારણ કરનાર, સુલક્ષણવાળી કુક્ષીમાં પુત્રને ધારણ કરનારાં છો. કારણ કે, મોક્ષસુખે સાધવામાં સમર્થ એવા છએ પુત્રોએ સુપ્રશસ્ત સંયમ સ્વીકાર્યું છે. ગંધર્વો, વિદ્યાસિદ્ધો, ખેચરોએ જેમને સંતોષ પમાડેલા છે, એવા કૃષ્ણરાજા અર્ધભરતનું સામ્રાજ્ય ભોગવે છે.

ખરેખર હું પણ જગતમાં કૃતાર્થ છું કે, અત્યારે મારા સાત પુત્રો હૈયાત છે. જ્યાં પોતાના ઘરે દેવકી પહોંચ્યાં, ત્યારે મનમાં ઝુરવા લાગ્યા કે, મેં જાતે કોઇ બાળકને ખોળામાં બેસાડી, ધવરાવી, રમાડીને પાલન-પોષણ ન કર્યું. હથેલીમાં નિર્મલ કપોલ સ્થાપન કરીને, અતિચપલ સરળ ઊંચા-નીચા શ્વાસ લેતી-મૂકતી જેના નેત્રમાંથી દડદડ આંસુની ધારાઓ વહી રહેલી છે, સોકાંધકારમાં ડૂબેલી દેવકીમાતાને કૃષ્ણે દેખ્યાં.

કૃષ્ણજીએ માતાને પ્રણામ કરીને તેના મનમાં રહેલા દુઃખને પૂછતાં 'હે માતાજી ! તમને આટલું દુઃખ કેમ થયું છે ? શું તમારી આજ્ઞા કોઇએ ઉલ્લંઘી છે ? અથવા તો તમોને કોઇએ અમનોહર શબ્દો સંભળાવ્યા છે; હે માતાજી ! મને આજ્ઞા આપો. ત્રણે ભુવનમાં જે કંઈ તમને ઇષ્ટ હોય, તે કહો, જેથી વિલંબ વગર તે લાવી આપું અને મારી પોતાની માતાના દુઃખને દૂર કરું.'

ભુવનમાં મહાસતી સરખાં દેવકી પ્રત્યુત્તર આપે છે કે, મને બીજો કોઇ દુઃખનો અંશ નથી, માત્ર મેં એકપણ મારું પોતાનું જન્મ આપેલું બાળક તેને ન પાલન કર્યું, લાલન ન કર્યું-તે વાત મારા મનમાં વારંવાર ખટક્યા કરે છે. હે વત્સ ! તારું લાલન-પાલન યશોદાએ કર્યું, પહેલાના પણ બીજા તારા છ ભાઇઓને સુલસાએ પાલ્યા-પોષ્યા, તમને સાતેયને બાલ્યકાળમાં જ દૈવે હરણ કર્યાં.

શ્રેષ્ઠ ખીરનો થાળ હોવા છતાં હું તો ભૂખી જ રહેલી છું. તે નારી ખરેખર ધન્ય છે, અતિપુણ્યશાળી છે, તેમ જ સારા લક્ષણવાળી સુખ કરનારી છે કે, જે પોતે જ પોતાનાં જન્મ આપેલા બાળકને ખોળામાં બેસારી પાલ્યો હોય અને સ્તન ઝરાવતા દૂધથી સ્તન-પાન કરાવ્યુ હોય. સિંહણ, હરિણી, ગાય, વાનરી વગેરે જાનવરો પણ ખરેખર ધન્ય છે કે, જેઓ પોતાના બાળકને દેખીને અતિપ્રસન્ન થાય છે. હું દૈવથી અતિદુભાએલી ઘણાં દુઃખ ભોગવનારી થઈ છું. જેમ કોયલ પોતાનાં બચ્ચાંને દૂર રાખે છે, તેમ મારા બાળકો ઉછેરવાના સમયે મારાથી દૂર થયા. માટે હસ્તમાં સારંગ ધનુષ ધારણ કરનાર હે કૃષ્ણ ! કાલું કાલુ ઘેલું બોલનાર એક બાળકને ઉછેરું તેમ કર. તે મારાની આજ્ઞાનો સ્વીકાર કરી, બ્રહ્મચર્ય ધારણ કરી દાનવના શત્રુ દામોદર એકાતંમા બેસી ગયા.

પત્થર ઉપર દર્ભનો સુંદર સંથારો કર્યો. વિષ્ણુ અઠ્ઠમ તપ કરીને મનમાં દેવનું ધ્યાન કરી રહેલા છે. પૂર્વના પરિચિત દેવનું આસન કંપાયમાન થયું. દેવ અહિં નીચે આવ્યો અને કહેવા લાગ્યો - 'હે કૃષ્ણ ! ક્યા કારણે મને રાત-દિવસ સ્મરણ કરીને બોલાવ્યો ?' ત્યારે દેવસેનાના નાયક હરિણૈગમેષીને કૃષ્ણે જણાવ્યું કે, 'દેવકીને પુત્રઋણ આપો.' ત્યારે દેવે કહ્યું કે, 'હે હરિ ! દેવકી દેવીને સર્વગુણ-સંપન્ન એવો પુત્ર થશે, પરંતુ ભરયુવાન વયમાં

નેમિ જિનેશ્વરની પાસે શુક્લ લેશ્યાવાળો તે દીક્ષા અંગીકાર કરશે.'

એમ કહીને દેવ દેવતાના નિવાસે પહોંચ્યો અને કૃષ્ણ પોતે પોતાના રાજ્યનો વિલાસ કરવા લાગ્યો. અવસરે દેવકીએ સ્વપ્નમાં મુખની અંદર હાથી પ્રવેશ કરતો હોય તેમ દેખ્યું. પૂર્ણમાસે દેવકી રાણીએ અતિસુકુમાલ સારા લક્ષણયુક્ત વિચક્ષણ બાળકને જન્મ આપ્યો. કૃષ્ણે પણ પોતના નાનાભાઈને અનુરૂપ વધામણી અને જન્મોત્સવ કરાવ્યો.

ઘરના દ્વારના ભાગમાં શોભા કરનાર અતિવિશાળ તોરણો ઉભા કર્યાં, ચામરો વીંજાવા લાગ્યા, શ્રેષ્ઠ નવીન લાલ રંગના મજબૂત વસ્ત્રની ધ્વજાઓ શોભવા લાગી. સુગંધવાળા અક્ષતપાત્રો સ્થાપન કર્યાં. ઠેકાણે ઠેકાણે માતા અને પુત્રનાં ગીતો ગવાતાં હતાં, બાલક-બાલિકાઓને ખાદ્ય પદાર્થો અપાતા હતા, લોકો પગે ચાલીને મંગલ ગાતા ગાતા રાજમંદિરમાં જતા હતા.

વારાંગનાઓ ફુદડી ફરતી ફરતી નૃત્ય કરતી હતી. ઢોલ-વાજિંત્રો વાગતા હતા. વર્ધાપનાનો આનંદ અતિશય સુંદર પ્રવર્ત્યો. સવપ્નાનુસાર તેનું 'ગજસુકુમાલ' એવું સાન્વર્થ નામ સ્થાપન કર્યું. મેરુવર્તના શિખર ઉપરજેમ કલ્પવૃક્ષ તેમ આ બાળક વિશાળસુખનો અનુભવ કરતો હતો, દેવકી માતા રમકડાં આપીને રમાડે છે, તથા વાત્સલ્યપૂર્ણ મીઠાં વચનોથી બાળકને બોલાવતી હતી. (૫૦)

સમગ્ર કળા-કલાપનો અભ્યાસ કર્યો, પવિત્ર નવયૌવન વય શરીર શોભા પામ્યો, અતિશય સુંદર રૂપશાળી રાજકુંવરીઓ સાથે લગ્ન કર્યાં. તેને અનુરૂપ એવી પ્રભાવતી નામની કન્યા તથા સોમશર્મા બ્રાહ્મણની સોમા નામની કન્યામાં અનુરાગ કર્યો હતો. બીજી પણ ક્ષત્રિય-રાણીઓની સુંદર વર્ણવાળી કન્યાઓ સાથે ગજસુકુમાલે લગ્ન કર્યાં હતાં.

હવે તે જ સમયે પુર, નગર અને ગામમાં વિહાર કરતા કરતા નેમિનાથ ભગવંત ત્યાં દ્વારિકામાં આવી પહોંચ્યા. ત્યાં રૈવતપર્વતના પ્રદેશમાં ઇન્દ્ર મહારાજા સેવા કરવા આવ્યા. વળી નિઃસીમ સુખ ભોગવનાર ગજસુકુમાલ કુમાર પણ પોતાની પત્નીઓ સહિત વંદન કરવા માટે આવી પહોંચ્યા. ભગવંતની ધર્મદેશના શ્રવણ કરી, તેને મનમાં બરાબર અવધારણ કરી. સંસારથી વિરક્ત મનવાળો થઈ, ગૃહવાસનો ત્યાગ કરી જિનેશ્વરની પાસે પાપ-રજનો ત્યાગ કરી દીક્ષા અંગીકાર કરી. સોમા અને પ્રભાવતી નામની બે ભાર્યાઓએ પ્રાણીમાત્રને હિતકારી એવી પ્રવ્રજ્યા ગજસુકુમાલની સાથે ગ્રહણ કરી.

અતિમનોહર અંગવાળા સુકુમાલ સાધુને કામદેવ છોડીને ચાલ્યો જાય છે. નેમિનાથ ભગવંતને પ્રણામ કરીને બે હસ્ત જોડીને સુકુમાલ સાધુ વિનંતિ કરવા લાગ્યા કે - 'આપ

જો આજ્ઞા કરતા હો તો રાત્રે મસાણમાં કાઉસ્સગ્ગ કરીને સંકટ સહન કરું.' આજ્ઞા પામેલા ગજસુકુમાલ મુનિ શ્મશાનમાં ગયા. કાઉસ્સગ્ગ કરીને મૌનપણે ઉભા રહ્યા. મેરુપર્વત માફક અડોલ એવા રહ્યા કે, દેવતાઓ પણ તેને શુદ્ધ ભાવથી ચલાયમાન ન કરી શકે.

હવે કોઈ પ્રકારે તે સ્થળે ક્રૂર કર્મ કરનાર સોમશર્મ બ્રાહ્મણ ત્યાં આવી પહોંચ્યો. ગજસુકુમાલ સાધુને (પોતાના જમાઇને) દેખીને તીવ્ર કોપાગ્નિના દાહવાળો તે વિચારવા લાગ્યો કે, આ ધૂર્તે મારી પુત્રી સાથે લગ્ન કરીને હવે આ પાખંડ સ્વીકાર્યું મનોહર રૂપવાળી, અનેક ઉત્તમ ગુણના ભંડાર એવી મારી પુત્રીને ખરેખર તેણે અકંદ વિડંબના પમાડીને નિર્ભાગિણી બનાવી. તો હવે અત્યારે આ અવસરે એ બ્રાહ્મણ પોતાનું વૈર સાધવાની ઇચ્છા કરે છે કે, 'આ પ્રસંગ સારો છે.' એમ વિચારીને દયા રહિત ક્રૂરકર્મીએ તેના મસ્તક ઉપર અગ્નિ સળગાવ્યો.

જેમ જેમ તે વિપ્ર મસ્તક પર અંગાર મૂકીને અતિશય અગ્નિ પ્રગટાવે છે, તેમ તેમ ઉત્તમમુનિ ક્ષમારસને વિશેષ ધારણ કરે છે અગ્નિ જેમ જેમ મસ્તકને દહન કરે છે, તેમ તેમ કર્મના ઢગલાની રાખનો ઉકરડો થાય છે. મુનિવર મનમાં સુંદર ભાવના ભાવવા લાગ્યા, તેમ તેમ ક્ષણે ક્ષણે શુક્લધ્યાનની શ્રેણી વધતી જાય છે, આ દેહ ભલે બળી જાઓ પરંતુ મારો આત્મા તો કર્મના કલંકથી વિશુદ્ધ થાય છે.

તલને જેમ ઘાણીમાં પીલે, તેમ સ્કંદકના શિષ્યોએ સજ્જડ પીલાવાન વેદના સહન કરી, સુકોશળમુનિને વાઘણે ચરણ, પેટ વગેરે અંગો વિદારણ કરી મારી નાખ્યા ! મથુરા-નરેન્દ્રે દંડ અનગારનું મસ્તક તરવારના પ્રહારથી છેદ્યું, તો પણ પોતાના સત્ત્વમાં અપ્રમત્ત રહેલા તેઓ મનમાં પોતાના આત્મસ્વરૂપથી ચૂક્યા નહિ. જો કે, મારા શરીરમાં તીવ્ર વેદના ઉત્પન્ન થઈ છે, તોપણ મારા મનમાં એક વાત ઘણી જ ખટકે છે કે, 'આ બિચારો બ્રાહ્મણ મારા કારણે દુર્ગતિનાં સજ્જડ દુઃખ ભોગવનારો થશે.'

આવા પ્રકારની સુંદર ભાવના ભાવતા તે ગુણવંત મુનિએ સર્વથા દેહનો ત્યાગ કર્યો, કેવળજ્ઞાન પ્રગટ કરી મોક્ષ પ્રાપ્ત કર્યો. દેવતાઓએ આવી તેમને નિર્વાણ મહોત્સવ કર્યો. જેમ ગજસુકુમાલ મુનિવરને દિવ્યજ્ઞાન પ્રગટ્યું, તેમ પૂર્વચલપર સૂર્યનો ઉદય થયો. હર્ષ પામેલા કૃષ્ણજી દેવકી સાથે ભાઈને વંદન કરવા માટે ચાલ્યા. જતાં જતાં માર્ગ વચ્ચે ફાટેલાં કપડાં પહેરેલ ઘણી જ વૃદ્ધાવસ્થાનાકારણે જર્જરિત થએલા દેહવાળો એક ડોસો પોતાના પિતા માટે એક દિવાલ કરવા માટે દૂરથી ઇંટો ઉપાડી ઉપાડી આંગણામાં વહેતો હતો, ત્યારે કૃષ્ણે જાતે તે વૃદ્ધને ઇંટ વહેવડાવવાના કાર્યમાં સહાયતા કરી એટલે દરેક સાથેના પરિવારે પણ ઇંટનો ઢગલો ફેરવવામાં સહાય કરી, એટલે અલ્પકાળમાં ડોસાનું

કાર્ય પૂર્ણ થઇ ગયું.

ત્યારપછી નેમિનાથ ભગવંતને નમન કરીને પૂછ્યું કે, નવા ગજસુકુમાલ મુનિ ક્યાં રહેલા છે ? નેમિજિનેન્દ્ર કહે છે કે, 'હે ગોવિંદ ! ક્ષમાગુણના પ્રભાવથી તેણે પરમપદની પ્રાપ્તિ કરી લીધી. વ્રત લઇને રાત્રે કાઉસ્સગ્ગ ધ્યનમાં રહેલા હતા. ત્યારે તેણે અગ્નિનો ઉગ્ર ઉપસર્ગ સહન કર્યો જેમ અહિં આવતા તેં રાજમાર્ગમાં વૃદ્ધને ઇંટો વહાવડાવવામાં સ્વાભાવિક સહાય આપી, તે પ્રમાણે તેના મસ્તક પર બ્રાહ્મણે સિદ્ધિકાર્યમાં સહાય કરવા માટે અગ્નિ સળગાવ્યો.

હવે દામોદરે બહુ દુઃખપૂર્ણ ભાવથી ભગવંતને પૂછ્યું કે, 'મારે તેને જાણવો કેવી રીતે ?' યાદવજિને કહ્યુ કે, 'તને દેખતાની સામે જેનું મસ્તક પ્રગટ ફુટી જશે.' હવે જનાર્દને ભગવંતને પ્રણામ કરીને સ્મશાનમાં જઇને ગજસુકુમાલનું નિર્જીવ શરીર બળીને પૃથ્વી પર પડેલુ છે, તેને દેખ્યું એટલે આક્રંદન કરવા લાગ્યા. તેને શોક સહિત કૃષ્ણજી જાતે જ સ્નાન, વિલેપન, પૂજા કરાવે છે, અગર, ગંધ, સારભૂત પદાર્થોથી સત્કાર કરે છે, મુક્ત રુદન કરતાં માતાજીનું નિવારણ કરે છે. (૭૫)

હે માતાજી ! હવે તમો અતિશોક ન કરશો. તેણે તો પરમ પરમાર્થ મહાઅર્થ સાધી લીધો છે - એમ માનશો, દેવાંગનાઓ પણ 'ગજસુકુમાલ મહામુનિ ધન્ય છે, પુણ્યવંત છે.' એમ સદા તેમનાં ગુણગાન ગાશે.

જે મોક્ષ-કાર્ય સિદ્ધ કરવા માટે તીવ્ર તપો તપાય છે, સ્વાદ વગરના આહાર-જળ ખવાય-પીવાય છે, પૂર્વકોટિ કાળ સુધીના સંયમ પાલન કરાય છે, એવા પ્રકારનું શિવસુખ તે મહાસાધુએ એક રાત્રિમાં પ્રાપ્ત કર્યું. આ પ્રમાણે માતાજીને સંબોધીને કૃષ્ણ રથમાં બેસારીને જેટલામાં નગરીમાં જાય છે, તેટલામાં તે વિપ્રને દેખ્યો કે તે દુરાત્માનું મસ્તક સો કટકા થઇને ફુટી ગયું.

યાદવોમાં ચૂડામણિ સમાન કૃષ્ણે જાણ્યું કે, 'સોમ વિપ્રે ગજ સાધુને મસ્તકમાં અગ્નિથી બાળ્યો. ત્યારપછી તેને કાળા બળદો જોડાવી, ડિંડિમ શબ્દોથી 'મુનિ હત્યારો" - એમ કહીને નક્કી તેને નગરીની બહાર કઢાવ્યો. "ઉત્તમ મનુષ્ય અન્યાય-અનીતિનાં કાર્ય સ્વભાવથી જ કરતો નથી. મધ્યમ મનુષ્ય બીજાઓના નિવારણ કરવાથી ખોટાં કાર્ય કરતાં અટકી જાય છે. અધમ મનુષ્યને અન્યાય કરતાં રાજ્ય રોકે છે, નહિંતર લોકો અતિઆકુળ-વ્યાકુળ બની જાય છે." (૮૦)

ગજસુકુમાલ મુનિના મસ્તકમાં ધગધગતા અંગારા મૂકીને જે બાળ્યા, ત્યારે યાદવલોકમાં કોઇ એવા યાદવ ન હતા કે, જેના નેત્રમાં તે વખતે અશ્રુ આવ્યાં નહિ હોય અને દુઃખી થયા

નહિ હોય.

આ ગજસુકુમાલનો આવો પ્રસંગ દેખીને ઉજ્જ્વલ યશવાળા એક કૃષ્ણને છોડીને દરેક મોટેરાઓને વૈરાગ્ય ઉત્પન્ન થયો, નવે દસારોએ પોતપોતાના પરિવાર-સહિત પોતાની ઘણી ભાર્યાઓ સહિત પ્રવ્રજ્યા અંગીકાર કરી. તે સમયે નેમિનાથ ભગવંતનાં માતા મહાસતી શીવાદેવી તથા બીજા વસુદેવના સાત પુત્રો સંયમ સ્વીકારવા ઉલ્લસિત બન્યા.

કૃષ્ણજીએ પોતાની પુત્રીનો પોતે વિવાહ-લગ્ન ન કરવાનો યમ ગ્રહણ કર્યો હતો, તેથી સર્વ પુત્રીઓને દીક્ષા અપાવી હતી, એટલું જ નહિં પરંતુ કોઈપણ યદુકુમાર પ્રભુ પાસે દીક્ષા લેવા તૈયાર થાય, તો તેમને પોતે જાતે મહોત્સવપૂર્વક દીક્ષા અપાવે છે. બાલ્યકાલથી અતિસાહસ નિર્વાહ કરવામાં શ્રેષ્ઠ એવા ગજસુકુમાલ મુનિનું ચરિત્ર ભક્તિપૂર્વક જે ભણશે, મધુર સ્વરે ગણશે, તો તેના પાપોનો અતિશય ઢગલો દૂર ચાલ્યો જશે. (૮૫)

**આ પ્રમાણે ગજસુકુમાલ સન્ધિ પૂર્ણ થયો.**

આ મુનિએ આવો ઉપસર્ગ શા માટે સહન કર્યો હશે ? તે કહે છે -

**रायकुलेसुऽबि जाया, भीया जर-मरण-गब्भ-वसहीणं ।**
**साहू सहंति सव्वं, नीयाणऽवि पेसपेसाणं ।।५६।।**

**पणमंति य पुव्वयरं, कुलया न नमंति अकुलया पुरिसा ।**
**पणओ इह पुव्विं जइजणस्स जह चक्कवट्टिमुणी ।।५७।।**

**जह चक्कवट्टिसाहू सामाइअ-साहुणा निरुवयारं ।**
**भणिओ न चेब कुविओ, पणओ बहुअत्तण-गुणेणं ।।५८।।**

**ते धन्ना से साहू, तेसिं नमो जे अकज्ज-पडिविरया ।**
**धीरा वयमसिहारं, चरंति जह थूलिभद्दमुणी ।।५९।।**

ઉગ્ર, ભોગ વગેરે ઉત્તમ રાજકુલમાં જન્મેલા એવા, જરા, મરણ અને ગર્ભાવાસના દુઃખથી ભય પામેલા સાધુઓ પોતાના સેવકોના સેવકો હોય, કે નીચ વર્ગના મનુષ્યો હોય, તો તેમણે કહેલાં દુર્વચનો કે તાડનાદિક પરિષહ સ્વેચ્છાએ કર્મક્ષય માટે સહન કરે છે. (૫૬)

## ૭૧. ધર્મનું મૂળ વિનય

વિનય એ જૈનધર્મનું મૂળ છે, તેને આશ્રીને કહે છે કે - જે કુળવાન્ મનુષ્ય હોય, તે

પ્રથમ વંદન-નમસ્કાર કરે છે, અકુલીન નમન કરતા નથી. સામાન્ય મનુષ્યે પ્રથમ દીક્ષા લીધી હોય, દીક્ષાપર્યાયથી મોટો હોય અને ચક્રવર્તીએ આજે દીક્ષા લીધી હોય તો પણ મોટો દીક્ષિત ચક્રવર્તી સાધુને વંદનીય છે. મહાપર્યાયવાળો તેને અનુવંદન કરે છે. આ શાસનની આવી મર્યાદા છે. કુલ, જાતિ, વય, પદ, ઐશ્વર્ય આદિથી ગૃહસ્થપણામાં મોટા હોય, તો પણ વ્રત ગ્રહણ કરનાર જે કુળવાન્ હોય, તે પહેલાનાં દીક્ષિતોને વંદન-પ્રણામ કરે છે જ, જે અકુલીન હોય, તે નમતા નથી.

જે ચક્રવર્તીના અભિમાનથી આગળના દીક્ષિતને વંદન કરતો નથી અને અહંકારથી ઉભો રહે છે, તે શાસન અને શાસ્ત્ર-મર્યાદા ગણાતી નથી. (૫૭)

**એ જ વાત દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે -**

કોઈક ચક્રવર્તીએ દીક્ષા લીધી, તે અગીતાર્થ હોવાથી 'કુલ, પદ, ઐશ્વર્ય આદરથી હું અધિક છું.' એમ માનીને આગળના દીક્ષિત રત્નાધિક સાધુને વંદન ન કરે, તેનો અભિપ્રાય જાણીને કોઈ આજના નવદીક્ષિત સાધુએ તેને તુંકારો કરીને કહ્યું કે - 'આ તારી માન્યતા ભૂલભરેલી છે.' એમ કહેવા છતાં ચક્રવર્તી સાધુ કોપ કરતા નથી. પરંતુ વંદન, નમસ્કાર કરવામાં આત્માને લાભ-ગુણ પ્રાપ્તિ થાય છે, એમ માનીને પૂર્વના

દીક્ષિતો કુલાદિકથી રહિત હોય, તો પણ જ્ઞાન, દર્શન, ચારિત્રરત્નથી અધિક એવા મોટા મુનિઓને પોતાના કર્મ ખપાવવામા હેતુથી વંદન-નમસ્કાર કરે છે. "જળથી મેઘ, ખેતીથી કણસલાથી શાલી-ડાંગરના છોડો, ફળના ભારથી વૃક્ષો અને વિનયથી મહાપુરુષો નમે છે, પણ કોઇના ભયથી નમતા નથી."

જે નમ્ર બને છે, તેના ગુણો ચડિયાતા ગણાય છે. "ધનુષ્ય-દોરી પર ટંકાર શબ્દ ઉત્પન્ન થાય છે, જેમ ચાપ એટલે ધનુષ્ય તેમ મનુષ્યને પણ ગુણ-ટંકારની પ્રાપ્તિ થાય છે, પણ થાંભલા જેવા અભિમાની ન નમનારને ગુણપ્રાપ્તિ થતી નથી." (૫૮) તીવ્ર વ્રત-આરાધવા માટે દૃષ્ટાન્ત-પૂર્વક ઉપદેશ આપતા કહે છે -

"તે સાધુ પુરુષો ધન્ય અને કૃતકૃત્ય છે, તેઓને નમસ્કાર થાઓ કે, જેઓ અકાર્ય કરવાથી વિરમેલા છે. અસિધારા સરખું અખંડ વ્રત પાલન કરનાર ધીર પુરુષોને નમસ્કાર થાઓ! જેમ સ્થૂલભદ્ર મુનિવરે તરવારની ધાર પર ચાલવા સરખું વ્રત પાલન કર્યું. (૫૯) તેમની કથા આ પ્રમાણે જાણવી -

## ૬૨. દૃઢ વ્રત આરાધના કરનાર સ્થૂલભદ્ર મુનિની કથા -

પાટલીપુત્ર નગરમાં પ્રસિદ્ધ થએલા યશવાળા નંદરાજાને રાજ્ય-કાર્યની સમગ્ર ચિંતા

રાખનાર શકટાલ નામના ઉત્તમ મહામંત્રી હતા. તેને પ્રથમ સ્થૂલભદ્ર નામના અને બીજા શ્રીયક નામના એમ બે પુત્રો હતા, તથા યક્ષા વગેરે અતિશય રૂપવાન્ સાત પુત્રીઓ હતી - યક્ષા, યક્ષદત્તા, ભૂતા, ભૂતદત્તા, સેના, વેણા, અને રેણા. આ સાતે બહેનો એવી બુદ્ધિશાળી હતી કે, એ એક, બે, ત્રણ વગેરે વખત અનુક્રમે સાંભળે તો એમને તે સંસ્કૃત શ્લોક સો પણ સાંભળે, તો બુદ્ધિશાળી હોવાથી તેમને ક્રમસર યાદ રહી જતા હતા. જિનપૂજા, ગુરુવંદન, શાસ્ત્રનાં તત્ત્વોની વિચારણા વગેરે શુભ ધર્મકાર્યો કરવામાં તેઓના દિવસો પસાર થતા હતા.

હવે ત્યાંનો જ વતની રાજકવિ વરરુચિ નામનો એક વિપ્ર હતો, જે દરરોજ ૧૦૮ વૃત્તો-(શ્લોકો) અપૂર્વ શૈલીથી રચના કરી રાજાની સ્તુતિ કરતો હતો. તેની કાવ્યશક્તિ અને રાજ્યભક્તિથી તુષ્ટ થએલો રાજા તેને દાન આપવાની ઇચ્છા કરતો હતો, પરંતુ શકટાલ મંત્રી તે શ્લોકોની પ્રશંસા ન કરતો હોવાથી દાન આપતો નથી. એટલે વરરુચિએ શકટાલની ભાર્યાને પુષ્પાદિક દાન આપી પ્રસન્ન કરી. એટલે પૂછ્યું કે, 'તારે જે કાર્ય હોય તે જણાવ.' એટલે વરરુચિએ કહ્યું કે, 'મંત્રીવર કોઇ પ્રકારે મારાં કહેલાં કાવ્યોની પ્રશંસા કરે' તેમ કહેવું.

આ વાત સ્વીકારી મંત્રીને કહ્યું કે, 'વરરુચિનાં કાવ્યોની પ્રસંસા કેમ કરતા નથી ?' મંત્રીએ પ્રત્યુત્તર આપ્યો કે, મિથ્યાદષ્ટિની પ્રશંસા હું કેવી રીતે કરી શકું ? વારંવાર પત્નીએ પ્રેરણા કરવાથી તેની વાત સ્વીકારી અને મંત્રીએ રાજા પાસે જ્યારે તે કાવ્યો બોલતો હતો, ત્યારે કહ્યું કે, 'સારા શ્લોકો બોલ્યો.' એટલે રાજાએ તેને ૧૦૮ સોનામહોરો અપાવી. હંમેશની તેને આટલી આવક થઈ.

રાજભંડારમાં અર્થનો નાશ થતો દેખી પ્રધાને કોઈ વખતે કહ્યું કે, 'હે દેવ ! આને કેમ આપ્યા કરો છો ?' તેં પ્રશંસા કરી હતી, તેથી. શકટાલે કહ્યું કે, નવા શ્લોકોની રચના કરે તેને લોકો કાવ્ય કહે છે, તેથી મેં તેની પ્રશંસા કરી હતી, રાજાએ પૂછ્યું કે આ નવા કેમ નથી ? મંત્રીએ કહ્યું કે, 'આ શ્લોકો તો મારી સર્વ પુત્રીઓ પણ બોલી જશે.' ત્યારપછી ઉચિત સમયે શ્લોક બોલવા માટે વરરુચિ વિપ્ર આવી પહોંચ્યો. એક પડદાની અંદર મંત્રીએ પોતાની સાતે પુત્રીઓ બેસારી રાખી. યક્ષાએ પ્રથમ વખત તેની પાસેથી સાંભળી શ્લોકો યાદ રાખ્યાં.

ત્યારપછી યક્ષા રાજાની પાસે અસ્ખલિત ઉચ્ચારથી તે જ પ્રમાણે બોલી ગઈ. એટલે બીજી પુત્રીએ બે વખત સાંભળ્યા, એટલે તેને યાદ રહી ગયા. તે પણ તે પ્રમાણે બોલી ગઈ, ત્રીજીએ એ પ્રમાણે ત્રણ વખત સાંભળ્યું,.એટલે કાવ્યો આવડી ગયાં. એ પ્રમાણે બાકીની

પુત્રીઓએ પણ એક એક વૃદ્ધિએ સાંભળતાં યાદ રાખી બોલી સંભળાવ્યું. એટલે રાજાએ કોપ પામી, તેનું દરવાજામાં પ્રવેશ કરવાનું પણ બંધ કરાવ્યું. ત્યારપછી તે વરરુચિ યંત્રપ્રયોગથી ગંગામાં રાત્રે સોનામહોરો સ્થાપન કરી રાખે છે, પ્રભાતકાળે ગંગાની સ્તુતિ કરી તેની પાસે માગણી કરે, એટલે તેપગથી યંત્ર ઠોકે અને સોનાહમોરની પોટલી બહાર નીકળે, તે ગ્રહણ કરે.

લોકો આગળ પોતાના ચમત્કારની વાતો કરે કે, 'મેં ગંગાની સુંદર શ્લોકોથી સ્તુતિ કરી, એટલે તુષ્ટ થએલી માતા મને સોનામહોરો આપે છે.' કાળાંતરે રાજાએ આ વાત પ્રધાનને કહી. મંત્રીએ કહ્યું કે, 'હે દેવ ! મારી સમક્ષ તે દેવતા આપે તો સત્ય માનું. આપણે પ્રભાતે ગંગા નદીએ જઇએ.' રાજાએ તે વાત કબૂલ કરી. હવે મંત્રીએ સંધ્યાએ પોતાના વિશ્વાસુ માણસને મોકલીને આજ્ઞા કરી કે, 'ગંગા નદીએ જઇને એક સ્થાનમા છૂપાઈ રહેજે અને વરરુચિ જળમાં કંઇ સ્થાપન કરે, તે લઇને હે ભદ્ર ! તું મને અર્પણ કરજે.' પેલો મનુષ્ય ત્યાં ગયો અને સોનામહોરની પોટલી ત્યાં સ્થાપી હતી, તે લાવીને આપી.

પ્રાતઃકાલે નંદરાજા અને મંત્રી ગયા, એટલે સ્તુતિ કરતો દેખાયો. ત્યારપછી ગંગાજળમાં ડૂબકી મારી, સ્તુતિ પૂર્ણ થયા પછી તે યંત્રને (૨૫) હાથ અને પગથી વારંવાર લાંબા વખત સુધી ઠોકે છે, તો પણ કંઇ આપતી નથી. તે સમયે વરરુચિ અત્યંત વિલખો થયો, શરમાઈ ગયો. ત્યારે વરરુચિની કપટકલા શકટાલ મંત્રીએ પ્રગટ કરી અને રાજાને સોનામહોરની પોટલી બતાવી. રાજાએ તેનું હાસ્ય કર્યું, એટલે તે વરરુચિ મંત્રી ઉપર કોપ પામ્યો. ચિંતવવા લાગ્યો કે - '૧પગ ઠોકવાથી અપમાન પામેલી ધૂળ પણ પોતાનું સ્થાન છોડીને ઉડીને મસ્તક ઉપર ચડી બેસે છે, તો કોપમાન પામેલા પ્રાણી કરતાં જડ રજ એટલે ધૂળ સારી ગણાય."

હવે વરરુચિ શકટાલનાં છિદ્ર ખોળવા લાગ્યો. હવે શકટાલ મંત્રી શ્રીયક પુત્રના વિવાહ કરવાની ઈચ્છાથી રાજાને ભેટ આપવા લાયક વિવિધ પ્રકારનાં આયુધો ગુપ્તપણે તૈયાર કરાવતો હતો. મંત્રીની દાસીને લાલચ આપી, એટલે વરરુચિને મંત્રીના ઘરની કેટલીક વાતો મળી ગઈ. છિદ્ર મળી ગયું, એટલે બાળકોને લાડુ વગેરેથી લોભાવી એવા પ્રકારનું શીખવ્યું અને તે છોકરાઓ પાસે ત્રણ રસ્તા, ચાર રસ્તા, ચૌટા વગેરે પ્રસિદ્ધ લોક એકઠા થવાના સ્થાને બોલાવરાવ્યું કે - 'આ શકટાલ જે કાર્ય કરી રહેલ છે, તે લોકો જાણતા નથી, નંદરાજાને મરાવીને શ્રીયક પુત્રને રાજગાદી ઉપર બેસારશે.' કર્ણોપકર્ણ આ વાત રાજાએ સાંભળી, ગુપ્ત મનુષ્યો પાસે મંત્રીના ઘરે તપાસ કરાવી.

ગુપ્તપણે હથિયારો ઘડાતાં દેખીને તરત રાજાને વાત જણાવી. મંત્રી ઉપર કોપાયમાન

થએલો રાજા જ્યારે સેવા માટે મંત્રી ગયો અને પગમાં પડ્યો, ત્યારે રાજાએ મુખ ફેરવી નાખ્યું. ''હું રાજાને સારી રીતે માન્ય છું' - એમ ધારીને કદાપિ રાજાના ઉપર વિશ્વાસ ન રાખવો. કૂવાના પ્રાન્ત-છેડાના ભાગમાં-કાંઠાના ભાગમાં સારી રીતે ચાલવા સરખું સમજવું. કયે વખતે પગ લપસી પડે, તેનો પત્તો નથી, તેમ રાજા ક્યારે કોપાયાન થાય, તેની ખબર પડતી નથી."

કોપાયમાન થએલા નંદરાજાને જાણીને શકટાલ ઘરે જઇને શ્રીયકને કહે છે કે, 'હે પુત્ર ! જો હું મૃત્યુ નહિં પામીશ તો, રાજા આખા કુટંબને મારી નાખશે, માટે હે વત્સ ! જ્યારે હું રાજાના પગમાં પડવા જાઉં, ત્યારે નિઃશંકપણે મને તારે મારી નાખવો.' તો શ્રીયકે પોતાના કાનના છિદ્રમાં અંગુલી નાખી સાંભળવાનું બંધ કર્યું. શકટાલે કહ્યું કે, 'તારે પિતૃહત્યાનો ભય ન રાખવો, કારણ કે માર્યા પહેલાં હું મુખમાં તાલપુટ ઝેર ખાઈ લઇશ, માટે રાજના પગમાં પડું તે સમયે તું મને શંકા વગર મારી નાખજે.'

સર્વ કુટુંબના વિનાશથી બચાવ માટે શ્રીયકે અનિચ્છાએ પિતાનું વચન સ્વીકાર્યું. તે જ પ્રમાણે રાજાના પગમાં મંત્રી પડતાં જ તેનું મસ્તક તરવારથી રાજા સમક્ષ છેદી નાખ્યું. શ્રીયકે વિચાર્યું કે - 'વિષય તૃષ્ણાવાળા હે જીવ ! નિર્ભાગી એવા તેં આ મારી પાસે શું કરાવ્યું ? હે હૃદય ! મારા પિતાની હત્યા કરતાં તું ફુટી કેમ ન ગયું ?' આ દેખી નંદરાજા બૂમ પાડવા લાગ્યો કે, 'અહોહો ! અકાર્ય કર્યું.' એટલે શ્રીયકે રાજાને કહ્યું કે, 'હે દેવ ! આપ વ્યાકુળ ન થાવ.'

'હંમેશાં ઉત્તમ સેવકો સ્વજન અને સ્વાર્થકાર્ય છોડીને સ્વામીનાં કાર્યો કરનારા હોય છે. નહિંતર ચંચળ સ્નેહવાળા સેવકો સ્વામીની આરાધના કેવી રીતે કરી શકે ? તેથી કરીને જે તમોને પ્રતિકૂળ હોય, તેવા પિતાની મારે જરૂર નથી.' રાજાએ કહ્યું કે, 'તો હવે તું આ મંત્રીપદનો સ્વીકાર કર.'શ્રીયકે કહ્યું કે, 'મારા સ્થૂલભદ્ર નામના મોટા ભાઈ છે, જે બાર વરસથી વેશ્યાને ઘરે રહેલા છે.' રાજાએ તેમને બોલાવ્યા અને મંત્રી-પદવી સ્વીકારવા આજ્ઞા કરી. તેણે જવાબ આપ્યો કે, 'તે માટે થોડો સમય વિચાર કરું.' ત્યારે રાજાએ નજીકના અશોકવનમાં વિચાર કરવા મોકલ્યા. ત્યાં તે વિચારવા લાગ્યા કે, 'રાજના કાર્યમાં રાત-દિવસ મશગુલ બનેલા માણસને કયા ભોગો કે સુખ ભોગવવાનું હોય છે ? કદાચ સુખ-પ્રાપ્તિ થાય, તો પણ અંતે નક્કી નરકગમન કરવું પડે છે, તો આવા મંત્રીપદથી મને સર્યું.' વૈરાગ્યમાર્ગમાં ચડેલા ફરીથી પણ ચિંતવવા લાગ્યા -

'હે ચિત્તબંધુ ! હે વિવેકમિત્ર ! હે આચાર ભગવંત ! હે ગુણો ! હે ભગવતી ક્ષમા-કુલીનતા ! લજ્જાસખિ ! તમે સાંભળો, વિદ્યા અને મહાશ્રમ-પૂર્વક મેં તમો સર્વેને ઉન્નતિના

શિખર સુધી પહોંચાડ્યા હતા, તે તમો સર્વે આ મારા યૌવનવનમાં માર ત્યાગ કરીને તમે સર્વે ક્યાં ગયા ?' (૪૮)

'હે અંતઃકરણ મિત્ર ! બે હસ્ત જોડીને હું તમોને વિનંતિ કરું છું કે, હે સ્વામી ! મને આજ્ઞા આપો કે, પવનથી પણ અધિક ચંચળ તુલ-રૂ સમાન અસ્થિર વૃત્તિનો હવે ત્યાગ કરું અને વૈરાગ્યામૃત-સમુદ્રની સજ્જડ આવતી લહરીઓના ચપલ છાંટણાથી હવે અમે બીજા જ બની ગયા છીએ. હવે તમારી ચંચળતા અમને કશી જ અસર કરવાની નથી.'

ત્યારપછી પંચમુષ્ટિ-લોચ કરીને પોતે જાતે જ મુનિવેષ ગ્રહણ કરીને રાજા પાસે જઇને કહ્યું કે, 'હે રાજન્ ! મેં આ વિચાર્યું.' (૫૦) રાજાએ આ કાર્ય માટે અભિનંદન આપ્યાં. તે મહાત્માને રાજમંદિરમાંથી નીકળીને ગણિકાના ઘર તરફ જતો રાજાએ નીહાળ્યો, પરંતુ મરેલા કલેવરની દુર્ગંધવાળા માર્ગેથી જેવી રીતે ન જાય, તેમ વેશ્યાના ઘર તરફ અરુચિ બતાવતા આગળ ચાલતા તેને દેખીને રાજાએ જાણ્યું કે, 'આ મહાભાગ્યશાળી કામભોગથી કંટાળેલા છે અને વૈરાગ્ય પામેલા છે.' મંત્રીપદ પર શ્રીયકને સ્થાપન કર્યો. સ્થૂલભદ્રે સંભૂતિવિજય ગુરુના ચરણમાં જઇને પ્રવ્રજ્યા અંગીકાર કરી. વિવિધ ઉગ્ર તપ-ચારિત્રનું સેવન કરવા લાગ્યા.

શ્રીયક હંમેશાં ચિંતવવા લાગ્યો કે, 'હજુ મેં વૈરની શુદ્ધિ કરી નથી. તેવા મનુષ્યના આકારને ધારણ કરવા રૂપ બીકણ શિયાળિયા જેવા જન્મથી જગતમાં શું મેળવ્યું ! શ્રીયકે લલચાવેલી વેશ્યાએ વરરુચિને મંદિરાપાન કરાવ્યું અને રાજસભામાં જ્યાં બેઠો એટલે શ્રીયકના સંકેત પ્રમાણે તેને કોઇએ તેવા કોઇક ઔષધથી વાસિત કરેલ પદ્મકમલ રાજસભામાં વરરુચિને આપ્યું. તે સુંઘતાની સાથે જ એકદમ તેને મદિરાવાળી ઉલટી થઈ. ખાત્રી થયા પછી રાજાએ મંત્રીને આજ્ઞા કરી કે, 'આપાપનું જે કોઈ પ્રાયશ્ચિત્ત હોય, તે કરાવ.' એટલે તેણે તપેલ સીસાનો રસ પાયો, જેથી તે વિપ્ર મૃત્યુ પામ્યો.

હવે કોઇ વખત વિચરતા વિચરતા સંભૂતિવિજય ગુરુની સાથે સુંદર ધર્મમાં એકાગ્ર ચિત્તવાળા સ્થૂલભદ્ર મુનિ પધાર્યા. ચોમાસાનો સમય આવ્યો, ત્યારે તીવ્ર ભવભયથી ઉદ્વેગ પામેલા એવા ત્રણ મુનિવરો અતિઆકરા દુઃખે પાર પાડી શકાય તેવા અભિગ્રહો અનુક્રમે આ પ્રમાણે ગ્રહણ કર્યા. એક મુનિ સિંહગુફામાં, બીજાએ ભયંકર ઝેરી સર્પના દર પાસે, ત્રીજાએ કૂવા ઉપરના કાષ્ઠ ઉપર ચાર સામના ઉપવાસનાં પચ્ચક્ખાણ ગ્રહણ કરવા પૂર્વક ચોમાસાનો સમય પસાર કરવો.

ભગવંત સ્થૂલભદ્રજીએ 'તપ ન કરવો અને ચાર માસ કોશા વેશ્યાને ત્યાં રહીશ' એમ વિનંતિ કરતા ગુણવાન એવા તેને ગુરુએ અનુજ્ઞા આપી. કોશાના ઘરના દ્વારમાં સ્થૂલભદ્ર

મુનિ આવી પહોંચ્યા, એટલે ખુશ થએલી વેશ્યાએ ઉભી થઇને સત્કાર કર્યો અને જાણ્યુ કે, 'સાધુપણામાં પરિષહો સહન ન થવાથી તેનું મન ભગ્ન થઇ ગયું લાગે છે.' 'હવે આજ્ઞા કરો કે અત્યારે મારે શું કરવું ?' 'પહેલાં જે સ્થાનમાં અને મકાનમાં ચિત્રશાળામાં ભોગો ભોગવ્યા હતા, તેઉદ્યાનના મધ્યભાગમાં રતિમંદિરમાં ઉતરવાનું મને સ્થાન આપ.' સ્થાન આપ્યું. સર્વ પ્રકારના રસોવાળાં ભોજન કર્યાં.

હવે કોશા વેશ્યા પણ સ્નાન કરી, શરીરે વિલેપનકરી, સર્વાલંકારથી અલંકૃત બની હાથમા દીપક લઇને પોતાને કૃતાર્થ માનતી મીઠી મધુરી શૃંગારિક વાતો કરવા લાગી, પરંતુ તે ક્રીડા કરવા સમર્થ ન બની. મુનિએ તેવો ઉપદેશ આપ્યો કે, જેથી વેશ્યાનો મોહ પ્રશાન્ત થયો અને સારી શ્રાવિકા બની ગઈ. રાજાની આજ્ઞા સિવાયના બાકીના કોઈ પુરુષ સાથે મારે ક્રીડા ન કરવી-આ પ્રમાણે વિકાર રહિત બનેલી તેણે બ્રહ્મચર્યની વિરતિ સ્વીકારી.

સિંહ અને સર્પને પણ ઉપશાંત કરી ચાર માસના ઉપવાસી પણ ચાતુર્માસ પૂર્ણ કરી આવી પહોંચ્યા. કૂવાના કાષ્ઠ પર વાસ કરનાર મુનિ ગુરુ પાસે આવી પહોંચ્યા, ત્યારે ગુરુમહારાજ લગાર ઉભા થઇ કહે છે કે, 'દુષ્કરકારી હે સાધુઓ ! તમારું સ્વાગત-એમ અનુક્રમે દરેકને આશ્વાસનઆપ્યું. ત્યારપછી ગણિકાને ઘેર દરરોજ મનોજ્ઞ આહાર ગ્રહણ કરતા સુંદર દેહવાળા, સમાધિ ગુણવાળા સ્થૂલભદ્ર મુનિવર પણ ચાતુર્માસ પૂર્ણ કરી ઉપાશ્રયે આવી પહોંચ્યા. એટલે ઘણા વાત્સલ્ય અને પ્રેમપૂર્વક ઉભા થઇ 'અતિ દુષ્કર-દુષ્કરકારક મુનિનું સ્વાગત કરું છું.' એમ ગુરુએ બધાની હાજરીમાં કહ્યું - એટલે પ્રથમ આવેલા ત્રણને સ્થૂલભદ્ર ઉપર ઇર્ષ્યા થઇ, અને બોલવા લાગ્યા કે, અમે આટલું કષ્ટવાળું તપ અને ઉપસર્ગ સહન કરીને આવ્યા. છતાં આચાર્ય ભગવંત 'દુષ્કરકારક' માંડ માંડ બોલ્યા અને મંત્રીપુત્રની શરમ પડી, એટલે ચાર મહિના મનોહર આહાર વેશ્યાના હાથનો ખાધો, તેના સુંદર સગવડવાળા મકાનમાં આનંદથી રહ્યા, છતાં તેમને, 'દુષ્કર-દુષ્કરકારક' કહી મોટી પ્રશંસા કરી.

સિંહગુફામાં રહી કરેલી તપસ્યાવાળા મુનિના મનમાં ઈર્ષ્યા-રોષ પ્રસરવાથી બીજા ચાતુર્માસ-સમયે ગુરુની પાસે જઈ આજ્ઞા માગી કે, 'હું કોશાની નાનીબહેન ઉપકોશાને ઘરે જઈ તેને પ્રતિબોધ કરું, શું હું કંઇ સ્થૂલભદ્ર કરતાં ઓછો ઉતરું તેમ નથી.' તેજ વાત અહિં કહેવાશે. જે સાધુ જેવા હતા, તે પ્રમાણે, 'દુષ્કર-દુષ્કરકારક' એમ કહેવાયું, તો તેમાં આર્યસંભૂતવિજયના શિષ્યો તે કેમ સહન ન કરી શક્યા ? (૭૫) ગુરુએ ઉપયોગ મૂક્યો કે, આ પોતાની પ્રતિજ્ઞાનો પાર પામી શકશે નહિં, તેથી તેને જવાની ના કહી, છતાં તે

ઉપકોશા વેશ્યાને ત્યાં ગયો. ત્યાં રહેવાનું સ્થાન માગી ચાતુર્માસ રોકાયો.

પેલી ભદ્રિક પરિણામી સુંદર રૂપ ધારણ કરનારી આભૂષણ રહિત ધર્મશ્રવણ કરવા લાગી, પરંતુ અગ્નિ નજીક મીણનો ગોળો ઓગળે તેમ વેશ્યાના રૂપને દેખીને સંયમના પરિણામ ઢીલા થઇ ગયા અને કામક્રીડા તરફ પ્રીતિવાળો બન્યો. એટલે લજ્જાનો ત્યાગ કરી કામાધીન પરિણામવાળો તેને પ્રાર્થના કરવા લાગ્યો. ચતુર બુદ્ધિવાળી ઉપકોશાએ તેને કહ્યું કે, 'તું મને શું આપીશ ?' તે કહે. સાધુ કહેવા લાગ્યો કે, 'હે સુંદરિ ! હું નિર્ગ્રન્થ હોવાથી મારી પાસે આપવા લાયક કંઇ નથી.' ત્યારે વેશ્યાએ કહ્યું કે, 'કાં તો લાખ સોનૈયા, અગર પાછા ચાલ્યા જાવ.' તેણે સાંભળ્યું હતું કે, 'નેપાલ-દેશમાં પહેલો જે સાધુ જાય, તેને રાજા લાખના મૂલ્યવાળું કંબલરત્ન આપે છે.' એટલે ભર-ચોમાસામાં તે કામાંધ ત્યાં ગયો.

ત્યાં તેવા મહામૂલ્યવાળી રત્નકંબલ મેળવી. મોટાવાંસના પોલાણના મધ્યભાગમાં સ્થાપન કરી અને તેનું છિદ્ર એવી રીતે પૂરી દીધુ કે, 'કોઇ જાણી શકે નહિં. હવે નગ્ન સરખો તે એકલો વચમાં વિસામો લીધા વગર ચાલ ચાલ કરતો હતો. તેસમયે કોઇક પક્ષી બોલવા લાગ્યું કે, 'લાખના મૂલ્યવાળો અહિં કોઇ આવે છે." પક્ષીના શબ્દને જાણનાર કોઇ ચોરસ્વામીએ તે સાંભળ્યું અને નજર કરે છે, તો એક આવતા સાધુને દેખ્યા. તે ચોર પક્ષીના શબ્દની અવગણના કરી બેસી રહ્યો, ત્યારે ફરી પણ તે પક્ષી શબ્દ કરવા લાગ્યો કે, 'અરે ! તમારા હાથમાંથીઆ લાખનો લાભ ચાલ્યો ગયો.'

કૌતુક પામેલા ચોરસ્વામીએ તેની પાસે જઇને પૂછ્યું કે, 'આમાં જો કંઇ તત્ત્વ હોય, તો તું નિર્ભયપણે કહે.' ત્યારે તે સાધુએ કહ્યું કે, 'વાંસની અંદર કંબલરત્ન છે.' તો તેને જવા દીધો, આવીને તે કંબલરત્ન ગણિકાને સમર્પણ કર્યું. ત્યારે તેના દેખતા જ તે ઘરની ખાળમાં ફેંકી દીધું, એટલું સાધુ કહેવા લાગ્યા કે, 'આ તેં શું અકાર્ય કર્યું. ?'

શોક કરનાર સાધુને તેણે શિખામણ આપી સમજાવ્યા કે, 'હે ભગવંત ! આપ તો પવિત્ર દેહવાળા છો, શીલાલંકારથી વિભૂષિત છો, મારા અશુચિથી પૂર્ણ શરીરના સંગથી તમો નક્કી આ ગટર-ખાળની અશુચિ માફક ખરડાશો. આપ આવી કંબલનો શોક કરો છો, પરંતુ તમારા આત્માના ગુણરત્નનો-શીલરત્નનો નાશ થાય છે, તેનો શોક કેમ કરતા નથી ? તો હે ભગવંત ! ભલે તે કંબલરત્ન વિનાશ પામ્યું, પરંતુ તમારી પોતાની મુનિપદવીને યાદ કરો.' (૯૦)

વળી ઉપકોશા હિતવચનો કહેવા લાગી કે - 'તમોએ ભાર યુવાવસ્થામાં લાંબા કાળ સુધી અતિનિર્મલ શીલ પાળ્યું, ધ્યાન, અધ્યયન, તપશ્ચર્યા અને ચારિત્રથી પાપ પંકને પખાળી સાફ કર્યું. હવે હાલાહલ ઝેર સરખી વિષયોની તૃષ્ણાનો ત્યાગ કરો. અગ્નિમાં

તપાવી ઉજ્જ્વલ બનાવેલ સુવર્ણને ધમીને હવે ફુંક મારીને તેને ધૂળ ભેળું ન કરો-ગૂમી ન નાખો. અર્થાત્ લાંબા કાળ સુધી પાળેલ શીલ, અધ્યયન, તપ, ચારિત્ર અલ્પ વિષય ખાતર તેને નિરર્થક ન ગૂમાવી નાખો." (૯૧)

"હે ધીર મહાપુરુષ ! તમે ઉત્તમ જ્ઞાનનો અભ્યાસ કર્યો, મુનિઓના ગુણ ગ્રહણ કરવામાં પુરુષાર્થ કર્યો, તો હવે મનમાં ઉપશમભાવને ધારણ કરો કે, જેથી જલ્દી જન્મ-જરા-મરણોનાં દુઃખ દૂર થાય. હે મહાયશસ્વી ! તમે મારી વાત સાંભળો કે, ઇન્દ્રિયોને આધીન થએલા મદોન્મત્ત ચિત્તવાલા તમારી સાથે શ્રી સ્થૂલભદ્ર મહામુની સરખામણી કેવી રીતે થઈ શકે ? અરે ! હંસપક્ષીની સાથે કાગડાઓની હરિફાઈ કેવી રીતે થઇ શકે ? સિંહોની સાથે શાળ બચ્ચાઓની અદેખાઈ શી રીતે હોઈ શકે ?"

"શેવાલના તાંતણાં સાથે કમલોની સ્પર્ધા કઇ રીતે સંભવી શકે ? તે પ્રમાણે મહાપુરુષોની સાથે ખલપુરુષોએ ઇર્ષ્યા કરવી, અથવા સરખામણી કરવી, તે અજવાળા સાથે અંધકારની સરખામણી કરવા સમાન સમજવી." (૯૪) સૌભાગ્યની ખાણ સરખી રતિકળામાં ચતુર જેણે કામદેવના વિકારો પ્રગટ કરેલા છે, એવી મારી ભગિની વડે હંમેશાં પ્રાર્થના કરાતા હતા, છતાં જે સ્થૂલભદ્ર મુનિ પોતાની પ્રતિજ્ઞામાં દૃઢ રહ્યા હતા, તેને પ્રત્યક્ષ જો' વાવંટોળિયામાં પણ અડોલ મેરુપર્વત સરખા નિષ્કંપધ્યાને સ્થિરચિત્તવાળા મહાત્મા મુનિવરને જે તલના ફોતરા જેટલા પણ મનથી ચલાયમાન કરી શકી નહિં. જ્યારે તમે તો મને કદી દેખેલી નહિં, મારા ગુમો કે સ્વરૂપ જાણેલું ન હતું, છતાં પણ આટલા ક્ષોભ પામી ગયા ! ત્યારે પુરુષોનો મહાતફાવત અહિં પ્રત્યક્ષ દેખાય છે. તેમ જ કહેલું છે કે - ''જગતમાં અગ્નિમાં પ્રવેશ કરીને મરી જાય છે, પર્વતના શિખર પર ચડી ભૃગુપાત કરનારા પણ દેખાય છે, યુદ્ધમાં પણ મરનારા હોય છે."

"આ પ્રમાણે મૃત્યુ પામનારા ઘણા મળી આવશે, પરંતુ ઇન્દ્રિયો પર જય મેળવનારા જગતમા કોઇ વિરલા પુરુષ જ હોય છે." જે માટે કહેલું છે કે - ''રમણીના ભમ્મરરૂપ ધનુષ્યનાં તીર અને કટાક્ષરૂપ ભલ્લીથી જે પુરુષોનાં શીલ-કવચો ભેદાયાં નથી, તેવા મહાપુરુષોને અનેક વાર વંદન થાઓ." (૯૯)

આ પ્રમાણે વેશ્યાથી શિક્ષા-હિતોપદેશ પામેલો, ભ્રષ્ટપ્રતિજ્ઞાવાળો, વિલખા વદનવાળો તે ઇર્ષ્યાળુ સાધુ વારંવાર હવે પશ્ચાત્તાપ-શોક કરવા લાગ્યો કે, 'મેં મારા ગુરુનાં વચનની અવગણના કરી, તેનું મને આ માઠું ફળ મળ્યું.' (૧૦૦)

"સૂર્યના તેજ સરખા ઝળહળતા રત્નને હસ્તમાં પ્રાપ્ત કરવા છતાં તેનો ત્યાગ કરીને કાંતિ રહિત એવા કાચના ટૂકડા લેવા માટે આપણે દોડી રહેલા છીએ. પરંતુ પાછળથી

ઇન્દ્રિયોના વિષયો અને ધન ઉપાર્જનરૂપ મજબૂત શિલાસ્તંભમાં પછડાઈશ અને તારું માથું ફુટી જશે, એટલે તું હાસ્યપાત્ર બનીશ અને તારો ભાગ્યવિધાતા અત્યારે તને દેખીને આનંદ પામશે. જેઓ ગુરુવચનને અપ્રમાણ ગણી તેમના ઉપદેશને સ્વીકારતા નથી, તે મનુષ્ય ઉપકોશાને ઘરે ગએલા તપસ્વી મુનિ માફક પાછળથી પસ્તાય છે." આ પ્રમાણે મદોન્મત્ત હાથી જેમ અંકુશથી, તેમ આ મુનિ કોઈ પ્રકારે ફરી માર્ગમાં આવી ગયા. સંવેગ પામેલા તે પોતાના ગુરુ પાસે પહોંચીને પોતનાં પાપ-શલ્યો પ્રગટ-આલોચના કરીને મહાવ્રત આચરવા લાગ્યો.

કોઈક સમયે તુષ્ટ થએલા નંદરાજાએ પોતના રથિક-સારથિને કોશા વેશ્યા આપી. આ કોશા તેની પાસે હંમેશાં સ્થૂલભદ્ર મુનિની પ્રશંસા કરતી હતી. જેણે કામદેવના વેગ ઉપર વિજય મેળવેલો હોય, તેના સિવાય બીજો કોણ સ્ત્રી-પરિષહ ઉપર વિજય મેળવી શકે ? જે મારી સરખી શૃંગારરસમાં ચતુર હોવા છતાં તલના છોતરાના ત્રીજા ભાગ માત્ર પણ ક્ષુભિત ન થયા.

આ જગતમાં આશ્ચર્ય કરાવનાર અનેક લોકો હશે, પરંતુ સ્થૂલભદ્ર સરખા કોઇ આશ્ચર્ય કરાવનાર થયા નથી, થતા નથી, કે થશે નહિં. આવી રીતે સ્થૂલભદ્રના ગુણથી પ્રભાવિત થએલ મનવાળી કોશા તે સારથીને પોતાનું હૃદય અર્પણ કરતી નથી. એટલે પોતાનાં પ્રત્યે સૌભાગ્ય ઉત્પન્ન કરવા માટે, પોતાના વિજ્ઞાનની પણ પ્રશંસા કરાવવા માટે, પોતાની અશોકવનિકામાં લઇ જઇ ધનુષ દંડ ઉપર બાણ આરોપણ કરી આમ્રફલની લુંબ ઉપરબાણ ચોંટાડ્યું. તેની પાછળ બીજું બાણ ચોંટાડ્યું, એમ પોતે દૂર રહેલો હતો, ત્યાં સુધી બાણ પાછળ બાણની શ્રેણી લંબાવી. છેક પોતાના હાથ સુધી બાણોની શ્રેણી એક પછી એક એમ ધનુષ્યથી ફેંકી ફેંકી ચોંટાડી. પછી અર્ધચંદ્રાકાર બાણથી લૂંબ છેદીને ધીમે ધીમે બાણો ખેંચી ખેંચી લૂંબ લાવી કોશાને આપી. ત્યારે કોશા રથિકને કહેવા લાગી કે, 'જેણે આ કળા શીખેલી હોય, તેને કશું દુષ્કર નથી.'

અહિં કોશાએ રથિકને એક અપૂર્વ નૃત્ય બતાવ્યું. સરસવના ઢગલા ઉપર પુષ્પોની પાંખડીઓ આચ્છાદિત કરી ટોચ ઉપર સોય રાખી. તેના અગ્ર ભાગ પર એક પગ સ્થાપન કરી ફરતાં ફરતાં એવું શાસ્ત્રીય નૃત્યુ કર્યું કે, સરસવના ઢગલા પરની પુષ્પોની પાંખડી પણ પોતાના સ્થાન પરથી ખસી નહિં. સોયના મસ્તક પરથી પગ ઉપાડીને રથિકને કહ્યું કે, 'અરે ! ગુણી ઉપર તને મત્સર-ઇર્ષ્યા કેમ થાય છે ?' તને જ મનમાં સ્મરણ કરતી કોશાએ પણ તેને એક સુભાષિત સંભળાવ્યું - 'આંબાની લૂંબ તોડી એ દુષ્કર કાર્ય નથી, સરસવના ઢગલા પર અભ્યાસ કરી નૃત્ય કરવું, તે પણ દુષ્કર નથી, ખરેખર તે મહાનુભાવે પ્રમદાના

વનમા વાસ કરવા છતાં પોતાનું ત્રિકરણ યોગવાળું મુનિપણું ટકાવ્યું, તે મહાદુષ્કર આશ્ચર્યકારી કાર્ય છે.'

'કામદેવના ગર્વને સ્ખલના પામ્યા વગર મર્દન કરીને જયપતાકા પ્રાપ્ત કનાર એવા સ્થૂલભદ્રને ત્રણે કાળ વારંવાર નમસ્કાર થાઓ. મારા સંસર્ગરૂપ અગ્નિ વડે સુવર્ણ માફક ત્યારે તેઓ અતિઉછળતા ઘણા તેજવાળા થયા, તે સ્થૂલભદ્ર મુનિ જયવંતા વર્તો. આ કોશા તે રથકારને હર્ષથી તેની કથા કહેતી હતી, તેના ચારિત્રથી પ્રભાવિત થએલો તે પણ શ્રાવક થયો.

કોઈ સમયે સ્થૂલભદ્ર મુનિ વંદન કરાવવા માટે સ્વજનને ઘરે ગયા, દેશાન્તરમાં ગએલા દરિદ્ર બ્રાહ્મણની પત્નીને કરુણાથી કહ્યું કે - 'અહિં આવું, ત્યાં તેવું હતું, દેખ, તે કેવું થઇ ગયું ?' એમ બોલીને ગયા પછી પતિ ઘરે આવ્યા, ત્યારે બ્રાહ્મણે પત્નીને પૂછ્યું કે, 'તે ભાઈએ મને કંઈ આપ્યું છે કે અથવા કંઈ કહી ગયા છે ખરા ?' ત્યારે પત્નીએ કહ્યું કે, 'આપ્યું તો કંઈ નથી, પરંતુ જે કહી ગયા છે, તે કહું છું. પત્નીએ તે સ્થાન બતાવ્યું, એટલે ચતુર પતિએ તે સ્થાન ખોદાવીને અંદરથી નિધાન બહાર કાઢ્યું અને હર્ષથી તેનો ભોગવટો કરવા લાગ્યા. મુનિ માટે આ પ્રમાદસ્થાન છે.

હવે કોઇ વખત બાર વર્ષવાળો મહાક્રૂર દુષ્કાળ પડ્યો, તે કારણે સર્વ સાધુસમુદાય ગમે ત્યાં ચાલ્યા ગયા. તે દુષ્કાળ સમય પૂર્ણ થયા પછી તે ફરીથી પણ પાટલીપુત્ર નગરમાં આવી પહોંચ્યા. તે સમયે શ્રમણ સંઘે એકઠા મળી શ્રુત-વિષય-વિચારણ કરી કે, 'કોને શું શું યાદ રહેલું છે ? જે સાધુની પાસે જેટલું શ્રુત-ઉદ્દેશા, અધ્યયન આદિ હૈયાત-યાદ હોય તે સર્વ એકઠાં કરીને અગિયાર અંગો તે પ્રમાણે સ્થાપન કર્યાં.' પરિકર્મ, સૂત્રાર્થ, પૂર્વગત ચૂલિકા અને અનુયોગ દૃષ્ટિવાદ આ પાંચ પદાર્થો છે. તે વિષયમાં તો (૧૨૫) તે સમયે નેપાલ દેશમાં ભદ્રબાહુ ગુરુ મહરાજ વિચરે છે. તેઓ દૃષ્ટિવાદ ધારણ કરે છે - એમ વિચારતા શ્રી સંઘે તેમની પાસે સાધુ-યુગલ મોકલ્યું. અને કહેવરાવ્યું કે, 'આપની પાસે જેટલો દૃષ્ટિવાદ હોય, તેની સાધુઓને વાચના આપો. અહિં તેવા અર્થી સાધુઓ છે.

સંઘકાર્ય કહ્યું, ત્યારે તેમણે પ્રત્યુત્તર આપ્યો કે, 'હમણાં મેં મહાપ્રાણ નામનું ધ્યાન કરવાનું આરંભ્યું છે: પહેલા દુષ્કાલ હતો. તે કારણે આ ધ્યાન પૂર્ણ થયા પહેલા વાચના નહિ આપીશ. એટલે વાચના આપવા ન ગયા. તે સાધુ-યુગલે પાછા આવી સંઘને હકીકત જણાવી. ફરીથી પણ સાધુ-સંઘાટક તેમની પાસે મોકલ્યા અને કહેવરાવ્યુ કે, 'જે શ્રમણ-સંઘને ન માને, તેને કયો દંડ હોય ?' - એમ કહ્યું, એટલે 'હે ભગવંત ! તેને સંઘ-બહાર કરવાનું પ્રાયશ્ચિત હોય.' તો 'હે પ્રભ ! તમોને પણ તે કહેલું પ્રાયશ્ચિત્ત હો.' એટલે

ભદ્રબાહુ મુનિએ કહ્યું કે, 'મને બહાર ન મૂકો, જે બુદ્ધિવાળા સાધુ હોય, તેમને અહિં મોકલી આપો.'

'હું દિવસે તેમને ધ્યાન સુધીમા સાત વાચનાઓ આપીશ. એક વાચના ભિક્ષાથી પાછા ફરશે, ત્યારે આપીશ, બીજી બરાબર દિવસના મધ્ય કાલ વેળાએ, ત્રીજી સ્થંડિલભૂમિથી પાછા આવશે, તે કાળ-સમયે, એક દિવસના અંત સમય થવા વેળાએ ચોથી, આવશ્યક ક્રિયા કર્યા પછી ત્રણ વાચનાઓ આપીશ. ત્યારપછી સ્થૂલભદ્ર વગેરે પાંચસો બુદ્ધિશાળી સાધુઓને ત્યાં મોકલ્યા, વાચના લેવાના સમયે વાચનાઓ ગ્રહણ કરે છે, જ્યારે એક બે ત્રણ વાચના અવધારણ કરવા સમર્થ બની શકતા નથી, ત્યારે એક સ્થૂલભદ્ર સિવાય બાકીના સાધુઓ ખસી ગયા.'

હવે જ્યારે ધ્યાન કરવાનું થોડું બાકી રહ્યું, ત્યારે ગુરુએ સ્થૂલભદ્રને પૂછ્યું કે, તું ક્લેશ પામતો નથી ને ?' 'હે ભગવંત ! મને કોઇ ક્લેશ નથી.' તો 'કેટલોક કાળ ખમી જા-રાહ જો, દિવસે પણ તને વાચના આપીશ.' આચાર્યને પૂછ્યું કે, 'મેં કેટલું પઠન કર્યું ? તો કે ૮૮ સૂત્રો, તે માટે સરસવ અને મેરુપર્વત જેટલી ઉપમા સમજવી, અર્થાત્ તું ભણ્યો તે સરસવ જેટલું અને મેરુ જેટલું ભણવાનું બાકી રહેલું છે, પરંતુ ભણ્યો, તેના કરતાં ઓછા કાળમા તું સુખેથી ભણી શકીશ. સર્વ દૃષ્ટિવાદ અને ક્રમસર દશ પૂર્વો ભણી ગયા. તેમાં માત્ર બે વસ્તુ ન્યૂન એવાં દશ પૂર્વો સ્થૂળભદ્ર ભણી ગયા પછી ગુરુ સાથે વિચરતા વિચરતા પાટલીપુત્ર આવી પહોંચ્યા, બહારના ઉદ્યાનમાં મુકામ કર્યો. (૧૪૦)

સ્થૂલભદ્ર મુનિની યક્ષાદિક સાત બહેનો મોટાભાઇનેવંદન કરવા માટે ત્યાં આવ્યાં. ગુરુને વંદન કરી પૂછ્યું કે, 'મોટાભાઇ ક્યાં છે ?' એટલે ગુરુએ કહ્યું કે, આ દેવકુલિકામાં અભ્યાસ કરી રહેલા છે. સાધ્વીઓને આવતી દેખી રાજી થયા, તેમને પોતાની ઋદ્ધિ દેખાડવા માટે સિંહાકારનું પોતાનું રૂપ વિકુર્વ્યુ, એટલે સિંહ દેખીને ત્યાંથી સાધ્વીઓ ભાગવા લાગી ગુરુને જઇને કહ્યું કે, 'હે સ્વામિ ! સિંહ તેને ખાઈ ગયો જણાય છે.' ભય પામેલી તેઓને ગુરુએ કહ્યું કે, 'તે સિંહ નથી, પણ સ્થૂલભદ્ર જ છે.' ફરી આવીને વંદન કર્યું. બેઠા પછી કુશલવાર્તા પૂછી. એટલે કહ્યું કે, 'શ્રીયકે દીક્ષા અંગીકાર કરી, પર્વ દિવસે ઉપવાસ અમે કરાવ્યો. તે મૃત્યુ પામી સ્વર્ગવાસી થયા, ઋષિહત્યા અમને લાગી, તેથી ભય પામી, તપસ્યાથી દેવતા પ્રભાવિત થયા અને મને મહાવિદેહમાં લઈ ગયા. ત્યાં તીર્થંકર ભગવંતના ચરણ-કમળમાં મારા આત્માની શુદ્ધિ કરી. ભગવંતે શુદ્ધાશય હોવાથી શ્રીયક દેવલોકે ગયા હોવાથી તને પ્રાયશ્ચિત નથી.' ભાવના અને વિમુક્તિ નામનાં બે અધ્યયનો આપ્યાં, જે અહીં લાવી છું. આ કહ્યા પછી વંદન કરી સાધ્વીઓ પોતાના સ્થાને ગયાં.

બીજા દિવસે સ્થૂલભદ્ર મુનિ નવા સૂત્રના ઉદ્દેશ ભણવા માટે આવ્યા, પણ ગુરુ સૂત્રાર્થ આપતા નથી, આચાર્ય ભગવંતે કહી દીધું કે, તું અયોગ્ય અપાત્ર છે. પોતે ગઇ કાલે કરેલો પ્રમાદ યાદ આવ્યો, એટલે પોતાની ભૂલની માફી અને ફરી આવો પ્રમાદ નહિં કરીશ.' ગુરુએ કહ્યું કે, 'જો કે તું પોતે આવો પ્રમાદ ફરી નહિં કરીશ, પંરતુ હવે તું જેને ભણાવીશ, તેઓ પ્રમાદ કરશે' ઘણી વિનંતિઓ કરી, ત્યારે મુશ્કેલીથી ભણાવ્યા. (૧૫૦)

પરંતુ ઉપર ચાર પૂર્વો ભણાવ્યાં, એ સરતે કે હવે તારે બીજાને ન ભણાવવાં, તો તેમાં બે વસ્તુ બાકી રહી. અર્થાત્ દશમાં પૂર્વમાં બે વસ્તુ ન્યૂન રહી ગઈ. બાકીનું સર્વ શ્રુત આચાર્ય વજ્રસ્વામી નામના મહામુનિ, જેઓ અતિશયની ખાણ સમાન હતા, ત્યાં સુધી પરંપરાથી અનુવર્તશે. (૧૫૨)

તે સમયે સ્થૂલભદ્ર મુનિ અકલંકિત શીલમાં કેવી રીતે રહ્યા ? તે કહે છે -

विसयासि-पंजरंमि व, लोए असिपंजरम्मि तिक्खम्मि ।
सिंह व पंजरगया, वसंति तव-पंजरे साहू ।।६०।।

जो कुणइ अप्पमाणं, गुरुवयणं न य लहेइ उवएसं ।
सो पच्छा तह सोअइ, उवकोसघरे जह तवस्सी ।।६१।।

जिट्ठव्वय-पव्वय-भर-समुव्वहण-ववसिअस्स अच्चंतं ।
जुवइजण-संवइयरे, जइत्तणं उभयओ भट्ठं ।।६२।।

जइ ठाणी जइ मोणी, जइ मुंडी वक्कली तवस्सी वा ।
पत्थन्तो अ अबंभं, बंभावि न रोयए मज्झं ।।६३।।

तो पढियं तो गुणियं, तो मुणियं तो अ चेईओ अप्पा ।
आवडिय-पेल्लियामंतिओऽवि जइ न कुणइ अकज्जं ।।६४।।

पागडिय-सव्व-सल्लो, गुरु-पायमूलम्मि लहइ साहुपयं ।
अविसुद्धस्स न वड्ढइ, गुणसेढी तत्तिया ठाइ ।।६५।।

जइ दुक्करदुक्ककारउ त्ति भणिओ जहट्ठिओ साहू ।
तो कीस अज्जसंभूअविजय-सीसेहिं नवि खमिअं ।।६६।।

जइ ताव सव्वओ सुंदरु त्ति, कमाण उवसमेण जई ।
धम्मं वियाणमाणो, इयरो किं मच्छरं वहइ ? ।।६७।।

अइसुट्ठिओ त्ति गुणसमुइओ त्ति जो न सहइ जइपसंसं ।
सो परिहाइ परभवे, जहा महापीढ-पीढरिसी ।।६८।।

જગતમાં પાણીદાર ધારવાળી તલવારના પાંજરાથી ભય પામીને કાષ્ઠના પાંજરામાં વસે છે, તેમ વિષયરૂપ તરવારના પંજરથી ભય પામેલા મુનિવરો તપરૂપ પંજરમાં એટલે કે બાર પ્રકારના તપના પાંજરામાં રહી તપસ્યાની આરાધના કરે છે. પાંચ ઇન્દ્રિયોના શબ્દાદિક વિષયોવાળી સ્ત્રીઓથી ભય પામેલા મુનિઓ સંસારનો ત્યાગ કરી ચારિત્ર સ્વીકારી બાહ્ય-અભ્યાંતર ભેદવાળા તપના પાંજરામાં રહે છે.

'પંજર' શબ્દ એટલા માટે જણાવ્યો કે, 'પાંજરામાં રહેલો હોય, તે બહારનો કોઇ વ્યાપાર કરી શકતો નથી, તેમ સાધુઓ તપના પાંજરામાં હોવાથી સાંસારિક બાહ્યપ્રવૃત્તિ કરતા નથી (૬૦) સ્થૂલભદ્રથી વિપરીત દૃષ્ટાંત આપતાં કહે છે -

## ૬૩. ગુણીઓની ઈર્ષ્યા ન કરવી ગુણાનુમોહના કરવી

'જે કોઈ મનુષ્ય પોતાના ગુણનું અભિમાન કરે છે અને ગુરુવચન-ઉપદેશ-હિતશિક્ષા માનતો નથી, તે ઉપકોશાને ત્યાં ગએલા તપસ્વી સાધુની જેમ પાછળથી પસ્તાય છે.' સ્થૂલભદ્રના દૃષ્ટાન્તમાં આ હકીકત જણાવી ગયા છીએ. (૬૧)

અણુવ્રતોની અપેક્ષાએ જ્યેષ્ઠ એટલે મહાવ્રતો, તે પર્વતના ભારને વહન કરવો, તેની માફક મહાવ્રતના ભારને વહન કરવો ઘણો કઠણ છે. કારણ કે, 'આ લીધેલી પ્રતિજ્ઞા જીવનના ભોગે જિંદગી સુધી વહન કરવાની છે, તેમાં ખામી આવવા દેવાની નથી. એવી દૃઢ પરિણતિવાળો હોય, પરંતુ ઉપકોશા સરખી યુવતીઓના સંસર્ગમાં રહેનાર સાધુ ન તો સાધુપણામાં કે ન તો શ્રાવકપણામા રહેલો ગણાય. બંનેથી ભ્રષ્ટ થએલો આ પ્રમાણે ગણાય. ચારિત્રના પરિણામ ન હોવાથી તે સાધુ નથી. બહારનું શ્રમણલિંગ હોવાથી શ્રાવક પણ ગણાતો નથી. (૬૨)

અબ્રહ્મની પ્રાર્થનામાત્રથી, યતિપણાથી કેવી રીતે તે ભ્રષ્ટ થયો ? તે કહે છે -

'કદાચ તે કાયોત્સર્ગ કરનાર હોય, મૌન ધારણ કરનાર હોય, મસ્તક મુંડન કરાવનાર હોય, છાલનાં વસ્ત્ર પહેરનાર હોય, કે અનેક પ્રકારનાં વિવિધ આકરાં તપ કરનાર હોય, તો પણ જે મૈથુનની પ્રાર્થના કરનાર હોય, કદાચ તે બ્રહ્મા કે કોઈ પરમેષ્ઠી હોય, તોપણ

મને તે ગમતો નથી.' કારણ કે, જિનવચનનો સાર મેં જાણેલો હોવાથી, નિરપવાદ હોવાથી. (૬૩) પાપી મિત્રોથી પ્રેરાએલો, સ્ત્રી આદિકથી પ્રાર્થના કરાએલો હોય, છતાં જે અકાર્યાચરણ કરતો નથી, તેનું ભણેલું, ગણેલું, જાણેલું અને આત્માનું શુદ્ધ સ્વરૂપ ચિંતવેલું સફળ ગણાય. જો અકાર્ય કરવાથી ન અટકે, તો અત્યાર સુધીનો ભણવા-ગણવાનો પરિશ્રમ નિષ્ફળ ગણાય.' તો પાછળથી તેની શુદ્ધિ કેવી રીતે પ્રાપ્ત કરી, તે કહે છે -

ગુરુ પાસે જઇને સારી રીતે વિધિ-પૂર્વક આલોચના કરી તે કહે છે. - 'જે કોઈ ગુરુના ચરણકમળમાં જઈને પોતાનાં સર્વ શલ્યો પ્રગટ કરતા નથી, તે સાધુપદ પામી શકતા નથી, શલ્યવાળા કલુષિત ચિત્તવાળાને જ્ઞાનાદિક ગુણશ્રેણિ પ્રાપ્ત થતી નથી. કદાચ બીજા અનુષ્ઠાનો પૂર્ણપણે કરતો હોય, તો પણ શલ્યવાળાને ગુણઠાણાની વૃદ્ધિ થતી નથી, પણ અપરાધ વખતે જે ગુણશ્રેણી વર્તતી હોય, તે જ અને તેટલી જ ગુણશ્રેણી રહે છે. બાકીના અનુષ્ઠાનથી રહિતને તો તે પણ દૂર થાય છે. (૬૪-૬૫).

હવે સ્થૂલભદ્રની કથા દ્વારા ગુણોમાં ઈર્ષ્યા કરનારના નિર્વિવેકનો દોષ કહે છે, - યથાર્થગુણવાળા એવા સ્થૂલભદ્ર સાધુને ગુરુએ 'દુષ્કરકારક-દુષ્કરકારક" કહી ગુણ-બહુમાનથી આદર-પૂર્વક બોલાવ્યા, તો આર્યસંભૂતના શિષ્ય સિંહગુફાવાસીથી તે બહુમાન સહન કેમ ન થયું ? તે વાત કથામાં કહેલી છે. જો કોઇ કર્મના ઉપશમવડે સર્વ પ્રકારે સારો ગણાય. તો બીજો ધર્મનો જાણકાર હોવા છતાં શામાટે તેના ઉપર મત્સર-ઇર્ષ્યા વહન કરતો હશે ? ગુણનો મત્સર કરનારને ભવાંતરમાં કેવો ગેરલાભ થાય છે ? તે દૃષ્ટાંતથી કહે છે. -

આ ચારિત્રની આરાધનામાં અતિદૃઢ છે, વેયાવચ્ચ, સમિતિ, ગુપ્તિ, સ્વાધ્યાય, તપ વગેરે ગુણોથી અલંકૃત છે, એવો આત્મા સાધુઓની પ્રશંસા સહન ન કરે, તે પરભવમાં વર્તમાન ભવ કરતાં ઓછા ગુણની પ્રાપ્તિવાળો થાય છે. પુરુષપણાનો ત્યાગ કરીને સ્ત્રીપણું પામે છે. જેવી રીતે પીઠ અને મહાપીઠ સાધુ હતા, તે બ્રાહ્મી સુંદરી રૂપે થયા. (૬૬-૬૭-૬૮)

## ૧૪. ગુણ-પ્રશંસા સહન ન કરનાર પીઠ-મહાપીઠની કથા -

વત્સાવતી નામની વિજયમાં, પ્રભંકરા નામની નગરીમાં અભયઘોષ નામનો એક શ્રેષ્ઠ વૈદ્ય હતો. તેને ચાર મિત્રો હતા. અનેક ગુણોથી યુક્ત એવા એક રાજપુત્ર, મંત્રિપુત્ર, શેઠપુત્ર, અને સાર્થવાહપુત્ર, તેઓ વારાફરતી ગોષ્ઠી માટે એક એકને ઘરે જતા આવતા અને રહેતા હતા. કોઇક દિવસ વૈદ્યને ઘરે સર્વે બેઠેલા હતા, તે સમયે કોઈક કુષ્ઠરોગવાળા મહામુનિ વૈદ્યને ઘરે વહોરવા આવ્યા, ત્યાં દરેકને દેખવામાં આવ્યા. એટલે અભયઘોષની

ઠંડી મશ્કરી કરતાં પ્રેમપૂર્વક વૈદ્યપુત્રને કહ્યું કે, 'પરલોકની ચિંતાથી મુક્ત બની માત્ર આ લોકનાં જ સુખ મેળવવામાં મમતાવાળો બની તું સમગ્ર નગર-જનોને વૈદ્યના બાનાથી લૂંટે છે, ધન ઉપાર્જન કરે છે. તું માત્ર તેની જ ચિકિત્સા-વૈદું કરે છે, જેઓ તને ધન આપે છે.'

જો કોઈ પૈસા આપ્યા વગર ચાલ્યો જાય, તો તે પંચત્વ પામે છે. તે માટે કહેવાય છે કે - 'વૈદ્યો બિચારા દુઃખી રોગીઓ પાસેથી ધનનું હરણ કરે છે, મૃત્યુ પામે, એટલે પલાયન થઈ જવું, વૈદ્યનું વૈદ્યત્વ હોય તો માત્ર આટલું જ, તેઓ આયુષ્ય જોડવા સમર્થ બની શકતા નથી. અમે પણ તારી પાસેથી આ વૈદ્યકની વિદ્યા સીખીને એવી ધનની કમાણી કરીએ કે, જેથી ગોળ, ખાંડ, ઘી, નાખીને મજેના પુડલા, લાડુ વગેરે મિષ્ટાન્ન ભોજન કરીએ, તો તું આ વૈદું અમને શીખવ. હે મિત્ર ! કોઇ વખત આ તારા શીખેલ વૈદાનો પરલોક-માર્ગમાં ઉપયોગ કર.'

'નિર્ગ્રન્થ સાધુ-ધર્મનું સેવન કરનાર મુનિ, દીન, અનાથ, દુઃખીઓના રોગની ચિકિત્સા કરી ઔષધ આપી શીખેલ વૈદ્યકને સફળ કર.' વૈદ્યે કહ્યું કે, 'શું હું તેમ નથી કરતો ?' એમ કહ્યું એટલે તેઓએ કહ્યું કે, 'આ હમણાં કુષ્ઠરોગવાળા મહામુનિ ગયા, તેની ચિકિત્સા કર.'

વૈદ્યે કહ્યું કે, 'જરૂર તેનો રોગ દૂર કરું, પરંતુ તેને માટે મહાકિંમતી ઔષધો જોઈએ, તે મારી પાસે નથી.' મિત્રોએ કહ્યું કે, 'ક્રોડ મૂલ્ય થાય, તો પણ અમે આપીશું. શાની જરૂર છે ? તે કહે.' ત્યારે વૈદ્યે કહ્યું કે, 'ગોશીર્ષચંદન અને કંબલરત્ન તેમજ લક્ષપાકતેલ આ ચિકિત્સામાં ઉપયોગી છે અને તેનું મૂલ્ય ઘણું જ મોટું થાય છે. તેમાં લક્ષપાકતેલ તો મેં પકાવીને તૈયાર કરેલું છે, તે મારી ઔષધશાળાએ છે, તો બે લાખ મૂલ્ય લઇને તેઓ મોટા વેપારીની દુકાને પહોંચ્યા અને લાખ લાખ નાણું આપીને વેપારી પાસે કંબલરત્ન અને ઉત્તમ ચંદન માગવા લાગ્યા.

વેપારીએ તે બંને વસ્તુઓ અર્પણ કરીને પૂછ્યું કે, 'આ મૂલ્યવાન વસ્તુનું તમારે શું પ્રયોજન પડ્યું ?' સાચી હકીકત જણાવી, એટલે તે વેપારી વિચારવા લાગ્યો કે, 'જો આ યુવકોને સાધુની માવજત કરવાની શ્રદ્ધા થઈ છે, તો હવે હું છેડાની વયે પહોંચ્યો છું, તો તેમાં હું પણ સહભાગી કેમ ન બનું ?' ત્યારે વેપારીએ તે મિત્રોને કહ્યું કે, 'તમારે તપસ્વીની ચિકિત્સા-સેવા કરવી છે, તો મારે મૂલ્યની જરૂર નથી, મારે પણ ધર્મનું પ્રયોજન છે. અતિવિશુદ્ધ ધર્મની શ્રદ્ધાવાળા વણિકે કંબલરત્ન અને ચંદન આપીને દીક્ષા અંગીકાર કરી અને તે જ ભવે અંતકૃત્ કેવલી થયા. તે વૈદ્યરાજ, રાજપુત્ર, શેઠ-પુત્ર, મંત્રિ-પુત્ર, સાર્થવાહ-પુત્ર એમ પાંચે એકઠાં થઇ ઔષધો ગ્રહણ કરીને તે ઉદ્યાનમાં ગયા કે, જ્યાં આ મુનિ પ્રતિમા અંગીકાર કરી ધ્યાન કરી રહેલા છે.

મસ્તક પર અંજલિ જોડીને, પરમ આદરથી પગમાં પ્રણામ કરીને તપસ્વી મુનિને વિનંતિ કરી કે, ''આપના શરીરને અમે પીડા કરીશું, માટે રજા આપો.' ત્યારપછી કાઉસ્સગ્ગ-મુદ્રામાં હોવા છતાં કટીવસ્ત્ર બરાબર બાંધીને તેમના અવગ્રહમાં પ્રવેશ કરીને વૈદ્યે આખા શરીરે નિપુણતાથી તેલનું અભ્યંગન કર્યું. જ્યારે તેલ રૂંવાડામાં છિદ્રો દ્વારા અંદર પહોંચ્યું, ત્યારે ઉષ્ણતા લાગવાથી ચામડીના કૃમિઓ ક્ષોભ પામ્યા અને શરીર બહાર નીકળ્યા. તે સમયે તે મહામુનિને જે વેદના ઉત્પન્ન થઇ, તે એકતાનથી ધ્યાન કરતાં તેમણે અપૂર્વ સમતાથી સહન કરી.

હવે તે રત્નકંબલથી તે તપસ્વીને દૃઢ પણે લપેટ્યા. તે રત્નકંબલ અતિશીતલ હોવાથી તેમાં તે કુષ્ઠના કૃમિઓ સંક્રાન્ત થયા. ત્યારપછી આગળથી લાવી રાખેલ એક મરેલી ગાયના કલેવરમાં તે કંબલમાંથી જયણાપૂર્વક કૃમિઓ ઝાટક્યા, જેની તે કૃમિઓ તેમાં સંક્રમિત થઈ ગયા. (જેથી વગર કારણે તેઓ મૃત્યુ ન પામે, તેવા પૂર્વના વૈદ્યો અહિંસા-પાલક હતા.) ત્યારપછી ગોશીર્ષચંદન ઘસીને તેઓએ પોતે જ તેના આખા અંગે વિલેપન કર્યું, એટલે તરત મુનિ પ્રસન્ન ચૈતન્ય યુક્ત થયા.

એ પ્રમાણે બીજા-ત્રીજા દિવસે તે જ વિધિ કર્યો, પરંતુ મુનિએ વેદના પણ દરરોજ બમણી, ત્રણ ગણી સમતાભાવે સહન કરી. (૨૫)

પ્રથમ દિવસે ચામડીની અંદર રહેલા ઘણા જ કૃમિઓ બહાર નીકળી પડ્યા, બીજા દિવસે માંસમાં રહેલા અને ત્રીજા દિવસે હાડકામાં રહેલા કૃમિઓ બહાર નીકળ્યા. સંરોહિણી નામની ઔષધિથી દરેક છિદ્રોની રુઝ લાવી નાખી, મુનિવર સુવર્ણ વર્ણની કાયાવાળા તદ્દન કુષ્ઠરોગ વગરના બની ગયા. તે તપસ્વી મહામુનિને નિરોગી કરીને જાણે નવીન રાજ્યપ્રાપ્તિ, કે સંગ્રામમાં જય મેળવેલો હોય તેમ પ્રમોદથી ઉલ્લસિત થયા અને પોતાના આત્માને કૃતાર્થ માનતા હોય તેમ આનંદ અનુભવવા લાગ્યા.

"જે મનુષ્યોનું અંતઃકરણ, સતત પરોપરાકર કરવામાં પ્રવીણ હોય છે, તેમની પુણ્ય માટે જે સાધુ પ્રત્યે સારી ઉપકારની પ્રવૃત્તિ છે, તે પુણ્યના ઉપર તુલિકા (ચૂલિકા) જેવી છે."

ફરી ફરી પ્રણામ કરી ખમાવીને સ્વસ્થ અવસ્થાવાળા તે પાંચે મિત્રો પોતાના ઘરે ગયા. તે મુનિ પણ પૃથ્વીમંડળમાં તીવ્ર તપનું સેવન કરતા વિચરવા લગ્યા. વૈદ્યે કંબલરત્ન વેચીને અર્ધો લાખ દ્રવ્ય મેળવ્યું અને તે દ્રવ્યથી શ્રેષ્ઠ તોરણોવાળું, ઉંચા શિખરવાળું જિનાલય કરાવ્યું. અને જાહેર કર્યું કે, 'કંબલરત્નના વેપારીના દ્રવ્યથી મેં આ કરાવ્યું છે.'

મિત્રો પણ ત્યાં આવીને પ્રભુભક્તિ પ્રવર્તાવે છે. દેરાસરમાં અભિષેક, વિલેપન, પૂજા, નાટક-નૃત્ય આદિ ઘણા બહુમાન-પૂર્વક એકઠા થઇને તેઓ કરે છે. તેઓ શ્રાવકનાં વ્રતો, શ્રાવકની સામાચારી હંમેશાં કરે છે. ગૃહમાં વાસ કરવા છતાં શ્રાવકોચિત ધર્મ-કાર્ય તેઓ સાથે મળીને નિરંતર કરતા હતા. સમયે શ્રેષ્ઠ શ્રામણ્ય અંગીકાર કરીને અચ્યુત નામના બારમા દેવલોકમાં ઇન્દ્રના સામાનિક દેવ થયા.

હવે પુષ્કલાવતી વિજયમાં પુંડરીગિણી નામની નગરીમાં શ્રી વજ્રસેન રાજાની ધારિણી નામની પ્રિયા હતી, તેના ગર્ભમાં વૈદ્યનો જીવ દેવલોકમાંથી ચ્યવી તેમનો પ્રથમ પુત્ર થયો. શ્રી વજ્રનાભ એવું તેનું નામ સ્થાપન કર્યું. અનુક્રમે બીજો બાહુ, ત્રીજો સુબાહુ, ચોથો પીઠ અને સર્વથી નાનો અને પાંચમો મહાપીઠ નામના પુત્રો ઉત્પન્ન થયા. ક્રમે કરી નવયૌવન અને સુંદર શરીરવાળા વૃદ્ધિ પામવા લાગ્યા.

કોઇક સમયે શ્રી વજ્રસેન જાતે જ પ્રતિબોધ પામી, ભવથી ઉદ્વેગ પામી જાતે જ પંચમુષ્ટિ લોચ કરી પ્રવ્રજ્યા અંગીકાર કરી શ્રી વજ્રનાભ નામના મોટા પુત્રને પોતાના રાજ્ય પર સ્થાપન કર્યો. પોતાના અપૂર્વ પરાક્રમથી શત્રુ-ચક્રનો પરાભવ કરી પોતાનું રાજ્ય ભોગવતો હતો. શ્રી વજ્રસેન રાજા તીર્થંકર હતા, ત્યારે કોઈક સમયે તે વખતે વજ્રસેન તીર્થપતિને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું, તે જ ક્ષણે શ્રી વજ્રનાભ ચક્રીને ચક્રરત્ન પણ ઉત્પન્ન થયું. શ્રી વજ્રસેન મુનિસિંહ ધર્મચક્રવર્તી થયા અને શ્રી વજ્રનાભ પણ પુષ્કલાવતીની સમગ્ર વિજયના અધિપતિ ચક્રવર્તી થયા. બીજા ચારે બન્ધુઓને પૂણ્યના પ્રભાવથી મહામંડલના સ્વામી તેણે બનાવ્યા અને તેઓ મહાભોગો ભોગવવા લાગ્યા.

કોઇક સમયે પોતાના ચારેય લઘુ બંધુઓ સહિત શ્રી વજ્રનાભ ચક્રવર્તીએ જિનપતિ શ્રી વજ્રસેન ભગવંતના ચરણ-કમળમાં દીક્ષા અંગીકાર કરી. સૂત્ર, અર્થ બરાબર ભણીને ટૂંકા કાળમાં તે ગીતાર્થ થયા. આ પ્રમાણે વજ્રનાભસાધુએ દુસ્સહ ભાવશત્રુરૂપ કામ-ક્રોધાદિકને જિતી લીધા.

શ્રી વજ્રસેન જિનેશ્વર ભગવંતે તેમનામાં યોગ્યતા જાણીને ૫૦૦ સાધુનો પરિવાર આપીને સમયે સૂરિપદ પર સ્થાપન કર્યાં. ગચ્છમાં સાધુઓને સારણા, વારણા, નોદના, પ્રતિનોદના ધ્યાન-જ્ઞાન-રૂપ જળથી ભરપૂર એવા ગચ્છ-સમુદ્રમાં કર્ણધાર માફક શોભતા હતા. બાહુ પોતાનું સત્ત્વ ગોપવ્યા સિવાય મહાવૈરાગ્યથી તે ગચ્છની વૈયાવચ્ચ કરવાનો દૃઢ અભિગ્રહ ગ્રહણ કરે છે. અતિશય પવિત્ર શીખેલ શિક્ષાથી પ્રાસુક અને સાધુને કલ્પે તેવા એષણીય પાણી, આહાર, ઔષધાદિ વસ્તુઓ એવી રીતે લાવતા હતા કે, જેમાં દોષ ન લાગી જાય-તેવી ક્ષણે ક્ષણે સંભાળ રાખતા હતા. કોઇપણ બદલાની આશા રાખ્યા વગર

નિષ્કામભાવથી હંમેશાં અત્યન્ત વેયાવચ્ચ કરીને પોતાની પ્રતિજ્ઞા સફલ કરતા હતા.

શાસ્ત્રમાં કહેલું છે કે, ''જ્ઞાન, ચારિત્ર, તપ વગેરેનું અજીર્ણ થાય, તો તેનું ફળ ચાલ્યું જાય છે, પરંતુ કરેલું વૈયાવચ્ચ તેનું ફળ કદાપિ નાશ પામતું નથી." (૫૦)

-ચારિત્રથી ભગ્ન થયો હોય, અગર મૃત્યુ પામેલાનું ચારિત્ર નાશ પામે છે, આવૃત્તિ કર્યા વગરનું શ્રુતજ્ઞાન તે પણ ભૂલાઇને નાશ પામે છે, પરંતુ વેયાવચ્ચ કરીને ઉપાર્જન કરેલ પુણ્યોદયનું શુભકર્મ નાશ પામતું નથી. વેયાવચ્ચ કરવાના પરિણામવાળા, શ્રદ્ધાથી કરવાની ઈચ્છાવાળા, દીનતા વગરના મનવાળા તપસ્વી મુનિને લાભ જ થાય છે.

હવે સુબાહુસાધુ સમુદાયના સર્વસાધુઓની વિશ્રામણા-શરીર દબાવવાનો નિયમ ગ્રહણ કરે છે. સાહસિક-શિરોમણિ તે નિયમની સાધના અવિશ્રાન્તપણે કરતા હતા, સર્વે સાધુઓની સર્વ યત્ન-પૂર્વક જેમ જેમ તે વિશ્રામણા કરતા હતા, તેમ તેમ લાંબા કાળના પાપની પરંપરાને તેણે પાતાળમાં પાતળી-અલ્પ પ્રમાણવાળી કરી નાખી. શ્રી વજ્રનાભ આચાર્ય સાધુની પર્ષદામાં હંમેશાં તેઓની નિષ્કામભાવવાળી વેયાવચ્ચ અને વિશ્રામણાની એવી રીતે પ્રશંસા કરતા હતા કે, 'આ બંને આત્માઓ તદ્દન નિસ્પૃહભાવે કર્મ ખપાવવાના મુદ્દાથી ભેદભાવ રાખ્યા વગર કેવું અપૂર્વ વેયાવચ્ચ અને વિશ્રામણ કરે છે !' આચાર્યે તો માત્ર તેમના યથાર્થ ગુણો હોવાથી છતા ગુણની પ્રશંસા કરી સમ્યક્ત્વની નિર્મલતા કરી.

ત્યારે પ્રવચન સૂત્ર અને અર્થથી ભણતા અને ભણાવતા એવા પીઠ અને મહાપીઠ બંને સાધુઓ પોતાના અશુભ કર્મોદયથી આ પ્રશંસા સાંભળીને મનમાં વિચરવા લાગ્યા કે, 'અહિં ગુરુકુલવાસમાં પણ, રાજકુલ, દેવકુલ અને સંસારીઓમા જે વ્યવહાર દેખાય છે, તેવો અહિં પણ વ્યવહાર દેખાય છે. પોતાનું કાર્ય કરવામાં જેઓ હંમેશ સજ્જ રહે, તેને ગુરુઓ પણ વખાણે. અમે દરરોજ શાસ્ત્રોના પરમાર્થને વાંચીને વિચારવામાં સ્થિરચિત્તવાળા છીએ, તેમાં જ સદા ઉદ્યમશીલ છીએ, છતાં પણ પર્ષદામાં આચાર્ય મહરાજ અમારું નામ પણ લેતા નથી.

આચાર્ય ભગવંતે વીશ સ્થાનકનું સુંદર આરાધન કરી સર્વ પુણ્યોમાં શિરોમણિ સ્થાનમાં રહેલ તીર્થંકર-નામગોત્ર બાંધ્યું. કરેલા વેયાવચ્ચ રૂપ સુકૃતની અનુમોદના કરનાર બાહુમુનિએ ચક્રવર્તી-ફલ ઉપાર્જન કર્યું. પોતાના બાહુથી સાધુની વિશ્રામણા કરનાર સુબાહુએ બાહુનું બલ ફલ ઉપાર્જન કર્યું. પીઠ અને મહાપીઠ સાધુઓએ ગુરુની પ્રશંસામાં અશ્રદ્ધા થવાને યોગે અને છેલ્લી વખતે તે પાપને ન આલોવ્યું, તેથી તે શલ્યના પ્રભાવે તેઓ સ્રીભાવ પામ્યા. અનેક કોટી વર્ષો સુધી સાધુ-પર્યાય પાલન કરીને પાંચે સાધુઓ પાંચ અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. પ્રથમ દેવતા ૩૩ સાગરોપમનું આયુષ્ય પાલન

કરીને, ત્યાંથી ચ્યવી મરુદેવી અને નાભિ રાજાના પુત્ર, સુમંગલા નામની પુત્રી એમ યુગલપણે ઉત્પન્ન થયા. દક્ષિણાર્ધ ભરતના મધ્યખંડમાં ઋષભસ્વામી નામના તીર્થંકર થયા. તેમનો જન્મોત્સવ વગેરે કલ્યાણકો ઋષભ ચરિત્રથી જાણવાં.

છ લાખ પૂર્વો પસાર થયા પછી બાહુ અને પીઠ નામના દેવો પરમેશ્વરના પ્રથમ બાલક-બાલિકાના યુગલરૂપે જન્મ્યા. સુમંગલા રાણીને ભરત અને બ્રાહ્મી નામનું યુગલ જન્મ્યુ. સુબાહુ અને મહાપીઠ દેવો ઋષભ ભગવંતની સુનંદા રાણીની કુક્ષીએ યુગલપણે જન્મ્યા. બંને યુગલો યુવાનવય પામ્યા. દિવ્ય કેવલજ્ઞાનવાળા શ્રી ઋષભસ્વામી તીર્થંકર ભગવંતે તીર્થ પ્રવર્તાવ્યું. તેમાં ચારેએ દીક્ષા લીધી અને સિદ્ધિ પામ્યા. તે સર્વ તેમના ચરિત્રથી જાણી લેવું. આ પ્રમાણે બાહુ અને સુબાહુ મુનિની ગુરુએ કરેલી પ્રશંસા ન સહન કરતાં તે પીઠ અને મહાપીઠ સાધુઓ બ્રાહ્મી અને સુંદરીભાવે સ્ત્રીપણું પામ્યા, જે અનંતી પાપરાશિપણે ગણાવેલ છે. (૬૮)

**પીઠ-મહાપીઠની કથા પૂર્ણ.**

**पर-परिवायं गिण्हइ, अट्ठमय-विरल्लणे सया रमइ ।**
**डज्झइ य परिसिरीए, सकसाओ दुक्खिओ निच्चं ।।६९।।**

**विग्गह-विवाय-रुइणो, कुल-गण-संघेण बाहिरकयस्स ।**
**नत्थि किर देवलोए वि देवसमिईसु अवगासो ।।७०।।**

**जइ ता जण-संववहार-वज्जियमकज्जमायरइ अन्नो ।**
**जो तं पुणो विकत्थइ, परस्स वसणेण सो दुहिओ ।।७१।।**

**सुट्ठु वि उज्जव(म)माणं, पंचेव करिंति रित्तयं समणं ।**
**अप्पथुई परनिंदा, जिब्भोवत्था कसाया य ।।७२।।**

બીજાના દોષોને ગ્રહણ કરે છે, અર્થાત્ પારકી નિંદા-પંચાત કરે છે, આગળ જણાવીશું, તેવા જાતિ આદિ આઠ મદસ્થાનકો પોતે અગર બીજા દ્વારા વિસ્તાર કરવામાં આનંદ પામે છે, બીજા પુણ્યશાળીઓને પોતાની લક્ષ્મી ભોગવતા દેખીને પોતાના મનમાં ઇર્ષ્યાથી બળ્યા કરે છે, ક્રોધાદિક કષાયવાળો આત્મા હંમેશાં અહિં કે પરલોકમાં દુઃખી જ થાય છે. (૬૯)

લાકડી, મુષ્ટિ આદિથી યુદ્ધ કરનાર, વાણીથી કજિયો કરનાર, તેની રુચિવાળો હોય, તેવા કારણે કુલ-ગણ-સંઘે પોતાના સ્થાનથી કાઢી મૂકેલો હોય, ગચ્છ-સંઘ બહાર કરેલો

હોય, તેવાને અહિં તો ક્યાંય સ્થાન ન મળે, પરંતુ કદાચિત્ દેવલોકમાં જન્મ થાય, તો પણ દેવસભામાં પ્રવેશ કરવાનો અધિકાર મળતો નથી.

કિલ્બિષિકાદિ દેવો હલકી જાતિના હોવાથી તેમને સભા-પ્રવેશ મળતો નથી. પોતાના દોષને કારણે પરલોકમાં પણ શુભ સ્થાન પામી શકતો નથી. અહિં ગાથામાં કુલ કહેલ છે, 'એક આચાર્યની સંતતિમાં જેઓ હોય, તે કુલ કહેવાય, બે કુલને પરસ્પર વ્યવહાર-સાપેક્ષતા હોય, તે ગણ કહેવાય. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાનો સમુદાય તે સંઘ કહેવાય. આ પ્રમાણે કુલ, ગણ અને સંઘનું લક્ષણ જાણવું. (૭૦)

અહિં સુધી માત્સર્ય-ઇર્ષ્યાથી દોષો ન હોવા છતાં તેને ગ્રહણ કરનારના દોષો જણાવ્યા. હવે વિદ્યમાન દોષોને ગ્રહણ કરનારને જણાવે છે - કેટલાક લોક-પ્રસિદ્ધ એવાં ચોરી, પારદારિક વગેરે લોકવર્જિત (નિંદ્ય) આચરણ કરે છે, ત્યારે તે અપરાધી હોવાથી વધ, બંધન આદિથી દુઃખી થાય છે. જે વળી તેવાની લોક સમક્ષ નિંદા કરે છે, તે બીજાના સંકટના કારણે દુઃખી થઇને નિષ્ફલ બળતરા કરે છે, પેટ ચોળીને શૂલ ઉત્પન્ન કરનાર થાય છે. બીજાની નિંદા કરીને વગર લેવે-દેવે પાપ બાંધનારો થાય છે. (૭૧)

હવે આવા પ્રકારના બીજાના દોષહેતુતાને કહે છે - તપ, સંયમ, સ્વાધ્યાયાદિમાં સારી રીતે ઉદ્યમ કરનાર એવા સાધુને અહિં જણાવીશું, તે પાંચ દોષો મુનિગુણરહિત કરનાર થાય છે. ''આત્મસ્તુતિ. પારકી નિન્દા, રસનેન્દ્રિયની લોલુપતા, પુરુષ-સ્ત્રીની સ્પર્શેન્દ્રિયનો અનિગ્રહ, ક્રોધાદિ કાર્યો. આ પાંચમાંથી એક એક દોષ હોય, તો પણ મુનિપણું હારી જાય, તો પાંચે દોષો સાથે હોય તો કયો અનર્થ બાકી રહે ?" (૭૨)

"જો તું ગૌરવ ઈચ્છતો હોય-મોટાઈ પામવી હોય, તો તું જાતે તારા પોતાના ગુણોને પ્રકાશિત કર. તારામાં ગુણો હશે, તો લોકો ગુણની આપોઆપ પ્રશંસા કરશે જ. 'હીરો મુખસે ન વદે, લાખ હમારા મોલ.' પોતાના ગુણને પ્રકાશિત કરનાર જૂ લઘુતાને પામી."

"યોગાભ્યાસ સંબંધી વિશેષ વાસિત થએલ બુદ્ધિવાળા મીમાંસકમતના આગેવાનને આત્મસ્તુતિ કરવાનું કહેવા છતાં પણ તેમણે સ્વસ્તુતિ ગ્રંથમાં ન કરી, એમ માનીને કે, 'હું બુદ્ધિવાળો છું-એવી મિથ્યા અભિમાન સ્વરૂપ પોતાની પ્રશંસા પોતેકરવી, તે પોતાની લઘુતા કરાવનાર છઠ્ઠું મહાપાતક છે."

જેને પારકા દોષો જ માત્ર બોલવાનો સ્વભાવ પડેલો છે, તેઓ સર્વ તરફથી 'આ મત્સરી-ઇર્ષ્યાળુ છે.' તેવું બિરુદ પ્રાપ્ત કરે છે, તે કદાચ જતા દોષ બોલે, તો પણ તેના કહેલા દોષમાં સંદેહ થાય છે. લોકો બીજાના દોષો કે ગુણો એક-બીજાના હસ્તથી ગ્રહણ કરે છે, તે પોતાને પોતે જ દોષવાળો કે ગુણવાળો કરે છે. ''હે જિહ્વા ! તું જમવાનું અને

બોલવાનું પ્રમાણ બરાબર જાણી લે, અતિપ્રમાણમાં ભોજન કરવામાં આવે કે, વગર પ્રમાણનું બોલ-બોલ કરવામાં આવે, તો પાછળથી અપથ્ય નીવડે છે અને પસ્તાવાનો સમય આવે છે."

જે જિહ્વાએ લોલુપતાનો ત્યાગ કર્યો છે, એવા મહાસુખના નિધાનરૂપ તેને નમસ્કાર થાઓ. લોલુપતાવાળી હોય, તો તે ઝેરવાળી ખીરની જેમ દુઃખની ખાણી છે. બ્રહ્મા, રાવણ, શંકર, ઇન્દ્ર વગેરેએ પોતાની ઈન્દ્રિયોને જેમણે ગોપવી નથી, તેઓ પોતાની ગુપ્તેન્દ્રિયથી ઘણા હેરાન-પરેશાન થયા છે. અહિં કામદેવનું જે સામર્થ્ય છે, તેને વિચારો, હજાર નેત્રવાળા તરીકે પ્રસિદ્ધિ પામેલા ઈન્દ્રે પોતાની અપયશની પ્રશસ્તિનો સ્તંભ જાણે પોતે જાતે જ થયો.

જે મકસાયવાડામાં વાસ કરવાથી અતિક્રૂર પરિણાવાળો બની જાય, તેમ કષાયોમાં અતિ આસક્તિ કરવાથી નરકગતિની પ્રાપ્તિ થાય છે. 'કોઇક ન્યૂન એવી પૂર્વકોટી કાળ સુધીનું નિર્મળ ચારિત્ર પાળીને જે પુણ્ય કે આત્મઋદ્ધિ ઉપાર્જન કરી હોય, તેને મનુષ્ય મુહૂર્તમાત્ર કષાય કરીને નાશ કરનારો થાય છે.' બીજાના અવર્ણવાદ બોલનારના દોષો ફરીથી પણ જણાવે છે -

पर-परिवाय-मईओ, दूसइ वयणेहिं जेहिं जेहिं परं ।
ते ते पावइ दोसे, पर-परिवाई इअ अपिच्ऑचो ।।७३।।

थद्धा छिद्दप्पेही, अवण्णवाई सयंमई चवला ।
वंका कोहणसीला, सीसा उव्वेअगा गुरुणो ।।७४।।

जस्स गुरुम्मि न भत्ती, न य बहुमाणो न गउखं न भयं ।
न वि लज्जा न वि नेहो, गुरुकुलवासेण किं तस्स ? ।।७५।।

रूसइ चोइज्जंतो, वहई य हियएण अणुसयं भणिओ ।
न य कम्हि करणिज्जे, गुरुस्स आलो न सो सीसो ।।७६।।

उव्विल्लण-सूअण-परिभवेहिं अइभणिय-दुट्ठभणिएहिं ।
सत्ताहिया सुविहिया, न चेव भिंदंति मुहरागं ।।७७।।

## ૬૫. પારકા દોષો ન બોલવાં

પારકા દોષો અવર્ણવાદ બોલવાના સ્વભાવવાળો, સાચા કે ખોટા દોષોનો આરોપ

કરી લોકો વચ્ચે તેને દુષ્ટપણે જાહેર કરે છે, તેઓ તે તે દોષોવાળો પ્રગટ કરીને તેને મહાદુઃખ પમાડે છે. આ કારણે તે ઘણો પાપી આત્મા હોવાથી તે દેખવા લાયક પણ નથી. (૭૩)

દુર્વિનીત શિષ્યોના દોષો જણાવે છે - સ્તબ્ધ-થાંભલા માફક કોઇને ન નમનારો-અભિમાની, પારકાના છિદ્રો-દોષો ખોળનારો, બીજાના અવર્ણવાદ બોલનાર, ગુરુની આજ્ઞા પ્રમાણે નહિં, પણ પોતાની સ્વેચ્છાથી વર્તનાર સ્વચ્છંદી, ચપળ સ્વભાવવાળા, સ્થિરતા વગરના, વક્ર-ગુરુ સમક્ષ ઉદ્ધતાઇથી જવાબ આપનાર અને વાત-વાતમાં ક્રોધ કરવાના સ્વભાવવાળા શિષ્યો ગુરુના મનને ઉદ્વેગ કરાવનાર થાય છે.

જે શિષ્યને પોતાના ગુરુ ઉપર બાહ્ય કે અભ્યંતર ભક્તિ નથી, હૃદયથી બહુમાન નથી, આ મારા ઉપકારી પૂજ્ય ભવસમુદ્રથી તારનાર છે - એવી ગૌરવ-બુદ્ધિ નથી, અકાર્ય આચરણ કરતાં ગુરુનો ભય રાખતા નથી, લજ્જા નથી, સ્નેહ નથી, તેવા શિષ્યને ગુરુકુળવાસ સેવન કરવાથી કયો લાભ થવાનો છે ? જેને હિત-પ્રેરણા કરવામાં આવે, તો રોષ કરે, કંઇક કહે, તો મનમાં ક્રોધ ધારણ કરે, ગુરુના કોઈ કાર્યમાં કામ લાગતો નથી, તેવો શિષ્ય ગુરુને હાલ-શિષ્ય તરીકે ગણતરીમાં આવતો નથી.

શિક્ષાને અયોગ્ય હોવાથી તે શિષ્ય નથી. શિક્ષા ગ્રહણ કરે, તે શિષ્ય કહેવાય. અનુશાસનને યોગ્ય ન હોય, તે શિષ્ય નથી. (૭૪-૭૫-૭૬)

હવે ચાલુ અધિકાર કહે છે - દુર્જન શિષ્યો ઉદ્વેગ પમાડે, ગુરુ કંઇક સૂચન કરે કે દોષ જણાવે, તો પૈશુન્ય કરે, અપમાન-તિરસ્કાર કરે, વગર સંબંધનું બીનજરૂરી વચનો બોલ બોલ કર્યા કરે, કઠોર વચન બોલે, તો પણ ક્રોધાદિક કષાયોને જિતનાર સુવિહિત-ગીતાર્થ ગુરુઓ-મુનિઓનો મુખરાગ-છાયા બદલાતી નથી. સામા કષાયાધીન કર્મ-પરતંત્ર આત્મા તરફ ભાવાનુકંપા કરે છે. (૭૭) તથા -

**माणंसिणो वि अवमाण-वंचणा ते परस्स न करंति ।**
**सुह-दुक्खुग्गिरणत्थं, साहू उयहि व्व गंभीरा ।।७८।।**

**मउआ निहुअ-सहावा, हास-दव-विवज्जिया विगह-मुक्का ।**
**असमंजसमइबहुअं, न भणंति अपुच्छिआ साहू ।।७९।।**

**महुरं निउणं थोवं, कज्जावडियं अगव्वियमतुच्छं ।**
**पुव्वि मइ-संकलियं, भणंति जं धम्म-संजुत्तं ।।८०।।**

**सट्ठिं वाससहस्सा, तिसत्त-खुत्तो दयेण धोएण ।**
**अणुचिण्णं तालिणा, अन्नाणतवु त्ति अप्पफलो ।।८१।।**

અક્કડ મનુષ્યનો ખભો ઉંચો રહે છે, તેવા અભિમાની શત્રુઓનું પણ તે સુવિહિત સાધુઓ અપમાન વંચના કરતા નથી. સાધુઓને પ્રિય કે અપ્રિય વચનો બોલવાં, તે ઔચિત્યનું ઉલ્લંઘન થતું હોવાથી બોલતા નથી, જેઓ મીઠાં કે કડવાં વચનો કોઈના પ્રત્યે ઉચ્ચારતા નથી, તેઓ શા માટે બીજાનું અપમાન-વંચના શા માટે કરે ? કારણ કે, સમુદ્ર માફક સાધુઓ ગંભીર હોવાથી શુભાશુભ કર્મોનો ક્ષય કરવાના અર્થી હોય છે. (૭૮)

વળી સાધુ બીજા કયા કયા અને કેવા ગુણવાળા હોય છે ? - નમ્ર-શાન્ત સ્વભાવી, સંયમ-વ્યાપારવાળા હોવા છતાં અનર્થ કરનાર એવા વ્યાપાર-રહિત, હાસ્ય અને બીજાની મશ્કરી કરવી-તે બંનેથી વિશેષ પ્રકારે રહિત-રાજકથા, દેશકથા, ભક્તકથા, સ્ત્રીકથા ન કરનાર, વગર સંબંધનું અલ્પ કે અધિક તેમજ પૂછ્યા વગર ન બોલનાર સાધુઓ હોય છે. (૭૯) પૂછે, ત્યારે પણ કેવા પ્રકારનું બોલે છે, તે કહે છે.

સાંભળનારને આલ્લાદ કરનાર, સૂક્ષ્મ અર્થયુક્ત, મિતાક્ષરવાળું, જરૂર હોય તેટલું જ, ગર્વ વગરનું, ગંભીર-તુચ્છતા વગરનું, પહેલાં બુદ્ધિથી વિચારેલું તેમજ જે ધર્મયુક્ત હોય, તેવું વચન બોલે. પણ તેથી વિપરીત પાપવાળું વચન ન બોલે. આ પ્રમાણે બોલનાર સાધુ અલ્પકાળમાં મોક્ષની સાધના કરે. કારણ કે, વિવેકવાળો છે. (૮૦)

અવિવેકી-અજ્ઞાનીને તો નિષ્ફળ ક્લેશ જ ભોગવવો પડે છે, તે કહે છે - તામલિ-તાપસ ૬૦ હજાર વર્ષ સુધી, મેળવેલી ભિક્ષાને ૨૧ વખત પાણીથી ધોઇને નિરસ બનાવીને પછી પારણે ભોજન કરતો હતો. આવું આકરું અજ્ઞાની તપ કરેલ હોવાથી ઘણું અલ્પફળ મેળવ્યું. તેટલું તપ જ્ઞાનસહિત ભગવંતની આજ્ઞા પ્રમાણે કર્યું હોત, તો હજાર ઉપરાંત સાધુઓ સિદ્ધિ પામી શકે. (૮૧)

## ૬૬. તામલિ-તાપસની કથા આ પ્રમાણે છે -

તામલિપ્તિ નામની નગરીમાં તામલી નામનો એક કુટુંબી વસતો હતો. અનુક્રમે ધન, ધાન્ય, રત્ન, પુત્રાદિક કુટુંબથી અતિ વિસ્તાર પામ્યો. કોઇ વખતે સમગ્ર કુટુંબની ચિંતા કરતો વિચારવા લાગ્યો કે, 'આ મારા જીવનમાં મને કશાની પણ ન્યૂનતા નથી. મને ઘણા પુત્રો, પુત્રીઓ, પૌત્રો વગેરે ધન, ધાન્ય, સુવર્ણ, રત્નાદિક ઘણી સામગ્રીઓ મળી છે. મારા જેટલો વિસ્તાર બીજા કોઈ પાસે નહિં હશે. આ સર્વ તો ગતજન્મના ધર્મનું ફળ ભોગવું છું. આવા સુંદર જન્મમાં અત્યારે કંઈ પણ સુકૃત ઉપાર્જન નહિં કરીશ, તો ભાતા વગરના

મુસાફર જેવી પુણ્ય-રહિતની મારી ગતિ કેવી થશે ?'

વાસી ભોજનનું માત્ર હાલ હું ભોજન કરી રહેલો છું. પરંતુ તે ભોજનથી શરીર સ્વસ્થ રહેતું નથી. નવી તાજી કરેલી રસોઈ જમવામાં જે આનંદ આવે છે, તેવો વાસી ભોજનમાં આનંદ આવતો નથી. પૂર્વભવનું પુણ્ય ભોગવવું, તે વાસી ભોજન સમાન સમજવું. જો અહિં નવું પુણ્યોપાર્જન નહિં કરીશ, તો સુકૃત કર્યા વગરનો હું નક્કી ક્લેશ-દુઃખ પામીશ. કહેલું છે કે -

"આયુષ્ય વાયુથી ઉડતા રૂ માફક ચંચળ છે, લક્ષ્મી એ તો નાશ પામવાના સ્વભાવવાળી પ્રસિદ્ધ છે, યૌવન તરુણ સ્ત્રીના મન-તરંગો તેમજ સુભગ કટાક્ષો માફક નાશ પામવાના સ્વભાવવાળું છે. વળી આ કાયામાં રોગોના વેગ પર્વતપરથી વહેતી નદીના પ્રવાહ માફક અટકતા નથી. સાંજે એક વૃક્ષ પર જુદી જુદી દિશાઓમાંથી આવી પક્ષીઓ રાત્રિ-વાસ કરે છે અને સવારે જુદી જુદી દિશાઓમાં વિખુટા પડી જાય છે, તેમ સ્વજનો આ ભવમાં જુદા જુદા સંબંધોવાળા થાય છે અને આયુષ્ય પૂર્ણ થાય એટલે જુદી જુદી ગતિમાં પોતાના કર્માનુસાર ચાલ્યા જાય છે."

"સ્નેહવાળા પ્રિયજનો ઉપરનો સ્નેહ વિજળીની માળા-હાર માફક ક્ષણવારમાં અદૃશ્ય થાય છે. (૬) આ વિરસ સંસારમાં પ્રવ્રજ્યાં કરવાનો ઉદ્યમ કરવો જોઇએ. પાંચ કસાઈખાનાની પ્રચુરતાવાળા ઘર-વાસમાં ધર્મ કેવી રીતે બની શકે ? કહેલું છે કે - 'ખાણિયે, ઘંટી, ચૂલો, પાણિયારું, સાવરણી આ પાંચ ગૃહસ્થનાં હિંસાનાં મોટાં સાધનો છે. તેથી ગૃહસ્થ સ્વર્ગમાં જઇ શકતો નથી." એમ વિચારીને પોતાના જ્ઞાતિજનો, મિત્રો, અને સ્નેહીવર્ગને આમંત્રણ આપી બોલાવી, ભોજન, ભૂષણ, વસ્ત્રાદિક આપીને તેમનો સત્કાર કર્યો.

ભોજન કર્યા પછી તંબોલ વગેરે પોતે આપીને, પોતાના પુત્રને પોતાના કુળનો વડેરો પોતે સ્થાપન કર્યો. એક કાષ્ટમય પાત્ર તૈયાર કરાવીને ઘર, ધાન્ય, ધન વગેરેનો ત્યાગ કરીને તાપસની પાસે પ્રાણામિત નામની દીક્ષા ગ્રહણ કરી. ઉંચે દેખે, ઉંચું દેખીને પ્રણામ કરે, નિરંતર સૂર્ય, ચંદ્ર, સ્કંદ, ઇન્દ્રાદિક બીજાને, અથવા શ્વાસન, પાડા, ગધેડા વગેરેને પ્રણામ કરવા.

જીવન-પર્યન્ત પાણી સિવાય અટ્ઠમ તપ કરીને પારણું કરતો હતો. કાષ્ઠના ભિક્ષાપાત્રમાં જે ભિક્ષા પ્રાપ્ત થતી હતી, તેના ચાર ભાગ પાડી, કરુણાથી તેના ત્રણ ભાગ જળચર, સ્થલચર અને ખેચર જાનવરોને આપીને બાકી રહેલા એક ભાગ ભિક્ષાને ૨૧ વખત જળથી ધોઇને તે તાપસ ભોજન કરતો હતો. એ પ્રમાણે ૬૦ હજાર વર્ષ સુધી તીવ્ર તપ અને ચરણ કરીને, દરેકને પ્રણામ કરવાની પ્રાણામિત દીક્ષા અખંડ પાળીને તે ચિંતવવા

લાગ્યો કે - 'આ મારું શરીર માંસ અને લોહી વગરનું થઇ ગયું છે, હજુ પણ આવા નિર્બળ દેહથી ધર્મનો ઉદ્યમ કરવા સમર્થ થઈ શકું છું, તો બે પગ ઉપર અદ્ધર બેસીને પરલોકની સાધના કરું,' એમ કરીને ઇશાન દિશામાં અનશન કરીને સમાધિથી રહ્યો.

આ સમયે બલી ઈન્દ્રની રાજધાની નાથ વગરની હતી, ત્યારે બલિનો પરિવાર પોતાના સ્વામી થવા માટે કોઇની શોધ કરતા હતા, ત્યારે અનશનવિધિ પૂર્વક અને કષ્ટકારી અનુષ્ઠાન કરીને રહેલા તે તાપસને દેખ્યા, એટલે તેની આગળ પ્રણામ કરીને તેમની સન્મુખ નાટ્ય-મહોત્સવ આરંભ્યો, પુષ્પ, વિલેપન આદિકની પૂજાથી સત્કાર કરી વિનંતિ કરવા લાગ્યા કે, 'હે ભગવંત ! એવું પ્રણિધાન કરો કે, જેથી આપ અમારા પ્રભુ થાવ.'

'બલિચંચાના ઈન્દ્રને ચ્યવી ગયાને ઘણા મહિના થઈ ગયા છે, તો આપ અમારા નાથ બનીને દેવના ભોગો ભોગવો.' તામલિ તાપસ મૌન રહે છે, તેઓનું વચન સ્વીકારતા નથી, ફરી ફરી પ્રાર્થના કરી તોપણ મૌન રહે છે; એટલે તેઓ પોતાના સ્થાને ગયા. 'પાણીનાં મોજાં ઉછળતાં હોય, તેવા જળમાં ચંદ્રનું પ્રતિબિંબ સ્થિર રહે, તેવી આશા કાયા માટે બાંધવી, ક્ષણમાં નાશ પામવાના સ્વભાવવાળું સ્વપ્ન તે સરખા શરીર માટે લાંબા કાળ સુધી અવિનાશી ભાવની કલ્પના કરવી, અને વાયરાથી લહેરાતા ધ્વજના અગ્રભાગ સરખી ચપળ કાયા ઉપરપ્રીતિ કરવામાં આવે, તો તે ખરેખર પરમપુરુષાર્થ-ધર્મનો ક્ષય કરનાર થાય છે." ૨૩. આવી ભાવનાવાળી બે મહિનાની સંલેખના કરી તે મૃત્યુ પામી અતિસ્થિર વિજળીના તેજના ઢગલા સરખો ઇશાન દેવલોકનો ઇન્દ્ર થયો. બલ ઈન્દ્રનો પરિવાર પરલોક પામેલા તામલિને જાણીને ક્રોધ સહિત ત્યાં આવીને તેના દેહને વિડંબના કરવા લાગ્યા. અતિકોહાઇ ગએલા દુર્ગંધી કાદવથી તેનું શરીર ખરડીને તેના પગ બાંધીને કાપવા લાગ્યા. તેના મુખમાં થૂંકવા લાગ્યા, તેટલામાં અવધિજ્ઞાનથી તે ઇશાનેન્દ્રને તે જાણવામાં આવ્યું. પોતાના સ્થાનમાં રહેલા તેણે અતિકોપવાળી ક્રૂર દૃષ્ટિથી તેમના તરફ નજર કરી, એટલે તેઓના અંગમાં અગ્નિ આલિંગન કરવા લાગ્યો.

અતિશય સળગતી અગ્નિની જ્વાલાઓના ભડકાથી ભરખાતાં છે જેમનાં સર્વ અંગો એવા તેઓ સખત પીડા પામતા એક-બીજાના શરીર ઉપર પડવા લાગ્યા. છ માસ સુધી આવી તીવ્ર વેદના અનુભવતા જેમનાં શરીર પરેશાન થઈ ગયાં છે, એવા તે વિચારવા લાગ્યા કે, આ વેદના ક્યાંથી આવી છે ? તામલિ તાપસ પોતે ઇશાન ઈન્દ્રપણે ઉત્પન્ન થયા છે, ત જાણીને તરત જ સારી રીતે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને વિનંતિ કરવા લાગ્યા કે, 'અમે અજ્ઞાનથી આપના ગુનેગાર થયા છીએ, અમોને તમારો કોપ-પ્રભાવ દેખ્યો, માટે

અમને ક્ષમા આપો. હવે આપની કૃપા કરી ઇચ્છીએ છીએ.'

પોતાનો અપરાધ પોતે કબૂલ કરતા હોવાથી તેઓની ગાઢ પીડા દૂર કરી. તે જ ક્ષણે તેમને પીડાથી મુક્ત કર્યા. એટલે જ્યાંથી આવ્યા હતા, ત્યાં પોતાને સ્થાને પહોંચી ગયા. અહિં ઉપનય આ પ્રમાણે સમજવો,

તેણે લાંબા કાળ સુધી તીવ્ર તપ કર્યો કે, જેનાથી અનેક સિદ્ધ પામે, પરંતુ તે તીર્થંકર ભગવંતની આજ્ઞા રહિત અજ્ઞાન તપ હોવાથી અલ્પફળ આપનાર થયો. (૩૩)

**તામલિ-તાપસની કથા પૂર્ણ થઇ.**

અજ્ઞાનતપનુંફળ અલ્પ કેમ કહેવાય છે ? - તેના સમાધાનમાં જણાવે છે કે, નદી આદિ સચિત્ત-અણગળ પાણીમાં ભિક્ષાને પ્રક્ષાલન કરવી, તેમાં છ કાયના જીવોની વિરાધના થતી હોવાથી, વળી તે દીક્ષા, શ્રુતિ, સ્મૃતિ વગેરે હિંસાશાસ્ત્રોએ ઉપદેશેલી હોવાથી. તે જ વાત કહે છે.

**छज्जीवकाय-वहगा हिंसग-सत्थाई उवइसंति पुणो ।**
**सुबहुं पि तव-किलेसो, बालतवस्सीण अप्पफलो ।।८२।।**

**परियच्छंति अ सव्वं, जहट्ठियं अवितहं असंदिद्धं ।**
**तो जिणवयण-विहिन्नू, सहंति बहुअस्स बहुआइं ।।८३।।**

**जो जस्स वट्टए हियए, सो तं ठावेइ सुंदरसहावं ।**
**वग्घी छावं जणणी, भद्दं सोमं च मन्नेइ ।।८४।।**

પૃથ્વી આદિ છ જીવનિકાયની પોતે હિંસા કરનારા અને બીજાઓને પણ હિંસક શાસ્ત્રોનો ઉપદેશ આપીને જીવહિંસા-ગર્ભિત અર્થવાળા વેદાદિ-યજ્ઞાદિનો ઉપદેશ કરનારા પુનર્ શબ્દથી સર્વજ્ઞ-શાસનથી પરાઙ્મુખ એવા લોકોએ ઘણો જ આકરો લાંબાકાળ સુધી તપ કર્યો હોય, તો તે અજ્ઞાન-બાલ તપસ્યા હોવાથી તામલિતાપસની જેમ અલ્પફળવાળો અથવા સંસારરૂપ અનિષ્ટ ફલ આપનાર હોવાથી નિષ્ફલ પણ થાય. (૮૨) હવે અજ્ઞાની લોકો કદાચ ક્રોધ કરે, કટુક વચનો સંભળાવે, તો સાધુ તેમના પ્રત્યે ક્ષમા રાખે, તેવો ઉપદેશ આપતા કહે છે -

જિનવચન-વિધિના જાણકાર એવા સાધુઓ ઘણાઓનાં અનેક દુર્વચનો સમતાભાવે સામાની ભાવાનુકંપા કરવા પૂર્વક સહન કરી લે છે. કારણકે, તેઓ જીવાદિક પદાર્થોનું સ્વરૂપ યથાસ્થિત સમજેલા છે. યથાસ્થિત કોને કહેવાય, તેનું સ્પષ્ટીકરણ કરતા કહે છે કે -

અવિતથ એટલે છીપમાં તડકો પડવાથી ચાંદીનું વિપરીત જ્ઞાન થાય, તેવું ભ્રમવાળું જ્ઞાન નહીં, પણ જે રૂપે હોય તેવું જ જ્ઞાન, અસંદિગ્ધ એટલે રાત્રે ઠુંઠું દેખે, તેમાં આ પુરુષ હશે કે ચાડિયો ? તેવું સંદેહવાળું અજ્ઞાન નહિં, તે અસંદિગ્ધ જ્ઞાન કહેવાય - એમ ભાવાર્થ સમજવો.

કોઈ ઉપદ્રવ કરે, કે દુર્વચન સંભળાવે. ત્યારે સાધુ એમ વિચારે કે, ''સર્વ જીવો પોતે કરેલા કર્મના ફળ-વિપાકો ભોગવે છે. કોઇ અપરાધ કરે, કે ફાયદો કરે તેમાં બીજો માત્ર નિમિત્તરૂપ કારણ બને છે." અર્થાત્ સુખ-દુઃખમાં ઉપાદાનકારણ હોય, તો પોતાનાં જ કરેલાં શુભ કે અશુભ કર્મ છે. અપરાધ કે ગુણ કરનાર બીજો માત્ર નિમિત્તકારણ બને છે.

સમજુ આત્મા નિમિત્ત ઉપર ક્રોધ કરતો નથી, વગેરે. જિન-વચનથી ભાવિત મતિવાળો સાધુ હોય, તેને ક્યાંય પણ અક્ષમા હોતી નથી. શંકા કરી કે, 'જઇ તા તિલોગનાહો' એ ગાથામાં ક્ષમાનો ઉપદેશ પહેલાં આપેલો છે, તો વળી ફરી આ ઉપદેશ આપવાની શી જરૂર ? જવાબમાં જણાવે છે કે - 'અહિં ફરી કહેવાનો દોષ નથી, વારંવાર એક ઉપદેશ શ્રવણ કરવાથી ક્રોધાદિકની ઉપશાન્તિનો વિશેષ લાભ થાય, તે માટે કહે છે કે-

મંત્રપદોમાં ઝેરનો વિનાશ કરવા માટે વારંવાર તે પદો બોલવામાં દોષ નથી, તેમ રાગ-વિષનો નાશ કરવા માટે ફરી રહેલાં અર્થપદો અદુષ્ટ સમજવાં. 'સ્વાધ્યાય, ધ્યાન તપ, ઔષધોમાં, ઉપદેશ-સ્તુતિ-દાનમાં, છતા ગુણની પ્રશંસા કરવામાં પુનરુક્ત દોષો લાગતા નથી." બીજા સ્થાનમાં પણ આજ પુનરુક્ત ઉપદેશ વિષયક કહેવું.

જિનવચન વિધિના જાણકાર સાધુઓ અજ્ઞાન-બાલતપસ્વી માફક છજીવનિકાય જીવોના વધકાર કે હિંસક શાસ્ત્રોનો ઉપદેશ કરનાર હોતા નથી. તેથી સાધુઓ ભગવંતની આજ્ઞા પ્રમાણે તપ-ચારિત્ર કરનાર હોવાથી તેમને મહાફળની પ્રાપ્તિ થાય છે. તે ચાલુ અધિકારમાં સમજી લેવો. (૮૩)

મોહથી હણાઇ ગએલી બુદ્ધિવાળા ફરી તે બાલતપસ્વીઓને મારા માને છે, તેનું કારણ કહે છે - જે જેના હૃદયમાં વર્તતું હોય, તે તેને સુંદર સ્વભાવવાળું સ્થાપન કરે છે. જેમ વાઘણમાતા પોતાના નાના બચ્ચાંને ભદ્રિક-કલ્યાણ સુખ-સ્વભાવવાળું માને છે. ક્રોધાદિકનો ઉપશમ થવાથી પોતાના બચ્ચાને વાઘણ શાન્ત લેશ્યાવાળું માને છે, પણ વાસ્તવિક તેવું નથી. (૮૪)

"હે હરણ ! અહિં સિંહણના બચ્ચાની વિહારની વનસ્થલીઓમાં તૃણના અંકુરોના ખંડનોને સંવરી લે-બંધ કર, જેના નહોરના ઉદ્યમની લક્ષ્મીને મોતીઓના સમૂહથી

આચ્છાદિત પૃથ્વી પ્રકટ કરે છે.”

આ. શ્રી રત્નપ્રભસૂરિ-વિરચિત ઉપદેશમાલાની વિશેષવૃત્તિ-દોઘટ્ટી ટીકાના બીજા વિશ્રામનો આ. શ્રી હેમસાગરસૂરિએ કરેલ ગૂર્જરાનુવાદ પૂર્ણ થયો. [5490-ગ્રન્થાગ્ર]

## ત્રીજો વિશ્રામ.

**मणि-कणग-रयण-धण-पूरियम्मि भवणम्मि सालिभद्दोऽवि ।**
**अन्नो किर मज्झ वि सामिओ त्ति जाओ विगय-कामो ।।८५।।**

માત્ર સાધુ અવસ્થામાં વિવેક મોટું ફલ આપનાર થાય છે, તેમ નહિં, પરંતુ ગૃહસ્થ અવસ્થામાં પણ વિવેકનું મોટું ફલ મળે છે, તે શાલિભદ્રની કથા દ્વારા જણાવે છે. કથા કહેવાથી ગાથાનો અર્થ સમજાઇ જશે, તેથી શાલિભદ્રની કથા કહે છે. (૮૫)

## ૬૭. શાલિભદ્રની કથા -

ધન-ધાન્યથી સમૃદ્ધ એવું શાલિગ્રામ નામનું પ્રસિદ્ધ ગામ હતું, ત્યાં કોઇ વૈભવવાળા શેઠને ઘરે દરિદ્ર ધન્યા નામની દાસી કામ કરનારી હતી. તે દાસીને સંગમ નામનો એક મોટો પુત્ર હતો, તે લોકોનાં ગાય-વાછરડાંને ચરાવતો હતો. કોઈ વખત સંગમ માતા પાસે રુદન કરી ખીરની માગણી કરતો હતો, ત્યારે માતા પુત્રનો હાથ પકડીને સમજાવે છે, પરંતુ રુદન બંધ કરતો નથી, એટલે તેને દેખી માતા પણ પોતાના પતિનું સ્મરણ કરી ધન વગરની રડવા લાગી.

પાડોશણોએ એકઠી મળી રુદનનું કારણ પૂછ્યું એટલે હકીકત કહી રુદનનું કારણ નિવારણ કર્યું. હે બેન ! આ બાળકને કશી ખબર નથી કે, મારી પાસે ખીર કરવા ચોખા, દૂધ, ઘી, ખાંડ કાંઈ નથી; એટલે પાડોશણોએ મળીને સર્વ ખીરની સામગ્રી આપી.

માતાએ પણ ઘણા સ્વાદવાળી ખીર રાંધી, વિશાળ થાળીમાં પુત્રને ખીર પીરસીને તે બહારના કામે ચાલી ગઈ. ત્યારે તેના ઘરના દ્વારમાં ત્રણ ગુપ્તિવાળા તપસ્વી માસક્ષમણના પારણાના દિવસે આવી પહોંચ્યા. ત્યારે જેમા ગુણ-સમુદાય એકઠો થયો છે, તેવો તે સંગમ વિચારવા લાગ્યો કે, ‘ખરેખર મારો પુણ્યોદય કેટલો ઉત્તમ છે કે, આવા અવસરે મહાતપસ્વી સાધુ આવી પહોંચ્યા છે, તો આ શ્રેષ્ઠ સમગ્ર.ખીર તેમને વહોરાવું. આ જ અમૃત આહાર છે.’ ઉભો થઇને મોટો થાળ સારી રીતે લઇને મુનિને પ્રતિલાભે છે. મુનિ પણ તેના ભાવ દેખીને ખીર ગ્રહણ કરે છે.

ખીર આપીને તે એવો તૃપ્તિ પામ્યો કે જાણે આખા શરીર પર અમૃતથી સિંચાયો હોય.

અનુમોદના કરવા લાગ્યો કે, ખરેખર એવા અવસરે મુનિ આવી પહોંચ્યા કે, જે વખતે ખીરનો થાળ ભરેલો જ હતો. આનંદની વાત બની કે, મુનિસિંહના પ્રભાવથી દાન આપતાં મારો ભાવ ખંડિત ન થયો. થાળી ખાલી થએલી જોઇને માતાએ ફરીવાર પણ ખીર પીરસી અને ત્યાં સુધી ખાધી કે તે ધરાઈ ગયો. મહાયશવાળા તેને તે રાત્રે ખીર પચી નહિ અને તે જ દિવસે ત્યાં વમન થયું અને મૃત્યુ પામ્યો. સુપાત્રમાં દાન આપ્યું, તેથી ભોગ-સમૃદ્ધિ-સહિત મનુષ્યગતિનું આયુષ્ય બાંધ્યું, સુપાત્ર-દાન કામધેનુ, કલ્પવૃક્ષથી અધિક જગતનું મંગલ જયવંતું વર્તે છે.

હવે રાજગૃહી નગરીમાં પ્રસિદ્ધ સમૃદ્ધિવાળા ગોભદ્ર નામના સાર્થવાહ છે. તેને દાન-શીલગુણના સૌભાગ્યાતિશયવાળી ઉજ્જ્વલ યશવાળી ભદ્રા નામની ભાર્યા હતી. તે ગુણવંતી પતિને પ્રિય હોવા છતાં મનમાં અત્યંત દુ:ખી હતી, કારણ કે, ઘણા દેવોની પૂજા-માનતા કરવા છતાં તેને એકેય સુંદર અંગવાળ પુત્ર થયો ન હતો. કોઇક સમયે તે સ્વપ્નમાં શાલિક્ષેત્ર દેખે છે, તે સમયે દુ:ખનો અંત વળ્યો હોય તેમ હર્ષ પામી, સાર્થવાહ પાસે સ્વપ્નનો અર્થ પૂછ્યો, તો તેણે જણાવ્યું કે, લાંબા' હાથ સહિત તને પુત્ર-પ્રાપ્તિ થશે. આ પ્રમાણે તેના દિવસો અને મહિનાઓ પસાર થતા હતા. અનેક ગુણવાળો પેલો સંગમનો જીવ તેના ગર્ભમાં આવ્યો. શાલિક્ષેત્રમાં ભોગ ભોગવવાનો દોહલો થયો હતો.

નિરોગી અને શોક વગરની તે પ્રમાણે ભોગ માણવા લાગી. સારા લગ્નનો યોગ થયો, ત્યારે બાળકનો જન્મ થયો. જાણે ઉદયાચલપર સૂર્યનો ઉદય થયો, ગોભદ્ર અને ભદ્રાએ પોતાના ભવનમાં નિર્મળ ચિત્તથી જન્મોત્સવ પ્રવર્તાવ્યો. સૈનિકો, ભાટ, ચારણ વગેરે હાથમાં અક્ષતપાત્ર લઇને વધાવવા આવતા હતા, તેઓ જયકાર શબ્દ બોલતા હતા. અતિમોટા શબ્દોથી મનોહર વાજિંત્રો વાગતાં હતાં, લોકોને વસ્ત્ર અને મીઠાઇઓ તેમજ કર્પૂર વગેરે ઘણા સુગંધી પદાર્થો આપવામાં આવતા હતા.

ત્યારપછી સ્વપ્નાનુસાર ભદ્રાએ તેનું શાલિભદ્ર એવું નામ સ્થાપન કર્યું. જેમ નંદનવનમાં કલ્પવૃક્ષ વૃદ્ધિ પામે, તેમ પ્રૌઢસુખવાળા તે દરરોજ વૃદ્ધિ પામવા લાગ્યો. કામદેવના રૂપરેખાની કસોટી સમાન તે નવીન યૌવનવનય પામ્યો. પોતાના સૌભાગ્યાતિશયથી ખરેખર જાણે ભૂમિપર પરાધીનતાથી કોઈ દેવકુમાર આવ્યો હોય, તેમ તે શોભતો હતો. તેને સમાન વૈભવવાળા સુવર્ણસરખી કાંતિવાળી ૩૨ શેઠ કન્યાઓ સાથે પરણાવ્યો. તેમની સાથે અતિશય ભોગો ભોગવતો હતો, જેથી સમગ્રલોક અતિશય ચમત્કાર પામતા હતા.

પૂર્વભવના તેના પિતાને પુત્ર પર અતિશય સ્નેહ હોવાથી તે પિતા દેવ દરરોજ નવીન નવીન અખૂટ ખાવા-પીવાની દિવ્ય સામગ્રી તૈયાર કરીને મોકલી આપે છે. અને પુત્રના

સર્વ મનોરથો પૂર્ણ કરે છે. વળી દરરોજ પહેરવા યોગ્ય કપડાં નેત્રપટ્ટ, પ્રતિપટ્ટ, રેશમી કપડાં, ઉદરપટ્ટ, મણિ-સુવર્ણનાં કડાં, કુંડલ, મુગટ વગેરે આભૂષણો શાલિભદ્રના પલંક નીચે રાત્રે સ્થાપન કરતા હતા. વળી હંસરૂંવાટી સરખી સુંવાળી તલાઈ પણ પાથરી જતા હતા. દેવલોકમાં દેવો જેમ અપચ્છરાઓ સાથે તેમ શાલિભદ્ર પોતાની પ્રિયાઓ સાથે દિવ્યભોગ ભોગવતા હતા. વળી અગર, કર્પૂર આદિ સુગંધી પદાર્થો મહેંકતા હતા. સૂર્યનાં કિરણો પણ તેનાં અંગપર સ્પર્શ કરી જતા હતા.

કોઇક સમયે રાજગૃહીનગરીમાં ઘણી કિંમતી રત્નકંબલના વેપારીઓનો વણજાર આવેલ, જેઓ શ્રેણિકના દરબારમાં વેચવા માટે ગયા. કિંમત પૂછી, તો લાખો સોનૈયાનું મૂલ્ય જણાવ્યું, જેથી શ્રેણિકે તેમાંથી એકેય ખરીદી ન કરી. રાજકુળમાં કોઇ લેનાર ન મળ્યો, એટલે કંબલ વેચ્યા વગર નિરાશ બનેલા પરદેશી વેપારીઓ ત્યાંથી બહાર નીકળીને ભદ્રાશેઠાણીને ઘરે આવ્યા. મનમાં તેઓ વિચાર કરવા લાગ્યા કે, 'રાજા જે ખરીદી શક્યો નહિં, તેનો ગ્રાહક હવે કોણ મળવાનો છે ? ભદ્રાએ મૂલ્ય નક્કી કરી સર્વ રત્નકંબલો ખરીદ કરી લીધી. (૨૫) ત્યારપછી ચેલણારાણીને ખબર પડી કે, શ્રેણિકે એકે ય રત્નકંબલ ન ખરીદી, એટલે ચેલણાએ રાજાને ઠપકો આપતા કહ્યું કે, એક તો રત્નકંબલ ખરીદ કરીને મને આપવી હતી. એક જેટલું મૂલ્ય તમને ન મળ્યું ? શ્રેણિક રાજકાર્યમાં એવો પરોવાએલો હતો, જેથી તેનું લક્ષ્ય ન રહ્યું. વળી શ્રેણિકે તે વેપારીઓને આદર-પૂર્વક બોલાવી એક કંબલરત્ન આપવા કહ્યું. વેપારીઓએ કહ્યું કે, 'હવે એકપણ બાકી રહી નથી.' સર્વ તે ભદ્રા સાર્થવાહીએ સામટી ખરીદ કરી લીધી. એટલે રાજાએ ભદ્રા શેઠાણીને બોલાવી એકની માગણી કરી. ત્યારે ભદ્રાએ કહ્યું કે, 'રાજન્ ! મેં સર્વના ટૂકડા કરી શાલિભદ્રપુત્રની ભાર્યાઓને પગ લૂંછવા માટે આપી દીધા છે અને દરરોજ તેનો ઉપયોગ કરશે.'

સુંદર યશવાળો શ્રેણિક આ સાંભળીને ચમત્કાર પામ્યો અને વિચારવા લાગ્યો. કે, 'કામદેવની ઉપમાવાળો આ વણિક શાલિભદ્ર તેઓનો પતિ કેવો હશે ? સર્વથા સુખી પૃથ્વી પર રહેલા દેવકુમાર સરખી શોભાવાળા તેને મારે જરૂર દેખવો જોઇએ. એટલે રાજાએ ભદ્રાને કહેવરાવ્યું કે, 'નેત્રના ઉત્સવભૂત એવા શાલિભદ્ર પુત્રને અહિં લાવો.' ત્યારે સ્વામીએ કૃપા કરીને મારા ઘરે પધારવું. નિરુપાય થઇને હું આપને મારે ત્યાં પધારવાનું નિમંત્રણ આપું છું' - એમ કહીને પુરુષોને તેડવા મોકલ્યા.

રાજાએ તેમનું સન્માન કર્યું. એ વિષયમાં રાજાએ અનુમતિ આપી. ભદ્રા સાર્થવાહીએ તે સમયે ધ્વજા-પતાકા, તોરણો, ચીનાઈ કિંમતી વસ્ત્રોના ચંદરવા, હાર, હીરા, અંકરત્ન, માણિક્ય, ચકચકતાં બીજાં રતનો જડિત આભૂષણો શોભા માટે લટકાવ્યાં. તેના છેડા પર

લંબૂસકો (લટકતા દડા) ગોઠવ્યા. ભવનની ભીંતોને ઉજ્જ્વલ બનાવરાવી, વળી ઉપર ચિત્રામણ કરાવ્યાં. તેમ જ સુપ્રશસ્ત મંગળરૂપ કસ્તૂરીના પંજા (થાપા) દેવરાવ્યા.

મનોહર વિવિધ પ્રકારના રંગોથી રંગાવલિ તૈયાર કરાવી, તેના ઉપર રત્નાવલીનો સાથિયો કરાવ્યો: મલ્લિકા માલતી-પુષ્પોને ગૂંથાવી તેની માળાઓ અને દડાઓથી સુશોભિત સ્થાનો બનાવરાવ્યાં. કેળના સ્તંભોની શ્રેણીઓ ઉભી કરાવી. રાજમહેલથી છેક પોતાના ઘર સુધીના માર્ગો પર, દરેક દ્વારો પરવસ્ત્રની પટ્ટીઓથી અંકિત સુંદર વૃક્ષો, આમ્રવૃક્ષોનાં પાંદડાનાં બનાવેલાં તોરણોની શ્રેણી લગાડીને માર્ગ શોભિતો બનાવરાવ્યો.

માર્ગ ઉપર વસ્ત્રોના લાંબા લાંબા પટો બનાવીને સૂર્યને ઢાંકી દીધો, ચંદન વગેરે સુગંધી પદાર્થો ઘસીને પાણીનું મિશ્રણ કરીને સર્વ સ્થાનો પર છંટકાવ કર્યો. ત્યારપછી ચેલ્લણાદિક રાણીઓથી પ્રેરાએલો રાજા સર્વની સાથે ત્યાં જવા માટે તૈયાર થયો. હાથી ઉપર આરોહણ કરીને લોકોથી પરિવરેલો અંતઃપુર સહિત તમાશા બતાવનાર અને પગે ચાલનાર એવા પરિવાર-સહિત રાજા શાલિભદ્રને ઘરે પહોંચ્યા.

હે શાલિભદ્રની ભદ્રામાતાએ લોકોમાં ઉત્તમ અતિબળવાન શ્રેણિક રાજાને સુંદર સ્વાદવાળા ઘી આદિ સ્નેહથી ભરપૂર સારી રીતે તૈયાર કરેલ મશાલાથી ભરપૂર એવી રસવતીઓ બનાવરાવીને જમાડ્યા. તેમાં કસી કમી ન રાખી. ત્યારપછી નવીન નાગરવેલના અખંડ પાનનું બનાવેલ તાંબૂલ આપ્યું. મરકત, મોતી, માણિક, હીરા, તેમ જ શ્રેષ્ઠ સુંદર વસ્ત્રોનું ભેટણું આપ્યું.

હવે રાજા કહે છે કે, 'હે મહાસતી ! હજુ શાલિભદ્ર કેમ દેખવામાં આવતો નથી ? તો તેને બોલાવો. અથવા તો બોલાવવો રહેવા દો. તે ક્યાં રહેલા છે ? તે કહો, એટલે હું જાતે જઇને તેને ભેટું' (૪૦)

ત્યારપછી ભદ્રા માતા ઘરના ઉપરના સાતમા ભૂમિ ભાગમાં ચડીને પુત્રની પાસે પહોંચી. અને કહ્યું કે, 'આપણે ત્યાં શ્રેણિક આવીને રહેલા છે, તો વત્સ ! જરૂર તું તલભૂમિ પર નીચે આવ.' ત્યારે શાલિભદ્રે કહ્યું કે, 'હે માતા ! શ્રેણિક જે કરિયાણું તેનું મૂલ્ય મને કશી ખબર નથી. તમોને જે ઘણી ઓછી-વત્તિ કિંમત જણાય, તે આપીને ખરીદ કરી લ્યો, મારે એકદમ નીચે આવવાની શી જરૂર છે ?'

માતા કહે છે કે, 'હે ભાગ્યશાળી ! શ્રેણિક કોઈ ખરીદ કરવા લાયક કરિયાણું નથી. તે તો તારા અને મગધદેશના મોટા મહારાજા છે, માટે હે વત્સ ! નીચે ઉતરીને તેની સાથે જુહાર કર. સજ્જનો કોઈ દિવસ લોવ્યવહાર ટાળતા નથી, કે ઘરે આવેલાનું યોગ્ય

સન્માન-સત્કાર ન કરે.' આ સાંભળીને શાલિભદ્ર વિચારવા લાગ્યા કે, મારે પણ બીજા કોઇ સ્વામી છે ? એમ ધારીને મન દુભાણું. સાતમી ભૂમિથી છેક નીચે ભૂમિતલપુર આવી ઉત્તમ ભેટણું આપીને રાજાના પગમાં પડ્યો.

રાજાએ પણ તેને ઘણાં રત્નાભૂષણો આપ્યાં અને શ્રેણિકે તેને પોતાના ખોળામાં બેસાડ્યો. મીઠાં વચનોથી ભાવથી તેને બોલાવ્યો, પરંતુ તેનાથી શરીરનો સ્પર્શ ખમી શકાતો નથી, એટલે દુઃખ પામ્યા. તે વખતે મલ્લિકા-માલતી પુષ્પોની માળા કરમાઈ ગઇ, તે ક્ષણો મહામુશ્કેલીથી પસાર કર્યા. શ્રેણિકના ખોળામાં તેનું સુકુમાર શરીર ચળવળવા લાગ્યું, એટલે તે દેખીને રાજાએ કહ્યું કે, 'હે પુત્ર ! તું હવે તારા સ્થાને જા.'

હવે શ્રેણિક રાજાને ધારાગિરિ (યાંત્રિક ફૂવારાવાળા) મહેલમાં સ્નાન ક્રીડા કરાવવા લઇ ગયા, ત્યાં વિલાસ કરતાં કરતાં રાજાના હસ્તનું મુદ્રારત્ન જળની અંદર પડી ગયું. ઘણી તપાસ કરી પણ હાથ ન લાગ્યું. ભદ્રાથી આજ્ઞા પામેલ દાસી તે વાવડીના જળને ઠાલવવા લાગી, ત્યારે ઘણાં રત્નો તેમાં ભરેલાં હતાં, તેની અંદર રહેલ આ શ્રેણિકની મુદ્રા કાળા કોલસા જેવી ઓળખાઈ આવી.

આવાં ઝગમગતાં આભૂષણો ત્યાગ કરવાનું રાજાએ ભદ્રાને પૂછ્યું. ત્યારે કહ્યું કે, હંમેશાં નવાં નવાં ભાષૂણો શરીરપર પહેરીને બીજા દિવસે નિર્માલ્યની જેમ વાવડીમાં ફેંકી દે છે, તે સાંભળી રાજા મનમાં ચમત્કાર પામ્યો અને વિચારવા લાગ્યો કે, આ ભદ્રાના પુત્રે પૂર્વભવમાં ઘણું પુણ્ય કર્યું હશે. હવે રાજા ભદ્રાને પૂછીને પોતાના મંદિરે જઇને પવિત્ર ન્યાય-પૂર્વક રાજ્ય પાલન કરવા લાગ્યો. (૫૦)

હવે ઉપર આવીને શાલિભદ્ર તત્ત્વ વિચારવા લાગ્યો કે, 'ખરેખર હું નિર્ભાગી અતિપ્રમાદી બની ગયો છું. મારી. તરુણ તરુણીઓમાં ખૂબજ આસક્તિ કરીને મારું મનુષ્ય-જીવન નિષ્ફળ બનાવ્યું છે. મેં પૂર્વ જન્મમાં કંઈપણ સુકૃત-પુણ્ય કરેલું છે, તે કારણ અત્યારે દેવતાઈ ભોગ પ્રાપ્ત કર્યા છે. વળી મારા મનમાં એક વાત ખટક્યા કરે છે કે, 'હજુ મારા ઉપર બીજા સ્વામી પ્રાપ્ત થયા છે. અહિં તો પૂર્વભવમાં ઉપાર્જન કરેલ પુણ્ય-પાપના પ્રભાવથી ઘણો સુખનો ભોગવટો કર્યો, તો હવે આવો સુંદર ભાવ પ્રાપ્ત કરીને સમગ્ર ધર્મ કરવાની મતિ કરું, જેથી મોક્ષ અને સ્વર્ગનો માર્ગ સરળ થાય.

હવે તે સમયે અણચિંતવેલ-ઓચિંતા ઝરણા સમાન વિચરતા વિચરતા ધર્મઘોષ ગુરુ પધાર્યા. સમગ્ર સેના અને પરિવાર-સહિત શ્રેણિક રાજાએ ત્યાં જઇને તે ગચ્છાધિપતિને વંદન કર્યું. શાલિભદ્ર પણ ત્યાં આવી પહોંચ્યા અને આચાર્યની ગંભીર અર્થવાળી દેશના સાંભળી. નવીન નવીન થતા સંવેગ-વેગથી મનના અનેક પ્રકારના મેલને દેશના-જળથી

ધોઇ નાખ્યો. શાલિભદ્રે ગુરુને પૂછ્યું, એટલે ગુરુએ કહ્યું કે, 'જિનેશ્વરનાં સંયમથી સેવકભાવ થતો નથી. અર્થાત્ તારા ઉપર હજુ સ્વામીભાવરૂપે શ્રેણિક છે, તો તે સંયમથી ન થાય.'

કોઇથી ન રોકી શકાય તેવો વૈરાગ્ય થયો, ભાવમંગલની પ્રાપ્તિ થઈ, શુદ્ધમતિવાળા શાલિભદ્ર ભાવના ભાવે છે. મનમાં પ્રવ્રજ્યા અંગીકાર કરવાનો દૃઢ નિશ્ચય કરીને ઘરે આવીને માતાને વિનંતિ કરે છે કે, 'હે માતાજી ! આજે સૂરિ ભગવંત પાસે અત્યંત મનોહર શ્રમણ-ધર્મ મેં શ્રવણ કર્યો, તો હવે નાશ પામવાના સ્વભાવવાળા ભોગોથીમારું ચિત્ત વિરક્ત થએલું છે. તો હું તે ભોગોનો ત્યાગ કરીને નક્કી ચારિત્રનું પાલન કરીશ.'

આ વચન સાંભળી પ્રથમ તો માતાને મૂર્ચ્છા આવી ગઈ, પંરતુ મૂર્ચ્છામાંથી ભાન આવ્યું; ત્યારે માતાએ કહ્યું કે, 'વિજળી જેવાં વચનો તું ન બોલીશ. મને તો તું મારા મન, નેત્ર, જીવ, જીવિત સમાન છો. તારા વગર તો મારા પ્રાણ જલ્દી પલાયન થઇ જાય. તારા ઉપરના અતિશય સ્નેહાધીન થએલી તારી પત્નીઓને ટળવતી દેખીને હું મૃત્યુ પામીશ અને તે સર્વ પણ મૃત્યુ પામશે. તારું શરીર તો રસવાળા તાજા કલલ સરખું સુકુમાર છે, તેથી તું કઠોર ચારિત્ર પાલન કરી શકીશ નહિં. માટે ઉતાવળ ન કર.' આમ કહેવા છતાં પણ વ્રતનો નિશ્ચય ફેરવતો નથી. માતા મોટો નિઃસ્વાસ મૂકીને દીક્ષાની દુષ્કરતા કહે છે, તો પણ ક્રમે ક્રમે એક એક શય્યાનો ત્યાગ કરતો હતો. તે ખરબચડી કઠણ શય્યામાં સુઈ શકાય તેવી રીતે કાયાને કેળવી.

પોતાની માતાને મોહાન્ધકારથી, આંસુઓની ધારાઓને વરસાવતી જોઇને, જનનીએ જે કહ્યું, તે તેણે સ્વીકાર્યું. માતાને તે સર્વ લક્ષણવાળો એક જ પુત્ર હતો.

હવે મુષ્ટિ-ગ્રાહ્ય કટીવાળી શાલિભદ્રની બહેન ધન્યસાર્થવાહની પત્ની ધન્યને શરીરે અભ્યંગન કરતી હતી, ત્યારે રુદનના અશ્રુજળ પડવાથી પતિએ તે સમયે પૂછ્યું કે, 'તારું અપમાન કોણે કર્યું છે ? ત્યારે પ્રત્યુત્તરમાં કહ્યું કે, 'હે પ્રાણપ્રિય ! તમો પતિ છો, ત્યાં સુધી કોઇ મારું અપમાન કરી શકે તેમ નથી, પરંતુ મારા ભાઈ શાલિભદ્ર દીક્ષા લેવા તૈયાર થયા છે અને દરરોજ એક એક શય્યાનો-પત્નીનો ત્યાગ કરે છે. એટલે ભાગ્યશાળી ધન્નાજીએ તેને કહ્યું કે, અરે ! જગતમાં તે હલકો અને, કાયર પુરુષ ગણાય છે, જે એક જ સપાટામાં સ્નેહને કાપી નાખતો નથી, તેનુ નામ પણ કોણ બોલે ? પત્નીએ ધન્નાને કહ્યું કે, 'જો તમે ખરેખરા શૂરવીર જ છો, તો આજે કેમ તમે સાધુ થતા નથી ?' ત્યારે તેણે કહ્યું કે, 'હું આટલી જ રાહ જોતો હતો કે તું કઇક બોલે. હવે હમણાં જ તારે મને વ્રત લેતો દેખવો.'

આમ કહેતાં તો તે ફરી દશગણું રુદન કરવા લાગી, જાણે ઉપર વજ્ર આવીને પડ્યું હોય, પતિના વિહરમાં બળતી કહેવા લાગી કે, 'હે સ્વામી ! આ તો મેં તમારી મશ્કરી કરી હતી. ખરેખર તમે તો તમારા બોલ સાચા ઠરાવ્યા. અરેરે ! ભારે થઈ પડશે. હે પ્રાણેશ ! જો તમારો આ નિશ્ચય ખરેખર સાચો જ હશે, તો હું પણ પ્રવ્રજ્યા અંગીકાર કરીશ.'

ચૈત્યાલયોમાં જિનેશ્વર ભગવંતોની ઉત્તમ પ્રકારની પૂજાઓ મહોત્સવ કરાવ્યા, બીજાં પણ કરવા યોગ્ય સારભૂત કાર્યો કર્યાં, સગાં-સંબંધીઓને આમંત્રણ આપી એકઠા કર્યા, હજાર મનુષ્યો વહન કરી શકે તેવી શિબિકામાં બેસીને દીનાદિક મનુષ્યોને દાન આપતા તે શોભતા હતા. જ્યાં વીર ભગવંત સમવસરણમાં હતા, ત્યાં પહોંચ્યો અનેપત્ની સહિત દેવાધિદેવે તેને દીક્ષા આપી.

આ પ્રમાણે દેવતાઓની સાક્ષીએ પ્રભુએ તેને દીક્ષા આપી, તે સમાચાર શાલિભદ્રના જાણવામાં આવ્યા, એટલે તે અતિચિંતાવાળા થઇ કહેવા લાગ્યા કે, 'ખરેખર તેણે મને હરાવ્યો, હોડમાં મારી આગળ નીકળી ગયા. શાલિભદ્રે પણ નિરુપદ્રવપણે દીક્ષાની તૈયારી કરી, જિનબિંબોની, સંઘ વગેરેની પૂજા તથા પ્રભાવનાદિક કાર્યો કર્યાં. નવીન નવીન અંગમર્દન, સ્નાન, વિલેપન વગેરે કરાવી સુગંધી હરિચંદન રસ વગેરેથી શોભિત થયો.'

વળી કડાં, કુંડલ, મુગુટ વગેરે આભૂષણોથી શણગારેલ શ્વેત રેશમી વસ્ત્ર પહેરી, રત્નજડિત સુવર્ણશિબિકામાં બેઠેલો, અપૂર્વ શિવસુખમાં લીન મનવાળો સુંદર વાજિંત્રોના શબ્દાડંબર-સહિત શાલિભદ્ર મહાવીર ભગવંતના સમવસરણમાં પહોંચ્યો. ભગવંતે પણ પોતાના હસ્ત-કમળથી તેને દીક્ષિત કર્યા. ત્યારે જાણે અમૃતથી સિંચાયા હોય તેવા આનંદિત બન્યા અને ત્યારપછી શિક્ષા ગ્રહણ કરી.

શાલિભદ્ર અને ધન્ય એ બંને મુનિઓએ ૧૧ અંગોનો અભ્યાસ કર્યો. અસંગ એવા તે બંને ભગવંતની સાથે પૃથ્વીમાં વિચરતા હતા. સત્યમાં રક્ત એવા તેઓ રસના સર્વથા ત્યાગ રૂપ મહિનાના ઉપવાસ કરીને રહેલા હતા. વળી બે, ત્રણ, ચાર, પાંચ માસના ઉપવાસ કરવામાં પ્રીતિવાળા, પ્રશમ, સ્વાધ્યાય, સુંદર ધ્યાન, શ્રદ્ધા, વિધિ, કષ્ટકારી અનુષ્ઠાન આચરવામાં જ લીન મનવાળા, જેમના શરીરમાંથી રસ, લોહી, ચરબી, માંસ, મજ્જા શોષાઇ ગયાં છે, એવા તે બંને માત્ર શુષ્ક હાડકાં, નસો અને ચામડીવાળા દેખાય છે. હવે સર્વના પરમેશ્વર એવા વીર ભગવંત વિચરતા વિચરતા આનંદપૂર્વક પોતાના પરિવાર-સહિત કર્મયોગે તે રાજગૃહી નગરીમાં પહોંચ્યા. (૭૫) માસક્ષમણનું પારણું આવી પહોંચ્યું, ત્રણગુપ્તિવાળા જ્યારે વહોરવા માટે જતા હતા, ત્યારે પ્રભુએ શાલિભદ્રને કહ્યું, આજે સુખેથી તું માતાના હાથથી વહોરીશ.

ઘરે ઘરે ગોચરી માટે ફરતા હતા, ત્યારે બંને ભદ્રાના ઘરના આંગણામાં પહોંચ્યા, પરંતુ આજે ભદ્રામાતા પુત્રનાં દર્શન કરવા માટે ઉત્કંઠિત થએલી હોવાથી તે વહુના ઘણા પરિવાર સાથે વંદન કરવા ચાલી. ઉતાવળા ઉતાવળા તે સર્વ ત્યાં પહોંચવા માટે બીજું કોઇ લક્ષ્ય ન આપતાં આંગણામાં ઉભેલા છતાં તેમને માતાએ ઓળખ્યા પણ નહિં.

પાછા વળીને જ્યારે પ્રભુ પાસે આવતા હતા, ત્યારે માર્ગમાં તેઓને મહિયારી-ગોવાલણે દેખ્યા. જેના દેહમાં પ્રીતિરાગ પ્રસરેલો છે. તેથી રોમરાજી વિકસિત બનેલી છે, ફરી ફરી પ્રણામ કરીને હર્ષાશ્રુ વહેવડાવીને દહીં ભરેલી એક મટકી ઉપાડે છે અને સ્તનમાંથી દૂધ ઝરાવતી વહોરાવે છે. તે ઉત્તમ મુનિવર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી શુદ્ધિનો વિચાર કરી હિતકારી ગુણયુક્ત દહીં ગ્રહણ કરે છે. અને પ્રભુ પાસે પહોંચીને પૂછે છે કે, 'આજે મને માતાએ વહોરાવ્યું નથી. પ્રભુએ શાલિભદ્રને કહ્યું કે, 'જેણે તેને દહીં વહોરાવ્યું, તે નક્કી તારી ગયા ભવની માતા છે.'

ત્યારપછી તેની વિચારણા કરતા, પ્રભુને પ્રણામ કરતાં તેને જાતિસ્મરણજ્ઞાન થયું એટલે તે કામ કરનારી પોતાની માતા, પોતાનું ગોવાળપણું યાદ આવ્યું. શાલિભદ્રે તે ક્ષણે પોતાનો તીક્ષ્ણ દુઃખયુક્ત ભવ જાણ્યો. હવે પોતાના શરીરમાં મેદ, માંસ, મજ્જા વગેરે ધાતુઓ શુષ્ક બની ગઇ છે. હવે પોતાનું શરીર સાધન માટે અસમર્થ છે એટલે માતાએ જે દહિં વહોરાવ્યું હતું, તેનાથી પારણું કરી તે અને બીજા ધન્યમુનિએ પ્રભુ પાસે અનશન કરવાની આજ્ઞા માગી. વીર ભગવંતે પણ તે બંનેને અનુમતિ આપી એટલે તે જ ક્ષણે તે બંને ગુણનિધિઓ શ્મશાનમાં પહોંચ્યા.

પાદપોપગમન અનશન સમાધિ-પૂર્વક કરીને મનની અંદર પરમેષ્ઠી અને તીર્થ સ્થાપન કરીને સ્થિરતાથી રહેલા છે. આ સમયે વહુઓની સાથે ભદ્રા સાર્થવાહી પ્રભુની પાસે પહોંચી. પ્રભુને વંદન કરીને પૂછ્યું કે, 'હે સ્વામિ ! શાલિભદ્ર કયાં રહેલા છે, ત્યારે ભગવંતે કહ્યું કે, 'તારે ઘરે ધન્ના મુનિ સાથે તે ગયા હતા. થોડી વખત ઘરના આંગણામાં રોકાઇને ઉભા રહ્યા, પછી જાણ્યું ક, આપણને નિઃશંકપણે ઓળખ્યા નથી. એટલે પૂર્વજન્મની મહિયારી માતાએ માર્ગમાં દહીં વહોરાવીને પારણું કરાવ્યું.'

સર્વ જીવોને ખમાવીને અહિંથી સારી રીતે જેમ મોટા પર્વતની ગુફામાંથી કેસરી બહાર નીકળે, તેમ તે નીસરી ગયા. (૮૬) પાદપોપગમ અનશનની આરાધના, પરભવની સાધના કરતા અને સમાધિમાં મુનિ રહેલા છે. એટલે મનમાં શોકવાળી આંગણે આવેલા પુત્રને ન ઓળખ્યાનું શલ્ય રહેલું છે - એવી માતા ત્યાં ચાલીને ગઈ અને જેમ વૃક્ષ ભૂમિ પર પડેલું હોય, તેવા પુત્રમુનિને દેખે છે. ત્યાં અતિવિશાળ ભૂમિભાગમાં તેવી અવસ્થામાં

રહેલી કાયાને ભદ્રા દેખીને સર્વ વહુઓ સાથે નમન કરીને રુદન કરવા લાગી કે, 'મારા જેવી બીજી કોણ નિર્ભાગી છે ? ઘરના આંગણામાં આવેલા પુત્રને મેં ન ઓળખ્યો, તે નિર્બલ કાયાવાળાને વંદન કરી વહોરાવ્યું પણ નહિં. ખરેખર મહિયારી તે તારી કૃતાર્થ માતા કે, જેણે માર્ગમાં હે પુત્ર ! દહિં વહોરાવ્યું.'

ક્યાં હંસના રુંવાડાની બનાવેલી કોમળ શય્યા, પલંગમાં શયન કરવું અને ક્યાં કાંકરાં, કાંટા, પથરાવાળા સ્થાનમાં પડી રહેવું ? ક્યાં પોતાના ઘરમાં પુષ્પ, કમલ, કર્પૂર, કસ્તૂરી આદિની સુગંધ અને ક્યાં શ્મશાનમાં કોહાઇ ગએલા મડદાની અતિસજ્જડ દુર્ગંધ ? ક્યા તરુણીઓના તરંગવાળા સંગીતના મધુર શબ્દો અને ક્યાં શ્મશાનમાં શિયાળ-સમૂહના ફેત્કાર શબ્દો ? સુખમાં લાલન-પાલન થએલ અને ઉછરેલ એવા શરીરવાળા હે વત્સ ! તું આવા પ્રકારનાં દુઃખો કેવી રીતે સહન કરે છે ? હે ધન્ય ! તું પણ ખરેખર ધન્ય જ છો કે, અતિપુણ્યવંત એવા શાલિભદ્રને તેં એકલા સૂના ન મૂક્યા.

આ પ્રમાણે કરુણ વિલાપ કરતી મહાદુઃખાગ્નિ પામતા માતા સંધ્યા સમયે ઘરે ગયાં. ત્યારપછી તે બંને મુનિવરો મેરુ પર્વતની જેમ અતિસ્થિર, શુક્લધ્યાન કરતાં તેમાં જ એકાગ્ર રંગવાળા ઉપસર્ગ-સમૂહના સંસર્ગ-માર્ગમાં સ્વભાવથી જ લેશ પણ ચલાયમાન ન થયા. આ પ્રમાણે તેઓ બંને ક્ષીણાયુષ્યવાળા થયા એટલે તે બંને અદ્ભૂત સર્વાર્થસિદ્ધિમાં ઉત્તમ પ્રકારના દેવ થયા. ત્યાંથી મુક્ત થઇને મનુષ્ય ભવ પામશે અને નિશ્ચે કરીને અહિં સિદ્ધિગતિ પામશે. (૮૪)

**શ્રી શાલિભદ્ર સન્ધિ પૂર્ણ થયો.**

સૂત્ર ગાથામાં મણિઓ એટલે ચન્દ્રકાંત, સૂર્યકાંત મણિઓ, કનક એટલે સુવર્ણ, રત્નો-રત્નકંબલ વગેરે, ધન એટલે ચોપગાં જાનવર વગેરે દ્રવ્યો. (૮૫)

કયો વિચાર કરીને શાલિભદ્ર ઘરમાં વિષયો તરફ અભિલાષા-રહિત થયા, તે કહે છે-

न करंति जे तव-संजमं च ते तुल्ल-पाणि-पायाणं ।
पुरिसा समपुरिसाणं, अवस्स पेसत्तणमुविंति ।।८६।।

सुन्दर-सुकुमाल-सुहोइएण विविहेंहि तवविसेसेहिं ।
तह सोसविओ अप्पा जह नवि नाओ सभवणेऽवि ।।८७।।

दुक्करमुद्धोसकरं, अवंतिसुकुमालमहरिसी-चरियं ।
अप्पा वि नाम तह तज्जइ त्ति अच्छेरयं एअं ।।८८।।

જેઓ મનુષ્ય-જીવન પામીને બાર પ્રકારનું તપ અને સત્તર પ્રકારનો સંયમ પાળતા નથી, તેઓને હાથ, પગ અને આકૃતિ સમાન હોવા છતાં તેવા પુરુષો સેવકપણું પામે છે. શાલિભદ્રે એ જ વિચાર કર્યો કે, શ્રેણિક અને મારામાં હાથ, પગ, આકૃતિમાં કંઇ પણ વિશેષતા નથી. તેનુંકારણ કે, પૂર્વ ભવમાં મેં કઇ પણ તપ, જપ, સંયમ સુકૃત કર્યું નથી, આમ વિચારી તેણે ચારિત્ર લીધું.

અતિરૂપવાન અને સુકુમાળ શરીરવાળા તથા લાલન-પાલન કરેલી ઇન્દ્રિયવાળા શાલિભદ્રે અતિકષ્ટમય આકરાં ઉગ્ર તપ કરીને કાયા એવી સૂકવી નાખી કે, જેને પોતાના ઘરમાં માતા કે પત્નીઓએ પણ ન ઓળખ્યા. તેમ જ ઘરના નોકર-ચાકરોએ પણ ન ઓળખ્યા. (૮૬-૮૭)

અવંતિ સુકુમાલ મહર્ષિનું ચરિત્ર, દુષ્કર અને સાંભળતાં પણ રૂંવાડાં ઉભા થઈ જાય તેવું આશ્ચર્યકારી છે. પોતાના દેહને પણ એવી રીતે ત્યજી દીધો કે, જે સાંભળતાં પણ નવાઈ લાગે. (૮૮)

## ૬૮. અવંતિસુકુમાલની કથા કહે છે -

અહિં અવંતી નામની નગરી હતી, તેમાં ઉંચા શિખરવાળાં મનોહર મંદિરો શોભતાં હતાં. તેમાં વળી સારી રીતે નૃત્યાદિક મહોત્સવો પ્રવર્તતા હતા. જે નગરીના ચૌટા, ચોક, ચાર માર્ગો, હાટો વગેરે સ્થળોમાં મનોહર શબ્દ કરતી સુવર્ણની સેંકડો ઘુઘરીઓવાળી પવનથી લહેરાતી પલ્લવવાળી જાણે 'સર્વ નગરોથી હું ચડિયાતી છું' એમ ધ્વજપટો વડે જાણે બીજાને તિરસ્કારતી ન હોય !

જ્યાં દ્વારો પર શ્રેષ્ઠ સોનાના કલશો દીપી રહ્યા છે, જ્યાં પસરતાં નેત્રોની કીકીઓ દીપી રહી છે, બહુ પ્રતાપવાળી જે નગરી જોતી છતી અનુરાગી ચિત્તવાળા પ્રત્યે હાવ-ભાવ કરતી હોય-તેવી જણાય છે.

જ્યાં ઘરે, દ્વારે, હાટે સેતુ છે. સૂરિઓના પ્રભાવે પ્રભાવિત છે, તેમાં ભ્રાન્તિ નથી, પોતપોતાના માર્ગમાં લાગેલાં પસરેલા પ્રભાવ વડે સમગ્ર દર્શનો ગૌરવિત થાય છે.

જ્યાં આગળ ઊંચા કિલ્લાના મનોહર તલ ભાગમાં હંમેશા સિપ્રા-નદીનો પ્રવાહ વહી રહેલો છે, ત્રિભુવનમાં પ્રસિદ્ધ એવી જાણે સાચી ખાઇ હોય એવો લૌકિક કલિકાળનું પ્રશસ્ત તીર્થસ્થાન હતું. ત્યાં આગળ જંગમતીર્થ-સ્વરૂપ ઉત્તમ હસ્તિ સમાન એવા શ્રી આર્ય સુહસ્તિસૂરિ કે જેઓ અખંડિત સ્થિર દશ પૂર્વને ધારણ કરનાર હતા. તેઓ અનિશ્રિત સુખ-પૂર્વક વિહાર કરતા કરતા અહિં આવી પહોંચ્યા. જીવિતસ્વામીની પ્રતિમાના ચરણ-

કમળમાં આવી સુખ-પૂર્વકં વંદના કરી. ત્યારપછી આચાર્ય ભગવંતે એક મુનિયુગલને નગરમાં સાધુઓને ઉતરવા યોગ્ય વસતિની તપાસ કરવા માટે મોકલ્યા.

સામંત, મંત્રી, સાર્થવાહને ત્યાં વસતિની તપાસ કરતા ભદ્રા નામની સાર્થવાહીને ત્યાં ગયા અને આચાર્ય ભગવંતે અમને મોકલ્યા છે, તો વસતિ આપો. તેણે મોટા પ્રમાણવાળું સાધુને ઉતરવા સ્થાન આપ્યું. આર્ય સુહસ્તિ સ્વામી તમારા પર ઉપકાર કરશે, માટે તમો તે લાભ લો એમ કહ્યું, એટલે વગર-વપરાશની મોટી યાનશાળા છે. બંને સાધુઓને તે ત્રસ, પ્રાણ, બીજ, પશુ, નપુંસક આદિથી રહિત, ઘણી વિશાળ વસતિ આપીને તે ચાલી ગઈ. ત્યારપછી તે સંઘાટકે આવી સર્વ હકીકત જણાવી એટલે ઉત્તમહસ્તિ જેવી શુભગતિવાળા આર્યસુહસ્તિસૂરિ સર્વ પરિવાર સહિત ભદ્રા શેઠાણીને ઘરે આવ્યા. ઉત્તમ-સંયમ અને શુદ્ધમતિવાળા તેઓએ વસતિની અનુજ્ઞા મેળવી.

સાર્થવાહી ભદ્રા શેઠાણીને કામદેવ સમાન કાંતિવાળો તરુણ તરુણીનો મનને મોહ પમાડનાર જેના યૌવનને દેખીને તેવા શ્રેષ્ઠ મનોહર યૌવનની અભિલાષા કરાવનાર, મહાસરોવરની સેવાલ સમાન અતિશય કોમલ સૌભાગ્યવાળા, જેમ સરોવરમાં કમળ ઉપર ભ્રમરોની શ્રેણી લગાતાર રહેલી શોભે, તેમ મસ્તક પર શ્યામ કેશવાળો, પૂર્ણિમાના ચંદ્ર સરખા મુખવાળો, સ્ફટિક અને દર્પણતલ સરખા ગંડસ્થલ (ગાલ)ની શોભાવાળો, મેરુપર્વતની શિલા સમાન અને કામદેવના નિર્મલ પાસા સમાન વક્ષઃસ્થલવાળો વિશાળ સાથળ અને કટીવાળો નવીન વિકસિત લાલકમળ સરખા હાથપગયુક્ત અવંતિ સુકુમાલ નામનો પુત્ર હતો.

હિમવાન પર્વત સરખા નિર્મલ અને ઉંચા મંદિરના સાતમા ભૂમિતલપર પોતાની ૩૨ ભાર્યાઓ સાથે દેવલોકમાં દેવ-દેવીઓની જેમ પાંચ ઇન્દ્રિયોનાં મુક્ત રતિસુખની ક્રીડા કરતો હતો. કોઇક સમયે રાત્રિના પ્રથમ પહોરમાં શ્રી આર્યસુહસ્તિસૂરિજી નલિની ગુલ્મ વિમાન-વિષયક આગમનું અધ્યયન ગુણતા હતા, ત્યારે ગુણાધિક ધીર મહાપુરુષની મધુર વાણી કુમારે સાંભળી, વિચાર કરવા લાગ્યો કે, 'આ કોઈ કિન્નર કે તેના કોઇ સેવક હશે કે તુંબરું કુકુને મધુર કંઠ હશે ?' તેના કર્ણપ્રિય સંગીતના શબ્દો સાંભળી ઘણો તુષ્ટ થયો.

અવંતિસુકુમાલ આવો મધુર સ્વર સાંભળીને સાતમી ભૂમિથી છઠ્ઠી ભૂમિએ નીચે ઉતર્યો. છઠ્ઠી ભૂમિએ સ્પષ્ટ સંભળાવા લાગ્યું. એક માત્ર શ્રવણેન્દ્રિયના વિષયમાં એકતાન બની ગયો. જેમ જેમ શબ્દો કાનમાં પ્રવેશ કરે છે, તેમ તેમ તેનું હૈયું અને શરીર વિકસિત થાય છે, જેમ જેમ આગમના અર્થોની વિચારણા કરે છે, તેમ તેમં ઉતરીને નીચે નીચેની ભૂમિએ ઉતરી આવે છે, આગમનો અર્થ વિચારતાં જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થાય છે અને

આગલા ભવમાં ભોગવેલ સુંદર નલિનીગુલ્મ વિમાનનું સુખ સ્મરણ કરે છે. મનુષ્યભવના ભોગોથી વિરક્ત થાય છે અને અહિંના સર્વ સુખને નક્કી કેદખાનાના દુઃખ સ્વરૂપ ગણે છે.

ત્યારપછી તે એકદમ આચાર્ય ભગવંત પાસે પહોંચ્યો, પ્રણામ કરી બે હાથની અંજલિ જોડી આગળ આવી પૂછવા લાગ્યો કે 'હે ભગવંત ! નલિનીગુલ્મ વિમાનનું સ્વરૂપ પ્રરુપતા એવા આપે શું તે પ્રગટ અનુભવ્યું છે ? ત્યારે આચાર્યે કહ્યું કે - 'હું તે ઉત્તમ વિમાનમાંથી અહિં આ મનુષ્યગતિમાં નથી આવ્યો, તો પણ તું જાતિસ્મરણથી જેટલું સ્મરણ કરે છે, તે હું સૂત્રના આધારે તેવું જ જાણી શકું છું.' 'હે પ્રભુ ! ત્યાં જવા માટે હું એકદમ ઉત્કંઠિત થયો છું. જેવી રીતે ત્યાં જઇ શકાય તેનો ઉપાય યથાર્થ કહો. ત્યારે આચાર્ય ભગવંતે કહ્યું કે, 'હે મહાસત્ત્વ ! દીક્ષાની શિક્ષાથી ત્યાં જઈ શકાય, તે સિવાય બીજા કોઇ રસ્તે તે વિમાનમાં નજઇ શકાય." તો હે સ્વામી ! તે દીક્ષા અને શિક્ષા મને ત્યારે જ આપો, જેથી તેને યથાર્થ આચરીને ત્યાં જાઉં.'

ગુરુએ કહ્યું કે, સાર્થવાહી તારી ભદ્રા માતાએ દીક્ષા આપવાની સુંદર સમ્મતિ મને આપી નથી, તેથી હે વત્સ ! તો હું તને દીક્ષા કેવી રીતે આપું ?' 'હે નાથ ! ક્ષણવારનો પણ હવે કાલવિલંબ હું સહન કરી શકતો નથી. હું મારી જાતે જ દીક્ષા ગ્રહણ કરીશ આ મારો દૃઢ નિશ્ચય છે.' આ પ્રમાણે કુમારનો દૃઢ નિશ્ચય જાણીને, લાભ જાણીને 'રખે પોતાની મેળે દીક્ષા ગ્રહણ કરે' તેથી આચાર્યે દીક્ષા આપી. સાહસવીર સાધુ થયો. (૨૫)

હે વત્સ ! પવિત્ર ચારિત્ર તું પામ્યો છે, તો જગતમાં લાંબા કાળ સુધી તેનું પાલન કરજે. સુંદર રીતે પાલન કરવાથી સ્વર્ગ અને અપવર્ગ-મોક્ષને સાધી આપનાર થાય છે. નવીન સાધુએ નમસ્કાર કરીને વિનય-પૂર્વક જણાવ્યું કે, 'હે સ્વામી ! હું આજે જ તેને સાધીશ, નલિની ગુલ્મ વિમાનના ભોગ-સુખનો અતિશય ઉત્કંઠિત બનેલો અત્યારે જ મનુષ્ય-આયુષ્યથી મુક્ત થઇ ત્યાં પ્રયાણ કરું છું.'

હવે અવંતિસુકુમાલ મુનિ ગુરુ પાસેથી નીકળ્યા, બોરડી કંથારી બાવળનાં કાંટાળા જંગલમાં પહોંચ્યો. છેદાએલા વૃક્ષ શાખા માફક સુંદર યશ વિસ્તારતો સાહસવીર ત્યાં જમીન પર પડ્યો. માર્ગમાં પગમાં કાંટા ભોંકાયા હતા, તેના લોહીની ગંધ આવવાથી અનેક નાના બચ્ચા સહિત એક શિયાળણી ત્યાં પહોંચી. પગથી એક બાજુ શિયાળણી અને બીજી બાજુ તેનાં બચ્ચાંઓ રાત્રે તે મુનિના શરીરને ભક્ષણ કરવા લાગી. પહેલા પહોરમાં ઢીંચણ સુધીનો, બીજા પહોરમાં સાથળના અગ્ર ભાગ સુધી, ત્રીજાપહોરે નાભિના ભાગ સુધી શિયાળે મુનિના દેહનં ભક્ષણ કર્યું. સ્થિરમનવાળા મુનિ આ સમયે પંચત્વ પામ્યા.

અનિત્યાદિક ભાવના ભાવતા, દેહ-પીડા સહન કરતા, કોઈ ઉપર કે શિયાળ ઉપર

કોપ ન કરતા નવીન પુણ્યોપાર્જન કરી પુણ્યની ખાણ સમાન નલિનીગુલ્મ વિમાનમાં ઉત્પન્ન થયા. અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને તે જ્ઞાની દેખે છે, તો રાત્રે મસાણમાં પોતાનું અર્ધ-ખાધેલું શરીર કંથારી વનમાં દેખ્યું.

બચ્ચાંઓ સહિત શિયાળે અર્ધ ફોલી ખાધેલ શરીર ઉપર કસ્તૂરી, કેસર, પુષ્પકમલથીમિશ્રિત નિર્મળ જળવૃષ્ટિ કરી. વળી તે સ્થલે પોતાની દેવાંગનાઓ સહિત આવીને પોતાનું શરીર ત્યાં સ્થાપન કરીને ત્યાં ચપળ અતિતીક્ષ્ણ લાખો કટાક્ષ કરતી વિકસિત શિરીષ-પુષ્પ સરખી સુકુમાલ શરીરવાળી, સ્થિર વિશાળ સ્તનવાળી અપ્સરાઓ સાથે ત્યાં આનંદ માણવા લાગ્યો કે, આ શરીર દ્વારા આ દેવલોક મેં પ્રાપ્ત કર્યો છે. વળી શ્રેષ્ઠ કલ્પવૃક્ષનાં પુષ્પો અને મંજરીયુક્ત, બાવના ચંદનના ઘસેલા વિલેપન કરવા પૂર્વક રોગ-શોક વગરનો તે નવીન દેવ પાંચ ઇન્દ્રિયોને અનુકૂળ એવા ઘણાં ભોગ અને ઉપભોગ ભોગવવા લાગ્યો. ત્યાં નલિનીગુલ્મ વિમાનમાં એકાગ્ર મનથી વિષયાસક્ત બની તેમ જ નંદીશ્વરદ્વીપેજઇને અસંખ્યાતા વર્ષો સુધી પ્રભુ મહોત્સવના મહિમા કરશે.

આ બાજુ સુકુમાલકુમારની ભાર્યાઓ પોતાનાં નેત્રો વિશાળ કરીને વાસભવનમાં અને માર્ગોમાં તપાસ કરવા લાગી, રાત્રિનો પહોર પૂર્ણ થયો, છતાં પાછા ન આવ્યા, ત્યારે આંગણામાં તપાસ કરવા નીકળી. ઘરની અંદર ફરીને જોઈ વળી પણ ક્યાયં પતિને ન દેખતાં હૃદયમાં ધ્રાસકો પડ્યો. રુદન કરતાં કરતાં સાસૂને હકીકત જણાવી કે, 'ઘણી તપાસ કરી પણ નાથ ક્યાંય દેખાતા નથી.' સાર્થવાહી પોતે ઘરમાં, બહાર, બગીચામાં જુવે છે, પણ દેખાતો નથી, પત્નીઓનો સમૂહ એકઠો મળી રુદનકરવા લાગ્યો, પરિજન, સ્વજન સ્નેહી સંબંધી દરેક શોક કરવા લાગ્યા.

શ્રી આર્યહસ્તિસૂરિએ સાર્થવાહીને બોલાવીને રુદન બંધ કરાવીને રાત્રિએ બનેલા વૃત્તાન્તને સારી રીતે કહી સંભળાવ્યો. તો સાર્થવાહીએ કહ્યું કે, 'તેણે યુક્ત કર્યું, પોતાની મેળે જ વૈરાગ્યપામ્યો, પોતે જ લિંગ ગ્રહણ કર્યું, લોચ પણ મસ્તકે પોતે જ કર્યો અને પછી અમે દીક્ષિત કર્યો, તેમાં કશું અયુક્ત નથી કર્યું. ઘરમાં રહીને ધર્મક્રિયા કઈ કરી શકાય ?

ફરી પૂછ્યું, 'હે સ્વામી ! તે અત્યારે ક્યાં હશે ? મત્ત હસ્તી સરખા તે વીર સાહસિકને વંદન કરું' ગુરુએ દિવ્યજ્ઞાનરૂપ શ્રુતનો ઉપયોગ મુક્યો અને કહ્યું કે, તેણે અડોલપણે મહાઉપસર્ગ સહન કર્યો છે, એ સર્વ હકીકત જણાવી. એટલે સર્વ વહુની સાથે સાર્થવાહી નવીન સાધુના ચરણની સેવા માટે ચાલી. જ્યાં તે મસાણનું સ્થળ દેખ્યું, એટલે મહાશોકાવેગથી ક્લેશ પામ્યા. પોતાના તત્કાળ જન્મેલાં બચ્ચાં સાથે શિયાળે અર્ધ ખાધેલું શરીર કંથારીના કાંટાળા જંગલમાં દેખ્યું, એટલે પોક મૂકીને મહારુદન કરવા લાગી. તેના પરિવારે પણ

અશ્રુધારા વહન થાય તેવાં મોટાં રુદનો કર્યાં.

'હે વત્સ ! હે વત્સલ ! હે ચતુર પુત્ર ! ગુણીઓમાં અગ્રેસર ! અમારા પ્રત્યે આવું કાર્ય કેમ કર્યું ? હું કેવી મહાઅનર્થમાં -દુઃખમાં પડી, મારા જેવી બીજી કોઈ સંસારમાં આવા મહાદુઃખવાળી નથી. હે નિર્મળ હૃદયવાળા સુંદર ચારિત્ર કરવામાં શૂરવીર ! મને ક્રૂર યમરાજાએ ઉંડા કૂવામાં ધકેલી દીધી, મેં કે વહુઓએ તારો સર્વથા કોઇ અવિનય કર્યો નથી.' આ પ્રમાણે તેના ગુણોનું સ્મરણ કરીને દીર્ઘકાળ રુદન કરીને પહેલાં જે તે સાધુના શરીરની દેવે પૂજા કરી હતી, તેની પૂજા ફરી કરી. કાલાગુરુ, ચંદન વગેરે સારા પદાર્થોથી સત્કાર કરી તે વાસમાં તે સાધુનું તીર્થ સ્થાપ્યું. વહુઓની સાથે ક્ષિપ્રા મહા નદીના કિનારે જઇને નેત્રમાંથી લગાતાર અશ્રુ વહી રહેલાં છે. એ પ્રમાણે મહામુશ્કેલીથી તેને જળાંજલિ આપે છે.

પુત્રના વિયોગ-શોકથી જલતી કોઈ પ્રકારે પડતી-આથડતી પોતાના ઘરે પહોંચી. મહાઆક્રંદનના શબ્દથી આખું ભવન ભરાઇ ગયું હોય-તેવા શબ્દો સાંભળીને આર્ય સુહસ્તિએ આશ્વાસન આપતાં કહ્યું કે, 'હે ધર્મશીલે ! તું આટલો અધિક શોક કેમ કરે છે ?, અતિશય શોક કરવો, તે વિવેકવાળા માટે અમંગલ ગણાય, માટે શોકનો ત્યાગ કરો, શોક કરવાથી કોઇ જીવતો થાય છે ? અથવા શરીરપીડા કરવાથી કોઈના રોગ ચાલ્યા જાય છે ? (૫૦) ભવ-વ્યાધિ મટાડવા માટે ધર્મનું ઔષધ મહાન-મનોહર છે. શોકાદિક કુદોષને દૂર કરવામાં ધર્મ ઉત્તમ મંત્ર છે.

બે પ્રહર માત્ર દીક્ષા પાલન કરનાર તમારો પુત્ર ધર્મના પ્રભાવથી તે નલિનીગુલ્મ વિમાનમાં મોટો દેવ થયો. આ પ્રમાણે ધર્મદેશના શ્રવણ કરીને સુંદર પ્રશસ્ત મતિવાળી સાર્થવાહી ભવથી વૈરાગ્યવાળી બની. વહુઓ સહિત ઘરથી નીકળી તરત જ દીક્ષા અંગીકાર કરી. વહુઓમાંથી એક વહુ ગર્ભવતી હતી, તેણે દીક્ષા ન લીધી. તેને ગૃહવાસમાં રોકી, તેણે સમય થયો, ત્યારે સુંદર પુત્રને જન્મ આપ્યો. રોહણાચલની ખાણમાંથી હીરો હોય તેવા પુત્રરત્નને જન્મ આપ્યો. જેમ વન ઝાડીમાં આમ્રવૃક્ષ વૃદ્ધિ પામે, તેમ દરરોજ આ બાળક વૃદ્ધિ પામવા લાગ્યો. પોતાના પિતાનું ચરિત્ર સાંભલીને ચિત્તમાં સત્કાર હર્ષ પામ્યો. તે વન-પ્રદેશમાં પોતાના પિતાની મૂર્તિ સારી રીતે ઘડાવીને તૈયાર કરાવી, સારા મુહૂર્તે તેની સ્થાપના કરાવી.

પાદપોપગમ અનશન કરેલ હોય ને બાળકો સહિત શિયાળ તેના શરીરનું ભક્ષણ કરતી હોય, તેવી મૂર્તિ ભરાવી. તેના ઉપર મનોહર શિખરવાળું ઉંચું દેવળ કરાવ્યું. ત્યાં આગળ નૈવેદ્ય ધરાવવાં, પૂજા કરવી, મહોત્સવ, નૃત્ય વગેરે દરરોજ કરાવે છે. કાલક્રમે તે

તીર્થ તરીકે પ્રસિદ્ધિ પામ્યું, હવે લોકો તેને મહાકાલ તીર્થ તરીકે આજે પણ ઓળખે છે. આજે પણ મુનિ અને શિયાળ બચ્ચાં સાથે વિદ્યમાન છે. (૫૭)

**અવન્તિ સુકુમાલ સન્ધિ પૂર્ણ થઈ.**

હવે ગાથાનો અર્થ વિચારીએ, તેમાં ગાથાના પૂર્વાર્ધનો અર્થ પ્રગટ છે, પરંતુ ગાથામાં 'ઉદ્ધોસ' શબ્દ દેશી શબ્દ છે. તે શબ્દનો અર્થ એવો થાય છે કે - આવું આકરું દુઃખ દેખીને બીજાનું શરીર કંપી જાય છે. રુંવાડાં ખડાં થઈ જાય તેવા અર્થને કહેનાર આ શબ્દ છે. ઉત્તરાર્ધમાં તો આત્મશબ્દનો અર્થ બહિરાત્મા શરીર અર્થ લેવો. અંતરાત્માનો ત્યાગ કરવો અશક્ય હોવાથી. તેથી કરીને આત્માને શરીરને કથામાં જણાવ્યા પ્રમાણે ત્યાગ કરે છે, તે પણ આશ્ચર્ય છે. બીજું અહિં તેમને ભોગોની અભિલાષા હોવાથી દીક્ષા ગ્રહણ કરનાર માટે તે ઔપચારિકી મહર્ષિતા જણાવેલ છે. કાઉસ્સગ્ગ કરેલ સુકોશલ મુનિને વ્યાઘ્રી ભક્ષણ કરી ગઈ, તેને મહર્ષિ કહ્યા સમાન અહીં તે સમાનતા સમજવી. (૮૮) અથવા તો જે આશ્ચર્ય કહ્યું છે, તે પણ નહિં, કારણ કે -

**उच्छूढ-सरीर-धरा, अन्नो जीवो सरीरमन्नं ति ।**
**धम्मस्स कारणे सुविहिया सरीरं पि छड्डंति ।।८९।।**

**एगदिवसं पि जीवो, पव्वज्जमुवागओ अनन्नमणो ।**
**जइ वि न पावइ मुक्खं, अवस्स वेमाणिओ होइ ।।९०।।**

**सीसावेढेण सिरसम्मि, वेढिए निग्गयाणि अच्छीणि ।**
**मेयज्जस्स भगवओ, न य सो मणसा विं परिकुविओ ।।९१।।**

જેમણે શરીર અને ઘરનો ત્યાગ કર્યો છે. જીવ જુદો છે અને આ દેહ તેનાથી અલગ પદાર્થ છે - આવા પ્રકારના ભેદ જ્ઞાન જેમને યથાર્થ થઇ જાય, તેવા સુવિહિત પુરુષો ધર્મના કારણમાં શરીરનો પણ ત્યાગ કરે છે. આ શરીર-સંબંધ માત્ર આ ભવ-પૂરતો છે, શરીર તો દરેક ભવમાં નવું નવું મળવાનું છે, પરંતુ શરીર ખાતર ધ્મનો ત્યાગ કરીશ, તો ફરી ધર્મ મળવો દુરલભ છે. તેથી ઉત્તમ સમજુ વિવેકી પુરુષો શરીરના કારણે ધર્મનો ત્યાગ કરતા નથી, માટે પ્રાણાન્તે પણ ધર્મનો ત્યાગ ન કરવો. (૮૯) શંકા કરી કે, અવન્તિસુકુમાલે માત્ર તેટલા ટુંકા કાળમાં તેવું વિમાન કેમ મેળવ્યું ? તે માટે કહે છે -

જે બીજા કોઈ પણ સાસાંરિક પદાર્થમાં મન ન રાખતાં દીક્ષાની અંદર એકાગ્ર મનવાળો થઇ એક જ દિવસ માત્ર તેનું પાલન કરે, તો કદાચ સંઘયણ-ક્ષેત્રાદિના કારણે

મોક્ષ ન પામે, તો પણ તે દીક્ષાના પ્રભાવથી ચાર પ્રકારના દેવો પૈકી સહુથી ચડિયાતા એવા વૈમાનિક દેવલોકને અવશ્ય પામે જ. અપિ શબ્દથી એક મુહૂર્ત માત્રમાં પણ, અહિં અનન્ય મન પણે એટલે ધર્મધ્યાન વધતું જ જાય, તેની પ્રધાનતા, શુભ કર્મ ઉપાર્જન કરવામાં વિશેષ હેતુ હોય તો ધર્મધ્યાન છે. (૯૦)

"સાંસારિક-પૌદ્ગલિક-ઇન્દ્રિયોના અનુકૂળ વિષયો મેળવવારૂપ બાહ્યદૃષ્ટિ રાખીને સાધુઓ પૂર્વ ક્રોડ વર્ષો સુધી કરેલા તપથી મુક્તિને પ્રાપ્ત કરી શકતા નથી, પરંતુ લોકહેરિનો ત્યાગ કરીને માત્ર એક ધર્મ જ કરવાના એકાગ્રમનવાળો તે જ દિવસે દીક્ષા લીધી હોય, તેવા ભાગ્યશાળી તે મુક્તિને મેળવનાર થાય છે." 'પૂર્વ ક્રોડ વર્ષો સુધી તપનું સેવન કરે, જાપો કરે, યોગોનું સેવન કરે અને સાધનાઓ કર્યા કરે પંરતુ ક્ષણવાર અંતર્મુહૂર્તનું યથાર્થ ધ્યાન કરવામાં આવે તો તેવાને ક્ષણવારમાં સિદ્ધિ પ્રાપ્ત થાય છે." અવન્તિસુકુમાલની જેમ બીજા પણ તેવા ચારિત્રવાળાનું દુષ્કર 'ઉદ્બોસ' કરનાનું ચરિત્ર કહે છે.

ચામડું પલાળીને તેની વાધર મસ્તક ઉપર વીંટાળી તડકામાં ઉભા રાખ્યા, જેથી સુકાતી વાધર ખેંચાવા લાગી, બંધ સખત થવાથી આંખો બહાર નીકળી ગઈ, છતાં પણ મેતાર્ય મુનિ ભગવંત વાધર બાંધનાર સોની ઉપર મનથી પણ કુપિત ન થયા. આ ગાથાનો ભાવાર્થ મેતાર્યમુનિની કથાથી સમજવો. તે આ પ્રમાણે -

## ૭૯. ચંદ્રાવતંસક રાજાની કથા -

સાકેતપુર નગરમાં જિનધર્મના અનુરાગી લેશ્યા અને એકાંતે તેના જ મનવાળો ચંદ્રાવતંસક નામનો રાજા હતો. રાજાને કીર્તિ અને પૃથ્વી ઉપર વિશેષ પ્રીતિ હોય, તેમ આ રાજાને સુંદર અંગવાળી બે પત્નીઓ હતી. તેમાં પ્રથમનું નામ સુદર્શના અને બીજીનું નામ પ્રિયદર્શના હતું. પ્રથમ પત્નીને સમુદ્ર સરખો ગંભીર સાગરચંદ્ર પુત્ર હતો, તેમ જ પારકાં કાર્ય કરવામાં બહાદુર એવો બીજો મુનિચંદ્ર નામનો પુત્ર હતો. બીજી પત્નીને સુગણચંદ્ર અને બાલચંદ્ર નામના બે પુત્રો હતા. તેમાંથી રાજાએ સાગરચંદ્રને યુવરાજ બનાવ્યો. મુનિચંદ્રને કુમારના ભોગવટા માટે ઉજ્જેણી નગરી આપી. ત્યાં જઇને તે પોતાના સ્વજન માફક પ્રજાનું પાલન કરતો હતો.

કોઈક સમયે અંતઃપુરમાં રહેલા મહારાજા ચિંતવવા લાગ્યા કે, 'હજુ દેવી આવી પહોંચી નથી, ત્યાં સુધી હું કાઉસ્સગ્ગમાં ઉભો રહું. 'જ્યાં સુધી આ દીપશિખા દીપે છે, ત્યાં સુધી મારો કાઉસ્સગ્ગ હોજો.' આ પ્રમાણે ઉભાં ઉભા તે રાજા મણિના પૂતળી માફક

શોભતા હતા. રાત્રિનો એક પહોર પસાર થયો, ત્યારે દીપકનું તેજ ઘટવા લાગ્યું. ત્યારે દાસી વિચારવા લાગી કે, રાજા અંધકારમાં કેવી રીતે ઉભા રહેશે ? એમ ધારીને તે દાસીએ તે દીપકના ભાજનમાં પૂર્ણ તેલ ભર્યું. ત્યારે કેતુગ્રહની માફક તે દીપકની શિખા નિશ્ચલ બની ગઈ.

રાજાએ પણ અભિગ્રહ કરેલો હોવાથી કાઉસ્સગ્ગ ન પાર્યો. મનમાં ધર્મ ધ્યાનનો દીપક સ્પર્ધા કરતો હોય તેમ બળવા લાગ્યો. આ પ્રમાણે બીજા, ત્રીજા પહોરમાં પણ દાસીએ દીપકમાં તેલ પૂર્યું, જેથી ચારે પહોરમાં રત્નાંકુરની જેમ અસ્ખલિત દીપક ઓલવાયા વગરનો ચાલુ જ રહ્યો. અતિસુકુમાર શરીરવાળા રાજાના સર્વાંગમાં રુધિર ભરાઈ ગયું અને વેદના પામેલો તે આત્મ-ભાવના ભાવવા લાગ્યો. 'હે જીવ ! આ વેદનાથી શરીર અને ગાત્રો લેવાઈ જાય છે, તેમાં તારા આત્માને કયું નુકશાન થવાનું છે ? આ શરીર તો આત્માથી જુદી વસ્તુ છે, વળી તે કૃતઘ્ન એવું છે કે, ચાહે તેટલું શરીરનું લાલન-પાલન કરીએ, તો પણ તેને કરેલા ગુણની કિંમત નથી અને ગમે ત્યારે આત્માને દગો આપે છે.

હે આત્મા ! જીવોને જે અપ્રતિષ્ઠાન નારકીમાં વેદના ભોગવવી પડે છે, તેના અનંતમા ભાગની આ વેદના છે અને વેદના સહન કરવાથી આત્માને અનંત ગુણ નિર્જરાનો મહાલાભ થાય છે. 'દિવસ અને રાત્રિરૂપી ઘડાની માળા લોકોનાં આયુષ્યજળને ગ્રહણ કરીને ચંદ્ર અને સૂર્યરૂપી બળદો કાળરૂપી અરહટ્ટને ભમાડે છે.' જેમ જેમ અતિ સજ્જડ પીડાથી પ્રાણો પરેશાની પામે છે, તેમ તેમ તેના પાપ બાળવા સમર્થ એવો ધ્યાનાગ્નિ વધારે પ્રદીપ્ત થાય છે. સ્નેહથી દીપક વધારે જળતો રહ્યો, ત્યારે આ રાજાની આવી દશા થઈ ! એમ જાણે દીપકના ઉપર કોપાયમાન થઇને અરુણોદય થયો. દીપક ઓલવાઇ ગયો, ત્યારે રાજા પણ નિર્વાણને આક્રમણ કરવા માટે કાઉસ્સગ્ગ પારે છે, પરંતુ તેનાં અંગો એવા જકડાઇ ગયાં કે ચાલતાં નથી. પગ ઉચક્યો, એટલા માત્રમાં તો પૃથ્વી ઉપર પડ્યો અને ગબડી પડ્યો.

પંચ પરમેષ્ઠિનું નિર્મલ ધ્યાન કરતો નિશ્ચલ ચિત્તવાળો તે દેવલોકે ગયો. તે દેવલોક પામવાથી સાગરચંદ્ર ઘણું દારુણ દુઃખ અનુભવવા લાગ્યો. મરણોત્તર ક્રિયાઓ કરીને પ્રિયદર્શના સન્મુખ કહેવા લાગ્યો. પિતાની રાજ્ય ધુરા માફક તારા પુત્રોને પણ આજ સુધી ધારણ કરી રાખ્યા. હે માતાજી ! તારી સમ્મત્તિથી હવે હું દીક્ષા અંગીકાર કરીશ. મરણ અંતવાળા સંસાર-સાગરમાં જો કંઈ પણ સારભૂત પદાર્થ હોય, તો માત્ર પ્રવ્રજ્યા જ છે. હાલાહલ ઝેર સરખા અને સંસારના ઝગડાથી ગભરાએલો હું પ્રવ્રજ્યા રૂપ અમૃત-પાન કરીને સુખી થઈશ. 'અરે ! આ સંસારરૂપી જાળનો ક્રિયાક્રમ કોઇ વિપરીત છે. જાળથી

જળચર જંતુઓનું બંધન થાય છે, પરંતુ જાળવાળો ધીવર-માછીમાર પણ કર્મ-જાળથી બંધાય છે.'

આ જગતમાં અનેક શરીરધારી પ્રાણીઓનો વિવિધ પ્રકારનો જીવ-સમૂહ છે, તેને વિષે આ કર્મવિપાક પ્રવેશ કરે છે અને નાટકમાં સૂત્રધારથી માંડી સર્વ રસોનો વિસ્તાર દેખવામાં આવે છે, તેમ આ ભવરૂપી નાટકમાં મૃત્યુને રોકનાર કોઇપણ હોતું નથી.' (૨૫)

હવે પ્રિયદર્શના કહેવા લાગી કે, 'આ રાજ્યધુરાને તું જ વહન કર, કુમારો આ ભાર વહન કરવા માટે કેવી રીતે સાહસ કરે ? તો ગુણના સાગર પ્રત્યે ચંદ્ર સમાન એવા સાગરચન્દ્રને સામંતો, મંત્રીઓ, માંડલિક રાજાઓ, શેઠ, સાર્થવાહ દરેકે મળીને રાજ્યગાદીએ સ્થાપન કર્યો.

## ૭૦. સાગરચંદ્ર રાજાની કથા

પોતાના રાજ્યમાં અન્યાય-અનીતિ પાપનું વર્જન કરાવે છે, સજ્જનોને સુખ કરાવી આપે છે, સમ્યગ્ પ્રકારે ધર્મને જાણે છે, તેમ જ દુર્જન લોકોને પણ બરાબર ઓળખી રાખે છે. ઇન્દ્રની જેમ હાથીની ખાંધ પર બેસીને સર્વ સેના-પરિવાર સાથે રાજા રાયવાડીએ (રાજ પાટિકાએ) નીકળ્યા. આવા પ્રકારની રાજાની અપૂર્વ શોભા અને ઐશ્વર્ય દરરોજ ઈર્ષ્યાથી રાખથી વ્યાપેલી પ્રિયદર્શના આ પ્રમાણે ચિંતવવા લાગી -

"અહો ! લક્ષ્મીનો પ્રભાવ કેવો છે ? આ મારી શોક્યના બંને પુત્રો મહાસમૃદ્ધિ સાથે રાજવાડીએ કેવા આનંદથી હરે ફરે છે. અરેરે ! હું કેવી હણાએલા ભાગ્યવાળી કે, તે સમયે મને રાજ્ય આપતા હતા, છતાં મેં પુત્રો માટે તેનો સ્વીકાર ન કર્યો. મારી પોતાની જ દુર્મતિ મને નડી. જો તે વખતે મળવી રાજ્યલક્ષ્મી સ્વીકારી હોત, તો મારા અંગથી ઉત્પન્ન થએલા મારા પુત્રો આ લક્ષ્મી અને રાજશોભાથી કેવા સારા શોભા પામતા હોત. લોકોની કહેવત મેં આજે સત્ય સાબિત કરી છે - 'જે અપાતું ન સ્વીકારે, તે પછી માગે તો પણ ન મળે."

હજુ આજે પણ કંઈ નાશ પામ્યું નથી, ઝેર આપીને સાગર રાજાને મારી નાખું. જેથી કરીને આ રાજલક્ષ્મી મારા પુત્રને વિષે સંક્રાન્ત થાય. એ પ્રમાણે તેને મારી નાખવાનો નિશ્ચય કરીને તેને મારવાનાં છિદ્રો ખોળવા લાગી. અથવા તો સ્ત્રીઓનો ધંધો-વ્યવસાય આવા પ્રકારનો હોય છે. કોઇક સમયે રાજવાટિકામાં રોકાએલા રાજાના ભોજન-નિમિત્તે અતિસુગંધી સિંહકેસરિયા લાડુ લઇને દાસી જતી હતી, ત્યારે પ્રિયદર્શનાએ બૂમ પાડીને તેને બોલાવી અને કહ્યું કે, 'અરે ! એક લાડુ તો મને જોવા આપ, જેથી જાણું કે આ લાડુઓ કેવા છે ? આગળથી ઝેરથી ભાવિત કરેલી હથેળીઓ વડે તેનો સ્પર્શ કરીને, લાડુની બધી

બાજુઓ ઉપર ઝેરવાળો હાથ ફેરવી ફરી કહ્યું કે, અહો ! આટલા સુગંધી છે ! એમ કહીને પાછો આપી દીધો, તે લઇને તે દાસી ત્યાં ગઇ અને રાજાના હસ્તમાં તે અર્પણ કર્યો.

હાથમાં રહેલ મોદકવાળો તે ગુણભંડાર રાજા વિચાર કરે છે કે, 'નાના ભાઇઓ નજીકમાં ભૂખ્યા હોય અને મારાથી એકલાંએ તે કેમ ખવાય, તો લાડુના બે ખંડ કરીને એક તેને આપ્યો અને બીજો પોતે ખાધો. તીક્ષ્ણ ભૂખથી દુર્બલ કુક્ષિવાળા જેમ જેમ તે ખાવા લાગ્યા, તેમ તેમ ઝેરની લહરીઓ તેને જલ્દી શરીરમાં વ્યાપવા લાગી. આમ અણધાર્યું થવાથી રાજા ચમક્યો અને તરત વૈદ્યોને બોલાવ્યા. વિષ નાશ કરનાર એવા વૈદ્યોએ તત્કાળ આવી તેમને સ્વસ્થ કર્યા. ત્યારપછી રાજાએ દાસીને બોલાવી અને પૂછ્યું કે, 'હે દુષ્ટા ! પાપિણી ! સાચી હકીકત બોલ કે, આ અઘટિત આચરણ કોનું છે ?'

દાસીએ કહ્યું કે - 'આમાં હું કંઇ જાણતી નથી. બીજા કોઈએ આ દેખ્યો પણ નથી. માત્ર હું અહિં આવતી હતી, ત્યારે પ્રિયદર્શના રાણીએ મને બોલાવીને મારી પાસે આદરપુર્વક લાડુ જોવા માટે માગ્યો હતો. 'આ માતા છે.' એમ માનીને મેં તેને માગ્યો એટલે જોવા આપ્યો હતો. પોતાના હસ્તપલ્લવથી વારંવાર ઘણા સમય સુધી સ્પર્શ કરીને 'અતિસુંદર છે' એમ આનંદ હૃદયવાળીએ ફરી પાછો આપી દીધો.

રાજાને નિર્ણય થઇ ગયો કે, 'નક્કી તે પાપિણીએ આ દુષ્ટ ઈચ્છા કરેલી છે. મને મારી નાખીને રાજ્યલક્ષ્મી પોતાના પુત્રમાં સંક્રાન્ત કરવાની ઈચ્છા કરે છે. કુલીન નારીઓ હોવા છતાં એમની તુચ્છાધિક બુદ્ધિને ધિક્કાર થાઓ. માતા હોવા છતાં મારા સરખો ભક્તિવાળો પુત્ર હોવા છતાં મારા પ્રત્યે આ માતા આવું અધિટત વર્તન રાખે છે ! મારી પોતાની જનેતા કરતાં પણ તેના તરફ વિશેષ ગૌરવ જાળવું છું, પરંતુ આ તો વૈરી જેમ મારા તરફ આવું આચરણ કરે છે ? (૫૦)

"જે માટે આશીવિષ સર્પની દાઢામાં, વિંછીના કાંટામાં હંમેશા ઝેર રહેલું હોય છે, તેમ મહિલાઓમાં હંમેશાં નક્કી દુશ્ચરિત્ર રહેલું છે.' ત્યારપછી પ્રિયદર્શનાને બોલાવરાવીને તેના સન્મુખ સાગરચંદ્ર રાજાએ કહ્યું કે, આ તમારું જ દુશ્ચરિત્ર છે. તમે પ્રગટપણે મારા મોટા માતા છો. તે વખતે તમારા પગમાં પડીને હું તમને રાજ્ય અર્પણ કરતો હતો. હવે તમે આવું વર્તન કરો છો ! જો તે વખતે હું સાધુ થઇ ગયો હોત, તો કૃતકૃત્ય થયો હતે, કદાચ અત્યારે હું આવી રીતે બાળમરણથી મૃત્યુ પામ્યો હતે, તો મારી ગતિ કેવી બગડી જતે ? પુત્રોના ઉપર આવો ક્રોધ ઠાલવવો તે તમારે અધમ વ્યવસાય છે. એ તો સારું થયું કે, તરત મેં ઝેર દૂર કરાવનારી ચિકિત્સા કરાવી.

પોતાના ભાવીની નુકચેતી રાખ્યા વગર દુર્જન પુરુષો ગમે તેવી અવળી પ્રવૃત્તિ કરે

છે, તેઓ સાચી શિખામણ શીખતા કે માનતા નથી, અને કેદી કે ચોરની જેમ સ્ત્રીઓ ગમે તેવું સાહસ કરતાં અટકતી નથી. જો કે, તેવા દુર્જન લોકોનાં ચિંતવેલાં કોઇ કાર્યો જગતમાં સિદ્ધ થતાં નથી. 'ઘણા ભાગે જે ખાડો ખોદે છે, તે તેમાં પડે છે.

'જે બીજા માટે અશુભ ચિંતવે છે, તે અશુભ પોતાના ઉપર આવી પડે છે.' ત્યારપછી તે રાજાએ સુખ પૂર્વક ગુણચંદ્રભાઇને તરત જ રાજ્ય આપીને જગતમાં યશ-પ્રસર વધારનાર એવા સાગરચંદ્ર સાધુ થયા.

ગુરુ પાસે ગ્રહણ-આસેવન શિક્ષા ગ્રહણ કરીને સંવિજ્ઞ-ગીતાર્થ થયા. એકાકી પ્રતિમા ધારણ કરીને પૃથ્વીમંડલમાં અમૃતના પ્રવાહ માફક વિચરવા લાગ્યા.

હવે કોઇક સમયે ઉજ્જેણી નગરીથી વિહાર કરતું કરતું સાધુનું યુગલ આવી પહોંચ્યું. તેમને આ સાગરચંદ્ર મહામુનિએ સાધુ, ચૈત્ય, સંઘ અને લોકો ધર્મ કેવી રીતે કરે છે ? ઇત્યાદિક સમાચાર પૂછ્યા. ત્યારે બે મુનિઓએ પ્રત્યુત્તર આપ્યો કે, ચૈત્ય ગૃહો-દેરાસરોમાં ઉત્તમ પ્રકારની અર્ચા-પૂજા થાય છે, ચતુર્વિધ સંઘ પણ સારાં સુકૃત કરે છે, જગતમાં ત્યાંનો સંઘ મોટો અને પૂજ્ય છે, મુનિચંદ્ર રાજા જિનેન્દ્રના શાસનની પ્રભાવના અને ધર્મની ઉન્નતિનાં કાર્યો કરે છે. માત્ર એક જ ખામી છે કે, રાજપુત્ર અને પુરોહિતપુત્ર બંને મિત્રો મળી સાધુઓ જ્યારે આંગણામાં આવે, ત્યારે તેમની મશ્કરી-ઠઠ્ઠા કરે, તાડન કરે, દોડાવે, પાડી નાખે, એવો પાપી છે કે, સાધુઓની વિડંબના કરવામાં કશી કચાશ રાખતો નથી.

આ સાંભળીને સાગરચંદ્ર મુનિ પોતાના નાનાભાઈ મુનિચંદ્ર રાજા ઉપર ગુસ્સે થયા અને ચિંતવવા લાગ્યા કે, આ મારો ભાઈ કેટલો પ્રમાદી છે અને ખોટા વ્યવહાર કરનારો છે કે, જે પોતાના કુમાર પુત્રની ઉપેક્ષા કરે છે ! તે મહાતપસ્વી પ્રશસ્ત ક્રોધ કરતા ઉજ્જેણી નગરીએ પહોંચ્યા. ત્યાં આગળ સ્થાનિક સાધુઓ હતા, તેમણે આમની પરોણાગત સાચવી.

ગોચરી લાવવાનો સમય થયો, ત્યારે નવીન આવેલા મુનિને તે સ્થાનિક સાધુઓ તેમને માટે આહાર લાવવાનું પૂછવા ગયા કે, તમારા માટે અમે આહાર લેતા આવીએ. ત્યારે તે મુનિએ કહ્યું કે, 'હું તો આત્મલબ્ધિવાળો હોવાથી મારો આહાર હું જાતે જ લાવીશ, તો મને તેવાં કુલો બતાવો કે, જ્યાંથી હું ગોચરી લાવી શકું.' તો આચાર્યે તેને એક નાનો સાદા ઘર બતાવવા માટે મોકલ્યો. તે બાળમુનિને પ્રત્યનીક અને બીજાં કુલો ક્યાં ઘરો છે ? તે પૂછીને બાળમુનિને ઉપાશ્રયે પાછો મોકલીને તે મુનિ પેલા પુરોહિત-બ્રાહ્મણને ઘરે ગયા.

દ્વાર પ્રદેશમાં ઉભા રહીને મોટા શબ્દથી ધર્મલાભ બોલ્યા, તે સમયે બ્રાહ્મણ-ભાર્યા બહાર આવીને મુનિને ધીમેથી વિનંતિ કરવા લાગી કે, 'હે સ્થવિરાર્ય ! આપ ધીમા

પગલાથી અને મૌનપણે વહોરી જાવ, ઉતાવળા મોટા શબ્દ કરવાથી તોફાની અટકચાળા રાજકુમાર અને પુરોહિત કુમાર સાંભળશે. ખબર પડશે તો નાહક તમને હેરાન કરશે.' ત્યારપછી મુનિ વધારે મોટા શબ્દોથી ઉંચા કાન થઈ જાય તેમ બોલ્યા કે, કુમારની પાસે જઇને પણ ધર્મલાભ સંભલાવીશ.

એટલામાં તે બંને કુમારો બહાર આવ્યા અને એકાંતમાં લઇ જઇને મુનિને કહેવા લાગ્યા કે, 'હે વૃદ્ધ કાયાવાળા આર્ય ! તમે નૃત્ય કરવાનું જાણો છો, તો જલ્દી નૃત્ય કરી બતાવો, જેથી પ્રસન્ન થઇને તમોને અમે દૂધ, ખીર, ખાંડ, પુડલા વિગેરે ભિક્ષા આપીશું.' હસતા મુખથી મુનિ કુમારને કહેવા લાગ્યા કે, 'તમોને હું અવશ્ય પ્રસન્ન કરીશ. હું સારી રીતે નૃત્ય તો કરી શકું, પણ જો સાથે વાજિંત્ર બરાબર કોઇ વગાડે તો.' તેઓએ કહ્યું કે, 'અમો સંગીતનો પાઠ સાથે બોલીએ સારી રીતે વાજિંત્ર વગાડીશું.'

ત્યારે સાગરચન્દ્રે કહ્યું કે, 'આ કોઈ સુંદર નવીન પાઠ જણાય છે. તેઓ તાળીઓના તાલ આપવા લાગ્યા, પણ બરાબર તાલ આપવાનું જાણતા ન હતા. (૭૫)

કંપતા શરીરવાળા હે વૃદ્ધ ! હવે નૃત્ય કરો. અમો આ વગાડીએ છીએ, તમે દેખતા નથી ? ત્યારે મુનિએ તેમને કહ્યું કે, 'તમો મહામૂર્ખ છો, કુતૂહળ નૃત્યમાં તમે વાજિંત્રનો તાલ કેવો આપવો, તેના માર્ગની તમને ખબર નથી. તમે મને ખોટા ફૂટ આલાપ આપીને નૃત્ય કરાવો છો ?' એટલે તે કોપ પામેલા ક્ષણવાર હાથથી કદર્થના કરીને ત્યારપછી દુરાચારી કુમારોને ભુજાના યુદ્ધથી ભૂમિ પર પાડ્યા.

ત્યારપછી તપસ્વી મુનિએ તેના અંગોના સાંધાઓ છૂટા પાડી નાખ્યા. એટલે ચાડિયા પુરુષની માફક ચેષ્ટા વગરના નજર કરવા લાગ્યા. છતાં મુનિના હૃદયમાં કરુણા આવી, એટલે આ કુમારોને મેં ત્રાસ આપ્યો છે, એટલે તરત ઉપવાસનાં પચ્ચક્ખાણ કર્યા. ધીમેથી બહાર નીકળીને નગરના ઉદ્યાનમાં ગયા. ઇરિયાવહિ પ્રતિક્રમીને બેસીને સ્વાધ્યાય-ધ્યાન કરવા લાગ્યા. 'મેં પંચેન્દ્રિય આત્માને પીડા કરી છે' એમ મનમાં પશ્ચાત્તાપ વહન કરતા હતા.

ક્ષણવાર પછી દાસીએ કુમારને નિશ્ચેષ્ટ કષ્ટવાળી સ્થિતિમાં જોયા, તો બૂમ પાડતી તરત રાજા પાસે પહોંચી. બનેલો બનાવ રાજાને જણાવ્યો ત્યારે સર્વ સાધુની વસતિમાં તે સાધુની તપાસ કરાવી, પરંતુ તે ક્યાંય પણ જોવામાં ન આવ્યા. ત્યારપછી આચાર્ય ભગવંતે કહ્યું કે, 'એક નવા પરોણા સાધુ અહિં આવ્યા હતા, તે વહોરવા ગયા હતા, પણ પાછા આવ્યા નથી. જો તે કદાચ હોય, તો ના ન કહેવાય. દરેક સ્થળ પર તેમને શોધવા માટે પુરુષો મોકલ્યા, ત્યારે બહારના ઉદ્યાનમાં બેઠેલા દેખ્યા. રાજાને જ્યારે સમાચાર આપ્યા,

ત્યારે રાજા જાતે જ સાધુની પાસે આવ્યા.

પોતાના સગા ભાઈને ઓળખ્યા, ત્યારે તે વિસ્મય પામેલા મનવાળો થયો. ઘણા લાંબા કાળે દર્શન થયાં હોવાથી હર્ષથી રોમાંચિત ગાત્રવાળો તે ચરણ-કમળમાં પ્રણામ કરતો હતો, ત્યારે ભાઈમુનિએ ઠપકો આપતાં કહ્યું કે - 'ચન્દ્રાવતંસકુલમાં ઉત્પન્ન થએલા મારા બન્ધુ અને તને આ યોગ્ય છે કે, જિનશાસન વિષે ભક્તિ પણ ભૂલી ગયો, અથવા ભક્તિની વાત બાજુ પર રાખ, પરંતુ તારા પોતાના તોફાની પુત્ર કે, જે મુનિવર્ગને વિડંબના પમાડવાના એકચિત્તવાળા તેને પણ તું શિક્ષા કરતો નથી ? ત્યારે ફરી પણ ચરણ-કમળને કેશરૂપ વસ્ત્રથી લૂંછતો પોતાના પુત્રના અવિનીતપણાને ખમાવે છે, તેમ જ પોતાના પ્રમાદની નિંદા કરે છે. (૯૦)

કોળાના ફળ તરફ કોઈ સજ્જન પુરુષ આંગળી બતાવતા નથી અને જો બતાવે તો તે ફળનો ત્યાગ કરે છે અને ક્ષીણ થવા લાગે છે. અર્થાત્ આપણા કુળ તરફ 'કોઈ તોફાની રાજપુત્ર છે' એમ કોઈ આંગળી કરે તો કુળનું પરિણામ કેવું આવે ? પોતાના પુત્રને સાજો કરવાની દીન વચનોથી વારંવાર વિનંતિ કરે છે.

મુનિએ કહ્યું કે, જો તેઓ પ્રવ્રજ્યા લે, તો નક્કી સાજા કરું. ત્યાં જઇને પુત્રને પૂછે છે, પરંતુ ઉત્તર દેવા સમર્થ થઇ શકતા નથી, માત્ર તદ્દન નિશ્ચલ અંગવાળા તેના સન્મુખ ટગમગ જોયા કરે છે. મુનિને ત્યાં લાવ્યા. મુખને સાજું કરીને કહ્યું કે, જો જિનદીક્ષાની શિક્ષાનો સ્વીકાર કરે, તો જ તને આ દુઃખમાંથી છૂટકારો મળે. જ્યારે દીક્ષાની ઇચ્છા પ્રદર્શિત કરી, એટલે તે મુનિએ બંનેને સાજા કર્યા. પર્વત જેવા મોટા ભારનો આરોપણ કરવા રૂપ તેઓને દીક્ષા આપી. હવે મુનિચંદ્ર રાજાને વિશેષ પ્રકારે ઉપદેશ આપતાં કહે છે કે, 'તું પણ સુંદર ધર્મનું સેવન કરતો નથી, તો નરજન્મમાં અહિં કયું સુખ છે ?'

"પંડિત પુરુષોએ મનુષ્ય જન્મમાં ગર્ભથી માંડીને જે સુખ કહેલું, તે સાંભળ, ગર્ભની અંદર વાસ કરવો તે નરકના દુઃખની સરખું જ દુઃખ હોય છે. જે માટે કહેલું છે કે - 'અગ્નિ વર્ણવાળી તપાવેલી સોયો દરેક રોમછિદ્રમાં ભોંકવામાં આવે, તેના કરતાં ગર્ભાવાસમાં મનુષ્યને આઠગુણું દુઃખ હોય છે. ગર્ભમાંથી જ્યારે મનુષ્ય યોનિયંત્ર દ્વારા બહાર નીકળે છે, ત્યારે તે ખરેખર ગર્ભાવાસ કરતાં અનંતગુણું દુઃખ ભોગવનારો થાય છે. વળી બાલ્યવયમાં મૂત્ર અને વિષ્ટામાં રગદોળાવું પડે છે, યૌવનવયમાં બીભત્સ રતિસેવન ક્રીડામાં, વૃધ્ધાવાસમાં શ્વાસ, ઉધરસ કે તેવા રોગોથી પીડા પામે છે, કોઇપણ સ્થાનમાં કદાપિ સુખ મેળવતો નથી. (૧૦૦) પ્રથમ વયમાં વિષ્ટાનો ડુક્કર, ત્યારપછી કામ ભોગવનાર ગધેડો, છેલ્લી વૃદ્ધવયમાં ઘરડી કોઈ ન સંઘરે તેવી ગાય, પુરૂષ કોઈપણ વખત પુરૂષ હોતો નથી ક્ષણમાં અનંતી

કર્મરાશિને ક્ષય કરવા સમર્થ એવું મનુષ્યપણું પામીને અવિ વેકી મનુષ્ય ઘણેભાગે પાપકર્મ કરનારો થાય છે. જ્ઞાન,દર્શન, ચારિત્રરૂપ ત્રણ- રત્નોના ભાજન સ્વરૂપ મનુષ્ય ભવમાં પાપકર્મ કરવા, તે સુવર્ણ ભાજનમાં મદિરાને ભરવા સરખું છે. સ્વયંભુરમણના એક કિનારે ધુંસરું અને સામા કિનારે ખીલી નાખી હોય અને તરંગ-યોગે ધુંસરું અને ખીલીનો યોગ થઇ જાય, તે બનવું અશક્ય છે, તેમ મળેલ મનુષ્યપણારૂપ રત્ન તે જુગારમાં રત્ન હારી જવા બરાબર છે.

સ્વર્ગ અને મોક્ષ-પ્રાપ્તિના કારમભૂત મનુષ્યજન્મની પ્રાપ્તિ થવા છતા ખેદની વાત છે કે, જીવ નરકના ઉપાયભૂત એવાં પાપકર્મ કરવા માટે ઉદ્યમવાળો થાય છે. જે મનુષ્યપણાની અભિલાષા અનુત્તર દેવતાઓ રાખે છે, તેવું તેં અત્યારે મેળવેલું છે, છતાં પાપી જીવો પાપમાં જ જોડાય છે.' ભાઈ મુનિએ કહેલો ઉપદેશ મુનિચન્દ્ર રાજાએ સાંભળ્યો અને કહ્યું કે, ' આપે સત્ય વસ્તુ જણાવી અને સંયમ-પ્રાપ્તિના મનોરથ કર્યા. પિતા તુલ્ય વડીલ બન્ધુએ આ બાનાથી મને સુંદર શિક્ષા-ઉપદેશ આપ્યો. ત્યારપછી બંનેને દીક્ષા આપી.

રાજકુમાર નિશ્ચલ ચિત્તથી પ્રવ્રજ્યાનું પાલન કરતો હતો. બીજો બ્રાહ્મણ પણ તે જ પ્રમાણે પાળતો હતો. માત્ર તેના હૃદયમાં આ એક વસ્તુ ખટકતી હતી કે, મારાં અંગોને છૂટાં પાડી હેરાનગતિ કરાવીને બળાત્કારથી મને દીક્ષા લેવરાવી. સુંદર નિષ્પાપ દીક્ષા પાલન કરીને તે બંને એક દેવલોકમાં ઉત્પન્ન થયા અને તેઓએ પરસ્પર આ પ્રમાણે સંકેત કર્યો. અહિંથી આપણા બેમાંથી જે કોઇ પ્રથમ મનુષ્યભવમાં જાય, તેને દેવલોકમાં રહેલા દેવે ગમે તે રીતે પ્રતિબોધ કરવો અને દીક્ષા લેવરાવવી.

## ૭૧. મેતાર્યમુનિની કથા

બ્રાહ્મણ દેવ ત્યાંથી ચ્યવીને રાજગૃહ નગરમાં આગળ સાધુપણામાં કરેલ દુગંછા દોષના કારણે નિંદનીય એવી ચાંડાલણીના ગર્ભમાં ઉત્પન્ન થયો. તે જ નગરમાં ક્રોડ સુવર્ણ અને રત્નના સ્વામી એવા કોઇક શેઠને એક પત્ની હતી, જે પોતાના પતિના મનરૂપી મદોન્મત્ત હાથીને વશ કરનાર હતી, પરંતુ તે મરેલાં બાળકોને જન્મ આપતી હતી, એટલે આ શેઠાણીએ તે ચંડાલપત્ની સાથે લાંબા કાળની સ્થિર સાચી શ્રદ્ધાવાળી પ્રીતિ બાંધી. દરરોજ માંસ વેચવા માટે તેને ઘરે આવતી હતી. ૩૦૭

સુંદર વજ્ર લેપ સરખી તેઓની પરસ્પર પ્રીતી જામી. 'પોતાની ઘરની ગુપ્ત હકીકત કહેવી, તેણે કહેલ રહસ્યનું અખંડિત રક્ષણ કરવું અર્થાત્ ગમે તે સંયોગમાં બીજાને ન કહેવું, એકબીજાને વારંવાર મળવું-તે યથાર્થ સાચી મૈત્રીને પ્રકાશિત કરે છે. ' શેઠાણીને પણ તે

સમયે ગર્ભ ઉત્પન્ન થયો. બંને સાથે ગર્ભવતી બની. ચંડાલિનીને પુત્ર અને શેઠાણીને પુત્રી જન્મી. કોઇને ખબર ન પડે તેમ શેઠાણીની દાસીએ પુત્રી ચંડાલિનીને આપી અને તેનો પુત્ર શેઠપત્નીને અર્પણ કર્યો.

પોતાના સ્વાર્થના કાર્ય કરવામાં તત્પર એવા અપૂર્વ કાર્ય નિર્વાહ કરનાર દૈવના વિનોદ સરખો યુવતિવર્ગ કાર્યને અકાર્ય, અકાર્યને કાર્ય કરવા તૈયાર થાય છે. પર્વતના વેતી નદીના વાંકા કાંઠા ઉપર વળી ગએલા વૃક્ષની જેમ શેઠાણી દરરોજ ચંડાલીના પગમાં પુત્રને પાડીને તે એમ કહેતી હતી કે, 'હે સખી ! તારા પ્રભાવથી આ પુત્ર દીર્ઘકાળ સુધી જીવતો રહે. ' તે બંનેનો સ્નેહ-સંધિનો સંબંધ વજલેપ સરખો કોઇ વખત ન તૂટે તેવો સજ્જડ બંધાઇ ગયો. ' મેતાર્ય ' એવું પુત્રનું નામ સ્થાપન કર્યું.

સમગ્ર કલાઓનો અભ્યાસ કર્યો. પેલો દેવ આવીને સદ્ધર્મ માર્ગનો પ્રતિબોધ કરે છે અને કહે છે કે, ' તારા આગલા ભવનો મિત્રદેવ છું. તેં સંકેત કર્યો પ્રમાણે દીક્ષા-પ્રાપ્તિ કરાવવા માટે હું તને સ્મરણ કરાવવા આવ્યો છું, તો હવે દીક્ષા ગ્રહણ કર. તું વિષયાસક્ત બની સંતોષથી પરાડમુખ બની નરકના કૂવામાં પડવાનો ઉદ્યમ કરી રહેલો છે અને હું ધર્મનો ઉપદેશ આપું છું, તે પ્રમાણે કરતો નથી.

"વિષયોમાં આસક્ત થએલો પ્રાણી ચિન્તારૂપ ચિતાના અગ્નિના ઇન્ધણા જેવો છે, વિષયાધીન આત્મા પ્રૌઢ અપકીર્તિ મેળવવા માટે મદિરાના ઘડા જેવો છે, વિષયમાં મૂઢ થએલો જીવ મહાસંકટવાળા સ્થાનને મેળવનાર થાય છે, વિષયો તરફ પ્રીતિવાળો મનુષ્ય ખરાબ યોનિના નગર તરફના માર્ગે ચડેલો છે.' (125) 'ઉછળતા કલ્લોલ સમૂહવાળા સમુદ્રમાં પ્રવેશ કરવો સારો છે, જ્વાલા-સમૂહથી ભયંકર અગ્નિમાં ક્રીડા કરવી સારી છે, અથવા સમરાંગણમાં અંગેઅંગના છેદ કરવા સારા છે, પણ અધમ વિષયોની તૃષ્ણા કરવી નકામી છે."

ત્યારે તે દેવતાને મેતાર્ય કહેવા લાગ્યો કે, 'અરે! આજે મારા માટે આ વ્રત કરવાનો અવસર છે! ખરેખર આજે તો પ્રથમ કોળિયો ગ્રહણ કરતાં વચ્ચે માખી આવીને પડી, તેના સરખું આ કહેવાય. સર્વથા તું કેવા પ્રકારનો મિત્ર, દેવ કે અસુર છે કે જે, આ નવીન યૌવનમાં પ્રાપ્ત થએલા વિષયો છોડાવે છે. હું તને પૂછું છું કે, કોઇ રાજ્ય પ્રાપ્ત થયું હોય અને તેનું મળેલું રાજ્ય ટળાવે-છોડાવે, તો તેને મિત્ર ગણવો કે શત્રુ ગણવો ? એટલે દેવતા ચાલ્યો ગયો. ૩૦૮

ત્યારપછી શેઠે મેતાર્ય માટે અતિરૂપવતી અને લાવણયથી પૂર્ણ વદનવાળી આઠ કન્યાઓ સાથે વિવાહ કર્યો. હવે ઘણી મોટી ઋદ્ધિ સહિત પાણિગ્રહણ માટેનો લગ્નોત્સવ

આરંભ્યો. નવવધૂઓની સાથે મેતાર્થ સુંદર રથમાં બેસીને વરઘોડો કાઢીને તથા ધવલ-મંગળનાં મોટેથી ગીત ગાતી હજારો સ્ત્રીઓની સાથે રાજગૃહી નગરીના રાજમાર્ગ, ચારમાર્ગ, ચૌટા, ચોક વગેરે માર્ગોમાં જાનૈયા સાથે ચાલી રહેલો છે.

હવે અહિં પેલો દેવતા ચંડાળના શરીરમાં પ્રવેશ કરીને રુદન કરવા લાગ્યો. પત્નીએ પૂછ્યું કે, 'રુદન કરવાનું શું કારણ છે ? ' ત્યારે પતિએ પત્નીને કહ્યું કે, 'આજે હું રાજમારગથી આવતો હતો, ત્યારે મેતાર્યનો વિવાહ-મહોત્સવ મેં જોયો. જો તારી પુત્રી જીવતી હોત, તો હું પણ તેનો એ જ પ્રમાણે કરત.

પોતાના પતિના દુ:ખે દુ:ખી થએલી તે ચાંડાલિનીએ પતિને સાચું રહસ્ય કહી દીધું અને કહ્યું કે, 'તમે રુદન ન કરો. મરેલી પુત્રી તો તેની જ હતી, જ્યારે મેતાર્ય પુત્ર તો તમારો જ છે. તે બિચારી મારી બહેનપણી મરેલા બાળકને જન્મ આપનારી છે, પહેલાં પણ તેણે ઘણી વખત મારા પુત્રની માગણી કરી હતી. એક જ સમયે અમે જ્યારે પુત્ર-પુત્રીને જન્મ આપ્યો, ત્યારે કોઇ ન જાણે તેમ મેં તેને પુત્ર આપ્યો હતો. ત્યારે આ ચંડાળ કહેવા લાગ્યો કે, 'હે પાપિણી ! આ કાર્ય તેં ઘણું ખોટું કર્યું ગણાય. એમ બોલતો તે એકદમ મેતાર્યની પાસે પહોંચ્યો. અને તેને પૃથ્વી પર નીચે પટકાવીને કહે છે કે, 'અરે ! તું મારો પુત્ર છે અને હે પાપી ! તું આ ઉત્તમ જાતિની કન્યાઓને વટલાવે છે ? તું મારો પુત્ર છે અને પાપિણી તારી માતાએ તે શેઠને અર્પણ કર્યો, તે વાત હું કેવી રીતે સહી શકું ? માટે આપણા ચંડાલના પાડામાં પ્રવેશ કર.

સમગ્ર કન્યાઓનાં માતા-પિતાઓ ક્ષોભ પામ્યાં અને ભોંઠા પડી ગયાં, તેઓ તો હવે શું કરવું !તેવા વિચારમાં મૂઢ બની ગયા, તેઓની વચ્ચેથી આ ચાંડાલ ખેંચીને ઘસડી ગયો. ત્યાં ભવનમાં લઇ ગયા પછી અદૃશ્ય દેવતાએ મેતાર્યને કહ્યું, ' જો તું પ્રવ્રજ્યા લેવા માટે તૈયાર થાય, તો આ ચંડાળના વાડરૂપ કૂવામાંથી તને બહાર કાઢું.' તેણે કહ્યું કે , હવે તે કેવી રીતે બની શકે ! મારી હલકાઈ કરવામાં તેં કશી બાકી રાખી નથી.' દેવે કહ્યું, 'હજુ પણ કંઇ ગયું નથી. માટે વ્રત ગ્રહણ કર.'

ત્યારે મેતાર્ય દેવને કહેવા લાગ્યો કે, બાર વર્ષે તો મને સુખેથી વિષયો ભોગવવા દે, ત્યારપછી મને મુંજવશે અને તું કહેશે, તેમ કરીશ. તો મારા પર પ્રસન્ન થા અને હાલ મને વિષયસુખ આપ.' દેવતાએ પૂછયું કે, 'હવે તારી શુદ્ધી કયા પ્રકારે કરવી ? મેતાર્યે કહ્યું કે, 'શ્રેણિકરાજાની પુત્રી સાથે મારાં લગ્ન કરાવી આપ. જો તું શ્રેણિકરાજાને અઢળક ધન આપીશ, તો તે શ્રેણિકરાજા પોતાની પુત્રી નક્કી માતંગ હોવા છતાં પણ મને આપશે.'

"વિપ્રો, રાજાઓ, વિલાસિનીઓ અને ચોથા ચોરો તેઓ અતિલોભ-ગ્રહથી ઘેરાએલા હોય છે, તેથી તેઓ શું અકાર્ય નથી કરતા ?' એ પ્રમાણે મારી અવજ્ઞાહલકાઇ કરી છે, તેનો પણ સર્વથા નાશ થશે, ત્યારે તે દેવ તેને ઘેર એક બકરો બાંધીને ગયો. આ બકરો દરરોજ અનેક જાતિવાળા રત્નોનાં લિંડા મૂકતો હતો. તે રત્નોથી ભરેલો થાળ પુત્ર પિતાને સમર્પણ કરતો હતો. પિતાને આપીને કહ્યું કે, 'આ રત્નપૂર્ણથાળ રાજાને આપીને મારા માટે એક રાજકન્યાની માગણી કરો.' પિતાએ તેમ કરી કન્યાની માંગણી કરી એટલે તેને બહાર હાંકી કાઢ્યો.

એ પ્રમાણે દરરોજ રત્ન ભરેલો એક એક થાળ આપતો હતો. ત્યારે અભયકુમારે તેને પુછ્યું કે, 'આ રત્નો ક્યાંથી લાવે છે? ચંડાળે કહ્યું કે, બકરા પાસેથી(૧૫૦) મરકતરત્ન, મોતી, માણિક્ય, અંકરત્ન, વગેરે અનેક જાતિનાં ઉત્તમ રત્ન તે બકરો હગતો હતો. અભયે પણ તે બકરાને મંગાવીને રાજાની પાસે બંધાવ્યો. રાજા, મંત્રી, સામંત, તંત્રપાલ પ્રમુખ લોકોની સમક્ષ આ બકરો કેવી રીતે રત્નો હગે છે? તે દેખે છે.'

તે સમયે બકરાએ પણ કૂતરાના મડદા સરખી આકરી દુર્ગંધવાળી વિષ્ટા છોડી, કે ત્યાં બેઠેલા રાજાદિક પુરુષો વસ્ત્રવડે પોતાની નાસિકા ઢાંકીને દૂર ચાલ્યા ગયા. લાંબા કાળ સુધી વિચાર કરતા અભયે આનો પરમાર્થ જાણ્યો કે, 'નક્કી આમાં કોઇ વિજ્ઞાન કે જાદુ નથી, પરંતુ આ કોઈ દેવતાઇ પ્રભાવ છે.' અભયકુમારે કહ્યું કે, 'વૈભારગિરિ ઉપર રાજાના રથને જવાનો માર્ગ કરી આપ, જેથી શ્રેણિક રાજા ભગવંતને વંદન કરવા માટે સુખેથી જઈ શકે, તે કહેતાં જ તે દેવે તે પ્રમાણે માર્ગ કરી આપ્યો કે, જે અત્યારે પણ તે દેશવાસી લોકો તેને તે પ્રમાણે દેખે છે. જે માર્ગ તે પર્વતના શિખર પર ચારે બાજુ દૂર સુધી શોભે છે.

વળી કહ્યું કે, ' રાજગૃહી નગરી ફરતો ચારે બાજુ સુવર્ણનો કિલ્લો બનાવી આપ.' વળી કહ્યું કે, 'સમુદ્રને અહીં ખેંચી લાવ, જેથી કરીને તેમાં સ્નાન કરીને શુદ્ધ થએલા તારા પુત્રને અમારી કન્યા આપીએ. ક્ષણ માત્રમાં તો તેણે બહાર સમુદ્ર લાવી નાખ્યો, તેમાં મેતાર્યને સ્નાન કરાવીને શ્રેણિક રાજાએ પોતાની કન્યા આપી. તે રાજકન્યાની સાથે શિબિકામાં આરૂઢ થએલો તે જ્યારે નગરના મધ્યભાગમાં જતો હતો, એટલે પેલી આગળની આઠ કન્યાઓ પણ ત્યાં આવી.

અતિઊંચા શિખરવાળો મનોહર મહેલ રાજાએ આપ્યો. તેમાં નવે વહુઓની સાથે ક્રીડા કતો હતો. તેઓની સાથે બાર વરસ સુધી અખંડીત ભોગો ભોગવતો હતો. આગળ સ્વીકારેલ સંકેત પ્રમાણે દેવતા આવીને તેને પ્રવ્રજ્યાની વાત યાદ કરાવે છે, એટલે પેલી સર્વ સ્ત્રીઓ દેવતાના પગમાં પડીને ઘણાં દીન વચનોથી કરગરવા લાગી કે, અમારી

ખાતર બાર વરસ પછી યાદ કરાવજો.' સંસારથી ઉદ્ધાર કરવાની મતિવાળા દેવે વારંવાર આગ્રહ કર્યો, પરંતુ તે વખતે તે દેવતાના હૃદયમાં તે બંનેએ દીનતા બતાવી.

ફરી બાર વરસ પસાર થયા પછી દેવે સ્મરણ કરાવ્યું કે, 'ભોગો ભોગવતાં બાર વરસ પૂર્ણ થયાં, એટલે મેતાર્ય ઉત્તમ મુનિપણું ગ્રહણ કર્યું. નવીન નવીન નવ પૂર્વના મહા અર્થો ગ્રહણ કર્યા, ગીતાર્થ તીવ્ર તપસ્યા કરવામાં સ્થિર મનવાળા થયા. કોઈક વખત વિચરતા વિચરતા એકાકી પ્રતિમાવાળા તે મુનિવર રાજગૃહી નગરમાં પધાર્યા. ગોચરચર્યાએ ફરતા એક સુવર્ણકારના ભવનના આંગણામાં પહોંચ્યા.

તે સમયે સુવર્ણકાર ૧૦૮ સુવર્ણમય યવો ઘડીને તૈયાર કરતો હતો. તે ત્યાં જ સ્થાપના કરીને પોતાના ભવનની અંદર ગયો. તે સમયે ત્યાં ક્રૌંચપક્ષી ક્રીડા કરતું હતું, તે ત્યાંથી જવલા ચરી ગયું. કાઉસ્સગ્ગ-ધ્યાનમાં ઉભેલા મુનિએ જવલા ગળતા દેખ્યા. ક્ષણવારમાં સુવર્ણકાર અંદરથી બહાર આવ્યો અને જવલાં ન જોયાં, એટલે ભયભીત બની નજીકમાં રહેલા સાધુને પૂછ્યું કે, 'કૃપા કરીને કહો કે, અહિંથી આ સોનાના યવો કોણે હરણ કર્યાં? અહિં તમે લાંબા કાળથી ઉભેલા છો એટલે જાણતા જ હશો.

શ્રેણિક રાજા જિન-પ્રતિમાની આગળ નવીન સુવર્ણના બનાવેલા ૧૦૮ જવથી દરરોજ પૂજા કે છે. તેનો સુંદર સ્વસ્તિક રચે છે અને પછી વિસ્તારથી દેવાધિદેવને વંદન કરે છે. રાજાને દેવની પૂજા કરવાનો અત્યારે સમય થયો છે. સમય થયાં પહેલાં મારે જવલાં આપવાનાં છે, તો આપ કહો. નહિંતર રાજા મારા કુટુંબસહિત મને મરાવી નંખાવશે, માટે મારા ઉપર કરુણા લાવીને આપ કહો કે, 'આપે કે બીજા કોઇએ ગ્રહણ કર્યાં છે. હું તમારી કે બીજા કોઈની વાત કોઇને પણ કહીશ નહિં. એટલું જ નહિં, પરંતુ હે સ્વામી! આટલા પ્રમાણનું સુવર્ણ પણ હું તમને આપીશ. અત્યારે મારે રાજાને જવલાં આપવાનો સમય સાચવવો છે.(૭૫)

પ્રાણિ દયા-જીવ-રક્ષણ માટે મેતાર્ય મુનિ કશું પણ બોલતા કે જવાબ આપતા નથી. એટલે સોની બોલ્યો કે, 'આ પાખંડી છે, આ જ ચોર છે, શા માટે કંઇ બોલતો નથી, તપસ્વી-સાધુનો વેષ માત્ર પહેર્યો છે. પ્રાણનાશ થવાની પીડા આજ સુધી તે પામ્યો નથી.

ચામડાની વાધર પાણીમાં ભીની કરીને મુનિના મસ્તક ઉપર સજ્જડ ખેંચીને એવી સજ્જડ બાંધી કે તડકામાં સુકાવા લાગી એટલે વાધર વધારે ખેંચવા લાગી. એટલે બંને નેત્રો બહાર નીકળી ગયા, તે મહાત્મા મેતાર્ય મુનિ તે સમયે મનમાં સુંદર ધ્યાન કરવા લાગ્યા કે, 'મારા જીવિતથી વધારે શું છે! જો જવને આશ્રીને હું કદાચ સાચી વાત કહી દઉં, તો બિચારા આ કૌંચ પક્ષીનું પેટ ચીરીને નિર્દયતાથી મારી નાખશે, તો ભલેમારું મરણ

થાઓ. મારા જીવનના ભોગે પણ આ જીવ તો જીવતો રહેશે. જે અવશ્ય પછી પણ નાશ પામવાના છે, તેવા પ્રાણની કઇ અપેક્ષા રાખવી ? (૧૮૦) 'આ ભુવનમાં પોતાના આત્માને કરુણા કરનારો છું' એમ કોણ કહેતા નથી? વાસ્તવિક કરુણા કરનારો તો તે કહેવાય કે, આવા સમયે જે જીવરક્ષા ખાતર પોતે સહન કરીને નિર્વાહ કરે.

હે જીવ ! આજે તૃણ સરખા આ પ્રાણોથી સર્યું. આ કૌંચપક્ષીના જીવનું પ્રાણો વડે કરીને હું પાલન-રક્ષણ કરીશ. અહિં કોઇ પ્રકારે તેવા વિરલા અને સરલ પુરુષો દેખાય છે કે, જેઓ કપાસની જેમ પોતે પીલાઈને બીજાને સુખ આપે છે, તેમ પોતાનો વિનાશ નોતરીને પણ બીજાના ઉપકાર માટે મરણાન્ત કષ્ટ પણ સહન કરે છે. તથા કપાસને બીજાના પરોપકાર કરવામાં કેટલું સહન કરવું પડે છે, તે કહે છે.

જ્યારે કપાસુયા સહિત કપાસને યંત્રમાં નાખે છે, ત્યારે તેના હાડકારૂપ બીજસહિત પીલાતાં પીલાતાં દુસ્સહ દુઃખ, વળી લોઢા જેવી હલકી ધાતુના તોલ સામે રાખી ત્રાજવામાં આરોહણ કરવું પડે છે.

ગામડિયણ સ્ત્રિઓને હાથે લુંચન-લણાવું પડે છે, રૂ છૂટું પાડવા માટે પીંજારાના યંત્રની દોરીના પ્રહારોની વેદના સહેવી પડે છે.

હલકી જાતિના ઢેડ, ચામર, માતંગ વગેરેએ એઠાં મુકેલા રોટલાની કણિકાકાજીનું પાન કરવું પડે છે. વળી ધોકાના માર ખાવા પડે છે. બીજાનાં કાર્યો સાધી આપનાર કફાસે શું શું દુઃખ નથી સ્વીકાર્યું ? હે જીવ! તેં નરકમાં અનેક વેદનાઓ સહન કરી છે, તો પછી જીવને જીવાડવા માટે ઉદ્યત થએલો તું આ સહન કરીશ, તો જય મેળવીશ.' આવી ઉત્તમ ભાવનામાં આરૂઢ થએલા તે મુનિને જાણે અતિતીવ્ર વેદનાના હેતુભૂત કર્મનાં દર્શન કરવાં માટે કેમ ન હોય તેમ કેવલજ્ઞાન પ્રગટ થયું, તથા તે જ ક્ષણે આયુષ્ય ક્ષય થવાથી અંતકૃત કેવલી થયા. જાણે અશાતાવેદનીય કર્મને નિર્મુલ નાશ કરવા માટે કેમ ન હોય.

આ સમયે કોઈક કાષ્ઠાભારી લાવનારે ત્યાં કાષ્ઠની ભારી નાખી, તેમાંથી એક કાષ્ઠ ખંડ ક્રૌંચ પક્ષીના પેટમાં વાગ્યો. ભય પામેલા પક્ષીએ ગળેલા યવો ત્યાં છૂટાછવાયા યવો ઓકી નાખ્યા. લોકોએ તે જોયા, એટલે લોકોએ સોનારનો અતિ-તિરસ્કાર કર્યો. 'હે પાપી ! આવા મહામુનિના ઉપર તેં ખોટું આળ ચડાવ્યું પાપ કરીને તેના પર ચૂલિકા સરખી આ મુનિને મારવાની દુષ્ટ બુદ્ધિ કરી. કાલ પામેલા મુનિને દેખીને સોનાર મનમાં અતિસંક્ષોભ પામી વિચારવા લાગ્યો- 'હવે મારી ગતિ કઇ થશે ? જો આ મારા સાહસ કાર્યને રાજા જાણશે, તો મારા આખા કુટુંબ સહિત મને ખરાબ મારથી મરાવી નંખાવશે. તો હવે મારા પ્રાણના રક્ષણ માટે અત્યારે મહાઉપાય હોય તો માત્ર પ્રવજ્યા-સ્વીકારનો જ છે.

એ પ્રમાણે બારણાનાં કમાડ બંધ કરીને આખા કુટુંબ સહિત યતિવેષ ગ્રહણ કર્યો. સુવર્ણના જવ લેવા માટે આવેલા પુરુષોએ મેતાર્ય મુનિનો ઘાત અને સોનારે તેનો ઘાત કર્યો છે, તે સર્વ વૃત્તાન્ત સેવકોએ રાજાને નિવેદન કર્યો, એટલે અતિ-ભયંકર ભૃકુટીની રચનાવાળા ભાલતલવાળા રાજા શ્રેણિકે ખરાબ રીતે કુટુંબ સહિત તેનો વધ કરવાની આજ્ઞા કરી. એટલે હાથમાં પ્રચંડ ઊંચા દંડ લઇને રાજાના સુભટો તેના ઘરે આવી પહોંચ્યા. પરંતુ આખા કુલસહિત સર્વેને પ્રવ્રજિત થએલા જોઇને તેઓને દંડનો અગ્રભાગ બતાવીને રાજાની પાસે લઈ ગયા. ૩૧૩

આખા કુટુંબ સહિત સાધુવેષવાળા સોનારે રાજાને ધર્મલાભ આપ્યો. શ્રેણિક રાજાએ કહ્યું કે, 'મરવાનાં ડરથી તેં સાધુવેષ ગ્રહણ કર્યો છે. આ વેષમાં તને શિક્ષા કરું તો શાસનનો ઉડ્ડાહ થાય, તો હવે આ ઉલ્લંઘન ન કરવા યોગ્ય મારી આજ્ઞા સાંભળ- 'સ્વીકારેલાં આ વ્રતો જીવિત સુધી જો તમે નહિં પાલન કરો અને તમારામાંથી એક પણ જો આ વ્રતનો ત્યાગ કરશો, તો તમારો શારીરિક-પ્રાણાંતિક દંડ રાજા કરશે.

જેવી રીતે નિષ્કંપ મેતાર્ય મહર્ષિએ પોતાના પ્રાણના નાશના ભોગે પણ સમભાવ સ્વરૂપ સામાયિક કર્યું, તેમ બીજાઓએ પણ બીજા જીવોના રક્ષણ માટે કરવું. (૨૦૦) આ સામાયિકને આશ્રીને બીજાઓએ પણ કહેલું છે કે,'જે ક્રૌંચપક્ષીના અપરાધમાં ક્રૌંચની પ્રાણિદયા ખાતર ક્રૌંચને અપરાધી તરીકે સોનીને ન જણાવ્યો અને પોતાના જીવિતની ઉપેક્ષા કરી એવા મેતાર્ય મહર્ષિને નમસ્કાર કરું છું. વાઘર વીંટીને મસ્તકે બાંધીને બે આંખો કાઢી નાખી, તો પણ મેતાર્ય મેરુપર્વત માફક જે પોતે સંયમથી ડગ્યા નહિં, તેમને નમસ્કાર થાઓ. તથા નવીન ભીંજાએલી જે ચામડાની વાઘરથી સોની વડે સજ્જડ બંધાયા. તે જ્યાં સુધી અહિં મસ્તક વિષે જેવી રીતે અદ્ભુત કર્મમાં કઠોર બનીને સહન કરીને ઉભા રહ્યા, એવા તે મેતાર્ય મુનિ મારી મુક્તિ માટે થાઓ.(૨૦૩)

.મેતાર્ય મુનિ કથા સંપૂર્ણ. (ગ્રંથાગ્ર-૬૦૦૦)

શ્રી મહાવીર ભગવંતના હસ્ત દીક્ષિત શિષ્ય શ્રીધર્મદાસગણિ રચિત ઉપદેશમાળા અને આ. શ્રીરત્નપ્રભસૂરિ વિરચિતા દોઘટ્ટી ટીકાના પ્રથમ ખંડનો આ. શ્રી આનન્દસાગરસૂરિશ્વરજી મ.ના શિષ્ય આ. શ્રીહેમસાગરસૂરિએ કરેલ ગૂંર્જરાનુવાદ પૂર્ણ થયો.

(સંવત્ ૨૦૨૯ શ્રાવણ વદિ ૫, રવિવાર તા. ૧૯-૮-૭૨ સૂરત શ્રી નવાપુરા જૈન નૂતન ઉપાશ્રય.) ૩૧૩

## બીજો ખંડ.

जो चंदणेण बाहुं, आलिंपइ वासिणा वि तच्छेइ।
संथुणइ जो अ निंदइ, महरिसिणों तत्थ समभावा ।।९२।।

सिंहगिरि-सुसीसाणं, भद्दं गुरुवयण-सद्दहंताणं।
वयरों किर दाही वायण त्ति न विकोविअं वयणं ।।९३।।

मिण गोमसंगुलीहिं गणेहि बा दंतचक्कलाइं से।
इच्छं ति भाणिऊणं,(भाणिथव्वं) कज्जं तु त एव जागंति ।।९४।।

कारणविऊ कयाई, सेयं कायं वयंति आयरिया।
तं तह सद्दहिअव्वं भविअव्वं कारणेण तहिं ।।९५।।

जो गिण्हइ गुरुवयणं, भण्णंतं भावओ विसुद्धमणो।
ओसहमिव पिज्जंतं, तं तस्स सुहावहं होइ ।।९६।।

अणुवत्तगा विणीआ, बहुक्खमा निच्चभत्तिमंता य।
गुरुकुलवासी अमुई, धन्ना सीसा इह सुसीला ।।९७।।

जीवंतस्स इह जसो, कित्ती य मयस्स परभवे धम्मो।
सुगुणस्स य निग्गुणस्स य अजसाऽकित्ती अहम्मों य ।।९८।।

वुड्ढावासेऽवि ठियं, अहव गिलाणं गुरुं परिभवंति।
दत्तु व्व धम्म-वीमंसएण दुस्सिक्खियं तं पि ।।९९।।

કોઈ મનુષ્ય મુનિના શરીર પર કિંમતી બાવના ચંદનનું ભક્તિથી વિલેપન કરે અને બીજો કોઇ દ્વેષ કે ક્રોધથી વાંસલાથી બાહુનો કે કોઈ અંગનો છેદ કરે, અગર કોઈ ગુણની પ્રશંસા-સ્તુતિ કરે, કે અવગુણની નિંદા કરે; તો મહામુનિઓ તે સર્વ પ્રત્યે રાગ-દ્વેષ કર્યા વગર સમભાવ રાખે છે. પૂર્વાર્ધમાં શારીરિક અને ઉત્તરાર્ધમાં માનસિક ઉપકાર-અપકાર જણાવ્યા છે,(૯૨) .

ઘણા ભાગે સમભાવપણું ગુરુના ઉપદેશથી થાય છે, તે ગ્રહણ કરનારનું ઉપબૃંહણ-અનુમોદન કરતાં કહે છે-ગુરુમહારાજનાં વચનમાં શ્રદ્ધા કરનાર વિનયવાળા સિંહગિરિ

નામના આચાર્યના ઉત્તમ શિષ્યોનું કલ્યાણ થાઓ. 'વજ્ર તમને વાચના આપશે' એવું ગુરુનું વચન અસત્ય ન કર્યું. 'આ બાળક શું વાચના આપશે?' એમ શિષ્યોએ મનથી પણ ન વિચાર્યું. આ સર્વ હકીકત આગળ તેમની કથામાં કહી ગયા છીએ, જેથી અહિં ફરી વિસ્તાર કરતા નથી.(૯૩)

'હે શિષ્ય ! આ સર્પ કેટલા અંગુલ-પ્રમાણ છે? અથવા તેના મુખમાં દાંતનું મંડલ-ચોકઠું કેટલા દાંતવાળું છે, તે ગણ, ત્યારે શિષ્ય 'તહ ત્તિ'કહીને કાર્ય કરવા ઉદ્યમ કરે, પરંતુ 'આ પ્રાણ લેનાર સર્પ છે.' ગુરુના વચનને અયોગ્ય ગણીને તે કાર્ય કરવામાં વિલંબન કરે, કારણ કે, 'ગુરુની આજ્ઞામાં શિષ્યે વિચાર કરવાનો ન હોય. ગુરુ મહારાજ વિશેષજ્ઞાની હોવાથી તે કહેવાનું પ્રયોજન તેઓ જ જાણે છે.'તુ શબ્દથી 'ઇચ્છ'. એમ કહીને તે કાર્ય કરવાનો અમલ જ કરવાનો હોય.(૯૪)

નિમિત્ત અને તત્ત્વના જાણકાર ગુરુ-આચાર્ય મહારાજ કોઇ વખત 'આ કાગડો શ્વેત છે'એમ બોલે તો પણ તેમનાં વચનમાં શ્રદ્ધા રાખવી. કારણ કે, તેમ બોલવામાં કાંઇ પણ હેતુ હોય છે; માટે આચાર્યના વચનમાં શંકા ન કરવી.(૯૫)

ભાવથી વિશુદ્ધ મનવાળો જે શિષ્ય કહેવાતું ગુરુ-વચન ગ્રહણ કરે છે, તેને ઔષધ પીવાથી પરિણામે રોગનાશ થવાથી સુખ થાય, તેમ પરિણામે ગુરુ-વચન ભાવીના સુખ માટે થાય છે.(૯૬)

કેવા શિષ્યો ગુરુવચન ગ્રહણ કરનારા થાય છે, તે કહે છે-ગુરુની ઈચ્છાનુસાર વર્તનારા, ગુરુનાં કાર્યો વિનયપૂર્વક કરનારા, ક્રોધને દબાવનારા-બહુ સહનશીલતાવાળા, હંમેશાં ગુરુની ભક્તિ કરવામાં ઉદ્યમ કરનારા, હંમેશાં ગુરુ ઉપર અંતઃકરણથી મમત્વવાળા, પોતાના ગુરુ અને ગચ્છમાં રહી ગુરુકુલવાસ સેવનારા, પોતાને જરૂરી શ્રુત મળી ગયું હોય, છતાં પણ ગુરુને ન છોડનારા, આવા પ્રકારના ધન્ય શિષ્યો પોતાને અને બીજાને સમાધિ કરનારા હોવાથી જગતમાં તે ઉત્તમ આચારવાળા સુશિષ્યો છે.(૯૭)

આ પ્રમાણે સુશીલને પ્રભાવ કહે છે.-એ પ્રમાણે ગુણવાળા સાધુને અહિં જીવતા યશ અને કીર્તિ પ્રાપ્ત થાય છે, 'એક દિશામાં ફેલાય તે કીર્તિ અને સર્વ દિશામાં ફેલાય તે યશ.' અથવા દાન-પુણ્ય કાર્ય કરવાથી કીર્તિ અને પરાક્રમ કરવાથી યશની પ્રાપ્તિ થાય. અભયદાન, જ્ઞાનદાન, ધર્મોપગ્રહ દાન, કામ, ક્રોધાદિક આંતરશત્રુ ઉપર જય મેળવવો, તે પરાક્રમ. અહિં જીવતાં યશ અને કીર્તિ અને મર્યા પછી પરલોકમાં સુદેવત્વાદિક, સમ્યક્ત્વાદિક ઉત્તમ ધર્મની પ્રાપ્તિ થાય છે, એ પ્રમાણે ગુણવાળાને તેનું ફળ અને વિપરીતપણામાં નિર્ગુણીને અપયશ, નિન્દા તેમજ પરલોકમાં દુર્ગતિ પ્રાપ્ત થાય છે.(૯૮)

એ પ્રમાણે સુવિનીતના ગુણો અને દુર્વિનીતના દોષો કહીને, હવે વિશેષથી દુર્વિનીતના દોષો દ્રષ્ટાન્તથી જણાવે છે-૭૦ વર્ષની ઉપરની વય થાય, તે વૃદ્ધ કહેવાય. સર્વ પ્રકારે જંઘાબલ ક્ષીણ થવાથી ચાતુર્માસ પછી પણ રહેવું પડે, તે વૃદ્ધાવાસ અથવા શરીર રોગ-ગ્રસ્ત થયું હોય, તેવા સમયે એક સ્થાને અધિક સમય રહેવું પડે, અપિ શબ્દથી અનિયત-વિહારીની વાત બાજુ પર રહેવા દો. તેવા સ્થિરવાસ કરનારગુરુનો જે શિષ્ય પરાભવ કરે, 'ધર્મની વિચારણામાં અમે નિરતિચાર ચારિત્ર પાલન કરતા હોવાથી ધાર્મિક છીએ, પરંતુ એક જગા પર લાંબા કાળ સુધી સ્થિરવાસ કરનાર અતિચારવાળા છે.' એવા કુત્સિત વિકલ્પ કરનાર શિષ્ય ધર્મ-વિચારણામાં દત્ત-સાધુની જેમ ખરાબ શિક્ષા લીધેલો સમજવો. દુર્ગતિના કારણભૂત એવી દુષ્ટ ચેષ્ટાવાળો સમજવો. તે દત્તસાધુની કથા કહે છે.-

## ૭૨. દત્તસાધુની કથા

કોલ્લાકપુર નામના નગરમાં કોઇક સમયે વિહાર કરતા કરતા સંગમ નામના વૃદ્ધ આચાર્ય પધાર્યા. તેણે વિચાર્યું કે, 'નજીકના સમયમાં ઘણા દુઃખવાળો દુષ્કાળ થશે, તો જલ્દી મારા ગચ્છને સુકાળવાળા દૂર દેશાન્તરમાં મોકલીને મારું જંઘાબલ ક્ષીણ થએલું હોવાથી, હું અહિં વૃદ્ધાવાસ કરીને રોકાઉં.' તેમ કરીને ત્યાં રહ્યા-કહેલું છે કે-"જે કોઈ પ્રમાદી ભવિષ્યકાળનો વિચાર કરતો નથી અને નજીકમાં ભય આવવાનો હોવા છતાં સુખ-સાગરમાં ડૂબી જાય છે, તેઓ તદ્દન જુનાં ઘરની અંદર સુખેથી સુઇ રહેનાર જ્યારે ભિત્તિ ઓચિંતી પડે છે, ત્યારે જાગૃત થાય છે."

આઠ માસ ઋતુકાળના અને ચાતુર્માસનો એક મળી નવ ભાગોની ક્ષેત્રની વહેં-ચણી કરી સ્થાનનું પરાવર્તન કરી જયણા-પૂર્વક નવકલ્પ વિહારનું આચરણ કરતા તેઓ ત્યાં અપ્રમત્તપણે ક્ષેત્રમાં રહેવાની આચરણા કરતા વૃદ્ધાવાસ પસાર કરતા હતા. આ પ્રમાણે આવી વૃદ્ધવયમાં અપ્રમત્તપણાની અપૂર્વતા દેખીને નગર-દેવતા તેના સર્વ દિવ્ય ગુણોથી નિરંતર પ્રભાવિત થવા લાગ્યા. તેના સમાચાર પહોંચાડનારે કોઇક વખત સમાચાર તેના શિષ્યોને પહોંચાડ્યા, એટલે પરિવારે મોકલેલ એક દત્ત નામનો અગીતાર્થ સાધુ ત્યાં આવી પહોંચ્યો.

તે સમયે ક્રમસર તે જ સ્થળે આચાર્ય રહેલા હતા. તે જ વસતિમાં રહેલા તે આચાર્યને દેખી નિર્બુદ્ધી એવા તેણે અનેક કુતર્કો કર્યા. અરે ! સહેલાઈથી કરી શકાય તેવું વસતિ-પરાવર્તનનું કાર્ય પણ આ આચાર્ય કરતા નથી, તો બીજી શી વાત કરવી? આ પાસત્થાદિકપણું પામ્યા છે, એમ માનીને જુદી વસતિમાં રહેવા લાગ્યો. પગે પડવા આવ્યો, ત્યારે તેની કુશળતા પૂછી. ભિક્ષા-સમય થયો, એટલે સાથે તેને લઇ ગયા.

અંત-પ્રાન્તાદિ કુલોમાં અંત-પ્રાન્તાદિક ભિક્ષા પ્રાપ્ત થવાથી વારંવાર ક્લેશ પામતા દત્તમુનિને દેખ્યો, એટલે જ્યાં આગળ રેવતીએ ગ્રસિત કરેલ શેઠનો પુત્ર રુદન કરતો હતો, તેને ઘરે સૂરિ પહોંચ્યા અને ચપટી વગાડવા પૂર્વક આચાર્યે કહ્યું 'હે બાલક ! કેમ રડે છે ?, રોતો બંધ થા' એમ કહેતાં જ બાળક રાડ પાડવાનું બંધ કરી મૌન થયો, રેવતીદેવતા દૂર ખસી ગઈ. પુત્ર રોતો અને વળગાડ બંધ કર્યો, એટલે તે ગૃહસ્થની પત્ની લાડુનો થાળ ભરીને પ્રતિલાભે છે, ત્યારે ગુરુએ દત્તને લાડુ લેવા કહ્યું.૩૧૬

મનને પ્રમોદ કરાવનાર લાડુઓથી પાત્ર પૂર્ણ ભરાઇ ગયું, એટલે તેને ઉપાશ્રયે મોકલી દીધો, પરંતુ તે દુષ્ટ અભિપ્રાયવાળો દત્તસાધુ મનમાં ગુરુ માટે વિચારવા લાગ્યો કે, 'એવા દરિદ્ર કુળોમાં નાહક મને રખડાવ્યો અને સુખી સ્થાપના-કુલોમાં પોતે જ વહોરે છે !' દરેક મનુષ્યો લગભગ પોતાના અનુમાનથી કલ્પેલા બીજાના આશયો સમજનારા હોય છે. નીચ મનુષ્ય હલકા-દુર્જન મનુષ્યના અને મહાનુભાવો ઉત્તમ મનુષ્યના અભિપ્રાયો પોતાના અભિપ્રાય અનુસાર માની લે છે. દુર્જન પોતાના દુષ્ટ અભિપ્રાયથી સજ્જનને પણ દુર્જન માને છે. જેને કમલાનો રોગ થયો હોય, તે જળ-પ્રવાહને પણ સળગતા અગ્નિ સરખો દેખે છે.

હવે આચાર્ય પણ રસ વગરનો અને વિરસ સ્વાદવાળો આહાર વિધિપૂર્વક લાવીને પોતાની વસતિમાં જઇને ભોજન કર્યા પછી સ્વાધ્યાય-ધ્યાન કરવા લાગ્યા. પ્રતિક્રમણ સમયે દત્તસાધુ આવ્યા, ત્યારે આચાર્યે કહ્યું કે, 'હે વત્સ ! તેં ચિકિત્સાપિંડનું ભોજન કરેલ છે, તો તેને અત્યારે આલોવી લે.' આચાર્યે કહેલી વાતની શ્રદ્ધા ન કરતો તે કંઇ પણ આલોચ્યા વગર પ્રતિક્રમણ કરીને પોતાની વસતિમાં પહોંચ્યો અને ગુરુ સન્મુખ એ પ્રમાણે બોલી ગયો કે, 'રાઈ સરખા પારકા દોષો દેખો છો અને પોતાના બિલ્લી જેવડા મોટા દોષો સાક્ષાત્ દેખતા હોવા છતાં પણ જોતા નથી ? ' ચન્દ્રગુપ્તે કહેલી આ વાત તેણે સાંભળી જણાતી નથી. 'ગૌરવ-રહિત એવા મારા જેવાની બુદ્ધિ, પૃથ્વીના વિવરમાં પ્રવેશ કરવા માટે પ્રવૃત્ત થઈ, તે આર્યની (ગુરુની) આજ્ઞા વડે જ થઇ ; જેઓ ખરેખર ગુરુઓને માનતા નથી, તેમના હૃદયને લજ્જા કેમ ભેદતી નથી?"

આચાર્ય ભગવંતના ગુણોથી પ્રભાવિત થએલી વ્યંતર દેવી આ દેખીને પોતાના ગુરુનો પરાભવ કરનાર પાપીને શિક્ષા કરવા માટે ઘોર અંધકાર, દુસ્સહ વાયરો, અતિશય મોટી ધારાવાળો વરસાદ વરસવો એ વગેરે વિકુર્વીને તેને એકદમ ભયંકર અટ્ટહાસ્ય કરીને બીવરાવવા લાગી. વ્યાકુળ ચિત્તવાળા શિષ્યે ગુરુને કહ્યું કે, 'હે ભગવંત ! મારું રક્ષણ કરો.' ગુરુએ કહ્યું કે, 'ભય ન પામ, આ માર્ગે ચાલ્યો આવ.' (૨૫) દત્તસાધુએ કહ્યું કે, 'હે પ્રભુ

! ગાઢ અંધકારમાં હું લગાર પણ દેખી શકતો નથી, તો હું કેવી રીતે આવું ? હે ગુરુજી ! મને બચાવો, મારું રક્ષણ કરો. આ સંકટથી મારો ઉદ્ધાર કરો. એટલે કરુણાસમુદ્ર ગુરુએ દીપ-શિખા સરખી તેજસ્વી આંગળી ઉભી કરી, એટલે તે કુશિષ્ય ગુરુ માટે વિચારવા લાગ્યો કે, 'અરે ! આ આચાર્ય હોવા છતાં પોતાની પાસે દીપક પણ ધારણ કરી રાખે છે. દીપક સરખી તેજસ્વી આંગળીના આધારે ત્યાં નિર્ભય સ્થાનકે ગુરુની પાસે પહોંચી ગયો.

ત્યાર પછી વ્યંતરદેવીએ ઠપકો અને શિખામણના આકરા-કઠોર શબ્દો સંભળાવતાં કહ્યું કે, 'હે રાંકડા ! હે પાપી ! દુર્વિનયરૂપ વૃક્ષનું તને આ માત્ર કેટલું ફળ મળ્યું છે ! હજુ તેટલો તું ભાગ્યશાળી છે કે, ગુરુ માટે આટલું દુર્વિનીત કાર્ય કરવા છતાં તું જીવે છે. જે મહાસત્ત્વશાળી તત્વ-પામેલા સુગુરુનો પરાભવ કરનારાને પરલોકમાં જે ફળ પ્રાપ્ત થશે, તે તો કહેવા પણ કોણ સમર્થ છે ? આ પ્રમાણે દેવતાથી શિક્ષા અપાએલો તે ઉત્પન્ન થએલા પશ્ચાતાપથી જળેલા આત્માવાળો પ્રણામ કરી, ખમાવીને કહે છે કે- 'હે સ્વામિ ! મને મારા અપરાધોનું પ્રાયશ્ચિત્ત આપો.' (૩૧) (૯૯) આ પ્રમાણે દુર્વિનીતના દુર્વિનય માટે દત્તસાધુનું દૃષ્ટાંત કહે છે-

**आयरिअ-भत्तिरागो, कस्स सुनक्खत्त-महरिसी-सरिसो।**
**अविं जिविअं ववसिअं, न चेव गुरु-परिमवो सहिओ ।।१००।।**

અહિં રાગ એટલે સ્નેહ, તે તો પત્ની પ્રત્યે પ્રેમરાગ હોય, જ્યારે આરાધ્ય દેવ-ગુરુ પ્રત્યે તે જ રાગ ભક્તિરાગ કહેવાય, તેથી અહિં આચાર્ય-ગુરુ વિષયક ભક્તિરાગ, કોને તેવો હતો ? તો કે, મહાવીર ભગવંતના શિષ્ય સુનક્ષત્ર મહર્ષિને એવો ભગવંત ઉપર ભક્તિ-અનુરાગ હતો કે જીવિતનો ત્યાગ કર્યો, પરંતુ પોતાના ગુરુ-આચાર્યનો પરાભવ ન સહન કરી શક્યા. તેનું કથાનક આ પ્રમાણે સમજવું.(૧૦૦)

## ૭૩. ભક્તિ રાગ ઉપર સુનક્ષત્રમુનિની કથા-

શ્રાવસ્તિનગરીમાં હાલાહલા નામની કુંભારણની કુંભકારની દુકાનમાં જિનેશ્વરના ઉપદેશથી સાધેલી તેજોલેશ્યાવાળો મંખલિપુત્ર ગોશાળો નામનો ૨૪ વર્ષના પર્યાયવાળો આજીવિક સંઘથી પરિવરેલો વિચરતો હતો. તેની પાસે પાર્શ્વનાથ ભગવંતના સંતાનિયા છ દિશાચરો આવ્યા; તે અનુક્રમે આ પ્રમાણે સેણ, કાલિન્દ, કણિયાર, અછિદ્ર, અગ્નિ વેશ્યાયન અને અર્જુન. તેઓએ ગોશાળાને અષ્ટાંગ નિમિત્તશાસ્ત્ર ભણાવ્યું. તે નિમિત્તશાસ્ત્ર કહેવા માત્રથી ગોશાળો શ્રાવસ્તિમાં પોતે જિન ન હોવા છતાં 'હું જિન છું.' એવો ખોટો પ્રલાપ કરતો હતો. કેવલી ન હોવા છતાં કેવલી છું, પોતાને જિન શબ્દથી જાહેર કરતો

વિચરતો હતો.

કોઈક સમયે મહાવીર ભગવંત ત્યાં સમવસર્યા. ધર્મ-શ્રવણ કરવા માટે પર્ષદા નીકળી, ધર્મ-શ્રવણ કરીને પર્ષદા પાછી જાય છે, તે સમયે છઠ્ઠના પારણે છઠ્ઠ કરનાર ભગવાનના પ્રથમશિષ્ય શ્રી ઈન્દ્રભૂતિ ગણધર ભગવંત શ્રાવસ્તિ નગરીમાં ગોચરી માટે પ્રવેશ કરતા હતા. તે સમયે લોકોને પરસ્પર એકબીજાને આ પ્રમાણે બોલતા સાંભળ્યા. ખરેખર આપણી શ્રાવસ્તિ નગરી ધન્ય છે કે, જ્યાં આગળ બે કેવલી જિનેશ્વરો પોતપોતાનાં તીર્થોને વિસ્તારતા વિચરી રહેલા છે. શ્રી ગૌતમસ્વામી આ હકીકત સાંભળીને ભક્ત-પાણી ગ્રહણ કરીને, ભગવંતને બતાવીને, ભોજન કર્યા પછી પર્ષદામાં આમ બોલ્યા.

'હે ભગવંત ! હું ગોશાળાની ઉટ્ઠાણ-પરિયાવણિયા ગોશાળા મતની ઉત્પત્તિ-સાંભળવાની ઇચ્છા રાખું છું.' જેવી રીતે આવશ્યક સૂત્રમાં ઉપસર્ગના પ્રસંગે કહેલ છે, તે પ્રમાણે તેની સર્વ હકીકત જણાવી. 'હે દેવાનુપ્રિય ! તેથી કરીને ગોશાળો પોતાને જિન કેવળી કહેવરાવે છે, તે સર્વથા મિથ્યા-ખોટું છે. પરંતુ જે વળી મહાવીર જિન કેવલી તિર્થંકર છે, તે સત્ય હકીકત છે..

ત્યારપછી આ હકીકત ઘણા લોકો પાસેથી સાંભળી અતિશય ક્રોધી ઉગ્ર સ્વભાવ-વાળો હાલાહલા કુંભકારની શાળાથી આજિવિક સંઘ સાથે પરિવરેલો ત્યાંથી નીકળી ભગવંતના આણંદ નામના શિષ્ય જે, છઠ્ઠના પારણે છઠ્ઠ કરતા ગોચરી માટે ભિક્ષા ભ્રમણ કરતા હતા, તેમને દેખીને તે આ પ્રમાણે બોલ્યો કે- 'હે આનંદ ! તું અહિં આવ. મારી એક વાત સાંભળ. તમારા ધર્માચાર્ય મહાવીર મારી વિરુદ્ધ બોલે છે. જો હવે પણ તેઓ ફરી પ્રમાણે બોલશે,તો હું ત્યાં આવીને તમો સર્વને બાળીને ભસ્મરૂપ બનાવી નાખીશ. પરંતુ માત્ર તમોને બચાવીશ. આ પ્રમાણે તમારા ધર્માચાર્યને તમે કહેજો.

ત્યારપછી આણંદ શિષ્ય આ સાંભળીને શંકિત થયો, ભય પામ્યો, ત્યાંથી નીકળી ભગવંતની પાસે આવી રુદન કરી સર્વ હકીકત નિવેદન કરી. અને પૂછ્યું કે, 'હે ભગવંત !' શું ગોશાળો સર્વને બાળીને ભસ્મીભૂત કરશે ખરો ?' ત્યારે ભગવંતે કહ્યું કે, ' હે આણંદ ! જો કે ગોશાળો ભસ્મરાશિ કરવા માટે સમર્થ છે, પરંતુ અરિહંત ભગવંતો પણ તેમને તેવા પ્રકારનો પરિતાપ-ઉપસર્ગ કરવા માટે સમર્થ હોય છે. ગોશાળાની તેજોલેશ્યા કરતાં અનંતગુણ વિશિષ્ટતર અરિહંતોની તેજોલેશ્યા હોય છે, પરંતુ અરિહંત ભગવંતો ક્ષમાના સમુદ્ર હોવાથી કોઇનો પણ પ્રતિકાર કરતા નથી. માટે હે આણંદ ! તું જા અને ગૌતમ વગેરે સાધુઓને આ વાત જણાવ કે, 'અહિં ગોશાળો આવે ત્યારે તમારે કોઇએ પણ ગોશાળા સાથે ધાર્મિક પ્રેરણા, પ્રતિપ્રેરણા ન કરવી.

આણંદ સાધુએ કહ્યા પ્રમાણે સર્વ સાધુને ભગવંતની આજ્ઞા જણાવી. એટલામાં ગોશાળો જ્યાં ભગવંત હતા, ત્યાં જ આવી લાગ્યો અને ભગવંતની સામે ઉભો રહીને આ પ્રમાણે બોલવા લાગ્યો- 'હે કાશ્યપ ! તમે આ પ્રમાણે બોલીને મને હલકો પાડ્યો છે કે, જે આ ગોશાળો મંખલિપુત્ર મારો જ શિષ્ય અને મારી પાસેથી જ શિખેલો છે.

ત્યારપછી મહાવીર પ્રભુને ઉંચા સ્વરથી હલકા શબ્દોથી, તિરસ્કારથી અપમાન કરવા પૂર્વક એમ બોલવા લાગ્યો કે-'તું આજ નાશ પામેલો છે, વિશેષ પ્રકારે વિનાશ પામીશ, હવે તું હોઈશ નહિ.' ત્યારપછી મહાવીર ભગવંતના અંતેવાસી સર્વાનુભૂતિ નામના શિષ્ય-સાધુ પોતાના ધર્માચાર્યના ભક્તિ-અનુરાગથી આ વચન ન સહેવાથી ત્યાં આવીને એમ બોલ્યા કે-'તું જ વિનાશ પામ્યો છે, હે ગોશાલક ! તું જ ખરેખર સર્વથા વિનાશ પામ્યો છે. ભગવંતે તને દીક્ષા આપી શીખવ્યું અને તેની જ વિરુદ્ધ ખોટું વર્તન કરે છે.'

આ પ્રમાણે કહ્યું, એટલે ક્રોધે ભરાયો થકો સર્વાનુભૂતિ નામના અનગારને તેજોલેશ્યા છોડી રાખનો ઢગલો કરી નાખ્યો. ત્યાંથી કાળ કરી તે ગુરુભક્તિના કારણે પ્રશસ્ત કષાયોયોગે સહસ્ત્રાર નામના દેવલોકને વિ, ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દેવ થયા. ત્યાંથી ચ્યવીને મહાવિદચેહમાં સિદ્ધિ પામશે. બીજી વખત પણ શ્રમણ ભગવંત મહાવીરને ઊંચા સ્વરથી જેમ તેમ અપમાનના શબ્દો બોલવા લાગ્યો, ત્યારે મહાવીર ભગવંતના અંતેવાસી સુનક્ષત્ર નામના અનગાર હતા, પણ પોતાના ધર્માચાર્યના અનુરાગથી આ શબ્દો ન સહી શકવાથી સર્વાનુભૂતિની જેમ બોલવા લાગ્યા.

આ પ્રમાણે બોલતા સાધુ ઉપર ગોશાળો ક્રોધે ભરાઇને એકદમ સુનક્ષત્ર સાધુને તેજોલેશ્યાથી પરિતાપ કરવા લાગ્યો, એટલે તે સાધુ ત્રણ વખત મહાવીર ભગવંતને વંદન કરી, નમસ્કાર કરી, પોતાની મેળે જ પાંચ મહાવ્રતો ઉચ્ચરીને આરોપણ કર્યાં. સાધુ-સાધ્વીઓને ખમાવવા લાગ્યા. અલોચના કરી પાપોનું પ્રતિક્રમણ કરી કાલ પામેલા તે અચ્યુત નામના બારમા દેવલોકે ગયા. ત્યાં તેની ઉત્કૃષ્ટ સ્થિતિ પામ્યો. ત્યાંથી ચ્યવીને તે મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિ પામશે.

ત્યારપછી તે ગોશાળા ફરી પણ મહાવીર ભગવંતને જેમ તેમ બોલવા લાગ્યો. ત્યારે મહાવીર ભગવંતે તેને કહ્યું કે, તે ગોશાળો તું જ છે કે, જેને મેં પ્રવ્રજ્યા આપી હતી. મુંડિત કર્યો હતો;, બહુશ્રુત બનાવ્યો હતો, મને જ તેં અવળી રીતે સ્વીકાર કરેલ છે.' ત્યારપછી એવી રીતે કહેવાયો, એટલે ક્રોધે ભરાએલા ગોશાળાએ ભગવંતને બાળી નાખવા માટે પોતાના શરીરમાંથી તેજ બહાર કાઢવા લાગ્યો. તે તેજોલેશ્યાનો અગ્નિ ભગવંતના શરીરમાં ન પરિણમ્યો, પરંતુ ભગવંતને પ્રદક્ષિણા કરી તે જ ગોશાળાના શરીરને બાળતો

અંદર પેઠો.

ત્યારપછી ગોશાળો ભગવંતને આ પ્રમાણે કહેવા લાગ્યો કે, 'હે કાશ્યપ ! પિત્ત જ્વરથી વ્યાપેલા શરીરવાળા તમે છ મહિનાની અંદર શરીર-નાશ પામવા યોગે છદ્મસ્થપણામાં જ કાળ પામશો.' ત્યારે ભગવંતે ગોશાળાને એમ કહ્યું કે, 'હું તો હજી સોળ વર્ષ વિચરીસ, પરંતુ હે ગોશાળ ! તું તો તારા પોતાના તેજોગ્નિથી અંદર બળતો અને પિત્ત-જ્વરથી ઘેરાએલો સાત રાતમાં જ છદ્મસ્થપણામાં જ કાળ પામીશ.' ત્યારપછી ગોશાળાને સાતમી રાત્રિએ પોતાના પરિણામ પલટાયા અને પ્રાપ્ત થએલ સમ્યક્ત્વને લીધે તે આવા પ્રકારના ચિત્તવાળો થયો.

"હું જિન-કેવલી નથી જ, પરંતુ મંખલિપુત્ર સાધુનો હત્યારો છું.' ત્યાર-પછી પોતાના મતના આજીવિક વૃદ્ધોને બોલાવીને આ પ્રમાણે કહ્યું, 'હું' ખરેખર જિન-કેવલિ નથી, પરંતુ મહાવીર જ તેવા જિન-કેવલી છે. તો તમો મારો કાળ થયા પછી જાણો કે આ મૃત્યુ પામ્યો છે, ત્યારે મારા ડાબા પગે કંતાન-સૂતળીની દોરી બંધીને શ્રાવસ્તિ નગરીની બહાર હું જ્યારે ઘસડીને લઈ જવાતો હોઉં, ત્યારે તમારે આ પ્રમાણે ઘોષણા કરતા ચાલવું કે, 'જિન ન હોવા છતાં હું જિન છું-એમ ખોટો પ્રલાપ કરનાર, કેવલી ન છતાં પણ હું કેવલી છું-એમ પ્રલાપ કરનાર આ ગોશાળો છે.' એમ બોલતાં બોલતાં મારા મૃતકને ઘસડજો. આ પ્રમાણે સોગન ખવરાવીને નક્કી કરાવેલ. જ્યારે કાલ પામ્યા એમ જાણ્યું, ત્યારે રહેવાના સ્થાનનું દ્વાર બંધ કરીને શ્રાવસ્તિ નગરી આલેખીને લજ્જા પામતા એવા તેના પરિવારે તે કહ્યા પ્રમાણે આલેખેલી નગરીમાં કર્યું.

ગોશાળક પણ કાળ પામ્યો થકો અચ્યુત કલ્પમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળો દેવ થયો. ત્યારપછી મહાવીર પ્રભુ શ્રાવસ્તિથી મિંઢિક ગામ ગયા. ત્યાં ગૌતમ સ્વામીએ પૂછ્યું કે, 'ગોશાળો સ્વર્ગમાંથી ચ્યવીને ક્યાં ઉત્પન્ન થશે ? ભગવંતે ભગવતીસૂત્રમાં ગોશાલક અધ્યયનમાં કહ્યા પ્રમાણે સર્વ હકીકત કહી. છ માસ પછી રેવતી શ્રાવિકાએ વહોરાવેલ ઔષધ વડે ભગવંત નિરોગી શરીરવાળા થયા.

એ પ્રમાણે સુનક્ષત્ર અને સર્વાનુભૂતિની કથા.(૧૦૦)

આ પ્રમાણે સારા સારા વિનયવાળા શિષ્યની ગુરુ વિષે ભક્તિ બતાવીને હવે એવા ક્યા ગુરુ ભક્તો થાય છે, તે જણાવે છે-

**पुण्णेढिं चोइआ पुरक्खडेहिं सिरिभायणं भविअ-सत्ता।**
**गुरुमागमेसिभद्दा, देवयमिव पच्जुवासंति ।।१०१।।**

**बहुसुक्ख-सयसहस्साण-दायगा मोअगा दुह-सयाणं।**
**आयरिआ फुडमेअं, केसि- पएसी अ (व) ते हेऊ ।।१०२।।**

પૂર્વ ભવના પુણ્યના પ્રભાવથી પ્રેરાએલા આ લોકમાં રાજ્ય-સંપત્તિ આદિ તેમ જ ચારિત્ર-સમૃદ્ધિ વગેરે રૂપલક્ષ્મીના ભાજન બનીને પરલોકમાં નજીકના કાળમાં જેમનું મોક્ષકલ્યાણ થવાનું છે, એવા પ્રકારના 'આગમેસિભદ્દા' આત્માઓ દેવતાની જેમ ગુરુની પર્યુપાસના-સેવા કરે છે.(૧૦૦)

ઉત્તમ પ્રકારના શિષ્યોને શા માટે ગુરુઓ સેવા કરવા યોગ્ય છે તે કહે છે-ઘણાં લાખો પ્રમાણ ઉપરાંત સુખ આપનારા અને સેંકડો દુઃખોથી મુક્ત કરાવનાર આચાર્ય ભગવંતો હોય છે. વાત પ્રસિદ્ધ છે, માટે ગુરુની પર્યુપાસ્તિ કરવી. આ પ્રમાણે કોને સુખ આપનાર અને દુઃખથી મુક્ત કરાવનાર કોણ થયા ? તે બંને માટે દૃષ્ટાંત જણાવે છે કે, કેસી આચાર્ય અને પ્રદેશી રાજા બંને પ્રસિદ્દ હેતુ દૃષ્ટાંત છે.(૧૦૨) તે આ પ્રમાણે-૩૨૧

## ૭૪. પ્રદેશીરાજાની કથા-

શ્વેતાંબિકા નામની નગરીમાં અતિપ્રસિદ્ધ પ્રદેશી નામનો રાજા હતો, તેને સૂર્યકાંતા નામની પ્રિયા ચંદ્રના મુખ સરખી આલ્લાદ આપનાર હતી. સૂરકાંત નામનો પુત્ર, તેમ જ પ્રધાનમંડલમાં શિરોમણિ અતિસરલ સ્વભાવી મોટા ગુણવાળો ચિત્ર નામનો મંત્રી હતો. કોઇક સમયે પ્રદેશી રાજાએ કોઈક કારણસર શ્રાવસ્તિ નગરીમાં જિતશત્રુ રાજા પાસે આ ચિત્ર મંત્રીને મોકલ્યો. ત્યાં આગળ શ્રી પાર્શ્વનાથ ભગવંતની પરંપરામાં થએલી કેશી નામના આચાર્ય પધાર્યા. ચૌદપૂર્વી ચાર જ્ઞાનવાળા ચાર મહાવ્રતરૂપ ધર્મને ધારણ કરનાર એવા તે કેશી આચાર્યને વંદના કરી ચિત્રે ધર્મદેશના શ્રવણ કરી.

જીવો જેવી રીતે ભવસમુદ્રમાં કર્મ બાંધે છે, કર્મની નિર્જરા કરે છે, તથા આર્ત-રૌદ્રધ્યાન કરીને પાર વગરના ભવસમુદ્રમાં રખડે છે, જીવે કેવી રીતે ઉત્તમ સમ્યક્ત્વ રત્ન પ્રાપ્ત કરે છે, જેવી રીતે નિર્મલ જ્ઞાનાદિક ગુણો, નિરતિચાર ચારિત્ર ઉપાર્જન કરે છે, જેવી રીતે સત્ય નિરતિચાર તપથી ભવસમુદ્રમાં રખડવાનું બંધ થાય છે, તેવી કેશી આચાર્યની દેશનાથી ચિત્રમંત્રી પ્રતિબોધ પામ્યા અને સુંદર સમ્યક્ત્વ તથા શ્રમણોપાસક-ધર્મ અંગીકાર કર્યો.

જિનેશ્વર ભગવંતની પૂજા, પવિત્ર પાત્રોમાં દાન દેવું, સ્વાધ્યાય, ધ્યાન, શાસન-પ્રભાવનાઓ ભાવથી પ્રવર્તાવવા લાગ્યા. પોતાના સ્વામી રાજાનું કાર્ય સિદ્ધ કરીને તે મંત્રી પોતાના નગર તરફ પ્રયાણ કરવા તૈયાર થયા. મનમાં વિચાર્યું કે, 'જો કોઈ પ્રકારે ગુરુ

મહારાજ વિહાર કરતા અમારા રાજ્યામાં પધારે, તો કેવું સુંદર. મારા સ્વામી પ્રદેશી રાજા હિંસા, જુઠમાં ઘણા આસક્ત છે, વળી માંસ, મદિરા, મધ, જુગાર, શિકાર આદિ પાપકાર્યોમાં નિરંતર પ્રવર્તેલા છે, તે જો કોઈ પ્રકારે પ્રતિબોધ પામે, મારા સરખા મહાહિતોપદેશ કરનાર ભક્ત બુદ્ધિશાળી મંત્રી હોવા છતાં તે પાપના પ્રભાવથી નરકમાં પતન પામશે. તો ધર્મી-મંત્રી તરીકે સ્વામીની સેવા કરનાર હું ન ગણાઉં.

આ લોકમાં કાર્ય સાધી આપનાર મિત્રો અને મંત્રીઓ ઘણા હોય છે, પરંતુ સ્વામીનાં પરલોકનાં કાર્યો સાધી આપનાર એવા વિરલા જ હોય છે. માટે શ્રીકેશી આચાર્યને શ્વેતાંબિકા પુરી તરફ વિહાર કરવાની વિનંતિ કું. કોઈક સમયે કેશી આચાર્ય ત્યાં પધાર્યા. આચાર્ય ભગવંત અહિં આવી ગયાના સમાચાર જેણે જાણેલા છે, એવા ઉત્તમ મંત્રી વધામણી આપનારને શ્રેષ્ઠ પારિતોષિક આપીને સમયાનુસાર સર્વ ઋદ્ધિ સહિત વંદન કરવા માટે ગયા અને વાંદ્યા. ત્યારપછી વિચાર્યું કે, નાસ્તિક વાદી રાજાને અહિં કેવી રીતે લાવવો ? કોઇક સમયે અશ્વ ખેલાવવા માટે રાજા નીકળ્યા હતા, ત્યારે પરિશ્રમનો થાક ઉતારવા માટે મંત્રી ગુરુને રહેવાના સ્થાન તરફ વૃક્ષછાયામાં રાજાને લઈ ગયા.૩૨૨

તે સમયે કેશી આચાર્ય પર્ષદા સન્મુખ ધર્મને પ્રકાશિત કરતા ગુરુને દેખીને રાજા મંત્રીને પૂછે છે કે, 'આ મુંડિયો કેમ બરાડા પાડે છે.' ત્યારે ચિત્રે કહ્યું કે, 'હે નાથ ! હું તે નથી જાણતો. પરંતુ આપણે તેની પાસે જઇને પૂછીએ, તો તે પ્રત્યુત્તર આપવા સમર્થ થશે. અવિધિથી પગમાં પ્રણામ કર્યા અને ગુરુની પાસે જઇને રાજા બેઠો. જીવ, કર્મ, પુણ્ય, પાપ, પરલોક વગેરે છતા પદાર્થોનું પોતાની મતિકલ્પનાથી ખંડન કરવા લાગ્યો. 'પગોથી માંડી છેક મસ્તક સુધી જેનામાં કુવર્તન રહેલું હોય, તે બિચારો દુર્જન નમ્ર કેવી રીતે થઇ શકે ?"

હવે કેશી આચાર્ય ઉચ્છ્વાસ, શબ્દ વગેરે ચેષ્ટાઓથી જીવની સિદ્ધિ કરે છે, જેમ કે, પવન દેખાતા નથી, છતાં પણ વૃક્ષની ટોચે રહેલાં પાંદડાં અને ધ્વજા કંપાયમાન થાય છે, તે ચિહ્નથી પવનનું અનુમાન થાય છે. તે પ્રમાણે જેમાં કારણ સમાન હોય, સાધન સમાન હોય અને ફલ-કાર્યમાં વિશેષતા હોય, તો તે હેતુ-કારણ વગર ન હોય, કાર્યપણાથી. હે ગૌતમ ! ઘડાની જેમ. હેતુ હોય તો તે જીવના કર્મ. જેમ પવન દેખાતો નથી, પણ ધ્વજા કંપવાના આધારે તેના ચિહ્નથી પવનનું અનુમાન કરી શકાય છે, તેમ આત્મા-જીવને આપણે દેખી શકતા નથી, પણ જ્ઞાન વગેરે ગુણ દ્વારા અનુમાનથી સાબિત કરાય છે. એવી રીતે દરેક જીવ સમાન ગુણવાળા હોવા છતાં તેના કર્મના કારણે કોઇ દેવ, કોઈ મનુષ્ય, કોઈ તિર્યંચાદિ ગતિમાં જાય છે. તેમાં કારણ હોય તો તેનાં પોતાનાં કરેલાં કર્મ.

એ પ્રમાણે જીવ અને કર્મની સિદ્ધિ થઈ, તેમ સુંદર અનુમાન કરવા દ્વારા પરલોક એ

પણ પ્રસિદ્ધ છે, તેનું કારણ હોય તો કર્મ જ છે.(૨૫) ફરી રાજા પૂછે, છે કે-જો પરલોક હોય તો પરલોકમાંથી મારા પિતા અહિં મારી પાસે આવીને મને પ્રતિબોધ કેમ કરતા નથી ? કારણ કે, હિંસા, જુઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહાદિક પાપ કરીને તેઓ દુર્ગતિમાં ગયા હશે, મારા પર ઘણો સ્નેહ હતો, તેઓ આવીને પાપ કરતાં મને કેમ અટકાવતા નથી ? વળી મારી માતા તો બહુજ ધર્મી હતાં. તેઓએ તો ઘણો વિશુદ્ધ ધર્મ કરેલો હતો. તેઓ તો સ્વર્ગે જ ગયાં હશે અને ત્યાંથી આવી મને કેમ ધર્મોપદેશ કરતાં નથી ? મારા માતા-પિતા મારા પર અધિક વાત્સલ્યવાળા હતા, પોતે સ્વાનુભવ કરીને-જાણીને દુષ્કૃત અને સુકૃતના ફળથી મને નથી રોકતા અને નથી કરાવતા, માટે પરલોક હોય-એમ કેમ માની શકાય ?

આચાર્ય રાજાને પ્રત્યુત્તર આપતા કહે છે કે-'કેદખાનામાં કેદીઓ શિક્ષા કરનારા દ્વારા હાથ-પગમાં સાંકળથી જકડાએલા હોય એવા ચોર કે અપરાધી પોતાના સગા-સ્નેહીઓને ઘરે જવા સમર્થ બની શકતા નથી (૩૦) તે પ્રમાણે નિરંતર પરમાધાર્મિક દેવોથી ચીરાતો, કંપાતો તે બિચારો નરકમાં રહેલો પલકારા જેટલો કાળ પણ સ્વાધીન નથી, તેથી તે જીવ અહિં કેવી રીતે આવી શકે ? કહેવાય છે કે-'આંખના પલકારા જેટલું પણ ત્યાં સુખ નથી, લગાતાર ત્યાં દુઃખ ચાલુ જ હોય છે.

નરકમાં નારકીના જીવો બિચારા રાત-દિવસ દુઃખાગ્નિમાં શેકાયા જ કરે છે. તારી માતા પણ દેવતાઇ ભોગો ભોગવવામાં રાત-દિવસ એટલા રોકાઇ રહેલાં છે કે, એક બીજા કાર્ય કરવામાંથી નવરા પડતા નથી, જેથી સ્નેહથી આવી શકવા માટે સમર્થ બની શકતાં નથી. આ પણ કહેલું જ છે કે-"દિવ્ય પ્રેમમાં સંક્રાન્ત થએલા, વિષયોમાં આસક્ત થએલા, કોઈના પણ કાર્યો સમાપ્ત ન થતાં હોવાથી, મનુષ્યનાં કાર્યો કરવામાં પરાધીન હોવાથી, તેમજ નરભવ અશુભ-અશુચિમય હોવાથી દેવો અહિં આવતા નથી."

હવે નાસ્તિકવાદી રાજા કહે છે કે-મારા દાદા અને તેના પણ દાદા વગેરે પણ નાસ્તિક હતા, તો કુલક્રમાગત આવ્યા સિવાયનો ધર્મ હું કેમ કરું ? ત્યારે ગુરુએ રાજાને કહ્યું કે, તો પછી ચોરી, રોગ, દરિદ્રતા, દુર્ભાગ્ય, અન્યાય વગેરે કોઇને કુલક્રમાગત આવેલાં હોય, તે પણ શું ન છોડવાં ? અથવા હે રાજા ! કોઇ દરિદ્રના પુત્રને કોઇ સાત અંગવાળું રાજ્ય અર્પણ કરે, તો તેણે ગ્રહણ ન કરવું ? અથવા તો કોઈ કોઇના કુષ્ઠી-પુત્રના નિષ્ઠુર કોઢ રોગને કરુણાથી મટાડી દે, તો તે તમે મટાડવાની ના કહેશો ખરા ? આવા પ્રશ્નોત્તરોની પરંપરાથી રાજાને પ્રતિબોધ કર્યો, સમ્યક્ત્વસહિત શ્રાવકનો ધર્મ અંગીકાર કરીને નિરતિચાર તેનું પાલન રાજા કરવા લાગ્યો.

સંસાર-સાગર તરવા માટે નાવ-સમાન એવું નિરતિચાર ઉત્તમ અતિસુંદર દુઃખે કરી પાલન કરી શકાય, તેવું બ્રહ્મચર્ય લાંબા કાળ સુધી પાલન કરવા લાગ્યો. ત્યારે પાપમાં આસક્ત, કામાગ્નિથી બળી રહેલી, બીજા પુરુષ વિષે પ્રેમાસક્ત થએલી એવી તેની સૂર્યકાંતા પત્નીએ મનમાં આ પ્રમાણે વિચાર્યું કે, 'જ્યારથી માંડીને આ રાજાએ શ્રાવકપણાના ધર્મમાં અનુરાગવાળું ચિત્ત કરેલું છે, તે દિવસથી મને લગાર પણ સારી રીતે સ્નેહપૂર્વક જોતા નથી. મારી ઇચ્છાઓ પૂર્ણ કરતા નથી, તો હવે મારે મારા મનોરથ પૂર્ણ થાય, તે માટે મૃત્યુ પામેલા પતિ પાછળ સૂર્યકાંત પુત્ર રાજા થાય, તેમ કરવું યોગ્ય છે.

પતિ મૃત્યુ પામ્યા પછી મને કોઇની શંકા કે ભય રહે નહિં એથી નિશ્ચિતપણે ઇચ્છા મુજબ ભોગો ભોગવું. એમ વિચારીને પોસહ-ઉપવાસના પારણે રાજાને ઝેર આપ્યું. ત્યારપછી રાજાના દેહમાં પિત્તજ્વર દાહ આદિ રોગોથી પીડા થવાથી જાણ્યું કે મારી પ્રિયા સૂર્યકાંતાએ મારા ઉપર ઝેરનો પ્રયોગ કર્યો છે, વિચાર કરવા લાગ્યો કે-

"આ જગતમાં ચંચળ ચપળ હોય તો વિજળી છે. અરે ! તેના કરતા પણ અતિવક્ર હોય તો સિંહની નખ શ્રેણી છે, પરંતુ તે એટલી અત્યંત ભયંકર નથી તો શું યમરાજાની ક્રીડાના મુખ સરખી અને રમતમાં પ્રાણ હરણ કરનારી હાલાહલ ઝેરની લતા ભયંકર છે ? ના, તે પણ તેવી નથી, ત્યારે કોણ તેવી ભયંકર છે ? તો કે, સમગ્ર દોષોની ખાણ એવી સ્ત્રિઓ મહાભયંકર અને હાલાહલ ઝેર કરતાં પણ વધારે વિષમ અને અનેક ભવોનાં મરણનાં દુઃખો અપાવનાર હોય, તો આ સ્ત્રિઓ જ છે. માટે તેમને દુરથી જ નવ ગજના નમસ્કાર થાઓ.' તો પણ ધૈર્ય ધારણ કરી તે સ્ત્રી ઉપર મનથી પણ દ્વેષ નહિં કરતો પોતાની મેળે જ સર્વ અણુવ્રતોનો સ્વીકાર કરી અનશન કરે છે.

પંચ નમસ્કારના ધ્યાનમાં તત્પર બનેલો પોતાના અતિચારોનું આલોચનનિંદન કરીને સર્વ જીવોને નાના કે મોટા અપરાધ કરેલા હોય, તેવા સ્થાનને ખમાવે છે. સમતાપૂર્વક સમાધિથી મરણ પામેલ તે પ્રદેશી રાજા ચાર પલ્યોપમના આયુષ્યવાળો સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયો. તે વિમાનના નામ સરખું એવું તેનું નામ સૂર્યાભદેવ પાડ્યું. ત્યાં દેવલોકમાં દેવતાઇ કામભોગો અપ્સરાઓની સાથે ભોગવે છે, તેમ જ જિનેશ્વર ભગવંતના સમવસરણમાં જઇને હંમેશાં તેમની દેશના સાંભળે છે.

એક સમયે આમલકલ્પા નગરીમાં શ્રીવર્ધમાનસ્વામીનું સમોસરણ રચાયું હતું, ત્યારે પોતપોતાની સમૃદ્ધિ સહિત આવીને પ્રણામ કરવા પૂર્વક ભગવંતને વિનંતિ કરવા લાગ્યો કે, 'હે દેવ ! ગૌતમસ્વામી વગેરે સાધુઓને હું મારું નવીન નાટક-નૃત્યારંભ બતાવું,' ભગવંત મૌન રહ્યા, એટલે તે દેવ ઉભો થઈને તુષ્ટ થઇને તેણે ભગવંતની આગળ અટક્યા

વગર સુંદર નાટ્ય વિધિ પ્રવર્તાવી બતાવી. ત્યારપછી જેવો આવ્યો હતો, તેવો તે સૂર્યાભદેવ પ્રણામ કરી પાછો પોતાના સ્થાને ગયો. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં શુક્લધ્યાનથી સિદ્ધિ પામશે.(૫૪)

પ્રદેશી રાજાની કથા પૂર્ણ થઇ.

**नरय-गइ-गमण-पडिहत्थए कए तह पएसिणा रण्णा**
**अमरविमाणं पत्तं, तं आयरिअ-प्पभावेणं ।।१०३।।**

**धम्ममइएहिं अइसुंदरेहिं कारण-गुणोवणीएहिं।**
**पल्हांयतो य मणं, सीसं चोएइ आयरिओं ।।१०४।।**

**जीअं काऊण पणं, तुरमिणिदत्तस्स कालिअज्जेणं।**
**अविअ सरीरं चत्तं, न य भणिअमहम्म-संजुत्तं ।।१०५।।**

પ્રદેશી રાજાએ નાસ્તિકપણાના કારણે નરકગતિમાં જવાની સંપુર્ણ તૈયારી કરી હતી, છતાં પણ દેવ વિમાનમાં પ્રસિદ્ધ એવું સૂર્યાભ દેવપણું મેળવ્યું, તે પ્રભાવ હોય તો માત્ર કેશી આચાર્ય ભગવંતનો જ છે.(૧૦૩)

તેથી સુશિષ્યોએ આચાર્ય ભગવંતની આરાધના કરવી. તેમજ આચાર્ય મહારાજાએ પણ શિષ્યને જે પ્રમાણે હિતવચનો કહેવાં જોઇએ, તે કહે છે.-'જ્ઞાન, દર્શન, ચારિત્ર સ્વરુપ અનેક ગુણયુક્ત નિરવદ્ય ધર્મમય અતિસુંદર વચનો વડે જે પ્રમાણે શિષ્યનું મન આલ્હાદ પામે, પરિણામની વૃદ્ધિ થાય, તે પ્રમાણે આચાર્ય શિષ્યને શિખામણ-પ્રેરણા આપે.(૧૦૪)

મનની પ્રસન્નતા સત્ય વચનોથી જ કરવી, નહિં કે અસત્ય એવું પ્રિય વચન પણ બોલવું. તે માટે કહેલું છે કે-'સત્ય બોલવું, પરંતુ અસત્ય એવું પ્રિયવચન ન બોલવું, પ્રિય અને સાચું વચન બોલવું, તે એક શાશ્વત ધર્મ છે. પોતાના પ્રાણના નાશમાં પણ અસત્ય પ્રિય વચન નથી બોલ્યા; એવા કાલકાચાર્યનું દૃષ્ટાંત કહે છે. કથા કહેવાથી ગાથાનો અર્થ સારી રીતે સમજી શકાશે. તેથી તે જ કહીએ છીએ.

### ૭૫. કાલકાચાર્યનું દૃષ્ટાંત -

તુરુમિણિ નામની નગરીમાં જિતશત્રુ નામનો રાજા હતો, તેને અશ્વોને શિક્ષા આપવામાં ચતુર, છ કર્મ કરાવનાર બીજો એક બ્રાહ્મણ પુરોહિત હતો. જિનધર્મમાં પ્રતિબોધ પામી જિનેશ્વર ભગવંતની પ્રવ્રજ્યા સ્વીકારી વિશેષ પ્રકારના શ્રુતના પારગામી બની કાલકસૂરિ

તરીકે પ્રસિદ્ધિ પામ્યા. તે કાલકસૂરિને રુદ્રા નામની બહેન હતી અને તેને દત્ત નામનો ખરાબ બુદ્ધિવાળો બાલિશ હતો. તેના પિતા ન હોવાથી વનહાથી માફક નિરંકુશ અને શંકારહિત હતો. જિતશત્રુ રાજા સાથે એક મનવાળો તે દરરોજ રાજાની સેવા કરવા લાગ્યો, રાજાએ કોઈ વખત તેને મોટા અધિકારપદે સ્થાપન કર્યો, અધિકાર મળતાં તેણે રાજાને જ ગાદીભ્રષ્ટ કર્યો અને જિતશત્રુ રાજાને દૂર ભગાડીને પોતે જ તેનું રાજ્ય અંગીકાર કર્યું.

ત્યારપછી મનુષ્યો, સ્ત્રીઓ, ઘોડા, ગાય-મેઘ વગેરે ઘણા અને મોટા યજ્ઞો તે પાપિષ્ઠ ચિત્તવાળા રાજાએ ઘણું ધન ખરચવા-પૂર્વક આરંભ્યા. કાલકસૂરિ ભગવંત કોઈ સમયે વિહાર કરતા કરતા સુવિહિત વિહારની ચર્યાનુસાર તુરુમિણિ નગરીમાં આવી પહોંચ્યા. બહારના ઉદ્યાનમાં સુખપૂર્વક સ્થિરતા કરી. તેમના આગમનના સમાચાર સાંભળીને રુદ્રામાતા પોતાના પુત્ર-રાજાને કહે છે કે, 'હે વત્સ ! તારા મામા કાલકસૂરિ અહિં પધાર્યા છે, તો ભક્તિપૂર્ણ હૃદયવાળી હું ભાઈને વંદન કરવા જાઉં છું, તો હે વત્સ ! તું પણ જલ્દી તેમના ચરણમાં નમસ્કાર કર.'

માતાના મોટા આગ્રહથી પ્રેરાયેલો તે દુષ્ટાત્મા ત્યાં જવા નીકળ્યો. મિથ્યાદૃષ્ટિ એવો તે દ્રવ્યથી વંદન કરી આગળ બેઠો. અતિધીઠો અને અહંકારી તે રાજા વિશુદ્ધ સુંદર ધર્મદેશના સમયે પૂછે છે કે, 'મને યજ્ઞનું ફળ કહો.' ગુરુએ વિચાર્યું કે-"કપાઇ ગએલી નાસિકાવાળાને આરીસો બતાવીએ, તો કોપ પામે છે, તેમ ઘણે ભાગે સન્માર્ગની સાચી ધર્મદેશના તે અત્યારે ઘણેભાગે પુરુષોને કોપ પમાડનારી થાય છે' ૩૨૬

ત્યારપછી ગુરુએ કહ્યું કે, 'તું પૂછે છે, તો હે રાજા ! ધર્મના મર્મને હું કહું છું, તે સાંભળ. 'પોતાના આત્માની જેમ બીજા આત્મા વિષે પણ પીડાનો ત્યાગ કરવો, તે મહાધર્મ છે.' કહેલું છે કે-'જેમ આપણા આત્માને સુખ વહાલું અને દુઃખ અળખામણું છે, તેમ સર્વ જીવોને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે. એમ વિચારતો આત્મા પોતાને અનિષ્ટ દુઃખ પમાડનાર એવી બીજા જીવની હિંસા ન કરવી.' બુદ્ધિશાળી મનુષ્યો અહિં લંગડાપણું, કોઢરોગ, ઠુંઠાપણું વગેરે હિંસાનાં અશુભ ફલ દેખી નિરપરાધી જીવોની હિંસા મનથી પણ સર્વથા ત્યાગ કર. ધર્મનું ફળ હોય તો સ્વર્ગ કે મોક્ષ છે. તેમાં સંદેહ નથી.' ફરી પણ દત્તરાજા પૂછે છે કે, 'આપ મને યજ્ઞનું ફળ કહો.'

ગુરુએ કહ્યું કે, 'તું પાપનું ફળ અને સ્વરૂપ પૂછે છે, તો હું કહું છું કે, હિંસા અને જુઠ વગેરે પાપના માર્ગ છે અને આ યજ્ઞ પણ પાપ જ છે. તેમ જ કહેલું છે કે-'જો જીવને પ્રાણનો લાભ થતો હોય, જીવિત બચી શકતું હોય, તો રાજ્યનો પણ ત્યાગ કરે છે, જીવનો

વધ કરવાથી ઉત્પન્ન થએલું પાપ, સર્વ પૃથ્વીનું દાન કરે તો પણ શાન્ત થતું નથી. વનમાં રહેલા નિરપરાધી વાયુ, જળ અને તૃણનું ભક્ષણ કરનારા મૃગલાઓના માંસનું લોલુપી વનના જીવેને મારનાર શ્વાન કરતાં લગાર પણ ઓછો નથી, તમને માત્ર તણખલા કે અણિયાલા ઘાસના અગ્રભાગથી ભોંકવામાં આવે, તો તમારા અંગમાં તમે ખરેખર પીડા પામો છો અને દુભાવો છો, પછી અપરાધ વગરના પ્રાણીઓને તીક્ષ્ણ હથિયારોથી કેમ મારી નાખો છો ?

ક્રૂર કર્મીઓ પોતાના આત્માને ક્ષણિક સંતોષ પમાડવા માટે પ્રાણીઓના સમગ્ર જીવનનો અંત આણે છે. 'તું મરી જા' માત્ર એટલા શબ્દ કહેવાથી પ્રાણી દુઃખી થાય છે, તો પછી ભયંકર હથિયારો વડે તેને મારી નાખવામાં અવે, તો તેને કેટલું દુઃખ થાય ? શાસ્ત્રોમાં સંભળાય છે કે, 'જીવોનો ઘાત કરવા રૂપ રૌદ્રધ્યાન કરનારા એવા સુભૂમ અને બ્રહ્મદ્ત્ત બંને ચક્રવર્તીઓ સાતમી નરકે ગયા. નરક વગેરે ભયંકર દુર્ગતિનાં દુઃખનાં ભયંકર ફળ સાંભળીને ફરી પણ રાજાએ યજ્ઞોનું ફળ કહેવાનું જણાવ્યું.

'સત્ય બોલવાથી પોતાના પ્રાણોનો અંત આવવાનો છે,' એમ પ્રત્યક્ષ દેખવા છતાં, સંકટ જાણ્યું છે, છતાં પણ ગુરુ તે રાજાને સ્પષ્ટ કહે છે કે, 'યજ્ઞમાં પશુ હિંસાથી નરકફળ થવાનું છે.'(૨૫) આ સાંભળીને અતિશય દ્વેષના આવેશથી પરાધીન થએલા ચિત્તવાળો તે દત્તરાજા કહેવા લાગ્યો કે-'વેદમાં વિધાન કરેલી હિંસા મારા માટે પાપનું કારણ થતી નથી. જે માટે કહેલું છે કે- 'બ્રહ્માએ પોતાની મેળેજ યજ્ઞો માટે આ પશુઓને બનાવેલા છે, તેથી તેની સર્વ આબાદી થાય છે, માટે યજ્ઞમાં વધ કરાય છે, તે અવધ છે.

ઔષધિઓ, પશુઓ, વૃક્ષો, તિર્યંચો તથા પક્ષીઓ યજ્ઞ માટે મૃત્યુ પામે, તો તેઓ ફરી ઉન્નતિ પ્રાપ્ત કરે છે. વળી મનુસ્મૃતિમાં કહેલું છે કે, 'મધુપર્ક, યજ્ઞ તથા પિતૃદૈવત-શ્રાદ્ધકર્મમાં પશુઓ હણવાં, પરંતુ બીજા સ્થાને નહિં. આવા પ્રકારના પ્રયોજનવાળા કાર્યોમાં વેદતત્ત્વનો જાણકાર બ્રાહ્મણ પશુની હિંસા કરે, તો પોતાને અને પશુને ઉત્તમગતિ પ્રાપ્ત કરાવે.'

હવે અહિં કાલકાચાર્ય તેને કહે છે કે-'હે દત્ત ! હિંસા આત્માના સંકલેશ પરિણામથી થાય છે. વેદવાક્યથી પાપનું રક્ષણ કરવું શક્ય નથી. કહેલું છે કે- 'જે ક્રૂરકર્મ કરનારાઓએ હિંસાનો ઉપદેશ કરનાર શાસ્ત્રોની રચના કરી છે, તે નાસ્તિકોથી પણ અધિક નાસ્તિક તેઓ ક્યાંઈક નરકમાં જ જશે. જે પ્રગટ નાસ્તિક ચાર્વાક બિચારો સારો છે, પરંતુ વેદનાં વચનને આગળ કરીને તાપસના વેષમાં છૂપાએલ જૈમિની રાક્ષસ સારો નથી. દેવોને ભેટ ધરાવવાના બાનાથી, અથવા યજ્ઞના બાનાથી નિર્દય બની જેઓ પ્રાણીઓનો ઘાત કરે છે,

તેઓ ઘોર દુઃખવાળી દુર્ગતિમાં જાય છે.

સમતા, શીલ, દયા મૂળવાળા જગતનું હિત કરનાર એવા ધર્મનો ત્યાગ કરીને અહો ! હિંસા પણ ધર્મ માટે થાય છે- એમ બુદ્ધિ વગરના જ બોલે છે. વળી અશુચિ આરોગનાર ગાયનો સ્પર્શ કરવાથી પાપ દૂર થાય છે, સંજ્ઞા-જ્ઞાન વગરના વૃક્ષો વંદન કરવા લાયક છે, બોકડાનો વધ કરવાથી બોકડો અને વધ કરનાર સ્વર્ગ પ્રાપ્ત કરે છે, બ્રાહ્મણને ખવરાવેલ ભોજન પિતૃઓને પહોંચે છે. કપટ કરનારા આપ્ત દેવો-વિપ્રો અગ્નિમાં ઘી હવન કરીને દેવોને પ્રસન્ન કરે છે, આવા સમૃદ્ધ કે નકામા કે શોભન શ્રુતિનાં વચનોનું કોણ જાણે છે ?

વળી યજ્ઞોમાં વધ કરાતા કે હોમાતા પશુનાં ચિત્તની ઉત્પ્રેક્ષા કરતા તેના વિવેચકોએ કહ્યું છે કે- 'મને સ્વર્ગના ભોગો ભોગવવાની તૃષ્ણા નથી, કે મેં તમારી પાસે મને સ્વર્ગમાં મોકલવાની પ્રાર્થના કરી નથી. હું તો હંમેશા તૃણનું ભક્ષણ કરી સંતોષ માનનારો છું. તો આ પ્રમાણે પારકાને તમારે યક્ષમાં હોમવો કે વધ કરવો યુક્ત નથી. જો યજ્ઞમાં તમારાથી હણાએલા પ્રાણીઓ નક્કી સ્વર્ગે જ જાય છે, તો તમે તમારા માતા-પિતા, પુત્ર, કે બન્ધુઓનો વધ-હવન-યજ્ઞ કેમ નથી કરતા ?'

ત્યારપછી દત્ત રાજા કોપાયમાન થયો અને કહેવા લાગ્યો કે, 'હે મામા ! ખોટું ન બોલો. ઘણા યજ્ઞ-કરાવનાર એવા મને વૈકુંઠ-સ્વર્ગમાં વાસ મળશે.' એટલે ગુરુમહારાજે તેને કહ્યું કે, 'પશુ, પુરુષો, સ્ત્રીઓને યજ્ઞોમાં મારી નંખાવીને સાત રાત્રિની અંદર મરીને તું નરકમાં જનારો છો. ' તેનું શું પ્રમાણ ? ત્યારે ગુરુએ કહ્યું કે, 'હે રાજા ! આજથી સાતમા દિવસે તારા મુખમાં વિષ્ટા પ્રવેશ કરશે.' એટલે આચાર્યને મારી નાખવાની ઇચ્છાવાળો તેમને પૂછે છે કે, 'તમે કયા દિવસે મૃત્યુ પામશો ?' ગુરુએ કહ્યું કે, હજુ મારે ઘણાં વર્ષો સુધી સાધુપણાનો પર્યાય પાલન કરવાનો છે.' એટલે રાજાએ તે કાલકાચાર્યને પોતાના વિશ્વાસુ એવા અધિકારીને સોંપ્યા અને વિચાર્યું કે, 'હું નહિં મરીશ, તો તેના મસ્તકને સાતમા દિવસે છેદી નાખીશ.'

ત્યારપછી પોતે અતિમજબૂત કરેલા દ્વારવાળા અંતઃપુરમાં કમાડ બંધ કરીને પ્રવેશ કર્યો અને પોતાના નિવાસ-સ્થાનની ફરતે ચારે બાજુ હાથી, ઘોડા અને સૈનિકોનો પહેરો રખાવ્યો, પોતાની કાળ મર્યાદાની રાહ જોતો હતો. આગલા જિતશત્રુ રાજાએ પોતાના પક્ષે વશ કરેલા રાજાઓ કે, પહેલાના રાજાને ફરી રાજ્યગાદી પર સ્થાપન કરવો. ઉતાવળા ચિત્તવૃત્તિવાળાને દિવસનો ખ્યાલ ન રહ્યો, એટલે દત્ત આઠમાને બદલે સાતમા દિવસે બહાર નીકળીને કાલકાચાર્યને શિક્ષા કરવા માટે પોતે જલ્દી બહાર નીકળ્યો.

રાજમાર્ગો પુષ્પાદિકથી સુશોભિત બનાવ્યા હતા. સૈનિકો રક્ષણ કરતા હતા, એક

માળીને જંગલ જવાની ઉતાવળ થઈ અને માર્ગ વચ્ચે જ વિષ્ટા કરી, તેના પર પુષ્પો ઢાંકી દીધાં, સામંત, મંત્રી-મંડલ આદિ ઘણા પરિવાર સાથે તે રાજમાર્ગેથી જતો હતો. મનમાં આચાર્યને મારવાના પરિણામ ચાલતા હતા, મન આકુલ-વ્યાકુલ થયું હતું, તે સમયે ઘોડેસ્વારના ઘોડાની ખરીથી ઉછળેલ ઢાંકેલી વિષ્ટા દત્તરાજાના મુખમાં એકદમ આવી પડી. તે ચમક્યો અને વિચારવા લાગ્યો કે, તેણે કહ્યું. તે પ્રમાણે પ્રમાણ-સરિત બન્યું. તો શું આજે હું મૃત્યુ પામીશ ? એમ સામંતાદિકે જાણ્યું કે, આણે અમારી મંત્રણા નક્કી જાણી લીધી છે, તો આજે તે રાજકુલમાં પ્રવેશ ન કરે, તે પહેલા તેને પકડી લઇએ.(૫૦)

એ પ્રમાણે ગ્રહણ કર્યો, લડવા લાગ્યો, જ્યારે તે પલાયન થવા લાગ્યો, ત્યારે તેઓએ પૂર્વના જિતશત્રુ રાજાને લાવીને ત્યાં રાજ્યે બેસાડ્યો. તેઓએ તુરુમિણિ દત્તનું રાજાને પ્રથમ ભેટણું કર્યું. તેણે પણ તે દત્તને ખરાબ હાલતમાં મારી નાખવાની આજ્ઞા કરી. એટલે હાથ-પગમાં બેડી જકડીને જેમાં દુષ્ટ પુષ્ટ શરીરવાળા શ્વાનો રહેલા છે, જેના તળિયા નીચે અગ્નિની ભયંકર જ્વાળા સળગી રહેલી છે, એવી કુંભીમાં શ્વાનોએ તેના શરીરના ટૂકડે ટૂકડા કરી નાખ્યા અને તે કુંભીપાકમાં અગ્નિથી શેકાઇને મૃત્યુ પામ્યો, નરકમાં ઉત્પન્ન થએલો તીવ્ર વેદનાઓ સહન કરવા લાગ્યો.

શ્રી કાલક આચાર્ય લાંબા કાળ સુધી સાધુ-પર્યાય પાલન કરીને દેવલોક પામ્યા. સંકટમાં પણ યથાર્થ-વાદીપણાનો ત્યાગ ન કર્યો.(૫૫)

સત્ય વચન ઉપર કલિકાચાર્ય. અસત્યના ફળ ઉપર તુરુમિણિ દત્તની કથા પૂર્ણ થઇ. ૩૨૯

હવે ગાથાને ભાવાર્થ કહે છે-તુરુમણિ નગરીના દત્તરાજાની પાસે પોતાના જીવિતની હોડ મૂકીને પણ કાલકાચાર્યે પોતાના અભિપ્રાયથી શરીરનો ત્યાગ કર્યો, પરંતુ અધર્મ યુક્ત પાપ-વચન ન બોલ્યા; એટલે દત્તના ભયથી યજ્ઞો સ્વર્ગાદિ ફળ આપનાર છે' તેવું રાજાને ઈષ્ટ વચન ન બોલ્યા. (૧૦૫) જે કોઇ અધર્મવાળું વચન બોલે તેના દોષને દૃષ્ટાંતથી કહે છે-

**फुड-पागडमकहंतो.जहट्ठिअं बोहिलाभमुवहणइ।**
**जह भगवओ विंसालो, जर-मरण-मओअही आसी ।।१०६।।**

યથાવસ્થિત ધર્મ-સ્વરૂપ સ્પષ્ટપણે ન કહેનાર ભવાંતરમાં જિનધર્મ-પ્રાપ્તિરૂપ બોધિ-લાભનો નાશ કરે છે. અર્થાત્ બીજા ભવમાં જિનધર્મ મેળવી શકતો નથી. જેમકે મરીચિના ભવમાં સ્વષ્ટ ધર્મ ન કહ્યો, એટલે કોડાકોડ સાગરોપમના કાળ સુધી જન્મ-જરા-મરણના

દુઃખરૂપ વિશાળ ભવ-સમુદ્રમાં મહાવીર ભગવંતના જીવને અનેક ભવો સુધી રખડવું પડ્યું. તેની કથા આવશ્યકમાં તથા અહિં પણ સંક્ષેપથી કહેવાય છે-તે આ પ્રમાણે-

## ૭૧. મરિચિનાં ભવભ્રમણની કથા-

'અહિં ભરતક્ષેત્રમાં ઋષભદેવ ભગવંતે કેવલજ્ઞાન પ્રગટ થયા પછી સમવસરણમાં નિર્વિઘ્ને ચાર પ્રકારના સંઘની સ્થાપના કરી. ભરત મહારાજાના ૫૦૦ પુત્રો અને ૭૦૦ પૌત્રૌને એક સાથે તે જ સમવસરણમાં દીક્ષા આપેલી દેખીને દેવોએ તેમનો મહોત્સવ કર્યો. ક્ષત્રિયપુત્ર મરિચિએ ત્યાં સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી તેમ જ ધર્મ શ્રવણ કરીને પ્રવજ્યા અંગીકાર કરી. સામાયિક આદિક ૧૧ અંગો સુધીનો અભ્યાસ ભક્તિ પૂર્વક ગુરુ પાસે કરવામાં ઉદ્યમવંત થયા. અતિતીક્ષ્ણ તરવારની ધારા સરખું સર્વ પ્રકારનું તીવ્રતપ તપવા લાગ્યા. અતિદુસ્સહ બાવીશ પરિષહોનો સમૂહ પણ સહન કરવા લાગ્યા.

હવે કોઈક સમયે ગ્રીષ્મ કાળમાં તાપથી વ્યાપ્ત થએલા દેહવાળો અસ્નાનપણાનો ત્યાગ કરીને આવા પ્રકારના બીજા ખોટા વેષને સ્વીકારવાનો વિચાર કર્યો. આ ભગવંતે કહેલ સાધુપણામાં મેરુપર્વત સરખો આકરો મહાવ્રતનો ભાર વહન કરવા હું મુહુર્ત માત્ર કાળ સમર્થ નથી. આ શ્રમણપણું અને તેના ગુણો હું પાળી શકું તેમ નથી, હું તો શ્રમણપણાના ગુણો રહિત અને સંસારની આકાંક્ષાવાળો છું. મેં સ્વીકારેલી પ્રવ્રજ્યા છોડતાં હું લજ્જા કેમ ન પામું ? તેમ જ પ્રવ્રજ્યા પાલન કરવા પણ હું સમર્થ નથી. તો હવે મારી કઈ ગતિ થવાની ? એમ વિચારતાં તેને પોતાની કલ્પિતમતિ ઉત્પન્ન થઇ, મને ઉપાય મળી આવ્યો. મને સુંદર-શાશ્વત બુદ્ધિ ઉત્પન્ન થઇ.

આ શ્રમણ ભગવંતો મન-વચન-કાય-દંડથી વિરમેલા, સજ્જડ સંકુચિત શરીરવાળા હોય છે. હું ત્રણે દંડવાળો અને ઇન્દ્રિયોને ન જિતનાર છું, માટે ત્રિદંડ એ મારું ચિહ્ન હો. આ સાધુઓ મસ્તક અને ઇન્દ્રિયોને લુંચન કરનારા છે, હું તેવો નથી, માટે મને અસ્ત્રાથી મુંડન અને મસ્તકે ચોટલી હો, મને સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ હંમેશા હો. એ પ્રમાણે સ્નાન, છત્ર, લાલવસ્ત્ર વગેરે પોતે પોતાની મતિથી કલ્પેલા કુલિંગ-વેષ ધારણ કરનાર સુખશીલતાવાળો પ્રથમ પરિવ્રાજકપણું પ્રવર્તાવે છે.

આ પ્રમાણે પ્રગટ વેષ દેખીને ઘણા લોકો તેને ધર્મ પૂછે છે, ત્યારે સાધુધર્મ જ કહે છે. બહુ પ્રશ્નોત્તર કરે, ત્યારે તેને કહે કે- ખરેખરો પરમાર્થ સ્વરૂપ ધર્મ હોય તો તેમ જ પરમાર્થ-મોક્ષને સાધી આપનાર હોય તે એકલો સાધુધર્મ જ છે. લોકોને ધર્મદેશના સંભળાવે, કોઇ દીક્ષા લેવા તૈયાર થાય, તો પ્રભુના શિષ્ય તરીકે પ્રભુ પાસે મોકલી આપે

અને ગામ, નગર વગેરે સ્થળે પ્રભુની સાથે જ તે મરિચિ વિચરતા હતા.

કોઇક સમયે ભરત ચક્રવર્તી પિતાજીને સમવસરણમાં જિન, ચક્રવર્તી, વાસુદેવનું વર્ણન વગેરે પૂછતા હતા, ભગવંતે પણ સર્વ કહ્યું. પછી ભરતે પૂછ્યું કે, 'હે પિતાજી ? અત્યારે અહિં જે પર્ષદા છે, તેમાં કોઇ ભરતક્ષેત્રમાં થનાર કોઈ તીર્થંકરનો જીવ છે ? ત્યારે ભગવંતે તેના પ્રત્યુત્તરમાં પ્રથમ પરિવ્રાજક ઋષભ ભગવંતનો પૌત્ર એકાંતમાં સ્વાધ્યાય-ધ્યાન-યુક્ત એવા મહાત્મા મરિચિ નામનો તારો પુત્ર છે. ભગવંત તેને બતાવતાં કહે છે કે, 'આ વીર નામના છલ્લા તીર્થંકર થશે વાસુદેવોમાં પ્રથમ પોતનપુરનો અધિપતિ ત્રિપૃષ્ઠ નામનો, વિદેહ ક્ષેત્રમાં મૂકા નગરીમાં પ્રિયમિત્ર નામનો ચક્રી થશે.

આ સર્વ પ્રભુનાં વચન સાંભળીને રોમાંચિત શરીરવાળા ભરત રાજા પિતાજીને વંદન કરીને મરિચિને વંદન કરવા માટે જાય છે. તે વિનય-સહિત આવી ત્રણ પ્રદક્ષિણા આપીને વંદન કરી આવા પ્રકારની મધુર વાણીથી સ્તુતિ કરવા લાગ્યા,-

'જગતના જે ઉત્તમ લાભો ગણાય છે, તે લાભો તમે પ્રાપ્ત કર્યા છે. કારણ કે, તમો છેલ્લા ધર્મચક્રવર્તી એટલે કેવીર નામના ૨૪માં તીર્થંકર થશો. વળી વાસુદેવોમાં પ્રથમ પોતનપુરાધિપતિ ત્રિપૃષ્ઠ નામના વાસુદેવ થશો. મહાવિદેહમાં મૂકાનગરીમાં પ્રિયમિત્ર નામના ચક્રવર્તી થશો. અત્યારે તમને વંદન કરું છું, તે આ પરિવ્રાજકપણાને અને આ તમારા જન્મને હું વંદન કરતો નથી, આ ભરતમાં તમે છેલ્લા તીર્થંકર થનાર છો, તે કારણે હું વંદન કરું છું. (૨૫) એ પ્રમાણે તેમની સ્તુતિ કરીને, ત્રણ વખત પ્રદક્ષિણા ફરીને પિતાજીને પૂછીને વિનીતા (અયોધ્યા) નગરીમાં પ્રવેશ કર્યો.

ભરતનાં તે વચનો સાંભળીને ત્રણ વખત ત્રિપદીને અફાળતા અતિશય અધિક હર્ષ પામેલા મરિચિ ત્યાં આમ બોલવા લાગ્યા-'અરે ! હું આ ભરતમાં પ્રથમ વાસુદેવ વિદેહમાં મૂકા નગરીમાં ચક્રવર્તી અને અહિં છેલ્લો તીર્થંકર થઈશ. અરે ! મારે માટે આટલું જ બસ છે, એમ નહિં, પરંતુ હું વાસુદેવોમાં પ્રથમ, મારા પિતા પ્રથમ ચક્રવર્તી, મારા દાદા પ્રથમ તીર્થંકર. અહો ! મારું કુલ કેટલું ઉત્તમ ગણાય ? કોઇ પૂછે, તેને સાધુધર્મનો ઉપદેશ આપી ભગવંત પાસે દીક્ષા લેવા મોકલે, પરંતુ મરિચિ કોઈ વખત બિમાર પડે, ત્યારે તે અસંયત હોવાથી સાધુઓ તેની સેવાચાકરી કરતા નથી. તેથી પોતાની ચાકરી કરનાર એવા એક કપિલને પોતાની દીક્ષા આપી શિષ્ય બનાવ્યો. કપિલે ધર્મ પૂછ્યો, ત્યારે મરિચિએ કહ્યું કે, 'હે કપિલ ! 'ત્યાં પણ ધર્મ છે, અહિં પણ છે.'

આવાં દુર્ભાષિત-ઉત્સૂત્ર એક વચનથી મરિચિએ દુઃખનો મહાસાગર ઉપાર્જન કર્યો અને કોડાકોડી સારોપમ પ્રમાણ કાળ સંસારમાં ભ્રમણ કરશે. તે દુર્ભાષિતના મૂળ સમાન

સંસાર, વળી ત્રણ વખત અભિમાનથી-હર્ષથી પગ અફલાવ્યા, તેથી નીચગોત્ર બાંધ્યુ, તે ઉપાર્જન કરેલા પાપનું છેલ્લી વખત આલોચન-પ્રતિક્રમણ ન કર્યું, ત્યારપછી ત્યાંથી મૃત્યુ પામી બ્રહ્મદેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યારપછી ત્યાંથી ચ્યવીને પરિવ્રાજકપણે ઉત્પન્ન થયા. એ પ્રમાણે છ વખત પરિવ્રાજકપણું પ્રવર્તાવ્યું. દેવ ભવની વચ્ચે વચ્ચે મનુષ્યભવ પામી ભવસાગરમાં ભ્રમણ કરી વિશ્વભૂતિ નામનો ક્ષત્રિયપુત્ર થયો.

દીક્ષા લઇ નિયાણું બાંધી ત્રિપૃષ્ઠ નામના વાસુદેવ થયા. ત્યારપછી વિદેહમાં મૂકામાં પ્રિયમિત્ર નામના ચક્રવર્તી થયા. પછી છત્રાગ્રમાં નંદન નામના રાજા થયા. વ્રત સ્વીકારીને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. જેથી કરીને જંબૂદ્વીપના ભરતમાં કુંડ ગામમાં ત્રિશલા અને સિદ્ધાર્થના પુત્ર વીર જિનેશ્વરપણે ઉત્પન્ન થઈ તીર્થ પ્રવર્તાવીને શાશ્વત સુખવાળા મોક્ષમાં ગયા. આ કહેલા ભવોની વચ્ચે જે મનુષ્ય અને દેવોના ક્રમસર ભવો થયા તે સર્વ વીર જિનેશ્વરના ચરિત્રથી જાણવા.

આ પ્રમાણે મરિચિની કથા કહી. (૩૯)(૧૦૬)

ભવિષ્યના ઘણા ભવ સુધી ભ્રમણ કરવાનું હોવાથી મરિચિ વ્રતથી ચલાયમાન થયા, પરંતુ બીજાઓ પોતાના વ્રતથી ચલાયમાન થતા નથી, તે કહે છે-

**कारुण्ण-रूण्ण-सिंगारभाव-भय-जीविअंतकरणेहिं।**
**साहू अविअ मरंतिं, न य निअनिअमं विराहंति ।।१०७।।**

**अप्पहियमायरंतो अणुमोअंतो अ सुग्गइं लहइ।**
**रहकार-दाण-अणुमोअगो मिगो जह य बलदेवो ।।१०८।।**

કારુણ્ય, રુદન, શૃંગારભાવ, ભય જીવિતનો અંત કરનાર એવા અનુકૂલ કે પ્રતિકૂપ ઉપસર્ગોના પ્રસંગના સાધુને મરવાનો અવકાશ ઉત્પન્ન થાય, તો મરવું પસંદ કરે છે, પરંતુ પોતાની પ્રતિજ્ઞાની વિરાધના કરતા નથી. કારુણ્ય એટલે રોગભૂખ વગેરેથી દીનાદિકો પીડાતો હોય, ત્યારે હૃદયમાં કરુણાની લાગણી ઉત્પન્ન થાય, માતા, પત્ની વગેરેના વિલાપ તે રુદન, શૃંગારિક વચનો વગેરે.

રાજા, દ્વેષી, ચોર વગેરેથી ત્રાસ તે ભય, પ્રાણનો નાશ તે જિવિતનો અંત કરનાર, આવા આવા કારણે પણ પોતાની વ્રતની મક્કમતા આરાધક સાધુઓ છોડતા નથી.(૧૦૭)

જેને તેવાં વ્રતો નથી, પરંતુ વ્રતોવાળા ઉપર પ્રમોદ થવો, અનુમોદના કરવી તે પણ મહાફલ આપનાર થાય છે, તે કહે છે.-આત્મહિતના તપ, સંયમ, સ્વાધ્યાય, વિનય,

વેયાવચ્ચાદિક અનુષ્ઠાન કરનાર સ્વર્ગાદિક સદ્‌ગતિ પામે છે; પરંતુ તેવાં અનુમોદના કરનાર, પ્રશંસા કરનાર પણ તેવી જ સદ્‌ગતિ પામે છે. રથકારના દાનની અનુમોદના કરનાર તેમ જ બળદેવના સંયમ-તપની અનુમોદના કરનાર મૃગ સદ્‌ગતિ પામ્યો. (૧૦૮) ભાવાર્થ તો કથાનકથી સમજી શકાશે, તે આ પ્રમાણે-

## ૭૭. બલદેવમુનિ અને મૃગની કથા -

જે દ્વૈપાયન ઋષિએ દ્વારિકા નગરીને સર્વથા બાળી મૂકી અને ત્યાંથી તરત નીકળીને દુઃખે કરી નિવારણ કરી શકાય તેવા દુઃખ-દાવાગ્નિથી અત્યંત બળીઝળી રહેલા ગદ્‌ગદ્ વાણીવાળા હસ્તિકલ્પ(હાથપ) નગરમાં યુદ્ધમાં અચ્છદંત રાજાનો પરાભવ કરીને બલરામ અને કૃષ્ણ બંને કોસંબ નામના વનમાં પહોંચ્યા. તૃષાતુર કૃષ્ણ માટે બલદેવ જળ લાવવા માટે ઘણા દૂર પ્રદેશમાં નીકળી ગયા. કૃષ્ણ સૂઇ ગયા, ત્યારે જરાકુમારે તેમના પગમાં બાણ ફેંક્યું, એટલે પગ વીંધાઈ ગયો. માર્ગમાં બલદેવને ઘણાં અપશકુનો થયાં, એટલે પોતાને ડગલે પગલે શંકા થવા લાગી.

પોતાના કર્મમાં શંકાશીલ બની બલદેવ ગભરાતા ગભરાતા એકદમ ઉતાવળી ગતિથી કૃષ્ણ પાસે આવી પહોંચ્યા. કૃષ્ણની તેવી અવસ્થા દેખીને વિચારવા લાગ્યો કે, થાકી જવાથી ઊંઘી ગયા છે. જ્યારે જાગશે ત્યારે જળપાન કરાવીશ-એમ ધારીને જળથી ભરેલો પડિયો સ્થાપના કરી રાખ્યો. ત્યારપછી મુખ તરફ નજર કરે છે, તો કાળી માખીઓથી ઢંકાઇ ગએલું મુખ જોયું. અરે ! આ ખરાબ નિમિત્ત જણાય છે- એમ કરીને તેમના હૃદયમાં ધ્રાસ્કો પડ્યો. કોઇ રીતે જગાડવા પ્રયત્ન કર્યો, પરંતુ પ્રત્યુત્તર આપતા નથી, તેથી મરેલા જાણીને બલદેવે મોટો સિંહનાદ કર્યો અને રુદન કરવા લાગ્યા.

શિકારી હો, અગર સુભટ હો, જે કોઈ વનમાં હો, તે મારી સામે હાજર થાઓ. જેણે સુખેથી સુતેલા મારા ભાઇને પગમાં બાણ મારી વિંધ્યા હોય, તે મારી સામે આવી જાવ. બાળક, વૃદ્ધ, શ્રમણ, સ્ત્રી, સૂતેલા, પ્રમત્ત, ઉન્મત્ત થયેલ, તેવાઓને સજ્જન પુરુષો હણતા નથી, માટે નક્કી આ મારનાર કોઇ અધમ પુરુષ હોવો જોઇએ. તો હવે તે પોતાને પ્રગટ કરો, મર્યાદા મૂકીને જેણ પોતાના પુષાર્થનો દાવો કર્યો હોય, તે મારી સામે હાજર થાવ; જેથી સુભટવાથી ઉપાર્જન કરેલ એવું તેનું સમગ્ર અભિમાન ભાંગી નાંખુ.

હે કૃષ્ણ ! હે બન્ધુ ! હે ભાઈ ! તું ક્યાં ગયો ! કૃપા કરી પ્રત્યુત્તર આપ. કોઇ દિવસ પણ મેં તારો અપરાધ કર્યો નથી, તો પછી મારા પર શા માટે રોષાયમાન થયેલ છો ? ખરેખર અત્યારે આપણો સ્વાભાવિક સ્નેહ હતો, તે પણ ખોટો થઈ ગયો, નહિંતર તમારા

મરણ પછી નિર્લજ્જ હું જીવતો કેમ રહી શકું ? બળદેવ ક્ષણવાર હાથ મરડે છે. કેસ તોડી નાખે છે, વૃક્ષના મૂળમાં માથું અફાળે છે, છાતી કૂટે છે, પગની પાની ઠોકી ભૂમિતલ ફોડે છે.

એક ક્ષણ બગાસુ ખાય, તો બીજા ક્ષણે શ્વાસ રોકે છે, પોતાને ભાગ્યને ઉપાલંભ આપે છે, વળી કૃષ્ણના કલેવરને આલિંગન કરે છે. ક્ષણમાં ગીત-ગાન કરે છે, ક્ષણવારમાં રુદન કરે છે, ક્ષણ એક હસે છે, વળી થોડીવારમાં નૃત્ય કરે છે. વળી ક્ષણમાં બીજા સ્થાને જાય છે. વળી કોઇ વખત મોહાધીન બની ન બોલવા લાયક સંબંધ વગરના પ્રલાપ-બડબડાટ કરે છે, વળી કોઇક વખત કૃષ્ણના અનેક ગુણોનું સ્મરણ કરી રુદન કરવા લાગે છે. વળી અન્યોક્તિથી બોલે છે કે, બાલકે જે ઇશ્વરનું ધનુષ્ય ભાંગ્યુ, પરશુરામને જે જિત્યો, ગુરુ (વડીલ)ની વાણીથી જે પૃથ્વીને તજી, જે સમુદ્રને બાંધ્યો, દશાનન(રાવણ)ના ક્ષય કરનાર રામનું એકૈક કાર્ય શું વર્ણન કરાય ? દૈવ(ભાગ્ય) નું વર્ણન કર કે જેણે તેને પણ કથાશેષ કર્યો-મૃત્યુ પમાડ્યો."

ફરી સ્નેહની પરાકાષ્ઠા થવાથી બોલવા લાગ્યા-'હજુ તો આ કૃષ્ણ જીવતા જ છે.' એમ માનીને મોહ વશ થઈ મૃતકને ખભા ઉપર ઉચકીને વનમાં છ માસ સુધી ભ્રમણ કર્યું. અરે રે ! મહામોહનું કોઇ અપૂર્વ વિલાસ-નૃત્ય છે કે, જેમાં જાણકારો પણ ભૂલી જાય છે. મોટાઓ પણ કોઇ વખત સજ્જડ મને (મોહને) જાણી શકતા નથી અને હું તેમને નચાવું છું. બળદેવનો સિદ્ધાર્થ નામનો સારથી દીક્ષા લઇને વિમાનવાસી દેવ થયો હતો, તેણે કૃષ્ણના સ્નેહનું નાટક કરતા અને તેના મૃતકને લઈ ભટકતા એવા બલરામને દેખ્યા. આ ઉત્તમ પુરુષનું શરીર છે, લાંબા સમયે તેમાં કૃમિઓ ઉત્પન્ન થાય અને તેનાથી જર્જરિત થાય એવું આ કૃષ્ણનું મૃતક હંમેશા ખભા ઉપર વહન કરે છે. તેને તેના ઉપર અત્યન્ત સ્નેહ, મહા ઉન્માદ થએલો છે, તેથી તે ભાનવગરના ગાંડા સરખા ચિત્તવાલા થયા છે. પૂર્વ ભવમાં તેમની પાસે દીક્ષાની રજા મેળવતાં પ્રતિબોધ કરવા આવવાનો સંકેત કરેલો હતો, તો અત્યારે કોઇ પણ પ્રકારે મારે તેમને પ્રતિબોધ કરવો જ જોઇએ.'

આ પ્રમાણે પ્રતિબોધ કરવાના ઉપાય કરે છે- એક જગા પર ખેડૂતનું રૂપ વિકુર્વીને તથા ઘરડા બળદ જોડીને અતિવિષમ એવા પર્વત ઉપર તે હળથી ખેતી કરતો હોય તેમ બતાવ્યું. વળી ખરાબ ખાડા-ટેકરાવાળી ભૂમિમાં રથ બરાબર સીધો ચલાવ્યો અને સરખી ભૂમિમાં મોટી શિલા સાથે અફળાઇને તેના સો ટૂકડા થઈ ગયા અને તેને સાંધે છે. એટલે તેને બલરામે કહ્યું કે, 'આટલી શિલામાત્રમાં આના ચૂરેચૂરા થઈ ગયા, હવે તેવા રથને તું સજ્જ કરવા બેઠો, તો તું ખરેખર બીજાને હાસ્યપાત્ર બને છે. ત્યારે દેવે કહ્યું કે- 'આ તારો

મરેલો ભાઇ જીવતો થશે, તો આ મારું ગાડું-રથ પણ સજ્જ થઇ જશે.'

આ સાંભળીને રોષાયમાન થએલ રોહિણીપુત્ર-બલદેવ આગળ ચાલ્યા. અને બબડતા ગયા કે, 'અરે દુર્મુખ ! આવા અપમંગલ શબ્દો કેમ બોલે છે ? કોઇક પાકી શિલા ઉપર કમળ રોપતો હતો, તેવા દેવને આગળ જોયો, ત્યારે દેવને હાસ્ય કરીને ઠપકો આપ્યો. ત્યારે દેવે પણ બલરામને આગળ માફક કહ્યું. વળી દેવે બીજા કોઇ સ્થાનમાં લાંબા સમયથી મરી ગએલી ગાયનાં હાડકાં કરીને તેને ખાવા માટે લીલી ચારી આગળ મૂકે છે, તેમ જ તેની આગળ પીવા માટે પાણી મૂકે છે.(૩૦)

એક સ્થાને મોટી આગમાં સર્વથા બળીને અંગારરૂપ થએલ મહાવૃક્ષને ક્યારો કરી તેને જળથી સિંચે છે. એક સ્થાને હાથીના મૃતકને યુદ્ધ કરવા માટે સ્થાપન કર્યું. સેના સજ્જ થઇ એટલે હાથમાં અંકુશ લઇને મહાવત તેને ઊઠાડે છે. દરેકમાં બળરામે ઠપકો આપ્યો, ત્યારે દેવે તે જ ઉત્તર આપ્યો. હવે બળદેવ પણ મનમાં ચિંતવવા લાગ્યા, તેમ જ ચમત્કાર પણ પામ્યા અને કંઇક પ્રતિબોધ પામ્યા. આવા શૂન્ય અરણ્યમાં આ પ્રમાણે બોલનાર કોઈ મનુષ્ય ક્યાંથી હોય ? માટે આમાં કંઇ પણ કારણ હોવું જોઇએ.' આમ તેણે વિચાર્યું. ત્યારે પ્રથમ અતિચપલ કુંડલાદિક આભૂષણવાળું દેવનું રૂપ પ્રગટ કર્યું.

હાર, અર્ધહારથી શોભતા હ્રદયવાળા દેવને બળરામે નમસ્કાર કર્યો, 'તો મારા પર અતિસ્નેહવાળો આ હળધર-બળદેવનો સિદ્ધાર્થ સારથી હોવો જોઇએ.' તેને ઓળખીને બે હાથ જોડી અંજલિ કરી તેને પૂછવા લાગ્યા. 'હે વત્સ ! આશ્ચર્ય, તું સિદ્ધાર્થ હતો, તે દેવ થયો છે કે શું ? દેવે પણ વ્રત-પાલનના પ્રભાવથી મારી કલ્પમાં-દેવલોકમાં ઉત્પત્તિ થઈ છે. આગળ બલરામ સાથે જે સંકેત કર્યો હતો, તે વાત યાદ કરાવી અને વિશેષમાં દેવે રામને કહ્યું કે, કૃષ્ણ વૃક્ષ-છાયામાં સુતા હતા, ત્યારે સુવર્ણ સરખી કાંતિવાળા એક હરણિયાના ભ્રમથી જરાકુમારે બાણ ફેંક્યું અને કૃષ્ણ પગના મર્મ પ્રદેશમાં વિધાઈ ગયા, તેથી તે મૃત્યુ પામ્યા. નેમિનાથ ભગવંતે કૃષ્ણનું મૃત્યુ જરાકુમારના હાથે થશે ' એમ આગળ કહેલું હતું અને તેમ જ બન્યું અને આટલા કાળ સુધી તેં તેને વહન કર્યું. કૃષ્ણે પણ જરાકુમારને કૌસ્તુભરત્ન આપીને તેને પાંડુ મથુરામાં મોકલ્યા કે, જેથી વંશનું બીજ આ જરાકુમાર પણ થાઓ.

"અરે મહાનુભાવ ! છ માસ તોલ પ્રમાણ મોટા મોતીનો ભ્રમ કરાવનાર, કોઇક જગોપર વિકસિત કમલિનીના પત્રના છેડાના ભાગમાં રહેલ જળબિન્દુને થોડા ક્ષણ દેખીને ત્યારપછી પવનનો ઝપાચો લાગવાથી કંપિત થવાની લીલાથી તેનો વિનાશ દેખતા કદાપિ કોઈ પંડિતજન અહિં તેનો શોક કરે ખરો ?"

શું તેઓને ચંચલ તરંગોના વેગથી ઝબકતો ચંચલ જલ-ચંદ્ર જોવામાં આવ્યો નથી ?, શું તેઓને ક્ષણવિનાશી ચંચલ વિજળી સ્વપ્નમાં પણ જોવામાં આવી નથી ? શું તેઓને પાણીનો પરપોટો ક્યાંય કલ્પના છેડા સુધી સ્થિર જોવામાં આવ્યો છે ? જેના વડે ભોળા માણસો આ પુરુષના આયુષ્યમાં સ્થિરમતિને કરે છે.'

હે સન્તો ! સત્ અને અસત્ના વિવેચકપણાથી મનોહર, વિદ્વાનોને સદા ચાહતી આ ધીરતા, વિવેક રહિત મનવાળાના સંગને ચાહતી નથી જ; જો આપ જેવા પણ આ ધીરતાના સ્થાન ન થાય, તો ચંદ્ર-કલાનો સંવાદ કરનારી ક્ષીણ થતી આ બિચારી ધીરતા ક્યાં જાય ?"

એ પ્રમાણે દેખીને અને સાંભળીને ઓસરી ગએલા શોક-ઉન્માદવાળા હળધર-બલદેવ કૃષ્ણના શરીરને પેલા દેવ સહિત સુગંધી વસ્તુઓથી સત્કાર-સંસ્કાર કરે છે. એટલામાં નેમિજિને તેનો દીક્ષા-સમય જાણ્યો. આ સમયે આકાશ માર્ગેથી એક વિદ્યાધરને દીક્ષા આપવા ભગવંતે મોકલ્યા. હે રામ ! જિનેશ્વર ભગવંતે મને તમારી પાસે દીક્ષા આપવા મોકલ્યો છે, માટે આ શોક-શલ્યનો ત્યાગ કરો અને પ્રવ્રજ્યાનો સ્વીકાર કરો. આ પ્રવ્રજ્યા જ શોકરૂપ અંધકારનો નાશ કરવા માટે અપૂર્વ સૂર્ય સમાન છે. ખારો સંસાર-સમુદ્ર તરવા માટે રત્નથી ભરેલ નાવડી સરખી આ પ્રવ્રજ્યા છે.

આવા પ્રકારનું ચારણમુનિના શ્રેષ્ઠ વચનામૃતનું પાન કર્યું અને બલભદ્રે કલ્યાણકારી નિરવદ્ય પ્રવ્રજ્યા અંગીકાર કરી. તેમની પાસે છ પ્રકારનાં આવશ્યકસૂત્ર અને અર્થ ભણી ગયા. વળી ૧-૨-૩ વગેરે માસાદિકની તીવ્ર તપશ્ચર્યા અને કઠોર ચારિત્ર પાલન કરવા લાગ્યા.(૫૦) પારણાના દિવસે તુંગિય પર્વતપર રહેલી નગરીઓમાં જંગમ કલ્પવૃક્ષ સમાન, અથવા મૂર્ત ચારિત્રના પરિણામ સરખા પ્રવેશ કરતા હતા. બલભદ્ર મુનિનું રૂપ દેખીને નગરાદિકમાં તરુણીવર્ગ અતિ સજ્જડ કામદેવના ઉન્માદમાં વિશેષ પરવશ બની જાય છે.

'બલભદ્રમુનિ નગરમાં આવેલા છે' એમ સ્ત્રીવર્ગ જાણે, એટલે પોતાનાં ઘરનાં કાર્યો અધુરાં પડતાં મૂકીને વસ્ત્ર પણ અર્ધું પહેરેલું, અર્ધું હાથમાં પકડીને, વળી કમ્મર પર પહેરવાનું વસ્ત્ર હાથમાં પ્રગટ પકડીને, વળી કેટલીક કંચુક પહેર્યાં વગર ગમે તે બીજાં વસ્ત્ર પહેરીને તેમની પાસે માર્ગમાં જોવા નીકળી પડતી હતી. વળી બીજી સ્તનપાન કરાવતી કોઈ સ્ત્રીઓ બાળકને છોડીને અને ભૂમિપર જેમ તેમ મૂકીને એકદમ તેને જોવા નીકળી પડતી હતી. વળી બીજી કોઈ બાલક સાથે પાણી ભરવા કૂવા પર ગઈ હોય. પણ બળભદ્રનું રૂપ જોવામાં આકુળ થએલી ઘડાના કંઠને બદલે બાળકના કંઠમાં દોરડીની ગાંઠ આપે છે.

વળી કોઇક સ્ત્રી ભિક્ષા આપતી હોવા છતાં મુખકમલ જોવાની ઈચ્છાવાળી પાત્રને બદલે અપાત્રમાં કે વેરાઇ જાય છે, તે પણ જાણતી નથી.

આવું પોતાનું રૂપ જોવા માટે સ્ત્રીઓનો અયોગ્ય વર્તાવ દેખીને બળદેવમુનિએ 'પુર, નગર, ગામ વગેરેની અંદર ભિક્ષા માટે ન પ્રવેશ કરવો'-તેવો નિયમ કર્યો. આ બલદેવમહામુનિ અમૃતની જ મૂર્તિ હોય, તેમ એક મૃગલાના માત્ર પરિવારવાળા વનના મધ્યભાગમાં રહેલા, તપ તપતા હતા અને કાઉસ્સગ્ગ પણ ત્યારે જ પારતા હતા કે, માર્ગે કોઇ મુસાફર કે સાર્થ આવે તો. નાસિકાના અગ્રભાગ પર નેત્રદ્રષ્ટિ સ્થાપન કરીને પ્રચંડ ભુજાદંડ પ્રગટ લંબાવીને ઘણેભાગે કાઉસ્સગ્ગમાં રહી ધ્યાન કરતા હતા.

સમગ્ર લોકોને તેમના પર વિશ્વાસ બેસી ગયો. કોઇક જાતિસ્મરણવાળો એક મૃગલો તેમની પર્યુપાસના કરતો હતો. ફરી તે મૃગ તેમના પગમાં પડતો હતો. અર્થાત્ મુનિને નમસ્કાર કરતો હતો, તેમની ચારે બાજુ કે પાછળ પાછળ ઘૂમતો હતો, માતા-પિતા કે ભાઈ માફક તે મુનિને દેખીને આનંદ પામતો હતો. મુનિનું મુખ-કમલ જોવા માટે ચપળ નેત્રવાળો ઉભો રહે કે બેસી જાય. વળી હંમેશા આગળ ચાલતા ચાલતા પૂચ્છને ઉંચું કરી ચાલતો હતો. તે માર્ગેથી કોઈ પથિક કે સાર્થ પસાર થાય, તો મુનિને જણાવે અને ઇંગિત ચિહ્નોથી મુસાફરો અને સાર્થને પણ 'અહિં મુનિ છે' તેમ જણાવે.

હવે એક વખત એક સુથાર-રથ ઘડનાર પોતાના પરિવાર સાથે તે વનમાં આવ્યો અને ત્યાં પડાવ નાખી લાકડાં કાપી તેનાથી ગાડાં ભરતો હતો. રથકાર પાસે હરણ આવીને આદરથી અનેક ઇંગિત આકાર કરીને વારંવાર મુનિને બતાવે, વળી મુનિ પાસે જાય, વળી ત્યાંથી પાછો આવે. હવે સુથારે પૂછ્યું કે, 'આ જંગલનું હરણિયું સાર્થ વગરનું એકલું કેમ છે ?' કેમ આવ જાવ કરે છે ? આના ઇંગિત-આકારનો પરમાર્થ શું હશે ? બારીકીથી સેવકોએ તપાસ કરી કહ્યુ કે, 'મુનિ પાસે જાય છે, આવે છે અને મુનિને ભિક્ષા અપાવવાની ઇચ્છા રાખે છે.'

રથકારે જાતે જ ત્યાં જઇને મુનિને વંદન કરીને કહ્યું કે, 'હે ભગવંત ! આપ ભિક્ષા ગ્રહણ કરવા હમણાં જ પધારો.' હવે આગળ રથકાર ચાલે છે, તેની પાછળ ઇર્યાસમિતિનું પાલન કરતા મુનિ ચાલે છે. તેમની પાછળ પાછળ તરત કુરંગ-હરણિયું પણ ચાલવા લાગ્યું. ત્રસ-પ્રાણ-રહિત પ્રદેશમાં જઇને મુનિ ઉભા રહ્યા, વિકસિત નેત્રવાળો હરણ પણ સમીપમાં રહેલો છે, એટલામાં હાથમાં ભોજન સાથવો, ઘૃત વગેરે ભિક્ષા રથકાર મુનિને વહોરાવે છે. સાધુ પોતાનું પાત્ર લઈ હાથ લંબાવે છે.

આ સમયે હરણ પણ હર્ષથી ઉલ્લાસ પામેલ અને જેનાં નેત્ર હર્ષાશ્રુથી પૂર્ણ થએલ છે.

એ તો મનમાં ચિંતવવા લાગ્યો કે, મારા સ્વામી આજે પારણું કરશે. જગતમાં ઉત્તમ પવિત્ર સત્ત્વયુક્ત પાત્ર, વળી અતિવિશુદ્ધ દ્રવ્ય, સર્વ ગુણ અને શ્રદ્ધા-ધનવાળા વિધિપૂર્વક અને નિર્લોભતા-ઉદારતાથી શુદ્ધિ સાચવનાર સાધુ પ્રત્યે પૂજ્ય-ભાવયુક્ત દાતાર હોય, આ ચારેનો યોગ પુણ્યથી જ મેળવી શકાય છે.

આ લોક અને પરલોકનાં સુખની વાંછા વગરના મુનિ માત્ર પોતાના સંયમના નિર્વાહની ચિંતા કરનારા છે, રથકાર પણ પોતાનો ઉત્તમ પુણ્યોદય આજે પ્રકાશિત થયો છે કે, જંગલમાં આવા મહામુનિને દાન આપવાનો મને યોગ પ્રાપ્ત થયો-એમ માનતો અને ભાવતો હતો. પાસે ઉભો રહેલ હરણ મુનિદાન અપાતું દેખી તુષ્ટ થયો કે, આપનાર કેવા ભાગ્યશાળી છે કે, જેમને આવું સુપાત્ર પ્રાપ્ત થયું. હું કેવો નિર્ભાગી કે, દાન પી શકતો નથી, એમ દાતારની અનુમોદના કરે છે, મનમાં હર્ષ પામે છે. આશ્ચર્યની વાત-છે કે, આ ત્રણેનો યોગ સાથે થયો હોય, તેવું મેં કદાપિ દેખ્યું નથી-એમ હરણ વિચારતું હતું. આ રથકાર, મુનિ અને હરણ ત્રણે સુંદર દાનભાવના કરતા હતા.

તે સમયે આગળ અર્ધ કાપી રાખેલ વૃક્ષ કે જેની નીચે દાતા રથકાર, ગ્રાહક મુનિવર અને અનુમોદક હરણ ત્રણે ઉભા હતા, ત્યારે અણધાર્યો સખત વાયરો-વંટોળિયો નિકળ્યો, જેથી તેઓની ઉપર તે વૃક્ષ પડ્યું. ઉત્તમ પુણ્ય ઉપાર્જન કરેલ એવા તેઓ ત્રણે પાંચમા દેવલોકમાં ઉત્તમ વિમાનમાં નિષ્પ્રતિમ સમૃદ્ધિવાળા દેવો થયા. જે માટે કહેલું છે કે-"પોતે જાતે કરનારને, બીજા પાસે કરાવનારને તથા શુદ્ધ ચિત્તથી તેનું અનુમોદન કરનારને, શુભ કે અશુભ કાર્યમાં સહાય કરનારને તત્વના જાણકારો સમાન ફલ કહે છે."(77)

બલદેવ મુનિની કથા પૂર્ણ થઇ.

દયા-પ્રધાન શાસનમાં જ આત્મહિત સાધનાર ફળ મેળવનાર થાય છે, બીજે નહિં, તે કહે છે-

**जं तं कयं पुरा पूरणेण अइदुक्करं चिरं कालं।**
**जइ तं दयावरो इह, करिंतु तो सफलयं हुंतं ।।१०९।।**

પૂરણ ઋષિએ અતિદુષ્કર લાંબા કાળનું પહેલા જે તપ કર્યું, તે જો દયાપ્રધાન જિનશાસનમાં કર્યું હોત, તો તેનું તપ સફળતા પામત. (૧૦૯) પૂરણની કથા પ્રમાણે-

## ૭૮. પૂરણઋષિની અને ચમરેન્દ્ર કથા -

આ ભરતક્ષેત્રમાં વાવડી, કૂવા, દેવકુલ આદિથી સહિત બિભેલક નામનું નગર હતું.

ત્યાં સર્વગુમવાળા પૂરણ નામના ઉત્તમ જાતિના કુટુંબી રહેતા હતા. તેના ઘરમાં પુષ્કળ સુવર્ણ, ધન, ધાન્ય ભરેલાં દેખાતાં હતાં.

કોઈક દિવસે તે મહાસત્ત્વવાળો સુંદર બુદ્ધિવાળો રાત્રીના છેલ્લા પહોરે પ્રાતઃ-કાળમાં જાગીને વિચારવા લાગ્યો-સંસારથી ઉદ્વેગ પામેલા મનવાળો મનોહર ધર્મ જાગરિકા કરવા લાગ્યો કે, 'જ્યાં સુધીમાં મારી આ સમૃદ્ધી ઓચિંતી ચાલી ન જાય, ત્યાં સુધીમાં હું પરલોકના કલ્યાણ માટે કંઈક વ્રતનો સ્વીકાર કરું.'

આ પ્રમાણે મનમાં ચિંતવન કરીને તે જાગ્યો, એટલે સૂર્યોદય થયો, તેની સાથે જં અંધકારનાં મોજાંઓ દૂર પલાયન થઈ ગયાં, સૂર્યવિકાસી કમળવાળાં સરોવરો સુગંધ બહલાવવા લાગ્યાં. ચક્રવાકી અને ચક્રવાક પક્ષીઓનો રાત્રિનો વિયોગ દૂર થયો અને મેળાપ થયો. એટલે પૂરણ શેઠે સર્વ સજ્જનો અને સ્નેહીવર્ગને પોતાના ઘરે આમંત્રણ આપી એકઠાં કર્યાં, સન્માન આપી બેસારી પોતાના જ્યેષ્ઠ પૂત્રને કહ્યું, 'હે વત્સ ! આ વત્સલ કુટુંબ અને ગૃહવાસ મેં લાંબા કાળ સુધી પાલન કર્યો, હવે આ સર્વ ઘરનો ભાર અત્યારે તને સમર્પણ કરું છું. આ ભવનું સ્વરૂપ પરાધીન અને નશ્વર સ્વભાવવાળું છે તેથી મારે વ્રત-ગ્રહણ કરવું છે. હવે દાન આપીને પ્રણામિત દીક્ષા ગ્રહણ કરીશ.

ચાર ખાનાવાળું સારા પ્રમાણયુક્ત એવું પાત્ર તૈયાર કરાવરાવ્યું. ત્યારપછી છઠ્ઠને પારણે ઉપરા પર છઠ્ઠ કરીને અખંડ સત્ત્વ ધારણ કરી તુષ્ટમાન થએલો તે તપ કરવા લાગ્યો. પાત્રના પ્રથમ ખાનામાં જે ભિક્ષા પડે છે, તે દીન, અનાથ એવા લોકોને, બીજો ભાગ કાગડાદિક પક્ષીઓને, ત્રીજો ભાગ મગરમચ્છ, શંખાદિક જળચર જીવોને આપે છે અને પાત્રના ચોથા ખાનામાં પડેલી ભિક્ષાથી પોતાના પ્રાણનો નિર્વાહ કરે છે.

આ પ્રમાણે બાર વરસ સુધી છઠ્ઠ ઉપર છઠ્ઠના ઉત્કૃષ્ટ તપનું પાલન કરી અંતકાલે એક માસના ઉપવાસ કરી પ્રાણોનો અહિં ત્યાગ કરી તે ચંચાનિવાસી ચમરદેવ થયો. અસુરકુમાર દેવોનો સ્વામી નવીન પરાક્રમવાળો ચમરેન્દ્ર થયો. અવધિજ્ઞાનથી દેખ્યું, તો પોતાના મસ્તક ઉપર ઈન્દ્રને નીરખ્યા. જે જગતમાં ઉત્તમ પ્રથમ શ્રેષ્ઠ સૌધર્મ નામનો દેવલોક તેની સુધર્મ નામની સભામાં મહાલે છે, રત્નમય સિંહાસન પર બેસી દેવોનું રાજ્ય પાલન કરે છે, સમગ્ર પોતાના પરિવારને એકઠો કરી અનેક ભોગાંગો ભોગવે છે, અને અપ્સરાઓ મનોહર નૃત્ય કે છે, તેને દેખ્યા કરે છે.

હવે તેવી સ્થિતિમાં તે સૌધર્મઈન્દ્રને દેખી પ્રચંડ મતિવાળો આવેશ લાવીને ધમધમ કરતો ક્રોધથી પૂછવા લાગ્યો-'અરે ! મારા મસ્તક ઉપર બેસનાર એવો વળી કયો દુરંત લક્ષણવાળો છે ? એટલે ચમરેન્દ્ર ચમર ચંચાધિપતિ ઉદ્‌ભટ ભૃકટી ચડાવી, ભાલતલ

ભયંકર બનાવી બરાડા પાડવા લાગ્યો કે, 'મનમાં શાશ્વત ભાવ કરનાર વળી કોણ છે ? જે કોઇ તેમ કરશે, તે વિનાસ પામશે, ગ્રહ-સમુદાય, ગંધર્વાદિકમાં એવો કોઇ પણ એકે ય નથી કે, જે જ્યારે હું ચાલતો હોઉં, ત્યારે મારી સન્મુખ એક ક્ષણ આવી શકે. હંકાર કરતો તે આયુધશાલામાં ગયો અને હસ્તતલમાં ભુંગળ-દંડ લઇને તેણે ઊંચો ધારણ કર્યો, જેમ યુદ્ધ કરવા યુવરાજ જાય, તેમ રોષાયમાન થએલો તે શક્રઈન્દ્ર પર ચાલ્યો.

હવે તે સમયે મહાવીર ભગવંતે સુંસુમાર પુરીમાં કાઉસ્સગ્ગ કરીને એકરાત્રિકી પ્રતિમા ધારણ કરીને રહેલા હતા. તેમના પાદપીઠાગ્રમાં નમસ્કાર કર્યો. અને વિનંતિ કરવા લાગ્યો કે, 'હે સ્વામિ ! તમારા પ્રભાવથી હમણાં શક્રેન્દ્રને મારાથી હણાએલા પ્રતાપવાળો કરજો, તેની તેજોલક્ષ્મી નાશ કરવામાં આપ સહાય આપશો અને મારી તરફ કૃપા નજર રાખશો.'

આ પ્રમાણે ભગવંતની નિશ્રા લઇને ચંચાધિપ પોતાના પરિવાર અને સૈન્ય સાથે ચાલેલો. પોતાનું દિવ્ય શરીર વધારીને લાખ પ્રમાણ-ગુણું કર્યું. અતિદુર્ધર એવા પાદતલથી એવો પ્રહાર કર્યો કે, જેથી ઉંચા ડુંગરોનાં શિખરો ગબડવા લાગ્યાં, વળી આકાશ ભેદાઇ જાય, તેવા ક્ષોભવાળા શબ્દો આકાશમાં કરી ઉપર ઉડવાની ક્રીડા કરવા લાગ્યો. પૃથ્વી પર કુંભારના ચક્રની જેમ ઉપર ચડીને ફરી ફરીને ભ્રમણ કરવા લાગ્યો, ત્રણે ભુવનના લોકો ચિત્તમાં ચમત્કાર પામ્યા અને દિશા તરફ અવલોકન કરવા લાગ્યા.

તે સમયે ત્રણે ભુવનમાં આકરો સંક્ષોભ ઉછળ્યો, હાથીઓના શબ્દોનો ગુંજારવ સરખો ગર્જારવ સાંભળીને હાથીઓ પોતાના આલાનસ્તંભને ભાંગીને નાસ-ભાગ કરવા લાગ્યા, કેળવાએલા અશ્વો પોતાનું સ્થાન છોડીને દૂર દૂર દોડવા લાગ્યા. આકાશ બહેરું બની ગયું, નગરના સમગ્ર લોકોનાં મુખો ગભરામણથી ચિંતા-વ્યગ્ર બની ગયાં. પર્વત-ગુફામાં કેસરિસિંહો એવા ક્ષોભ પામી ગયા કે, બહાર નીકળવાનો માર્ગ મેળવી શકતા નથી.(૧૩)

કનક પર્વત વિન્ધ્ય પર્વતના મધ્ય ભાગમાંથી અતિઊંચે એવા સેંકડો શિખરોને પ્રચંડ ભુંગળ દંડથી તોડી નાખે છે, હિમપર્વત કૈલાસ પર્વતના અગ્રભાગને ચરણથી ચંપાવી ઉપર ચડે છે. મહામેઘ સરખો સજ્જડ હાથ ઠોકવાથી ઉછળેલ નાદ દૂર સુધી સંભળાય છે. પૃથ્વી પરનાં વૃક્ષો નિરુપમ પાદના વેગના પવનથી ભાંગી જાય છે. તેજસ્વી તારા-સમૂહ મસ્તક પર જાણે પુષ્પોના ઉત્કર(ઢગલા) કર્યા હોય, તેમ શોભતા હતા, વૃક્ષઃસ્થળની પીઠ પર જાણે ઉત્તમ જાતિવંત મોતી હોય, તેમ તારાઓ શોભતા હતા.

વિશાળ કેડ ભાગમાં જાણે મણિની ઘુઘરીઓની જેમ તે શોભતા હતા. પગ સુધી પહોંચે તેવા વસ્ત્રમાં મણિની માળાજેમ તારાઓ પગે શોભતા હાતા, મૂર્તિમાન સુમેરુ સરખા વિશાલ એવા તે દેવને વર્ણવવા કોણ સમર્થ છે ? બે કાનમાં ચંદ્ર અને સૂર્ય કુંડલો

જેવા શોભતા હતા, ગંગાનદી જેવા ભાલતલમાં સારી કરેલ સુખડનું તિલક, તારગણનો તેજ-સમૂહ જાણે મસ્તક પર પુષ્પોનો સમૂહ હોય, તેમ શોભતો હતો.

અતિવિશાળ મેઘની પંક્તિઓ જાણે મનોહર વસ્ત્ર શણગાર સજ્યો ન હોય, જાણે કોઈ નાગકુમાર દેવ કામાંધ બનીને દેવાંગના પાસે કેમ જતો ન હોય ? તેમ આકાશમાં શોભતો હતો. ચાલતા મેરુપર્વત સરખો તે દેવ દૂર દૂર સ્વર્ગમાં સૌધર્મ દેવલોકને દંડ ઠોકીને ખડહડ શબ્દ કરતા પાડી નાંખ્યા. અપ્સરાઓ ત્યાં ઉભેલા વાહનમાં બેસી દરેક દિશામાં ભાગવા લાગી. કેટલીક તો પોતાના ભર્તારને ગળે વળગીને ' અમારું રક્ષણ કરો, બચાવો ' એમ બોલતી હતી.

તે સમયે તેનાથી ત્રાસ પામેલા કેટલાક દેવતાઓ કોઇ પ્રકારે ધીરતાનું અવલંબન કરીને મોટા પત્થરો, ભાલાંઓ અને બીજાં હથિયારોથી તેની પૂંઠ પકડીને તેના ઉપર ફેંકવા લાગ્યા. વળી બીજાઓ હજારોની સંખ્યામાં બાણ છોડવા લાગ્યા, ગદા, ઘણ, તરવાર વગેરે તેને શરીર પર લાગતા નથી. તેઓ પણ ભુંગળદંડના પ્રહારના ભયથી ત્યાંથી પલાયન થાય છે, મંત્રીદેવતા મંત્રણા કરે છે, યમ દંડને પણ ખંડિત કરે છે. હાથમાં ભાલાં લઈને સહુ નજીકમાંથી નાસી ગયા. મોટા કોલાહલના મુખર શબ્દો વારંવાર સાંભળીને દેવસૈન્ય દુર્ગ-કિલ્લામાં પેસી ગયું.

ઈન્દ્ર મહારાજાના રત્નસમૂહના ભંડારને આ લૂંટી જશે, ઐરાવણ હાથીને પ્રહાર વાગવાથી નાસવા લાગ્યો, તેથી નાસવા કયા કારણે લાગ્યો, તે કોઈ પ્રકારે ન જાણી શકાયું. એમ કરતાં કરતાં ચમર ત્યાં સુધી આવી પહોંચ્યો કે, જ્યાં આગળ અપૂર્વ અપચ્છરાઓનાં નાટકો અસ્ખલિત ચાલી રહેલાં હતાં અને સૌધર્માધિપતિ જાતે સુધર્મા સભામાં બેસીને આકર્ષિત ચિત્તથી નિહાળતા હતા.

તે સમયે ચમરેન્દ્રે તેના દ્વાર પ્રદેશમાં ત્રણ વખત પ્રચંડ દંડ ઠોક્યો; એટલે શંકાથી શંકિત થએલા ઇન્દ્રના હૃદયમાં ક્ષોભ થયો. અતિતિવ્ર કોપાગ્નિ વશ થએલા ઈન્દ્ર મહારાજાએ તેને દેખ્યો અને લલાટમાં જેણે ભૃકુટીની ભયંકર રચના કરી છે, એવા ઇન્દ્ર કહેવા લાગ્યા કે, 'કોનો કાળ પાકી ગયો છે કે, આવી બુદ્ધિ ચલાવી ? જાણ્યા પછી ઇન્દ્ર બોલ્યા કે, 'અરે મૂઢ ! અતિવક્ર ચમરા ! તેં આત્મઘાત કરવાની રમત કરી કે, જેથી નિઃ શંકપણે અહિં આવ્યો.' એટલે ચમરેન્દ્ર બોલવા લાગ્યો કે, 'મારા મસ્તક ઉપર ચડી બેઠો છે, પરંતુ આ પ્રચંડ દંડને તું કેમ દેખતો નથી ? પરંતુ શક્રના તેજને સહન ન કરતો ચમર શૂન્ય મનવાળો અને નિસ્તેજ બની ગયો. કરુણાપૂર્ણ બોલવા લાગ્યો, પણ નીકળી શકતો નથી. ચિંતા કરવા લાગ્યો, અભિમાન ચાલ્યું ગયું, દરેક દિશામાં જોવા લાગ્યો, નાસી જવાની ચેષ્ટા

કરવામાં પ્રવર્તવા લાગ્યો. તે ક્ષણે ઇન્દ્ર તે ક્ષણે ઇન્દ્ર તે ભયંકર ચમરાને કહેવા લાગ્યા. 'હે ચમરા ! તું અહિં મરવા કેમ આવ્યો ? આ નૃત્ય-નાટકનો રંગ ચાલી રહેલો છે, દેવાંગનાઓનો નાટ્ય ક્રમ ચાલી રહેલો છે, તેમાં વિક્ષેપ નાખીને રંગમાં ભંગ કેમ કર્યો ? ક્રિડાને મલિન કરી નાખી.' આમ શક્રે કહ્યું, એટલે કંપતા અને પડી જતા શરીરવાળો તે ત્યાંથી નાસવા લાગ્યો. હજુ થોડેક સુધીમાં પહોંચ્યો, એટલે શક્રે પોતાના પ્રચંડ વજ્રા દંડનું સ્મરણ પાછળ દોડાવવા માટે કર્યું. એટલે મહા ઉદ્‌ભટ વિભાગયુક્ત વજ્ર ઈન્દ્રના હાથમાં આવી પહોંચ્યું. એટલે નિઃશંકપણે ઇન્દ્રે તેની પાછળ છોડ્યું.

ભયંકર સેંકડો જ્વાલા-સહિત, દેખતાં જ ક્ષય કરનાર, અતિશય તેજસ્વી, જેમાંથી અનેક તણખા નીકળી રહેલા છે, તડ તડ એવા વિશાળ શબ્દ કરતું, તે ચમરની પાછળ પાછળ પર્વતોનો સંહાર કરતાં કરતાં આગળ ચાલ્યું. ઇન્દ્ર વિચારે છે કે, 'તેનામાં કઈ શક્તિ છે, આ તો કોઇક ઋષિ-મહાત્માનો પ્રભાવ છે, એટલામાં સુંસુમાર નગરમાં મહાવીર ભગવંતને દેખ્યા, તેમની નિશ્રામાં જાય છે. આ તેમનો પ્રભાવ છે, જેટલામાં અતિદુર્ધર વજ્ર તીર્થનાથની નજીક જાય છે.

તે વખતે વજ્રને ભગવંત પાસે જતું દેખી વિચાર્યું કે, 'મારું જીવિત હણાઈ ગયું, આ તો ભગવંતને પીડા થશે, હવે અત્યારે હું શું કરું ? આ તો અણધારી આપત્તિ આવી. (૨૫) તો કલ્પાંત કાળના અગ્નિ સરખું જ્વાલાઓની શ્રેણીથી ભરપૂર વિજળી સમાન વજ્ર હજુ ભગવંતની પાસે પહોંચ્યુ નથી. તે પહોંચે તે પહેલાં ભગવંતની પાસેથી પાછું ગ્રહણ કરવા માટે ઈન્દ્ર મહારાજા નિઃશંક બની જાતે જ તે ક્ષણે સ્વહસ્તે લેવા માટે દોડ્યા.

આ વજ્ર માણસને મારી નાખે, વળી દેવતાના શરીરને એકદમ તદ્દન ફાડી નાખે. હજુ સો ધારવાળું વજ્ર ઈન્દ્રે પોતાના હસ્તતલમાં પકડી લીધું નથી. વજ્ર પાછળ મૂકેલ છે, તે કારણે ભય વિહ્વલ ભ્રમિત મન અને ધ્રૂજતા શરીરવાળા ચમરે હજાર ઉલ્કા સરખું પ્રગટ તણખા ઉડાડતું વજ્ર નજીકમાં આવતું દેખ્યું. તેની પાછળ જ્યારે ઇન્દ્ર વજ્ર પકડવા આવતા હતા, ત્યારે આકાશલક્ષ્મી કેવી શોભતી હતી. જાણે આકાશમાં રત્નો જડેલાં હોય, તેવી રત્નાવલિ માફક જણાતી હતી.

ચમરની પાછળ વજ્ર જતું હતું અને ઝળહળતી તેજોલક્ષ્મી ચમરની પાસે પહોંચી ન હતી. માત્ર ચાર અંગુલ દૂર હતું, ત્યારે શક્રે જાતે જ હાથથી પકડી લીધું. તેજકિરણ માત્ર શરીર નાનું બનાવીને ચમર પ્રભુનાં પગની અંદર અદૃશ્ય થઇ ગયો. પ્રભુનાં શરણે ગયો, એટલે શક્રે ચમરને છોડી દીધો. મનમાં અહંકાર, શરીર પર સુંદર શણગાર મસ્તક પર મુગુટ ધારણ કરનાર ઇન્દ્ર પૃથ્વીનો સ્પર્શ થાય, તેમ ભગવંતને નમન કરીને ખમાવે છે.

વળી ચમરાને કહે છે કે, 'પ્રભુનું શરણ અંગીકાર કર્યું, તેથી મેં તને અભય આપેલું છે, માટે બહાર નીકળ, હું તને છોડી દઉં છુ.' હવે સ્વામીના ચરણ-કમળની સેવામાં તત્પર રહી ભોગ-સુખ ભોગવજે.

ઈન્દ્ર સ્વામીના ચરણમાં પ્રણામ કરીને સૌધર્મકલ્પમાં ગયો. ચકોર ચમર ચંપા નામની પોતાની નગરીમાં ગયો. ત્યાં અપ્સરાદિક પરિવારને આણે છે. ઘણા જ પ્રમોદ સહિત પ્રસન્ન મનવાળો સુંસુમાર નગરીમાં ભગવંતની આગળ આદર-સહિત નવરસવાળો નાટ્યારંભ કરે છે. સારંગી ધારણ કરીને તેના સુંદર આરોહ-અવરોહ કરી સંગીત બહલાવ્યું. વીણા વળી મધુર ગુંજારવ સરખો શબ્દ કરવા લાગી. શબ્દ કરનાર મૃદંગ, વળી બે હાથની તાળીઓના તાલ, મોટો શબ્દ કરનાર પડહો ધરણ કરીને વગાડતા હતા, અને વાજિંત્રના તાલ સાથે નૃત્ય કરતા હતા. તેમ જ નૃત્યમાં અંગના હાવભાવ સુંદર રીતે કરતા હતા, નાટકનાં સૂત્રધાર પોતે જ રહેલા હતા. આમ ચમરેન્દ્રે મનોહર ભાવના સહિત ભગવંતની ભક્તિ કરી. ત્યાર પછી પોતાની ચમરચંચા નગરીમાં પહોંચીને ત્યાં પણ અર્ચન નૃત્ય-નાટક કરી હર્ષિત થઇ પુષ્પવૃષ્ટિ છોડી.

સમય થયો, એટલે વીરજિનેશ્વરે પણ કાઉસ્સગ્ગ પાર્યો અને જંગમ કલ્પવૃક્ષ સરખા તે પૃથ્વીમંડળમાં વિચરવા લાગ્યા.(૩૨)

આ પ્રમાણે પૂરણઋષિ સર્વજ્ઞ શાસન-બહાર અને અદયાળુ હોવાથી ઘણું જ તપ કરનાર હોવા છતા તપસ્યાના પ્રમાણમાં અનુરૂપ ફલ ન મેળવવાના કારણે તેનું તપ અફળ ગણ્યું. સર્વજ્ઞના શાસનમાં રહેલો કદાચિત્ કારણસર અપવાદ સેવન કરનાર હોય અને પોતાની શક્તિ ગોપવ્યા સિવાય અલ્પ પણ તપસ્યા કરે, તો તે સફળ જ થાય છે, તે કહે છે-

कारणनीयावासी, सुट्ठुयलं उज्जमेण जइयव्वं।
जह ते संगमथेरा, सपाडिहेरा तया आसी ।।११०।।

एगंतनियावासी, घर-सरणाईसु जइ ममत्तं पि।
कह न पडिहंतिं कलि-कलुस-दोसाम आवाए ।।१११।।

अवि कत्तऊण जीवे, कत्तो घर-सरण-गुत्ति-संठप्पं।
अवि कत्तिआ य तं तह, पडिआ अस्संजयाण पहे ।।११२।।

**थोवों वि गिहि-पसंगो, जइणो सुद्धस्स पंकमावहई।**
**जह सों वारत्तरिसी, हसिओ पज्जोअनरवइणा ।।११३।।**

જંઘાબલ ક્ષીણ થવાના કારણે, અગર રોગાદિક અવસ્થામાં એક સ્થળમાં રહેનાર મુનિએ શાસ્ત્રમાં કહેલ જયણા આદિના ઉદ્યમ કરવાનો અતિશય યત્ન કરવો. જેમ કે, સંગમ નામના વૃદ્ધસાધુ ૯૯મી ગાથામાં કહી ગયા છે, તે વૃદ્ધાવસ્થામાં એક સ્થળે રહેવા છતાં દોષ ન લાગે અને પોતાની શક્તિ અનુસાર સંયમ-જયણામાં સાવધાની રાખતા હતા; જેથી તેમના ગુણોથી પ્રભાવિત થએલ દેવતા તેમનું નિરંતર પ્રાતિહાર્ય કરતો હતો. એટલે કે દેવતા જેની સાનિધ્યમાં રહેતા હતા, તેવા તે અતિશયવાળા થયા. તેમ બીજાએ પણ સકારણ પ્રયત્ન કરવો. (૧૧૦) વિપરીતમાં દોષ કહે છે-

વૃદ્ધાવસ્થા, રોગ આદિ કારણ સિવાય નિત્ય એક સ્થાને પડી રહેનાર અવસન્ન-પાસત્થાદિક મુનિ મકાનની નીક, છાપરાના નળિયાં ચળાવવાં, તેની ચિંતામાં અથવા બન્ધુજન, ભક્તજનના મમત્વમાં પડવાથી તેના કારણે કજિયા, ટંટા, ક્લેશ, ક્રોધાદિ દોષ તેની ઝંઝેટમાં પડનારો કેમ ન થાય ? 'હું આનો માલિક છું' તેમ કરતાં તેવાં કાર્યો જાતે જ કરવાં કેમ ન મંડી પડે ? અર્થાત્ તેમ કરતાં સાધુપણાથી પતન પામે. (૧૧૧) છકાયના જીવોની વિરાધના કર્યા વગર ઘરની વાડ, નીક કરાવવી, સમરાવવું વગેરે બની શકતાં નથી, બીજાની પાસે કરાવતાં પણ જીવ-વિરાધના વગર તે સમરાવી શકાતું નથી; તેથી અસંયમમાં પડેલા તેઓ સાધુના માર્ગથી ચૂકેલા હોવાથી પરમાર્થથી તો તે ગૃહસ્થ જ છે. કારણ કે ગૃહસ્થનું કાર્ય કરનાર હોવાથી. તેનો વેશ, તેને ગુણ કરનાર થતો નથી. (૧૧૨)

સાધુને માત્ર ગૃહકાર્યો જ દોષ કરનાર થાય છે, તેમ નહિં, પરંતુ થોડો પણ ગૃહસ્થનો પ્રસંગ-પરિચય શુદ્ધસાધુને પાપરૂપ કાદવથી લપેટનાર થાય છે, તે કહે છે. જેમ કે, પ્રદ્યોતરાજાએ વારત્રક મુનિનું હાસ્ય કર્યું, તે પ્રમાણે બીજા મુનિઓ જેઓ ગૃહસ્થના સંબંધમાં વધારે આવી જાય, તો ચારિત્ર મલિન થાય છે અને બીજાઓને હાસ્યપાત્ર બને છે. વારત્રક મુનિનું કથાનક આ પ્રમાણે છે.-

## ૭૯. વારત્રકમુનિની કથા -

ચંપા નામની મહાનગરીમાં પ્રજાના સ્વામિ મિત્રપ્રભ નામના રાજા હતા. તેને અતિશય પ્રેમ ધારણ કરનાર ધારણી નામની મુખ પટ્ટરાણી હતી. વળી ત્યાં ધનમિત્ર નામનો સાર્થવાહ અને તેને ધનશ્રી નામની પત્ની હતી. કોઇક શુભ દિવસે તેને પુત્ર જન્મ્યો અને તેનું સુજાત એવું નામ સ્થાપન કર્યું નિષ્કલંક સમગ્ર કલા-સમૂહના ક્રીડાગૃહ સરખા યૌવનમાં

સમુદ્રજળમાં જેમ લહેરો તેમ તેને લાવણ્ય પ્રગટ થયું. જેના રૂપને જોઇને કામદેવ પરાભવ પામવાથી લજ્જાથી નક્કી મહાદેવના ત્રીજા લોચનાગ્નિમાં પડી બળી ગયો.

તેનાં નેત્રોની શોભા સુંદર હતી. તેની નાસિકાની દાંડી સરખી બીજા કોઇની ન હતી. કપોલ અને હોઠની મુદ્રા-દેખાવ કોઈ અપૂર્વ હતા. વિશાળ ભાલસ્થલ, કાનની રચના કોઇ અપૂર્વ હતી. મુખની શોભા ચંદ્રના સરખી આલ્લાદક અને શરીરની મનોહરતા અવર્ણનીય હતી. તે સમયે ચંપાનગરીની તરુણીઓ મને દરેક ઘરમાં આજ વ્યાપાર-પ્રવૃત્તિ ચાલતી હતી કે, સુજાત આમ કહેતો હતો, આજે તેણે આવો સુંદર શૃંગાર પહેર્યો હતો. આવા વેષથી સજ્જ થયો. ત્યાં આગળ ધર્મઘોષ નામના શ્રેષ્ઠ અમાત્ય હતા.

તેને પ્રાણપ્રિય એવી પ્રિયંગુ નામની પત્ની હતી. સુજાતના ઉત્તમ ગુણો અને અતિરૂપની રેખા, સૌભાગ્ય વગેરે દેખવાની અભિલાષા કરતી હતી. ગવાક્ષમાં ઉભી રહેલી હતી, ત્યારે તે કોઈ વખત જોવામાં આવ્યો. ત્યારપછી તેની સર્વ શોક્યો તેના વિષે અનુરાગવાળી બની એકઠા થઇ તેની પ્રશંસા કરવા લાગી કે, કામદેવ સરખા આ જેનો વલ્લભ થશે, તે યુવતી ખરેખર ધન્ય બનશે.'

કોઈ વખત એકાંત મળતાં તેઓ સુજાત સરખાં વસ્ત્રાભૂષણ પહેરી પ્રિયંગુ પત્નીના અંતઃપુરમાં તેનો અભિનય કરતી હતી. આ પ્રમાણે વિલાસ-પૂર્વક તે ચાલે છે, આમ બોલે છે, આ પ્રમાણે નેત્રોના કટાક્ષ કરે છે, આવા ભાવની રચના કરી હાસ્ય કરે છે. ' હે સખિ ! તેં આવો સુજાત દેખ્યો ? મંત્રી અણધાર્યો આવી પહોંચ્યો અને એકાંતમાં બારણાના છિદ્રમાંથી જેટલામાં દેખે છે, તો પત્નીઓને સુજાતનો હાવભાવ કરતી દેખી.

કુવિકલ્પોની કલ્પના કરવાથી છેતરાએલ કપાળમાં ભ્રૂકુટી ચડાવીને મંત્રી ચિંતવવા લાગ્યો કે, 'આ અંતઃપુરની મારી પત્નીઓ દુષ્ટ શીલવાળી બની ગઈ છે. બીજાના પ્રેમમાં પરવશ બનેલા માનસવાળી આ સાર્થવાહના અંતર-હૃદય સુધી પહોંચેલી છે, તો તેમના પ્રેમના મૂલરૂપ સુજાતને જ અવશ્ય હું મારી નાખીશ.

નક્કી લજ્જામુક્ત બનેલી આ મારી પત્નીઓને તેણે જ ઠગેલી છે, એમ પોતાને પત્નીઓએ નથી જાણેલો, તેવી રીતે ત્યાંથી ગુપ્તપણે અદૃશ્ય થઈ ચિંતવવા લાગ્યો, તે ધૂર્તનાં પોતાના કાર્યો સફળ થાય છે કે, 'સુરંગની ધૂળ માફક જેનો રોષ પ્રગટ થતો નથી, હું જો તેને જાતે મારી નાખીશ, તો લોકોમાં કલંકિત બનીશ. તો મારી બુદ્ધિનો ઉપયોગ કરીને કંઈક ખોટો લેખપત્ર લખાવીને મિત્રપ્રભને તે દેખાડશે અને કહેશે કે, 'હે દેવ ! આ તમારા શત્રુરાજાએ ચર-જાસુસ પુરુષો સાથે સુજાતનો ગુપ્ત લેખ મોકલ્યો છે.

રાજાએ જાતે લેખ હાથમાં લઇ વાંચ્યો કે, 'આ સુજાતને અવશ્ય તમારે મારી નાખવો. આ કાર્ય સિદ્ધ થશે, તો હું ક્રોડ સુવર્ણના સિક્કા આપીશ.' આ જાણીને રાજા તીવ્ર કોપવાળો બન્યો અને વિચારવા લાગ્યો કે, 'પ્રગટ વધ કરવામાં નગરમાં ક્ષોભ થશે, તેને મારવાનો આ સારો ઉપાય છે કે, નજીકના નગરમાં ચંદ્રધ્વજ રાજા મારા મિત્ર છે. આ કાર્ય માટે હું તેની પાસે કુમારને મોકલું. તે એકદમ આ કાર્ય ગુપ્તલેખ વાંચીને સારી રીતે કરશે, મિત્રપ્રભે આ પ્રમાણે તે કાર્ય કર્યું અને સુજાત પણ ચંદ્રધ્વજ પાસે પહોંચ્યો. મિત્રનો લેખ વાંચીને વિચાર્યું કે, 'આવી આકૃતિવાળામાં રાજવિરુદ્ધ કાર્ય કર્યાનો સંભવ નથી.(૨૫) જે માટે કહેલું છે કે-

"હાથ, પગ, કાન, નાસિકા, દાંત હોઠ પ્રમાણે પુરુષો મધ્યમથી મધ્યમ આચારવાળા, વિષમ-વાંકાથી વાંકા આચારવાળા સમથી સારા આચારવાળા હોય છે. આના ગુણોને ન સહન કરનાર કોઇ ઈર્ષ્યાલુએ આના સંબંધી તાપ ઉત્પન્ન કરનાર ખોટી વાત કહેલી જણાય છે; જેથી તેને આવો બુદ્ધિ-વિપર્યાસ ઉત્પન્ન થયો જણાય છે. તેની આજ્ઞા હોવા છતાં પણ તેના મૃત્યુ માટે મારો અભિપ્રાય થતો નથી. કયો સમજુ પુરુષ મણિમય અનુપમ પ્રતિમાને ખંડિત કરે ? 'દુર્જનો પોતાની મેળે જ અનુચિત કાર્ય કરવા તૈયાર થાય, મધ્યમ પુરુષો બીજાઓની પ્રેરણાથી અને સજ્જનો તે કદાપિ પણ અનુચિત કાર્યમાં પ્રવર્તતા નથી."

હવે બીજા દિવસે ચંદ્રધ્વજ રાજાએ તે લેખ સુજાતકુમારને એકાંતમાં વંચાવ્યો, કુમારે કહ્યું કે, 'તેનો આદેશ કેમ કરતા નથી ? નીલ વર્ણવાળી તરવારની ધારાથી હું હણવા યોગ્ય છું, તો તમો તેમાં વિલંબ કેમ કરો છો ? ચંદ્રધ્વજ રાજાએ પ્રત્યુત્તર આપ્યો કે, એવું વગર વિચારેલું કાર્ય તો અતિપાપી જન જ કરે. તો મારા ઘરની અંદર તું ગુપ્ત શંકા રહિતપણે વાસ કર. વળી ચંદ્રયશા નામની મારી ભગિની સાથે તું લગ્ન કર, તે પ્રમાણે લગ્ન કરી તેની સાથે ભોગો ભોગવતો હતો, ત્યારે અતિશય સ્નેહાધીન બનેલી એવી ચંદ્રયશાને દુષ્ટ કુષ્ઠરોગ ઉત્પન્ન થયો. નવીન આમ્રલતા ઉપર મંજરી (મોર) લાગી ગયો છે અને હજુ સુંદર ફળ ઉત્પન્ન થવાનો સમય પાકી ગયો છે, એટલામાં તો મૂળમાંથી ખવાઇને આ શા કારણે આ પ્રમાણે સુકાઈ જાય છે ?

મારા વચનથી આ પ્રાણપ્રિયાએ જિનધર્મ ધારણ કર્યો, એટલામાં તો આ કુષ્ઠરોગવાળી થઈ. યમરાજાએ આને પણ ન છોડી ! 'સત્પુરુષો એક વખત સ્વીકાર કર્યા પછી તેનો ત્યાગ કરતા નથી, ચન્દ્ર કલંકનો અને સમુદ્ર વડવાનલનો ત્યાગ કરતો નથી.' નિરંતર રોગવાળા તેના અંગના દોષથી કુમાર પણ તે કુષ્ઠ રોગવાળો થયો. ચન્દ્રયશાના મનમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો. અરેરે ! હું કેવી નિર્ભાગિણી છું કે, મારા દુષ્ટ કોઢરોગના દોષથી જિનધર્મનું

દાન કરી દિવ્ય ઉપકાર કરનાર એવા સુજાતને પણ હું અત્યંત દૂષિત કરનાર થઇ છું.' પોતાના જીવિત ઉપર પણ વૈરાગ્ય વહન કરતી અનશન કરી, પ્રાણત્યાગ કરી પરલોકની સાધના કરું.' તેણે અનશન અંગીકાર કર્યું.

સુજાતે તેને બરાબર અંતિમ સાધના કરાવી. તે મૃત્યુ પામી દેવ થયો, પોતાનો આગલો ભવ દેખે છે. તેમાં સુજાતને મિત્રપ્રભે મરાવવા મોકલ્યો હતો, જે પ્રમાણે મને જિનધર્મ આપ્યો, મને પણ સજ્જડ અસાધ્ય કોઢ રોગ થયો હતો. તે નવીન દેવે નીચે આવી સુજાતનું ચરિત્ર કહ્યું. પોતાના બંધુ ચંદ્રધ્વજને ધર્મનો પ્રભાવ કેવો છે ? તે પ્રકાશિત કરી સમજાવ્યો અને સ્વર્ગ તેમ જ મોક્ષ આપનાર એવા જિનધર્મને વિષે તેને સ્થાપન કર્યો.

મત્રીનું દુશ્ચરિત્ર આ પ્રમાણે કહ્યુ, તેમ જ સુજાતનું કુલ કેવું ઉત્તમ છે, તે પણ જણાવ્યું. સુજાતને ચંપા નગરીએ લઇ જઈ બહારના ઉદ્યાનમાં સ્થાપન કરીને ચંપાનગરીના લોકોનો વધ કરવા માટે નગરી ઉપર મહાશિલા વિકુર્વી. એટલે નગરલોકોમાં મોટો કોલાહલ ઉત્પન્ન થયો. એટલે મિત્રપ્રભ રાજા ભીંજાએલાં શ્વેત વસ્ત્રો પહેરી હાથમાં ધૂપનો કડછો ધારણ કરી નાગરિકો સહિત વિનંતિ કરવા લાગ્યો કે, 'દેવ હો કે દાનવ જે કોઈ પણ મારા ઉપર કોપ કરવાનું કારણ પ્રત્યક્ષ થઇને પ્રગટ કરો, હું ઘણો વિચાર કરું છું તો પણ મને અપરાધ યાદ આવતો નથી. અજાણપણામાં મારાથી કોઈ તેવું કાર્ય બની ગયું હોય, તો હું તેની ક્ષમા માગું છું, એટલે આકાશમાં રહીને તે દેવ કહેવા લાગ્યો કે- ' અરે ! લાજ-મર્યાદા વગરના અનાર્ય ! તે સમયે સર્વથા નિરપરાધીને દુષ્ટ ધર્મઘોષ પ્રધાનના ખોટા લેખપત્રથી મરાવીને હે દુષ્ટ પાપિષ્ઠ ! અત્યારે તે વાત તું સર્વથા ભૂલી જાય છે ?(૫૦) જો તેની પાસે જઇ ખમાવી એને પ્રસન્ન કરીને તારા ભવનમાં આદર-સત્કાર પૂર્વક લાવે, તો જ આ મહાશિલા પાડવાના ભયથી મુક્ત થવાનો છે, નહિંતર આખા નગરના લોકો અને અંતઃપુરીઓ સહિત તને હણી નાખીશ.'

રાજાએ પૂછ્યું કે, 'તે કયાં છે ?તો કહ્યું કે,'અહીં બહારના ઉદ્યાનમાં છે' ત્યારપછી પરિવાર સહિત ત્યાં જઈ તેને ખમાવીને હાથીની ખાંધ ઉપર બેસાડી પ્રયત્નપૂર્વક આદર કરીને નગરમાં લાવ્યો. દેવે ત્યારપછી શિલાને સંહરી લીધી અને તે પોતાના સ્થાનકે પહોંચી ગયો. મંત્રીને મારી નાખતો હતો, પરંતુ સુજાતે તેને બચાવ્યો. પ્રથમ જેના ઉપર ઉપકાર કર્યો હોય અને જ્યારે તે બદલો વાળવા પ્રત્યુપકાર કરતો હોય, ત્યારે પણ ચિત્તમાં લજ્જા ઉત્પન્ન થાય છે, તો પછી જેણે અપકાર કર્યો હોય અને તેના પર ઉપકાર થાય, તે તો મૃત્યુથી પણ અધિક દુઃખ કરનાર થાય છે. તે મંત્રીને દેશનિકાલ કર્યો, એટલે ઘણા દૂર દેશાવરમાં પહોંચ્યો.

વૈરાગ્ય-પામેલા તે મંત્રીએ સ્થવિર મુનિઓ પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી. અનુક્રમે ગ્રહણ-આસેવન શિક્ષાઓ લઈ સૂત્ર-અર્થ જાણકાર ગીતાર્થ બન્યો. એક સમયે વિહાર કરતાં કરતાં ગુણવાન એવા તે મુનિ જ્યાં અભયસેન રાજા છે, એવા વારત્રક નામના નગરમાં પહોંચ્યા. ત્યાં સજ્જન ચિત્રવાળો સત્યવાદી વારત્રક નામનો અમાત્ય હતો. ધર્મઘોષ મુનિ વિચરતા વચરતા તેને ઘરે વહોરવા પધાર્યા. ઘૃત અને સાકર-મિશ્રિત ક્ષીરનું પાત્ર ઉપાડીને ગૃહિણી વહોરાવતી હતી, ત્યારે ભૂમિ પર નીચે એક બિન્દુ પડ્યું.

ધર્મઘોષ સાધુ નીચે વેરાએલાનો દોષ જાણી ક્ષીર વહોર્યા વગર ચાલ્યા ગયા. બારીમાં ઉભેલા તે અમાત્યે દેખ્યું. તેણે વિચાર્યું કે, મુનિએ આ ખીર કેમ ન ગ્રહણ કરી ? એટલામાં ભૂમિ પર પડેલા ક્ષીરના બિન્દુમાં માખીઓ તેને ચાટવા લાગી. માખીઓને પકડવા ઘરની ગીરોલી આવી, ગીરોલીને પકડવા તેની પાછળ કાચંડો આવ્યો. ઘરનો કૂતરો તેની સાથે કઠોર નખ અને દાઢાના પ્રહાર કરી લડવા લાગ્યો. તે કૂતરાના સ્વામીઓ પરસ્પર લડવા લાગ્યા. તેમાં મોટી તકરારો અને મારામારી જામી. ત્યારે વારત્રકમંત્રીએ વિચાર કર્યો કે, આ જ કારણથી તે મહર્ષિએ ખીર ન વહોરી.

અહોહો ! આ ધર્મ અતિમનોહર છે, ત્રણે જગતમાં જિનધર્મ જયવંતો વર્તે છે. એમ વિચારતાં વૈરાગ્ય પામ્યો. અતિશુભ અધ્યવસાયવાળા તેને પોતાની જાતિ યાદ આવી. અર્થાત્ જાતિસ્મરણ જ્ઞાન પામ્યો. સારી રીતે બોધ પામેલો સ્વયંબુદ્ધ થઇ નિરવદ્ય પ્રવ્રજ્યા અંગીકાર કરી. દેવતાએ સર્વ સંયમનાં ઉપકરણ અને વેષ આપ્યો. ગીતાર્થ એવા તે મુનિ વિહાર કરતાં કરતાં સુંસુમાર નગરે પહોંચ્યા. ત્યાં જેનો કીર્તિસમૂહ દરેક સ્થળે વિસ્તાર પામેલો છે, એવો ધુંધુમાર નામનો રાજા હતો. તેને અતિસ્વરૂપવાન અંગારવતી નામની પુત્રી હતી. જિનેશ્વર ભગવંતના કહેલા ધર્મ, અધર્મ પદાર્થની જાણકાર અને અભ્યાસી શ્રાવિકા બની.

જીવાદિક નવ પદાર્થોના વિસ્તાર અને પરમાર્થના સુંદર વિચારમાં નિપુણ એવી તેણે એક વખત નાસ્તિકવાદી પરિવ્રાજિકાને વાદમાં પર્ષદામાં હરાવી, એટલે તે અંગારવતી ઉપર દ્વેષ રાખવા લાગી. તે પ્રવ્રાજિકા વિચારવા લાગી કે, 'આ અંગારવતીને મારે નક્કી અનેક શોક્યોવાળા પતિ સાથે પરણાવીને વિરહાગ્નિનું મહાદુઃખ ભોગવે તેમ સંકટમાં પાડવી. ત્યારપછી તેનું રેખાયુક્ત આબેહુબ રૂપ એક પાટિયામાં ચિતરાવી ઉજ્જેણી નગરીમાં પ્રદ્યોતરાજાને ભેટ કર્યું.'

રાજાએ પૂછ્યું, ત્યારે ધુંધુમાર રાજાની અંગારવતી પુત્રીનું આ રૂપ છે. દૈવે યુવતોના રૂપની સીમા આવી ગઇ હોય, તેવું રૂપ કર્યું છે. અર્થાત્ આના કરતાં ચડિયાતું બીજું રૂપ

સંભવી શકે નહી. પ્રદ્યોતરાજા રૂપ દેખીને તેના પ્રત્યે અતિઅનુરાગ અને કામાધીન ચિત્ત-વૃત્તિવાળો થયો, તેથી પ્રદ્યોતે સુંસુમાર નગરે ધુંધુમાર રાજા પાસે દૂત મોકલ્યો. દૂતે આવીને પ્રદ્યોત માટે તેની પુત્રીની માગણી કરી. અહંકારથી તે રાજા આપતો નથી, દૂતનો તિરસ્કાર કર્યો. બમણી રીતે અપમાનિત થએલા દૂતે ઉજ્જેણીએ આવી પ્રદ્યોત રાજાની આગળ બનેલો વૃતાન્ત નિવેદન કર્યો.

ત્યારપછી અતિક્રોધિત થએલા ચિત્તવાળો તે રાજા સર્વ સૈન્ય-પરિવાર સહિત ત્યાં પહોંચ્યો અને નગરને સજ્જડ ઘેરીને બહાર પડાવ નાખ્યો. ધુંધુમાર રાજા પાસે બલ-સામગ્રી પૂરી ન હોવા છતાં રણસંગ્રામ કરવાના નિશ્ચલ મનવાળો નગરની અંદર કિલ્લામાં પ્રવેશ કરી દાખલ થાય છે, ત્યારે તે નગરની અંદર વારત્રક મહર્ષિ વિચરતા હતા. અને નાગદેવતાના મંદિરમાં ધ્યાન કરવાના મનવાળા રહેલા હતા. નગરની ચારે બાજુ ઘેરો ઘાલેલો હોવાથી લોકોની અવર-જવર બંધ થવાથી પીડા પામેલો ધુંધુમાર રાજા નિમિત્તિયાને પૂછવા લાગ્યો કે, 'હું ભયભીત બન્યો છું, તો પલાયન થઇ જાઉં ? ચૌટાના અંદરના પ્રદેશમાં જ્યાં નિમિત્તિયો નિમિત્ત જોતો હતો, ત્યારે ત્યાં કેટલાક બાળકોને રમત રમતા જોયા.

નિમિત્ત ગ્રહણ કરવા પૂરતાં તે બાળકોને ત્રાસ પમાડવા લાગ્યો. જ્યારે બાળકોને મેં બીવરાવ્યા, ત્યારે વારત્રક મુનિએ તેને નિર્ભય કર્યા. પ્રાપ્ત થએલા નિમિત્તવાળો નિમિત્તિયો રાજાને કહે છે કે-'તમારો વિજય છે.' ત્યારપછી શુદ્ધ લગ્નબળ મેળવીને હથિયારો સજ્જ કરી, કવચ પહેરી, નગરના દરવાજા ઉઘાડીને ભોજન કાર્યમાં વ્યગ્ર બનેલા પ્રદ્યોત રાજાને ધુંધુમાર રાજા પકડી બાંધીને લઈ ગયા. તે માટે કહેલું છે કે-

"વિષયાધીન ઇન્દ્રિયગણની લંપટતા તે મહાઆપત્તો પમાડનાર વા કોઇ અપૂર્વ દોષનું સ્થાન છે કે, જે ન્યાય-નીતિપૂર્ણ પ્રતિષ્ઠા-કીર્તિ મેળવેલી હોય, તેનો ક્ષણમાં અંત આણે છે. ઉપરાંત બે-આબરૂ બનાવે છે, અકાર્યાચરણ કરવામાં મતિનો દુરુપયોગ કે છે, દુર્જનો સાથે સ્નેહની વૃદ્ધિ કરાવે છે, વિવેકની અધિકતા હોય, તેનો પણ નાશ કરાવે છે.' તેને નગરમાં પ્રવેશ કરાવીને તેમ જ પોળના દરવાજા બંધ કરાવીને, તેના સમગ્ર હાથી, ઘોડા, રથ અને ભંડાર ગ્રહણ કરી લીધા.

વળી તેને કહ્યું કે, 'મેરુ પર્વત સમાન તારો ગર્વ ક્યાં ગયો ? નિર્વાણનગર તરફ ખેંચાએલ તારો પૌરુષવાદ હતો, તે પણ શું ગયો ? હવે અત્યારે હું તને શું કરું ?' 'તમને જે મનને અભિપ્રેત હોય, તે કરો. અત્યારે જો તમો કંઇ નહિં કરશો, તો પાછળથી તમારા મનમાં ખટકો રહી જશે.' એટલે ધુંધુમારે કહ્યું કે, 'હે રાજન્ ! તમે આમ ન બોલશો.

અલ્પસેના-પરિવારવાળો હું તમારી આગળ કઇ ગણતરીમાં ગણાઉં ? ભલે તમે અત્યારે વિષમદશામાં આવી પડ્યા છો. છતાં તમારા સરખા બીજા કોઈ નથી. 'ભલે સૂર્ય જળની અંદર પ્રતિબિંબિત થએલો હોય, તો પણ તે દેખી શકાતો નથી' કોઈ તેવા દિવસોકે, રાહુના પ્રભાવ-યોગે હણાએલી પ્રભાવાળો સૂર્ય થાય, પરંતુ ક્ષણવારમાં તે સૂર્ય અધિકતર દીપતો નથી ? તો હું તમારું અનિષ્ટ ઈચ્છતો નથી, તમો સદા આનંદ-મંગલ સુખ ભોગવનારા થાવ.

શૃંગારની નીક સમાન એવી અંગારવતીની સાથે હે રાજન્ ! તમે લગ્ન કરો. ઘણા મોટા સત્કાર તેમજ મહાવિભૂતિથી વિવાહ-મહોત્સવ કર્યો, નગર-દરવાજા ખુલ્લા કરીને ત્યાં જ તેને રોકવાનો પ્રબંધ કરાવ્યો, એટલે ત્યાં રહ્યો. ઘોડા, હાથી, રથ વગેરે જે કંઇ પણ લૂંટી લીધું હતું, તે સમગ્ર પાછું અર્પણ કર્યું ને તે સિવાય બીજું પણ સત્કાર કરીને ઘણું આપ્યું.

બંનેનો સ્નેહ પરસ્પર અતિસય થયો. ત્યારે કોઇ વખત પ્રદ્યોતે એકાંતમાં અંગારવતીને પૂછ્યું કે, 'અલ્પ સૈન્યવાળા તારા પિતાએ ઘણા સૈન્યવાળા એવા મને કેવી રીતે પરાભવ આપ્યો ? ત્યારે અંગારવતીએ તેનો પરમાર્થ કહ્યો કે, આગળ બાળકોને ભય પમાડ્યા હતા, વારત્રક મુનિએ નિર્ભયતા જણાવી હતી, તે નિમિત્તયોગે નિમિત્તિયાએ મારા પિતાને વિજય કહેલો હતો, મહાઋષિ-મુનિઓનાં વચન ફેરફાર થતાં નથી-અર્થાત્ સાચાં જ પડે છે. કદાચ મેરુની ચૂલા કંપાયમાન થાય, પશ્ચિમદિશામાં સૂર્યનો ઉદય થાય, બીજા પ્રયોજનથી કદાચ બોલાયું હોય, તો પણ મુનિનું વચન અન્યથા થતું નથી. લૌકિક ઋષિઓની વાણી તો જેવો જેવો પદાર્થ તેવો તેવો અર્થ કહે છે, જ્યારે લોકોત્તર સાધુઓની વાણી તો યથાર્થ જ હોય છે.

આ સાંભળીને પ્રદ્યોત રાજા પ્રાતઃકાળે વારત્રકમુનિ પાસે જઈને હાસ્ય કરતો આ પ્રમાણે કહેવા લાગ્યો,

(૧૦૦) 'મોટાં નિમિત્ત કહેનાર એવા તમારા ચરણમાં પ્રણામ કરું છું પ્રાણનો નાશ કરવા માટે એકદમ તૈયાર થએલા એવા રાજાને મરણથી રોકનાર એવા વારત્રક મુનિને નમસ્કાર થાઓ.' પોતે ઉપયોગ મૂક્યો અને બાળકોને બીવરાવતા હતા, ત્યારે અભય કહેલું હતુ-એ પોતાનો અનુપયોગ જાણ્યો, તો તે વારત્રક મહર્ષિ તે વાતની આલોચના અને ગર્હા કરવા લાગ્યા. અરેરે ! આ મારો મોટો પ્રમાદ થઇ ગયો કે જે અપ્રકાશિત રાખવાના બદલે આ વાત મેં પ્રકાશિત કરી, આ કારણે હું પ્રદ્યોત રાજાનો પણ આ પ્રમાણે ઉપહાસ-પાત્ર બન્યો. (૧૦૩)

વારત્રક મુનિની કથા પૂર્ણ થઇ. (૧૧૩)

સામાન્યથી ગૃહસ્થ વિષયક પ્રસંગ પાડવાનો દોષ જણાવ્યો. હવે યુવતી-વિષયક સંબંધ કરવાનો દોષ કહે છે-

सब्भावो वीसन्नो, नेहो रइवइयरो अ जुवइजणे।
सयण-घर-संपसारो, तव-सीलवयाइं फेडिज्जा ।।११४।।

जोइस-निमित्त-अक्खर-कोउआएस-भूइकम्मेहिं।
करणाणुमोअणाहि अ, साहुस्स तव-क्खओ होई ।।११५।।

जह जह कीरइ संगो, तह तह पसरों खणे खणे होइ।
थोवो वि होइ बहुओ, न य लहइ धिइं निरुंभंतो ।।११६।।

जो चयि उत्तरगुणं, मूलगणे वि अरिरेण सो चयइ।
जह जह कुणइ पमायं, पल्लिज्जइ तह कसाएहिं ।।११७।।

जो निच्छएण गिण्हइ, देह-च्चाएवि न य धिइं मुअइ।
सो साहेइ सकज्जं, जह चंदवडिंसनो राया ।।११८।।

सीउण्ह-खुप्पिवासं, दुस्सिज्ज-परीसहं किलेसं च।
जो सहि तस्स धम्मो, जो धिइमं सो तवं चरइ ।।११९।।

धम्ममिणं जाणंता, गिहिणो बिदढच्वया किमुअ साहु ?।
कमलामेलाहरणे, सागरचंदेण इत्थुवमां ।।१२०।।

## ૮૦. સ્ત્રી-યુવતિ પરિચયનાં દોષો-

વગર સમયે યુવતી વર્ગના સ્થાનમાં હોવું, તેના પર વિશ્વાસ રાખવો, યુવતી વર્ગ ઉપર સ્નેહ-રાગ કરવો, તેની સાથે કામ ઉત્તેજિત કરનાર કથા-વાર્તાલાપ કરવો, તેના સ્વજનો, બન્ધુ, ઘર-સંબંધી તેની સાથે વિચારણા કરવી ઈત્યાદિક કરનાર સાધુ પોતાના બાર પ્રકારના તપ, ઉત્તર ગુણો અને મૂલવ્રતોનો નાશ કરનાર થાય છે. અથવા હે શિષ્ય ! તારાં તપ, શીલ, વ્રત યુવતીજનના પરિચયથી નાશ પામશે.(૧૧૪)

વળી બીજા પ્રકારે તપ-શીલ નાશ કેવી રીતે પામે છે, તે કહે છે. જ્યોતિષ ગૃહસ્થને

કહેવાં તેમની કુંડલી ગણી આપવી. જોઇને ફળાદેશ કહેવા, તે દ્વારા તેનું ભવિષ્ય ભાખવું, હોરાદિક નિમિત્તો કહેવા, અક્ષરોનો અનુયોગ, મંત્રબીજ કહેવાં, સ્નાનાદિક કૌતુક કથન કરવું, 'આ વસ્તુ આમ જ બનશે.' તેવો નિર્ણય કરવો, રક્ષા-પોટ્ટલી આદિ ભૂતિ-કર્મ દોરા-ધાગાદિક કરી આપવા, મંત્ર, તંત્ર આપવા, ઇત્યાદિક વિષયો પોતે કરવા, બીજા પાસે કરાવવા, કરતાને સારા માનવા-અનુમોદવા, તેમ કરનાર સાધુ અનશનાદિક બાર પ્રકારનો તપ કરતો હોય, તે કરેલા તપ, પર કહેલ કાર્ય કરવાથી નિષ્ફળ થાય છે. માટે આ સમજી શરુથી જ આવાં પ્રકારના સંયમ-વિરુદ્ધ અનુષ્ઠાન દૂરથી જ પરિહરવાં. કારણ કે, તેનાથી દુરંત સંસારની વૃદ્ધિ થાય છે. (૧૧૫)

જેમ જેમ આવાં અનુષ્ઠાન સાથે સંબંધ કરાય છે, તેમ તેમ તેની વખતોવખત અતિશય પ્રમાણમાં તેની પ્રવૃત્તિ વધતી જ જાય છે. અનાદિકાળથી પ્રમાદનો અભ્યાસ હોવાથી તે વધારે વધારે પ્રમાણમાં વધતો જાય છે. અલ્પમાંથી મોટો થાય છે, પછી તેવા પ્રમાદને દૂર કરવો ઘણો જ અશક્ય છે. પછી ગુરુ-વડીલ અટકાવવા સમજાવે, તો પણ તેની લત છુટતી નથી, પછી તેના વગર સંતોષ પામી શકાતો નથી. જેઓ એમ માને છે કે, અલ્પ-સંગ કરવાથી દોષ લાગતો નથી, તેણે સમજવાનું કે ચક્રવર્તિને છ ખંડનું રાજ્ય છોડવું સહેલું છે, પણ એક શિથિલતા પ્રમાદ વળગ્યો હોય, તે છોડવો આકરો થઇ પડે છે; માટે પ્રથમથી જ આવા અસંયમ દોષોને સ્થાન ન આપવું.(૧૧૬)

અતિઅલ્પ સંગ પણ મોટો-ઘણો શાથી થાય છે, તે કહે છે-'જેઓ પિંડવિશુદ્ધ, પડિલેહણ વગેરે ઉત્તરગુણોનો ત્યાગ કરે છે, તે ટુંકા કાળમાં મૂલગુણરૂપ મહાવ્રતોનો ત્યાગ કરનાર થાય છે, મૂલગુણ પાંચ મહાવ્રત આદિક ચારિત્ર-સ્વરૂપ, પાંચ મહાવ્રતો, શ્રમણધર્મ, સંયમ, વેયાવચ્ચ, બ્રહ્મચર્યની ગુપ્તિઓ, જ્ઞાનાદિક ત્રણ, તપ, ક્રોધદિકનો નિગ્રહ કરવો. અને ઉત્તરગુણો તે આ પ્રમાણે-પિંડવિશુદ્ધ,સમિતિ, ભાવના, પ્રતિમા, ઇન્દ્રિયોનો નિરોધ, પડિલેહણા, ગુપ્તિઓ, અભિગ્રહ, આચરણ-કરણ, મૂળ-ઉત્તરગુણ કહેવાય.(૧૧૭)

જેમ જેમ પ્રમાદ કરતો જાય છે, તેમ તેમ પ્રમાદની અધિકતાથી અંદર રહેલા ક્રોધાદિક કષાયો વડે બળ્યા જળ્યા કરે છે. પ્રમાદ હોવાથી કોઈ પ્રતિકૂળ કહે-કરે વર્તે, એટલે કષાયાધીન બને. પછી કષાયોનાં દુરંત ફળ ભોગવવાં પડે.(૧૧૭) જેઓ દૃઢ નિશ્ચયપૂર્વક વ્રતો ગ્રહણ કરો છો, શરીરનો નાશ થાય, તો પણ સ્વીકારેલ વ્રતનો કે ધીરજનો ત્યાગ કરતા નથી, તેઓ ચંદ્રાવતંસક રાજાની જેમ પોતાના કાર્યની સિદ્ધિ નક્કી કરે જ છે. તે રાજાનું દૃષ્ટાંત આગળ 'સીસાવેઢેણ' ગાથામાં કહેલું છે.(૧૧૮)

જેઓ શીત, ઉષ્ણ, ક્ષુધા, તૃષા પરિષહ, ઉંચી-નીચી શય્યાભૂમિ, વિવિધ પ્રકારના

બીજા પરિષહો દેવતા, તિર્યંચ, મનુષ્યાદિએ કરેલા ઉપસર્ગો સમભાવે કર્મક્ષય માટે સહન કરે છે, તેને ધર્મ થાય છે. આ પરિષહ-ઉપસર્ગાદિક સહન કરવામાં અકંપિત ચિત્તવાળો થાય છે, તેવું ધૈર્ય ધારણ કરનાર તપ કરી શકે છે. જો પરિષહાદિના હેતુ બને છે (૧૧૯) શૂરવીર આત્માઓ સ્વીકારેલા વ્રતો અને ધર્મને દઢતા ઉત્પન્ન કરવા માટે ગૃહસ્થો પોતાના વ્રતની દઢતા કેવી રાખે છે, તે જણાવે છે.-

સર્વજ્ઞ ભગવંતે કહેલ ધર્મ જાણનાર ગૃહસ્થો પણ નિશ્ચલતાથી વ્રતોનું પાલન કરે છે, તો સાધુઓએ તે વિશે; દઢતા રાખવી જોઇએ. તે માટે કમલામેલા અને સાગરચંદ્રનું દૃષ્ટાંત વિચારવું. તે આ પ્રામાણે-(૧૨૦)

## ૮૧. કમલામેલા-સાગરચંદ્રનું દૃષ્ટાંત

દ્વારાવતી નગરીમાં ધનસેનની અપૂર્વ સૌભાગ્ય અને મનોહર રૂપવાળી કમલામેલા નામની પુત્રી હતી. શ્રીઉગ્રસેનના નભઃસેન નામના પુત્ર સાથે વિવાહ કરેલો હતો અને સમગ્રગુણ-ગૌરવયુક્ત લગ્ન પણ નજીક સમયમાં નક્કી થયું હતું. કોઇક સમયે આકાશમાર્ગેથી નારદજી નભઃસેનના ગૃહે આવ્યા, ત્યારે પરણવા માટેના ઉતાવળા કાર્યમાં વ્યગ્ર થએલા હોવાથી નભઃસેને તેનો આદર-સત્કાર-પૂજા ન કરી. 'નવીન શ્રેષ્ઠ સુંદર રમણીના લાભથી આ નભઃસેન ગર્વિત બન્યો છે અને મારી અવજ્ઞા કરે છે, તો એના માનને મારે મરડી નાખવું યોગ્ય છે.' એમ ચિંતવીને નારદમુનિ બલરામના પુત્ર નિષધના અતિસ્વરૂપવાન પુત્ર સાગરચંદ્રના ઘરે ગયા.

નારદની અતિશય આગતા-સ્વાગતા કરવાપૂર્વક તેણે નારદને એમ કહ્યું કે, આપ તો પૃથ્વીમંડલમાં સર્વત્ર અસ્ખલિત ફરો છો, જેથી આપે દેખ્યું હોય, તેવું હે ભગવંત ! કંઈક આશ્ચર્ય બતાવો.' નારદજીએ પ્રત્યુત્તરમાં જણાવ્યું કે, 'આ નગરમાં ભુવનમાં અતિઅદ્‌ભુત રૂપવાળી કમલામેલા નામની ધનસેનની કન્યા છે. જગતમાં સર્વ તરુણીઓનાં અંગો આભૂષણોથી અલંકૃત કરવામાં આવે છે, જ્યારે આના દેહથી આભૂષણો શોભા પામે છે. તે કન્યા તો ઉગ્રસેનની માગણીથી નભઃસેન કુમારને આપેલી છે એમ કહીને તે નારદમુનિ આકાશમાં ઉડી ગયા.

ત્યારપછી સાગરચંદ્ર યોગીની જેમ યોગમાર્ગનું એકાંત ધ્યાન કરતો હોય, તેમ તેના નામ માત્રથી ગાંડો થઈ ગયો હોય, તેમ સર્વ લોકને આ પ્રમાણે કહેવા લાગ્યો-"સંગમ અને વિરહના વિચારમાં નારીનો વિરહ અતિ સારો છે, પણ સંગમ સારો નથી. કારણ તે, સંગમમાં માત્ર એકલી તે જ હોય છે. જ્યારે વિરહમાં તો ત્રણે ભુવન તન્મય લાગે છે.'

ત્યારપછી કુટિલ-ખટપટી મુનિ કમલામેલા કન્યા પાસે પહોંચ્યા. ત્યારે તેણે પણ આશ્ચર્ય પૂછયું, એટલે તરત જ તે કહેવા લાગ્યા-'મેં આ નગરીમાં બે આશ્ચર્યો જોયાં છે. રૂપમાં રેખાયુક્ત અને કામદેવ સમાન હોય તો માત્ર સાગરચંદ્ર અને અંગાર સરખા કુરુપથી દૂષિત થએલો બીજો નભઃસેન કુમાર છે.'

આ સાંભળીને કમલામેલાનો સાગરચંદ્ર કુમારમાં અનુરાગ-સાગર ઉછળ્યો. નભઃસેન પ્રત્યે વિરક્ત એવી બની કે, તેનું નામ પણ કોઇ રીતે સાંભળી શકતી નથી. મસાણના ફાંસા ખાવાના વૃક્ષ સરખો તેને માનવા લાગી. ત્યારપછી સાગરચંદ્ર પાસે નારદ ગયા અને કમલામેલાનો અનુરાગ તારા પ્રત્યે કેટલો છે ? તે હકીકત કહી. એટલે સાગરચંદ્ર અધિક અતિરાગવાળો થયો અને અગ્નિથી જેમ કાષ્ઠ તેમ વિરહાગ્નિથી બળવા લાગ્યો. નથી જમતો, નથી સુતો, નથી બોલતો, માત્ર નીચું મુખ કરીને બેસી રહેલો છે.

સાંબકુમાર અણધાર્યો ત્યાં આવ્યો અને પાછળ રહીને બે હાથથી તેનાં નેત્રો ઢાંકી દીધાં. છૂપી રીતે નેત્રો ઢાંકી દીધાં,એટલે તેણે તેને કહ્યું કે, મારી આંખો છોડી દે. સાંબને મારી પ્રાણપ્રિયા છે-એમ માની પ્રાણપ્રિયા કમલામેલા જ નક્કી તું છે. એમ કહેતાંની સાથે જ સાંબે કહ્યું કે, 'હું કમલામેલા નથી. તું મૂર્ખ છે. હું તો કમલા-મેલો છું. (અર્થાત્ કમલાનો મેળાપ કરાવનાર છું એવો અર્થ પણ તેમાંથી સૂચિત થાય.) એટલે તરત સાગરચંદ્રે કહ્યું કે, જો તું મને કમલામેલાને મેળવી આપે તો જ કમલા-મેલો થઈ શકે.

હવે તો મેં આજે નિશ્ચય કરેલો છે. બીજી ચિંતા કરવાથી સર્યું. પરંતુ શાંબહજુ આ વાત સ્વીકારતો નથી પરંતુ મદિરાથી પરવશ બનાવી તેને બીજા કુમારોએ એ વાતનો સ્વીકાર કરાવરાવ્યો. જ્યારે મદ ઉતરી ગયો, ત્યારે શાંબ વિચારવા લાગ્યો કે આ ન બની શકે તેવી વાત કેવી રીતે બનાવવી ? વળી બીજાઓ પાસેથી જાણવામાં આવ્યું કે, તેઓ આ કાર્ય નહીં કરશે, તો અવશ્ય માર મારશે. ગમે તે પ્રમાણે હોય, પરંતુ જે થવાનું હોય, તે થાવ. આ અંગીકાર કરેલું કાર્ય તો મારે દેવીને કહ્યું કે, જે પ્રમાણે સાગરચંદ્ર વિવાહ-લગ્ન સાંધે, તેવો પ્રયત્ન કર અને આજે ઉદ્યાનમાં પરણાવવાની સામગ્રી તૈયાર કર.' તે કહેતાં જ પ્રજ્ઞપ્તિદેવીએ નવીન વર્ણયુક્ત ઘટ્ટ કુંકુમ-કેસરના અતિસુગંધયુક્ત વિલેપન, અનેક પ્રકાર કર્પૂર, કુંકુમ, પુષ્પ, અગર, સોપારી, નાગરવેલનાં પત્રો, મીંઢળ, કસ્તુરી, ચંદન આદિ સર્વ સામગ્રી તૈયાર કરી.

ત્યારપછી અનેક દુર્દાન્ત કુમારોથી પરિવરેલો શાંબકુમાર પણ ત્યાં આવી પહોંચ્યો, આગળથી કરેલા સંકેત અનુસાર તે જ સમયે સુરંગથી એકલી જ, પરંતુ સાગરચંદ્રના અનુરાગ સાથે કમલામેલા પણ જાતે જ આરામબાગમાં આવી પહોંચી અને સાગરચંદ્રે તેની

સાથે લગ્નવિધિ કરી.

હવે પિતાના ઘરમાં તપાસ કરી, તો કમલામેલા ક્યાંય દેખવામાં ન આવી. લગ્ન-સમયે લોકોના હૃદયમાં ધ્રાસકો પડ્યો કે, ' આ શું થાય ? વરઘોડામાં વેવાઇઓ આવી પહોંચ્યા, ત્યારે સસરા, સાસુ, માતા-પિતા, બન્ધુઓ વગેરેનાં મુખ-કમલો કરમાઇ ગયાં, અતિશય ભોંઠા પડ્યા અને ક્ષણવારમાં મહાદુઃખ પામ્યા. (૩૦) ત્યારપછી ઘર બહાર, નગર-ઉદ્યાન વગેરે સ્થળોમાં શોધ કરી, પરંતુ શોકમગ્ન એવા તેઓને ક્યાંય પત્તો ન લાગ્યો, પરંતુ વિદ્યાધરોના રૂપ ધારણ કરનાર ખેચરકુમારોની મધ્યમાં રહેલી હાથે મીંઢળ બાંધેલી, આભૂષણો, કંકણથી અલંકૃત, વસ્ત્રયુગલ પહેરેલ એક ખેચર સાથે લગ્ન કરેલ અવસ્થામાં દેખવામાં આવી.

હર્ષ અને વિષાદ પામેલા તેઓએ કૃષ્ણ પાસે જઈને ફરિયાદ કરી કે, 'લગ્ન સમયે જ કોઈક ખેચર-વિદ્યાધરોએ કમલામેલા કન્યાનું અપહરણ કર્યું, તો હે દેવ ! તમારા રાજ્યમાં તમારી આજ્ઞા આવીજ પ્રવર્તે છે ? જ્યાં અનેક ખેચર-સમુદાયો એકઠા થયા છે. તેવા ઉદ્યાનમાં કમલામેલા રહેલી છે. એટલે સેના-સામગ્રી સહિત કૃષ્ણજી ઉદ્યાનમાં જાતે ગયા. એટલે કુમારોએ સુવાસિત અતિશૃંગાર અને વિલાસપૂર્ણ ખેચર યુવાનોનો વેષ સંહરી લઇ દૂર કર્યો.

કમલામેલા અને સાગરચંદ્રના બંનેના વસ્ત્રના છેડાની પરસ્પર ગાંઠ બાંધી, કમલામેલા અને સાગરચંદ્રને આગળ કરી દુર્દાંતકુમારના મંડળને એક પડખે રાખી તેઓએ કૃષ્ણને પ્રણામ કર્યા. ઓળખ્યા એટલે કૃષ્ણજી વિલખા થઇ શિખામણ આપતા કહેવા લાગ્યા કે, 'અરે ! દુર્દાન્ત અતિદુષ્ટ ધીઠા અયોગ્ય ચેષ્ટા કરનારા ! અરે વા સેવકજન સરખા નભઃસેનને છેતરામણ કરવાનો આ કેવો તારો પ્રપંચ છે ? તો હવે મારે તને આજે કઇ શિક્ષા કરવી ? અરે ! જો કદાચ મારો પુત્ર આવો અન્યાયમાર્ગ લે, તો હું નક્કી તેને પણ નગરમાંથી તગડી મૂકું.' આમ કુમાર પરિવારને કહ્યું, એટલે સમગ્ર કુમાર-પરિવારવાળો શાંબ કૃષ્ણજીના ચરણમાં પડી 'ફરી આવું નહીં કરીએ.' એમ કહી ક્ષમા માગે છે.

સ્વજનોએ તેને સારી રીતે ઉઠાડ્યો. હજુ કૃષ્ણજી ઉદ્ભટ ભૃકુટી કરીને કપાળનો દેખાવ ભયંકર કરતા નથી, એટલામાં પ્રદ્યુમ્ને વિનંતિ કરી તેની પીઠ પર હાથ થાબડ્યો, દરેકને અંગરાગ ચોપડ્યો. જેમ તરુણીઓ સાથે વૃદ્ધોનું આલિંગન, સજ્જનોનો રોષ અને દુર્જનોનો સદ્ભાવ લાંબા સમય સુધી હોતો નથી અને સફળ થતો નથી. ત્યારપછી કૃષ્ણજીએ પણ નભઃસેનને પોતાની કન્યા જાતે આપી, તથા નભસેનને ઘણા દાન-માનથી સમજાવ્યો; છતાં પણ સાગરચંદ્ર ઉપરનું વેર છોડતો નથી. તેનો અપરાધ ખોળે છે, પરંતુ

તેને ન પહોંચી શકતો અભિમાનનો દેખાવ કરીને રહેતો હતો.

"જ્યાં સુધી ઉપકારીનો ઉપકાર કરવાનું અને વૈરીનું વેર વાળવાનું કાર્ય પૂર્ણ ન થાય, ત્યાં સુધી દુર્જન દૈવ ! મને અહીંથી લઈ જઇશ નહિં.' જ્યારે શત્રુ ઉપર અપકાર કરવાનો, મિત્ર ઉપર ઉપકાર કરવાનો અને બન્ધુવર્ગને સત્કારવાનો અવસર પ્રાપ્ત થયો હોય અને તેને અનુસારે જેઓ અપકાર, ઉપકાર કે સત્કાર કરતા નથી, તેવા માણસના જીવનથી સર્યું.' સાગરચન્દ્રકુમાર કમલામેલાને ઘણા વલ્લભ હતા. તે કુમારે નેમિનાથ ભગવંત પાસે શ્રાવકપણાનાં અણુવ્રતોનો સ્વીકાર કર્યો.

અતિવૈરાગ્યથી સ્મશાનમાં નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ સ્થાપન કરીને તે ધન્યકુમારે કાઉસ્સગ્ગમાં ઉભા રહેવાની પ્રતિમારૂપ અભિગ્રહ ધારણ કર્યો. કમલામેલાનું અપહરણ કરેલ, તે વૈર સારગચંદ્ર ઉપર રહેલું હતું, તેનાં છિદ્રો ખોળનાર નભસેનને પ્રાપ્ત થયું. રાત્રે જ્યારે સાગરચંદ્ર એકાંતમાં એકલા કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેલા હતા, ત્યારે તેણે તેને કહ્યું કે, હો પાપી ! આજે તું મને બરાબર પ્રાપ્ત થયો છે, કહે કે, 'તું ક્યાં જાય છે ? કમાલામેલા, મારી પત્નીના કામુક બનવાનું ફળ લેતો જા.' એમ કહી હાંડલીના કાંઠાને મસ્તકે સ્થાપન કરી, તેમાં ધગધગતા લાલચોળ અંગારા ભર્યા. તેવા અગ્નિથી થતી વેદનાને તે સારી રીતે સમતાપૂર્વક સહન કરતો હતો અને મનમાં એમ વિચારતો હતો કે, 'હે જીવ ! તેં આ કર્મ આ લોકમાં અહિં જ કરેલું છે, માટે તેને અહિં જ ભોગવી લો. મનમાં જરાપણ કોપ કરીશ નહીં, આ તારો જ મહાઅપરાધ છે કે, તેં વગર અપરાધીના ઉપર અપરાધ કર્યો હતો. તે જ્યારે પોતાના અપરાધનો બદલો લે છે, તેમાં તે અકાર્યકારી કેવી રીતે ગણાય ?

અનુરાગ-કામાનુરાગ-પ્રેરિત મનવાળા તેના ફળની તરફ નજર ન કરનારા જે પ્રકારનાં કાર્યો કરે છે, તેના ફળની આગળ આજે આ ફળ કયા હિસાબમાં છે ? અપરાધ કર્યાના બદલામાં મૃત્યુ આપે, તો તેમાં તેમના ઉપર શો રોષ કરવાનો હોય ? વગર અપરાધે મૃત્યુ આપે, તો અહિં વિસ્મયને અવકાશ ગણાય. આવા ભાવનામૃતથી આત્માને વારંવાર સિંચન કરતો બળી ગએલા મસ્તકવાળો સાગરચન્દ્ર મૃત્યુ પામીને હોવાં છતાં સત્ત્વથી ચલાયમાન ન થયા, તો સાધુને શું વધારે કહી શકાય ?(૫૭) આ વિષયમાં બીજું દૃષ્ટાંત કહે છે.-

**देवेहिं कामदेवो, गिही विनवि चालिओ(चाइओ)तवगुणेहिं**
**मत्तगंयद-भुयंगम-रक्खस-घोरट्टहासेहिं ।।१२१।।**

દેવતાઓએ વિકુર્વેલા મદોન્મત્ત હાથી, સર્પ, રાક્ષસના કરેલા ઉપસર્ગો, કરેલા અટ્ટહાસ્યના

પ્રયોગોથી જે ગૃહસ્થ એવા કામદેવ શ્રાવકને તપોગુણથી ચલાયમાન કરવા સમર્થ ન થઈ શક્યા, કામદેવના તપોગુણને છોડાવવા અસમર્થ બન્યા, તો પછી આગમના અર્થને જાણનાર એવા સાધુઓએ તો અવશ્ય ઉપસર્ગોમાં ક્ષોભવાળા ન થવું. તે કામદેવની કથા આ પ્રમાણે છે.-

## ૮૨. ધર્મની દૃઢતામાં કામદેવ શ્રાવકની કથા-

શ્રી વાસુપૂજ્યસ્વામીના જન્મકલ્યાણકથી મનોહર એવી શ્રી ચંપાપુરીનગરીમાં પહેલાં અનેક શત્રુનો પરાભવ કરનાર જિતશત્રુ નામનો રાજા હતો. તથા અતિઅદ્‌ભુત એવી વિભૂતિથી ચડિયાતો કામદેવ નામનો ઘણી ધનસમૃદ્ધીવાળો શેઠ હતો, સમગ્ર શીલાદિગુણોના સ્થાનભૂત ભદ્રા નામની તેને ભાર્યા હતી. પાંચસો ગાડાં, પાંચસો હળ વહન કરતો હતો, દશહજાર ગાયો એક ગોકુળમાં હોય તેવાં દશ ગોકુળો તેને હતાં. તેમજ ઘર, હાટ-દુકાન, દાસ-દાસી, ઘોડા, નાના ઘોડા, ખચ્ચરો, ગધેડો, ઉંટ વગેરે તિર્યંચોની સંખ્યા અગણિત હતી. વધારે શું કહેવું ?, ઘણો મોટો આરંભ હતો.

કોઇક સમયે પુર, નગર, ગામ, ખાણ, ખેડ, મડંબ આદિથી શોભાયમાન પૃથ્વીમાં વિચરતા વિચરતા મહાવીર ભગવંત એક સમયે ત્યાં આવી પહોંચ્યા નગર લોકોની પર્ષદા બહાર નીકળી ભગવંત પાસે આવી. પ્રભુએ સજળ મેઘના શબ્દ સરખી ગંભીર ધીર દૂધ સાકર કરતાં અતિમધુર વાણીથી દેશના શરુ કરી. જેમ આ પાર વગરના ખારા સંસાર-સમુદ્રમાં લાંબા કાળથી ભ્રમણ કરતા મનુષ્યોને યાનપાત્ર સમાન જિનધર્મની પ્રાપ્તિ મુશ્કેલ છે. પ્રાણાતિપાત વગેરે પાપસ્થાનકોની સર્વથા વિરતિરૂપ પાંચ મહાવ્રતો સ્વીકારવાં તે સાધુનો ધર્મ છે. તેમ જ ક્ષમા, નમ્રતા, સરળતા, નિર્લોભતા, તપ, સંયમ આદિ પ્રવચન-માતાઓમાં સુંદર ઉપયોગવાળો, કપટથી સર્વથા રહિત આ સાધુધર્મ મોટો ધર્મ છે. વળી બીજો પાંચ અણુવ્રતરૂપ, મૂલગુણ અને સાત ઉત્તર ગુણો અને શિક્ષાવ્રતો સહિત સારા સત્ત્વગુણથી યુક્ત બીજો શ્રાવકધર્મ છે. વળી તે શ્રાવકધર્મમાં રહેલો ગુરુ-દેવની સેવાભક્તિ કરવામાં હંમેશા પરાયણ હોય, સુપાત્ર અનુકંપાદાન કરવામાં પ્રીતિવાળો હોય, સમતા, દાક્ષિણ્ય, ખેદ વગરની ચિત્તવૃત્તિવાળો શ્રાવકધર્મ ભાગ્યશાળી આત્માઓ પ્રાપ્ત કરે છે, જે વિશેષ ભાગ્યશાળી હોય, તે પ્રાપ્ત કરીને પાલન કરનાર થાય છે અને તેનાથી પણ અધિક ભાગ્યશાળી હોય તે ચોક્કસ ફળ મેળવીને શ્રેષ્ઠ સર્વ વિરતિનું મહાફળ મેળવનાર થાય છે,'દેશના પૂર્ણ થયા પછી યોગ્ય સમયે દેવાધિદેવ મહાવીર ભગવંતના ચરણમાં નમસ્કાર કરીને કામદેવ શ્રાવક વધતી શ્રદ્ધાપૂર્વક સરળતાથી વિનંતિ કરવા લાગ્યા કે, 'હે સ્વામી ! હું શ્રમણ ધર્મ કરવા માટે અસમર્થ હોવાથી મારા પર મહાકૃપા કરીને મનોહર સુંદર

શ્રાવકધર્મ આપો. આપના ચરણકમળની પર્યુપાસના-સેવાથી વિરહિત હોય કે સહિત હોય તેને અવશ્ય શ્રાવકધર્મ હોય છે; તો આજે મને તે ધર્મ આપવાનો વિલંબ કેમ કરો છો ?

સમ્યક્ત્વ જેના મૂળમાં છે, અણુવ્રતો જેનું થડ છે અને પરંપરાએ અનંત સુખ સાધી-મેળવી આપનાર છે-એવા કલ્પવૃક્ષ સરખો શ્રાવકધર્મ ભગવંતે કામદેવને આપ્યો. તીક્ષ્ણ તરવારની ધાર માફક તે શ્રાવકધર્મનાં વ્રતો હંમેશાં તે આકરી રીતે પાલન કરે છે. બીજા પણ ઉગ્ર અભિગ્રહો ધારણ કરીને મનનો નિગ્રહ કરે છે. આકાશમાંથી પડતા વરસાદનું પાણી, લાલ શાલી ચોખા, કઠોળમાં અડદ, મગ અને વટાણા, ગાયનું દૂધ અને ઘી અને બનાવેલ વાનગીઓ આટલી જ વસ્તુઓ ખાવાની છૂટ રાખોલી હતી. તે સિવાયની સર્વ વસ્તુઓનાં પચ્ચક્ખાણ કર્યા હતા. ધર્મસ્વીકાર સમયે જેટલો પહેલાંનો પરિગ્રહ હતો, તેના ઉપરનો અભિગ્રહ કરીને બંધ કર્યો હતો. 'પરિગ્રહ-નદીનું પૂર અતિશય વૃદ્ધિ પામે છે, ત્યારે તે કેટલો ક્લેશ-નુકશાન કરનાર થાય છે તે કહેતાં જણાવે છે કે-નદીપૂર લોકોનાં ધન, માલ, મકાન, ખેતર, ઢોર, મનુષ્યને ખેંચી તાણી જાય અને લોકોની જિંદગીનું ઉપાર્જન કરેલ વિનાશ કરનાર થવાથી ગૂમાવનાર લોકોના ચહેરા પર કાલિમા ઉત્પન્ન કરે છે. ધર્મરૂપ વૃક્ષને મૂળમાંથી જ ઉખોડી નાખે છે, કૃપા અને ક્ષમારૂપી કમલિનીને કરમાવી-ચીમળાવી નાખે છે, લોભ-સમુદ્રમાં પ્રવેશ કરતાં નદીપૂરો તેમાં વધારો કરે છે, 'શુભ મનરૂપી હંસને અહીંથી પ્રવાસ કરીને દૂર ભાગી જા' એમ જણાવે છે. આવો પરિગ્રહ-નદીપૂર કોને ક્લેશ નથી કરાવતો ?"

અષ્ટમી, ચતુર્દશીના પર્વદિવસોમાં આ કામદેવ શ્રાવક ચારેય પ્રકારનો પૌષધ ગ્રહણ કરીને રાત્રે ચોક-ચૌટામાં સૂર્યોદયના કાળ સુધી કાઉસ્સગ્ગની પ્રતિમા ધારણ કરીને રહેતો હતો. અતિનિષ્કંપ કાયાવાળો, વજની ખાણના હીરાના સારભૂત સ્તંભ સરખો, નિયમના નિર્વાહરૂપ શોભાવડે કરીને જે ક્રીડા પર્વતની જેમ શોભતો હતો. સૌધર્મેન્દ્ર મહારાજાએ કરેલી તેની દૃઢતાની પ્રશંસાને સહન ન કરતો એવો કોઈક દેવ એક વખત કાઉસ્સગ્ગમાં રહેલા તેને પ્રતિજ્ઞાથી ચલાયમાન કરવા માટે ત્યાં આવી પહોંચ્યો. ઉંચા કરેલ શુંડાદંડવાળો, ભયંકર કુંભસ્તળયુક્ત, અંજન પર્વત સરખો, વિશાળ કાયાવાળો બીહામણો હાથી વિકુર્વીને તે દેવ કહેવા લાગ્યો (૨૫) કે, 'અરે ! અહિંથી દૂર ખસી જા, આ મારું સ્થાન છે અને હું અહિં જ વાસ કરીશ, હું દેવતા હોવા છતાં કોમળ વચનથી તને કહું છું માટે દુઃખ ન ધારણ કરીશ. નહીંતર એ પ્રમાણે બે ત્રણ ચાર વખત કહ્યું, પરંતુ તે કંઇ પણ જવાબ આપતો નથી, એટલે સૂંઢથી ઉંચકીને દૂર ફેંક્યો અને દાંતરૂપ મુશળથી તેને ભેદવા લાગ્યો.

તે મહાસત્ત્વવાળો કામદેવ શ્રાવક અતિવિપુલ ઉજ્જવલ વેદના સહન કરતો હતો, જે

પ્રમાણે પડ્યો તે જ પ્રમાણે ચેષ્ટા વગરનો જાણે થાંભલો હોય તેવો જ રહ્યો. ત્યારપછી એકદમ કાળી કાંતિવાળો, વિકરાળ કાયાવાળો, ઇન્દ્રના ભુજાદંડ સરખો સર્પ બનીને તે તે જ પ્રમાણે કહેવા લાગ્યો. તેને પણ ઉત્તર આપતો નથી, એટલે તેના શરીરપર સર્વે સખત જોરદાર ભરડો લીધો અને શરીરની પીડા કરવા લાગ્યો. વળી મસ્તકપર ડંખ દીધો. તે સર્પના ઉપદ્રવથી પણ તે પોતાના સત્ત્વથી ચલાયમાન ન થયો, ત્યારે તે દેવે ક્રૂરતા દેખાય તેવા ભયંકર મુખવાળો ભયંકર રાક્ષમ વિકુર્વ્યો. તે કેવો હતો ? અગ્નિજ્વાલા સરખા ભયંકર કેશાગ્રવાળો, ખરબચડા અતિ કાળા કુંભના કાંઠા સરખા ભયંકર કપાળવાળા બીહામણી ડોકવાળા, પ્રેતાધિપ-યમરાજાના પાડાના સંગવાળી રચનાથી ભયંકર ભુજાવાળા, ચીબી પ્રગટ પોલાણવાળી નાસિકાથી યુક્ત, ગોળાકાર પીળી તારાવાળા નયનથી યુક્ત, ઉંટ સરખા ઘણા લાંબા હોટવાળા, અતિલાંબા દાંતરૂપ કોદાળાવાળા, અતિચપળ જ્વાલાની શ્રેણીથી ભયંકર વિજળીના તંતુ સરખી ચપળ જિહ્વાવાળા, સતત વહેતા રુધિર-પ્રવાહથી કાદવ કરતો, કઠોર ખુલ્લા મોટા ભાલા-બરછીવાળા, ટોપરા અને ખર્પર સમાન કર્ણવાળો, લાંબી કંધરા-યષ્ટિ ઉપર રહેલ બેડોળ સુક્કા તુંબડા સમાન મસ્તકવાળા, અતિપ્રગટ અલ્પ અવકાસમાં સંકડાઇને રહેલા માત્ર હાડકાના સમૂહમય હૃદયવાળો, એક સરખા નહિં પણ વિષમ અવ્યવસ્થિત માંસ વગરના સુકલકડી સરખા ભયંકર હસ્તવાળા, પીઠભાગના હાડકાંમાં પ્રવેશ કરેલ તુચ્છ જેનો ઉદરભાગ ખાલી છે, જેનો કટીભાગ પાતળો છે, જેનો સાથળ તેમજ જંઘાયુગલ સ્મશાનમાં રહેલાં હાડકા તેમજ ઠુંઠા સમાન દુર્બલ છે, અતિચપ્પડ અને ટીપેલા આકાર સરખા પ્રમાણ રહિત અગ્રપદવાળા, અતિપ્રગટ શુષ્ક ઉત્કટ નસોથી બંધાએલા હાડકા માત્ર શરીરવાળા, બાળનોળિયા અને કાંચંડાનું કર્ણાભૂષણ કરેલ છે તેમજ મસ્તકોની બનાવેલી માળા ધારણ કરનાર, ફુત્કાર કરનાર અજગર જેની ભુજામાં લટકી રહેલો છે, જેના ડાબા હસ્તમાં લોહીથી ભરેલા મનુષ્યના મસ્તકના ટૂકડા તથા કાન રહેલા છે. ફરી ફરી ઘર્ષણ કરવા માટે પોતાની છરીને ધારદાર તીક્ષ્ણ કરતો, ફાડેલા દંતાળા મુખમાંથી જ્વાળા-સમૂહ અને વિજળી સરખા દેખાવ કરવામાં તત્પર બનેલો, અતિશય બીભત્સ અને ભયંકરરૂપ કરી પોતાને પ્રગટ કરતો, દિશા અને વિદિશાઓને ચીરતો, પર્વતોનાં શિખરોને પાડી નાખતો, અટ્ટાટ્ટહાસ્યના શબ્દોથી દૂર રહેલાઓને પણ અતિશય બીવરાવતો હતો.

આવા પ્રકારનું ભયંકર રાક્ષસનું રૂપ કરીને ભય પમાડવા છતાં તલના ફોતરાના ત્રીજા ભાગ જેટલો અતિ અલ્પપ્રમાણમાં પણ જ્યારે કામદેવ શ્રાવક પોતાની પ્રતિજ્ઞાથી ચલાયમાન ન થયો, કે ક્ષોભ ન પામ્યો, પરંતુ અડોલ રહ્યો; એટલે સમીપે આવીને તે દેવ બરછી-છરીના ઘા મારવા લાગ્યો, તો પણ અચલાયમાન ચિત્તવાળો, તેણે કરેલી વેદના સુખથી

ભોગવતો હતો. જ્યારે પ્રતિકૂળ ઉપસર્ગોમાં તે દેવ ન ફાવ્યો, એટલે હવે અનુકૂળ ઉપસર્ગો કરવા લાગ્યો. તેમાં અતિશય શૃંગારયુક્ત પ્રગટ શોભાવાળી હાવ-ભાવની મનોહર રચનાવાળી ભદ્રાભાર્યાનું રૂપ પ્રગટ કરીને તેની આગળ તે કહેવા લાગી કે, ' હે નાથ ! હું તમારા વિરહને સહી સકતી નથી, તો કૃપા કરીને અત્યારે આપણા વાસભવનમાં પધારો. તમારા વિરહરૂપ મહાકામાગ્નિની જ્વાળાથી મારું અંગ બળી-જળી રહેલું છે, તો તમારા આલિંગન-જળથી કોઇ રીતે વિરહાગ્નિને શાંત કરો.

હે પ્રાણપ્રિય ! વળી કાઉસ્સગ્ગનો સમય ફરી પ્રાપ્ત નહીં થાય ?' જ્યારે કામદેવ કંઇ પણ પ્રત્યુત્તર આપતા નથી, તો તે બળાત્કારથી આખા શરીરે આલિંગન કરે છે, તો પણ તે ક્ષોભ પામતા નથી. એટલે દેવતા પ્રત્યક્ષ થયો. તે કેવો હતો ? મણિમય કુંડલ, કડાં, બાજુબંધ, મુગુટ, હીરાના હારથી અતિશય દેદીપ્યમાન શરીરવાળો તે દૈવ કામદેવને પ્રણામ કરીને કહે છે કે-(૫૦) 'હે કામદેવ ! સૌધર્માસ્વામીએ હર્ષથી પર્ષદામાં જેવો પ્રકારની પ્રશંસા કરી, તેવા જ પ્રકારના તમે પ્રતિજ્ઞામાં અડોલ છો. હું નિર્ભાગી ઈન્દ્રની પ્રશંસા સહન ન કરી શક્યો, એની વાતમાં મને શ્રદ્ધા ન બેઠી, જેથી તમોને શરીરપીડા કરીને હણાઇ ગએલા પ્રભાવવાળો પાપી બન્યો. મારા મનના અભિમાનને નાશ કરવા માટે વજ્ર સમાન ! તમારો જય થાઓ, જય થાઓ, તમોને વારંવાર નમસ્કાર થાઓ. શક્રની પ્રશંસારૂપ પતાકાના ધ્વજદંડ સમાન એવા તમોને વંદન કરું છું.'

આ પ્રમાણે તે દેવ જેવો આવ્યો હતો, તેવો તેને પ્રણામ કરીને પાછો ગયો. એટલે સૂર્યોદય-સમય થયો. પ્રતિજ્ઞાનો સમય પૂર્ણ થયો, ત્યારે કાઉસ્સગ્ગ પારીને કામદેવ ઘરે ગયો. ત્યારપછી પ્રાતઃકાળે બહાર સમવસરેલા શ્રીવર્ધમાન્ન પ્રભુની પર્યુપાસના કરવાની દિશામાં પહોંચ્યો અને જેટલામાં પ્રભુની દેશના સાંભળે છે, તેટલામાં જગત્પ્રભુએ તેને કહ્યું કે, દૃઢ સત્ત્વવાળા ! હે કામદેવ ! આજ રાત્રે તેં મહાઉગ્ર ઉપસર્ગો સહન કર્યાં. ચંપાનગરીના ચોકમાં કાઉસ્સગ્ગમાં નિઃસંગ બની, શરીરનો નિગ્રહ કરી, હાથી, મહાસર્પ, મહારાક્ષસ, અનુકૂળ ભદ્રા ભાર્યાનો ઉપસર્ગ અભિમાની તેથી ધર્મમાં ધીર ગંભીર ! તું ઘણા ભવ-ભયથી તરી ગયો છે, એટલે મસ્તકે બે હાથની અંજલિ રચીને કામદેવ શ્રાવકે કહ્યું કે, 'આ જગતમાં જે કંઇ બની રહેલું છે, તે આપ જાણો છો. તેનું ઉદાહરણ આગળ કરીને વીર ભગવંત સાધુઓને અને સાધ્વીઓને જેઓ નજીકમાં હતા તેમને ધર્મમાં સ્થિર કરતા હતા. 'હે સાધુઓ ! એક શ્રાવક પણ આવા દૃઢ વ્રતવાળો પોતાની પ્રતિજ્ઞામાં સ્થિર રહે છે, તો પછી શાસ્ત્રના પરમાર્થ જાણીને તમે સ્થિરબુદ્ધિવાળા કેમ થતા નથી ?'

ત્યારપછી કામદેવ ભગવંતને વંદન કરીને પોતાના ઘરે ગયો. અતિશય દૃઢ ચિત્તવાળો

કામદેવ ત્યારપછી વિશેષ પ્રકારે ધર્મ કરવા લાગ્યો. એવી તપશ્ચર્યા કરવા લાગ્યો, જેથી તેનું સરીર શુષ્ક બની ગયું, લુખાશવાળું, માંસ વગરનું, નસોથી બાંધેલા સેવનારો થયો. બાર વરસ સુધી શ્રાવકધર્મ અને પ્રતિમાઓ પાલન કરીને પોતાનો અંત સમય જાણી એક મહિનાની સંલેખનાનું આરાધન કરી, મનમાં પંચપરમેષ્ઠીનું સજ્જડ એકાગ્રતાવાળું ધ્યાન સ્થાપન કરી, પોતાના આત્માની સુંદર ભાવના ભાવતો ભાવતો મૃત્યુ પામીને સૌધર્મ નામના દેવલોકમાં અરુણાભ વિમાનને શોભાવનાર થયો.

ચાર પલ્યોપમના આયુષ્યવાળો તે દેવ દિવ્ય ભોગ સુખ ભોગવતો હતો. ત્યાં હંમેશાં શાશ્વત બિંબોની પૂજા જિનધર્મનો મહોત્સવ કરે છે. ત્યાંથી ચ્યવીને મનુષ્ય-જન્મ પામીને મોક્ષે જશે. (૬૮)

કામદેવ કથા સંપૂર્ણ (૧૨૧)

કામદેવ શ્રાવક વિવેકી હોવાથી અપરાધ કરનાર ઉપર પણ કોપાયમાન ન થયો, જ્યારે અવિવેકીઓ તો અપરાધ ન કર્યો હોય, તો પણ કોપ કરીને સ્વાર્થ સાધ્યા વગર દુર્ગતિમાં પડે છે, તે વાત દૃષ્ટાંતથી કહે છે-

**भोगे अंभुजमाणा वि केइ मोंहा पडंति अहरगइं।**
**कुविओ आहारत्थी, जत्ताइ जणस्स दमगुव्व ।।११२।।**

**भव-सयसहस्स-दुलहे, जाइ-जरा-मरण-सागरुत्तारे।**
**जिणवयणम्मि गुणायर!खणमवि मा क। हिसि पमायं ।।१२३।।**

કેટલાક વિવેક વગરના મોહાધીન બની ભોગ ભોગવ્યા વગર જ હલકી-નીચી ગતિમાં પડે છે. ભૂખ્યો-આહાર મેળવવાની ઈચ્છાવાળો દ્રમક યાત્રા કરવા જતા લોકો ઉપર કોપાયમાન થયો. તેની કથા કહેવાય છે.

## ૮૩. દુર્ગતિગામી દ્રમકની કથા-

રાજગૃહ નગરમાં મોટા મહોત્સવ સમયે વૈભારગિરિની સમીપમાં ઉજાણી કરવા ગએલા લોકોનો વૃત્તાન્ત જાણીને ભિક્ષા પ્રાપ્ત ન કરનાર કોઈક ભિખારીએ કોટવાળ દ્વારા જાણી ત્યાં કંઇક ભોજન મળશે, તેમ ધારી ત્યાં ગએલા લોકો પોતાના આનંદપ્રમોદમાં મસ્ત હોવાથી કોઇએ તેને ભિક્ષા ન આપી. ભિક્ષા ન મળવાથી ભિક્ષુકને તે લોકો ઉપર સખત કોપ થયો અને ચિંતવ્યું કે, 'આ સર્વ દુરાત્માઓને ચૂરીનાખું.' એમ વિચારી પર્વત ઉપર ચડ્યો. પર્વત ખોદનાર કોઇકે એક મોટી પર્વતશિલા તોડી હતી, તે તેણે નીચે

ગબડાવી, પરંતુ તે આગળ રૌદ્રધ્યાન કરતો રહેલો હતો જેથી તે પોતે જ તેની નીચે આવી ચૂરાઇ ગયો. સાતમી નરક પૃથ્વીમાં ગયો અને લોકો તો ત્યાંથી નાસી ગયા. (૧૨૨)

આ સર્વ અવિવેકનું ફળ જાણી જિનવચનથી પ્રાપ્ત થએલા વિવેકવાળા લોકોએ પ્રમાદ ન કરવો જોઇએ. તે માટે કહે છે કે-'હે ગુણોની ખાણ સ્વરૂપ આત્મા ! કોડો ભવોમાં દુર્લભ, જન્મ-જરા-મરણ સ્વરૂપ પાપ વગરના, સંસાર-સમુદ્રથી પાર ઉતારનાર જિનવચનમાં ક્ષણવાર પણ પ્રમાદ ન કરીશ.' ગુણાકર સંબોધન કરીને રણસિંહ પુત્રને ઉત્સાહિત કરવા માટે બહુમાન પૂર્વક કહે છે કે, 'પ્રમાદના હેતુ હોય તો રાગ-દ્વેષ છે. તેથી તેના દોષો સ્પષ્ટ ઉઘાડા કરીને તેને છોડવા માટે કહે છે. (૧૨૩)

जं न लहइ सम्मत्तं, लद्धण विजंन एइ संवेगं।
विसय-सुहेसु य रज्जिइ, सो दोसो राग-दोसाणं ।।१२४।।

तो बहुगुण-नासाणं, सम्मत्त-चरित्त-गुण विणासाणं।
न हु वसमागंतव्वं, राग-द्दोसाण पावाणं ।।१२५।।

नवि तें कुणइ अमित्तो, सुट्ठु वि सुविराहिओं समत्थो वि।
जं दों वि अणिग्गहिया, करंति रागो अ दोसो ।।१२६।।

इह लोए आयासं, अजसं च करें ति गुण-विणासं च।
पसवंति अ परलोए, सारीर-मणोगए दुक्खे ।।१२७।।

धिद्धी! अहो अकज्जं, जं जाणंतो वि राग-दोसेहिं।
फलमउलं कडुअरमं, तें चेव निसेवए जीवो ।।१२८।।

को दुक्खं पाविज्जा ? कस्स व सुक्खेहिं विम्हओं हुज्जा ?।
को व न लभिज्ज मुक्खं ? राग-द्दोसा जइ न हुज्जा ।।१२९।।

## ૮૪. સામ્ય સુખ સ્વરૂપ-

જે પ્રમાદ-રાગ-દ્વેષના કારણે સમ્યક્ત્વ મેળવી શકતા નથી, કદાચ સમ્યક્ત્વ મળી ગયું હોય, તો પણ સંવેગ પામતા નથી અને વિષય સુખમાં અનુરાગવાળા થાય છે, તે દોષ હોય તો માત્ર રાગ-દ્વેષનો છે, તો ઘણા ગુણોનો નાશ કરનાર, તેને આત્માએ વશ કરવા જોઈએ. તેવો સમર્થ શત્રુ હોય કે, જેને આપણે તિરસ્કાર્યો હોય, પરેશાન કર્યો હોય, તોય

તેટલું નુકશાન કરતો નથી. વધારેમાં વધારે નુકશાન કરે તો એક ભવનું મૃત્યુ પમાડે, પરંતુ રાગ દ્વેષને કાબુમાં લેવામાં ન આવે, તો તે ઉચ્છૃંખલ એવા બંને પારાવાર નુકશાન કરે છે. માટે અનેક જન્મ-મરણ અને બીજાં દુઃખો આપનાર એવા રાગ-દ્વેષને મૂળમાંથી પ્રથમથી જ ત્યાગ કરવા જોઇએ.

વળી તે બંને આ લોકમાં શારીરિક, માનસિક દુઃખ, અપયશ કરે છે. પૂજ્યપણાનો, જ્ઞાનાદિક ગુણોનો વિનાશ કરે છે. વળી પરલોકમાં પણ શારીરિક, માનસિક દુઃખો નરકમાં ભોગવવાં પડે છે. 'અહો ! મહાઆશ્ચર્યકારી આ અકાર્ય છે-' એમ જાણવા છતાં પણ રાગ-દ્વેષથી ખોટી પ્રવૃત્તિ આ જીવ કરે છે, મહાઅનર્થકારી કડવાં ફલ આપનાર છે- એમ જાણવા છતાં પણ પાપકાર્ય કરવાથી જીવ અટકતો નથી અને રાગ-દ્વેષનું સેવન કર્યા કરે છે. શંકા કરી કે, 'આ પ્રમાણે સંતાપ કરાવનાર રાગ-દ્વેષરૂપ રોગોની શાંતિ કરનાર કોઈક તેવું ઔષધ છે કે કેમ ? ત્યારે જણાવે છે કે, 'તેવું અદૃશ્ય ઔષધ છે. જે માત્ર સ્વાનુભવથી સારી રીતે જાણી શકાય છે અને જેનો આનંદ એવો અપૂર્વ અનુભવાય છે કે, જે વચનથી વર્ણવી શકાતો નથી. (૧૨૪ થી ૧૨૯ ) સામ્ય-મહારસાયન મહાત્માઓએ આ પ્રમાણે ઉપદેશેલું છે.

ચેતનવાળા કે ચેતન વગરના પદાર્થો જે ઈષ્ટ રૂપે કે અનિષ્ટરૂપે રહેલા હોય, તેમાં જેમનું મન મૂંઝાતું નથી, તે સામ્ય-સમભાવ કહેવાય છે. મુનિવરોને કોઇ ગોશીર્ષ ચંદનનો લેપ કે અથવા કોઈ વાંસલાથી શરીરનો છેદ કે, તે સમયે જો ચિત્તવૃત્તિનો ભેદ ન થાય, તેમના પર રાગ-દ્વેષ ન થાય, તો તે અનુત્તર સામ્ય કહેવાય. કોઇક આપણા પર પ્રીતિવાળો આપણાં ગમતાં કાર્યો કરી આપે, અથવા રોષાન્ધ બની શાપ આપે, તો પણ બંને પર ચિત્ત એક સરખું રહે, તે સામ્ય-સુખ સરોવરમાં સ્નાન કરે છે. હવન કરતો નથી, તપ કરતો નથી, કોઈને કંઈપણ દાન આપતો નથી, છતાં આશ્ચર્યની વાત છે કે મૂલ્ય આપ્યા વગરની સામ્યમાત્રથી નિર્વૃત્તિ ખરીદાય છે. કલેશ કરાવનારી ચેષ્ટાઓ, દુષ્ટ રાગાદિકોની પાસના કરવાથી સર્યું, વગર પ્રયત્ને મેળવી શકાય, તેવા મનોહર સામ્ય-સુખનો આશરો ગ્રહણ કર. પરોક્ષ પદાર્થ ન માનનાર નાસ્તિક સ્વર્ગ અને મોક્ષને નહિ માનશે, પણ સ્વાનુભવજન્ય સામ્યસુખનો તે અપલાપ નહિં કરશે.

કવિઓનાં કાવ્યોનાં અતિશયોક્તિ-અલંકારના પ્રલાપોમાં રૂઢ થએલ એવા અમૃતમાં કેમ મુંઝાય છે ? હે મૂઢ ! આ આત્મસંવેદ્ય રસરૂપ સામ્યામૃત-રસાયનનું તું પાન કર. ખાવા લાયક, ચાટવા લાયક, પીવા લાયક, ચૂસવા લાયક રસોથી વિમુખ બનેલા હોવા છતાં પણ યતિઓ વારંવાર સ્વેચ્છાએ સામ્યામૃત રસનું પાન કરે છે. કંઠપીઠ પર સર્પ કે કલ્પવૃક્ષનાં

પુષ્પોની માળા લટકતી હોય, તો પણ જેને અપ્રીતિ કે પ્રીતિ હોતી નથી, તે સમતાનો સ્વામી છે. આ સામ્ય કોઇ ગૂઢ કે કોઇ આચાર્યની મુષ્ટિરૂપ ઉપદેશ કે બીજું કંઈપણ નથી. બાળક હોય, કે પંડિત હોય, બંને માટે એક જ ભવ-રોગ મટાડનાર સામ્ય-ઔષધ છે. શાંત એવા પણ યોગીઓનું આ અત્યંત ક્રૂરકર્મ છે કે, તેઓ સામ્ય-શસ્ત્રવડે રાગ વગેરેનાં કુલોને હણે છે. સમભાવના પરમ પ્રભાવની તમે પ્રતીતિ કરો કે, જે ક્ષણવારમાં પાપીઓને પણ પરમસ્થાન પ્રાપ્ત કરાવે છે. જે સમભાવની હાજરીમાં રત્નત્રયી સફલતાને પામે છે, અને તેની ગેરહાજરીમાં નિષ્ફળ નીવડે છે. તેવા મહાબળવાળા તે સમભાવને નમસ્કાર થાઓ.

સર્વ શાસ્ત્રોનું અને તેના અર્થોનું અવગાહન કરીને મોટા શબ્દોથી બૂમ પાડીને તમને જણાવું છું કે, ' લોક કે પરલોકમાં પોતાનું કે બીજાનું સામ્ય સિવાય બીજું કોઈ સુખ કરનાર નથી. ઉપસર્ગોના પ્રસંગોમાં કે મૃત્યુ-સમયે, તે કાલોચિત સામ્ય સિવાય બીજો કોઇ ઉપાય નથી. રાગ-દ્વેષ આદિ નાશ કરવામાં નિપુણ એવી સામ્ય-સામ્રાજ્ય-લક્ષ્મીનું સેવન કરીને અનેક પ્રાણીઓ શાશ્વત શુભગતિ અને પદવીને પામ્યા છે, તેથી કરી આ મનુષ્યપણું સફળ બનાવવાની ઇચ્છાવાળાએ નિઃસીમ સુખ-સમુદાયથી ભરપૂર એવા આ સામ્યમાં પ્રમાદ ન કરવો.' (16) સામ્ય-સુખ પ્રતિપાદન કરનારા શ્લોકો પૂર્ણ થયા. આ પ્રમાણે રાગ-દ્વેષને આશ્રીને કંઈક કહી ગયા. હવે તેની પ્રકૃતિને આશ્રીને કહે છે-

**माणी गुरु-पडिणीओ, अणत्थ-भरिओ अमग्गचारी य ।**
**मोहं किलेस-जालं, सो खाइ जहेव गोसालो ।।१३०।।**

## ૮૫. ગોશાળાની કથા-

અભિમાની, આચાર્ય-ગુરુનો દ્રોહ કરનાર, ખરાબ વર્તન કરનાર હોવાથી અનેક નુકશાન કરનાર કાર્યથી ભરેલો, ઉત્સૂત્રની પ્રરૂપણા કરનાર, માર્ગ ભૂલેલો, બિચારો ફોગટનો મસ્તક મુંડાવી તપસ્યા કરી ચારિત્રપાળી તેના ક્લેશ સહન કરી આત્માને ખેદ પમાડે છે. કારણ કે, તેમાં સાધ્યનું ફળ પામી શકાતું નથી, જેમકે ગોશાળો. ગોશાળાની હકીકત મહાવીર-ચરિત્રથી આ પ્રમાણે જાણવી. આ મંખલિપુત્ર ગોશાળો ભગવાન મહાવીરના બીજા ચોમાસા પછીથી આરંભીને પોતાની મેળે જ મસ્તક મુંડાવીને આઠમા ચાતુર્માસ સુધી મહાવીર ભગવંતની પાછળ પાછળ લાગેલો. નવમા ચાતુર્માસના છેડે કુર્મગામે પહોંચ્યો. તે ગામની બહાર વૈશ્યાયન નામનો બાલઅજ્ઞાન તપસ્વી સૂર્યની આતાપના લેતો હતો. તેની ઉત્પત્તિ આ પ્રમાણે છે-

ચંપા અને રાજગૃહની વચમાં ગોબર નામના ગામમાં ગોશંખી નામનો ગોવાળોનો અધિપતિ રહેતો હતો. તેને બંધુમતી નામની ભાર્યા હતી, પરંતુ તે વંધ્યા હોવાથી પુત્રને જન્મ આપતી ન હતી.. તે ગામની નજીકના એક ગામમાં ચોરે ધાડ પાડી. ત્યાં લોકોને માર મારી પકડી કેદી બનાવી લઇ જતા હતા. ત્યારે કેટલાક દોડીને ભાગી જતા હતા. તેમાં તરતમાં પ્રસવ પામેલી એક યુવતી હતી, જેના પતિને મારી નાખ્યો હતો. તેને બાળક સહિત પકડી. પછી બાળકનો ત્યાગ કરાવ્યો. ગોવાળિયાઓ વગેરે ગયા પછી ગોશંખીએ તે બાળકને જોયો અને સ્વીકારી દીધો. પોતાની પત્નીને અર્પણ કર્યો. લોકોમાં વાત જાહેર કરી કે-'મારી પત્ની ગૂઢ ગર્ભવાળી હતી, તેણે હમણાં જ બાળકને જન્મ આપ્યો.' પત્નીને વસ્ત્રથી ઢાંકી લીધી. પેલો બાળક પણ મોટો થવા લાગ્યો. પેલી તેની માતાને ચંપાનગરીમાં ચોરોએ વેશ્યાના પાડામાં વેચી નાખી. વેશ્યાના દરેક ચારો તેને શીખવ્યાં. ગીત-નૃત્ય શીખેલી તે સુંદર રૂપવાળી ગણિકા બની. હવે પેલો ગોશંખીનો પુત્ર યુવાન થયો, તે ઘીનાં ગાડાં ભરીને ચંપા નગરીમાં વેચવા ગયો. ત્યાં નગરજનોને ઇચ્છા પ્રમાણે ક્રીડા કરતા દેખીને તે પણ વિષય-સેવનની તૃષ્ણાવાળો થયો, અને વેશ્યાવાડે પહોંચ્યો. તેની માતા વિષે જ તેનું મન આકર્ષાયું, તેને ધન આપ્યું. રાત્રિના વિકાલ સમયે સ્નાન કરી સુગંધી વિલેપન કરી તંબોલ સહિત જાય છે.

માર્ગમાં તેનો પગ વિષ્ટાથી ખરડાયો. આ સમયે તેની કુલદેવતાએ 'રખે આ અકાર્યાચરણ કરે' એમ ધારી તેને પ્રતિબોધ કરવા દેવતાએ ત્યાં ગાય-વાછરડાંનાં રૂપો વિકુર્વ્યાં. ત્યારપછી ખરડાએલો પગ બંઠેલા વાછરડાની પીઠ સાથે ઘસીને તે લૂંછવા લાગ્યો. ત્યારપછી વાછરડો પોતાને ખરડે છે તેમ બોલ્યો- 'હે માતાજી ! આ પુરુષ મારી પીઠ પર વિષ્ટાવાળો પગ ઘસે છે.' ત્યારે માતાએ તેને કહ્યું કે, 'હે વત્સ ! તેમાં તું અધૃતિ ન કર. જે આજે પોતાની માતા સાથે સંવાસ કરવા જાય છે, તે બીજું શું અકાર્ય ન કરે ?' તે મનુષ્યભાષા સાંભળીને તેને આવી ચિંતા ઉત્પન્ન થઇ કે, 'આ પણ એક આશ્ચર્યની વાત છે કે, 'ગાય અને વાછરડો મનુષ્યની ભાષામાં બોલે છે. જે વળી 'માતા સાથે' એમ કહ્યું, તે પણ હું તેને પૂછીશ-એમ વિચારી વેશ્યાના ઘરમાં પ્રવેશ કર્યો. તેને ત્યાં જઇ બેઠો અને તેને પૂછ્યું કે, 'તારી ઉત્પત્તિ કેવી રીતે થઇ, તે કહે.' તેણે કહ્યું કે, 'તારે તે ચિંતા કરીને શું કામ છે ?' 'ઉત્તમ તપસ્વી, સત્પુરુષો, પ્રધાન સુંદર રમણી, મહાપ્રભાવશાલી મણિ આવા પદાર્થો પોતાના ગુણોથી જ ગૌરવ પામે છે, તેની મૂળ ઉત્પત્તિની શા માટે ચિંતા કરવી ?' આવ, મારી સાથે શય્યામાં બેસ, ત્યારે તેણે તેને કહ્યું કે, 'બીજું પણ તેટલું મૂલ્ય આપું તો જે સાચો સદ્ભાવ હોય તે જણાવ. સોગન-પૂર્વક તેણે સર્વ સાચી હકીકત કહી. જે બાળકનો ત્યાગ મારી પાસે કરાવ્યો. ચોરોએ મને વેચી નાખી, ત્યારે અનેક પ્રકારના તર્ક-વિતર્ક અને

શંકા કરતો ત્યાંથી નીકળીને તે પોતાના ગામે ગયો. માતા-પિતાને પૂછવા લાગ્યો કે, 'હું તમારા પેટથી ઉત્પન્ન થએલો પુત્ર છું કે બીજો ? તેઓ સાચી હકીકત કહેતા નથી. ઘણા આગ્રહ અને દબાણથી પૂછ્યું, ત્યારે ખરેખરી હકીકત કહી.

ત્યારપછી વેશ્યાને ત્યાંથી માતાને છોડાવી, સ્થાને સ્થાપન કરી. પ્રણામા નામની પ્રવ્રજ્યા સ્વીકારી. ફરતો ફરતો તે કૂર્મ ગામે આવી તાપના લે છે. તેના મસ્તકની જટામાંથી સૂર્યકિરણોનો તાપ લાગવાથી જુઓ ભૂમિ પર પડે છે. તાપસ નીચે પડેલી જૂઓને જીવદયાના પરિણામથી વળી તેને ગ્રહણ કરી ફરી પોતાના મસ્તક પર સ્થાપન કરે છે. તે દેખીને ગોશાળો ભગવંતની પાસે જઈને કહે છે કે, 'આ મુનિ છે કે યૂકાશય્યાતર છે ? વળી ગોશાળો પ્રભુની સાથે ચાલતાં ચાલતાં 'તું મુનિ છે કે યૂકાશય્યાતર છે ? એમ એક, બે, ત્રણ વખત કહ્યું, એટલે કોપાયમાન થએલા તે વૈશ્યાયને તેનો વધ કરવા માટે તેજોલેશ્યા છોડી તેની અનુકંપાથી પ્રભુએ શીતલેશ્યા છોડી, એટલે તેણે તેજોલેશ્યા ઓલવી નાખી, તેને જાણીને ગોશાળાએ ભગવંતને પૂછયું કે, 'હે ભગવંત ! સંક્ષિપ્ત અને વિપુલ તેજોલેશ્યાવાળો પુરુષ કેવી રીતે થાય ? ભગવંતે કહ્યું કે, 'હે ગોશાલક ! છઠ્ઠને પારણે છઠ્ઠ લગાતાર-ઉપરાઉપરી કર્યા કરે, વળી આતાપના લે, મુઠ્ઠીમાં નખ સુધી સમાય તેટલા જ માત્ર અડદના બાકળા અને અચિત્ત એક ચાંગભું જળ ગ્રહણ કરવાથી વિપુલ તેજોલેશ્યા પ્રગટ થાય છે.

આ અનુષ્ઠાનવિધિ ગોશાળાએ જાણી લીધો. હવે તે વિપુલ તેજોલેશ્યાની સાધના કરવા માટે, હવે ફરી પ્રભુ પાસે ન આવવા માટે ભગવાન પાસેથી છૂટો પડી ગયો. છ માસના તપકર્મ કરીને તેજોલેશ્યા સિદ્ધ કરી. પરીક્ષા કરવા માટે કૂવાના કિનારા પર રહેલી દાસી પર પ્રયોગ અજમાવ્યો એટલે તે બિચારી બળી ગઈ. પોતાને સિદ્ધ થઇ છે, તેવો પાકો નિશ્ચય થયો, એટલે પૃથ્વી-મંડળમાં ઇચ્છા પ્રમાણે સ્વચ્છંદ ફરવા લાગ્યો. હવે કોઈક સમયે પાર્શ્વનાથ ભગવંતની પરંપરામાં થએલા શિથિલ આચાર પાળતા અષ્ટાંગનિમિત્તના તત્ત્વના જાણકાર ઉચ્છૃંખલપણે ભ્રમણ કરતા દિશાચરો ગોશાળા સાથે ભટકાયા. તેઓએ ગોશાળાને અષ્ટાંગ નિમિત્ત લેશમાત્ર શીખવ્યું. તે વિદ્યાથી ગોશાળો લોકોને ભૂત, ભવિષ્ય જણાવતો લોકોમાં પ્રસિદ્ધિ પામ્યો. વળી સ્વભાવથી જ તેની દુષ્ટ શીલતાનો પાર કોણ પામે ? વળી તે પાપાસક્તને વિદ્યાતિશય પ્રાપ્ત થયો, એટલે શું બાકી રહે ? કાલસર્પ સ્વાભાવિક ક્રોધીલો તેજસ્વી હોય છે, તેમાં વૃદ્ધિ પામતા ઝેરવાળાને ઔષધપાન કરાવીએ, તો તેના પ્રકર્ષમાં વાત જ શી કરવી ?વ્યવહારમાં 'એક તો વઢકણી હતી, તેમાં દીકરો જણાયો, પછી તેમાં વઢવાડ વૃદ્ધિ જ પામે.' તેમ ગોશાળો અટકચાળો હતો જ, વળી તેજોલેશ્યા અને અષ્ટાંગ નિમિત્ત કંઈક મેળવ્યું, પછી તેના અભિમાનની શી વાત કરવી ?

પછી રાહુમુક્ત ચંદ્રમાં સરખા એકલા અધિક સુશોભિત અને નિર્મોહી ગોશાળાથી મુક્ત થએલા ભગવાન પૃથવીમાં વિચરવા લાગ્યા. ભગવંતના બીજા ચોમાસામાં ગોશાળો મળ્યો હતો અને નવમા ચોમાસામાં તો તે દુરિતની જેમ દૂર ચાલી ગયો. પોતે જિન ન હોવા છતાં 'હું જિન છું' એવી બડાઇ

મારનારો સુવર્ણના સિંહાસન પર બેસીને પૃથ્વીમાં લાંબા સંસારવાળા જીવેને ભરમાવે છે. પોતાના ગુરુ એવા મહાવીર ભગવંતની સાથે હું પણ ત્રણે ભુવનમાં તીર્થનાથ છું એમ ડંફાસ મારતો સ્પર્ધા-હરીફાઈ કરે છે. તેના સંઘમાં આપુલો નામનો શ્રાવકોનો આગેવાન હતો, તેમ જ તેની શ્રાવિકાઓમાં હાલાહલ ઝેર-સરખી હાલાહલી શ્રાવિકા હતી. કોઇક વખત વિચરતો વિચરતો તે શ્રાવસ્તિ નગરીએ પહોંચ્યો. હાલાહલ કુંભારણની શાળામાં નિવાસ કરીને રહેલો હતો. આ પછીનું જગતસ્વામીના આ કુશિષ્યનું ચરિત્ર આચાર્યની ભક્તિરાગ તે ગાથામાં કહેલું છે, ત્યાંથી જાણી લેવું.(૧૩૦)

**कलहण-कोहण-सीलो, भंडणसीलों विवाययसीलो य।**
**जिवो निच्चुज्जलिओ, निरत्थयं संयमं चरइ ।।१३१।।**

**जह वणदवो वणं दवदवस्स जलिओ खणेण निद्दहइ।**
**एवं कसाय-परिणओ, जीवो तव-संजमं दहइ ।।१३२।।**

**परिणाम-वसेण पुणो, अहिओ ऊणयरओं व हुज्ज खओ।**
**तह वि ववहार-मित्तेण, भण्णइ इमं जहा थूलं ।।१३३।।**

**फरुसवयणेण दिणतवं, अहिक्खिवंतो अ हणइ मासतवं।**
**वरिसतवं सवमाणो, हणइ हणंतों अ सामण्णं ।।१३४।।**

**अह जीविअं निकिंतइ, हंतूण य संजमं मलं चिणइ।**
**जीवो पमायबहुलो, परिभमइ अ जेण संसारे ।।१३५।।**

**अक्कोसण-तज्जण-ताडणा य अवमाण-हीलणाओ अ ।**
**मुणिणो मुणिय-परभवा (पहा), दढप्पहारि व्व विसहंति ।।१३६।।**

કજિયો કરવાના, પોતાને અને બીજાને ક્રોધ ઉત્પન્ન-થાય તેમ કરવાના સ્વભાવવાળા, હાથમાં લાકડી, ઢેફું જે આવ્યું તે લઇ મારવાના સ્વભાવવાળા, રાજકુલ-ન્યાયાલય સુધી

પહોંચી વિવાદ કરી વડવાના સ્વભાવવાળો અથવા સામાન્યથી વાદ-વિવાદ કરવાના સ્વભાવવાળો તે હંમેશાં ક્રોધ-અગ્નિથી પ્રજ્વલિત રહે છે, તે બિચારો નિરર્થક ચારિત્ર આચરે છે. હવે તેના ચારિત્રની નિરર્થકતા જણાવતા કહે છે કે-જેમ વનમાં સળગેલો દાવાનલ ઉતાવળો સળગીને ક્ષણવારમાં આખા વનને બાળીને ભસ્મ કરી નાખે છે, તેમ કષાયથી પરિણમેલો આત્મા ઉપાર્જન કરેલા લાંબા કાળના તપ-સંયમના ફળને ક્ષણવારમાં બાળીને વિનાશ કરે છે. તેથી સમતા જ તપ-સંયમ ધર્મનું મૂળ છે. વળી આત્મામાં વર્તતા પરિણામ જે પ્રકારના થાય, તેને અનુસારે ઓછા-અધિક એવા તપ-સંયમનો ક્ષય થાય છે. આ તો માત્ર સ્થૂલબાહ્યદૃષ્ટિથી કહીએ છીએ. આ વ્યવહાર-વચન સમજવું, નિશ્ચયથી તો કષાયના તીવ્રતર પરિણામે કરીને ચારિત્રના તીવ્રતર અને મંદ પરિણામથી મંદ ક્ષય થાય છે. તેથી પરિણામાનુસાર ક્ષય થાય છે. (૧૩૧ થી ૧૩૪)

બીજાને કઠોર-આકરાં વચનો સંભળાવવાથી એક દિવસે કરેલ ઉપવાસાદિ તપ અને ઉપલક્ષણથી એક દિવસનો પાળેલો સંયમ તેનાં ફળનો નાશ કરનાર થાય છે. ક્રોધ કરીને સામાની જાતિકુળની હીલના કરનારને એક મહિનાના, આક્રોશ કરે-શાપ આપે, તો એક વરસનાં તપ-સંયમ અને કોઇને લાકડી આદિથી તાડન-તર્જન કરે, તો તેના સમગ્ર શ્રામણ્યનો વિનાશ થાય છે. તથા કોઈકના પ્રાણોનો નાશ કરે-મારી નાખે, તો પોતાના સંયમનો નાશ કરી મલિન પાપ ઉપાર્જન કરનારો થાય છે. આવો પ્રમાદની બહુલતાવાળો જીવ આવા પાપને કારણે લાંબા કાળ સુધી સંસારમાં જન્મ-મરણના ફેરા કરનારો થાય છે. આવું કષાય-સ્વરૂપ સમજીને મુનિઓએ શું કરવું ? તે કહે છે-

જેમણે પરભવનું સ્વરૂપ જાણેલું છે, એવા મુનિવરોને કોઈ તિરસ્કારનું વચન કહે, તર્જની આંગળી બતાવીને અપમાનિત તર્જના કરે, દોરડાદિકથી કે ચાબુકથી માર મારે, હથિયારથી હણે, જાતિ-કુલથી નિંદિત કરી હલકો પાડે, તો દઢ પ્રહારી માફક સમતાથી સહન કરે. પોતાનાં પૂર્વે કરેલાં કર્મનો દોષ માને, ઉપસર્ગ કરનાર ઉપર રોષ ન કતાં તેની ભાવદયા ચિંતવનારો થાય. (૧૩૪ થી ૧૩૬)

## ૮૬. દઢપ્રહારીની કથા-

એક કોઈ સંનિવેશ-નાના ગામમાં અનાચાર કરવામાં આનંદ માનનાર, કોઈ પ્રકારે કાબુમાં ન રાખી શકાય, ઉચ્છૃંખલ, અધમ સ્વભાવવાળો કોઇક બ્રાહ્મણ યુવાન હતો. અવિનય કરનાર તોફાની હોવાથી તેને તે ગામમાંથી હાંકી કાઢ્યો. જેથી તે ભ્રમણ કરતાં કરતાં એક ચોરની પલ્લીમાં પહોંચ્યો. તે પલ્લીના સ્વામીએ તેને પુત્ર તરીકે સ્વીકારી ત્યાં રાખ્યો. પલ્લીપતિ મૃત્યુ પામ્યો, એટલે પરાક્રમ વગેરે ગુણવાળા તેને પલ્લીસ્વામી બનાવ્યો.

અતિક્રૂરતાવાળો હોવાથી અનેતેવા ક્રૂર પ્રહાર કરનાર હોવાથી તે લોકોમાં દઢપ્રહારી તરીકે પ્રસિદ્ધિ પામ્યો. કોઈક વખત કુશસ્થલ નગરમાં ધાડ પાડવા માટે ગયો. તે નગરમાં હંમેશા ચક્ર માફક ભિક્ષા માટે ભટકનાર દેવશર્મા નામનો બ્રાહ્મણ હતો, તેને કોઇ કુટુંબી કે નજીકના સગાં-સંબંધીઓ પણ ન હતા, નિરંતર દરિદ્રતાનું દુઃખ ભોગવતો હતો. 'ધનવંત લોકોને સગા-સ્નેહી-સંબંધીઓ હોય છે, તેની આજ્ઞા ઉઠાવનાર લોક પણ હોય છે. કાર્યકાલે લોકો જાતે તેને સાથ આપનાર હોય છે. આ તો બીજો રાજા અને દેવ છે. અહિં આ ઇશ્વર કુબેર છે. દરિદ્રતાનું મન એવું રુંધાઈ ગયું કે, તારી પાસેથી નીકળી બહાર સ્થિર થયું છે.' 'હે દરિદ્રતા ! તારામાં કેટલાક ગુણો રહેલા છે, રાજા, અગ્નિ, ચોરની આંખોનો તને ભય હોતો નથી, તને ભૂખ ઘણી લાગે છે, તને રોગ થતા નથી, દરેક વર્ષે તારી ભાર્યાને પ્રસુતિ થાય છે."

પોતાના પુત્રો હંમેશાં આ દેવશર્મા પાસે ખીરનું ભોજન માગતા હતા. ત્યારે એક દિવસે લોકો પાસેથી દૂધ, ચોખા, ખાંડ વગેરે માગીને તેણે સુંદર ખીરનું ભોજન તૈયાર કરાવ્યું. પોતે નદીએ સ્નાન કરવા ગયો. તે સમયે દઢપ્રહારી તે નગરમાં આવ્યો અને લૂંટવા લાગ્યો, તેની સાથે આવેલા એક ભૂખ્યા લૂંટારાએ ત્યાં આ ખીરનું ભોજન દેખ્યું તેને ઉપાડીને તે પાપી જ્યાં દૂર પલાયન થયો, એટલામાં દેવશર્મા સ્નાન કરી પાછો આવ્યો. ખીર લૂંટી ગયાના સમાચાર જાણી તે ભુંગલ લઈ તેની પાછળ દોડી ચીસ પાડીને રડતો રડતો ચોરને માર મારે છે. ફરી તેની પાછળ પાછળ દોડે છે. પ્રસૂતિનો સમય નજીક છે, એવી તેની પત્ની પણ તેની પાસે આવી. પરસ્પર એકબીજાને મારી રહેલા હતા, તેની વચ્ચે આવીને રહેલી છે. બ્રાહ્મણે એક ચોરને પટકેલો દેખી-દઢપ્રહારીએ ક્રોધે ભરાઇને એકદમ તરવારનો ઝાટકો મારી તે બ્રાહ્મણને મારી નાખ્યો. 'હે દુષ્ટ ! ધીઠા ! પાપી ચેષ્ટાવાળા અધમ ! આ તેં શું કર્યું ?' એમ વિલાપ કરતી ગર્ભવતી બ્રાહ્મણી તેને વસ્ત્રથી ખેંચી અતિક્રૂર એવા તે દઢપ્રહારીએ કઠોર તરવારથી તેના બે ટૂકડા કરી નાખ્યા.

ગર્ભમાંથી બહાર નીકળેલો બાળક ભૂમિ ઉપર તરફડવા લાગ્યો. આવા તરફડતા ગર્ભને દેખીને પશ્ચાતાપ અગ્નિથી જળી રહેલા મનવાળો ગંભીર વિચારણામાં પડ્યો કે, 'આ મેં કેવાં અધમ કાર્યો કર્યાં ? તીવ્ર સંવેગ પામેલો તે એકદમ નગરમાંથી બહાર નીકળી ગયો. 'હે નિર્ભાગી ક્રૂર હૃદય ! આ તારો કઈ જાતનો અધમ વ્યાપાર ! બીજો કોઇ મનુષ્ય આવું મહાઘોર પાપ કરે નહિં. પત્ની સહિત દરિદ્ર બ્રાહ્મણની હત્યા એ તો મહાપાપ છે જ, તેમાં ગર્ભની હત્યા તે તો પાપની ઉપર આ ચૂલિકા બનાવી. મારા આવા અધમકાર્યથી આ લોકમાં 'આ કાપુરુષ છે' એવા પ્રકારના પડહો ત્રણે ભુવનમાં વાગશે અને પરલોકમાં તો

અવશ્ય નરકગતિ મળવાની છે. આ કેવો વ્યવસાય થયો ? પાંચ મહાપાપો કહેલાં છે. તેમાંથી એક પણ પાપ કોઇ કદાપિ કરે તો તેવા મનુષ્યનો જૈન્મ જ ન થજો, કદાચ ગર્ભ પ્રાપ્ત કર્યો હોય, તો તે ગર્ભ ગળી જજો અને જન્મ હારી જજો.

આવાં અધમ દુષ્કર્મ કરનાર એવા મારા બ્રાહ્મણપણાને પણ ધિક્કાર થાઓ. અથવા બ્રાહ્મણપણાની વાત દૂર રાખીએ, કેમકે કહ્યું છે કે, 'વિષયોમાં સીમારહિત વૃત્તિ, તેમ છતાં સ્તુતિ કરવા યોગ્યોમાં પરમ રેખા, તૃષ્ણારૂપી સો સર્પોમાં વસવા છતાં, તૃષ્ણા રહિત સજ્જનોમાં પ્રથમતા, ક્રોધ, સ્ત્રી, બાલકનો ઘાત કરનાર હોવા છતાં અવધ્યોમાં અગ્રેસરતા, બ્રાહ્મણોના દુઃખે તપી શકાય તેવા તપથી, પ્રાપ્ત કરાય તેવા વિલાસને નિત્ય નમસ્કાર થાઓ."

તો હવે આજ તરવારથી મારી જાતે જ મારા આત્માને હણી નાખું થવા ઉદ્ભટ તીક્ષ્ણ ભાલા વિષે ભોંકાઇને મૃત્યુ પામું !, અથવા ભૃગુપાત કરું ? આવા પ્રકારના પોતાની કલ્પનાના વિતર્કો કરવાથી સર્યું, તો હવે નિશ્ચલ અને સમર્થ એવા સુંદર ધર્મના મર્મને કહેનારા મહામુનિઓને પૂછું. એમ વિચારી વનમાં સાધુની તપાસ કરતાં ત્યા સંગ વગરના મનોહર કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેલાં સાધુની પાસે જઇને પોતે

કરેલા પાપનો પ્રતિકાર પૂછે.(૨૫) કે, 'હે સ્વામી ! શું હું પાપથી ભરાએલા એવા મારા એકલા આત્માને મારી નાખું ?' એટલે કાઉસ્સગ્ગ પારીને તેને મુનિ કહે છે કે-'અરે ! આ પ્રમાણે આત્મવધ કરવાનું છઠ્ઠું પાપ કરવું યુક્ત નથી.

મેલું વસ્ત્ર મેશથી મિશ્રિત કરેલા જળ વડે ધોવાથી શુદ્ધ થતું નથી. ઘીથી ભરપૂર પૂર્ણ અન્ન ભોજન કરવાથી અજીર્ણનો ક્ષય થાય ખરો ? વાયુ રહિત લંઘન આદિ કરવાથી તે અજીર્ણનો નક્કી ક્ષય થાય છે. કોઈના પ્રાણોનો નાશ કરવાથી ઉપાર્જન કરેલ પાપ, પ્રાણિવધની વિરતિ-પચ્ચકખાણ કરવાથી થાય છે. જ્યારે તે વિરતિ પણ નિરવદ્ય સંયમના ઉદ્યમવાળાને સિદ્ધ થાય છે. લાખો ભવોમાં એકઠાં કરેલાં પાપ સમૂહને નાશ કરવામાં સમર્થ શિવસુખ-વૃક્ષના કંદ સમાન એવી જિનેશ્વરદેવે કહેલી આ દીક્ષા છે. તે મુનિના વચનની સાથે જ તેણે દીક્ષા અંગીકાર કરી અને બીજા વડે દુઃખે કરી આચરી શકાય, તેવો આકરો અપવાદ-છૂટ-છાટ વગરનો અભિગ્રહ સ્વીકાર્યો. 'જે દિવસે આ મહાપાપ કેઇ પ્રકારે મારા સ્મરણમાં આવી જાય, તો તે દિવસે અશનાદિક ચારે પ્રકારનો આહાર મારે ન ગ્રહણ કરવો.' જ્યાં સુધી લોકોનાં વચનોથી આ મારું પાપ ન ભૂંસાય ત્યાં સુધી આ કુશસ્થલ છોડીને બીજે સ્થળે હું વિચરીશ નહિ. 'આ નગરમાં નગરલોકો મારી નિંદા કરતા અને મનેં પાપીને મુઠ્ઠી, લાકડી, ઢેફાં મારીને મને હણશે, એટલે મારાં પાપકર્મ ભય

પામશે,' એમ વિચારકરી તે જ નગરમાં પામરોવડે હણાતો વિચરે છે.

વળી લોકો તને સંભળાવે છે કે, 'હે પાપી ! આવાં ઘોર પાપ કરીને વળી તું સાધુ કેવી રીતે થયો ?' દુસ્સહ બાવીસ પરિષહોને સહન કરતો હતો. વળી ઉપસર્ગસમૂહના સંસર્ગથી ઉગ્ર ધ્યાનરસમાં એકાગ્ર બન્યો, વળી લોકો તેને સંભળાવતા હતા કે, 'તું અહિં ક્યાંથી આવ્યો,' ચાલ અહિંથી બહાર નીકળ. અહીંથી તને કંઈ મલવાનું નથી, 'હે પ્રીયા ! આને ભિક્ષા ન આપીશ, અથવા તો માત્ર એક ભિક્ષાનો ટૂકડો આપ,' આ પ્રમાણે દરેક ઘરે કઠોર અને તિરસ્કારનાં વચનો સંભળાવીને કાઢી મૂકાતો તે સાધુ કર્મને નિર્મૂલ કરવા માટે ભિક્ષા માટે ભ્રમણ કરે છે.અને પોતાને કૃતાર્થ માને છે વળી 'આ ગાય, ગર્ભ, બ્રાહ્મણ અને સ્ત્રીની હત્યા કરનારો છે.' એમ લોકો બોલતા હતા. ભિક્ષા માટે ઘરોમાં પ્રવેશ કરતો હતો, ત્યારે લોકો કૂતરાની જેમ ઢેફાથી તેને કૂટતા હતા, તેથી 'હે આત્મા ! જેવું કર્મ કર્યું હોય, તેવું ફળ મેળવ, જેવું બીજ વાવે છે, તેવું જ ફળ પ્રાપ્ત થાય છે, જે આ લોકો ક્રોધ ન કરનાર મારા વિષે ક્રોધથી તિરસ્કાર કરે છે, તેથી કરીને મારા કર્મની નિર્જરા વગર પ્રયત્ને સિદ્ધ થાય છે, મારા ઉપર જે આક્રોશ કરે છે, તે તેમના હર્ષ માટે થાય છે. જેમ તેમને, તે પ્રમાણે પ્રીતિપૂર્વક સહન કરનાર અને કર્મક્ષય કરનાર મને પણ આનંદ માટે થાય છે. (૪૧) (ગ્રન્થાગ્ર ૭૦૦૦)

જે મને આ લોકો તિરસ્કાર કરે છે, તેથી તેમને જે સુખ ઉત્પન્ન થાય છે, તે સુખ ભવમાં મને ઉત્પન્ન થાઓ. ખરેખર સુખનો સંગમ થવો દુર્લભ છે. આ લોકો કઠોર વચનો સંભળાવીને મારાં દુષ્ટ કર્મની ગાંઠની ક્ષાર નાખવા માફક ચિકિત્સા કરે છે, તેઓ મારા અત્યન્ત સ્નેહી મિત્રો છે. આ લોકો ભલે મને તાડન કે, પરંતુ સુવર્ણને અગ્નિનો જેમ સંતાપ થાય છે, તેમ તેની મલિનતા દૂર થાય છે; તેમ મારો કર્મ-મેલ પણ નાશ પામે છે. કોઈ મને દુર્ગતિરૂપ કેદખાનામાંથી બહાર ખેંચી કાઢે અને પોતાને તેમાં પ્રવેશ કરાવે, તો તેઓ કદાચ મને પ્રહાર કરે તો, શા માટે મારે તેમના પર કોપ કરવો ? પોતાના પુણ્યનો વ્યય કરીને જેઓ મારાં પાપને દૂર કરે છે, તો તેના જેવા બીજા ચડિયાતા બંધુઓ કોણ કહેવાય ? મારો વધ કર, બાંધે, તો તે મને સંસારથી મુક્ત કરાવનાર હોવાથી મને હર્ષ માટે થાય છે, પરંતુ તેથી તેઓનો અનંત સંસાર વધે છે- તેનું મને દુઃખ થાય છે.

કેટલાક બીજાના આનંદ માટે ધન અને શરીરનો ત્યાગ કરે છે, પરંતુ તેઓને પ્રીતિ-કરનાર એવા આક્રોશાદિ મને કશા વિસાતમાં નથી.' એ વગેરે હંમેશાં ભાવના ભાવતા અને પોતાના પાપનો નાશ કરવા માટે દરેક ઘરે ભિક્ષા માટે ભ્રમણ કરતો હતો, પરંતુ આ પ્રમાણે છ મહિના સુધી પાણી કે આહાર કર્યા વગરનો તે દૃઢપ્રહારી મુનિ, જેણે

શુભભાવના રૂપ દાવાનલથી પોતાંના કર્મરૂપી ઈન્ધણાંનો ઢગલો સજ્જડ બાળી નાખ્યો છે, એવો તે કેવલજ્ઞાન ઉત્પન્ન કરી તે જ ભવે મોક્ષ-સુખ પામ્યો. એ પ્રમાણે બીજા સર્વ

સાધુઓએ પણ તાડન, તર્જનાદિક ઉપદ્રવ કરે, તો તેનો પ્રતિકાર ક્ષમા અને સહનશીલતાથી કરવો. (૫૧)

**अहमाहओ त्ति न य पडिहणंति सत्ता वि न य पडिसवंति।**
**मारिज्जंता वि जई, सहंति साहस्समल्लु व्व ।।१३७।।**

અધમ એવા કોઇકે લાકડી, મુષ્ટિ આદિ વડે મને માર્યો હોય, તો પણ તેને મારીને બદલો ન લેવો, શાપ આપ્યો હોય, તો અથવા અપશબ્દો સંભળાવ્યા હોય, તો સામે અપશબ્દો ન સંભળાવવા કે પ્રતિશાપ ન આપવો. કોઈ મારતા હોય, તો સાધુએ સહસ્રમલ્લની જેમ સમતાથી સહન કરવું. (૧૩૭)

## ૮૭. સહસ્રમલ્લનું આખ્યાનક આ પ્રમાણે જાણવું-

શંખપુર નગરમાં શંખ સરખો ઉજ્જવલ, નિર્મલ ચરિત્રવાળો સેંકડો સુભટોનાં સંકટસ્થાન-અર્થાત્ તેમનો પરાભવ કરવા સમર્થ, મસ્તકના મુગટમાં રહેલા માણિક્યના સરખો તેજસ્વી શૂરવીર એવો કનકકેતુ નામનો રાજા હતો. તે રાજાની પાસે વીરમાતાએ જન્મ આપેલ વીરસેન પોતાના ગુણોને પ્રકાશિત કરવા માટે તે રાજાની સેવા કરવા માટે રહેલો છે. રાજા દરરોજ તેને આજીવિકા માટે ૫૦૦ પ્રમાણ ધન આપે છે, તો પણ તે લેવા ઇચ્છતો નથી. કારણ કે, તે રકમ પોતાના અસાધારણ પરાક્રમગુણને અનુરૂપ ન હતી. કોઈક સમયે કોઇક રાજાએ કોપથી નગરાદિકમાં ઉપદ્રવ કર્યો. ત્યારે સભામાં બેઠેલા કનકકેતુ રાજાએ પરાક્રમી સેવકોને કહ્યું કે, 'આ ઉપદ્રવ કરનાર કાલસેન રાજાને પકડીને બાંધી મારી પાસે કોણ જલ્દી લાવશે ?' જ્યારે કોઇએ પણ તેનો પ્રત્યુત્તર ન આપ્યો, ત્યારે તે સમગ્ર પરાક્રમીઓમાંથી વીરસેને સાહસ કરી રાજાને વિનંતિ કરી કે, 'આપની આજ્ઞાથી હું આ કાર્ય તરત બજાવીશ, પરંતુ આ કાર્યના યશનો ભાગીદર આપે બીજા કોઇને મારી સાથે ન કરવો. મારા પોતાના એકલા પરાક્રમથી જ તેને બાંધીને હું જલ્દી આપની પાસે હાજર કરીશ' તે રાજાના ચરણોને જુહારીને માત્ર એકલી પોતાની તલવારને સહાયક બનાવીને અપૂર્વ સાહસિક તે કાલસેન નામના રાજા સામે ગયો.

અલ્પકાળમાં કાળસેનના સૈન્યને અતિશય નસાડી મૂક્યું અને કહેવા લાગ્યો કે, ક્રોધ પામેલા કનકકેતુ રાજા કહે છે તે, પેલો કાલસેન ક્યાં છે ? આ કોઈક ગાંડો જણાય છે એમ અહંકારથી તેની બેદરકારી કરી. સૈનિકે રાજસભામાં પ્રવેશ કરતાં રોક્યો, તો પણ તે

અંદર ઘૂસી ગયો. 'અરે ! આ કોણ છે, આ કોણ છે ? તેને હાથથી પકડી લો.' એમ બોલતા જ એકદમ તે રાજાને વીરસેને બાંધી લીધો. ત્યારપછી તરવાર ખેંચીને મજબૂત મુઠ્ઠીથી તેના કેશ પકડીને રાજાને કહ્યું કે, જો જીવવાની ઇચ્છા હોય, તો તું કનકકેતુ રાજાને તાબે થઈ તેની સેવા કર. જેટલામાં 'હું રાજાને છોડાવું, હું રાજાને મુક્ત કરાવું ' એમ સૈનિકો સ્પર્ધા કરવા લાગ્યા એટલે તે રાજાએ પોતાના સૈનિકોને રોક્યા કે મારા પ્રાણની હોડ ન કરો. બે ત્રણ દિવસ થયા પછી કનકકેતુ રાજાએ સૈન્ય મોકલ્યું. ઔચિત્ય જાણનાર એવા તેણે આ પકડેલા રાજાને સમર્પણ કર્યો.

આ પ્રમાણે હાથે બાંધેલા રાજાને તે કનકકેતુ રાજા પાસે લાવ્યો. તેને નમન કર્યું. વિસ્મય પામેલા તે રાજાએ એકદમ તેને બંધનમાંથી છોડાવ્યો. વીરસેન સુભટનો સમગ્ર વૃત્તાન્ત કહ્યો. રાજાએ પૂછ્યું કે, તેનું સૈન્ય તો ઘણું જ હતું. ત્યારે પોતે તેવા સમયે ગયો હતો, જેથી સૈનિકો ખાવા-પીવાના આરામમાં હતા અને રાજા એકાકી હતો. ત્યારપછી તે રાજાને તેના રાજ્ય પર ફરી સ્થાપન કર્યો અને શ્રેષ્ઠ આભૂષણ આદિથી સત્કાર કર્યો. તે રાજાએ પણ પોતાના સર્વસ્વથી આ કનકકેતુ રાજાનું માંગલિક કર્યું. આ રાજાએ પણ તેનો સત્કાર કરી પોતાના દેશમાં મોકલી આપ્યો. હર્ષ પામેલા મહારાજાએ વીરસેન સુભટને પોતે મનથી ધારેલા કરતાં પણ ઘોડા, હાથી, કોશ, અને દેશોનું આધિપત્ય આપ્યું. તથા ઘણા સ્નેહથી તેને 'સહસ્ત્રમલ્લ' એવું બિરુદ પણ આપ્યું. ન્યાય-નીતિમાં આગ્રહવાળો બની પોતાનું રાજ્ય નિષ્કપટભાવે પાલન કરતો હતો. (૨૦)

કોઈક સમયે નગર ઉદ્યાનમાં સુદર્શન નામના આચાર્ય ઓચિંતા પધાર્યા. તેમના ચરણમાં વંદન કરવા માટે સહસ્ત્રમલ્લ પણ ત્યાં આવ્યો. ત્રણ પ્રદક્ષિણા આપી આચાર્યના પાદયુગલમાં પ્રણામ કરીને બે હસ્તકમળ જોડીને તે આનંદપૂર્વક સામે બેઠો. અતિશયજ્ઞાની સૂરિ ભગવંતે જ્ઞાનવિશેષથી જાણ્યું કે, દેશનાથી પરોપકાર થવાનો છે, એટલે નવીન મેઘ સરખા ગંભીર સ્વરથી દેશના શરૂ કરી-

"દુઃખમય આ સંસારમાં કોઇક જીવ અતિરૌદ્ર દારિદ્રમુદ્રાથી અતિશય વ્યથા ભોગવે છે, વળી કોઇક આત્મા સ્નેહી પત્નીના વિરહમાં ક્લેશ-ભાજન બને છે, કોઇકને શરીરમાં રોગનો આવેગ ઉત્પન્ન થાય તો તેની ભવિષ્યની આશાઓ ઢીલી પડી નાશ પામે છે, આ ગહન સંસારમાં સર્વથા સુખી હોય એવો કોઇ જીવ નથી.' વળી આ સંસાર-સમુદ્રમાં ડૂબતા, વળી ઊંચે આવતા દુઃખરૂપ જળમાં આમતેમ અથડાતા એવા ભવ્યાત્માઓએ જિનેશ્વર ભગવંતે કહેલા સુંદર ધર્મરૂપ નાવમાં આરોહણ કરવું જોઇએ (૨૫) આ મળેલા સુંદર મનુષ્યપણામાં જો પુણ્ય-ભાથું ઉપાર્જન ન કર્યું, તો જેમ ભાતા વગર મુસાફર ભૂખ-વેદના

અનુભવે છે, તેમ જીવો ભવના માર્ગની અંદર સીદાતા ભ્રમણ કર્યા કરે છે-એમ અનંતા ભવોમાં હેરાનગતિ ભોગવે છે. આ ભવમાં કદાચ પૂર્વના પુણ્યયોગે ધન, સુવર્ણ, રાજ્ય, ઘોડા વગેરેની સંપત્તિ પ્રાપ્ત થઈ હોય, પરંતુ આ સર્વ સંપત્તિ હાથીમા કાન અફળાવાની લીલા માફક ચંચળ છે. કયા વખતે સંપત્તિ અણધારી પલાયન થશે, તેનો ભરોસો નથી. પૂર્વભવમાં જે કંઈ પુણ્ય ઉપાર્જન કર્યું હતું, તેનો ભોગવટો પ્રમાદથી અહિં કરાય છે, પરંતુ વાવવા માટે સાચવી રાખેલ બીજને જો ખેડૂત ખાઇ જાય, તો તેનું કુશળ શું થાય ? જિનેશ્વર ભગવંતોએ તે ધર્મ કર્મના ક્ષય કરવા માટે જણાવેલો છે. તેમાં પણ વિષયોને જીતીને જેઓ જિનેશ્વરોએ આચરેલી અને ઉપદેશેલી પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે, તેઓ સમગ્ર કર્મદોષોનો નાશ કરી મોક્ષ સુધીનાં સુખને પામનાર થાય છે.

ખેડૂત બીજ વાવે છે, તેમાં ધાન્ય-પ્રાપ્તિ મુખ્ય ફળ ગણાય છે અને પલાલઘાસ એ આનુષંગિક-ગૌણફળ છે, તેમ ઈન્દ્રાદિકોનાં સુખો એ તો ધર્મથી મળેલાં ગૌણ સુખો છે. આ પ્રવ્રજ્યા મૃત્યુનું કાયમી મૃત્યુ કરનાર છે, મોક્ષસુખનો પરમ આનંદ અનુભવ કરાવનાર છે, પાપના કલંકને દૂર કરનાર છે.' અવસર મેળવીને હવે વિરસેને આચાર્યને વિનંતિ કરી કે, 'જો મારામાં યોગ્યતા હોય તો મને દીક્ષા આપવાની કૃપા કરો.' ગુરુમહારાજે સિદ્ધિ સાધવામાં તેનું અનુપમ મનોહર સામર્થ્ય જાણીને કહ્યું કે-'આવા સુંદર ધરમકાર્યમાં મુહૂર્તમાત્ર પણ રોકાઈશ નહિ.' ગુરુના વચન પછી તરત જ ધીર બુદ્ધિવાળા તેણે રાજ્યની સ્વસ્થતા કરીને ગુરુએ અર્પણ કરેલી દીક્ષા અંગીકાર કરી.

વિશુદ્ધ સિદ્ધાંત, તેના અર્થ તેમજ પરમાર્થ માર્ગનો અભ્યાસ કર્યો. ગીતાર્થ પણું મેળવ્યું. સમયે નિર્વિકલ્પ મનવાળા તેણે જિનકલ્પનો સ્વીકાર કર્યો. હાથી, ભુંડ, સિંહ, દૈત્ય, દેવતા આદિએ કરેલા અનેક ઉપસર્ગોમાં અચલાયમાન ચિત્તવાળા, પોતાના સત્વથી ક્ષુધા, તૃષા વગેરે પરિષહ સહન કરનાર, પુર, નગર, ખાણ, જંગલ, પર્વત વગેરે સ્થળોમાં વિહર કરતાં કરતાં મુનિ અનુક્રમે કોઇ વખતે કાલસેન રાજાના નગરના પાદરમાં રહેલા બગીચામાં આવી પહોંચ્યા. ત્યાં નાસિકાના ટેરવે નિશ્ચલ દૃષ્ટિ સ્થાપન કરીને મણિમય સ્તંભની જેમ કાઉસ્સગ્ગ ધ્યાનમાં ખડા રહ્યા. કાલસેન રાજાએ તેમને દેખીને ઓળખ્યા અને પૂર્વનું વૈર યાદ આવ્યું કે, હું તે સમયે એકલો હતો, ત્યારે મને કેદી કર્યો હતો, પકડીને મને રાજાને સોંપ્યો હતો. એ ભૂતકાળ યાદ આવવાથી કોપ પામી પોતાના સેવકોને આજ્ઞા આપી કે, 'ક્રૂર દાનવો માફક આ મુનિને વધ, બન્ધન, તર્જન, તાડન વિગેરેકરી તેને હેરાન-પરેશાન કરજો.' એટલે સેવકોએ આજ્ઞા પ્રમાણે વધાદિક દુઃખો આપ્યાં.(૪૦) અરે ! પહેલાની તે તારી શક્તિ ક્યાં ચાલી ગઇ ? હવે તારે અહિંથી મૃત્યુ પામીને યમરાજાની

નગરીમાં પ્રયાણ કરવાનું છે, તો તારે છેલ્લે જેનું સ્મરણ કરવું હોય, તે કરી લે.'

આ સમયે તે સહસ્ત્રમલ્લ મહાત્મા ચિંતવવા લાગ્યા કે, 'તેઓથી હું કદર્થના પામી રહેલો છું, તેમાં કોઇનો અપરાધ નથી. કારણ કે, 'આ જગત પોતાનાં કરેલાં કર્મ પોતે જ ભોગવનાર થાય છે. સંસરમાં સર્વ આત્મા પોતાનાં પૂર્વે કરેલાં કર્મનાં ફળવિપાકો મેળવે છે, અપરાધ કે ઉપકારમાં બીજો તો માત્ર નિમિત્ત કારણ થાય છે.' અથવા પરભવમાં મેં કોઈ આનો અપરાધ કર્યો નથી. આ ભવમાં જ મેં તેના કેશો ખેંચ્યા હતા. હે જીવ ! આટલા માત્ર પરિષહથી મારા આત્માના કર્મના મર્મનો તું પાર પામી જા, જેથી કરીને નરકમાં દાહ અને બીજાં દુસ્સહ દુઃખોથી તું જલ્દી છૂટી જાય.

આ લોકની શરીર પીડાથી મને જેટલું દુઃખ થતું નથી, તે કરતાં મારા મનમાં કાલસેનની કરુણા આવે છે કે, આ બિચારો આત્મા મારા મૃત્યુ-વિષયક પાપ ઉપાર્જન કરીને નક્કી દુર્ગતિમાં જશે. આ પ્રમાણે ભાવનાના પ્રભાવથી પ્રભાવિત થએલા સજ્જડ પુણ્ય-પવિત્ર પરિણામવાળા સહસ્ત્રમલ્લ અતિતીક્ષ્ણ તરવારના પ્રહારથી મૃત્યુ પામ્યા. સાંસારિક સુખની સીમારૂપ સર્વાર્થસિદ્ધ નાના વિમાનમાં ઉત્પન્ન થયા અને ત્યાંથી ચ્યવીને સર્વ કર્મ-મલને સાફ કરી તે મોક્ષે જશે. વધ, બંધન વિગેરે પરિષહ-ઉપસર્ગોને સમભાવપૂર્વક સહન કરનાર સહસ્ત્રમલ્લે જેમ મુક્તિ સરખું સર્વાર્થ-સિદ્ધનું સુખ મેળવ્યું, તેમ બીજા મુનિઓએ પણ જરૂર આવી ક્ષમા રાખતાં શીખવું જોઇએ. (૪૯) સહસ્ત્રમલ્લની કથા પૂર્ણ. હજુ ક્ષમાને આશ્રીને કહે છે.-

**दुज्जण-मुह-कोदंडा, वयण-सरापुव्वकम्म-निम्मया।**
**साहूण ते न लग्गा, खंती-फलयं वहंताणं ।।१३८।।**

**पत्थरेणाहओ कीवो, पत्थरं डक्कुमिच्छइ।**
**मिगारिओ सरं पप्प, सरुप्पत्तिं विमग्गइ ।।१३९।।**

**तह पुव्विं किं न कयं, न बाहए जेण मे समत्थो वि!।**
**इण्हिं किं कस्स व कुप्पिमु त्तिधीरा अणुप्पिच्छा ।।१४०।।**

**अणुराएण जइस्स वि, सियायपत्तं पिया धरावेइ।**
**तहवि य खंदकुमारो, न बंधुपामेहिं पडिबद्धो ।।१४१।।**

ક્ષમા-સહન શીલતારૂપ ઢાલ અથવા બખ્તર ધારણ કરનાર મુનિઓને દુર્જનના મુખરૂપ ધનુષ્યમાંથી ફેંકાતા એટલે પૂર્વે કરેલાં કર્મથી નિર્માણ થએલાં એવા કઠોર વચન

રૂપ બાણો તેને ભોંકાતાં નથી. એટલે કે, દુર્જનનાં મર્મભેદી વચનો મુનિઓ સમતાથી સહન કરે છે. અને સામા પ્રત્યે ભાવકરુણા વિચારે છે. કવિ ઉત્પ્રેક્ષા કરતાં અહિં કહે છે કે-"હે કાલકૂટ ! તારી આશ્રયસ્થિતિ કેવી વિચિત્ર છે ? ઉત્તરોત્તર આગળ આગળ વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરવાનું તને કોણે શીખવ્યું ? પ્રથમ તું સમુદ્રના પેટાળમાં હતું, ત્યાંથી દેવોએ સમુદ્ર-મંથન કરી બહાર કાઢ્યું, તો મહાદેવના કંઠમાં વાસ કર્યો, વળી હવે તું ખલ-દુર્જન પુરુષોનાં વચનમાં વાસ કરે છે.' (138) વળી વિવેકીઓને ક્રોધનો અવકાશ હોતો જ નથી, તે વાત બે રૂપકથી સમજાવે છે.-

જેમ અજ્ઞાની કૂતરાને કોઇકે પત્થર માર્યો,તો તે કૂતરો રોષથી પત્થરને કરડવા જશે, પણ મારનાર તરફ નજર કરતો નથી, જ્યારે સિંહને કોઈ બાણ મારે, ત્યારે બાણ કેણે માર્યું ? તેની તપાસ કરે છે, પણ બાણને કરડવા જતો નથી, બાણ ફેંકનાર તરફ ભાળ મારે છે. (૧૩૯) તેમ અજ્ઞાની-અવિવેકી આત્મા કૂતરા માફક અપકાર કરવા તૈયાર થશે, જ્યારે વિવેકી સિંહની જેમ તેના મૂળ-ઉત્પત્તિકારણની ખોળ કરશે. તે વિચારે છે-તેં પૂર્વભવમાં કુશલ કર્મ નથી કર્યું, તેથી કરીને સમર્થ એવો પણ પુરુષ તને બાધા ન કરી શકે. જો સુકૃત કર્યું હોત, તો તને કોઇ બાધાપીડા કરી શકતે નહિં હવે અત્યારે શા માટે કોઈના ઉપર નિષ્કારણ ક્રોધ કરે છે ? આમાં કદર્થના કરનારનો વાંક નથી, પણ મારાં પોતાનાં કરેલાં અશુભ કર્મનો જ વાંક-દોષ છે. હું કોના ઉપર ગુસ્સો કરું છું ? એમ વિચારી મહાધીર પુરુષો આપત્તિ-સમયે વિહ્વલ બનતા નથી. (૧૪૦) આ પ્રમાણે દ્વેષ-ત્યાગ કહીને હવે અનુરાગવાળા સ્વજનાદિકને વિષે રાગનો ત્યાગ કરવા માટે જણાવે છે-સાધુ થએલા પુત્ર પરના અનુરાગથી પિતા સેવકો દ્વારા તેના ઉપર શ્વેત છત્ર ધરાવે છે, તો પણ સ્કંદકુમાર સાધુ પોતાના પિતા, બન્ધુ આદિક સ્વજનોના સ્નેહપાશમાં બંધાઈને અનુરાગ કરતા નથી. (૧૪૧) સ્કંદકની કથા કહે છે,-

## ૮૮. સ્કંધકમુનિની કથા-

શ્રાવસ્તિ નગરીમાં કનકકેતુ નામના રાજા હતા, તેને મલયસુંદરી રાણીના ગર્ભથી ઉત્પન્ન થએલ સ્કંદક નામનો કુમાર હતો. સુનંદા નામની કન્યા હતી, તેને કોઈક દેશના પુરુષસિંહ નામના રાજાને આપી હતી. કોઇક સમયે શ્રાવસ્તિ નગરીમાં વિજયસેન નામના આચાર્ય સમવસર્યા, તેમની પાસે ધર્મશ્રવણ કરીને માતા-પિતાને ખૂબ સમજાવીને સ્કંદકકુમારે દીક્ષા લીધી. કાલક્રમે તેણે જિનકલ્પનો સ્વીકાર કર્યો. પોતાના પુત્રસ્નેહથી દીક્ષાના પ્રથમ દિવસથી જ પિતા તેના મસ્તક પર કાયમ શ્વેતછત્ર ધરાવે છે. વિહાર કરતા ક્રમસર તે બેનના દેશમાં ગયાં. ત્યાં નગરમાં ફરતા હતા, ત્યારે ગવાક્ષમાં બેઠેલી નાનીબેને તે

ભાઇમુનિને જોયા. તે સમયે અકસ્માત્ તેમને જોવાથી અતિશય આનંદ અને રોમાંચ ખડાં થયાં, જેથી જાણ્યું કે આ મારા મોટા ભાઈ છે. સુનંદા અતિપ્રૌઢ બન્ધુ-સ્નેહથી લાંબા કાળ સુધી સ્નેહાળુ સુંદર દૃષ્ટિથી સ્કંદકકુમારને એકી નજરથી જોઇ રહી હતી, તેને પુરુષસીંહ રાજાએ દેખી સાચું તત્ત્વ જાણ્યા વગર વિચાર્યું કે, 'જરૂર અમારી પત્ની આના દૃષ્ટિરાગથી અનાચાર આચરશે; તો આ શ્રમણનો તરત વિનાશ કરાવું.' એમ વિચારી રાજાએ એકાંતમાં સ્કંદકસાધુનો વિનાશ કરાવ્યો. 'જેઓ કામવિષયમાં ગાંડા બની ભુલા પડેલા છે, તેમની સન્મુખ અમો અહિં શું બોલીએ ? તેઓ અતિશય સન્મુખ જોનાર શંક્તિ ખલના પણ નેત્રો લઈ લે છે."

બીજા દિવસે લોહીની ધારાથી લાલ મુહપત્તિ પક્ષીના મુખમાંથી પોતાની આગળ પડેલી દેખીને સુનંદાએ દાસીને પૂંછ્યું કે, 'અરે અરે ! આ શું છે ? તે કહે.' ત્યારે દાસીએ સુનંદાને કહ્યું કે, 'તમે જે સાધુને ગઇકાલે જોયા હતા, કોઇકે પણ મારી નાખ્યા છે. તેની જ આ મુહપત્તિ પક્ષીએ અહીં નાખી છે.' એ સાંભળીને રાણીને એકદમ મૂર્છા આવી. આશ્વાસન આપી પૂછ્યું કે, 'હે સ્વામિ ! આ શું થયું ? ત્યારે જવાબ આપ્યો કે, 'એ તો મારા સ્કંદકકુમાર નામના ભાઇ હતા. તેને દેખીને મને તેમના ઉપર અતિશય સ્નેહાનુરાગ થયો હતો, તેથી તે જ હોવા જોઇએ. મને બીજા કોઇને દેખીને આવી ચિત્તની શાંતિ વળતી નથી. જે માટે કહેલું છે કે- 'ચંદ્રના કિરણો, સ્ત્રીની મનોહરતા, પુષ્પમાળાની ગંધ, ભાઇનો સમાગમ, આ એકેક હોય, તો પણ હર્ષ આપનાર થાય છે, તો પછી એક સામટાં તે સર્વ મળી જાય, તો તેના હર્ષની વાત જ શી કરવી ?"

આમ વિકલ્પ કરતી સુનંદાએ તરત જ સ્કંદકકુમારનો વૃતાન્ત મેળવવા માટે શ્રાવસ્તિ નગરીએ એક લેખવાહક મોકલ્યો. તે સામો લેખ લઇને પાછો આવી ગયો. કે, સ્કંદકુમારે રાજ્યનો ત્યાગ કરી દીક્ષા અંગીકાર કરી છે. જિનકલ્પનો સ્વીકાર કરી ગમે તે દેશમાં વિહાર કરી ગયા છે. પિતાએ દીક્ષા-દિવસથી જ છત્ર ધરનાર એક સેવક સાથે મોકલ્યો છે. તે લેખ વાંચીને અને છત્રની નિશાનીથી નિશ્ચય કર્યો કે, મારા મનમાં જે વિકલ્પ હતો કે, આ મારો ભાઈ છે, તે સાચો પડેલો છે, સાચો પરમાર્થ જાણ્યા પછી મહાવિલાપ કરવા લાગી. 'હે બન્ધુ, હે ભાઈ ! હા હા.' હું મૃત્યુ પામી, મને સામો ઉત્તર કેમ નથી આપતા ? કયા પાપીએ આ અકાર્યાચરણ કર્યું' અહો !દૈવે કેવો દંડ કર્યો ?' ઈત્યાદિ વિચારણામાં તે ગાંડી બની ગઈ.

પશ્ચાતાપના અગ્નિથી બળી રહેલા રાજાએ પણ તે સમયે વિચાર્યું કે, 'આવી મારી બુદ્ધિને ધિક્કાર થાઓ કે, જે અપરાધી મુનિ હોય, તો પણ તે હણવા યોગ્ય નથી. હવે છુપા

પાપાગ્નિથી બળી રહેલો હું કેવી રીતે જીવી શકીશ ? જ્યારે કાર્યનો વિનાશ થાય, પછી સારી બુદ્ધિ આવે છે, જો આ બુદ્ધિ પ્રથમ આવી જાય, તો કોઇને ઝુરવાનો વખત ન આવે. મેં એટલું પણ પહેલા ન વિચાર્યું કે, 'ખોટી વાત સાંભળી હોય, ખોટી વસ્તુ જાણી હોય, ખોટી દેખી હોય, ખોટી રીતે પરીક્ષા કરી હોય, મેં જે પ્રમાણે કર્યું, તેમ પુરુષે તેનાથી દોરવાઈ ન જવું.' ત્યારપછી પ્રધાન અને મંત્રીઓએ બન્ધુના સ્નેહનો શોક ભુલાવવા માટે ઘણાં નાટકો અને પ્રેક્ષણકો તેની આગળ કરાવ્યાં, ત્યારે નહીં દેખેલાં અપૂર્વ નાટક, પ્રેક્ષણક વગેરે દેખવાથી તેનો શોક દૂર થયો. ત્યારથી માંડીને તે દેશમાં લોકોએ ભાઇ-મહોત્સવ શરુ કર્યો. હવે એ જ અર્થને મજબૂત કરતા કહે છે.-

गुरु गुरुतरो अ अइगुरु, पिय-माइ-अवच्च-पियजण-सिणेहो।
चिंतिज्जमाण-गुविलो, चत्तो अइधम्म-तिसिएहिं ।।१४२।।

अमुणिय-परमत्थाणं, बंधुजण-सिणेह-वइयरो होंइ।
अवगय-संसार-सहाव-निच्छयाणं समं हिययं ।।१४३।।

माया पिया य भाया, भज्जा पुत्ता सुही य नीयगा य।
इह चेव बहुविहाइं, करंति भव-वेमणस्साइं ।।१४४।।

माया नियगमइ-विगप्पियम्मि अत्थे अपूरमाणम्मि।
पुत्तस्स कुणइ वसणं, चुलणी जह बंभदत्तस्स ।।१४५।।

सव्वंगोवंग-विगत्तणाओं जगडण-विहेडणाओ अ।
कासी य रज्ज-तिसिओं पुत्ताण पिया कणयकेऊ ।।१४६।।

માતા-પિતા સાથેનો સ્નેહ મોટો હોય છે, તેના કરતાં પોતાના પુત્ર, પુત્રી, પૌત્ર ઉપર તે કરતાં વધારે પ્રમાણમાં સ્નેહ થાય છે. તેના કરતાં સ્ત્રી, ભગિની ઉપર ગાઢ ચિત્તને વિશ્રાંતિ પ્રાપ્ત થાય છે. તેથી મોટો, વધારે મોટો અને અતિમોટો સ્નેહ થાય છે. તે સ્નેહનો ત્યાગ દુષ્કર છે. તેનો વિયોગ મરણના કારણમાં પણ નીવડે છે. જો સમ્યગ્પ્રકારે આ સ્નેહની વિચારણા કરીશું, તો દુઃખે કરીને અંત આણી શકાય તેવા ભવનું કારણ હોય તો સ્નેહ છે. તે કારણે અતિશય ધર્મની તૃષ્ણાવાળાઓએ તેનો ત્યાગ કર્યો છે, કારણ કે, સ્નેહ કરવો અને ધર્મ કરવો તે અંધકાર અજવાળા માફક બે વિરોધી પદાર્થો છે.(૧૪૨) એ જ વાત વિચારે છે,-જેઓએ હજુ પરમાર્થ જાણ્યો નથી, તેઓ જ બંધુઓના સ્નેહમાં મૂંઝાય છે,

જેઓએ સંસારનું સ્વરૂપ બરાબર જાણેલું છે, દરેકના સ્નેહો ક્ષણિક છે, તેવો નિર્ણય જેમને થયો છે, તેઓ તો દરેકમાં રાગ-દ્વેષ-રહિત થઈ સમાન ચિત્તવાળા થાય છે.(૧૪૩) બીજું આ લોકોમાં પણ બંધુ આદિકનો નિર્મિમિત્ત સ્નેહ અનર્થના કારણભૂત થાય છે, તે દૃષ્ટાંત દ્વારા કહે છે-

માતા-પિતા, ભાઈ, ભાર્યા, પુત્રો, મિત્રો, અનેક પ્રકારના સ્વજનો તેઓ અહિં જ ઘણા પ્રકારના ભય, ત્રાસ, મન-દુઃખ, વૈર-વિરોધ કરનારા નીવડે છે. તેમાં માતાનું પ્રથમ જણાવે છે. પોતાની બુદ્ધિથી કલ્પેલાં પ્રયોજનો પૂર્ણ ન થવાથી ચુલની માતાએ બ્રહ્મદત્ત પુત્રને લાક્ષા ઘરમાં બાળી મૂકવાનો પ્રયોગ કર્યો, જે પહેલાં ૩૧ મી ગાથામાં તેનું વિસ્તારથી ચરિત્ર જણાવેલું છે. (૧૪૪-૧૪૫) પિતાના દ્વારને આશ્રીને કહે છે. કન્કકેતુરાજા રાજ્ય ભોગવવામાં એટલી તૃષ્ણાવાળો હતો કે, 'જન્મેલા પુત્રો મોટા થઈને નાખતો અને કદર્થના-હેરાનગતિ પમાડતો હતો. એટલે માતા-પિતાનો સ્નેહ સ્વાર્થી અને કૃત્રિમ છે.(૧૪૬) તેની કથા આ પ્રમાણે જાણવી.-

## ૮૯. તેતલીપુત્રમંત્રી-પોટ્ટિલા પત્નીની કથા -

તેતલિપુર નામના નગરમાં કેતુ-ધ્વની સરખો કનકકેતુ નામનો રાજા હતો, પદ્માવતી દેવી સરખી તે રાજાને પદ્માવતી નામની રાણી હતી. રાજ્યલક્ષ્મીમાં અતિલુબ્ધ એવો તે રાજા પુત્રો જન્મે, તેને તરત જ એટલા માટે મારી નાખતો હતો કે, 'તે સમર્થ થાય તો રખેને મારું રાજ્ય સ્વાધીન કરે.' 'પુત્ર, પિતા, પત્ની, બહેન, ભાણેજના મૃત્યુમાં પણ વિષમ વિષય-તૃષ્ણારૂપ કાળી નાગણ લાંબા કાળ સુધી ચિત્તની અંદર વિચરે છે. હે આર્યો ! તેવા પ્રકારનું વિષય તૃષ્ણાવાળું મન છે, તેમાં શું આશ્ચર્ય, તેને તેતલિપુત્ર નામનો સુવર્ણકાર ઉત્તમમંત્રી હતો. કોઇક સમયે સોની એવા શેઠની કન્યા દેખી, તેનું નામ પોટ્ટિલા હતું, પોતાના ,સમાન એવી તે કન્યાની માગણી કરીને તેની સાથે લગ્ન કર્યાં. અતિસ્નેહપૂર્વક તેની સાથે સુંદર ભોગો ભોગવતો હતો. એ પ્રમાણે સમય પસાર થતાં પદ્માવતી રાણીએ વિચાર્યું કે, શુભ સ્વપ્ન-સૂચિત ગર્ભમાં નક્કી પુત્ર ઉત્પન્ન થયો છે. જરૂર આ પુત્ર રાજ્ય-ધુરા વહન કરવામાં સમર્થ થશે, તો હવે શત્રુ સરખા પિતાથી તેનું રક્ષણ કેવી રીતે કરવું ?

તેતલિપુત્ર પ્રધાનને એકાંતમાં બોલાવી પદ્માવતી રાણીએ કહ્યું કે, 'મારા ઉદરમાં રહેલા આ એક પુત્રનું તમારે કોઇ પ્રકારે રક્ષણ કરવું. તમારા અને મારા બંને માટે આ આશ્વાસદ્વિપ સરખો થશે, પરિણામ સુંદર જાણકાર એવા મંત્રીએ તે વાત કબૂલ કરી.

દૈવની અનુકૂળતાથી વ્યાપાર-વિસ્તારની સમાનતા યોગે તેતલિમંત્રીની પ્રાણપ્રિયાને પણ તે સમયે ગર્ભ ઉત્પન્ન થયો. તે બંનેને સમાન સમયે જ પ્રસુતિ થઇ અને પોટ્ટિલાએ પુત્રીને જન્મ આપ્યો. પ્રધાને બંનેના ગર્ભનો સંચાર કરાવ્યો અને પુત્રને પોતાને ત્યાં લાવ્યો. ચિંતામણિની જેમ હંમેશા પોટ્ટિલા પણ તેનું પાલન પામ્યો. પુણ્યપ્રભાવ, પુરુષાર્થ, મહિમા-પ્રમાણ, બુદ્ધિ-પ્રભાવ વૃદ્ધિ પામતા હોય, તેવાને શું અસાધ્ય હોય ? કોઇક સમયે ઉગ્ર દુર્ભાગ્યથી દુષિત થએલી પોટ્ટિલા એવી તેને મનથી અણગમતી થવાથી ડગલે-પગલે પતિથી પરાભવ પામતી હતી. એક વખત થાય છે, છતી આંખ હોય તેને ઉખેડી નાખવામાં આવે, તો તેને જે દુઃખ થાય છે, પરંતુ જન્મથી અંધ હોય, તેમને તેટલું દુઃખ થતું નથી. પતિના વિયોગનું દુઃખ પામેલી સાધ્વીજીઓને પૂછવા લાગી કે, જલ્દી તેવો ઔષધિઓ, મંત્રો-તંત્રોનો ઉપાય બતાવો, જેથી હું પતિને ઇષ્ટ બનું. ત્યારે તેઓએ કહ્યું કે, 'હે ભદ્રે ! અમોને તેવું કહેવું કલ્પતુ નથી. અમે એટલું કહી શકીએ કે, ધર્મ કરવાથી જીવ નક્કી સુખી થાય છે. ત્યારપછી સ્થિરમતિવાળી સાધ્વીએ તેને વિસ્તારથી જિનધર્મ સમજાવ્યો. ખટાશનો પાશ આપેલ વસ્ત્રમાં જેમ રંગ સારી રીતે લાગી જાય, તેમ સાધ્વીના સંગથી પરિણત થએલ ધર્મ સાંગોપાંગ તેને પરિણમ્યો.

દુઃખ-સંતપ્ત થએલા જીવો જગતમાં ધર્મમાં ઉદ્યમ કરે છે. જેમ તીવ્ર વ્યાધિથી પરેશાન પામેલા દિવ્ય ઔષધની ઇચ્છા રાખે, તેમ પોટ્ટિલા પણ સંવેગ અને વિવેકના આવેગથી ધર્મમાં ઉગ્ર ચિત્તવાળી થએલી નિરવદ્ય પ્રવ્રજ્યા લેવા તૈયાર થઈ અને એકાંતમાં મંત્રીને વિનંતી કરી કે, 'હે નાથ ! આ ખારા સમુદ્ર સરખા સંસારમાં ભયંકર દુઃખરૂપ લહરીઓમાં તણાતી એવી મને અહીં કુશલનો કણિયો પણ પ્રાપ્ત થતો નથી. તો હે સ્વામી ! હવે હું ભવના ભયથી કંપી ઉઠી છું. મારું મન પણ હવે સંસાર તરફથી ઉતરી ગયું છે. તો જો આપ રજા આપો, તો પ્રવ્રજ્યા સ્વીકારું.' આ વાત સાંભળીને તેણે કહ્યું કે, 'હે સુંદરાંગી ! તું પ્રવ્રજ્યાનો ઉદ્યમ કરીને દેવપણું પામે, તો તારે મને ધર્મમાં સ્થાપન કરી સ્થિર કરવો.' આ પ્રમાણે પ્રવ્રજ્યા પામીને સારી રીતે તેનું પાલન કરીને અલ્પકાળમાં અનશનવિધિ-પૂર્વક મૃત્યુ પામીને તે દેવલોકમાં ગઈ.

કોઇક સમયે કનકકેતુ રાજા પણ મૃત્યુ પામ્યો. લોકો અતિ આકુલ-વ્યાકુલ થઈ ગયા, શત્રુરાજાઓ પણ ઉગ્ર બનવા લાગ્યા,(૨૫) ત્યારે પદ્માવતી રાણીએ સામંતો મંત્રી અને નગરજનોને બોલાવીને કહ્યું કે, 'અરે ! તમે આટલા આકુલ કેમ બની ગયા ? કલ્પવૃક્ષ સરખો મારા અંગથી ઉત્પન્ન થએલો કનકધ્વજ નામનો પુત્ર રાજાના ભયથી તેતલિમંત્રીના ઘરમાં વૃદ્ધિ પમાડેલો છે, તેને તમે અત્યાર સુધી જાણેલો નથી, પરંતુ તે શોભાયમાન

અસાધારણ પરાક્રમવાળો છે, તેને પિતાના રાજ્ય પર સ્થાપન કરો અને મોહનો-મુઝવણનો ત્યાગ કરો.' એટલે અધિકારી વગેરેએ તે પ્રમાણે કર્યું અને પદ્માવતીએ નવારાજાને કહ્યું કે, 'હે પુત્ર ! આ તેતલિએ તને પ્રાણો આપેલા છે. અર્થાત્ તને મરણથી બચાવ્યો અને રાજ્ય લક્ષ્મીનો વૈભવ અપાવ્યો છે. શું આ કોઇ બીજાનો પ્રભાવ છે ? તેને પૂછ્યા સિવાય તારે કાંઇપણ ન કરવું, કે કોઇને આજ્ઞા આપવી નહિં.

ત્યારપછી તેણે સર્વ રાજ્ય કાર્યોમાં તે બુદ્ધિશાળીને સ્થાપન કર્યો, નિશ્ચિંત બનેલો કનકધ્વજ રાજા પોતે તો મનગમતા વિષયો ભોગવતો હતો. હવે તેતલિપુત્ર મંત્રી પણ તીવ્ર ખોટા અભિમાનથી થએલા મદોન્મત્તમનવાળો હંમેશાં રાજસભાના પ્રભાવથી લોકોને આકરી શિક્ષાઓ વગેરે કરવા લાગ્યો. કોઇ દિવસ ધર્મ કરતો નથી, તેને ધર્મનું નામ પણ બિલકુલ સહન થઇ શકતું નથી. એટલે પોટ્ટિલાદેવ આવીને તેને પ્રતિબોધ કરે છે. દેવ જાણે છે કે, રાજાની મહેરબાની રૂપી વાયુથી વ્યાકુલમનવાળો પ્રતિબોધ પામશે નહિં, તો હવે રાજા, સામંતો, નગરલોકોનાં મન તેના પ્રત્યે ક્રોધથી લાલ થએલા નેત્રવાળો રાજા તેનાથી વિમુખ થઇ ગયો. સંકોચાઇને જ્યાં પ્રણામ કરે છે, તેટલામાં તો રાજા બીજી તરફ બેસે છે. જ્યાં પગની આગળ લાગે છે, ત્યાં તો રાજા કંપાયમાન થઈ ઉભો થઈ જાય છે. હવે તે ગભરાએલો રાજાના મુખ્ય વિશ્વાસુ પુરુષો પાસે પહોંચ્યો. ત્યારે તેઓ પણ તેનાથી પ્રતિકૂળ થઈ ગયા. કંઈક બોલીને પોતાને ઘરે ગયો, તો પુત્ર, સ્ત્રી, આદિ સમગ્ર પરિવાર તેના તરફ મોં ચડાવીને અનાદરથી જોવા લાગ્યા.

પછી મરવાની ઇચ્છાથી તાલપુટ ઝેરનું ભક્ષણ કર્યું, તો તે ઝેર અમૃત માફક પરિણમ્યું. છૂરકાથી પેટ ચીરે છે, તો તે પણ પુષ્પમાળા સરખી બની ગઈ. ગળે ફાંસો બાંધી લટકવા ગયો, તો તે પણ તડ દઇને તૂટી ગયો. બળતી તૃણની ઝુંપડીમાં પેઠો, તો તે પણ વાવડી સરખી બની ગઇ. મોટી શિલા ગળે બાંધીને ઊંડી વાવડીમાં ઝંપાપાત કર્યો, તો તે વાવડી પણ જલ્દી છીછરા જળવાળી થઇ. જ્યારે મરવાના સર્વે ઉપાયો નિષ્ફળ નીવડ્યા, પછી તે નગરમાંથી બહાર નીકળ્યો. જ્યાં આગળ ગયો, ત્યાં મોટા ખાડા, તેની બે પડખે રાક્ષસો છે, વળી તેની પાછળ હાથી દોડતો આવે છે. આ પ્રમાણે અતિસંકટ-જાળમાં યમરાજાની દાઢામાં પકડાએલાની જેમ આવી ફસાઈ ગયો છે. ત્યારે પૂર્વે જેણે સંકેત કરેલો હતો, તેવી સુંદર પોટ્ટિલાભાર્યાને સંભારી. 'અરે પાટ્ટિલે ! હું આટલા સંકટમાં સપડાયો છું, છતાં પણ તું મને દર્શન આપતી નથી ? મારા પાપના ઉદયથી તેં કબૂલેલી વાત પણ ભૂલી જાય છે !'

આ સમયે નિરંતર શંગાર ધારણ કરવા રૂપ દેવે પોટ્ટિલાનું રૂપ પ્રગટ કરી પોતાને

બતાવ્યો. મંત્રી તેને કહેવા લાગ્યો કે, 'જેનો પ્રતિકાર કરી ન શકાય, તેવા સંકટમાં પડેલા મને બચાવ, અથવા હે પ્રિયે !

તેવું કર કે, જેથી મારા પ્રાણ જલ્દી ચાલ્યા જાય.' હવે પોટ્ટિલા તેને કહેવા લાગી કે, 'હે પ્રાણનાથ ! તમે માત્ર રાજ્ય-કાર્યમાં વ્યગ્ર બની એકલું પાપ એકઠું કર્યું છે, તેનું જ આ ફલમાત્ર છે. તો જો અત્યારે પ્રવ્રજ્યાનો ઉદ્યમ કરો, તો તેનાથી પાપ પલાયન થશે. દુઃખ માત્રથી મુક્ત થશો, એટલું જ નહિં, પરંતુ આ પ્રવ્રજ્યાના પ્રભાવથી શાશ્વત મોક્ષ પણ મળશે. મેં પણ પ્રવ્રજ્યાનું પાલન કરીને દેવપણું મેળવ્યું. અત્યારે તમને પ્રતિબોધ કરવા માટે આવેલ છું, માટે હવે વિલંબ ન કરો.'

તેનું આ વચન સાંભળીને, અંગીકાર કરીને મંત્રીએ કહ્યું કે, તેં બહુ સારું કર્યું, પરંતુ એક પ્રશ્ન કરું તેનો જવાબ આપ કે, મારા પર રાજા શા માટે કોપાયમાન થયા ? (૫૦) હવે દેવતાએ આ દેવમાયા સંહરી લીધી, એટલામાં મંત્રીને સમજાવવા અને પોતાની અવજ્ઞાનો પશ્ચાતાપ કરવા કનકધ્વજ રાજા ત્યાં આવ્યો. રાજાએ મંત્રીને કહ્યું કે, 'આ મારો મોટો અપરાધ થયો છે. તે વખતે મારી બુદ્ધિમાં ભ્રમ ઉત્પન્ન થયો, એટલે અજ્ઞાનપણામાં સર્વ બની ગયું છે, તો હવે તમારે તેની મને ક્ષમા આપવી અને મનમાં લગાર પણ આ અપરાધ ધારણ ન કરવો.' પછી દેવને જવાની રજા આપી, મંત્રીએ તેનું સર્વ વચન સ્વીકાર્યું, રાજા પશ્ચાતાપ કરી,મંત્રીને સમજાવી નગરની અંદર લઈ ગયો. અવસરે રાજાને મનાવીને મહાઋદ્ધિ પૂર્વક જન્મમાં ભણેલાં સર્વ પૂર્વો સ્મરણમાં આવી ગયાં. સમય પાક્યો, ત્યારે ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈ મોક્ષપદ પામ્યા.(૫૫) તેતલિપુત્ર-કથા પૂર્ણ હવે ભાઈ દ્વારને આશ્રીને કહે છે-

**विसय-सुह-राग-वसओ, घोरों भाया वि भायरं हणइ।**
**आहाविओ वहत्थं, जह बाहुबलिस्स भरहवई ।।१४७।।**

**भज्जा वि इंदिय-विगार-दोस-नडिया करेइ पइपावं।**
**जह सो पएसिराया सूरिंयकंताई तह वहिओं ।।१४८।।**

**सासय-सुक्ख-तरस्सी, नियअंग-समुब्भवेण पियपुत्तो।**
**जह सों सेणियराया, कोणियरण्णा खयं नीओं ।।१४९।।**

વિષયસુખના રાગાધીન બની ચક્રરત્ન જેવું ઘોર હથિયાર ગ્રહણ કરી ભરત ચક્રવર્તી પોતાના બન્ધુ બાહુબલિને હણવા માટે દોડ્યા. જેનું કથાનક પહેલાં ૨૫મી ગાથામાં

કહેવાઇ ગયું છે. હવે ભાર્યાદ્વાર કહે છે.-ઇન્દ્રિય-વિકારના દોષથી વિડંબિત થએલી ભાર્યા પણ પતિને મારી નાખવાનું પાપ કરે છે. જેમ પ્રદેશી રાજાને સૂર્યકાંતા રાણીએ મારી નાખ્યા. તે કથા ૧૦૩મી ગાથામાં કહેલી છે. હવે પુત્રદ્વાર ઉદ્દેશીને કહે છે-પુત્રનો સ્નેહ પણ વ્યર્થ કેમ કહેલો છે? શાશ્વત-મોક્ષ સુખ મેળવવા માટે તીવ્ર અભિલાષાવાળા, ક્ષાયિક સમ્યક્ત્વ હોવાથી નજીકમાં મોક્ષગામી થનાર શ્રેણિક રાજાને પોતાના અંગથી જ ઉત્પન્ન થએલો ઔરસ અને અતિવહાલા એવા કોણિકપુત્રે પોતાના પિતાને મૃત્યુ પમાડ્યા.(૧૪૭-૮-૯) શ્રેણિક કોણિકની કથા આ પ્રમાણે જાણવી.

## ૯૦. શ્રેણિક-કોણિકની કથા -

શ્રી વીરભગવંતની અગ્રભૂમિભૂત એવા રાજગૃહનગરમાં પ્રસેનજિત રાજાને ધારિણી નામની રાણી હતી. તેના ગર્ભથી ઉત્પન્ન થએલ, ઉજ્જવલ વિસ્તૃત યશવાળો મનોહર ગુણવાળો શ્રેણિક નામનો પુત્ર હતો, બીજા પણ તેને અનેક પુત્રો હતા. ત્યારે રાજા વિચારવા લાગ્યો કે, 'આટલા પુત્રોમાંથી મારો કયો પુત્ર રાજધુરા વહન કરનાર થશે ?' એક સમયે સર્વે પુત્રોને પરીક્ષા માટે એક પંક્તિમાં બેસાડ્યા અને રાજાએ ઘી સહિત પૂર્ણ ખીરનું ભોજન પીરસ્યું. ત્યાર પછી અતિભૂખવાળા શિકારી કૂતરાઓને રાજાએ ત્યાં છોડી મૂક્યા અને ગુપ્ત રહીને તેઓની ચેષ્ટા જુવે છે. કોઇક પુત્ર તે કૂતરાઓને દેખીને જ પલાયન થવા લાગ્યા, વળી બીજા કેટલાક કૂતરા થાળ બોટવા લાગ્યા, એટલે નાસી ગયા. બીજા કેટલાક ભૂખ્યા કૂતરાઓ સાથે ભંડણ કરતા હતા, જેથી કૂતરાઓએ એઠાં કરેલાં અને ન કરેલાંમાં કશો તફાવત ન રહ્યો.

આ સર્વેમાં એકલો શ્રેણિકકુમાર બીજા કુમારોના પીરસેલા થાળ કૂતરા તરફ ધકેલે છે, એટલે તે ખાવામાં લાગેલા કૂતરા શ્રેણિક પાસે આવતા નથી એટલે તેણે ઇચ્છા-પ્રમાણે પૂર્ણ ભોજન કર્યું. રાજાએ વિચાર્યું કે, 'રાજ્યને લાયક આ જ પુત્ર યોગ્ય છે કે, જે શત્રુને પણ રાજ્ય આપીને મિત્ર બનાવશે. એક અનાથાલયમાં અમુક ગણતરીના લાડુ તથા પાણી ભરેલા નવા ઘડા ગોઠવીને તેમાં કુમારોને પ્રવેશ કરાવીને કોઇક વખત રાજાએ તેઓને કહ્યું કે, 'અહિં તમારે લાડુનું ભોજન કરવું અને જળપાન કરવું, પરંતુ લાડુની સંખ્યા એક પણ ઓછી થવી ન જોઇએ, તેમ જ ઘડા ઉપર કરેલી મુખમુદ્રા તૂટવી ન જોઇએ.' હવે કુમારો વિચારમાં પડ્યા કે, ભૂખ્યા-તરસ્યા ન રહેવું અને લાડુસંખ્યા અને ઘડાની મુદ્રા તૂટવી ન જોઇએ-આ કેમ બને ? શ્રેણિક પુત્રે લાડુમાંથી ભુક્કો ખંખેરી કાઢી લીધો અને નવા ઘડામાંથી પાણી ઝરતું હતું, તે વસ્ત્ર વીંટાળીને નીચોવી કુમારોને જળપાન કરાવ્યું. એક વખત રાજશાળામાં આગ લાગી, ત્યારે રાજાએ કુમારોને બૂમ પાડીને જણાવ્યું કે, 'જેને જે

હાથમાં આવે તે ગ્રહણ કરો.' ત્યારે કોઇકે અશ્વશાળામાંથી અશ્વો, તેનાં બચ્ચાઓ અને જેને જે સારભૂત પદાર્થ લાગ્યો, તે ખેંચી કાઢ્યો. જ્યારે શ્રેણિક કુમારે તેમાં પ્રવેશ કરીને જયઢક્કા કાઢી. પિતાને બતાવી તો પ્રસન્ન થએલા પિતાએ તેનું 'ભંભાસાર' બીજું નામ પાડ્યું. બીજા કુમારો ઇર્ષ્યાથી શ્રેણિકકુમારને રાજ્ય લોભથી મારી ન નાખે, તે કારણે પ્રગટપણે શ્રેણિકના ગુણાનુરૂપ અને મનોરથને યોગ્ય એવો આદરસત્કાર કરતા નથી.

પોતાનો પરાભવ અને બીજાનો સત્કાર-ગૌરવ થતું દેખી ઉદ્વેગ પામેલા ચિત્તથી શ્રેણિક કુમાર વિચારવા લાગ્યા. 'ચરણથી ચંપાએલી માર્ગની ધૂળ તે પણ અહિં પોતાના મસ્તક પર ચડી બેસે છે, તે ધૂળ કરતાં પણ ભુંડો છું કે, હજુ આજે પણ અહિં વાસ કરું છું.' રાજાના ઘરમાંથી રાત્રે એકલો નીકળી પડ્યો અને સાહસની સહાયવાળો તે દેશાંતરોમાં પરિભ્રમણ કરવા લાગ્યો. રાજાએ ગુપ્ત રીતે મોકલેલા કેટલા શિષ્ટ પુરુષોથી અનુસરાતો વનહાથી માફક કોઈ વખત બેન્નાતટનગરે પહોંચ્યો. નગરમાં આવીને ભદ્રનામના શેઠની દુકાને બેઠો. તેના પ્રભાવથી તે દુકાનદાર ભદ્રશેઠને ઘણી કમાણીનો લાભ થયો. શેઠ મનમાં વિચારે છે કે, આજે મને અતિવિશિષ્ટ સ્વપ્ન આવેલ છે. રત્નખાણ સમાન કોઈ ઉત્તમ પુરુષ મારે ઘરે આવેલા છે. તેની સાથે સુનંદા નામની કન્યાનો વિવાહ કર્યો, તે તેની સાથે અતિશય શોભશે. અધિક લાભ કરનાર આ સ્વપ્નનું ફળ છે-એમ માનવા લાગ્યો.

ત્યારપછી શેઠે પૂછ્યું કે, 'હે પુરષોત્તમ ! તમે કોના પરોણા તરીકે આવ્યા છો ? ત્યારે તેણે કહ્યું કે, 'કુબેર સરખા તમારા જ.' અનુરૂપ જવાબ મળવાથી શેઠે ચિંતવ્યું કે, કોઈ ઉત્તમ કુલપુત્ર છે, તેથી અતિગૌરવ પૂર્વક ઘરે લઇ જઇને ઉચિત કર્યું. એક વખત તેનું ગૌરવ કરતાં ભદ્ર શેઠે કુમારને કહ્યું કે, 'હે પુરુષોત્તમ ! તમને વણિકની કન્યા ભાર્યા તરીકે યોગ્ય ન ગણાય, તો પણ મારા આગ્રહથી આ મારી સુનંદા કન્યા સાથે તમારે વિવાહ કરવો કે, જેથી નિર્વિકલ્પથી મારી પુત્રી જિંદગી પર્યંત સુખી થાય. સજ્જન પુરુષોમાં આટલા ગુણો હોય છે-'બીજાએ કરેલ પ્રાર્થના-પદાર્થનો ભંગ ન કરવો, પરોપકારનો વખત આવ્યો, તો જતો ન કરવો, બીજો આગ્રહ કરે, તેમાં આનંદ માનવો, બીજાના સંકટનો નાશ કરવો, તેમાં આનંદ માનવો અને તેવા કાર્યની અભિલાષા રાખવી.'

કુમારે પ્રત્યુત્તરમાં જણાવ્યું કે, 'હે પિતાતુલ્ય ! મારી જાતિ, વંશ વગેરે પણ તમે જાણતા નથી છતાં પણ પુત્રી તમે આપો છો, તો તમને જે યુક્ત લાગે, તે તમે જાણો.' ત્યારે શેઠે સામેથી કહ્યું કે, 'બહુ સારું,' સારભૂત પરાક્રમાદિક ગુણોના સ્થાનરૂપ અને શુભ સ્વપ્નથી સૂચિત તમે કોઈ સામાન્ય પુરુષ નથી. તો આ મારી પુત્રી મેં તમને પૂજા તરીકે અર્પણ કરી છે, માટે તમારે તેની સાથે લગ્ન કરવાં, શ્રેષ્ઠવાર, મુહૂર્ત નક્ષત્ર-સમયે વિવાહ-

મહોત્સવ કર્યો. પાંચે પ્રકારના ભોગ ભોગવતા એવા તેઓના ત્યાં આગળ અમૃત સમાન કેટલાક મહિના દિવસની જેમ જલ્દી પસાર થઈ ગયા. જે માટે કહેલું છે કે-

"આ મારો કે પારકો છે-એવી ગણતરી કરનાર તુચ્છ પુરુષો છે અને ઉદાર ચરિત્રવાળા પુરુષોને તો આખું જગત જ પોતાનું કુટુંબ છે."તથા 'ગમે ત્યાં જાવ, ગમે તે કોઈ વ્યવસાય-ઉદ્યમ-વેપાર કરો, પરંતુ આ લોકમાં જે, પુણ્યાધિક હોય છે, તે પુરુષ સુખેથી સુખ મેળવી શકે છે. સુનંદા એક વખત હાથીનું સ્વપ્ન દેખીને જાગી અને પતિ પાસે નિવેદન કર્યું એટલે કહ્યું કે, 'ઉત્તમપુત્રનો લાભ થશે. હવે સુનંદાએ ગર્ભ ધારણ કર્યા પછી તેના પિતાના ખાસ-પ્રધાન પુરુષો શ્રેષ્ઠ અશ્વ ઉપર આરૂઢ થઇને ત્યાં આવી પહોંચ્યા, કુમારને પ્રણામ કરીને કહેવા લાગ્યા કે, 'તમારા પિતાજીના દેહની સ્થિતિ બગડી ગઈ છે, તેથી શ્રેણિકકુમારને લાવવા માટે અમે તમારા ચરણમાં આવેલા છીએ.' એ પ્રમાણે ટૂંકા સમાચાર જેમાં અર્થ

વિસ્તારવાળો હોય તેવો, રાજાના હાથનો પત્ર પણ કુમારને અર્પણ કર્યો, તેથી ઉતાવળો ઉતાવળો જવાની ઈચ્છાવાળો થયો. પોતાના શ્વસુર ભદ્રશેઠને પૂછીને તથા રુદન કરતી સુનંદાએ કહ્યું કે, 'હે પ્રાણપ્રિયે ! ભાવી જન્મનાર પુત્રનું અવશ્ય પાલન કરજે. કદાચ કોઇ વખત તને મળવાની ઉત્કંઠા થાય, તો આ ભારવટ પર અક્ષરોની પંક્તિ લખેલી છે, તે વાંચીને પુત્ર સહિત જલ્દી આવવું. રાજગૃહી નગરીમાં શ્વેત ભિતયુક્ત કિલ્લાના ગોવાળ તરીકે અમે ઘણા જાણીતા છીએ. ગોપાલ એટલે પૃથ્વીપાલ રાજા અને તેમના રહેવાના રાજમહેલો શ્વેતવર્ણવાળા હોવાથી' એ પ્રમાણે મોભની વળી ઉપર ખડીથી લખેલું હતું. એક અતિ ચપળ અશ્વ ઉપર આરૂઢ થઇ તે એકદમ રાજગૃહ નગરે જઇને પ્રસેનજિત રાજાને નમસ્કાર કર્યો, જેથી પિતાને અત્યંત સંતોષ થયો. એક અતિ પ્રશસ્ત દિવસ જોવરાવીને સામંત, મંત્રી વગેરેને જણાવીને ગુણોમાં ચડિયાતા એવા શ્રેણિકનો રાજ્યાભિષેક પોતે કરે છે. રાજા પરલોક પામ્યા પછી સુંદરમતિવાળા શ્રેણિક ક્રમે કરીને ન્યાય-નીતિમાં નિપુણ એવા મોટા રાજા થયા.

આ બાજુ ગર્ભના પ્રભાવથી સુનંદાને એવો દોહલો ઉત્પન્ન થયો કે, 'સર્વાંગે શૃંગાર અને આભૂષણો પહેરેલી હાથીની ખાંધ પર આરૂઢ થએલી અમારી-પડહની ઉદ્‌ઘોષણા કરાવવા પૂર્વક દીન, અનાથ વગેરે જે કોઇ માગણી કરે, તેને દાન આપું.' રાજાને શેઠે વિનંતિ કરી એટલે શેઠે તેનો સમગ્ર દોહલો પૂર્ણ કર્યો, એટલે સુંનંદા જાણે અમૃતબિન્દુઓના છાંટણાથી સિંચાઈ હોય તેવી આનંદિત બની. સમય થયો, એટલે અતિપ્રશસ્ત નક્ષત્ર-યોગ-લગ્ન-સમયે લાખો શુભ લક્ષણોથી લક્ષિત દેહવાળો પુત્ર જન્મ્યો. બાર દિવસ થયા પછી દોહલાનુસાર અમારી-ઘોષણા કરાવવા પૂર્વક 'અભયકુમાર' એવું નામ સ્થાપન કર્યું.

લોકોના મનને આનંદ આપનાર, પિતાના મનોરથો સાથે વૃદ્ધિ પામતો ક્રમસર નિર્મળ બુદ્ધિવાળો થતો તે આઠ વર્ષનો થયો. કોઇ વખત નિશાળમાં ભણતો હતો, ત્યારે કોઈક વિદ્યાર્થી સાથે વિવાદમાં સામે કહ્યું કે, 'પિતા વગરના હે રાંકડા ! તારાથી કોણ બીવે છે !' (૫૦) તે સાંભળીને અનેક વિકલ્પ કરતા માનસવાળો અપમાન સંકલ્પ પામેલો માતાને પૂછવા લાગ્યો કે, 'મારા પિતા કોણ છે ? તો માતાએ ભદ્રશેઠ કહ્યા. બુદ્ધિશાળી પ્રત્યુત્તર આપતાં કહે છે કે, 'એ તો તારા પિતા છે, મારા પિતા કોણ તે કહે.' ત્યારે કહે છે કે, 'કોઈ પરદેશી અહિં મારા પિતાને ત્યાં કોઇક પરોણા આવ્યા હતા ત્યારે પિતાજીએ હર્ષથી મને તેની સાથે પરણાવી હતી, હું તો તેની નિર્દોષ ભાર્યા છું. લાંબા સમયથી તે તો પિતાને ઘરે રોકાયા હતા. અત્યારે તે ક્યાં છે, તે હું જાણતી નથી. પરંતુ એક નિશાની ભારવટ પર લખેલી હતી, તે તેણે તેને બતાવી. તે લખેલા અક્ષરનો પરમાર્થ જાણીને અભય બાળકે માતાને કહ્યું કે, 'અહિં રહીને શું કામ છે ? રાજગૃહમાં મારા પિતા રાજા છે, તો આપણે ત્યાં જઇએ.

પતિની રાજલક્ષ્મીનો વૈભવ છોડવો યોગ્ય ન ગણાય, દાદાને ત્યાં આટલો કાળ રહીને આપણે તેના દેવાદાર થયા છીએ. શેઠને આ વાત પૂછી. તેણે પણ ગાડાં અને માર્ગમાં જોઇતી જરૂરી સામગ્રી તૈયાર કરાવી આપી. વિલંબ કર્યા વગર સારા દિવસે શકુન દેખીને પ્રયાણ કર્યું. તે રાજગૃહ નગરીએ પહોંચ્યો, માતાને બહારના ઉદ્યાનમાં બેસાડીને નગરમાં પ્રવેશ કરતાં અહિં એક મેળાવડો દેખવામાં આવ્યો, આગળ ચાલીને બાળકે પૂછ્યું કે, 'આ નગરલોકો એકઠા થઇને શું જુવે છે ? અતિતેજના રાશિ સરખા બાળકને રાજપુરુષોએ જણાવ્યું- 'રાજાને અહિં પાંચસો મંત્રીઓ છે, તેમાં ચૂડારત્ન સરખો કોઈ અતિબુદ્ધિશાળી હોય તેને મુખ્ય પ્રધાન-પદ આપવું છે. તે પુરુષની બુદ્ધિની પરીક્ષા કરવા માટે આ પ્રમાણે કરાવ્યું છે કે, 'જે એક અવાવરી ખાલી પાણી વગરની વાવડીમાં મુદ્રિકા નાખી છે. જો વાવડીના કિનારા પર બેસીને હાથમાં લઇને તમને કોઇ મુદ્રિકા અર્પણ કરે, તો તેને પાસે લાવવો.'

દરરોજ અનેક પુરુષો અહિં આવે છે, છ માસ થવા છતાં હજુ કોઇ આ કૌતુક-પુર્ણ કરતું નથી. ત્યારે આ બાળકે વિચારીને તેઓને પૂછ્યું કે, 'આ કૌતુક બીજો કોઈ પુર્ણ કરી આપે, તો તેને શો લાભ થાય ? તો તેને પણ તે લાભ મળેતેમ સમ્મતિ આપી. હવે આ બાળક અભય ખાલી વાવડીના કાંઠે મજબૂત પલાંઠી વાળી સ્થિર આસન કરીને બેઠો. 'ગાયનું છાણ લાવો,' આવ્યું એટલે પર રહેલા અભયે હીરાથી જડિત મુદ્રા છાણમાં ખૂંચી જાય તેમ ફેંક્યુ. તથા વાવડી અંદર છાણની આસપાસ સળગતો ઘાસનો પૂળો ફેંકીને છાણને

સુકાવી નાખ્યું. તથા બીજી વાવડીમાંથી પાણી ખેંચાવીને આ વાવડી ભરી દીધી. મુદ્રિકા સહિત છાણું તરત તરતું ઉપર આવી ગયું. કાંઠે બેઠાં બેઠાં પાણી ઉપર તરતું છાણું બહાર કાઢીને તેમાંથી મુદ્રિકા ખેંચીને તેઓને અર્પણ કરી. અતિચમત્કાર. પામેલા રાજપુરુષોએ અભયકુમારને સાથે લઇ જઈ તે મુદ્રિકા રાજાને અર્પણ કરી. આ બુદ્ધિ-પ્રભાવ કોનો છે ? એમ પૂછ્યું, ત્યારે તેઓએ બાળક અભયકુમારને બતાવ્યો, અભયે પણ રાજાને પ્રણામ કર્યા. દૂધ પીનાર આ બાળકની બુદ્ધિ છે ? કે બીજાની ? તે સત્ય કહો, અરે ! આપ દેવની આગળ અસત્ય વચન બોલાય ખરું ? અકસ્માત્ વગર કારણે ઉત્પન્ન થએલ સંતોષ અને આનંદામૃત બુદ્ધિવાળી દૃષ્ટિથી તેને નીહાળીને રાજાએ પૂછ્યું કે, 'હે વત્સ ! તું કોણ અને ક્યાંથી આવ્યો છે ? ત્યારે પ્રત્યુત્તરમાં અભયે કહ્યું કે, 'હે પ્રભુ ! મંડલાકાર બનેલા ધનુષ દંડ-હસ્તવાળા આપ હો અને યુદ્ધભૂમિમાં વૈરીઓ આપની પાસે જેની ભિક્ષા માગે, તે હું છું. હું આજે જ બેન્નાતટ ગામથી આપની સેવા કરવા માટે આવેલો છું. અતિપ્રસન્ન પુણ્યપ્રભાવથી હું આવી પહોંચેલો છું.

પ્રશ્નોત્તરનો પરમાર્થ બરાબર વિચારીને રાજાએ કહ્યું કે, 'હે વત્સ ! તું અભયકુમારના નામથી બોલાવાય છે. (૭૫) બેન્નાતટ નગરમાં તું કોનો પુત્ર છે ? તે કહે, કોઇ શેઠ કે સાર્થવાહ અગર તું રાજાનો પુત્ર છે ? તે જલ્દી કહે, અભયે કહ્યું કે, 'મેં જ્યારે માતાને પૂછ્યું ત્યારે કહ્યું કે, વિજળીના કણ સરખા નિષ્ઠુર એવા કોઈ પરદેશમાં દૂર વસતા તારા પિતા છે, શંકિત મનવાળા રાજા પૂછે છે કે, 'ત્યાં ભદ્રશેઠ રહે છે, તેને ઓળખે છે ? અભય કહે છે કે, 'હું સર્વને ઓળખુ છું, પરંતુ મને કોઇ ઓળખતા નથી. તેને સુનંદા નામની પુત્રી છે, તેને કુશલ વર્તે છે ? હા, તેને કુશળ છે, ખલખંડથી ખરીદાએલો હું તેનો પુત્ર છું.

આશ્ચર્યકારી વચન-યુક્તિથી બુદ્ધિવિશેષ અને પુત્રસ્નેહથી પ્રભાવિત થએલા રાજા તેને પકડીને ખોળામાં બેસારે છે. તેને ચુંબન કરે છે, પોતાના અંગથી વારંવાર તેને આલિંગન આપે છે, જાણે છે કે, મારાથી ઉત્પન્ન થએલા પુત્ર સિવાય આવી બુદ્ધિ કોની હોય ? 'શુદ્ધ કુલ, રૂપ મનોરથ પૂર્ણ કરનાર કામધેનુ લક્ષ્મી ઉત્પન્ન કરે છે, આવતી આપત્તિઓ રોકે છે, યશ આપે છે, અપકીર્તિ ભૂંસી નાખે છે, સંસ્કાર શૌચથી બીજાને પણ પવિત્ર કરે છે.' 'હે પુત્ર ! તે તારી માતા ક્યાં છે ? તો કે નગર બહાર ઉદ્યાનમાં છે. તો મારે જાતે જ જઇને તેનો પ્રવેશ કરાવવો જોઇએ. ત્યાંથી પોતે ઉભા થઇ નગરમાં વધામણા કરાવવાપૂર્વક-ધ્વજાઓ, તોરણ-પતાકા વગેરેના આડંબર પૂર્વક નગરની શોભા રાજાએ કરાવી. આ વૃત્તાન્ત જાણીને સુનંદા પણ સારો શૃંગાર વગેરે સજવા તૈયાર થાય છે, ત્યારે પુત્ર આગળ આવીને માતાને નિવારણ કરે છે કે, 'હે માતાજી ! ભર્તારના વિયોગમાં ઉત્તમકુળમાં જન્મેલાઓને આવો સાદો જ વેષ શોભે છે, માટે સારભૂત આભૂષણાદિક પહેરવાથી સર્યું.

માતાએ પણ તે વાત સ્વીકારી તેને હાથણી પર પોતે આરૂઢ કરાવી, અભયને ખોળામાં બેસાડી જાતે જ મુખ્ય માર્ગેથી પ્રવેશ કરાવ્યો. અંતઃપુરના શ્રેષ્ઠ મહેલમાં દાખલ કરી અને સુંદર પ્રાસાદ આપ્યો. અભયકુમાર રાજકુમારને તો પોતાની નજીકનો મહેલ આપ્યો. પોતાની સુષેણા નામની બહેનની અતિ રૂપવાળી પુત્રી તેની સાથે પરણાવી. અને નવનવી અખૂટ કૃપા એકઠી થવાથી અનેક પ્રકારના ભોગો ભોગવવા લાગ્યો. રાજાએ પોતાના સમગ્ર મંત્રી-મંડલના ચૂડામણિરૂપ મહામંત્રી બનાવ્યો. રાજાનાં રાજ્ય-કાર્યોની સંભાળ કરતા તેના દિવસો પસાર થતા હતા.

શ્રેણિક રાજાએ ચેટકરાજાની સૌથી નાની પુત્રી સાથે લગ્ન કર્યાં, તેની આગમમાં કહેલી ઉત્પત્તિ કહીએ છીએ-

## ૯૧. ચેડામહારાજાની સાત પુત્રીઓ કયા કયાં પરણી ?

વૈશાલી નગરીમાં શ્રીપાર્શ્વનાથ ભગવંતના શાસનમાં હૈહય કુલમાં થએલા ચેટક નામના રાજા હતા. યુદ્ધના સંજોગમાં આવવું પડે તો જેને એક વખત બાણ ફેંકવાનો નિયમ હતો. તેનું બાણ કોઈ વખત નિષ્ફળ જતું ન હતું. સૌધર્મ ઇન્દ્રે આ વરદાન આપ્યું હતું.

બીજી બીજી દેવીઓથી તેને સાત પુત્રીઓ થઇ હતી. તે આ પ્રમાણે-૧ પ્રભાવતી ૨ પદ્માવતી, ૩ મૃગાવતી, ૪ શિવા, ૫ જ્યેષ્ઠા, ૬ સુજ્યેષ્ઠા, ૭ ચેલ્લણા. ચેટકરાજાએ પોતે વિવાહરૂપ પાપનાં પચ્ચકખાણ કરેલાં હોવાથી પુત્રીની માતાઓ જ તેને જાતે પરણાવતી હતી. ચેટક રાજાને પૂછીને વીતભય નગરના ઉદાયન રાજાને પ્રભાવતી આપી હતી. જેણે છેલ્લી વખતે દીક્ષા સ્વીકારી હતી. તે જીવંતસ્વામીની પ્રતિમા આગળ નૃત્ય કરતી હતી, ત્યારે વાજિંત્ર વગાડનાર રાજાએ રાણીનું મસ્તક દેખ્યું નહિં અને અશુભ નિમિત્ત બન્યું તે. ચંપા નગરીમાં દધિવાહન રાજાને પદ્માવતી આપી, પુત્ર અને પતિનું સંગ્રામમાં મરણ થવાથી જેણે પ્રવ્રજ્યા લીધી. કૌશાંબી નગરીમાં શતાનિક રાજાને ત્રીજી મૃગાવતી પુત્રી આપી, જેણે મહાવીર ભગવંતપાસે દીક્ષા અંગીકાર કરી. ઉજ્જેણી નગરીના પ્રદ્યોત રાજાએ આદર-સહિત શિવા પુત્રી સાથે લગ્ન કર્યાં, તેણે પણ શ્રીવીરસ્વામીના હસ્તકમળથી દીક્ષા લીધી, (૧૦૦) ક્ષત્રિયકુંડ ગામે પ્રભુના મોટા બંધુ નંદિવર્ધન, જેઓ ગુણોમાં ચડિયાતા હતા, તેમણે જ્યેષ્ઠા પુત્રી સાથે લગ્ન કર્યાં, હવે છેલ્લી બે બહેનો સુજ્યેષ્ઠા અને ચેલ્લણા પરસ્પર પરમ પ્રીતિબંધવાળી અને સુંદર મનવાળી છે, જે જે હજુ કુમારિકાઓ છે. સુંદર ધર્મના મર્મને સમજનારી હોવાથી નિર્મલ મનવાળી, ગમે તેવા ધર્મ વિષયમાં પૂછેલાના પ્રત્યુત્તર આપનારી હતી.

કોઈક વખત એક પ્રવ્રજિકાને ધર્મના વિવાદમાં નિરુત્તર કરી, એટલે તે કોપાયમાન થઈ. વિચારવા લાગી કે, 'આ પાપી સુજ્યેષ્ઠાને ક્યાંય પણ ઘણી શોક્યો હોય, તેવા સ્થળમાં નાખું જેથી જિંદગી-પર્યંત દુઃખાવર્તમાં બળી-જળી દુઃખ ભોગવ્યા કરે. પ્રવ્રાજિકાએ સુજ્યેષ્ઠાનું અસલ આબેહુબ રૂપ પટની અંદર ચીતરાવ્યું. રાજગૃહ જઈને શ્રેણિક રાજાને બતાવ્યું. ઝેર મિશ્રિત વાયરા વિશેષથી હોય તેમ તે પટના દર્શનમાત્રથી તે રાજા કામના મદથી વિહ્વલ બનેલો એકદમ ઘૂમવા લાગ્યો. પ્રવ્રજિકાને પૂછવાથી જાણ્યું કે, 'આ સુજ્યેષ્ઠાનું રુપ છે. એટલે ચેટક રાજાની પાસે માગણી કરવા માટે પુરુષ મોકલ્યો. વૈશાલી નગરીએ પહોંચીને અતિઆદર પૂર્વક વિનંતિ કરી. 'જો કે, સ્વરૂપવતી કન્યા-રમણીઓ પારકા ઘરની શોભા વધારનારી હોય છે. તો સર્વને પ્રાર્થના યોગ્ય એવા શ્રેણિકરાજાને ચરણમાં મારા નમસ્કાર પૂર્વક જણાવવું કે, રાજાએ જણાવ્યું છે કે, અમે હૈહયવંસના છીએ તેથી વાહિય કુલમાં કન્યા આપતા નથી. તો જેવો તું આવ્યો છે, તેવો પાછો જા.' દૂતે પાછા આવી જે પ્રમાણે વૃત્તાન્ત બન્યો હતો, તે પ્રમાણે એકાંતમાં આવીને જણાવ્યું. હૃદયમાં જળતો લાલ અંગારો સ્થાપન કર્યો હોય, તેમ ભંભાસાર રાજા અતિ દુઃખ અનુભવવા લાગ્યો.

-એક ભવનથી બીજા ભવનમાં, વનમાંથી બીજા વનમાં, એક શયનથી બીજા શયનમાં જાવ-આવ કરે છે, તપેલી શિલાના તલપર તરફડતી માછલીની જેમ ક્યાંઈ રતિ પામતા નથી, ઉજ્જવલ મોતીના હારોને, તથા ખેદ કરનાર પાણીથી ભીંજવેલા પદાર્થોને દૂર કરો, ક્ષુદ્ર ચંદ્રને નષ્ટ કરો, ક્લેશ કરનાર મૃણાલીને શાંત કરો. કામાગ્ની વ્યાપેલ હોવાથી જેને મતિ નાશ પામી છે, એવા શ્રેણિકરાજા આમ તેમ અસંબંધ પ્રલાપ કરતા તેની રાત્રિ લાખ પહોર જેટલી લાંબી પસાર કરવા લાગ્યા. દુઃખે કરીને નિવારણ કરી શકાય એવું ભયંકર દાહ કરતાં વધારે દુસ્સહ દુઃખ પિતાનું જાણીને અભયકુમારે શ્રેણિકને ધીરજ આપી કે, 'હું તમોને તે મેળવી આપીશ. હે દેવ ! તમારે હમણાં સર્વથા વિશ્વાસપૂર્ણ સ્વસ્થ અતિપ્રશસ્ત ચિત્તવાળા થઇ કેટલાક દિવસો પસાર કરવા.' હવે અભય વિવિધ પ્રકારના ઉપાયની શોધ કરતા સ્વર, વર્ણને ભેદ કરનારી ગુટિકાઓ પ્રાપ્ત કરીને મનોહર વેપારીનું રૂપ કરી વૈશાલી નગરીએ પહોંચી રાજદ્વારની નજીકમાં મનોહર દુકાન રાખી, તેમાં દિવ્ય સુગંધી પદાર્થો વેચવા લાગ્યો. એક પાટિયામાં શ્રેણિકનું અદ્ભુત રૂપ ચિત્રાવીને દુકાનમાં સ્થાપન કર્યું. ત્રણે કાળ પુષ્પ, ધૂપ, દીપ વગેરેથી ઘણા આદર પૂર્વક તેની પૂજા કરે છે. ત્યા આગળ સુજ્યેષ્ઠાની દાસીને મનોહર દિવ્ય સુગંધી પદાર્થો ઘણા આપે છે.

પ્રભાવિત થએલા ચિત્તવાળી દાસીઓ ત્યાં દરરોજ આવવા લાગી. તેઓ પૂછવા લાગી કે, 'તમે ઘણા આદર અને પ્રયત્નથી પૂજા કરો છો, તે મૂર્તિ કોની છે ? તેણે કહ્યું કે,

અમારા રાજા જેઓનાં સર્વાંગો ઘણાં મનોહર છે, એવા શ્રેણિકની પ્રતિકૃતિ છે. અરે ! મનુષ્યોમાં પણ આવું દિવ્યરૂપ સંભવે ખરું ?, હા, જરૂર સંભવે. અરે ! તેનું સમગ્ર રૂપ છે તેનો અંશ આબેહુબ ચિતરવા કોણ સમર્થ થઈ શકે છે ? દાસીઓએ સુજ્યેષ્ઠા પાસે જઇને સર્વ હકીકત કહી, એટલે તેમને આદર પૂર્વક અહિં લાવવા જણાવ્યું. ત્યાં જઇને તેઓ તે ચિત્રની માગણી કરે છે કે, 'અમારાં કુમારી મંગાવે છે.' અભયે કહ્યું કે, 'આ તો મનોરથ પૂર્ણ કરનાર ચિંતામણિ છે, તેને કેવી રીતે આપી શકું ? તમારા સ્વામિનીને તેના તરફ આદર છે કે નહિં ? કોણ જાણી શકે કે, માણિકયની સાથે કાંકરાની રમત ન ખેલાય. વળી સુજેષ્ઠા પાસે જઇને સર્વ હકીકત જણાવી. ત્યારપછી દેવ-ગુરુ અને બીજા સોગન ખાઇને (૧૨૫) તેવી રીતે વિશ્વાસ બેસાડ્યો. અને મોટા બહુમાન અને આદર-સહિત સંભાળીને લાવવા ફરી પાછી મોકલી. એ પ્રમાણે કહ્યું, ત્યારે તેઓને અભયે શ્રેણિકનું ચિત્ર આપ્યું. તે ચિત્રામણ દેખતાં દેખતાં અનિમેષ નયનથી એકીટસે નિરખવા લાગી. પલકમાં જેવું ચિત્રામણ છે, તે જ પ્રકારે તે પણ ચિત્તમાં તેનું ધ્યાન કરવા લાગી, એટલે તે બંનેનો એક ભાવ થયો તેમાં શું આશ્ચર્ય ?

ત્યારપછી તે શૂન્ય બની ગઈ. જાણે કામદેવે પોતાના પાંચ બાણથી રોષ કરીને પાંચ ઇન્દ્રિયોનો વ્યાપાર હરી કેમ લીધો હોય. હવે નથી હસતી, નથી જમતી, આશ્ચર્ય-ક્ષોભ પામતી નથી, ખીજાતી નથી, કોઇ કાર્ય કરવા તૈયાર થતી નથી. પોતાની અતિવિશ્વાસુ દાસીને કહે છે કે, 'અરે ! સખી ! આને તું મેળવી આપ. (૧૩૦) દાસી અભય પાસે જઇને કહે છે કે, 'અરે ! ચિત્રનું દર્શન કર્યા પછી શું થઈ ગયું તે ખબર પડતી નથી, અરે તેના જીવનનો સંશય થયો છે. હવે શ્રેણિકરૂપ સંજીવનીનો સંયોગ મેળવવાનો શો ઉપાય ? વૃક્ષની છેક ટોચ પર ફળ લાગેલું છે, અત્યારે આ તો ઠીંગણી છે, તો ફળ કેવી રીતે મેળવી શકે ? આ વાત આણે જાણેલી છે, તેથી આ રહસ્ય નક્કી ખુલ્લું થશે, અભયે કહ્યું કે-જો તે તેની સાથે જલ્દી જાય, તો હું તેને અહિ લાવું. સુજ્યેષ્ઠાએ તે વાત સ્વીકારી, એટલે અભયે તેને કહેવરાવ્યું કે, અમુક સુરંગથી અમુક રાત્રિના પ્રથમ પહોરના અંતે શ્રેણિક જાતે જ તેને લઈ જશે. આ વાત તમારે કોઇને પણ કહેવી નહિં અને સર્વ લોકોને ઠગીને તમારે નીકળી જવું. આ પ્રમાણે આ વાત ગોઠવીને નગરના દરવાજાથી માંડી છેક કન્યા-અંતઃપુરના મધ્યભાગ સુધી લાંબી સુરંગ ખોદાવી. બીજી બાજુ આદરથી શ્રેણિક રાજાને ખબર કહેવરાવી, તો અતિશય આનંદ પામેલા તે બત્રીશ સુંદર રથ અને વીર-સારથી સહિત વૈશાલી નગરીના દરવાજાના સ્થાનમાં રાત્રે આવી પહોંચ્યા. એકદમ સુરંગના માર્ગે કોઈ ન જાણેતે રીતે પ્રવેશ કર્યો.

અંતઃપુરના દ્વાર પાસે જ્યાં પહોંચ્યો, તેટલામાં દૃષ્ટિથી અતિશય હર્ષ પામેલી સુજ્યેષ્ઠા-કન્યાને આગળ બેઠેલી દેખી. હે પ્રિયા ! ચાલ, તને આલિંગન કરવાના લોભવાળો હું શ્રેણિક પોતે જ છું. અને અહિં આવી પહોંચેલો છું. કોઇ ન જાણે ત્યાં સુધીમાં આ રથમાં ચડી જા. (૧૪૦) તરત તેણે ચેલ્લણાને કહ્યું. ત્યારે તેણે કહ્યું કે, 'હું સાથે આવું છું.' ચેલ્લણા રથમાં ચડીને રાજાના ખોળામાં બેસી ગઈ. મણિમોતી, માણિક્યના અલંકારનો ડાભડો હું જેટલામાં લઇને આવું, તેટલી ક્ષણવાર ખોટી થજો. એમ કહીને જેટલામાં સુજ્યેષ્ઠા ભવનના ભંડારમાં પેઠી, તેટલામાં વાર લાગતી હોવાથી રથિક વર્ગ માર્ગે લાગી ગયો. જેટલામાં સુજ્યેષ્ઠા પાછી આવી, તેટલામાં ચેલ્લણા કે શ્રેણિક ન દેખાયા, એટલે તેણે મોટી રાડ નાખી કે ચેલ્લણાનું હરણ થયું, દોડો દોડો. જેટલામાં પરિવાર સહિત ચેટક તેની પાછળ પકડવા જવા તૈયાર થાય છે, તેટલામાં શ્રેષ્ઠવીરના પુત્ર વીરાંગજે વિનંતિ કરી કે, 'હે દેવ ! શત્રુનો ઉચ્છેદ કરીને તરત જ ચેલ્લણા મારે પાછી આણવી. આખી સેના આપની સાથે ભલે જાય. એક રથથી તેની પાછળ પાછળ જવા લાગ્યો. ચેલ્લણાના ચોરને શોધે છે.

અતિસુંદર વીર ચેટકે દુર્ધર બાણ વધ કરવા માટે સાંધ્યું, જોડ્યું. તે એક જ માત્ર બાણ લાગવાથી બત્રીશ રથિકોના (તથા તેમના ઘોડાઓના ) જીવિતનો એક સાથે નાશ કર્યો. આ સમયે શ્રેણિકરાજા સુંરગમાંથી નીકળી ગયો, ત્યારપછી વીરાંગજના ધનુષ્યથી બાણ છૂટ્યું. આ સુરંગમાં એક રથ જાય તેટલો રજ માર્ગ છે. એટલે પેલો સુભટ જેટલામાં પાછો હઠે છે, એટલે તે રથિકના મસ્તકનો છેદ કર્યો (૧૫૦) અને આ રથિક પોતાના પ્રાણ આગળ કરીને પલાયન થયો. શ્રેણિકને આગળ કર્યો. તે સમયે એકદમ અજવાળું થયું, ત્યારે ચેલ્લણાને બોલાવે છે કે, 'હે સુજ્યેષ્ઠે ! તું સાંભળ, તને પ્રાપ્ત કરવારૂપ ફલસિદ્ધિને માટે ઘણું નિષ્ઠુર કાર્ય છે. મને મોટું કષ્ટ થયું છે, છતાં તે અમૃત-સમાન સિદ્ધ થયું છે. ત્યારે તેણે કહ્યું કે, 'હું સુજ્યેષ્ઠા નથી, પણ તેની નાનીબહેન ચેલ્લણા છું. ત્યારે શ્રેણિક કહ્યું કે, 'તું હાથમાં ચડી તો તું જ સુજ્યેષ્ઠા.'

દુર્લભ વલ્લભ પ્રાપ્ત થવાથી ચેલ્લણા મનમાં આનંદ અનુભવવા લાગી, જ્યારે સુજ્યેષ્ઠા વિયોગ-દાવાગ્નિના સંયોગથી દુઃખી થઈ. વળી ચેલ્લણારૂપ જીવન-ઔષધિ પ્રાપ્ત થવાથી શ્રેણિકરાજા સુખી થયો. પરંતુ બત્રીશ સારથી જેઓ સગાભાઈઓ હતા, તેમના મરણથી દુઃખી થયો. મરણથી જેમ જીવને, દુર્જનના વચનથી સજ્જનને જેમ સંતાપ-દુઃખ ઉત્પન્ન થાય છે, તેમ વિષય-સુખ ભોગવવાથી પારાવાર દુઃખ પ્રાપ્તિ થાય છે. ચેલ્લણા સાથે પાણિગ્રહણ વિધિ કરીને તેની સાથે ભોગો ભોગવે છે, જ્યારે સુજ્યેષ્ઠા બેન તો આવા સંવિધાન-પ્રસંગ થવાથી મનમાં જલ્દી વિરક્ત બની. આ ઘરની જંજાળ છોડીને દીક્ષા

લીધી.

## ૯૨. સુલસાનું અડોલ સમ્યકત્વ-

કોઇક સમયે પુત્રોને શોક અલ્પ થયો, ત્યારે શ્રેણિક નાગ સારથીને કહ્યું કે, 'નક્કી તમારા પુત્રો સરખા આયુષ્યવાળા હતા. આ વિષયમાં વસ્તુના પરમાર્થની વિચારણા કરવી. ત્યારે સુલસા શ્રાવિકાના પતિ નાગસારથી કહેવા લાગ્યા કે-મનો-હર શ્રાવક ધર્મમાં અતિનિશ્ચલ ચિત્તવાળી, નિર્ગ્રંથ-પ્રવચનમાં અતિશય પ્રવીણ અને લીનમનવાળી મારી સુલસા નામની પ્રાણપ્રિયા છે. માત્ર તે પુત્ર-ભાંડરણા વગરની હોવાથી મને તે માટે મહા દુ:ખી થાય છે, કુદેવતા, ક્ષેત્રદેવતાદિકને હું આદરથી આરાધતો હતો. જેમ ચંદ્ર વગરનું આકાશ, રાત્રે દીપ વગર જેમ ભવન શોભા પામતું નથી, તે પ્રમાણે કામિનીને પુત્ર વગર વંશ શોભા પામતો નથી. મેં મારી પત્નીને કહ્યું કે, 'પુત્ર વિષયમાં તું કેમ કશો પ્રયત્ન કરતી નથી, હે મૃગાક્ષિ ! તારા ચિત્તમાં પુત્ર સંબંધી કેમ કંઈ ચિંતા થતી નથી. વધારે તને કેટલું કહેવું ? ત્યારે તેણે મને પ્રત્યુત્તર આપ્યો કે, જો પૂર્વે તેવા આપણે શુભ કર્મ કર્યાં હશે, તો અવશ્ય પુત્રપ્રાપ્તિ થશે જ. દેવતાદિકો આપણા પુણ્ય વગર કેવી રીતે આપશે. તો તમે પુત્ર માટે બીજી કન્યા કેમ પરણતા નથી ? ત્યારે નાગે કહ્યું કે, 'મારે તો તારાથી ઉત્પન્ન થએલા પુત્રનું પ્રયોજન છે. હવે તે પુત્રપ્રાપ્તિ અંતરાયકર્મનો પરાજય કરવા માટે જિનેશ્વરે કહેલ આયંબિલ તપકર્મની આરાધના કરે છે.

કોઇક સમયે ઈન્દ્ર મહારાજાએ દેવપર્ષદામાં સુલસાના નિષ્કંપ-નિશ્ચલ સમ્યકત્વની પ્રશંસા આ પ્રમાણે કરી કે, કદાચ સમુદ્રમાં મેરુ પર્વત તરે, મેરુપર્વતની ચૂલા અને મૂળ ચલાયમાન થાય, સૂર્ય પશ્ચિમ દિશામાં ઉદય પદવી પ્રાપ્ત કરે, આ બની શકે, પરંતુ સુલસા પોતાના સમ્યકત્વથી કદાપિ ચલાયમાન ન થાય. એ સાંભળી અશ્રદ્ધા કરનાર સેનાપતિદેવ તેની પરીક્ષા કરવા આવ્યો. સુંદર શરીરવાળો અવધૂત સાધુનું રૂપ ધારણ કરી સુલસાને કહેવા લાગ્યો કે, 'પુત્ર રહિત વલ્લભા ઉપરનો સ્નેહ લાંબા કાળે ઘટી જાય છે, તે કારણે ડગલે-પગલે તેના તરફથી પરાભવ-અપમાન થાય છે. માટે હું કહું તેમ કર, તે માટે મૂળિયું અને રક્ષા-માદળિયું જે મંત્રીને પવિત્ર બનાવેલું છે, તેમજ મંત્રથી પવિત્ર સ્નાનાદિક અનુષ્ઠાન કર. વધારે શું કહેવું ? તેમજ કાલીદેવીની પૂજા અને તર્પણ અર્પણ કરીને પુત્ર સંબંધી માનતા માનીને તેની અભિલાષા રાખ, જેથી તને પુત્ર-પ્રાપ્તિ થાય. આ પ્રમાણે તેનું કથન પૂર્ણ થયું, દેવેન્દ્રોના સમૂહો પણ જેને ચલાયમાન ન કરી શકે, તેવી સુલસા કહે છે કે, મારા મનને લગાર પણ આની અસર થતી નથી, શા માટે આ પ્રમાણે ધૂતે છે ? જેઓ જિનવચનમાં ભાવિત થએલા હોય, દુ:ખસ્વરૂપ ભવની વિડંબના જેંણે જાણેલી હોય,

તેવાઓને જેમ અમૃતમાં વિષ સક્રમ પામી શકતું નથી, તેમ તમારા સરખાનાં વચનો મારા આત્મામાં અસર કરતાં નથી. (૧૭૫)

વળી તેં વિસંવાદી થઇ એમ જણાવ્યું કે, પુત્રરહિતને પતિ સ્નેહ કરતો નથી એ વગેરે, પરંતુ ચક્રવર્તીનાં સ્ત્રીરત્નને કયા પુત્રો હોય છે ? વળી જન્માંતર પામેલા પણ પૂર્વભવના અભ્યાસવાળા પ્રૌઢ પ્રેમવાળાને એકદમ ઉલ્લાપ શબ્દો તેનાં નામ ગર્ભિત વચનો પ્રવર્તે છે. જો રાખડી, દોરા,માદળિયાંઓ પુત્ર જન્માવતા હોય, તો જગતમાં કોઇ પુત્ર વગરનો રહેવા પામે નહિં. વગર ફોગટનો મને ભરમાવ નહિં. વળી જે તેં 'કાળીદેવીને પૂજવી' ઈત્યાદિક કહ્યું, તો કાળીદેવી કોણ છે ? શું સુરા (મદિરા) માંસમાં ગૃદ્ધિ કરનારી એવી શાકિનીમાં દેવીપણું શી રીતે ઘટે ? એક માત્ર જિનેશ્વર અને તેમની છત્ર-છાયામાં રહેલા સાધુ સિવાય બીજા કોઈની પૂજા કે વંદન હું કરતી નથી. શ્રેષ્ઠ હાથી પર ચડેલો મનુષ્ય કદાપિ ગધેડાની પીઠ પર બેસવા ન જાય. પાખંડીઓના દંભથી ભરપૂર એવી તેની વાણી જ્યારે જાણવામાં આવી ગઈ, એટલે તે રૂપ બદલીને કુષ્ઠી સાધુનું રૂપ કરીને ફરી આંગણામાં આવ્યો. સાધુ દેખી અતિતુષ્ટ થએલ તે ઉભી થઈ અને રોમાંચિત થએલા દેહવાળી નમસ્કાર કરીને સાધુને આવવાનું પ્રયોજન પૂછયું. એટલે સાધુ કહે છે કે, 'હે ઉત્તમ શ્રાવિકા ! તારા પુત્રોના પ્રવાસ માટે તેં પાક કરાવ્યા છે. તેમાં ઘણા કિંમતી પકાવેલ તેલની ત્રણ બરણીઓ છે. અમને વૈદ્યે કહેલું છે, તો કુષ્ઠવ્યાધિવાળા સાધુ માટે તેમાંથી એક આપો. અહો ! મારા ઉપર મહાકૃપા કરી મને લાભ આપ્યો. તેલની બરણી જ્યાં તે ગ્રહણ કરે છે, તો તે ભાજન ભાંગી ગયું અને સર્વ તેલ ઢોળી નકામું થયું. એટલે બીજો સીસો લાવી, એટલે તે પણ ફુટી ગયો. ત્રીજાની પણ તેવી જ અવસ્થા થઇ, તો પણ તેના ચિત્તમાં કિંમતી બરણીઓ ફુટી ગઈ તેની લગાર ચિંતા નથી, પરંતુ આ ચિંતાતુર સાધુને કેવી રીતે સારો કરવો ? તેલપાક તો ફરી કરી લેવાશે.

જ્યારે ઇન્દ્રના વચવાનુસાર અકંપિત ચિત્તવાળી સુલસાને જાણી, એટલે તેજસ્વી સુંદર હાર પહેરેલ, જેણે મણિના કુંડલ-મંડળથી કપોલ પ્રકાશિત કરેલા છે એવો દેવ બનીને તે કહે છે કે, 'હે શ્રાવિકા ! તું જગતમાં જયવંતી વર્તે છે. તારું સમ્યક્ત્વ અજોડ છે, તલના ફોતરા જેટલું અલ્પ પણ ચલાયમાન કરી સક્યો નથી. અવધૂત અને સાધુનું રૂપ કરી તારી પરીક્ષા કરવા આવ્યો હતો. ઈન્દ્રની સભાનો વૃત્તાન્ત કહીને તે કરતાં પણ તમે અધિક મસ્તકે ચડાવવા યોગ્ય છો. તમે ભારમાં નિર્મળ નામના તીર્થંકર થવાના છો. તેથી હું વંદના કરું છું, અસાધારણ સમ્યક્ત્વથી પવિત્ર ચિત્તવૃત્તિવાળી ઈન્દ્રથી પ્રાપ્ત થએલ કીર્તિવાળી હે સુલસે ! હરિ-ઇન્દ્ર પણ તમારી સ્તુતિ કરે છે, તેથી તમને નમસ્કાર થાઓ. તુષ્ટમાન તે દેવે બત્રીશ પુત્ર પ્રાપ્ત કરવા સમર્થ બત્રીશ દિવ્ય ગુટિકાઓ આપી અને તે દેવલેકમાં ગયો.

જતાં જતાં દેવે તેને કહ્યું કે, 'હે સુલસે ! હે ઉત્તમ શ્રાવિકા ! ભવિષ્યમાં પ્રવચન-શાસનના કાર્યમાં કોઇ જરૂર પડે, તો મને યાદ કરવો, જેથી હું તરત હાજર થઈશ.' સુલસા વિચારવા લાગી કે, આટલા ઘણા પુત્રોને પાળવા, ઉછેરવા અને દરેક વર્ષે આ પંચાત કેવી રીતે કરવી, તેના કરતાં અખંડ ઉત્તમ ૩૨ લક્ષણયુક્ત એવો મને એક પુત્ર બસ છે. એટલે તે ગુટિકાઓનું ચૂર્ણ કરી સારા દિવસે અને મુહૂર્તે સાકરમાં મિશ્રણ કરી એક વખતે જ તે પાણીમાં પલાળીને પી ગઇ. તો તેના પ્રભાવથી ગર્ભમાં તેટલા બત્રીશ પુત્રો ઉત્પન્ન થયા.

દરરોજ ગર્ભમાં વૃદ્ધિ પામવા લાગ્યા. તે કારણે સુલસાને પેટની અતિશય પીડા થવા લાગી. તે કોઈ એવી પીડા હતી કે, ન જમી શકાય, ન ચાલી શકાય, ન સુઇ શકાય, સતત રુદન કરવા લાગી. વિચારવા લાગી કે, 'પુત્રના લોભથી મને સર્યું. આમાં તો મારા પ્રાણની પણ કુશળતા ન રહી. એટલે ઇન્દ્રના સેનાપતિ હરિણેગમેષીનું પ્રણિધાન કરી સ્મરણ કર્યું. ત્યાં આગળ તે દેવે પ્રગટ થઇને કહ્યું કે, આ તો તેં અવળું કાર્ય કર્યું. અતિસરલ પોતાની કલ્પનાથી વિચારીને આ તેં શું કર્યું ? બત્રીશ ગુટિકા હોવાથી તને બત્રીશ પુત્રો ગર્ભમાં ઉત્પન્ન થયા છે, ભવિષ્યમાં તેમનું મૃત્યુ પણ સાથે જ થશે. મહાપીડાને દૂર કરીને દેવ ગયો. તે પણ ગર્ભ પાલન કરે છે. દિવસો પૂર્ણ થયા, એટલે બત્રીશ પુત્રો જન્મ્યા. (૨૦૦) મોટા થયા એટલે તે બત્રીશે ય પુત્રો આપવા સૈનિક-અંગરક્ષકો થયા કે, જેઓએ સ્વામિના કાર્ય માટે મસ્તક કાપીને પોતાનું જીવન સફળ કર્યું. પ્રણામ કરતા મંત્રી-સામંતોના મસ્તક-સમૂહ જેમના પાદપીઠમાં મળીને નમન કરે છે, એવા હે સ્વામિ ! આ કારણથી મેં પુત્રોનાં આયુષ્યો સમાન હતાં, તે કારણ આપને નિવેદન કર્યું.

## ૬૩. પિતાનો વેરી કોણિક પુત્ર કેમ થયો ?

પિતા પ્રત્યે વૈરભાવનાથી વાસિત કોણિક કેવી રીતે થયો ? અને તે ચેલ્લણા રાણીનો પુત્ર કેમ થયો ? તે માટે કંઇક કહીશું. કોઇક સીમાડા નગરમાં સિંહ રાજાનો સુમંગલ નામનો યુવરાજ હતો. તેનો સેવક મંત્રીનો સેનક નામનો પુત્ર હતો. ટોપરા સરખા કાનવાળો, અતિમોટા પેટવાળો, કોલ-ઉંદર સમાન કાળા વર્ણવાળો, ચીબા નાકવાળો, કોદાળા સરખા લાંબા દાંતવાળો, ત્રીકોણ મસ્તકવાળો કદ્રૂપો હોવાથી તે બિચારાની હંમેશાં મશ્કરી કરે, ટોળે મળીને બધા માર મારતા હતા. આ કારણે તેને વૈરાગ્ય આવ્યો અને અજ્ઞાન-(બાલ) તપસ્વી થયો. યુવરાજ હવે મહારાજા થયો.

કોઈક સમયે રાજવાટિકાએ રાજા નીકળ્યા છે, ત્યારે તીવ્ર તપસ્યા કરનાર તે બાલતપસ્વીને જોયા. તેના પ્રત્યે બહુમાનવાળો થયો, મેં પહેલા તમને ઘણા પરેશાન કરી દુઃખ આપ્યું હતું, નજીક આવી, પૂજા કરી પ્રણામ પૂર્વક પ્રાર્થના કરી કે-'હે પ્રભુ ! આ

માસક્ષમણના પારણાનું પર્વ મારા આંગણે આવીને આપે પ્રગટ કૃપા કરવા પૂર્વક પધારવું. તપસ્વીએ આમંત્રણ સ્વીકાર્યું. પારણાનો દિવસ જ્યારે આવ્યો, તે સમયે રાજા રોગથી ઘેરાયો. એટલે દૂરથી જ દ્વારપાળે તેને કાઢી મૂક્યો. દુભાએલા મનવાળો પાછો સ્થાને ગયો અને ત્યાં બીજા માસખમણના ઉપવાસ શરુ કર્યા. રાજા નિરોગી થયો, તપાસ કરી તો ફરી ઉપવાસ શરુ કર્યા, ત્યાં જઇ પોતાના અપરાધની ક્ષમા માગી તે જ પ્રમાણે પ્રાર્થના કરી, સ્વીકારી અને પારણાના દિવસે તાપસ પારણા માટે રાજમંદિરમાં ગયા. રાજાને ત્યાં પુત્રજન્મ થયો હોવાથી લોકો પ્રમોદ-આનંદોત્સવમાં વ્યાકુલ બન્યા. જ્યારે તપસ્વી આગળ ઉભેલા છે, તો પણ કોઈ આવકાર આપતા નથી કે બોલાવતા નથી એટલે ભોંઠા પડેલા તપસ્વી નિસાસો નાખીને ત્યાંથી બહાર નીકળ્યા. તે જ પ્રમાણે ફરી તપ-અનુષ્ઠાન સેવન કરવા લાગ્યા. ફરી જઇને ખમાવીને રાજાએ વળી પારણાની પ્રાર્થના કરી. પારણાના દિવસે ત્રીજા માસક્ષમણના પારણે રાજાના આંગણામાં તપસ્વી ગયા. આજે કોઇક ખૂનીના કારણે ક્ષુબ્ધ થએલા રાજા પારણાની ચિંતાથી વિમુક્ત બન્યો.

હવે તપસ્વી તીવ્રકોપાગ્નિના સંગયુક્ત-માનસથી ચિંતવવા લાગ્યો કે, હજુ સુધી પણ આ મને વિડંબના પમાડતો હોવાથી આગળ માફક વેર રાખે છે. આવી રીતે તેની વિડંબનાથી હું વૈરાગ્ય પામ્યો, તાપસવ્રત ગ્રહણ કર્યું, તો પણ દુષ્ટાત્મા મારી પૂંઠ છોડતો નથી. આ તપના ફળથી નક્કી હું તેના વધ માટે જન્મ ધારણ કરીશ. નિયાણું કરી તે અલ્પઋદ્ધિવાળો વ્યંતર દેવ થયો. તે રાજા પણ તાપસ થઇને મરી વ્યંતર થયો અને તે પ્રથમ જન્મીને શ્રેણિક રાજા થયો. સેનકનો જીવ વ્યંતરમાંથી ચ્યવીને તે સમયે ચેલ્લણાના ગર્ભમાં આવ્યો. ગર્ભના પ્રભાવથી ચેલ્લણાને આ પ્રમાણે ચિંતા ઉત્પન્ન થઈ. આ શ્રેણિક-શત્રુને મારા નેત્રોથી ન દેખું, અથવા દાંતાળી કરવતથી તેને કાપીને ખાઈ જાઉં. તેથી ચેલ્લણા તે ગર્ભનો નાશ કરવાના, પાડવાના, પીડાના ઉપાયો કરવા છતાં તેને કંઇ અસર ન થઈ. સાતમા મહિને પણ તે ગર્ભ કુશળ રહ્યો મહિને મહિને તેને અશુભ દોહલા ઉત્પન્ન થવા લાગ્યા. તે આ પ્રમાણે-'શ્રેણિકના લોહી વહેતા આંતરડાનું હું ભક્ષણ કરું.' જ્યાં સુધી આ દોહલો પૂર્ણ થતો નથી, ત્યાં સુધી ચેલ્લણાનું શરીર ક્ષીણ થતું જાય છે. સર્વ અંગો સળીની ઉપમા લાયક નાના ગર્ભ સરખા બની ગયા. રાજાએ પૂછયું કે, 'કેમ ઝુરાય છે ? તારા દેહમાં હે દેવી ! કંઇ દુઃખ છે ?' રાજાએ ઘણો આગ્રહ કર્યો ત્યારે રુદન કરતી કહે છે કે, 'નિર્ભાગિણી હું એવો વિચાર કરું છું કે, 'તમારા લોહી વહેતા આંતરડાનું ભક્ષણ કરું.' રાજાએ કહ્યું કે, 'હે દેવી ! તું દુઃખ ન લગાડ, આજે જ તે માટે પ્રયત્ન કરીશ.

રાજાએ એકાંતમાં આ વાત અભયને જણાવી. તેણે પણ મૃગલાનું માંસ મંગાવી

અલતાનો ઘણો પાતળો રસ તેના પર ચોપડાવીને શ્રેણિક રાજાના પેટ ઉપર પાટો સજ્જડ મજબૂત બંધાવી આ પ્રમાણે ચેલ્લણા પાસે આસન સ્થાપીને પટ્ટને ઉઠાવીને છરીથી કાપીને કહે છે કે, 'હે પ્રાણપ્રિયે મારા તરફ નજર કર, છરીથી પેટ કાપીને સિત્કાર કરતો કાપી કાપીને માંસ આપે છે, લાક્ષારસ ચોપડેલ હોવાથી તે પણ સારો સંતોષ પામીને સ્વાદપૂર્વક ખાય છે. રાજાને કેટલું દુઃખ થતું હશે એમ સંભાવના કરીને એકદમ મૂર્છા પામી. સંરોહિણી ઔષધિથી આ પ્રહારની રુઝ હમણાં લાવીશ એ પ્રમાણે ધીરજ આપીને- ચેલ્લણાને સંતોષ પમાડીને રાજા ત્યાંથી નીકળી ગયો. હજુ ગર્ભમાંથી બહાર આવ્યો નથી, તો પણ જેનો આવો પ્રભાવ ચાલુ થયો છે, જરૂર આ પિતાનો વૈરી હોવો જોઇએ, માટે દૂરથી જ આનો ત્યાગ કરવો ઉચિત છે.

દેવીએ ઘણા દુઃખ સાથે પુત્રને જન્મ આપ્યો. દાસીએ રાજાને વધામણી આપી, તો તેને અંગ પર રહેલાં આભૂષણો આપ્યાં. લાંબાકાળના ગાઢ પ્રેમના મર્મને ઉચ્છેદ કરવામાં આ ગર્ભ અતિઉત્કટ છે, એમ માની ચેલણાએ તે બાળકનો તરત ત્યાગ કરાવ્યો. હવે શ્રેણિક પુત્રના દર્શનની આશાએ પ્રસુતિ ઘરે આદરથી આવી પહોંચ્યો અને કહ્યું કે, 'પુત્રનું મુખ મને બતાવો.' દેવીએ કહ્યુ કે, 'મેં તેનો ત્યાગ કર્યો છે, એટલે તે પંચત્વ પામ્યો હશે. ભયંકર ક્રોધથી ભ્રૂકુટીયુક્ત ભાલ કરીને રાજા કહે છે-'અરેરે ! ગર્ભથી તત્કાલ જન્મેલો બાળક જે હજુ પાકો થયો નથી, એટલામાં તરત ત્યાગ કરવો ત યુક્તિયુક્ત નથી. તો હે પાપે ! લક્ષણ વગરની એક માત્ર ક્ષણાર્ધમાં તને આવું પાપ કરવાનું સુજ્યું ? મારા વંશમાં હજુ કેટલા પુત્રો થયા છે, તે કહે. ભયંકર થએલા રાજાએ દાસીઓને ક્રોધથી કહ્યું કે, હે દાસીઓ ! પુત્ર બતાવો, તમે એને ક્યાં રાખ્યો છે ? નહિતર કાન, નાક નાશ કરીને તમારું જીવિત પણ નાશ કરીશ. એક વૃદ્ધદાસીએ બાળકની કરુણા અને રાજાના ભયથી કિરણોના સમૂહરૂપ ચંદ્રિકાથી પ્રકાશિત અશોકવનમાં રહેલા બાળકને વજ્રરત્નના ટૂકડા 'અશોકચંદ્ર' તેનું નામ સ્થાપન કર્યું. કારણ કે, અશોકવૃક્ષની છાયામાં સ્થાપન કરેલ અને રાજાએ ત્યાંથી તેને પ્રાપ્ત કરેલ. આ નામથી પ્રસિદ્ધિ પામ્યો હતો, પરંતુ લોકોમાં તો તેની આંગળી કૂકડાએ ખાધી અને ટૂંકી કરેલી હોવાથી 'કોણિક' તરીકે બોલાતો હતો.

હવે ઉજ્જેણી નગરીથી પ્રદ્યોત આવીને કોઇક વખતે ઘણી સેના-સામગ્રીથી શ્રેણીકને ઘેરવા નીકળ્યો. ઘણો ભય પામેલા રાજાને અભયે કહ્યું કે,તમે તેના મોટા સૈનિક-સમુદાયથી ભય ન પામશો. તેને હું ભગાડી મૂકીશ.' તે બીજા ખંડિયા રાજાઓ સહિત આવે છે, એમ જાણીને તે સમગ્ર રાજાઓ કયાં પડાવ કરવાના છે, તે અભય જાણતો હેવાથી તેઓ હજુ અહિં આવી પહોંચ્યા નથી, તે પહેલાં તે ભૂમિમાં નિધાનના કળશો દટાવે છે. હવે જેવા તે

ખંડિયારાજા પોત-પોતાના સ્થાનમાં સ્થાન જમાવીને રહેલા છે. એટલામાં શ્રેણિક રાજાને પ્રદ્યોતની સાથે અતિમહાન યુદ્ધ થયું. ત્યારપછી કોઈક દિવસે અભયકુમાર મહામંત્રીએ તેની બુદ્ધિનો ભેદ કરાવવા માટે પ્રદ્યોત રાજાને એક લેખ મોકલ્યો, તમારા સર્વ ખંડિયા રાજાઓને શ્રેણિકરાજાએ લાલચ આપીને ફોડી નાખેલા છે, આ વાત તદ્દન સાચી છે. એ સર્વે એકઠા મળીને નક્કી તમને શ્રેણિકને અર્પણ કરશે. આ વાતમાં શંકા હોય તો અમુક રાજાના પડાવમાં(૨૫૦) અમુક સ્થાને ખોદાવીને તપાસ કરાવજો.' તે ખોદાવ્યું તો સોનામહોર ભરેલા કળશો જોયા એટલે પ્રદ્યોત એકદમ પલાયન થવા લાગ્યો.

અગ્નિથી વૃક્ષો બળી જાય અથવા ખડી જાય, પરંતુ પાણીના પ્રવાહમાં તો મૂળમાંથી ચાલ્યા જાય, તેમ નિર્મલ બુદ્ધિથી શત્રુઓ પણ મૂળમાંથી ઉખડી જાય છે. તેના માર્ગને અનુસરનારા રાજાને શ્રેણિકે પોતાના હાથથી વેરવિખેર કર્યા. ઉજ્જેણી નગરીએ આ રાજાઓ પહોંચીને પ્રદ્યોતને સાચી પ્રતીતિ કરાવે છે કે, 'હે સ્વામી ! આ પ્રપંચ અમે નથી કર્યો, પરંતુ આ સર્વ કરાવનાર અભયની બુદ્ધિ છે. જ્યારે નિશ્ચય થયો, ત્યારે કોઇક સમયે પ્રદ્યોત રાજા સભામાં કહે છે- 'એવો કોઈ બુદ્ધિશાળી છે કે, જે અભયને મારી પાસે લાવે.' તે વાતનું બીડું એક ગણિકાએ ઝડપ્યું અને કહ્યું કે, 'તે માટે માગું તે સગવડ આપો.' તો રાજાએ માગણી પ્રમાણે મધ્યમ વયની સાત વેશ્યાઓ તેમજ સહાયક તરીકે મોટીવયના પુરુષો આપ્યા. વળી ઘણું શંબલ-ભાતુ આપ્યું, સાધ્વી પાસે જઈને કપટ શ્રાવિકાનો અભ્યાસ કર્યો. શહેર, નગર ગામ વગેરે યાત્રાસ્થળે ભ્રમણ કરવા લાગી. દરેક સ્થળે દેવોને વંદન અને ખાસ કરીને જેજે નગરમાં મુનિઓ-શ્રાવિકો હોય, ત્યાં ત્યાં જાય. ઘણી પ્રસિદ્ધિ પામી.

## ૯૪. અભય અને કપટી વેશ્યા શ્રાવિકાઓ-

ક્રમે કરી રાજગૃહમાં પહોંચી. બહારના ઉદ્યાનમાં ઉતરી, નગરનાં ચૈત્યોની ચૈત્યપરિપાટી કરવી શરુ કરી. ઘર-ચૈત્યની પારિપાટીમાં અભયકુમારના ઘર-મંદિરમાં પ્રવેશ કરતાં 'નિસીહિ' મોટા શબ્દથી બોલવાપૂર્વક વિધિથી ગૃહ-પ્રવેશ કરતી વખતે આભૂષણો પણ છોડી દીધાં. તેમને જોઇ અભયે ઉભા થઈ આનંદ પામી કહ્યું કે, 'નિસીહિ કરનાર શ્રાવિકાનું સ્વાગત કરું છું.' ગૃહ-ચૈત્યો બતાવ્યાં, ત્યાં દેવવંદન કર્યું. ત્યારપછી અભયને પણ નમીને ક્રમસર આસન ઉપર બેઠી. તીર્થંકર ભગવંતોના જન્માદિક કલ્યાણક ભૂમિઓને વિનયથી નમાવેલા શરીરવાળી, જિન પ્રતિમાઓને મહાવિનય પૂર્વક વંદન કરે-કરાવે છે. 'તમે ક્યાંથી આવો છો અને કોણ છો ? તેના પ્રત્યુત્તરમાં કહે છે કે-અમે અવંતિમાં અમુક વણિકની ભાર્યાઓ છીએ. તેમનું મૃત્યુ થવાથી અમોને વૈરાગ્ય થયો છે, અમારે દીક્ષા

લેવાની હોવાથી ગામે ગામ અને તીર્થે તીર્થે જઈ ચૈત્યોને વંદન અને યાત્રાઓ કરીએ છીએ. દીક્ષા લીધા પછી પઠનાદિ કાર્યમાં વિક્ષેપ થાય, તેથી તીર્થયાત્રાઓ કરી શકાતી નથી.'

અભયને તે શ્રાવિકાઓ પ્રત્યે અતિશય સાધર્મિક ભક્તિ-ભાવ ઉત્પન્ન થયો અને કહ્યું કે, 'આજે તો તમે અમારા પરોણા થાવ. ત્યારે જવાબ આપ્યો કે, આજે તો અમારે કલ્યાણકનો ઉપવાસ છે. ત્યારપછી લાંબો સમય બેસી મધુરી વાતો કરીને પોતાના સ્થાનકે ચાલી ગઇ. અભય તેમના ગુણોથી પ્રભાવિત થયો, બીજા દિવસે અભયકુમાર પ્રાતઃકાળે ઘોડા ઉપર આરૂઢ થઈને એકલો જ તેમની સમીપે ગયો. કહ્યું કે, મારે ઘરે આવીને પારણું કરો, ત્યારે તેઓએ અભયને કહ્યું કે, 'તમે જ અહિં પારણું કરો.' અભય વિચારવા લાગ્યો કે, 'જો હું અહિં નહિ વાપરીશ, તો તેઓ નક્કી મારે ત્યાં નહિં આવશે.' એમ ધરીને તેમના આગ્રહથી ત્યાં ભોજન કર્યું. તે સમયે આ ગણિકાઓએ જેનાથી ભાન ભૂલી જવાય, અનેક દ્રવ્યો જેમાં એકઠાં કરેલાં છે, એવું મદિરાપાન કરાવ્યું. ઉંઘી ગયો, એટલે અશ્વો જોડેલા રથમાં જલ્દી પલાયન કરાવ્યો. બીજા પણ ઘણા રથો થોડા થોડા ગાઉના આંતરે સ્થાપન કરેલા હતા. એમ રથ-પરંપરાથી ઉજ્જેણીમાં અભયને લાવીને ગણિકાએ સ્વામીને અર્પણ કર્યો. તેને અભયે કહ્યું કે, 'આમાં તમારું પાંડિત્ય કયું ગણાય કે, ધર્મનો છલ-પ્રપંચ કરીને અતિશય મહામાયા કરીને મને ઠગ્યો, તેવી માયાથી તો જગત ઠગાઈ રહેલું જ છે. જે માટે કહેવાય છે કે-"જે અમાનુષી-જાનવરની જાતવાળી એવી સ્ત્રીઓને વગર શીખવે પણ ચતુરાઇ દેખાય છે, તો પછી જે ભણાવેલી, કેળવેલી, પ્રતિબોધેલી હોય, તે માટે તો વધારે શું કહેવું ? કોયલ સ્ત્રીઓ આકાશમાં ઉડવા પહેલાં પોતાનાં બચ્ચાઓને (કાગડી) બીજા પક્ષીઓની સાથે પોષવા માટે રાખે છે, જ્યાં તે પોષાય છે.

સંકટના સમયમાં પોતાની નવી મતિને ચીકણી બનાવનારી મહિલા સ્વભાવથી જ ચાણક્યના વક્ર-છેતરવાના ભાવથી ચડિયાતી છે. હરિએ કામિની (મોહિની) નું રૂપ કરીને ગૌરીનું હરણ કરનારને હર (મહાદેવ) ની કરુણાથી બાળ્યો હતો. તેના સરખી સ્ત્રીઓ હોય છે, તો શું કહીએ ? આ પ્રમાણે કપટથી અને તે પણ ધરમકપટથી લાવવામાં તમારી પંડિતાઇ ખુલ્લી થાય છે, તે વગેરે અભયે કહ્યું. ત્યારપછી તેઓએ અભયને તેવા તેવા વચનથી બાંધી લીધો કે, જેથી પોતાના રાજ્યમાં જવા માટે એક ડગલું પણ ન ભરી શકે.

શ્રેણિકની ભાણેજ અને વિદ્યાધરપુત્રી જેનાં લગ્ન પૂર્વે અભય સાથે થએલાં હતાં, તે અત્યારે શિવાદેવી પાસે તેનાં વિધિ-વિધાન સાચવવા રહેલી હતી. કોઈક શોકયોએ તેના ઉપર ખોટાં આળ ચડાવવાથી કાઢી મૂકેલી, જેથી ત્યાં શિવાદેવી પાસે રહેલી હતી. હવે શંકા દૂર થવાથી અભયકુમાર તેની સાથે ઘણા લાંબા સમય સુધી રહેલો છે.

(આ હકીકત વિસ્તારથી ઉપદેશપદના ગૂર્જરાનુવાદ પત્ર ૧૨૭માંથી જોઇ લેવી.)

ત્યાં નિવાસ કરતા એવા અભયકુમારે અવંતી રાજા પાસેથી ચાર વરદાન પ્રાપ્ત કર્યાં હતાં, તે હાલ રાજા પાસે થાપણરૂપે રાખી મૂકેલાં હતાં.

લેખવાહક-દૂત લોહજંઘના શંબલમાં લાડવામાં એવાં દ્રવ્યો મિશ્રિત કરી યોગચૂર્ણ નાખેલું અને તેથી દૃષ્ટિવિષ સર્પ ઉત્પન્ન થયો છે, તે અભયકુમારે કહી આપ્યું, જેથી પ્રથમ વરદાન ચંડપ્રદ્યોતે આપ્યું. અનલગિરિ હાથી તેના બાંધવાના સ્તંભથી છૂટી ગયો અને અતિમદોન્મત્ત થવાથી પાછો કબજે આવતો ન હતો. રાજાએ અભયને પૂછ્યું કે, 'આ વિષયમાં શું કરવું ? ત્યારે જણાવ્યું કે, ભદ્રવતી હાથણી ઉપર આરૂઢ થએલ વાસવદત્તાપુત્રી સહિત વત્સરાજ ગાયન કરે, તો તે હાથી વશ કરી શકાય તે પ્રમાણે કર્યું. તે પ્રમાણે ગાતાં ગાતાં હાથથી પકડીને હાથી બાંધવાના સ્તંભ પાસે હાથીને લાવ્યા, એટલે બીજું વરદાન મળ્યું. વાસવદત્તાને ગીત શીખવવા માટે ઉદાયનને બનાવટી હાથીના પ્રયોગથી ઉજ્જેણીએ લાવ્યા. જેવી રીતે પડદામાં રાખી સંગીત શીખવતો હતો. અંધ છે, બરાબર શીખતી કેમ નથી ? 'તું કુષ્ઠી છો' પડદો ખોલી એકબીજાની દૃષ્ટિઓ એકઠી થઈ, સ્નેહવાળા થયા પછી અનલગિરિ હાથીને વશ કરી ભદ્રવતી હાથણી ઉપર બેસીને પોતાને ઘરે ગયો. જેવી રીતે કૌશાંબી નગરીએ ગયો, તે વિશેષ અધિકાર (ઉપદેશપદ વગેરે) અન્ય ગ્રન્થોથી જાણી લેવો. જતાં જતાં તેણે આ પ્રમાણે કહ્યું, તે જાણવું. 'કાંચનમાલા, વસંતક, ઘોષવતી, ભદ્રવતી હાથણી, વાસવદત્તા અને ઉદાયનની સાથે જાય છે.'

કોઇક સમયે ઉજ્જેણીમાં રાક્ષસી અગ્નિ ઉત્પન્ન થયો. કે જે પત્થર, ઇંટ પણ બાળી મૂકતો હતો. આ પ્રમાણે ભયંકર નગર-દાહ ઉત્પન્ન થયો. રાજા વિચારે છે કે, 'અત્યારે અહિં કેવો અશુભ ઉપદ્રવ આવી પડ્યો છે. અભયને પૂછ્યું કે, 'આ ઉપદ્રવ-વિનાશનો શો ઉપાય ? ત્યારે અભયે કહ્યું કે, 'જાણકાર લોકોનું એવું કથન છે કે, લુચ્ચા પ્રત્યે લુચ્ચાઇ, ઝેરનું ઔષધ ઝેર, ઠંડીથી પીડાએલાને જેમ અગ્નિ તેમ અગ્નિનો શત્રુ અગ્નિ જાણવો. બીજો જુદી જાતનો અગ્નિ પ્રગટ કર્યો, એટલે તે પ્રયોગથી અગ્નિ ઓલવાઇ ગયો. આ પ્રમાણે રાજા પાસેથી ત્રીજું વરદાન પ્રાપ્ત થયું.

એક વખત ઉજ્જેણીમાં ભયંકર રોગચાળો ઉત્પન્ન થયો. જ્યારે અભયને ઉપાય પૂછ્યો, ત્યારે તેવો પ્રત્યુત્તર આપ્યો કે, 'અંતઃપુરની બેઠક સભામાં શૃંગાર પહેરેલા દેહવાળી અને વસ્ત્રાભૂષણથી સજ્જ થએલી સર્વ રાણીઓ તમારી પાસે આવે અને જે કોઈ તમને પોતાની દૃષ્ટિથી જિતે, તે મને જણાવો. તે પ્રમાણે કરતાં શિવાદેવી સિવાય સર્વ રાણીઓએ નીચું મુખ કર્યું. એટલે રાજાએ અભયને કહ્યું કે, 'તારી નાની શિવાદેવી માતાએ જિત્યા એટલે

અભયે કહ્યું કે, 'એક આઢક પ્રમાણ બલિ ગ્રહણ કરી, વસ્ત્રરહિતપણે રાત્રે તે કોઇક ગવાક્ષ આદિ સ્થળમાં ભૂત ઉભું થાય, તેના મુખમાં બલિ-કૂર ફેંકે.' તેમ કર્યું એટલે અશિવ-ઉપદ્રવ શમી ગયો. ત્યારે ચોથું વરદાન મેળવ્યું. અભયે વિચાર્યું કે, પારકા ઘરે કેટલા દિવસ સુધી રોકાઇ રહેવું ?

હવે આગળ વરદાનોની થાપણ રાખેલી તે રાજા પાસે માગે છે. તે આ પ્રમાણે- 'અનલગિરિ હાથી પર આપ મહાવત બનો, અગ્નિભીરુ રથમાં લાકડાં ભરીને શિવાદેવીના ખોળામાં બેસી હું અગ્નિમાં પ્રવેશ કરું.' આવી મારી છેલ્લી ઇચ્છા છે, તો આપેલા વચનનું કરો. હવે પ્રદ્યોતે વિચાર્યું કે, અભય પોતાના સ્થાને જવા ઉત્કંઠિત થયો છે. એટલે મોટા સત્કાર કરવા પૂર્વક અભયને વિસર્જિત કર્યો.(૩૦૦) ત્યારે અભયકુમારે કહ્યું કે-

'તમે મને ધર્મના બાને કપટથી અહીં આણ્યો છે, જો હું દિવસના સૂર્યની સાક્ષીએ બૂમ-બરાડા પાડતા તમને નગરલોક-સમક્ષ બાંધીને અભય નામને જાહેર કરતો ન હરી જાઉં, તો મારે અગ્નિમાં પ્રવેશ કરવો.' આવી પ્રતિજ્ઞા કરીને રાજગૃહમાં પહોંચ્યો. કેટલાક દિવસ ત્યાં રોકાઇને પછી સમાન આકૃતિવાળી બે ગણિકા-પુત્રીઓને સાથે લઇને વેપાર કરવા કેટલુંક કરિયાણું સાથે લઈને વેપારીનો વેષ ધારણ કરીને ઉજ્જેણીમાં અપૂર્વ દુર્લભ પદાર્થોનો વેપાર શરુ કર્યો. રાજમહેલના માર્ગે રહેવાનો એક બંગલો રાખ્યો. પ્રદ્યોત રાજાએ કોઈક દિવસે વિશેષ પ્રકારે વસ્ત્રાભૂષણની સજાવટ કરેલી તે બંને સુંદરીઓને ગવાક્ષમાં રહેલી દેખી. વિશાળ ઉજ્જવળ પ્રસન્ન દૃષ્ટિથી બંનેએ રાજા તરફ દૃષ્ટિ કરી. તેના ચિત્તને આકર્ષવા માટે મંત્ર સમાન બે હાથ જોડી અંજલિ કરી. તેના તરફ આકર્ષાએલો તે રાજા પોતાના ભવન તરફ ગયો. પરસ્ત્રી-લોલુપતાવાળા રાજાએ તેમની પાસે દૂતી મોકલી. કોપાયમાન થએલી એવી તે બંનેએ દાસીને હાંકી કાઢતાં કહ્યું કે, 'રાજાનું ચરિત્ર આવું ન હોઈ શકે.' ફરી બીજા દિવસે દાસી આવી પ્રાર્થના કરવા લાગી. તો રોષવાળી તેમણે તિરસ્કાર કર્યો. અને પછી કહ્યું કે-'આજથી સાતમાં દિવસે અમારા દેવમંદિરમાં યાત્રા મહોત્સવ થશે, ત્યાં અમારો એકાંત મેળાપ થશે, કારણ કે, 'અહિં અમારું ખાનગી રક્ષણ અમારા ભાઈ કરે છે.'

હવે અભયકુમારે પ્રદ્યોતરાજા સરખી આકૃતિવાળા એક મનુષ્યને ગાંડો બનાવીને લોકોને કહ્યું કે, 'આ મારો ભાઈ દૈવયોગે આમ ગાંડો બની ગયો છે, હું તેની દવા-ઔષધી-ચિકિત્સા કરાવું છું, બહાર જતાં રોકું છું, તો પણ નાસી જાય છે. વળી રડારોળ કરતા ઉંચકીને તેને પાછો લાવું છું. 'અરે ! હું ચંડપ્રદ્યોત રાજા છું. આ અભયવેપારી મારું હરણ કરે છે.' એ પ્રમાણે લોકોને વિશ્વાસમાં લીધા. સાતમા દિવસે તે ગણિકા-પુત્રીઓએ દૂતી

મોકલાવીને એમ સંદેશો કહેવરાવ્યો કે, 'રાજાએ મધ્યાહ્ન સમયે અહિં એકલાએ જ આવવું.' કામાતુર રાજા પરિણામનો વિચાર કર્યા વગર ગૃહગવાક્ષની ભિત્તિ દ્વારા આવ્યો. આગળથી કરેલી ગોઠવણ પ્રમાણે મજબૂત પુરુષોએ તેને સખત બાંધ્યો. પલંગમાં સૂવરાવી દિવસના સમયમાં જ બૂમ પાડતો હોવા છતાં અભયે કહ્યું કે, 'આ ગાંડા ભાઈને વૈદ્યની શાળામાં લઇ જાઉં છું.' એ પ્રમાણે અસંબંધ બોલતા રાજાને વાયુ સરખી ગતિવાળા અશ્વો જોડેલા રથમાં બેસારીને જલ્દી રાજગૃહમાં પહોંચાડ્યો. શ્રેણિકરાજા તરવાર ઉગામીને તેના તરફ મારવા દોડે છે, ત્યારે અભયે તેમને રોક્યા. 'ત્યારે શું કરવું ? એમ પૂછતાં કહ્યું કે, 'આ મહાપ્રભાવક અને ઘણા રાજાઓને માનનીય છે. ' માટે સારો સત્કાર કરીને તેમને તેમની નગરીમાં પહોંચાડવા. તેમ કરવાથી બંનેનો સ્નેહ વૃદ્ધિ પામ્યો. રાજ્યકોષની વૃદ્ધિનો ઉધમ કરતા અભયકુમારના દિવસો પસાર થતા હતા.

કેટલાક દિવસ પછી લોકોનાં નેત્રોને ચંદ્ર સરખા આલ્હાદક એવા હલ્લ-વિહલ્લ નામના જોડલા પુત્રો ચેલ્લણાને જન્મ્યા. મોટા થયા પછી તે બંને પુત્રો પિતાની સાથે રાયવડીએ જાય, ત્યારે અતિસુંદર વસાણા મિશ્રિત ઘીથી ભરપૂર મધુર રસ-આસ્વા-દવાળા, ગુણ-શરીરપુષ્ટિ કરનાર, ઉત્તમ સાકરથી બનાવેલા લાડુઓ અને બીજા ખાદ્ય-પદાર્થો સવારે નાસ્તો કરવા માટે માતા મોકલતી હતી, જ્યારે બીજા કોણિક માટે તો સ્નેહરહિત ચિત્તથી સ્વાદ વગરના ઓછા ઘીવાળા અલ્પગોળવાળી સુખડી વગેરે અનાદરથી મોકલાવતી હતી. એટલે પિતાના વૈરાનુભાવથી કોણિકે વિચાર્યું કે, આમ પિતાજી જ કરાવે છે. પિતાને કંઈપણ કરવા અશક્તિમાન્ ખરાબ મનવાળો પિતા ઉપર રોષ વહન કરતો હતો. હવે કોઈક દિવસે શ્રેણિકરાજાએ રાજ્યલક્ષ્મી અભયને આપવાનો વિચાર કર્યો. (૩૨૫) અભયકુમાર તો જિનેશ્વર ભગવંતે કહેલી દીક્ષા ગ્રહણ કરવાના મનવાળો હતો. તેથી ભગવંતને પૂછ્યું કે, 'હે ભગવંત ! આ ભરતક્ષેત્રમાં મુગુટ, અલંકાર ધારણ કરનાર રાજાઓ સાધુપણું અંગીકાર કરશે ? ભગવંતે તેને કહ્યું કે, તેવા છેલ્લા રાજર્ષિ ઉદાયન રાજા થશે. તો પ્રાપ્ત થતા રાજ્યનો ત્યાગ કરી પ્રવ્રજ્યા લેવાનો ઉદ્યમ કરવા લાગ્યો. પરંતુ શ્રેણિકરાજા અભયને દીક્ષાની અનુમતિ હજુ આપતા નથી.

એક વખત શ્રેણિક અંતઃપુર સહિત, ભગવંતને વંદન કરવા માટે ગયા. પાછલા દિવસે પાછા ફરતા હતા, ત્યારે માર્ગમાં ચેલ્લણાએ નદીના કિનારા ઉપર ઠંડીના દિવસોમાં કાઉસ્સગ્ગ-ધ્યાને રહેલા એક અતિતીવ્ર તપ તપતાં ઉત્તમ તપસ્વીને જોયા. રાત્રે શ્રેણિકની શય્યામાં સૂતેલી ચેલ્લણાની એક બાહુલતા ગોદડાની બહાર કોઈ પ્રકારે રહી ગએલી અને ઠંડી થઇ ગઇ. સખત ઠંડી ઋતુમાં પવનની લેરોથી તેનો હાથ ખડા રૂવાડાવાળો થઈ ધ્રૂજવા લાગ્યો. ત્યારે દિવસે દેખેલ ઉઘાડા તપસ્વીને યાદ કરી બોલવા લાગી કે, 'તેમનું નદી-

કિનારે શું થતું હશે ? આ શબ્દો સાંભળીને શ્રેણિકરાજા વિચારે છે કે, 'આનો પ્રેમી કોઇ પરપુરુષ હોવો જોઈએ. અરે ! દુર્જનના ચરિત્ર માફક સ્ત્રીઓનાં ચરિત્રને ધિક્કાર થાઓ. સુખેથી મધ સરખું મીઠું વચન બોલનારી હોય, પરંતુ હૃદયમાં તો મહાભયંકર સર્પની દાઢાના સખત ડંખ સરખી હોય છે. સંતાપ આપનાર સંસારમાં કંઇકને વિશ્રાંતિનું સ્થાન હોય તો સ્નેહાળુ પત્નીઓ હોય છે, પરંતુ કોપાયમાન સર્પના ફણાની ભયંકર આકૃતિ સરખી એવી તે સ્ત્રીઓથી સર્યું. તુચ્છ સ્વભાવવાળા દુર્જનો સાથેની મૈત્રી કેવી હોય છે, તો કે અસ્થિર હોય છે. વાયરાથી લહેરાતા પ્રગટ ધ્વજાના વસ્ત્રના પલ્લવથી વધારે ચંચળ હોય છે, ત્યારે આકાશમાં નવીન મેઘનો આડંબર અથવા સંધ્યાના રંગો ચપળ હોય છે ? ના, ના, ના. પ્રિયને વિષે પત્નીને પ્રેમ તે સર્વની ચંચળતા કરતાં વધારે ચપળ થઇને જવાવાળો હોય છે.

આવા આવા સ્ત્રીઓ અને ચેલ્લણા સંબંધી ખોટા વિકલ્પો કરવામાં વ્યાકુળ થએલો તે શ્રેણિક પ્રાતઃસમયે જગત્પ્રભુની પર્યુપાસના કરવાની આશાએ પ્રયાણ કરવા તૈયાર થયો. અભયને બૂમ પાડીને કહ્યું કે, 'હું કહું તે મારી આજ્ઞા-પ્રમાણે કરવું. અંતઃપુરમાં જઇને અંતઃપુર સહિત સમગ્ર સ્થાન સળગાવી મૂકવું. હું અત્યારે જઇ રહેલો છું, તો આ મારી આજ્ઞાનો હમણાં તરત જ અમલ કર કે, જેથી બળી મરતી તે સર્વેના કરૂણ રુદન-સ્વર હું જતો જતો સાંભળુ.'હવે અભય વિચાર કરે છે કે, 'ખોટી કલ્પનાના વિકલ્પોયુક્ત બુદ્ધિથી આ આજ્ઞા પિતાજી આપે છે, પરંતુ કોપ પામેલા આ પણ વિચારતા નથી કે રોષે ભરાએલાને પ્રથમ જે બુદ્ધિ થાય છે, તે પ્રમાણે કાર્ય ન કરવું. અને જો તે કાર્ય કરાય તો તેનું ફળ સુંદર ન પરિણમે. એકલું માત્ર શ્રવણ કરેલું હોય તે ન સ્વીકારવું કે, જે આપણે પ્રત્યક્ષ ન દેખેલ હોય, કદાચ પ્રત્યક્ષ દેખ્યું હોય તો પણ યુક્તાયુક્તનો લાંબો વિચાર કરવો. હવે હું પણ અત્યારે બીજું શું કરું ? શાસ્ત્રોના અર્થો ભણેલા પંડિતોને પણ બે બાજુથી વચમાં એવી ભીડ આવી પડે છે કે, જે ચિત્તમાં સુખ ઉત્પન્ન કરતું નથી. નથી તે ગ્રહણ કરાતું કે નથી તે છોડી શકાતું.

હવે અભયે એક જીર્ણશાળા હતી, તેમાં મોટી જ્વાળાશ્રેણી તેમ જ મોટા ગોટેગોટા ધૂમાડાની પંક્તિથી આકાશ પૂરાતો હોય તેવો અગ્નિ સળગાવ્યો. રાજા પણ પાછળ પાછળ જોતો જોતો ભગવંતને વંદન માટે જતો જતો ચિંતવવા લાગ્યો કે, 'હે ચેલ્લણે ! તેં પોતે કરેલા કર્મનું ફળ હવે ભોગવ .' ઘણી ઉતાવળથી પ્રભુના ચરણ-કમળમાં પ્રણામ કરીને પૂછ્યું કે, 'હે સ્વામી ! ચેલ્લણા એક કે બે પતિવાળી છે ? તે આપ ફરમાવો. ભગવંતે એક પતિવાળી કહી, એટલે એકદમ વેગથી ઉઠીને ચાલતા ચાલતા પશ્ચાતાપાગ્નિથી બળતા

ચિત્તવાળો વિચારવા લાગ્યો કે, ' અરે ! નિર્ભાગી જન્મવાળા મેં આ શું કર્યું ! ચેલ્લણા મૃત્યુ પામી, એટલે મારો જીવલોક પણ આથમી ગયો. વગર વિચાર્યે કાર્ય કરનાર અધમ લોકમાં શિરોમણિ હોય, તેના મસ્તકના શિંગડા સમાન, આ અને પરલોકના દુઃખના નિધાનભૂત, અસાધારણ નુકશાન હું પામ્યો. ' પરીક્ષા કર્યા વગરનું કાર્ય સિદ્ધ થાય તો પણ સજ્જનો તેની પ્રશંસા કરતા નથી.

અતિશય પરીક્ષા પૂર્વક કરેલ અને કદાચ તે કાર્ય નાશ પામે, તો પણ વગોવનાર થતું નથી.' (350) હવે અભય પણ જગત્પ્રભુના ચરણકમળની પર્યુપાસના કરવા તે દિશામાં સામે આવ્યો. તેને દેખીને શ્રેણિકે પૂછ્યું કે, કહે કે, 'તેં શું કર્યું ? અભયે કહ્યું કે, 'આપની આજ્ઞાનું કોઈ કદાપિ અપમાન કરે ખરા ?' ભયંકર જ્વાલાગ્નિમાં ચેલ્લણાદિક રાણીઓને સળગાવી મૂકી ? હે દુષ્ટ ચેષ્ટાવાળા !તું તેમાં કેમ ન પેઠો ? હે ચેલ્લણા ! હું તો મરી જ ગયો.' એ પ્રમાણે શ્રેણિકે કહ્યું, એટલે અભયે કહ્યું કે, 'આટલા જ માત્ર પ્રત્યુત્તરની હું રાહ જોયા જ કરતો હતો. વીરભગવંત જેવાનું શરણ હોય, પછી શા માટે મારે અગ્નિમાં પ્રવેશ કરવો પડે ? ભડભડ કરતાં મહાદાવાનલ સરખા સંસારથી જગત્પ્રભુની સહાયતાથી શું હું આજે પણ તેમાંથી બહાર નહિં નીકળી શકીશ ? તે આ પ્રમાણે- 'પોતે બળી મરશે એમ ન જાણતો પતંગિયો દીવાના અગ્નિમાં ઝંપલાવે છે. તે જ પ્રમાણે પોતાનું મરણ ન જાણનાર માછલી પણ લોહના કાંટા પર અલ્પ ચોંટાડેલું માંસ ખાવા જાય છે. જ્યારે જગતમાં ઇન્દ્રિયના વિષયો અને કામભોગો ભયંકર આપત્તિસમૂહ આપનાર છે- એમ જાણવા છતાં પણ છોડી શકાતા નથી. ખરેખર આ મોહનો પ્રભાવ ઘણો ગહન છે.' તમારું સર્વ અંતઃપુર સર્વ આપત્તિઓથી રહિત થયું છે અને ક્ષેમકુશળ વર્તે છે. ત્યારપછી ઝુરાતા હૈયાવાળો શ્રેણિક ઘરે ગયો.

હવે શ્રેણિક રાજા વિચાર કરે છે કે, 'અભયકુમાર તો નિષ્કલંક સંયમ-સામ્રાજ્ય ગ્રહણ કરી ચૂક્યો છે, તો હવે કોણિકકુમારને રાજ્ય આપવાની ધારણા કરે છે. કોણિક તો રાજ્ય મળવાથી સુખી થવાનો છે. જોડલે જન્મેલા હલ્લને દિવ્યહાર અને સેચનક હાથી વિહલ્લને આપ્યા. આ બંને રત્નોનું મૂલ્ય એક એકનું રાજ્ય જેટલું ગણાય છે, તો તેઓ બંને આ હાર અને હાથીથી ક્રીડા કરતા માર્ગમાં શોભા પામી રહેલા છે.

અભયે દીક્ષા લીધી, એટલે તેની માતા સુનંદા પણ દીક્ષા લેવા તૈયાર થયાં. એટલે તેની માલિકીનાં બે દિવ્ય કુંડલો અને દિવ્ય વસ્ત્રયુગલ બંને હલ્લ-વિહલ્લને આપ્યા. એટલે તેઓ બંને ભાઇઓ મહાદ્યુતિવાળા થયા અને જાણે સૂર્ય અને ચંદ્ર હોય તેમ અધિકતર કાંતિથી શોભા પામવા લાગ્યા.

## ૯૫. કોણિકે પિતાને કેદ કર્યા-

હવે કોઈક સમયે કોણિકે પિતાના વૈરથી રાજ્ય મેળવવા માટે ઉતાવળી ચિત્તવૃત્તિવાળા થઈ કાલાદિક દશ દુષ્ટમતિવાળા કુમારો સાથે ગુપ્ત મંત્રણા કરી કે, આ વૃદ્ધપિતા મરવાની અણી પર હોવા છતાં રાજ્ય આપતા નથી, તો તેમને બાંધીને રાજ્ય સ્વાધીન કરી આપણે અગીયાર ભાગે વહેંચી લેવું. પાપાનુબંધી પુણ્યના ઉદયથી તેઓએ કોણિકની વાત સ્વીકારી. એટલે કોણિકે પિતાને બાંધીને કેદમાં પૂર્યા. ક્રૂર પરિણામવાળા કોણિકે અંગોપાંગ એવા ઝકડીને નિગડ-બેડીથી મજબૂત બાંધ્યાં કે ચસકી શકે નહિં. ત્યારપછી લજ્જા વગરનો મર્યાદા મૂકીને જાતે જ રાજ્ય પર ચડી બેઠો, તેવા વિષયોને નમસ્કાર થાઓ કે, 'જેમાં પિતાના વધની બુદ્ધિ થાય છે. મોહ-મદિરાથી મત્ત થએલા માતાને પણ પ્રિયા કહીને બોલાવે છે. અલ્પસત્ત્વવાળા-હીનસત્ત્વવાળા આત્માઓ અભક્ષ્ય ભક્ષણમાં સુખ, અથવા માતા-ભગિની ભોગવવામાં તથા પિતાનો પરાભવ કરવામાં અથવા રાજ્યવડે કરીને સુખ માનનારા થાય છે. સવાર-સાંજ બંને સંધ્યા-સમયે હંમેશાં પોતે સોસો ચાબુકના માર મારે છે. ઝગડેલા પિતાને ભોજન-પાણી પણ આપવાના બંધ કરાવ્યા છે. ત્યારપછી ચેલ્લણા આવીને જાળિયાના ગવાક્ષથી પોતાના લાંબા કેશપાશમાં સંતાડીને જે તુચ્છ બાફેલા અડદ લઇ જતી હતી, તે ફેંકતી હતી. ચંદ્રપ્રભાનામની મદિરા મનોહર કેશના ચોટલામાં પલાળી લઈ જતી હતી. તે પ્રાહરિકને છેતરીને આકાશ-માર્ગથી આપતી હતી. ઠંડા પાણીના ખોબાથી તે પીડા શમાવતો હતો. તે ગયા પછી દરેક સમયે એમ ભાવના ભાવતો હતો કે- 'પોતે કરેલાં દુષ્કર્મનો આ વિપાક-ઉદય મને આવેલો છે. મદિરા-મિશ્રિત જળપાન કરવાથી કંઇક વેદના શાંત થાય છે, તેમ ચાબુકની પીડા વેદતો નથી, માત્ર ચિત્તનું દુઃખ વેદે છે.

હવે કોણિકરાજા કોઇક સમયે પોતાની પદ્માવતી પત્નીના ઉદાયી પુત્રને ખોળામાં બેસાડી જેટલામાં જમતો હતો, તેટલામાં બાળક થાળમાં મૂતરતો હતો, બાળકને પીડા થશે જાણી રાજાએ થાળ ખસેડ્યો નહિં, મૂત્ર-મિશ્રિત ભોજન દૂર કરીને બાકી રહેલું ભોજન ખાય છે. ત્યારે રાજા ચેલ્લણાને કહે છે કે, 'હે અમ્બા ! આ ભુવનમાં બીજા કોઇને પણ પુત્રનો પ્રેમ નહિં હશે જેટલો મને ઉદયી ઉપર છે.' ત્યારે માતાએ કોણિકને કહ્યું કે, 'હે દુઃખપૂર્વક જન્મેલ ! તું જાણે છે, તેમ સર્વ ધ્રુવ હોતું નથી. તારા પિતાને તારાપર જે સ્નેહ હતો, તેનો અલ્પ છાંટો પણ તારામાં તેવો સ્નેહ નથી, અતિચમકેલા ચિત્તવાળો જ્યારે ફરી માતાને પૂછે છે કે, 'આ વાત કેવી રીતે ઘટી શકે ? પિતા ઉપર ગોળપાપડી મોકલેલી તે હજુ પણ આજે ભૂલાતી નથી. હવે માતા કહે છે 'હે પુત્ર હજુ તારો ધંતુરો આજે પણ પિતા ઉપરથી ઉતર્યો નથી. પિતાનો તું એવો વૈરી છે કે, આ એક પ્રગટસત્ય મોટી હકીકત છે.

તું જ્યારે બાળક હતો, તારી અંગુલીમાં કીડા પડેલા હતા, તેની તેને પારાવાર વેદના થતી હતી, તું મોટેથી રોવાનું ક્ષણવાર પણ બંધ રાખતો ન હતો, ખરાબ પરુની દુર્ગંધ મારતી હતી, તેવી આંગળી છતાં પિતા તને બિલકુલ છોડતા ન હતા. જ્યારે તે આંગળી પોતાના મુખની પોલાણમાં રાખતા હતા, ત્યારે પીડા શાંત થતી હતી.

## ૯૬. શ્રેણિકનું મરણ-

આ પ્રમાણે રોતો બંધ રાખવા માટે હંમેશા તને ખોળામાં જ બેસાડી રાખતા હતા. આટલું તારા માટે કરનારને હે કૃતઘ્ન ! તેં બહુ સારો ઉપકાર કર્યો છે. ઉપકાર કરનાર ઉપર ઉપકાર કરવો, અપકાર કરનારનો અપકાર કરવો તે તો સંસારમાં આપ-લે કરવાનો સામાન્ય વ્યવહાર છે. તેની કશી પ્રશંસા કરવાની હોતી નથી, પરંતુ અપકાર કરનાર ઉપર ઉપકાર કરવો અને ઉપકાર કરનાર ઉપર અપકાર કરે, તો તે સુપુરુષો અને કુપુરુષોમાં શિરોમણી ભાવને પામે છે. આ સાંભળીને એકદમ ઉપશાંત થએલા વૈરવાળો કોણિક વિચારવા લાગ્યો કે, અરે ! નિર્ભાગી એવા મેં પિતાજીને આવી વિડંબના કરી.' તો હવે હું જાતે ત્યાં પ્રચંડ લોહદંડ-મોગર લઇને જલ્દી જાઉં અને તેમની બેડીના સો ટૂકડા કરી કેદખાનામાંથી મુક્ત કરી પિતાજીની ક્ષમા માગું.' હાથમાં મોટા પ્રચંડ લોહદંડ લઇને આવે છે. પ્રહરણ વગરના હસ્તવાળા આપને તે અનાર્ય પુત્ર,...આ સાંભળીને શ્રેણિકરાજા આમ વિચારવા લાગ્યા-'કોઈક ખરાબ રીતિના મારથી એ મહાપાપી આજે મને મારી નાખશે, તો ગાંઠ છોડીને તાલપૂટ ઝેરનું ભક્ષણ કરી લઉં.' તે પ્રમાણે કરવાથી ક્ષણવારમાં તે ચેષ્ટા વગરના થઈ ગયા.

આવી સ્થિતિમાં કોણિક રાજાને દેખે છે. તેમના જીવિતની જેમ લોહની બેડી ભાંગી નાંખે છે. યંત્ર, તંત્ર, મંત્ર, મહાઔષધિ, મૂલિકા વગેરેનો પ્રયોગ કરી જીવ લાવવા પ્રયત્ન કરે છે. જ્યારે જીવમુક્ત થએલા પિતાને જોયા, એટલે મોટી પોક મેલી રુદન કરવા લાગ્યો. અતિ વૈરભાવનો કાળ વીતી ગયો. અત્યારે તો સ્નેહનો કાળ છે, તે સમયે મારી હાજરીમાં પિતાજી પરલોકવાસી થયા, અહો ! મારા પાપની કેવી પરંપરા છે. શ્રેણિક ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ અને દેવાધિદેવ પર અત્યંત ભક્તિવાળા હોવા છતાં પણ વિડંબનાથી મૃત્યુ પામ્યા. અહો ! દૈવની ગતિ કેવી વિચિત્ર વિલાસવાળી છે ! વળી દૈવ કેવું છે કે-"મૃગલો પાશ-બંધનને છેદીને કૂટ રચનાવાળી જાળને ભાંગીને વનમાં દૂર ગયો, તો ત્યાં દાવાનળની અગ્નિ-શિખાના ભડકાના ભયંકર સમૂહથી પણ વનમાં બહુ આગળ નીકળી ગયો. વળી શિકારીના બાણના વિષયમાં આવ્યો, તો ત્યાંથી પણ ઘણા વેગથી ફાળ મારી, બાણ ચૂકાવી દોડવા લાગ્યો. આટલા સંકટમાંથી પાર પામવાં છતાં દોડતાં દોડતાં કૂવામાં પડ્યો.

સંકટસમયમાં ચાહે તેટલો ઉદ્યમ કરે, પરંતુ દૈવ પ્રતિકૂળ હોય, ત્યારે પુરુષાર્થ પણ નિષ્ફળ થાય છે.

શ્રેણિક મૃત્યુ પામી પ્રથમ નરકના પ્રથમ સીમંત નામના પાથડામાં ૮૪ હજાર વર્ષના આયુષ્યવાળો નારકી થયો. ત્યાંનું આયુષ્ય પૂર્ણ થશે, એટલે ત્યાંથી નીકળી ભરત-ક્ષેત્રના મુગટરત્ન સમાન પદ્મનાભ નામના ભાવી ચોવીશીમાં પ્રથમ તીર્થંકરપણે ઉત્પન્ન થશે. તેની મરણોત્તર ક્રિયા કર્યા પછી કોણિકે અતિશય શોકગ્રસ્ત દેહવાળો હવે રાજગૃહમાં રહેવા માટે પણ કંટાળ્યો, જેથી રાજગૃહ નગર છોડીને નવીન ચંપક-પૃથ્વીમાં ચંપાપુરી વસાવીને ત્યાં રહેવા લાગ્યો. ઘોડા, રથ, હાથી, પાયદળ સૈન્ય વગેરે ઘણું એકઠું કરી હંમેશા રાજ્ય વહન કરે છે. કોઇક સમયે પોતાની ઘણી જ સૈન્યાદિક વિશેષ સામગ્રી દેખીને ખોટા અભિમાનથી ઘેરાએલો અભિમાન-હસ્તિ પર આરૂઢ થયો. કોઇક સમયે ભગવંતની દેશનામાં સાંભળ્યું કે સદા પાપ કરનારા જીવો નીચેની સાત પૃથ્વીઓમાં ઉત્પન્ન થાય છે.(૪૦૦) કોણિકે ભગવંતને પૂછ્યું કે, 'હે ભગવંત ! આવતા ભવમાં મારી ઉત્પત્તિ ક્યાં થશે ? ભગવંતે કહ્યું કે, 'તું છઠ્ઠી પૃથ્વીમાં જઈશ.'

કોણિક-'હે ભગવંત ! હું સાતમીમાં કેમ ન જઇશ ! મારામાં શી ન્યૂનતા છે ?'

સ્વામી-મહાપરિગ્રહ-આરંભ કરનાર ચક્રીઓ જ ત્યાં જાય.

કોણિક-હે સ્વામી ! શું હું ચક્રી નહિ થઇશ ?

સ્વામી-નક્કી ન જ થઇશ. ૧૪ રત્નો હોય, તે જ છ ખંડ ભરતનો સ્વામી થઇ શકે છે. ત્યારપછી કોણિકે કૃત્રિમ-બનાવટી ચૌદ રત્નો તથા હાથી વગેરે તૈયાર કરાવરાવ્યાં. દક્ષિણ ભરતાર્ધની સાધના કરી. હવે બાકીનો ઉત્તર ભરતાર્ધ સાધવા અતિશય ઉત્કંઠિત થયો. તે તરફ પ્રયાણ કરી તમિસ્રા ગુફાના દ્વારમાં કૃતમાલ નામના દેવને બોલાવે છે. 'હે દેવ ! તું વિઘ્ન કર્યા વગર જલ્દી ઉતરાર્ધ ભરત જિતવા માટે દરવાજો ખોલ. હું તેરમો ચક્રવર્તી ઉત્પન્ન થયો છું, તે તું જાણતો નથી ? ત્યારે તે દેવે કોણિકને જણાવ્યું કે, 'અવસર્પિણીમાં બે-છક્કા અર્થાત્ છ-દુ બાર જ ચક્રીઓ થાય છે અને તે તો થઇ ગયા છે. મદોન્મત્ત ચિત્તવાળો તું ક્યાંથી ટપકી પડ્યો. ત્યારે કોણિકે કહ્યું કે, બાર માસનો અભિવર્ધિત વર્ષમાં તેર માસ જેમ થાય છે, તેમ બાર ચક્રીઓ થાય છે, પછી હું તેરમો થાઉં તેમાં શું અજુગતું છે ? કૃતમાલ દેવે કહ્યું કે, 'આટલા લાંબા કાળમાં અત્યારસુધી કોઇ ચૂલામાસની જેમ તેરમો ચક્રવર્તી થયો નથી, તેમ કોઇએ કહ્યું નથી કે, 'તું હવે તેરમો ચક્રી થવાનો છે.'તું શિક્ષાપાત્ર છે-એમ જણાવીને તેને ઉગ્ર બાણ મારીને ક્ષણવારમાં નીચે પાડ્યો. ત્યાં મૃત્યુ પામી, રૌદ્ર પરિણામવાળા તરત છઠ્ઠી નરકપૃથ્વીએં ગયો, જ્યાં બાવીશ સાગરોપમનું

આયુષ્ય ભોગવશે. તેના રાજ્ય પર સામંતાદિકોએ શ્રેષ્ઠ શ્રાવક એવા ઉદાયી રાજાને સ્થાપન કર્યો. કાચના સ્થાનમાં જેમ મણિરત્નને તેમ તે હીરા સમાન ઉદાયી રાજાને રાજગાદી પર સ્થાપન કર્યો. જે પિતાને અતિવલ્લભ હતો, એવા કોણિક પુત્રે પિતાને અહિં વિડંબના પમાડી મારી નાખ્યા, તો પછી સમજુ ડાહ્યાઓને તત્ત્વથી પુત્ર પર સ્નેહ રાખવો કેવી રીતે યોગ્ય ગણાય ? (૪૧૪) હવે મિત્રદ્વાર આશ્રીને કહે છે-

**लुद्धा सकज्ज-तुरिआ, सुहिणों वि विसंवयंति कय-कज्जा।**
**जह चंदगुत्तगुरुणा, पव्वयओ घाइओं राया।।१५०।।**

પોતાના સ્વાર્થનાં કાર્યો કરવામાં ઉતાવળા, તેમજ જેમનાં કાર્યો સિદ્ધ થઇ ગયા છે, તેવા સ્વજનો-મિત્રો પણ વિપરીત-ઉલટા બની જાય છે. જે પ્રમાણે ચંદ્રગુપ્તના ગુરુ ચાણક્યેં પર્વત રાજનો સ્વાર્થ સર્યા પછી ઘાત કરાવ્યો. (૧૫૦) ગાથાનો ભાવાર્થ ચંદ્રગુપ્ત અને ચાણક્યની કથાથી સમજાશે, તે આ પ્રમાણે-

## ૯૭. ચંદ્રગુપ્ત અને ચાણક્યની કથા -

પામર લોકોના મનને આનંદ આપનાર ચણક નામના ગામમાં ચણી નામનો બ્રાહ્મણ જૈનધર્મ પાળતો હતો. પુરુષનાં સમગ્ર લક્ષણ જાણનાર એવા આચાર્ય ભગવંત તેના ઘરે પધાર્યા. કોઈ પ્રકારે વિહાર કરવાના સંજોગ ન હોવાથી તેના ઘરે રોકાયા. તેના ઘરે દાઢ ઉગેલી હોય તેવો દાઢ-સહિત પુત્ર જન્મ્યો, તેને ગુરુના ચરણમાં પગે લગાડ્યો. તે ગુરુમહારાજથી ઉપયોગ-રહિતપણે બોલી જવાયું કે-'આ રાજા થશે.' એમ જાણી પિતા વિચારવા લાગ્યા કે-'મારા શ્રાવકના ઘરે જન્મેલો રખે રાજા થઈ દુર્ગતિ પામે.' એટલે પેલા ઉગેલા દાઢ દાંત ઘસી નાખ્યા, અને તે વાત આચાર્યને કહી. જેને જે પ્રકારે થવાનું હોય છે, તેને તે પ્રમાણે અહિં જ સર્વ થાય છે.' એ પ્રમાણે મનમાં વિચારીને જણાવ્યું કે, 'રાજાના પ્રતિનિધિ સરખો જ-રાજા સમાન જ થશે.' ચણિપુત્ર હોવાથી 'ચાણક્ય' એવું નામ સર્વત્ર પ્રસિદ્ધિને પામ્યું. સારાં લક્ષણો ધારણ કરનાર એવો તે મોટો થવા લાગ્યો. બાલભાવ પૂર્ણ થયા પછી જલ્દી ચૌદ વિદ્યાનાં સ્થાનોનો પાર પામી ગયો. બાલ્યકાળમાં પણ શ્રાવકપણાના સંસ્કારથી ભાવિત થયો હતો. તેને અનુરૂપ અતિસરળ પરિણામી બ્રાહ્મણવંશમાં જન્મેલી એક કન્યા સાથે તેણે લગ્ન કર્યું. ત્યારપછી આનંદ સહિત રહેતો અને તેવાં આકરાં પાપ કાર્યો છોડવામાં ઉદ્યમ કરતો હતો.

હવે કોઇક સમયે તેની ભાર્યા પોતાના પિતાના ઘરે માંગલિક મહોત્સવ કાર્ય-પ્રસંગે ઘણા લાંબા સમયથી ગએલી ન હોવાથી અતિ ઉત્સાહ-પૂર્વક ગઇ. તે સમયે બીજી લગ્ન

કરેલી બહેનો આવી હતી,

પરંતુ તેઓ સારા ધનવાન કુળોમાં પરણેલી હોવાથી પ્રૌઢ-ઉત્તમ સારા અલંકારો પહેરીને આવેલી હતી. 'શત્રુ-પર્ષદામાં પ્રસંગ પાડવો સુંદર છે, શૂન્ય અરણ્યમાં નિવાસ કરવો સારો છે, પરંતુ નિર્ધન મનુષ્યોની સાથે મૈત્રી કરવી કદાપિ સારી નથી.' ખરેખર વૈભવરહિત પતિને પોતાની પત્ની પણ ત્યાગ કરે છે. સર્વાંગે અપૂર્ણ એવી અમાવાસ્યાની રાત્રિ ચંદ્ર સાથે સંબંધ કરે ખરી ? એ કહેવતને અનુસરીને તેના સર્વ પરિવારે ચાણક્યની પત્નીને નિર્ધન પતિવાળી હોવાથી અતિશય અપમાનિત કરી, સમૃદ્ધિવાળી બાકીની બહેનો ગૃહદેવ-તાની જેમ પુષ્પ, તામ્બૂલ, વસ્ત્રો, શણગાર આદિથી પોતાના શરીરને સુંદર બનાવીને પ્રસંગે આનંદથી ભ્રમણ કરતી હતી. એક માતા તથા એક પિતા હોવા છતાં હું તેમનાથી પરાભવ પામી. 'જગતમાં એક વૈભવને છોડીને બીજો કોઇ પદાર્થ વલ્લભ હોતો નથી.' જેની પાસે સંપત્તિ હોય, તે ન આપે તો પણ તે વલ્લભ જણાય છે. મેરુપર્વત સુવર્ણની સંપત્તિવાળો હોવાથી સૂર્ય તેની પાસે પાસે થઇને ભ્રમણ કરે છે. વૈભવવાળાને સર્વ દાસ થઈ નમન કરે છે, નિર્ધન મનુષ્યને કોઇ માણસ નમતો નથી. તેમ જ જેની પાસે કળાઓરૂપી વૈભવ હોય, તેના વિષે પણ લોકો જલ્દી પ્રભાવિત થાય છે. આ પ્રમાણે મનમાં રોષ ધારણ કરીને ચાણક્યને ઘરે આવી રુદન કરવા લાગી. જ્યારે ચાણક્યે ખૂબ દબાણ કરી પૂછ્યું, ત્યારે તેનો સર્વ વૃત્તાન્ત કહ્યો.

"ભૂખ લાગી હોય ત્યારે ભણેલું વ્યાકરણ ખવાતું નથી, તૃષા લાગી હોય ત્યારે કાવ્યરસનું પાન તૃષા છીપાવતી નથી, છંદઃશાસ્ત્ર જાણવાથી કોઈના કુલનો ઉદ્ધાર થઈ શકતો નથી, ગમે તેટલી બીજી કળાઓ, જેમાં ધન ઉપાર્જન થઈ શકતું નથી, તે કળાઓ નિષ્ફળ છે. માટે સુવર્ણ-ધન ઉપાર્જન કર.' સ્ત્રીઓનો પરાભવ અસહ્ય હોય છે, એટલે તે જ ક્ષણે તે ધન શોધવા માટે તૈયાર થયો.

તે સમયે પાટલિપુત્રમાં નંદરાજા બ્રાહ્મણોને દક્ષિણા આપતો હતો. તે ત્યાં ગયો. ત્યાં પહેલાં થએલા ક્રમ પ્રમાણે નંદરાજાઓનાં સર્વ આસનો કાર્તિક અમાવાસ્યાના દિવસે નિયત કરી સ્થાપન કરેલાં હતાં. તેમાં જે પ્રથમ આસન હતું, ત્યાં તેવા પ્રકારની લગ્નશુદ્ધિ હતી. તે ધારીને તે એકદમ તે પર બેસી ગયો. તો એક સિદ્ધપુત્રે કહ્યું કે-'આવેલા આ બ્રાહ્મણે નંદના વંશની સર્વ છાયાને પગથી ચાંપીને આક્રમી છે.' એટલે દાસીએ તેને કહ્યું કે, 'હે ભગવંત ! તમે બીજા આસન પર બેસો.' 'ભલે તેમ થાઓ '- એમ કહી ત્યાં પોતાની કુંડિકા-(કમંડલ) ની સ્થાપના કરી, ત્રીજા આસન ઉપર દંડ, ચોથા આસન ઉપર ગણોત્તિયા, પાંચમા આસન પર બ્રહ્મસૂત્ર, એ પ્રમાણે ઘણાં આસનોને રોકતાં તે બ્રાહ્મણને ધીઠો જાણી

અપમાનિત કરી વિદાય કર્યો. 'હજુ દેશાંતરમાં જવા માટે પ્રથમ પગલું માંડુ છું, ત્યાં આમ થયું. તે સમયે નિર્ભય થઈ નિઃશંકપણે ઘણા લોકો સમક્ષ એમ બોલવા લાગ્યો કે-"કોશ અને સેવકોથી જેનું મૂલ મજબૂત છે, પુત્રો અને પત્નીઓથી જેની શાખા વૃદ્ધિ પામેલી છે, એવા નંદરાજાને, જેમ ઉગ્રવાયરો મોટા વૃક્ષને ઉખેડી નાખે, તેમ હું તેનાં રાજ્યનું પરિવર્તન કરીશ."

ત્યારપછી તે નગરમાંથી નીકળી રાજાના બીજભૂત એવા કોઈ મનુષ્યની શોધ કરવા લાગ્યો. કારણ કે, પોતે સાંભળેલું હતું કે પોતે રાજા નહિં, પરંતુ રાજાસમાન અધિકારવાળો થવાનો છું. પૃથ્વીમંડલમાં પરિભ્રમણ કરતાં કરતાં ચાણક્ય મોરપોષક નામના ગામે પહોંચ્યો, તો પરિવ્રાજક-વેષને ધારણ કરનાર તેને દેખી નંદરાજાના પુત્રના વંશમાં થએલ, તે ગામના અધિપતિની પુત્રીને ચંદ્ર-પાન કરવાનો દોહલો થએલો કે, જેને કોઇ પૂર્ણ કરી શકતા ન હતા. દોહલો કોઇ પ્રકારે પૂરી શકાતો ન હોવાથી તેના મુખ-કમલની કાંતિ ઝાંખી પડી ગઇ. અત્યંત મ્લાન શરીરવાળી માત્ર હવે જીવ જવાનો બાકી હતો-એવી વિષમસ્થિતિ પ્રાપ્ત કરી હતી. ભિક્ષા ખોળતો હતો, તે સમયે ગામના અધિપતિએ સર્વ હકીકત પૂર્વક પૂછ્યું એને જણાવ્યું કે, 'જો આ પ્રથમ બાલક મને આપો, તો તેની માતાને ચંદ્રનું પાન કરાવું.' તેઓએ આ વાતનો સ્વીકાર કર્યો. બરાબર પૂર્ણિમાનો દિવસ આવ્યો, એટલે મોટો પટમંડપ કરાવ્યો. તેના મધ્યભાગમાં છિદ્ર કરાવ્યું. જે જે રસવાળાં દ્રવ્યો છે, તે સર્વ એકઠાં કરી તેને દૂધ સાથે ક્ષીર બનાવી થાળમાં પીરસી.

ચંદ્રનો પ્રકાશ મંડપનાં છિદ્રમાંથી બરાબર થાળમાં પડતો હતો, જાણે સાક્ષાત્ ચંદ્ર જ ન હોય, તેમ દૂધ ભરેલો થાળ ગોઠવ્યો હતો. પેલી સ્ત્રીને બોલાવીને કહ્યું કે, 'હે પુત્રી ! આ ચંદ્રને જો અને તેનું પાન કર, જેમ જેમ તે પાન કરવા લાગી અને દૂધ ઓછું થવા લાગ્યું, તેમ તેમ મંડપ ઉપર બેઠેલો ગુપ્તપુરુષ તે છિદ્રને ઢાંકતો હતો. જ્યારે સમગ્ર દૂધ-પાન કર્યું, એટલે સમગ્ર છિદ્ર ઢાંકી દીધું. પેલી દોહલાવાળી સ્ત્રીને ચંદ્રપાન કર્યાનો પૂર્ણ સંતોષ થયો અને ખાત્રી થઈ કે, 'મે ચંદ્રબિંબનું પાન કર્યું.' દોહલો પૂર્ણ થવાથી તેને પુત્ર જન્મ્યો. ચંદ્રનું પાન કરાવવાના કારણે તેનું નામ 'ચંદ્રગુપ્ત' પાડ્યું. રાજપદને અનુરૂપ વર્તનવાળો તે દરરોજ એ પ્રમાણે વૃદ્ધિ પામતો હતો. ધનનો અર્થી ચાણક્ય સમગ્ર પૃથ્વીમંડલમાં ભ્રમણ કરતો હતો. વળી તેવા પ્રકારના પર્વત, ખાણ વગેરે સ્થાનોમાં ચતુર બુદ્ધિથી રૂપું, સોનું, રત્નાદિક કિંમતી વસ્તુઓ અને ઔષધિની શોધ કરતો હતો. વળી સતત આ પ્રમાણે વિચારતો હતો કે-"આળસ કરવી, સ્ત્રીની સેવા, રોગવાળું શરીર, જન્મભૂમિનું વાત્સલ્ય, સંતોષ, ડરપોક આ છ મહત્ત્વપણાના વિઘ્નો છે."

કોઇક દિવસે તે ચંદ્રગુપ્ત બાળક બીજા બાળકોની સાથે રાજનીતિથી ક્રીડા કરતો હતો અને કહેતો હતો કે, 'હું રાજા છું, તમે માગો તે હું આપું'-એ બાળક છતાં ઉપકાર કરવામાં તત્પર હતો. આ સમયે ચાણક્ય ત્યાં આવી ચડ્યો અને રમતા તે બાળકને જોયો અને કહ્યું કે, 'અમને કઈ પણ દક્ષિણા આપો.' ત્યારે બાળકે માર્ગમાં જતી ગાયોને અનુલક્ષીને કહ્યું કે-'આ ગાયો લો.' અરે ! તેનો માલિક મને નહિં મારે ? ચંદ્રગુપ્તે કહ્યું કે, 'આ પૃથ્વી વીરલોકોએ ભોગવવા યોગ્ય છે, પરંતુ પરંપરાથી વારસામાં મળેલી નહિં.' આ સાંભળી ચાણક્યે જાણ્યું કે 'આની બોલવાની વચન-પદ્ધતિ કાલાનુસાર યથાર્થ છે. પૂછ્યું કે, 'આ પુત્ર કોનો છે ? તો કે, કોઈક પરિવ્રાજકનો.' એટલે ચાણક્યે કહ્યું કે, 'એ પરિવ્રાજક હું પોતે જ છું.' ચાલો, આપણે જઇએ, હું તને રાજા બનાવીશ.' -એમ કહી તે બંને ત્યાંથી પલાયન થયા. કેટલાક તાલીમ ન પામેલા લોકોને એકઠા કરી કુસુમપુર નગરને ઘેરી લીધું. પરંતુ ઘણા સૈન્ય પરિવારવાળા નંદરાજાએ અલ્પ સૈન્ય-પરિવારવાળા ચાણક્યને એક દમ નસાડી મૂક્યો.

નંદરાજાએ તેનો વધ કરવા માટે તેની પાછળ ઘોડેસ્વારો મોકલ્યા. સમય સમજનાર ચાણક્યે ચંદ્રગુપ્તને મસ્તક ઢાંકવા માટે એક કમલપત્ર આપ્યું અને પદ્મ સરોવરમાં તેને મોકલ્યો. એવી રીતે સરોવરમાં સંતાડ્યો કે જેથી તેને અંદર કોઇ જાણી કે દેખી ન શકે. પોતે તો ફરતાં ફરતાં સરોવર પર વસ્ત્ર ધોનાર ધોબી પાસે આવી કહ્યું કે, 'ભાગી છૂટ, સૈન્ય આવે છે.' એમ દૂરથી બતાવી તેને ભગાડીને શિલા પર વસ્ત્ર ઝીંકવા લાગ્યો. પ્રધાન અશ્વારૂઢ થએલા એક ઘોડેસ્વારે માર્ગમાંથી નજીક આવીને ધોબીને પૂછ્યું કે 'ચંદ્રગુપ્ત ક્યાં છે ? ત્યારે શકુન જાણીને ચાણક્યે કહ્યું કે, 'સરોવરની અંદર આ ચંદ્રગુપ્ત રહેલો છે.' અને ચાણક્ય તો ક્યારનો ય પલાયન થઇ ગયો છે. (૫૦) પેલા ઘોડેસ્વારે પણ ઘોડો તેને સોંપ્યો અને તરવાર ભૂમિ પર મૂકીને જેટલામાં પાણીમાં પ્રવેશ કરવા માટે તે કપડાં ઉતારે છે, પગરખાં કાઢે છે, તે પ્રમાણે બેઠેલાને તેણે તેની તરવાર તેના મર્મ પ્રદેશમાં એવી મારી કે તે મૃત્યુ પામ્યો. ચંદ્રગુપ્તને બહાર બોલાવી તે જ ઘોડા ઉપર તે બંને આરૂઢ થયા અને આગળ નાસી ગયા. કેટલોક માર્ગ કાપ્યા પછી ચાણક્યે ચંદ્રગુપ્તને પૂછ્યું કે, 'જે વખતે વૈરી પુરુષને મેં તને બતાવ્યો, તે સમયે મારા સંબંધી તને મનમાં શો અભિપ્રાય આપ્યો ?'ત્યારે ચંદ્રગુપ્તે જવાબ આપ્યો કે, 'હે તાત ! ત્યારે મેં એમ વિચાર્યું કે, 'આર્ય પુરુષો જે કાર્ય કરે તે હિતનું જ કાર્ય કરે.' તેથી ચાણક્યે જાણ્યું કે, આ મારા કરેલા કાર્યમાં વિશ્વાસવાળો છે.

નાસતાં નાસતાં ચંદ્રગુપ્તને કહે છે કે, 'હે વત્સ ! જ્યારે અરુણોદય થાય, ત્યાં સુધી

ગુફામાં અંધકારથી આત્માને છૂપાવીને આપણું રક્ષણ કરવું. પોતાનો સમય થાય, ત્યારે પ્રગટ થવું, તે પ્રમાણે કરવું જેથી બીજો આપણને ઓળખે નહિં. એક વખત ક્ષુધાથી લેવાઇ ગએલા ચંદ્રગુપ્તને ગામ બહાર બેસાડીને કોઇક ગામમાં તેના માટે ભોજન લેવા ગયો. પોતે એમ ડરતો હતો કે, રખે નંદના કોઈ માણસો મને ઓળખી જાય. ગામમાં પ્રવેશ કરતાં તરતના જન્મેલા અને જતા કોઇ બ્રાહ્મણને જોયો. એટલે તરત તેનું પેટ ચીરીને તેમાં હજું ન વીણસેલી દહિંની ઘેંશ કાઢી લઇને ચંદ્રગુપ્તને જમાડ્યો. ત્યારપછી બંને બીજા ગામમાં ગયા. આ મહાસાહસિક પુરુષ છે, આ બ્રાહ્મણ-હત્યા કરવા કોણ સમર્થ થઇ શકે ? ચક્રી-વાસુદેવનાં ચક્રો પણ પોતાના કુળની હત્યા વખતે બુઠ્ઠાં થઇ જાય છે-એમ આણે વિચાર્યું. (૬૦)

ચાણક્ય રાત્રે ભિક્ષા માટે ભ્રમણ કરતાં એક વૃદ્ધ ડોસીને ઘરે પહોંચ્યો. ત્યાં ડોસીએ પુત્રો-ભાંડરડાને મોટા થાળમાં રાબ પીરસી હતી. તેમાંથી એક ચપળપુત્રે થાળના મધ્ય ભાગમાં હાથ નાખ્યો, દાઝ્યો અને રુદન કરવા લાગ્યો એટલે વૃદ્ધાએ ઠપકો આપતાં પુત્રને કહ્યું કે, 'તું ચાણક્યની જેમ મૂર્ખ છે.'ચાણક્યે તેને પૂછ્યું કે, ચાણક્ય મૂર્ખ કેમ ? ત્યારે વૃદ્ધાએ કહ્યું કે, પડખેની ઠરી ગએલી રાબ પહેલા ચાટવાની હોય, વચલી રાબ તો ગરમ હોય.' ચાણક્ય નંદ રાજાના રાજ્યમાં સીમાડાને બદલે વચમાં રાજધાની પર ઘેરો ઘાલે તેમાં ફાવતો નથી. હવે ચાણક્યે જિતવાનો ઉપાય મેળવ્યો. પ્રથમ છેડાનાં ગામો સ્વાધીન કર્યા પહેલાં વચમાં ગામો સ્વાધીન કરી શકાતાં નથી. વચલું કુસુમપુર ત્યારે જ સ્વાધીન કરી શકાય, જો પડખાનાછેડાનાં આસપાસનાં ગામો પ્રથમ સ્વાધીન કરાય તો. ત્યાર પછી તે ચાણક્ય તરત હિમવાન પર્વતની તળેટી પાસે ગયો. ત્યાં પર્વતક નામનો રાજા હતો, તેની સાથે દૃઢ મૈત્રી બાંધી. સમયે વાત કરી કે, 'પાટલિપુત્રમાં નંદરાજાને જીતીને સરખે ભાગે આપણે બંને રાજ્ય વહેંચી લઇશું.' ત્યારપછી તરત જ પ્રયાણ શરુ કર્યું. વચલા ગામોમાં, નગરોમાં પોતાની આજ્ઞા સ્થાપન કરતાં કરતાં આગળ વધ્યા. એક સ્થળે એક નગર સ્વાધીન થઇ શકતું નથી. સજ્જડ પુરુષાર્થ કરવા છતાં તે કેમ પડતું નથી ? તેથી તે પરિવ્રાજક સંન્યાસીએ અંદર પ્રવેશ કરી તપાસ કરી. તો કેટલીક વસ્તુ તપાસતાં ત્યાં પાર્વતીના રૂપ સરખી ઈન્દ્રકુમારીની મૂર્તિઓ દેખી. તેના પ્રભાવથી તે નગર કોઇ પ્રકારે સ્વાધીન થતું કે પડતું નથી. કપટથી તેનું ઉત્થાપન કરીને તેને પોતે સ્વાધીન કરી લીધી એટલે તે નગર તરત જ સ્વાધીન થયું. ત્યારપછી પાટલિપુત્રને ઘેરો ઘાલ્યો અને દરરોજ સંગ્રામ ચાલતો હતો. તે આ પ્રમાંણે-

કોઇક સ્થલે તીક્ષ્ણ ભાલાંઓ ફેંકાતાં હતાં, કોઇક સ્થાનમાં લોકોનો સંહાર કરનારાં

યંત્રોનો સમૂહ ફેકાતો હતો. ક્યાંક નગરના લોકોએ બનાવરાવેલા વિશાળ દરવાજાનાં કમાડો કઠિન કુહાડાના પ્રહારથી સખ્ત તોડેલાં ભાંગી ગયાં હતાં. યમરાજાની જીભ સરખી શક્તિ નામનાં હથિયારો જ્યારે શક્તિવાળા પરાક્રમી પુરુષોના હાથથી છોટવામાં આવતાં હતાં, ત્યારે અનેક શત્રુઓ ઉપર પડતાં હતાં અને તેઓ તરત જ યમરાજાના પરોણા બનતા હતા. મોટા પર્વતના શિખર સરખાં ઉંચા એવા કોટનાં શિખરો જેમ વિજળી પડવાથી, તેમ પૃથ્વી ઉપર-નીચે પડતાં હતાં. કાન સુધી ખેંચેલા ધનુષદંડથી છોડેલી બાણશ્રેણિઓ બંને સૈન્યોના મનુષ્યોના પ્રાણોને પ્રલય પમાડનારી થતી હતી. ઠેકાણે ઠેકાણે કિલ્લાના ઘેરાવાઓ પડીને ખંડિત થતા હતા અને સૈનિકો ઉપર પડીને ભટોના પ્રાણ લેતા હતા. તે પ્રમાણે પત્થરો, ભાલાંઓ અને બરછીઓની વૃષ્ટિ થતી હતી. આ પ્રમાણે કેટલાક દિવસો ગયા પછી નંદનું સૈન્ય ભગ્ન થયું. ત્યારે નંદરાજાઓ ધર્મદ્વાર માંગ્યું. ત્યારે કહ્યું કે, 'એક રથથી તમારાથી જેટલું લઈ જઇ શકાય તેટલું ગ્રહણ કરો.' એટલે નંદરાજા બે ભાર્યાઓ, એક કન્યા અને કેટલુંક ધન ગ્રહણ કરીને જ્યાં નગર દરવાજે પહોંચ્યો, એટલામાં કન્યાની ઘણા વિલાસવાળી દૃષ્ટિ ચંદ્રગુપ્ત ઉપર પડી. પિતાએ તેની સાથે જવા અનુમતિ આપી. જેટલામાં કન્યા રથ ઉપર ચડવા લાગી, એટલામાં ચંદ્રગુપ્તનો જે રથ હતો, તેના નવ આરા ક્ષણવારમાં ભાંગી ગયા. એટલે ચંદ્રમુખ સરખો ચંદ્રગુપ્ત મ્લાનમુખવાળો થયો. ચાણક્યે તેને કહ્યું કે, 'તેને રથમાં ચડતાં રોક નહિં. કારણ કે, નવવંશ સુધી નવપાટ પરંપરા સુધી તારા વંશમાં સ્ફુરાયમાન સત્ત્વવાળા રાજપુરુષો રાજ્ય કરશે, અને તેઓ પરોપકાર કરનાર થશે.' (૮૦)

ત્યારપછી કુસુમપુરમાં પહોંચેલા તેઓએ રાજ્યના બે વિભાગ કરી નાખ્યા અને વહેંચી લીધા. હવે ત્યાં આગળ મહેલમાં વિષભાવિત દેહવાળી નંદરાજાની એક પુત્રી હતી. પર્વત રાજને તેની ઇચ્છા થઈ, એટલે તેને આપી. પરણાવવાનો વિધિ ચાલુ કર્યો, મધ્યમાં અગ્નિ પ્રગટાવ્યો. ત્યારે પર્વતરાજાનું શરીર ખેંચાવા લાગ્યું. કન્યાના શરીરના ઝેરની સંક્રાન્તિ સ્પર્શ કરવાથી વેદના થઈ. તે કહેવા લાગ્યો કે, 'હે મિત્ર ! મરી જાઉં એવી પીડા થાય છે, તો તેનો પ્રતિકાર કરવા આદરવાળો થાય છે, ત્યાં ચાણક્યે ભૃકુટી ચડાવી કપટથી ઇશારો કરી તેને રોક્યો. એટલે ચંદ્રગુપ્ત પાછો ફર્યો. પર્વત કન્યાના વિષપરિણમનથી મૃત્યુ પામ્યો. હવે બંને રાજ્યનો સ્વામી આ થયો. રાજ્યો સારી રીતે સજ્જ કર્યાં. ચપળ ઊંચા અશ્વોના સમૂહથી સુભગ, મદોન્મત્ત ઉત્તમ જાતિના હસ્તિઓની શ્રેણીયુક્ત રાજ્ય જે બ્રાહ્મણ છતાં પ્રાપ્ત કર્યું, તે પ્રભાવ નક્કી આ રાજાનો, તેમાં પણ સજ્જન મિત્રનો પ્રભાવ વિશેષ હતો. આમ છતાં કૌટિલ્ય ચાણક્યે કુટિલતા ધારણ કરી. 'ખરેખર કરેલા ગુણનો નાશ કરનાર કૃતઘ્ન લોકોને તિરસ્કાર થાઓ.'તથા શાસ્ત્રમાં પણ જણાવેલું છે કે-'ભાઇઓને મારવાની

બુદ્ધિ થાય કે સાસૂ-બહુ-ઓને મારવાની મતિ થાય, તે પણ મહાઅનર્થ કહેલ છે.'

હવે નંદ રાજાના પુરુષો ચંદ્રગુપ્તથી આજીવિકા મેળવી શકતા નથી એટલે તે જ નગરમાં તેઓ ચોરી કરવા લાગ્યા. હવે ચાણક્ય એક સખત ચોર પકડનાર આકરા પુરુષને શોધતો હતો, ત્યારે નગર બહાર પરિભ્રમણ કરતાં કરતાં તેણે એક નલદામ નામના એક કોલિકને જોયો. તે જ્યારે પોતાનું ઘર બનાવતો હતે, ત્યારે તેના પુત્રને ઘીમેલ સરખા તીક્ષ્ણ મુખવાળી કીડીઓએ ડંખ આપ્યા. એટલે તેના ઉપર નલદામ અત્યંત ક્રોધે ભરયો અને કીડીઓનું મૂલ-ઉત્પત્તિસ્થાન-તેનું દર શોધી કોશથી ખોદીને અગ્નિદાહથી સર્વથા બાળી નાખ્યું, કે હવે ફરીથી નવી કીડીઓ ઉત્પન્ન ન થાય.' ચાણક્યે વિચાર્યું કે, 'આના કરતાં બીજો કોઈ મારા ચિંતવેલા કાર્ય માટે સમર્થ નથી.' એ પ્રમાણે ત્રિદંડી ચાણક્યે તે નલદામને રાજા પાસે બોલાવ્યો અને કુસુમપુર નગરનું રક્ષણ કરનાર પદ અર્પણ કર્યું. તેણે વિશ્વાસ પમાડીને ચોરી કરનારાં કુટુંબોને ઝેર ભેળવેલાં ભોજન આપીને સમગ્ર કુટુંબો સહિત તેમને મારી નાખ્યા. આખું નગર ચોરી વગરનું કર્યું. ભિક્ષુકપણામાં જે ગામમાં ભિક્ષા મેળવી ન હતી, તે ગામમાં ચાણક્ય પોતાની આજ્ઞા તીક્ષ્ણપણે પ્રવર્તાવવા ઇચ્છતો હતો. ત્યાં આવા પ્રકારની આજ્ઞા આપતો કે, 'વાંસના ઝુંડને ફરતી આંબાના વૃક્ષની વાડ કરવી.' આવી આજ્ઞાથી ગામડિયાઓ વિચારવા લાગ્યા કે, 'આ કેમ યોગ્ય ગણાય ? રાજકુલનો આવો હુકમ હોય નહિં. માટે વાંસ કાપીને આંબાના વૃક્ષની વાડ બનાવીએ.' એમ વાડ બનાવી. વિપરીત આજ્ઞાનો દોષ ઉભો કરીને દરવાજા બંધ કરીને બાળક-વૃદ્ધ સહિત આખું ગામ ચતુર બુદ્ધિવાળા પાપી ચાણક્યે બાળી મૂક્યું. રાજ્યનો ભંડાર ભરવા માટે જુગાર રમવાના યૌગિક પાસાઓથી દરેકને જિતીને ઘણું ધન એકઠું કર્યું.

આ બ્રાહ્મણ કુળમાં જન્મેલાની ક્રૂરકર્મ કરવાની રસિકતા તો જુઓ કે, જે ગાયો, સ્ત્રીઓ, બાળકો, બ્રાહ્મણો, વૃદ્ધોથી ભરપૂર એવા મોટા વિસ્તારવાળા ગામને ચારે બાજુથી દરવાજા બંધ કરી મહાઅગ્નિદાહ આપ્યો. આમાં પોતાના અંગ ઉપર કેટલો ઉપયોગ છે ?

## ૯૮. ચાણક્યની કુટિલનીતિ-

ભગવા રંગના વસ્ત્ર માત્રની જરૂર છે. આવી કુટિલતા કરનારને તેમજ કટુકુટિલ બુદ્ધિવાળા તેને ધિક્કાર થાઓ. આ ચર્ચા વગરનો એક પ્રમાદ છે. રાજભંડાર ભરવા માટે તે કોઇ એવા યાંત્રિક પાસાથી જુગાર રમાડે છે. એક રત્નનો થાળ ભરીને ધનપતિઓ આગળ ગોઠવીને કહે છે કે, 'જો કોઈ મને જિતી જાય, તો હું તેને આ રત્નનો થાળ આપું અને જો હું તેમને પાસાથી જીતી જાઉં, તો તમારે મને સોનામહોર આપવી.'(૧૦૦) આવા

યંત્રપાસાઓ પાડવાના પ્રયોગથી તેણે પુષ્કળ ધન એકઠું કર્યું. હવે આ ઉપાય તો જુગારીઓ જાણી ગયા; તેથી કોઇક વધારવાનો બીજો ઉપાય ચાણક્ય વિચારવા લાગ્યો. ત્યારપછી નગરના મુખ્ય મુખ્ય ધનપતિઓને એકઠા કરી તેમને મદિરા-પાન કરાવ્યું. તેઓને મદિરાનો કેફ પૂરેપૂરો ચડ્યો, ભાન ગૂમાવ્યું, એટલે ચાણક્ય ઉભો થઇને નૃત્ય કરવા લાગ્યો, તેમ જ વિધિ સહિત હાથ ઉંચા કરીને ગાવા લાગ્યો કે, 'મારી પાસે માત્ર બે ભગવાં વસ્ત્રો છે, સુવર્ણ કમંડળ અને ત્રિદંડ છે. આટલું માત્ર છતાં રાજા મારે આધીન છે. આ વિષયમાં મારું એક ઢોલક વગાડ. હોલ-ઢોલ-હલકા વાજિંત્ર વગાડનારને આમંત્રણ આપે છે. જ્યારે બીજો નગરનો ધનપતિ આ તેની સમૃદ્ધિ સહન કરી શક્યો નહિં, ત્યારે તે પણ નાચવા ગાવા લાગ્યો. અને બોલવા લાગ્યો કે, 'મદોન્મત્ત હાથીના તરત જન્મેલા બાળ હાથી એક હજાર યોજન સુધી ચાલે, એને દરેક પગલે લાખ લાખ (તે વખતનું ચલણી નાણું) મૂકું, એટલું ધન મારી પાસે છે. એ વાત ઉપર હોલક વગાડો. વળી તેનાથી ચડિયાતો કોઇ અતિતીવ્ર ઇર્ષ્યાથી પૂર્ણ, ધનપતિ નાચતો અને ગાતો ગાતો પોતાનાં મનમાં રહેલો ગુપ્ત સદ્ભાવ આ પ્રમાણે બોલીને પ્રગટ કરવા લાગ્યો કે, 'એક આઢક પ્રમાણ વાવેલા તલમાંથી નવા ઉત્પન્ન થએલા અનેક સેંકડો પ્રમાણ તલના દરેકે દરેક તલ ઉપર લાખ લાખ પ્રમાણ નાણું ગોઠવાય, તેટલું ધન મારી પાસે છે, તો મારું હોલક બજાવો.'

આ પ્રમાણે સર્વ ધનપતિઓએ પણ મદ્યપાનના કેફથી પરાધીન બનીને પોતપોતાની પાસે ધન, ધાન્ય, ગાય, ઘોડાદિક હતાં, તે સર્વ તેને કહી દીધું. કહેલું છે કે - 'અનુરાગથી સ્નેહપૂર્ણમનવાળા, કોપાયમાન, ભવથી વિરક્ત થએલા હોય મદોન્મત્ત, અને મરનાર હોય તેઓના મનના ગુપ્ત સદ્ભાવો પ્રગટ થાય છે.' આ પ્રમાણે ચાણક્યે તે સર્વેના સમૃદ્ધિ-વિસ્તારને જાણીને જેની પાસેથી જેટલું યોગ્ય લાગે તેટલું મેળવીને રાજ્યકોષ ખૂબ વૃદ્ધિ પમાડ્યો. આ પ્રમાણે ચાણક્ય રાજ્યની ચિંતા કરતો હતો અને તે ચંદ્રગુપ્ત રાજા રાજ્યભૂમિનું પાલન કરતો હતો. હવે કોઈક સમયે ભયંકર દુષ્કાળ પડ્યો.

હવે તે નગરમાં સંભૂતવિજય નામના આચાર્ય મહારાજ પોતાના વૃદ્ધાવાસને કારણે ત્યાં રોકાએલા હતા, અને પોતાના શિષ્યોને સમુદ્ર-કિનારા ઉપર મોકલ્યા હતા. નવા આચાર્યને જ્યારે આચાર્ય મહારાજ મંત્ર, તંત્ર ભણાવતા હતા. તે સમયે બે નાના સાધુઓ નજીક સેવામાં હતા. તેઓ બંને તે મંત્ર તંત્ર જાણી ગયા. જો કે તેઓને મોકલી તો આપ્યા હતા, પરંતુ તેઓ ગુરુનો વિરહ સહન કરી શક્યા નહિં, જેથી થોડો માર્ગ કાપ્યા પછી તેઓ બંને પાછા વળ્યા. બાકીનો સાધુ-સમુદાય નક્કી કરેલા સ્થાને પહોંચી ગયો. અહિં સંભૂતવિજય ગુરુમહારાજ દુષ્કાળ સમયના કારણે શ્રાવકાદિના ઘરોમાં જાતે જ ભિક્ષા લેવા જતા હતા.

પ્રાસુક અને એષણીય-કલ્પે તેવી નિર્દોષ ભિક્ષા પ્રમાણોપેત જ લાવતા હતા. પહેલા શિષ્યોને આપી બાકી જે કંઈ આહાર લેતા હોવાથી તેમનું શરીર ઘણું દુર્બળ પડી ગયું. તેમના આવા દુર્બલ શરીરને દેખીને તે બંને શિષ્યો વિચારવા લાગ્યા કે, 'આપણે અહિં પાછા આવ્યા તે ઠીક ન કર્યું. કારણ કે આપણે આવીને ગુરુ મહારાજને ભારે પડ્યા. આપણે તેમને ગાઢ પરેશાન પમાડનાર બન્યા, તો હવે ભોજનનો કોઇ બીજો માર્ગ અપનાવીએ. અદૃશ્ય કરનાર એવું અંજન તેઓએ આંજ્યું. ગુરુને કહ્યા કે જણાવ્યા વગર ચંદ્રગુપ્તના ભોજન સમયે, અંજન આંજીને રાજમહેલમાં એવી રીતે પ્રવેશ કર્યો કે, કોઈ પુરુષે તેમને ન દેખ્યા. તેઓ બંનેએ રાજા સાથે ત્યાં સુધી ભોજન કર્યું કે, જ્યાં સુધી ધરાયા.

આ પ્રમાણે દરરોજ તેઓ ભાણામાંથી પૂરતું ભોજન અદૃશ્યપણે કરી જતા હતા. હવે રાજા દરરોજ ભૂખ્યો રહેતો હોવાથી શરીરે દુર્બળ પડી ગયો. એટલે ચાણક્યે પૂછ્યું કે, 'શા કારણથી ?' તો કે સમજી શકાતું નથી, ભાણામાંથી મારો આહાર કોઈ હરી જાય છે ? મારા ભાગમાં તો ઘણો અલ્પ આહાર બાકી રહે છે. ત્યારે ચાણક્યના મનમાં વિતર્ક થયો કે, અત્યારે આ સમય સુંદર નથી. કોઇ અદૃશ્ય બની આના ભાણામાંથી ભોજન ખાઈ જાય છે. તે જાણવા માટે ભોજનશાળાના આંગણામાં ઇંટોનું ચૂર્ણ પાથર્યું. બીજા દિવસે પ્રવેશ કરતા હતા, ત્યારે તેનાં પગલાં અને પગલાંની પંક્તિઓ દેખી, પણ તે બંને દેખાતા નથી. એટલે દ્વાર બંધ કરી મૂંઝવનાર ધૂમાડો ઉત્પન્ન કર્યો એટલે નેત્રોમાંથી અશ્રુજળ નીકળી જવા લાગ્યું. એટલે તે બંને નાનાસાધુઓ પ્રગટ થયા. તેમે ચાણક્યે જોયા, એટલે તેમને શરમ આવી અને ઉપાશ્રયે મોકલી આપ્યા. (૧૨૫)

રાજાએ કહ્યું કે, 'આ સાધુઓએ મને વટલાવી નાખ્યા છે.' એમ જુગુપ્સા કરવા લાગ્યો. ત્યારે ઉદ્ભટ ભૃકુટીથી ભયંકર દેખાતા ભાલતલવાળા ચાણક્યે રાજાને કહ્યું કે, 'તું કૃતાર્થ થયો, ખરેખર આજે તું વિશુદ્ધવંશમાં જન્મ્યો છે કે, બાલ્યકાળથી પાલન કરેલા વ્રતવાળા સાથે તેં ભોજન કર્યું.' હવે ગુરુ પાસે જઇને શિષ્યોને ઉપાલંભ આપતા ચાણક્યે કહ્યું, ત્યારે ગુરુએ પણ ચાણક્યને કહ્યું કે, 'તારા સરખા શાસનપાલકો હોવા છતાં આ સાધુઓ ક્ષુધાથી પીડાઇને નિર્ધર્મ બને અને આવા આચારવાળા થાય, તે સર્વ તમારો જ અપરાધ છે, પણ બીજાનો નહિં. એટલે તે પગે પડીને ક્ષમા માગવા લાગ્યો કે, 'મારા આ એક અપરાધની ક્ષમા આપો.' 'હવેથી પ્રવચનની સર્વ ચિંતા હું કરીશ.' લોકોનાં મનમાં ચમત્કાર થયો કે, 'ચાણક્ય કદાપિ આવો નમ્ર થઇને અપરાધની ક્ષમા માગે ખરો ?'

હવે 'ઘણા લોકોનો વિરોધ પામેલા રાજાને રખે કોઇ ઝેર ખવરાવી દે.' તેથી ખબર ન પડે તેવી રીતે તેના શરીરમાં ઝેર ભાવિત કરવા લાગ્યો. જેથી દુર્જનો તેને ઝેરનો પ્રયોગ

કરે, તો પણ તે ઝેર પરાભવ કરનાર ન થાય. દરરોજ ચાણક્ય પાસે હોય, ત્યારે જ રાજા ભોજન કરે, કોઇક દિવસે કોઈપણ પ્રકારે બીજા કાર્યમાં રોકાએલો હોવાથી રાજાના ભોજન-સમયે તેની ગેરહાજરીમાં ગર્ભવતી રાણીએ સાથે બેસી ભોજન કરવાની ઈચ્છા કરી. આ ભોજનમાં ઝેર છે, તેનો પરમાર્થ ન જાણનાર અતિપ્રેમથી પરાધીન બનેલા રાજાએ પોતાના થાળમાંથી રાણીને એક કોળિયો આપ્યો. જેટલામાં રાણીએ ઝેરવાળો કોળિયો ખાધો કે તરત ભાન ગૂમાવ્યું અને રાણી પરવશ બની ગઈ. આ વાત ચાણક્યને જણાવી, એટલે તે ઉતાવળે પગલે આવી પહોંચ્યો. આને વમન કરાવવું યોગ્ય નથી, કારણ કે ગર્ભવતી છે. એટલે મનમાં ચિંતવવા લાગ્યો. તે કાળે કરવા યોગ્ય કાર્યમાં સાવધાન બની, પોતે જ શસ્ત્ર ગ્રહણ કરીને પેટ ચીરીને, પાકીને તૈયાર થએલા ગર્ભને પોતાના હાથે ગ્રહણ કરી જુના ઘીથી પૂર્ણ રૂવાળા ભાજનમાં સ્થાપન કર્યો. તે બાળકના મસ્તક પર ખોરાકના ઝેરનું ટપકું લાગેલું હોવાથી 'બિન્દુસાર' એવું નામ સ્થાપન કર્યું. ગમે તે પ્રકારે બાળકને જીવાડ્યો. ક્રમે કરી દેહ વૃદ્ધિ પામ્યો. ગર્ભમાં રહેલાને જ બહાર કાઢવાથી તેને રુંવાડાં ન ઉદ્ભવ્યાં. કાલે કરીને ચંદ્રગુપ્ત મૃત્યુ પામ્યો, એટલે બિન્દુસાર રાજા થયો.

## ૯૯. સુબુદ્ધિમંત્રીનું વેર કેવી રીતે વાળ્યું ?

આગળ ઉત્થાપન કરેલા નંદ રાજાના સુબંધુ નામના એક મંત્રીએ ચાણક્યનો તેવો એક અપરાધ ઉભો કરીને આ નવા રાજાના કાન ભંભેર્યા કે - 'હે દેવ ! જો કે આપ મારા પ્રત્યે કૃપાવાળી વિકસિત દૃષ્ટિથી જોતા નથી, છતાં પણ આપનું હિત અમારા અંતરમાં વસેલું હોવાથી આપને સત્ય હકીકત જણાવવી જ પડશે કે, 'આ ચાણક્ય મંત્રીએ આપની માતાનું ઉદર ચીરીને તેને મરણ પમાડી, તો આનાથી બીજો કયો વૈરી હોઇ શકે ?' એમ સાંભળીને કોપ પામેલા રાજાએ પોતાની ધાવમાતાને પૂછ્યું, તેણે પણ તેમ કહ્યું, પણ મૂળથી આખી બનેલી હકીકત ન કહી. સમય થયો, એટલે ચાણક્ય સભામાં આવ્યો, રાજાએ પણ તેને દેખીને ભાલતલની ભૃકુટી ચડાવી, ક્રોધ મુખવાળા બની મુખ ફેરવી નાખ્યું. 'રાગાંધ રમણીઓ, રાજાઓ, વૃક્ષની પાણીની નીકો, નજીક રહેલાઓ જે તરફ લઈ જાય તે તરફ જાય છે.' રાજા વિમુખ-વિપરીત થયો એટલે ચાણક્ય વિચારવા લાગ્યો કે, 'આજે શત્રુની જેમ શાથી ક્રોધ પામીને મારા તરફ આવો વર્તાવ કરે છે ?'

તરત જ પોતે પોતાના ઘરે જઇને પોતાના ઘરના સારભૂત સુવર્ણાદિક પુત્ર, પૌત્ર, સ્વજનાદિકને આપીને વિચારવા લાગ્યો કે, મારા પદની સંપત્તિ મેળવવાની ઇચ્છાથી કોઇક દુર્જન ચાડિયાએ રાજાના કાન ભંભેર્યા જણાય છે - એવી શંકા થાય છે. તો હવે તેવું કાર્ય કરું કે, જેથી દુઃખ પામેલો દુઃખમાં જ પોતાનું લાંબું જીવન પસાર કરે. એટલે પ્રવર

ગંધવાળા મનોહર પદાર્થની મેળવણી કરી જેમાંથી ખૂબ સુગંધ ઉછળે તેવું ચૂર્ણ તૈયાર કરી એક સુશોભિત ડાભડીમાં ભર્યું. તેમાં લખેલું એક ભોજપત્ર પણ સાથે મૂક્યું. 'આ ઉત્તમ સુગંધ સૂંઘીને જેઓ ઇન્દ્રિયોને અનુકૂળ વિષયો સેવન કરશે, તો તેનું યમરાજાને ત્યાં પ્રયાણ થશે. (૧૫૦) આ ચૂર્ણ સૂંઘ્યા પછી ઉત્તમ વસ્ત્રો, આભૂષણો પહેરશે, વિલેપનો કરશે, તળાયમાં શયન કરશે, સુગંધી તેલ, અત્તર પુષ્પાદિક સેવન કરશે, મદ્ય-શૃંગારાદિક કરશે, તે પોતાનો વિનાશ નોતરશે.' આ પ્રમાણે અંદર મૂકેલ વાસચૂર્ણનું સ્વરૂપ જણાવનાર ભોજપત્ર પણ તે ડાભડીમાં મૂકીને ડાભડી એક પેટીમાં મૂકી. તેને પણ મોટા પટારામાં સ્થાપન કરીને ઘણા ખીલાથી મજબૂત કરી એક ઓરડામાં મૂકી.

## ૧૦૦. ચાણક્યે સ્વીકારેલ અનશનવ્રત-

દ્વારની સાંકળ બંધ કરી ઉપર મજબૂત તાળું લગાવ્યું. ત્યારપછી સમગ્ર સ્વજનોને, લોકને ખમાવીને તેમને જિનેન્દ્રના ધર્મમાં જોડીને ગામ બહાર અરણ્યમાં ગોકુળના સ્થાનમાં ઇંગિની-મરણ અંગીકાર કર્યું. જ્યારે ધાવમાતાએ સુબંધુ મંત્રીનું કાવત્રું જાણ્યું અર્થાત્ 'આ ચાણક્ય પિતાથી પણ અધિક હિતકારી હતો' - એમ રાજાને જણાવ્યું અને કહ્યું કે, 'તેનો પરાભવ કેમ કર્યો ?' તો કે 'માતાનો વિનાશ કરનાર હોવાથી.' તો ધાવમાતાએ કહ્યું કે, 'જો તેનો વિનાશ ન કર્યો હોત, તો તું પણ આજે હાજર ન હોત. જે કારણ માટે તારા પિતાને વિષમિશ્રિત ભોજન દરરોજ ચાણક્ય ખવરાવતો હતો, તેનો એક કોળિયો તારી માતાએ ખાધો, તું ગર્ભમાં રહેલો હતો. વિષ વ્યાપી જવાથી દૈવી તો મરણ પામેલા હતાં જ, તેનું મરણ દેખીને મહાનુભાવ ચાણક્યે માતાના પેટને છૂરિકાથી વિદારણ કરીને તને બહાર કાઢ્યો. કાઢવા છતાં પણ મસ્તક ઉપર ઝેરનું બિન્દુ લાગી ગયું હતું. મેશના વર્ણ સરખું શ્યામ ઝેરબિન્દુ લાગેલું હોવાથી હે રાજન્ ! તું બિન્દુસાર તરીકે ઓળખાય છે.' એ સાંભળીને મહાસંતાપને પામેલો તે સર્વવિભૂતિ સહિત એકદમ ચાણક્યની પાસે પહોંચ્યો. બકરીની સૂકાએલી લીંડીઓ ઉપર બેઠેલા, સંગ વગરના તે મહાત્માને દેખ્યા. સર્વાદરથી વારંવાર ખમાવીને કહ્યું કે, 'નગરમાં પાછા ચાલો અને રાજ્યની ચિંતા કરો.' ત્યારે ચાણક્યે કહ્યું કે, 'મેં તો જિંદગી પર્યંત માટે અનશનનો સ્વીકાર કર્યો છે. હવે સંસારના સમગ્ર સંગનો સર્વથા મેં ત્યાગ કર્યો છે.' ચાડી ખાવના કટુ વિપાકો જાણનાર ચાણક્યે તે વખતે રાજાને સુબંધુનું કાવત્રું થયું, તે સંબંધી લગાર પણ વાત ન કરી.

હવે ભાલતલપર બે હાથ જોડી સુબંધુએ રાજાને વિનંતિ કરી કે, 'હે દેવ ! જો આપ મને આજ્ઞા આપો, તો અનશનવ્રતવાળા મંત્રીની હું ભક્તિ કરું.' રાજા પોતાના સ્થાને ગયા એટલે આજ્ઞા પામેલા તુચ્છ બુદ્ધિવાળા સુબંધુએ ધૂપ સળગાવી તેનો અંગારો બકરીઓની

લીંડીઓ ઉપર જાણી જોઈને નાખ્યો. મનની અંદર શુદ્ધ લેશ્યામાં વર્તતા ચાણક્યની નજીક સળગતો સળગતો કરીષાગ્નિ પહોંચ્યો. આવા ઉપસર્ગ સમયમાં ચાણક્ય ધર્મધ્યાનમાં સજ્જડ એકાગ્ર ચિત્તવાળો બન્યો અને લગાર પણ પોતાના ધ્યાનથી ચલાયમાન ન થયો. અનુકંપાવાળો તે સળગતા અગ્નિમાં બળી રહેલો હતો. 'ખરેખર તે ધન્ય પુરુષો છે કે, જેઓ અનુત્તર-મોક્ષસ્થાનકમાં ગયા છે, જે કારણ માટે તેઓ જીવોના દુઃખના કારણભૂત થતા નથી. અમારા સરખા પાપી જીવો તો ઘણા પ્રકારના જીવોને ઉપદ્રવ કરીને આરંભ-સમારંભમાં આસક્ત મનવાળા થાય છે, એ રીતે પોતાનું જીવન પાપમાં જ પસાર કરે છે. આવા જીવલોકને ધિક્કાર થાઓ.

જિનેશ્વરનાં વચનને જાણવા છતાં મોહ-મહાશલ્યથી વિંધાએલા મનવાળો હું આ લોક અને પરલોક-વિરુદ્ધ વર્તન કરનારો થયો છું. ખરેખર મારું ચરિત્ર કેવું છે ? આ ભવમાં કે પરભવમાં મેં જે કોઇ જીવોને દુઃખ પમાડ્યા હોય, તે સર્વે અત્યારે મને ક્ષમા આપજો. હું પણ તે સર્વેને ખમાવું છું. રાજ્ય કરતો હતો, ત્યારે પાપાધીન થઇ જે કોઇ વિવિધ અધિકરણ વગેરે એકઠાં કર્યાં હોય, તે સર્વેને હું ત્રિવિધે ત્યાગ કરું છું. તે લીંડીઓના અગ્નિમાં જેમ જેમ તે ધન્યનો દેહ બળતો જાય છે, તેમ તેનાં ક્રૂર કર્મો પણ અંતસમયે નાશ પામે છે. શુભભાવની પ્રધાનતાવાળો પ્રધાન પરમેષ્ઠિ-મંત્રનાં સ્મરણમાં તત્પર બનેલો અડોલ સમાધિપૂર્ણ ચિત્તવાળો તે મૃત્યુભાવને પામ્યો. દેદીપ્યમાન દેહવાળો મહર્ધિકપણે દેવલોકમાં ઉત્પન્ન થયો.

હવે તેના મરણથી આનંદિત થએલો તે સુબંધુમંત્રી સમયે રાજાને પ્રાર્થના કરીને ચાણક્યનો મહેલ પ્રાપ્ત કરીને ત્યાં ગયો. ત્યારે ગંધની મહેંક બહલાતી હતી. જેનાં દ્વાર મજબૂત ખીલાઓ ઠોકાવી મજબૂત બનાવ્યા હતાં, તે જોયાં અને વિચાર્યું કે, 'અહિં કમાડ ખોલવાથી સર્વ સારભૂત દ્રવ્ય પ્રાપ્ત થઇ શકશે.' એટલે કમાડ તોડાવી અંદરની મંજૂષા-પેટી બહાર કાઢી. ત્યાર પછી જ્યાં સુગંધી વાસદ્રવ્ય સૂંઘ્યું, તેટલામાં તો ભોજપત્રમાં લખેલ વાક્ય અને તેનો અર્થ પણ સારી રીતે જાણ્યો. તેની ખાત્રી માટે એક બીજા પુરુષને તે વાસ સૂંઘાડ્યો, ત્યારપછી તેની પાસે વિષયોનો ભોગવટો કરાવ્યો, તો તે મનુષ્ય મૃત્યુ પામ્યો - એ જ પ્રમાણે બીજી પણ વિશિષ્ટ વસ્તુઓની ખાત્રી કરી, 'અરેરે ! તું તો મર્યો, અને બીજાને પણ મારતો ગયો.' આ પ્રમાણે અતિશય દુઃખમાં સબડતો જીવવાની ઇચ્છાથી તે બિચારો ઉત્તમ મુનિની માફક પોતાનું જીવન પસાર કરવા લાગ્યો. (૧૮૨) ચંદ્રગુપ્ત-ચાણક્ય મંત્રી કથા સંપૂર્ણ.

પોતાના સ્વજન સંબંધી દ્વારને આશ્રીને કહે છે -

**निययाऽवि नियय-कज्जे, विसंवयंतम्मि हुंति खर-फरुसा ।**
**जह राम-सुभूमकओ, बंभ-क्खत्तस्स आसि खओ ।।१५१।।**

નજીકના સ્વજન સંબંધીઓ પોતાનું ધાર્યું કાર્ય સિદ્ધ ન થાય અને મતભેદ ઉત્પન્ન થાય, તો તેઓ પરસ્પર કઠોર-ક્રૂર કાર્ય કરનાર અને આકરાં વચનો બોલનાર થાય છે. જેમ કે પરશુરામે ક્ષત્રિયોનો અને સુભૂમે બ્રાહ્મણ જાતિનો વારંવાર ક્ષય કર્યો. પરશુરામે સાત વખત નિઃક્ષત્રી પૃથ્વી કરી અને સુભૂમે ૨૧ વખત નિર્બ્રાહ્મણી પૃથ્વી કરી. જેમાં પોતાના સ્વજનોનો પણ ક્ષય થયો. તેની કથા આ પ્રમાણે જાણવી -

## ૧૦૧. પરશુરામ અને સુભુમચક્રીની કથા -

વસંતપુર નગરમાં આગ્નેય નામનો એક છોકરો હતો. તે સાર્થની સાથે દેશાન્તરમાં ફરતાં ફરતાં કોઇ વખત માર્ગમાં ભૂલો પડ્યો. એક તાપસનો આશ્રમ દેખ્યો. તયાં યમ નામનો તાપસ હતો, તેણે પુત્રની જેમ લાલન-પાલન કરી મોટો કર્યો. 'જમદગ્નિ' એવું તેનું નામ પાડ્યું. તે ઘોર આચાર પાલન કરતો હતો અને ઘોર તપ કરતો હતો જેથી તપસ્વી તરીકે ઘણી પ્રસિદ્ધિ પામ્યો. આ બાજુ વૈશ્વાનર અને ધન્વંતરી નામના બે દેવો હતા જેમાં વૈશ્વાનર તાપસોનો ભક્ત અને ધન્વંતરી દેવ નિર્ગ્રંથ સાધુઓની ભક્તિ કરનાર સમકિતી દેવ હતો. તેઓ બંને પોતપોતાના જ્ઞાનના પક્ષપાત-વિવાદ કરતા હતા. એક-બીજાએ નક્કી કર્યું કે, આપણે સાધુ અને તાપસની પરીક્ષા કરીએ. તેમાં સાધુભક્ત એવા દેવે કહ્યું કે, 'અમારા સાધુમાં જે ઓછામાં ઓછા આચારવાળા સાધુ હોય, તે અને તમારા તાપસોમાં જે ચડિયાતા મુખ્ય તાપસ હોય, તેની પરીક્ષા કરવી. એટલે મિથિલામાં તરતના પ્રતિબોધ પામેલા પદ્મરથ નામના એક શ્રાવક વાસુપૂજ્યસ્વામીના જન્માદિ-કલ્યાણકોથી પવિત્ર થએલી મનોહર ચંપા નામની નગરીમાં સુગુરુ સમીપે પ્રવ્રજ્યા ગ્રહણ કરવા માટે પ્રયાણ કરી રહેલો છે. ત્યારે આ બંને દેવોએ બે સિદ્ધ પુત્રોનાં રૂપો વિકુર્વીને પરમાર્થ પૂછીને તેને કહ્યું કે - 'આ યૌવન ઘણું મનોહર મળ્યું છે. તેમાં આજે તું અખંડિત ભોગો ભોગવ, જ્યારે જર્જરિત દેહ થાય અને ભોગ ભોગવવાની તાકાત ન રહે, ત્યારે પ્રવ્રજ્યા અંગીકાર કરજે.'

પદ્મરથ - મોક્ષમાર્ગને આપનાર એવો ધર્મ યૌવનવયમાં સાધી શકાય છે, આવ યૌવનને જેઓ ભોગ ભોગવવામાં વેડફી નાખે છે, તે ખરેખર ક્રોડો સોનૈયાથી કાગિણી (કોડી) ખરીદનાર થાય છે. જેમ પૃથ્વી પર ઢળી પડેલો હાથી ચાહે તેટલો તેને મસળીને તૈયાર કરીએ, તો પણ જર્જરિત દેહવાળો તે રણ સંગ્રામમાં યુદ્ધ કરવા કામ લાગતો નથી; તેમ આ દેહ જર્જરિત, શક્તિહીન થાય, પછી પ્રવ્રજ્યાના કાર્યો સાધી શકતો નથી.

દેવ - તું તો અતિસુંકુમાળ શરીરવાળો છે અને દીક્ષા તો વજ્રની તીક્ષ્ણ ધારવાળી તરવાર સરખી છે. અર્થાત્ જાતિપુષ્પને મોટા મોગરાના પ્રહાર મારવામાં આવે, તેના પરિણામ સરખી તારા માટે પ્રવ્રજ્યા છે.

પદ્મરથ - અતિસુકુમાર દેહવાળાને સંયમના ઉદ્યમથી અતુલ બળ પ્રાપ્ત થાય છે. અતિકોમળ માલતી પુષ્પમાળા શું મસ્તકપર બંધાતી નથી ? મધુરયૌવન શરીર રૂપ આ નાનીલતાનું તપસ્યા સિવાય બીજું કોઈ ફળ નથી, અતિરસવાળી રસવતીની વાનગીઓનો જે ભોગવટો કરવો, તે યુવાનીનું ફળ નથી. હે સુંદર ! શરીરના ભોગ-સુખથી મોક્ષનું અખંડ સુખ મેળવી શકાતું નથી. હીરા-મણિ રત્નની ખાણ મળી હોય, પરંતુ પૃથ્વીને ખોદ્યા વગર તે હીરાદિક ફળની પ્રાપ્તિ થતી નથી.

દેવ - તો એક પિંડ આપનાર પુત્ર ઉત્પન્ન કર, જેથી અખૂટ સુખ આપનાર સ્વર્ગની પ્રાપ્તિ થાય. પુત્ર ન હોય તો પિંડ કોણ આપશે ? અને પિંડ ન આપનાર હોય, તેની પરલોકમાં સારી ગતિ થતી નથી.

પદ્મરથ - જો પુત્રનો જન્મ અપાય અને તે દ્વારા સ્વર્ગની પ્રાપ્તિ થતી હોય, તો કૂતરી અને પક્ષિણી પ્રથમ સ્વર્ગ મેળવનાર થાય. પુત્રના પિંડ આપવાથી પિતાઓ સદ્ગતિ મેળવતા હોય. એ વાત કોઈ રીતે યુક્તિવાળી ગણાતી નથી. તે પિંડથી વળી કયો ગુણ થઇ શકે ? પિંડને અગ્નિમાં હોમ કરવામાં આવે, તો તેનો તો રાખોડો થાય છે, બ્રાહ્મણના પેટમાં પડે, તો તેનાથી તેને જ માત્ર તૃપ્તિ થાય છે. પોતાના પુત્રોએ આપેલ પિંડથી પિતાને કયો એવો સંબંધ થાય કે ખોટીગતિ થવાના બદલે સદ્ગતિ થઈ જાય ? આ તો આ લોકના ભોગમાં ગૃદ્ધ થએલાએ અને તે મેળવવા માટે આ પિંડપ્રદાનની પ્રરૂપણા ઉભી કરેલી છે. બાકી તો સર્વે જીવો પોતે કરેલ, શુભાશુભ કર્મનું જ ફળ મેળવે છે.

આ પ્રકારે ઘણા પ્રકારની યુક્તિથી તેને ધર્મથી ખસેડવાના ઉપાયો કરવા છતાં જેમ પ્રચંડ પ્રલયકાળનાં વંટોળથી મેરુ ચલાયમાન ન થાય, તેમ તે દેવોથી આ પદ્મરથ ચલાયમાન ન થયા. તેને અડોલ ચિત્તવાળો ચિંતવીને તે બંને દેવો લાંબા સમયથી કાઉસ્સગ્ગ વગેરે કષ્ટકારી અનુષ્ઠાન કરતા, સખત ઉનાળાની ગરમીથી અધિક નિષ્ઠુર આતાપના લેતા એવા જમદગ્નિ તાપસ પાસે પહોંચ્યા. દેવોએ માયાથી બે ચકલાપક્ષીના યુગલનું રૂપ વિકુર્વ્યું અને તે તાપસની દાઢીના કેશમાં પોતાને રહેવાનો માળો બનાવ્યો.

કોઈક સમયે માનુષી ભાષામાં પક્ષીએ પોતાની પ્રિયાને કહ્યું કે, 'એવું કંઈક પ્રયોજન આવી પડેલું છે, જેથી હું, હિમવાન પર્વતપર જાઉં છું. ત્યારે પક્ષીપત્ની કહેવા લાગી કે, 'તમે ત્યાં ગયા પછી કોઈ બીજા સાથે પ્રેમ કરો અને પછી આવો કે ન પણ પાછા આવો, અથવા

લાંબા કાળે આવો, તમારો શો વિશ્વાસ કરવો ? ત્યારે પુરુષપક્ષીએ કહ્યું કે, હે પ્રાણપ્રિયે! જો હું અર્ધપ્રહરમાં પાછો ન આવું તો, બ્રાહ્મણ, ગાય, બાળક, સ્ત્રી વગેરેની હત્યા કરનારને જે પાપ લાગે, તે પાપ મને લાગે. પક્ષિણીએ કહ્યું કે, 'હું તમારો તો વિશ્વાસ કરું કે, જો આવા સોગન ખાવ તો, આ ઋષિએ આ તાપસવ્રત લઇને જે પાપ કર્યું છે, તે પાપ લેનાર થાવ તો.' પેલાએ જવાબ આપ્યો કે, હે સ્વામિનિ ! હું મરવું પસંદ કરીશ, પણ આ પાપ માટે સોગન નહિં ખાઇશ. એટલે ગોહત્યાદિરૂપ મોટાં પાંચ પાપોના સોગન લીધા. એટલે કોપ પામેલા ઋષિએ તે બંનેને બે હાથે પકડી લીધા અને તેમને પૂછ્યું કે, 'અરે નિપુણ પક્ષીઓ ! તેનો મને જવાબ આપો કે, ગાય વગેરે મોટી હત્યા કરતાં મારા તાપસવ્રતમાં કયું મેં મોટું પાપ ઉપાર્જન કર્યું છે ? તેઓએ જવાબ આપ્યો કે, 'હે મહર્ષિ ! તમે રોષાયમાન ન થશો. તમે કુમારપણામાં બાળબ્રહ્મચારી થઇને આ તાપસ-દીક્ષા લીધી હોવાથી તમે પુત્રને જન્મ આપ્યો નથી. તેથી તમે પાપ સમૂહને ઉપાર્જન કરનારા કેમ ન ગણાવ ? જે માટે સ્મૃતિમાં કહેલું છે કે, પુત્ર વગરનાની સ્વર્ગ વગેરે સદ્ગતિ થતી નથી, લગ્નાદિક કરી, કુટુંબ-વૃદ્ધિ પમાડી, પુત્ર ઉત્પન્ન કરી પછી સ્વર્ગે જઇ શકાય છે. આ લૌકિક વાક્ય પણ તમે સાંભળ્યું નથી કે, જેમણે આંબાનાં વૃક્ષો રોપ્યાં નથી, પિપળાંના ઝાડને જળ સિંચ્યું નથી. તેઓ જીર્ણ વહાણ સમાન જાણવા કે, જેઓએ પુત્રોને જન્મ નથી આપ્યો.'

આ સાંભળી તે ઋષિ પોતાના તાપસવ્રતથી ક્ષોભાયમાન થયા. કારણ કે રતિસુખ તો સંસારી જીવને મનગમતું હોય છે, તેમાં વળી દેવતાઈ પક્ષીઓએ તેવો ધર્મ જણાવ્યો, એક તો પોતાને તેવી ઉત્કંઠા હોય અને વળી બીજું મોરે ટહુકાર કર્યો, એટલે કામમાં ઉત્તેજિત થયો. ત્યારપછી તે જમદગ્નિ તાપસ સ્ત્રી યાચવા માટે આકુલ બની મૃગકોષ્ઠકનગરે જિતશત્રુ રાજા પાસે ગયો. તેણે પણ ઉભા થઈ સ્વાગત કરી પૂછ્યું કે, 'બોલો, શું પ્રયોજન છે ?' તમારી પાસે સુવર્ણવર્ણી અને લાવણ્ય પૂર્ણ કન્યાઓનો મોટો ભંડાર છે, તો તેમાંથી એક કન્યા મને આપ ! ત્યારે શાપથી ભય પામેલા રાજાએ કહ્યું કે તમે જાતે અંતઃપુરમાં જઇને તમને જે ઇચ્છે, તેની યાચના કરો, જે તમારાથી ભય ન પામે, તે તમારી પત્ની ભલે થાય, તે ત્યાં ગયો. બે હાથની અંજલિ કરીને ઋષિ એક એક પાસે પ્રાર્થના કરવા લાગ્યા. મનોહર વિભ્રમ-કટાક્ષ ધારણ કરનાર મધુર સુંદર મુદ્રાવાળી, બીજાનાં ચિત્તને ઉન્માદ કરાવવાની વિધિમાં અતિઅદ્ભુત પાંડિત્યવાળી આ રમણીઓને કેટલું કહીને પ્રાર્થના કરવી. ?

'તમે બાલ્યવયથી બ્રહ્મજ્ઞાનમાં લયલીન બનેલા છો, અતિતીવ્ર વ્રતો આચરનારા છો, ઘોર તપ કરનારા છો, તપાસ-બ્રહ્મચર્ય પાલન કરવામાં ઘણાં વર્ષો વીતી ગયાં છે, તો પછી

તરુણની જેમ પતિ બનવાની દુર્બુદ્ધિ ક્યાંથી આવી ?' ત્યારપછી પિશાચ સરખી અણગમતી આકૃતિ દેખીને, તેના તરફ પીઠ ફેરવીને નિષ્ઠુરતાથી તેને કહ્યું કે, 'તું અતિ અશુભરૂપવાળો છે, હવે શ્મશાન પહોંચવા જેટલી વયે આવી પહોંચેલો છે, આવી સ્થિતિમાં મૃગાક્ષી-યુવ્રતીની અભિલાષા કરે છે, તો તારા આ મસ્તકના સફેદ પળિયાંથી પણ લજ્જા પામતો નથી ? એટલે ક્રોધ પામેલા જમદગ્નિએ શાપ આપીને સર્વ કન્યાઓને કુબડી કરી નાખી. ત્યારથી માંડીને આજે પણ તે નગર 'કન્યકુબ્જ' તરીકે ઓળખાય છે. હવે જ્યારે તે ધીઠો થઇને ત્યાંથી નીકળ્યો, ત્યારે માર્ગની ધૂળ-રેણુમાં રમતી એક નાની રાજકન્યાને દેખી. ત્યારે તેને માતુલિંગ-બીજોરાફળ દેખાડીને કહ્યું કે, 'આની ઈચ્છા થાય છે ? એટલે તે રાજબાળકીએ હાથ લાંબા કર્યા. તે ફળ તેને આપીને પછી તેને કેડે સ્થાપન કરી. જ્યારે તે ત્યાંથી નગર બહાર નીકળતો હતો, ત્યારે પિતાએ શીખવેલ કે, તમારે તેને આ પ્રમાણે કહેવું કે, હવે તો અમે બાલિકાઓ તમારી સાળીઓ થઇ છીએ, તો આવી કુબડી સ્થિતિમાં મૂકીને જાવ, તે ન પાલવે. એટલે તે સર્વ રાજકન્યાઓને પાછી અસલ રૂપવાળી કરી દીધી.

પેલી રેણુમાં રમતી હતી, તેથી રેણુકા નામ પાડ્યું. તેને આશ્રમપદમાં લઇ ગયા. વૃદ્ધિ પામતી તે તારુણ્ય પામી. સમય થયો એટલે પિતાએ પરણાવીને હજાર ગાયો અને બીજું દાન આપ્યું. ઋતુકાળે સ્નાન કર્યા પછી ભર્તારે રેણુકાભાર્યાને કહ્યું કે, 'હે આર્યે ! હું એક શોભન ચરુની સાધના કરું છું કે, જેથી સર્વ બ્રાહ્મણોમાં પ્રધાનપુત્ર તને પ્રાપ્તિ થાય.' તેણે કહ્યું કે, તો એમ કરો કે, 'મારી એક ભગિની હસ્તિનાપુરમાં અનંતવીર્ય રાજાની ભાર્યા છે, તેને પણ પવિત્ર ક્ષત્રિયપુત્રની ઉત્પત્તિ થાય એવો બીજો ચરુ પણ સાધજો. તેણે બંને ચરુની સાધના કરી. અને તેને અર્પણ કર્યા. ત્યારપછી રેણુકાએ વિચાર્યું કે, 'હું રાજાની પુત્રી હોવા

છતાં જંગલમાં રખડનારી હરિણી જેવી બની છું. 'તો મારો પુત્ર પણ તેવો ન થાય' તેમ ધારીને રેણુકાએ ક્ષત્રિયનો ચરુ ખાધો. બીજી બેનને બીજો ચરુ મોકલ્યો. બંનેને પુત્રો જન્મ્યા. તાપસી રેણુકાને (પરશુ)રામ, બીજીને કાર્તવીર્ય નામનો. રામ જમદગ્નિના આંગણે મોટો થવા લાગ્યો. કોઇક દિવસે ત્યાં એક વિદ્યાધર આવ્યો. પડી જવાથી તેને શરીરે વાગ્યું હતું. રેણુકાએ (રામે) તેની ચિકિત્સા કરી સારો કર્યો. તુષ્ટ થએલા એવા વિદ્યાધરે તેને પરશુવિદ્યા આપી. શરવણમાં જઇ તે વિદ્યાની સાધના કરી સિદ્ધિ મેળવી. કોઈ દિવસ રેણુકા ભગિનીને ઘરે ગઈ. કામરાગ થવાથી અનંતવીર્ય રાજા સાથે સંબંધમાં જોડાઈ. 'પવનથી કંપાયમાન થતા પિપળાના પત્ર સરખી ચંચલ સ્વભાવવાળી સ્ત્રીઓ હોય છે.' એમ જાણીને રાજા પણ તેની સાથે અનાચરણ કરવા લાગ્યો. શી વાત કરવી ?

"કમલ સમાન મનોહર નેત્રવાળી સુંદર અનેક દેવાંગનાઓ સ્વાધીન હોવા છતાં

ઈન્દ્રમહારાજા અહલ્યા તાપસીમાં મોહ પામ્યા અને તેને ભોગવી, જ્યારે હૃદયરૂપી તૃણની ઝુંપડીમાં કામાગ્નિ પ્રગટ થાય છે, ત્યારે ભલભલા જાણકાર પંડિત પણ શું ઉચિત કે શું અનુચિત ? તે વિચારવાનું પણ ભૂલી જાય છે.' (૨૫)

તે રાજાના મોહમાં પડેલી રેણુકાને પુત્ર થયો. ભય અને લજ્જાથી હવે આશ્રમમાં આવતી નથી. જમદગ્નિ જાતે જઈ પુત્ર સહિત તેને પોતાની પાસે લાવ્યો. આ વૃત્તાન્ત જાણનાર એવા રામપુત્રે 'આ પિતા પ્રત્યે દ્રોહ કરનારી દુર્વિનીત, ખરાબ શીલવાળી છે.' એમ વિચારી પુત્ર સહિત રેણુકાને પરશુથી મારી નાખી. તેની બહેને જાણ્યું કે, રામે માતાને મારી નાખી. આ વાત અનંતવીર્ય રાજાને જણાવી. એટલે તેણે આવીને તેના આશ્રમને વેર-વિખેર કરી વિનાશ પમાડ્યો. ગાયોને લઇને તે નગર તરફ દોડવા લાગ્યો. વૃત્તાન્ત જાણેલ એવા રામે પાછળ દોડીને જ્વાલાની શ્રેણિથી ભયંકર દેખાતી પરશુ વડે અનંતવીર્યનું મસ્તક છેદી નાખ્યું. પછી તેનો પુત્ર કાર્તવીર્ય રાજા થયો. તારાદેવી વગેરે અંતઃપુરના પરિવાર સહિત રાજ્ય-સુખ અનુભવતા એવા તેનો કેટલોક કાળ પસાર થયો. કોઈક સમયે 'રામે પિતાને મારી નાખ્યા છે' - એમ સ્મરણ કરીને કાર્તવીર્યે જમદગ્નિને મારી નાખ્યા. પરશુરામ પણ તેને મારી નાખી પોતે રાજ્ય પર આરૂઢ થયો. તારાદેવી ગર્ભવતી થએલી હતી. ભયથી ગભરાતી ગભરાતી તે એકદમ પલાયન થતી તાપસના આશ્રમમાં ગઈ. અતિકૃપા સમુદ્ર સમાન તાપસોએ તેનો સ્વીકાર કર્યો. તાપસીઓની સાથે રાખી તે ગર્ભનું પાલન કરતી હતી. પ્રસવ થતાં થતાં તેનો ગર્ભ મુખથી ભૂમિ ઉપર પડ્યો, દાંતથી ભૂમિને ખાતો હોવાથી અને તે પ્રમાણે દેખાવાથી 'સુભૂમ' એવું નામ સ્થાપન કર્યું. ત્યાં આગળ તાપસકુમારના આકારને ધારણ કરીને, ચારે બાજુથી છૂપાએલો રાખેલ તે વૃદ્ધિ પામતો હતો.

રામની પરશુ જ્યાં જ્યાં ક્ષત્રિયને દેખતી હતી, ત્યાં ત્યાં અગ્નિનો ભડકો થતો હતો. કોઇક સમયે તે આશ્રમની નજીકમાં ફરતો હતો, ત્યારે તેણે તાપસોને પૂછ્યું કે, 'તમારી પાસે કોઈ ક્ષત્રિય છે કે કેમ ? તે કહો. ત્યારે તાપસોએ કહ્યું કે, 'અમે ગૃહસ્થાવસ્થામાં ક્ષત્રિયો જ હતા.' આ પ્રમાણે તેણે સાત વખત પૃથ્વીને નિઃક્ષત્રિય બનાવી. તે ક્ષત્રિયોને મારી નાખી તેમની દાઢાઓ ખેંચી કાઢી તેણે એક થાળ ભર્યો હતો.

આ બાજુ 'સમગ્ર કલા જાણનાર અનેક વિદ્યા ધારણ કરનાર મેઘનાદ વિદ્યાધરની પદ્મશ્રીકુમારીનો ભર્તાર 'સુભૂમ' નામનો ભાવી ચક્રવર્તી થશે.' એમ નિમિત્તિયાએ કહેલું હતું. ત્યારપછી તે વિદ્યાધર તેની સેવા કરવા લાગ્યો. તેના પર મમતા કરવા લાગ્યો. તેના પર. આવતા વિઘ્ન-સમુદાયને દૂર કરવાલાગ્યો. તે સમગ્ર કલા-સમુદાય અને શરીર-

સંપત્તિમાં વૃદ્ધિ પામવા લાગ્યો. હવે કોઇ વખત રામે નિમિત્તિયાને પૂછ્યું કે, 'કોનાથી મારું મોત થશે ?' તેણે જણાવ્યું કે, 'જે તારા સિંહાસન પર બેઠેલો એવો કોઈ હશે અને જેના દેખતાં આ દાઢાઓ ખીર-ભોજનમાં પલટાઇ જશે અને તેનું જે ભક્ષણ કરશે, તેનાથી તને ભય સમજવો.' ત્યારપછી તે જાણવા માટે કોઇક મહાદાન આપવાના સ્થાનમાં આગળ દાઢાઓ સ્થપાન કરેલ વિશાળ થાળ ગોઠવીને પોતાનું સિંહાસન ગોઠવ્યું. ત્યાં આગળ સતત રક્ષણ કરનારા આત્મરક્ષકો રાખેલા હતા. તેમને આજ્ઞા કરી હતી કે, 'આ સિંહાસન ઉપર જે કોઇ બેસે, તેને તત્કાળ તમારે મારવો.' આ પ્રમાણે નિરંતર દાન પ્રવર્તતું હતું. એવી દાનશાળા હંમેશાં ચાલતી હતી. એક દિવસે સુભૂમે માતાને પૂછ્યું કે, 'હે માતા !

આ આશ્રમ અને વન જેવડો જ લોક હશે કે ક્યાંઇક આ કરતાં વિસ્તારવાળો હશે ? (ગ્રં. ૮૦૦૦)

ત્યારપછી માતાએ વિસ્તાર સહિત હસ્તિનાપુરમાં કાર્તવીર્ય અને પરશુરામે પરસ્પર પિતાઓની પરંપરાથી ચાલ્યો આવતો વૈરભાવ યાવત્ મેં તને ગુપ્તપણે પાંદડાની ઝુંપડીમાં જન્મ આપ્યો. તેથી કરીને હે વત્સ ! તું ગુપ્તપણે નિર્વિઘ્ને રહે. રખેને તું રામની પરશુની ભયંકર ધારાની અતિઆકરી અગ્નિજ્વાલામાં પરોણો બની જાય. તે સાંભળીને હવે તેને બહાર જવાની અભિલાષા થઇ. તાપસોએ ઘણો નિવારણ કરવા છતાં પણ અભિમાનથી ત્યાંથી દોડીને નીકળ્યો અને હસ્તિનાપુર પહોંચ્યો. દાનશાળાએ ભોજનની આશાથી ગયો. હજુ જેટલામાં આજે ભોજન પ્રાપ્ત કર્યું નથી, એટલામાં સિંહાસન પર આરૂઢ થયો. એકદમ આક્રંદન શબ્દો મૂકીને રામની પરશુની અધિષ્ઠાત્રી વાણવ્યંતરી ત્યાંથી નાસી છૂટી. ત્યારપછી તે દાઢાઓ ક્ષીર ભોજનમાં પરાવર્તન પામી ગઇ, એટલે સુભૂમ ભોજન કરવા લાગ્યો. આ સમયે રામના પ્રાતિહારકો ઉગ્રમોગર હાથમાં પકડીને તેના પર સખત ઘા અને પ્રહાર કરવા તૈયાર થયા. વિદ્યાધરે વિદ્યાના પ્રભાવથી તેને અટકાવ્યા. વૃત્તાન્ત જાણ્યો, એટલે તે પરશુરામ જાતે ત્યાં આવી પહોંચ્યો. બખ્તર પહેરીને સજ્જ થએલા તીક્ષ્ણ ભયંકર તરવાર ઉગામનાર એવા સુભટો, ઘોડા, હાથી, જોડલા રથો વગેરે જલ્દી તૈયાર કરાવીને તે એકદમ અતિતીક્ષ્ણ બાણોની પરંપરા છોડીને પ્રહાર કરનાર સુભટો વિદ્યાધરોની સાથે યુદ્ધ કરી રહેલા હતા, તેટલામાં સુભૂમકુમાર દૂધના સ્વાદિષ્ટ આહારનું ભોજન કરી તૃપ્ત થયો અને જ્યાં દેખે છે, તો યુદ્ધ ચાલતું દેખાયું. વિષાદ પામેલ-ગ્લાનિ પામેલ મુખવાળા સૈન્યને રામે પલાયન થતું દેખ્યું. વળી જ્વાલા-સમૂહથી વિકરાળ પરશુ કુમારની ક્રૂરદૃષ્ટિથી અગ્નિજ્વાળા ઓકવા લાગ્યું અને અતિબુટ્ઠું બની ગયું. અગ્નિમાં જળ પડવાથી તરત ઓલવાઈ જાય, તેમ કુઠાર પણ કુમારની દૃષ્ટિ-જળથી શાન્ત થઇ ગયો. ત્યારપછી કુમારે

અન્યોક્તિથી કહ્યું કે - 'જે આકાશમાં ઘણે જ દૂર અને ઉંચે પ્રચંડ ગર્જનાઓ કરી ગાજવું, તેમ જ અતિતેજસ્વી વિજળીની આકાશમાં માળા રચવી અને મોટો આડંબર દેખાડવો, તે સર્વનો છેડો જે દેખાય છે, તે માત્ર આવો જ છે કે - કુત્રિમ રુદનના માત્ર અશ્રુરૂપ નાનાં જળબિન્દુઓ વરસાવવાં. હે મેઘ ! આટલો મોટો આડંબર આવા અલ્પ કાર્યના છેડાવાળો કર્યો ?'

ત્યારપછી થાળમાં દેવતાઈ પ્રભાવે થયેલ ખીરનું ભોજન કરી તેને ઉચક્યો અને કુમારે જલ્દી તેને ફેંક્યો એટલે જે થાળ હતો, તેને દેવોએ મહાચક્ર બનાવી નાખ્યું. અગ્નિજ્વાળા-શ્રેણીથી સળગતું ભયંકર ધારાવાળું એવું સામું આવતું મહાચક્ર તેની પૂજા કરીને એકદમ તેણે તેની સામે ફેંક્યું. એટલે તાલવૃક્ષના વિશાળ નાળિયેરની જેમ તેનું મસ્તક ભૂમિતલ પર પડ્યું. દેવતાઓએ આકાશમાંથી મોટી પુષ્પવૃષ્ટિ કરી. 'આઠમા ચક્રવર્તીનો જય જયકાર થાઓ.' એવા શબ્દો આકાશમાં ઉછળવા લાગ્યા. દેવસમૂહો હાથ ઠોકીને દુંદુભિ વગાડવા લાગ્યા, જેથી તેનો અવાજ ઉછળવા લાગ્યો. ભરતક્ષેત્ર, ચૌદ મહારત્નો, નવ નિધાનની સાધના કરી. બત્રીશ હજાર આજ્ઞા ઉઠાવનાર રાજાઓ વશ કર્યા. તેના કરતાં બમણી એટલે કે ૬૪ હજાર સ્ત્રીઓ મેળવી. ત્યારપછી પરશુરામ ઉપરના અવિચ્છિન્ન વૈરાનુબંધના કારણે એકવીશ વખત બ્રાહ્મણ વગરની પૃથ્વી કરી. વધારે શું કહેવું ? તેણે ક્રૂરપણે ઘાત કર્યો. આ પ્રમાણે પરશુરામ અને સુભૂમ બંને સ્વજનોનો સ્નેહ-પરિણામ સામ-સામા એકબીજાની આખી જાતિને મારવાના પરિણામમાં આવ્યો, તો આવા સ્નેહ-સંબંધથી પણ સર્યું. (૩૭) વૈરવિષયમાં પરશુરામ-સુભૂમ ચક્રીની કથા પૂર્ણ.

જ્યારે સ્વજન-સ્નેહ આવા અનર્થના છેડાવાળો છે, તેથી શું તે કહે છે -

**कुल-घर-निययसुहेसु अ, सयणे अ जणे अ निच्च मुणिवसहा ।**
**विहरंति अणिस्साए, जह अज्जमहागिरि भवयं ।।१५२।।**

ઉત્તમ મુનિવૃષભો પોતાનાં પહેલાંનાં કુળ, ઘર, સ્વજનો પોતાના સુખી કુટુંબીઓ, પરિચિત ગામ-લોક બંધુ વર્ગ વગેરેની નિશ્રાનો ત્યાગ કરી, કોઇનું પણ આલંબન રાખ્યા વગર હંમેશાં આર્યમહાગિરિની જેમ વિચરે છે. (૧૫૨) તેની કથા આ પ્રમાણે જાણવી -

## ૧૦૨. આર્યમહાગિરિની કથા -

આ શાસનના છેલ્લા ચૌદપૂર્વી સ્થૂલભદ્રસ્વામીના દશપૂર્વના જ્ઞાનવાળા આર્ય મહાગિરિ અને આર્યસુહસ્તિ નામના બે શિષ્યો હતા. મોટા ગચ્છની ધુરાને વહન કરવામાં અગ્રેસર અનેક લબ્ધિઓને ધારણ કરનાર હોવા છતાં મહાધીર-ગંભીર હતા. લાંબા સમય વીત્યા

પછી તેમાં આર્યમહાગિરિ વિચારવા લાગ્યા કે, 'અત્યારે અતિશય મહાનિર્જરા કરાવનાર 'જિનકલ્પ' રહેલો નથી, તો પણ જો હું તેનો અભ્યાસ કરીશ, તો મારાં પૂર્વનાં પાપો નાશ પામશે. મેં સૂત્ર, અર્થ તેના પરમાર્થને જાણનારા સ્થિર મતિવાળા શિષ્યો તૈયાર કર્યા છે, મારા ગચ્છની સારણાદિક ચિંતા કરનાર સુહસ્તિ છે, તો તેને ગણ સમર્પણ કરીને ગચ્છની નિશ્રાએ હું જિનકલ્પનો આદર સહિત અભ્યાસ કરું. સમુદ્ર, વન, શ્મશાનમાં, પુર, નગર, ગામ, બાગ-બગીચા, આશ્રમો વગેરે સ્થળો વિષે મમત્વભાવનો ત્યાગ કરી તથા ઉપસર્ગ-સમૂહના સંસર્ગમાં અડોલ અને નિષ્કંપ થાઉં.' કોઇક સમયે તેઓ બંને ગુરુ વિહાર કરતાં કરતાં પાટલીપુત્ર નગરે પહોંચ્યા. ત્યાં આગળ ધન-ધાન્ય ભરપૂર કુટુંબવાળા વસુભૂતિ નામના શેઠ હતા. તે આર્યસુહસ્તિની દેશના સાંભળીને શ્રાવક થયા.

અતિશય ધર્મવાસિત ચિત્તવાળા તે એક વખત આચાર્ય ભગવંતને વિનંતિ કરવા લાગ્યા કે, જો મારું સમગ્ર કુટુંબ ધર્મમાર્ગમાં જોડાઇ જાય, તો હે સ્વામિ ! મને સમાધિ અને શાંતિ થાય. તથા હું પણ મનોહર ધર્મની સુંદર આરાધના કરી શકું. હું તો વારંવાર તેઓને પ્રેરણા આપું છું, પરંતુ મારામાં અલ્પબુદ્ધિ હોવાથી તેઓથી ધર્મનો મર્મ બરાબર સમજી શકાતો નથી, તો આપ જાતે મારે ત્યાં પધારી કોઇ વખત મારા કુટુંબને ઉપદેશ આપો.' હવે એક વખત સુહસ્તીસૂરિ કુટુંબ સહિત શેઠને તેના ઘરે ધર્મોપદેશ આપતા હતા, તે જ સમયે આર્યમહાગિરિ ગોચરી વહોરતા વહોરતા ત્યાં જ ઘરના આંગણામાં આવી પહોંચ્યા. એટલે સુહસ્તિસૂરિ એકદમ ઘણા બહુમાન-સહિત ઉભા થઇ ગયા. તે સમયે પ્રણામ કરવા પૂર્વક શેઠે તેમને પૂછ્યું કે, 'હે ભગવંત ! શું તમારે પણ મોટા ગુરુ છે ?' ત્યારે સુહસ્તિસૂરિએ તેમનો જિનકલ્પ કેવા પ્રકારનો કઠણ આચારવાળો હોય, તે અને આવા કાળમાં તેઓ મહાપાપ કર્મની નિર્જરા કરવા માટે તેમાં કેટલા અપૂર્વ રસિક બનેલા છે-એવા તેમના શ્રેષ્ઠ ગુણોની પ્રશંસા કરી. જિનકલ્પની તુલના-અભ્યાસ-મહાવરો કરનાર એવા તેઓ ભિક્ષામાં જે આહાર-પાણી એવા પ્રકારના નિર્દોષ અને ત્યાગ કરવા લાયક હોય, તેવા જ નિરસ તેઓ ગ્રહણ કરે છે. જે ઘરમાં સત્કાર-પુરસ્કાર આદર થાય, તે ઘરનો તેઓ ત્યાગ કરે છે.

આ પ્રમાણે સુહસ્તિસૂરિ ધર્મોપદેશ આપી શ્રેષ્ઠીના કુટુંબને શ્રાવકનાં વ્રતોમાં સ્થાપન કરીને પોતાની વસતિમાં આવ્યા. શ્રાવક ભોજન કરી રહ્યા પછી પોતાના ઘરના લોકોને આ પ્રમાણે કહે છે કે, ' જ્યારે આવા મોટા સાધુ આપણે ત્યાં ગોચરી પધારે તો 'આ અમારે નકામી ફેંકીદેવા લાયક ભિક્ષા છે.' એવું કપટથી કહીને પણ તેમને પ્રતિલાભવા. જેમ અતિફળદ્રૂપ જમીનમાં યોગ્ય સમયે થોડા પણ દાણા વાવ્યા હોય, તો તેનો પાક ઘણો જ વિશાળ ઉત્પન્ન થાય છે, તેમ આવા ઉત્તમ પાત્રમાં આપેલું અલ્પદાન પણ ઘણા મહાફળ

આપનારું થાય છે. તો તેમને કોઈ પ્રકારે આપણે દાનજરૂર આપવું જ. 'પોતે ન્યાય-નીતિથી ઉપાર્જન કરેલ ધનથી જેઓ વિધિ-પૂર્વક ઉત્તમ પાત્રમાં દાન આપે છે, તેઓનો ચંદ્ર સરખો ઉજ્જ્વલ યશ ચારે બાજુ વિસ્તાર પામે છે. દુર્ભાગ્ય અને દરિદ્રતા જલ્દી દૂર ચાલ્યાં જાય છે, તેમ જ વાસુદેવ, ચક્રવર્તીની લક્ષ્મી તરત હસ્તગત થાય છે."

હવે બીજા દિવસે ગુણના ભંડાર એવા તે ગુરુ મહારાજ વહોરવા પધાર્યા, એટલે હાથમાં ઘણા પ્રકારનાં ભોજનો ધારણ કરી ઘરના લોકો આ પ્રમાણે વિનંતિ કરવા લાગ્યા. મને આ પરાણે ભોજન કરવાલાડુ આપ્યા હતા, પરંતુ મારે તેની જરૂર ન હોવાથી મેં તો તે છોડી દીધા છે, આજે મારાથી આ ખાઈ શકાય તેમ નથી, હવે મારે તેનો ઉપયોગ નથી. વળી બીજો તે વખતે એમ બોલવા લાગ્યો કે, 'દરરોજ ખીર ભોજન કરી કરીને હું તો કંટાળી ગયો છું. મારે આજે આ ખીર ખાવી નથી, આ ભોજનથી સર્યું. મારે તો ઘી-ખાંડથી ભરપૂર એવા ઘેબર ખાવા છે.' આ પ્રકારની કુટુંબની અપૂર્વ ચેષ્ટા દેખીને તે વિચારવા લાગ્યા. તેમ જ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં ઉપયોગ મૂકતાં જાણ્યું કે, 'આ જે આપે છે, તે અશુદ્ધ આહાર છે. જરૂર આ લોકો મારે જિનકલ્પનો આચાર-વિધિ જાણી ગયા લાગે છે. અમારી ચર્યા તો અજાણી હોવી જોઇએ, માટે મારે આ ભિક્ષા ગ્રહણ કરવી યોગ્ય નથી. એમ જાણીને ત્યાંથી ભિક્ષા ગ્રહણ કર્યા વગર નીકળી ગયા

અને ઉપવાસ કરી વનમાં પહોંચી ગયા. સુહસ્તિને અતિશય ઠપકો આપીને કહ્યું કે, 'હું ભિક્ષા ભ્રમણ કરું, ત્યારે મારું બહુમાન ન કરવું. તેમ જ ન કલ્પે તેવી ભિક્ષા શા માટે કરાવે છે ? (૨૫) તેવા પ્રકારનું આદર-સહિત અભ્યુત્થાન-(ઉભા થવું) તેમ તે દિવસે તેં કર્યું તેઓને તે કારણે ભક્તિ-ઉત્પન્ન થવાથી મારા માટે કલ્પેલો એવો અશુદ્ધ આહાર તૈયાર કર્યો. મને ભિક્ષા ભ્રમણ કરતાં ગુણ-બહુમાન ઉભા થવું ઇત્યાદિક કરવાથી અનેષણા શા માટે કરે છે ? ત્યાંથી તેઓ બીજે વિદિશામાં પહોંચ્યા, ત્યાં જીવંતસ્વામીની પ્રતિમાને વંદન કરી અધિક આનંદ પામ્યા અને ઘણા જ સમાધિવાળા થયા. હવે આર્યમહાગિરિ મોટા સૂરિ પોતાનું જીવિત અલ્પ બાકી રહેલું જાણી તેમ જ પોતાને અલ્પકર્મવાળા જાણીને ગજાગ્રપર્વત ઉપર ગયા. પોતાની અંતસમયની આરાધના કરવા માટે સ્થાનની અનુજ્ઞા માગીને જ્યાં કોઇને અગવડ ન થાય, તેવા વિશાળ સ્થાનમાં પોતે સ્થાન મેળવીને પંડિતમરણની આરાધના-પતાકા મેળવવાના ચતુર મનવાળા તેમણે સર્વ પાપોની આલોચના કરી. સર્વ જીવોને ખમાવી, સર્વ પ્રકારનાં ભોજનનાં પચ્ચક્ખાણ કરી, મહાસમાધિથી કાળધર્મ પામી મહાગિરિ ગુરુ મહારાજ દેવલોક પામ્યા. મહાગિરિ આચાર્ય જિનકલ્પની આવી આકરી ક્રિયાના આરાધક બન્યા, તે પ્રમાણે સર્વ યતિઓએ પણ પ્રયત્ન કરવો જોઇએ. (૩૧)

रूवेण जुव्वणेण य, कन्नाहि सुहेहिं वरसिरीए य ।
न य लुब्भंति सुविहिया, निदरिसणं जंबुनामु त्ति ।।१५३।।

उत्तमकुल-प्पसूया, रायकुल-वडिंसगाऽवि मुणिवसहा ।
बहुजणजइ-संघट्टं, मेहकुमारु व्व विसहंति ।।१५४।।

યૌવનવંતી રૂપવંતી સુખસમૃધિ અને અખૂટ લક્ષ્મીવાળી કન્યાઓની પ્રાર્થના છતાં જે ઉત્તમ નજીકના મોક્ષગામી આત્માઓ જંબૂસ્વામી માફક તેમાં મોહ પામી લોભાતા નથી. જેનું કથાનક પહેલાં (૩૭મી ગાથામાં) કહી ગયા છીએ. (૧૫૩)

ઉત્તમ કુળમાં જન્મેલા વળી રાજકુળમાં તિલક સમાન છતાં શ્રેષ્ઠ સાધુઓ વિવિધ દેશવાસીઓ સાધુઓના સારણા, વારણાદિકનાં વચનો, સાંકડા સ્થાનમાં સંથારા કરેલા હોય તો તેમના પગનાં સંઘટ્ટા લાગે, તો પણ સમભાવે દુઃખ લગાડ્યા વગર મેઘકુમારની જેમ સહન કરી લે છે. (૧૫૪) મેઘકુમારનું કથાનક આ પ્રમાણે જાણવું -

### ૧૦૩. મેઘકુમારની કથા -

જેનું આકાશ-સ્થાન ઉંચા મનોહર પ્રાસાદોની શ્રેણીથી પૂરાએલ છે, દેવનગરીનું અનુકરણ કરતું રાજગૃહ નામનું નગર હતું. ત્યાં આગળ પૃથ્વીમાં પ્રગટ પ્રભાવશાળી તેમજ જગતની લક્ષ્મી જેણે પોતાની ભુજારૂપ અદ્ભુત આલાનસ્તંભથી સ્તંભિત કરેલી છે, એવો શ્રેણિક નામનો રાજા હતો. તેને પોતાની સમાન ગુણોને ધારણ કરનારી એવી ધારિણી નામની પ્રાણપ્રિયા હતી, કે જે રોહિણીના પતિ ચંદ્ર સરખા રમણીય મુખની શોભાવાળી હતી. તે કોઈક સમયે સુખેથી શય્યાતલમાં સૂતેલી હતી, ત્યારે તેણીએ સ્વપ્નમાં રજતપર્વત સમાન ગૌરવર્ણવાળા, મોટા મનોહર ચાર દંતુશળયુક્ત ઉંચી સૂંઢ કરેલ, કંઠથી ગર્જના કરતા એવા હાથીને પોતાના મુખમાં પ્રવેશ કરતો જોયો. તે જ ક્ષણે તે કમળ સરખા મુખવાળી સરળ પરિણામવાળી તે ધારિણી રાણી જાગી. શ્રેણિક રાજા પાસે જઇ કોકિલાના શબ્દ સરખા કોમળ વચનથી કહેવા લાગી કે, 'હે સ્વામિ ! આજે મેં આવું સ્વપ્ન દેખ્યું. તો કૃપા કરી મને તેનું ફળ કહો.' ત્યારે તેણે પોતાની સ્વાભાવિક બુદ્ધિથી વિચાર કરી આદરથી જણાવ્યું કે, 'હે પ્રિયે ! કુલરૂપ મુગટના મણિ સમાન, કલ્પવૃક્ષ અને કુલક્રમાગત નિધાન-સમાન, ઉત્તમ પવિત્ર ચરિત્ર અને વર્તનથી પ્રાપ્ત કરેલ કીર્તિવાળો પુત્ર તને થશે.' એ પ્રમાણે કહ્યા પછી, આજ્ઞા પામેલી તે પોતાની શય્યામાં ગઇ. 'રખેને કુસ્વપ્ન દેખાઈ જાય' તેવી શંકાથી બાકીની રાત્રિમાં નિદ્રાનો ત્યાગ કર્યો. ધાર્મિક કથાઓ કરવામાં શંખ સરખા ઉજ્જ્વલ ચિત્તવાળી એવી તેઓએ સુખમાં રાત્રિ પૂર્ણ કરી અને જ્યારે પ્રભાત-સમય

થયો, એટલે સ્વપ્નશાસ્ત્ર જાણનાર એવા આઠ પંડિતોને રાજાએ બોલાવ્યા. તેઓનો યોગ્ય આદર-સત્કાર કરી તેમને સુખાસન પર બેસાર્યા.

ત્યારપછી ધારિણીદેવીએ દેખેલ સ્વપ્નનું શું ફળ થશે ? એમ સર્વે પંડિતોને ઉત્સાહથી પૂછ્યું. તે પંડિતો પણ સ્વપ્નશાસ્ત્રો સંબંધી માંહોમાંહે વિચારણા કરીને પ્રફુલ્લિત મુખવાળા કહેવા લાગ્યા કે, 'હે સ્વામિ ! જિનેન્દ્રો અને ચક્રવર્તીઓની માતાઓ આગળ કહીશું તેવા હાથી આદિ અતિમહાન કલ્યાણ કરનારાં એવાં ૧૪ મહાસ્વપ્નો દેખે છે. તે આ પ્રમાણે - ૧ હાથી, ૨ વૃષભ, ૩ સિંહ, ૪ અભિષેક કરાતી શ્રીદેવી, ૫ પુષ્પમાળા, ૬ ચંદ્ર, ૭ સૂર્ય, ૮ ધ્વજ, ૯ કુંભ, ૧૦ પદ્મ સરોવર, ૧૧ સમુદ્ર, ૧૨ દેવવિમાન અથવા દેવભવન, ૧૩ રત્નનો ઢગલો, ૧૪ નિર્ધૂમ અગ્નિ. વાસુદેવની માતા આમાંથી કોઈ પણ સાત, બલદેવની માતા તો આમાંથી ચાર, માંડલિક રાજાની માતા એક સ્વપ્ન દેખે છે. તેને ગર્ભ-પ્રાપ્તિ થઈ હોય, તો તે સ્ત્રીને શ્રેષ્ઠ પુત્ર-પ્રાપ્તિ થાય છે અને સમય પાકે, ત્યારે તે મોટો રાજા અથવા જો તેને વૈરાગ્ય થાય, તો મહર્ષિ થાય છે. ત્યારપછી રાજાએ તેને જીવનવૃત્તિ ધન આપ્યું એટલે તે પંડિતો પોતાના ઘરે ગયા. તે ધારિણીદેવી સુખપૂર્વક ગર્ભને વહન કરવા લાગી.

ત્રણ મહિના પસાર થયા પછી અકાલે જળપૂર્ણ મેઘનો દોહલો થયો. વળી તેને એવી ઇચ્છા થઇ કે, 'હું સેચનક હાથી ઉપર આરૂઢ થાઉં, મારા પર છત્ર ધરવામાં આવે, શ્રેણિકરાજા અને બીજા રાજાઓનો પરિવાર સાથે ચાલતો હોય, નગરમાર્ગ વર્ષાઋતુની શોભા સમૂહથી અલંકૃત થએલો હોય, વૈભારગિરિની તળેટીમાં સુખેથી વહેતી પર્વતનદીઓવાળા નોમાં પ્રગટ મયૂરો જેમાં નૃત્ય કરતા હોય, દિશા-સમૂહો પ્રચંડ વિજળીદંડના આડંબરથી મંડિત થએલા હોય, ભુવન દેડકાઓનાં મંડલે અકાળે કરેલા પ્રચંડ કોલાહલવાળું થયેલું હોય, જેમાં પોપટના પિચ્છ સમાન વર્ણવાળા વિશાળ વન-પ્રદેશમાં મનોહર લીલી વનરાજી ઉગેલ હોય, નિર્મલ નીલ વર્ણનું વસ્ત્ર પહેરેલી એવી ઉત્તમ કન્યા હોય, તેમ પૃથ્વીવલય શોભતું હતું. ઉજ્જ્વલ મેઘપંક્તિ જેમાં જણાય છે, તેવા શ્યામ જળપૂર્ણ મેઘ-પડલો જ્યારે છવાઈ રહેલા હોય, તેવા સમયે હું સર્વાલંકારથી વિભૂષિત બની મારી ઇચ્છા પ્રમાણે વિચરું તો મારો જન્મ કૃતાર્થ થાય' - એમ માનું છું પરંતુ આ મનોરથ પૂર્ણ ન થવાથી તે દુર્બલ શરીરવાળી અને અતિશય નિસ્તેજ મુખવાળી થઈ. આવા પ્રકારની દેવીને દેખી હતાશ થએલ રાજા તેને પૂછે છે કે, 'હે દેવિ ! તને દુઃખનું શું કારણ બન્યું છે ?' તે કૃપા કરી જણાવ. કદાપિ હું કે બીજા કોઇ તને પ્રતિકૂલ હોય, તેવું કરીએ જ નહિં. આ સર્વ રાજભંડાર તારે સ્વાધીન છે; પછી તને પૂછનાર કોણ ? હે શરદચંદ્ર સમ મુખવાળી ! તારા સંતોષ સુખની વચ્ચે આડે આવનાર કોઈ ન હોવા છતાં તને ઉદ્વેગનું કારણ શું થયું છે, તે

જણાવ.'

આ પ્રમાણે પૂછ્યું, ત્યારે તેની આગળ ધારિણીદેવી કહેવા લાગી કે, મને વગર સમયે મેઘ સંબંધી દોહલો ઉત્પન્ન થયો છે. ત્યારે શ્રેણિકે કહ્યું કે, 'તું ખેદ ન કર, તારો દોહલો પૂર્ણ થાય, તેવો પ્રયત્ન કરીશ' એમ કહીને તેને ઘણી ધીરજ આપી. પોતે તેનો દોહલો પૂર્ણ ન કરી શકવાના કારણે અતિશય ચિંતામાં લવાઇ ગયો અને અભયે પૂછ્યું કે, 'તમારા મનમાં અત્યારે કઇ ચિંતા છે ?' એટલે રાજાએ કહ્યું કે, દેવીને અસાધ્ય મનોરથ ઉત્પન્ન થયો છે. તારી નાની માતાને અકાલે મેઘ સંબંધી દોહલો ઉત્પન્ન થયો છે અને મારી પાસે તેનો કોઈ ઉપાય નથી. તે જ ક્ષણે પ્રાપ્ત થએલા ઉપાયવાળા અભયે કહ્યું કે, 'હું જલ્દી તે કાર્યની સિદ્ધિ કરીશ, માટે હવે તમે આ ચિંતાભારથી મુક્ત થાઓ.' તે જ સમયે ઉપવાસ કરીને કરીને પૌષધશાળામાં પ્રવેશ કરી કુશના સંથારામાં સુસ્થિરતાપૂર્વક બ્રહ્મચર્યવ્રત ધારણ કરીને રહ્યો. પૂર્વનો પરિચિત દેવ હતો. તેની આરાધના કરી. એટલે બરાબર ત્રીજા દિવસના પ્રભાત-સમયે તે દેવે હાજર થઈ દર્શન આપ્યાં. દિવ્ય ઉત્તમ વસ્ત્રવાળો રત્નાભરણના તેજથી સમગ્ર દિશાઓને ઉજ્જ્વલ કરનાર ચલાયમાન કુંડલથી શોભાયમાન ચંદ્ર અને અને શુક્ર નક્ષત્રો જાણે સાથે એકઠાં થયાં હોય, તેવો તે શોભતો હતો.

સ્નેહપૂર્વકદેવે પૂછ્યું કે, 'શું પ્રયોજન છે ?' ત્યારે અભયે પ્રત્યુત્તર આપ્યો કે, 'મારી નાની માતાને આવા પ્રકારનો દોહલો ઉત્પન્ન થયો છે, તો તેની ઇચ્છા પરિપૂર્ણ થાય તેમ તમારે જલ્દી કરવું.' એ વાતનો સ્વીકાર કરી તરત જ આકાશમાં મેઘની શ્રેણીઓ વિકુર્વી. તથા જંબૂવૃક્ષના પુષ્પોના રસનું અતિશય પાન કરતી ભ્રમરીઓ રહેલી હતી, ત્યારે પોપટો પાકા જાંબુફળ ખાવાના આશયથી ભ્રાન્તિથી ભ્રમરીઓને ચુંબન કરી તરત છોડી દે છે. અને તે જ પ્રમાણે પલાશ-(કેશુડા)ના વૃક્ષ ઉપર ખીલ્યા વગરનું લાલ પુષ્પ ધારી પોપટની ચાંચ ઉપર ભ્રાન્તિથી ભમરીઓ આવીને ભટકાય છે. આ પ્રમાણે દેવીની ઇચ્છાનુસાર સમગ્ર વર્ષાઋતુનો આડંબર કરી ધારિણી દેવીનો દોહલો મનાવીને દેવ જેવો આવ્યો હતો, તે પ્રમાણે ચાલ્યો ગયો. જેના દેહમાંથી સર્વ વ્યાધિઓ દૂર થએલી છે, એવી દેવીને નવ માસ પૂર્ણ થયા, એટલે સર્વાંગોથી શોભતો, આનંદ ઉત્પન્ન કરનાર, સુકુમાર હસ્તપાદયુક્ત, લક્ષણોથી પરિપૂર્ણ દેહ અને અવયવોવાળો પૂર્વ દિશા જેમ સૂર્યને તેમ તે ધારિણી દેવીએ પુત્રરત્નને જન્મ આપ્યો. એટલે ઉતાવળી ઉતાવળી એક દાસી કે, જેનાં વસ્ત્રો પણ શિથિલ થઇ ગયાં છે, તેથી સ્ખલના પામતી પ્રિયંકરા નામની ઉત્તમ સેવિકા રાજા પાસે ગઇ અને પુત્રજન્મની વધામણી આપી. એટલે રાજાએ પોતાના અંગ પર રહેલાં વસ્ત્રો, આભૂષણો જે ઘણાં કિંમતી અને મનોહર હતાં, તે સર્વ દાસીને ભેટણામાં આપી દીધાં. તેનો

દાસીભાવ કાયમ માટે દૂર કરીને પોતે તેનું મસ્તક ધોવરાવીને પ્રિયવચન બોલવાથી તુષ્ટ થએલા રાજાએ તેને સુવર્ણની બનાવેલી જીભ ઈનામમાં આપી.

નગરમાં મોટાં વધામણાંઓ થવા લાગ્યાં, મોટાં મોટાં દાન આપવા લાગ્યાં. ઢોલ-વાજાંઓ વાગવા લાગ્યાં. માલ પરની જકાત લેવાની બંધ કરાવી, કોઈને ત્યાં રાજપુરુષનો પ્રવેશ બંધ કરાવ્યો, દંડ-કુદંડ થતા અટકાવ્યા, મુક્તાફળના શોભાયમાન સ્વસ્તિકો આલેખાવ્યાં. રાજકુલ અને નગરજનો આવા આનંદ-પૂર્ણ જન્મ-મહોત્સવ કરવા લાગ્યા. દશમા દિવસે બંધુઓ અને સ્વજનોને સન્માનથી બોલાવી માતાપિતાએ 'મેઘકુમાર' નામ સ્થાપન કર્યું. ચલાવવો ઇત્યાદિક હજારો મહોત્સવ સહિત તેનું લાલન-પાલન કરતા હતા, પર્વત પર ચંપકવૃક્ષની જેમ દેહની શોભાથી તે વિસ્તાર પામવા લાગ્યો. યોગ્યવયનો થયો એટલે તે દરેક પ્રકારની કાળાઓમાં નિષ્ણાત બન્યો. ત્યારપછી વિશાળ લક્ષ્મીના સ્થાનરૂપ તારુણ્ય અને તેને અનુરૂપ લાવણ્ય-સમુદ્રને પામ્યો. ત્યારપછી તુષ્ટ થએલા માતા-પિતાએ સમાન કુલ, સમાન કલાવાળી, નિષ્કલંક અને સુંદર ભાગ્યવતી આઠ કન્યાઓ સાથે લગ્ન કરાવ્યાં. (૫૦) ત્યારપછી શ્રેણિક રાજાએ તે દરેકને એક એક પ્રાસાદ, તેમાં જરૂરી એવાં સર્વ ઉપકરણો અને ભોગસામગ્રી ઘણા પ્રમાણમાં આપ્યાં. બિલકુલ વિષાદ વગરના મનવાળો તે કુમાર દેવલોકમાં જેમ દોગુંદુક દેવ તેમ આઠે પત્નીઓ સાથે વિષયભોગો ભોગવતો હતો. તેટલામાં ભુવનના સૂર્ય સમાન સર્વ જિનોમાં ચડિયાતા છેલ્લા તીર્થંકર સ્રી વર્ધમાનસ્વામી ત્યાં સમવસર્યા. 'ગુણશીલ નામનાઉદ્યાનમાં ભગવંત પધાર્યા છે.' એવા સમાચાર મળવાથી શ્રેણિકરાજા પોતાના પરિવાર-સહિત ત્યાં વંદન કરવા માટે ગયા.

ઈન્દ્ર સરખા રાજા જ્યારે નગરમાંથી નીકળ્યા, ત્યારે મેઘકુમાર પણ ચાર ઘંટાવાળા અશ્વરથમાં બેસીને ત્યાં જઈ પ્રદક્ષિણા આપી વંદના કરી બેઠો. હવે પ્રભુ ધર્મોપદેશ આપતા કહે છે કે, 'જેમ ભડભડતી અગ્નિ-જ્વાલાથી ઘેરાએલા ઘરમાં રહેવું યોગ્ય ન ગણાય, તેમ આ સંસારમાં સમજુ આત્માએ ક્ષણવાર પણ વાસ ન કરવો. જે સંસારમાં જન્મ, વૃદ્ધાવસ્થા અને મરણનાં ભયંકર તથા પ્રિયસ્નેહી સ્વજનોનાં વિયોગનાં વિષમ દુઃખો રહેલાં છે, વળી વિષયનાં સુખો વિજળીના ચમકારા માફક ક્ષણિક અને ફોતરા ખાંડવામાં કંઇ પણ સાર મળતો નથી, તેમ વિષય-સુખો પણ ક્ષણિક અને અસાર છે. અહિં વિષયો એ ઇંધણા-સમાન છે, વિષયની પ્રાપ્તિ ન થાય, અગર મળેલાં ચાલ્યાં જાય, તો શોકરૂપ ધૂમાડાના અંધકારથી આત્મા ઘેરાઈ જાય છે, દરેક સમયે પશ્ચાત્તાપ-ચિંતાના પ્રગટ તણખા ઉછળે છે, વળી વિષયો ખાતર કજિયા-ક્લેશરૂપ અગ્નિમાંથી તડતડ શબ્દો ઉત્પન્ન થાય છે, જેને રોકવા મુશ્કેલ છે. વળી હંમેશાં અપ્રિયનો સંયોગ, પ્રિયનો વિયોગ એની જ્વાળાથી ભયંકર,

દુઃખરૂપ દાવાનળ ઉત્પન્ન થએલ છે, વળી તે વધતો જાય છે, માટે આ સંસારના દાવાનળને ઓલવી નાખવો યુક્ત છે. આ દાવાનળને ઓલવવા માટે જિનધર્મરૂપી જળવૃષ્ટિ સિવાય બીજો કોઈ સમર્થ નથી. તો તે ધર્મને સમ્યગ્ પ્રકારે ગ્રહણ કરવો. (૬૦)

આ દેશનાના અંતે ઘણા પ્રાણીઓ પ્રતિબોધ પામ્યા. તે સમયે રોમાંચિત દેહવાળા અને અશ્રુપૂર્ણ નેત્રવાળા મેઘકુમાર ભગવંતને પ્રદક્ષિણા આપી, વંદના કરી આ પ્રમાણે વિનંતિ કરવા લાગ્યો કે, 'હે નાથ ! આપે જે કહ્યું તે તદ્દન સાચું છે. હે સ્વામી ! હું આપની પાસે નક્કી પ્રવ્રજ્યા અંગીકાર કરવા ઇચ્છા રાખું છું. પરંતુ મારા જ્ઞાતિલોક-માતા-પિતાને પૂછીને તેઓની આજ્ઞા લઇને આવું છું.' એમ કહીને તે ઘરે ગયો. માતાને કહ્યું કે, 'હે અમ્બા ! આજે હું મહાવીર ભગવંતને વંદન કરવા ગયો હતો, ત્યાં મેં કાનને અમૃત સમાન એવો તેમણે કહેલો ધર્મ શ્રવણ કર્યો.' અતિહર્ષ પામેલી માતાએ તેને પ્રત્યુત્તર આપ્યો - 'હે પુત્ર ! તારો જન્મ સફળ થયો, તું એકલો જ ભાગ્યશાળી અને પુણ્યવંત છો. કારણ કે, ત્રણ ભુવનને પ્રકાશિત કરનાર એવા ભગવંતના મુખ-કમળમાંથી નીકળેલો ધર્મ સાંભળ્યો. આવું પુણ્ય બીજાનું ક્યાંથી હોઈ શકે ?' ત્યારપછી મેઘે કહ્યું કે, 'હે માતાજી ! હું તીક્ષ્ણ દુઃખવાળા ગૃહવાસથી નીકળીને દીક્ષા લેવાની અભિલાષા કરું છું.

આ સાંભળીને ધારિણી માતા કઠોર કુહાડીના સખત પ્રહારથી ચંપકલતાની જેમ એકદમ પૃથ્વીપીઠ પર ઢળી પડી, તેના સર્વાંગે પહેરેલાં આભૂષણોની શોભા પણ ભગ્ન થઈ. ત્યારપછી પંખા લાવી ઠંડો પવન નાખ્યો, પુષ્કળ જળ અને ચંદનનું મિશ્રણ કરી છંટાયું, અને મૂર્ચ્છા દૂર કરવાના ઉપાયો કર્યા. ત્યારે ઉડી ગએલ ચેતન ઠેકાણે આવ્યું. બે નેત્રો ખુલ્લાં કર્યાં. ત્યારપછી પુત્રને કહેવા લાગી કે, 'ઉંબરપુષ્પની જેમ મહામુશ્કેલીથી તું મને પ્રાપ્ત થયો છે, તો જ્યાં સુધી હું જીવું ત્યાં સુધી હંમેશાં તારે અહિં મારી પાસે જ વાસ કરવો. તારા ક્ષણવારના વિરહમાં મારું મન પાકેલા દાડિમની જેમ ફુટી જશે. જ્યારે હું પરલોકમાં પ્રયાણ કરું, ત્યારપછી તું પ્રવ્રજ્યા ગ્રહણ કરજે, એમ કરવાથી હે સુંદર ! તેં કૃતજ્ઞતા કરેલી ગણાશે.'

મેઘ-મનુષ્યોનું જીવતર પાણીના પરપોટા, વિજળીલતા, તેમ જ ઘાસના પત્રના અગ્રભાગ પર રહેલ જળબિન્દુ સમાન ચંચળ છે, પ્રથમ મરણ કોનું થશે ? અગર પાછળ કોનું થશે ? તે કોણ જાણે છે ? આ બોધિ અતિદુર્લભ છે. તો આપે ધૈર્ય ધારણ કરીને મને રજા આપવી. વળી

હે માતાજી ! આ સ્ત્રીઓ તો દોષોનું સ્થાન છે, એકઠી કરેલી લક્ષ્મીના વિલાસો તે પરિશ્રમ છે, ભોગોની પાછળ આવનારા રોગો આકરા હોય છે, કામ અવલચંડો છે,

મહારાજ્યલક્ષ્મીની પ્રાપ્તિ તે પણ આપત્તિ છે, સ્નેહ કરવામાં કલંક મળે છે, ગર્વ કરનારપાછો પડે છે. આ ભવમાં જ આ સર્વ હાનિ કરનાર હોવાથી તેના તરફ પ્રીતિ કેવી રીતે કરી શકાય ? ફરી ફરી બોલતા હતા, તેમને વિવિધ પ્રકારની યુક્તિઓ, દાખલા-દલીલ સહિત પ્રત્યુત્તરો આપીને પોતાના આત્માને તેણે મુક્ત કરાવ્યો. ત્યારપછી સંગનો સર્વથા ત્યાગ કરી, કાયર લોકોને અતિશય વિસ્મય ઉત્પન્ન કરાવનાર, અતિઆકરા દુઃખથી મુક્ત કરાવવામાં દક્ષ એવી દીક્ષા અંગીકાર કરી. ત્યારપછી મેઘકુમારને સ્થવિર ગણસ્વામીને સોંપ્યો. સંધ્યાસમયે પર્યાય-ક્રમે સંથારાની ભૂમિઓના વિભાગ કરતાં મેઘકુમાર નવદીક્ષિત સાધુનો-સંથારો દ્વારભાગમાં આપ્યો. તે ભૂમિમાં કારણ પડે ત્યારે, જતા-આવતા સાધુઓના પગનો વારંવાર સંઘટ્ટો મેઘકુમારના શરીરને થવા લાગ્યો. આખી રાત્રિ પલકારા જેટલા સમય માટે તેને નિદ્રા ન આવી. ત્યારે તે રાત્રે વિચારવા લાગ્યો કે, 'જ્યારે હું ગૃહસ્થપણામાં હતો, ત્યારે મને આ સાધુઓ ગૌરવથી બોલાવતા હતા અને વર્તાવ કરતા હતા. અત્યારે જાણે તૃષ્ણા રહિત ચિત્તવાળા આ મુનિઓ મારો પરાભવ કરે છે. તેથી કરી આ મુનિપણું પાલન કરવું, તે મારા માટે દુષ્કર અશક્ય ભાસે છે. પ્રાતઃકાળે ભગવંતને પૂછીને હવે હું મારા ઘરે જઈશ.

સૂર્યોદય-સમયે કેટલાક સાધુઓની સાથે તે ભગંવતની પાસે ગયો. ભક્તિપૂર્વક વંદન કરી પોતાના સ્થાને બેઠો. ભગવંતે તેને બોલાવ્યો અને કહ્યું કે, 'હે મેઘ ! રાત્રે તને તેવો ભાવ થયો કે, 'હું ઘરે જાઉં' પરંતુ તેમ વિચારવું તને યોગ્ય ન ગણાય. આજથી ત્રીજા ભવમાં તું હાથી હતો. આ જ ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતની તળેટીમાં સર્વાંગે સુંદર અને વનમાં ચરનારા ભીલ લોકોએ તારું 'સુમેરુપ્રભ' એવું નામ સ્થાપન કર્યું હતું. અનેક હાથણીના મોટા ટોળાંથી હંમેશાં તું અનુસરાતો રતિક્રીડામાં આસક્ત ચિત્તવાળો, બીજા દરેક હાથીઓને પરાભવ કરતો હતો, પર્વતોની ખીણોમાં, વનોમાં, નદીઓમાં, જળના ઝરણાઓમાં અસ્ખલિત આકરો સ્વભાવ રાખી નિઃશંકપણે તું વિચરતો હતો. જ્યારે ઉનાળાનો સખત ગ્રીષ્મકાળ આવતો હતો, કઠોર ગરમ વાયરા-લૂ વાતા હતા, વંટોળિયાથી ધૂળ ઉંચે ઉડીને દિશાઓ ધૂળથી અંધકારમય ઘૂમરીવાળી થતી હતી. તેવા સમયે વાંસના ઝુંડમાં વાંસ અને વૃક્ષો પરસ્પર ઘસાતા હતા. નજીક નજીક વૃક્ષો હતા, તેની ડાળીઓ પરસ્પર ખૂબ ઘસાતી હતી, તેના યોગે મહાદાવાનલ ઉત્પન્ન થયો. પ્રલયકાળના અગ્નિની જેમ તેને તેં જોયો. આખું વન બળી રહેલું હતું, ત્યારે શરણ વગરના ભયંકર શબ્દોની ચીચીયારીથી ભુવનતલ ભરાઈ ગયું હતું, હતું - એવા જંગલના સર્વ પ્રાણીઓ તે દાવાનળમાં બળી રહેલા હતા. જ્યારે સર્વ દિશાઓમાં વન-દાવાનળ ફેલાયો, ઘણા ધૂમાડા અને ધૂમલી દિશાઓ થઈ, વનમાં ઘાસ, કાષ્ઠો, વાસંના ઝુંડો વગેરે ભસ્મીભૂત થયાં, તેની

જ્વાલા અને ગરમીથી પીડાએલા દેહવાળો તું થયો, તું જાડી સૂંઢ સંકોચવા લાગ્યો, ઉત્કટ ચીસો પાડતો, લિંડાના પિંડનો ત્યાગ કરતો, વેલડીઓના મંડપોને ભાંગી-છેદી નાખતો, ભૂખ-તરશની વેદનાપામેલો તું તારા હાથણીના ટોળાંની ચિંતા છોડીને પલાયન થતાં થતાં એક અલ્પજળવાળા સરોવરમાં જેમાં પુષ્કળ કાદવ હતો, વગર બાંધેલા કિનારાવાળા માર્ગમાં ઉતર્યો, ત્યાં પીવાનું પાણી ન મળ્યું અને કાદવમાં ખૂંચી ગયો, એટલે ઘણું દુઃખ પામ્યો.

ત્યાંથી લગીર પણ ચલાયમાન થઈ શકતો નથી. ત્યારે આગળ કોઈ વખત કાઢી મૂકેલા પરાભવ પમાડેલા એક તરુણ હાથીએ ક્રોધથી તને દેખ્યો. દંતૂશળના અણીભાગથી તારી પીઠમાં તને ઘા મારી લોહીલુહાણ કર્યો. તે સમયે અતિમુશ્કેલીથી સહન કરી શકાય તેવી આકરી વેદના સહન કરતો હતો. આવી વેદના સાત દિવસ સહન કરી. એકસોવીશ વર્ષ સુધી જીવીને આર્તધ્યાનમાં પરાધીન થએલો તું મૃત્યુ પામી આ જ ભારતમાં વિંધ્યપર્વતની તળેટીમાં મહાવનમાં ચાર દંતૂશળવાળો પ્રચંડ કુંભસ્થલળથી શોભતો સાતે અંગો યથાયોગ્ય પ્રતિષ્ઠિત થયેલાં હોય તેવો, શરદના આકાશ સરખા ઉજ્જ્વલ દેહ વર્ણવાળો શ્રેષ્ઠ હાથીપણે ઉત્પન્ન થયો. અનુક્રમે યૌવનવય પામ્યો. વળી અનેક હાથણીઓના યૂથનો માલિક થયો. જંગલના ફરનારા ભીલોએ 'મેરુપ્રભ' એવું તારું નામ સ્થાપન કર્યું. (૧૦૦) તું પોતાના પરિવાર સાથે તે વનમાં આમ-તેમ લીલાપૂર્વક ફરતો હતો, ત્યારે કોઇક ગ્રીષ્મકાળના સમયમાં તેં વનમાં સળગેલો મહાઅગ્નિ જોયો. અતિભયંકર દાવાગ્નિ જોઇને તને જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ થયું. પૂર્વનો હાથીનો ભવ યાદ આવ્યો. તે દાવાનલથી મહાકષ્ટે તેં તારા આત્માનું રક્ષણ કર્યું. ત્યારપછી તેં વિચાર્યું કે, દરેક વર્ષે ગ્રીષ્મકાળમાં આ દાવાનળ ઉત્પન્ન થાય છે, તો હવે ભવિષ્યમાં આનો પ્રતિકાર થાય તેવો ઉપાય કરું.

પ્રથમ વર્ષા સમયમાં તેં તારા પરિવાર સાથે ગંગાનદીના દક્ષિણ કિનારા ઉપર જે કંઈ વૃક્ષ, વેલા, વનસ્પતિ ઉગેલાં હતાં, તેને મૂળમાંથી ઉખેડી નાંખ્યાં. અને તે સ્થળ એવા પ્રકારનું તૈયાર કર્યું કે, ઉગ્રઅગ્નિ ઉત્પન્ન થાય તો પણ તેને ઈન્ધણાં ન મળવાથી આપોઆપ ઓલવાઇ જાય. ત્યારપછી તે જ પ્રમાણે વર્ષાકાળના મધ્ય ભાગમાં પણ તે જ સ્થળમાં તારા સમગ્ર પરિવાર-સહિત ઝાડ, બીડ, વેલા વગેરે ઇન્ધણાંઓ દૂર કરીસાફ કર્યું. તે જ પ્રમાણે વર્ષાના અંતમાં તે જ પ્રમાણે સ્થળ સાફ કરી નાખ્યું. આ પ્રમાણે દરેક વર્ષે સ્વસ્થભાવ કરતો હતો. કોઇક સમયે વળી દાવાનળ પ્રગટ થયો, એટલે પરિવાર સહિત તે ભૂમિમાં આવી પહોંચ્યો. બીજા પણ અરણ્યમાં રહેનારા અગ્નિથી ત્રાસ પામેલા જીવોએ ત્યાં આવીને પ્રવેશ કર્યો. જેથી ક્યાંય પણ અલ્પસ્થાન ખાલી ન રહ્યું અને કોઇ ખસી શકે તેમ

પણ ન હતું. તને શરીરમાં ખરજ ઉત્પન્ન થઇ, તેથી તેં એક પગ ઉંચો કર્યો, બીજા અધિક બળવાળાએ તેને ધક્કો માર્યો, જેથી પગના સ્થાનમાં એક સસલો ઉભો રહ્યો. ખરજ ખણીને પગ નીચે મૂકતાં તેની તળે સસલાને દેખવાથી તારું મન દયાથી ઉભરાઇ ગયું. તારી વેદનાને ગણ્યા વગર તે જ પ્રમાણે પગ અદ્ધર ધારી રાખ્યો.

અતિદુષ્કર એવી તેની દયાથી તેં ભવ અલ્પ કરી નાખ્યા, મનુષ્ય-આયુષ્ય બાંધ્યું અને સમ્યક્ત્વ-બીજ પ્રાપ્ત કર્યું, અઢી દિવસ પછી દાવાનલ ઉપશાંત થઈ ઓલવાઇ ગયો અને સર્વ જીવોના સમુદાયો તે પ્રદેશમાંથી બહાર નીકળી ગયા. ત્યારપછી તં પગ મૂકવા માટે જ્યાં પ્રયત્ન કરે છે, ત્યારે વૃદ્ધપણાના કારણે તારાં સર્વ અંગો જીર્ણ અને શૂન્ય સરખાં બની ગયાં હતાં. પગના સાંધામાં લોહી પૂરાઈ ગયું હતું અને ઝલાઇ ગયો હતો એટલે તને ઘણો ક્લેશ થયો. તે સમયે વજ્ર ઠોકાવાથી જેમ પર્વત તેમ હે ધીર ! તું ભૂમિ પર ઢળી પડ્યો. તારા શરીરમાં દાહ અને જ્વર ઉત્પન્ન થયો, વળી કાગડા, શિયાળ વગેરે તારા દેહનું ભક્ષણ કરવા લાગ્યા, અતિગાઢ વેદના સહન કરતાં કરતાં તેં ત્રણ દિવસ વીતાવ્યા. સો વર્ષ જીવીને શુભ ભાવના ભાવતાં ભાવતાં ત્યાંથી કાલ કરીને ધારિણીદેવીની કુક્ષિમાં તું પુત્રપણે ઉત્પન્ન થયો. હે મેઘ ! તેં આવા પ્રકારની વેદના તિર્યંચભાવમાં અજ્ઞાનતામાં સહન કરી હતી, તો હવે સજ્ઞાનપણામાં મુનિઓના દેહના સંઘટ્ટને કેમ સહેતો નથી ?

પોતાનો પૂર્વભવ સાંભળવાથી તે જાતિસ્મરણ જ્ઞાનવાળો થયો. તે જ ક્ષણે અતિઉગ્ર વૈરાગ્યવાળો થયો. નેત્રમાં હર્ષનાં અશ્રુઓ ઉભરાવાં લાગ્યાં. ત્યારપછી ભગવંતને પ્રદક્ષિણા આપી, ભાવથી વંદના કરી 'મિચ્છા દુક્કડં' દેવા પૂર્વક કહેવા લાગ્યો કે, 'મારાં બે નેત્રો સિવાય બાકીનાં મારાં સર્વ શરીરનાં અંગો મેં સાધુઓને અર્પણ કર્યાં છે, તેઓ તેમની ઇચ્છા પ્રમાણે સંઘટ્ટ વગેરે કરે.' તેવો અભિગ્રહ મેઘકુમાર મુનિએ કર્યો. ૧૧ અંગો ભણીને, ભિક્ષુ પ્રતિમાઓ વહન કરી, ગુણરત્ન સંવચ્છર તપ કરીને સર્વાંગની સંલેખના કરવા લાગ્યો. ત્યારપછી ચિંતવવા લાગ્યો કે, 'જ્યાં સુધી જિનેશ્વરની સાથે સારી રીતે વિહાર કરી શકાય છે; તો હવે છેલ્લી કાલક્રિયા કરી લેવી મને યોગ્ય છે. ભગવંતને પૂછવા લાગ્યો કે, 'હે સ્વામી ! આ તપવિશેષથી હવે શરીરથી મારું બેસવું, ઉઠવું મુશ્કેલીથી થાય છે, તો આપની અનુજ્ઞાથી અહિં રાજગૃહના વિપુલપર્વત ઉપર તેવી અનશન-વિધિ કરીને દેહત્યાગ કરવાનો મને મનોરથ થયો છે. આજ્ઞા પ્રાપ્ત કરેલ મેઘમુનિ સર્વ સાધુ સંઘને તેમ જ બીજાઓને ખમાવીને કૃતયોગી-સંલેખના આદિ વિધિ જાણનાર સાધુઓ સાથે ધીમે ધીમે પર્વત પર ચડીને વિશુદ્ધ નિર્જીવ શિલાતલ ઉપર સમગ્ર શલ્ય રહિત એક પખવાડિયાનું અનશન પાલન કરીને વિજય વિમાન-અનુત્તર દેવલોકમાં ઉત્પન્ન થયો. તે બાર વરસ સાધુ-

પર્યાયમાં રહ્યા. હવે તે દેવલોકમાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિ પામશે જલ્દી સર્વ કર્મ ક્ષય કરી મોક્ષ પામશે. (૧૨૭) આ પ્રમાણે મોક્ષસુખ મેળવવા કટીબદ્ધ થએલા બીજા સાધુઓએ પણ ગચ્છવાસમાં ઘણા સાધુજનોનો સંઘટ્ટ સહેવો જોઇએ. (૧૨૮) મેઘકુમાર કથા સંપૂર્ણ.

કાયર પ્રાણીઓને ગચ્છવાસ દુષ્કર છે, કારણ કે તેમાં -

अबरुप्पर-संबाहं, सुक्खं तुच्छं सरिरपीडा य ।
सारण वारण चोयण, गुरुजण-आयत्तया य गणे ।।१५५।।

इक्करस्स कओ धम्मो ?, सच्छंद-गई-मई-पयाररस्स ।
किं वा करेइ इक्को ?, परिहरउ कहं अकज्जं वा ? ।।१५६।।

कत्तो सुत्तत्थागम, पडिपुच्छण चोयणा व इक्करस्स ।
विणओ वेयावच्चं, आराहणया य (वि) मरणंते ? ।।१५७।।

पिल्लिज्जेसणमिक्को, पइन्न-पमयाजणाउ निच्च भयं ।
काउमणोऽवि अकज्जं, न तरइ काऊण बहुमज्झे ।।१५८।।

उच्चार-पासवण-वंत-पित्त-मुच्छाइ-मोहिओ इक्को ।
सद्दव-भाण-विहत्थो, निक्खिवइ व कुणई उड्डहं ।।१५९।।

एगदिवसेण बहुआ, सुहा य असुहा य जीव-परिणामा ।
इक्को असुह-परिणओ, चइज्ज आलंबणं लद्धुं ।।१६०।।

सव्वजिण-प्पडिकुट्ठं, अणवत्था थेरकप्प-भेओ अ ।
इक्को अ सुआउचोऽवि हणइ तव-संजमं अइरा ।।१६१।।

वेसं जुण्णकुमारिं, पउत्थवइअं च बालविहवं च ।
पासंडरोहमसइं, नबतरुणिं थेरभज्जं च ।।१६२।।

सविडंकुब्भड-रूवा, दिट्ठा मोहेइ जा मणं इत्थी ।
आय-हियं चितंता, दूरयरेणं परिहरंति ।।१६३।।

सम्मद्दिट्ठी वि कयागमो वि अइ-विसयराग-सुह-वसओ ।
भवसंकडम्मि पविसइ, इत्थं तुह सच्चई नायं ।।१६४।।

## ૧૦૪. એકલા સાધુનું સાધુપણું નથી તે બતાવે છે -

ગચ્છ-સમુદાયમાં સાથે રહેનારને કોઈ કોઇ વખત એકબાજી સાથે વાતચીત કે કામકાજમાં બોલાચાલી-અથડામણ થાય, તેમજ ઇચ્છા પ્રમાણે ઇન્દ્રિય-સુખ મેળવી શકાતું નથી, અથવા અલ્પ મળે છે, પરિષહના ઉદયથી શરીરને પીડા પણ થાય, કોઈ કાર્ય કરતાં ભૂલ-ચૂક થાય, તો સારણા એટલે કે, 'તેં હજુ આ વિધિ-આ કાર્ય નથી કર્યું,' ન કરવા લાયક કરતો હોય, તેનો નિષેધ-વારણ કરાય, સારા કાર્ય કરવા માટે મધુર કે આકરાં વચનથી નોદના-પ્રેરણા કરવામાં આવે, ગચ્છમાં ગુરુને પૂછ્યા વગર શ્વાસોચ્છ્વાસ લેવાના કાર્ય સિવાય બીજું કોઇ કાર્ય સ્વેચ્છાએ ન કરાય. આટલા સમુદાયમાં રહેવાથી ગુણપ્રાપ્તિ થાય, માટે ગચ્છમાં રહેવું. (૧૫૫) ત્યારે હવે ગચ્છથી સર્યું, અમે એકલા જ રહી ધર્મ કરીશું.' એમ માનનાર પ્રત્યે કહે છે કે, 'એકલાને ધર્મ જ ક્યાંથી હોય ? કેમ કે, ગુરુ વગર સૂત્ર અને અર્થ કોની પાસે ભણે ?

પોતાની કલ્પનાથી આગમના અર્થો કરે, ગુરુની આધીનતા વગર ધર્મ જ નથી. એકલા સાધુની શંકાનું સમાધાન, વાચના-પૃચ્છનાદિક વિનય-વેયાવચ્ચ કોની કરશે ? માંદો થાય તો અગર છેલ્લી વખતે સમાધિ-મરણની આરાધના કોણ કરાવશે ? અકાર્ય કરતાં કોણ અટકાવશે ? એકલો સાધુ આહારની શુદ્ધિ જાળવી શકશે નહિં, એટલો સાધુ સ્ત્રીઓના પ્રસંગમાં લપટાઇ જાય છે. ગચ્છમાં લાજ શરમથી પણ પ્રસંગથી દૂર રહે છે, એકલાનું ચારિત્ર-ધન લૂંટાઇ જવાનો ભય રહે છે. એકલો અકાર્ય કરવાની ઇચ્છાવાળો થાય, પણ ઘણા મનુષ્યોની વચમાં રહેલો અકાર્યાચરણ કરતો નથી; માટે સ્થવિરકલ્પી સાધુઓએ એકાકી વિહાર કરવો યોગ્ય નથી. ઝાડા થયા હોય, પિશાબ, ઉલટી, પિત્ત, મૂર્ચ્છા, વાયુવિકાર ઇત્યાદિ રોગોથી પરવશ બનેલો હોય અને પાણી, ગોચરી, ઔષધ વગેરે લેવા જાય અને વચમાં તે પાણી, આહાર છટકી જાય તો આત્મા અને સંયમની વિરાધના તથા શાસનની ઉડ્ડાહના થાય. તેમ જ એક દિવસમાં જીવને શુભ કે અશુભ ઘણા પરિણામો થાય છે.

એકલા સાધુને કંઇક આલંબન મળી જાય, તો અશુભ પરિણામ-યોગે ચારિત્રનો ત્યાગ કરે છે. અથવા ચારિત્રમાં અનેક પ્રકારના દોષો લગાડે છે. અને ગચ્છ-સમુદાયમાં હોય તો લાજથી, દાક્ષિણ્યથી દોષો લગાડતાં ડરે છે. સર્વ જિનેશ્વર ભગવંતોએ એકલા સાધુને

રહેવાનો પ્રતિષેધ કરેલો છે. એકલા રહેવામાં પ્રમાદની પ્રચુરતા વધે છે. તેનું દેખી બીજા પણ તેનું ખોટું આલંબન લે છે, એટલે અનવસ્થાની પ્રવૃત્તિ વધે છે. સ્થવિરકલ્પ-અત્યારના મુનિઓનો આચારભેદ થાય છે, અતિસાવધાન તપ-સંયમ કરનાર એકલો થાય તો તેનાં તપ-સંયમ અલ્પકાળમાં નાશ પામે છે. ઘણા મોક્ષાભિલાષી એવા સંવિગ્નો સાથે રહેનાર સાધુ પણ નુકશાનથી બચી જાય અને ગેરલાભ-દોષને દૂર કરે છે. તે માટે કહે છે-વેશ્યા-ગણિકા, વગર પરણેલી મોટી કુમારી, જેનો પતિ પરદેશ ગયો હોય તેવી વિરહિણી સ્ત્રી, બાલવિધવા, તાપસી, કુલટા, નવયૌવના, વૃદ્ધપતિની પત્ની, જેમ કોટથી મહેલ અધિક શોભા પામે તેમ, કડાં, બંગડી, હાર,નાક-કાનનાં આભૂષણો, મસ્તકનાં ઘરેણાં પહેરેલી શૃંગારવાળીસ્ત્રીઓ, કામોત્તેજિત કરનાર ચેષ્ટાવાળી સ્ત્રીઓ, કારણ કે, કુલવતી સ્ત્રીઓનો પહેરવેશ મર્યાદાવાળો હોય છે. જે સ્ત્રીઓને દેખવાથી મન મોહિત થાય છે. આત્મહિત ચિંતવતા એવા મુનિઓએ ઉપર જણાવેલી સ્ત્રીઓનો દૂરથી જ ત્યાગ કરવો. સ્ત્રીઓથી મોહિત થએલો સર્વ ઇન્દ્રિયોના વિષયોમાં પ્રવર્તનારો થાય છે અને તે સંસારમાં ભટકવાનું મોટું કારણ છે. આ તો ઉપલક્ષણથી કહેલું છે. બીજાં પણ નુકશાન કેવાં થાય છે, તે માટે કહે છે - એક વખત સમ્યગ્દૃષ્ટિ હોય, વળી જેણે આગમનો અભ્યાસ કરી તેનો પરમાર્થ પણ મેળવેલો હોય, પરંતુ શબ્દાદિ વિષયોમાં અતિશય રાગ અને વિષયસુખમાં પરાધીન બનેલો ક્લિષ્ટ સંસારમાં પ્રવેશ કરનાર થાય છે. આ વિષયમાં સત્યકીનું દૃષ્ટાન્ત કહીએ છીએ - (૧૫૬-૧૬૪).

## ૧૦૫. સત્યકીની કથા -

આગળ ચેલ્લણા-શ્રેણિકકથામાં કહી ગયા હતા કે આભરણ લેવા ગએલી સુજ્યેષ્ઠા જેટલામાં પાછી ન આવી પહોંચી અને ઉતાવળ હોવાથી, એકલી ચેલ્લણાને જ ગ્રહણ કરીને શ્રેણિક મહારાજ એકદમ સુરંગથી પલાયન થઇ ગયા. ત્યારે એકલી પડેલી સુજ્યેષ્ઠા વિચારવા લાગી કે, 'આ નાની બહેન ચેલ્લણા મારા પર ગાઢ સ્નેહ રાખનારી હોવા છતાં મને ઠગીને એકલી ચાલી ગઈ, તો પરમાર્થ વૃત્તિથી શોક-દુઃખ કરાવનાર એવા આ ભોગોથી મને સર્યું. આ પ્રમાણે અતિવૈરાગ્ય પામેલા ચિત્તવાળી ચેટકરાજા અને બીજા વડિલ વર્ગોની અનુજ્ઞા ગ્રહણ કરીને સુજ્યેષ્ઠા પ્રવ્રજ્યા અંગીકાર કરવા તૈયાર થઇ. ચંદનબાલા સાધ્વી પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી, તીવ્ર તપસ્યા કરવા લાગી. વળી ઉપાશ્રય-વસતિમાં રહિ કાઉસ્સગ્ગ કરીને આતાપના લેતી હતી.

આ બાજુ અતિપ્રચંડ પરિવ્રાજકોમાં શેખર સમાન અતિસમર્થ, ઘણા પ્રકારની વિદ્યાઓ સાધેલી હોવાથી ગમે તે કાર્ય પાર પમાડનાર એવો પેઢાલ નામનો પરિવ્રાજક હતો.

પોતાની વિદ્યાઓ બીજામાં સંક્રાન્ત કરવા માટે કોઈ ઉત્તમ પ્રધાન પુરુષને સર્વત્ર ખોળતો હતો, પણ તેવી વિદ્યાઓ ધારણ કરી શકે તેવો કોઇ પુરુષ જોવામાં ન આવ્યો. આતાપના લેતી સુજ્યેષ્ઠાને દેખીને ત્રણ ગુપ્તિવાળી હતી, ત્યારે તે વિચારવા લાગ્યો કે, 'આનો પુત્ર મારી વિદ્યાઓનો નિધિ થશે.' ઋતુસમય જાણીને તેણે ધૂમાડો વિકુર્વ્યો અને પોતે ભમરાનું રૂપ કરી ગુપ્તભાગમાં પ્રવેશ કર્યો. તેણે ક્ષેત્રમાં બીજની સ્થાપના કરી ગર્ભમાં તે વૃદ્ધિ પામવા લાગ્યો. સુજ્યેષ્ઠાને એકદમ ધ્રાસકો લાગ્યો કે, 'આ શું આશ્ચર્ય ! જો કે મારા માટે મર્યાદા-લાજથી સંયમિત બનેલો કોઇ મનુષ્ય અપલાપ કરશે નહિં, પણ મારા મગજમાં આ વાત સમજાતી નથી કે, 'આ બન્યું કેવી રીતે ? હવે આ માલિન્ય ધોવા માટે શું કરવું ? એમ વિચારી મોટી આર્યાને આ સંદેહ જણાવ્યો. તે કેવલજ્ઞાની સાધુ પાસે ગઇ, તે સાધુએ કેવલજ્ઞાનના પ્રકાશથી જણાવ્યું કે, આ અસ્ખલિત શીલાલંકારવાળી સાધ્વી છે. કોઇએ પણ તેનું અલ્પઅપમાન ન કરવું. કોઈક પાપીએ છલ કરીને પ્રપંચથી તેને ગર્ભ ઉત્પન્ન કરેલો છે. યોગ્ય સમય થયો, એટલે તેનો જન્મ થયો. શ્રાવકોના કુલોમાં વૃદ્ધિ પામ્યો, સત્યકી નામનો તે કાનથી સાંભળી સાંભળીને ચોરીથી તે ૧૧ અંગોનો ધારણ કરનાર થયો. સાધ્વીઓની સાથે સમવસરણમાં વ્યાખ્યાન શ્રવણ કરીને અતિસ્થિર સમ્યક્ત્વી થયો.

કોઈક વખતે કાલસંદીપક વિદ્યાધરે ભગવંતને પૂછ્યું કે, 'હે પ્રભુ ! મારું મરણ કોનાથી થશે ?' ત્યારે ભગવંતે તેને આ બાળક બતાવ્યો. એટલે તે ખેચર તેની પાસે જઇને અવજ્ઞાથી કહેવા લાગ્યો કે, 'અરે ! તું મને મારવાનો છે ?' - એમ કહીને બળાત્કારથી તેણે બાળકને પગે પાડ્યો. તે બાળક પણ તેના ઉપર અતિશય ક્રોધ-વેર વહન કરતો હતો. સમય પાક્યો એટલે પેઢાલે પણ તે બાળકને લોભાવીને પોતાની પાસે રાખ્યો. પેઢાલે સત્યકીને સર્વ વિદ્યાઓ ભણાવી અને તે સત્યકીએ તે સર્વ વિદ્યાઓની સાધના કરી. હવે મહારોહિણી વિદ્યા સાધવાનો તે આરંભ કરે છે. આગલા પાંચ ભવમાં તે વિદ્યા સાધતો હતો, ત્યારે પહેલાં રોહિણી દેવીએ તેને મારી નાખ્યો હતો. છઠ્ઠા ભવમાં વિદ્યા સિદ્ધ થઈ, પરંતુ તેનો સ્વીકાર ન કર્યો. જ્યારે સિદ્ધ થતી હતી, ત્યારે પ્રથમ તેણે પોતાનું આયુષ્ય કેટલું બાકી છે ? એમ પૂછ્યું. ત્યારે છ મહિના કહ્યું એટલે તે વિચારવા લાગ્યો કે, હવે માત્ર છ મહિના બાકી રહેલા આયુષ્યમાં રોહિણી વિદ્યા સિદ્ધ થાય, તો તેથી હું શું કરી શકીશ ? અત્યારે આ વિધિથી તે સાધવા લાગ્યો. સળગતી ચિતાના ઉપર વિસ્તારવાળા ભીંજાવેલ ચર્મ ઉપર એકાગ્રમનવાળો અત્યંત સ્થિરપણે ડાબા પગના અંગૂઠાના અગ્રભાગ ઉપર ઉભો રહ્યો થકો જાપ કરતો હતો. જેટલામાં ચિતાનાં કાષ્ઠો બળતાં હતાં, તે વખતે તે સ્થિતિમાં તેને જાપ કરતો કાલસંદીપક ખેચરે જોયો. તેને બાળી મૂકવા માટે તે ખેચર તેમાં ફરી પણ કાષ્ઠો

નાખવા લાગ્યો, તેમ છતાં તે સત્યકી સાત રાત્રિ સુધી જાપ કરતાં પોતાના સત્ત્વથી ચલાયમાન ન થયો, એટલે રોહિણીદેવી પ્રત્યક્ષ થઈ પેલા ખેચરને નિવારણ કરવા લાગી કે, 'હવે તું તેને વિઘ્ન ન કર, હું જલદી તેને અવશ્ય સિદ્ધ થવાની જ છું.'

હવે તે દેવી પ્રત્યક્ષ થઇને કહેવા લાગી કે, 'હે સત્યકી ! હું તને સર્વથા સિદ્ધ થઇ ચૂકી છું. મને તારું એક અંગ આપ, જેથી હું તારામાં પ્રવેશ કરું. ત્યારે તેણે કપાળ દ્વારા તે વિદ્યાને અંગીકાર કરી, ત્યાં તેને એક છિદ્ર હતું. તુષ્ટ થએલી રોહિણીએ ત્યાં આગળ ત્રીજું નેત્ર બનાવ્યું. તે ત્રણ લોચનવાળો સત્યકી વિદ્યાધર ત્રણે લોકમાં યક્ષ, રાક્ષસ વગેરેથી અસ્ખલિત થઈ વિચરવા લાગ્યો. આ પાપી પેઢાલે મારી માતા-ચેટકની પુત્રીને ઘર્ષિત કરી, સાધ્વીપણામાં તેને વ્રતભંગ-મલિન કરી, માટે 'તારાં દુષ્ટ વર્તનરૂપ વિષવૃક્ષનું આ ફળ ભોગવ' એમ કરીને પેઢાલને મારી નાખ્યો. હવે કાલસંદીપકને દેખ્યો એટલે મને બલાત્કારથી પગે પાડ્યો હતો, આ પાપચેષ્ટા કરનારે બાલ્યકાળમાં મારું અપમાન કર્યું હતું, એ પ્રમાણે તેના પ્રત્યે કોપ પામેલા તેણે તેને પલાયમાન થતો દેખ્યો. તેની પાછળ પાછળ દોડી જાય છે, કાલસંદીપ મોટા પર્વતની ગુફા વગેરે સ્થળમાં નાસી પેસી જાય છે, કોઈ જગ્યાએથી જ્યારે છૂટી શકતો નથી, ત્યારે તેણે માયા-ઈન્દ્રજાળની આ પ્રમાણે રચના કરી. ભયથી ચંચળ નેત્રવાળા મૃગલાના નેત્ર સરખા લક્ષણવાળા તેણે ક્ષણવારમાં આગળ ત્રણ નગરો વિકુર્વ્યાં. તેના પ્રત્યે અત્યંત ક્રોધચિત્તવાળો થયો અને તેની માયાજાળ જાણી લીધી અને તેણે અતિઉગ્ર અગ્નિજ્વાળાઓથી તે ત્રણે નગરોને તરત બાળી નાખ્યાં, અને તેની પાછળ દોડ્યો. તેનાં ગુપ્ત ફરવાનાં સ્થાનો જાણી લીધાં, ભગવંતના સમવસરણમાં પર્ષદામાં અત્યંત છૂપાઇ ગયો હતો, ત્યાં તેને દેખ્યો. ફરી દેશના પૂર્ણ થયા પછી તેને ઘેરી લીધો, પાતાલકલશના પોલાણમાં પ્રવેશ કરતો હતો, ત્યારે ક્રોધથી જલ્દી તેને મારી નાખ્યો. તેમ કરતાં તેને અતિશય આનંદ થયો.

વિદ્યાધરોમાં શ્રેષ્ઠ ચક્રવર્તી તેમ જ દેવો, અસુરો, વિદ્યાધરોમાં સર્વશ્રેષ્ઠ તરીકે તે જગતમાં જય પામવા લાગ્યો. તીર્થોમાં તીર્થંકર ભગવંતોની પાસે દરરોજ સંધ્યા સમયે ગીત-નાટ્ય કરતો હતો અને અસાધારણ સમ્યક્ત્વ-રત્ન પ્રાપ્ત કર્યું. પરંતુ તેનામાં કામદેવનો જ્વર વધવા લાગ્યો અને પ્રેમ પરવશ બનેલો તે વિદ્યાબળથી રાજા, સાર્થવાહ, શેઠ, બ્રાહ્મણોની રમણીઓની સાથે સુરત ક્રીડા કરતો હતો. (૪૦) પરંતુ તે આ પ્રમાણે વિચારતો નથી કે, 'શૃંગારરસથી ભરેલ સ્તનરૂપી ઘડાવાળી, સ્પષ્ટ અક્ષરવાળાં અંગોની કાંતિથી સુંદર, કુટિલતાથી પ્રૌઢ પરબ પાલનારી, દુઃખે કરી ગમન કરી શકાય એવા અદ્વિતીય દુર્ગતિ માર્ગરૂપ ત્રણ જગતમાં મોહે અનેકવાર તૃષ્ણાવાળા ભમતા જંતુઓ માટે

આ સ્ત્રીઓરૂપી પરબડીઓને કરી છે."

આ કારણે રાજાદિક વગેરેના મનમાં વારંવાર પારાવાર દુઃખની વેદના થાય છે, પરંતુ કોઇ પણ આનો અલ્પ પણ પ્રતિકાર કરવા સમર્થ થઇ શકતા નથી. તે સત્યકીને અતિગુણવાળા અને વિદ્યાવાળા અનેક લોકોને ગૌરવ કરવા યોગ્ય નંદીશ્વર અને નંદી નામના બે શિષ્યો હતા. કોઈક સમયે પુષ્પક વિમાનથી ઉજ્જેણીમાં પહોંચીને, શિવાદેવી (ચેટકપુત્રી)ને છોડીને પ્રદ્યોતરાજાનું આખું અંતઃપુર તેણે રતિક્રિયાથી ઘર્ષિત કર્યું. એટલે ભયંકર ભૃકુટીથી ઉગ્ર ભાલતલવાળો ચંડપ્રદ્યોત રાજા મંત્રીઓને ઠપકો આપતાં કહે છે કે, 'અરે ! તમારી બુદ્ધિઓ કેમ બુઠ્ઠી થઇ ગઈ છે, શું તમે બુદ્ધિના બેલોને મારે હળમાં જોડવા ? અરે લડાઇ કરી, નિગ્રહ કરીને કે પકડીને તમે તેને અટકાવતા કેમ નથી ? શું તમે તમારી ભાર્યાઓને છૂટી મૂકી છે ખરી ? એટલે મંત્રી સાથે મંત્રણા કરી સર્વાંગે સુંદરતાના ગૃહ સમાન એક ગણિકાને કહ્યું કે, 'હે ઉમા ! કોઇ પ્રકારે તારી કળાથી તું તેને આધીન કર.

જ્યારે તે આકાશમાર્ગેથી અવંતિ નગરી આવતો હતો, ત્યારે એક આગલા હાથમાં ધૂપ ધારણ કરીને આગળ ઉભી રહેલી હતી. અનેક સ્ત્રીઓ તેને દેખવા માટે ઉભી થતી હતી અને તેની સન્મુખ જતી. જ્યારે કોઇ વખત આ સન્મુખ આવતો હતો, ત્યારે તેને બે કમલો બતાવતી હતી. જ્યારે પેલો વિકસિત કમલ લેવા પોતાનો હાથ લંબાવતો હતો, વિકસિત કમળ લેવા ઇચ્છતો હતો, ત્યારે આ ગણિકા અણવિકસિત કમળ અર્પણ કરતી હતી. ત્યારે પેલાએ પૂછ્યું કે, 'કેમ આવું બીડાએલું કમળ આપે છે ? (૫૦) પેલીએ જવાબ આપ્યો કે, 'હજું તું વિકસિત કમળને યોગ્ય નથી. વિકસિત કમળ માટે હજુ તું સર્વથા અજ્ઞાત છે. અતિમહેંકતા પુષ્ટ સુંદર દેહ વિષે તું અનુરાગી છે, કારણ કે, સરખે સરખામાં અનુરાગી હોય. સામંતો, મંત્રીઓ, બ્રાહ્મણો, વણિકો, રાજાઓની મુગ્ધ સ્ત્રીઓમાં ક્રીડા કરનાર છો, પ્રૌઢ પ્રણયાંગના કામશાસ્ત્રમાં નિપુણ એવી ગણિકાઓની સાથે સુરતક્રીડા જાણતો નથી. આથી તે તેની સાથે અતિઅનુરાગ પૂર્ણ હૃદયવાળો તેમજ ગાઢ પ્રેમના બંધનથી તેની સાથે હંમેશા રહેવા લાગ્યો, તેના ઉપર પરમ વિશ્વાસ રાખવા લાગ્યો. તે મંત્રીથી પ્રેરાએલી એવી તેણે કોઈ સમયે પૂછ્યું કે, 'આ તારી વિદ્યાઓ તારી કાયાનો વિયોગ ક્યારે કરે છે ?' સ્ત્રીઓ બહારથી મનોહર આકૃતિવાળી હોય છે, પરંતુ હૃદયમાં તો શંખ સરખી કુટિલ હોય છે - તેમ નહિ જાણનારો તે આને સર્વ કહે છે કે, 'જ્યારે હું તરુણીઓ સાથે રતિક્રીડાનો સંગમ કરું છું, ત્યારે મારી વિદ્યાઓ આ તરવારના અગ્રભાગ પર સંક્રમી જાય છે.'

ગણિકાએ તે વાત મંત્રીને જણાવી. તેણે રાજાને કહ્યું. એટલે રાજાએ તેવા બે ધીર અને જરૂરી જેટલી જ પ્રહાર કરવાની કળાવાળા પુરુષોને આજ્ઞા કરી કે, 'જ્યારે સત્યકી સુરત

ક્રીડામાં રહેલો હોય, ત્યારે તમારે હણી નાખવો. ઘણું દ્રવ્ય મળવાના લોભમાં લુબ્ધ થએલા એવા તે મુગ્ધ પુરુષો આ આજ્ઞાનો અમલ કરવા તૈયાર થયા અને વિશેષમાં એ જણાવ્યું કે મારી ઉમાના શરીરનું રક્ષણ તમે કોઇ રીતે પણ કરશો. ત્યારપછી તરુણીના શરીર ઉપર કેટલીક સંખ્યાપ્રમાણ કમલપત્રો ગોઠવી અતિતીક્ષ્ણ તરવારથી ધારાથી તેમાંથી અમુક સંખ્યા પ્રમાણપત્રો ઉપર ઘા મરાવી તેટલાં જ પત્રો કપાયાં, પણ અધિક ન કપાયાં-એમ મંત્રીએ ગણિકાને વિશ્વાસ પમાડી તે ગણિકાને ધીર આપી. વળી પ્રદ્યોતરાજાએ તે બંને સુભટોને એકાંતમાં બોલાવી ખાનગી કહ્યું કે, 'આ દુઃખે કરીને કરી શકાય તેવું છે તો ભલે બંને હણાઈ જાય.

હવે રતિ પ્રસંગ-સમયે પેલા બંને સુભટો ત્યાં છૂપાઇને રહેલા હતા, ચપળ તરવારની તીક્ષ્ણ ધારાથી તરત જ બંનેને સાથે હણી નાખ્યા. તરત જ તેની વિદ્યાઓ કોપ પામી અને પ્રથમ શિષ્યને અંગીકાર કરીને પ્રદ્યોતરાજા અને લોકોને વારંવાર આક્રોશ કરીને નંદીશ્વર શિષ્યની વાણી દ્વારા આકાશમાં અદ્ધર શિલા ધરીને કહેવા લાગ્યો કે, 'હે દુરાચારીઓ ! હમણાં જ તમને સર્વેને પીસી નાખું છું.' ભીંજવેલા શ્વેત વસ્ત્રો ધારણ કરીને હાથમાં પૂર્ણ ધૂપના કડછા ધારણ કરીને ભયવાળો રાજા પ્રદ્યોત તથા લોકો આ પ્રમાણે વિનંતિ કરવા લાગ્યા કે, હે વિદ્યાદેવીઓ ! અમે દીન, અનાથ, શરણે આવેલા તમારા પગમાં પડીને વિનંતિ કરીએ છીએ કે, 'હમણાં આપ અમારા ઉપરનો ક્રોધ શાન્ત કરો.' વિદ્યાદેવીઓએ કહ્યું કે, 'જો આ વસ્તુનો પ્રચાર થાય તેવી તેની પ્રતિમા ઘડાવીને પૂજન કરો, તો જ તમારો છૂટકારો થાય. ત્યારે એ વાત સ્વીકારીને પર્વત, નગર, બગીચા, ગામોમાં સ્ત્રી-પુરુષના લિંગના સમાગમ માત્રરૂપ દેવપ્રતિમા ઘડાવીને રાજા,મંત્રી, શેઠ, સાર્થવાહ અને સામાન્ય લોકો દેવકુલિકામાં તે પ્રતિમાઓ સ્થાપન કરાવીને પૂજન કરો, તો જ આ સંકટથી તમો મુક્ત થશો.'

આ પ્રમાણે સર્વ સ્થળોમાં આ મિથ્યાત્વ વિસ્તાર પામ્યું. મૃત્યુ પામેલો સત્યકી પણ તે પ્રમાણે નગરના કૂવામાં પડ્યો. (૭૦) (૧૬૪) આ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ હોવા છતાં પણ તીવ્ર વિષયરાગથી ઉપાર્જન કરેલાં કર્મથી દુર્ગતિ ગમન થાય છે. તે કહીને સાધુઓની સેવા-ભક્તિથી તેવાં કર્મો શિથિલ-ઢીલાં થાય છે, તે વાત જણાવે છે.

**सुतवस्सिया ण पूया, पणाम-सक्कार-विणय-कज्जपरो ।**
**बद्धं पि कम्ममसुहं, सिढिलेइ दसारनेया व ।।१६५।।**

અતિ તપસ્વી શોભન વર્તનવાળા મુનિવરોને વસ્ત્રાદિકથી પૂજા, મસ્તકથી પ્રણામ,

વાણીથી તેમના ગુણોની સ્તુતિ કરવા રૂપ સત્કાર બહારથી આવે, ત્યારે ઉભા થવું ઇત્યાદિ રૂપ વિનય કરવો, બીજા દ્રોહીઓ અન્યમતવાળાઓ ઉપદ્રવ કરતા હોય, તો તેનું નિવારણ કરવું. આ કહેલા સર્વકાર્યમાં તત્પર રહેનાર અશુભ પાપકર્મ બાંધ્યું હોય, તો પણ તે કૃષ્ણની જેમ તે કર્મ શિથિલ કરે છે. (૧૬૫) કૃષ્ણની કથા આ પ્રમાણે જાણવી. -

## ૧૦૬. સાધુ-વંદન-ફલ ઉપર કૃષ્ણ કથા

કોઇક સમયે દ્વારિકા નગરીમાં રૈવતપર્વત નજીકની તળેટીની ભૂમિમાં જાદવકુળ-શિરોમણિ એવા નેમિનાથ ભગવંત સમવસર્યા. ત્યારે પરિવાર-સહિત કૃષ્ણજી નગર બહાર નીકળી પ્રભુને વંદન કરવા માટે આવ્યા. ત્રણ પ્રદક્ષિણા આપી પ્રણામ કરી આગળ બેસી આનંદથી ખડા થએલા રુંવાડાથી શોભાયમાન શરીરવાળા કૃષ્ણ ધર્મશ્રવણ કરતા હતા. તેણે સમય થયો એટલે પ્રભુને વિનંતિ કરી 'હે સ્વામિ ! હું બીજાઓને દીક્ષા અપાવું છું, તેમના કુટુંબીઓને પાળું છું, પરંતુ હું જાતે દીક્ષા લઇ શકતો નથી, એટલે ખરેખર મેં ધર્મની અંદર કહેલ સુભાષિત બરાબર જાળવેલું છે 'હાથ નચાવીને બીજાઓને ઉપદેશ દેવાય છે, પરંતુતે પ્રમાણે પોતાથી કરાતું નથી.' શું આ ધર્મ વેચવાનું કરિયાણું છે ? હે ભગવંત ! પ્રચુર દુઃખ-ક્લેશના કારણભૂત ભયંકર ભવાવર્તમાં વિરતિ વગર મારે મારા આત્માનો ઉદ્ધાર કેવી રીતે કરવો ?' ત્યારે ભગવંતે કહ્યું કે, 'હે સૌરિ ! જેઓ શ્રમણધર્મ કરવા અસમર્થ હોય અને ઘર-કુટુંબમાં પ્રસક્ત થએલા હોય તેઓએ જિનેશ્વરની અને ગુરુમહારાજની ભક્તિ વગેરે કરીને પણ ધર્મની શરુઆત કરવી.

"શ્રી વીતરાગ ભગવંત વિષે ભક્તિ, સમગ્ર પ્રાણીવર્ગ ઉપર કરુણા અને મૈત્રીભાવના, દીન અનાથ, નિરાધારને દાન આપવું, હંમેશા શ્રદ્ધા સહિત જિનેશ્વરોનાં વચનરૂપ શાસ્ત્રોનું ગુરુમુખેથી શ્રવણ કરવું, પાપ દૂર કરવાની ઇચ્છા, ભવના ભય સાથે મુક્તિમાર્ગનો અનુરાગ, નિઃસંગ ચિત્તવાળા સાધુપુરુષોને સમાગમ, વિષય તરફથી વિમુખ બનવું - આ ગૃહસ્થોનો ધર્મ છે.' તેમ જ તીર્થંકરોની ભક્તિ આ ભવમાં સર્વ પાપનો-દુઃખનો નાશ કરનાર થાય છે, તેમ જ જીવોને પરલોકમાં પણ મનુષ્યનાં અને દેવતાનાં સુખો પ્રાપ્ત કરાવે છે. ત્યારે કૃષ્ણે કહ્યું કે, 'જિનની ભક્તિ તો જાણું છું, પરંતુ ગુરુની ભક્તિ કેવી રીતે કરવી ? અને તેનું શું ફળ હોય ? એટલે ભગવંતે કહ્યું, હૃદય અતિશય પ્રીતિના તરંગોયુક્ત હોય, ગુરુના ગુણ ગાનારી વાણી હોય, કાયા નિષ્કપટ વંદન કરનારી હોય, અર્થાત્ ગુરુમહારાજ પ્રત્યે મન, વચન, કાયાથી આદર ભક્તિ હોય, પોતાનું ખરાબ વર્તન થયું હોય, તો સરળતાથી તેની આલોચના, જે પ્રાયશ્ચિત્ત આપે, તેનું પવિત્રપણે પાલન કરવું, વળી ગુરુમહારાજને વસ્ત્ર, અન્ન, પાન, મકાન, કામળી વગેરે સંયમમાં ઉપયોગી વસ્તુઓનું

દાન આપવું, ગુરુની ભક્તિ કહેવાય છે. આ સર્વમાં પણ ગુરુને વંદન કરવું તેની અધિકતા અને વિશેષતા કહેલી છે. જે માટે કહેલું છે કે - 'કર્મને દૂર કરવાના પ્રયત્નવાળા એવા ગુરુજનને વંદના કરવી, પૂજા કરવી. તે દ્વારા તીર્થંકર ભગવંતની આજ્ઞાનું એવા ગુરુજનને વંદના કરવી, પૂજા કરવી, તે દ્વારા તીર્થંકર ભગવંતની આજ્ઞાનું પાલન અને શ્રુતધર્મની આરાધનારૂપ ક્રિયા થાય છે. તેમ જ નીચગોત્ર ખપાવે છે, ઉંચ ગોત્ર ઉપાર્જન કરે છે, સૌભાગ્ય નામકર્મ બાંધે છે, જેની આજ્ઞા દરેક ઉઠાવે તેવું જનપ્રિયત્વ પ્રાપ્ત કરે છે.' ત્યારે કૃષ્ણે કહ્યું કે, 'હે ભગવંત ! હું પણ ઇન્દ્રિયોને દમનારા ક્ષાંતિ-(ક્ષમા) રાખનારા, શીલવંત અઢાર હજાર શીલાંગ ધારણ કરનારા, ઘોર તપશ્ચરણ કરનારા આપના સાધુઓને વંદના કરું.

વીરા સાલવી સાથે કૃષ્ણે દરેક સાધુઓને વંદના કરી. પ્રતિજ્ઞા-નિર્વાહ કરીને પ્રભુ પાસે પાછા આવ્યા. અતિઝળકતા વિજળીના સમૂહયુક્ત નવીનશ્યામ મેઘમાંથી જેમ જળ, તેમ કૌસ્તુભરત્નના કિરણથી પ્રકાશિત શ્યામ દેહમાંથી નીતરતા સ્વેદ જળવાળા બે હાથરૂપ કમળની અંજલિ કરેલા કૃષ્ણ, ભગવંત આગળ બેસીને ફરી ફરી પ્રણામ કરીને પ્રફુલ્લિત થઈ કહેવા લાગ્યા કે, 'હે ભગવંત ! ક્રોડો સુભટો સામસામે આથડતા હોય, મદોન્મત્ત હાથીઓના ચિત્કાર સંભળાતા હોય તેવા યુદ્ધમાં મને એટલો પરિશ્રમ નથી થયો કે, જેટલો મુનિ-ભક્તિ યોગે ઉલ્લસાયમાન ભાવથી રોમાંચિત થએલા દેહવાળા, મુનિઓના ચરણ-કમલમાં વંદન કાર્યમાં તત્પર થએલા મનવાળા મને અત્યારે થયો છે. ત્યારે ભગવંતે કૃષ્ણને કહ્યું કે, 'હે સુભટ ! આજે તેં યુદ્ધ કરીને ચારિત્ર મહારાજાનું મહાફળ ઉપાર્જન કર્યું છે. વધારે શું કહેવું ? પ્રથમ અનંતાનુબંધી નામના ચાર કષાયો, ત્રણ દર્શન મોહનીય-એમ મોહમહારાજાના સાત સુભટોનો તેં અત્યારે જ ખુરદો કાઢી નાખ્યો છે અર્થાત્ ક્ષય પમાડ્યા છે. દાઢ વગરના મહાવિષધર સર્પની જેમ મોહમહારાજા આ સુભટો વગર નિશ્ચે કંઇ પણ કરી શકવા સમર્થ નથી.

ખરેખર હવે તેં સમ્યક્ત્વરૂપ રાજ્યાધિક રત્ન પ્રાપ્ત કર્યું છે. અત્યાર સુધી ચારગતિ સ્વરૂપ સંસારના ગહન જંગલમાં અથડાયા કરતો હતો, તેમજ હંમેશાં ચારિત્રરાજના સૈન્યથી ભ્રષ્ટ થએલો હતો. આ દુષ્ટ મોહરાજાના સુભટોએ જીવનું તત્ત્વભૂત સ્વરૂપ ઘેરી લીધું હતું, જેને તેં આજે હાર આપીને તારા આત્મામાં જ રહેલું એવું ક્ષાયિક સમ્યક્ત્વરત્ન પ્રગટ કર્યું છે. (૨૫) આ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય, તેને સમગ્ર મંગલના સમૂહો શાશ્વત સુખ-પર્ણ મોક્ષ નક્કી ત્રીજે ભવે પ્રાપ્ત થાય છે. બીજું મહા આરંભથી એકઠું કરેલું કર્મ તેં આજે જે સાતમી ભૂમિને યોગ્ય હતું, તે આ પ્રમાણે ત્રીજીએ લાવી નાખ્યું છે. આ સાંભળીને

ભયભીત થએલા કેશવે ભગવંતને કહ્યું કે, 'આપ જેવા મારા સ્વામી છતાં મારું અકલ્યાણ કેમ થાય ? હે સ્વામિ ! આ પાપરૂપ ભાવશત્રુથી પરવશ થએલનું મારું આપ રક્ષણ કરો. સ્વામી સેવકોને સંકટ પામેલા દેખવા કદાપિ સમર્થ બની શકતા નથી. જો ચિંતામણિ મળવા છતાં જીવોને દરિદ્રતા પરાભવ કરે, સૂર્યોદય થવા છતાં અંધકાર-સમૂહ વૃદ્ધિ પામે, તો હે નાથ ! અમારે ક્યાં જઇને ફરિયાદ કરવી ? અમારે કોનું શરણ મેળવવું ?' ત્યારે ભગવંતે કહ્યું કે, 'હે કેશવ ! આ નિકાચિત બાંધેલું કર્મ અવશ્ય ભોગવવું જ પડશે. કદાચ પાપક્ષય કરવા માટે ફરી વંદન કરીશ, તો પણ તે અનુષ્ઠાન કર્મનિર્જરા કરવા માટે તેટલું સમર્થ નહિં થાય.

આ પ્રમાણે તેને જેટલામાં ના પાડી, એટલે કાંઇક વિલખા થએલ કૃષ્ણને ફરી પણ ભગવંતે આશ્વાસન આપતાં જણાવ્યું કે, હે ભદ્ર ! તું શોક ન કર, કારણ કે મારી જેમ તમે પણ ઉત્તમ કેવલજ્ઞાન-દર્શન દ્વારા ભુવનને પરકાશિત કરનાર, તેમજ ત્રણે ભુવનને પૂજનીય પ્રશંસનીય, ભરતમાં હજાર મુનિઓથી પરિવરેલ બારમા તીર્થંકર થશો. જેનું આવું કલ્યાણ થવાનું છે, તો અત્યારે શા માટે ખેદ વહન કરો છો ? વળી કૃષ્ણે પૂછ્યું કે, 'મારી સાથે આ વીરે વંદન કર્યું તો તેને વંદનનું શું ફળ મળશે ?' ત્યારે ભગવંતે કહ્યું કે, તમારા ચિત્તની પ્રસન્નતા પોતાનાં માટે મેળવવી તેટલું જ માત્ર તેને ફળ થયું, પણ કર્મની નિર્જરા નહિં, કારણ કે, ક્રિયા જ્ઞાન, દાન, ચારિત્ર, ઇન્દ્રિય-દમન, દયા, કષાય-દમન આ વગેરે અનુષ્ઠાન વિવેક સહિત મનથી કરવામાં આવે તો સફળ અર્થાત્ કર્મ-ક્ષય કરનાર થાય છે, નહિંતર માત્ર ક્લેશ એ જ ફળ મળે છે. આ પ્રમાણે નેમિભગવંતથી ઘણા પ્રકારે ઉપદેશ પામેલા મુક્તિની તૃષ્ણાવાળા કૃષ્ણ, ભગવંતને નમસ્કાર કરીને પોતાની નગરીમાં પહોંચ્યા. આ પ્રમાણે સાધુઓને વિધિ-આદર-વિનય-સહિત વંદન કરવાથી દશારસિંહ-કૃષ્ણે સાતમીનું વેદનીયકર્મ ત્રીજીમાં લાવી નાખ્યું, તો સાધુને નિરંતર વંદન કરવું. (૩૯) ૧૮ હજાર સાધુને વંદન વિષયક કૃષ્ણ કથા માટે જ કહે છે કે,

**अभिगमण-वंदण-नमंसणेण पडिपुण्छणेण साहूणं ।**
**चिरसंचियंपि कम्मं, स्वणेण विरलत्तणमुवेइ ।।१६।।**

**केइ सुसीला सुहमाइ सज्जणा गुरुजणस्सऽवि सुसीसा ।**
**विउलं जणंति सद्धं, णह सीसो चंडरुद्दस्स ।।१६७।।**

ગુરુ બહારથી આવતા હોય તો સામા જવું તે અભિગમન, તેમના ગુણોનું કીર્તન કરવારૂપ વંદન, કાયા અને મનની નમ્રતા-નમસ્કાર કરવો, શરીરની કુશળતા પૂછવી,

સાધુઓને આ વગેરે કરવાથી લાંબા ઉપાર્જન-(એકઠાં) કરેલાં કર્મો ક્ષણવારમાં દૂર થાય છે. (૧૬૬)

ગુરુનો વિનય કરનાર શિષ્ય તેઓને શ્રદ્ધા ઉત્પન્ન કરાવે છે, તે કહે છે - કેટલાક ઉત્તમ સ્વભાવવાળા શ્રતુ-ચારિત્ર ધર્મયુક્ત, સર્વ પ્રાણીઓને અમૃત સરખા એવા અતિસજ્જન સુશિષ્યો ગુરુજનને પણ ચંડરૂદ્રાચાર્યની જેમ શ્રદ્ધા પ્રગટ કરાવે છે. (૧૬૭) તેની કથા આ પ્રમાણે જાણવી -

## ૧૦૭. ચંડરુદ્રાચાર્યની કથા -

ઉજ્જેણી નગરીમાં સદ્ગુણયુક્ત મુનિ-પરિવારવાળા શ્રીચંડરુદ્ર નામના આચાર્ય હતા, તે રુદ્ર સરખા ક્રોધવાળા-ઝેરવાળા સર્પ જેવા હતા.

સ્વભાવથી જ તેઓ કોપવાળા હતા, જેથી પોતાના શિષ્યોથી જુદી વસતીમાં રહી તેમની નિશ્રામાં તે મહાત્મા સ્વાધ્યાય-તત્પર રહેતા હતા. હવે એક દિવસ એક વિલાસપૂર્ણ શૃંગાર-સહિત સુંદર દેહવાળો તાજો જ પરણેલો એક વણિકપુત્ર ઘણા મિત્રો સાથે સાધુઓની પાસે આવી પહોંચ્યો. તેના મિત્રો હાસ્ય-પૂર્વક સાધુઓને કહેવા લાગ્યા કે, 'હે ભગવંત ! આ ભવથી કંટાળેલો છે અને તેને પ્રવ્રજ્યા લેવી છે. આમનું આ હાસ્યમાત્ર વચનછે-એમ જાણીને તેની અવગણના કરીને સાધુઓ સ્વાધ્યાય વગેરે પોતાની પ્રવૃત્તિ કરવા લાગ્યા. તે છોકરાઓ ફરી ફરી પણ હાસ્યથી તેમ બોલવા લાગ્યા. 'આ અવલચંડા દુઃશિક્ષિતોનું ઔષધ આચાર્ય છે.' તેમ ચિંતવીને સાધુઓએ કહ્યું કે, 'દીક્ષા તો આચાર્ય મહારાજ આપી શકે' - એમ કહી જુદા સ્થાનમાં રહેલા આચાર્યને તેઓએ બતાવ્યા. ક્રીડાનું કુતૂહળ કરતા કરતા તે સર્વે મિત્રો સૂરિની પાસે ગયા. અને હાસ્યથી પ્રણામ કરી ત્યાં બેઠા અને કહ્યું કે, 'હે ભગવંત ! આ અમારો મિત્ર ભવના ભવથી ઉદ્વેગ પામેલા માનસવાળો છે અને આપની પાસે દીક્ષા લેવા અભિલાષા રાખે છે. આ જ કારણે સર્વાંગે સુંદર શૃંગાર ધારણ કરીને આપના ચરણ-કમળમાં દુઃખ દલન કરનાર દીક્ષા અંગીકાર કરવા માટે આવેલ છે. તો કૃપા કરીને દીક્ષા આપો ?, એને ઉપકૃત કરો.' એ સાંભળીને શ્રીચંડરુદ્ર આચાર્ય કોપથી વિચારે છે કે, 'જુઓ તો ખરા કે, આ પાપીઓ મારી મશ્કરી કરે છે ? તો આ સર્વે પોતાના વચન-વિલાસનું ફળ હમણાં જ મેળવે-એમ વિચારી કહે છે કે, 'જો તેમ જ હોય તો જલ્દી રક્ષા-(રાખ) લાવો.' આ પ્રમાણે સૂરિએ કહ્યું, એટલે તેઓ ગમે ત્યાંથી પણ રાખ લાવ્યા. તરત જ કોપવાળા આચાર્યે ભયંકર ભૃકુટીયુક્ત ભાલતલ કરીને તેઓનાં દેખતાં જ મસ્તક ઉપર લોચ કરી નાખ્યો. એટલે મિત્રોનાં મુખો વિલખાં-ઝાંખા પડી ગયાં. તેઓ પોતપોતાના સ્થાનકે ચાલ્યા ગયા.

ત્યારપછી નિર્મલ પરિણામવાળા શેઠપુત્ર બે હાથની અંજલી જોડી આચાર્યના પાદ-પદ્મમાં પ્રણામ કરી કહેવા લાગ્યો કે, 'હે પ્રભુ ! હવે મને દીક્ષા આપો. હાસ્ય મને બરાબર પરિણમ્યું છે.' એટલે આચાર્યે તે ઉત્તમ શેઠકુલમાં જન્મેલા નબીરાને સારી રીતે દીક્ષિત કર્યો. ફરી પણ તેમના ચરણમાં પ્રણામ કરીને આ પ્રમાણે કહેવા લાગ્યો કે, 'હે ભગવંત ! અહિં મારા સગા-સ્વજનો, સંબંધીઓ ઘણા છે. રખે મને ધર્મમાં અંતરાય અહિં થાય, તો બીજે ક્યાંક ચાલ્યા જઇએ.' એટલે જો એમ જ છે, તો માર્ગની પડિલેહણા કરી આવ, એટલે 'ઇચ્છં' એમ કહીને તે ગયો. અતિવિનીત એવો તે શિષ્ય માર્ગ તપાસીને પાછો આવ્યો. ત્યારપછી રાત્રે આચાર્ય ચાલવાને અશક્ત હોવાથી વૃદ્ધપણાના કારણે એકલા એક ડગલું પણ ચાલવા અસમર્થ હોવાથી નવદીક્ષિતની ખાંધ પર ભુજાઓથી મસ્તક પકડીને ચાલ્યા. માર્ગમાં ખાડા-ટેકરાથી સ્ખલના થાય તો, સ્વભાવથી અતિક્રોધી હોવાથી તેનો તિરસ્કાર કરી મસ્તકમાં દાંડાથી માર મારે છે. તે નવદીક્ષિત મહાનુભાવ પોતાના મનમાં શુભભાવ ભાવતા વિચારવા લાગ્યા કે, 'મેં ક્યાં આવા સંકટમાં નાખ્યા ? સુંદર સ્વાધ્યાય-ધ્યાનયુક્ત ચિત્તવાળા આ મહાત્માને દુઃખ ઉપજાવ્યું. અરેરે ! મેં પાપનું કાર્ય કર્યું. પોતાના સમગ્ર સાધુના આચારો પાલન કરવામાં એક ચિત્તવાળા આમને મેં દુઃખ ઉત્પન્ન કરી ખરેખર મેં પાપ વર્તન કર્યું.

બહુ લાંબા વખતનું વૃદ્ધપણાથી જર્જરિત અને અશક્ત બનેલા ગાત્રોવાળા ભુવનના એક મહાન આત્માને અસુખ ઉપજાવ્યું, તે મેં પાપનું કાર્ય કર્યું છે. આવા પ્રકારના સુંદર પરિણામ વૃદ્ધિ પામવાના યોગે વિશુદ્ધ શુક્લધ્યાન પામેલા તે નવીન મુનિવરને નિર્મલ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ત્યારપછી તે તેવી રીતે તેને લઇ જાય છે કે, જેથી લગાર પણ સ્ખલના થતી નથી. ત્યારે આચાર્યે કહ્યું કે, 'હે ભદ્ર ! હવે તું કેમ બરાબર સ્ખલના વગર મને ઉંચકી લઈ જાય છે ?' 'હે સ્વામી ! અતિશય ભાવ પામેલો હોવાથી હવે મને બરાબર દેખાય છે.' ત્યારે સૂરિએ પૂછ્યું કે, 'પ્રતિપાતી કે અપ્રતિપાતી ?' ત્યારે નવશિષ્યે કહ્યું કે, 'અપ્રતિપાતી અર્થાત્ મેળવેલું કેવળજ્ઞાન પાછું ન ચાલ્યું જાય તેવા ક્ષાયિક ભાવથી.' ત્યારે ગુરુ મહારાજ પણ તેને સારી રીતે 'મિથ્યા દુષ્કૃત' કહે છે. જ્યારે સૂર્યોદય થયો, તે સમયે ચંડ રુદ્રાચાર્ય પોતાના શિષ્યને સખત દંડ મારવાથી મસ્તકમાંથી નીકળતી લોહીની ધારાથી ખરડાએલ શિષ્યને જાતે દેખ્યો. ત્યારપછી ઉત્પન્ન થએલા વૈરાગ્યવાળા આચાર્ય ચિંતવવા-લાગ્યા કે, 'અરેરે ! કોપાધીન બની મેં આ મહાપાપ કર્યું છે. મેં આટલું પણ ન વિચાર્યું કે - 'કોપ કરવાથી સંતાપનો વધારો થાય છે, વિનય ભેદાય છે. હૃદયમાં સુંદર ભાવોનો ઉચ્છેદ થાય છે, પાપવચનો પેદા થાય છે, કજિયા-કંકાસ કરવા પડે છે, કીર્તિ નાશ પામે

છે, કુબુદ્ધિ પ્રાપ્ત થાય છે, પુણ્યોદયનો નાશ થાય છે, સત્પુરુષોને પણ રોષ દુર્ગતિ આપે છે, માટે સજ્જન પુરુષોએ દોષવાળો આ રોષ દૂરથી જ ત્યાગ કરવા લાયક છે."

બીજું આજે જ દીક્ષિત થએલા જ્ઞાન વગરના બાળકને, હજુ જિનમતને પણ જેણે જાણેલ નથી, છતાં પણ દેખો કે તેની ક્ષમા કેવી અપૂર્વ છે ? હું લાંબા સમયનો દીક્ષિત હોવા છતાં, સિદ્ધાંત-સમુદ્રના તીરને પામેલો, તીર્થની પ્રભાવના કરનાર છતાં મારામાં આટલી હદનો ક્રોધ છે. આ બાળક હોવા છતાં પણ આવા પ્રકારની ક્ષમાથી રંગાએલો છે - તે ઉત્તમ છે. પાકી વયવાળો થયો છતાં હું કોપમાં અંધ થયો છું. તો અત્યારે મેં તેને કંઈ પણ મનદુઃખ કર્યું હોય, તો હું વિધિથી શુદ્ધભાવ પૂર્વક 'મિચ્છા મિ દુક્કડં' કરું છું. તે મારાં પાપો નિષ્ફળ થાઓ. તે આચાર્યના હૃદયમાં પણ શુદ્ધભાવથી ઉત્તમ ભાવો સ્ફુરાયમાન થયા. તેમને પણ લોકાલોક પ્રત્યક્ષ દેખાય તેવું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. કેવલીપર્યાય પાલન કરી ભવ્યજીવોને પ્રતિબોધ પમાડી તે બંને સર્વ કર્મો ખમાવીને શાશ્વતસ્થાન પામી ગયા. (૩૮) વળી કોઈ પણ અતિધર્મનો અર્થી એવો શિષ્ય ચંડરુદ્રાચાર્યની જેમ અભવ્ય આચાર્ય વિષે પણ સેવા કરવાની ઇચ્છા પ્રવર્તાવે, તો તેના ત્યાગનો ઉપદેશ કર્તા કહે છે -

**अंगारजीव-वहगो, कोई कुगुरू सुसीम-परिवारो ।**
**सुमिणे जईहि दिट्ठो, कोलो गयकलह-परिकिण्णो ।।१६८।।**

**सो उग्गभवसमुद्दे, सयंवरमुवागएहिं राएहिं ।**
**करहोवक्खर-भरिओ, दिट्ठो पोराण-सीसेहिं ।।१६९।।**

ઉત્તમ શિષ્યોથી પરિવરેલ કોલસી રૂપ જીવના અવાજ અને તેમાં જીવવધ કરનાર કોઇ (અજીવમાં જીવસંજ્ઞા સ્થાપનાર) સંસાર-સુખ મેળવવાની કુવાસના પામેલ કોઈ કુગુરુ સારા શિષ્યોથી પરિવરેલ હતો. તેને કોઈ મુનિઓએ સ્વપ્નમાં હાથીઓના બચ્ચાંઓથી પરિવરેલ ભુંડરૂપે દેખ્યો. તેને ઉગ્ર ભવ-સમુદ્રમાં આથડતા પૂર્વભવના શિષ્યો અને અત્યારે સ્વયંવરમાં આવેલા રાજપુત્રોએ ઘણા ભારથી લદાએલા એવા ઉંટપણે જોયો અને ત્યારપછી તેને ભારથી મુક્ત કરાવ્યો. (૧૬૮-૧૬૯) તેની વિશેષ હકીકત આ કથાથી જાણવી -

## ૧૦૮. અભવ્ય અંગારમર્દકાચાર્યની કથા -

ગર્જનક નામના નગરમાં ઘણા ઉત્તમ સાધુઓના ગણથી પરિવરેલો વિજયસેન નામના આચાર્ય સુંદર ધર્મ કરવામાં તત્પર તેઓ ત્યાં માસકલ્પ કરીને રહેલા હતા. તે આચાર્યના શિષ્યોને પાછલી રાત્રિના સમયે એવું સ્વપ્ન જોવામાં આવ્યું કે, 'પાંચસો નાના

હાથીના ટોળાંથી પરિવરેલો એક ભુંડ વસતિમાં પ્રવેશ કરતો હતો.

વિસ્મય પામેલા તેઓએ આ સ્વપ્નનો ફલાદેશ પૂછ્યો. એટલે ગુરુએ તેમને કહ્યું કે, 'ગુરુ કોલ (ભુંડ) સરખા અને સાધુઓ હાથી સરખા એવા અહિં આવશે.

કલ્પવૃક્ષના વનથી શોભાયમાન એરંડાના વૃક્ષ સરખા પાંચસો ઉત્તમ મુનિવરોથી પરિવરેલ એવા અંગારમર્દક આચાર્ય આવ્યા. સાધુઓએ તેમની ઉચિત પરોણાગત કરી. હવે અહિંના સ્થાનિક મુનિઓએ કોલની (ભુંડ જેવાની) પરીક્ષા માટે ગુરુના વચનથી માત્રું પરઠવવાની ભૂમિમાં ગુપ્તપણે કોલસી નંખાવી. સાધુઓ તેમને દેખવા માટે કોઇક પ્રદેશમાં સંતાઇ રહેલા છે, ત્યારે પરોણા તરીકે આવેલા સાધુઓ જ્યારે કાયિકીભૂમિમાં ચાલતા હતા, ત્યારે કોલસી ઉપર પગના ચાલવાથી ઉત્પન્ન થતા ક્રશ ક્રશ શબ્દના શ્રવણથી તેઓ 'આ શું, આ શું' એમ બોલતા 'મિચ્છામિ દુક્કડં' આપતા હતા. અંગારાના ક્રશ ક્રશ શબ્દોના સ્થાનમાં જલ્દી નિશાની કરતા હતા કે, સવારે તપાસીશું કે આ શું હશે ? આમ બુદ્ધિ કરીને જલ્દી પાછા ફરી જાય છે. તે સમયે તેમના ગુરુ તો આ શબ્દોથી તુષ્ટ થયા કે, 'અહો ! જિનેશ્વરોએ આવાઓને પણ જીવ તરીકે ગણાવ્યા છે !' એમ બોલતા હતા. પોતે અંગારાઓને ખરેખર પગથી ચાંપતા ચાંપતા કાયિકભૂમિએ ગયા. આ હકીકત તે સાધુઓએ પોતાના આચાર્યને જણાવી. તેણે પણ પેલા સાધુઓને કહ્યું કે, 'હે તપસ્વી મુનિવરો ! આ તમારો ગુરુ ભુંડ છે. અને આ એના ઉત્તમ શિષ્યો હાથીના બચ્ચા સરખા મુનિવરો છે. ત્યારપછી યોગ્ય સમયે પરોણા સાધુઓને વિજયસેન આચાર્યે યથાયોગ્ય દૃષ્ટાન્ત હેતુ, યુક્તિથી સમજાવીને કહ્યું કે, 'હે મહાનુભાવો ! આ તમારો ગુરુ નક્કી અભવ્ય છે. જો તમોને મોક્ષની અભિલાષા હોય, તો જલ્દી તેનો ત્યાગ કરો. કારણકે, જો ગુરુ પણ મૂઢ ચિત્તવાળા થયા હોય અને ઉન્માર્ગે લાગેલા હોય, તો વિધિથી તેનો ત્યાગ કરવો યોગ્ય છે. નહિંતર દોષ-પ્રસંગ ઉત્પન્ન થાય છે.

આ પ્રમાણે તેઓએ શ્રવણ કરીને તેનો જલ્દી ત્યાગ કર્યો. ઉગ્રતપ વિશેષ કરીને તેઓએ દેવ-સંપત્તિઓ મેળવી. પરંતુ અંગારમર્દક તો સમ્યગ્જ્ઞાનથી વિવર્જિત હોવાથી લાંબા કાળ સુધી કષ્ટાનુષ્ઠાન કરતો હોવા છતાં ભવોમાં દુઃખને ભોગવનારો થયો. પેલા પાંચસો શિષ્યો દેવલોકમાંથી ચ્યવી ભરતક્ષેત્રમાં વસંતપુર નામના ઉત્તમ નગરમાં જિતશત્રુ રાજાના પુત્રપણે થયા. રૂપ-ગુણથી શોભાયમાન સમગ્ર કળા-સમૂહના જાણકાર તેઓ મનોહર તરુણપણું પામ્યા. દેવકુમારની આકૃતિ સરખા, અસાધારણ પરાક્રમ અને પ્રતાપના વિસ્તારવાળા એવા તેઓ પૃથ્વીના રાજાઓની પર્ષદામાં પ્રસિદ્ધિ પામ્યા. હવે હસ્તિનાપુરના કનકધ્વજ રાજાએ પોતાની અદ્ભુત રૂપવાળી પુત્રીના સ્વયંવરમાં આમંત્રણ આપ્યું. ત્યાં

આવી પહોંચ્યા. એટલે તેઓએ આખા શરીરે પ્રચંડ ખરજવું (ખસ) વૃદ્ધિ પામેલ, પુષ્કળ ભાર લાદેલો, મહારોગવાળો એક ઊંટ જોયો. વળી પીઠ ઉપર ન સમાવાથી ગળે ભાર લટકાવ્યો હતો. બીજો પણ ઘણો સામાન લાદેલો હતો, પીડાથી અતિવિરસ શબ્દ કરતો લગીર પણ ચાલવાને અસમર્થ હતો. યમદૂત સરખા ક્રૂર પામર લોકોથી વારંવાર આગળ-પાછળથી ચાબુકના ફટકાથી મરાતો હતો. અતિશય કરુણાથી ફરી ફરી તેને જોતાં જોતાં તે રાજકુમારોને જાતિસ્મરણ થયું.

સર્વેને આગળનો સાધુભવ યાદ આવ્યો. આ તે જ કે આપણા ગુરુ સૂરિ હતા, તે અત્યારે ઉંટ થયા છે. દેવભવમાં સર્વેએ આ નક્કી જાણેલું હતું કે, તેવા પ્રકારનો જ્ઞાનનો ભંડાર હતા, તેવા પ્રકારની તરવારની તીક્ષ્ણ ધાર સરખી ક્રિયા કરતા હતા, તેવા પ્રકારનું આચાર્યપદ વિશેષ પામેલા હતા, આવા આ ગુણીજન હતા. તો પણ સમ્યક્ત્વ કે તત્વનો લેશ ન પામેલા હોવાથી ક્લેશ ઉપાર્જન કરીને ભવાટવીમાં અથડાતા એવા તે આવી દુઃખી અવસ્થા પામેલા છે, અરેરે ! જિનેશ્વર ભગવંતનાં વચનની શ્રદ્ધા ન કરનાર એવા દ્રોહનો કેવો પ્રભાવ છે કે, જે આચાર્ય પદવીને પામેલા છતાં આવી અવસ્થા પામ્યા. વળી 'શરીર તદ્દન સુકાઇને કૃશ બની જાય, તેવી સુંદર તપસ્યા ધારણ કરો, સાચી મતિ વહન કરો, બ્રહ્મચર્ય સુંદર પાલન કરી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરો. વ્યાખ્યાન સાંભળીને લોકોના ઉપર ઉપકાર કરો, જીવોને અભયદાન આપો. આ સર્વ ક્રિયઓ તો જ સફળ થાય, જો હૃદયમાં શુદ્ધ શ્રદ્ધા હોય. નહિંતર આ સર્વ અનુષ્ઠાનો નિષ્ફળ થાય છે.' અહિં કરુણાથી તેના માલિક પામર લોકોને તેમની ઇચ્છા પ્રમાણે ધન આપીને તરત તે બિચારા ઉંટને છોડાવ્યો. આ જોવાથી જેમને તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થએલો છે, એવા સંવેગના આવેગથી મોટા વિવેકના પ્રસંગથી કામ-ભોગોનો ત્યાગ કરી સ્વયંવર-મંડપને છોડીને શ્રીઆર્યસમુદ્ર નામના આચાર્ય પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરીને ઉજ્જ્વલ કલ્યાણકારી મહા આત્મવિભૂતિ ઉપાર્જન કરીને જલ્દી તેઓ સંસારસમુદ્ર તરી જશે. (૩૪) અંગારમર્દકાચાર્યની કથા પૂર્ણ. ગાથા અક્ષરાર્થ-અંગારારૂપ જીવોનો વધ કરનાર, પગ ચાંપવાથી ઉત્પન્ન થતા શબ્દથી આનંદ પામતા અને બળાત્કાર-જોરથી અંગારા ઉપર ચાલવાથી જીવોના વધ કરનાર થયો. આચાર્યપદ પ્રાપ્ત થવા છતાં પણ આવા ક્લિષ્ટ પરિણામ કેમ થયા ? તો કે ભવના સુખોમાં આનંદ માનતો હોવાથી, માટે જ કહે છે કે -

**संसार-वंचणा नवि, गणंति संसार सूअराजीवा ।**
**सुमिणगएणऽवि केई, बुज्झंति पुप्फचूला वा ।।१७०।।**

અલ્પવિષય સુખમાં આસક્ત થએલા એવા સંસારનાં ભુંડ સરખા જીવોને નારકાદિક

દુઃખસ્થાનની પ્રાપ્તિથી ઠગાએલા, બરફી ખાતર બાળક કડલી આપી દે તો ઠગાય છે, તે બાળકને ખ્યાલ હોતો નથી. એવા અજ્ઞાની બાળક સરખા આત્માઓ અલ્પવિષય સુખાધીન બની દુર્ગતિનાં મહાદુઃખો ઉપાર્જન કરી ઠગાય છે, તેઓ ભારેકર્મી ભવરૂપી કિચ્ચડમાં કોલ-(ભુંડ) સરખા સમજવા. શું સર્વે જીવો તેવા હોય છે ? તો કે નહિં. કેટલાકને સ્વપ્ન માત્રથી પ્રતિબોધ થાય છે. જેમ કે પુષ્પચૂલા (૧૭૦), તેનું ઉદાહરણ કહે છે -

## ૧૦૯. પુષ્પચૂલા સાધ્વીજીની કથા -

શ્રી પુષ્પદંત નામના નગરમાં પ્રચંડ શત્રુપક્ષને પરાજિત કરવામાં સમર્થ એવો પુષ્પકેતુ નામનો મોટો રાજા હતો. તેને પુષ્પવતી નામની રાણી તથા યુગલપણે જન્મેલા પુષ્પચૂલ અને પુષ્પચૂલા નામના પુત્ર-પુત્રી હતાં. તે બંને ભાઈ-બહેનનો અતિગાઢ પરસ્પરનો સ્નેહ દેખી મોહથી આ બંનેનો વિયોગ કેમ કરાવવો એમ ધારી તેમને પરણાવ્યા. ભાઈ-બહેનનાં લગ્ન કરવાં-તે યુક્તિથી પણ ઘટતું નથી, તેવો સંભવ પણ હોઇ શકતો નથી, પરંતુ પ્રભુત્વના અભિમાનયુક્ત ચિત્તવાળા તે પણ કરે છે અનેદૈવ પણ તે પ્રમાણે કરે છે. આ બનાવથી પુષ્પવતીને આઘાત લાગ્યો અને નિર્વેદથી દીક્ષા લીધી, દેવપણું પામી એટલે પોતાના પુત્ર-પુત્રીના કુચરિત્રનો વિચાર કરે છે. હે નિષ્ઠુર દેવ ! આ તેં મારા ઉત્તમકુળમાં જન્મેલા બાળકોનો આ લોક અને પરલોક-વિરુદ્ધ આ સંબંધ કેમ કર્યો ? આ લોકમાં અપયશનો ડિંડિમ વગડાવ્યો અને પરલોકમાં અતિતીક્ષ્ણ દુઃખ-સમૂહ ભોગવવા પડશે. એમ છતાં પણ આ પાપથી તેમને મારી બુદ્ધિથી છોડાવું. એમ વિચારી પુષ્પચૂલા પુત્રીને પ્રતિબોધ કરવા માટે સ્વપ્નમાં અતિતીવ્ર દુઃખથી ભરપૂર નારકીઓ ક્ષણવારમાં બતાવી. અતિશય ભયંકર નારકી દેખી તે જલ્દી પ્રતિબોધ પામી. આ સર્વ દેખેલો વૃત્તાન્ત રાજાને જણાવ્યો.

રાજાએ પણ અનેક પાખંડીઓને બોલાવી દેવીના વિશ્વાસ માટે પૂછ્યું કે, 'અરે ! નરકો કેવી હોય અને ત્યાં દુઃખો કેવાં હોય ? તે કહો. પોતપોતાના મતાનુસાર દરેક પાખંડીઓએ નરકનો વૃત્તાન્ત જણાવ્યો, પણ દેવીએ તે ન માન્યો. એટલે રાજએ બહુશ્રુત પ્રસિદ્ધ વૃદ્ધ એવા અગ્નિ(ર્ણિ)કાપુત્ર આચાર્યને બોલાવી પૂછ્યું, તેમણે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે યથાર્થ વૃત્તાન્ત જણાવ્યો. એટલે પુષ્પચૂલા દેવીએ ભક્તિપૂર્ણ માનસથી કહ્યું કે, 'શું તમે પણ આ સ્વપ્ન આવેલું હતું ?' ત્યારે ગુરુએ કહ્યું કે, 'હે ભદ્રે ! જિનમતરૂપી મણિ-દીપકના પ્રભાવથી તેવી કોઇ વસ્તુ નથી કે, જે ન જાણી શકાય, નરકનો વૃત્તાન્ત તો કેટલો માત્ર છે ?' વળી બીજા કોઇ સમયે તેની માતાએ સ્વપ્નમાં સ્વર્ગ બતાવ્યો જેમાં આશ્ચર્ય ઉત્પન્ન કરનારી ઘણી વિભૂતિથી શોભાયમાન દેવ-સમૂહ હતો. પ્રથમ પૂછ્યું હતું, તે પ્રમાણે ફરી

પણ રાજાએ દેવલોકનું સ્વરૂપ પૂછ્યું. એટલે આચાર્યે યથાર્થ સ્વરૂપ જણાવ્યું. આ સાંભળી પુષ્પચૂલા હર્ષ પામી. ભક્તિથી તેમના ચરણમાં નમસ્કાર કરી પૂછવા લાગી કે, 'દુર્ગતિનું દુઃખ કેવી રીતે થાય અને સ્વર્ગનું સુખ કેવી રીતે થાય ?' ત્યારે ગુરુએ કહ્યું કે, 'હે ભદ્રે ! વિષ્રય સુખની આસક્તિ વગેરે પાપો સેવન કરવાથી નરકનાં દુઃખો થાય છે અને તેના ત્યાગથી સ્વર્ગનાં સુખો મળે છે. ત્યારે તે પ્રતિબોધ પામી અને ઝેરનીજેમ વિષય-સંગનો ત્યાગ કરીને પ્રવ્રજ્યા અંગીકાર કરવા માટે રાજાને પૂછ્યું. બીજા કોઇ સ્થાનમાં વિહાર ન કરવાની શરતે મહામુશીબતે ન્યાયનીતિ સમજનાર રાજાએ રજા આપી.

દીક્ષા અંગીકાર કરીને ચારિત્રનો એવો ઉદ્યમ કરવા લાગી કે, જેથી કર્મમલની નિર્જરા થવા લાગી. હવે દુષ્કાળ સમય હોવાથી અન્નિ(ર્ણિ)કા પુત્ર આચાર્યે પોતાના સર્વ શિષ્યોને દૂર દેશોમાં મોકલી આપ્યા, પોતાનું જંઘાબલ ક્ષીણ થએલું હોવાથી વિહાર કરવાની શક્તિ ન હોવાથી આચાર્ય એકલા અહિં રોકાયા હતા. આ સાધ્વી રાજાના ભવનમાંથી આચાર્ય માટે આહાર-પાણી લાવી આપતી હતી. આ પ્રમાણે કાળ વહી રહેલો હતો, અત્યંત શુદ્ધ પરિણામવાળી પુષ્પચૂલા સાધ્વીએ ઘાતીકર્મનો નાશ કરી કેવલજ્ઞાન મેળવ્યું. આગળ જે વિનય કરતા હોય, તે કેવલી થવા છતાં પણ જ્યાં સુધી સામા ન જાણે, ત્યાં સુધી ઉલ્લંઘન ન કરે. એ પ્રમાણે સાધ્વીને કેવળજ્ઞાન થયું છે, તે આચાર્યને હજુ ખબર નથી, જેથી પહેલાના ક્રમથી અશન-પાન લાવી આપે છે. એક સમયે સળેખમ શરદીથી પીડા પામેલા આચાર્યને ગરમ ભોજનની વાંછા થઈ. (૨૫) જ્યારે યોગ્ય સમય થયો, ત્યારે ઇચ્છાનુસાર ભોજન પ્રાપ્ત થવાથી વિસ્મય પામેલા સૂરિ સાધ્વીને પૂછે છે કે, આજે મારા મનનો અભિપ્રાય તેં કેવી રીતે જાણ્યો ? વળી અતિદુર્લભ ભોજન અકાલરહિત તરત કેવી રીતે હાજર કર્યું ? સાધ્વીએ કહ્યું કે, 'જ્ઞાનથી' 'કયા જ્ઞાનથી ? પ્રતિપાતી કે અપ્રતિપાતી જ્ઞાનથી જાણ્યું ?' ત્યારે 'પ્રતિપાતથી રહિત એવા કેવલજ્ઞાનથી.' એટલે પોતે પોતાને ઠપકો આપતા કહેવા લાગ્યા કે, અનાર્ય એવા મને ધિક્કાર થાઓ કે, મહાસત્ત્વવાળા કેવલીની મેં આશાતના કરી.

આમ આચાર્ય શોક કરવા લાગ્યા. 'હે મહામુનિ ! તમે શોક ન કરો, નહિં ઓળખાએલા કેવલી પણ આગળની સ્થિતિનું ઉલ્લંઘન કરતા નથી, આ પ્રમાણે શોક કરવાનો નિષેધ કર્યો. 'હું ઘણા લાંબા સમયથી શ્રમણપણું પાળું છું, છતાં પણ મને નિર્વૃત્તિ કેમ પ્રાપ્ત થતી નથી ? આ પ્રમાણે સંશય કરતા આચાર્યને તેણે ફરી કહ્યું કે, 'હે મહામુનિ ! તમને શંકા કેમ થાય છે ? કારણ કે, ગંગાનદી પાર ઉતરતાં તમે પણ જલ્દી તે કર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન અને મુક્તિ સાથે મેળવશો. એમ સાંભળીને આચાર્ય નાવડીમાં બેસીને ગંગા

ઉતરવા અને સામે પાર જવાની અભિલાષાવાળા પ્રવર્તતા હતા, તેમ તેમ કર્મના દોષથી નાવડીનો ભાગ ગંગાનદીના ઉંડા જળમાં ડૂબવા લાગ્યો. સર્વથા વિનાશની શંકાથી નાવિકોએ અગ્નિકાપુત્ર આચાર્યને નાવડીમાંથી જલ મધ્યમાં ફેંકી દીધા. એટલે અતિશ્રેષ્ઠ પ્રશમરસની પરિણતિવાળા અતિપ્રસન્ન ચિત્તવાળા પોતે સર્વ પ્રકારે સમગ્ર આસ્રવદ્વાર બંધ કરીને દ્રવ્ય અને ભાવથી ઉત્તમ નિઃસંગતા પામેલા અતિવિશુદ્ધમાન દૃઢ ધ્યાનનું ધ્યાન કરતા સર્વ કર્મનું નિર્મથન કરી પાણી એ જ સંથારો પામેલા છતાં અત્યંત અદ્ભુત નિરવદ્ય યોગવાળા તેમને મનોવાંછિત એવી સિદ્ધિ નિર્વાણ-લાભથી પ્રાપ્ત થયા. પુષ્પચૂલા કથા પ્રસંગે આવેલ અગ્નિકાચાર્ય દૃષ્ટાંતથી બીજો ઉપદેશ આપતાં જણાવે છે કે -

**जो अविकलं तवं संजमं च साहू करिज्ज पच्छाऽवि ।**
**अन्नियसुय व्व सो नियगमट्ठमचिरेण साहेइ ।।१७१।।**

જે મુનિઓ બાર પ્રકારનો સંપૂર્ણ તપ તેમજ પૃથ્વીકાય આદિ છ કાય જીવોના રક્ષણ સ્વરૂપ સંપૂર્ણ સંયમ કરે છે, પર્યન્તકાળમાં પણ જેઓ આવા તપ-સંયમનાં અનુષ્ઠાનો કરે છે; તેઓ અગ્નિકાપુત્ર આચાર્યની જેમ જલ્દી પોતાના ઇચ્છિત કાર્યની સિદ્ધિ કરે છે. (૧૭૧)

## ૧૧૦. અગ્નિકાપુત્રાચાર્યની કથા -

ઉત્તર મથુરામાંથી એક વેપારી દક્ષિણ મથુરામાં વેપાર માટે ગયો હતો, ત્યાં કોઇક વેપારી સાથે મૈત્રી કરી તેણે પોતાને ત્યાં ભોજન માટે નિમંત્રણ આપ્યું. ભોજનસમયે તેની બહેન વીંજણો નાખતી હતી. એવી અગ્નિકાકન્યાને દેખી. તેમાં અતિશય અનુરાગ અને મત્ત ચિત્તવાળાએ અનેક પ્રકારે માગણી કરી, તેની સાથે લગ્ન કર્યા, ત્યારે સ્નેહી ભાઇએ એમ કહ્યું કે, 'બહેનને મોકલીશ, પરંતુ ભાણિયાનું મુખ દેખ્યા પછી મોકલીશ.' કોઇક સમયે લાંબા કાળે પિતાની માંદગીનો પત્ર આવ્યો કે, હે પુત્ર ! જો તું કૃતજ્ઞ હોય, તો અમારા જીવતાં અમને મળવા આવ.' સમયને ઓળખનારી અગ્નિકાએ પોતાના બંધુને સમજાવ્યો કે, 'આવા સમયે જવાની રજા આપ. પ્રસૂતિ સમય નજીક હોવા છતાં પોતાના ભર્તારની સાથે બહેનને મોકલી. માર્ગ વચ્ચે જ પુત્ર જન્મ્યો, તેનું નામ ન પાડ્યું. 'આપણે સ્થાને સ્થિર થઈશું, એટલે ઉત્સવપૂર્વક નામ સ્થાપન કરીશું.' સમગ્ર લોકો તેને રમાડતા હતા, ત્યારે અગ્નિકાપુત્ર કહીને હુલામણા નામથી બોલાવતા હતા. ત્યારપછી તેનું તે જ નામ પ્રસિદ્ધિ પામ્યું. કદાચ આપણે હમણાં બીજું નામ આપીશું, તોપણ તે નવું નામ રહેશે નહિ. તેથી ગામમાં આવ્યા પછી તેઓએ તે અગ્નિકાપુત્ર જ નામ કાયમ રાખ્યું. મોટો થયો,

પ્રવ્રજ્યા અંગીકાર કરી. આગમનાં રહસ્યો ભણ્યો, આચાર્યપદ પ્રાપ્ત કર્યું. નવકલ્પી નિરંતર વિહાર કરતા કરતા પોતાના સમગ્ર પરિવાર સહિત કોઈ વખત પુષ્પદંત નગરમાં આવ્યા. બાકીનું સર્વ પહેલી કથામાં કહેવાયું છે. (૧૭૧) 'માણસો પીડાવાળા થાય, ત્યારે ધર્મ-તત્પર થાય છે' - એમ જેઓ માને છે, તેને આશ્રીને કહે છે -

**सुहिओ न चयइ भोए, चयइ जहा दुक्खिओ त्ति अलियमिणं ।**
**चिक्कणकम्मो लित्तो न इमो न इमो परिच्चयई ।।१७२।।**

**जह चयइ चक्कवट्टी, पवित्थरं तत्तियं मुहुत्तेणं ।**
**न चयइ तहा अहन्नो, दुब्बुद्धी खप्परं दमओ ।।१७३।।**

**देहो पिवीलियाहिं, चिलाउपुत्तस्स चालणी व्व कओ ।**
**तणुओवि मण-पसोओ, न चालिओ तेण ताणुवरिं ।।१७४।।**

**पाणच्चएऽविं पावं, पिवीलियाएऽवि जे न इच्छंति ।**
**ते कह जई अपावा, पावाइँ करंति अन्नस्स ? ।।१७५।।**

**जिणपहअ-पंडियाणं, पाणहराणंऽपि पहरमाणाणं ।**
**न करंति य पावाइं, पावस्स फलं वियाणंता ।।१७६।।**

જે પ્રમાણે દુઃખથી દાઝેલો જીવ ભોગોનો ત્યાગ કરે છે, તેમ વિષય-સુખમાં ડૂબેલા ભોગોનો ત્યાગ કરતા નથી. આ વાત બરાબર નથી, પરંતુ જે જ્ઞાનાવરણીય વગેરે ચીકણાં કર્મથી લેપાએલો હોય, તે સુખી હોય કે દુઃખી હોય, પણ તેવા જીવો ભોગોનો ત્યાગ કરતા નથી. માટે આ વિષયમાં જે હલુકર્મી થાય, તે જ ભોગોનો ત્યાગ કરી શકે છે, પરંતુ સુખી-દુઃખીપણું કારણ નથી. (૧૭૨) જેમ ચક્રવર્તી ભરત વગેરેએ છ ખંડ-પ્રમાણ મહારાજ્યરૂપ પરિગ્રહનો ક્ષણવારમાં ત્યાગ કર્યો, તેમ નિર્ભાગી દુર્બુદ્ધિવાળો દ્રમક ઠીબડાનો પણ ત્યાગ કરી શકતો નથી. (૧૭૩)

જેઓને કર્મે વિવર આપેલું છે, અથવા હલુકર્મી થયા છે, તેઓ દેહનો પણ ત્યાગ કરે છે. જેમકે, આગળ જેની કથા કહેલી છે, એવા ચિલાતીપુત્રના શરીરને ધીમેલ-કીડી વગેરેએ ફોલી-ફોલીને ચાલણી જેવું શરીર કરી નાખ્યુ હતું તો પણ તે કીડી વગેરે ઉપસર્ગ કરનાર ઉપર મનથી પણ દ્વેષ કર્યો ન હતો, તેમ તેમને શરીર-પીડા પણ કરી ન હતી. (૧૭૪) પ્રાણનો નાશ થાયતો પણ કીડી વગેરે ઉપર દ્રોહ-દુઃખ કરવાની ઇચ્છા કરી નથી,

તો પછી મનુષ્યને પીડા-દ્રોહ કરવાની વાત જ ક્યાં રહી ? તે પ્રમાણે સાધુઓ પાપ રહિત હોય છે, તેઓ બીજા તરફ પાપ કરવાની વાત જ અસંભવિત છે. (૧૭૫) નિરપરાધી ઉપર ભલે અપકાર ન કરે, પણ અપરાધી ઉપર કોઇ ક્ષમા રાખતા નથી-એમ જે માનતા હોય તેને આશ્રીને કહે છે -

પ્રભુના માર્ગને ન જાણનાર એવા મિથ્યાદૃષ્ટિ પુરુષાધમો પ્રાણ નાશ કરવા માટે પ્રહાર કરતા હોય, તેવા ઉપર સાધુઓ પ્રતિપ્રહાર કરવા રૂપ પાપ કરતા નથી. च શબ્દથી ઉલટા તેવાઓ ઉપર ભાવકરુણા કરે છે. જેમ કે - 'કોઇક પુરુષ કઠોર વચનોથી મારું અપમાન કરે, તો મારે ક્ષમા આભરણ જ ધારણ કરી હર્ષ પામવો. શોક એટલા માટે કરવો કે, 'આ બિચારો મારા નિમિત્તે ચારિત્રથી સ્ખલના પામ્યો. નિરંતર જેમાં દીનતા સુલભ છે - એવા સુખ વગરના જીવ લોકમાં જો મારી વિરુદ્ધ મારા અવગુણો બોલીને કોઇ આનંદ પામતું હોય, તો સુખેથી મારી સમક્ષ કે પરોક્ષ ભલે ખુશીથી બોલો. બહુદુઃખવાળા જગતમાં પ્રીતિનો યોગ મળવો દુર્લભ છે. મારી નિન્દાથી જો જગત કે લોકો સંતોષ પામતા હોય તો તેવો પ્રયાસ કરનારે મારા ઉપર ઉપકાર કર્યો છે. કલ્યાણાર્થી પુરુષો બીજાના સંતોષ માટે દુઃખથી ઉપાર્જન કરેલ એવા ધનનો પણ ત્યાગ કરે છે. ઘૂમરી અને અંધકારથી પરવશ થએલા અજ્ઞાની વિપરીત ચેષ્ટા કરનારા એવા તપસ્વીને જો હું કષ્ટ કરનાર થાઉં, તો હિતકારી દ્વેષ કરનારા વિષે જો મને કૃપા ન થાય તો યથાર્થ ન સમજનારા મને ધિક્કાર થાઓ. (૧૭૬)

હવે વ્યવહારથી પાપનું ફળ કહેવાની અભિલાષાવાળા કહે છે -

**वह-मारण-अब्भक्खाण-दाण-परघण-विलोवणाईणं ।**
**सव्व-जहन्नो उदओ, दस-गुणिओ इक्कसि कयाणं ।।१७७।।**

**तिव्वयरे उपओसे, सय-गुणिओ सयसहस्स-कोडि-गुणो ।**
**कोडाकोडिगुणो वा, हुज्ज विवागो बहुतरो वा ।।१७८।।**

**के इत्थ करंतालंबणं इमं तिहुयणस्स अच्छेरं ।**
**जह नियमा खवियंगी, मरुदेवी भगवई सिद्धा ।।१७९।।**

**किं पि कहिं पि कयाई, एगे लद्धीहिं केहिऽवि निभेहिं ।**
**पत्तेअबुद्ध-लाभा; हवंति अचेछेरयब्भूया ।।१८०।।**

निहिसंपत्तमहन्नो, पत्थिंतो जह जणो निरुत्तप्पो ।
इह नासइ तह पत्तेअबुद्ध-लद्धिं(च्छिं) पडिच्छंतो ।।१८१।।

## ૧૧૧. કરેલા પાપો કેટલાં ગુણા ફળો આપે તેનું સ્વરૂપ-

કોઈ બીજાને તાડન કરવું, તેના પ્રાણોનો નાશ કરવો, ખોટાં કલંક આપવાં, પારકુ ધન પડાવી લેવું, કોઈનાં મર્મો પ્રકાશિત કરવાં - આ વગેરે પાપો એક વખત કર્યાં હોય તો ઓછામાં ઓછું દશગણું તેનું તેવું જ ફળ આપણે ભોગવવું પડે. આકરા પરિણામથી તેવાં પાપો કર્યા હોય, તો તેનાં અનેકગુણાં ફળો જીવને ભોગવવાં પડે (૧૭૭) તે કહે છે -

અપ્રીતિ-લક્ષણ અતિપ્રમાણમાં દ્વેષ સહિત તે તાડન, વધ, કલંકદાન વગેરે પાપો કરે, તો સો ગુણુ, હજાર ગુણુ, લાખ ગુણુ, ક્રોડો ગણું તેનું ફળ મેળવે. દ્વેષ ઓછાવત્તા પ્રમાણમાં થાય, તેને અનુસારે તેનો ઉદય-વિપાક-પાપનું ફળ ભોગવવું પડે છે, (૧૭૮) આ સમજીને જેમ શરૂથી કર્મનો સંબંધ ન થાય, તેમ અપ્રમાદ કરવો. અપ્રમાદ કરવાથી શો લાભ ! તેનાથી સાધ્ય-સિદ્ધિ કે કર્મનો ક્ષય થાય તેવો એકલો નિયમ નથી. આ તો જે કાળે જે બનવાનું હોય તેમ બને છે. મરુદેવામાતા, ભરત, વલ્કલચીરી વગેરેને અણધાર્યો કર્મનો ક્ષય થયો હતો. આવા પ્રકારના તર્કો કરી ધર્મમાં ઉદ્યમ કરનારને ભોળવે, તેને હિતશિક્ષા આપતાં કહે છે -

કેટલાક યથાર્થ તત્ત્વ ન સમજનાર આ વિષયમાં ત્રણે ભુવનમાં આશ્ચર્યકારી અને કદાચિત્ બનનાર એવા ભાવરૂપ મરુદેવા માતાનો દાખલો આપી કહે છે કે, તપ-સંયમ કર્યા વગર પણ કર્મ ખપાવી સિદ્ધિ પામ્યાં, તે પ્રમાણે અમે પણ સિદ્ધિ પામીશું. અપ્રમાદ-તપ-સંયમની જરૂર નથી. હાથીની ખાંધ પર બેઠેલાં મરુદેવા માતાએ ઋષભ ભગવંતના ઉપર સમવસરણમાં ત્રણ છત્રો વગેરે અતિશયો દેખીને પોતાના આત્મામાં અત્યંત પ્રમોદાતિશય થવાથી ઉલ્લસિત થએલા જીવવીર્યથી કર્મનો ક્ષય કર્યો, કેવલજ્ઞાન થયું, તે જ સાથે આયુષ્યનો ક્ષય અને મોક્ષપ્રાપ્તિ થઈ, તેમ અમને પણ આપોઆપ તપ-સંયમ-અપ્રમાદ પ્રયત્ન કર્યા વગર આપોઆપ કેવલજ્ઞાન મળશે. અપ્રમાદ-ઉદ્યમ કરવાની શી જરૂર છે ? મરુદેવીની સિદ્ધિ થઇ એ કથા આગળ બાહુબલિની કથામાં કહેલી છે. આવું આલંબન કેટલાક અલ્પબુદ્ધિવાળા ગ્રહણ કરે છે, તે અયુક્ત છે. અનંતા કાળે કોઈક વખત ઉત્પન્ન થનાર હોવાથી આશ્ચર્યરૂપ આ બનાવ ગણેલો છે, આશ્ચર્યભૂત પદાર્થ આકસ્મિક થએલા હોય તે સર્વને લાગુ પાડી શકાય નહિં.

## અચ્છેરાનાં આલંબનો ન લેવાં -

કોઈ વખત મનુષ્ય-સ્ત્રીનૌ કાકઉદરમાં ઉત્પત્તિ થઈ હોય, તેથી સર્વત્ર તેવા વ્યવહારનો અભાવ છે. આગમમાં પણ સંભળાય છે કે, આવા પ્રકારનાં આશ્ચર્યો થયાં છે. ભગવંતને કેવલજ્ઞાન પછી ઉપસર્ગ, મહાવીર ભગવંતના ગર્ભનું અપહરણ, સ્ત્રી તીર્થંકર, ભગવંતની પ્રથમ દેશનામાં કોઇએ દીક્ષા ગ્રહણ ન કરી, કૃષ્ણ વાસુદેવનું અપરકંકામાં જવાનું થયું, સૂર્ય-ચંદ્રનું મૂળ વિમાન સાથે અહિં નીચે આવવું, હરિવંશકુલની ઉત્પત્તિ, ચમરેન્દ્રનો ઉત્પાત, મોટી કાયાવાળા ૧૦૮ ની સામટી એક સમયમાં સિદ્ધિ, અસંયતોની પૂજા, આવા બનાવો અનંતકાળ ગયા પછી બને છે. [આવાં થએલાં આશ્ચર્યોનાં આલંબન ન લેવાં. તેમ કરવાથી બોધિદુર્લભ થાય છે. 'ચરિત ભણી બહુ લોકમાં જી ભરતાદિકના જેહ, છોડે શુભ વ્યવહારને જી બોધિહણે નિજ તેહ.' ૧૨૫ ગાથાનું યશોવિ. સ્તવન] (૧૭૯) કરકંડુ વગેરે કેટલાક પ્રત્યેકબુદ્ધ પુરુષોએ કોઇક વખત કોઇક સ્થાને કર્મ આવરણના ક્ષયોપશમરૂપ લબ્ધિ વડે કોઇક વૃષભાદિક પદાર્થ દેખવાથી સમ્યક્ત્વ કે ચારિત્રનો લાભ પ્રત્યેકબુદ્ધ કરે છે, તે આશ્ચર્યભૂત દૃષ્ટાન્તો અલ્પ હોય છે અને તેનું આલંબન ગ્રહણ કરવું યોગ્ય નથી. પૂર્વભવમાં મેળવેલા જ્ઞાન અને ચારિત્રનું સ્મરણ થવાથી પોતે જાતે જ મહાવ્રતો ગ્રહણ કરીને મહાવીર ભગવંતના તીર્થનો આશ્રય કર્યા વગર જેઓ સિદ્ધિ પામ્યા, તેના દાખલા લઇને બીજાએ પણ જાતિસ્મરણ અને તેના માર્ગની રાહ જોયા કરવી ? આગલા ભવની આરાધનાવાળાને જાતિસ્મરણથી અણધાર્યો ક્ષયોપશમ થઈ જાય. તે આશ્ચર્યનાં દૃષ્ટાન્ત આગળ કરી બીજા તપ-સંયમમાં શિથિલતા કરે, તો તે માટે દૃષ્ટાન્ત આપે છે કે, એક ભાગ્યશાળીને એક ઠેસ વાગવા માત્રથી નિધાન પ્રાપ્તિ થઈ, તો બીજા નિર્ભાગીએ પોતાનો ધન મેળવવાનો ચાલુ ઉદ્યમ છોડી તેને નિધાન મળ્યું, તેમ મને મળી જશે. એમ નિરુદ્યમી થાય, તો નિધાન મળી જાય ખરું ? આ લોકનો લાભ ગૂમાવે, તેમ પ્રત્યેકબુદ્ધની લક્ષ્મીની રાહ જોનાર તપ-સંયમાદિ અનુષ્ઠાન ન કરતો મોક્ષને મેળવી શકતો નથી. અર્થાત્ મોક્ષ-લક્ષ્મીનો નાશ કરે છે. (૧૮૧) સંક્ષેપથી કરકંડુ વગેરેની કથા આ પ્રમાણે જાણવી. કલિંગ દેશમાં કરકંડુ, પંચાલ દેશમાં દુર્મુખ, વિદેહમાં નમિરાજા, ગંધારમાં નગ્ગતિ (નગ્નજિત) રાજા, અનુક્રમે વૃષભ, ઇન્દ્રધ્વજા, વલય (બલોયા), પુષ્પિત આંબા દેખીને પ્રતિબોધ પામ્યા. તેમાં કરકંડુની કથા કહે છે -

## ૧૧૨. પ્રત્યેકબુદ્ધ કરકંડુની કથા -

અંગ દેશમાં ચંપાનગરી હતી, દધિવાહન રાજાને ચેટકની પુત્રી પદ્માવતી નામની મુખ્ય પટ્ટરાણી હતી. ગર્ભના પ્રભાવથી તેને દોહલો ઉત્પન્ન થયો કે, રાજાનાં વસ્ત્રો પહેરી

હાથી ઉપર આરૂઢ થઈ ઉદ્યાન-બગીચામાં વિચરું. દોહલો પૂર્ણ ન થવાથી દુર્બલ થવા લાગી. રાજાએ આગ્રહથી પૂછ્યું ત્યારે કહ્યું, એટલે રાજાએ જયકુંજર હાથી ઉપર બેસાડીને જાતે તેના ઉપર છત્ર ધરવા લાગ્યો. ઉદ્યાનમાં ગયો, ત્યારે શરૂનો વર્ષાકાળ વર્તતો હતો. એટલે તે હાથી નવીન જળની ધારા પૃથ્વીમાં પડવાથી ફેલાતી માટીની ગંધથી પ્રેરાએલ તેને વિન્ધ્યાટવી યાદ આવી, એટલે તે તરફ ચાલવા લાગ્યો. તેની પાછળ ચાલતી સેના અને બીજાઓ આડા અવળા ભાગી ગયા. પાછા વળીને જઇ શકતા નથી. બંનેને અટવીમાં પ્રવેશ કરાવ્યો. રાજા વડવૃક્ષ દેખીને પદ્માવતીને કહ્યું કે - 'આ વૃક્ષ નીચેથી હાથી પસાર થાય, ત્યારે તું તેની ડાળી પકડી લેજે.' તહત્તિ કરી એ વાત અંગીકાર કરી. રાજા ચાલાક હોવાથી તેણે ડાળી પકડી, લીધી, રાણીએ ડાળી ન પકડી, તેથી હાથી તેને જંગલમાં લઈ ગયો. આનંદરહિત થએલો રાજા ડાળીથી ઉતરી ચંપાનગરીએ ગયો. પદ્માવતીએ પણ મનુષ્ય વગરની અટવીમાં પ્રવેશ કર્યો. હાથી તરસ્યો થયો. એક અતિવિશાળ મોટો દ્રહ દેખ્યો. તેમાં ક્રીડા કરવા હાથી ઉતર્યો. પદ્માવતી પણ ધીમે ધીમે હાથી ઉપરથી નીચે ઉતરી. દિશાઓ માર્ગ જાણતી નથી. આગારવાળું અનશન પચ્ચક્ખીને એક દિશામાં ચાલવા લાગી. જેટલામાં દૂર ગઇ, તેટલામાં એક તાપસને દેખ્યો.

મનમાં લગાર આનંદ થયો, તેની પાસે ગઇ, તે પણ તેને કુલપતિ પાસે લઇ ગયો તેણે કુલપતિને નમસ્કાર કર્યો, પૂછ્યું કે, 'હે માતાજી ! અહિં ક્યાંથી આવ્યાં ? ત્યારે પોતાની સર્વ હકીકત કહી કે, 'હું ચેટકરાજાની પુત્રી, યાવત્ હાથીથી હું અહિં સુધી લવાઇ છું. પેલો તાપસ ચેટકનો નજીકનો સંબંધી હતો. તેણે આશ્વાસન આપ્યું કે, 'અહિં તારે ભય ન રાખવો.' ત્યારપછી વનનાં ફળો ખાવા આપ્યાં. રુદન કરતી તેને કેટલાક દિવસ સુધી સાચવી રાખી. કોઇક દિવસે અટવીનું ઉલ્લંઘન કરાવી રાણીને કહ્યું કે, 'અમે અહિંથી આગળ ચાલી શકતા નથી. અહિંથી હળથી ખેડેલી પૃથ્વી છે, અમારે તે ચાંપવી કલ્પતી નથી. માટે તમારી મેળે અહિંથી આગળ જાઓ. આ દંતપુર દેશ છે અને ત્યાં દંતવક્ર નામનો રાજા છે.' એમ કહીને તાપસ પાછો વળી ગયો. રાણી પણ તે નગરમાં પહોંચીને હવે મારે માટે બીજો કોઇ રસ્તો નથી-એમ ધારી શીલવતી નામની આર્યા પાસે જઇ દીક્ષા લીધી. પોતાને અત્યારે દીક્ષાનું અર્થીપણું હોવાથી ગર્ભની વાત પ્રગટ ન કરી. પાછળથી પુષ્ટ ગર્ભવાળી થઇ. જાણ્યું, પૂછ્યું કે 'ગર્ભ કેવી રીતે થયો.' મુખ્ય સાધ્વીએ સર્વ હકીકત જાણી. પ્રસૂતિ થયા પછી બાળકને પોતાના નામવાળી મુદ્રાસહિત રત્નકંબલમાં વીંટાળીને શ્મશાનમાં બાળકનો ત્યાગ કર્યો. તેને દેખતી દૂર બેઠી હતી. જ્યારે શ્મશાન-પાલક ચંડાળે તેને ગ્રહણ કર્યો અને પોતાની પત્નીને પુત્ર અર્પણ કર્યો. તે સાધ્વી પુત્રને જન્મ આપીને પછી ઉપાશ્રયે ગઈ. સાધ્વીઓએ પૂછ્યું કે, 'ગર્ભ ક્યાં છે ?' પ્રત્યુત્તર આપ્યો કે, 'મરેલો જન્મ્યો હતો,

જેથી મેં તેનો શ્મશાનમાં જ ત્યાગ કર્યો, તે આર્યાએ પેલી ચંડાલણી સાથે મૈત્રી બાંધી.

અવાર-નવાર બાળક યોગ્ય મોદકાદિ ખાવા યોગ્ય વસ્તુઓ સ્નેહથી તેને આપે છે. બાળક પણ મોટો થવા લાગ્યો. પછી બાળકો સાથે ક્રીડા કરતા કરતા તેમને કહે છે કે, 'હું તમારો રાજા છું, તમારે મને કર આપવો પડશે. તે સુક્કી ખણના રોગથી ઘેરાયો. તમારે માટે આ કર કે, વારાફરતી એક એકે આવી મને શરીરે ખણવું, ત્યારે પેલા બાળકોએ 'કરકંડુ' એવું નામ પાડ્યું. તે બાળક પેલી સાધ્વી ઉપર અનુરાગવાળો થયો કે, જે લાડુ આપે છે. જે બાળકને માટે ભિક્ષા મળેલી હોય, મોટો થયો, એટલે શ્મશાનનું રક્ષણ કરતો હતો. ત્યાં આગળ કોઇક સમયે કારણસર બે સાધુઓ આવ્યા. એક વાંસના ઝુંડમાં દંડો દેખતા હતા. તેમાં એક સાધુ દંડનું લક્ષણ જાણતા હતા. તે પ્રમાદથી આગળ-પાછળ પડખામાં જોયા વગર બોલ્યા કે, 'જે આ દંડક ગ્રહણ કરશે, તે રાજા થશે.' પરંતુ બીજા ચાર અંગુલ વૃદ્ધિ પામે, ત્યાં સુધી રાહ જોવી પડશે. આ વાક્ય આ ચંડાળપુત્રે અને એક બ્રાહ્મણ જે ઝુંડમાં છૂપાએલો હતો, તે બંનેએ સાંભળ્યું. પેલા બ્રાહ્મણે જ્યારે કોઇ આસપાસ લોક ન હતો, ત્યારે ચાર આંગળ નીચે ખોદીને-છેદીને તે દંડક ગ્રહણ કર્યો. પેલા ચંડાળપુત્રે તેને દેખ્યો. 'આ મસાણનો દંડક છે' એમ કહીને પકડ્યો. તેને રાજા પાસે ન્યાય માટે લઇ ગયા. કહ્યું કે, 'મારો દંડ આપી દે. આ મારા મસાણનો દંડ હોવાથી જીવતાં તો તને સર્વથા લેવા દઇશ નહિ.' બ્રાહ્મણે કહ્યું કે, 'હું તે લેવાનો જ.' બ્રાહ્મણને કહ્યું કે, તું બીજો દંડક ગ્રહણ કર. પેલો બીજો ઇચ્છતો નથી. મારે તો આ દંડનું જ પ્રયોજન છે. પેલો બાળક પણ પોતાનો આગ્રહ છોડતો નથી. તેને પૂછ્યું કે, 'કેમ નથી આપતો ?' કહ્યું કે, 'આ દંડના પ્રભાવથી હું રાજા થઇશ.' ત્યારે રાજ્યાધિકારીઓ તેનું કથન સાંભળી હસતા હસતા કહેવા લાગ્યા કે, 'જ્યારે રાજા થાય, ત્યારે આ બ્રાહમણને એક ગામ આપજે.' તે વાત કબૂલ કરી. બ્રાહ્મણે બીજા બ્રાહ્મણો એકઠા કરીને નક્કી કર્યું કે, ચંડાળને મારીને દંડ હરી લાવીએ.' આ વાત તેના પિતા ચંડાળે સાંભળી, ત્યારે ત્રણે નાસીને કંચનપુર પહોંચ્યા. ત્યાં રાજા મૃત્યુ પામ્યો હતો. રાજ્યયોગ્ય બીજો કોઇ નથી. અધિવાસિત કરેલો અશ્વ ફરતો ફરતો ત્યાં આવ્યો કે, જ્યાં આ સૂતેલો હતો. તેને પ્રદક્ષિણા આપી અશ્વ નીક ઉભો રહ્યો. જ્યારે લક્ષણશાસ્ત્ર જાણનારાઓએ દેખ્યો, તો તેને રાજાના લક્ષણથી લક્ષિત અંગવાળો જોયો અને જય જયકારના શબ્દો બોલ્યા. આનંદદાયક વાજીંત્રો વગાડ્યાં. આ બગાસું ખાતાં ખાતાં જાગ્યો અને ઉભા થઇ ઘોડા પર આરૂઢ થયો. કંચનપુરમાં પ્રવેશ કરતા હતા. 'આ ચંડાળ છે' એમ કહીને બ્રાહ્મણો તેને નગરમાં પ્રવેશ કરવા દેતા નથી. ત્યારે દંડરત્ન હાથથી ઉગામી જોયું તો અગ્નિજ્વાળાથી ભયંકર થએલા દંડને દેખીને તેઓ દરેક દિશામાં નાસી ગયા, ત્યારે તે રાજાએ આ બ્રાહ્મણોને 'વાટધાનક હરિ' એ જાતિના કર્યા.

દધિવાહન રાજાના પુત્ર કરકંડુ રાજાએ તો વાટધાનકમાં રહેનારા ચાંડાલોને બ્રાહ્મણ બનાવ્યા. આ પ્રમાણે કરકંડુ મોટો રાજા થયો. એ સમાચાર સાંભળી પેલો બ્રાહ્મણ છોકરો આવ્યો અને માગણી કરી કે, 'આગળ કબૂલેલ ગામ આપો.' એટલે આણે પૂછ્યું કે, 'હે બ્રાહ્મણ! બોલ, તને કયું ગામ ગમે છે ?' ત્યારે તેણે કહ્યું કે, ચંપામાં મારું મંદિર છે, તો ત્યાં આગળ આપો.' ત્યારે દધિવાહન રાજા ઉપર લખીને એક લેખ આપ્યો. કે મને એક ગામ આપો. તેના બદલામાં હું તમને જે ગમે તે ગામ નગર આપીશ. ત્યારે રોષાયમાન થએલા રાજાએ ક્રોધથી કહ્યું કે, 'દુષ્ટ ચંડાળ પોતાને જાણતો નથી અને મારા ઉપર લેખ મોકલાવે છે ?' અપમાનિત દૂતે પાછાં આવીને સર્વ કહીકત તેને કહી. રોષાયમાન થએલો કરકંડુરાજા હાથી, ઘોડા, સૈન્ય-પરિવાર અને મોટી સામગ્રી સહિત યુદ્ધ કરવા ગયો. ચંપા નગરીને ચારે બાજુથી ઘેરી લીધી. દરરોજ મોટું યુદ્ધ પ્રવર્તેલું છે. પેલી સાધ્વીના સાંભળવામાં આવ્યું. 'બંને પક્ષોના લોકોનો વિનાશ ન થાઓ.' એમ જાણી કરકંડુ પાસે આવીને રહસ્ય ખોલી નાખ્યું. આ દધિવાહન રાજા તારા પિતા છે, હું તારી માતા છું. તેવા પ્રકારના પ્રસંગમાં ફસાઇ પડેલી હોવાથી હું સાધ્વી થઇ અને ચંડાળ-પુત્ર થયો. તેણે માતા-પિતાને પૂછ્યું. તેઓએ સત્ય હકીકત જણાવી. નામની મુદ્રા અને કંબલરત્ન દેખાડ્યું. પ્રતીતિ થયા છતાં અભિમાનથી કહે છે કે, 'મને તે સ્મરણ થતું નથી.' ત્યારે ચંપામાં પ્રવેશ કરીને રાજાના મહેલમાં પહોંચી.

સેવકો અને દાસીઓ સાધ્વીને ઓળખીને રુદન કરવા લાગ્યા. રાજાને ખબર પડી એટલે આવ્યો. વંદન કરી આસન આપીને સામો બેઠો. સર્વ પૂર્વ વૃત્તાન્ત પૂછ્યો, એટલે અહીં આવ્યા સુધીનો સર્વ વૃત્તાન્ત જણાવ્યો અને ખાસ કરીને ગર્ભની હકીકત જણાવી. છેવટે જણાવ્યું કે, જેણે તમોને ઘેરેલા છે, તે તમારો જ પુત્ર છે, ખુશ થએલો સામે નીકળ્યો અને મળ્યો. રાજાએ તેને બંને રાજ્યો આપીને પોતે દીક્ષા અંગીકાર કરી. કરકંડુ પ્રચંડ આજ્ઞા કરનાર રાજા થયો. તે ગોકુલપ્રિય હોવાથી તે અનેક ગોકુળો પળાવે છે. એક સમયે શરદકાળમાં ગોકુળમાં ગયો, ત્યારે તેણે ગંગાનદીના તરંગના ઉજ્જ્વલ ફીણ સમાન વર્ણવાળા વાછરડાને દેખ્યો. તેને બહુ ગમી ગયો, એટલે આજ્ઞા કરી કે, તેની માતાને દોહવી નહિં. જ્યારે મોટો થાય અને વધારે દૂધ ધાવતો થાય, ત્યારે બીજી ગાયોને પણ ધવરાવવો. તે પ્રમાણે ગોવાળો તેનું પાલન-પોષણ કરતા હતા. તેને ઉંચાં શીંગડાં, પુષ્ટ ખાંધ આવી એટલે મજબૂત બળદ થયો. રાજા તેને યુદ્ધ કરાવી દેખતો હતો. અને તેમાં અતિશય આનંદ માનતો હતો. ફરી લાંબા કાળે જઇને તે બળદને દેખે છે, ત્યારે વૃદ્ધપણાના કારણે ખખડી ગએલો જેનાં નેત્રોમાંથી પાણી ગળી રહેલું છે, વાછડાઓએ જેને શીંગડાં મારીને અધમૂવો કરી નાખેલો છે. હવે રાજા ગોવાળોને પૂછે છે કે, પેલો પુષ્ટ

થએલો બળદ ક્યાં છે ? ત્યારે તેને બતાવ્યો. તેને દેખીને વિષાદ પામેલા ચિત્તવાળો તે વિચારવા લાગ્યો કે, 'આ સંસારની અસારતાને ધિક્કાર થાઓ. જે વાછરડાને ત્યારે તેવા પ્રકારની શરીર-સંપત્તિ પમાડી હતી, અત્યારે તે બિચારો સર્વ આપત્તિઓનું સ્થાન બન્યો.

"મનુષ્યોને વૃદ્ધાવસ્થામાં ચામડીઓમાં સર્વત્ર કરચલીઓ પડી જાય છે, બંને નેત્રોની શોભા ઉડી જાય છે, આંખનું તેજ ઘટી જાય છે, અર્ધા મસ્તકના કેશ જાણે ચિતાની ભસ્મ કેમ હોય, તેવા વર્ણવાળા ભુખરા થઇ જાય છે. ઘડિયાળના લોલક માફક દાંત લટકતા અને પડી ગએલા હોય છે, મુખમાંથી લાળ વારંવાર ગળ્યા કરતી હોય છે, ઉધરસનો શબ્દ અતિશય થયા જ કરતો હોય છે. જો મનુષ્યની આ દશા, તો પછી આ બળદની સ્થિતિમાં વિસ્મય કયો હોઇ શકે ? આખા ગોકુળમાં આ બળદ શિંગડાની સુંદર રચનાવાળો હતો, તેની શોભા-સમૃદ્ધિ સર્વ કરતાં ચડિયાતી હતી, જ્યારે ગોકુળના આંગણામાં તેના ઢેકારવથી બીજા મદોન્મત્ત તેજસ્વી પરાક્રમી તીક્ષ્ણ શીંગડાવાળા સમર્થ પણ બળદો ભાગી જતા હતા, તે જ બળદ આજે દર્પ વગરનો, પાણી ગળતા નેત્રવાળો, લબળતા ઓષ્ઠવાળો થઇને બીજા વાછરડા વગેરેના મારને સહન કરે છે. આવી વિષમ સ્થિતિ દેખીને, સંસારની અસારતા દેખીને જેને પૂર્વભવ યાદ આવ્યો છે એવા તે કલિંગ દેશના કરકંડુ રાજા દેવતાએ આપેલ સાધુનો વેષ અંગીકાર કરીને દીક્ષા લઈ પ્રત્યેકબુદ્ધ તરીકે વિચરતા હતા. કરકંડુ કથા પૂર્ણ.

## ૧૧૪. દુર્મુખની કથા -

હવે દુર્મુખની કથા કહે છે - પંચાલ દેશમાં કાંપિલ્યપુર નગરમાં દુર્મુખ નામનો રાજા હતો, પૂર્વના સુકૃતથી પ્રાપ્ત થએલ સંસારના સુખનો અનુભવ કરતો હતો. કોઈક સમયે રાજહંસોને આનંદ આપનાર, જેમાં સર્વ પ્રકારના ધાન્યો પ્રાપ્ત થાય છે, એવો શરદકાળ આવ્યો. ત્યારે અશ્વક્રીડા કરવા માટે નીકળેલા તેણે અનેક હજાર નાની ધ્વજાથી યુક્ત, મહાવિભૂતિયુક્ત અનેક લોક-સમુદાયથી પૂજાતો ઇન્દ્રધ્વજ જોયો. સંધ્યાએ પાછા વળતાં એ જ ઈન્દ્રધ્વજને ભૂમિ પર માત્ર કાષ્ઠો જ બાકી રહેલાં હતાં. અને ગામલોકો જેની ધ્વજાઓ ખેંચી ગયા છે, એવો ભૂમિ પર પડેલો દેખ્યો. તેને દેખીને આ રાજા ચિંતવવા લાગ્યો કે, સંસારમાં સર્વ જીવોની સંપત્તિઓ અને અસંપત્તિઓ બંને પડખે જ રહેલી છે. જે ઇન્દ્રધ્વજ અલંકૃત હતો, તેને ચૂંથાઇ ગએલો અને રસ્તામાં રઝળતો દેખીએ છીએ, ત્યારે રિદ્ધિ અને તેની વગરની અવસ્થાઓ દેખીને પંચાલ રાજા વિષમ સ્થિતિ દેખીને ધર્મ પામ્યા. પૂર્વજન્મ સાંભર્યો, એટલે તેણે સંસારનો ત્યાગ કરી દીક્ષા લીધી. દેવતાએ વેષ આપ્યો અને ત્યારપછી પૃથ્વીના વલયમાં વિચરવા લાગ્યા. દુર્મુખ કથા સંપૂર્ણ.

## ૧૧૫. પ્રત્યેક બુદ્ધ નમિરાજર્ષિ કથા કહે છે -

વિદેહ દેશમાં મિથિલા નગરીમાં સજ્જનોનાં મનને રંજન કરનાર નમિ નામના રાજા હતા. જન્માંતરમાં કરેલા ઉત્તમ પુણ્ય પ્રભાવે કરેલા રાજ્યસુખને અનુભવતાં કેટલોક કાળ પસાર થયો. કોઈક સમયે અશાતાવેદનીય કર્મોદય-યોગે મસ્તકની ગાઢ વેદના સાથે શરીરમાં દાહજ્વર પ્રગટ થયો. વૈદ્યોએ આવીને અનેક પ્રતિકારના પ્રયોગો કર્યા. એમ છ માસ થવા છતાં રોગમાં કંઈપણ ફેરફાર ન થયો. કોઇક સમયે વૈદ્યના કહેવાથી અંતઃપુરની પત્નીઓ ચંદન ઘસતી હતી. એટલે તેઓના મણિરત્નોનાં વલયો પરસ્પર અથડાતાં હતાં, તેનો ઝણકાર શબ્દ ઉછળ્યો. રાજા આ શબ્દો સહન ન કરવાથી પૂછે છે કે, 'આ અવાજ કોનો આવે છે ?' પરિવારે કહ્યું કે, ચંદન ઘસતી અંતઃપુરની સ્ત્રીઓના બલૈયાઓનો. એટલે રાણીઓએ પોતાના હાથમાંથી એક એક વલય દૂર કર્યું. તો પણ ખણ ખણ શબ્દ બંધ ન થયો. ત્યારપછી સૌભાગ્યનું એક એક વલય રાખી વધારાનાં વલયો દૂર કર્યાં. નમિએ પૂછ્યું કે, 'હવે અંતઃપુરમાં શબ્દ કેમ શાંત થઇ ગયો ? જવાબ આપ્યો કે, 'અત્યારે એક એક વલય જ રહેલું છે. ત્યારે નમિએ ચિંતવ્યું કે, 'ખરેખર જેટલા પ્રમાણમાં ધન, ધાન્ય, રત્ન, સ્વજન, ગામ, ખાણ વગેરે ઉપર મમત્વભાવ હોય, ત્યાં સુધી જ જીવને દુઃખ પ્રસંગ થાય છે. તથા - 'જેમ જેમ અલ્પ લોભ, જેમ જેમ અલ્પ પરિગ્રહ આરંભ, તેમ તેમ સુખ વૃદ્ધિ પામે છે, અને ધર્મની સિદ્ધિ થાય છે. માટે એકાકીપણું એ જ સુંદર છે. તે આ પ્રમાણે - 'જેમ પક્ષીઓ સાંજે એક વૃક્ષ ઉપર ભેગા થાય છે અને સૂર્યોદય-સમયે દરેક જુદી જુદી દિશામાં ઉડી જાય છે, તેમ આ જીવ એકલો જ પરભવમાંથી કોઈક કુળમાં આવે છે અને માતા, પત્ની, પુત્ર, ભગિની, બન્ધુ ઇત્યાદિ સંબંધથી જોડાય છે. અને જ્યારે આયુષ્ય પૂર્ણ થાય છે, ત્યારે સર્વે સંબંધોનો ત્યાગ કરીને એકલો જ પરલોકમાં પ્રયાણ કરે છે અને પોતાના જ કર્મયોગે નવી શરીરની કુટીર પોતે તૈયાર કરે છે. આમ હોવાથી સમજુ જનો આ લોકમાં ક્યાં આનંદ માનવો યોગ્ય છે ?' એમ સુંદર ભાવના ભાવીને અશાતા વેદનીય કર્મનો ક્ષયોપશમ થવાથી નિદ્રાને આધીન થયો.

રાત્રિના અંતસમયે સ્વપ્નમાં સુવર્ણમય પર્વત જોયો. ઇહા-અપોહ-તર્ક વિતર્કની વિચારણા કરતાં કરતાં જાતિસ્મરણજ્ઞાન થયું કે, આગલા ભવમાં મનુષ્યપણામાં શ્રમણપણું પાળીને પુષ્પોત્તર વિમાનમાં ઉત્પન્ન થયો હતો અને જિનેશ્વરના જન્મ-મહોત્સવમાં મેરુશિખર પર મહિમા કરતો હતો, ત્યાંથી ચ્યવીને હું અહિં ઉત્પન્ન થયો છું. એ સર્વ યાદ આવ્યું. એ પ્રમાણે તે પ્રત્યેકબુદ્ધ થયા. પુત્રને રાજ્યપર સ્થાપન કરી તેણે દીક્ષા લીધી. ત્યારે મિથિલાનો આખો નાગરિક વર્ગ, અંતઃપુર-પરિવાર રુદન-આક્રન્દન-વિલાપ કરવાલાગ્યો. આખી નગરી

કોલાહલમય બની ગઇ. ત્યારે ઇન્દ્રમહારાજા બ્રાહ્મણનું રૂપ કરી નમિરાજા આગળ આવી આ પ્રમાણે કહેવા લાગ્યા કે, 'આજે મિથિલાનગરી કેમ કોલાહલ રોકકળમય બની ગઈ છે ? મહેલો અને ઘરોમાં કરુણ-આકરા શબ્દો કેમ સંભળાય છે ? નમિ-પ્રત્યુત્તર આપતાં કહે છે કે, મિથિલાના ચૈત્યોદ્યાનમાં શીતળ છાંયડીવાળા મનોહર વૃક્ષો છે, વળી તેના ઉપર પત્રો, પુષ્પો અને ફળો ઘણાં આવેલાં છે. હંમેશાં અનેક પ્રકારના પક્ષીઓ તેના પર આવીને વાસ કરે છે. પરંતુ સખત વાયરાના ઝપાટા આવે છે, ત્યારે મનોરમ ચૈત્યમાં તેઓ દુઃખી અને શરણ વગરના બની જાય છે, તેની પીડા પામીને આ પક્ષીઓ ક્રન્દન કરે છે.

ઈન્દ્ર કહે છે કે, 'આ અગ્નિ અને વાયરો તમારો મહલ બાળે છે, તો હે ભગવંત ! તેમાં તમારું અંતઃપુર બળે છે. તો તમે તેની ઉપેક્ષા કેમ કરો છો ? નમિ - અમે તો સુખેથી વાસ કરીએ છીએ અને જીવીએ છીએ, આમાં મારું કશું નથી. મિથિલા બળતી હોય, તેમાં મને શું ? મારું કઈ બળતું નથી.' આ વગેરે વચનોથી ઇન્દ્ર નમિરાજર્ષિને ક્ષોભ કરવા સમર્થ થયો નહિ, ત્યારે બ્રાહ્મણનું રૂપ ઉપસંહરીને પોતાનું ઇન્દ્રનું રૂપ પ્રગટ કર્યું. વંદન અને સ્તુતિ કરી કે, 'અહો ! તમે ક્રોધને પરાજિત કર્યો છે, માનને હરાવ્યું છે, માયાને પરાભવિત કરી છે, અહો ! તમે લોભનું નિવારણ કર્યું છે. એ વગેરે મધુર વાણીથી સ્તુતિ કરી ઇન્દ્ર પોતાના સ્થાનકે ગયા. નમિરાજાએ પણ ઘણા વલયોના શબ્દો સાંભળીને તથા એક વલયનો શબ્દ ન સાંભળીને વૈરાગ્ય પામી દીક્ષા અંગીકાર કરી.

## ૧૧૭. નગ્ગઇ રાજાનું ચરિત્ર -

ગંધાર દેશમાં પુરુષપુર નગરમાં જયલક્ષ્મી પ્રાપ્ત કરવાની અભિલાષાવાળા, ન્યાય-નીતિ માર્ગે ચાલનાર નગ્નજિત નામના રાજા હતા, સંસારસુખ ભોગવવામાં રસિક ચિત્તવાળા, પૃથ્વીમંડલને ન્યાયથી પાલન કરતા એવા તેને તરુણીસમૂહને ઉત્સવભૂત એવો વસંતોત્સવ સમય આવ્યો તે વસંતકાળે રાજા ઉદ્યાનમાં પ્રયાણ કરતા હતા, ત્યારે આમ્રવૃક્ષ ઉપર ઘણી મંજરીઓનો સમૂહ ખીલેલો હતો, તેને આનંદપૂર્વક જોયો. કુતૂહળથી તેમાંથી એક મંજરી રાજાએ ગ્રહણ કરી. ત્યારપછી સૈનિકોએ પણ એક એક મંજરી તોડી ગ્રહણ કરી. એમ કરતાં તે વૃક્ષ ઠુંઠા સરખુ બની ગયું. નગ્નજિત રાજ જ્યારે રાજપાટિકા-રયવાડીએથી પાછો ફર્યો, ત્યારે તે મંજરીવાળું વૃક્ષ ન દેખ્યું, ત્યારે પૂછ્યું કે, 'અહિં મંજરી ખીલેલ આમ્રવૃક્ષ ક્યાં ગયું ?' પુરુષોએ કહ્યું કે, 'આપે એક મંજરી ગ્રહણ કર્યા પછી આપની પાછળ પાછળ આવનાર, આપના દરેકસૈનિક પરિવારે એક એક મંજરી તોડી ગ્રહણ કરી, તેથી સમગ્ર મંજરી આદિ તૂટી ગએલી હોવાથી ઠુંઠા જેવું બની ગયેલું તે જ આ વૃક્ષ છે. ત્યારેખેદ સહિત રાજા ચિંતવવા લાગ્યા કે, 'આ જીવિત, યૌવન, સ્ત્રી, પુત્રાદિ

દરેક ચીજ હાથીના કાન સરખી ચંચળ છે, આ લક્ષ્મી પણ તેવી જ ચંચળ છે. માટે આવી ક્લેશ ફળવાળી આ સામગ્રીઓથી સર્યું. આમ વિચારતાં તેને જાતિસ્મરણ થયું. પ્રત્યેકબુદ્ધની ઋદ્ધિવાળા થયા. દેવતાએ આપેલ સાધુલિંગ ધારણ કરીને આ ઉત્તમ મુનિ બની વિચરવા લાગ્યા. તે આમ્રવૃક્ષ મંજરી, પલ્લવ, પુષ્પથી અલંકૃત મનોહર હતું, તેને ઋદ્ધિવાળું અને પાછળથી શોભા વગરનું દેખીને ગંધારરાજા ધર્મના સ્વરૂપનો વિચાર કરીને અનુક્રમે તે સર્વે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરે પહોંચ્યા. ત્યાં આગળ ચાર દ્વારવાળા દેવમંદિરમાં પ્રવેશ કર્યો.

પૂર્વદ્વારથી કરકંડુએ, દક્ષિણથી દુર્મુખે, પશ્ચિમથી નમિએ, અને ઉત્તર દિશા દ્વારથી નગ્નજિતે પ્રવેશ કર્યો. 'હું મહામુનિઓને પૂંઠ કરીને કેવી રીતે બેસું?' એમ ધારી વાણમંતર દેવે પોતાની પ્રતિમાને ચાર મુખવાળી બનાવી. આ સમયે સુંવાળા કાષ્ઠથી કાન ખજવાળીને કરકંડુમિનિએ તે ખણવાની સળીને એક બાજુ મૂકી. તે દેખીને દુર્મુખે કહ્યું કે, 'જ્યારે રાજ્ય, રાષ્ટ્ર, નગર, અંતઃપુર તથા સર્વનો ત્યાગ કરીને આ સળીનો પરિગ્રહ કેમ કરે છે ?' જ્યારે દુર્મુખે કહ્યું, ત્યારે કરકંડુએ તેનો પ્રત્યુત્તર ન આપ્યો. ત્યારે નમિએ દુર્મુખને કહ્યું કે - 'જ્યારે તમે બાપ-દાદાનું મળેલું રાજ્ય કરતા હતા, ત્યારે ઘણા સેવકો કર્યા હતા. તેમનું કાર્ય પણ છોડીને મોક્ષ માટે આજે ઉદ્યમ કરી રહેલા છો, પરંતુ આત્માનું સમગ્ર કાર્ય સાધનાર એવાઓને કયા કારણથી ગર્હો છો ? જ્યારે નમિ નગ્નજિતને જવાબ આપતા નથી, એટલામાં કરકંડુએ નગ્નજિતને કહ્યું કે, 'મોક્ષમાર્ગ પ્રામેલા એવા સાધુ બ્રહ્મચારીને અહિત માર્ગેથી કોઇ નિવારણ કરે, તો તેના દોષને કહેવો યોગ્ય નથી. સામો રોષ કરે અગર ન કરે, અરે ! કદાચ વિષનો પ્રયોગ કરે, તો પણ સ્વ (સત્) પક્ષને ગુણકારી એવી હિતકારી ભાષા જ બોલવી જોઇએ.' જો સળગતા કાષ્ઠની ઉપેક્ષા કરવામાં આવે, તો લાંબો કાળ સળગે નહિં. વારંવાર સંકોર્યા કરો, અંદર ઘટ્ટ ન કર્યા કરો, તો જ સળગે અને કાર્યની-રસોઇની સિદ્ધિ થાય. માટે ઘટ્ટ ન સહન કરવું. તો સિદ્ધિરૂપી કાર્યની પ્રાપ્તિ થાય. આ પ્રમાણે તે સર્વે એક વખતના નિમિત્તથી પ્રતિબોધ પામ્યા, દીક્ષા લીધી, કેવલજ્ઞાની થઇને સિદ્ધિ પામ્યા. લોકોને ઘણું આશ્ચર્ય થયું. (૧૪)

હવે ઉદાહરણ-સહિત રાગાદિકનો લગાર પણ વિશ્વાસ ન કરવા માટે ઉપદેશ આપે છે

**सोऊण गइं सुकमालियाए तह ससग-भसग-भइणीए ।**
**ताव न वीससियव्वं, सेयट्ठी घम्मिओ जाव ।।१८२।।**

શશક-ભસકની બહેન સુકુમાલિકાની અવસ્થા સાંભલીને મોક્ષના અર્થી એવામુનિએ રાગાદિકનો વિશ્વાસ ન કરવો. અથવા જ્યાં સુધી શ્વેત હાડકાં ધારણ કરનાર ન થાય, ત્યાં

સુધી રાગ, દ્વેષ, મોહનો વિશ્વાસ ન કરવો. સુકુમાલિકાનું કથાનક આ પ્રમાણે જાણવું -

## ૧૧૭. સુકુમાલિકાની કથા-

શ્રી વાસુપૂજ્યસ્વામીના જન્મકલ્યાણકથી મનોહરતા અને ઉત્કર્ષપણાને પામેલી અતિમનોહર, અંગદેશના મુગટ સમાન એવી ચંપાનગરીમાં શત્રુઓનો પરાભવ કરનાર જિતશત્રુ નામનો રાજા હતો, તેને ધારિણી નામની રાણી હતી. તેને શશક-ભસક નામના બે પુત્રો હતા. કામદેવની પ્રિયા રતિસમાન એવી સુકુમાલ હાથ-પગવાળી સુકુમાલિકા નામની સુંદર દેહવાળી નાની બહેન હતી, બીજી યુવતીઓ આભૂષણા પહેરીને પોતાના રૂપની રેખા ધારણ કરનારી બને છે, ત્યારે આ સુકુમાલિકાનો રૂપાધિષ્ઠિત દેવ(હ) તે સર્વેના રૂપને ઝાંખાં કરી નાખે છે. તે સુકુમાલિકાના સાથળ, સ્તનો, નેત્રો, કપોલ, કાન એવા સુંદર હતા, તેમ જ તેનું લાવણ્ય અને રૂપ એવાં હતાં કે, તેઓ પરસ્પર એક-બીજાને પ્રગટ અલંકૃત કરતા હતા.

"વિધિએ બંને ગૌરી (પાર્વતી અને સુકુમાલિકા) ને સૌભાગ્યનો સાર અર્ધો અર્ધો અર્પણ કર્યો હતો. સાર આપતી પાર્વતીનું સૌભાગ્ય જાય છે, પરંતુ તેનું (સુકુમાલિકાનું) વર્તે છે. સદા તરુણ લોકનાં લોચનો, ચતુર યુગલો તેની સમીપ જાય છે. તેના મુખરૂપી ચંદ્રની ચંદ્રિકાના પાનનાં પારણા માટે હોય તેમ સર્વ દિશા તરફ જાય છે."

હવે કોઇક સમયે ગામ, નગર, ખાણ વગેરે સ્થળે ફરતા ફરતા ધર્મઘોષ નામના આચાર્ય ભગવંત ત્યાં પધાર્યા અને બહારના ઉદ્યાનમાં સુખેથી સ્થિરતા કરી વંદન કરવા માટે પિતા સાથે બંને પુત્રો નીકળ્યા.

ગુરુમહારાજાએ દોષ દૂર કરનાર એવી ધર્મદેશના શરૂ કરી કે, 'ખારા જળથી ભરેલા સમુદ્ર સરખા સંસારને પાર પામવા માટે સમર્થ એવા સાધુના અને શ્રાવકનો ધર્મ પર્ષદામાં પ્રકાશિત કર્યો. કર્મરૂપ મહાપર્વતને ભેદવા માટે વજ્ર સમાન એવી ધર્મદેશના સાંભળીને લક્ષ્મી આદિ સમૃદ્ધિનો ત્યાગ કરી બંને બંધુઓએ દીક્ષા સ્વીકારી. શશકમુનિ અને ભસકમુનિ બંને શાસ્ત્રનો પરમાર્થ જાણીને ગીતાર્થ બન્યા. વિહાર કરી ફરી તે જ નગરમાં આવ્યા. સકુમાલિકા બહેનને પણ દીક્ષા આપી, ધર્મધુરા પામેલી શ્રી રુદ્રમતી નામની પ્રવર્તિનને અર્પણ કરી. મોક્ષમાર્ગમાં સારી રીતે પ્રવર્તતી પ્રવચનમાં નિશ્ચિલ ચિત્તવાળી તે ઉત્તમ ચારિત્રનું પાલન કરતી હતી. પરંતુ અતિસુંદર રૂપવાળી હોવાથી યુવાનોને પ્રાર્થના કરવા યોગ્ય બની હતી. યુવાનો દૂરથી પણ પોતાની દૃષ્ટિ તેના તરફ ફેંકતા હતા. કમળના મકરંદરસનેચૂસવા જેમ ભમરીઓ ચારે બાજુ વીંટળાય તેમ યુવાનો ચારે બાજુ તેનું રૂપ નીહાળવા વીંટળાતા હતા. ઉપાશ્રયમાં લોકો 'આવીને માર્ગની વચ્ચે બેસી જતા હતા,

માર્ગમાં ચાલે, ત્યારે તેની પાછળ લોકો જોવા માટે ચાલતા, સ્વેચ્છાએ તેને દેખવા માટે નેત્રનાં દુઃખને પણ ગણકારતા ન હતા. મુખ્ય સાધ્વીએ તેના ભાઇઓને વિચારીને કહ્યું કે, 'તમારે અમારા ઉપાશ્રયના દ્વારમાં પહેરેગીર માફક રહીને અમારું રક્ષણ કરવું. એટલે તેઓ બંને ભાઇ બીજાં સર્વ કાર્યો બંધ કરી હંમેશાં તેઓનું રક્ષણ કરતા હતા.

આ પ્રમાણે દિવસો પસાર થતા હતા. કારણ કે, 'સરળ પરિણામવાળી બહેનનું બ્રહ્મચર્યવ્રત રખે ભગ્ન ન થાઓ.' મારા આવા અદ્‌ભુત રૂપ બલિરૂપ થઇને તેની આહૂતિ આપું.જેથી વસતિની અંદર લોકો પાપભાવને ન આચરે. શશક અને ભસક બંને ભાઇઓ રૂપ જોવાં આવનારને રોકે છે, તો તે રૂપલુબ્ધો ક્રોધ કરીને લડવા માટે દોડે છે. એમને પણ ધ્યાન, અધ્યયન વગેરેમાં વિઘ્ન આવે છે. મારા ભાઇઓ આ પ્રમાણે કેટલા કાળ સુધી અહીં કષ્ટ સહન કરીને રોકાઈ રહે, માટે મારે અનશન કરવું તે યોગ્ય છે. આ પ્રમાણે વૈરાગ્ય પામેલી તેણે અશન-પાનનાં પચ્ચક્ખાણ કર્યાં. ઘણા દિવસની લાંબી તપશ્ચર્યાથી કાયા દુર્બલ બની ગઇ અને મૂર્ચ્છા પામી. ચેષ્ટા બંધ થઇ એટલે જાણ્યું કે, 'આ પંચત્વ પામી છે.' એમ જાણીને એ શોકથી સંતાપ પામતા ભાઇઓએ તેનો સ્મશાનમાં ત્યાગ કર્યો. અતિઠંડી રાત્રિના પવનની લહેરોથી જ્યારે મૂર્ચ્છા ઉતરી ગઈ અને શુદ્ધ ચેતના જાગ્રત થઇ એટલે વિચાર કરવા લાગી કે, હું જીવતી હોવા છતાં ભાઇઓએ મારો ત્યાગ કર્યો ! (૨૫) નક્કી મારા લક્ષણથી કંટાળી ગયા હશે. હવે જ્યારે ઉજ્જ્વલ પ્રભાત પ્રગટ થયું, ત્યારે કોઇક માર્ગની મુસાફરી કરી રહેલ સાર્થવાહે તેને દેખી. તેના અતિરમણીય રૂપ લાવણ્યથી પ્રભાવિત અને ખેંચાએલ ચિત્તવાળો અતિકરુણાથી ગાડામાં ચડાવીને તેને પોતાના નગરમાં ઘરે લઈ ગયો. તેના શરીરે તેલ વગરનું મર્દન કરાવી, સ્નાન, વિલેપન અને સારા ખાદ્યો ખવરાવીને, તંબોલ, અલંકાર અને વસ્ત્રોથી તેને બરાબર સંભાળાપૂર્વક તૈયાર કરી. ત્રણ ચાર દિવસ તેનો બરાબર દરેક પ્રકારે ઉપચાર-સાચવણી કરી એથી તે જાણે નવીન વિકસિત કમળની શોભા સરખા સુકુમાળ અને દેખાવડા લાવણ્યવાળી બની. એમ કેટલાક દિવસોમાં તે પાર્વતી, ઈન્દ્રાણી અને કામદેવ-પ્રિયા રતિના સર્વ ગર્વને દૂર કરનાર એવી સુંદરી બની ગઈ.

દરરોજ પરસ્પર એકબીજાને દેખવાથી, વાતોચીતો કરવાથી, અશનાદિક આપવાથી તેઓ બંનેનો પરસ્પરનો અનુરાગ-સમુદ્ર ઉછળ્યો. કોઇકે કહેલું જ છે કે - 'તાંબૂલ, પુષ્પો, સુગંધીઓ, મહેલની અગાસીઓમાં ઠંડા પવનની લહેરીઓ આવતી હોય, ચંદ્ર ખીલેલો હોય, સ્નેહ-રસામૃત-પૂર્ણ વાણી હોય, આ દૂતીઓ કોના ચિત્તનું હરણ નથી કરતી ?' ત્યારપછી તે સાર્થવાહની સાથે વિષય-સુખ અનુભવતાં તેને કેટલોક કાળ પસાર થયો. હવે કોઇક સમયે શશક-ભસક તે બંને ભાઇઓ તે સાર્થવાહના ઘરના દ્વારમાં ભિક્ષા માટે આવી

પહોંચ્યા. એટલે તરત સુકુમાલિકાએ તેમને જોયા, ઓળખ્યા, એટલે તીવ્રદુઃખ પામેલી વિલખી થઈ ગઈ-શરમાઇ ગઇ. તેમના પગમાં પડીને ઘણા કરુણ સ્વરથી પોક મૂકીને રુદન કરવા લાગી. ત્યારપછી પરમાર્થ-સ્વરૂપ હિતકારી વચનોથી પ્રતિબોધ પમાડી. સાર્થવાહની રજાથી તેને વિધિ સહિત દીક્ષા આપી. સારી રીતે દીક્ષા પાલન કરીને સમયે મૃત્યુ પામી તે સ્વર્ગમાં ગઇ. પોતાની ઇન્દ્રિયોનો પણ વિશ્વાસ ન કરવો. (૩૭) શશક-ભસકની બહેન સુકુમાલિકાની કથા પૂર્ણ થઇ. (૧૮૨)

આત્માને દુઃખે કરીને દમન કરી શકાય છે, તે માટે આઠ રૂપકો દ્વારા હિતશિક્ષા કહે છે -

खर-करह-तुरय-वसहा, मत्तगइंदाऽवि नाम दम्मंति ।
इक्को नवरि न दम्मइ, निरंकुसो अप्पणो अप्पा ।।१८३।।

वरं मे अप्पा दंतो, संजमेण तवेण य ।
माऽहं परेहिं दम्मंतो, बंधणेहिं वहेहि अ ।।१८४।।

अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो ।
अप्पा दंतो सुही होइ, अस्सिं लोए परत्थ य ।।१८५।।

निच्चं दोस-सद्दगओ, जीवो अविरहियमसुह-परिणामो ।
नवरं दिन्ने पसरे, तो देइ पमायमयरेसु ।।१८६।।

अच्चिय वंदिय पूइअ, सक्कारिय पणमिओ महग्धविओ ।
तं तहइ करे जीवो, पाडेई जहप्पणो ठाणं।।१८७।।

सीलव्वयाइं जो बहुफलाइं हंतूण सुक्खमहिलसइ ।
धिउदुब्बलो तवस्सी, कोडीए कागिणिं किणई ।।१८८।।

जीवो जहा-मणसियं, हियइच्छिय-पत्थिएहिं सुक्खेहिं ।
तोसेऊण न तीरई, जावज्जीवेण सव्वेण ।।१८९।।

सुमिणंतराणुभूयं, सुक्खं समइच्छियं जहा नत्थि ।
एवमिमं पि अईयं, सुक्खं सुमिणोवमं होई ।।१९०।।

## ૧૧૮. આઠરૂપકો દ્વારા આત્મદમનની હિતશિક્ષા-

ગધેડાં, ઉંટ, અશ્વો, બળદો, મદોન્મત હાથીઓ પણ લાકડી, આર, ચાબૂક, નાથ, અંકુશ વગેરેથી વશ કરાય છે, માત્ર આપણા નિરંકુશ આત્માને તપસંયમના અંકુશથી વશ કરતા નથી, જો આ લોકમાં તપ-સંયમથી મારા આત્માને દમન કરીશ, અંકુશમાં રાખીશ, તો હું પરલોકમાં બીજાઓ વડે હથિયારથી વધ નહિં પામીશ કે, દોરડાથી બંધન નહિં પામીશ. બીજાથી બળાત્કારે વધ-બંધન પામું તે કરતાં સ્વેચ્છાએ તપ-સંયમથી મારા આત્માને દમવો વધારે શ્રેષ્ઠ છે. પોતાના આત્માને જ સ્વેચ્છાએ કાબુમાં રાખવો, ઇન્દ્રિયો ઉપર અંકુશ રાખવો, આ આત્માને દમવો એ ઘણું અઘરું કાર્ય છે, પરંતુ જો અહિં ઇન્દ્રિયોને કાબુમાં રાખીશું, આત્માને દમીશું, સંયમમાં રાખીશું; તો આ લોકમાં કીર્તિ અને પરલોકમાં નક્કી સુખ મેળવી શકાય છે. જો નિરંકુશપણે આત્મા અને ઇન્દ્રિયો વર્તાવ કરશે, તો પરલોકમાં મોટો અનર્થ ભોગવવો પડશે, તે કહે છે. રાગ, દ્વેષ, મોહથી ઘેરાએલો આત્મા લગાતાર અશુભ પરિણામમાં રહે છે, તે અશુભ અધ્યવસાયથી કરેલી ચેષ્ટાઓ-વિષય-કષાયની પ્રવૃત્તિઓ જે લોક અને આગમથી વિરુદ્ધ હોય છે, તેને જો અવકાશ આપવામાં આવે, તો સાગરોપમના કાળ સુધી નરકમાં પ્રમાદથી ઉપાર્જન કરેલ કર્મ-અશાતા વેદનીય દુઃખ ભોગવવું પડે છે. (૧૮૩ થી ૧૮૬) ગંધ, ચંદનાદિકથી પૂજાએલ, સદ્‌ગુણોની સ્તુતિ કરવા દ્વારા વંદન કરાએલહોય, વસ્ત્રાદિકથી પૂજા પામેલો હોય, મસ્તક વડે સત્કારાયો હોય એ પ્રમાણે અતિશય પૂજાપાત્ર બન્યો હોય, તેના ગુણ પ્રત્યે પક્ષપાતી બનેલા આચાર્યાદિક પદમાં સ્થાપન કરેલા હોય, પરંતુ તેવા આત્માઓ પણ તેવું આચરણ કરે છે. જેથી પોતાના ઉત્તમ સ્થાનથી પતન પામે છે.

ઘણા ઉત્તમ ફળ આપનાર એવા શીલ વ્રતાદિકનો નાશ કરીને જેઓ ઇન્દ્રિયોનાં તુચ્છ સુખની અભિલાષા કરે છે, એવા અહિંસાદિક મહાવ્રતોને તોડીને ખરેખર તેવા આત્માઓ ક્રોડો સોનૈયા આપી કાગિણી (કોડી)નું ખરીદ કરવા સમાન મુર્ખ છે. આ જીવ પોતે ઇચ્છા કરે, તેવા મનગમતા પદાર્થો, વલ્લભ સ્ત્રી મેળવે, તોપણ દિવસ, માસ, વર્ષ કે આખી જિંદગી સુધી તેવા ઇષ્ટ પદાર્થો મેળવે, તો પણ આત્માને સંતોષ પમાડવા સમર્થ બની શકતો નથી. સ્વપ્નમાં અનુભવેલું વિષય-સુખ આંખ ઉઘડી ગયા પછી કંઇ પણ હોતું નથી. એ જ પ્રમાણે આ વિષયસુખ ભોગવ્યા પછી કંઈ પણ સુખ નથી અર્થાત્ આ સંસારનાં વિષય-સુખો સ્વપ્નની ઉપમાવાળાં છે. તેનો સંચય કરી શકાતો ન હોવાથી તેની આહારાદિકની જેમ તૃપ્તિ કેવી રીતે કરી શકાય ? કહેવાનું તાત્પર્ય એ છે કે, અસંખ્ય-પ્રમાણ વિષય-સુખથી પણ જીવને સંતોષ પમાડવો શક્ય નથી. કહેલું છે કે, 'કોઇ પોતાની વિષય-તૃષ્ણાને

ઉપભોગ કરવા દ્વારા શાંત કરવાની ઇચ્છા કરતા હોય, તે પોતાના પડછાયને પગથી ચાંપવા માટે આગળ આગળ એકદમ ત્વરાથી દોડે છે.' તેથી કરીને નક્કી થયું કે, રાત્રે કેટલાક ક્ષણો સુધી સ્વપ્નમાં ક્ષુધાથી દુર્બલ થએલાને મોદક અર્પણ કર્યા હોય, એવો કોઈ ક્યાંય પણ કદાપિ પણ યથાર્થરીતે ક્ષુધાથી દૂર કરી શકે ખરા ? અર્થાત્ સ્વપ્નાની સુખડી ભૂખ ભાંગે નહિં. વળી તરશ લાગેલી હોય, તેને ઝાંઝવાના જળથી તૃષ્ણાનો અંત આવતો નથી. તેમ ભોગ ભોગવવાથી આત્માને કદી પણ તૃપ્તિ-શાંતિ થતી નથી. આ પ્રમાણે આઠ રૂપકો સમજાવ્યાં. (૧૮૭ થી ૧૯૦) આ પ્રમાણે વિષય ભોગવવામાં નુકશાન જણાવ્યું, તો પણ જેઓ તેમાં આસ્થા રાખે છે, તેને દોષ જણાવતા કહે છે -

**पुर-निद्धमणे जक्खो, महुरामंगू तहेव सुय-निहसो ।**
**बोहेई सुविहिय-जणं, विसूरइ बहुं च हियएण ।।१९१।।**

નગર બહાર ખાળ વહે છે, ત્યાં એક યક્ષ મંદિરમાં સિદ્ધાંતની પરિક્ષા માટે કસોટી સમાન-બહુશ્રુત થએલા મંગુ નામના આચાર્ય ઇન્દ્રિય-વિષયમાં લોલુપ બનેલા, જેથી તેમાં યક્ષ તરીકે ઉત્પન્ન થયા હતા. 'હું તો જિહ્વાના સ્વાદમાં આસક્ત બન્યો, પણ તમે આસક્તિ ન કરશો' - એમ શિષ્યોને સમજાવે છે અને પોતે હૃદયથી ઘણો પશ્ચાત્તાપ કરે છે. (૧૯૧) વિશેષ ભાવાર્થ કથાનકથી સમજાશે. તે આ પ્રમાણે -

## ૧૧૯. રસગારવાધીન મંગુ આચાર્યની કથા -

મથુરા નગરીમાં યુગપ્રધાન શ્રુતભંડાર, નિરંતર શિષ્યોને સૂત્રાર્થ કહેવામાં ઉદ્યમવાળા, ભવ્ય જીવોને સદ્ધર્મ-દેશના આપવી, શાસનના કાર્યો કરવામાં પરિશ્રમ પાળનારા અને શિષ્યો પાસે પળાવનાર, સારણા, વારણા કરવાવાળા અંગોપાંગ સંલીન કરવાના મનવાળા, લોકોમાં પ્રસિદ્ધિ પામેલા એવા આર્યમંગુ નામના આચાર્ય હતા. કોઈક સમયે ક્રિયા-કલાપ રહિત બની તે સુકુમાર શરીરવાળા બની સુખાભિલાષી બન્યા અને શ્રાવકોનાં કુલોની મમતાવાળા થઈ ત્રણ ગૌરવોથી ઘેરાયા. શ્રાવકો નિરંતર ભક્તિ-બહુમાનથી આહાર-પાણી, વસ્ત્ર વગેરે આપતા હતા, તેથી ત્યાં ઘણો સમય રોકાઇ ગયા અને નવકલ્પી વિહાર, ઉગ્રવિહારનો ત્યાગ કર્યો. શ્રમણપણામાં શિથિલતા નહિં, પરંતુ નિઃશ્રમણતા પામ્યા, પ્રમાદ વૃદ્ધિ પામવા લાગ્યો, પોતાના સાધુપણાના લાગેલા દોષોની શુદ્ધિ કર્યા વગર તે મૃત્યુ પામીને તે જ નગરમાં ખાઈ વહેતી હતી, તેની નજીકમાં યક્ષભવનમાં અત્યંત હલકી કોટીના કિલ્બિષિયા જાતિની યક્ષયોનિમાં ઉત્પન્ન થયા.

વિભંગ જ્ઞાનથી પોતાનો પૂર્વભવ જાણીને તે દેવ ચિંતવવા લાગ્યો કે, 'પાપી એવા મેં

પ્રમાદમાં મત્ત ચિત્તવાળા થઇને વિવિધ પ્રકારના અતિશયરૂપ રત્નોથી ભરેલા જિનમત-નિધાનને મેળવીને તેમણે કહેલ પવિત્ર અનુષ્ઠાનથી પરાઙ્મુખ બની મેળવેલું શ્રમણપણું નિષ્ફળ બનાવ્યું. મનુષ્યપણું, આર્યક્ષેત્ર, ઉત્તમ જાતિ આદિ સદ્ધર્મના કારણભૂત સામગ્રી મળી હતી, પરંતુ ચારિત્રમાં પ્રમાદ કરી તે સામગ્રીથી ભ્રષ્ટ થયો, હવે તે સામગ્રી ફરી ક્યાંથી મેળવી શકીશ ? 'હે જીવ ! તે વખતે ઋદ્ધિરસ-શાતા-ગૌરવની વિરસતા શાસ્ત્રોના અર્થો ભણેલો હતો, છતાં કેમ ન જાણી અને ગૌરવોમાં કેમ ખૂંચી ગયો ? ચંડાળની જાતિ સમાન એવા કિલ્બિષિયા નામની હલકી જાતિમાં અસુરપણું પામ્યો, હવે તું લાંબા કાળ માટે વિરતિપ્રધાન ધર્મ માટે અયોગ્ય થયો છે. તે વખતે તેં શાસ્ત્રોના અર્થ ભણવા માટે કેટલો પરિશ્રમ કર્યો હતો. મારી બુદ્ધિ અતિતીક્ષ્ણ હતી, બીજાને ઉપદેશ આપવા માટે ઘણી પંડિતાઈ પ્રાપ્ત કરી હતી, પણ તારા પોતાના આત્મા માટે કંઇ ઉદ્યમ ન કર્યો, તો તેવી પંડિતાઇને ધિક્કાર થાઓ.

ભાવ રહિત ક્રિયા-કલાપ હંમેશાં પણ કરવામાં આવે, તો તે વેશ્યાએ પહેરેલાં વસ્ત્ર-આભૂષણ માફક બીજાના ચિત્તને પ્રસન્ન કરવા પૂરતાં જ હોય છે. એવી ઠગારી ક્રિયાને તિરસ્કાર થાઓ. આ પ્રમાણે દરરોજ પોતાનું દુશ્ચરિત્ર નિંદતો અને ઉત્તમ પ્રકારનો વૈરાગ્ય પામેલો જાણે કેદખાનામાં પૂરેલો કેદી હોય તેમ શોકમાં દિવસ પસાર કરતો હતો. હવે તે જ પ્રદેશમાંથી સ્થંડિલભૂમિ જતા એવા પોતાના શિષ્યોને દેખીને તેઓને પ્રતિબોધ કરવા માટે યક્ષપ્રતિમાના મુખમાંથી લાંબી જીભ બહાર કાઢીને રહેલો હતો, ત્યારે તે દેખીને મુનિઓ દરરોજ કહેવા લાગ્યા કે, 'અહિં જે કોઇ દેવ, યક્ષ, રાક્ષસ, કે કિન્નર હોય તે પ્રગટ થઇને કહો. લાંબી જીભ કરવાનું કારણ અમે સમજી શકતા નથી.' ત્યારે ખેદ સહિત યક્ષે કહ્યું કે, 'હે તપસ્વીઓ ! હું તમારો ગુરુ હતો, તેવખતે ક્રિયા કરવામાં પ્રમાદી બન્યો હતો, તે આર્યમંગુ અત્યારે પ્રમાદનું કડવું ફળ ભોગવી રહેલો છું.' ત્યારે શિષ્યો બોલ્યા કે, 'હે શ્રુતના ભંડાર ! તમો બે પ્રકારની શિક્ષા આપવામાં અતિશય દક્ષ હતા, તો પછી આવી અધમ યક્ષયોનિમાં કેમ ઉત્પન્ન થયા ? અમને આ મોટું આશ્ચર્ય લાગે છે.' ત્યારે યક્ષે કહ્યું કે, 'હે મહાભાગ્યશાળી સાધુઓ ! જેઓ પોતાના સદ્ધર્મ-કર્મમાં શિથિલ ભાવવાળા થાય છે, તેથી આવી હલકી યોનિ પામે, તેમાં કંઈ નવાઈ કે આશ્ચર્ય નથી.

શ્રાવકોમાં મમત્વભાવ રાખનાર ઋદ્ધિ-રસ-શાતા-ગૌરવમાં ભારી થએલા, શીતલ વિહારીપણાથી અને જિહ્વા ઇન્દ્રિયને આધીન થએલા હોય, તેવાની મારી સરખી હલકી ગતિ થાય છે. હે મહાસત્ત્વાળા સાધુઓ ! તમે આ મારી ગતિ જાણીને જો તમારે સારી ગતિ મેળવવી હોય, તો દુર્લભ એવો સંયમ પ્રાપ્ત કરીને હવે પ્રમાદનો ત્યાગ કરજો, કામદેવ-

યોદ્ધાને જિતીને ચરણની ક્રિયામાં અનુરક્ત થઇ જ્ઞાનવંતોની ચરણ-કરણની ભક્તિ કરજો, મોક્ષમાર્ગમાં પૂર્ણ પ્રયત્ન કરજો, અલ્પપરિગ્રહવાળા થજો, છકાયના જીવોને અભયદાન આપનારા થજો, એટલે તે શિષ્યો કહેવા લાગ્યા કે, 'તમોએ અમને બરાબર પ્રતિબોધ પમાડ્યા એમ કહીને શિષ્યો સંયમમાં સુંદર ઉદ્યમ કરવા લાગ્યા. (૨૫)

निग्गंतूण घराओ, न कओ धम्मो मए जिणक्खाओ ।
इड्ढि-रस-साय-गुरुयत्तणेण न य चेइओ अप्पा ।।१९३।।

ओसन्न-विहारेणं, हा ! जह झीणम्मि आउए सव्वे ।
किं काहामि अहन्नो ? संपइ सोयामि अप्पाणं ।।१९३।।

हा जीव ! पाव ! भमिहिसि, जाई-जोणी-सयाइं बहुयाइं ।
भव-सयसहस्स-दुलहं पि जिणमयं एरिसं लद्धुं ।।१९४।।

पावो पमाय-वसओ, जीवो संसार-कज्जमुज्जुत्तो ।
दुक्खेहिं न निव्विण्णो सुक्खेहिं न चेव परितुट्ठो ।।१९५।।

परितप्पिएण तणुओ, साहारो जइ घणं न उज्जमइ ।
सेणियराया तं तह, परितप्पंतो गओ नरयं ।।१९६।।

## ૧૨૦. ધર્મકાર્યમાં પ્રમાદ કરવાથી ફળ-

ઘરબારનો ત્યાગ કરી, દીક્ષા અંગીકાર કરી, પરંતુ તેમાં જિનેશ્વરોએ કહેલો સંયમ-ધર્મ બરાબર ન સેવ્યો, એટલું જ નહિં પરંતુ શિષ્યાદિ અને ભક્ત શ્રાવક વર્ગ-રૂપ સંપત્તિ-ઋદ્ધિ ગૌરવ, મધુર રસવાળા આહાર-પાણીમાં લોલુપતા કરી. રસ ગૌરવ, તેમજ કોમળ શય્યા કે સુંદર આસનથી થનારું સુખ-શાતા ગૌરવ, આ ત્રણ ગારવો કરવામાં આદરવાળો થવાથી મારો આત્મા ગૌરવથી ભારી થાય છે.' એમ હું ચેતી શક્યો નહિં. ગૌરવાસક્ત બની હું સંયમના આચારો પાળવામાં પ્રમાદી બન્યો. ઢીલા શિથિલ આચારમાં મારા આયુષ્યનો કાળ પસાર કર્યો. હવે મારું સમગ્ર આયુષ્ય પૂર્ણ થશે, ત્યારે હું શું કરીશ ? અત્યારે તો માત્ર મારે મારા આત્માનો શોક કરવાનો છે. કેવી રીતે ? 'હે પાપી જીવ ! લાખો ભવોએ દુર્લભ એવો ઉત્તમોત્તમ જિનધર્મ પામીને, અચિન્ત્ય ચિંતામણિરત્નાધિક ભગવંતના આગમ શાસ્ત્રો પામીને તે પ્રમાણે વર્તન ન કરવાના કારણથી એકેન્દ્રિયાદિક જાતિમાં, તેમજ શીત, ઉષ્ણ વગેરે અનેક જાતિઓમાં તું પરિભ્રમણ કરીશ. વળી પ્રમાદને

આધીન થએલો પાપી જીવ સંસારનાં કાર્યો કરવામાં ઉદ્યમવાળો થાય છે, તેમાં ચાહે તેટલું દુઃખ-સંકટ આવે, તો કંટાળતો નથી, તો પણ તેમાં વારંવાર પ્રવૃત્તિ કરે છે.

સંસારનું સુખ પ્રાપ્ત થવા છતાં પણ તૃષ્ણાધિકતા હોવાથી મળેલાં સુખમાં સંતોષ થતો નથી. ચ શબ્દથી મોક્ષનાં કારણભૂત સાધનોથી વિમુખ રહે છે. કરેલા પાપની નિંદા-ગર્હારૂપ પશ્ચાત્તાપ કરવાથી અલ્પ આધાર-રક્ષણ થાય છે. જો અપ્રમત્તપણે તપ-સંયમમાં ઉદ્યમ કરનારો થાય, તો ઘણા જ પાપકર્મનો ક્ષય કરનાર થાય. તેમ તપ-સંયમમાં ભારી ઉદ્યમ ન થાય તો શ્રેણિકરાજા માફક માત્ર પશ્ચાત્તાપથી તેવાં કર્મ દૂર થતાં નથી. અને તે પરિતાપ કરતો હતો, તો પણ સીમંતક નરકે ગયો. (૧૯૨ થી ૧૯૬) આ જીવ દુઃખોથી જે પ્રમાણે કંટાળ્યો નથી, તે છ ગાથાથી કહે છે -

जीवेण जाणि विसज्जियाणि जाईसएसु देहाणि ।
थोवेहिं तओ सयलं पि तिहुयणं हुज्ज पडिहत्थं ।।१९७।।

नह-दंत-मंस-केस-ट्ठिएसु जीवेण विप्पमुक्केसु ।
तेसु वि हविज्ज कइलास-मेरुगिरि-सन्निभा कूडा ।।१९८।।

हिमवंतमलय-मंदर-दीवोदहिधरणि-सरिस-रासीओ ।
अहिअयरो आहारो, छुहिएणाहारिओ होज्जा ।।१९९।।

जं णेण जलं पीयं, घम्मायव-जगडिएण तं पि इहं ।
सव्वेसु वि अगड-तलाय-नइ-समुद्देसु नवि हुज्जा ।।२००।।

पीयं थणयच्छीरं, सागर-सलिलाओ होज्ज बहुअयरं ।
संसारम्मि अणंते, माऊणं अन्नमन्नाणं ।।२०१।।

पत्ता य काम-भोगा, कालमणंतं इहं सउवभोगा ।
अप्पुव्वं पिव मन्नई, तह वि य जीवो मणे सुक्खं ।।२०२।।

## ૧૨૧. આ જીવે કેટલીવાર આહાર સ્તનપાનાદિ કરેલ ?

અત્યાર સુધીમાં આ જીવ જેટલી જેટલી જાતિમાં ઉત્પન્ન થયો, તે જાતિઓમાં સેંકડો નહિં, પણ ગણતરી વગરની સંખ્યામાં દરેક જાતિમાં દેહોનો ત્યાગ કર્યો. તેમાંથી થોડા ભાગનાં શરીરોથી આખું જગત પૂરાઈ જાય. એટલાં શરીરો ગ્રહણ કર્યાં અને છોડ્યાં.

અનાદિભવમાં આપણા એકલા આત્માએ શરીરના માત્ર નખ, દાંત, માંસ અને કેશ, હાડકાં જેટલાં છોડ્યાં છે, તે સર્વના જુદા જુદા ઢગલા કરવામાં આવે, તો કૈલાસ અને મેરુપર્વત સરખા મોટા થાય. વળી અત્યારસુધીમાં આપણા જીવે દરેક ભવમાં જે આહાર ગ્રહણ કર્યો છે, તે સર્વ એકઠો કરવામાં આવે, તો તે આહારના ઢગલા હિમવાનપર્વત, મલયપર્વત, મેરુપર્વત, દ્વીપો, સમુદ્ર સરખા ઢગલાઓથી પણ તે આહારના ઢગલાઓ અધિક થાય. એટલો આહાર ક્ષુધા પામેલા આપણા આત્માએ અત્યાર સુધીમાં કરેલો છે. તેમ જ ગ્રીષ્મકળથી પરાભવિત થઇ તરસ્યા થને જે તે જળપાન કર્યાં છે, તે સર્વ જળ એકઠું કરીએ તો કૂવા, તળાવ, સરોવર, નદીઓ, દ્રહો અને સર્વ સમુદ્રોમાં પણ તેટલું જળ નહિં હોય.

આ જીવે જુદા જુદા ભવોમાં ભ્રમણ કરતાં કરતાં સંસારમાં માતાનું જે સ્તનપાન કર્યું હશે, તેના દૂધનું પ્રમાણ જો વિચારવામાં આવે, તો સમગ્ર સમુદ્રો કરતાં પણ તે દૂધ વધી જાય. આ જીવે સંસારમાં અનંતકાળ સુધી આ લોક અને દેવભવમાં જે કામભોગો અને ઉપભોગો ભોગવ્યા છે, તે દરેક વખતે અપૂર્વ જ લાગે છે, તો પણ જીવને મનમાં તે ભોગવેલાનો સંતોષ થતો નથી. મળેલા છતાં કૃપણતાના કારણે ન ભોગવે, શબ્દ-રૂપ લક્ષણ કામ અને રસ, ગંધ, સ્પર્શરૂપ જે ભોગવાય તે ભોગો. ઇન્દ્રિયથી રૂપ સંબંધમાં આવે અને દેખાય ત્યારે તેની ઇચ્છા થાય તે કામ, શબ્દ પણ વ્યવહારથી દૂર રહેલો હોય, તેની ઈચ્છા કરાય, તેથી રૂપ અને શબ્દને કામ કહેવાય, બીજા આચાર્યો એમ માને છે કે, ઇન્દ્રિયોની સાથે જોડાઇને જે ભોગવાય અને તેનાથી જે સુખ થાય, તે ભોગ કહેવાય. કામભોગ અને ઉપભોગ એમ બંને ગ્રહણ કરવાથી આ પ્રમાણે વિભાગ થાય કે, 'એકને ગ્રહણ કરવાથી પાંચે ઇન્દ્રિયોના ભોગો ગ્રહણ થાય. તે આ પ્રમાણે ઘણા પ્રકારના કામો જાણે, જેમ ભોગઋદ્ધિની સંપત્તિ પામેલા હોય. વગેરે (૧૯૭ થી ૨૦૨)

**जाणइ अ जहा भोगिड्ढि-संपया सव्वमेव धम्मफलं ।**
**तह वि दढ-मूढ-हियओ, पावे कम्मे जणो रमई ।।२०३।।**

**जाणिज्जइ चिंतिज्जइ, जम्म-जरा-मरण-संभवं दुक्खं ।**
**न य विसएसु विरज्जई, अहो ! सुबद्धो कवड-गंठी ।।२०४।।**

**जाणइ य जह मरिज्जइ, अमरंतं पि हु जरा विणासेई ।**
**न य उविग्गो लोओ, अहो ! रहस्सं सुनिम्मायं ।।२०५।।**

दुपयं चउपयं बहुपयं च अपयं समिद्धमहणं वा ।
अणवकएऽवि कयंतो, हरइ हयासो अपरितंतो ।।२०६।।

न य नज्जइ सो दियहो, मरियव्वं चावसेण सव्वेण ।
आस-पास-परद्धो, न करेइ य जं हियं बोज्झो(बोद्दो) ।।२०७।।

संझराग-जल-बुब्बुओवमे, जीविए अ अलबिंदु-चंचले ।
जुव्वणे य नइवेग-संनिभे, पाव जीव ! किमयं न बुज्झसि ? ।।२०८।।

## ૧૨૨. પાપભોગઋદ્ધિની દુર્મોચકતા-

શબ્દાદિક ભોગોની ઉત્કૃષ્ટ પ્રાપ્તિ, તેમજ જે જે શુભ પદાર્થો મેળવ્યા છે, તે સુગુરુના સમાગમ અને ધર્મનું જ આ સર્વ ફળ મળેલું છે, તો પણ લોક વિષયમાં મૂઢ ચિત્તવાળો બની પાપકર્મ કરવામાં આનંદ માને છે. ગુરુના ઉપદેશથી જાણે છે, પોતાની બુદ્ધિથી ચિંતવે છે અને મનમાં નિર્ણય સ્થાપન કરે છે કે, જન્મ, જરા, મરણ અને તેની વચ્ચેનાં દુ:ખો વિષયના સંગથી થવાવાળાં છે, છતાં પણ વિષયોથી જીવ વૈરાગ્ય પામતો નથી કે તેનાથી વિમુખ થતો નથી. ખરેખર મોહની-અજ્ઞાનની ગાંઠ ભેદવી ઘણી મુશ્કેલ છે. અનેક પ્રકારની પીડાઓ જેમાં દુ:ખ દેવા સમર્થ થતી હોય, ત્યાં મિથ્યામતિઓ-અવળી બુદ્ધિવાળાઓની બુદ્ધિ કામ કરી શકતી નથી. સંસારનો મોહ કોઇક જુદી જ જાતિનો છે, દિશા ભૂલેલાની જેમ સંસારના વિષયોને તત્ત્વબુદ્ધિસ્વરૂપ ગણી તેનો સહવાસ સેવે છે. વળી પોતે એટલું તો નક્કી જાણે છે કે, 'દરેકને અને મારે મરવાનું જ છે, અત્યારે મરતો નથી, તો પણ જરા પણ મારા દેહનો નાશ કરી રહેલી છે, ચામડીમાં કરચલિયો પડી છે, કેશ સફેદ થઈ ગયા છે, ઇન્દ્રિયોની શક્તિ ઘટી ગઈ છે, દાંત ઘંટના લોલક માફક હાલી રહેલા છે, આમ છતાં ભવનો ભય ન હોવાથી લોકો ઉદ્વેગ પામતા નથી.

આશ્ચર્યની વાત છે કે, 'આ સંસારનું અવળું સ્વરૂપ કેવું ગુપ્તપણે નિર્માણ કરાયું છે ? તેમ જ નારક જીવો વગેરે, બે પગવાળા, ગાય વગેરે ચાર પગવાળા ભમરા વગેરે ઘણા પગવાળાં, સર્પ વગેરે પગ વગરના, ધનિક, દરિદ્ર, પંડિત કે મૂર્ખ વગેરે જેમણે કોઈ પણ તેનો અપકાર કરેલો નથી, તેના આયુષ્યના ક્ષય કાળે યમરાજા તે દરેકના પ્રાણોનું હરણ થાક્યા વગર નિરંતર કર્યા જ કરે છે. સર્વ જીવોએ પરાધીન બની નક્કી મરવાનું જ છે. કયા દિવસે મરવાનું છે, તે કોઇ જાણી શકાતું નથી. એમ છતાં પણ આશા-મનોરથોના ફાંસામાં ફસાએલા વધ કરવા યોગ્ય મનુષ્યની જેમ હંમેશાં યમરાજાના મુખમાં સપડાએલો

હોવાથી આત્મહિતના અનુષ્ઠાન કરતો નથી. સંધ્યા-સમયે આકાશના રંગો, તેમ જ પરપોટાની ઉપમાવાળા, તથા ઘાસના ઉપર લાગેલ જળબિન્દુ સમાન ચંચળ આયુષ્ય છે. પર્વત પરથી વહેતી નદીના વેગ સમાન યૌવનકાળ છે. તો હે દુરાત્મા પાપી જીવ ! આ સ્થિતિ તું કેમ નથી વિચારતો ? અથવા સાક્ષાત્ દેખવા છતાં તને કેમ બોધ થતો નથી ? વય જેમ વધતી જાય, તેમ પ્રથમ જરા કોળિયો કરવા માંડે છે, ત્યારપછી યમરાજા કોળિયો કરવાની ઉતાવળ કરે છે. માટે પ્રાણીઓના જન્મને ધિક્કાર થાઓ.

યમરાજાને-મૃત્યુને પરાધીન એવા આત્માને જે યથાર્થ સમજે છે, તો તેનો કોળિયો કોઈ કરી શકતા નથી, તો પછી પાપકર્મ કરવાની વાત જ ક્યાં રહી ? આ મૃત્યુને ગુણો વિષે દાક્ષિણ્ય નથી, દોષોમાં દ્વેષ નથી, દાવાનળ આખા અરણ્યને સાફ કરી નાખે છે, તેમ તે લોકોનો નાશ કરે છે. બીજાં કુશાસ્ત્રોથી મુંઝાએલો તું આ કહેલા ઉપદેશમાં શંકા ન કરીશ, કોઈપણ ઉપાયથી તારે હવે મૃત્યુ-દુઃખથી સર્વથા મુક્ત થવું. જેઓ મેરુપર્વતનો દંડ અને પૃથ્વીને છત્ર કરવા સમર્થ હોય, તેવા ઈન્દ્ર સરખા પણ પોતાને કે બીજાને મૃત્યુના મુખમાંથી બચાવવા સમર્થ થઈ શકતા નથી. (૨૦૩ થી ૨૦૮) હવે કામની વિડંબના પામેલાને વૈરાગ્ય ઉત્પન્ન કરવા માટે ઉપદેશ દેતા કહે છે કે -

**जं जं नज्जइ असुइं, लज्जिजइ कुच्छणिज्जमेयं ति ।**
**तं तं मग्गइ अंगं, नवरमणंगुत्थ पडिकुलो ।।२०९।।**

સ્ત્રીઓનાં જે જે અંગે અશુચિ-અપવિત્ર જણાય છે, જે જોવાથી લજ્જા થાય છે, વળી જે અંગો દેખવાથી ઘૃણા ઉત્પન્ન થાય છે, તે માત્ર શત્રુ સરખા પ્રતિકૂલ કામદેવના કારણે જ પ્રાર્થનીય થાય છે. અર્થાત્ કામદેવના આધીન થએલા જીવો જ સ્ત્રીઓનાં નિંદનીય અંગોને રમણીય માની તેની પ્રાર્થના કરે છે. (૨૦૯) કામ અતિલજ્જનીય, અતિગોપનીય અદર્શનીય બીભત્સ ઉન્માદનીય, મલથી વ્યાપ્ત દુર્ગંધી હોય છે, આવા પ્રકારનાં અંગની યાચના કરનાર કામનો કીડો સમજવો. અથવા કામદેવની અવલચંડાઇ-વિપરીતતા જ સમજવી, જે દરેકના મનને ઉદ્વેગ પમાડે છે. બીજા સ્થાને પણ કહેલું છે કે, 'સિન્દૂર રજથી પૂર્ણ સીમન્તિનીના કેશનો સેંથો એ સીમન્ત નામના નરકનો માર્ગ છે, તે ખ્યાલમાં રાખવું. સ્ત્રીઓના મનોહર નયનના કટાક્ષોનું નિરીક્ષણ કરાય છે, પરંતુ નિર્ભાગી પોતાના નાશ્ર પામતા જીવિતને જોતો નથી. નષ્ટબુદ્ધિવાળો મનુષ્ય રમણીઓનાં મુખને દરેક ક્ષણે દેખે છે, પરંતુ ખેદની વાત છે કે, તેને યમરાજાનું મુખ જોવા માટે સમય મળતો નથી. દુર્બુદ્ધિ મનુષ્ય યુવતીઓના ભુજારૂપ લતાના બંધનને મનોહર જાણે છે, પરંતુ કર્મ-બંધનથી પોતાનો આત્મા જકડાઇ ગયો, તેનો શોક કરતો નથી. જડ બુદ્ધિવાળો પુરુષ યુવતીના સ્તન-

કળશોનું આલિંગન કરી સુખ-પૂર્વક શયન કરે છે, પરંતુ નક્કી તે કુંભી પાકની વેદનાથી થતી વ્યથા ભૂલી જાય છે. (૬) આ જ વાત કેટલીક ગાથાથી કહે છે -

सव्व-गहाणं पभवो, महागहो सव्वदोस-पापट्टी ।
कामग्गहो दुरप्पा, जेणभिभूयं जगं सव्वं ।।२१०।।

जो सेवइ किं लहइ, थामं हारेइ दुब्बलो होइ ।
पावेइ वेमणस्सं, दुक्खाणि अ अत्तदोसेणं ।।२११।।

जह कच्छुल्लो कच्छुं, कंडुयमाणो दुहं मुणइ सुक्खं ।
मोहाउरा मणुस्सा, तह कामदुहं सुहं बिंति ।।२१२।।

## ૧૨૩. મહાગ્રહ-પાપગ્રહની પીડા-

સમગ્ર ઉન્માદોને ઉત્પન્ન કરનાર, પારદારિકાદિ સર્વ દોષોને ખેંચી લાવનાર અર્થાત્ સર્વ અપરાધોમાં પ્રવર્તાવનાર મહાદુરાત્મા હોય, તો આ કામગ્રહ નામનો મહાગ્રહ છે કે, જેનાથી ત્રણ લોક સ્વરૂપ જગત વશ કરાએલું છે. જે પુરુષ કામને વિષયને સેવે છે, તે શું મેળવે છે ? તો કે તે વિષયસેવનથી બલ, વીર્ય ગૂમાવે છે, શરીર દુર્બલ થાય છે, સેવ્યા પછી મનમાં પશ્ચાત્તાપ-ઉદ્વેગ થાય છે, તદુપરાંત પોતાના જ દોષથી ક્ષય વગેરે અસાધ્ય રોગોનાં દુઃખો મેળવે છે જેમ ખસ-ખરજ રોગવાળો મનુષ્ય નખથી શરીર ખણતાં ખણતાં દુઃખ પામે છે, છતાં તેમાં સુખ માને છે, તેમ મોહાધીન મનુષ્યો કામના દુઃખને સુખ કહે છે. તે આ પ્રમાણે - જેમ પ્રેમવાળી પત્ની અતિપ્રચંડ નેત્રના કટાક્ષો રૂપી બાણોના પ્રહારોથી મન જર્જરિત કરે છે, ચિત્કાર પણ કરે છે. આંખનાં બે પોપચાંઓ વારંવાર એકઠાં કરે છે, કરપીડન કરીને ચતુરાઈ બતાવે છે, વક્ષઃસ્થળો, સાથળો એકઠા કરવાનો પરિશ્રમ કરે છે, દુઃખ મિશ્રિત હોવા છતાં કામાધીન તેમાં સુખ માને છે. કોની માફક ? તો કે ખસ-ખરજ લોહીવિકાર થએલો હોય, તેવો પુરુષ નખરૂપ બાણથી પોતાના શરીરને છોલે છે, પીડા થાય એટલે ચિત્કાર પણ કરે છે, અને બે આંખોનાં પુટો એકઠા કરે છે. બે હાથ એકઠા કરી આંગળીમાં આંગળી નાખી ઘસે છે. તેનો પરિશ્રમ થાય છે, તો પણ તે દુઃખને સુખ કહે છે, તેમ દુઃખે કરી નિવારણ કરી શકાય તેવા કામને વશ થએલો મૈથુનને સુખ માને છે. કમળાના રોગવાળો પથરાને પણ સુવર્ણ માને છે, તેમ સ્ત્રીસંગથી થયેલા દુઃખને મોહાંધ બનેલા મનુષ્ય સુખ માને છે. (૨૧૦ થી ૨૧૨)

विसय-विसं हालहलं, विसयृविसं उक्कडं पियंताणं ।
विसय-विसाइन्नं पिव, विसय-विस-विसूइया होई ।।२१३।।

एवं तु पंचहिं आसवेहिं रयमायणित्तु अणुसमयं ।
चउगइ-दुह-पेरंतं, अणुपरियट्टंति संसारे ।।२१४।।

सव्वगई-पक्खंदे, काहंति अणंतए अकयपुण्णा ।
जे य न सुणंति धम्मं सोऊण य जे पमायंति ।।२१५।।

अणुसिट्ठा य बहुविहं, मिच्छदिट्ठी य जे नरा अहमा ।
बद्ध-निकाइय-कम्मा, सुणंति धम्मं न य करंति ।।२१६।।

पंचेव उज्झिऊणं, पंचेव य रक्खिऊण भावेणं ।
कम्म-रय-विप्पमुक्का, सिद्धिगइमणुत्तरं पत्ता ।।२१७।।

શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે વિષયોરૂપી વિષ સંયમરૂપ જીવિતનો નાશ કરનાર હોવાથી તરત જ મારી નાખનાર હાલાહલ ઝેર સમાન છે, ઉત્કટ કામસેવનરૂપ વિષનું પાન કરનાર દુર્ગતિરૂપી ઝાડા-ઉલટી કરાવનાર-વિસૂચિકા કરાવનાર અજીર્ણ છે, જે અનેક મરણો કરાવનાર થાય છે. હાલાહલ ઝેર પીનારને તેવું ઝેરનું અજીર્ણ થાય છે કે, જે મંત્ર, તંત્ર, જડીબુટ્ટી વગેરેથી પણ તે અજીર્ણ મટી શકતું નથી, અને મરણાદિ દુઃખ આપનાર થાય છે. તેમ વિષય વિષ અનંત સંસારના દુઃખ માટે થાય છે. આ પ્રમાણે ઇન્દ્રિયો અને હિંસાદિક પાંચ દ્વારા કર્મ આવવાના કારણભૂત પાપ ગ્રહણ, દરેક સમયે ચારે ગતિમાં રખડવાનું થાય છે, તેવાં પાપ ઉપાર્જન થાય છે, અર્થાત્ ચારે ગતિનાં ઉત્કૃષ્ટ દુઃખોનો અનુભવ કરનારો થાય છે. તેમ જ જેઓ ધર્મશ્રવણ કરતા નથી તેમ જ જેઓ ધર્મશ્રવણ કરીને ધર્મ કરવામાં પ્રમાદ કરે છે; એવા પુણ્ય કર્યા વગરના નિર્ભાગી આત્માઓ નરક વગેરે સર્વ ગતિવાળા દુઃખમય સંસારમાં અનંતકાળ સુધી પર્યટન કરશે. આ પ્રમાણે ધર્મ પ્રાપ્ત કરીને પ્રમાદ અને શિથિલતા કરનારને નુકશાન જણાવ્યું. હવે જેઓ શરૂઆતથી જ ધર્મ સ્વીકારતા નથી, તેઓને વિશેષ પ્રકારે ગેરલાભ-નુકશાન જણાવતાં કહે છે કે - ધર્માચાર્યો ઘણા પ્રકારે ધર્મદેશના દ્વારા ઘણી રીતે પ્રેરતા હોવા છતાં જે મિથ્યાદૃષ્ટિ બદ્ધ-નિકાચિત એવા ગાઢકર્મવાળા હોય છે, તે અધમ પુરુષો કદાચ કોઈના આગ્રહથી દાક્ષિણ્યથી સમવસરણમાં જાય, સાંભળે, પણ ધર્માચરણ કરતા નથી. વળી જેઓ શ્રવણ કરી ધર્માચરણ કરે છે, તેનો લાભ કહે છે - હિંસાદિક પાંચ મોટાં પાપોનો

ત્યાગ કરી, પાંચ મહાવ્રતોનું અંતઃકરણના ભાવપૂર્વક રક્ષણ કરી, પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં રાગ-દ્વેષ રહિત બની-સામાયિકમય બની કર્મરજથી સર્વથા મુક્ત બની અનુત્તર મોક્ષગતિને પ્રાપ્ત કરનાર થાય છે. (૨૧૩ થી ૨૧૭) આ પ્રમાણે સંક્ષેપથી મોક્ષ-કારણ સમજાવીને હવે વિસ્તારથી કહે છે -

**नाणे दंसणे-चरणे, तव-संजम-समिइ-गुत्ति-पच्छित्ते ।**
**दम-उस्सग्ग-ववाए, दव्वाइअभिग्गहे चेव ।।२१८।।**

**सद्दहणायरणाए, निच्चं उज्जुत्तं एसणाइ ठिओ ।**
**तस्स भवोअहि-तरणं, पव्वज्जाए य ज(स)म्मं तु ।।२१९।।**

જીવાદિક તત્ત્વોનું જ્ઞાન-ભગવંતે કહેલાં તત્ત્વોમાં શ્રદ્ધા કરવી, આસ્રવનો રોધ કરવારૂપ ચારિત્ર, બાર પ્રકારના તપ, સત્તર પ્રકારના સંયમ, સમ્યક્-પ્રવૃતિરૂપ પાંચ સમિતિઓ, નિવૃત્તિરૂપ ત્રણ ગુપ્તિઓ, દશ પ્રકારનાં પ્રાયશ્ચિત્તો, પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો, શુદ્ધ માર્ગના આચરણરૂપ ઉત્સર્ગ માર્ગ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપ અભિગ્રહ, આ સર્વને વિષે શ્રદ્ધાપૂર્વક આચરણ કરવામાં આવે, તો તેનો જન્મ ભવસમુદ્ર તરવા માટે અર્થાત્ મુક્તિ મેળવવા માટે થાય છે. (૨૧૮-૨૧૯) તેથી વિપરીત વર્તનાર મંદધર્મવાળા અને પ્રમાદી શ્રમણોની ચર્યા ૧૧ ગાથાથી કહે છે -

**जे घर-सरण-पसत्ता, छक्कायरिऊ सकिंचणा अजया ।**
**नवरं मुत्तूण घरं, घरसंकमणं कयंतेहिं ।।२२०।।**

**उस्सुत्तमायरंतो, बंधइ कम्मं सुचिक्कणं जीवो ।**
**संसारं च पवड्ढइ मायमोसं च कुव्वइ य ।।२२१।।**

**जइ गिण्हइ वय-लोवो, अहव न गिण्हइ सरीर-वुच्छेओ ।**
**पासत्थ-संकमोऽवि य, वयलोवो तो बरमसंगो ।।२२२।।**

**आलावो संवासो, वीसंभो संथवो पसंगो अ ।**
**हीणायारेहिं समं, सव्वजिणिंदेहिं पडिकुट्ठो ।।२२३।।**

**अन्नुन्न-जंपिएहि हसिउद्धसिएहिं खिप्पमाणो अ ।**
**पासत्थ-मज्झयारे, बलावि जइ वाउलीहोइ ।।२२४।।**

लोएवि कुसंसग्गी-पियं जणं दुन्नियच्छमइवसणं ।
निंदइ निरुज्जमं पिय-कुसीलजणमेव साहुजणो ।।२२५।।

निच्चं संकिय भीओ गम्मो सव्वस्स खलिय-चारित्तो ।
साहुजणस्स अवमओ, मओवि पुण दुग्गइं जाइ ।।२२६।।

गिरिसुअ-पुप्फसुआणं, सुविहिय ! आहरण-कारण-विहन्नू ।
वज्जेज्ज सीलविगले, उज्जुयसीले हविज्ज जई ।।२२७।।

## ૧૨૪. પ્રમાદી શ્રમણોની સંયમવિરુદ્ધ ચર્યા-

જે સાધુઓ ઘર, ઉપાશ્રય, તેના છાપરાં વગેરેના આરંભ કરવામાં પ્રસક્ત થએલા હોય, છકાય જીવોની હિંસા કરનારા, ધન વગેરે દ્રવ્યના પરિગ્રહવાળા હોય, અજયણાવાળા, મન, વચન, કાયાના યોગોને ગમે તેમ પ્રવર્તાવનારા હોય, તેઓએ માત્ર પૂર્વના ઘરનો ત્યાગ કરી સાધુવેષના બાનાથી નવા ઘરમાં પ્રવેશ કર્યો છે. અહિં આવી બીજું કંઈ સાધુપણું સાધ્યું નથી. તેથી તેઓ મહાઅનર્થ માટે થાય છે - તે જણાવે છે. આ જીવ આગમથી વિરુદ્ધ એવું આધાકર્મ, અબ્રહ્મ-સેવન ઇત્યાદિક આચરતો અતિગાઢ નિકાચિત જ્ઞાનાવરણાદિ કર્મ બાંધે છે, સંસારને વધારે છે અને માયાસહિત અસત્યભાષણ સત્તરમું પાપસ્થાનક સેવીને અનંતો સંસાર ઉપાર્જન કરે છે. સૂત્રવિરુદ્ધ આચરણ કરવાથી પાસત્થાદિક થાય છે, તેમાં સારા સાધુએ વાસ ન કરવો. કારણ કે, ત્યાં રહેવાથી શું થાય છે, તે જણાવે છે -

પાસત્થાદિકે લાવેલો આહાર ગ્રહણ કરે, તો વ્રતોનો લોપ થાય, અથવા ન ગ્રહણ કરે, તો શરીરનો નાશ થાય, પાસત્થામાં સંક્રમ-પ્રવેશ કરવો, તે વ્રતલોપ કરવા સમાન છે, તો તેના સહવાસમાં ન આવવું, તે જ શ્રેષ્ઠ છે, અર્થાત્ શરીરનો નાશ ભલે થાય, પરંતુ પાસત્થાનો પ્રથમથી જ સહયોગ ન કરવો. હીન આચારવાળા સાથે વાતચીત, એકઠા રહેવું, વિશ્વાસ રાખવો, પરિચય કરવો, વસ્ત્ર આહારાદિક લેવા-દેવાનો પ્રસંગ પાડવો ઇત્યાદિક વ્યવહાર કરવાનું સર્વ જિનેશ્વરોએ નિષેધેલું છે - તેમની સાથે વાસ કરવામાં કયો દોષ છે, તે કહે છે - પરસ્પર બોલવા-ચાલવાથી, હાસ્યથી રુંવાડા ખડા કરવાથી, પાસત્થાદિક હીન આચારવાળાઓ બળાત્કારે ધર્મ-ધ્યાનથી ચૂકાવીને, પોતાને ધર્મની સ્થિરતાથી ખસેડી નાખે છે. માટે તેમનો સંગ દૂરથી ત્યજવો. અતિદૃઢ ચિત્તવાળા સુંદર આચારવાળા હોય, તો પણ તેનો સંગ કોઇ દિવસ પણ કુશલ ગણેલો નથી.

આ તેઓની મધ્યમાં રહેવાનો દોષ બતાવ્યો, પરંતુ સુસાધુની સાથે રહેનાર હોવા છતાં

પણ મંદ પરિણામ થવાના કારણે તેનો સંસર્ગ કરે, તેને આશ્રીને કહે છે કે, લોકો પણ જેને કુસોબત પ્રિય હોય, ખરાબ વેષ પહેરનાર હોય, હાસ્ય કરનારા હોય, દ્યૂતાદિક વ્યસન સેવનારા હોય, તેવાને નિંદે છે; તેમ ચારિત્રધર્મમાં ઉદ્યમ ન કરનારા અને કુશીલિયાપ્રિય હોય, તેવા વેષધારી સાધુની સારા મનુષ્યો-સાધુલોકો તેવાની નિંદા કરે છે. કોઇ મારું ખરાબ વર્તન ન દેખો એમ હંમેશાં શંકા કરતો, કદાચ મારી આ દુષ્ટ પ્રવૃત્તિ કોઈક જાહેર કરી દેશે-એવા ભયવાળો, બાલકો અને બીજાઓને પરાભવ કરવા યોગ્ય, જેણે ચારિત્રમાં સ્ખલના કરેલી હોય, તેવો કુશીલિયો સાધુ મુનિજનોને અમાન્ય થાય છે, વળી તે મૃત્યુ પામીને નરકાદિક દુર્ગતિમાં જાય છે અને અનંત સંસારી બને છે. માટે ગમે તેવા પ્રાણના ભયમાં પણ ચારિત્રની વિરાધના કરવી નહિં. કુસંસર્ગના દોષ વિષયક દૃષ્ટાંત કહે છે - હે સુવિહિત સાધુ ! પર્વતમાં વાસ કરનાર ભિલ્લનો પોપટ અને પુષ્પવાડીમાં સારા મનુષ્ય પાસે રહેનાર પોપટ તે બંનેનું દૃષ્ટાન્ત ગુણ અને દોષ જણાવનાર છે. એ જાણીને શીલ-ચારિત્ર રહિત, આચારરહિત સાધુઓનો પરિચય-સંગ વર્જવો અને સુંદર ચારિત્રવાળા સાધુનો સમાગમ કરવા પ્રયત્ન કરવો. (૨૨૦ થી ૨૨૭)

## ૧૨૫. સંસર્ગથી થનાર ગુણ-દોષનું દૃષ્ટાન્ત -

કાદંબરી નામની અટવીમાં એક વડલાના વૃક્ષના પોલાણમાં બે સાથે જન્મેલા પોપટો રહેતા હતા. તેમાંથી એકને એક મ્લેચ્છ પોતાને ત્યાં લઇ ગયો. તે પર્વતની પલ્લીમાં મોટો થએલો હોવાથી પર્વત પોપટ તરીકે ઓળખાતો હતો, સોબત અનુસાર તે ક્રૂર પરિણામવાળો થયો. બીજો પોપટ પુષ્પમસૃદ્ધ તાપસના શ્રમમાં વૃદ્ધિ પામેલો હોવાથી પુષ્પ પોપટ તરીકે જાણીતો થયો હતો. કોઇક દિવસે અવલચંડા ઘોડાએ વસંતપુર નામના નગરથી કનકકેતુ રાજાને હરણ કરીને ભીલની પલ્લી પાસે ખેંચી લાવ્યો. ત્યારે મ્લેચ્છની મતિથી ભાવિત થએલ વૃક્ષ ઉપર બેઠેલ પોપટે કોઇ પ્રકારે રાજાને જોયો. ત્યારે પોપટ બોલ્યો કે, હે ભિલ્લો ! અહિં ઘેર બેઠાં જ રાજા આવી ગયો છે, તો તેને જલદી પકડી લો. ત્યારે રાજાએ વિચાર્યું કે, જ્યાં પક્ષીઓ પણ આવા છે, તો તે દેશ દૂરથી જ ત્યાગ કરવા લાયક છે. એમ માનીને રાજા ત્યાંથી પલાયન થઇને તાપસના આશ્રમે આવી પહોંચ્યો. તેને દેખીને પુષ્પપોપટે કહ્યું કે, 'અરે તાપસકુમારો ! અતિથાકેલ મહેમાન આવે છે. આ ચારે આશ્રમના ગુરુ-રાજા છે, તો જલ્દી તેને આસન આપો અને તેની બરાબર પરોણાગત સાચવો' - એમ તાપસકુમારોને ઉત્સાહિત કર્યા. તેઓએ રાજાને ભોજન કરાવ્યું, ખેદ દૂર કરાવ્યો. રાજાએ ભિલ્લ પોપટનો વૃત્તાન્ત અહિં જણાવ્યો.

એક જાતિમાં ઉત્પન્ન થએલા છતાં બે વચ્ચે આટલું આંતરું કેમ ? એમ પૂછ્યું, ત્યારે

તેણે કહ્યું કે, સંસર્ગના કારણે આમ થયું છે. તે આ પ્રમાણે - 'અમારી માતા એક જ છે, પિતા પણ એક જ છે, અમે બંને એક જ ઉદરમાંથી ઉત્પન્ન થયા છીએ. મને મુનિ અહિં લાવ્યા અને તેને ભિલ્લ લઇ ગયો. તે ક્રૂર શિકારીની વાણી સાંભળીને તેમના સંસર્ગથી કટુ બોલતાં શીખ્યો, હું મુનિપુંગવોની વાણી સાંભળીને મધુર બોલતાં શીખ્યો. તમે સર્વ પ્રત્યક્ષ દેખ્યું કે, સંસર્ગથી દોષો અને ગુણો ઉત્પન્ન થાય છે.' ખુશ થએલ રાજા ત્યારે એમ કહેવા લાગ્યા કે, - 'તપેલા લોહ ઉપર રહેલ જળનું નામ નિશાન પણ જણાતું નથી, કમલપત્ર પર રહેલ તે જ જળ મોતીના સરખું દેખાય છે અને શોભા પામે છે. સમુદ્રની છીપોમાં સંપુટમાં જળ પડે, તો તેમાંથી સુંદર મોતી ઉત્પન્ન થાય છે, ઘણાભાગે અધમ, મધ્યમ અને ઉત્તમના ગુણો સહવાસથી થાય છે. આમ્ર અને લિંબડાંનાં વૃક્ષનાં મૂળિયાં બંને એકઠાં થાય, તો લિંબડાના સંસર્ગથી આંબો વિનાશ પામી લિંબડાનો કડવો દોષ પ્રાપ્ત કરે છે, પરંતુ લિંબડો આંબાની મધુરતા ગ્રહણ કરતો નથી. એમ માનીને દુષ્ટ શીલવાળાની સંગતિનો ત્યાગ કરીને સુંદર શીલવાળાઓની સાથે બીજાઓએ સહવાસ કરવો યોગ્ય છે.

ગાથામાં સુવિહિત શબ્દ કહીને સુસાધુને આમંત્રણ કરેલ છે. આ બે પોપટનાં ઉદાહરણ આપીને એમ જણાવ્યું કે, શીલરહિતનો સંસર્ગ-ત્યાગ કરવો, અને પોતે ધર્મકાર્યમાં ઉદ્યમવંત બનવું.

આ પ્રમાણે કારણના અભાવમાં પાસત્થા વગેરેનો સંસર્ગ છોડવો, અને કારણ પડે તો, તેને વંદનાદિક કરવું, તે કહે છે -

**ओसन्न-चरण-करणं, जइणो वंदंति कारणं पप्प ।**
**जे सुविइय-परमत्था, ते वंदंते निवारंति ।।२२८।।**

**सुविहिय वंदावंतो, नासेई अप्पयं तु सुपहाओ ।**
**दुवहपह-विप्पमुक्को, कहमप्प न याणई मूढो ।।२२९।।**

કોઇ વખત સંયમ-નિર્વાહાદિ કારણ પામીને સાધુ શિથિલ ચરણ-કરણવાળા શીતલવિહારી સાધુને પણ વંદના કરે છે, પરંતુ જેમણે પરમાર્થ સારી રીતે જાણેલો હોય, તેવા સંવિગ્નપાક્ષિક મુનિઓ તેમને પોતાને વંદન કરતાં અટકાવે છે. સંવિગ્ન પાક્ષિક પોતે વંદન કરે, પણ કરાવે નહિં, તેથી ઉલટું કહે છે. વંદન કરાવનાર પોતાને સન્માર્ગથી ભ્રષ્ટ કરે છે. જે માટે કહેવું છે કે, જેઓ બ્રહ્મચર્યવ્રતથી ભ્રષ્ટ થએલા છે, તેઓ ઘણેભાગે બ્રહ્મચારીની ઉડ્ડાહના કરે છે, તેઓ હસ્ત વગરના વામન સરખા છે. તેઓને ભવાંતરમાં બોધિ અતિદુર્લભ છે. સાધુ અને શ્રાવક બંને માર્ગ રહિત છે. ક્લિષ્ટ-અશુભ પરિણામ હોવાથી સાધુ નથી,

સાધુવેષ હોવાથી શ્રાવક પણ નથી. પોતે પોતાના આત્માને ઓળખેલો જ નથી. મૂઢ એવો તે ઉત્તમ સાધુને શા માટે વંદન કરાવે છે ? (૨૨૮-૨૨૯) (૮૯૯૦ ગ્રન્થાગ્ર.)

આ પ્રમાણે શ્રી રત્નપ્રભસૂરિએ રચેલ ઉપદેશમાલા વિશેષ વૃત્તિના આગમોદ્ધારક આ. શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મ. ના શિષ્ય આ. શ્રીહેમસાગરસૂરિએ ત્રીજા વિશ્રામનો ગૂર્જરાનુવાદ પૂર્ણ કર્યો. [સં. ૨૦૩૦ કાર્તિક શુદિ ૧૧, મંગળ, તા. ૬-૧૧-૭૩ સૂરત નવાપુરા, શ્રીશાંતિનાથજી દેરાસરજી પાસેનો ઉપાશ્રય.]

ત્રીજો વિશ્રામ પૂર્ણ થયો.

## ઉપદેશમાલા-વિશેષવૃત્તિ-ચોથો વિશ્રામ.

આટલા ગ્રન્થ સુધી ઘણા ભાગે સાધુઓને, કોઇક સ્થળે ગૃહસ્થોને, કયાંઇક બંનેને સાધારણરૂપે ધર્મનો ઉપદેશ આપ્યો. અત્યારે ખાસ કરીને ગૃહસ્થને જ ધર્મોપદેશ કહેવાય છે, તે સામાન્યથી ગૃહસ્થધર્મમાં રહેલા હોય તેને જ સારી રીતે તે ધર્મ થાય છે. તે જ વાત કહેવાય છે. સૂરિવર્યોમાં તિલકસમાન એવા શ્રીહેમચન્દ્રાચાર્ય ગુરુમહારાજાએ વાણીની વિશુદ્ધિ માટે ઉત્તમ વ્યાકરણરૂપ અમૃતની રચના કરી, વળી તેમાં અવાન્તર-તે કુમારપાળ રાજાના ચરિત્રરૂપ બીજો અર્થ કહ્યો, તે કુમારપાળ મહારાજાએ ધર્મનો મર્મ જાણીને પોતાના રાજ્યમાંથી શિકાર, જુગાર, મદિરા વગેરે વ્યસનો દૂર કરવાથી નિરંતર મહોત્સવમય પૃથ્વી બનેલી છે. તેમને ઉપદેશ કરનાર હેમચંદ્રાચાર્યે શ્રાવકધર્મને લાયક ૩૫ માર્ગાનુસારીના ગુણો આ પ્રમાણે જણાવેલા છે, તે કહે છે -

### ૧૨૭. માર્ગાનુસારીનાં ૩૫ ગુણો-

૧ ન્યાયથી ઉપાર્જન કરેલ વૈભવવાળો, ૨ ઉત્તમ આચારોની પ્રશંસા કરનાર, ૩ સરખા કુલ-શીલવાળા અન્ય ગોત્રિયો સાથે વિવાહ કરનાર, ૪ પાપથી ડરનાર, ૫ પ્રસિદ્ધ દેશાચારને આચરતો, ૬ કોઈનો પણ અવર્ણવાદ ન બોલનાર અને રાજા વગેરેનો તો વિશેષ પ્રકારે, ૭ અતિગુપ્ત નહિં અને અતિપ્રગટ નહિં એવા મારા પાડોશીવાળા સ્થાનમાં તેમ જ જવા-આવવાના અનેક દ્વાર-રહિત મકાનમાં રહેનાર, ૮ સદાચારીઓ સાથે સોબત કરનાર, ૯ માતા-પિતાની પૂજા કરનાર, ૧૦ ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરનાર, ૧૧ નિંદનીય કાર્યમાં ન પ્રવર્તનાર, ૧૨ આવક પ્રમાણે ખર્ચ કરનાર, ૧૩ વૈભવઅનુસારે વેષ પહેરનાર, ૧૪ બુદ્ધિના આઠ ગુણોથી યુક્ત ૧૫ હંમેશાં ધર્મ શ્રવણ કરનાર, ૧૬ અજીર્ણ વખતે ભોજનનો ત્યાગી, (ગ્રં. ૯૦૦૦) ૧૭ ભોજન સમયે સ્વસ્થતાથી પથ્યભોજન કરનાર, ૧૮ એકબીજાને હરકત ન આવે તેવી રીતે ધર્મ, અર્થ અને કામરૂપ ત્રણ વર્ગને

સાધતો, ૧૯ સ્વશક્તિ અનુસાર પરોણા, સાધુ, દીન, દુઃખીઓની સેવા કરનાર, ૨૦ હંમેશાં ખોટો આગ્રહ ન કરનાર, ૨૧ ગુણોમાં પક્ષપાત કરનાર, ૨૨ અદેશ અને અકાલના આચારનો ત્યાગ કરતો, ૨૩ બલાબલનો જાણનાર, ૨૪ તપ નિયમ કરનાર અને જ્ઞાનવૃદ્ધોની પૂજા કરનાર, ૨૫ આશ્રિતોનું પોષણ કરનાર, ૨૬ દીર્ઘદૃષ્ટિવાળો, ૨૭ વિશેષ જાણનાર, ૨૮ કરેલા ઉપકારને ન ભૂલનાર, ૨૯ લોકવલ્લભ, ૩૦ લજ્જાવાળો, ૩૧ દયાયુક્ત, ૩૨ શાન્ત સ્વભાવી, ૩૩ પરોપકારના કાર્યમાં શૂરવીર, ૩૪ કામ-ક્રોધાદિક અંતરંગ છ શત્રુનો ત્યાગ કરવામાં તત્પર, ૩૫ ઇન્દ્રિયોના સમુદાયને આધીન કરનાર. આ કહેલા ૩૫ ગુણ-સમુદાયવાળો ગૃહસ્થ ધર્મનો અધિકારી બની શકે છે.

સામાન્ય ગૃહસ્થ ધર્મથી યુક્ત એવા મહાત્માને સારી પત્ની વગેરેનો સંયોગ પુણ્યના યોગે પ્રાપ્ત થાય છે. જે માટે કહેલું છે કે, પ્રેમવાળી પત્ની, વિનયવાળો પુત્ર, ગુણોથી અલંકૃત બન્ધુ, બન્ધુવર્ગ સ્નેહવાળો હોય, અતિચતુર મિત્ર હોય, હંમેશાં પ્રસન્ન એવા સ્વામી-શેઠ હોય, નિર્લોભી સેવકો હોય, પ્રાપ્ત થએલા ધનનો ઉપયોગ બીજાના સંકટ-સમયમાં હોય, આ સર્વ સામગ્રી નિરંતર ત્યારે જ કોઇકને પ્રાપ્ત થાય છે, જ્યારે પુણ્યનો ઉદય હોય છે. આ પ્રમાણે ગૃહસ્થ-ધર્મના આચારને સામાન્યથી જણાવી હવે વિશેષથી ગૃહસ્થધર્મ સત્તર ગાથાથી જણાવે છે - ઉત્તમ શ્રાવકની સવારે ઉઠીને શયન કરવાના કાળ સુધીની દિનચર્યા કહીને વ્યાખ્યા કરીશું -

## ૧૨૭. શ્રાવકની દિનચર્યા-

સમ્યગ્પ્રકારે જિનમત જાણીને નિરંતર નિર્મલ પરિણામમાં વર્તતો, પોતે ગૃહવાસના સંગથી લપેટાએલો છે અને તેના પરિણામ અશુભ ભોગવવા પડશે - એમ જાણીને તથા પ્રચંડ પવનથી કંપાયમાન કેળપત્રપર લાગેલા જળબિન્દુની જેમ આયુષ્ય યૌવન અને ધનની ચંચળતા જાણીને તેનો દૃઢ નિશ્ચય કરે છે કે, 'આયુષ્ય, યૌવન અને ધન ક્ષણિક છે. એટલે તેવો આત્મા સ્વભાવથી વિનીત થાય છે, સ્વભાવથી ભદ્રિક અને અતિશય સંસાર પ્રત્યે નફરતવાળો બને છે. સ્વાભાવિક ઉદારચિત્તવાળો અને ધર્મધુરા વહન કરવા માટે બળદ સમાન સમર્થ થાય છે. હંમેશાં સાધર્મિક વાત્સલ્ય કરનાર, જીર્ણ ચૈત્યોનો ઉદ્ધાર કરનાર, બીજાની નિંદા કરવાનો ત્યાગી એવો ઉત્તમ શ્રાવક હોય છે. રાત્રિ પૂર્ણ થાય અને પ્રાતઃકાળ થાય, તે સમયે જાગીને પંચમંગલ-નવકારનું સ્મરણ કરનાર શ્રાવક ઉચિત કાર્યો કરવા ઉભો થાય છે. ત્યારપછી પોતાના ગૃહમંદિરમાં રહેલી વીતરાગ પરમાત્માની મૂર્તિઓને સંક્ષેપથી વંદન કરે, ત્યારપછી સાધુની વસતિમાં જઇને ત્યાં આવશ્યકાદિક કરે. આમ કરવાથી જિનેશ્વરની આજ્ઞાનું સુંદર પાલન કરેલું ગણાય. વળી ગુરુની પાસેથી સૂત્ર,

અર્થ અને વિશેષ પ્રકારનું જ્ઞાન મેળવી શકાય છે. ગુરુ પાસે યથાસ્થિત સામાચારી જાણી શકાય, ધર્મનું કુશળપણું મેળવી શકાય, અશુદ્ધ બુદ્ધિનો નાશ થાય, ગુરુસાક્ષી પૂર્વક ધર્મનું આરાધન કરવામાં આવે તો સંપૂર્ણ વિધિ થએલો ગણાય, માટે ગુરુ પાસે જઇ આવશ્યકાદિક વિધિ કરવી.

સાધુઓની ગેરહાજરીમાં, વસતિ સાંકડી હોય ઇત્યાદિક કારણોમાં ગુરુની અનુજ્ઞા પામેલો પૌષધશાળા વગેરે સ્થાનમાં પણ કરે. સ્વાધ્યાય કરીને થોડેક સમય અપૂર્વ-નવીન સૂત્રનો અભ્યાસ કરે. ત્યાંથી પાછો આવીને દ્રવ્ય અને ભાવ બંને પ્રકારે પવિત્ર થઇને પ્રથમ હંમેશાં પોતાના ગૃહમંદિરમાં ચૈત્યને વંદના કરવી. વળી શાસ્ત્રમાં કહેલી વિધિથી પ્રાતઃકાળમાં પહેલાં પોતાનાં વૈભવાનુસાર તેની પૂજા કરવી. ત્યારપછી જો તેને તેવા પ્રકારનું ગૃહકાર્ય ન હોય તો તે સમયે શરીરશુદ્ધિ કરીને સુંદર પૂજાનાં વસ્ત્રો પહેરીને પુષ્પોયુક્ત ઉત્તમ પ્રકારની પૂજાની સામગ્રી લઇ પરિવાર સાથે જિનેશ્વરના મંદિરે જાય અને પાંચ અભિગમ પૂર્વક તેમાં પ્રવેશ કરે. તંબોલાદિક સચિત્ત વસ્તુનો ત્યાગ, આભરણાદિક અચિત્તદ્રવ્યનો અત્યાગ, એક સાટિક નિર્મલ ઉત્તરાસણ-ખેસ રાખવો, જિનમૂર્તિનાં દર્શન થતાં જ મસ્તકે અંજલિ જોડવી અને 'નમો જિણાણં' એવા જયકારના શબ્દો બોલવા. મનની એકાગ્રતા કરવી. આ પ્રમાણે આ પાંચ પ્રકારનો અભિગમ જાણવો. પુષ્પ, નૈવેદ્ય અને સ્તુતિ રૂપ ત્રણ પ્રકારની અથવા ફલ, જળ, ધૂપ, અક્ષત, વાસચૂર્ણ, પુષ્પ, નૈવેદ્ય અને દીપક એમ અષ્ટપ્રકારી પૂજા કહેલી છે. ત્રણ નિસિહિ વગેરે દશત્રિક યુક્ત ઇરિયાવહી પડિક્કમીને મન, વચન, કાયાના યોગની એકાગ્રતા કરીને અતિસંવેગ સહિત ચૈત્યવંદન કરે.

હવે કોઇકને કંઈક કારણસર જિનવરના ભવનમાં કે પોતાના ઘરે અથવા પૌષધશાળામાં સામાયિકાદિક કરવા પડ્યાં હોય, તો પછી સાધુની પાસે જઇને ગુરૂવંદન કરીને વિધિપૂર્વક પ્રત્યાખ્યાન કરે અને અલ્પકાળ જિનવચનનું શ્રવણ કરે. વળી સાધુસમુદાયમાં બાલ, ગ્લાન વગેરેને ભક્તિપૂર્વક પૃચ્છા કરે અને તેમને કોઇ પણ જરૂરીયાત હોય તે યથાયોગ્ય પૂરી પાડે. ત્યારપછી કુલક્રમનું ઉલ્લંઘન ન થાય, લોકોમાં ધર્મની નિંદા ન થાય અનિંદિત વ્યવહાર પૂર્વક આજીવિકા માટે પ્રયત્ન કરે. ભોજન સમયે ઘરે આવીને તેવા પ્રકારની પુષ્પ, નૈવેદ્ય, સ્તુતિથી ભાવપૂર્વક જિનબિંબની પૂજા વિધિ-સહિત કરવી. ત્યારપછી સાધુ ભગવંતોની પાસે જઇને વિનંતી કરે કે, 'હે ભગવંત ! મારા ઉપર કૃપા કરીને મારા ઘરે પધારી અશનાદિક દ્રવ્ય ગ્રહણ કરીને હે જગતના જીવો પ્રત્યે વાત્સલ્ય રાખનાર ! ભવકૂપમાં પડતા મને હસ્તાવલંબન આપી મારો ઉદ્ધાર કરો.' હવે બે મુનિઓ સાથે જ્યારે ઘર તરફ પ્રયાણ કરે અને ઘરના દ્વારમાં પ્રવેશ કરે, ત્યારે ઘરે રહેલા કુટુંબીઓ પણ સન્મુખ આવે. (૨૫) ત્યારપછી વૃદ્ધિ પામતી શ્રદ્ધાવાળો શ્રાવક ખેસથી પગનું પ્રમાર્જન

કરીને મુનિઓને વંદન કરે, અને વિધિ પ્રમાણે અશનાદિક આપીને અતિથિ-સંવિભાગરૂપ મુનિઓને વંદન કરે, અને વિધિ પ્રમાણે અશનાદિક આપીને અતિથિ-સંવિભાગરૂપ દાન આપે. વંદન સહિત થોડાં ડગલાં સાથે વળાવવા જાય. ત્યારપછી ઘરે આવીને પિતાદિક વડીલોને જમાડીને, ગાય-બળદ અને સેવક વર્ગની સાર-સંભાળ કરીને, દેશાંતરમાંથી આવેલા શ્રાવકોની ચિંતા કરીને ઘરમાં કોઈ બીમાર હોય તેની યોગ્ય વ્યવસ્થા કરીને પછી ઉચિત પ્રદેશમાં ઉચિત આસન ઉપર બેસીને કરેલા પ્રત્યાખ્યાનનું સ્મરણ કરીને, પંચ નમસ્કારનું સ્મરણ કરી ઉત્તમશ્રાવક ભોજન કરે, ત્યારપછી ભોજન કરીને ઘરચૈત્યમાં પ્રભુ આગળ વિધિપૂર્વક બેસીને ચૈત્યવંદન કરીને દિવસ ચરિમ વગેરે પ્રત્યાખ્યાન કરે. થોડો સમય સ્વાધ્યાય, અપૂર્વજ્ઞાનનું પઠન કરીને ફરી પણ આજીવિકા માટે અનિંદિત વેપાર કરે.

વળી સંધ્યા સમયે ગૃહમંદિરમાં જિનેશ્વરની સારભૂત સ્તુતિ-સ્તોત્રથી પૂજા પૂર્વક વંદન કરે, ત્યારપછી જિનભવનમાં જઇને જિનબિંબને પૂજીને વંદન કરે. ત્યારપછી સવાર માફક સામાયિક, પ્રતિક્રમણ કરે. પ્રત્યાખ્યાન ગ્રહણ કરે, ક્ષણવાર ધર્મશાસ્ત્રનું શ્રવણ કરે, વળી વિધિથી ભક્તિ સહિત સાધુઓની વિશ્રામણા કરે. શંકાવાળાં સૂત્રપદોની પૃચ્છા કરે, વળી શ્રાવકવર્ગને યોગ્ય કરવા લાયક કાર્યો પૂછે, પછી ઘરે આવી ગુરુ અને દેવનું સ્મરણ કરી વિધિથી શયન કરે. મુખ્યતાએ ઉત્કૃષ્ટ સર્વથા બ્રહ્મચર્યનું પાલન કરે અથવા મંદપરિણામવાળો બ્રહ્મચર્યનો નિયમ પાળે, કંદર્પ કામકથાદિકથી મુક્ત થએલો સ્ત્રી રહિત એકાંતસ્થળમાં શયન કરે. હજુ હું પ્રચંડ મોહમાં પરવશ બનેલો છું, તેનો ત્યાગ કરવા સમરથ થયો નથી. કોઈ પ્રકારે ઉપશાંત મોહવાળો બનું. વળી આ પ્રમાણે અધ્યાત્મ ચિંતવન કરે કે, 'આ જગતમાં સર્વ દુઃખનું મૂળ આધીન થએલા સર્વ જીવો હિતને અહિત માને છે. જે મોહને આધીન થએલા કામીજનો અસાર એવા યુવતીઓનાં વદન, સ્તનાદિક અંગોને ચંદ્ર, કમલ, કળશ ઇત્યાદિક ઉપમાઓ આપે છે, એવા તે મોહને ધિક્કાર થાઓ. તેવી રીતે સ્ત્રીઓનાં કલેવરનું તત્ત્વભૂત ચિંતન કરવું કે જેથી મોહશત્રુનો નાશ થાય અને જલ્દી વૈરાગ્ય રસ ઉછળે. તે આ પ્રમાણે -

કવિઓ યુવતીના વદનને ચંદ્રની કાંતિસમાન આલ્લાદક અને મનોહર કહે છે, પરંતુ તે વદન અને બીજાં સાત વિવરોમાંથી અશુચિરસ નિરંતર ગળતો રહે છે. વિસ્તીર્ણ અને મોટાં સ્તનો માંસનો લોચો છે અને પેટ અશુચિથી ભરેલી પેટી છે. બાકીના શરીરમાં માંસ, હાડકાં, નસો અને લોહી માત્ર છે અને તે સર્વ પણ દુર્ગંધ મારતાં અશુચિ બીભત્સ દુગંછા ઉપજાવનાર છે. વળી અધોગતિ-યોનિદ્વાર બીભત્સ અને કુત્સનીય શરમ ઉત્પન્ન કરનાર છે. આવાં અશુભ સ્વરૂપવાળાં અંગોમાં કયો ડાહ્યો વિવેકી વૈરાગ્ય ન પામે ? આવા પ્રકારના ગુણોવાળી યુવતીઓને વિશે જેઓ વિરક્ત-મનવાળા થયા હોય, તેઓએ જન્મ, જરા અને

મરણને જલાંજલિ આપી છે. દેવકુમાર સરખા રૂપવાળો તે સનત્કુમાર ચક્રવર્તી જય પામો કે, જેણે ક્ષણવારમાં તણખલા માફક તેટલું મોટું અંતઃપુર ત્યજી દીધું. સંયોગ અને વિયોગના આવેગથી જેમની ચિત્તવૃત્તિ ભેદાઇ ગઈ છે, એવા કુમારપણામાં જ તેઓએ શ્રમણપણું સ્વીકાર્યું છે, એવા હંમેશાં બ્રહ્મચર્ય પાળનારા બાળબ્રહ્મચારીઓને નમસ્કાર થાઓ. ધન્ય એવા તે સંયમધર મહાબ્રહ્મચારીઓનો હું દાસ છું કે, જેઓના હૃદયમાં અર્ધ કટાક્ષ કરવાપૂર્વક દેખનારી યુવતીઓ ક્ષોભ કરનાર થતી નથી. તેઓને ભાવથી વારંવાર નમસ્કાર થાઓ, ફરી ફરી પણ વંદન થાઓ કે, જેઓને દુર્વાસના રૂપવિષયની અભિલાષા જ ઉત્પન્ન થઇ નથી. (૫૦) આ પ્રકારે જે જે વિષયની પીડા થાય, ત્યારે તે પીડાને તેની પ્રતિપક્ષ-ભાવનાથી તેને રોકવી. આ પ્રમાણે પહેલી અને પાછલી રાત્રિ સમયે બ્રહ્મચર્યની શુભ ભાવના ભાવવી. વધારે શું કહેવું ? સુખ પૂર્વક સુઇ જાય અને નિદ્રાના વચલા કાળમાં જાગી જાય, તો ધર્મ જાગરિકા, કરવા યોગ્ય ધર્મકાર્યો કરવાં. ફરી પણ પ્રાતઃકાળથી કહેલાં કાર્યો કરવાં. (૫૨)

वंदइ उभओ कालं पि चेइयाइं थइथुई (थवत्थुई) परमा ।
जिणवर-पडिमाघर-धूव-पुप्फ-गंधच्चणुज्जुत्तो ।।२३०।।

सुविणिच्छिय-एगमई, धम्मम्मि अनन्नदेवओ अ पुणो ।
न य कुसमएसु रज्जइ, पुव्वावर-बाहियत्थेसु ।।२३१।।

दट्ठूण कुळिगीणं, तस-थावर-भूय-मद्दणं विविहं ।
धम्माओ न चालिज्जइ, देवेहिं सइंदएहिं-पि ।।२३२।।

वंदइ पडिपुच्छइ, पज्जुवासई साहुणो सययमेव ।
पढइ सुणइ गुणेइ अ, जणस्स धम्मं परिकहेइ ।।२३३।।

दढ-सीलव्वय-नियमो, पोसह-आवस्सएसु अक्खलिओ ।
महु-मज्ज-मंस-पंचविह-बहुबीय-फलेसु पडिक्कंतो ।।२३४।।

नाहम्मकम्मजीवी, पच्चक्खाणे अभिक्खमुज्जुत्तो ।
सव्वं परिमाणकडं, अवरज्जइ तं पि संकंतो ।।२३५।।

निक्खमण-नाण-निव्वाण-जम्मभूमीउ वंदइ जिणाणं ।
न य वसइ साहुजण-विरहियम्मि देसे बहुगुणेवि ।।२३६।।

परतित्थियाण पणमण, उब्भावण-थुणण-भत्तिरागं च ।
सक्कारं सम्माणं, दाणं विणयं च वज्जेइ ।।२३७।।

पढमं जईण दाऊण, अप्पणा पणमिऊण पारेइ ।
असई अ सुविहिआणं, भुंजेई कय-दिसालोओ ।।२३८।।

साहूण कप्पणिज्जं, जं नवा दिन्नं कहिं पि किंचि तहिं ।
धीरा जहुत्तकारी, सुसावगा तं न भुंजंति ।।२३९।।

वसही-सयणासण-भत्त-पाण-भेसज्ज-वत्थ-पत्ताइं ।
जहवि न पज्जत्त-धणो थोवावि हु थोवयं देई ।।२४०।।

## ૧૨૮. શ્રાવકધર્મ વિધિનાં કર્તવ્યો-

ઉત્તમ શ્રાવક જિનેશ્વરની પ્રતિમા સન્મુખ 'ભક્તામર' વગેરે સ્તોત્રો તથા કાયોત્સર્ગ પછી બોલાતી સ્તુતિઓથી સવાર સાંજ અને મધ્યાહ્ન-સમયે ભાવથી વંદન તથા જિનચૈત્યોમાં ધૂપ, પુષ્પ અને સુગંધી ચૂર્ણોની પૂજા કરવામાં તત્પર બને છે. અગ્નિમાં સિદ્ધરસ પડવાથી મલિનતામ્ર સુવર્ણ બની જાય છે. તેમ મલિન આત્મામાં સિદ્ધરસ સરખો પૂજારસ રેડવામાં આવે તો આત્મા પણ સુવર્ણ સરખો નિર્મળ બની જાય છે. આવો પૂજારસ કેટલાક શ્રેષ્ઠ પુણ્યવંત આત્માઓને સિદ્ધ થાય છે. આ જિનશાસનમાં પૂજારસ જયવંતો વર્તે છે.

સર્વજ્ઞ ભગવંતે કહેલા અહિંસા-લક્ષણ ધર્મમાં અડોલ શ્રદ્ધાવાળા, વીતરાગ સર્વજ્ઞ સિવાય બીજા કોઇ અન્ય દેવને મોક્ષદાતા દેવાધિદેવ તરીકે ન માનનારો, તે માટે કહેલું છે કે, 'જેને રાગાદિશત્રુ જિતનાર એવા જિનેશ્વર દેવ છે, અહિંસાદિ લક્ષણ સ્વરૂપ કૃપાવાળો ધર્મ છે, પાંચ મહાવ્રતધારી સાધુઓ ગુરુ છે, એવા શ્રાવકની કયો મૂઢબુદ્ધિવાળો પ્રશંસા ન કરે ?' રાગવાળા દેવ હોય, ગુરુ પણ ઘરબારી હોય, કૃપારહિત ધર્મ હોય તો ખેદની વાત છે કે આ જગત અજ્ઞાનતામાં નાશ પામ્યું છે.' પૂર્વાપર શાસ્ત્રવચનો જેમાં બોધ પામતાં હોય, યુક્તિ પણ જેમાં ઘટતી ન હોય, તેવાં કુશાસ્ત્રોમાં રાગ રાખનાર ન હોય. ત્રસ-સ્થાવર જીવોનું જેમાં મર્દન થાય, તેવા જુદા જુદા પ્રકારના શાક્ય, સાંખ્યમતવાળા અન્યમતના કુલિંગીઓને દેખીને સૂક્ષ્મ સર્વ જીવોનું રક્ષણ કરવાનું કહેનાર એવા જિનધર્મથી દેવો અને ઇન્દ્રોથી પણ ચલાયમાન ન થાય. તો પછી મનુષ્યોથી તે કદાપિ ચલાયમાન ન થાય. સાધુઓને મન, વચન, કાયાના યોગથી વંદન કરે, સંદેહવાળા પદાર્થો પૂછીને નિઃશંક થાય, હંમેશાં સાધુઓની ભક્તિથી સેવા કરે, તેમની સેવા કરવાથી પાપકર્મનો નાશ થાય

છે, કલ્યાણ-પુણ્યની પરંપરા વૃદ્ધિ પામે છે, પ્રસન્ન થયેલા સાધુઓનાં વચનો એવાં સુંદર ફળી ભૂત થાય છે કે, જેમ વચનથી વર્ણવી શકાતાં નથી. તેમની પાસે સૂત્ર ભણે, તેના અર્થનું શ્રવણ કરે, ભણેલાં સૂત્રો અને અર્થોનું પુનરાવર્તન કરે, વિશેષ વિચારણા કરે, પોતે ધર્મ જાણ્યો હોય તો, બીજા લોકોને પણ સમજાવી પ્રતિબોધ કરે, ચતુર્થ વ્રતરૂપ શ્રાવકનું શીલવ્રત દૃઢતાથી પાલન કરે, પ્રથમ વગેરે પાંચ અણુવ્રતોનો તે નિયમ અંગીકાર કરે, પૌષધ, આવશ્યકાદિ નિત્ય કર્તવ્યોમાં અતિચાર ન લગાડે, મધ, મદિરા, માંસ ઉપલક્ષણથી માખણ, વડલા, પારસ, પિપળો, ઉદુમ્બર, કાદમ્બરી, પ્લક્ષ પીપળાની એક જાત, તેનાં ફળો, જેમાં ઘણાં બીજ હોય તેવા રીંગણાં આદિકના પચ્ચક્ખાણ કરે, મધ વગેરે જુદાં ગ્રહણ કર્યાં, તે એટલા માટે કે, તે પદાર્થોમાં ઘણા દોષો છે, તે સૂચવવા માટે જે કહેલું છે કે, અનેક જંતુના સમૂહના વિનાશથી તૈયાર થએલું અને મુખથી લાળ સરખું જુગુપ્સનીય, માખીઓના મુખની લાળ-થુંકથી બનેલું મધ કયો વિચારવંત પુરુષ ભક્ષણ કરે ? ઉપલક્ષણથી ભ્રમરાદિકનું મધ પણ સમજી લેવું.

હાડકાં વગરના હોય, તે ક્ષુદ્ર જંતુ કહેવાય, અથવા તુચ્છ-હલકા જીવોને પણ ક્ષુદ્રજંતુ ગણેલા છે, તેવા લાખો કે અનેક જીવોના વિનાશથી ઉત્પન્ન થવાંવાળું મધખાનાર થોડા ગણતરીના પશુ હણનારા ખાટકીઓ કરતાં પણ વધી જાય છે. ભક્ષણ કરનાર પણ ઘાતક જ છે. એક એક પુષ્પમાંથી મકરંદનું પાન કરીને મધમાખો તેને વમન કરે છે, તેવા મધને એઠા ભોજનને ધાર્મિક પુરુષો ખાય નહિં. રસ-લોલુપતાની વાત બાજુ પર રાખીએ, પરંતુ ઔષધ ખાતર-રોગ મટાડનાર મધ હોય તો પણ મધભક્ષક નરકે જાય છે. પ્રમાદથી કે જીવવાની ઇચ્છાથી કાલકૂટ-ઝેરનો નાનો કણિયો પણ ખાનાર પ્રાણનો નાશક થાય છે. હિંસાના પાપથી ડરનારાએ રસથી ઉત્પન્ન થનારા મદ્યમાં અનેકગણા જંતુઓ હોય છે. માટે મદ્યનું પાન ન કરવું જોઇએ. વારંવાર મદિરાનું પાપ કરવા છતાં તૃપ્ત થઈ શકતો નથી, અનેક જન્તુઓનો સામટો કોળિયો કરનાર હંમેશાં યમરાજા સરખો થાય છે. શાસ્ત્રોમાં સંભળાય છે કે અન્ધકવૃષ્ણિ (કૃષ્ણ)ના પુત્ર શામ્બે મદિરા-પાન કરવાથી આખું વૃષ્ણિકુળ નાશ કર્યું અને પિતાની દ્વારિકાનગરી બાળી નાખી. લૌકિક પૌરાણિક શાસ્ત્રો પણ મદિરા છોડવાનો એટલા માટે ઉપદેશ આપે છે કે, તેમાં ઘણા દોષો રહેલા છે. નરકના પાપનું મૂળ કારણ, સર્વ આપત્તિઓની શ્રેણી, દુઃખનું સ્થાન, અપકીર્તિનું કારણ, દુર્જનોએ સેવવા યોગ્ય, ગુણીઓએ નિન્દેલ, એવી મદિરાનો શ્રાવકે સદા ત્યાગ કરવો. અલ્પજ્ઞ ઉગ્રનાસ્તિક માંસ ખાવાના લોલુપી એવા કુશાસ્ત્ર રચનારાએ ધીઠાઇ પૂર્વક માંસ ભક્ષણ કહેલું છે. નરકાગ્નિના ઇન્ધન સરખા, તેના કરતાં બીજો કોઇ નિર્લજ્જ નથી કે જે બીજાનાં માંસથી પોતાના માંસની વૃદ્ધિ કરવા ઇચ્છે છે. મનુએ પણ માંસ શબ્દના અક્ષરો છૂટા પાડીને

નિરુક્ત અર્થ આ પ્રમાણે કહેલો છે કે, 'જેનું માંસ હું અહિં ખાઉં છું, તે આવતા ભવમાં મને ભક્ષણ કરનારો થશે.'

માંસ ખાનારના આયુષ્યનો ક્ષય થાય છે, દરિદ્રતા પ્રાપ્ત થાય છે, બીજાં જન્મમાં ઉત્તમ કુલ અને જાતિનો લાભ થતો નથી, બુદ્ધિ હણાય છે અને દરેક પ્રયત્ન નિષ્ફળ થાય છે, તેમ જ નીચ કાર્યો કરી ઉદર ભરનાર થાય છે, માંસ ભક્ષણ કરનારની ગતિનો વિચાર કરનારા અને અન્નભોજન કરવાના અનુરાગવાળા એવા સજ્જન પુરુષો જૈન શાસનયુક્ત ગૃહસ્થ હોવા છતાં પણ ઉત્તમ દૈવી સંપત્તિઓ પ્રાપ્ત કરનાર થાય છે. અહિં ઉદુમ્બર-શબ્દથી પાંચ પ્રકારનાં વૃક્ષો સમજવાં, તે આ પ્રમાણે - વડ, પીપળો, પારસપીપળો, ઉંબરો, પ્લક્ષ-પીપળાની એક જાત. આ પાંચેય પ્રકારનાં વૃક્ષનાં ફલ ન ખાવાં, કારણ કે એક ફળની અંદર એટલા કીડાઓ હોય છે કે, જેની ગણતરી કરી શકાતી નથી. સુલભધાન્ય અને ફલસમૃદ્ધ દેશ કે કાળમાં જેપાંચ ઉદુમ્બર ફલને ખાતા નથી તે વાત બાજુ પર રાખીએ, પરંતુ દેશ અને કાલના કારણે ભક્ષ્ય, ધાન્ય કે ફલની પ્રાપ્તિ ન થાય, ભૂખથી લેવાયો હોય, દુબળો થયો હોય, 'સ્વસ્થતાવાળાને વ્રત-પાલન કરવું બહુ મુશ્કેલ નથી.' તો પણ તે પુણ્યાત્મા પાંચ ઉદુમ્બર-ફલોનું ભક્ષણ કરતો નથી. જેમાં બે ઘડીની અંદરના સમયમાં અતિબારીક જંતુઓના સમૂહો ઉત્પન્ન થાય છે, તેવા માખણને વિવેકીઓએ ન ભક્ષણ કરવું. માત્ર એક જ જીવના વધમાં સુમાર વગરનું પાપ થતું હોય, તો પછી અનેક જીવોના સમૂહના ઘાતવાળું માખણ કયો સમજુ ભક્ષણ કરે ? વેગણ, ફણસ, તુંબડી સર્વ પ્રકારના અનંતકાય, અજાણ્યાં ભલો અને બીજાં પણ અનુચિત ફલોને શ્રાવક ત્યાગ કરે. ઇંગાલકર્મ વગેરે પંદર કર્માદાનનો વેપાર આજીવિકા માટે વર્જન કરે. ચોપગાં જાનવર વગેરે સર્વ પરિગ્રહનું પરિમાણ કરે, પ્રમાણભૂત કરેલ પરિગ્રહમાં પણ પાપની શંકા રાખતો, તેમાં યતનાથી પ્રવૃત્તિ કરે, પરંતુ અધિકભાર ભરવો ઇત્યદિક નિર્ધ્વંસ પરિણામવાળો થઇને વેપાર ન કરે. કાન, નાક વગેરે અંગો છેદીને તેને પીડા ન ઉપજાવે. જે આરંભની છૂટી રાખી હોય તેમાં પણ પાપથી ડરવા પૂર્વક પ્રવૃત્તિ કરે, પરંતુ નિઃશૂકતાથી આરંભ પ્રવૃત્તિ ન કરે, વળી જિનેશ્વર ભગવંતના દીક્ષા કલ્યાણક, કેવળજ્ઞાન કલ્યાણક, નિર્વાણ કલ્યાણક, જન્મ કલ્યાણક જે ભૂમિઓમાં થયેલાં હોય, તે ભૂમિઓ તીર્થભૂમિ ગણાય, તે સ્થળની સ્પર્શના, વંદના કરવી જોઇએ. સાધુજે સ્થળમાં વિચરતા ન હોય, તે સ્થળમાં બીજા અનેક લાભ હોય તો પણ ત્યાં વસવાટ ન કરવો. સાધુવગરના સ્થાનમાં વાસ કરવો એટલે અરણ્યવાસ ગણેલો છે. સુંદર રાજ્ય હોય, જળ, ધાન્યાદિ ખૂબ મળતાં હોય એવા અનેક ગુણવાળાં સ્થાન હોય તો પણ સાધુ વગરના સ્થાનમાં વસવાટ ન કરવો. જે નગરમાં જિનભવન હોય, શાસ્ત્રના જાણકાર એવા સાધુઓ જ્યાં હોય, જ્યાં ઘણું જળ અને ઈન્ધન મળતું હોય,

ત્યાં હંમેશાં શ્રાવકે વસવાટ કરવો. જ્યાં આગળ સાધુઓનું આવાગમન થતું હોય, જ્યાં જિનચૈત્ય હોય, તેમજ સાધર્મિકો જ્યાં રહેતા હોય, ત્યાં શ્રાવકે નિવાસ કરવો.

શાક્યાદિક પરતીર્થિકોને મસ્તકથી પ્રણામ કરવા, બીજા સન્મુખ તેમના ગુણોની પ્રશંસા કરવી, તેમની સન્મુખ તેમની સ્તુતિ કરવી, ચિત્તથી તેમના પ્રત્યે અનુરાગ રાખવો, વસ્ત્રાદિકથી સત્કાર કરવો, સામે અગર પાછળ જવું તે રૂપ સન્માન કરવું, અશનાદિક આપવા રૂપ, દાન, પગ પખાળવા વગેરે કરવા રૂપ વિનય ઇત્યાદિક અન્ય તીર્થિકોનાં વર્જે. શ્રાવક પ્રથમ સાધુને દાન આપી, તેમને પ્રણામ કરી પછી ભોજન કરે, સુવિહિત સાધુનો યોગ ન મળે તો સાધુને આવવાની દિશાનું અલોકન કરે. અને ચિંતવે કે, આ અવસરે સાધુનો યોગ થાય, તો હું ભાગ્યશાળી બનું. વસ્ત્ર વગેરે નવી વસ્તુ લાવે, તો તેમાંથી યથાશક્ય વહોરાવીને પછી વાપરે. સાધુઓને કલ્પનીય પદાર્થો કોઇક દેશ, કાળને આશ્રીને અથવા અલ્પપ્રમાણ હોવાથી વહોરાવી ન શક્યા હોય તો સત્ત્વવાળા અને ભગવંતની આજ્ઞાનુસાર અનુષ્ઠાન કરનારા ઉત્તમ શ્રાવકો તે વસ્તુ વાપરતા નથી. સાધુને રહેવા માટે સ્થાન-વસતિ-ઉપાશ્રય, સુવા માટે પાટ, આસન, આહાર-પાણી, ઔષધ, વસ્ત્ર, કામળી, પાત્રાં આદિ સંયમમાં ઉપકાર કરનાર ઉપકરણ આપવાં. કદાચ તેટલી ધનની સ્થિતિવાળો ન હોય, તો પણ થોડામાંથી થોડું આપે, પરંતુ સંવિભાગ કર્યા વગર પોતે ન વાપરે.

સાધુ અને ગુરુભગવંતોની સુંદર પૂજા કરેલી ક્યારે કહેવાય ? તો કે, પ્રૌઢપ્રીતિના તરંગો જેના હૃદયમાં ઉછળતા હોય, સાધુ-ગુણાનુરાગિણી વાણી જેના મુખમાંથી નીકળતી હોય, નિષ્કપટભાવે વંદન કરાતું હોય, તેનું અયોગ્ય વર્તન ન દેખે, પ્રાયશ્ચિત્ત સ્વીકારી તેની પવિત્ર વિધિનું પાલન કરવું, વસ્ત્ર, અન્ન, જળ, વસતિ, કંબલ વગેરેનું દાન કરવું, આ ગુરુની સત્પૂજા કહેવાય છે. શ્રાવક પર્ણશ્રદ્ધા પૂર્વક કીડી, કાચ, કંટકાદિ રહિત એવું રહેવા માટે સ્થાન-ઉપાશ્રય-વસતિ આપે, ગુણોના આધારભૂત એવા સાધુઓને પાત્રા આપે, સુંદર આહાર-પાણી, ઠંડીથી બચાવનાર ગરમ કામળી આપે. યથાર્થ વિધિપૂર્વક સમયોચિત કલ્પે તેવું અલ્પ પણ દાન આપે અને સંયમોપકારી બીજા પદાર્થોનું પણ દાન આપે, તો તે અતિશય નિર્જરા કરનારો થાય છે. (૨૩૦ થી ૨૪૦)

**संवच्छरचाउम्मासिएसु अट्ठाहियासु अ तिहीसु ।**
**सव्वायरेण लग्गइ जिणवर-पूया-तवगुणेसु ।।२४१।।**

સંવત્સરી પર્વ, ત્રણ ચાતુર્માસી, ચૈત્ર અને આસો એમ પૂર્ણિમા સુધીની શાશ્વતી-અશાશ્વતી અટ્ઠાઇઓ અષ્ટમી, ચતુર્દશી, જ્ઞાનપંચમી વગેરે પવિત્ર પર્વતિથિઓ વિશે

જિનેશ્વરની પૂજા કરવી, તપ કરવો, તેમ જ તેવા પર્વદિવસોમાં અભયદાન વગેરે પ્રકારનાં દાન, જ્ઞાનાભ્યાસ, આવશ્યકાદિ ક્રિયાવિશેષમાં અધિક આદરથી જોડાય. તે આ પ્રમાણે - શ્રીજિનેશ્વર ભગવંતના ચરણ-કમળની વિધિ સહિત પૂજા કરવામાં જો પોતાની પુણ્યલક્ષ્મીનો યોગ-સંબંધ જોડો, તો દુષ્ટ પાપકર્મનો ઘટાડો થાય, અને શરદચન્દ્ર સરખો ઉજ્જ્વલ યશ ઉપાર્જન કરે. જો પૂર્વભવમાં ઉપાર્જન કરેલ કર્મરૂપ પર્વતને ભેદવા માટે વજ્ર સમાન, કામરૂપી દાવાનળની જ્વાલા સમુદાયને ઓલવવા માટે જળ સમાન, નિરંકુશ પાંચ ઇન્દ્રિય સમૂહરૂપ સર્પના ઝેર ઉતારવા માટે મંત્રાક્ષર સમાન, અંધકારના ધાડાને દૂર કરવા માટે દિવસ સમાન, લબ્ધિરૂપી લક્ષ્મીલતાના મૂળ સમાન એવા વિવિધ પ્રકારના તપને વિધિપૂર્વક નિષ્કામભાવથી સેવન કરો. આ પૃથ્વીમાં હજારો શૂરવીરો છે, કળા જાણકારો પણ તેટલા જ છે, જ્યોતિષ જાણનાર દરેક ઘરમાં મળી જશે, પદાદિ વ્યાકરણ વિદ્યાઓના જાણકાર ડગલે-પગલે મળશે. બહાદુરો અને વાણીવિલાસ કરનાર ભાષણખોરોનાં નામ અમારે કેટલાં કહેવાં ? પરંતુ પોતાનું ધન આપવા માટે ઉદ્યમી થનાર પવિત્ર પુરુષો સેંકડે બે ત્રણ જ માત્ર મળશે. (૨૪૧)

**साहूण चेइयाण य, पडिणीयं तह अवण्णवायं च ।**
**जिणपवयणस्स अहिअं, सव्वत्थामेण वारेई ।।२४२।।**

**विरया पाणिवहाओ, विरया निच्चं च अलियवयणाओ ।**
**विरया चोरिक्काओ, विरया परदारगमणाओ ।।२४३।।**

## ૧૨૯. સર્વધર્મોમાં જીવદયા શિરોમણી છે-

સાધુઓના અને જિનચૈત્યોના દ્રોહીઓ, તેમ જ તેમના માટે અપલાપ-વિરુદ્ધ બોલનાર હોય, વળી જિનપ્રવચનનું અહિત કરનાર-શત્રુ હોય તેને પોતાની તમામ શક્તિથી અને કામ પડે તો પ્રાણો ન્યોછાવર કરીને નિવારણ કરે. શાસનની ઉન્નતિ કરવાથી મહોદય થાય છે. (૨૪૨) હવે વિશેષથી શ્રાવકના ગુણોને કહે છે - ત્રસ જીવોને મારવાની વિરતિ, હંમેશાં મોટાં જૂઠ-વચનો બોલવાની વિરતિ, સ્થૂલ ચોરીથી વિરમેલા, પરદાર-ગમનની વિરતિવાળા, તેમાં જીવદયાનું ફળ બતાવતા કહે છે કે, જીવદયા નારકીનાં દ્વાર બંધ કરવામાં ચતુર છે, કુયોનિ-ક્ષય કરવામાં પ્રવીણ છે, રોગ-સમૂહને હણનારી છે, સર્વ પાપરૂપ આતંકને ક્ષય કરવા માટે સમર્થ છે. યમરાજાના ઉદ્ધત હસ્તયુગલને ચૂરી નાખનારી છે, શિવલક્ષ્મીને પમાડનારી છે. આવી નિર્મલ સર્વધર્મમાં શિરોમણિ ભાવે રહેલી જીવદયા જય પામે છે. વદન વગરનું શરીર, નેત્રકમલ વગરનું વદન જેમ શોભતું નથી, તેમ

જીવદયા વગર મનુષ્યોનાં ધર્મકાર્યો શોભા પામતાં નથી. વ્યાસમુનિ પણ કહે છે કે - 'ધર્મનું સર્વસ્વ કહું છું, તે તમે સાંભળો અને સાંભળીને અવધારણ કરો કે, પોતાના આત્માને જે પ્રતિકૂળ હોય તે બીજાઓ પ્રત્યે ન આચરશો.' બીજાની સ્ત્રીઓ પ્રત્યે માતાની જેવો વર્તાવ રાખવો, પારકા ધનને ઢેફાં જેવું ગણવું, પોતાના આત્મા જેવા સર્વ ભૂતોને જે દેખે છે, તે જ દેખનારા જાણવો. જેઓ જૂઠ વચન બોલવાથી વિરમેલા છે, તે જ સત્ય વચન બોલનાર શ્રાવકો છે, જેમકે - 'ડાહ્યો મનુષ્ય સર્વ જીવોને હિતકારી એવું સત્ય જ બોલે, અથવા તો સર્વ અર્થ સાધી આપનાર એવું મૌન ધારણ કરે.' સળગતા દાવાનળમાં બળી ગએલ વૃક્ષ પણ ફરી ઉગીને ફળદ્રુપ બને છે, પરંતુ દુર્વચનરૂપી અગ્નિથી બળેલ આ લોક શાન્ત થતો નથી. બાવના ચન્દન, ચન્દ્રિકા, ચન્દ્રકાન્તમણિ કે મોતીની માળા તેટલો આલ્લાદ આપતા નથી કે જેટલો આલ્લાદ મનુષ્યોની સત્યવાણી આપે છે. દેવો પણ તેમનો પક્ષપાત કરે છે,

ચક્રવતીઓ પણ તેમની આજ્ઞા સ્વીકારે છે, અગ્નિ વગેરે ઉપદ્રવો પણ શાન્ત થઇ જાય છે, આ ફળ હોય તો સત્ય વચનનું છે. શ્રાવકો ચોરી કરવાથી વિરમેલા હોય, તે આ પ્રમાણે-

વગર આપેલું જે ગ્રહણ કરતા નથી, તેની અભિલાષા સિદ્ધિ કરે છે, સમૃદ્ધિ તેને વરે છે, કીર્તિ તેની સન્મુખ જાય છે, તે ભવદુઃખથી મુક્ત થાય છે, સદ્ગતિ તેની સ્પૃહા કરે છે, દુર્ગતિને દેખતો નથી, વિપત્તિઓ તેનાથી દૂર ચાલી જાય છે. કમલવનમાં જેમ કલહંસી વાસ કરે છે તેમ જે પુણ્યની ઇચ્છાવાળો વગર આપેલું ગ્રહણ કરતો નથી, તેને વિશે પુણ્યની શ્રેણિ વાસ કરે છે. સૂર્યથી રાત્રિ દૂર ભાગે, તેમ તેનાથી આપત્તિઓ દૂર ચાલી જાય છે. વિનીતને વિદ્યા વરે છે, તેમ ચોરીની વિરતિ કરનારને દેવની અને મોક્ષની સંપત્તિ વરે છે. ચોરી એ બીજા લોકોના મનની પીડા માટે ક્રીડાવન છે, પૃથ્વીમાં વ્યાપેલ આપત્તિ લતાને વિકસિત કરનાર મેઘનું મંડલ છે, દુર્ગતિ-ગમનનો માર્ગ અને સ્વર્ગ-મોક્ષની અર્ગલા સરખી ચોરીને હિતાભિલાષી મનુષ્યોએ ત્યાગ કરવી જોઇએ. શ્રાવકો પરદારાગમનની વિરતિ કરનાર હોય, કારણ કે, દિશાઓમાં નેત્રકટાક્ષોને ફેંકતી, દેખનારની આંખોને જલ્દી આકર્ષણ કરે છે, જગતમાં સાક્ષાત્ લીલાથી ચપળ અને આળસપૂર્ણ અંગવાળી કામદેવના સંગથી ઉત્પન્ન થતા અંગના ભંગ-હાવભાવને વિસ્તારે છે. કામરૂપી દાવાનળ તેને સ્તંભિત કરવાના પ્રબળ પ્રયાસથી ભરેલા ખેદ-સ્વેદ વગેરે પ્રકારોને વિસ્તારે છે, સર્પની શ્રેણી જેમ ચિત્તથી વિચારાએલી સ્ત્રી ભુવનને ભમાડે છે.

શ્રાવકોએ પોતાની પત્ની સાથે આસક્તિથી વિષય સેવન ન કરવું, કારણ કે તે પણ સર્વ પાપોની ખાણ છે. તો પછી પરસ્ત્રી વિષયમાં તો શું કહેવું ? પોતાના પતિનો ત્યાગ

કરીને લજ્જા વગરની જે જાર પુરુષને ભજે છે, તેવી ક્ષણિક સ્નેહ ચિત્તવાળી બીજાની સ્ત્રીમાં વિશ્વાસ કેવી રીતે કરી શકાય ? મૂઢબુદ્ધિવાળા લોકો નિતમ્બ, સાથળ, સ્તનના મોટા ભારને, સુરતક્રીડા માટે છાતી ઉપર ભાર વહન કરે છે, પરંતુ સંસાર-સમુદ્રની અંદર ડૂબાડનારી પોતાના કંઠે બાંધેલી આ સ્ત્રી રૂપી શિલાને જાણતો નથી.

ભવ સમુદ્રમાં ભરતી સમાન, કામદેવ શિકારી માટે હરિણી સમાન, મદાવસ્થા માટે ઉગ્રઝેર સમાન, વિષયરૂપ મૃગતૃષ્ણા માટે મરુભૂમિ સમાન, મહામોહ અંધકારને પુષ્ટ કરનાર અમાવાસ્યાની રાત્રિ સરખી, વિપત્તિની ખાણ સમાન નારીને હે બુદ્ધિશાળી શ્રાવકો ! તમે પરિહાર કરો. (૨૪૩)

**विरया परिग्गहाओ, अपरिमिआओ अणंत-तण्हाओ ।**
**बहुदोस-संकुलाओ, नरयगइ-गमण-पंथाओ ।।२४४।।**

## ૧૩૦. પરિગ્રહ મમતા મહાદુઃખ, સંતોષ મહાસુખ-

શ્રાવક અપરિમિત પરિગ્રહથી વિરમેલા હોય, અનંત તૃષ્ણારૂપ મૂર્ચ્છાથી વિરમેલા તે આ પ્રમાણે - નિર્ધન માણસ અલ્પ ધનની ઇચ્છા કરે, એમ કરતાં સમગ્ર રાજ્યની પ્રાપ્તિ કરી, રાજા થયો એટલે ચક્રવર્તીપણું ઇચ્છવા લાગ્યો, સમ્રાટ્-ચક્રવર્તી થયો એટલે ઇન્દ્રપણું વાંછવા લાગ્યો, જેમ જેમ અધિક ઇચ્છવા લાગ્યો, તેમ તેમ આગળ આગળની તૃષ્ણા વધવાલાગી, પણ ઇચ્છાથી અટકતો નથી. પરિગ્રહ ઉપર બેસીને જે અપવર્ગની અભિલાષા રાખે છે, તેખરેખર લોહના નાવમાં બેસીને સમુદ્ર તરવાની અભિલાષા રાખવા બરાબર છે. તૃષ્ણારૂપી ખાણી અતિશય ઉંડી છે અને ગમે તેટલો પ્રયત્ન કરીએતો પણ પૂરાય તેવી નથી, અંદર ચાહે તેટલું નાખો, તો પણ તે તૃષ્ણાનું ઉંડાણ વધતું જાય છે, પણ તૃષ્ણા પૂર્ણ થતી નથી. આ બાહ્ય પરિગ્રહો ધર્મના પ્રભાવથી થવાવાળા છે, પરંતુ અગ્નિ જેમ ઇન્ધણાનો તેમ પરિગ્રહ ધર્મનો વિનાશ કરનાર થાય છે. દોષ વગરના હોય કે દોષવાળા હોય, પરંતુ નિર્ધનો સુખેથી જીવન પસાર કરે છે, જ્યારે જગતમાં ધનિકોના દોષ ઉત્પન્ન કરીને તેમને હેરાન કરવામાં આવે છે, ક્રોડો વચનોના સારભૂત એક વાક્યથી હું તમને કહું છું કે, 'તૃષ્ણા-પિશાચિણી જેમણે શાન્ત કરી છે, તેઓએ પરમપદ પ્રાપ્ત કરેલું છે. કોઇપણ પદાર્થની આકાંક્ષા-અભિલાષા કરવી, તે મહાદુઃખ છે અને સંતોષ રાખવો તે મહાસુખ છે. સુખ-દુઃખનું આ સંક્ષેપથી લક્ષણ જણાવેલું છે. જેનું મન સંતુષ્ટ થએલું છે, તેને સર્વ સંપત્તિઓ મળેલી છે, જેણે પગમાં પગરખાં-પહેરેલાં હોય, તેણે આખી પૃથ્વી ચામડાંથી મઢેલી જાણવી. તમારા ચિત્તને આશા-પિશાચિણીને આધીન રખે કરતા અર્થાત્ ન કરશો;

પરંતુપરિગ્રહ પરિમાણ નિયંત્રણ કરીને સંતોષ વહન કરજો, ધર્મમાં અગ્રેસર એવા યતિધર્મની આસ્થા એવી સુંદર કરજો કે જેથી આઠભવની અંદર મોક્ષ-પ્રાપ્તિ થાય, નરકસ્થાન પમાડનારી હિંસા ત્યજવી, જૂઠ વચન ન બોલવું, ચોરી કરવાની બંધ કરવી, અબ્રહ્મની વિરતિ કરવી, સર્વ સંગનો ત્યાગ કરવો, કદાચ પાપ-પંકથી લપેટાએલાને જૈનધર્મ ન રુચતો હોય, તો આટલો સંક્ષેપથી ધર્મ કહેલો છે. શું પ્રમેહી રોગવાળો ઘી ન ખાય તેટલા માત્રથી ઘી દુષ્ટ ગણાય ખરું ? અર્થાત્ ઘી ખરાબન ગણાય. (૨૪૪)

એ પ્રમાણે વ્રતાદિ ગુણોને ધારણ કરનારાઓએ જે કરવું જોઈએ, તે કહે છે -

**मुक्का दुज्जण-मित्ती, गहिया गुरुवयण-साहु-पडिवत्ती ।**
**मुक्को पर-परिवाओ गहिओ जिण-देसिओ धम्मो ।।२४५।।**

**तव-नियम-सील-कलिया, सुसावगा जे हवंति इह सुगुणा ।**
**तेसिं न दुल्लहाइं, निव्वाण-विमाण-सुक्खाइं ।।२४६।।**

**सीइज्ज कयावि गुरू, तंपि सुसीमा सुनिउण-महुरेहिं ।**
**मग्गे ठवंति पुणरवि, जह सेलग-पंथगो नायं ।।२४७।।**

દુર્જનની મૈત્રીનો ત્યાગ કરવો, તીર્થંકર ભગવંત અને ગણધર ભગવંતના વચનાનુસાર સુંદર પ્રતિજ્ઞાનો સ્વીકાર કરવો, મૃષાવાદનો ત્યાગ કરેલ હોવાથી તે સ્વરૂપ પારકી નિંદાથી મુક્ત થએલ હોય, જિનકથિતધર્મ ગ્રહણ કરેલો હોય. તેવા ગુણવાળાનું ફળ કહે છે - તપ, નિયમ અને શીલયુક્ત ઉત્તમ શ્રાવકો અહિં સુંદર ગુણવાળા ગણાય છે, તેઓને નિર્વાણ અને વૈમાનિક દેવલોકનાં સુખો દુર્લભ હોતાં નથી, કારણ કે તેના ઉપયોમાં તે પ્રવર્તેલો છે. મોક્ષમાર્ગના ઉપાયમાં પ્રવર્તેલાને કંઇ પણ અસાધ્ય નથી. કારણ કે, કોઈ વખત તેવા શિષ્યો ગુરુને પણ પ્રતિબોધ પમાડી માર્ગે લાવે છે. તે કહે છે - કોઈક વખતે કર્મથી પરાધીન થએલા એવા શિથિલ આચારવાળા ગુરુને ઉત્તમ વિનયી શિષ્યો અતિનિપુણ અને મધુર વચનો તેમ જ સુખ કરનાર વર્નથી જ્ઞાનાદિક મોક્ષમાર્ગમાં પૂર્વાવસ્થાની જેમ સ્થાપન કરે છે. જે પ્રમાણે પંથક શિષ્યે શેલકાચાર્યને માર્ગમાં સ્થાપન કર્યાં. તેનું ઉદાહરણ કહે છે - (૨૪૫-૨૪૬-૨૪૭)

## ૧૩૧. શેલકાચાર્ય અને પન્થકશિષ્યનું ઉદાહરણ -

શેલકપુર નગરમાં આગળ શેલક નામનો રાજા હતો, તેને પદ્માવતી નામની રાણી તથા મંડુક નામનો પુત્ર હતો. થાવચ્ચાપુત્ર નામના આચાર્યના ચરણ-કમળની સેવાથી તેને

જિનધર્મની પ્રાપ્તિ થઈ હતી. તે રાજા ન્યાયનીતિ પૂર્વક નિરવદ્ય રાજ્યસુખ ભોગવતો હતો. કોઇક સમયે થાવચ્ચાપુત્ર આચાર્યની પાટે વર્તતા શુકસૂરિ વિહાર કરતા કરતા તે નગરમાં પધાર્યા. મૃગવન નામના ઉદ્યાનમાં મુનિજનને યોગ્ય પ્રદેશમાં બિરાજમાન થયા. મુનિજનનું આગમન જાણી રાજા વંદન કરવા માટે આવ્યો. ત્રણ પ્રદક્ષિણા આપવાપૂર્વક તેમના ચરણકમળમાં નમસ્કાર કરીનેહર્ષથી રોમાંચિત થએલા અંવાળો રાજા ધર્મશ્રવણ માટે બેઠો. શુકઆચાર્ય ભગવંતે સંસારથી અતિશય વૈરાગ્ય પમાડનારી, વિષય ઉપર વૈરાગ્ય પમાડનારી, મોહને મથન કરનારી, શ્રેષ્ઠ, સંસારમાં ઉત્પન્ન થનારા સમગ્ર વસ્તુસમૂહના નિર્ગુણપણાને સમજાવનારી, કર્ણ-સુખ આપનાર, વચનસમૂહથી લાંબા કાળ સુધી ધર્મકથા સંભળાવી. જેવી રીતે કર્મનો બંધ, કર્મનાં કારણો, મોક્ષ, મોક્ષના હેતુઓ, પુણ્ય, પાપ નિર્જરા થાય છે. તે સર્વ પદાર્થો સમજાવ્યા. ધર્મશ્રવણ કરવાથી રાજા પ્રતિબોધ પામ્યો અને રોમાંચિત ગાત્રવાળો થઈ ગુરુના ચરણમાં પ્રણામ કરી કહેવા લાગ્યો કે, 'હે ભગવંત ! હું પુત્રને રાજ્યાસન પર બેસાડી, રાજ્યનો ત્યાગ કરી આપની પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરીશ.' 'હે રાજન્ ! ભવસ્વરૂપ જાણીને તમારા સરખાએ એ કરવું યોગ્ય જ છે. આ વિષયમાં અલ્પ પણ હવે મમત્વભાવ ન કરીશ.' આ પ્રમાણે હિતશિક્ષા પામેલો રાજા ઘરે ગયો અને મંડુકપુત્રને પોતાના પદ પર સ્થાપન કર્યો. ત્યારપછી આભૂષણોથી અલંકૃત થઇ હજાર મનુષ્યો વહન કરી શકે તેવી શિબિકામાં આરૂઢ થઈ પંથક વગેરે પાંચસો મંત્રી આદિના પરિવાર સાથે ગુરુની પાસે જઇને સર્વ સંગનો સર્વથા ત્યાગ કરી દીક્ષા સ્વીકારી. દરરોજ વૃદ્ધિ પામતા વૈરાગ્યથી ધર્મકાર્યોમાં ઉદ્યમ કરવા લાગ્યો.

કાળકર્મે તે રાજા ૧૧ અંગો ભણી ગયા. દુષ્કર તપ કરવામાં તત્પર બનેલા તે મુનિ નિઃસંગતાથી પૃથ્વીમાં વિચરવા લાગ્યા. શુકસૂરિએ પંથક વગેરે પાંચસો શિષ્યો આપી સૂરિપદ પર સ્થાપન કર્યા. હવે હજાર સાધુના પરિવાર સહિત શુકસૂરિ ઘણા કાળ સુધી પૃથ્વીમાં વિચરી પુંડરીક મહાપર્વત ઉપર અનશન કરી દેવ અને અસુરોથી પૂજિત તે નિર્વાણપદ પામ્યા. તે શૈલકાચાર્ય તો તપવિશેષોથી રસ વગરનાં વિરસ આહાર-પાણીથી તદ્દન હાડકાં અને ચામડીમાત્ર શરીરવાળા બની ગયા. તો પણ વાયુ માફક પૃથ્વીમંડલમાં મમત્વ રહિત ભાવથી વિચરતા હતા. પંથક વગેરે મુનિઓની આગળ દરરોજ આ પ્રમાણે પ્રરૂપણા કરતા હતા કે, એક સ્થાને મમતાથી સ્થિરતા કરવામાં આવે એટલે લઘુતા થાય, લોકોને ઉપકાર ન થાય, દેશ-વિદેશનું વિજ્ઞાન ન થાય, જ્ઞાનની આરાધના ન થાય. આ અવિહાર પક્ષના દોષો છે. તથા અનિયતવાસમાં દર્શનશુદ્ધિ, સ્થિરતા પ્રાપ્ત થાય, ભાવનાઓ, અતિશયવાળા પદાર્થમાં કુશળતા, દેશની પરીક્ષા આ વગેરે ગુણો થાય. જિનેશ્વર ભગવંતની દીક્ષા કલ્યાણક ભૂમિઓ જ્ઞાન-નિર્વાણસ્થાન, જન્મભૂમિઓ, જિનબિંબો, જિનચૈત્યો વગેરેનાં

દર્શન, વંદન સ્પર્શન કરવાથી સમ્યક્ત્વ અતિનિર્મલ થાય છે. સંવેગ ન પામેલાને વિહાર કરવાથી સંવેગ ઉત્પન્ન થાય છે. સુવિહિત મુનિ બીજાઓને સુવિહિત-ગીતાર્થ બનાવે છે. અસ્થિર મનવાળાને વળી ધર્મમાં સ્થિર કરણવાળો બનાવે છે. વિહાર કરતા કરતા અતિસંવિગ્નોને દેખીને પ્રિયધર્મવાળા અને પાપભીરૂઓને જોઇને પોતે પણ પ્રિય સ્થિર ધર્મવાળો થાય છે. ઘણાભાગે વિહાર કરતાં કરતાં ભૂખ, તરશ, ટાઢ, તડકો વગેરે ચર્યાથી ટેવાય જાય છે, અનિયત વિહાર કરવાથી શય્યા-પરિષહ પણ સહેલો ગણાય છે. સૂત્ર, અર્થનું સ્થિરીકરણ, અતિશાયિત પદાર્થો જાણવાના પ્રાપ્ત થાય. કારણ કે, વિચરતાં વિચરતાં અતિશયવાળા શ્રુતધરોના સમાગમ-દર્શન થાય છે. જુદા જુદા પ્રકારના આચાર્યો પ્રવ્રજ્યા આપતા હોય, યોગોમાં પ્રવેશ કરાવતા હોય, તેમને દેખીને સામાચારીમાં કુશળ થાય, આ સર્વ જુદા જુદા ગણના સમાગમ પ્રવાસ કરવાથી થવાય છે.

જ્યાં આગળ સાધુને આહાર-પાણી ઔષધાદિક સુલભ અને નિરવદ્ય પ્રાપ્ત થતાં હોય, તે સુખવિહારવાળું ક્ષેત્ર ગણાય અને તે અનિયતવિહાર ચર્યાથી જાણી શકાય. જોકે મારું શરીર-બલ ઘટી ગયું છે, તો પણ મારા સત્ત્વનો ત્યાગ કર્યા વગર વિચરું છું. એ પ્રમાણે અંત-પ્રાન્ત ભોજન કરવાથી તે ગ્લાનપણું પામ્યા. જો કે રોગોથી ઘેરાએલા છે, તો પણ અધિકસત્વવાળા તે સેલકાચાર્ય સેલકનગર પહોંચીને મૃગવન ઉદ્યાનમાં સમવસર્યા. પિતાના સ્નેહથી મંડુકરાજા વંદન કરવા આવ્યો, ધર્મકથા શ્રવણ કરીને પ્રતિબોધ પામી શ્રાવક થયો. આચાર્યને અત્યંત રોગી શરીરવાળા દેખીને વિનંતિ કરવી લાગ્યો કે, 'હે ભગવંત ! આપના સાધુધર્મને બાધ ન આવે, તેવી રીતે આપની ચિકિત્સા કરાવું. કલ્પે તેવાં ભોજન-પાણી અને ઔષધથી હું આપની ભક્તિ કરું. મુનિપતિએ વિનંતિનો સ્વીકાર કર્યો. અને ત્યારપછી શરીરના રોગ મટાડનારી ક્રિયા કરી. હવે જ્યારે આચાર્યનું શરીર સ્વસ્થ થયું, તો પણ રાજાના ઘરના રસવાળા આહારમાં આસક્ત બની મુનિસમુદાયથી વિમુખ બની ત્યાં જ પડી રહેવા લાગ્યા. પંથક સિવાય બાકીના સર્વ સાધુઓ તેમને છોડીને વિહાર કરી ગયા. હવે ચોમાસીની રાત્રિએ સુખપૂર્વક નિરાંતે ઉંઘી ગયા હતા. તે સમયે પંથક સાધુએ ચોમાસીના અતિચારો ખમાવવા માટે મસ્તકથી તેમના ચરણનો સ્પર્શ કર્યો; એટલે જલ્દી જાગેલા તે ક્રોધથી કહેવા લાગ્યા. આ વળી કયો દુરાચારી આવેલો છે કે, જે મસ્તકથી મારા પગનો સ્પર્શ કરે છે ? ત્યારે તેણે કહ્યું કે, 'હું પંથક નામનો સાધુ આપને ચોમાસી ખામણા ખામું છું, તો આપ ક્ષમા આપો, ફરી આમ નહીં કરીશ.' આ સાંભળીને સંવેગ પામેલા આચાર્ય કહેવા લાગ્યા કે, 'રસ ગૌરવ વગેરે ઝેરથી બેભાન બની ગએલા ચિત્તવાળા મને તેં બરાબર પ્રતિબોધ કર્યો. તો હવે આવી અવસ્થાવાળા સુખથી મને સર્યું. હવે તે મહાત્મા અનિયતચર્યાથી વિહાર કરવા લાગ્યા. વિચરતા વિચરતા વળી તેઓ આગળના જુના

શિષ્યોના પરિવારવાળા થયા. કેટલાક સમય પછી સમગ્ર રજમલ આત્મામાંથી ખંખેરીને મોહસૈન્યનું દલન કરીને શત્રુંજય પર્વત ઉપર અનુત્તર નિર્વાણપદને પામ્યા. (૪૧)

શંકા કરી કે, આગમના જ્ઞાતા હોવા છતાં શૈલકાચાર્ય કેમ શિથિલતા પામ્યા ? તો કે કર્મની વિચિત્રતા હોવાથી, જાણકાર પ્રાણીને પણ મહા અનર્થ કરનાર થાય છે, તે કહે છે.-

**दस दस दिवसे दिवसे, धम्मे बोहेइ अहव अहिअयरे ।**
**इअ नंदिसेणसत्ती, तह वि य से संजम-विवत्ती ।।२४८।।**

એક દિવસમાં દશ દશ કે તેથી અધિકને ધર્મનો પ્રતિબોધ કરનાર નંદીષેણ મુનિની શક્તિ હોવા છતા પણ તેને ચારિત્રથી પતન પામવું પડ્યું. નંદીષેણની કથા કહે છે. -

## ૧૩૨. શ્રેણિકપુત્ર નંદિષેણની કથા-

રાજગૃહનગરમાં શ્રેણિકરાજાનો નંદીષેણ નામનો પુત્ર હતો. જેની તરુણતા હજુ ખીલતી હતી અને લાવણ્યથી શરીર-સંપત્તિ પૂર્ણ હતી. શ્રી વીરસ્વામીની સુંદર ધર્મદેશના સાંભળવાથી કોઇ વખત પ્રતિબોધ પામ્યો અને ભગવંતને પ્રાર્થના કરી કે, 'હે તીર્થનાથ ! મને દીક્ષા આપો.' ત્યારે ભગવંતે તેને કહ્યું કે, 'હજુ તારે અભગ્ન ભોગફળવાળું ભાગ્ય ભોગવવાનું બાકી છે, ત્યારે આ વ્રત-સમય પરિપક્વ થયો નથી.' આ પ્રમાણે ભગવંતે કહ્યું, ત્યારે વળી દેવતાએ પણ તે જ પ્રમાણે કહ્યું. ત્યારે નંદીષેણ કહે છે કે, 'જે પોતાના પુરુષાર્થ અને સાહસ ઉપર નિર્ભર છે, તેવા પુરુષનેઆ જડ કર્મ શું કરી શકવાનું છે ? તે કર્મોને હું જાતે જ નિષ્ફળ કરીશ. હું મારા કઠોર કષ્ટકારી ચેષ્ટાથી તે કર્મોને સ્થાપન કરી બેસાડી દઈશ. હે કટપૂતણિ દેવી ! તને કોણ ગણે છે ? અથવા તું શું વધારે જાણે છે ? આ પ્રમાણે નવીન તરુણતા પામેલી રમણીઓવાળું અનુરાગ યુક્ત સર્વ અંતઃપુર સહિત શિવરમણિમાં અનુરાગી બનેલા નંદીષેણે તૃણ માફક રાજ્યવૈભવનો ત્યાગ કર્યો. પ્રવ્રજ્યા અંગીકાર કરીને, આગમશાસ્ત્રો ભણીને તત્ત્વમાં રુચિવાળા તે એકાકી-વિહારપ્રતિમા ધારણ કરીને તે કોઇક સમયે અચાનક ગોચરી માટે વેશ્યામંદિરમાં ગયા અને મોટા અવાજથી ધર્મલાભ એમ બોલ્ય. વિલાસ અને કટાક્ષયુક્ત પુષ્ટ મનોહર અંગવાળીએ ઉભા થઇને હાસ્ય અને માધુર્યથી કહ્યું કે, 'દામનો લાભ' બોલો. હે મુનીન્દ્ર ! અમારે ધનનું શું પ્રયોજન હોય ! અહિં તો દામ-ધનની જ કિંમત હોય છે. અક્ષરશાસ્ત્ર જાણનાર પંડિતોની તુલના ધનથી થાય છે, પણ ધર્મથી તુલના થતી નથી. દાંમ-ધર્મ આ બંનેમાં અક્ષરના ક્રમમાં દનું અગ્રસ્થાન છે અને ધર્મના ધનું સ્થાન પછી છે. ગણિકા-ગણના ઘરમાં ધનવાળાઓનું ગૌરવ થાય છે, નિર્ધન રાજપુત્રો અહિં આવે, તો લઘુતા મેળવે છે. એટલે અભિમાન પામેલા તે

નંદીષેણ સાધુ એક છજામાંથી તણખલું હાથમાં ગ્રહણ કરીને બોલવા લાગ્યા કે, 'જલ્દી ધન પડો, ધન વરસો.' એમ બોલતાં જ મરકત રત્ન, મોતી, માણિક્ય, સ્ફટિક, અંકરત્ન, હીરા વગેરે ધનની પોતાની લબ્ધિથી મોટી વૃષ્ટિ કરી. અને દેવતાએ પણ ધનની વૃષ્ટિ કરી. મુનિએ વેશ્યાને કહ્યું કે, 'આ તો હાસ્ય કરતાં તને ધન-લાભ થયો. પરંતુ આ ધનભંડારનું સત્ત્વ કેટલું છે ? આ પ્રભાવ ધર્મનો છે.' એટલે વેશ્યા વિચારવા લાગી કે, 'આ કોઇ મહાબુદ્ધિના ભંડાર મહાન આત્મા છે. ખરેખર મારા પૂર્વભવમાં ઉપાર્જન કરેલા પુણ્ય-પ્રભાવથી જ મને પ્રાપ્ત થયા છે. તેને ક્ષોભ પમાડું અને કામદેવના સારભૂત સુખનું તત્ત્વ સમજાવું. લાક્ષાનો ગોળો ત્યાં સુધી જ કઠણ રહે છે કે, 'જ્યાં સુધી અગ્નિ પ્રાપ્ત કરતો નથી.' જ્યારે નંદીષેણ ઘરની બહાર નીકળવા લાગ્યા ત્યારે હાસ્ય કરતાં મધુર અને સ્નેહપૂર્ણ વચનથી કહ્યું કે, 'મૂલ્ય આપીને ચાલી જઇ શકાતું નથી, હે પ્રાણપ્રિય ! આપના ચરણમાં પડેલી દાસીના ઉપર કૃપા કરો. જો આપ ચાલ્યા જશો, તો મારા પ્રાણ પણ આપની સાથે જ પ્રયાણ કરશે, ભવિતવ્યતા-યોગે ઇર્ષ્યાલુ અભિમાની વ્યંતરીના કપટથી વિષયાનુરાગના માર્ગમાં લાગેલા ચિત્તવાળા તે વિચારવા લાગ્યા કે, યુગાન્તર કાળ વીતી જાય, તો પણ જિનેશ્વરે કહેલ વચન કદાપિ ફેરફાર થતું નથી. ખરેખર મૂઢમતિવાળા મેં તે વખતે આ ન જાણ્યું. આમ કરવાથી જો કે ગુરુકુલ અને પિતાજીનું કુલ કલંક-કાદવથી ખરડાશે અને બીજી બાજુ અતિશય મદોન્મત્ત મદન હાથીની ક્રીડાનો ઉત્સાહ વધતો જાય છે. તેથી કરીને આવો વૃત્તાન્ત થયો છે કે - 'એક બાજુ પ્રિયાનો સ્નેહ અને બીજી બાજુ રણવાજિંત્રનો શબ્દ સાંભળવાથી યુદ્ધરસ ઉત્પન્ન થયો છે. આ કારણે મારું ચિત્ત દ્વિધામાં હિંચકા ખાય છે. વળી ન કરવા યોગ્ય કાર્યોમાં દુષ્ટ તૃષ્ણા લોકોને પ્રેરણા આપે છે, ત્યારે તેને જ માતા માફક લજ્જા સર્વપાપથી રક્ષણ કરે છે. 'અત્યન્ત શુદ્ધ હૃદયવાળી આર્યમાતા માફક ગુણસમૂહને ઉત્પન્ન કરનારી લજ્જા હોય છે. તેમાં વર્તતા અને સત્યસ્થિતિને પકડી રાખવાના વ્યસનવાળા સજ્જન-તપસ્વીઓ પોતાનાં સુખ અને પ્રાણના ભોગે પણ કદાપિ સ્વીકારેલી પ્રતિજ્ઞાનો ત્યાગ કરતા નથી.' જ્યારે હું તો કઠોર તપશ્ચર્યા કરનાર હોવા છતાં પણ આપત્તિ-વિપત્તિમાં જલ્દી પ્રતિજ્ઞા-મર્યાદાનો ત્યાગ કરી રહેલો છું. કારણ કે, આ યુવતીનાં વદન, જઘન, નાભિ, મુખ, હસ્તાગ્રને વિષે વાનરપતિ માફક મારું ઉન્માદી ચિત્ત ક્રીડા કરવાની ફાળ ભરનાર થાય છે. તેથી તેના હાવ-ભાવ અનુભાવથી દેદીપ્યમાન શરીરને હમણાં માણીશ અને સંયમ-લક્ષ્મીને તો પછીથી પણ મેળવીશ.

તે સમયે નંદીષેણે એવો અભિગ્રહ કર્યો કે, 'મારે દરરોજ દશ દશ કે તેથી અધિકને સંયમ લેવા માટે પ્રતિબોધવા, તેમાં જો એકપણ ઓછો રહે, તો મારે સંયમી થવું.' એ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને સર્વાંગે શૃંગાર સજેલી અને મનોહર અંગવાળી તે યુવતી સાથે વિષય

ભોગવવામાં એક ચિત્તવાળો તે બાર વરસ રોકાયો. પોતાનું રજોહરણ, પાત્રાં, કંબલ વગેરે સંયમનાં સાધનો બાંધીને એકાંતમાં રાખેલાં હતાં, દરરોજ તે ઉપકરણોને વંદન કરી વિનંતિ કરે છે કે, 'મને સુમતિ આપશો. ભાવિતમતિવાળો છતાં, તપથી શોષવેલ શરીરવાળો છતાં વિષય સેવનના દોષો જાણવાં છતાં પણ કર્મ-પરવશ બનેલો એવો તે મેરુ માફક અડોલ છતાં પણ નિયમથી ચલિત થયો. નિકાચિત ભોગ-વિપાક કર્મ જ્યાં સુધી વેદાઇ ગયું, ત્યાપછી વૈરાગ્ય માર્ગે ચડેલો તે આ પ્રમાણે વિચારવા લાગ્યો કે, 'હે જીવ ! લજ્જાનો ત્યાગ કરીને, મુનિઓને વર્જવા લાયક વેશ્યાએ તને બાર વરસ નચાવ્યો તેમાં તેં શું ઉપાર્જન કર્યું ? જે યુવતીના મનોહર શરીર-સ્પર્શને ગ્રહણ કરે છે, તે કામદેવરૂપી ભિલ્લના અતિમહાન તીક્ષ્ણ દુષ્ટ ભાલાથી વીંધાય છે. હે જીવ !તું તરુણીજનમાં જે અનુરાગ કરે છે, તેટલો અનુરાગ જિનધર્મમાં જો કરે, તો તે જ ભવે તારા ભવનો ક્ષય થાય.' આકાશમાં જેમ વિજળીનો ચમકારો ક્ષણવાર હોય છે, તેમ વેશ્યાનો સદ્ભાવ વલ્લભ વિષે ક્ષણિક હોય છે, તો હે જીવ ! તેના મનોહર અંગમાં કેમ અનુરાગ કરવો ? તે અબલા હોવા છતાં અર્ધકટાક્ષ કરવા પૂર્વક દેખનારી ચંચલ સ્નેહવાળી અશુચિથી ભરેલી મહાકોઠી સરખી તે પુરુષોને પણ સત્ત્વથી ભ્રષ્ટ કરે છે. તેવા પ્રકારની સ્ત્રીઓને સ્પર્શવાની ઇચ્છા જેમને થાય છે, પંડિત પુરુષોની જિહ્વા જેમની સ્તુતિ કરે છે, તેઓ ચાડિયા પુરુષો સરખા માત્ર પુરુષના આકારને ધારણ કરે છે. અનાર્યકાર્ય કરવા તૈયાર થએલા હે જીવ ! તને શું કહેવું ? મહામુશ્કેલીથી જિનશાસન મેળવીને ફોગટ તેને હારી જાય છે. વિષયોમાં તું આસક્તિ કરે છે. સુંદર શીલ-ચારિત્રરૂપ વનરાજીને મદોન્મત્ત હાથી માફક ભાંગી-તોડી નાખે છે. દેશનારૂપ તીક્ષ્ણ અંકુશ પ્રહારને જાણતો નથી. હે નિર્ભાગી હૃદય ! તું માર્ગ ભૂલી ગયો છે, જિનમત પામીને વિષયના સુખની વાંછા કરે છે, જીવવાની ઇચ્છા કરનાર તું હલાહલ ઝેરનું પાન કરે છે, ખરેખર તેં વિષપાન કરેલું છે, અગર ધતુરાનું ભક્ષણ કરેલું છે અથવા મોહથી ઠગાયો છે કે, હે જીવ ! જાણવા છતાં પણ વિષય ભોગવવામાં સુખની માગણી કરે છે. તારા ઉત્તમ કુળને, તારા મનોહર રૂપને, તારા ગુણોને અને કળાઓને ધિક્કાર થાઓ કે, જે તું વિવેક પ્રાપ્ત કરીને વિષયભોગ ભોગવવા તૈયાર થયો. આ પ્રમાણે ભાવના ભાવતો પ્રતિબોધિત વેશ્યાથી સ્તુતિ કરાતો જ્યારે દશમો પ્રતિબોધ પામતો નથી. ત્યારે પોતે જ યતિધર્મ સ્વીકાર્યો. પ્રવ્રજ્યા પાલન કરી ગુરુ સમક્ષ આલોચન, નિંદન કરી કઠોર તપ-ચરણનું સેવન કરી કાળે કરી દેવપણું પામ્યા. (૨૪૬-૨૪૮) શ્રેણિકપુત્ર નંદીષેણની કથા પૂર્ણ.

આવું પ્રબલ સામર્થ્ય છતાં તે સંયમથી કેમ પતન પામ્યો, તે કહે છે.

कलुसीकओ अ किट्टीकओ अ खयरीकआ मलिणिओ अ ।
कम्मेहिं एस जीवो, नाऊणवि मुज्झई जेणं ।।२४९।।

कम्मेहिं वज्ज-सारोवमेहि जउनंदणोवि पडिबुद्धो ।
सुबहुं पि विसूरंतो, न तरइ अप्पक्खमं काउं ।।२५०।।

वाससहस्सं पि जई, काऊणं संजमं सुविउलं पि ।
अंते किलिट्ठ भावो, न विसुज्झइ कंडरीउ व्व ।।२५१।।

अप्पेण बि कालेणं, केइ जहागहिय-सील-सामण्णा ।
साहंति नियय-कज्जं, पुंडरिय-महारिसिव्व जहा ।।२५२।।

## ૧૩૩. નિકાચિત આદિ કર્માવસ્થાઓ-

ધૂળ-રજથી જળ ડોળું થાય, તેમ આત્મા કર્મરજથી કલુષિત થાય છે. આ કર્મની બદ્ધાવસ્થા જણાવે છે. કિટ્ટીકૃતકર્મ એને કહેવાય છે કે, જેમ તાંબું અને સોનું રસરૂપ બની એકરૂપ બની જાય, તેમ આત્મા અને કર્મ એકરૂપ બની જાય. આ કર્મની નિધત્તાવસ્થા જણાવે છે. કર્મરજ ગુંદાના ચીકાશવાળા રસમાં એકરૂપ બીજાં દ્રવ્ય ચોંટી જાય, તેમ આત્મામાં ગાઢપણે ચોંટી જાય, તે કર્મની નિકાચિતાવસ્થા જાણવી. જેમ સૂકીરજ શરીરપર વળગી જાય, પરંતુ ખંખેરતા સહેલાઈથી ખરી જાય, તે સ્પૃષ્ટાવસ્થા કહેવાય. આવાં કર્મ ઉપશાંત-ક્ષીણમોહ અને સયોગી કેવલીપણામાં બંધાય છે. જ્ઞાનાવરણીયાદિ કર્મોથી આ જીવ કહેલી અવસ્થાઓ પામે છે અને તે દરેક જીવને પોતાના અનુભવ-વેદનથી સિદ્ધ છે. આ જીવ પોતે સર્વ તત્ત્વ જાણવા છતાં પણ મુંઝાય છે. (૨૪૯) વળી, વજ્રલેપની ઉપમાવાળાં, ગાઢ નિકાચિત કર્મના આવરણવાળા કૃષ્ણજી અને તેમના સરખા બીજાઓ પ્રતિબોધ પામેલા હોવા છતાં પણ, સેંકડો વખત મનથી બળાપો કરવા છતાં આત્મહિત સાધવા સમર્થ બની શક્યા નહિ. (૨૫૦) આવું ક્લિષ્ટ કર્મનું વિલસિત દૃષ્ટાન્તથી કહે છે.-

એક હજાર વર્ષ સુધી વિપુલ સંયમ પાલન કરીને છેવટે ક્લિષ્ટ-અશુભ પરિણામવાળો આત્મા કંડરીક માફક વિશુદ્ધિ-આરાધના પામી શકતો નથી. વળી કોઇક અલ્પકાળ મહાવ્રતરૂપ શીલ સંયમ યથાર્થ પાલન કરીને પુંડરીક મહર્ષિ માફક પોતાના આત્માનું હિતકાર્ય સાધી લે છે. (૨૫૧-૨૫૨)

## ૧૩૪. પુંડરીક-કંડરીકની કથા -

પુંડરીગિણી નામની નગરીમાં પ્રચંડ ભુજાદંડથી શત્રુપક્ષને હાર આપનાર, જિનેન્દ્રના ધર્મની અપૂર્વ શ્રદ્ધાવાળો પુંડરીક નામનો રાજા હતો. તે મહાત્મા વિજળી દંડ માફક રાજ્યલક્ષ્મીને ચંચળ જાણીને તથા કઠોર પવનથી ઓલવાઈ જતી દીપશિખા સરખા ચંચળતર જીવિતને સમજી, તેમ જ વિષયસુખ પરિણામે કિંપાકના ફળ માફક સદા દુઃખ આપનાર છે - એમ વિશેષપણે જાણીને ગુરુની પાસે પ્રતિબોધ પામ્યો. પોતે પ્રવ્રજ્યા ગ્રહણ કરવાના મનવાળો થયો, એટલે દૃઢ સ્નેહવાળા નાના કંડરિક ભાઇને બોલાવીને કહેવા લાગ્યો કે, 'હે બન્ધુ ! હવે આ રાજ્યલક્ષ્મીનો ભોગવટો તું કર. આ ભવવાસથી હું કંટાળ્યો છું, એટલે હવે હું પ્રવ્રજ્યા અંગીકાર કરીશ. એટલે કંડરિકે કહ્યું કે, 'આ રાજ્ય દુર્ગતિનું મૂળ કારણ છે, તેથીતેનો ત્યાગ કરીને હે ભાગ્યશાળી ! તમે પ્રવ્રજ્યા લેવાની ઇચ્છા કરો છો, તો તેવા રાજ્યનું મને પણ પ્રયોજન નથી. હું ગુરુ મહારાજના ચરણકમળમાં જઇ નિઃસંગ થઇ જિનદીક્ષા સ્વીકારીશ.' ત્યારે રાજાએ કહ્યું કે, 'હે બન્ધુ ! જો કે આ મનુષ્યપણાનું ફળ કોઈ હોય, તો માત્ર સર્વ સાવદ્યયોગનો ત્યાગ જ છે, બીજું કોઈ ફળ નથી, પરંતુ હે વત્સ ! તે ત્યાગ અતિદુષ્કર છે, યૌવન વિકારોનું કારણ છે. મન અતિચંચળ છે. આત્મા અનવસ્થિત-પ્રમાદી છે. ઈન્દ્રિયો બેકાબુ છે. મહાવ્રતો ધારણ કરવાં પડે છે, ઉપસર્ગો, પરિષહો સહન કરવા મુશ્કેલ થાય છે. ગૃહસ્થનો સંગ ત્યાગ કરવો પડે છે, બે ભુજાથી મહાસમુદ્ર તરવો સહેલો છે, પણ પ્રવ્રજ્યા પાલન કરવી અતિકઠિન છે.' આ પ્રમાણે રાજાએ ઘણા પ્રકારના હેતુથી નિવારણ કર્યો, છતાં પણ અત્યંત ઉતાવળ કરી તેણે આચાર્ય પાસે દીક્ષા અંગીકાર કરી. ગુરુકુલવાસમાં રહી નગર, ગામ, ખાણ વગેરે સ્થળોમાં વિહાર કરતો હતો, પરંતુ રાજકુળને ઉચિત આહાર-વિહારના અભાવે માંદગી આવી પડી.

ઘણા લાંબા સમયે પોતાની પુંડરીગણી નગરીમાં આવી પહોંચ્યો એટલે મોટાભાઈ પુંડરીકે વૈદ્ય બોલાવી ઔષધાદિક વિધિ-સેવા કરી. જ્યારે શરીર સર્વથા સ્વસ્થ થઈ ગયું, તો પણ રાજકુળના આહારની રસગૃદ્ધિથી બીજા સ્થાને વિહાર કરવા માટે ઉત્સાહિત થતો નથી એટલે આ પ્રમાણે ઉત્સાહિત કર્યો કે - 'હે મહાયશવાળા ! નિઃસંગ મુનિ જે હોય તે અલ્પ પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળાદિકમાં મમત્વભાવ કરતા નથી. તમે તો તપ કરીને કાયા શોષી નાખી છે. તમે તો અમારા કુલરૂપી આકાશમાં સંપૂર્ણ પૂર્ણિમાના ચંદ્ર સમાન આલ્હાદક છો, સુંદર ચારિત્રની પ્રભાથી સમગ્ર ભુવન ઉજ્જ્વલિત કર્યું છે. હે મહાભાગ ! આજ સુધી તમે વાયરા માફક મમત્વભાવ વગર વિહાર કર્યો, અહિં પણ તમે મારી અનુવૃત્તિથી રોકાયા. આ સ્થાનમાં મારા આગ્રહથી તમે રહ્યા હતા.' આવાં ઉત્સાહ વધારનાર વચનોથી

કોઇ પ્રકારે રાજાએ કંડરીકમુનિને સમજાવ્યા; ત્યારે શિથિલવિહારી હોવા છતાં પણ ત્યાંથી વિહાર કર્યો. ભૂમિ પર શયન, અસાર ભોજન કરવાનું ઇત્યાદિક કારણોથી તેનું મન સંયમથી ભગ્ન થયું, શીલરૂપ મહાભાર વહન કરવા માટે ભગ્ન પરિણામવાળો થયો, એટલે લજ્જા-મર્યાદાનો ત્યાગ કર્યો એટલું જ નહિં પરંતુ વિષયસંગ કરવાની અભિલાષાવાળો, ગુરુકુલવાસમાંથી પણ બહાર નીકળી ગયો, રાજ્ય-સુખભોગવવાની ઇચ્છાથી ફરી પણ તે નગરીમાં આવ્યો. રાજાના બગીચામાં ઉત્તમ જાતિના વૃક્ષની ડાળી ઉપર ધર્મોકરણ લટકાવીને લીલી વનસ્પતિ ઉગેલી હોય, તેવી ભૂમિ ઉપર નિર્લજ્જ બની બેસી ગયો. તેવી સ્થિતિમાં બેઠેલો છે-એમ સાંભળીને રાજા તેને નમન કરવા માટે આવ્યા. ‘લાંબા સમય સુધી સંયમમાં ઉદ્યમ કરે-તેમ તેને હિતશિક્ષા આપવા લાગ્યો. ‘હે બન્ધુ ! તમે એકલા જ ખરેખર ધન્ય છો, પુણ્યશાળી છો, જીવિતનું ફળ મેળવનારા છો, કે તમો જિનોપદિષ્ટ નિરતિચાર પ્રવ્રજ્યાનું પાલન કરી રહેલા છો. દુર્ગતિના કારણરૂપ આ રાજ્યના સજ્જડ બંધનોથી હું એવો બંધાયેલો છું કે, ધર્મકાર્ય કરવાનો સમય બિલકુલ મેળવી શકતો નથી. આ પ્રમાણે કહેવા છતાં પણ રૂક્ષનેત્રથી ઉંચે જોતો નથી, કે કંઇપણ બોલતો નથી. ત્યારે વૈરાગ્ય વહન કરતા રાજાએ ફરી પણ તેને કહ્યું કે, ‘હે મૂઢ ! મેં તને પૂર્વકાલમાં સંયમ લેતાં અટકાવ્યો હતો, પ્રવજ્યા અંગીકાર કરવામાં કયાં કયાં વિઘ્નો આવે છે, તે મેં તને ઘણી રીતે ત્યારે સમજાવયાં હતાં, ત્યારે હું તને રાજ્ય પણ આપતો હતો. હવે અત્યારે તે રાજ્યનું હું તને દાન આપું, તેથી તને શું સુખની પ્રાપ્તિ થવાની છે ? તારી પોતાની પ્રતિજ્ઞાનો ત્યાગ કરીને તું તલના ઠોતરા સરખી લઘુતા મેળવવાનો છે. એમ કહીને રાજાએ તેને રાજ્ય સોંપી દીધું..રાજાએ પોતે મસ્તકે લોચ કરીને તેનો સર્વ સાધુવેષ ગ્રહણ કર્યો.

ઝેર સરખા રાજ્યનો ત્યાગ કરીને અમૃત-સમાન સંયમ પુંડરીકે સ્વીકાર્યું. જ્યારે પાપમતિવાળા કંડરિકે વિપરીત કર્યું. પુંડરીક સ્વયં સંયમ સ્વીકારી ગુરુ સમીપે ગયો, ત્યાં વળી દીક્ષા ગ્રહણ કરીને છઠ્ઠ તપના પારણામાં અનુચિત-અપથ્ય આહારયોગે અતિશય પેટની શૂલની પીડા થઇ. મૃત્યુ પામીને સર્વાર્થસિદ્ધમાં દેવપણે ઉત્પન્ન થયો. હવે કંડરિક પણ ‘પ્રવ્રજ્યાનો ત્યાગ કરનારો પાપી છે.’ એમ મંત્રીઓ, સામંતો, દંડનાયક અને સમગ્ર લોકોએ તેનો તિરસ્કાર કરી હીલના કરી. એટલે કોપાયમાન થઈ તે ચિંતવવા લાગ્યો કે, ‘આ સર્વે મંત્રી આદિ મારા ચરણની સેવા માટે આવતા નથી, તો એ સર્વે પાપીઓને મારે નક્કી મારી નાખવા. વળી ઘણા લાંબા સમયથી આવી રસવતી જમ્યો નથી, તો હું સર્વ પ્રકારના રસયુક્ત આહાર લઉં એમ વિચારીને રસોયાને હુકમ કર્યો કે, ઘેબર વગેરે સુંદર મિષ્ટાન્ન વાનગીઓ તેની સાથે વાલ-શાક ફરસાણની વાનગીઓ તૈયાર કર. નાટકિયાઓનાં નાટક દેખીને તેણે અવળા ક્રમથી ભોજન કર્યું. પહેલાં તદ્દન લુખ્ખા વાલ વગેરે, ત્યારપછી

ઘી-ખાંડથી ભરપૂર ઘેબર વગેરે મિષ્ટાન્નનું ભોજન કર્યું. વિષયની અત્યંત ગૃદ્ધિવાળો અતિશય રસ-પાન ભોજનમાં આસક્ત થએલો રૌદ્રધ્યાન પામેલો નિસૂચિકા-ઝાડાના રોગના દોષથી તરત મૃત્યુ પામીને સાતમી નરક પૃથ્વીમાં ઉત્પન્ન થયો. એ પ્રમાણે વિષયો પ્રાપ્ત ન થવા છતાં વિષથી આત્માઓ પરમદુઃખ પામે છે. પ્રાપ્ત થએલા મહારત્નને છોડીને કાચના મણિની તૃષ્ણાથી તે લેવા દોડ્યો, પરંતુ મોહાધીન-અજ્ઞાનના યોગે વચ્ચે ઉંડો અંધારો કૂવો આવ્યો, તેમાં પડ્યો. વિષયોથી વિરક્ત થએલા જીવો ઉત્તમ સત્ત્વથી ક્રિયા કર્યા વગર પણ કર્મની લઘુતા થવાના કારણે ભવનાં ઉત્તમ સુખો પ્રાપ્ત કરે છે. (૩૯, ૨૫૧, ૨૫૨)

શંકા કરી કે, પરિણામની ક્લિષ્ટતા પામેલા મૃત્યુ પામે તો તેને માટે આ જણાવ્યું, પરંતુ તેની જેઓ શુદ્ધિ કરે, તેને માટે શી હકીકત સમજવી ? કહે છે કે, તેની શુદ્ધિ થાય. પરંતુ શુદ્ધિ કરવી ઘણી દુષ્કર છે. તે કહે છે -

काऊण संकिलिट्ठं, सामण्णं दुल्लहं विसोहिपयं ।
सुज्झिज्जा एगयरो, करिज्ज जइ उज्जमं पच्छा ।।२५३।।

उज्जिज्ज अंतरि च्चिय, खंडिय सबलादउ व्व हुज्ज खणं ।
ओसन्नो सुहलेहड, न तरिज्ज व पच्छ उज्जमिउं ।।२५४।।

अवि नाम चक्कवट्टी, चइज्ज सव्वं पि चक्कवट्टि-सुहं ।
न य ओसन्नविहारी, दुहिओ ओसन्नयं चयई ।।२५५।।

नरयत्थो ससिराया, बहु भणई देह-लालणा-सुहिओ ।
पडिओ मि भए भाउअ ! तो मे जाएह तं देहं ।।२५६।।

को तेण जीवर-हिएण, संपयं जाइएण हुज्ज गुणो ? ।
जइऽसि पुरा जायंतो, तो नरए नेव निवडंतो ।।२५७।।

પહેલાં સંક્લિષ્ટ પરિણામયુક્ત સંયમ પાળીને પાછળથી વિશુદ્ધિસ્થાન પ્રાપ્ત કરવું દુર્લભ છે. તો પણ કોઇક બળિયો આત્મા લઘુકર્મી થઇ પાછળથી ઉદ્યમ કરે, તો વિશુદ્ધિપદ મેળવે, (૨૫૩) દુષ્કરતા જણાવે છે-સંયમ ગ્રહણ કરીને વચમાં જ તેનો ત્યાગ કરે, અથવા પ્રમાદથી એક બે વગેરે મૂલગુણની વિરાધના કરે, શબલતા એટલે નાના નાના ઘણા અતિચારો લગાડે, આદિ શબ્દથી સર્વસંયમનો અભાવ થાય, એ પ્રમાણે એ અવસન્ન

ગણાય. વૈષયિક સુખમાં લંપટ થયો હોય, તે પાછળથી ઉદ્યમ કરવા માટે અશક્ત થાય. વિષયસુખમાં લંપટ બનેલો શાતા વગેરે ગૌરવમાં શિથિલ બનેલો પાછળથી સંયમનો આકરો ઉદ્યમ કરવા સમર્થ બની શકતો નથી. (૨૫૪) તેમજ હજુ ચક્રવર્તી ચક્રવર્તીપણાનાં સર્વ સુખને ત્યાગ કરવા સમર્થ થાય છે. વિવેકવાળો હોવાથી, પરંતુ દુઃખી થએલો અવસન્ન-શિથિલ-વિહારી મહામોહથી ઘેરાએલો હોવાથી પોતાની સંયમની શિથિલતા-ઢીલાશ છોડવા સમર્થ બની શકતો નથી. (૨૫૫) આ પ્રમાણે સંક્લિષ્ટ સંયમવાળાને કોઇ વખત આ ભવમાં શુદ્ધિનો ઉપાય મળી શકે છે, પરંતુ ભવાંતરમાં તો દુર્ગતિ મળેલી હોવાથી ઉપાય મળી શકતો નથી. તે કહે છે -

નરકમાં ગએલો અને રહેલો શશિરાજા પૂર્વભવમાં દેહની લાલન-પાલન દશા સાચવી સુખ ભોગવતો હતો, તે શાતા ગૌરવના કારણે નરકમાં થનારા દુઃખના ભયમાં પડ્યો, ત્યારે પોતાના પૂર્વભવના ભાઇને કહે છે કે-તે દેહના કારણે હું નરકમાં પડ્યો છું, માટે તે દેહને પીડા કર.' (૨૫૬) ત્યારે સુરપ્રભભાઇએ તેને કહ્યું કે, 'આ તારો અજ્ઞાનતા ભરેલો પ્રલાપ છે. જીવરહિત એવા તે શરીરને અત્યારે કદર્થના કરવાથી કયો ગુણ થવાનો છે ? જો પહેલાં તે શરીરને તપશ્ચર્યા, ઉપસર્ગ-પરિષહરૂપ યાતના પીડા કરી હોત, તો તું નરકમાં પડતે જ નહિં. (૨૫૭) કથાનક જાણવાથી ગાથાનો અર્થ સહેલાઈથી સમજી શકાશે, તે કથા આ પ્રમાણે -

## ૧૩૫. શશિપ્રભ-સૂર્યપ્રભ ભાઈઓની કથા -

કુસુમપુર નગરમાં જિતારિ નામના રાજાને શશિપ્રભ અને સૂર્યપ્રભ નામના બે પુત્રો હતા. જેમાં એક વાંકા સ્વભાવનો અને બીજો સીધા સ્વભાવવાળો હતો. જેમ બોરડીના કાંટા, તેમ મોટો નીચગતિગામી અને નાનો હતો તે પ્રથમાંકુર માફક ઊર્ધ્વગામી હતો. ચાર જ્ઞાનવાળા જયઘોષ નામના આચાર્ય પાસે કોઇક વખત કૌતુક અને ભક્તિથી ગયા હતા, ત્યારે આચાર્ય ભગવંતે તેમને ધર્મનું ફળ સમજાવ્યું, ધર્મના પ્રભાવથી અનેક પ્રચંડ મનોહર અશ્વો, હાથીઓ, અને રથોથી શોભાયમાન એકછત્રરાજ્ય પ્રાપ્ત થાય છે. તેમ જ ચપળ તીક્ષ્ણ દક્ષ કટાક્ષ કરનાર નેત્રવાળી અતિપુષ્ટ પયોધરવાળી સુંદર મહિલાની પ્રાપ્તિ પણ ધર્મથી થાય છે. અતિસુંગંધી પુષ્પો, કેસર, કર્પૂર વગેરે ભોગ-સામગ્રી અને સર્વ ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ નક્કી ધર્મથી મળે છે. તેમજ દુર્ભાગ્ય, દારિદ્ર, દુર્ગતિ લાખો દુઃખો જો કોઈ જીવને મળતાં હોય, તો તે ફલ અધર્મનુ સમજવું. જો ધર્મવૃક્ષનું મૂલ હોય તો સમ્યક્ત્વ, તેનું થડ હોય તો દેશવરતિ અને સર્વવિરતિરૂપ ચારિત્ર છે, મોક્ષ એ ધર્મવૃક્ષનું ફળ છે, જ્યારે પાપની લઘુતા થાય, ત્યારે ધર્મની પ્રાપ્તિ થાય છે.' ઇત્યાદિ કહેલી દેશના પાતળા કર્મવાળા

સૂરપ્રભને પરિણમી, જ્યારે મગશેળિયા સરખા શશિપ્રભને તે અંદર પરિણમીનહિં, પરંતુ બહાર નીકળી ગઇ. બીજા દિવસે સૂરપ્રભે શશિપ્રભને કહ્યું કે, હે બન્ધુ ! આચાર્યને વંદન કરવા જઇએ અને સુકૃત-પુણ્યોપાર્જન કરીએ.' ત્યારે શશિપ્રભે તેને કહ્યું કે 'એ ઈન્દ્રજાલિકથી તું છેતરાયો છે, પુણ્ય કે પાપ જેવી કોઈ ચીજ નથી. બીજું કયો ડાહ્યો પુરુષ પ્રાપ્ત થએલા સુખને એકદમ ત્યાગ કરીને અતિદૂર રહેલા અદૃશ્ય, સંદેહવાળા સુખની અભિલાષા કરે ? રાજ્ય, યૌવન, સુંદર દેહવાળી કામિનીઓ, કામદેવ, મનોહર રૂપ આ સર્વ ધર્મનું ફળ કહેલું છે અને તેં તે અહિં મેળવેલા છે. આ જ અહીં મોટું તત્ત્વ છે. ત્યારે સૂરપ્રભે કહ્યું કે, જો પુણ્ય-પાપ ઉત્પન્ન થાય છે ? લોકમાં તો બાહ્ય પ્રયત્ન સરખો હોય છે, તોતેનું સમાન ફળ મળે છે, જો તે કારણ વગરનું હોય, તો તે સર્વજીવોને કેમ પ્રાપ્ત થતું નથી ? જેને કોઇ હેતુ હોતો નથી, તે પવનનો માર્ગ-આકાશ તેની માફક સર્વ કાલ હોય, અથવા ન હોય તો નિત્ય આકાશમાં કમળ માફક ન હોવું જોઇએ, અપથ્ય રસ સેવન કરવાથી જેમ પાછળ વેદના સહેવી પડે છે, તેમ રાજ્ય, ઋદ્ધિ, યૌવન, વિષયો, સ્ત્રીઓ સુખના હેતુઓ નથી. કારણ કે, તેના પરિણામ જીવને પાછળથી કડવા અનુભવવા પડે છે. વળી આ સર્વ પરાધીન સુખ છે. આત્માનું પોતાનું સ્વાભાવિક સુખ જો હોય, તો તે પ્રશમસુખ શાશ્વતું અને તે પોતાને કાયમનું સ્વાધીનહોય છે, તેનો છેડો દુઃખમાં આવતો નથી, વળી સ્વાભાવિક સુખમાં લજ્જા, પશ્ચાત્તાપ ઉત્પન્ન થતા નથી. પુદ્ગલ પરિણામમાં જે સુખ-દુઃખ થાય છે, તેપોતાની કલ્પના માત્ર છે. કર્મવશ પ્રાણીઓને કોઇ પરમાર્થ હોતો નથી, જે માટે કહેલું છે કે, 'તેના તે જ પદાર્થો હોય, પરંતુ એક વખત જેને અનિષ્ટ ગણતો હતો, તે જ પદાર્થોને ફરી ઇષ્ટ ગણે છે. નિશ્ચયથી તો તેને કોઇ ઇષ્ટ કે અનિષ્ટ છે જ નહિ.' તથા જેઓને પોતાની વલ્લભા સાથે રાત્રિ ક્ષણ માફક એકદમ આનંદમાં પસાર થઇ, તેમને જ જ્યારે વલ્લભાનો વિરહ થાય છે, ત્યારે તે જ ઠંડા કિરણવાળો ચંદ્ર ઉલ્કાગ્નિ માફક સંતાપ કરનાર થાય છે, અમારે તો વલ્લભા નથી કે તેનો વિરહ નથી, તેથી સંયોગ-વિયોગ વગરના અમારે તો તે ચંદ્ર ચાંદીના દર્પણતલની આકૃતિ માફક ઠંડો નથી કે ઉષ્ણ નથી, જ્યારે અમારા આત્મામાં કામાંધકારના સંસ્કાર યુક્ત અજ્ઞાન વર્તતું હતું, ત્યારે આ સમગ્ર જગત્ સ્ત્રીમય દેખાતું હતું, અત્યારે તો અમોને સુંદર વિવેકવાળી એકસરખી દૃષ્ટિ ●એલી હોવાથી ત્રણે ભુવનને પણ બ્રહ્મ-જ્ઞાન સ્વરૂપ માનવાવાળી થઈ છે.' આ પ્રમાણે કહેવા છતાં તે મોહાંધકારવાળો જ્યારે પ્રતિબોધ પામતો નથી, ત્યારે અતિશય વૈરાગ્ય પામેલા તે મહાત્માએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી. સંયમની સુંદર આરાધના કરીને તે બ્રહ્મદેવલોકકલ્પમાં ઉત્પન્ન થયો. બીજો ભોગમાં આસક્ત બની મૃત્યુ પામી ત્રીજી નરકે ગયો. ત્યારે સૂરપ્રભદેવ તેની અનુકંપાથી પ્રતિબોધ કરવા માટે ત્રીજી નરક પૃથ્વીમાં પહોંચીને તેને એમ કહેવા લાગ્યો કે, બન્ધુ ! ત્યારે મનોહર

ધર્મ કરીને હું દેવતા થયો.

હું તે સૂરપ્રભ છું અને હંમેશાં ત્યાં સુખમાં રહેલો છું. હું તને વારંવાર ધર્મ કરવાનું કહેતો હતો, પરંતુ તેં મારું વચન પાલન ન કર્યું-ધર્માચરણ ન કર્યું. તે વખતે કરેલા પાપનાં આ કટુકફળ તું ભોગવી રહેલો છે. શશિપ્રભ તે સર્વ વૃત્તાન્ત યાદ કરીને ક્ષયોપશમ થવા યોગે નરકના દુઃખથી દુઃખી થએલો અને દેવનું રૂપ સાક્ષાત્ જોતો પ્રતિબોધ પામ્યો, ત્યારે કહેવા લાગ્યો કે, હે ભાઈ ! અલ્પસુખમાં લંપટ બનેલ નિર્ભાગ્ય શેખર એવા મને આવું આકરું દુખ આવી પડ્યું, નરકમાં રહેલો શશિપ્રભરાજા વારંવાર ઘણું કહે છે કે, શરીરની લાલના-પાલના સારી સુખ ભોગવી હું નરકમાં પડ્યો, માટે હે બન્ધુ ! તું મારા દેહને તીવ્ર વેદના પમાડ. (૨૫૬) ત્યારે સૂરપ્રભ કહે છે કે -

**को तेण जीव रहिएण, संपयं जाइएण हुज्ज गुणो ? ।**
**जइ सि पुरा जायंतो, तो नरए नेव निवडंतो ।।२५७।।**

જો આ દેહને તપ અને ધર્માનુષ્ઠાન વગેરે સેવન કરી પીડા આપી હોત, તો નરકમાં પડવાનું થતે નહિ. જો શરીરને પીડા આપવા માત્રથી મોક્ષ થતો હોત, તો સાતમી નરકમાં રહેલા નારકીના જીવોને લગાતાર-સતત મહાવેદનાથી દેહો બળી-ઝળી રહેલા હોય છે, તેમને તરત મોક્ષ થવો જોઇએ. અને આઠ મહાપ્રાતિહાર્યની પૂજાના પરિભોગથી-શરીરસુખ ભોગવવાથી તીર્થંકરોને પણ સંસારમાં પરિભ્રમણ કરવું પડે. આ કારણે તીર્થંકરોએ તપની દુઃખરૂપતા જણાવેલી નથી. જે માટે કહેલું છે કે 'તેવા પ્રકારનો તપ કરવો કે જેથી કરીને મન કંઇ પણ અશુભ ચિંતવન ન કરે, ઇન્દ્રિયોની હાનિ ન થાય, તેમજ ધર્માનુષ્ઠાનના શુભયોગો ઘટે નહિં. તથા આ કાયાને અતિશય પરિતાપ ન આપવો, તેમજ મધુર ઘણા પ્રકારના રસોવડે બહુ લાલન-પાલન ન કરવું, મન અને ઇન્દ્રિયો ઉન્માર્ગે ન જાય, તેમ સાચવવી, અર્થાત્ આત્માને વશ રહે તેમ જાળવવા. તીર્થંકર ભગવંતોએ પણ તેવી જ રીતે આચરેલું છે. આ કારણે જિનેશ્વરોએ આ વિષયમાં ગધેડાનું દૃષ્ટાંત આપેલું છે. તેને અધિક ખાવાનું આપે તો ઉલાળી મૂકે, ઓછું આપે તો ભારવહન કરી શકે નહિં. પરલોકમાં પ્રયાણ કરનારાઓએ પણ આગળ કહી ગયા તેમ ઇન્દ્રિયો કાબુમાં રહે અને તેની હાનિ ન થાય, તેમ વશ રાખવી. વળી સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર ક્ષાયોપશમિક ભાવમાં કહેલા છે. શાતા, અશાતા-વેદના ઔદયિકભાવમાં કહેલા છે, તો તે તપ કેમ કહેવાય ? માટે જેમાં પ્રશમાદિ રહેલા હોય, તેવો સંવર કર્મક્ષય હેતુમાં પ્રધાન છે. તેના નિમિત્તે અમારે લોચ, બ્રહ્મચર્ય, છટ્ઠ, અટ્ઠમાદિક સર્વ બાહ્યતપ કરવાનો કહેલો છે, પરંતુ તપને શરીરની પીડા કરનાર ગણેલો નથી. શાસ્ત્રાધીન પરિણામવાળા મહાઅટવીમાં મહારતન છૂપાવવામાં ઉદ્યત

થએલ ગાંડાના વેષ ધારણ કરનાર પુરુષની જેમ કાયક્લેશ વગેરે બાહ્યતપ-ચારિત્ર ભવ્યાત્માઓને દુઃખકારક હોતાં જ નથી.

તેથી કરીને ઓદનના અર્થીપુરુષે ઇન્ધન વગેરેની જરૂર માફક ચારિત્ર-પરિણામ સાધવા માટે સર્વત્ર બાહ્યતપ કરવાનો કહેલો છે, પણ શરીરના વૈરી થઈ શરીર પાતળું કરવા માટે નહિં, પરંતુ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગોવડે જીવ નિરંતર કર્મ બાંધે છે; માટે મોક્ષના અર્થીઓએ તે સર્વને રોકવા-અટકાવવા જોઇએ.' આ પ્રમાણે તેને પ્રતિબોધ કરીને તે દેવ દેવલોકમાં પહોંચી ગયો. આ પ્રમાણે મનુષ્યોએ ધર્મમાં અપ્રમત્ત રહેવું. (૨૫૭) આ કથાનકથી ગ્રન્થકાર પોતાના પુત્ર રણસિંહને સાક્ષાત્ ઉપદેશ આપતા કહે છે -

जावाऽऽउ सावसेसं, जाव य थवोवि अत्थि ववसाओ ।
ताव करिज्जप्पहियं, मा ससिराया व सोइहिसि ।।२५८।।

धित्तूणवि सामण्णं, संजम-जोगेसु होइ जो सिढिलो ।
पडइ जई वयणिज्जे, सोअइ अ गओ कुदेवत्तं ।।२५९।।

सुच्चा ते जिअलोए, जिणवयणं जे नरा न याणंति ।
सुच्चाण वि ते सुच्चा, जे नाऊणं नवि करेंति ।।२६०।।

दावेऊण धणनिहिं, तेसिं उप्पाडियाणि अच्छीणि ।
नाऊणवि जिणवयणं, जे इह विहलंति धम्मधणं ।।२६१।।

ठाणं उच्चुच्चयरं, मज्झं हीणं च हीणतरगं वा ।
जेण जहिं गंतव्वं, चिट्ठावि से तारिसी होई ।।२६२।।

जस्स गुरुम्मि परिभवो, साहूसु अणायरो खमा तुच्छा ।
धम्मे य अणहिलासो, अहिलासो दुग्गइए उ ।।२६३।।

सारीर-माणसाणं दुक्ख-सहस्साण वसणपरिभीया ।
नाणंकुसेण मुणिणो, राग-गइंदं निरुंभंति ।।२६४।।

सुग्गइ-मग्ग-पईवं,-नाणं दिंतस्स हुज्ज किमदेयं ? ।
जह तं पुलिंदएणं, दिन्नं सिवगस्स नियगच्छि ।।२६५।।

## ૧૩૯. શોક કરવા લાયક મનુષ્યોની ગતિ-

જ્યાં સુધી હજુ કંઇક જીવતર બાકી રહેલું છે, થોડો પણ ચિત્તોત્સાહ વર્તે છે, ત્યાં સુધીમાં આત્મહિત લાયક અનુષ્ઠાન કરી લે, નહિંતર પાછળથી શશીરાજા માફક પશ્ચાત્તાપ કરવાનો અવસર આવશે (૨૫૮) તથા ધર્મ ન કરનાર માત્ર શોક કરતો નથી, પરંતુ સંયમનો સ્વીકાર કર્યા પછી સંયમયોગોમાં પ્રમાદ કરનાર થાય, તે આ લોકમાં નિંદાપાત્ર થાય છે અને જ્યારે કિલ્બિષિકાદિ-દેવ થાય છે, ત્યારે ત્યાં શોક-પશ્ચાત્તાપ કરે છે કે, નિર્ભાગી એવા મેં આવું શિથિલસંયમ પાળ્યું, જેના યોગે હલકી દેવગતિ મેળવી. (૨૫૯) આ જીવલોકમાં તે મનુષ્યો શોક કરવા લાયક ગણાય છે કે, જેઓ જિનવચનને જાણતા જ નથી, કારણ કે તેઓ વિવેક વગરના છે. પરંતુ તે કરતાં જેઓ ભગવંતનાં વચન જાણવા છતાં પણ આચરણ કરતા નથી, તેઓ વધારે શોક કરવા લાયક છે. (૨૬૦) તેઓ દયાપાત્ર શાથી છે, તે કહે છે. - રત્નાદિપૂર્ણ ધનભંડાર બતાવીને તે બિચારાનાં નેત્રો ઉખેડી નાખ્યાં. જિનવચન જાણીને આ લોકમાં તેનું આચરણ કરતા નથી. સદ્ગતિનું કારણ હોય તો ધર્મ, તેથી તેનું ધર્મધન નિષ્ફલ થાય છે. (૨૬૧) તે તેઓનો દોષ નથી, પરંતુ કર્મનો દોષ છે તે આ પ્રમાણે -

ઉચ્ચ, ઉચ્ચતર, મધ્ય, હીન, હીનતર દેવગતિ, મોક્ષગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ અને નરકગતિ એમ ક્રમપૂર્વક ઉંચી નીચી ગતિ જણાવી. જે જીવને જે દેશમાં કે કાળમાં જે સ્થાનમાં જવાનું હોય, તેને તેની અનુસરતી ચેષ્ટા હોય છે. (૨૬૨) દુર્ગતિના કારણભૂત તેની ચેષ્ટા કહે છે. જે જડબુદ્ધિ ધર્માચાર્ય-ગુરુનો પરાભવ-અપમાન કરે, જે સાધુઓનો અનાદર કરે, અલ્પ પણ ક્ષમા રાખી શકતો નથી, શ્રુતચારિત્રરૂપ ધર્મની અભિલાષા થતી નથી, તેને દુર્ગતિની જ ચેષ્ટા થતી હોવાથી તે દુર્ગતિ જ ઇચ્છે છે. (૨૬૩) ઉલટાવીને કહે છે. -

શારીરિક અને માનસિક હજારો દુઃખોથી-વિવિધ પ્રકારની પીડાઓથી ભય પામેલા મુનિઓ જ્ઞાન-અંકુશથી ઉચ્છૃંખલ રાગ-ગજેન્દ્રને દબાવીને વશ કરે છે. રાગ ભવનું કારણ છે અને પરિણામે દુઃખદાયક છે, માટે તેનાથી ભય પામી તેના કારણ ને જ બંધ કરે છે, એમ સમજવું. (૨૬૪) રાગાદિકનો નિગ્રહ સમ્યગ્જ્ઞાનથી થાય છે, માટે તેને આપનારની પૂજ્યતા જણાવે છે. -

મોક્ષમાર્ગ પ્રકાશિત કરે એવું જ્ઞાન આપનારને આપણું જીવિત આપીએ, તો પણ ઓછું છે, અર્થાત્ તેઓ મહાઉપકારી છે. જેમ ભિલ્લે શિવને પોતાની આંખ કાઢી આપી. (૨૬૫) તેની કથા આ પ્રમાણે -

## ૧૩૭. ભિલ્લની ભક્તિ ઉપર કથા -

એક અટવીમાં પર્વતની ગુફામાં વ્યંતર દેવાધિષ્ઠિત શિવની પ્રતિમા હતી. હંમેશાં તેનો પૂજારી સ્નાન, વિલેપનની પૂજા કરીને પોતાના ગામમાં પાછો આવતો હતો. કોઈક દિવસે પ્રાતઃસમયે પૂજારી પૂજા કરવા આવ્યો, ત્યારે પોતે આગલા દિવસે કરેલી પૂજાનાં પુષ્પાદિક પૃથ્વીપર પાડી નાખેલાં દેખીને વિચારવા લાગ્યો કે, 'આ મારી કરેલી પૂજા ભૂમિપર કોણે પાડી નાખી ?' બે ત્રણ દિવસ સુધી તે જ પ્રમાણે દેખતો અને તેનું કારણ જાણવા માટે ક્યાંઇક સંતાઇને આજુબાજુ ઉભો રહ્યો. એટલામાં જમણા હાથમાં ધનુષ-બાણ રાખી, ડાબા હાથમાં આકડાનાં પુષ્પોવાળો, મુખમાં પાણીનો કોગળો સ્થાપીને, ધૂળવાળા પગ ધોયા વગર એક મોટો ભિલ્લ ત્યાં આવી પહોંચ્યો. તેણે શિવની પૂજારીએ કરેલી પૂજા પગથી દૂર કરી અને મુખના કોગળાથી પ્રતિમાને સ્નાન કરાવી પૂજા કરી. પુષ્પો ચડાવ્યાં અને હર્ષથી તેની સાથે વાત કરવા લાગ્યો. બીજા દિવસે પૂજારીએ તે પ્રતિમાને ઠપકો આપ્યો કે, 'હું હંમેશાં મહાશુદ્ધિ પૂર્વક પ્રયત્નથી તમારી પૂજા કરું છું, છતાં મારા પર તમે પ્રસન્ન થતા નથી. જ્યારે પેલો તદ્દન અશુચિથી તમારી પૂજા કરે છે, તે અધમ ભિલ્લની સાથે તમે વાતચીત કરો છો, નક્કી જેવો ભિલ્લ છે, તેવો તું પણ કૃતપૂતન-હલકો દેવ છે.' ત્યારે વ્યંતરે તેને કહ્યું કે, વસ્તુસ્વરૂપ ન જાણનાર હે પૂજારી ! સવારે તારામાં અને ભિલ્લોમાં વિશેષતા-અધિકતા છે તે આપોઆપ જણાશે. બીજા દિવસે અધિષ્ઠાયક દેવે પોતાની માયાથી શિવનું એક લોચન ઉખેડી નાખેલું, તે પૂજારીએ જોયું અને શોક કરતો ત્યાં તે જ પ્રમાણે બેસી રહ્યો. આ સમયે ભિલ્લ ત્યાં આવ્યો. શિવનું નેત્ર ઉખડી ગએલું દેખી બાણથી પોતાનું નેત્ર ઉખેડીને ત્યાં સ્થાપન કર્યું. ત્યારપછી તેણે પૂજારીને બોલાવીને કહ્યું કે, 'આ પ્રમાણે હું તેના અંતરંગ બહુમાનથી તેના પ્રત્યે સંતોષ-આનંદ વહન કરુ છું. માત્ર બાહ્યપૂજાથી સંતોષ પામતો નથી.' આ તો આંશિક દૃષ્ટાંત જણાવ્યું. હવે શ્રેણિકનું દૃષ્ટાંત આપીને સાધુઓએ શ્રુત આપનાર વિષે વિનય કરવો જોઇએ, તે જણાવે છે -

**सिंहाणो निसण्णं, सोवागं सेणिओ नरवरिंदो ।**
**विज्जंमग्गइ पयओ, इअ साहुजणस्स सुअ-विणओ ।।२६६।।**

શ્રેણિક રાજાએ ચાંડાલને સિંહાસન ઉપર બેસાડીને વિનયપૂર્વક વિદ્યાની આદરથી પ્રાર્થના કરી-માગી. એ પ્રમાણે સાધુઓએ શ્રુત લેવા માટે શ્રુતદાયકનો વિનય કરવો જોઇએ. (૨૬૬) તે શ્રેણિકનું કથાનક આ પ્રમાણે -

## ૧૩૮. વિનય ઉપર શ્રેણિક રાજાની કથા -

રાજગૃહ નગરમાં શ્રેણિક નામનો રાજા હતો, જેની સમ્યક્ત્વની સ્થિરતા-દઢતાથી હર્ષિત થએલા ઈન્દ્ર મહારાજાએ પ્રશંસા કરી હતી. તેને સમગ્ર અંતઃપુરમાં પ્રધાન એવી ચેલ્લણા નામની રાણી હતી. તેમ જ ચાર પ્રકારની બુદ્ધિવાળો અભયકુમાર નામનો પોતાનો પુત્ર મંત્રી હતો. કોઈક એક પ્રસંગે ચેલ્લણાદેવીએ રાજાને પ્રાર્થના કરી કે, 'હે પ્રાણનાથ ! મારા યોગ્ય એવો એક થંભિયો મહેલ કરાવી આપો.' સ્ત્રીની હઠ દુઃખે કરીને પૂરી કરનાર શ્રેણિકરાજાએ દાક્ષિણ્યથી તેનું વચન સ્વીકારી અભયકુમારને આજ્ઞા કરી. એટલે સ્તંભ માટે સુથાર સાથે એક મોટી અટવીમાં ગયો. ત્યાં અતિશય ઘાટીલું મોટી શાખાઓવાળું વિશાળ વૃક્ષ હતું. 'દેવતાથી અધિષ્ઠિત વૃક્ષ હોવું જોઇએ' એમ વિચારીને વિવધપ્રકારના ધૂપ અને પુષ્પોથી તે વૃક્ષની અધિવાસના પૂર્વક ઉપવાસ કરીને અભયે તેની આરાધના કરી. તેની બુદ્ધિથી રંજિત થએલા વૃક્ષના અધિષ્ઠાયક દેવે રાત્રે સુઈ ગએલા અભયને કહ્યું કે, 'હે મહાનુભાવ ! આ વૃક્ષને કાપીશ નહિં. તું તારા ઘરે જા. હું સર્વઋતુનાં ફળોથી યુક્ત ખીલેલા મહાબગીચા સહિત એક થંભિયો મહેલ કરી આપીશ. આ પ્રમાણે દેવે રોકેલ અભય સુથાર સહિત ઘરે પાછો આવ્યો. દેવતાએ પણ બગીચા સહિત પ્રાસાદ નિર્માણ કરી આપ્યો. તે મહેલમાં વિચિત્ર પ્રકારની ક્રીડા કરતા અને રતિસાગરમાં ડૂબેલા એવા રાજાના દિવસો પસાર થતા હતા. હવે તે નગરનિવાસી ચંડાળની પત્નીને કોઇક સમયે ગર્ભના પ્રભાવથી આમ્રફલ ખાવાનો દોહલો પૂર્ણ ન થવાથી દરરોજ તેના શરીરનાં અંગો દુર્લભ થવા લાગ્યાં. તે દેખીને ચંડાલે પૂછ્યું કે, 'હે પ્રિયે ! શાથી તારું અંગ દુર્બલ થાય છે ?' ત્યારે જણાવ્યું કે, 'મને પાકેલ આમ્રફલ ખાવાની ઈચ્છા થઈ છે.' ત્યારે ચંડાલે જણાવ્યું કે, 'આ આમ્રફલ માટે કાળ નથી, તો પણ હે પ્રિયે ! તને ગમે ત્યાંથી લાવી આપીશ, માટે નિરાંત રાખજે.'

ચંડાલે સાંભળ્યું હતું કે, 'શ્રેણિક રાજાના બગીચામાં સર્વઋતુનાં ફળો કાયમ થાય છે.' બહાર રહેલા ચંડાળે બગીચામાં પાકેલા આમ્રફળની ડાળી દેખી. રાત્રિ થઈ, એટલે અવનામિની વિદ્યાથી ડાળી નમાવીને આમ્રફળ તોડીને ફરી પાછી ઉંચી કરવાની વિદ્યાથી ડાળીને વિસર્જન કરીને હર્ષિત થએલ તેણે પ્રિયાને આમ્રફળ આપ્યું. પૂર્ણ થએલ દોહલાવાળી તે ગર્ભને વહન કરવા લાગી. હવે અવાર-નવાર વૃક્ષ તરફ નજર કરતાં આગલા દિવસે દેખેલ ફળલુંબને આજે તેથી રહિત આમ્રવૃક્ષને જોયું. રાજાએ રખેવાળ પુરુષને પૂછ્યું, 'અરે ! આ આમ્રફળની લુંબને કોણે તોડી લીધી ? ત્યારે તેણે જવાબ આપ્યો કે, 'હે દેવ ! અહિં કોઇ બીજો પુરુષ આવ્યો નથી. કે બહાર નીકળતાં અમે દેખ્યો નથી. તેમ જ હે દેવ ! તેનાં

પગલાં પૃથ્વીતલ ઉપર દેખાતાં નથી. આ પણ એક આશ્ચર્યની વાત બની છે, તો હવે આ કાર્ય કોઇ દિવ્યપુરુષનું હોવું જોઇએ અને તેને કોઈ અસાધ્ય નથી-એમ વિચારીને રાજાએ આ વાત અભયને જણાવી. એ પ્રમાણે ચોરી કરનાર ચોરને હે પુત્ર ! જલદી પકડી લાવ કે જેણે ફળહરણ કર્યાં હોય. નહિંતર વળી આવતીકાલે સ્ત્રીઓનું પણ હરણ કરી જશે. ભૂમિતલ પર મસ્તક સ્થાપન કરીને 'મહાકૃપા કરી' એમ કહીને અભયકુમાર ત્રિભેટા ચૌટામાં ચોરની તપાસ કરવા લાગ્યો, કેટલાક દિવસો પસાર થયા છતાં ચોરનો પત્તો ન લાગ્યો. ત્યારે તેનું ચિત્ત ચિંતાથી વધારે વ્યાકુળ બન્યું. કોઈક દિવસે નટે નગરીમાં નાટ આરંભ્યું, એટલે ત્યાં ઘણા નગરલોકો એકઠા થયા હતા. અભય પણ ત્યાં ગયો અને લોકોના ભાવ જાણવા માટે લોકોને કહ્યું કે, 'હે લોકો ! જ્યાં સુધી હજુ નટ નાટક શરુ ન કરે, ત્યાં સુધી હું એક આખ્યાનક કહું, તે તમે સાંભળો.' લોકોએ કહ્યું કે, 'હે નાથ ! કહો.' તો કહેવાનું આ પ્રમાણે શરુ કર્યું -

વસંતપુર નગરમાં જીર્ણશેઠને એક કન્યા હતી. દારિદ્રયના દુઃખ કારણે તેને પરણાવી ન હતી. તે કન્યા મોટીવયની થઇ, તે વર મેળવવાની અભિલાષાવાળી કામદેવની પૂજા કરવા માટે બગીચામાં પુષ્પો તોડવા માટે ગઈ. પુષ્પો ચોરીને એકઠાં કરતી હતી, ત્યારે માળીના દેખવામાં આવી. એટલે માળીએ વિકાર સહિત ભોગની માગણી કરી. ત્યારે કન્યાએ કહ્યું કે, 'તને મારા સરખી બેન કે પુત્રીઓ નથી કે હું કુમારી હોવા છતાં મારી પાસે આવી માગણી કરે છે ?' ત્યારે માળીએ તેને કહ્યું કે, 'તારું લગ્ન થાય, ત્યારે ભર્તારને ભોગવ્યા પહેલાં જો પ્રથમ મારી પાસે આવે, તો જ તને છોડું, નહિંતર નહિં. આ પ્રમાણે કબૂલ કર્યું, એટલે ઘરે ગઈ, તુષ્ટ થએલા કામદેવે તેને મંત્રીપુત્ર એવો શ્રેષ્ઠ પતિ આપ્યો. સારા માંગલિક દિવસે શુભ હસ્ત-મેળાપ, યોગ્ય લગ્નાવસરે વિવાહ થયો. આ સમયે સૂર્યબિંબ અસ્તાચલે પહોંચ્યું. કાજળ અને ભ્રમરની કાંતિ સમાન ગાઢ અંધકાર-સમૂહ સર્વ દિશામાં પ્રસરી ગયો. કુમુદનાં વનો કરમાઈ ગયાં. ચંદ્રમંડલ પ્રકાશિત થયું. એટલે તે પરણેલી કન્યા વિવિધ પ્રકારના મણિ-સુવર્ણના આભૂષણથી અલંકૃત થઇ સર્વાંગે સુંદર વસ્ત્ર પરિધાપન કરી શોભિત અંગવાળી મંત્રીપુત્રના વાસભવનમાં પહોંચી અને પતિને વિનંતિ કરી કે, 'મેં આગળ માળીને કબૂલાત આપી છે, તો ત્યાં તમારી આજ્ઞાથી જાઉ.' 'આ સત્ય પ્રતિજ્ઞાવાળી છે' એમ માનીને જવાની રજા આપી. આભૂષણ પહેરીને તે નગર બહાર જતી હતી, ત્યારે તેને ચોરોએ દેખી. આજે મોટો નિધિ મળી ગયો-એમ બોલતા ચોરોએ તેને પકડી. ત્યારે પોતાનો સદ્ભાવ જણાવ્યો. ત્યારે ચોરોએ કહ્યું કે, 'હે સુંદરિ ! તું ભલે જલ્દી ત્યાં જા, પણ પાછી વળીશ, ત્યારે તને લૂંટી લઈશું. ભલે હું પાછી આવું છું. એમ કહીને અર્ધમાર્ગે પહોંચી, ત્યારે ચપળકીકી અને વિસ્ફારિત નેત્રયુગલવાળો, જેના

લાંબા દાંત ચમકતા હતા, જેણે મુખનું પોલાણ ઘણું જ પહોળું કરેલ હતું, લાંબા સમયથી ભૂખ્યો છું એવા સમયે તું પ્રાપ્ત થઇ છો, 'આવ આવ' એમ બોલતો, ભયંકર શરીરાકૃતિવાળો દેખતાં જ ભય લાગે તેવો રાક્ષસ મળ્યો. તેણે પણ હાથથી પકડી. એટલે તેણે પોતાનો સર્વ સદ્ભાવ જણાવ્યો. એટલે છોડી. બગીચામાં જઇને સુખેથી ઊંઘતા માળીને જગાડ્યો. હે સત્પુરુષ ! હું તે જ કે આગળ તને કબૂલાત આપી હતી. આવી રાત્રિમાં આભૂષણ-સહિત તું કેવી રીતે આવી શકી ?' એમ પૂછ્યું, એટલે જે પ્રમાણે આવતાં બન્યું હતું, તે સર્વ વૃત્તાન્ત જણાવ્યો.

ખરેખર સત્યપ્રતિજ્ઞાવાળી મહાસતી છે.' એમ માનીને તેના પગે પડીને માળીએ તેને જલ્દી છોડી દીધી. એટલે રાક્ષસ પાસે પહોંચી. માળીનો વૃત્તાન્ત તેને પણ કહ્યો 'અહો ! મહાપ્રભાવશાળી આ છે.' એમ કહીને રાક્ષસે પણ પગે પડીને તેને મુક્ત કરી. ત્યારપછી ચોર પાસે ગઈ. તેને પણ પૂર્વના સર્વ વૃત્તાન્તો કહ્યા, તેઓએ પણ અતિશય પ્રભાવવાળી જાણી તેના પ્રત્યે ગુણપક્ષપાત પામેલા ચોરોએ અલંકાર સહિત નમસ્કાર કરીને તેના ઘરે વિદાય આપી. હવે સર્વાલંકાર-સહિત, અક્ષત અંગવાળી અભગ્નશીલવાળી પતિ પાસે આવીને સર્વ વૃત્તાન્ત બન્યો હતો તે જણાવ્યો. અતિતુષ્ટમનવાળા તે પતિની સાથે આખી રાત્રિ સુખેથી સુઈ રહી, પ્રભાત-સમય થયો, એટલે મંત્રિપુત્ર ચિંતવવા લાગ્યો. 'પોતાના અભિપ્રાયાનુસાર વર્તનાર, સુંદર રૂપયુક્ત, સુખ-દુ:ખમાં સમાન ભાગીદાર એવા મિત્રો અને મહિલાઓનાં મુખો પ્રાતઃકાળમાં જાગીને જોનાર ધન્ય છે.' જો સુંદર પુણ્ય જે જેને ઉપાર્જન કર્યું હોય, તો સમાન પ્રેમરસ, સમાન રૂપ-યૌવન, સમાન સ્નેહસદ્ભાવ, સુખ-દુ:ખમાં સહભાવ રાખનાર મનુષ્યની પ્રાપ્તિ થાય છે. એમ વિચારતાં તેણે તેને સમગ્ર ઘરની સ્વામિની બનાવી. પ્રેમાધીન થએલા હૃદયવાળા સાથે નિષ્કપટ સ્વભાવ રાખવાથી શું નથી કરાવી શકાતું ? 'આ પ્રમાણે પતિ, ચોર, રાક્ષસ અને માળીની અંદરથી કોણે ત્યાગ કરીને દુષ્કર કાર્ય કર્યું ?' તે મને કહો, ત્યારે ઈર્ષ્યાલુલોક કહેવા લાગ્યા કે, પતિએ અતિદુષ્કર કર્યું, કારણ કે રાત્રિ-સમયે પતિએ બીજા પુરુષ પાસે મોકલી. જે ક્ષુધાલુ હતા તેમણે રાક્ષસે અતિદુષ્કર કર્યું એમ જણાવ્યું. કારણ કે, લાંબા સમયનો ભૂખ્યો હોવા છતાં પણ ભક્ષણીય મળ્યું, તો પણ ભક્ષણ ન કર્યું હવે જે પારદારિક હતા તેમણે એક માળી જ દુષ્કરકારક છે. કારણ કે, રાત્રે પ્રાપ્ત થવા છતાં પણ ત્યાગ કરી. જ્યારે ચાંડાલે કહ્યું કે, 'ચોરેએ દુષ્કરકાર્ય કર્યું ગણાય. કારણ કે, તે વખતે સુવર્ણ-આભૂષણ સહિત હોવા છતાં એકાંતમાં તેનો ત્યાગ કર્યો. એ પ્રમાણે કહેવાથી ચોરનો નિશ્ચય કર્યો અને ચાંડાલને અભયે કોટવાલ દ્વારા પકડાવી પૂછ્યું કે, તેં રાજબગીચામાં ચોરી કેમ કરી ?' તેણે કહ્યું કે, 'હે નાથ ! મારી શ્રેષ્ટવિદ્યાના બલથી. ત્યારપછી પોતાની પત્નીના દોહલાનો વૃત્તાંન્ત કહ્યો. અભયે

આ સર્વ હકીકત શ્રેણિકને કહી. ત્યારે રાજાએ કહ્યું કે, જો કોઈ રીતે તેપોતાની વિદ્યાઓ મને આપે તો જ છૂટી શકે, નહિંતર તેનું જીવન હરણ કરો.

ચંડાળે વિદ્યા આપવાનું કબૂલ કર્યું. હવે રાજા સિંહાસન પરબેસીને વિદ્યાઓ શીખવા લાગ્યો. વારંવાર ગોખવાનો પ્રયત્ન કરવા છતાં પણ રાજાને વિદ્યા સ્થિર થતી નથી. એટલે રાજા રોષાયમાન થઇને તેને ઠપકો આપે છે કે, 'તું બરાબર મને વિદ્યા આપતો નથી. ત્યારે અભયે રાજાને કહ્યું કે, 'હે દેવ ! આમાં તેનો જરાય પણ દોષ નથી. 'વિનયથી ગ્રહણ કરેલી વિદ્યાઓ સ્થિર અને ફલદાયક થાય છે.' જે માટે કહેલું છે કે, 'વિનયવંત પુરુષે ગ્રહણ કરેલી વિદ્યા ફળ આપનારી થાય છે. જેમ ઉત્તમકુલમાં જન્મેલી બાલિકા ઉત્તમપતિ પ્રાપ્ત કરનારી થાય છે. તો આ ચાંડાલને સિંહાસન ઉપર બેસાડીને અને તમે પૃથ્વીપર બેસીને વિનયપૂર્વક વિદ્યા ગ્રહણ કરો, તો અત્યારે જ તમને વિદ્યા આવડી જશે. તેમ કર્યું એટલે વિદ્યાઓ તરત રાજામાં સંક્રાન્ત થઈ. એટલે સ્નેહીજનની જેમ તેનો અત્યંત સત્કાર કરીને મુક્ત કર્યો. આ પ્રમાણે જો આ લોકની તુચ્છ કાર્ય માટેની વિદ્યા પણ આદર સહિત અને હીનનો પણ વિનય કરવાથી મેળવી શકાય છે, તો પછી સમગ્ર મનોવાંછિત પદાર્થ આપવા સમર્થ જિનભાષિત વિદ્યાશ્રુત આપનાર ગુરુમહારાજનો વિનય કરવામાં પંડિતજન કેમ વિમુખ થાય ? બીજી વાત એ કે, પત્થરના બનાવેલા દેવો પણ વિનયથી સાંનિધ્ય કરનારા થાય છે, તો પછી અપૂર્વ વસ્તુની સિદ્ધિ માટે ધીરપુરુષોનો વિનય કરવામાં કેટલો લાભ થાય ? માટે કલ્યાણ-પરંપરા પ્રાપ્ત કરાવવામાં અતિશય ઉત્તમ એવા વિનયમાં પંડિત પુરુષે પલકારા જેટલો કાળ પણ પ્રમાદ ન કરવો. (૭૧)

આમ હોવા છતાં જે દુર્બુદ્ધિ મનુષ્ય ગુરુને પણ ઓળવે છે, તેના દોષ કહેવાની અભિલાષાવાળા કહે છે -

## ૧૩૯. ગુરુને ન ઓળવવા વિષે દૃષ્ટાંત-

विज्जाए कासव-संतिआए दगसूअरो सिरिं पत्तो ।
पडिओ मुसं वयंतो, सुअ-निण्हवणा इय अपत्था ।।२६७।।

દરરોજ સ્નાન કરવાના સ્વભાવવાળો હોવાથી પાણીનો ડુક્કર અર્થાત્ ત્રિદંડી હજામ પાસેથી મેળવેલી વિદ્યાના પ્રભાવથી પૂજાલક્ષ્મી મેળવનાર થયો, પરંતુ વિદ્યા આપનાર ગુરુને ઓળવવા માટે જૂઠું બોલવાથી આકાશમાં રહેતો ત્રિદંડ ભૂમિપર પડ્યો. ઓળવવું અહિતકારી છે. (૨૬૭) તેનું આખ્યાનક આ પ્રમાણે જાણવું. -

તામ્રલિપ્તિ નગરીમાં મંડિક નામનો કાશ્યપ-હજામ હતો. તે વિદ્યા સામર્થ્યથી આકાશમાં

રહેલા અસ્ત્રા-સાધનથી લોકોનાં હજામતનાં કાર્યો કરતો હતો, ત્યારે યોગાત્મા નામના પરિવ્રાજકે તેને દેખ્યો. ત્યારે છાની રીતે દાન-માનથી તેની સેવા કરીને તેની વિદ્યા માગી. હજામે પણ તેને વિદ્યા આપી. ત્યારપછી તે ઉત્તરાપથનગરીમાં જઇને તે વિદ્યાનો પ્રયોગ કરવા લાગ્યો. લોકો તેની પૂજા-ભક્તિ કરવા લાગ્યા. કોઇક સમયે પદ્મરથ રાજાએ નિમંત્રણ આપી બોલાવ્યો. તેની પૂજા કરીને પૂછ્યું કે, હે ભગવંત !

આ તપનું કે વિદ્યાનું બલ છે ? વળી રાજાએ પૂછ્યું કે, 'આ વિદ્યા તમે કોની પાસેથી મેળવી ? કે જેથી ત્રિદંડ અને કુંડી આકાશમાં સ્તંભી જાય છે.' ત્યારે તેણે કહ્યું કે, હિમવાનપર્વતમાં રહેનાર મહર્ષિએ મને આ વિદ્યા આપી છે, એટલે તરત કોપાયમાન થએલા મંત્ર-દેવતાએ ત્રિદંડ અને બીજી ચીજો ખડહડ કરતી ભૂમિ પર પછાડી.

લજ્જાથી નીચા મુખવાળાબનેલા તે પરિવ્રાજકનો લોકોએ તિરસ્કાર કર્યો, તે પ્રમાણે બીજાઓએ પણ શ્રુતદાયક એવા વૃદ્ધાદિકને ન છૂપાવવા. સમ્યગ્જ્ઞાન આપનાર મહાઉપકારી કેમ ગણાય, તે કહે છે -

**सयलम्मिवि जियलोए, तेण इहं घोसिओ अमाघाओ ।**
**इक्कंपि जो दुहत्तं, सत्तं बोहेइ जिणवयणे ।।२६८।।**

**सम्मत्तदायगाणं, दुप्पडियारं भवेसु बहुएसु ।**
**सव्वगुण-मेलियाहिवि, उवयार-सहस्सकोडीहि ।।२६९।।**

**सम्मत्तम्मि उ लद्धे, ठइयाइं नरय-तिरिय-दाराइं ।**
**दिव्वाणि माणुसाणि य मोक्ख-सुहाइं सहीणाइं ।।२७०।।**

**कुसमय-सुईण महणं, सम्मत्तं जस्स सुट्ठियं हियए ।**
**तस्स जगुज्जोयकरं, नाणं चरणं च भव-महणं ।।२७१।।**

## ૧૪૦. સમ્યક્ત્વ મિથ્યાત્વનું સ્વરૂપ-

જન્માદિક દુઃખાર્ત એવા એક જીવને જિનવચન જે સમજાવે છે, એટલે કે પ્રતિબોધ પમાડી સર્વવિરતિ પમાડી મોક્ષ પમાડે છે, તે કાયમ માટે સર્વ જીવોનો રક્ષણ કરનાર થાય છે. આ કારણે આ જીવલોકમાં તે મહાનુભાવે પોતાના વચનથી અમારી પડહની ઉદ્દ્ઘોષણા કરાવી છે. (૨૬૮) વિશિષ્ટપ્રકારની દેશના દ્વારા સમયક્ત્વ પમાડનારનો બદલો વાળી આપવો અશક્ય છે. ઘણા ભવોમાં આપણે સર્વ ગુણો એકઠા કરીએ, તેને બમણા-તમણા

યાવત્ અનંતગુણા કરીએ, હજાર ક્રોડો ઉપકાર કરીને પણ તેનો બદલો વાળી શકાતો નથી - એમ અભિપ્રાય સમજવો. (૨૬૯) શાથી ? તો કે તે ઘણા મોટા ગુણવાળું હોવાથી, તે આ પ્રમાણે - તત્ત્વભૂત પદાર્થોની યથાર્થ શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ પ્રાપ્તકરનાર આત્માએ નરક અને તિર્યંચગતિનાં દ્વાર બંધ કરી દીધાં. ઉપલક્ષણથી તેનાં કારણોનો નાશ કર્યો, તદુપરાંત દેવતાઇ અને મનુષ્ય સંબંધી અને પરંપરાએ મોક્ષ-સુખ સ્વાધીન કર્યાં. (૨૭૦) સમ્યક્ત્વવાળો આત્મા જે પ્રમાણે મોક્ષસુખ સ્વાધીન કરે છે, તે કહે છે -

કુશાસ્ત્રોનું શ્રવણ તેઓ કરતા નથી કે, જેમનાં હૃદયમાં દૃઢસમ્યક્ત્વ રહેલું હોય, વળી જગતના સર્વ પદાર્થને જણાવનાર એવા પ્રકારનું નિર્મલ સંપૂર્ણજ્ઞાન હોય છે. તેમજ ભવનો નાશ કરનાર સર્વસંવરરૂપ ચારિત્ર હોય છે, જે સિદ્ધપણું મેળવી આપે છે. તે જ વાત વર્ણવે છે. - તિર્યંચ અને નરકગતિની મજબૂત અર્ગલા અને દેવ, માનવ તથા નિર્વાણ-સુખના દ્વાર ખોલવાની અપૂર્વ કુંચિકા હોય તો સમ્યક્ત્વ છે. (૨૭૧)

સમ્યક્ત્વવાસિત આત્મા નક્કી વૈમાનિક દેવપણું પામે છે. જો સમ્યક્ત્વ વમ્યું ન હોય, અગર પહેલાં આયુષ્ય બાંધ્યું ન હોય. અંતર્મુહૂર્ત કાળપ્રમાણ પણ જે સમ્યક્ત્વની ઉપાસના કરે છે, તે કદાચ તરત જ તેનો ત્યાગ કરે, તો પણ તે લાંબા કાળસુધી ભવમાર્ગમાં રખડપટ્ટી કરતો નથી, તો પછી લાંબા કાળ સુધી સમ્યક્ત્વને ટકાવનાર એવા માટે તો શી વાત કરવી ? તેનું સ્વરૂપ આ પ્રમાણે છે. રાગાદિ દોષ રહિત દેવ વિષે, ૧૮ હજાર શીલાંગયુક્ત ગુરુ વિષે, અહિંસાદિક લક્ષણવાળા ધર્મ વિષે યથાર્થ શ્રદ્ધા હોય, તે સમ્યક્ત્વ કહેવાય. તેનાથી વિપરીત જે મિથ્યાત્વ તેનું સ્વરૂપ જણાવે છે.

દેવ રાગવાળા હોય, સાધુ સંગવાળા હોય અને ધર્મમાં પ્રાણીની હિંસા હોય, તો તેને મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. મદિરા પીધેલની બુદ્ધિ હણાઈ જાય છે, તેમ મિથ્યાદૃષ્ટિની બુદ્ધિ વિપરીત હોય છે. મિથ્યાત્વ સમાન કોઈ શત્રુ નથી, મિથ્યાત્વ સમાન કોઇ ઝેર નથી, મિથ્યાત્વ સમાન કોઇ રોગ નથી, અને મિથ્યાત્વ સરખો કોઇ અંધકાર નથી. શત્રુ, ઝેર, રોગ કે અંધકાર એક બખત કે એક સ્થાનકે દુઃખ આપે છે, પરંતુ દુઃખે કરીને અંત લાવી શકાય તેવા મિથ્યાત્વથી તો જીવને અનેક જન્મો સુધી દુઃખ ભોગવવું પડે છે.

મિથ્યાત્વથી રંગાએલા ચિત્તવાળા જીવો તત્ત્વાતત્ત્વનું યથાર્થ સ્વરૂપ જાણી સકતા નથી, જેમ જન્મથી અંધ હોય, તેઓ કોઈપણ વસ્તુની મનોહરતા કે અમનોહરતા સ્પષ્ટ જાણી શકતા નથી, તેમ મિથ્યાત્વદોષથી જીવો તત્ત્વાતત્ત્વનું હોય તેવું જ સ્વરૂપ જાણી શકતા નથી. વિશેષથી દેવ અને અદેવનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું. જેમને રાગ-અંગારાનો બીલકુલ સંગ હોતો નથી, કામદેવરૂપી મદિરાપાન હોતું નથી, શત્રુ ઉપર દ્વેષ કરવાનો

હોતો નથી, મોહનો અંકુર ફૂટતો નથી, માયા-પ્રપંચ આડંબરની સંપત્તિ પણ જેમને હોતી નથી, જેઓ શાંતરસમાં ઝીલતા હોય છે, મનોહર રૂપવાળા હોય છે. ત્રણે લોકને જાણવા માટે સમર્થ એવા કેવલજ્ઞાનવાળા, કોપાદિ કષાયોથી મુક્ત, સંસારપાશથી રહિત આવા પ્રકાર્‌ના ગુણવાળા જે હોય, તે દેવ કહેવાય અને ભવ્યાત્માને ભાગ્યયોગે જ તેનો યોગ થાય છે. આભૂષણોથી અલંકૃત અંગવાળા, હંમેશા સુંદરીઓના સહવાસ રાખનારા શત્રુઓને ત્રાસ પમાડનાર હથિયારવાળા, મોટાં નૃત્યુ-નાટક અને લીલાના કરનારા, અજ્ઞાન જણાવનાર અક્ષમાળાના વ્યાપારવાળા જો દેવ બની શકતા હોય, તો કોઇપણ મનુષ્ય કે પશુ દેવતા કેમ ન થઈ શકે ? વળી જે પશુ વિષ્ટાનું ભક્ષણ કરે છે, પોતાના પુત્રની સાથે મૈથુન કરે છે, શિંગડા વગેરેથી જંતુઓને હણે છે, તે ગાય કેવી રીતે વંદન યોગ્ય ગણાય ? કદાચ તમે જો એમ કહેતા હો કે, દૂધ આપવાના સામર્થ્યથી તે વંદનયોગ્ય છે, તો ભેંસને કેમ વંદન કરતા નથી ? ભેંસ કરતા લગાર પણ તેમાં અધિકતા નથી. જો આ ગાયને દરેક તીર્થો, ઋષિઓ અને દેવતાઓનું સ્થાન ગણતા હો, તો પછી તેને શા માટે મારવાનું, દોહવાનું, વેચવાનું કાર્ય કરો છો ? સાંબેલું, ખાણિયો, ચૂલો, ઉંબરો, પીપળો, જળ, લિંબડી, આંકડો આ સર્વેને જેઓએ દેવો કહેલા છે, તો તેઓએ અહિં કોને વર્જેલા છે ?' હવે ગુરુ અને કુગુરુઓનું સ્વરૂપ કહે છે. -

## ૧૪૧. સુગુરુ-કુગુરુનું સ્વરૂપ -

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપ રત્નત્રયયુક્ત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ અષ્ટ પ્રવચનમાતાના ધારક, મહાવ્રતના માહાભારને વહન કરવા માટે સમર્થ, પરિષહ-ઉપસર્ગરૂપ મહાશત્રુ સૈન્યને જિતવા માટે મહાસુભટ સમાન, પોતાના શરીર પર પણ મમત્વ વગરના હોય, પછી બીજી વસ્તુ વિષયક મમત્વ તો ક્યાંથી જ હોય. સંયમના સાધનભૂત ઉપકરણ સિવાય જેમણે સર્વ પરિગ્રહનો ત્યાગ કરેલ હોય, માન-અપમાન, લાભ-અલાભ, સુખ-દુખ, પ્રશંસા-નિન્દા, હર્ષ-શોગ વગેરેમાં તુલ્ય ચિત્તવૃત્તિવાળા, કરવું, કરાવવું અને અનુમતિ મન, વચન, કાયા વગેરે પેટાભેદો સહિત આરંભનો ત્યાગ કરનારા, મોક્ષ સિવાય બીજા કોઇ પદાર્થમાં જેનું માનસ નથી, એવા જે આત્માભિમુખ ધર્મોપદેશકો હોય, તે ગુરુ કહેવાય. હવે કુગુરુનું સ્વરૂપ કહે છે - પ્રાણીઓના પ્રાણોનું હરણ કરનાર, જૂઠ બોલનાર, પારકું ધન હરણ કરવા તત્પર બનેલા અને અતિશય કામ સેવન કરનાર ગધેડા સમાન, પરિગ્રહ અને આરંભ કરવામાં રક્ત, કોઇ વખત પણ સંતોષ ન પામનારા, માંસભક્ષણ કરનારા, મદિરાપાનમાં આસક્ત થયેલા, કોપ કરવાના સ્વભાવવાળા, કજિયા કરવામાં આનંદ માનનારા, કુશાસ્ત્રના પાઠ માત્ર બોલીને હંમેશાં પોતાને મહાપંડિત માનનારા, વાસ્તવિક

વિચાર કરીએ તો નાસ્તિકો, પાપાચરણ કરનારા તેઓ પાપીઓના ગુરુઓ છે. તે આ પ્રમાણે - શિષ્યને પરિગ્રહમાં ઘર પણ ન હોય, જ્યારે તેમના ગુરુઓને તો ઉંચાં મોટાં મકાન, આભૂષણો, નગર અને ક્ષેત્રોની સતત તૃષ્ણા હોય છે. શિષ્યને સ્ત્રી હોતી નથી, જ્યારે ગુરુઓને અનેક સ્ત્રીઓ હોય છે, આ સર્વે મોહના ચાળા છે. આ અજ્ઞાન ઇચ્છા પ્રમાણે મનુષ્યોને નચાવે છે. ધર્મ અને અધર્મનું સ્વરૂપ આ પ્રમાણે સમજવું - અહિંસા જેનું લક્ષણ છે, સમ્યક્ત્વાદિક અને ક્ષમાદિકયુક્ત, વીતરાગ દેવે પોતે આચરીને કહેલો એવો ધર્મ છે. તેથી વિપરીત મિથ્યાદષ્ટિઓએ આચરેલ, દુષ્ટ દુર્ગતિમાં લઈ જવામાં સમર્થ હોય, તે અધર્મ કહેવાય. વળી કોઈકે કહેલું છે કે - 'રાગી દેવ હોય, દ્વેષી દેવ હોય, સ્ત્રી વગરના કે સ્ત્રીવાળા દેવ હોય તે દેવ, મદિરા-પાનમાં પણ ધર્મ છે, માંસભક્ષણમાં પણ ધર્મ છે, જીવહિંસામાં પણ ધર્મ છે, ગુરુઓ વિષયમાં રક્ત હોય, મદોન્મત્ત હોય, સ્ત્રીમાં સક્ત હોય તેવા ગુરુઓ પણ પૂજ્ય છે ? અહોહો ! કષ્ટની વાત છે કે, લોક અટ્ટં મટ્ટં કરી ધર્મ મનાવે છે.' (૨૨)

આ ગાથાથી મોક્ષને સાધી આપનાર એવા જ્ઞાન, ચારિત્ર, સમ્યક્ત્વ હોય તો જ તેની પ્રધાનતા જણાવેલી છે. બાકી તો મોક્ષનાં સાધન તો ત્રણે સંયુક્ત હોય, તો જ તેને સફળ ગણેલાં છે. તે જણાવે છે -

**सुपरिच्छिय-सम्मत्तो, नाणेणालोइयऽत्थ-सब्भावो ।**
**निव्वण-चरणाउत्तो, इच्छियमत्थं पसाहेइ ।।२७२।।**

**जह मूलताणए पंडुरम्मि दुव्वण्ण-रागवणेणिहं ।**
**बीभच्छा पडसोहा, इय सम्मत्तं पमाएहिं ।।२७३।।**

અચલિત-મજબૂત સમ્યક્ત્વ હોય, જ્ઞાન દ્વારા પદાર્થના યથાર્થ અર્થ જાણેલો હોય, નવતત્ત્વોનું સ્વરૂપ સમજાએલું હોય, અને નિરતિચાર ચારિત્રવાળો હોય, તે ઇચ્છિત-ઇષ્ટ પદાર્થ-મોક્ષ પ્રાપ્ત કરે છે. (૨૭૨) આ સમજીને મોક્ષ પ્રાપ્ત કરાવનાર એવા દર્શનમાં અપ્રમાદી બનવું. પ્રમાદ કરવાથી તેની મલિનતા થાય છે. તે દૃષ્ટાન્ત દ્વારા સમજાવે છે. વસ્ત્ર વણનાર મૂળતાણા સ્વચ્છ અને ઉજ્જ્વલ ગોઠવે, પરંતુ વાણા અશુભ વર્ણવાળા વચ્ચે આવી જાય, અગર પાછળથી ખરાબ રંગ લાગી જાય તો આખા કપડાની શોભા બગડી જાય, એ પ્રમાણે પ્રમાદ કષાય વડે પહેલાનું નિર્મલ સમ્યક્ત્વ પણ મલિન બની જાય છે. (૨૭૩) વળી સમ્યક્ત્વ મેળવેલું હોય, પરંતુ વિવેક ચૂકીને અતિશય પ્રમાદ થાય તો તેમાં અલ્પપ્રમાદ કરવાથી ઘણું હારી જવાય છે. કારણ કે -

नरएसु सुरवरेसु य, जो वंधइ सागरोवमं इक्कं ।
पलिओवमाण बंधइ, कोडिसहस्साणि दिवसेण ।।२७४।।

## ૧૪૨. એકદિવસમાં પુણ્ય પાપ કેટલું ?

સો વર્ષના આયુષ્યવાળો જે પુરુષ પાપકર્મ કરવાથી નરકગતિમાં નરક સંબંધી દુઃખ અને પુણ્યકાર્ય કરવાથી દેવગતિમાં દેવગતિ સંબંધી સુખ તેમજ એક સાગરોપમનું આયુષ્ય બાંધે છે, તે પુરુષ એક દિવસે-સો વર્ષમાંના દરેક દિવસે દુઃખ સુખ નરક-સ્વર્ગ સંબંધી પલ્યોપમના કરોડો હજારો વર્ષ જેટલું આયુષ્ય બાંધે છે. એટલે કે સો વર્ષના દિવસોને એક સાગરોપમના દશ કોડાકોડી પલ્યોપમ સાથે ભાગાકાર કરતાં તેટલા આયુષ્યને બાંધવાવાળું પાપ અને-અથવા પુણ્ય એક દિવસમાં જીવ ઉપાર્જન કરે છે, માટે પ્રમાદનો ત્યાગ કરી મનુષ્યજીવનમાં કુશલતાનુબંધી પુણ્ય ઉપાર્જન કરવાનો પ્રયત્ન કરવો-એ આ ગાથા કહેવાનું તત્ત્વ સમજવું. સો વર્ષના આયુષ્યવાળા પુરૂષ દરેક દિવસે ત્રણ ન્યૂન એવા કરોડો હજાર પલ્યોપમ નરક કે સ્વર્ગનું કર્મ બાંધે છે. એક સાગરોપમના દશ કોટાકોટી પલ્યોપમ થાય. એકડા આગળ પંદર મિંડા લખાય, તેને છત્રીશ હજાર આયુષ્યના દિવસો વડે ભાગાકાર કરવાથી ૨૭૭૭૭૭૭૭૭૭૭૭ ૭/૯ પલ્યોપમ થાય. (૨૭૪)

पलिओवम-संखिज्जं, भागं जो बंधई सुरगणेसु ।
दिवसे दिवसे बंधइ, स वासकोडी असंखिज्जा ।।२७५।।

एस कमो नरएसुवि, बुहेण नाऊण नाम एयंपि ।
धम्मम्मि कह पमाओ, निमेसमित्तं पि कायव्वो ? ।।२७६।।

નરભવમાં રહેલો સો વર્ષના આયુષ્યવાળો પુરુષ પુણ્યકાર્યના આચરણથી દેવગતિમાં પલ્યોપમના અસંખ્યાત ભાગને-તેટલા અલ્પાયુષને બાંધે છે તે પુરુષને દરરોજ કેટલા કરોડ વર્ષ આવે ? તે જણાવતાં કહે છે કે, દેવગતિમાં પલ્યોપમના સંખ્યાતમા ભાગ પરિણામ આયુષ્યને બાંધનાર સો વર્ષના આયુષ્યવાળો પુરુષ દિવસે દિવસે-દરરોજ અસંખ્યાતા કરોડ વર્ષનું આયુષ્ય બાંધે છે. એટલે પલ્યોપમના સંખ્યાતમા ભાગના વર્ષોના વિભાગ કરીને સો વર્ષના દરેક દિવસોમાં વહેંચીએ, તો તે દરેક દિવસે ધર્મની પ્રધાન બુદ્ધિવાળો હોય, તે સૌધર્માદિક દેવલોકમાં મધ્યમ વૃત્તિથી સાગરોપમનું પણ આયુષ્ય બાંધે, અસત્કલ્પનાથી પુરુષના આયુષ્યના દિવસોથી ભાગાકાર કરીએ, ત્યારે એક ન્યૂન ત્રણ ક્રોડ હજાર પલ્યોપમ ભાગ પ્રાપ્ત થાય. દિવસના પલકારા જેટલા વિભાગ કરીએ, તો પલ્યોપમનો

ક્રોડમો ભાગ આવે. તેથી જો અહિં મનુષ્ય પ્રમાદ કરે, તો મોટા લાભથી આત્માને વંચિત કરે છે. દિવસના પલકારા જેટલા ભાગમાં પ્રમાદ કરનારા પાપાચરણ સેવનાર તેટલું જ અશુભ-અશાતાવેદનીય કર્મ ઉપાર્જન કરનાર થાય છે. તેથી તે આત્મઘાતક કેમ ન ગણાય ? (૨૭૬)

દેવલોકમાં કેવા પ્રકારનું સુખ અને નરકમાં કેવા પ્રકારનું દુઃખ છે કે જે પ્રમાદ પરિહાર કરનાર અને તેમાં પ્રવર્તનાર અનુક્રમે સુખ-દુઃખ મેળવનાર થાય છે. તે વાત બે ગાથાથી દેવસુખ અને બે ગાથાથી નરકદુઃખ સ્વરૂપ સમજાવે છે -

**दिव्वालंकार-विभूसणाइं रयणुज्जलाणि य घराइं ।**
**रूवं भोग-समदओ, सुरलोग-समो कओ इहयं ? ।।२७७।।**

**देवाण देवलोए, जं सुक्खं तं नरो सुभणिओवि ।**
**न भणइ वाससएणवि जसवि जीहासयं हुज्जा ।।२७८।।**

**नरएसु जाइं अइकक्खडाइँ दुक्खाइं परमतिक्खाइं ।**
**को वण्णेही ताइं ?, जीवंतो वासकोडीऽवि ।।२७९।।**

**कक्खडदाहं सामलि-असिवणवेयरणि-पहरण-सएहिं ।**
**जा जायणाउ पावंति, नारया तं अहम्म-फलं ।।२८०।।**

## ૧૪૩. દેવ નારકીનાં સુખદુઃખો-

સિંહાસન, છત્ર, ચામરાદિક દિવ્ય અલંકારો, મુગટ-કડાં વગેરે આભૂષણો, રત્નાદિકથી શોભિત ગૃહો, શરીરની સુંદરતા-સૌભાગ્ય અને પાંચે ઇન્દ્રિયોને અનુકૂળ ભોગસામગ્રી અહિં મનુષ્યપણામાં હંમેશાં ક્યાંથી હોય ? અર્થાત્ ન જ હોય. (૨૭૭) કોઈપણ પુરુષને સો જિહ્વા હોય, વળી તે ઘણોભણેલો વિદ્વાન હોય, અને સો વર્ષ સુધી વર્ણન કરે, તો પણ દેવલોકમાં દેવતાને જે પ્રકારનું સુખ છે, તે કહેતાં પાર પામી શકાતો નથી, તેટલાં સુખ છે, જે સામાન્ય મનુષ્ય તો અલ્પકાળમાં કેવી રીતે સમજાવી શકે ? (૨૮૮) નરકગતિને વિશે જે દુસ્સહ આકરાં, ભૂખ, તરશ, અગ્નિ, ઠંડી, કરવત, કંટકશય્યા પરમાધામીના કરેલાં, ભૂમિના કારણે થએલાં, પરસ્પર પૂર્વના વૈરનાં અંગે થયેલાં દુઃખો છે, તે ક્રોડો વર્ષના આયુષ્યવાળા વર્ણન કરવા બેસે, તો પણ તેના જીવનના અંતસુધી સંપૂર્ણ કહી શકવા સમર્થ બની શકતા નથી. (૨૭૯) તે નરકમાં આકરા અગ્નિની દાઝવા સરખી વેદના, કુંભીમાં

ઘાલી અગ્નિમાં પકાવવાની વેદના, શાલ્મલિવૃક્ષના કાંટા સાથે આલિંગન, તરવાર સરખાં તીક્ષ્ણ પત્રો વડે અંગોપાંગનું છેદન, તપાવેલા સીસારસ સરખા વૈતરણી નદીના જળમાં વહેવું. તેવા જળનું પાન કરવું, કુહાડા, કરવત વગેરે સેંકડો શસ્ત્રો વડે અંગ-છેદન વગેરેની વેદના સહેવી પડે છે. તે સર્વ યાતનાઓ નારકીના જીવો કરેલા અધર્મનું ફળ ભોગવે છે. (૨૮૦) જેમ પ્રથમ વરાહ અવતાર ધારણ કરીને કાદવમાં ડૂબી ગએલી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો, તેમ મનોહર ચારિત્રવાળા સુંદર મુનિ અનુષ્ઠાનના સ્થાન, તેમ જ તર્ક-ન્યાયશાસ્ત્ર, આગમશાસ્ત્ર, કર્મવિષયક સાહિત્ય, વ્યાકરણના મર્મ સમજાવનાર શાસ્ત્રોની જેમણે રચનાઓ કરી છે, એવા મારા પૂજ્ય ગુરુવર્ય શ્રીમુનિચંદ્રસૂરિ જેમણે પ્રમાદ-સમુદ્રમાં સજ્જડ ડૂબી રહેલા એવા મને હસ્તાવલંબન આપી મારો તત્કાળ ઉદ્ધાર કર્યો છે. તેમણે નારકીના દુઃખ સંબંધી આવા જ પ્રકારનો ઉલ્લેખ કર્યો છે. જેમકે - 'પંચેન્દ્રિય જીવોનો વધ કરવામાં આસક્ત થએલા, માંસભક્ષણ લહેરથી કરનારા, બહુ આરંભ-પરિગ્રહવાળા જીવો મરીને નરકમાં ઉત્પન્ન થાય છે, કુંભીપાકથી જેઓ અગ્નિમાં રંધાય છે, મદિરાપાન કરેલ માફક બેભાન ચેતનાવાળા નારકીમાં મુંજ વગેરે માફક ઢેફાં વગેરેથી સજ્જડ હણાયા કરાય છે. વજ્રના યંત્રોમાં ઘાણી માફક પીલાય છે, તલ અને શેરડી માફક તેમના શરીરમાંથી પીલીને રસ કાઢવામાં આવે છે. ભઠ્ઠીમાં ધાણી-ચણા ભુંજાય તેમ તેવી અગ્નિ સરખા સ્પર્શવાળી ભૂમિમાં શરણરહિત તેઓ ભુંજાય છે. લાકડા માફક ભયંકર આકૃતિવાળી કુહાડી વગેરે હથિયારોથી તેમનાં શરીરો છેદાય છે, અને શિકારીઓ જેમ મૃગલા આદિ વનના પશુઓને તેમ તીક્ષ્ણ ભાલાદિકથી વીંધી નાખે છે. તપાવેલ સીસું પરાણે પાય છે, શિલાતલ ઉપર તેને ઝીંકે છે, તીક્ષ્ણ અણીવાળા કાંટાથી વ્યાપ્ત એવા સાલ્મલી વૃક્ષ ઉપર સુવડાવે છે. અત્યંત નિર્દય એવા કાગડા, બાજપક્ષી શિયાળ વગેરેથી ભક્ષણ કરાય છે, તેમ જ પરમાધામી એવા અધમ અસુરો વડે દીન એવા નારકીઓને વૈતરણી નદીમાં તરાવે છે. જેના મુખમાં સો જિહ્વા હોય અને તેનું આયુષ્ય સો વર્ષનું હોય તે પણ નારકીનું સમગ્ર દુઃખ કહેવા સમર્થ થઇ શકતો નથી. (૭) વળી સંસારની તિર્યંચ, મનુષ્ય કે દેવગતિમાં પણ સુખ નથી. તેમાં તિર્યંચગતિને આશ્રીને દુઃખ કહે છે -

**तिरिया कसंकुसारा-निवाय-वह-बंध-मारण-सयाइं ।**
**नवि इहयं पावेंता, परत्थ जइ नियमिया हुंता ।।२८१।।**

## ૧૪૪. તિર્યઞ્ચ ગતિનાં દુઃખો-

જો આગલા ભવમાં ધર્મકાર્યની પ્રવૃત્તિ અને અધર્મ-પાપકાર્યની નિવૃત્તરૂપ નિયમવાળો

થયો હોત તો તિર્યંચગતિ અને તેમાં પરવશતાથી ચાબૂક, અંકુશ, પરોણી તેની અણિયાલી આર વગેરેના માર સહન કરવા, વધ, બંધન, ભારવહન વગેરે સેંકડો પ્રકારનાં દુઃખો સહન કરવાનો અહિં વખત ન આવત. આ વિષયમાં બીજે સ્થાને જણાવેલું છે કે, 'ખોટાં તોલ-માપ રાખનારા, જૂઠ બોલવાવાળા, માયા-પ્રપંચ-કપટ કરનારા નક્કી તિર્યંચગતિમાં જન્મ લેનારા થાય છે. જેવું નારકીમાં દુઃખ છે, તેવું તિર્યંચગતિમાં પણ દુઃખ હોય છે, કારણ કે, ભારવહન દોહાવું, વધ, બંધનાદિ દુઃખોનો પાર પામવો ઘણો મુશ્કેલ છે. અતિશય તરશ-ભૂખ વગેરેની પીડા દીનતાથી ભોગવવી પડે છે, વળી પરવશતા પામેલા હોય છે, વળી પીઠ, કંઠ ઉપર ભાર લાદે, તે પરાણે વહન કરવો પડે છે. કેટલાક જાનવર દોહનદોષના કારણે કેટલાકને અગ્નિના ડામથી અંકિત કરવામાં આવે છે, કેટલાકને અંકુશના ઘાતથી અને કેટલાકને ચાબૂકના મારથી પરેશાન કરાય છે. કેટલાકને સજ્જડ બંધન બાંધવામાં આવે છે, કેટલાકને પૂરવામાં આવે છે. કેટલાકના કાન, નાક, પૂંછડાં, ચામડી આદિક અંગ-ઉપાંગો છેદવામાં આવે છે. પાર વગરના દુઃખ સમૂહમાં રાત-દિવસ સબડી રહેલા એવા તિર્યંચો સાક્ષાત્ શુભ પુણ્યકાર્યથી વંચિત થયેલા દેખાય છે. (૧૩) હવે મનુષ્યગતિને આશ્રીને દુઃખો કહે છે -

आजीव संकिलेसो, सुक्खं तुच्छं उवद्दवा बहुया ।
नीयजण-सिट्ठणा वि य, अणिट्ठवासो अ माणुस्से ।।२८२।।

चारग-निरोह-वह-बंध-रोग-धणहरण-मरण-वसणाइं ।
मण-संतावो अजसो विग्गोवणया य माणुस्से ।।२८३।।

चिता-संतावेहि य, दरिद्दरूआहिं दुप्पउत्ताहिं ।
लद्धूणवि माणुस्सं, मरंति केई सुनिव्विण्णा ।।२८४।।

## १४५. મનુષ્યગતિનાં દુઃખો-

જીવનના છેડા સુધી મનુષ્યભવમાં મનની અનેક ચિંતા કરવારૂપ સંક્લેશ, અલ્પકાળ રહેનાર વિષયાદિકનું તુચ્છસુખ, અગ્નિ, જળ, ચોર, રાજ વગેરેના અનેક ઉપદ્રવો, હલકા-નીચ લોકોના આક્રોશ-ઠપકા સહન કરવા, અનિષ્ટ સ્થાને વાસ કરવો આ વગેરે અનેક વિડંબના અહીં હોય છે. વળી કોઈ તેવા અપરાધ કે વગરઅપરાધે કેદખાનામાં કેદી થવું, દંડાવું, હથિયારોના માર સહેવા, દોરડાં, સાંકળ, બેડીથી બંધન, વાત, પિત્ત અને કફથી ઉત્પન્ન થતા અનેક રોગો, ધન-હરણ, મરણ, સંકટ આવવાં, મન-સંતાપ, અપકીર્તિ, અનેક

પ્રકારની વિડંબના, કલંક લાગવાં, વગોવણી વગેરે સંખ્યાબંધ દુઃખો હોય છે. વળી પૂર્વભવમાં કરેલા દુષ્ટકર્મના ઉદયથી મનુષ્યપણામાં પણ કેટલાક પ્રાણીઓ કુટુંબના ભરણ-પોષણની ચિંતા, ચોરાદિકના ઉપદ્રવ થવાથી અતિ આર્તધ્યાનવાળો દુઃખી થાય છે. ક્ષયાદિક રોગો થવાથી ખેદ પામી મૃત્યુ પામે છે. માટે પુણ્યયોગે મળેલો મનુષ્યભવ પ્રમાદ અને પાપમાં હારી જવો યોગ્ય નથી, પણ ધર્મકાર્યમાં અપ્રમાદ કરી સફલ કરવો યોગ્ય છે. તે માટે આ પણ કહેલું જ છે. - સામાન્યથી દાનદેનાર, અલ્પકોપાદિ કષાય કરનારા, મધ્યમ પ્રકારના લજ્જા, દાક્ષિણ્યાદિ ગુણોવાળા જીવો મનુષ્યજન્મ મેળવે છે. તેમાં ભયંકર દારિદ્રયથી જીવતા છતાં મરણભાવને અનુભવતા માનરહિત એવા કેટલાક મનુષ્યો મુશ્કેલીથી જીવન પસાર કરે છે. કેટલાક વળી નિષ્ઠુર કોઢરોગ વગેરે રોગ થવાથી અતિકષ્ટમય અવસ્થાને પામેલા હોય છે. વળી બીજા કેટલાકને જ્વર-તાવ, ઝાડા વગેરે રોગો, સર્પ વગેરેના ઝેરથી પીડા પામે છે. કેટલાક પારકાને ત્યાં મહેનત મજુરી અને ઘરકામ કરનારા સેવક થાય છે, કેટલાક મલિન મુખ અને નેત્રવાળા હોય છે, જે દેખવા પણ ગમતા નથી, કેટલાક ક્લેશ-સમુદ્રમાં ડૂબી ગએલા નગ્ન અને આદર ન પામનારા હોય છે. વળી કેટલાક મનુષ્યો ખભે સખત ભાર વહન કરનારા અને સખત આપદા વેઠનારા હોય છે.

કેટલાક બિચારા સુખથી વંચિત થએલા અધન્યકાર્ય કરીને જીવન પસાર કરે છે. કેટલાક પોતાના ઇષ્ટ સ્વજનોના વિયોગાગ્નિથી સખત બળી-જળી રહેલા હૃદયવાળા હોય છે, વળી કેટલાકને અનિષ્ટનો યોગ થવાથી તેના ચિંતા-તાપથી સર્વ અંગો શેકાય કરે છે અને કંઈપણ ઉદ્યમ સૂઝતો નથી. (૧૯) (૨૮૨-૨૮૩-૨૮૪) દેવગતિ આશ્રીને કહે છે -

देवावि देवलोए, दिव्वाभरणाणुरंजिय-सरीरा ।
जं परिवडंति तत्तो, तं दुक्खं दारुमं तेसिं ।।२८५।।

तं सुरविमाण-विभवं, चिंतिय चवणं च देवलोगाओ ।
अइबलियं चिय जं नवि, फुट्टइ सयसक्करं हियय ।।२८६।।

ईसा-विसाय-मय-कोह-माया-लोभेहिं एवमाईहिं ।
देवावि समभिभूया, तेसिं कत्तो सुहं नाम ? ।।२८७।।

## ૧૪૯. દેવગતિનાં દુઃખો-

દેવલોકમાં દિવ્યાભૂષણથી અલંકૃત શરીરવાળા દેવતાઓ પણ દેવલોકમાંથી નીચે પડે

છે. - ત્યાંથી ચ્યવે છે અને અશુચિ-ભરપૂર સ્થાનમાં આવે છે. ત્યારે તેમને પણ ભયંકર દુઃખ થાય છે. પોતાને પ્રાપ્ત દેવલોકનો વૈભવ જ્યારે છોડવાનો સમય આવે છે અને ચ્યવીને તિર્યંચ કે મનુષ્યના ગર્ભાવાસમાં રહેવાનો વખત આવે છે, ત્યારે તેમનું હૈયું એવું કઠણ હોય છે કે જેના સો ટૂકડા થઇ તે ફુટી જતું નથી. દેવો પણ ઈર્ષ્યા-એક બીજાની અદેખાઇ, બળવાન દેવે કરેલા પરાભવથી વિષાદ, અપ્રીતિ-રૂપ ક્રોધ, માન, માયા, લોભ-આસક્તિ વગેરે ચિત્તના વિકારોથી અતિશય પારભવ પામેલા હોય છે, તો તેમને સુખ ક્યાંથી હોય ? (૨૮૫-૨૮૬-૨૮૭) વિશેષમાં આ પણ કહેલું છે કે - 'અકામ-નિર્જરા વગેરે કારણથી કેટલાક દેવતા થાય છે, પરંતુ સત્પુરુષોએ માનેલ એવું સુખ ત્યાં પણ હોતું નથી. અતિદુર્ધર ઈર્ષ્યા-શલ્યથી પીડા પામતા હૃદયવાળા કેટલાક વિષાદ-અગ્નિમાં પડે છે. બળાત્કારથી તે દેવતાઓના કંઠસ્થાનમાં ઢોલ વગેરે વળગાડીને રંગભૂમિમાં જેમ નાટક કરાવાય, તેમ પરાણે નૃત્યાદિક કરાવે છે; ત્યારે તેમનાં અંગ જાણે ચીરાતાં ન હોય, તેવી માનસિક વેદના અનુભવે છે. વળી મોટા દેવો તેમને હાથી, ઘોડા, હંસ વગેરે વાહનના રૂપ કરવાની આજ્ઞા કરે, તેવો આકાર ધારણ કરીને તે ઉપરી દેવોને વહન કરવા પડે છે, તે વખતે કોઈક તેવા વહન કરનાર દેવને હથિયારથી માર મારે છે. ચંડાલ સરખી આકૃતિવાળા અને પ્રચંડ દંડથી અતિદંડાએલા, ઇન્દ્રસભામાં કદાપિ પ્રવેશ ન પામનારા પરાભવ પામે છે. સ્વર્ગમાંથી ચ્યવવું અને દુર્ગંધવાળા સ્થાનમાં જવું, ગર્ભના અશુચિસ્થાનમાં આળોટવું પડશે - એ દેખીને તેઓ વજ્રસરખી કાયાવાળા હોવાથી દેવતા ભેદાતા નથી. જેમ લવણસમુદ્ર ખારા જળથી ભરેલો છે, તેમ શારીરિક અને માનસિક અસંખ્યાતાં દુઃખોથી ભવ-સંસાર ભરપૂર છે. (૨૬)

**धम्मं पि नाम नाऊण, कीस पुरिसा सहंति पुरिसाणं ? ।**
**सामित्ते साहीणे, को नाम करिज्ज दासत्तं ? ।।२८८।।**

દુઃખ નિવારણ કરવા અને મોક્ષ-સુખ આપવા સમર્થ ધર્મ છે. આ પ્રગટ વાત જાણીને કયો પુરુષ બીજાના હુકમને સહન કરતા હશે ? સ્વામીપણું સ્વાધીન હોય, પછી સેવકપણું કોણ સ્વીકારે ? અર્થાત્ કોઈ ન સ્વીકારે, કર્મની પરતંત્રતા હોવાથી સંસાર દાસ સમાન છે. મુક્તપણું સ્વતંત્ર હોવાથી પ્રભુ સમાન છે અને સુંદર ધર્માનુષ્ઠાન કરનારને તો તે હથેળીમાં જ રહેલું છે અર્થાત્ ધર્મ કરવો તે પોતાને સ્વાધીન છે. ધર્માનુષ્ઠાન સેવન કરવાથી પ્રભુપણાની પ્રાપ્તિ થાય છે, માટે તેમાં જ પ્રયત્ન કરવો શ્રેષ્ઠ છે. 'સમાન અવયવવાળા હોવા છતાં પુરુષ બીજા પુરુષ પાસે શા માટે પ્રાર્થના કરવા જાય છે ? કદાચ તેના પુણ્યની અધિકતા હોય, તો તે પુણ્ય તમે પણ કરો.' (૨૮૮) બીજાનું દાસત્વ કોણ સહેતા નથી ?

જે નજીકમાં મોક્ષ માર્ગ પામેલા હોય, તે કેવી રીતે જાણવા ? તે કહે છે.

संसार-चारए चारए व्व आवीलियस्स बंधेहिं ।
उव्विग्गो जस्स मणो, सो किर आसन्न-सिद्धिपहो ।।२८९।।

आसन्नकाल-भवसिद्धियस्स जीवस्स लक्खणं इणमो ।
विसय-सुहेसु न रज्जइ, सव्वत्थामेसु उज्जमइ ।।२९०।।

हुज्ज वन व देह-बलं, धिइ-मइ-सत्तेण जइ न उज्जमसि ।
अच्छिहिसि चिरं कालं, बलं च सोअंतो ।।२९१।।

लद्धिल्लियं च बोहिं, अकरिंतोऽणागयं च पत्थिंतो ।
अन्नं दाइं बोहिं, लब्भिसि कयरेण मुल्लेण ? ।।२९२।।

## ૧૪૭. નજીકનાં મોક્ષગામી આત્માનું લક્ષણ-

કેદખાનામાં સાંકળ, દોરડાં, બેડીથી જકડાએલ કેદી સરખો આ જીવ સંસારમાં કર્મથી હેરાનગતિ ભોગવતો જ્યારે અંતઃકરણથી જન્મ, મરણાદિ દુઃખથી ઉદ્વેગ પામે છે, તે નજીકનો મોક્ષગામી આત્મા સમજવો. જે જીવ ઇન્દ્રિયોના વિષયસુખમાં પોતાનું સર્વ સામર્થ્ય જોડે છે, આ નજીકના કાળમાં ભવથી મુક્ત થઇ સિદ્ધિ પામનાર આત્મા સમજવો. (૨૮૯-૨૯૦)

આ પાંચમા આરાના કલિકાલમાં તેવા ઉત્તમ સંઘયણ વગરનો કેવી રીતે મોક્ષ મેળવવાનો ઉદ્યમ કરી શકે ? એમ માનનારને કહે છે. દેહબલ હોય કે ન હોય, પરંતુ મનની દૃઢતા, મળેલી બુદ્ધિ અને આત્મવીર્ય જેટલા પ્રમાણમાં મેળવેલાં હોય, તે પ્રમાણે જો ઉદ્યમ નહિં કરીશ અને લાંબાકાળ સુધી શારીરિકબળ અને દુષમાકાળનો શોક કર્યા કરીશ, તો તે શોકનો લાંબાકાળે પણ અંત નહીં આવશે. શોક કરવાથી તારું રક્ષણ થઇ શકવાનું નથી. માત્ર દીનતાની વૃદ્ધિ થશે. (૨૯૧) વળી કોઇક એમ વિચારે કે, આવા જન્મમાં બોધિલાભ અને ધર્મની ઉત્તમ સામગ્રી મેળવીશું, ત્યારે ધર્મનાં સુંદર અનુષ્ઠાનો કરીશું. અત્યારે કરી શકાય તેમ નથી-એમ ચિંતવનારા પ્રત્યે હિતશિક્ષા આપતા કહે છે કે - 'હે મહાનુભાવ ! આ ભવમાં મેળવેલ બોધિ-જૈનધર્મને અનુષ્ઠાનથી સફળ કરતો નથી અને આવતા ભવમાં મને ધર્મની પ્રાપ્તિ થાય એવી પ્રાર્થના કરે છે, તો આવતા ભવમાં કયા મૂલ્યથી ધર્મ પ્રાપ્ત કરીશ ? માટે આ ધર્મ આગળ મેળવવા માટે પ્રાપ્ત ધર્મ-સામગ્રીનો

સદુપયોગ કરી મૂલ્ય ઉપાર્જન કર. નહિતર બંને ભવ નિરર્થક થશે. આ ગાથાની મતલબ એ છે કે-બોધિલાભ થયો હોય તો તપ-સંયમ અનુષ્ઠાન કરવામાં તત્પર આત્મા પરલોકમાં આગલા ભવની વાસના કે સંસ્કારથી તેની પ્રવૃત્તિ તેવાં બોધિલાભને અનુકૂળ હોય. બોધિલાભ-રહિત હોય, તેને તો ધર્મની વાસના-સંસ્કારનો અભાવ હોવાથી બોધિલાભ પ્રાપ્ત ન થાય. વળી શંકા કરી કે, 'એ પ્રમાણે તો બોધિલાભનો અસંભવ જ થાય. કારણ કે, અનાદિથી સંસાર-વાસના તેને રહેલી છે-એમ ન માનવું. અનાદિ સંસારમાં રાધાવેધના દૃષ્ટાન્તે વગર વિચાર્યે જ કોઈ પ્રકારે અકામ-નિર્જરાથી બોધિલાભ થઈ જાય છે. માટે જરૂર તેનો પ્રયત્ન કરવો જોઇએ-આ તાત્પર્ય સમજવું. (૨૯૨)

આગળ ગાથા ૨૩૦થી અહિં સુધી શ્રાવકપણું પામેલાને ઉપદેશ જણાવ્યો. અહિંથી આગળ વ્રત પામેલાને આશ્રીને ઉપદેશ આપશે. તેમાં વ્રતો પ્રાપ્ત કરીને સુખશીલિયા બની માયાથી તેમાં ઉદ્યમ કરતા નથી, તેમનું સ્વરૂપ કંઈક ખેદથી કહે છે -

संघयण-काल-बल-दूसमारुयालंबणाइं घित्तुणं ।
सव्वं चिय नियग-धुरं, निरुज्जमाओ पमुच्चंति ।।२९३।।

कालस्स य परिहाणी, संजम-जाोगाइं नत्थि खित्ताइं ।
जयणाइ वट्टियव्वं, न हु जयणा भंजए अंगं ।।२९४।।

## ૧૪૮. સંઘયણ બળ પ્રમાણે જયણાથી આરાધના-

સંયમ-તપ, કરવાના ઉદ્યમ વગરનો આગળ કહીશું તેવાં આલંબન-બાનાં કાઢીને કહે છે કે, 'આજે દુષમાકાળમાં અમારા શરીરનાં સંઘયણ-બલ ચોથા આરા જેવાં નથી, કાળ પણ દુષ્કાળ છે, માનસિક બલ પણ ધૃતિ વગરનું છે, વળી ભગવંતે આ સંયમ પણ આકરું બતાવેલું છે, વળી મને રોગ થયો છે. કપટથી આવાં ખોટાં આલંબન પકડીને સર્વ શક્ય અનુષ્ઠાન અને નિયમ-સંયમપાલનરૂપ ધૂંસરીને નિરદ્યમી થઈ ત્યાગ કરે છે. દરરોજ અવસર્પિણીકાળમાં બુદ્ધિ-બળ, સંઘયણ, તાકાત વગેરે ઘટતાં જાય છે, અત્યારે સુંદર સંયમ-પાલનયોગ્ય ક્ષેત્રો મળતાં નથી, માટે યતના-પૂર્વક વર્તન કરવું. સર્વથા સંયમ-ધુરા ફેંકી ન દેવી કે સર્વથા ધારણ ન કરવી. કારણ કે સંયમના અંગરૂપ યતના હોય તો સંયમ ભાંગતું નથી. કહેલું છે કે - 'જયણા ધર્મને ઉત્પન્ન કરનારી માતા છે, ધર્મને પાલન કરનારી જયણા છે, ધર્મની વૃદ્ધિ કરનારી જયણા છે, જયણા એકાંત સુખ કરનારી છે. જયણામાં વર્તનાર જીવ સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર, શ્રદ્ધા બોધને સેવન કરનારો ભાવથી આરાધક જણાવેલો છે. (૨૯૩-૨૯૪)

समिई-कसाय-गारव-इंदिय-मय-बंभचेर-गुत्तीसु ।
सज्झाय-विणय-तव-सत्तिओ अजयणासुविहियाणं ।।२९५।।

जुगमित्तंतर-दिट्ठी, पयं पयं चक्खुणा विसोहितो ।
अव्वक्खित्ताउत्तो, इरियासमिओ मुणी होई ।।२९६।।

कज्जे भासइ भासं, अणवज्जमकारणे न भासइ य ।
विगह-विसुत्तिय-परिवज्जिओ अ जइ भासणासमिओ ।।२९७।।

बायालमेसणाओ, भोयण-दोसे य पंच सोहेइ ।
सो एसणाइ समिओ, आजीवी अन्नहा होइ ।।२९८।।

## ૧૪૯. પાંચ સમિતિનું સ્વરૂપ-

સાધુએ યતના કયા કયા વિષયની કરવી જોઇએ, તે કહે છે. ઇર્યાસમિતિ આદિ પાંચનું પાલન, ક્રોધાદિ ચાર કષાયોને નિગ્રહ, ઋદ્ધિગારવ આદિ ત્રણનું નિવારણ, સ્પર્શાદિક પાંચ ઇન્દ્રિયોને વશ રાખવી, જાતિ વગેરે આઠ મદનો ત્યાગ કરવો, નવ પ્રકારની બ્રહ્મચર્ય-ગુપ્તિનું પાલન કરવું, વાચનાદિક પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરવો, દશ પ્રકારનો વિનય કરવો, બાર પ્રકારના તપનું સેવન કરવું. આ વગેરે સુવિહિત સાધુએ પ્રમાદ કર્યા સિવાય પોતાની શક્તિ અનુસાર કરવું, તે યતના જાણવી. (૨૯૫) સમિતિદ્વારમાં ઈર્યાદિક પાંચે સમિતિઓ ક્રમપૂર્વક સમજાવતા કહે છે. ધુંસરા-ચાર હાથ પ્રમાણ ક્ષેત્રની અંદર દૃષ્ટિ રાખનાર, અતિદૂર કે અતિનજીક જોનાર જીવને સ્પષ્ટ જોઇ શકતો નથી, માટે યુગમાત્ર ક્ષેત્રનો નિયમ રાખ્યો. પગલે પગલે નેત્રથી પૃથ્વીનું નિરીક્ષણ કરી આગળ, પડખે ઉપયોગ રાખી શબ્દાદિક વિષયોમાં ઉપયોગ વગરનો, રાગ-દ્વેષ-રહિત થઇ, ધર્મધ્યાનમાં ઉપયોગવાળો બની જે ચાલવું તેમાં સુંદર પ્રવૃત્તિ રાખવી, તે ઈર્યાસમિતિ, આગમમાં કહેલ રીતિએ ચાલવાની પ્રવૃત્તિ કરનાર મુનિ કહેવાય. (૨૯૬) બીજી ભાષાસમિતિ તેને કહેવાય કે જ્ઞાનાદિક વિષયમાં જરૂર પડે, ત્યારે જ પાપ વગરનું વચન બોલવું, વગર પ્રયોજને સાધુ બોલે જ નહિં. સ્ત્રીકથાદિક વિકથા વિષયોની કથા, વિરુદ્ધવચન બોલવા-ચિંતવવા નહિં, આ પ્રમાણે જરૂર પડે ત્યારે નિષ્પાપવચન બોલનાર યતિ બોલવામાં સાવધાન ગણાય છે. (૨૯૭) એષણાસમિતિ જણાવતા કહે છે કે, 'મુનિ આહારાદિક વહોરવા જાય, ત્યારે શાસ્ત્રમાં કહેલા પિંડના ૪૨ દોષ અને માંડલીના પાંચ દોષ વર્જીને ભિક્ષા ગ્રહણ કરે અને તેનો ઉપયોગ કરે. કહેલું છે કે - ૧૬ ઉદ્ગમના, ૧૬ ઉત્પાદનના અને ૧૦ એષણાના મળી

૪૨ ગોચરીના દોષો થાય છે. પ્રથમ ગૃહસ્થથી થતા આહાર ઉપજવા સંબંધી ૧૬ દોષો. ૧ **આધાકર્મી**-સર્વદર્શનીઓ કે સર્વમુનિઓને ઉદ્દેશીને આહાર તૈયાર કરવો, ૨ **ઉદ્દેશ**-પૂર્વે તૈયાર કરેલ ભાત, લાડુ વિગેરેને મુનિને ઉદ્દેશીને દહીં, ગોળ વિગેરેથી સ્વાદિષ્ટ કરવા, ૩ **પૂતિકર્મ**-શુદ્ધ અન્નને આધાકર્મીથી મિશ્રિત કરવું, ૪ **મિશ્ર**-પોતાનાં માટે અને સાધુ માટે પ્રથમથી જ કલ્પીને બનાવવું, ૫ **સ્થાપિત** સાધુ માટે ખીર વગેરે જુદાં કરી ભાજનમાં સ્થાપી રાખવાં. ૬ **પાહુડી**-વિવાહ વિ. નો વિલંબ છતાં સાધુને રહેલા જાણીને તે વખતમાં જ વિવાહ વગેરે કરવા. ૭ **પ્રાદુષ્કરણ** અંધકારમાં રહેલી વસ્તુને દીવા વિ. થી શોધી લાવવી. ૮ **ક્રીત**-સાધુ માટે વેચાતું લાવવું. ૯ **પ્રામિત્ય**-ઉધાર લાવવું. ૧૦ સાધુ માટે અદલાબદલી કરવી. ૧૧ **અભ્યાહત**-સામું લાવવું. ૧૨ **ઉદ્ભિન્ન**-સાધુ માટે ડબ્બો ફોડી, ઘડા વિ. ના મુખ ઉપરથી માટી દૂર કરી ઘી વગેરે કાઢવું. ૧૩ **માલોપહૃત**-ઉપરની ભૂમિ, સીકુ કે ભોંયરામાંથી લાવવું. ૧૪ **આછેદ્ય**-કોઈ પાસેથી પડાવી લાવવું. ૧૫ **અનાસૃષ્ટિ**-આખા સમૂહે નહીં રજા અપાયેલું, તેમાંનો એક આપે. ૧૬ **અધ્યવપૂરક**-સાધુનું આગમન સાંભળી પોતાનાં માટે કરાતી રસોઈમાં ઉમેરો કરવો.

સાધુથી થતા ઉત્પાદનાના ૧૬ દોષો આ પ્રમાણે-૧ **ધાત્રી પિંડ** - ગૃહસ્થના બાળકને દૂધપાન કરાવવું, શણગારવું, રમાડવું, ૨ **દૂતિપિંડ**-દૂતની પેઠે સંદેશો લઇ જવો, ૩ **નિમિત્તપિંડ**-ત્રણે કાળના લાભાલાભ, જીવિત, મૃત્યુ વિ. કહેવું. ૪ **આજીવ**-પોતાના કુળ, જાતિ, શિલ્પ વિ. નાં વખાણકરવાં, ૫ **વનીપક**-દીનતા જણાવવી. ૬ **ચિકિત્સા**-પિંડ-ઔષધ-દવા વિ. બતાવવાં, ૭ **ક્રોધપિંડ**-ભય પમાડવા, શાપ આપવા, ૯ **માનપિંડ**-આહાર લાવી આપું, એમ કહી ગૃહસ્થને હેરાન કરે. ૯ **માયાપિંડ**-જુદા જુદા વેષ પહેરે, ભાષા બદલે, ૧૦ **લોભપિંડ**-આસક્તિથી ઘણું ભટકી ભિક્ષા મેળવે. ૧૧ **પૂર્વ-પશ્ચાત્ સંસ્તવ**-માતા, પિતા, બંધુ પ્રથમના અને સાસુ, સસરા, સાળા વગેરે પાછળથી થએલા સંબંધવાળાની પ્રશંસા પૂર્વક તેમની સાથે પોતાનો પરિચય જણાવે. **૧૨થી ૧૫ વિદ્યા,** મંત્ર, ચૂર્ણ યોગપિંડ-વિદ્યા, મંત્ર, નેત્રાંજન, ચૂર્ણ, પાદલેપાદિ યોગનો ભિક્ષા મેળવવા ઉપયોગ કરવો, ૧૬ **મૂળકર્મ**-ગર્ભસ્તંભન, ધારણ, પ્રસવ, તથા રક્ષા, બંધનાદિ કરવું. હવે સાધુ તથા ગૃહસ્થ બંનેના સંયોગથી થતા એષણાના ૧૦ દોષો. ૧ **શક્તિ**-આધાકર્માદિ દોષની શંકાવાળો, ૨ **મ્રક્ષિત**-મધ વિ. નિંદનીય પદાર્થોના સંબંધવાળો, ૩ **નિક્ષિપ્ત**-અચિત્તની મધ્યમાં રહેલ, ૪ **પિહિત**-સચિત્તથી ઢાંકેલ, ૫ **સંહૃત**-દેવાના પાત્રમાં રહેલા પદાર્થે બીજા પાત્રમાં નાખીને તે ભાજનથી સાધુને આપવું. ૬ **દાયક**-બાળક, વૃદ્ધ, નપુંસક, ધ્રૂજતો, અંધ, મત્ત, હાથ-પગ વગરનો, બેડીવાળો, પાદુકાવાળો, ખાંડનાર, દળનાર, ભુંજનાર, ફાડનાર, કાતરનાર, પિંજનાર, વિગેરે છકાયના વિરાધક પાસેથી, તેમ જ ગર્ભાધાનથી ૮ માસ પછી (નવમા માસથી ઉઠ-બેસ કર્યા વગર

આપે તો વાંધો નહિ) તથા ધાવણા બાળકને મૂકીને આપતી સ્ત્રી પાસેથી લેતાં, જિનકલ્પી તો ગર્ભાધાનથી જ તથા બાળકવાળી સ્ત્રી પાસેથી આહાર લે નહિ. ૭ **ઉન્મિશ્ર**-દેવાલાયકને સચિત્ત વિ. માં ભેળવીને આપવું. ૮ **અપિણત**-અચિત્ત તથા વિનાનું, ૯ **ક્ષિપ્ત**-પાત્ર તથા હાથ ખરડીને આપે. ૧૦ **છર્દિત**-છાંટા પડે તેમ વહોરવું - આ પ્રમાણે ગોચરીના ૪૨ દોષ. માંડલીના ૫ દોષ-આહાર વાપરતી વખતના દોષ આ પ્રમાણે- ૧ **સંયોજના**-રસની આસક્તિથી બીજી વસ્તુ એકઠી કરી સ્વાદ વધારવો, ૨ **પ્રમાણાતીત**-ધીરજ, બળ, સંયમ, મન, વચન, કાયાના યોગને બાધા પહોંચે તેટલો અધિક આહાર વાપરવો. ૩ **અંગારદોષ-અન્ન** કે આપનારને વખાણતો ભોજન કરે, તો રાગરૂપી અગ્નિથી ચારિત્રરૂપ ચંદનનાં કાષ્ઠોને બાળીને કોલસારૂપ કરી નાખે છે. ૪ **ધૂમ્ર**-અન્ન કે તેના દેનારની નિંદા કરતો ભોજન કરે તો ચારિત્રરૂપ ચિત્રશાળાને કાળી કરે છે. ૫ **કારણાભાવ**-કારણ વગર ભોજન કરવું. સાધુએ છ કારણ સિવાય ભોજન કરવાનું ન હોય, તે આ પ્રમાણે - વિનય-વેયાવચ્ચ-માટે, ઇરિયાસમિતિ-પાલન માટે, સંયમ પાલન માટે, પ્રાણ ટકાવવા માટે, ધર્મધ્યાન કરવા માટે, આવા પ્રકારના દોષો ટાળીને આહારાદિકની શુદ્ધિમાં ઉપયોગ પૂર્વક વર્તનાર સાધુ એષણા સમિતિવાળા હોય. જો દોષવાળો અશુદ્ધ આહાર ગ્રહણ કરે, તો આજીવિકા માટે સાધુ થએલો વેષવિડંબક કહેવાય. (૨૯૮)

**पुव्विं चक्खु परिक्खिय, पमज्जिउं जो ठवेइ गिण्हइ वा ।**
**आयाणभंड-निक्खेवणाइ समिओ मुणी होइ ।।२९९।।**

**उच्चार-पासवण-खेल-जल्ल-सिंघाणए य पाणविही ।**
**सुविवेइए पएसे, निसिरंतो होइ तस्समिओ ।।३००।।**

જે મુનિ કોઇપણ વસ્તુ લેવા મૂકવા પહેલાં ચક્ષુથી સારી રીતે નિર્જીવભૂમિ દેખીને પછી રજોહરણાદિક વડે પ્રમાર્જન કરીને પછી ભૂમિપર સ્થાપન કરે અગર ગ્રહણ કરે, તે આદાન-ભંડ-નિક્ષેપણા સમિતિ કહેવાય. (૨૯૯) વડીનીતિ-ઠલ્લો, લઘુનીતિ-માત્રું, કફ, શ્લેષ્મ, શરીરમેલ, નાસિકામેલ બીજા પણ પરઠવવા યોગ્ય ભોજન, પાણી વગેરે ત્રસ, સ્થાવર જીવ-રહિત સારી શોધેલી ભૂમિમાં જયણા સહિત ઉપયોગથી પરઠવતો મુનિ પારિષ્ઠાપનિકા સમિતિવાળો કહેવાય છે. (૩૦૦) સમિતિદ્વાર કહીને હવે કષાયદ્વારમાં ગાથા દ્વારા સમજાવે છે -

**कोहो माणो माया, लोभो हासो रई य अरई य ।**
**सोगो भयं दुगुंछा, पच्चक्खकली इमे सव्वे ।।३०१।।**

कोहो कलहो खारो, अवरुप्पर-मच्छरो अणुसओ अ ।
चंडत्तणमणुवसमो, तामसभावो अ संतावो ।।३०२।।

निच्छोडण निब्भंछण निराणुवत्तित्तणं असंवासो ।
कयनासो अ असम्मं, बंधइ घणचिक्कणं कम्मं ।।३०३।। युग्मम् ।।

## ૧૫૦. કષાયોનું સ્વરૂપ અને ત્યાગ-

ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર કષાયો પ્રસિદ્ધ છે. કષાયોની સાથે રહેનારા હોવાથી હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, છ નોકષાય છે. આ સર્વે કજિયાના કારણભૂત અને ઉપલક્ષણથી સમગ્ર અનર્થનાં હેતુઓ છે. હવે તત્ત્વ-સ્વરૂપ પર્યાય-એકાર્થિક નામો તેનાથી વ્યાખ્યા કરાય છે. તે ન્યાયથી ક્રોધના એકાર્થિક નામો કહે છે. ક્રોધ-અપ્રીતિ, કલહ-સામ સામા વચનો સંભળાવવા, ખાર-બીજા પર દુષ્ટ આશય રાખવો, પરસ્પર મત્સર-એક બીજાએ ઇર્ષ્યા રાખવી, અનુશય પશ્ચાત્તાપ, અર્થાત્ ક્રોધ કર્યા પછી પશ્ચાત્તાપ થાય છે, માટે તે ક્રોધનું નામ છે. ચંડત્વ-ભૃકુટી ચડાવવી, અનુપશમ-સમતા ન રાખવી, તામસભાવ-તમોગુણ રાખવો, અને સંતાપ, ક્રોધથી આત્માનું મલિન થવું. બીજાનો તિરસ્કાર કરવો. ક્રોધથી બીજાની મરજી પ્રમાણે ન વર્તવું, પરિવાર સાથે ક્રોધથી વાસ ન કરવો, કરેલા ઉપકારનો નાશ કરવો. સમતાનો અભાવ, આ સર્વે ક્રોધના કાર્યો હોવાથી ફલમાં હેતુનો ઉપચાર કર્યો. આ સર્વે ક્રોધનાં કાર્યો આચરનાર જીવ સજ્જડ પાપકર્મ ઉપાર્જન કરે છે. (૩૦૧ થી ૩૦૩) આ કલિકાળમાં સમગ્ર કલ્યાણ શ્રેણીરૂપ પુષ્પોની પરંપરાયુક્ત તપ અને ચારિત્રરૂપ વૃક્ષ જો પ્રશમરસના જળથી સિંચન કરાય તો મુક્તિરૂપી ફળની પ્રાપ્તિ થાય છે અને જો તેના બદલે કોપાગ્નિનું સેવન કરે, તો તે જ તપ-ચરણ વૃક્ષને તરત જ ભસ્મીભૂત કરે છે અને તેનું પરિણામ વિપરીત આવે છે.

ક્રોધ પોતાને પરિતાપ કરનાર અને બીજા સર્વને ઉદ્વેગ કરાવનાર થાય છે. વૈરની પરંપરા ઉત્પન્ન કરનાર અને સદ્ગતિનો નાશ કરનાર હોય તો ક્રોધ છે. આઠ વર્ષ ન્યૂન એવા પૂર્વ કોટી વર્ષ સુધી તપ અને ચારિત્રથી જે શુભકર્મ ઉપાર્જન કરેલું હોય, તેને ક્રોધરૂપી અગ્નિ અલ્પકાળમાં બાળીને ભસ્મીભૂત કરી નાખે છે. વૈરાગ્યરૂપી શમીવૃક્ષના નાના નાના પાંદડાંના પુટો ભરી ભરીને શમરસ ઉપાર્જન કર્યો, તેવા કિંમતી અમૂલ્ય રસને ક્રોધ રૂપ ખાખરાના મોટા પત્રના પડિયામાં ભરીને કેમ ફેંકી દે છે ? જીવો શરીરમાં ક્રોધ ધારણ કરે છે, તેને ધિક્કાર થાઓ, કારણ કે, આ લોક અને પરલોકનું સુખ છેદે નાખે છે, તેમ જ પોતાનો અને બીજાનો અનર્થ કરે છે. દેખો તો ખરા કે, ક્રોધમાં અંધ બનેલા નિર્દય

પુરુષો પિતા, માતા, ગુરુ, મિત્ર, બંધુ અને ભાર્યાને પણ હણી નાખે છે. પોતે પાપ અંગીકાર કરીને જેમને પીડા કરવા ઇચ્છા કરે છે, તે પોતાના કર્મથી હણાએલા જ છે. કોઇ બાલિશ-મૂર્ખશેખર એવો કયો તેના ઉપર કોપ કરે ? કદાચ કોપ પામેલો હણવા તત્પર બન્યો હોય, તે સમયે એ વિચારવું કે, 'આપણા આયુષ્યકર્મનો ક્ષય થયો છે, તેથી કરીને એ પાપથી નિર્ભય બનેલો છે અને મરેલાને જ મારે છે. સર્વ પુરુષાર્થને ચોરનાર એવા કોપ ઉપર જો તને કોપ ન થતો હોય તો તને ધિક્કાર થાઓ. કારણ અલ્પઅપરાધમાં પણ તું બીજા ઉપર કોપ કરવા તૈયાર થાય છે. સર્વ ઇન્દ્રિયોને નિર્બળ કરનાર આગળ વધતા ઉગ્ર સર્પ સરખા ક્રોધને જિતવા માટે વિવેકી સુજ્ઞ પુરુષે જાંગુલિકી વિદ્યા માફક નિરવદ્ય ક્ષમાનો હંમેશાં આશ્રય કરવો જોઇએ.' (૧૧)

**माणो मयऽहंकारो, पर-परिवाओ अ अत्त-उक्करिसो ।**
**पर-परिभवोवि य तहा, परस्स निंदा असूया य ।।३०४।।**

**हीला निरुवयारित्तणं निरवणामया अविणओ अ ।**
**परगुण-पच्छायणया, जीवं पाडंति संसारे ।।३०५।। युग्मम् ।।**

માનના પર્યાય શબ્દો કહે છે. માન એટલે અભિમાન, આઠ જાતના મદ, અહંકાર, બીજાનો અવર્ણવાદ, પોતાનો ઉત્સર્ષ-આપબડાઈ, બીજાનો પરાભવ, બીજાની નિન્દા, બીજાના ગુણો વિષે દોષો આરોપવા, બીજાની હલકીજાતિ વગેરે પ્રગટ કરી તેની હલકાઇ કરવી, કોઇનો પણ ઉપકાર ન કરવો, અક્કડપણું-સ્તબ્ધતા, અનમ્રતા, અવિનય, વડીલને દેખી ઉભા ન થવું, આસન ન આપવું, બીજાના જ્ઞાનાદિક ગુણો આચ્છાદન કરવા. તે સર્વે માનના ફલ સ્વરૂપ હોવાથી માનના પર્યાયવાચક શબ્દો છે. આ માન કરવાથી જીવ સંસારમાં રખડનારો થાય છે. (૩૦૪-૩૦૫) કહેલું છે કે, 'સમતારૂપ હાથીને બાંધવાના સ્તંભને તોડતો, નિર્મલ બુદ્ધિરૂપી દોરડાંને તોડતો, દુર્વચનરૂપ ધૂળીને સૂંઢથી ઉછાળતો, પૃથ્વીમાં પોતાની ઈચ્છાનુસાર ભ્રમણ કરતો, વિનયરૂપ વનમાર્ગને ઉખેડી નાખતો મદોન્મત્ત હાથી માફક મદમાં અંધ થએલો મનુષ્ય કયો અનર્થ કરતો નથી ? શ્રુત, શીલ, વિનયને દૂષિત કરનાર ધર્મ, અર્થ અને કામમાં વિઘ્ન કરનાર એવા અભિમાનને કયો સમજુ બે ઘડી પણ અવકાશ આપે ? નદીકિનારા ઉપર ઉંડા મૂળવાળા સ્થિર અને ઉંચા વૃક્ષો હોય, પરંતુ જ્યારે તેમાં પૂર આવે છે, ત્યારે તેને ભૂમિપર પાડી નાખે છે, નેતરનું વૃક્ષ નીચું હોય, પરંતુ વાડનો આશ્રય કરીને રહેલું હોય, તો પણ નમ્ર હોવાથી ઉભું રહે છે. માટે સર્વત્ર નમ્રતા રાખવી અને પૂજ્યો પ્રત્યે વિશેષપણે કોમળતા-નમ્રતા વિનય રાખવો, જેથી પાપ દૂર થાય.

પૂજ્યની પૂજાનું ઉલ્લંઘન કરનાર બાહુબલી અભિમાનથી લતા માફક પાપકર્મથી બંધાયા અને જ્યારે અભિમાન છોડ્યું અને નમ્રતા મેળવી તો તરત જ પાપથી મુક્ત થયા અને કેવળજ્ઞાન મેળવ્યું. ચક્રવર્તી જ્યારે સંગનો ત્યાગ કરે છે, ત્યારે વૈરીઓના ઘરમાં પણ ભિક્ષા માટે જાય છે. ખરેખર માનનો નાશ કરવા માટે અતિમૃદુતા હોવી જરૂરી છે. તરતનો દીક્ષિત થએલ ચક્રવર્તી, જે રંકપણામાંથી સાધુ થયો હોય, તેને પણ વંદન, નમસ્કાર અને સેવા કરે છે. કારણ કે જેણે માનનો ત્યાગ કર્યો હોય, તે લાંબાકાળ સુધી પૂજ્યતા પામે છે.

આ પ્રમાણે માન અહંકાર સંબંધી દોષો જાણીને-વિચારીને માર્દવ સેવન કરવાથી ઉત્પન્ન થતા ગુણ સમુદાયને જાણીને માન-ત્યાગ કરીને યતિધર્મમાં વિશેષ ઉપયોગી એવા માર્દવ-નમ્રતા-વિનયને એકાગ્રમનવાળા થઇ તમે તત્કાલ આશ્રય કરો. (૧૯)

**माया कुडंग पच्छन्न-पावया कूड कवड वंचणया ।**
**सव्वत्थ असब्भावो, परनिक्खेवावहारो अ ।।३०६।।**

હવે ક્રમાગત માયાના પર્યાયો અથવા માયાના કાર્ય દ્વારા થતા તેના આગળ માફક શબ્દો કહે છે. માયા, મહાગહન કુડંગ, છાની રીતે પાપ કરવું, કૂટકપટથી છેતરવું, હોય કંઈ અને કહેવું બીજું, પારકી થાપણ-અનામત પાછી ન આપવી અને પ્રપંચથી પોતે પચાવી પાડવી. બીજાને છળ કરી છેતરવા, પોતાનું કાર્ય સાધવા માટે માયાથી ગાંડાપણાનો વર્તાવ કરવો બીજા ન જાણી શકે તેવા ગૂઢ આચાર સેવન કરી બહારથી પ્રામાણિકતાનો ડોળ દેખાડવો, કુટિલમતિ અને વિશ્વાસઘાત કરવો. આ સર્વે માયાનાં કાર્યો હોવાથી આગળ માફક તેને પણ માયા નામથી જણાવેલ છે. આવી માયા કરવાથી સેંકડો ક્રોડો ભવ સુધી સંસારમાં જીવોને હેરાનગતિ ભોગવવી પડે છે. (૩૦૬-૩૦૭) કહેલું છે કે - કપટમાં લમ્પટ થએલી ચિત્તવૃત્તિવાળાને ભોળા લોકોને છેતરવામાં તત્પર એવી ચતુરાઈનો પ્રયોગ કરે છે, પણ અપથ્ય ભોજન કરનારને વ્યાધિ જેમ ભવિષ્યમાં ઉપદ્રવ કર્યા વગર રહેતી નથી, ભોજન પચતું નથી, તેમ તેની ચતુરાઈ ભાવીમાં ઉપદ્રવ કર્યા વગર રહેતી નથી. માયા કરવાના સ્વભાવવાળો પુરુષ, જો કે કંઇ પણ અપરાધ કરતો નથી, તો પણ સર્પ માફક પોતાના દોષથી હણાએલો વિશ્વાસ કરવા લાયક રહેતો નથી. [1]કૂટષડ્ગુણ-યોગની પ્રપંચ અને વિશ્વાસઘાતથી ધનના લોભથી રાજાઓ સમગ્ર જગતને ઠગે છે. કપાળમાં મોટાં તિલકો ખેંચીને, મુખાકૃતિ તેવા પ્રકારની બતાવીને, મંત્રો વડે દુર્બળતા, દીનતા દેખાડીને અંદર શૂન્ય હોય, બહારથી આડંબર કરી બ્રાહ્મણો લોકોને ઠગે છે, વણિકલોકો ખોટાં

૧. સંધિ, ૨. વિગ્રહ, ૩. યુદ્ધ પ્રયાણ, ૪. છૂપાઇ, ૫ ફાટફુટ પડાવવી, ૬. અધિક શક્તિવાળાનો આશ્રય લેવો. આ છ ગુણ.

તોલ-માપ રાખી, સુંદર વર્તાવ બતાવી, પોતાની ચાલાકીથી ભદ્રિક લોકોને માયાથી છેતરે છે. હૃદયમાં નાસ્તિક એવા પાખંડીઓ જટા, મુંડન, ચોટલી, ભગવાવસ્ત્ર, નગ્નપણું વગેરે ધારણ કરીને ભોળા ભદ્રિક લોકોને ભરમાવી આકર્ષે છે. વેશ્યાઓ હૃદયમાં અનુરાગ ન હોવા છતાં, હાવભાવ, કટાક્ષપૂર્વક વિલાસ કરીને બહારથી સ્નેહ બતાવીને કામી પુરુષોને ઠગે છે. આ પ્રમાણે જુદા જુદા ઉપાયો કરીને સર્વ લોકો બીજાઓને ઠગવામાં તત્પર બને છે, એમ કરીને પોતાના જ આત્માને ઠગનારા તેઓ પોતાનો ધર્મ અને સદ્ગતિનો નાશ કરે છે.

સરળતા રાખવી, તે જ સુંદર-સીધો માર્ગ છે, લોકોને પણ સરળતા હોય ત્યાં પ્રીતિ કરવાની ઇચ્છા થાય છે, સર્પ માફક કુટિલ માણસોથી જીવો ઉદ્વેગ અને ભય પામે છે. સંસારવાસમાં રહેલા હોવા છતાં પણ સરળ ચિત્તવૃત્તિવાળા મહાત્માઓ સ્વાભાવિક આત્માનુભવનું મુક્તિસુખ અનુભવે છે. બાળકોને જેમ સરળતા સ્વાભાવિક હોય છે, તેમ સમગ્ર વિદ્યા, વિદ્વતા, કળા ભણેલા ભાગ્યશાળીઓને પ્રાપ્ત થાય છે. અજ્ઞાની બાળકોની સરળતા પ્રીતિનું કારણ થાય છે, તો પછી સર્વ શાસ્ત્રોના અર્થનો સંપૂર્ણ પાર પામેલા એવા વિદ્વાનો પ્રીતિનું કારણ કેમ ન બને ? આત્માનો સ્વભાવ સરળતા છે, કુટિલતા એ વિકાર છે, તો પછી સ્વાભાવિક સરળતા ધર્મનો ત્યાગ કરીને બનાવટી કુટિલતાનો કયો મૂર્ખ આશ્રય કરે ? સરલસ્વભાવી હોય, તે મન, વચન અને કાયામાં સર્વથા એકરૂપ હોય, તે વંદન કરવાયોગ્ય અને આનંદ પમાડનાર હોય છે અને મનમાં જુદું, વચનમાં જુદું, તેમ જ કાર્યમાં જુદું હોય એવા કુટિલવૃત્તિવાળા ભરોસો કરવા લાયક ન હોવાથી વર્જન કરાય છે અને તિરસ્કારાય છે. આ પ્રમાણે કુટિલકર્મ-માયાવાળા તેમજ સરળ પરિણતિવાળા બંનેનું નરસું અને સારું સ્વરૂપ વિસ્તારથી કહ્યું. પોતાની બુદ્ધિથી બંનેનું વિચારીને અભિલાષાવાળા વિવેકીએ નિરુપમ એવી સરળતાનો આશ્રય કરવો. (૩૪)

**लोभो अइसंचयसीलया य किलिट्ठत्तणं अइममत्तं ।**
**कप्पन्नमपरिभोगो, नट्ठ-विनट्ठे य आगल्लं ।।३०८।।**

**मुच्छा अइबहुधण-लोभया य तब्भाव-भावणा य सया ।**
**बोलंति महाघोरे, जर-मरण-महासमुद्दंमि ।।३०९।। युग्मम् ।।**

લોભ વડે એક જાતના કે અનેક જાતના પદાર્થો-વસ્તુઓ એકઠા કરવાનો સ્વભાવ, લોભથી મની કલુષતા કરવી, પારકી વસ્તુઓ મેળવવાની અભિલાષા, મમત્વભાવસ્વાધીન વસ્તુમાં મૂર્ચ્છા, ભોગવવાયોગ્ય પદાર્થો સ્વાધીન છતાં ન ભોગવે અને કૃપણતાના કારણે

ખરાબ પદાર્થોને વાપરે, કોઇ વસ્તુ વાપરી કે ભોગવી ન શકાય અને નાશ પામી તો મૂર્ચ્છાની અધિકતાથી રોગ લાગુ પડી જાય. ધન કે કોઈ પદાર્થ પર તીવ્રરાગ થવો, તે મૂર્ચ્છા, હંમેશાં તે પદાર્થના રાગવાળું ચિત્ત રહે, આ સર્વે લોભનાં કાર્યો હોવાથી આગળ માફક કારણનાં કાર્યો જણાવ્યાં. આ સર્વે વૃદ્ધાવસ્થા, મરણ, જન્મનાં દુઃખના મહાસમુદ્રમાં જીવને ડૂબાડે છે. (૩૦૮-૩૦૯) તે માટે કહેલું છે કે - 'આવા લોભ ખાતર કેટલાક લોભી પુરુષો દુઃખે કરીને ગમન કરી શકાય તેવી હિંસક પ્રાણીઓથી ભરેલી અટવીમાં પ્રવેશ કરીને સુવર્ણસિદ્ધિ રસ મેળવે છે, કેટલાક મુશ્કેલીવાળા બીજા દેશોમાં ભ્રમણ કરે છે, મહાગહન સમુદ્રમાં મુસારી કરે છે, ટાઢ, તડકો, વરસાદનો ક્લેશ સહન કરી ખેતીકર્મ કરે છે, ધન મેળવવા કૃપણ સ્વામીની પણ સેવા કરે છે, હાથીની સેનાના સંઘટ્ટથી દુઃખે કરીને ચાલી શકાય, તેવા ગહન સ્થાનમાં યુદ્ધમાં પણ ધનના લોભથી જાય છે, ધનમાં અંધ થએલ બુદ્ધિવાળો આવાં સર્વ દુષ્કર કાર્યો કરે છે. તે લોભનો જ પ્રભાવ છે. સર્વવિનાશના આશ્રયભૂત, સર્વ સંકટનો એક રાજમાર્ગ એવા લોભને સ્વાધીન થએલ ક્ષણવારમાં બીજાં દુઃખોને પ્રાપ્ત કરનાર થાય છે.

લોભના ખાડાને જેમ જેમ પૂર્ણ કરવા પ્રયત્ન કરે છે, તેમ તેમ આશ્ચર્યની વાત છે કે, એ ખાડો વારંવાર વધતો જ જાય છે અને કદાપિ પૂરાતો નથી. જેણે લોભનો ત્યાગ કર્યો હોય, તો ફલ વગરના તપથી સર્યું, જો લોભનો ત્યાગ થાય, તો પછી નિષ્ફલ તપની કશી જરૂર નથી. સર્વશાસ્ત્રોનું મંથન કરીને મેં એવો નિર્ધાર કર્યો છે કે, 'લોભનો નાશ કરવા માટે મહાબુદ્ધિથી પ્રયત્ન કરવો જોઇએ. અતિઆકરો તેનો લોભજ્વર નિશ્ચય નાશ પામે છે કે, જેઓ સંતોષરૂપ અમૃતથી પૂર્ણ છે, તેમ જ જેનું મન વ્રતમાં લીન છે. જેમ મનુષ્યોમાં ચક્રવર્તી, દેવોમાં ઇન્દ્ર શ્રેષ્ઠ છે, તેમ સર્વે ગુણોમાં સંતોષ શ્રેષ્ઠ ગુણ છે. જગતમાં સર્વથી ચડીયાતું સુખ ભોગવતા હોય, તો સંતોષવાળા સાધુ અને ચડિયાતું દુઃખ હોય, તો અસંતોષી ચક્રવર્તીને. ત્રાજવાથી તેનું માપ કાઢવામાં આવે તો સુખ-દુઃખનો આ પ્રકર્ષ છે. ઘાસના સંથારામાં સૂનાર સંતોષી આત્માને જે સુખ છે, તે સંતોષ-રહિત રૂની મોટી તળાઈમાં સુઇ રહેનાર ક્યાંથી અનુભવી શકે ? અસંતોષી ધનિકો સ્વામી પાસે તૃણ સરખા ગણાય છે. જ્યારે તે સ્વામીઓ પણ સંતોષી પુરુષ આગળ રહેલા હોય, તો તે પણ તૃણ સરખા ગણાય છે. તીવ્ર તપકર્મ કર્મનિર્મૂલન કરવા સમર્થ કહેલું નથી, પરંતુ સંતોષ-રહિત સત્ય તેને પણ નિષ્ફલ કહેલું છે. સમગ્ર લોભના સ્વરૂપને તેમજ ઉત્તમસુખ સ્વરૂપ એવા મેં કહેલ સંતોષને જાણીને લોભાગ્નિથી પ્રસરતા પરિતાપને શાન્ત કરવા માટે સંતોષામૃત રસમય એવા આ સંતોષ-ગૃહમાં આનંદ કરો. (૪૮) જે મહાત્મા ક્ષમા-માર્દવ-આર્જવ-સંતોષ ગુણોથી ક્રોધ-માન-માયા-લોભ દોષોને જેઓ નિગ્રહ-કબજે કરે, તેના આ લોક

અને પરલોકમાં કેવા અભ્યુદય થાય છે, તે કહે છે -

एएसु जो न वट्टिटज्जा (वट्टे), तेणं अप्पा जहट्ठिओ नाओ ।
मणुआण माणणिज्जो, देवाण वि देवयं हुज्जा ।।३१०।। युग्मम् ।।

तो भासुरं भुअंगं, पयंड-दाढा-विसं विघट्टेइ ।
ततो चिय तस्संतो, रोस-भुअंगोवगमाणमिणं ।।३११।।

जो आगलेइ मत्तं, कयंत-कालोवमं वणगइंदं ।
सो तेणं चिय छुज्जइ, माण-गइंदेण इत्थुवमा ।।३१२।।

विसवल्लि-महागहणं, जो पविसइ साणुवाय-फरिस-विसं ।
सो अचिरेण विणस्सइ, माया विसवल्लि-गहण-समा ।।३१३।।

घोरे भयागरे सागरम्मि तिमि-मगर-गाह-पउरम्मि ।
जो पविसइ सो पविसइ, लोभ-महासागरे भीमे ।।३१४।।

गुण-दोस-बहुविसेसं, पयं पयं जाणिऊण नीसेसं ।
दोसेसु जणो न विरज्जइ त्ति कम्माण अहिगारो ।।३१५।।

## ૧૫૧. ઉપમા દ્વારા કષાયોનો નિગ્રહ-

આગળ જણાવી ગયા, તેવા ક્રોધાદિક વિભાવ દશામાં જે નથી વર્તતો, તેને આત્મા જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય સ્વરૂપ છે, કર્મથી આત્મા જુદો છે-તેમ યથાર્થજ્ઞાન થયું છે તેથી અહિં મનુષ્યોમાં માનનીય અને પરલોકમાં દેવો અને ઇન્દ્રોને પણ પૂજ્ય બને છે. (૩૧૦) હવે ક્રોધાદિકને સર્પાદિક ઉપમા આપી કેટલું નુકશાન કરનારા છે, તે કહે છે. - જે પુરુષ ભયંકર પ્રચંડ દાઢમાં રહેલા ઝેરવાળા સર્પને લાકડી, ઢેફાં આદિથી માર મારે છે, એટલે તે જ સર્પથી મારનારનો વિનાશ થાય છે. આ રોષ-ભુજંગનો સ્પર્શ જેણે કર્યો હોય, ક્રોધની ઉદીરણા કરનાર પણ અનેક મરણો પામનાર થાય છે. (૩૧૧) યમરાજાની ઉપમા સરખા વગર કેળવાએલા મદોન્મત્ત વનગજેન્દ્રના ઉપર આરૂઢ થાય છે, તે પુરુષ તે હાથીથી ચૂરાઇ જાય છે. અહિં માનને ગજેન્દ્રની ઉપમા આપી સમજાવે છે કે, માનને આધીન થએલો પુરુષ પણ સંસારમાં રખડનાર થાય છે. (૩૧૨) વિષમય વેલડીના મહાગન વનમાં જે પ્રવેશ કરે છે અને અનુકૂલ વાયરાથી વેલડીનો સ્પર્શ થાય છે, તો તેના સ્પર્શ અને ગંધથી તે તત્કાલ

મૃત્યુ પામે છે. માયાને વિષવેલડીની ઉપમા આપી કે તેની માફક આ માયા તરત મરણને શરણ કરાવે છે. ૩૧૩) અનેક ભયંકર મત્સ્યો, મગરો, જળચર જંતુઓ જેમાં ઘણાં છે એવા રૌદ્ર માટે જ ભયંકર સમુદ્રમાં જે પ્રવેશ કરે છે, તે ભયંકર લોભ મહાસાગરમાં પ્રવેશ કરવા સરકો જાણવો. તે લોભ-સમુદ્ર પણ અનંત દુઃખરૂપ જળચરોથી ભરેલો છે. (૩૧૪)

આ પ્રમાણે ક્રોધ, માન, માયા, લોભ દુઃખનાં કારણ હોવાથી જીવોને ભવસંસાર-દુર્ગતિના માર્ગને બતાવનારા ખેંચી જનારા છે. આ પ્રમાણે ક્રોધાદિકનું સ્વરૂપ નક્કી વિચારીને પણ તે પ્રાણીઓ તેનાથી પાછા હઠતા નથી. કારણ કે, કર્મથી પરતંત્ર છે તે કહે છે, - મોક્ષના હેતુભૂત જ્ઞાનાદિક આત્મગુણો અને સંસારના કારણભૂત ક્રોધાદિક દોષો વચ્ચે ઘણું અંતર છે-એમ સર્વજ્ઞ-કથિત સિદ્ધાંતોમાં અનેક વખત પદે પદે કહેલું છે. તે સર્વ જાણીને મનુષ્ય દોષથી વિરક્ત થતો નથી, તે કર્મનો જ પ્રતાપ સમજવો. અર્થાત્ કષાયાધીન આત્મા જાણવા છતાં દોષોને તજી શકતો નથી. (૩૧૫) જેમ કે-આ સમગ્ર જગત્ ક્ષણભંગુર છે, તે હું જાણું છું, આ પૌદ્ગલિક સુખ અસાર અલ્પકાળ ટકનારું પરિણામે દુઃખ આપનારું છે, તે પણ હું જાણું છું, આ ઇન્દ્રિયોના વર્ગને પણ જાણું છું કે, હંમેશાં તે એકાંત પોતાના સ્વાર્થમાં જ એકનિષ્ઠ છે. સંપત્તિઓ વિજળીના ચમકારા માફક ચપળ છે, તે પણ જાણું છું; તો પણ આ મારા મોહનું કારણ કોણ છે, તે હું જાણતો નથી. માત્ર દોષ દેખવાથી કે કર્મની પરાધીનતાથી તે વૈરાગ્ય પામતો નથી કે કષાયોથી વિરમતો નથી કે જ્યાં સુધી તેમાં જ અનુરાગ કરે છે. પાણીના મોજાં સરખું આયુષ ક્ષણભંગુર ક્ષણમાં નાશ પામનારું છે, લક્ષ્મી સ્વપ્ન-સરખી વિનાશ પામનારી છે, નિરંતર ભોગોમાં રતિ કરનારો છે, આકાશમાં રહેલા વાદળા સરખું યૌવન અસ્થિર છે, સ્નેહથી જે સ્ત્રીઓ સાથે આલિંગન કર્યું હતું, તે તો અહિં છૂટી જાય છે, છતાં લોકો સંસારની રસિકતાથી તેઓથી જ બંધન પામે છે. ગુણ-દોષને વિશેષ સમજાવનાર આગમનું આ પદ છે. જીવને જ્ઞાન એ સમગ્ર પદાર્થોનું યથાર્થ સ્વરૂપ સમજાવનાર છે, તપ એ મલિન આત્માની શુદ્ધિ કરનાર છે, અને સંયમ નવાં આવતાં કર્મને રોકનાર છે, આ ત્રણેનો એક સાથે યોગ થાય, તો જિનશાસનમાં મોક્ષ કહેલો છે, અર્થાત્ આ ત્રણમાંથી એકની પણ ન્યૂનતા હોય, તો મોક્ષ મળી શકતો નથી. ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરનાર છે, માયા મિત્રનો નાશ કરે છે અને લોભ સર્વનો નાશ કરનાર છે. (૫૪) કષાયદ્વારમાં ક્રોધાદિક ચારને કહીને હાસ્યાદિક છ નોકષાયો છ ગાથાથી કહે છે. -

**अट्टट्टहास-केलीकिलत्तणं, हास-खिड्ड-जमगरुई ।**
**कंदप्पं उवहसणं, परस्स न करंति अणगारा ।।३१६।।**

## ૧૫૨. નોકષાયનું સ્વરૂપ અને ત્યાગ-

**૧. હાસ્યદ્વાર** - સાધુ મુખ પહોળું કરીને ખડખડ શબ્દયુક્ત હાસ્ય ન કરે, બીજા ઉત્તમ પુરુષોને આવું હાસ્ય ઉચિત ન ગણાય, તો પછી સાધુને તો ખડખડ શબ્દવાળું હાસ્ય ઉચિત ન જ ગણાય. જે માટે કહેલું છે કે - 'જેણે પોતાના મુખનાં સમગ્ર છિદ્રો પ્રગટ કર્યાં છે, એવા મૂર્ખ પુરુષો હાસ્ય કરે છે, તો તે લઘુતા પામે છે. સજ્જન પુરુષો તો માત્ર મનોહર કપોલભાગ કંઈક ચલાયમાન થાય અને દાંત પણ ન દેખાય તેમ મૌનહાસ્ય કરે છે. બીજા સાથે રમત-ગમત-ક્રીડા કરાતાં અસંબંધ વચન બોલી હાસ્ય કરતાં બીજાના શરીરને ગદ્ગદિયાં કરી હસાવવાની ક્રીડા, નેત્ર, ભવાં, મુખના વિકાર કરી બીજાને હાસ્ય ઉત્પન્ન કરાવવું, વ્યાખ્યાનમાં ગ્રામ્યલોકોને વિસ્મય પમાડવા માટે સાનુપ્રાસ શબ્દ પ્રયોગ સૂત્ર બોલીને શ્રોતાને આનંદ ઉપજાવવો, કામોત્તેજિક વચન બોલવાં, બીજાની મશ્કરી કરવી, આ સર્વે હાસ્યના વિલાસો મુનિઓ કરતા નથી. (૩૧૬)

साहूणं अप्परुई, ससरीर-पलोअणा तवे अरई ।
सुत्थिअवन्नो अइपहरिसो य नत्थी सुसाहूणं ।।३१७।।

उव्वेयओ अ अरणामओ अ अरमंतिया य अरई य ।
कलि-मलओ अ अणेगग्गया य कत्तो सुविहियाणं ? ।।३१८।।

सोगं संतावं अधिइं च मन्नुं च वेमणस्सं च ।
कारुन्न-रुन्नभावं, न साहु धम्मम्मि इच्छंति ।।३१९।।

भय-संखोह-विसाओ, मग्ग-विभेओ विभीसियाओ अ ।
पर-मग्ग-दंसणाणि य, दढधम्माणं कओ हुंति ? ।।३२०।।

कुच्छा चिलीणमल-संकडेसु उव्वेयओ अणिट्ठेसु ।
चक्खुनियत्तणमसुभेसु नत्थि दव्वेसु दंताणं ।।३२१।।

एयं पि नाम नाऊण, मुज्झियव्वं ति नूणं जीवस्स ।
फेडेऊण न तीरइ, अइबलिओ कम्म-संघाओ ।।३२२।।

**૨. રતિદ્વાર** - સુસાધુઓને પોતાના આત્મા માટે એવી રુચિ ન થાય કે, મને ઠંડી ન લાગે, તાપ ન લાગે, પોતાના શરીરને આદર્શાદિકમાં અવલોકન કરવું, શરીર દુર્બલ થઇ

જશે-એમ ધારી તપમાં અરતિ કરવી, પોતાના શરીરના વર્ણ-દેખાવને સુંદર કરવાની અભિલાષાવાળો તપમાં અનુરાગ કરનારો ન થાય. 'હું દેખાવડો સારા વર્ણવાળો છું' - એવી પોતાની પ્રશંસા કરવી, કોઇક લાભ થયો હોય, ત્યારે અતિહર્ષિત થવાનું સાધુઓને ન હોય. આ સર્વ રતિ નોકષાયના વિલાસો સમજવા. હવે **૩. અરતિદ્વાર** કહે છે. - સુવિહિત સાધુઓને ધર્મસમાધિથી ચલિત થવા રૂપ ઉદ્વેગ, પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં મનનું અતિશય જવાપણું, ધર્મધ્યાનમાં અરમણતા, ચિત્તનો અતિશય ઉદ્વેગ, વિષયની લોલુપતાથી તે પ્રાપ્ત ન થવાથી ચિત્તનો ક્ષોભ થવો, આ કારણ મનની અસ્થિરતા-મનની વ્યથા થાય. આ સર્વ અરતિનાં કારણહોવાથી સાધુઓને ન થાય. હવે **૪. શોકદ્વાર** કહે છે. - સ્વજન કે ઇષ્ટજનના મરણથી શોક-ચિત્તનો ખેદ થવો, અતિશય-વધારે પ્રમાણમાં શોક કરવો તે સંતાપ, કોઈક તેવા ક્ષેત્ર-ઉપાશ્રય સ્થાનના વિયોગમાં વિચારે કે, 'હું શી રીતે આ સ્થાનને છોડીશ એવી અધૃતિ કરે, અધિક શોક થવાથી ઇન્દ્રિયોનો રોધ કરવો, આત્મઘાતની વિચારણા કરવી, અલ્પરુદન, મોટા શબ્દથી રુદન કરવું, આ સર્વ શોકરૂપ છે; જેથી સાધુઓ તે કોઈ પ્રકારનો શોક કરતા નથી.

**૫. ભયદ્વાર** કહે છે - સત્ત્વ વગરનાને ભયથી એકદમ કાયરપણું થવું, ચોર-લુંટારા વગેરેથી ત્રાસ, દીનતા, સિંહાદિક હિંસક પ્રાણી દેખવાથી માર્ગનો ત્યાગ, ભૂત, પિશાચ, રાક્ષસાદિએ કરેલી બીકથી ત્રાસ પામવો, (આ બે વિકલ્પ જિનકલ્પીને આશ્રીને સમજવા.) ભયકે સ્વાર્થથી બીજા દર્શનના માર્ગની પ્રરૂપણા કરવી, અગર બીજાઓને ભયથી ખોટો ધર્મમાર્ગ બતાવવો. આ ભય અને તેનાં કાર્યો દૃઢ ધર્મવાળાને ક્યાંથી હોય ? અર્થાત્ ન હોય. **૬. જુગુપ્સા દ્વાર** કહે છે - જે પદાર્થોમાં અશુચિ, દુર્ગંધ વધારે હોય તેવા પદાર્થોમાં જવા કે કોહાઈ ગએલાં મડદાં દેખીને મો-નાસિકા મરડવાં, ચીતરી ચડવી, પરસેવો મેલ ચડેલા પોતાના દેહ કે વસ્ત્રમાં ઉદ્વેગ આવવો, ઇન્દ્રિયોને દમન કરનારા સાધુઓને આવા અશુચિ પદાર્થો દેખીને આંખ, જુગુપ્સાથી બીડવાની ન હોય કે મુખ મચકોડવાનું ન હોય. કારણ, સાધુ મહાત્માઓ જુગુપ્સા નોકષાય કરનારા હોતા નથી. જેનું સ્વરૂપ જિનેશ્વરોએ આગમમાં કહેલું છે, એવા કષાયો અને નોકષાયોને જાણીને જીવને તેમાં મૂઢ બનવું શું યોગ્ય છે ? તો શા કારણથી જીવ જાણવા છતાં મૂઢ બને છે ? તો કે આઠ કર્મનો સમુદાય એટલો બળવાન છે કે, તેને આધીન થએલો આત્મા તે કષાયોને દૂર કરવા સમર્થ બની શકતો નથી. તે મોહનીય કર્મ એટલું બળવાન છે કે, તત્ત્વ સમજેલા આત્માને પણ બળાત્કારથી મોહની પ્રવૃત્તિ કરાવે છે. (૩૧૭ થી ૩૨૨)

હવે ગારવ દ્વારની વ્યાખ્યા કરતા ગારવવાળાનું સ્વરૂપ કહે છે. -

जह जह वहुस्सुओ सम्मओ अ सीसगण-संपरिवुडो अ ।
अविणिच्छिओ अ समए, तह तह सिद्धंत-पडिणीओ ।।३२३।।

## ૧૫૩. ત્રણ ગારવનું સ્વરૂપ અને ત્યાગ-

જેમ જેમ ઘણું શ્રુત-સિદ્ધાંત ભણેલો હોય, ઘણા મૂઢ શિષ્યોથી પરિવરેલ હોય, ઘણા અજ્ઞાની લોકને માન્ય થયો હોય, સિદ્ધાંતના સારભૂત-રહસ્ય-પરમાર્થને સમજેલો ન હોય, જો સિદ્ધાંત-શાસ્ત્રનું યથાર્થ તત્ત્વ જાણેલું હોય તો ઋદ્ધિ, રસ અને શાતા ગારવમાં મમતા રાખનારો ન હોય, ત્રણે ગારવવાળો જ્ઞાન હોય તો પણ પરમાર્થથી જ્ઞાનશૂન્ય છે. તથા સાચી વસ્તુસ્થિતિ વિચારતાં તે સિદ્ધાંતનો નાશ કરનાર છે. કારણ કે, તેની લઘુતા કરે છે. (૩૨૩) ઋદ્ધિગારવ કહે છે. -

पवराइं वत्थ-पायासणोवगरयाइं एस विभवो मे ।
अवि य महाजणनेया, अहं ति अहइड्ढि-गाराविओ ।।३२४।।

ઉત્તમ પ્રકારનાં વસ્ત્ર, પાત્ર, આસન, ઉપકરણાદિક રૂપ ઘણો વૈભવ મને મળ્યો છે. હું આટલા વૈભવવાળો છું, વળી મહાજનનો હું આગેવાન છું. આ પ્રમાણે પ્રાપ્તઋદ્ધિમાં મમત્વ અને નહિં મળેલા પદાર્થની-પ્રાર્થના અભિલાષા કરવી, તે ગારવ એટલા માટે કહેવાય કે, તેવા પરિણામથી આત્મા ગાઢ ચીકણા કર્મના પરમાણુ ગ્રહણ કરવાથી ભારી થાય છે. તે ગારવવાળો સાધુ સંસારમાં ઉંડે ઉતરી જાય છે. (૩૨૪) રસગારવ કહે છે -

अरसं विरसं लूहं, जहोववन्नं च निच्छए भुत्तुं ।
निद्धाणि पेसलाणि य, मग्गइ रसगारवे गिद्धो ।।३२५।।

सुस्सूसई सरीरं, सयणासण-वाहणा-पसंगपरो ।
सायागारव-गुरुओ दुक्खस्स न देइ अप्पाणं ।।३२६।।

तव-कुल-छाया-भंसो, पंडिच्च-प्फंसणा अणिट्ठ-पहो ।
वसणाणि रण-मुहाणि य, इंदिय-वसगा अणुहवंति ।।३२७।।

सद्देसु न रंजिज्जा, रूवं दट्ठुं पुणो न इक्खिजा ।
गंधे रसे अ फासे, अमुच्छिओ उज्जमिज्ज मुणी ।।३२८।।

રસગારવમાં આસક્તિવાળો થએલ સાધુ હિંગ, મશાલા વગરના વઘાર્યા સિવાયના

સ્વાદ રહિત, કે જેમાંથી સ્વાદ ઉડી ગયોહોય, તેવા રાંધેલ આહાર લાંબાકાળ સુધી પડી રહેલો હોય, ઠંડો થઈ ગયો હોય, જેમાં ઘી, તેલ ન હોય, તેવા લુખ્ખા વાલ, ચણા વગેરે પ્રાપ્ત થયા હોય, તેવા આહાર ખાવા ઇચ્છતો નથી, પરંતુ રસવાળા સ્વાદિષ્ટ ઘી, તેલ, ખાંડથી ભરપૂર પુષ્ટિકારક આહાર ખાવાની અભિલાષા કરે તે અને તેવા આહારની ગવેષણા કરે તેવા સાધુને જિહ્વાના રસના ગારવમાં પડેલો સમજવો. (૨૨૫) **શાતાગારવ** કહે છે - પોતાના શરીરને સ્નાન, તેલમર્દન કરી શોભિતું બનાવે, કોમળ આસન, શયન, વસ્ત્ર વાપરે, તે વાપરવામાં આસક્તિ કરે, વારંવાર શરીરની સારસંભાળ, ટાપટીપ કરે, વગર કારણે શરીરને શાતા થાય તેવાં સાધન વાપરે, પોતાને લગીર શરીરપીડા ન થાય, તેવી કાળજી રાખવી, તે શાતાગારવથી ભારે કર્મી થાય છે. ગારવદ્વાર કહ્યા પછી હવે ઇન્દ્રિયદ્વાર કહેવાની ઇચ્છાવાળા ઇન્દ્રિયાધીન થએલાના દોષો કહે છે. ઇન્દ્રિયોને ફાવતા વિષયો ભોગવનાર આત્માઓ બાર પ્રકારનાં તપ, કુળ તે પિતાનો પક્ષ અને શરીરની શોભા એ ત્રણેનો નાશ કરે છે, પોતાની પંડિતાઈની મલિનતા, સંસારમાર્ગની વૃદ્ધિ, અનેક પ્રકારની આપત્તિ પામવી, રણસંગ્રામમાં આગળ થવું વગેરે દુઃખો અનુભવે છે. ઇન્દ્રિયોને આધીન થનારને આવાં દુઃખો અનુભવવાં પડે છે. ત્યારે શું કરવું તે કહે છે - વાજિંત્ર, વીણા, સ્ત્રીના મધુર શબ્દો સાંભળીને તેમાં રાગ ન કરવો, સ્ત્રીનાં સુંદર અંગોનાં રૂપો દેખીને ફરી તે જોવાની લોલુપતા ન કરવી. સૂર્યની સામે દેખીને તરત દૃષ્ટિ ખેંચી લઇએ છીએ, તેમ દેખતાં જ ખેંચી લેવી અને ફરીથી તેના અવયવો જોવાની ઈચ્છા ન કરવી. સુગંધી પદાર્થોની ગંધમાં, સ્વાદિષ્ટ ભોજનના રસમાં, સુકોમળ શય્યા કે સ્ત્રીના સ્પર્શમાં રાગ કરનારો ન થાય. તે જ પ્રમાણે ઉપલક્ષણથી મુનિ અશુભ વિષયોમાં દ્વેષ કરનાર ન થાય. (૩૨૪ થી ૩૨૮)

## ૧૫૪. ઈન્દ્રિયોનો નિગ્રહ-

**निहयाणि हयाणि य इंदिआणि घाएहऽणं पयत्तेणं ।**
**अहियत्थे निहयाइं, हियकज्जे पूयणिज्जाइं ।।३२९।।**

હણાએલી અને ન હણાએલી ઇન્દ્રિયો એટલે ઈન્દ્રિયોના વિષયોની અભિલાષા ઉત્પન્ન થઈ, પરંતુ તેના વિષયોની પ્રાપ્તિ ન થવાથી જીવતો છતાં પોતાને મરેલા સમાન માનતો, તે નિહત, બીજા વળી એમ માને કે, વિષયની પ્રાપ્તિ થવાથી પોતાને સ્વસ્થ માનતો તે અનિહત, તે બંનેનું સંબોધન, હે હણાએલા ! ન હણાએલા જીવો ! તમારી ઈન્દ્રિયોને ખૂબ ઉત્સાહથી વિષયોની અભિલાષાથી અટકાવો, જીવતી હોવા છતાં મૃતપ્રાયઃ કરી નાખો, ણં શબ્દ વાક્યાલંકારમાં, આત્માના હિતકાર્યમાં-ભગવંતે કહેલા આગમશ્રવણ, જિનબિંબોનાં

દર્શનાદિ કાર્યોમાં ઉત્સાહ સહિત ઇન્દ્રિયો પ્રવર્તે, તો પૂજવા લાયક થાય છે. રાગ-દ્વેષ ઉત્પન્ન કરાવનાર અહિત કાર્યમાં પ્રવર્તે, તો તે ઇન્દ્રિયો જીવતી છતાં મૃતપ્રાય ગણાય છે. આ કારણે હિતમાં પ્રવર્તતી ઇન્દ્રિયોવાળા પૂજ્ય હોવાથી તેમની ઈન્દ્રિયો પણ પૂજવા યોગ્ય છે. આ ગાથાની સિદ્ધર્ષિની વ્યાખ્યામાં ચાર અર્થની ઘટના કરેલી છે. વિશેષાર્થીઓએ ત્યાંથી તે વ્યાખ્યા સમજી લેવી, તથા નિહતાનિહત ઇન્દ્રિય સંબંધી સૂક્તિઓ કહે છે. - 'રાત્રિ અને દિવસો વડે જે પક્ષગૃહ વહી રહેલું છે, સમયરૂપ ફલકથી શોભાયમાન આ ભૂતમય પૃથ્વી છે, તેવા આ જગતમાં કોઈક ઇન્દ્રિયોને વશ કરનાર આત્મા મોક્ષ મેળવે છે, ત્યારે વળી બીજા કેટલાક જાણવા છતાં પણ તે ઇન્દ્રિયોને નિરંકુશપણે વર્તાવી ભવ હારી જાય છે.

જેઓએ ઇન્દ્રિયોને વશ કરી નથી, તેઓ દુઃખોથી અતિશય પીડા પામે છે. માટે સર્વદુઃખથી સર્વથા મુક્ત થવા માટે ઇન્દ્રિયો પર જય મેળવો. ઇન્દ્રિયોના વિષયમાં સર્વથા ન પ્રવર્તવું, તે વિજય નથી, પરંતુ તેમાં રાગ-દ્વેષ રહિત પ્રવૃત્તિ કરવી, તે જ તેનો જય કહેવાય. સમીપમાં આવેલા ઇન્દ્રિયોના વિષયો ઇન્દ્રિયોના સ્પર્શ કર્યા વગર રહી શકતા નથી, પરંતુ બુદ્ધિશાલીએ તો તેવા વિષયમાં રાગ-દ્વેષનો ત્યાગ કરવો. સંયમ-સાધના કરનાર યોગીઓની ઇન્દ્રિયો અને સંસારવૃદ્ધિમાં તેનો ઉપયોગ થાય ત્યારે મરેલી ઇન્દ્રિયો સમજવી, જિતેલી ઇન્દ્રિયો મોક્ષ મેળવી આપનાર અને ન જિતેલી જન્મ-મરણના ફેરા કરાવનાર થાય છે, બંનેનો તફાવત સમજીને જે યોગ્ય લાગે તે આચર, આ જગતમાં કોઈ સુંદર કે અસુંદર એવો વિષય નથી કે, જે ઇન્દ્રિયોએ નહિ ભોગવ્યો હોય. તો પછી તેનાથી હજુ સ્વાસ્થ્યની સિદ્ધિ કેમ થતી નથી ? કોઈ વખત એક વિષય સકારણ ગમતો હોય અને બીજી વખત તે જ અણગમતો અરુચિકર બની જાય છે. પદાર્થોનું શુભાશુભપણું કદાપિ પરમાર્થથી હોતું નથી. ઇન્દ્રિયોના વિષયોમાં શુભ અને અશુભપણું છે, તે તેના કારણ અને ઉપાધિ સ્વરૂપ છે, તાત્ત્વિક નથી; માટે મુક્તિ મેળવવાની અભિલાષાવાળા વૈરાગ્યચિત્તવાળાએ આ યથાર્થ વિચારીને વિષયો અને ઇન્દ્રિયોના અર્થોને આશ્રીને ઇન્દ્રિયોના જય માટે રાગ-દ્વેષને જિતવાનો મનોરથ કરવો. (૩૨૯) હવે મદ દ્વારને આશ્રીને કહે છે. -

## ૧૫૫. આઠમદનું સ્વરૂપ અને ત્યાગ-

जाइ-कुल-रूव-बल-सुअ-तव-लाभस्सरिय अट्ठमयमत्तो ।
एयाइं चिय बंधइ, असुहाइं बहुं च संसारे ।।३३०।।

બ્રાહ્મણ વગેરે જાતિ, ઉગ્ર કુલ મેળવવું, શરીરની સુંદરતા, શરીરશક્તિ સારી મેળવવી,

આગમનો અભ્યાસ, અનશનાદિ બાર પ્રકારના તપ, ઇષ્ટ પદાર્થની પ્રાપ્તિ, સંપત્તિના સ્વામી થવું, આ આઠના અહંકારથી પ્રાણી મદોન્મત્ત થાય, તો અનંતગુણ હલકા કુળમાં ઉત્પન્ન થવા લાયક અશુભ નામગોત્ર ઉપાર્જન કરે છે અને ઘણા જન્મ-પર્યંત હીનજાતિ વગેરેમાં જન્મ કરે છે. આ વિષયમાં સ્થાનાંતરમાં પણ કહેલું છે કે - 'ઉત્તમ, મધ્યમ, અધમ એવા અનેક પ્રકારના જાતિભેદો કહેલા છે. આ સાક્ષાત્ દેખીને કયો બુદ્ધિશાળી કદાપિ પોતાની જાતિનો મદ કરે ? અકુલીન મનુષ્યોને પણ બુદ્ધિ-લક્ષ્મી-શીલવાળા દેખીને મહાકુલમાં ઉત્પન્ન થએલાઓએ પણ કુલમદ ન કરવો. કુશીલવાળાને કુલમદ કરવાથી અને સુશીલવાળાને પણ તે મદ કરવાથી શો લાભ ? એમ સમજેલા વિચક્ષણ પુરુષે કુલનો મદ ન કરવો. અશુચિ સાત ધાતુમય અને વૃદ્ધિ-હાનિ થવાના સ્વભાવવાળા, વૃદ્ધાવસ્થા અને રોગ થવાના કારણભૂત દેહના રૂપનો મદ કોણ વહન કરે ? સનત્કુમારના રૂપનો અને તે રૂપનો ક્ષણવારમાં નાશ થયો, એ વિચારનાર કયો ચતુર પુરુષ કદાપિ રૂપનો મદ કરે ? મહાબળવાન હોય, પરંતુ રોગાદિક કારણે ક્ષણવારમાં નિર્બલ બની જાય છે. આવું પુરુષનું બળ અનિત્ય હોય, ત્યારે બલમદ કરવો કેવી રીતે યુક્ત ગણાય ? બળવાન્ પુરુષ જ્યારે મૃત્યુ કે વૃદ્ધાવસ્થા અગર કર્મનું બીજું કોઈ અશુભ ફળ મેળવે છે, ત્યારે ખરેખર તેઓ ચિત્તથી નિર્બળ બની જાય છે, તેઓ બલમદ ફોગટ કરે છે. પોતાની બુદ્ધિથી સ્વચ્છંદ કલ્પનાથી અન્યાન્ય શાસ્ત્રોને સુંઘીને અર્થાત્ ઉપલક નજર કરીને 'હું સર્વજ્ઞ છું' એવો અહંકારી તે માયાશલ્યથી પોતાનાં જ અંગોને ખાય છે. લબ્ધિવંત એવા ગણધર ભગવંતોએ ગ્રહણ-ધારણ કરેલા શ્રુતને સાંભળીને કયો ડાહ્યો પુરુષ શ્રુતમદનો અહંકાર કરે ? શ્રીઋષદેવ અને મહાવીર ભગવંતના ઘોર તપો સાંભલીને કોણ પોતાના અલ્પતપમાં મદનો આશ્રય કરે ? જે તપથી કર્મોનો સમૂહ તરત તૂટી જાય, તે જ તપ જો મદથી લેપાએલ હોય, તો કર્મનો સંચય વૃદ્ધિ પામે છે. અંતરાયકર્મનો ક્ષય થવાથી લાભ થાય છે, એમને એમ લાભ થતો નથી, તેથી કરીને વસ્તુ-તત્ત્વ-જાણનાર લાભમદ કરતો નથી. બીજાની મહેરબાની કૃપા-શક્તિથી થનાર મહાન લાભ થાય તો પણ મહાત્માઓ કદાપિ લાભમદ કરતા નથી. જિનેશ્વર ભગવંતનું દિવ્ય ઐશ્વર્ય અને સંપત્તિઓ તથા ચક્રવર્તીનું નગર, ગામ, નિધિ, રત્નો, સેના આદિનું ઐશ્વર્ય સાંભળીને પછી મદ કેવી રીતે થાય ? ઉજ્જવલ ગુણવાળા પાસેથી સંપત્તિઓ ચાલી જાય છે અને કુશીલ સ્ત્રીને જેમ ઐશ્વર્ય વરે છે, તેમ દોષવાળાનો સંપત્તિઓ આશ્રય કરે છે-એવી સંપત્તિનો મદ વિવેકીઓને હોતો નથી. (૧૬) (૩૩૦)

**जाईए उत्तमाए, कुले पहाणम्मि रूवमिस्सरियं ।**
**बल-विज्जाय तवेण य, लाभमएणं च जो खिंसे ।।३३१।।**

संसारमणवयग्गं, नीयट्ठाणाइं पावमाणो य ।
भमइ अणंतं कालं, तम्हा उ मए विवज्जा ।।३३२।। युग्मम् ।।

सुट्ठंपि जई जइयंतो, जाइमयाईसु मज्जई जो उ ।
सो मेअज्जरिसि जहा, हरिएसबलु व्व परिहाई ।।३३३।।

પોતાને ઉત્તમ ક્ષત્રિયાદિક જાતિ મળી હોય, શરીરની સુંદરતા, બલ, શ્રુતાગમનો બોધ, તપ, ઇષ્ટવસ્તુની પ્રાપ્તિ, સંપત્તિ-સેઠાઇ મળેલ હોય, તેના કારણે પોતાને તે સંબંધી અભિમાન થાય અને બીજાને હલકા પાડે, હું આવા બળવાળો છું, તું નિર્બળ છે-એમ કરી બીજાની અવગણના-તુચ્છતા કરે તો પારવગરના સંસારસમુદ્રમાં નીચસ્થાનો મેળવતો અનંતા કાળ સુધી ભવ-ભ્રમણ કરે, માટે આઠે મદનો સર્વથા સાધુએ ત્યાગ કરવો. સારી રીતે યતના-પૂર્વક સંયમ પાળનાર સાધુ જો જાતિમદ વગેરેમાં ડૂબી જાય, તો તે મેતાર્ય, હરિકેશબલની જેમ જન્માંતરમાં કરેલ જાતિમદના દોષથી ઉપાર્જન કરેલ કર્મપરિણતિવશથી અન્ત્યજ જાતિમાં ઉત્પન્ન થયા, જે આગળ કહી ગયા છીએ. (૩૩૧-૩૩૨-૩૩૩) હવે બ્રહ્મચર્ય ગુપ્તિદ્વાર કહે છે. -

## ૧૫૭. બ્રહ્મચર્યની નવવાડ-

इत्थि-पसु-संकिलिट्ठं, वसहिं इत्थीकहं च वज्जंतो ।
इत्थिजण-संनिसिज्जं, निरूवणं अंगुवंगाणं ।।३३४।।

पुव्वरयाणुस्सरणं, इत्थीजण-विरहरूवविलवं च ।
अइबहुअं अइबहुसो, विवज्जयंतो अ आहारं ।।३३५।।

वज्जंतो अ विभूसं, जइज्ज इह बंभचेरगुत्तीसु ।
साहू तिगुत्ति-गुत्तो, निहुओ दंतो पसंतो अ ।।३३६।। त्रिभिर्विशेषकम् ।।

મન, વચન, કાયાની ગુપ્તિવાળો-યોગોનો નિરોધ કરનાર શાન્ત અશુભ વ્યાપાર રહિત, ઇન્દ્રિયોને જિતનાર, કષાયોને જિતનાર એવા સાધુ, સ્ત્રી, નપુંસક, દેવી, પશુસ્ત્રી જે સ્થાનમાં રહેલી હોય તેવા ઉપાશ્રય-મકાનમાં ન રહે. અમુક દેશની સ્ત્રીઓ આવી ચતુર, આવાં વસ્ત્ર પહેરનારી હોય ઇત્યાદિ સ્ત્રીકથા ન કરે, જે આસન પર કે સ્થાન પર સ્ત્રી બેઠી હોય, તે ઉઠ્યા પછી મુહૂર્ત સુધી ત્યાં ન બેસવું, સ્ત્રીનાં સ્તન, સ્થાન, સાથળ, અંગોપાંગને રાગથી ન દેખવાં, ગૃહસ્થપણામાં ભોગવેલ વિષયક્રીડાઓ યાદ ન કરવી. સ્ત્રીજનના

વિરહનાં વિલાપ-વચનો રાગનાં કારણ હોવાથી ન સાંભળવાં, ભીંતના ઓઠે રહી એકાંતમાં કામક્રીડાના શબ્દો ન સાંભળવા, બહુ સ્નેહવાળા પૌષ્ટિક આહાર ગ્રહણ ન કરવો અને ગજા ઉપરાંતનું ભોજન ન કરવું, શરીર-સંસ્કાર, શરીર-શોભા-ટીપટાપ કરી વિભૂષિત ન દેખાવું, આ નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિમાં યતના કરવી. (૩૩૪-૩૩૫-૩૩૬) નગર-ગામમાં દરરોજ સ્ત્રીનો સંભવ હોવાથી વિશેષપણે તેનો પરિહાર કરવા કહે છે. -

**गुज्झोरु-वयण-कक्खोरु-अंतरे तह थंणंतरे दट्ठुं ।**
**साहरइ तओ दिट्ठिं, न य बंइ दिट्ठिए दिट्ठिं ।।३३७।।**

સ્ત્રીનાં ગુપ્તસ્થાન, સાથળ, વદન, કાખ, વક્ષસ્થલ, સ્તન, તેની વચ્ચેનાં સ્થળ દેખીને દૃષ્ટિ ખેંચી લેવી અને સ્ત્રીની દૃષ્ટિ સાથે દૃષ્ટિ ન મેળવવી, કાર્ય પ્રસંગે નીચી નજર રાખીને જ સ્ત્રી સાથે વાત કરવી. (૩૩૭) **સ્વાધ્યાય દ્વાર કહે છે.** -

### ૧૫૭. સ્વાધ્યાય દ્વાર-

**सज्झाएण पसत्थं, झाणं जाणइ य सव्वपरमत्थं ।**
**सज्झाए वट्टंतो, खणे खणे जाइ वेरग्गं ।।३३८।।**

**उड्ढमह-तिरियलोए, जोइसवेमाणिया य सिद्धी य ।**
**सव्वो लोगालोगो, सज्झायविउस्स पच्चक्खो ।।३३९।।**

**जो निज्चकाल तव-संजमुज्जओ नवि करेइ सज्झायं ।**
**अलसं सुहसीलजणं, नवि तं ठावेइ साहुपए ।।३४०।।**

વાચના, પૃચ્છના, પરાવર્તના, ધર્મકથા, અનુપ્રેક્ષારૂપ પાંચ પ્રકારના સ્વાધ્યાય કરવાથી પ્રશસ્ત ધર્મધ્યાન થાય છે. આગળ શુક્લધ્યાન પણ થાય છે, સ્વાધ્યાય કરવાથી સમગ્ર જગતના તમામ પદાર્થોનું સ્વરૂપ-પરમાર્થ જાણી શકાય છે, સ્વાધ્યાયમાં વર્તતો આત્મા ક્ષણે ક્ષણે રાગાદિ ઝેરનો નાશ કરનાર વૈરાગ્ય પ્રાપ્ત કરે છે. (૩૩૮) સ્વાધ્યાય કરનાર મુનિને ઉર્ધ્વલોક વૈમાનિક દેવલોક, સિદ્ધિ, અધોલોક, નારકી, તિર્યગ્લોક, જ્યોતિષ્ક, સર્વ લોકાલોક પ્રત્યક્ષ છે. સ્વાધ્યાય-ધ્યાનમાં ઉપયોગવાળો હોય, તે સમગ્ર પદાર્થોને સાક્ષાત્ માફક-દેખે છે. (૩૩૯) સ્વાધ્યાય એ એક અતિઅદ્ભુત ધર્મધ્યાનનો પ્રકાર છે, પ્રશંસવા લાયક તપ છે. લોક, અલોક દેખવા માટે મનોહર ઉલ્લસિત નેત્ર છે. પ્રશમરસનું જીવન છે. મનરૂપી વાંદરાને કબજે રાખવા માટે કાલલોહની સાંકળ છે, કામદેવરૂપી હાથીના કુંભસ્થળમાં

ઠોકવા માટે સ્વાધ્યાય એ વજ્રનો અંકુશ પ્રસિદ્ધ છે. શ્રુતમાર્ગમાં જેની અતિશય ઘણી જ ભક્તિ છે, તેના અમે કેટલા ગુણો વર્ણવીએ, જે હંમેશાં આનંદથી રોમાંચિત થઇ શાસ્ત્ર શ્રવણ કરે છે, તેની અમે પ્રશંસા કરીએ છીએ, બુદ્ધિ ઓછી હોવા છતાં જે તે શ્રુત ભણવા માટે પ્રયત્ન કરે છે, તેને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ. અને શાસ્ત્રમાં કહેલ વિધિ-નિષેધ તેને જેઓ ગ્રહણ કરે છે અને વર્તન કરે છે તેમની પ્રશંસા કરવા માટે અમારી પાસે શબ્દો નથી. તેઓ તો ભણ્યાનું સર્વ ફલ પામેલા છે. (૩૩૯) જે ગુરુ તપ, સંયમ જયણામાં ઉદ્યુક્ત હોવા છતાં પણ સ્વાધ્યાય કરતા નથી, તે પોતાના આળસુ શાતા-ગારવવાળા શિષ્યવર્ગને સંયમના ઉદ્યમ કરવાના સ્થાનમાં કેવી રીતે સ્થાપન કરી શકશે ? અર્થાત્ પોતે સ્વાધ્યાય ન કરે, તે બીજાને કેવી રીતે સ્વાધ્યાય કરાવે ? સ્વાધ્યાય વગર જ્ઞાન થતું નથી, પોતે અપ્રમાદી હોવા છતાં બીજાનું રક્ષણ કરવા સમર્થ થઇ શકતા નથી. (૩૪૦)

## ૧૫૮. વિનયદ્વાર કહે છે. -

**विणओ सासणे मूलं, वीणीओ संजओ भवे ।**
**विणयाओ विप्पमुक्कस्स, कओ धम्मो कओ तवो ।।३४१।।**

**विणओ आवहइ सिरिं, लहइ विणीओ जसं च कित्तिं च ।**
**न कयाइ दुव्वीणीओ, सकज्जसिद्धिं समाणेइ ।।३४२।।**

શાસન એટલે જિનભાષિત દ્વાદશાંગીનું મૂળ હોય તો વિનય છે, વિનયવાન્ પુરુષ સંયમી થાય છે, ધર્મ અને તપ બંને વિનયવાળાને જ હોય છે. (૩૪૧) વિનયથી જ બાહ્ય અભ્યંતર લક્ષ્મી મળે છે. વિનીત પુરુષ યશ અને કીર્તિ મેળવે છે, વિનયથી રહિતને પોતાના કાર્યની સિદ્ધિ કદાપિ થતી નથી. કહેલું છે કે - 'ઘણા ભાગે અવિનીત જન અગ્નિ માફક બાળી નાખનાર છે, અવિનીત જન કદાપિ પોતાનાં ઇષ્ટકાર્યની સિદ્ધિ મેળવી શકતો નથી. માટે ઇચ્છિત મનોરથ પૂર્ણ કરનાર કલ્પવૃક્ષ સમાન અને મોક્ષલક્ષ્મીનો સબંધ જોડી દેવાના સ્થાન સરખા વિનય વિષે ચતુર પુરુષે પ્રયત્ન કરવો. ધર્મવૃક્ષના મૂલસમાન, ઈન્દ્ર ચક્રવર્તીની લક્ષ્મી-લતાના કંદ સરખા, સૌદર્ય, સૌભાગ્યવિદ્યા સમગ્રગુણોનો ભંડાર વશ કરવાનું યોગચૂર્ણ આજ્ઞા સિદ્ધ થવી, મંત્ર, યંત્રનું જ્ઞાન થવું, મણિરત્ન માટે રોહણાચલપર્વત સરખો સમગ્ર વિઘ્નનો નાશ કરનાર તંત્ર, ત્રણ જગતમાં જો કોઈ હોય તો વિનય છે. આવા સુંદર વિનયને કયો ઉત્તમ પુરુષ ધારણ ન કરે ? (૩૪૨) **હવે તપદ્વાર કહે છે**, તેને કેટલાક દુ:ખસ્વરૂપ કહે છે, તેનું ખંડન કરતા કહે છે. -

## ૧૫૯. તપદ્વાર-

**जह जह खमइ सरीरं, धुवजोगा जह जहा न हायंति ।**
**कम्मक्खओ अ विउलो, विवित्तया इंदियदगो अ ।।३४३।।**

જેવી રીતે શરીર સહન કરી શકે, બલહીન ન થાય અને દરરોજ કરવાયોગ્ય પડિલેહણા, પ્રતિક્રમણ વગેરે ધ્રુવયોગો ન સીદાય, તેમાં હાનિ ન થાય, તે પ્રમાણે તપ કરવો. તપ કરવાથી ઘણા કર્મનો ક્ષય થાય છે અને આ જીવ દેહથી જુદો છે, દેહ પણ આત્માથી ભિન્ન છે - એમ ભેદજ્ઞાનની ભાવનાથી ઇન્દ્રિયોનું દમન થાય છે. આગળ કહેવાઈ ગયું છે કે, તેવો જ તપ કરવો, જેમાં ઇન્દ્રિયની હાનિ અને આવશ્યક-યોગની હાનિ ન થાય, વગેરે, તો પછી તપની દુઃખરૂપતા કેવી રીતે ગણાય ? સમતામૃત સુખમાં તૃપ્ત થએલા યોગીઓને તપ સુખસ્વરૂપ જ છે, એ વાત પ્રસિદ્ધ જ છે. વળી પ્રત્યાખ્યાનપૂર્વક હોવાથી તે ક્ષાયોપશમિકભાવનું તેમ જ મનની પીડારહિત કરાતું હોવાથી સુખસ્વરૂપ છે. કોઈક અલ્પદેહપીડા થાય, તો પણ વ્યાધિચિકિત્સાના દૃષ્ટાન્તથી મનના આનંદના કારણવાળી તપશ્ચર્યા છે. (૩૪૩) કહેલું છે કે - 'તીર્થંકર ભગવંતોએ પોતે તપ કરેલું છે અને તેમણે જ તીર્થંકરની લક્ષ્મીના કારણભૂત અને ભવવૃક્ષનો નાશ કરનાર, સુંદર સકામ નિર્જરાનું કારણ, તત્કાળ વિઘ્નોનો નાશ કરનાર, ઇન્દ્રિયોને દમન કરનાર, સર્વમંગલમાં પ્રથમ મંગલ, ઇષ્ટકાર્યની સિદ્ધિ કરનાર, દેવનું આકર્ષણ, દુષ્ટનું દલન કરનાર, સર્વ અર્થની અને પરંપરાએ મોક્ષની સંપત્તિ પમાડનાર હોય તો જિનેશ્વરે કરેલો અને કહેલો તપ છે. આ કહેલા પ્રભાવવાળું તપ જગતમાં વિખ્યાત એવા તીર્થંકર ભગવંતોએ કહેલું છે, જે તપ તત્કાલ શાશ્વતસુખની લક્ષ્મીસુંદરી સાથે પાણિગ્રહણ કરાવે છે, માટે કોઇ પણ સંસારના ફળની ઇચ્છા રહિતપણે વિધિસહિત શ્રદ્ધા અને વિશુદ્ધ આશય-સહિત શક્તિ અનુસાર ઉત્તમ ભક્તિથી તપ કરવું જોઇએ. (૨) હવે શક્તિદ્વારના અધિકારમાં 'મારી શક્તિ નથી' એવા બહાનાં આગળ કરીને જે પ્રમાદ કરે છે, તેને શિખામણ કહે છે. -

## ૧૬૦. અપવાદ ક્યારે અને શા માટે સેવવો ?

**जइ ता असक्कणिज्जं, न तरसि काऊण तो इमं कीस ।**
**अप्पायत्तं न कुणसि, संजमजयणं जईजोगं ? ।।३४४।।**

**जायम्मि देहसंदेहयम्मि जयणाइ किंचि सेविज्जा ।**
**अह पुण सज्जो अ निरुज्जमो अ तो संजमो कत्तो ? ।।३४५।।**

**मा कुणउ जइ तिगिच्छं, अहियासेऊण जई तरइ सम्मं ।**
**अहियासितस्स पुणो, जइ से जोगा न हायंति ।।३४६।।**

સાધુને શરીરમાં તેવા મહારોગાદિક થાય, શરીર સંદેહ થાય ત્યારે સિદ્ધાંતની આજ્ઞા પ્રમાણે અપવાદપદે યતનાપૂર્વક અશુદ્ધ આહાર-ઔષધાદિકનું સેવન કરવું પડે, પરંતુ શાતાની લંપટતાથી નહિં. જ્યારે નિરોગી થાય, ત્યારે પણ નિરુદ્યમી રહે, શુદ્ધ આહારાદિક ગવેષણામાં પ્રમાદ કરે-અશુદ્ધ આહાર ગ્રહણ કરવાનું ચાલુ રાખે, તો તેનો સંયમ કેવી રીતે કહેવાય ? આ પાંચમા આરામાં તેવા પ્રકારનું સંઘયણ મજબૂત ન હોવાથી ભિક્ષુપ્રતિમા, માસકલ્પ વગેરે આકરાં અનુષ્ઠાન કરવા સમર્થ નથી, તો આત્માને સ્વાધીન શક્ય વિધિ-નિષેધરૂપ સાધુને યોગ્ય આગળ જણાવેલ સંયમ, યતના, સમિતિ, ગુપ્તિ, કષાયજય ઇત્યાદિ યથાશક્તિ કેમ કરતો નથી ? (૩૪૪) શંકા કરી કે, આગમ ઉત્સર્ગ-અપવાદરૂપ છે, તો અપવાદથી પ્રમાદ કરનારને કયો દોષ છે ? એમ ન બોલવું. સારી રીતે તત્ત્વ ન જાણેલાનું એ વચન સમજવું. તે આ પ્રમાણે-આગમમાં કહ્યા પ્રમાણે અપવાદ સેવવાની જરૂર પડે, ત્યારે કોઈ વખત યતનાપૂર્વક અપવાદ સેવવો, પરંતુ શાતાગારવની લંપટતાથી તેના ખોટાં બાહાનાં આગળ કરીને અપવાદમાં ન પ્રવર્તવું. શાસ્ત્રમાં કહેલાં અનુષ્ઠાનોમાં પોતાની શક્તિની તુલના કરી પ્રવર્તવું-એ ભાવ છે. સાધુને શરીરમાં મહારોગાદિક થાય, શરીરસંદેહ થાય, ત્યારે સિદ્ધાંતની આજ્ઞાનુંસાર અપવાદ પદે યતનાપૂર્વક અશુદ્ધ આહાર, ઔષધાદિકનું સેવન કરવું પડે, જ્યારે નિરોગી થાય, ત્યારે પણ અશુદ્ધ આહાર વાપરે, શુદ્ધ આહાર ગવેષણા કરવામાં નિરુદ્યમી રહે. અશુદ્ધ આહારાદિક વાપરવાનું ચાલુ રાખે, તો તેનો સંયમ કેવી રીતે કહેવાય ? અર્થાત્ ન કહેવાય. જો કે કારણે અપવાદ કહેલો છે, તો પણ તેના વર્જનમાં દોષ દેખેલો નથી, દૃઢધર્મી તો અપવાદ વર્જે છે. (૩૪૫) શંકા કરી કે, સમર્થ શિથિલતા સેવે, તો સંયમનો અભાવ છે, તો પછી ગ્લાન સાધુએ શું કરવું ? તે કહે છે. સંયમમાં ઉદ્યમ જ કરવો. ત્યારે શું ગ્લાન સાધુએ ચિકિત્સા પણ ન કરવી ? હા, જો સાધુ રોગોને સારી રીતે સહન કરવા સમર્થ હોય અને સહન કરતા એવા સાધુને પડિલેહણ વગેરે જરૂરી ક્રિયાઓ યોગોની હાનિ ન થાય તો યતિએ ચિકિત્સા-રોગના ઉપાયો-ઔષધ ન કરવા, પરંતુ જો સંયમયોગો સીદાય તો ચિકિત્સા કરવી. (૩૪૬) બાકીના સાધુઓએ તે રોગી સાધુ માટે શું કરવું, તે કહે છે. -

**निच्चं पवयण-सोहाकराण चरणुज्जुआण साहूणं ।**
**संविग्ग-विहारीणं, सव्वपयत्तेण कायव्वं ।।३४७।।**

हीणस्स वि सुद्धपरूवगस्स नाणाहियस्स कायव्वं ।
जण-चित्त-ग्गहणत्थं, करिति लिंगावसेसे वि ।।३४८।।

दगपाणं पुप्फफलं, अणेसणिज्जं गिहत्थ-किच्चाइं ।
अजया पडिसेवंती, जइवेस-विडंबगा नवरं ।।३४९।।

ओसन्नया अबोही, पवयण-उब्भावणा य बोहिफलं ।
ओसन्नो वि वरं पि हु पवयण उब्भावणा-परमो ।।३५०।।

गुण-हीणो गुण-रयणायरेसु जो कुणइ तुल्लमप्पाणं ।
सुतवस्सिणो अ होलइ, सम्मत्तं कोमलं (पेलवं) तस्स ।।३५१।।

નિરંતર જિનશાસનની પ્રભાવના કરનાર-કરાવનાર, ચારિત્રમાં અપ્રમત્તભાવે ઉદ્યમ કરનારા, મોક્ષની અભિલાષાથી વિહાર કરવાના સ્વભાવવાળા-સંવિગ્ન સાધુઓનું સર્વ પ્રયત્નથી વેયાવચ્ચ-સેવાદિ કાર્ય કરવું. (૩૪૭) સિદ્ધાન્તની શુદ્ધ પ્રરૂપણા કરનાર, જ્ઞાનાદિક ગુણવાળા, હીન ચારિત્રવાળા હોય, તો પણ તેનું ઉચિત વૈયાવૃત્ય કરવું. વળી લોકના ચિત્તને આકર્ષણ કરવા માટે કે - 'આ લોકને ધન્ય છે કે, તેવા ગુણવાન્ છતાં ઉપકાર બુદ્ધિથી નિર્ગુણનું પણ વૈયાવૃત્ય કરે છે ? એ પ્રમાણે લોકના ચિત્તને પ્રસન્ન કરવા માટે માત્ર વેષધારીને વિષે પણ વૈયાવૃત્ય કરે. લોકાપવાદનું નિવારણ કરવા માટે જ્ઞાન અને ક્રિયાધારીને વિષે પણ વૈયાવૃત્ય કરે. લોકાપવાદનું નિવારણ કરવા માટે જ્ઞાન અને ક્રિયા રહિત એવા લિંગધારી પાસત્થાદિકનું પણ શાસનની હીલના નિવારણ વૈયાવૃત્ય કરવું ઉચિત છે. (૩૪૮) લિંગધારી કેવા કેવા પ્રકારના હોય છે ? તે કહે છે - અસંયમી-શિથિલાચારવાળા સચિત્ત જળનું પાન કરનાર, જાતિ-ગુલાબ-કેવડા વગેરે પુષ્પો, આમ્રાદિક ફળો, આધાકર્માદિ દોષવાળા આહાર વગેરે ગ્રહણ કરનારા, તથા ગૃહસ્થનાં વેપારાદિક કાર્યો કરનારા, સંયમથી વિરુદ્ધ આચરણ કરનારા, માત્ર સાધુવેષની વિડંબના કરનારા છે. થોડો પણ પરમાર્થ સાધનારા હોતા નથી. (૩૪૯) તેવા પ્રકારનાઓના દોષો કહે છે. -

શિથિલ આચારપણાથી આ લોકમાં પરાભવ થાય છે, આવતા ભવમાં જૈનધર્મની પ્રાપ્તિરૂપ બોધિની દુર્લભતા થાય છે, કારણ કે, ભગવંતની આજ્ઞાની વિરાધના થાય છે. બોધિફળની પ્રાપ્તિ તો મોક્ષાભિલાષી સંવિગ્ન સાધુથી થાય છે, તેમનાં અનુષ્ઠાન દેખીને લોકો શાસનની પ્રશંસા કરે છે. તેથી આ સર્વાવસન્ન આશ્રીને જણાવ્યું, જ્યારે દેશાવસન્ન સાધુ તો પોતાને કર્મ પરતંત્ર થએલો માનતો અને પોતાના અવગુણ પ્રકાશિત કરતો

વાદલબ્ધિ અને વ્યાખ્યાનઆદિક કાર્યોથી વિસ્તારથી પ્રવચન-શાસનની પ્રભાવના કરનાર-કરાવનાર થાય છે અને તે પ્રશંસવા લાયક છે. સાધુઓના ગુણો પ્રકાશિત કરનાર એવા તે વિસ્તારવાળી શાસ્ત્રમાં કહેલી શાસનોન્નતિ કરે છે. પોતાના દોષની નિન્દા કરનાર, ગર્હા કરનાર શાસનના વિરોધીને ઉપશાંત કરનાર કરવીરલતા સાધુ માફક ગુણવાળો અવસન્ન સાધુ સારો ગણેલો છે. (૩૫૦) તેથી ઉલટો કહે છે. - ચારિત્રાદિક ગુણથી હીન એવા ભ્રષ્ટાચારી ગુણના સમુદ્ર સરખા સાધુની સાથે તુલના કરે છે, ' અમે પણ સાધુ છીએ' એમ માને છે, સારા તપસ્વીઓની અવગણના-હીલના કરે છે, તે માયાવીનું સમ્યક્ત્વ અસાર છે, અર્થાત્ તે મિથ્યાદષ્ટિ સમજવો. (૧૫૧) અવસન્ન અને ગૃહસ્થનું વેયાવચ્ચ સાધુએ જે રીતે કરવાનું છે, તે કહે છે. -

## ૧૭૧. પાસત્થાદિક સાધુઓનું સ્વરૂપ-

**ओसन्नस्स गिहिस्स व, जिणपवयण-तिव्व-भाविय-मइस्स ।**
**कीरइ जं अणवज्जं, दृढसम्मत्तस्सऽवत्थासु ।।३५२।।**

**पासत्थोसन्न-कुसील-नीय-संसत्त-जणमहाच्छंदं ।**
**नाऊण तं सुविहिया, सव्वपयत्तेण वज्जंति ।।३५३।।**

જિનેશ્વરે કહેલ પ્રવચન-સિદ્ધાંત વડે ભાવિત મતિવાળો-એટલે કે જિનધર્મના દઢ-તીવ્રરાગવાળો સમ્યક્ત્વની નિશ્ચલ મતિવાળો અવસન્ન-શિથિલ સાધુ હોય અથવા તેવા દઢસમ્યક્ત્વવાળો ગૃહસ્થ શ્રાવક હોય, તો તેવા ક્ષેત્ર, કાળ આદિક અવસ્થામાં જે વૈયાવચ્ચ કરાય, તે નિષ્પાપ અદૂષિત સમજવી. હંમેશાં નહિં. (૩૫૨) તે જ કહે છે. - જ્ઞાન, દર્શન, ચારિત્રની પાસે રહેનાર છતાં તેને ન સેવનાર પાસત્થા, દેશથી કે સર્વથી આ પાસત્થો જ્ઞાનાદિકને વિરાધે છે. આવશ્યક વગેરે સાધુની વિહિત કરેલી ક્રિયામાં જે પ્રમાદ કરે, તે ક્રિયાઓ ન કરે, અથવા વિહિતથી અધિક કરે, ગુરુવચનને ઉચ્છૃંખલ બળદ માફક ઉલાળી નાખે, તે ઓસન્ન-(અવસન્ન) કહેવાય છે. 'બલાઇ' શબ્દની વ્યાખ્યામાં, બળવાન ગોધો-બળદ ધુંસરું ભાંગી નાખે અથવા સામાન ભરેલ ગાડું ઉલાઢી મૂકે, તેમ ગુરુવચન ન માનતો આ ઓસન્ન બળાત્કારથી પોતાની ઇચ્છાનુસાર વર્તન કરી સંયમ-ધુરા ભાંગી નાખે છે. કુત્સિતશીલ જેનું હોય તે કુશીલ-જે મંત્ર, તંત્ર, કૌતુક, દોરા, ધાગા નિમિત્ત, જ્યોતિષ, વૈદક, ભૂતિકર્મ આધિ વડે હંમેશાં આજીવિકા ચલાવે અને ભણેલા જ્ઞાનાદિકને આવા કાર્યમાં ઉપયોગ કરે, તેને કુશીલ કહેલો છે. હંમેશાં દરરોજ કાયમ એકસ્થાને વાસ કરનાર, પરમાર્થથી તો આ વિહારાદિકમાં સીદાતો હોવાથી અવસન્ન પણ કહેવાય, પરંતુ એકસ્થાને

લાંબો સમય વગર કારણે રહેવામાં ઘણા જ દોષો, ઉત્પન્ન થાય છે; માટે તેને જુદા ગ્રહણ કરેલ છે. બીજાના ગુણ-દોષના સંગથી જે તેવો થાય, તે સંસક્ત, નરસા પુરુષની સાથે સારાને મળવાનું થાય, રહેવાનું થાય અને તેના જેવો થાય, તે કારણે તેને સંસક્ત કહે છે. યથાચ્છંદ. ઉત્સૂત્ર-સૂત્રવિરુદ્ધ આચરે, સૂત્રવિરુદ્ધ પ્રરુપણા કરે, તે યથાચ્છંદ, ઇચ્છા-છંદ તે એકાર્થિક શબ્દો છે. શાસ્ત્રમાં ન કહેલું હોય અને પોતાની સ્વચ્છંદ બુદ્ધિથી કલ્પેલું કહે, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ન કહેનાર, બીજા રાજી થાય તેમ શાસ્ત્ર-નિરપેક્ષતાથી પ્રવર્તનાર પોતાને ફાવે તેમ પ્રલાપ કરનાર, આ યથાછંદ કહેવાય. પોતાની બુદ્ધિથી કલ્પના કરી, શાસ્ત્રના વચનની બેદરકારી કરી કંઈ સુખ-શાતા અને વિગઈ ખાવાની મમતાવાળો ત્રણ ગારવમાં લપટાએલો હોય, તેને યથા છંદ જાણવો. (ગ્રં. ૧૦૦૦૦) પાસત્થો, ઓસન્નો, કુશીલ, સંસક્ત, યથાછંદ આ સર્વે જિનમતમાં અવંદનીય કહેલા છે. આ સર્વનું વિશેષથી સ્વરૂપ અને ભેદો વંદનાનિર્યુક્તિની સમગ્ર ગાથાથી સમજી લેવું, આ સર્વને જાણીને સુવિહિત સાધુ સર્વ પ્રયત્નથી તેમનો ત્યાગ કરે. તેમની સાથે આલાપ-સંલાપ વગેરે વર્જવા જણાવ્યા છે. આ વાત ઉત્સર્ગપદની જણાવી. અપવાદ પદમાં તો જરૂરી કાર્ય આવી પડે, તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ-અવસ્થાને ઉચિત તેની સાથે વર્તવું. પાસત્થા લોકોને બરાબર જાણી-ઓળખીને જે મધ્યસ્થ ન થાય અને પોતાનું કાર્ય ન સાધે તે પોતાને કાગ બનાવે છે. આવશ્યક-નિર્યુક્તિમાં પણ કહેલું છે કે - 'વચનથી નમસ્કાર, હાથ ઉંચો કરીને તથા મસ્તક નમાવીને વંદન કરવું, પૃચ્છા કરવી, સાથે રહેવું, થોભવંદન અથવા વંદન કરવું વગેરે તે સ્થળથી વિશેષાર્થીએ જોઈ લેવું. (૩૫૩) અહિંથી ૨૭ સત્તાવીશ ગાથા વડે પાસત્થા વગેરેનાં સ્થાનો કહે છે -

## ૧૬૨. પાસત્થાદિ સાધુનાં પ્રમાદ સ્થાનો-

बायालमेसणाओ, न रक्खइ धाइसिज्जपिंडं च ।
आहारेइ अभिक्खं, विगईओ सन्निहिं खाई ।।३५४।।

सूरप्पमाण-भोजी, आहारेई अभिक्खमाहारं ।
न य मंडलीइ भुंजइ, न य भिक्खं हिंडई अलसो ।।३५५।।

कीवो न कुणइ लोअं, लज्जई पडिमाइ जल्लमवणेइ ।
सोवाहणो अ हिंडइ, बंधइ कडिपट्टयमकज्जे ।।३५६।।

गामं देसं न कुलं, ममायए पीठ-फलग-पडिबद्धो ।
घर-सरणेसु पसज्जइ, विहरइ य सकिंचणो रिक्को ।।३५७।।

नह-दंत-केस-रोमे, जमेइ उच्छोल-धोअणो अजओ ।
वाहेइ य पलियंकं, अहरेगपमाणमत्थुरइ ।।३५८।।

सोवइ य सव्वराइं, नीसट्ठमचेयणो न वा झरइ ।
न पमज्जंतो पविसइ, निसीहीयावास्सियं न करे ।।३५९।।

पाय पहे न पमज्जइ, जुगमायाए न सोहए इरियं ।
पुढवी-दग-अगणि-मारुअ-वणस्सइ-तसेसु निरविक्खो ।।३६०।।

सव्वं थोवं उवहिं, न पेहए न य करेइ सज्झायं ।
सद्दकरो झंझकरो, लहुओ गणभेय-तत्तिल्लो ।।३६१।।

खिताईयं भुंजइ, कालाईयं तहेव अविदिन्नं ।
गिणहइ अणुइयसूरे, असणाई अहव उवगरणं ।।३६२।।

જેઓ આહારાદિકના ૪૨ દોષોનું રક્ષણ કરતા નથી. ગૃહસ્થનાં બાળકો રમાડવાથી આહાર મળે, તેવો ધાત્રીપિંડ ગ્રહણ કરનારા, શય્યાતરના ઘરના આહાર ગ્રહણ કરે, વળી કારણ વગર દરરોજ વારંવાર દૂધ, દહીં, ઘી વગેરે વિગઈઓ વાપરે, વારંવાર ભોજન કર્યા કરે, આગલા દિવસે કે રાત્રે પાસે રાખી મૂકેલ સન્નિધિ, આહાર ઔષધનો બીજો દિવસે ઉપયોગ કરે, ધાત્રીપિંડ ૪૨ દોષમાં આવી ગએલો હોવા છતાં ફરી કહેવાનું એ પ્રયોજન છે કે, ગૃહસ્થનો સંબંધ-પરિચય અનર્થ કરનાર છે. (૩૫૪) જ્યાં સુધી સૂર્ય રહે, ત્યાં સુધી ભોજન કરવાના સ્વભાવવાળા. વારંવાર ભોજન કરવું, માંડલીમાં બેસીને સાધુ સાથે ભોજન ન કરે, આળસુ થઇને ભિક્ષા વહોરવા ન જાય, થોડા ઘરથી ઘણો આહાર લાવે, (૩૫૫) કાયર-સત્ત્વ વગરનો તે લોચ કરાવતો નથી, કાઉસ્સગ્ગ કરતાં શરમાય છે, હાથથી ઘસીને કે જળથી શરીરના મેલને દૂર કરનાર, નગર મધ્યે પણ પગરક્ષક પહેરીને ચાલનાર, કારણ વગર કેડે કટિપટ્ટક બાંધનાર, અકાર્ય-કારણ વગરનું પદ સર્વસ્થાને જોડવું. (૩૫૬) ગામ, નગર, દેશ, કુલ, ઉપાશ્રય વગેરે મારાં છે એમ મમતા કરે, પાટ-પાટલા, બાજોઠ વગેરે ચોમાસા સિવાયના આઠ માસ વાપરે, વાપરવામાં આસક્ત થાય, પૂર્વે વાપરેલા ઘરનું ચિંતન-ચિંતા, ઉપાશ્રયાદિક રંગાવવા, જીર્ણોદધારાદિ સાર-સંભાળની

ફિકર રાખવી. સુવર્ણ ધન-સહિત વિચરતો હોવા છતાં હું ગ્રન્થ-ગાંઠ-ધન વગરનો છું, નિર્ગ્રન્થ છું-એમ પ્રકાશિત કરે. (૩૫૭) નખ, દાંત, કેશ, રોમ અને શરીરની શોભા સારી દેખાય તેમ કરે, ઘણા જળથી અયતનાથી હાથ-પગ ધોયા કરે, અયતના કરતો હોવાથી ગૃહસ્થ સરખો છે, પલંગ વાપરે, સંથારા ઉત્તરપટ્ટા સિવાય અધિક ઉપધિ સંથારામાં વાપરે; (૩૫૮) અચેતન કાષ્ઠ માફક ઘસઘસાટ આખી રાત્રિ શયન કરે અને સ્વાધ્યાય ન કરે, રાત્રે પ્રમાર્જન કર્યા સિવાય વસતિમાં ચાલે, ઉપાશ્રયમાં પ્રવેશ-નિર્ગમનમાં નિસિહિ-આવસ્સિયા ન કહે, (૩૫૯) વિહાર કરતા વિજાતીય રજ પૃથ્વીમાં સંક્રમ થયા પહેલાં પગની પ્રમાર્જના ન કરે, ધુંસરા પ્રમાણ ભૂમિમાં જોયા વગર ઇર્યાસમિતિના ઉપયોગ વગર ચાલે, પૃથ્વી, જળ, અગ્નિ, વાયરો, વનસ્પતિ અને ત્રસ જીવોને વિષે યતના વગર નિરપેક્ષપણે તે જીવોને નિશંકપણે ઉપમર્દન-ખૂંદતો ચાલે. (૩૬૦) મુખવસ્ત્રિકા જેટલી અલ્પ કે સંર્વઉપધિનું પ્રતિલેખન કરતો નથી, દિવસે સ્વાધ્યાય કરતો નથી. આગળ સ્વાધ્યાય કહી ગયા, તે રાત્રે પુનરાવર્તન કરતો નથી, અથવા રાત્રે પુનરાવર્તન, દિવસે વાંચનાદિક સ્વાધ્યાય કરતો નથી, રાત્રે સર્વ ઊંઘી ગયા હોય, ત્યારે મોટા શબ્દથી બોલવાના સ્વભાવવાળો, ઝગડો કરનાર, તોછડાઈથી મોટાની લઘુતા કરે, ગંભીરતા ન રાખે, ગચ્છમાં માંહેમાંહે કુસંપ કરાવે, તેમાં આનંદ માનનારો. (૩૬૧)

બે કોસ ઉપરાંત દૂરથી વહોરેલ આહાર-પાણી વાપરે, ત્રણ પોરુષી પહેલાં વહોરેલ કાલાતિક્રાન્ત આહાર-પાણી વાપરે, નહિં વહોરાવેલ વાપરે, સૂર્યોદય પહેલાં અશનાદિક અથવા ઉપકરણ વહોરે, આવા પ્રકારના સાધુ પાસત્થાદિ કહેવાય. (૩૬૨)

**ठवणकुले न ठवेई, पासत्थेहिं च संगयं कुणई ।**
**निच्चमवज्झाणरओ, न य पेह-पमज्जणासीलो ।।३६३।।**

**रीयइ य दवदवाए, मूढो परिभवइ तहय रायणिए ।**
**पर-परिवायं गिण्हई, निट्ठुर-भासी विगह-सीलो ।।३६४।।**

**विज्जं मंतं जोगं, तेगिच्छं कुणइ भूइकम्मं च ।**
**अक्खर-निमित्त-जीवी, आरंभ-परिग्गहे रमइ ।।३६५।।**

**कज्जेण विणा उग्गहमणुजाणावेइ दिवसओ सुअइ ।**
**अज्जियलाभं भंजइ, इत्थि-निसिज्जासु अभिरमइ ।।३६६।।**

उच्चारे पासवणे, खेले सिंघाणए अणाउत्तो ।
संथारग उवहीणं, पडिक्कमइ वा सपाउरणो ।।३६७।।

न करेइ पहे जयणं, तलियाणं तह करेइ परिभोगं ।
चरइ अणुबद्धवासे, सपक्ख-परपक्ख-ओमाणे ।।३६८।।

संजोअइ अइबहुअं, इंगाल सधूमगं अणट्ठाए ।
भुंजइ रूपबलट्ठा, न धरेइ अ पायपुंछणयं ।।३६९।।

મોટાં પ્રયોજન ઉભાં થાય, ત્યારે કામ લાગે અગર ગુરુ માટે જે અનામત ઘરો ગોચરી માટે સ્થાપન કરેલાં હોય, તેમાં નિષ્કારણ ગોચરી લેવા જાય, પાસત્થા સાથે સોબત કરે, હંમેશાં દુર્ધ્યાન કરતો હોય, પ્રેક્ષા કરવી, પ્રમાર્જના કરવી, તેમાં પ્રમાદ કરનાર, ઉતાવળો ઉતાવળો વેગથી ચાલનાર, મૂઢ, રત્નાધિકનો તિરસ્કાર કરનાર, જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નમાં અધિક હોય, તે રત્નાધિક કહેવાય. બીજાનો અવર્ણવાદ ગ્રહણ કરે-નિન્દા કરે, કઠોર-કડવાં વચન બોલે, સ્ત્રીકથા વગેરે વિકથા કરવાના સ્વભાવવાળો પાસત્થો કહેવાય. દેવીથી અધિષ્ઠિત વિદ્યા, દેવથી અધિષ્ઠિત હોય, તે મંત્ર, વિશિષ્ટ પ્રકારનાં ઔષધ એકઠા કરીને અદશ્ય કરવાનું અંજન બનાવવાનું તે રૂપ યોગચૂર્ણ, રોગની પ્રતિકાર કરવાની અસંયતની ચિકિત્સા, રાખ વગેરે મંત્રીને ગૃહસ્થાને ચોક્કસ કાર્યની સિદ્ધિ માટે આપવા રૂપ ભૂતિકર્મ, સારા અક્ષર લખતાં, શીખવવું લહિયા-કર્મ તથા નિમિત્તશાસ્ત્ર ભણી લોકોને શુભાશુભ લગ્નબલ આદિક કહેવાં, અને તેનાથી આજીવિકા ચલાવવી. પૃથ્વીઆદિક છકાયનો આરંભ કરે, જરૂર સિવાય અધિક ઉપકણો એકઠાં કરવાં, તે પરિગ્રહમાં આસક્તિ કરે, વગર કારણે, વગર જરુરિયાતે દેવેન્દ્ર વગેરેનો રહેવાની ભૂમિનો અવગ્રહ માગે, દિવસે શયન કરે, સાધ્વીએ લાવેલ આહારાદિક વાપરે, સ્ત્રી બેઠે સ્થાન, આસનાદિમાં તે ઉઠ્યા બાદ તરત જ બેસે, ત્યાં ક્રીડા કરે. મળ, મૂત્ર, શ્લેષ્મ, બળખો, નાસિકાનો મેલ વગેરે યતના વગર પરઠવે, સંથારા ઉપર કે ઉપધિ ઉપર બેસીને અધર વસ્ત્ર ઓઢીને પ્રતિક્રમણ કરે. માર્ગમાં ચાલતાં ચાલતાં પૃથ્વી, અપ્ વગેરે કાયની જયણા કરતો નથી, તલિકા કે પગરખાનો છતી શક્તિએ ઉપયોગ કરે, આગળ પગરખાં પહેરી ચાલે, તેમ કહેલ તે ગામની અંદર અને આ વગર પ્રયોજને તે સિવાયના સ્થળમાં એમ સમજવું. સ્વપક્ષ એટલે પોતાના સાધુઓ અને પરપક્ષ એટલે ભૌત, શાક્ય, બૌદ્ધ વગેરે અન્યમતના ઘણા સાધુઓ હોય, તેવા ક્ષેત્રમાં તેમનાથી અપમાન પામીને ચોમાસાના કાળમાં પણ વિહાર કરે, સ્વાદની લોલુપતાથી દૂધમાં સાકર, શાકમાં મશાલા, મરચાં વગેરેનો સંયોગ કરી આહારને

સ્વાદિષ્ટ બનાવે, પ્રમાણથી અધિક ભોજન કરે, સારા ભોજનમાં રાગ કરે અને ભોજન અને તેના દાતારની પ્રશંસા કરે, તે ઇંગાલદોષ, અનિષ્ટ ભોજન અને તેના દાતારની દ્વેષથી નિંદા કરે અને ભોજન કરતાં મુખ બગાડે, ક્ષુધાવેદના વગર અગર વૈયાવૃત્યાદિના કારણ વગર ભોજન કરે, રૂપ કે બળની વૃદ્ધિ માટે ભોજન કરે, રજોહરણ પાસે ન રાખે. (૩૬૩ થી ૩૬૯)

## ૧૬૩. પાક્ષિકપર્વ ચર્ચા-

अट्ठम छट्ठ चउत्थं, संवच्छर चाउमास पक्खेसु ।
न करेइ साय-बहुलो, न य विहरइ मासकप्पेणं ।।३७०।।

શાતાગારવની બહુલતાનાં કારણે અનુક્રમે સંવત્સરી, ચોમાસી અને પાક્ષિકના દિવસે અઠ્ઠમ, છઠ્ઠ અને ઉપવાસ તપ કરતો નથી અને ક્ષેત્ર, કાળની અનુકૂળતા હોવા છતાં માસકલ્પના ૮ માસ વિહાર કરતો નથી. અહિં પાક્ષિકમાં ઉપવાસ નિયમિત કરવાનો રાખેલ હોવાથી ચૌદશના દિવસે જ પાક્ષિક ગણાય છે. જો પૂનમના દિવસે થાય, તો ઉપવાસ કરવાનું બંનેને સમ્મત હોવાથી પૂનમને દિવસે પાક્ષિકપણાનો તેનો સદ્ભાવ હોવાથી પાક્ષિકનો પણ છઠ્ઠ કરવાનો પ્રસંગ આવે, તથા ત્યાં અઠ્ઠમ, છઠ્ઠ, છઠ્ઠ એમ કહેવું પડતે, જો હવે ચૌદશે કરેલો ઉપવાસ ચતુર્દશી સંબંધી જ છે, પરંતુ પાક્ષિક સાથે સંબંધવાળો નથી-એમ કહેતા હો તો ચાતુર્માસમાં પણ પ્રથમ ઉપવાસ ચૌદશ સાથે સંબંધવાળો હોવાથી બીજો ઉપવાસ ચાતુર્માસ સંબંધી હોવાથી 'અઠ્ઠમ-ચઉત્થ-ચઉત્થ' એમ કહેતે. ચતુર્દશી કરતાં ચાતુર્માસપર્વ મોટું છે, તેથી તેનો તપ અંદર જ આવી ગએલો છે, તો પાક્ષિકતપ પણ તેમ જ થાઓ. ચઉદસ એક દિવસનું પર્વ છે, તેની અપેક્ષાએ પાક્ષિકનું પણ મહત્વ છે, તો ત્યાં પણ છઠ્ઠ થાય. વળી ચતુર્માસની અપેક્ષાએ પાક્ષિક એ નાનું પર્વ છે, તો ત્યાં ઉપવાસ તપ કરવો યુક્ત ગણાય. જેમકે, સાંવત્સરિકતપની અપેક્ષાએ ચાતુર્માસિકતપ નાનું છે, એ વાત સત્ય છે, પરંતુ ચતુર્દશીમાં જ પાક્ષિક કરાય તો ચતુર્દશીનો ઉપવાસ ઘટી શકે છે. કારણ કે, પાક્ષિકનો ઉપવાસ કરવાનો હોવાથી. જો પહેલાં પાક્ષિક પૂનમમાં થતી હતી - એમ તમે સમ્મત થતા હો, તો પાક્ષિકમાં પણ છઠ્ઠતપ કહેતે. એક ઉપવાસને ચતુર્થનો વ્યપદેશ કરાતો હોવાથી. બે વગેરેમાં છઠ્ઠ વગેરેનો સંભવ હોવાથી, નહિંતર વ્યપદેશનો અવ્યવસ્થા-પ્રસંગ ઉભો થઇ જાય. તેથી કરીને ચાલુ અધિકરામાં ચતુર્થ એમ કહેલ હોવાથી ચતુર્દશી અને પાક્ષિક એ બંનેનું ઐક્ય તેઓને સમ્મત છે - એ નિર્ણય તો થયો જ છે. આથી એકને ગ્રહણ કરવાથી બીજાનું ઉપાદાન-ગ્રહણ થતું નથી. તે આ પ્રમાણે-

અષ્ટમી-ચતુર્દશીમાં ઉપવાસ કરવો એમ પાક્ષિકચૂર્ણિમાં કહેલું છે. તે શ્રાવક અષ્ટમી ચતુર્દશીમાં ઉપવાસ કરે છે અને પુસ્તક વાંચે છે. એમ નિશીથચૂર્ણિમાં તથા બીજાં સૂત્રોમાં ચતુર્દશી જ ગ્રહણ કરેલી છે, પણ પાક્ષિક નહિં. વળી અષ્ટમી, પાક્ષિક તથા વાચનાકાળ છોડીને બાકીના સમયમાં આવતી સાધ્વીઓ અકાલચારી કહેવાય છે. ચઉત્થ, છઠ્ઠ, અટ્ઠમ કરવામાં અષ્ટમી, પક્ખી, ચોમાસી, સંવત્સરી તેમાં અનુક્રમે ઇત્યાદિ વ્યવહારભાષ્ય આ વગેરે સૂત્રમાં પાક્ષિક જ ગ્રહણ કરેલ છે, પણ ચતુર્દશી નહિં. તથા અષ્ટમી, ચતુર્દશી, જ્ઞાનપંચમી, ચોમાસી, સંવત્સરીમાં ચઉત્થ એટલે ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ ન કરે તો પ્રાયશ્ચિત્ત આવે એમ મહાનિશીથસૂત્રમાં સર્વ વ્રતનું પ્રતિપાદન કરેલું છે, તો એકલા બિચારા પાક્ષિકને પંક્તિ-વંચિત કરાય તો ચતુર્દશી અને પાક્ષિકનું ઐક્ય છે તે નિશ્ચિત છે. નહિંતર તો કોઇ સ્થાનપર બંનેને ગ્રહણ કરવાનું થાય.

હવે કોઇક સ્થાને દેશગ્રહણ કરાય, કોઈ સ્થાને સર્વ ગ્રહણ કરાય, ઉત્ક્રમયુક્ત સૂત્રો વિવિધ પ્રકારે ગ્રહણ કરવામાં આવે છે.' એ વચનથી ક્યાંઇક ચતુર્દશી અને ક્યાંઇક પાક્ષિક ગ્રહણ કરેલ છે - એમ કદાચ તમે કહેતા હો તો મહાનિશીથમાં સાધુઓનાં સ્થિતપર્વના સર્વસંગ્રહમાં ચતુર્દશી ગ્રહણ કરવા છતાં પણ ચાતુર્માસિક-સંવત્સરી પર્વ સાથે પાક્ષિક વિશેષપર્વ પણ કેમ નથી કહેવાયું ? આ કયા પ્રકારનો તમારો વાણીવિલાસ છે ? બીજું સીધો માર્ગ છોડીને 'ક્યાંઈક દેશથી ગ્રહણ' એ વાંકા માર્ગને પકડીને પ્રયાણ કરો છો. આથી પૂનમ એ પાક્ષિક છે - એમ કોઇ રીતે સિદ્ધ થઇ શકતું નથી. પારવગરના આગમ-સમુદ્રમાં તેવા પ્રત્યક્ષર જોઇએ, તો પણ તેવા અક્ષરો મળતા નથી, તો હવે અભિનિવેશનો ત્યાગ કરી, ચતુર્દશીનો ઉપવાસ જ પાક્ષિક ચતુર્થ છે-એમ માન્યતા સ્વીકારો. જે માટે કહેલું છે કે - મતાગ્રહી પુરુષ યુક્તિને ત્યાં ખેંચી જવાની ઇચ્છાવાળો હોય છે કે, જ્યાં પોતાની બુદ્ધિ સ્થાપન કરેલી હોય, અને પક્ષપાત-રહિત મધ્યસ્થ પુરુષ તો જ્યાં યુક્તિ હોય, ત્યાં પોતાની બુદ્ધિને સ્થાપન કરે છે. આ પ્રમાણે પૂજ્યશ્રીએ રચેલ 'પાક્ષિક સપ્તતિ' ગ્રન્થમાં જણાવેલ યુક્તિલેશ છે. તે માત્ર તમને બતાવ્યું. આ કદાગ્રહ કે લડવા માટે કહેલ નથી. આથી વિશેષ સ્પષ્ટતર યુક્તિ મેળવવાની અભિલાષાવાળાએ વૃત્તિસહિત તે પાક્ષિક સપ્તતિ ગ્રન્થને વારંવાર વિચારવો. (૩૭૦)

## ૧૬૪. પાસત્થાદિક હીનાચારનાં પ્રમાદસ્થાનો-

नीयं गिण्हइ पिंडं, एगागी अच्छए गिहत्थ-कहो ।
पावसुआणि अहिज्जइ, अहिगारो लोग-गहणम्मि ।।३७१।.

परिभवइ उग्गकारी, सुद्धं मग्गं निगूहए वालो ।
विहरइ सायागुरुओ, संजम-विगलेसु खित्तेसु ।।३७२।।

उग्गाइ गाइ हसई, असुंवुडो सइ करेइ कंदप्पं ।
गिहि-कज्जचिंतगो वि य, ओसन्ने देइ गिण्हइ वा ।।३७३।.

धम्मकहाओ अहिज्जइ, घराघरं भमइ परिकहंतो अ ।
गणणाइ पमाणेण य, अइरित्तं वहइ उवगरणं ।।३७४।।

કાયમ એક ઘેરથી આહાર ગ્રહણ કરે, સમુદાય સાથે ન રહેતાં એકલો જ રહે, ગૃહસ્થવિષયક વાતો-પંચાતો કરે, વાત્સ્યાયન, કોકશાસ્ત્ર વગેરે પાપશ્રુતનો અભ્યાસ કરે, લોકો પોતાનાં તરફ કેમ આકર્ષાય - એમ તેમનું ચિત્તરંજન થાય, તેવા પ્રયત્નો કર્યા કરે, પરંતુ પોતાના સાધુપણાના અનુષ્ઠાનોમાં ચિત્ત ન ચોંટાડે. (૩૭૧) ઉગ્રતપ-ચારિત્ર કરનાર સાધુનો પરાભવ કરે, જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ શુદ્ધ મોક્ષમાર્ગને આચ્છાદિત કરે, પ્રગટ ન કરે તેમ કરવાથી પોતાની ન્યૂનતા દેખાય. શાતા-સુખમાં લંપટ બનેલો અજ્ઞાની એવો તે સુસાધુથી વાસિત ન થએલા એવા સંયમથી રહિત ક્ષેત્રને વિષે વિચરે છે. મોટા શબ્દ કરીને ગાય, અલ્પસ્વરથી ગાયન કરે, મુખ પહોળું કરીને ખડખડ હસે, કામોત્તેજક વચનો અને ચાળા કરીને બીજાને હસાવે, ગૃહસ્થનાં કાર્યોની ચિંતા કરવાના સ્વભાવવાળો ઓસન્નસાધુ પાસેથી વસ્ત્રાદિક ગ્રહણ કરે, અથવા તેને આપે. (૩૭૨-૩૭૩) આજીવિકા માટે ધર્મકથાનો અભ્યાસ કરે. ભણીને ઘરે ઘરે ભટકી ધર્મકથા કરે, ગણના પ્રમાણથી વધારે પ્રમાણમાં ઉપકરણો રાખે. જિનકલ્પીઓને બાર પ્રકારનાં, સ્થવિરોને ચૌદ પ્રકારનાં, આર્યાઓને પચીશ પ્રકારનાં ઉપકરણો રાખે. કહેલાંથી તે વધારે રાખે. (૩૭૪)

वारस बारस तिण्णि य, काइय-उच्चार-काल-भूमीओ ।
अंतो बहिं च अहियासि अणहियासे न पडिलेहे ।।३७५।।

गीयत्थं संविग्गं, आयरिअं मुअइ वलइ गच्छस्स ।
गुरुणो य अणापुच्छा, जं किं चि वि देइ गिण्हइ वा ।।३७६।।

गुरु-परिभोगं भुंजइ, सिज्जा-संथार-उवकरणजायं ।
किन्तिय तुमं ति भासई, अविणीओ गव्विओ लुद्धो ।।३७७।।

गुरुपच्चक्खाण-गिलाण-सेह-बालाउलस्स गच्छस्स ।
न करेइ नेव पुच्छइ, निद्धम्मो लिंगमुवजीवी ।।३७८।।

पहगमण-वसहि-आहार-सुयण-थंडिल्ल-विहिपरिट्ठवणं ।
नायरइ नेव जाणइ अज्जाबट्टावणं चेव ।।३७९।।

લઘુનીતિ પરઠવવાની બાર ભૂમિ, વડીનીતિ પરઠવવાની બાર ભૂમિ, કાલગ્રહણ લેવા યોગ્ય ત્રણ ભૂમિ-એમ ઉપાશ્રયની અંદર અને બહાર મળીને સત્તાવીશ સ્થંડિલ ભૂમિઓ છે. તેમાં સમર્થે દૂર જવું યોગ્ય છે અને તેવી શક્તિ વગરનાને નજીકની ભૂમિમાં પરઠવવા જવું યોગ્ય છે. તેવી ભૂમિને ન પડિલેહે-ઉપયોગપૂર્વક ન દેખી લે, તેને પાસત્થા જાણવા. તે ભૂમિ સર્વદિશામાં જઘન્યથી પોતાના હાથ પ્રમાણ અને નીચે ચાર આંગળ અચિત્ત હોવી જોઈએ. (૩૭૫) આગમાદિ શાસ્ત્રના જાણકાર મોક્ષાભિલાષી એવા પોતાના આચાર્યને વગર કારણે છોડીને ચાલ્યો જાય, અહિં ગીતાર્થ અને સંવિગ્ન બે પદ ગ્રહણ કરવાથી અગીતાર્થ અસંવિગ્નનો ત્યાગ કરે, તો દોષ નથી, સારણા, વારણા કરનાર ગુરુનો ત્યાગ કરી ચાલ્યો જાય. તે માટે કહેલું છે કે, જેમ સમુદ્રમાં સંક્ષોભ-ખળભળાટને સહન ન કરી શકતા મત્સ્યો સુખની અભિલાષાથી સમુદ્રની બહાર કિનારે નીકળી પડે છે, પરંતુ બહાર નીકળતાં જ સ્થળમાં જળવગર નાશ પામે છે. એ પ્રમાણે ગચ્છરૂપ મસુદ્રમાં સારણા, વારણારૂપ મોજાંઓથી પીડાએલા તેઓ ગચ્છમાંથી સુખ મેળવવાની ઇચ્છાથી બહાર નીકળતાં જ જ્ઞાન, દર્શન, ચારિત્ર રત્નથી વિનાશ પામે છે, કોઇક વિષયમાં ગુરુ ગચ્છને પ્રેરણા આપતા હોય, ત્યારે ગુરુની સામે જવાબ આપે, ગુરુને પૂછ્યા વગર કોઇને વસ્ત્ર આપે કે કોઇની પાસેથી પોતે ગ્રહણ કરે.

ગુરુને પરિભોગ કરવા યોગ્ય અથવા શય્યા-પાટ, સંથારો કે તેમનાં સમગ્ર ઉપકરણો જે વાપરતા હોય તેમની વપરાતી શયનભૂમિ, કપડાં, કામલી વગેરે વંદન-પૂજન કરવા યોગ્ય છે, પણ ભોગવવા-વાપરવા યોગ્ય નથી. તથા ગુરુ બોલાવે, ત્યારે મને કેમ બોલાવ્યો ? એમ તોછડાઇથી ઉત્તર આપે. તે સમયે ત્યાં 'મત્થએણ વંદામિ' આપ-ભગવંત એમ કહેવાના બદલે 'તું-તમે' એવા અવિનયવાળાં વચન બોલે. ગર્વિત અને વિષયમાં લુબ્ધ થએલો હોય, તે પાસત્થા કહેવાય. ગુરુમહારાજ, ધર્માચાર્ય અનશની, તપસ્વી, ગ્લાન, નવદીક્ષિત, બાળમુનિ, ઇત્યાદિથી સંકળાએલ ગચ્છ સંબંધી જે કાર્યો હોય, તેની પૃચ્છા ન કરે, 'હું તો ભણેલો છું, મારે વલી તેમનાં કાર્યો શા માટે કરવાં પડે ?' એમ મનમાં ઘમંડ રાખે, માટે જ નિર્ધર્મ, વેષથી માત્ર આજિવીકા કરનારો, આચાર વગરનો હોવાથી, માર્ગમાં ગમનનો વિધિ, વસતિ-ઉપાશ્રય, આહાર, શયન કરવાનો સ્થંડિલ જવાનો આગમમાં

કહેલો વિધિ જાણતો ન હોય, જાણતો હોય તો, આચરતો ન હોય, સાધ્વીઓને કેવી રીતે વર્તાવવી, તે જાણતો ન હોય અગર ધર્મની નિરપેક્ષતાથી સાધ્વીઓને વર્તાવતો હોય, તત્ત્વથી તે જાણતો જ નથી. (૩૭૫ થી ૩૭૯)

**सच्छंद-गमण-उठ्ठाण-सोअणो अप्पणेण चरणेण ।**
**समण-गुण-मुक्क-जोगी, बहुजीव-खयंकरो भमइ ।।३८०।।**

**बत्थिव्व वायपुण्णो, परिभमई जिणमयं, अयाणंतो ।**
**थद्धो निव्विन्नाणो, न य पिच्छइ कंचि अप्पसमं ।।३८१।।**

**सच्छंदगमण-उट्ठाणसोणओ भुंजई गिहीणं च ।**
**पासत्थाइ-ट्ठाणा, हवंति एमाइया एए ।।३८२।।**

ગુરુ આજ્ઞા વગર સ્વચ્છંદપણે જવું આવવું, ઉઠવું, સુવું વગેરે પ્રવૃત્તિ કરે, જ્ઞાનાદિક ગુણો, તેના યોગોથી રહિત સમિતિ, ગુપ્તિથી રહિત એવો કહેવાતો શ્રમણ અનેક જીવનિકાયનો વિનાશ કરતો નિરર્થક આમ-તેમ ભટક્યા કરે છે. વાયુથી ભરેલ પાણીની મસક-પખાલ ઉછળે, તેની માફક ખોટા મોટા ગર્વથી ઉછળત, જો રાગાદિક રોગના ઔષધ સરખા જિનમતને ન જાણતો, ઉન્મત્ત, શરીરમાં પણ ગર્વનું ચિહ્ન બતાવતો, જ્ઞાન વગરનો, 'પોતાના સમાન જાણે કોઇ નથી' એમ ગર્વથી, જગતને પણ હિસાબમાં ગણતો નથી, એટલે બીજા સર્વને તણખલા સમાન માને છે. પોતાની સ્વેચ્છા પ્રમાણે જવું, આવવું, ઉઠવું, સુવું ઇત્યાદિક પ્રવૃત્તિ કરવી. આ વાત ફરીથી કહેવાનું પ્રયોજન એ છે કે, જ્ઞાનાદિક સર્વે ગુણો ગુણવાન દ્રવ્યની જેમ પરતંત્ર રહેવાથી સાધી શકાય છે. 'દ્રવ્યના આશ્રય વગર ગુણ રહી શકતો નથી.' ગૃહસ્થોની વચ્ચે કે ગૃહસ્થોના ઘરમાં બેસીને ભોજન કરવું. આ વગેરે પાસત્થાદિકનાં અનેક પ્રમાદસ્થાનો કહેલાં છે, જેની ગણતરી કરવી અશક્ય છે. (૩૮૦ થી ૩૮૨)

જો આ પ્રમાણે વર્તન કરનારા પાસત્થા, ઓસન્ના, કુશીલિયા ગણાય, તો અત્યારે કોઈ સુસાધુ ઉગ્રવિહારી હોય, તેને પણ ગ્લાનાવસ્થાદિમાં અનેષણીય આહારાદિક ગ્રહણ કરવાની પ્રવૃત્તિ દેખાય છે, આવી કોઇકને શંકા થાય, તો વિષય-વિભાગને ન સમજનાર તેના ભ્રમને દૂર કવા માટે કહે છે. -

**जो हुज्ज उ असमत्थो, रोगेण व पिल्लिओ झ(उ)रियदेहो ।**
**सव्वमवि जहाभणियं, कयाइ न तरिज्ज काउं जे ।।३८३।।**

सो वि य नियय-परक्कमववसाय-धिई बलं अगूहंतो ।
मुत्तूण कूडचरियं, जई जयंतो अवस्स जई ।।३८४।। युग्मम् ।।

अलसो सढोऽवलितो, आलंबण-तप्परो अइपमाई ।
एवंठिओ वि मन्नई, अप्पाणं सुट्ठिओ मि (म्हि)त्ति ।।३८५।।

जो वि य पाडेऊणं, मायामोसेहिं खाइ मुद्धजणं ।
तिग्गाम-मज्झवासी, सो सोअइ कवडखवगु व्व ।।३८६।।

જે કોઇ સ્વભાવથી મંદ સંઘયણવાળો હોવાથી શાસ્ત્રમાં કહેલ અનુષ્ઠાન કરવા સમર્થ ન હોય, ક્ષય કે બીજા અસાધ્ય રોગથી પીડાતો હોય, વૃદ્ધાવસ્થાથી કાયા જરાજીર્ણ થએલી હોય, તેવા કદાપિ કહ્યા પ્રમાણે સર્વ અનુષ્ઠાન કરવા સમર્થ ન થાય, તે સિવાય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને આશ્રીને બીજી આપત્તિમાં આવી પડેલો હોય, તો તે પોતાનું પરાક્રમ-શક્તિ તેને અનુસારે બહારની ચેષ્ટા, મનોબળ વગેરે છૂપાવ્યા વગર માયા વર્તનનો ત્યાગ કરી જો કહેલાં અનુષ્ઠાનો આચરવા પ્રયત્ન કરે, તો તે નક્કી સુસાધુ જ ગણેલો છે. કારણ કે, યથાશક્તિ ભગવંતની આજ્ઞા કરનારો હોવાથી, તેમ કરનાર ગૌતમાદિકની જેમ સુસાધુ છે. માયાચરિત્રવાળો કેવા પ્રકારનો હોય ? તે કહે છે - આળસુ-પ્રમાદી, કંપટી, અહંકારી, કંઈક તેવું બાનું મળે કે તરત જ સર્વકાર્યમાં તેનું આલંબન લઈ અપવાદ સેવવા તત્પર બને, અતિશય ઉંઘણશી એવા બીજા પ્રમાદ દોષવાળો, હોવા છતાં પણ પોતાના આત્માને કપટથી બીજા ગુણીઓ સમક્ષ પોતાની પ્રશંસા કરે, તે માયાવી જાણવો. તેવા પ્રકારના કપટીને જે નુકશાન થાય છે, તે દૃષ્ટાંતથી કહે છે. વળી જે માયા-સહિત જૂઠ વચન બોલીને ભદ્રિક લોકને પોતાની માયાજાળમાં ફસાવે છે અને છેતરે છે, તે પુરુષ ત્રણ ગામની વચ્ચે રહેનાર કપટક્ષપક નામના તપસ્વીની જેમ શોક વહન કરનાર થાય છે. (૩૮૩-૩૮૬)

## ૧૬૫. કપટક્ષપકની કથા -

ઉજ્જયિની નગરીમાં અતિનિષ્ઠુર પરિણામવાળો કૂટ-કપટ-છેતરવામાં તત્પર એવો ઘોરશિવ નામનો બ્રાહ્મણ હતો. છેતરવાના સ્વભાવના કારણે લોકોએ તેને નગરીમાંથી હાંકી કાઢ્યો. ચમ્માર દેશમાં ગયો. ત્યાં ચોરી-જારી કરનાર લોકોને મળી તેણે કહ્યું કે, 'હું સાધુવેષ ગ્રહણ કરી તમને સર્વ માહિતી અને સલાહ આપીશ કે, જેથી સુખેથી લોકોને ત્યાંથી ચોરી કરી શકાય. લોકોના ઘરે જઈ તેમના સદ્ભાવ, વૈભવ, છિદ્રો, પ્રવેશસ્થાનો જાણીને તમને કહીશ. દુરાચારીઓએ તે માન્ય કર્યું. પેલાએ પરિવ્રાજકનો વેષ ધારણ કર્યો,

ત્યારપછી ત્રણ ગામ વચ્ચે તપોવનમાં તપ તપવા લાગ્યો. ચોરોએ વાતો ફેલાવી કે, 'આ મહાતપસ્વી મહિને મહિને ઉપવાસ કરી પછી ભોજન કરે છે.' એટલે ગામલોકો બોલવા લાગ્યા કે, આ મહાતપસ્વી અને મહાજ્ઞાની છે. તે તપસ્વી ન હોવા છતાં બીજાને છેતરવાની ચિંતાના સંતાપવાળા ચિત્તથી સુકાએલ દેહવાળો જણાતો હતો, એટલે લોકો 'અહો ! આ મહાતપસ્વી છે.' એમ વિચારી તેની પૂજા કરે છે અને નિમિત્તો પૂછે છે. પેલો પણ નિમિત્તો કહેતો હતો. લોકોને તે સદ્ભાવથી પોતાના ઘરે લઈ જતા હતા.

લોકો પોતાનાં ગુપ્તસ્થાનો પણ તેને બતાવતા હતા. બગલાની ચેષ્ટા કરતો પોતાને જાણે લોકોના ઉપર ઉપકાર કરતો હોય, તેમ આત્માને પ્રકાશિત કરતો હતો. ચોરોને ખાતર પાડવાનાં સ્થાનો બતાવતો હતો. ચોરો સાથે રાત્રે લોકોના ઘરોમાં ચોરી કરતો હતો. થોડા કાળમાં તો તેવો કોઇ લોક બાકી ન હતો કે, જે તેણે ચોર્યું કે ચોરાવ્યું ન હોય. એક દિવસે કુલપુત્રે જ્યારે ચોર ખાતર પાડતો હતો અને તેનું મુખ ખોદતો હતો, એ જાણીને ખાતરના મુખમાં પકડી શકાય તેવો ફાંસો નાખ્યો. પ્રવેશ કરતાં જ ચોરને ફાંસામાં સપડાવ્યો. બીજા ચોરો તો તેનાથી દૂર પલાયન થઈ ગયા. સવારે પકડાએલા ચોરને રાજા પાસે લઇ ગયા.

રાજાએ કહ્યું કે, 'જો ખરી હકીકત જણાવે, તો આ બિચારાને છોડી મૂકો.' સમજાવીને શાંતિથી પૂછ્યું, છતાં પણ કહેતો નથી, એટલે ચાબૂકના માર મરાવ્યા એટલે ખરી હકીકત જણાવી. પરિવ્રાજકને દોરડાથી બંધાવીને બોલાવરાવ્યો. ખૂબ માર માર્યો, એટલે ખાતાં બાકી રહેલું લોકોનું ધન પાછું આપ્યું. 'બ્રાહ્મણપુત્ર છે' એમ ધારી મારી ન નાખતાં તેની આંખો ખોદી નાખી. પાછળથી ભિક્ષામાત્ર પણ ન મેળવતો લોકોથી તિરસ્કાર પામતો પશ્ચાત્તાપથી જળી રહેલો પોતાનો શોક કરવા લાગ્યો. આ દૃષ્ટાંત સાંભળીને કપટચરિત્રનો ત્યાગ કરીને યથાસ્થિત આચરણ આચરવું.

આવા પાસત્થાદિક અનેક આકારવાળા હોય છે, કહે છે -

एगागी पासत्थो, सच्छंदो ठाणवासि ओसन्नो ।
दुगमाई-संजोगा, जह बहुआ तदह गुरू हुंति ।।३८७।।

गच्छगओ अणुओगी, गुरुसेवी अनियओ गुणाउत्तो ।
संजोएण पयाणं, संजम-आराहगा भणिया ।।३८८।।

निम्मभा निरहंकारा, उवउत्ता नाण-दंसण-चरित्ते ।
एगखिऽक्खे)त्ते वि ठिया, खवंति पोराणयं कम्मं ।।३८९।।

जिय-कोह-माण-माया, जिय-लोह-परीसहा य जे धीरा ।
वुड्ढावासे वि ठिया, खवंति चिर-संचियं कम्मं ।।३९०।।

पंचसमिया तिगुत्ता, उज्जुत्ता संजमे तवे चरणे ।
वाससयं पि वसंता, गुणिणो आराहगा भणिया ।।३९१।।

ધર્મબન્ધુ અન્યમુનિ, ધર્મશિષ્ય રહિત એકલો, જ્ઞાનાદિકથી પાસે રહેનાર પાસત્થો, ગુરુની આજ્ઞા ન માનનાર-સ્વેચ્છાએ ચાલનાર, એક જ સ્થાને નિરંતર વાસ કરનાર, પ્રતિક્રમણ વગેરે ક્રિયામાં શિથિલ એવો અવસન્ન એ દોષોનો દ્વિકાદિક સંયોગ એટલે બે દોષ, ચાર દોષ અને પાંચ દોષ એકઠા જે પુરુષમાં હોય, તેમાં જેમ જેમ જેને વિષે બહુદોષ રહેલા હોય, તેમ તેમ તે પુરુષ મોટો વિરાધક હોય. હવે આરાધકનું સ્વરૂપ કહે છે -

## ૧૯૭. ગીતાર્થ નિશ્રાયુક્ત રહેનાર મોક્ષગામી છે-

ગચ્છ-સમુદાયમાં રહેલો હોય, જ્ઞાનાદિકની સાથે સંબંધવાળો આથી પાસત્થાપણાનો અભાવ જણાવ્યો. ગુરુની સેવા કરવાના સ્વભાવવાળો, આથી સ્વચ્છંદતાનો અભાવ જણાવ્યો, અનિયત માસકલ્પાદિક વિહાર કરનાર, આથી સ્થાનવીસા રહિતપણું કહ્યું, દરરોજની પ્રતિક્રમણ, પડિલેહણાદિક ક્રિયામાં સાવધાન-અપ્રમાદી, આથી અવસન્નતા-રહિતપણું જણાવ્યું. આ દરેક પદોનાં બે, ત્રણ, ચાર, પાંચ, સંયોગ કરવાથી તેના વધારે સંયોગ થાય, તેમ સંયમના અધિક આરાધક થાય છે. શંકા કરી કે, એકસ્થાને કાયમ રહેવામાં દોષ છે, તો પછી આર્ય સમુદ્રાચાર્ય વગેરે કેમ નિત્યવાસ રહ્યા છતાં આરાધક બન્યા ? ભગવંતની આજ્ઞા પ્રમાણે રહેલા હોવાથી તેઓ આરાધક થયા છે. તે કહે છે. - મમત્વભાવ-રહિત, નિરહંકારી, જ્ઞાન, દર્શન, ચારિત્રમાં ઉપયોગવાળા એવા એક ક્ષેત્રમાં રહેલા હો. અપિ શબ્દ અને ઉપલક્ષણથી જંઘાબલ ક્ષીણ થવાથી આવા ચોક્કસ યોગ્ય-પુષ્ટ આલંબનથી રહે, તો પણ તેઓ જુનાં જ્ઞાનાવરણીયાદિ કર્મો ખપાવે છે. ક્રોધ, માન, માયા, લોભને જિતનારા, પરિષહોને જિતનારા, સત્ત્વવંત એવા તે પુરુષો વૃદ્ધાવાસમાં એક સ્થાને રહેલા હોય, તે લાંબા કાળનાં એકઠાં કરેલાં કર્મ ખપાવે છે. તથા પાંચ સમિતિઓથી યુક્ત, ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત, સત્તર પ્રકારના સંયમ અથવા છકાય જીવોના રક્ષણમાં, તપમાં, ચારિત્રમાં ઉપયોગવાળા મુનિઓ એક ક્ષેત્રમાં સો વર્ષ રહે, તો પણ ભગવંતોએ તેમને આરાધક ગણેલા છે. (૩૮૭-૩૯૧) આગલી ગાથામાં અર્થ આવી ગયો, છતાં બીજી બે ગાથામાં શા માટે એ જ વાત જણાવી એમ કહેનારને કહે છે કે, ભગવંતની આજ્ઞામાં રહેલાને કોઇ પ્રકારે દોષ લવલેશ લાગતો નથી, તે જણાવવા માટે સમજવું. તે માટે કહેલું

છે કે, 'એક જ ક્ષેત્રમાં રહેનાર તે કાલાદિકનું ઉલ્લંઘન કરનાર કદાચ થાય, તો પણ તે વિશુદ્ધ સંયમવાળા છે. કારણ કે, વિશુદ્ધ આલંબન પકડેલું છે. આજ્ઞાથી જેઓ શાસ્ત્રમર્યાદારૂપી ધુરાને છોડતા નથી, તેનાથી ગુણની વૃદ્ધિ થાય છે, તેથી નિર્જરા થાય છે. જેઓ મર્યાદાનો ત્યાગ કરે છે, એવા ધુરાવગરના મુનિઓને ચારિત્ર કે નિર્જરા થતાં નથી. આત્માના જ્ઞાનાદિક ગુણોની વૃદ્ધિ માટે કાલાદિક દોષ માટે થતા નથી, જ્યાં જ્ઞાનાદિક ગુણની હાનિ થતી હોય, ત્યાં વિચરવું નહિં.

**तम्हा सव्वाणुन्ना, सव्वनिसेहो य पवयणे नत्थि ।**
**आयं वयं तुलिज्जा, लाहाकंखि व्व वाणियओ ।।३९२।।**

**धम्मम्मि नत्थि माया, न य कवडं आणुवत्ति-भणियं वा ।**
**फुड-पागडमकुडिल्लं, धम्मवयणमुज्जुयं जाण ।।३९३।।**

**नवि धम्मस्स भडक्का, उक्कोडा वंचणा व कवडं वा ।**
**निच्छमो किर धम्मो सदेव-मणुआसुरे लोए ।।३९४।।**

**भिक्खू गीयमगीए, अभिसेए, तहय चेव रायणिए ।**
**एवं तु पुरिसवत्थुं, दव्वाइ चउव्विहं सेसं ।।३९५।।**

જ્યારે આ પ્રમાણે છે, તો એ નક્કી થયું કે, આ શાસનમાં એકાંતે સર્વ કરવાની અનુજ્ઞા નથી કે સર્વનિષેધ કહેલો નથી. દ્રવ્યાદિકની વિચિત્રતા હોવાથી સર્વ કરવા લાયક ધર્માનુષ્ઠાનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવાદિકની અપેક્ષાએ અને ન કરવા લાયક અસંયમાદિનો દ્રવ્યાદિકની અપેક્ષાએ કોઇક સમયે વિધેયનો પણ નિષેધ કરવો પડે અને કોઇક સમયે નિષેધનું વિધાન કરવું પડે. તે માટે કહેલું છે કે, દેશ-કાલાદિક સંયોગને આશ્રયીને એવી કોઇક અવસ્થા ઉત્પન્ન થાય છે કે, જેમાં આઅકાર્ય એ કાર્ય થાય છે, જેમાં કર્મબંધ થાય, તેવા કાર્યને વર્જવું. માટે જેમાં જ્ઞાનાદિકનો લાભ થાય અને તેની હાનિનું વર્જન થાય એવા લાભ-નુકશાનની તુલના કરીને કાર્ય કરવું. કોની જેમ ? તો કે નફો મેળવવાની ઇચ્છાવાળા વેપારીની જેમ. લાભ-નુકશાનની ગણતરી કરીને ઘણો લાભ થાય, તેવા કાર્યમાં પ્રવર્તવું. તેવી પ્રવૃત્તિ કરતાં રાગ-દ્વેષનો ત્યાગ કરીને આત્માને સંતોષ પમાડવો, પરંતુ દુષ્ટ આલંબન શઠતાથી ન પકડવું. શંકા કરી કે, વેપારીઓ તો માયાવી હોય છે અને માયા કરીને લાભ મેળવવાની ઇચ્છાવાળા હોય છે, તો શું ધર્મમાં પણ માયા કરવી ? એના સમાધાનમાં કહે છે - સત્ય સ્વરૂપવાળા સાધુધર્મમાં માયા સર્વથા હોતી નથી, બીજાને

છેતરવા રૂપ કપટ પણ હોઇ શકતું નથી, બીજાને રંજન કરવાની માયાવી એટલે સામાને અનુકૂળ આવે, તેવાં વચનો બોલવારૂપ અનુવૃત્તિ પણ હોતી નથી. પરંતુ સ્પષ્ટ અક્ષરોવાળું, લજ્જા વગરનું સરળ ધર્મવચન મોક્ષનું કારણ છે - એમ સમજ. મોટા આસન પર બેસી, બાજુમાં આજ્ઞાંકિત શિષ્યોને બેસાડવા અને તેવો મોટો આડંબર-મોટાઇ દેખાડવી, તેને ધર્મ કહેવાતો નથી. કપટવ્રત ધારણ કરવાથી અને તેમ કરીને બીજાને છેતરવાથી, 'તું મને કંઇક આપે તો હું ધર્મ કરું એવી લાલસા-તૃષ્ણાથી ધર્મ થતો નથી, પરંતુ દેવ, મનુષ્ય અને અસુરો સહિત લોકને વિષે માયારહિત હોય, તેને જ કેવલી ભગવંતોએ ધર્મ કહેલો છે. માયારહિત શુદ્ધ હોય તેને જ ધર્મ થાય છે. માયા સહિત હોય, તેને ચરિત્રધર્મનો ભેદ થાય છે.

## ૧૭૭. ગીતાર્થ-અગીતાર્થની રૂપરેખા-

ગીતાર્થ અને અગીતાર્થ એમ ભિક્ષુ બે પ્રકારના. ઉપાધ્યાય, આચાર્ય, જ્ઞાનાદિ ગુણરૂપ રત્નની અધિકતાવાળો, તે રત્નાધિક, ચ શબ્દથી નહિં કહેલ એવા સ્થવિરાદિ ગ્રહણ કરવા. એવા જ્ઞાનાદિ ગુણરૂપ વસ્ત્રના યોગથી વસ્તુ-પુરુષવસ્તુ તેનો પ્રથમ વિચાર કરવો અને પછી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આ ચારનો વિચાર કરવો, અર્થાત્ લાભાલાભનો વિચાર કરનારે પ્રથમ વસ્તુને જાણવી જોઇએ. જેમાં ઘણો લાભ થાય, તેવું કરવું જોઇએ. નહિંતર અતિચાર લાગે. (૩૯૨ થી ૩૯૫) તે અતિચાર જ્ઞાન દર્શન, ચારિત્રને વિષે લાગે, તેમાં પણ મોક્ષ પ્રત્યે ચારિત્રનું અંતરંગ કારણ હોવાથી ચારિત્રના અતિચારો કહે છે. -

**चरणइयारो दुविहो, मूलगुणे चेव उत्तरगुणे य ।**
**मूलगुणे छट्ठाणा, पढमो पुण नवविहो तत्थ ।।३९६।।**

**सेसुक्कोसो मज्झिम जहन्नओ वा भवे चउद्धा उ ।**
**उत्तरगुणऽणेगविहो, दंसण-नाणेसु अट्ठऽट्ठ ।।३९७।।**

**जं जयइ अगीयत्थो, जं च अगीयत्थनिस्सिओ जयइ ।**
**वट्टावेइ य गच्छं, अणंतसंसारिओ होइ ।।३९८।।**

**कह उ जयंतो साहू, वट्टावेई य जो उ गच्छं तु ।**
**संजम-जुत्तो ह्वोउं, अणंतसंसारिओ होइ ? ।।३९९।।**

મૂલગુણ અને ઉત્તરગુણ એમ ચારિત્રના બે ભેદ, તેમાં છ સ્થાનકો, પાંચ મહાવ્રતો અને રાત્રિભોજનની વિરતિરૂપ છ મૂલગુણ અતિચાર, તેમાં પણ પ્રાણાતિપાતવિષયકના નવભેદો.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઇન્દ્રિય ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય, જીવોના રક્ષણ-વિષયક બાકી રહેલા મૃષાવાદ વગેરે પાંચમાં ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એમ ત્રણ પ્રકારો અથવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એવા ચાર પ્રકારો થાય છે. ઉત્તરગુણના અતિચારો અનેક પ્રકારના થાય છે. પિંડ વિશુદ્ધિ આદિ વિષયક તેઓ અનેક હોવાથી, દર્શન, જ્ઞાન વિષયક આઠ આઠ અતિચારો હોય છે, તેમાં દર્શનમાં નિઃશક્તિપણું વગેરે, જ્ઞાનમાં કાલ, વિનયાદિક આઠ આચારો છે. આ દરેક આચારમાં વિપરીત પ્રવૃત્તિ સંભવતી હોવાથી સમ્યગ્ પ્રવૃત્તિ કરવી. સમ્યગ્ પ્રવૃત્તિની ઈચ્છાવાળાએ જ્ઞાનમાં પ્રયત્ન કરવો જોઇએ કારણ કે, જ્ઞાન વગરની પ્રવૃત્તિ મહાઅનર્થકારી થાય છે. આગળ ભિક્ષુક અગીતાર્થ કહી ગયા, તેમાં અગીતાર્થ એટલે આગમ-રહસ્યના અજાણ હોય, તે સર્વ પ્રકારે અનધિકારી છે. તે દર્શાવતા કહે છે કે-અગીતાર્થ સાધુ જે પોતે તપ-ચારિત્રાનુષ્ઠાન કરે છે, અથવા ગીતાર્થની નિશ્રા વગર પોતે ગુરુપણે વર્તે અગર બીજાને કે ગચ્છને વર્તાવવાનો પ્રયત્ન કરે અગીતાર્થ હોય અને ગચ્છનું પાલન કરે, ચ શબ્દથી ગ્રંથોનો અજાણ હોવા છતાં અભિમાનથી ગ્રન્થોની વ્યાખ્યા સમજાવે, તે પોતે તપ-ચારિત્રમાં પ્રયત્ન કરે, ગચ્છને વર્તાવે, અને ગ્રન્થની વ્યાખ્યા કરે, તેથી અનંત સંસાર ઉપાર્જન કરે-એમ ભગવંતોએ કહેલું છે. ગીતાર્થ કે ગીતાર્થની નિશ્રામાં રહીને કરેલું અનુષ્ઠાન મોક્ષફલ આપનાર થાય છે. અહિં શિષ્ય શંકા કરે છે કે - 'હે ભગવંત ! સંયમયુક્ત સાધુ તપ-સંયમને વિષે યત્ન કરનાર તેમજ ગચ્છને પ્રવર્તાવનાર તેમજ ગ્રંથોને સમજાવનાર હોવા છતાં તેને અનંત સંસારી કેમ કહ્યો ? (૩૯૬ થી ૩૯૯) હવે તેનો ઉત્તર કહે છે. -

## ૧૬૮. અગીતાર્થ અનંત સંસારી કેમ ?

दव्वं खित्तं कालं, भावं पुरिस पडिसेवणाओ य ।
नवि जाणइ अग्गीओ, उस्सग्ग-ववाइयं चेव ।।४००।।

जहठिय-दव्वं न याणइ, सच्चित्ताचित्त-मीसियं चेव ।
कप्पाकप्पं च तहा, जुग्गं वा जस्स जं होई ।।४०१।।

जहठिय-खित्त न जाणइ, अद्धाणे जणवए अ जं भणियं ।
कालं पि अ नवि जाणइ, सुभिक्ख-दुभिक्ख जं कप्पं ।।४०२।।

भावे हट्ठ-गिलाणं, नवि याणइ गाढऽगाढकप्पं च ।
साहुअसहु-पुरिसरूं, वत्थुमवत्थुं च नवि जाणे ।।४०३।।

**पडिसेवणा चउद्धा, आउट्टि-पमायदप्प-क्पेपसु ।**
**नवि जाणइ अग्गीओ, पच्छित्तं चेव जं तत्थ ।।४०४।।**

અગીતાર્થ-આચાર પ્રકલ્પ આદિ ગ્રન્થોના અર્થો ન જાણનાર સાધુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ તેમ જ આ પુરુષ અપવાદ સેવવા યોગ્ય છે કે કેમ ? આ પુરુષે સ્વવશે કે પરવશે થઇને પાપ સેવ્યું છે, તે જાણતો નથી, અપવાદ એટલે રોગાદિક કારણે અલ્પદોષ સેવવારૂપ અપવાદ અને છતી શક્તિએ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે અનુષ્ઠાન કરવું તે ઉત્સર્ગ ઈત્યાદિક જાણતો નથી, તેથી અગીતાર્થમાં જ્ઞાનનો અભાવ હોવાથી વિપરીત પ્રવર્તે કે પ્રવર્તાવે, તેથી કર્મબંધ અને તેથી અનંતો સંસાર વધે. આ દ્વારગાથાનો સંક્ષેપ અર્થ કહ્યો, હવે તેનાં દરેક પદ સમજાવે છે, તે પણ જાણતો નથી, અથવા બાલ, ગ્લાનાદિકને યોગ્ય કે અયોગ્ય તે જાણતો નથી.

વળી અગીતાર્થ યથાસ્થિત ક્ષેત્ર એટલે આ ક્ષેત્ર ભદ્રક કે અભદ્રક છે, તે જાણતો નથી, દૂર માર્ગવાળા જનપદ-દેશમાં વિહાર કરે, ત્યારે સિદ્ધાંતમાં કહેલ વિધિ જાણતો નથી, સુકાળ-દુષ્કાળ સમયે શું કલ્પ્ય-અકલ્પ્ય છે, તે જાણતો નથી, ભાવનો વિચાર કરીએ, તો નિરોગી અથવા રોગી તેને શું અપાય કે ન અપાય તે જાણતો નથી, તથા મોટા કારણમાં અને સામાન્ય કારણમાં અમુક જ કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય તે પણ જાણતો નથી, તથા સમર્થ પુરુષ કે અસમર્થ પુરુષ છે, સુકુમાર છે કે ખડતલ છે, ટેવાએલો છે કે, વગર ટેવાએલો છે, આચાર્ય, ઉપાધ્યાય કે સામાન્ય સાધુ છે, તે રૂપ વસ્તુને પણ જાણતો નથી, હવે પ્રતિસેવના એટલે નિષિદ્ધ વસ્તુનું કરવું તે ચાર પ્રકારે હોય છે. ૧ પાપ જાણીને કરવું તે આકુટ્ટી ૨ નિદ્રાદિક પ્રમાદ વડે કરવું તે પ્રમાદ, ૩ દર્પ એટલે ધાવન, વલ્ગનાદિક વડે કરવું, ૪ અને કલ્પ્ય એટલે સકારણ કરવું. એ ચાર પ્રકારનાં પાપને અગીતાર્થ જાણતા નથી. વળી પ્રાયશ્ચિત્ત-આલોચના તે જાતની પ્રતિસેવનામાં કેટલું પ્રાયશ્ચિત્ત આવે, તે અગીતાર્થ જાણતા નથી. શબ્દથી પાપ સેવનારના ભાવનું ઉપક્રમણ કેમ કરવું ? પ્રાયશ્ચિત્ત લેવામાં ઉત્સાહિત કેમ કરવો, તે આગમવચન ન જાણતો હોવાથી તે જાણતો નથી. મહામોહરૂપી સ્વબુદ્ધિથી જ સર્વત્ર વર્તે છે. (૪૦૦ થી ૪૦૪) આગમના જ્ઞાન વગર કંઇ પણ જાણી શકાતું નથી અને પોતાની બુદ્ધિથી કલ્પના કરવી, તે મહામોહ-અજ્ઞાન સ્વરૂપ છે. તે જણાવનાર અર્થનું અહિં એક દૃષ્ટાંત અપાય છે -

**जह नाम कोइ रिसो, नयण-विहूणो अदेस-कुसलो य ।**
**कंताराडवि-भीमे, मग्ग-पणट्ठस्स सत्थस्स ।।४०५।।**

इच्छइ य देसियत्तं, किं सो उ समत्थ-देसियत्तस्स ? ।
दुग्गाइं अयाणंतो, नयणविहूणो कहं देसे ? ।।४०६।।युग्मम्।।

एवमगीयत्थोऽवि हु, जिणवयण-पईव-चक्खु-परिहीणो ऽ
दव्वाइं अयाणंता, उस्सग्ग-ववाइयं चेव ।।४०७।।

कह सो जयउ अगीओ ? कह वा कुणऊ अगीय-निस्साए ? ।
कह वा करे उ गज्छं ? सबाल-वुड्ढाउलं सो उ ।।४०८।।

सुत्ते य इमं भणियं, अप्पच्छित्ते य देइ पच्छित्तं ।
पच्छित्ते अइमत्तं, आसायण तस्स महई उ ।।४०९।।

आसायण मिच्छत्तं, आसायण-वज्जणा उ सम्मत्तं ।
आसायणा-निमित्तं, कुव्वइ जीहं च संसारं ।।४१०।।

एए दोसा जम्हा, अगीय-जयंतस्सऽगीयनिस्साए ।
वट्ठावय गच्छस्स य, जो अ गणं देयगीयस्स ।।४११।।

કોઈ નેત્રરહિત અંધ પુરુષ માર્ગ ન જાણતો હોય, તે ભયંકર જંગલમાં ભૂલા પડેલા સાર્થને માર્ગ બતાવવાની ઇચ્છા કરે કે, હું તેને માર્ગ બતાવું, પરંતુ માર્ગમાં આવતા ખાડા, ટેકરા ન દેખનાર અંધપુરુષ તે માર્ગ ભૂલેલાને માર્ગ કેવી રીતે બતાવી શકે ? અર્થાત્ તે અસંભવતિ છે. તે જ પ્રમાણે શાસ્ત્રના પરમાર્થને ન જાણનાર અગીતાર્થ તે નક્કી જિનવચનરૂપી દીપક સમગ્ર ભુવનના પદાર્થને દેખાડનાર હોવાથી ચક્ષુ-તત્ત્વાવબોધરૂપ ચક્ષુથી રહિત હોવાથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ઉત્સર્ગ, અપવાદ વિષયક અનુષ્ઠાન ન જાણનાર બીજાને મોક્ષમાર્ગ કેવી રીતે બતાવી શકે ? ઉપર કહી ગયા તેવા અગીતાર્થ પોતે કેવી રીતે ચારિત્રમાં યતના કરી શકે ? અથવા પોતાનું હિત કેવી રીતે સાધી શકે ? ગણધર ભગવંતોએ કહેલ શ્રુતના અર્થ જેણે જાણ્યા નથી, એવા અગીતાર્થની નિશ્રામાં બાલ, વૃદ્ધ, સાધુ-સમુદાયનો ગચ્છ તેમ જ પરોણા વગેરેથી યુક્ત ગચ્છ પોતાનું હિત કેવી રીતે સાધી શકે ? ગણધર ભગવંતોએ કહેલ શ્રુતના અર્થ જેણે જાણ્યા નથી, એવા અગીતાર્થની નિશ્રામાં બાલ, વૃદ્ધ, સાધુ-સમુદાયનો ગચ્છ તેમ જ પરોણા વગેરેથી યુક્ત ગચ્છ પોતાનું હિત કેવી રીતે સાધી શકે ? અર્થાત્ યથાર્થ ઉપાયનો અભાવ હોવાથી વિપરીત પ્રવૃત્તિથી અનર્થ જ કરનાર થાય.

સર્વત્ર અગીતાર્થ અનધિકારી ગણેલો છે, પોતાની મતિકલ્પનાથી પ્રવર્તનાર અનંતસંસારી થાય છે જ, વળી આ હકીકત સૂત્રમાં જણાવેલી છે કે - અગીતાર્થ અપ્રાયશ્ચિત્તમાં પ્રાયશ્ચિત્ત આપે, થોડા અપરાધમાં વધારે આપે અથવા મોટા અપરાધમાં અલ્પ પ્રાયશ્ચિત્ત આપે, તો અગીતાર્થને જ્ઞાનાદિકની અને જિનાજ્ઞાની વિરાધના રૂપ મોટી આશાતના થાય છે. કહેલું છે કે - 'અપ્રાયશ્ચિત્તમાં પ્રાયશ્ચિત્ત આપે, પ્રાયશ્ચિત્તમાં અતિઅલ્પ પ્રાયશ્ચિત્ત આપે, તો ધર્મની તીવ્ર આશાતના અને માર્ગનો વિરાધક થાય છે. અને એમ થવાથી જિનાજ્ઞાનો ભંગ થવાથી સાક્ષાત્ મિથ્યાત્વ અને આશાતના ટાળવાથી તો પ્રગટ સમ્યક્ત્વ થાય છે. આ કારણે અગીતાર્થ અવિધિથી પ્રવૃત્તિ કરનાર હોવાથી અશાતાના કરવાના કારણે ક્લિષ્ટ અને દીર્ઘસંસાર વધારનાર થાય છે. ઉપસંહાર કરતાં કહે છે. તપ-સંયમ વિષે યતના કરતા એવા અગીતાર્થને પણ પૂર્વે કહેલા દોષો લાગે છે, અગીતાર્થની નિશ્રાએ રહેલાને પણ તે દોષો લાગે છે, ગચ્છ પ્રવર્તાવનાર અગીતાર્થને એ દોષો લાગે છે, તેવા અગીતાર્થને આચાર્યપદ કે ગણ સમર્પણ કરનારને પણ પૂર્વોક્ત દોષો લાગે છે. માટે ગીતાર્થ જ્ઞાનીગુરુ ઉપર મહાન આદર કરવો. (૪૦૫ થી ૪૧૧) દ્વાર ગાથાની વ્યાખ્યા કરી, અહીં સુધી એકાંતે અગીતાર્થને આશ્રીને કહ્યું. હવે કંઇક જાણકારને આશ્રીને જણાવે છે -

**अबहुस्सुओ तवस्सी, विहरिउकामो अजाणिऊण पहं ।**
**अवराह-पय-सयाइं, काऊण वि जो न याणेइ ।।४१२।।**

**देसिय-राइय-सोहिय, वयाइयारे य जो न याणेइ ।**
**अविसुद्धस्स न वड्ढइ, गुणसेढी त्तिया ठाइ ।।४१३।।युग्मम्।।**

**अप्पागमो किलिस्सइ, जइवि करेइ अइदुक्करं तु तवं ।**
**सुंदरबुद्धीइ कयं, बहुयंपि न सुंदरं होई ।।४१४।।**

**अपरिच्छय-सुय-निहसस्स केवलमभिन्न-सुत्तचारिस्स ।**
**सव्वुज्जमेणवि कयं, अन्नाणतवे बहुं पडई ।।४१५।।**

સમ્યક્શ્રુતરહિત હોવાથી મોક્ષમાર્ગને યથાર્થ ન જાણનાર એવો સ્વેચ્છાથી આકરું તપ કરીને શરીર કૃશ કરેલું હોય તેવો તપસ્વી સેંકડો અપરાધસ્થાન સેવે છે, તો પણ પોતાને તેની જાણ થતી નથી. દિવસ કે રાત્રિ વિષયક વ્રતવિષયક અતિચારો લાગે તો પણ તે અગીતાર્થને ખબર પડતી નથી અને એકલો વિહાર કરવા ઇચ્છા રાખે છે, તેના ગુણની

પરંપરાની વૃદ્ધિ થતી નથી, સારી રીતે પ્રવર્તવા છતાં તેના ગુણો હોય તેટલા જ રહે છે, કારણ કે ગુણવાળા ગુરુના સંબંધથી જ ગુણશ્રેણીની વૃદ્ધિ થાય છે. ગીતાર્થ ગુરુના સંબંધ વગર પહેલાની હોય તેટલી જ ગુણશ્રેણી રહે છે. ક્લિષ્ટ ચિત્તવાળા એકાકી સાધુ કંઇક જાણકાર હોય, તો પણ ગુણશ્રેણી દૂર થાય છે અને આગળ કહેલ અનંતસંસારીપણું પ્રાપ્ત કરે છે. અલ્પશ્રુતવાળો કદાપિ માસક્ષપણ વગેરે દુષ્કર તપ કરતો હોય, પોતાની બુદ્ધિથી એમ માને કે, 'હું સુંદર કરું છું, પણ સ્વબુદ્ધિથી કરેલ ઘણું તપ તે સુંદર ગણાતું નથી પરંતુ લૌકિકમુનિની માફક અજ્ઞાનથી હણાએલું તે તપ છે. તથા જે સૂત્રની વ્યાખ્યા કરી ન હોય અને સૂત્રમાત્રને અનુસરીને જ તપ-સંયમ કરતા હોય, આગમના અર્થનો નિશ્ચય કર્યો ન હોય. સૂત્રની વ્યાખ્યા કરવાથી વિશેષ અર્થની પ્રાપ્તિ થાય છે. એકલા સૂત્રમાત્રથી સૂત્રનો યથાર્થ સદ્ભાવ જાણી શકાતો નથી. તેવો માત્ર સૂત્રની વ્યાખ્યા વગર વર્તન કરનાર સર્વપ્રયત્નથી તપ વગેરે અનુષ્ઠાન કરે, તો તે પણ પંચાગ્નિ સેવનાદિરૂપ અજ્ઞાન તપમાં ગએલું જાણવું. વિષય-વિભાગ રૂપજ્ઞાનથી રહિત હોવાથી, સ્વલ્પાગમાનુસારી હોવાથી, ઉત્સર્ગસૂત્રનો અપવાદ સૂત્રો સાથે વિરોધ આવતો હોવાથી. કદાચ જો સૂત્રમાત્ર એ જ કાર્ય કરનાર થાય, તો સૂત્રનો અનુયોગ-વ્યાખ્યાનવિધિ નિરર્થક થાય. જે પ્રમાણે સૂત્રમાં જે કંઇ પણ કહેલું હોય અને તેની જો વિચારણા કરવાની નથી, તો દૃષ્ટિ-પ્રધાનતાવાળા-ગીતાર્થોએ કાલિકસૂત્રનો અનુયોગ કેમ જણાવેલ હશે ? (૪૧૨ થી ૪૧૫) અહિં દૃષ્ટાંત કહે છે -

## ૧૯૯. જ્ઞાનક્રિયાની પરસ્પર સાપેક્ષતા-

जइ दाइयम्मिवि पहे, तस्स विसेसे पहस्सऽयाणंतो ।
पहिओकिलिस्सइच्चिय, तह लिंगायार-सुअमित्तो ।।४१६।।

कप्पाकप्पं एसणमणेसणं चरण करण-सेहविहिं ।
पायच्छित्तविहिंपि य, दव्वाइगुणेसु अ समग्गं ।।४१७।।

पव्वावण-विहिमुठ्ठावणं च अज्जा-विहिं निरवसेसं ।
उस्सग्ग-ववाय-विहिं, अयाणमाणो कहं जयउ ? ।।४१८।।

सीसायरिय-कमेण य, जणेण गहियाइं सिप्पसत्थाइं ।
नज्जंति बहुवहाइं न चक्खुमित्ताणुसरियाइं ।।४१९।।

**जह उज्अमिउं जाणइ, नाणी तव संजमे उवायविऊ ।**
**तह चक्खुमित्त-दरिसण-सामायारी न याणंति ।।४२०।।**

જેમ કોઇક દિશામાત્રથી જ માર્ગ બતાવે, પરંતુ માર્ગ વચ્ચે ચોરાદિકનો ભય, વચ્ચે કયા કયા બીજા આડા-અવળા માર્ગો જાય છે, તે ન જાણતો હોય, તો જંગલમાં પથિક ચોર, શ્વાપદ, ભૂખ-તરસથી ખેદ પામે છે, તે જ પ્રમાણે રજોહરરૂપ લિંગ, પોતાની બુદ્ધિથી કરેલી ક્રિયા અને વિશિષ્ટ અર્થરહિત સૂત્રમાત્રથી વર્તનારા સાધુ મુસાફરની જેમ સંસારમાં દુઃખ પામનાર થાય છે. તે જ વાત વિચારે છે. - સાધુને ઉચિત-કલ્પ્ય આહાર છે-એમ નહિં જાણનાર તેની યતના કેવી રીતે કરશે ? અથવા કલ્પ એટલે માસકલ્પ, સ્થવિરકલ્પ, જિનકલ્પ વગેરે, એષણા એટલે આહારની ગવેષણા, ગ્રાસૈષણા, ગ્રહણૈષણા તેનાથી વિપરીત અનેષણા, વ્રતાદિરૂપ ચરણ, પિંડવિશુદ્ધિરૂપ કરણ એટલે ચરણ-કરણ નવદીક્ષિત કરાવવાની વિધિ, પ્રાયશ્ચિત્ત-આલોચના વગેરે આપવાની વિધિ, કોને કેવા સંજોગમાં કેટલી આલોચના કરાવાય ? તેની વિધિ, તે પણ દ્રવ્યાદિક ગુણો વિષે અને આદિ શબ્દથી ક્ષેત્ર, કાળ, ભાવને પણ ગ્રહણ કરવા. તે ગુણોમાં સુંદર અસુંદરને વિષે જે વિધિ, તેને સમગ્રપણે ન જાણનાર, તથા દીક્ષા આપવાનો ક્રમ, વડીદીક્ષાના આલાવા ઉચ્ચાર કરાવવાનો વિધિ, સાધ્વીઓને કેમ પ્રવર્તાવવી, સમગ્ર ઉત્સર્ગ-અપવાદ-વિધિ દ્રવ્યાદિકની અપેક્ષાએ કર્તવ્યમાર્ગને ન જાણનાર-અલ્પાગમ તેમાં કેવી રીતે યતના કરશે ? માટે જ્ઞાન વિષે મહાન પ્રયત્ન કરવો જોઇએ. જ્ઞાનના અર્થીએ ગુરુમહારાજની ભક્તિ અને બહુમાનથી આરાધના કરવી. તેમની પ્રસન્નતા મેળવવી. માત્ર પુસ્તક-પંડિત ન બનવું. જે માટે કહેલું છે કે -

વળી લૌકિક શિલ્પકલા, ચિત્રકલા, વ્યાકરણાદિ શાસ્ત્રો શિષ્ય અને આચાર્યના ક્રમે કરીને વિદ્યાઓ શીખે છે. એટલે શિષ્ય વિનયપૂર્વક કલાચાર્યાદિકને પ્રસન્ન કરીને તેની પાસેથી વિદ્યા ગ્રહણ કરે છે. આવા વિનયના ક્રમથી અનેક પ્રકારનાં શિલ્પશાસ્ત્રો વૈદકશાસ્ત્રો, વ્યાકરણ, ન્યાય, સાહિત્યશાસ્ત્રો શીખાય છે. ગુરુ પાસેથી વિનય અને વિધિપૂર્વક મેળવેલું હોય, તે સુંદરજ્ઞાનની કોટીમાં ગણાય છે. પોતાની કલ્પનાથી ગ્રહણ કરેલું નિંદાપાત્ર ઠરે છે. જે માટે કહેલું છે કે - 'ગુરુકુલની ઉપાસના કર્યા વગરનું જ્ઞાનનું પરિણામ કેવું આવે છે ? તો કે, મોર પોતાનો પાછલો ભાગ ઉઘાડો કરીને નૃત્ય કરે છે, પરંતુ પોતાની પુંઠ ખુલ્લી થાય છે, તેનું તેને તે વખતે ભાન હોતું નથી. મોર કલા કરે, પણ ગુરુની ઉપાસના વગરની કલા શોભા પામતી નથી, પણ નિંદાપાત્ર થાય છે. એટલે નેત્રમાત્રથી જોઇને, ગુરુનો વિનય કર્યા વગર વિદ્યાઓ શીખેલી જોવામાં આવતી નથી. પોતાની મેળે શીખેલાં લૌકિકશાસ્ત્રો, કળાઓ શોભા પામતાં નથી, તો પછી લોકોત્તર-

શાસ્ત્રની વિદ્યાઓ શિષ્ય અને આચાર્યના ક્રમે કરીને શીખી શકાય છે, અને તે જ ગુરુકુળવાસમાં રહી મેળવેલી વિદ્યા, શાસ્ત્રજ્ઞાન પ્રશંસાપાત્ર ગણાય છે. તેથી નક્કી થયું કે - વિનયપૂર્વક ગુરુ પાસેથી મેળવેલ જ્ઞાનવાળો તપ-સંયમમાં ઉદ્યમ કરવાનું જાણે છે, જ્ઞાનીઓ સિદ્ધાંતના જ્ઞાનના આધારે તપ-સંયમમાં ઉદ્યમ કરે છે, તે પ્રમાણે તપસ્વી કે સંયમીને દેખવા માત્રથી તેમના તપ-સંયમનાં અનુષ્ઠાનો દૂરથી દેખીને શુદ્ધ આચારો જાણી શકાતા નથી. માટે આગમનું જ્ઞાન ગુરુભગવંતો પાસેથી વિનય-આદરપૂર્વક ગ્રહણ કરવા પ્રયત્ન કરવો. તેવું જ જ્ઞાન મોક્ષફલ-દાયક નીવડે છે. (૪૧૬ થી ૪૨૦) આ સાંભળીને કોઈક માત્ર જ્ઞાનનું જ આલંબન પકડી સંતોષ માને, તેને ક્રિયાશૂન્ય જ્ઞાન ફળ વગરનું છે, તે દૃષ્ટાંત-સહિત સમજાવતા કહે છે -

## ૧૭૦. ક્રિયાશૂન્ય જ્ઞાન નકામું છે-

सिप्पाणि य सत्थाणि य, जाणेतो वि न य जुंजइ जो ऊ ।
तेसिं फलं न भुंजइ, इअ अजयंतो जई नाणी ।।४२१।।

गारव-तिय-पडिबद्धा, संजम-करणुज्जमम्मि सीअंता ।
निग्गंतूणगणाओ(घराओ)हिंडंति पमाय-रण्णम्मि ।।४२२।।

नाणाहिओ वरतरं, हीणोऽविहु पवयणं पभावंतो ।
न य दुक्करं करंतो, सुट्ठु वि अप्पागमो पुरिसो ।।४२३।।

नाणाहियस्स नाणं, पुज्जइ नाणा पवत्तए चरणं ।
जस्स पुण दुण्ह इक्कं पि, नत्थि तस पुज्जए काइं ? ।।४२४।।

नाणं चरित्तहीणं, लिंगग्गहाणं च दंसणविहीणं ।
संजमहीणं च तवं, जो चरइ निरत्थयं तस्स ।।४२५।।

લોકમાં પણ શિલ્પો અને શાસ્ત્રો જે જાણતો હોવા છતાં તેનો વ્યવસાય-ઉપયોગ કરતો નથી, તો તેને દ્રવ્યાદિકની પ્રાપ્તિ થતી નથી કે તે દ્વારા ભોગોની પ્રાપ્તિ થતી નથી. તે પ્રમાણે પ્રયત્ન ન કરનાર અનુષ્ઠાન વગરનો જ્ઞાની જ્ઞાન હોવા છતાં મોક્ષ-લક્ષણ ફળ મેળવી શકતો નથી. રસ, ઋદ્ધિ અને શાતાગૌરવમાં આસક્ત થએલા પૃથ્વીઆદિ છકાય જીવોના રક્ષણ કરવાના ઉત્સાહમાં સીદાતા પ્રમાદી બની ગચ્છમાંથી બહાર નીકળી વિષય, કષાયરૂપ ચોર અને શ્વાપદોથી આકુલ એવી પ્રમાદ અટવીમાં ભ્રમણ કરે છે. ત્યાં પછી

કોઇ સારણાદિક કરનાર ન હોવાથી હરાયા ઢોર જેવો રખડે છે અને વિષય-કષાયરૂપ શ્વાપદોથી ફાડી ખવાય છે. શંકા કરી કે, જે વિશિષ્ટ જ્ઞાની હોય, પરંતુ કંઇક ક્રિયા-રહિત હોય ને જે ઉત્કૃષ્ટી ક્રિયા કરનાર હોય, પરંતુ કંઇક જ્ઞાનહીન હોય-આ બેમાં કોણ ચડિયાતો છે ? તેવી શંકાના સમાધાન કરતાં કહે છે. જે જ્ઞાનાધિક છે, તે ચારિત્રક્રિયાએ હીન હોય, તો પણ વાદ કરાવવામાં, વ્યાખ્યાનવિધિમાં સર્વજ્ઞશાસનની પ્રભાવના કરનાર હોય છે તે શ્રેષ્ઠ ગણાય છે. પરંતુ માસક્ષપણ વગેરે આકરા તપ કરનાર કે દુષ્કર ચારિત્ર પાળનાર અલ્પશ્રુતવાળો પુરુષ ચડિયાતો નથી. જેનામાં અધિક જ્ઞાન હોય છે, તેનું જ્ઞાન પૂજાય છે, જ્ઞાનથી ચારિત્રમાં સુંદર પ્રવૃત્તિ કરી શકાય છે, પરંતુ જ્ઞાન કે ચારિત્ર બેમાંથી એકેય જેનામાં નથી, તે પુરુષનું શું પૂજાય ? આથી વ્યવહારથી ચારિત્રરહિત જ્ઞાન હોય, પરંતુ જ્ઞાનરહિત ચારિત્ર ન હોય, હેતુનો અભાવ હોવાથી, અજ્ઞાની જ્ઞાનીની નિશ્રાએ રહે, તો તેનું ચારિત્ર માનેલું છે. આ કારણે જ્ઞાનહીનમાં બંનેનો અભાવ છે-એમ જણાવે છે. પરમાર્થથી વિચારીએ તો જ્ઞાન અને ક્રિયા પરસ્પર એકબીજા સાપેક્ષપણે રહેલા છે અને એકબીજાનાં પૂરક છે. માટે બંનેથી રહિતમાં અકિંચિત્ કરવાપણું જણાવે છે. ચારિત્રહીન જ્ઞાન, સમ્યક્ત્વ વગર રજોહરણાદિ વેષ ધારણ કરવો, અને સંયમહીન તપ કરવો, તે મોક્ષફલની અપેક્ષાએ નિરર્થક થાય છે. (૪૨૧ થી ૪૨૫) તેમાં ચારિત્રરહિત જ્ઞાન કેમ નિરર્થક છે ? તે દૃષ્ટાંતથી કહે છે -

## ૧૭૧. ચારિત્રરહિત જ્ઞાન નિરર્થક છે-

जहा खरो चंदण-भारवाही, भारस्स भागी न हु चंदणस्स ।
एवं खु नाणी चरणेण हीणे, नाणस्स भागी न हु सुगईए ।।४२६।।

संपागड-पडिसेवी, काएसु वएसु जो न उज्जमई ।
पवयण-पाडणपरमो, सम्मत्तं कोमलं पेल वं तस्स ।।४२७।।

चरण-करण-परिहीणो, जइ वि तवं चरइ सुट्ठु अइगुरुअं ।
सो तिल्लं व किणंतो, कंसियबुद्दो मुणेयव्वो ।।४२८।।

छज्जीव-निकाय-महव्वयाण परिपालणाइ जइधम्मो ।
जइ पुण ताइं न रक्खइ, भणाहि को नाम सो धम्मो ? ।।४२९।।

छज्जीवनिकाय-दया-विवज्जिओ नेव दिक्खिओ न गिही ।
जइधम्माओ चुक्को, चुक्कइ गिहि-दाणधम्माओ ।।४३०।।

બાવનાચંદન સરખા ઉત્તમ કાષ્ઠભાર વહન કરનાર ગધેડો માત્ર ભારવહન કરવા ભાગીદાર થાય છે, પરંતુ તે ચંદનના વિલેપન, શીતળતા આદિક ગુણો પામી શકતો નથી, એ પ્રમાણે ચારિત્ર-રહિત જ્ઞાની જ્ઞાન માત્રનો ભાગીદાર બને છે, પરંતુ સદ્ગતિ અને મોક્ષલક્ષણ ફળ પામનાર બનતો નથી, જ્ઞાન માત્રથી આસ્રવો રોકાતા નથી કે સંવર થતો નથી, શાસ્ત્રમાં નિષેધેલા આચરણને લોકસમક્ષ પ્રગટપણે સેવનાર, છકાયના પાલનમાં અને પાંચ મહાવ્રતના રક્ષણમાં જે ઉદ્યમ કરતો નથી અને તેમાં પ્રમાદ સેવે છે, તેમ જ શાસનની લઘુતા-અપભ્રાજના કરવાનાં કાર્યો કરે છે, તેનું સમ્યક્ત્વ અસાર જાણવું - અર્થાત્ તે મિથ્યાત્વમાં વર્તે છે.

ત્યારે સંયમરહિત તપસ્યામાં કયા દોષ છે ? તે કહે છે - મહાવ્રતોના આચરણથી રહિત તેમ જ આહારશુદ્ધિ ન કરનાર, પ્રતિક્રમણ, પડિલેહણાદિક કરણસિત્તરી રહિત કોઇ ચાર માસાદિકરૂપ આકરું તપ કરે, પરંતુ તે આરીસા ઉપર તેલ ગ્રહણ કરી તેના બદલામાં તલ ભરીને આરીસો આપે છે. પણ માપીને તેલ લેતો નથી, તેવા બોદ્દ નામના ગામડિયા સરખો ગમાર માનવો કે, જે ઘણું આપીને અલ્પ પાછું લે છે. તે આ પ્રમાણે - ચારિત્રની થોડી શિથિલતા બદલામાં પ્રમાદીમુનિ ઘણું તપ હારી જાય છે.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો, વનસ્પતિ અને ત્રસ એમ છકાયના જીવોનું જયણાથી રક્ષણ તેમ જ પ્રાણાતિપાત-વિરમણ વગેરે પાંચ મહાવ્રતોનું સારી રીતે પાલન કરવાથી યતિધર્મ કહેવાય છે, પરંતુ છ જીવનિકાય અને મહાવ્રતનું રક્ષણ ન કરે, તો હે શિષ્ય ! તેને ધર્મ કેવી રીતે કહેવાય ? અર્થાત્ તેના રક્ષણ વગર ધર્મ ન કહેવાય. છ જીવનિકાય જીવોની દયા વગર વેષધારી દીક્ષિત-સાધુ કહેવાય નહિં, તેમ જ મસ્તક મુંડાવેલ હોવાથી રજોહરણ-વેષ ધારણ કરેલ હોવાથી ગૃહસ્થ પણ ગણાય નહિં, તેવો સાધુધર્મથી ચૂક્યો અને તેવા શિથિલાચારી પાસેથી સુસાધુને કંઇ લેવું કલ્પતું નથી. ગૃહસ્થપણાના દાનધર્મથી પણ તે વંચિત રહે છે. નથી સાધુધર્મમાં, નથી ગૃહસ્થધર્મમાં. છ જીવનિકાય જુદું ગ્રહણ કરવાથી તેનું રક્ષણ કરવું તે પ્રધાનધર્મ છે. (૪૨૬ થી ૪૩૦) શંકા કરી કે, જે જેટલો કરશે, તેટલો ધર્મ તેને થશે, સંપૂર્ણ ગુણો મેળવવા દુર્લભ છે, તેના સમાધાનમાં કહે છે કે - ગૃહસ્થને તે વાત ઘટે છે. કારણ કે, તેનાં વ્રતો તેવાં અનેક ભાંગાવાળાં છે, પરંતુ સાધુએ તો સર્વવિરતિ સ્વીકારેલી હોવાથી તેમ હોતું નથી. તે માટે કહે છે -

## ૧૭૨. સર્વવિરતિની વિરાધના બોધિનાશ માટે !

**सव्वाओगे जह कोइ, अमच्चो नरवइस्स धित्तूणं ।**
**आणा-हरणे पावइ, वह-बंधण-दव्वहरणं च ।।४३१।।**

तह छक्काय-महव्वय-सव्वनिवित्तीउ गिण्हिऊण जई ।
एगमवि विराहंतो, अमच्च-रण्णो हणई बोहिं ।।४३२।।

तो हयबोही य पच्छा, कयावराहाणुसरिसमियममियं ।
पुण वि भवोअहि-पडिओ, भमई जरा-मरण-दुग्गम्मि ।।४३३।।

जईयाऽणेणं चत्तं, अप्पणयं नाण-दंसण-चरित्तं ।
तईया तस्स परेसुं, अणुकंपा नत्थि जीवेसु ।।४३४।।

छक्कायरिऊण अस्संजयाण लिंगावसेसमित्ताणं ।
बहुअस्संजम-पवहो, खारो मईलेई सुट्‌ठुअरं ।।४३५।।

જેમ કોઇ પ્રધાન તેવી રાજાની કૃપા થવાના કારણે રાજ્યના સર્વ અધિકારો મેળવીને પછી જો તે રાજાની આજ્ઞાનો ભંગ કરનાર થાય, તો તે પત્થરનો માર ખાનાર, દોરડાથી બંધન તેમ જ સ્વધનનું અપહરણ અને કદાચ મરણની શિક્ષા પામે. તે પ્રમાણે છકાયજીવોનું રક્ષણ, મહાવ્રત-પાલન કરવાની પ્રતિજ્ઞા ગ્રહણ કરીને સાધુ એક પણ કાયા કે વ્રતની વિરાધના કરનાર, ઇન્દ્રાદિકના રાજા એવા જિનેશ્વર ભગવંતના ધર્મની પ્રાપ્તિરૂપ બોધિનો નાશ કરે છે. ભવાંતરમાં પ્રભુશાસન મળવું દુર્લભ થાય છે. ત્યારપછી નાશ પામેલ બોધિવાળો આગળ કરેલ અપરાધ સરખા અનંતા સંસારસમુદ્રમાં પટકાય છે અને જરા-મરણાદિથી પરિપૂર્ણ ભયંકર દુઃખોનો અનુભવ કરે છે. વળી આ લોકમાં પણ પોતાનો અને બીજાનો અપકારી થાય છે. જ્યારે આ નિર્ભાગીએ પોતાનાં જ્ઞાન, દર્શન અને ચારિત્રનો ત્યાગ કર્યો, પછી તેને બીજા જીવો ઉપર અનુકંપા હોતી જ નથી. કહેલું છે કે, 'પરલોક-વિરુદ્ધ કાર્ય કરનારનો તો દૂરથી જ ત્યાગ કરવો. જે પોતાના આત્માનું હિત સાધતો નથી, તે બીજાનું હિત કેવી રીતે કરી શકે ? આ જ વાત કંઇક વિશેષતાથી કહે છે - છએ કાયના જીવોનો શત્રુ એટલે તેની વિરાધના કરનાર મન, વચન, કાયાના યોગોને ગોપવેલા નથી, પણ મોકળા મૂકેલા છે, માત્ર રજોહરણ અને વેષ ધારી રાખેલા છે અને અસંયમનાં ઘણાં કાર્ય કરતો હોવાથી પાપ-સમૂહ એકઠાં કરે છે, તે પાપરૂપ ક્ષાર તેઓને અતિશય મલિન કરે છે. તલના છોડની ભસ્મ તે ક્ષાર કહેવાય. કેટલાક ક્ષાર વસ્ત્રાદિકને બાળી મલિન કરે છે, તેમ પાપસમૂહ પણ જીવને મલિન કરે છે. (૪૩૧ થી ૪૩૫) ભગવંતના વેષયોગમાં પાપનો સંબંધ કેવી રીતે ઘટે ? એમ ભદ્રિક બુદ્ધિવાળા વિચારે, તેને સમજાવતા કહે છે -

किं लिंगमिड्डरी-धारणेण कज्जम्मि अट्ठिए ठाणे ।
राया न होई सयमेव, धारयं चामराडोवे ।।४३६।।

जो सुत्तत्थ-विणिच्छिय-कयागमो मूल-उत्तरगुणोहं ।
उव्वहई सयाऽखलिओ, सो लिक्खई साहु लिक्खम्मि ।।४३७।।

बहुदोस-संकिलिट्ठो, नवरं मईलेई चंचल-सहावो ।
सुट्ठु वि वायामितो, कायं न करेई किंचि गुणं ।।४३८।।

केसिंचि वरं मरमं, जीवियमन्नेसिमुभयमन्नेसिं ।
दद्दुरदेविच्छाए, अहिंय केसिंचि उभयं पि ।।४३९।।

केसिंचि य परलोगो, अन्नेसिं ईत्थ होई ईहलोगो ।
कस्स वि दुण्णि वि लोगा, दोवि हया कस्सई लोगा ।।४४०।।

હાથી, ઘોડા, સૈન્યથી રહિત, રાજ્યનાં કાર્ય ન સંભાળનાર, માત્ર ચામર, છત્રના આડંબર કરવા માત્રથી રાજા થઇ શકતો નથી, તેમ સંયમનાં અનુષ્ઠાનથી રહિત માત્ર વેષ પહેરવાથી કે તેનો આડંબર કરવામાત્રથી સાધુ થઇ શકતો નથી, પરંતુ વિહિત સંપૂર્ણ સંયમનાં અનુષ્ઠાનોનું સેવન કરવાથી સાધુ કહેવાય. તથા શ્રુતનો સાર ભણીને જેણે સૂત્ર અને અર્થનો યથાર્થ નિશ્ચય કર્યો છે અને આગમને અનુસરીને જ સર્વ પ્રવૃત્તિ કરનારો છે, તેમ જ નિરતિચાર મૂળ અને ઉત્તર ગુણોના સમૂહને હંમેશાં જીવિતના અંત સુધી અસ્ખલિતપણે વહન કરે છે, તેને સાધુઓની ગણનામાં રેખા અપાય છે, બીજાને નહિં. માટે જ જણાવે છે કે- અજ્ઞાન, ક્રોધાદિક કષાયોના અનેક દોષોથી સંક્લિષ્ટ ચિત્તવાળો, અને વિષયાદિક સેવન કરવામાં ચંચળ ચિત્તવાળો, ઘણા પરિષહાદિ સહન કરવા છતાં પણ તે કાયાથી કર્મક્ષય વગેરે કંઈ પણ ગુણ મેળવી શકતો નથી. બલ્કે પોતાના આત્માને મલિન કરે છે. ત્યારે સમ્યગ્ અનુષ્ઠાન ન કરનારે મૃત્યુ પામવું ? ના, એમ પણ ન કરવું. ગુણવંતોનું મરણ પણ કલ્યાણ માટે થાય છે. તે માટે કહે છે -

## ૧૭૩. દર્દુરાંકદેવની કથા -

દર્દુરાંક દેવની ઇચ્છાના દષ્ટાંતે કેટલાકનું મરણ સારું છે, કેટલાકનું જીવિત સારું છે, કેટલાકનાં બંને સારાં છે અને કેટલાકનાં બંને અશુભ છે. કેટલાકને પરલોક, બીજાને વળી અહિં આ લોક હિતકારી લાગે છે, કેટલાકને આ અને પરલોક બંને હિતકારક લાગે છે,

કેટલાકે પોતાના અશુભકર્મથી બંને લોક વિનાશ કર્યાં. (૪૩૬ થી ૪૪૦) દર્દુરાંક દેવનું કથાનક કહે છે - ત્રેસઠ નર-વૈડૂર્યરત્ન શલાકા અંકુરને ઉત્પન્ન કરનાર ભારતક્ષેત્રમાં મગધ નામનો મોટો દેશ હતો. જેમાં કૂકડા ઉડીને ૨ પગ મૂકે, તેટલે દૂર ગામો હતાં, ધાન્ય અને ગોધનથી ભરપૂર ગામડાંઓ હતાં. જ્યાં આગળ એક એક કોશે ગીચ પત્રવાળાં વૃક્ષોથી બિરાજમાન એવી નદીઓ વહેતી હતી. વળી જ્યાં આગળ ગામો સરોવરથી, સરોવરો કમળોનાં વનોથી, કમળવનો પદ્મકમળના સમૂહથી અને પદ્મકમળો ભ્રમર સમુદાયથી શોભતા હતા. ત્યાં લોકમાં પ્રસિદ્ધ કિલ્લા ઉપર રહેલા શિખરોથી શોભાયમાન રાજગૃહ નામનું નગર હતું. જ્યાં આગળ વૈરાગ્યરસવાળા, સદ્બોધિબીજથી ભરપૂર એવા મુનિવરો તથા નારંગી અને બીજા રસથી ભરપૂર સારા પાકેલા બીજોરાના ફળવાળાં, ક્રીડા કરવાનાં ઉત્તમ ઉદ્યાનો હતાં. જે નગરમાં જય અને બંધ રમવાના પાસાથી થતો હતો, 'માર' શબ્દનો પ્રયોગ માત્ર સોગઠાંની રમતમાં હતો, હંમેશાં વિપત્તિઓ શત્રુઓને અને શત્રુસૈન્યનું આક્રમણ ત્યાં ન હતું, પરંતુ શ્લેષાર્થ હોવાથી ચક્રવાક પક્ષીની આ ક્રાન્તિ એટલે પગલાં જળમાં પડતાં હતાં. ઉંચા મહેલના શિખર ઉપર રહેલી સ્ત્રીઓના મુખરૂપ ચન્દ્રને જોતો રાહુ ગ્રસવા માટે તૈયાર થયો, પણ કલંકની નિશાનીથી પૂનમના ચન્દ્રને ઓળખી શક્યો. ત્યાં અભિમાની શત્રુ રાજાઓના મદોન્મત્ત હાથીના કુંભસ્થળને ભેદનાર એવા ખડ્ગને ધારણ કરનાર સજ્જન-શિરોમણિ પ્રસિદ્ધ સ્વરૂપવાન્ શ્રેણિક નામનો રાજા હતો. નજીકમાં મોક્ષગામી એવા વીર ભગવંતને જે પ્રણામ કરવાના ઘસારાના બાનાથી પરમાત્માની આજ્ઞાના ચિહ્નતિલકને કપાલમાં ધારણ કરતો હતો.

જેણે અભ્યુદય પમાડનારી એવી ક્ષાયિકદૃષ્ટિ અથવા ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું છે અને આવતી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર થશે.

જે રાજાની સેનાનો પડાવ હાથીઓને પણ ફેંકી દે, તેવા વીર પુરુષોવાળો ઝગડા અને કોપ કરનાર હતો, તેમ જ શત્રુરાજાઓની સ્ત્રીઓનો સમૂહ પણ કેરડાના પુષ્પોની માળાને ધારણ કરનાર અને નાની કળીઓનો ઉપયોગ કરનાર થયો હતો. કારણ કે વિધવાઓ થઈ હતી. મોટા યુદ્ધવાજિંત્રો અને પડહાના શબ્દો સાંભળીને અશરણ એવા શત્રુ-સમુદાયો એકદમ ધાડ ચડી છે એટલે શ્રેણિક રાજાના શત્રુ સમુદાયો ખભા ઉપર ત્રણ દોરારૂપ યજ્ઞોપવીત રાખી, વળી કાન ઉપર ભાંગેલી કોડી બાંધી, ભાંગી ગએલા કાંઠાવાળા ઠીબડામાં રૂક્ષભિક્ષા માગવા લાગ્યા, ગળા ઉપર કુહાડી સ્થાપન કરી વિવિધ પ્રકારના વેષ ધારણ કરવાના બાનાથી શ્રેણિકરાજાનું શરણ અંગીકાર કરતા હતા.

તે શ્રેણિકરાજાને સૌન્દર્યના અપૂર્વ સ્થાનરૂપ, શોભાનો સમુદ્ર, બુદ્ધિના ભંડાર શ્રેષ્ઠીની

પુત્રી સુનન્દા નામની પ્રથમ પત્ની હતી. જેના રૂપ સમાન બીજી કોઈ સ્ત્રી નથી, એવી ચેલ્લણા નામની બીજી પત્ની હતી. અભયકુમાર નામનો બુદ્ધિશાળી એવો સુનન્દાને પુત્ર હતો. તેનામાં સામ, ભેદ વગેરે પ્રકારની નીતિ અને ચાર પ્રાકરની બુદ્ધિ હતી. વયમાં નાનો હોવા છતાં લોકોમાં દાક્ષિણ્ય આદિ ગુણો હોવાથી મોટો ગણાતો હતો. ચન્દ્રની સરખી ઉજ્જ્વળ મનોહર કાન્તિ સરખી જેની કીર્તિ ચારે દિશામાં ઝળકતી હતી. જાણે કર્પૂર સમૂહના આભૂષણથી મનોહર સ્ત્રી શોભે તેમ અભયકુમારની ઉજ્જ્વલ કીર્તિથી દિશાઓ શોભતી હતી. જેની બુદ્ધિ ધર્મકાર્યમાં કઠોર વ્યસનવાળી હતી, પરોપકારમાં પ્રૌઢ, દુર્જનની ચેષ્ટાની બાબતમાં બુઠ્ઠી, બીજાના સંકટમાં ખેદવાળી, ગુણોના સંગ્રહમાં ઉત્સુકતાવાળી, બુદ્ધિશાળીઓને પ્રભાવિત કરવામાં સ્વૈરિણી બુદ્ધિ હતી. જેની આવા પ્રકારની બુદ્ધિ હોય, તે કયા સુંદર-મનવાળા ચતુર પુરુષને પ્રશંસા કરવા લાયક ન હોય ? તેનામાં સર્વગુણો રહેલ છે, એમ જાણીને તેને રાજ્યના સર્વાધિકાર પદે સ્થાપન કર્યો, સુંદર શ્રાવક ધર્મના મર્મને જાણનાર એવા તેણે તે રાજ્યનું પાલન કર્યું.

કોઇક સમયે દેવો અને અસુરોથી નમસ્કાર કરાએલા, કેવળજ્ઞાનથી સમગ્ર લોકાલોકને દેખતા મહાવીર ભગવંત ત્યાં પધાર્યા. તેમનું આગમન સાંભળીને શ્રેણિકરાજા તેમના ચરણ-કમળમાં વંદન કરવા માટે દેવાધિદેવ પાસે ગયા. એટલે કેટલાક બીજા રાજાઓ ભગવંતની ભક્તિથી, કેટલાક અનુવૃત્તિથી, કેટલાક આશ્ચર્ય દેખવા માટે સર્વજ્ઞ ભગવંતનાં દર્શન કરવા ગયા. તે સર્વે પર્ષદામાં પોતપોતાને યોગ્ય સ્થાનમાં બેઠા, એટલે ભગવંતે ગંભીર ધીર વાણીથી દેશના શરૂ કરી. જેમ દેવોમાં ઇન્દ્ર, રાજાઓમાં ચક્રી, મૃગલાઓમાં સિંહ ઉત્તમ ગણાય છે તેમ દુર્લભ મનુષ્યભવ પામીને જે દુર્બુદ્ધિવાળો મનુષ્ય ધર્મ કરવામાં પ્રમાદ કરે છે, તે બિચારા સુંદર મોદકો હોવા છતાં ભૂખથી દુર્બળ થેલી કુક્ષિવાળા મરી જાય છે. શેરડીના રસમાંથી સાકર, દહિંમાંથી માખણ સાર ગ્રહણ કરાય છે, તેમ મનુષ્યજન્મનો કંઈ પણ સાર હોય તો ધર્મ એ જ સાર છે, માટે તેને ગ્રહણ કરો. રાજ્ય, હાથી, ઘોડા તેમ જ બીજું ઘણું હોય, પરંતુ તે સર્વ એકદમ ચાલ્યા જવાના સ્વભાવવાળું છે, માટે હિત-પ્રાપ્તિ માટે ઉતાવળા બનો, વિશ્વનાં કાર્યોનું પ્રથમ કારણ એવું લોકોનું જીવિત મનોહર સ્ત્રીના ચપળ કટાક્ષ સરખું ચપળ છે. વનિતા-વર્ગના નેત્રને આનન્દ આપનાર યૌવન મદોન્મત્ત હાથીના પ્રચંડ કર્ણતાલ સમાન ચંચળ છે. સમગ્ર પૃથ્વીમંડળની એકછત્રવાળી રાજ્યલક્ષ્મી પણ સખત પવનના ઝપાટાથી કંપતા પલ્લવના સરખી અસ્થિર છે. બીજાને ઉપકાર કરી શકાય તેવા ઇષ્ટપદની પ્રાપ્તિ, વેગપૂર્વક ઉછળી રહેલા ઉંચા વિચિત્ર રચનાવાળાં મોજાંઓની જેમ નાશ પામનારી છે.

જીવને વ્યગ્રમન કરાવનાર એવી ભોગ-સામગ્રી પવનની લહેરોથી ફરકતી ધ્વજાના અન્તભાગ સરખી અસ્થિર છે. ભૂખ, તરશ, આપત્તિ, આધિ, શરીરવ્યાધિથી પીડાએલ આ સમગ્રલોક પણ દરિદ્ર અને શોક-શલ્યથી વ્યાકુળ બની ગયો છે. અત્યન્ત અસાર એવા આ સંસારમાં સત્પુરુષોએ સર્વથા ધર્મકાર્ય એક જ કરવું યુક્ત છે. માટે કર્મથી સર્વથા મુક્ત થવું હોય, તો તેનો શ્રેષ્ઠ ઉપાય માત્ર ધર્મ જ છે, તે ધર્મના બે પ્રકાર કહેલા છે. એક મુનિધર્મ અને બીજો શ્રાવકધર્મ, તેમાં મુનિધર્મ ક્ષમા વગેરે દશ પ્રકારનો કહેલો છે. શ્રાવકધર્મ અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રતરૂપ બાર પ્રાકરનો છે. તે બંને ધર્મનું વિસ્તારથી સ્વરૂપ સમજાવ્યું. ચાલુ દેશનામાં પરુઝરતા કુષ્ઠરોગવાળાનું રૂપ ધારણ કરનાર શ્રેણિક રાજાને ભ્રમ ઉત્પન્ન કરાવનાર એક દેવતા આવ્યો, પ્રભુને નમસ્કાર કરી તેમની આગળ બેઠો. પ્રભુની ભક્તિથી તે રોમાંચિત થએલા દેવે ગોશીર્ષચંદન વડે કરીને ભગવંતનાં ચરણે જેમ તેમ લેપ કર્યો. નજીકમાં બેઠેલ શ્રેણિકે આ સર્વ દેખ્યું અને મનમાં ચિંતવવા લાગ્યો કે, આ કોઈ પાપી સ્વામીના ચરણને રસી ચોપડે છે. રોષથી રોષાયમાન થએલા માનસવાળા શ્રેણિક વિચારવા લાગ્યા કે, 'આ પાપી કેટલું પ્રત્યક્ષ અક્ષમ્ય ભગવંતની આશાતના કરી રહ્યો છે. જે ભગવંત સર્વદેવોને પૂજ્ય છે. વિશ્વના સર્વ રાજાઓને વંદનીય છે, તેમને આ મૂર્ખ પરૂથી વિલેપન કરે છે. 'પરભાવ પામતા ગુરુને દેખીને જેઓ નિરાકુલ બેસી રહે છે, તેવા પાપકર્મી પ્રાણીઓનો જન્મ ન થાઓ' માટે તરવાર ખેંચીને મારા હસ્તથી જ તેને હણી નાખું, અથવા તો ત્રિલોકનાથ સમક્ષ અત્યારે આમ કરવું યુક્ત નથી. જે જિનેશ્વરના સાંનિધ્યમાં મારી, વૈરાદિ ઉપદ્રવો અને સર્વ પાપો જલ્દી દૂર ચાલ્યાં જાય છે. માટે આ પાપી જ્યારે આ સ્થાનથી જેટલામાં બહાર જાય, ત્યારે પાપરૂપ વિષવૃક્ષનું ફળ તેને બતાવું.

તે સમયે શ્રીવીરભગવંતને અહિં છીંક આવી. તે સાંભળીને પેલો કુષ્ઠી 'તમો મૃત્યુ પામો' એવું વચન બોલ્યો, જ્યારે ત્યાં શ્રેણિકે છીંક ખાધી, એટલે તેને કહ્યું કે, 'હે રાજન્ !' તમે જીવતા રહો.' અભયે છીંક ખાધી, એટલે તેને 'મરો કે જીવો' એમ કહ્યું. તે જ સમયે કાલસૌકરિકે છીંક ખાધી, ત્યારે તેને 'જીવ નહીં અને મર નહિં' - એમ નિષ્ઠુર વચનથી કુષ્ઠીએ કહ્યું. તીર્થંકર ભગવંતે છીંક ખાધી, તે ક્ષણે 'મરી જાવ' એમ કહેલ, તે વચનથી અતિક્રોધ પામેલા રાજાએ પોતાના સૈનિકને સૂચના કરી કે, આ સ્થાનથી ઉઠતાં જ તમારે આ કુષ્ઠીને પકડી લેવો. ધર્મોપદેશ પૂર્ણ થયો, એટલે તે ઉભો થયો, ભગવંતને નમસ્કાર કરીને બહાર નીકળ્યો, એટલે સૈનિકો તેની પાછળ ઉતાવળા ઉતાવળા પકડવા દોડ્યા. (૫૦) પોતાની પાછળ તરવાર ઉગામેલ સૈનિકોને દેખીને તેને આશ્ચર્યભૂત કરવા માટે દેવરૂપ વિકુર્વીને આકાશમાં ઉડ્યો. ભોંઠા પડેલા ગ્લાનમુખવાળા તે સૈનિકો પરસ્પર એક-બીજાને જોતા બોલવા લાગ્યા કે, શું આ કોઇ ઇન્દ્રજાળ હશે કે શું ? આ હકીકત

શ્રેણિકરાજાને નિવેદન કરી કે, 'હે સ્વામી ! તે કોઢિયો તો સુંદર રૂપ કરી દેવ થઈ આકાશમાં ચાલ્યો ગયો.' આ આશ્ચર્ય સાંભળીને વિકસિત મુખકમળવાળો રાજા જગત્પ્રભુને પૂછવા લાગ્યો કે, 'હે સ્વામિન્ ! તે કોઢિયો કોણ હતો ? તે કહો. એટલે મસ્તકના મુગટમાં રહેલ માણિક્યની શોભા સરખા જિનેન્દ્ર ભગવંતે કહ્યું કે, હે રાજન્ ! તે કુષ્ઠી ન હતો, પણ દેવ હતો. મસ્તક ઉપર હસ્તકમળની અંજલિ જોડીને રાજાએ કહ્યું કે, 'પહેલાં આ કોણ હતો ? અને એ દેવ ! કયા કારણથી આ દેવ થયો ? કયા નિમિત્તથી તે આપના ચરણ પાસે બેઠો અને અતિશય આકરા કોઢ રોગનો અને રસીનો ભ્રમ કેમ ઉત્પન્ન કર્યો ? હે દેવાધિદેવ ! મારા ઉપર કૃપા કરીને કહો કે, તેણે 'મરી જાવ' તેવું જૂઠું વચન શા માટે કહ્યું ? ત્યારે ત્રણ લોકમાં તિલક સમાન ભગવંતે કહ્યું કે, 'હે શ્રેણિક ! આ સર્વ આશ્ચર્ય-ચર્યાનું એક કારણ છે, તે સાંભળ.

શ્રેષ્ઠ નગરો, ગામો અને ગોકુલો વગેરેથી આકુલ, લક્ષ્મીનું સ્થાન પ્રસિદ્ધ એવો વત્સ નામનો દેશ છે. અનેક પુણ્યશાળી લોકથી પરિવરેલી કુબેરની નગરી સમાન મોટી સંપત્તિઓના સ્થાનરૂપ પવિત્ર એવી ત્યાં કૌશામ્બી નામની નગરી હતી. દેવમંદિરોની મોટી ધ્વજાઓ માણિક્યની ઘુઘરીઓના શબ્દના બાનાની યશસ્વીઓનો જાણે ઉજ્જ્વલ યશ ગવાતો હતો. જે નગરીમાં શ્વેતામ્બર ભિક્ષુકો તથા હંમેશાં બ્રાહ્મણ બાળકોને રુચિકર દર્ભ, વળ વિશેષે કરીને જેમને હાથમાં ઉચિતરૂપે રજોહરણ છે એવા શ્વેતસાધુઓ, હંમેશાં જ્યાં ઉત્તરાસંગથી સુંદર એવા પવિત્ર માણસોને ઉચિત એવા શ્રાવકો તથા શ્રેષ્ઠ આભૂષણોથી સુંદર એવી વેશ્યાઓ કુબેરની સ્ત્રીઓ ઉત્તર દિશાના સંગથી શોભતી ચારે બાજુ દેખાતી હતી, નમન કરતા રાજાઓની મસ્તક શ્રેણીથી જેના ચરણ પૂજાએલા છે, એવો પાપરહિત શતાનિક નામનો ત્યાં રાજા હતો. તે નગરના મહેલની અગાસીઓમાં ઉત્તમ રિષ્ટરત્ન અને લાલરત્ન હતાં, તે જાણે દાડિમના બીજના ઢગલા માનીને, નિર્મલ મુક્તાફળને સ્વચ્છ જળબિન્દુઓ માનીને મરકત મણિના ટૂકડાઓને મગ અને અડદની ઢગલીઓ સમજી સમજીને ભોળા ચકલા, પોપટ, મેના, મોર, કોયલ વગેરે પક્ષીઓ ચણ ચણવા આવ્યા, પરંતુ તે ધાન્યાદિકનો સ્વાદ પ્રાપ્ત ન થવાથી પોતાની મૂર્ખતા ઉપર ખેદ પામવા લાગ્યા.

તે નગરીમાં શિંગડા વગરના બળદ સરખો અજ્ઞ, ગાયત્રી પણ ન ભણેલો એવો શેડુક નામનો એક વિપ્ર હતો. બ્રાહ્મણોને પ્રાર્થના કરવી તે તો જન્મથી જ સ્વભાવથી સિદ્ધ હોય છે, પરંતુ આ સેડુક નાગરિકો આગળ કેમ પ્રાર્થના કરવી, તે પણ જાણતો ન હતો. આ પ્રમાણે હંમેશાં નિરુદ્યમી જીવન પસાર કરતો હતો અને કોઇ પ્રકારે તેની ભાર્યા ભોજન સામગ્રી ઉપાર્જન કરતી હતી. બ્રાહ્મણી ગર્ભવતી થઇ, ત્યારે સત્ત્વ વગરના પતિને કોઇ

સમયે ઠપકો આપતાં કહ્યું કે, 'હે મૂર્ખશેખર ! હવે મારે ઔષધ, ઘી વગેરેની જરૂર પડશે અને તું તો તદ્દન નિશ્ચિંત આળસુ બેસી રહેલો છે, તો કંઈ પણ ધન ઉપાર્જન કર. મારા દેહની ખાતર કંઈ પણ બુદ્ધિવૈભવનો ઉપયોગ કરીને લાંબાકાળે ધન ઉપાર્જન કરવાનો કંઇક પ્રયત્ન કર. ત્યારે પત્નીને બે હાથ જોડી અંજલિ કરવા પૂર્વક કહેવા લાગ્યો કે, 'હે પ્રાણસ્વામિનિ ! તારી કૃપાથી ધન ઉપાર્જન કરવાનો કોઇ પ્રકાર હું શિખ્યો નથી, તો હવે મારે શું કરવું ? ત્યારે પત્નીએ પોતાની બુદ્ધિથી તેને કહ્યું કે, શતાનિક રાજાની અતિઆદરથી સુંદર સેવા કર.

કહેલું છે કે - 'સુવર્ણ-પુષ્પવાળી પૃથ્વીને ત્રણ પુરુષો મેળવી શકે છે. ૧ શૂરવીર, ૨ બુદ્ધિશાળી અને ૩ સેવા જાણનાર પુરુષ.' ત્યારપછી મૂર્ખ બુદ્ધિવાળો પત્નીના વચનાનુસાર સર્વ પ્રકારે પુષ્પાદિક સમર્પણ કરતો તે સેડુક શતાનિકરાજાની સેવા કરવા લાગ્યો. તેની અખંડ સેવા દેખીને કોઈક સમયે રાજાએ તેને કહ્યું કે, 'હે વિપ્ર ! તારી સેવાથી હું પ્રસન્ન થયો છું, તું ઇચ્છે, તે તને આપું.' બ્રાહ્મણે કહ્યું કે 'હું કૃતાર્થ થયો છું, આપની કૃપાથી હું પ્રાર્થના કરીશ. વિશેષે કરી મારી પત્ની જે કહેશે, તેની હું માગણી કરીશ. હે દેવ ! હું દેવતા માફક તેની રાત-દિવસ આરાધના કરું છું. જે કાંઈ પણ તે લાવે છે, તેનો હું ભોગવટો કરું છું, મારું સર્વકાર્ય તે જ કરનારી છે. અતિશય સરળતા દેખીને રાજા હસીને કહે છે કે, 'તું જા અને પૂછી લાવ' એમ કહ્યું, એટલે તે ઘરે ગયો. બ્રાહ્મણીને કહ્યું કે, 'હે ભદ્રે ! રાજા મારા પર પ્રસન્ન થયા છે, માટે કહે કે રાજા પાસે રાજ્ય, ઘોડા વગેરેની કેટલી માગણી કરવી છે ? ચતુરપત્ની વિચારવા લાગી કે, 'અત્યારે તો મને આ સ્વાધીન છે, પરંતુ રોકડું ધન મળશે, એટલે મારો ત્યાગ કરીને નક્કી બીજી તરુણ પ્રિયાઓ મેળવશે. વૃદ્ધિ પામતો પુરુષ ત્રણનો ઘાત કરનાર થાય છે, એક પૂર્વે ઉપાર્જન કરેલા મિત્રો, સ્ત્રીઓ અને મકાનો.' પત્નીએ પતિને કહ્યું કે, 'આપણે બ્રાહ્મણને અતિપાપવાળા રાજ્યનું શું પ્રયોજન છે ? આપણે તો એવી માગણી કવી કે જેમાં બંને લોક સુખેથી સાધી શકાય. તમારે રાજા પાસે ખાવા માટે ભોજન, દરરોજ એક સોનામહોર અને એક ઉજ્જવલ ધોતિયું. આપણને રોજ આટલું મળી જાય તો બસ છે. રાજા એકાંતમાં બેઠા હોય ત્યારે તમારે એક ઘડી આ વાત જણાવવી.

આ વાત તમે સાંભલી નથી કે ભોજન-સમયે ઘી સહિત ઉષ્ણભોજન, છિદ્ર વગરનાં શ્વેતવસ્ત્રો તેમ જ કોઇનો સેવકભાવ ન કરવો પડે, આથી વધારે ઇચ્છા કરનાર નીચે પડે છે.' પત્નીનો આ હુકમ લઇને તે રાજા પાસે ગયો, કહ્યા પ્રમાણે પ્રાર્થના કરી અને રાજાએ તે સાંભળીને સ્વીકારી. ત્યારથી માંડી રાજા તેનું સર્વકાર્ય કરે છે તે દેખીને, રાજા પાસે બેસનાર બીજા રાજાઓ વિચારવા લાગ્યા કે, 'રાજા આના ઉપર ઘણા પ્રસન્ન થયા છે અને

હંમેશાં તેની પૂજા કરે છે, તો આપણે પણ પ્રયત્નપૂર્વક તેની પૂજા કરીએ. કારણ કે, સિંહ, વાઘ, હાથી ઉપર સવાર થવું, કાલસર્પની સન્મુખ જવું, પિશાચોની સભામાં હાજરી આપવી, તથા રાજાની સેવા કરવી તથા હંમેશાં મીઠું બોલનાર અંદરતી પ્રચંડ એવા ખુશામતિયા-દુર્જનના આશ્રયે પડેલા હોય, તેવા કાનના કાચા રાજા અને સર્પો હોય છે, લોકમાં કોણ તેમનો વિશ્વાસ કરે છે ? કદાચ કોઈક સમયે રાજા આપણા ઉપર દ્વેષ ચિત્તવાળા બની જાય, તો આ રાજાને ઘણો વલ્લભ હોવાથી તેનાથી પણ રાજાની કૃપા મેળવી શકાય.' એમ વિચારીને પ્રધાન દ્વારપાળથી માંડીને નગરમાં રહેલા નગરવાસીઓ દરેક પોતાને ઘરે લઈ જઇને ભોજન કરાવીને તરત દક્ષિણા આપતા હતા. તેવા પ્રકારના હંમેશના લાભથી તે અધિક ઋદ્ધિવાળો થયો અને જલ્દી પુત્ર-પૌત્રાદિકની વૃદ્ધિ પામ્યો.

આ પ્રમાણે દક્ષિણાના લોભથી ઘરે ઘરે ભોજન કરવા લાગ્યો, જેથી ભોજન પચતું નથી, તેથી ઉલ્ટી થવા લાગી. તે કારણે તેને ભયાનક ચામડીનો રોગ ઉત્પન્ન થયો. સડી ગએલ નાસિકાવાળા, છિદ્રોમાંથી ઝરતી દુર્ગંધી રસીની ગંધથી જેની ચારે બાજુ માખીઓ બમણી રહેલી હતી, તેવી કષ્ટમય અવસ્થા પામ્યો તો પણ પહેલાની જેમ તે કોઢરોગી 'હું આવા અસાધ્ય રોગવાળો છું' એમ મનમાં શંકા પામતો નથી અને રાજાને ત્યાં ભોજન કરતો હતો. 'કુષ્ઠી અને કુલટા એ બંનેની સમાનતા સ્પષ્ટ છે કે, લોકો તેને આવતાં રોકે છે, તો પણ પરાણે સામે આવે છે.' દક્ષિણાના લોભથી પાંચેક ઘરે ભોજન કરતો હતો, પરંતુ લોકોની ઘૃણા સાથે તેનો વ્યાધિ વૃદ્ધિ પામવા લાગ્યો. (૧૦૦) 'વિષ, અગ્નિ, વ્યાધિ, દુર્જન, સ્વચ્છંદતા આટલી વસ્તુઓનો પ્રતિકાર કરવામાં ન આવે, તો નક્કી મૃત્યુ પમાડે છે.' એટલે મંત્રી વગેરેએ રાજાને પ્રાર્થના કરી કે, 'હે દેવ ! આપના આસન નજીક આ રોગી ભોજન કરે, તે યોગ્ય નથી. કારણ કે, તેનો રોગ ચેપી છે. એક સ્થાને ભોજન કરનાર, સ્પર્શ કરનાર, શય્યા કરનાર કે તેના આસન પર બેસનારના શરીરમાં રોગની સંક્રાન્તિ થાય છે - તેમ વૈદ્યક શાસ્ત્રમાં કહેલ છે. માટે રાજકુલમાં તેને આવવાનું નિવારણ કરાવો, તેને પુત્રો છે, તેઓ નિરોગી છે, તેને અહીં ભોજન કરાવો.

રાજાએ તે વાત સ્વીકારી. એટલે મંત્રીએ તેને નિવારણ કરતાંજણાવ્યું કે, હવેથી તારા પુત્રોને રાજા પાસે ભોજન કરવા મોકલજે. ત્યારપછી તેના પુત્રોને ભોજન કરાવતા હતા, જેઓ ઘણા પ્રસિદ્ધિ પામ્યા. પેલો પિતા બિચારો દુઃખી મનવાળો દુઃખી દેહવાળો ઘરમાં જ પડી રહેતો હતો. ક્રમે કરી તેના દેહમાં વ્યાધિ વ્યાપી ગયો એટલે કુટુમ્બના ક્ષેમકુશલ માટે પુત્રોએ ઘરની બહાર ક્યાંઇક પિતાને રહેવા માટે એક કુટીર તૈયાર કરાવી. તેમાં રસીની દુર્ગન્ધના સંબંધથી અનેક માખીઓ આવી તેની મૈત્રી કરવા લાગી. અનેક પ્રકારની

જુગુપ્સા થાય, તેમ કરતો હોવાથી કોઇ પુત્ર તેની પાસે સેવા કરવા જતો નથી. કેસર, અગર, કર્પૂર, કસ્તૂરી આદિ સુગંધી પદાર્થોના વિલેપન કરેલી પુત્રવધૂઓ પણ તેના નજીકના માર્ગે જતી ન હતી. તેમ જ હવે મરણ-પથારીએ પડેલો છે-એમ સમજી તેની વાત સાંભળતી નથી કે કાર્ય કરતી નથી. યૌવનમાં ઉન્માદ કરતી એવી તે વારંવાર થૂંકતી હતી અને મોં પહોળું કરી ઉંચે સ્વરે હાસ્ય કરતી હતી. ત્યારે મનમાં અતિખેદ પામતો અભિમાની નિષ્ફલ ક્રોધ કરતો, અંદર ઝુરાતો પ્રસૂતિ પામેલ ગધેડી માફક નમ્ર-કટાણું મુખ કરતો ઝુંપડીમાં નિશ્ચેષ્ટ પડી રહેતો હતો.

કોઈ વખત તેની તૃષા તૃપ્ત થતી ન હતી, ભૂખથી કુક્ષિ દુર્બળ થએલી છે, વારંવાર પાણી, ભોજન માગવા છતાં ચાંડાલની જેમ તે મેળવી શકતો નથી. જ્યારે બહુ જ કહેવામાં આવે, ત્યારે કપડાંથી નાસિકા ઢાંકીને કોઇક દાસી કઠોર શબ્દ સંભળાવતી કંઈક માત્ર આપી જાય. આ પ્રમાણે પૂર્વે આટલા સ્નેહવાળો હતો, છતાં આવી અવજ્ઞાથી હવે ક્રોધ અને અભિમાન શોકના દુઃખથી દુઃખી થએલો અને દ્વેષ કરતો ચિંતવવા લાગ્યો કે - 'આ કુટુંબને મેં આટલી ઉંચી પ્રતિષ્ઠા પમાડી, તો પણ તેઓ મારો દ્વેષ કરે છે, એમની કૃતજ્ઞતાને ધિક્કાર થાઓ. 'પ્રણયથી જળ-પાન કરીને સમુદ્રના ઉદરમાં પડીને મેઘો આકાશ-પોલાણમાં વિસ્તાર પામી શ્રેષ્ઠ ઉન્નતિ પામ્યા, ત્યારે તે સમુદ્ર ઉપર ફેલાએલ ચંચળ જિહ્વા સરખી વિજળીયુક્ત પ્રચંડ મેઘ પડઘા સહિત ગર્જના કરે છે, આવા કૃતઘ્નોનો તિરસ્કાર થાઓ. ઘુણ જાતિના કીડા માફક ઘૃણા વગરનો ખલ-દુર્જન પુરુષ જે કુળમાં ઉત્પન્ન થાય છે, તેને સેંકડો છિદ્રો ઉત્પન્ન કરીને તે વંશને જલ્દી મૂળમાંથી ઉખેડીને પાડી નાખે છે. જે ચંદ્રના પ્રભાવથી કુમુદપુષ્પો વિકસિત થયાં, તે જ નિર્ભાગી કૃતઘ્ન કમળો પોતાની થએલા તે વિકસિત થવા રૂપ હાસ્યના બાનાથી ચંદ્રને હસે છે."

તે જ પ્રમાણે આ મારા પુત્રોને મેં વૈભવ પમાડ્યો, એ જ પુત્રો મારો પરાભવ કરે છે, પમરાર્થથી આ મારા વૈરીઓ છે. માટે અન્યાયરૂપ દુષ્ટવૃક્ષનું ફળ હું તેમને ખવરાવું, આ દુરાત્માઓના મસ્તક ઉપર આકાશમાંથી વજ્ર પટકાવું. આજે હું ગમે તેટલો ચતુર હોવા છતાં વજ્રાગ્નિથી બળી ગયો છું. અતિઘસવાથી શીતળ ચંદનમાંથી પણ અગ્નિ પ્રગટ થાય છે. બકવૃત્તિવાળા ચિત્તથી કંઈક વિચારીને પોતાના પુત્રોને સ્પષ્ટ કહ્યું કે, 'હે પુત્રો ! હવે હું જીવિતથી કંટાળ્યો છું. તેથી છેલ્લે છેલ્લે આપણો કુલાચાર કરીને ક્યાંઇક તીર્થમાં જઇને હવે પ્રાણત્યાગ કરવાની ઇચ્છા રાખું છું. આ સાંભળીને હર્ષ પામેલા પુત્રો આ પ્રમાણે કહેવા લાગ્યા કે 'હે પિતાજી ! આ પાપમય રોગ આ પ્રમાણે જ શાન્ત થાય છે, નહિતર આ રોગ જન્માંતરમાં પણ જતો નથી, તો ભલે તેમ કરો. હવે આપ કહો કે, કયો કુલાચાર

કરવો છે ? ત્યારે કહ્યું કે, 'હે પુત્રો ! આપણા કુલમાં એ રિવાજ ચાલ્યો આવે છે કે, હિતૈષી એવા મરવાની ઇચ્છાવાળાએ મંત્રથી પવિત્ર કરેલ પશુ પોતાના બન્ધુઓને આપવો. માટે એક બળવાન દેખાવડા સારા પ્રમાણવાળા વાછરડાને આ ઝુંપડીમાં લાવો. જેથી હું કુલક્રમથી ચાલી આવતી વિધિ કરું અને ત્યારપછી મંત્રથી સંસ્કાર પમાડી તેને તમારી અને કુટુંબની સાથે ભોજન કરી અનાકુલતાથી મારું કાર્ય સાધું.

ભોળાપુત્રો તે પિતાના મનોભવ ન સમજ્યા અને તેમના વચનની સાથે જ કહ્યો તેવો વાછરડો લાવીને કુટિરમાં બાંધ્યો. હવે તે દરરોજ આનંદપૂર્વક શરીર પરથી ચોળી ચોળીને પેલા વત્સના શરીરમાં રોગ ઉત્પન્ન કરવા માટે વાછરડાને પરુ ચોપડેલી ચારી આપવા લાગ્યો. વાછરડો પણ તે ચારો ખાતો હતો, એટલે તે કુષ્ઠ વ્યાધિ વાછરડામાં એકદમ વ્યાપી ગયો, એટલે પુત્રોને ભોજન માટે તે અર્પણ કર્યો. અજ્ઞાની એવા પુત્રોએ પિતાનું ચિત્ત જાણ્યા વગર તે વાછરડાનું માંસ ભક્ષણ કર્યું. ત્યારપછી પુત્રોને કહી ગયો કે, કોઇક તીર્થમાં જઈ મૃત્યુ પામીશ. આ પ્રમાણે પુત્ર દ્વેષી તે બ્રાહ્મણ આનંદ પામતો ઘરેથી નીકળી ગયો, આ કોઢિયો એકદમ દૂર ગયો, તેથી પુત્રો પણ અતિઆનંદ પામ્યા. ધીમા ધીમા ડગલાં ભરતો આ દુર્બુદ્ધિ બ્રાહ્મણ ઉંચું મુખ કરીને કાલરાત્રિ સરખી એક નિર્જન અટવીમાં પહોંચ્યો. સુવર્ણ સરખા વર્ણવાળા વાનરો, શ્યામ કાયાવાળા ભ્રમરો, વૃક્ષની ડાળીનો આશ્રય કરીને રહેલા હતા, તે જેમાં પાકેલા ફળ જેવાં જણાતા હતાં. હંમેશાં ઉજ્જ્વલ શ્રેષ્ઠ અનેક લતાઓ અને પાણીનું આવવું તથા ફેલાવો છે જેમાં તથા શોભી રહેલ પક્ષીઓ અને લકુચ નામની વેલડીઓનો વિસ્તાર, તેની શોભાથી પોતાની સારી કાંતિયુક્ત એવી અટવી હતી. જેમાં રુદ્રાક્ષમાળાની પ્રાપ્તિ થાય, તેવી ઘણી શોભાથી ઢંકાએલી, સુંદર ફળ અને નિર્મલ મનોહર જૈનમુનિની મૂર્તિ સરખી અટવી હતી.

સૂર્યતાપના સંતાપ, તેમ જ ફાડી ખાનાર ક્ષુદ્ર જનાવરોના ભયથી ઉષ્ણકાળમાં તરશની ગતિ માફક જળ શોધવા લાગ્યો. જળ માટે ભ્રમણ કરતાં કરતાં પર્વતની ખીણના મધ્યભાગમાં કોઈક સ્થાને પોતાના જીવિત સમાન એક જળાશય તેના દેખવામાં આવ્યું. તે કેવું ? તો કે આમળાં, બહેડાં, શમીવૃક્ષ, ધાવડી, લિંબડો, હરડે, વગેરે વૃક્ષો ચારે બાજુ વીંટળાએલાં હતાં, જળાશયમાં જળ ઘણું અલ્પ હતું. કાંઠા ઉપરનાં વૃક્ષોનાં પાંદડાં, ફળો અને પુષ્પો સતત તે જળમાં પડતાં હતાં, ગ્રીષ્મના તડકાથી જળ ઉકળતું હતું અને જાણે ઔષધિનો ઉકાળો હોય તેવું જળ બની ગયું હતું. આવું જળ દેખીને તે ક્ષણે તેને જીવમાં જીવ આવ્યો અને ઇન્દ્રિયો પણ પોતાનો સ્વાર્થ સાધવા એકદમ સમર્થ બની. વિસામો લેતાં લેતાં ઉકાળા સરખું કડવું જળ તૃષા દૂર કરવાની અત્યંત અભિલાષાવાળા તેણે પીવાનું શરુ

કર્યું, ઔષધના બનાવેલ ઉકાળા સમાન એવા જળનું જેમ જેમ પાન કર્યું, તેમ તેમ તેને કૃમિ સમૂયુક્ત વડીનીતિ થવા લાગી. હરડે, બહેડાં, આમલાંના ફળોનો આહાર કરતો હતો, તેમ જ તે વૃક્ષોની ગાઢ છાયામાં રહેતો હતો.

એ પ્રમાણે કેટલાક દિવસો પછી રસાયણથી જેમ નિરોગી થાય તેમ કહી ગયા, તેવા જળપાનથી અધિક નિરોગી શરીર કર્યું. દૈવ જ્યારે અનુકૂળ થાય છે, ત્યારે જે ચિંતવવું પણ શક્ય નથી, કરવું કે બોલવું પણ શક્ય નથી, તેવી સુંદર અવસ્થા નક્કી થાય છે. પુરુષને દૈવ અનુકૂળ થાય, ત્યારે ઝેર પણ અમૃત થઇ જાય છે અને દૈવ પ્રતિકૂળ થાય ત્યારે અમૃત પણ ઝેર બની જાય છે. પિતા માફક દૈવ સર્વત્ર રક્ષણ કરે છે, કદાચિત્ દુશ્મન-દેણદાર માફક હેરાન પણ કરે છે. જે પુરુષાર્થ કરીને કે બુદ્ધિ-વૈભવથી કાર્ય સાધી શકાતું નથી, તે ભાગ્યથી સાધી શકાય છે, માટે બળવાનમાં બળવાન હોય તો દૈવ અર્થાત્ ભાગ્ય છે. બીજાને ઉપતાપ કરનાર એવા પાપીઓ સુખી દેખાય છે અને પરહિત કરનાર અહિં દુઃખી દેખાય છે. આ જો અન્યાય હોય તો આ મહાન દૈવનો જ છે.' (૧૫૦)

પોતાના શરીરની સુન્દરતાની સંપત્તિ દેખી વિચાર્યું કે, 'આ મારી શરીરશોભા મારા ગામલોકને બતાવું. બીજા સ્થાને મનુષ્યને ઉત્પન્ન થએલ સંપત્તિના લાભથી શો લાભ ? કે, જે સંપત્તિ પોતાના ગામના લોકો વિકસિત નેત્રોથી દેખતા નથી. દ્વેષીપુત્રોની સાથે તેની સ્ત્રીઓની કેવીક દશા થએલી છે. તેમ જ પિતા તરફ દ્વેષ કરનારને કેવું ફળ મળેલું છે, તે તો ત્યાં જઇને દેખું. શત્રુઓને દ્વેષનું ફળ જાતે પમાડેલ હોય અને તે પોતાના જ નેત્રોથી દેખવામાં આવે, તો તેનો જન્મ પ્રશંસનીય છે.' એમ વિચારીને તે દુરાચારી પોતાના નગરમાં ગયો અને કોઇ પણ પ્રકારે જ્યારે લોકોએ તેને ઓળખ્યો ત્યારે સહવાસીએ તેને પૂછ્યું કે, 'હે ભાગ્યશાળી ! અતિઅસાધ્ય એવો તારો આ રોગ કોણે દૂર કર્યો ? ત્યારે તેણે કહ્યું કે, 'પ્રસન્ન થએલા દેવતાએ મને આવો બનાવ્યો.' લોકોએ કહ્યું કે, 'હે બ્રાહ્મણ ! તું ખરેખર કૃતાર્થ થયો કે, જેને દેવતા પ્રસન્ન થયા.' એમ લોકોથી સ્તુતિ કરાતો તે પોતાના મકાનમાં ગયો. પોતાના કુષ્ઠરોગવાળા કુટુંબ સહિત પુત્રોને દેખીને પોતે તેમને હર્ષથી કહેવા લાગ્યો કે, 'મારી અવજ્ઞાનું ફલ તમે ભોગવો.' ત્યારે પુત્રોએ કહ્યું કે, 'હે પાપી ! આ સર્વા તમારું જ કાર્ય છે.' ત્યારે તેણે કહ્યું કે, 'આ જગતમાં મારા વિના બીજા કોની આવી શક્તિ હોય ? ત્યારે પુત્રોએ કહ્યું કે, 'હે પાપી ! ધર્મ અને લોક બંનેની વિરુદ્ધ આવું નિર્દયતાવાળું અમને અતિદુઃખ આપનારું કાર્ય તમે કર્યું. ત્યારે સામે પિતાએ કહ્યું કે, 'હે પાપીઓ ! પિતાએ તમારે માટે જે ઉપકાર કર્યો હતો, તે તમે કેમ ભૂલી ગયા ? પોતાનો મોટો દોષ કોઇ દેખતા નથી અને બીજાનો અણુ સરખો દોષ દેખાય છે. ખરેખર લોકોનું

કોઈ અપૂર્વ અંધપણું જણાય છે.

પિતા અને પુત્રો વચ્ચે ક્રૂર આક્રોશ વચનનો કજિયો દેખી લોકો અને બ્રાહ્મણ વર્ગ આ પ્રમાણે તેમને ધિક્કારવા લાગ્યા. પત્રો, પુષ્પો, ફળોથી પ્રગટ એવા પોતે રોપેલાં વૃક્ષોથી બનાવેલ બગીચા જેવા પોતાના કુળમાં હે પાપી ! તમે આ અગ્નિ સળગાવ્યો. ત્યારે પિતાએ કહ્યું કે, 'ગામડિયા લોકમાં પણ આ વાત પ્રસિદ્ધ છે કે, 'પોતે વિષવૃક્ષ વધાર્યું હોય, તો પણ તેને છેદવું તે યોગ્ય જ છે.' દુઃખે કરી નિવારણ કરી શકાય તેવા લોકો તરફથી ધિક્કાર મળવા લાગ્યા. અલ્પકાજળની કાલિમાથી આખું મુખ શ્યામ બની જાય છે. હવે તે નગરમાં એક દિવસ પણ રહેવા અસમર્થ એવો તે દરિદ્ર રાત્રે નગરમાંથી નીકળીને હે શ્રેણિક ! તે અહિં આવેલો હતો. બીજી રીતે જીવિકા ચલાવતાં ન આવડતી હોવાથી નગર દરવાજાના દ્વારપાળની સેવા કરવા લાગ્યો અને તેનો વિશ્વાસપાત્ર બન્યો. કોઈક સમયે વિહાર કરતાં કરતાં અમે અહિં રાજગૃહમાં આવી પહોંચ્યા. અને તમે અમને વંદન કરવા આવ્યા ત્યારે દ્વારપાળે તેને કહ્યું કે, 'હે ભાગ્યશાળી ! હું ભગવંતને વંદન કરવા જાઉં છું, માટે તારે અહિં દરવાજે બેસી રહેવું અને અહિંથી ક્યાયં ન જવું, કે જ્યાં સુધી હું પાછો ન આવું' એમ કહીને તે મારી પાસે આવ્યો. હવે બ્રાહ્મણ તો બરાબર ત્યાં બેસીને ચોકી કરતો હતો. ત્યાં દુર્ગાદેવી પાસે ધરાવેલ નૈવેદ્ય ખાતો હતો અને ઉંચેથી નમસ્કાર કરતો હતો. દરિદ્ર શેખરે જિહ્વાની લંપટતાથી કંઠ સુધી બલિ ખૂબ ખાધો. રૂક્ષભોજન કરવાથી ગ્રીષ્મનો આકરો તાપ હોવાથી પાણીની તરશથી વિચાર્યું કે, 'પાણીમાં રહેનારા મત્સ્યો અને કાચબાઓ ધન્ય-ભાગ્યશાળી છે. આર્તધ્યાનથી મૃત્યુ પામી તિર્યંચનું આયુષ્ય બાંધી તરશના દુઃખથી પાણીનું રટન કરતો તે મૂર્ખ મૃત્યુ પામી અહિં નગરમાં એક વાવડીમાં દેડકીના ગર્ભમાં આવ્યો.

અનુક્રમે તે સમયે સંજ્ઞીપણું પામ્યો, તેમ જ ક્રમે કરીને પ્રૌઢવયનો થયો. અમારા વિહાર-ક્રમ યોગે અમે ફરી આ નગરમાં આવ્યા. હે રાજન્ ! તું પણ વંદન માટે આવ્યો. તે સમયે ફરી નગરક્ષોભ થયો, પાનીહારિકાઓ વાતો કરવા લાગી કે, 'ભગવંતની ધર્મદેશનાં શ્રવણ કરવા જેવી છે' એટલે એક પાનીહારિકા બીજીને કહેવા લાગી કે, મને જલ્દી માર્ગ આપ, મારો હાથ છોડ, મારે ભગવંતને વંદન કરવા, સ્તુતિ કરવા જવું છે. વળી બીજી કહે છે કે, શું તારે આવવું નથી ? શું તારી સાસુ આકરી છે કે તને જવાની રજા આપતી નથી ? પાપજળ એકઠું કરીએ છીએ, તો ત્યાં જઇને ધર્મામૃત મેળવીશું. વળી બીજી કોઈકને કહે છે કે, 'તું ઉતાવળ કર, આપણે સાથે જ જઇએ. મારા પતિએ મને જવાની રજા આપી છે, માટે તું પણ તારા વલ્લભને પૂછી લે.' પાનીહારિકાઓના આવા પ્રકારના

શબ્દો સાંભળીને તે દેડકો વિચારવા લાગ્યો કે, 'આવું કંઇક મેં પૂર્વે ક્યાંઇક કરેલું છે. ફરી આ ક્યાંથી સાંભળું છું ? એમ ઇહા-અપોહ-વિચારણા કરતાં તે સંજ્ઞીદેડકો હોવાથી તેને ઉજ્જ્વલ-જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ્યું. મને દ્વારની રક્ષા કરવા સ્થાપન કરી દ્વારપાળ જેમને વંદ્ન કરવા ગયો હતો, તે જ ભગવંત બહાર પધારેલા છે. તે સમયે પાપી એવા મેં ભગવંતને વંદન ન કર્યું, તેથી આ દેડકાપણું પામી તેના ફળને ભોગવું છું. તો અત્યારે પણ મારા મનોરથો પૂર્ણ કરું, આ કરતાં બીજો સુંદર અવસર કયો મળવાનો છે ? કોણ જાણે છે કે, ક્યારે શું થવાનું છે ? આવા પરિણામ સહિત શ્રદ્ધાવાળા આ દેડકાએ લોકોની સાથે પ્રણામ કરવાની ઇચ્છાથી તે ભદન્તને વંદન કરવા જાઉં અને અદ્‌ભૂત ફળ મેળવું. કુદી કુદીને મારી પાસે જેટલામાં આવવા તૈયાર થયો, તેટલામાં તારા ઘોડાએ એ દેડકાને પગની ખરીથી ચૂરી નાખ્યો. તે સમયે ભગવંતને વંદન કરવા વિષયક ઉત્તમ પ્રણિધાન-મન-વચન કાયાની શુભ એકાગ્રતાના પ્રભાવથી મૃત્યુ પામી દેડકાની નિશાનીવાળા તે જાતિના દેવમાં મોટા દેવપણે ઉત્પન્ન થયા.

જીવોના ભાવની શુદ્ધિના આધારે સાધ્યની સિદ્ધિ થાય છે, પત્નીને આલિંગન પ્રેમથી કરાય છે અને પુત્રીને વાત્સલ્ય-નિર્મલભાવથી આલિંગન કરાય છે. ક્રિયાશૂન્ય જે ભાવ હોય અને ભાવ વગરની માત્ર ક્રિયા હોય તે બે વચ્ચેનું સૂર્ય અને ખજવાના તેજ જેટલું આંતરું છે. તેથી આને ભાવશુદ્ધિમાં બદ્ધબુદ્ધિવાળો શુભ માર્ગમાં થયો તેથી દેવપણે તે ઉત્પન્ન થયો, માટે ભાવ એ પુણ્યનું કારણ છે. આ શ્રેણિકરાજા વીર ભગવંતનો અગ્રણીશ્રાવક છે. તીર્થંકરની ભક્તિથી મારાથી પણ તમને ચલાયમાન કરવા શક્ય નથી. હે શ્રેણિક ! સુધર્માસભામાં ઇન્દ્ર મહારાજાએ સમગ્ર દેવસમૂહ આગળ તમારા સમ્યક્ત્વની પ્રશંસા કરી. તેની શ્રદ્ધા ન કરતો અને તમારી પરીક્ષા કરવા માટે આવેલ આ કુષ્ઠીરૂપમાં દેવ આવેલો અને તમારી દૃષ્ટિમાં ભ્રમ ઉત્પન્ન કર્યો. ગોશીર્ષચંદનના લેપથી આદરથી તેણે મારી પૂજા કરી. પરંતુ તમને પરુ ચોપડતો તે દેખાયો. વળી એણે મને છીંક આવી ત્યારે મરવાનું કહ્યું, તે અભક્તિથી નહિ, પરંતુ ભક્તિથી કહ્યું હતું અને તેમ કહેવામાં કંઇ કારણ હતું. વ્યાખ્યાન ક્ષુધા વગેરે શ્રમ ભોગવીને શા માટે ભવમાં રહેવું જોઇએ, માટે 'એકાંત સુખસ્વરૂપ એવા મોક્ષમાં મૃત્યુ પામીને તમે જાવ' એમ તેણે મને કહ્યું.

## ૧૭૪. શ્રેણિકનાં સમ્યક્ત્વની પરીક્ષા-

હે શ્રેણિક ! મોટા રાજ્યથી ઉપાર્જન કરેલ સુખ તું અહીં જીવીને ભોગવ, કારણ કે મૃત્યુ પામ્યા પછી તો તારી નરકની દુર્ગતિ થવાની છે માટે તને 'જીવ' એમ કહ્યું. તારો પુત્ર અભય જીવતાં પુણ્ય અને મૃત્યુ પછી દેવતાઈ સંપત્તિ મેળવવાનો છે, તેથી જેવી ઇચ્છા હોય

તેમ 'જીવ કે મૃત્યુ પામ' એમ કહ્યું. (૨૦૦) કાલસૌકરિક પ્રાણીઓનો વધ કરીને અતિશય પાપ ઉપાર્જન કરે છે, તેથી મૃત્યુ પામીને નક્કી દુર્ગતિમાં જશે. તેથી તેના ભયથી તેને મરવાનો નિષેધ કર્યો. શ્રેણિકે પોતાને દુર્ગતિમાં પડવાનું સાંભળીને ક્ષણવાર નિસ્તેજ છાયાવાળું મુખ કર્યું અને તીર્થનાથને વિનંતિ કરી કે, આપના સરખા ભગવંત અમારા સ્વામી હોવા છતાં પણ મારી દુર્ગતિ આપ કેમ ન રોકો ? આપનું આલંબન મેળવ્યા પછી મારી દુર્ગતિ કેમ થાય ? આ જન્મમાં તો આપ સ્વામી છો અને હું આપનો સેવક છું - આમ હોવા છતાં મને દુઃખ થાય, તો હે સ્વામિ ! તેમાં આપની શોભા ક્યાંથી રહે ? હે ભગવન્ ! મને પણ તેવો વિકલ્પ થાય છે કે, 'અહિં હું આપનો ભક્ત છું કે કેમ ? અથવા તો તમારી કૃપાનો પાત્ર થયો નથી કે શું ? હે પ્રભુ ! ઇન્દ્રના વજ્ર માફક આપ અતિનિષ્ઠુર છો કે, જેથી કરીને આવી ભક્તિ હોવા છતાં આપ પ્રમાદી મારા પર કૃપા કરતા નથી. મેરુનો દંડ અને પૃથ્વીને છત્ર કરવા આપ સમર્થ છો, તો પછી મારા સરખાનો ઉદ્ધાર કરવા આપ સમર્થ નથી- એ શી રીતે શ્રદ્ધા કરી શકાય ?

ત્યારે પ્રભુએ તેને કહ્યું કે, 'હે શ્રેણિક ! તેં નારકાયુષ્ય આગળ બાંધેલું છે, તેથી નક્કી તારી તે ગતિ થવાની જ છે. આ જન્મમાં અહિં બાંધેલું આયુ તે તે પ્રમાણે અવશ્ય ભોગવવું જ પડે, બાંધેલાં કર્મ હોય, તે ભોગવવાં જ પડે એવો કર્મનો સ્વભાવ છે, તે કોઈ ફેરવવા શક્તિમાન્ થઈ શકતા નથી. આત્માને અણુ અને અણુને આત્મા કરવા માટે કોઇ શક્તિમાન્ નથી, અવશ્યથનારા ભાવીભાવોમાં મનુષ્યની શક્તિ ચાલી શકતી નથી. પરંતુ આવતી ચોવીશીમાં તમે પ્રથમ પદ્મનાભ નામના તીર્થંકર થશો. માટે હે રાજન્ ! તમે અધૃતિ ન કરશો.' તે સાંભળીને હર્ષની અધિકતાથી વિકસિત નેત્રકમળવાળા રાજા પ્રણામ કરી અંજલિ જોડી પ્રભુને કહેવા લાગ્યો કે, 'હે પ્રભુ ! તો શું હું નરકાવાસમાં ન જાઉં, તેવો કોઇ ઉપાય છે જ નહિ ?' પ્રભુ આ વસ્તુ અવશ્ય બનવાની છે, એમ જાણતા હોવા છતાં પણ ધીરજ વગરના તેને ધીરજ ઉત્પન્ન કરવાના કારણથી આ પ્રમાણે ઉપાય કહ્યો. 'હે પૃથ્વીપતિ ! જો કપિલા બ્રાહ્મણી પાસે ભક્તિપૂર્વક તપસ્વીમુનિને એક વખત પણ સ્વેચ્છાએ દાન અપાવો, અથવા કસાઇ કાલસૌકરિકને એક દિવસ હિંસા બંધ કરાવો, તો તમને

દુર્ગતિ મળવી બંધ થાય, નહિંતર ન થાય, કાર્યતાત્પર્યની વિચારણા કરીને કે, 'આ કાર્ય ક્ષણવારમાં થઇ શકે તેવાં છે, તેથી મનમાં હર્ષ પામ્યો અને વિસ્મયથી અત્યંત નૃત્ય કરતો હતો.

ભગવંતને નમસ્કાર કરીને પોતાના નગર તરફ પાછો વળ્યો. શ્રેણિકરાજા જિનશાસનમાં દૃઢ હતો, જેને દેવતાઓ પણ ક્ષોભ પમાડી શકતા ન હતા. કોઈક સમયે આ દર્દુરાંક દેવ

તેમના સમ્યક્ત્વની પરીક્ષા કરવા નીકળ્યો અને આવા પ્રકારનો દૃષ્ટિમોહ પમાડ્યો. કોઈક સરોવરના કાંઠે મસ્તક પર માછલાં પકડવાની જાળ અને માંસટૂકડાથી ભરેલી ઝોલિકા તેમ જ જાળમાં પકડેલા મત્સ્યોયુક્ત મુનિ શ્રેણિકના દેખવામાં આવ્યા, તેવા પ્રકારના મુનિને દેખી વિચારવા લાગ્યા કે, 'કર્મના ભારીપણાને ધિક્કાર થાઓ કે, જિનેન્દ્ર ભગવંતના મહાવ્રતમાં રહેલો આત્મા પણ માછીમારનો ધંધો કરે છે ! સેનાને આગળ ચલાવીને પોતે ઘોડાને પાછો વાળીને એકલો શ્રેણિક તે સાધુની પાસે ગયો. તને ઘણા કોમળ વાક્યોથી કહ્યું કે, 'આ તારું વર્તન કેવું વેષથી વિરુદ્ધ છે. જૈનમુનિનો વેષ ધારણ કરી મત્સ્યો અને કાચબાઓનો વધ કરે છે. કોઇ દિવસ મદિરા અને ગાયની પાંચ પવિત્ર વસ્તુ એક પાત્રમાં એકઠી થાય ખરી ? હે સાધુ ! તું જ તેનો જવાબ આપ. નિર્મલ સ્ફટિકરત્ન સરખા જિનેન્દ્રના શાસનમાં તો આવાં પાપ કરનાર કલંક લગાડે છે. તયારે ઠપકો આપવાપૂર્વક તે કહેવા લાગ્યો કે, અરે ! તું આમ કેમ બોલે છે ? જ્યાં શ્રાવકો જ તેવા પ્રકારના થાય, ત્યાં બીજું શું થાય ? મારી પાસે ઉનની કામળી નથી અને તેના વગર મારાં વ્રત કેવી રીતે ટકે, તેં કોઇ દિવસ ધર્મોપકરણ સંબંધી અમારી ચિંતા કરી ? તેથી માછીમારો પાસેથી હું મારાં વ્રતની વૃદ્ધિ માટે કપડાં ખરીદ કરીશ.

રાજાએ જણાવ્યું કે, 'આ બાબતનો ઉપયોગ ન રાખવા બદલ મિચ્છામિ દુક્કડં આપ્યું અને કહ્યું કે, 'લે આ રત્નકંબલ ગ્રહણ કર, પ્રસન્ન થા અને દુષ્ટ ક્રિયાનો ત્યાગ કર.' એમ તેને પ્રતિબોધ કરી રાજાએ આગળ પ્રયાણ કર્યું. ત્યાં આગળ કાજળ આંજેલ નેત્રવાળી ગર્ભવતી સાધ્વી દુકાને દુકાને ધનની ભિક્ષા માગતી દેખવામાં આવી. ત્યાં પણ પ્રાણીના દુષ્કર્મનો જ માત્ર વિચાર કર્યો, પરંતુ જિનેન્દ્રના શાસનની અલ્પપણ શંકા તો ન જ કરી. આગળ માફક તે સાધ્વીને પણ કોમળ વચનથી કહ્યું, સાધ્વીએ પણ જણાવ્યું કે, 'હે રાજન્ ! બનવાનું બની ગયું છે, હવે તેની ચિંતા કરવાથી શું વળે ? હવે પ્રસવકાળ નજીક આવ્યો છે અને ઘી વગેરેની જરૂર પડશે, મારી બીજી કોઈ ગતિ નથી, માટે દુકાને દુકાનેથી ધન ઉઘરાવું છું. 'રખે, શાસનની મલિનતા થાય' એમ ધારીને ક્યાંઈક એકાંત ઘરમાં તેને લાવ્યો.

આ પ્રમાણે શ્રેણિક પોતાના સમ્યક્ત્વથી લગાર પણ ચલાયમાન ન થયો. ત્યારપછી તે દેવે પ્રત્યક્ષ થઇને રાજાને આ પ્રમાણે કહ્યું કે, 'હે શ્રેણિક ! જે પ્રમાણે ઇન્દ્રે તમારા સમ્યક્ત્વની પરીક્ષા કરી હતી, તેવા જ તમે જૈનશાસનમાં અતિનિશ્ચલ સમ્યક્ત્વવાળા છો. હું દર્દુરાંક નામનો દેવ છું, તમારી પરીક્ષા કરવા માટે જ હું આવ્યો હતો, અને કુષ્ઠી સાધુ, સાધ્વી વગેરેની વિક્રિયા મેં જ કરી હતી. તમોને અલ્પપણ ક્ષોભ કરવા માટે અમે સમર્થ

બની શકેલા નથી. વજ્રમણિનો ભેદ લોહની સોય કરવા જાય તો તે પોતે ભેદાઈ જતી નથી ? માટે હે રાજન્ ! આ હાર અને બે ગોળા ક્રીડા કરવા માટે ગ્રહણ કર - એમ કહીને દેવે રાજાને અર્પણ કર્યા. શ્રેણિકે તેજસ્વી હાર ચેલ્લણાદેવીને અર્પણ કર્યો અને બે ગોળા નંદારાણીને આપ્યા. તેણે ગોળાથી આનંદ ન પામતાં અને પ્રગટ ઇર્ષ્યાથી તે ગોળા ભિત્તિ સાથે અફાળ્યા. તેમાંથી એકદમ એક ગોળામાંથી વિસ્મય પમાડનાર અને તેજસ્વી બે દેવદૂષ્ય વસ્ત્રો નીકળ્યાં. બીજાના બે ટૂકડા થયા, તેમાંથી ઉજ્જ્વળ ઝગમગ કાંતિયુક્ત દિવ્ય રત્નમય એવાં બે કુંડલો પ્રગટ થયાં. તે જ ક્ષણે ચેલ્લણા અને સુનન્દારાણીએ અતિહર્ષથી અંગ ઉપર તે રત્નો પહેર્યાં. રાજાએ પણ ઘરે જઇને જાતે કપિલાને કહ્યું, 'હે કપિલા ! તું તપસ્વીમુનિને દાન આપ, તો તું માગે તે તને દાન આપું.' ત્યારે કપિલાએ કહ્યું કે, 'હે દેવ ! કદાચ મને આખી હીરારત્નથી શણગારી દો, તો પણ કદાપિ તે કાર્ય હું નહિં કરીશ. આપને.મારે વધારે શું કહેવું. મારા નાના નાના ટૂકડા કરી નાખશો, તો પણ તે અકાર્ય હું નહિં કરીશ, મારું જીવિત તો આપને આધીન છે.

## ૧૭૫. કાલસૌકરિક કસાઇની કથા -

ત્યારપછી કાલસૌકરિક કસાઇને પણ રાજાએ તે પ્રમાણે કહ્યું કે, 'આજે વધ કરવાનું તું ત્યાગ કર, હું તને ધનવાન બનાવીશ.' ત્યારે તે કસાઈ રાજાને કહેવા લાગ્યો કે, 'હે રાજન્ ! આ વધ કરવામાં કયો દોષ છે, તે મને કહો. મને દ્રવ્ય આપીને પણ જીવવધનો ત્યાગ કરાવો છો. ઉલટું આ હિંસા કરવાથી ઘણા પ્રાણીઓનો સમુદાય ઘણાભાગે જીવે છે. બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યો વગેરે આના ઉપર જીવે છે, તો તેનો ત્યાગ કેમ કરાવો છો ? અહિં વધારે કેટલું કહેવું ? અભવ્ય હોવાથી તેઓએ શ્રેણિકનું વચન ન સ્વીકાર્યું.

એટલે શ્રેણિકે કાલસૌકરિકને અંધારા કૂવામાં ઉતાર્યો, 'એક દિવસની હિંસા બળાત્કારે પણ નિવારણ કરું.' બીજા દિવસે રાજા ભગવંતને વંદન માટે આવ્યો અને ભગવંતને જણાવ્યું કે બેમાંથી એક નિયમનું મેં પાલન કર્યું છે. ભગવંતે કહ્યું કે, તારી વાત સાચી નથી, કૂવામાં માટીના પાડાની આકૃતિ કરીને તેટલી સંખ્યા પ્રમાણ પાડાનાં રૂપો કરીને તેણે મારી નાખ્યા છે, તેને બરાબર જોઇ લો. તે પ્રમાણે કૂવામાં પાડાઓની આકૃતિ કરી ૫૦૦ પાડાને મારી નાખ્યા. હવે ક્રમે કરીને જ્યારે કાલસૌકરિકનું મૃત્યુ નજીક આવ્યું અને જે બન્યું, તે હવે કહીએ છીએ -

દરરોજ પાંચસો પાંચસોની મોટી સંખ્યામાં પાડાઓની હિંસા કરતાં તેણે લાંબા કાળથી જે કર્મ એકઠું કર્યું, તે કર્મના પ્રભાવથી તેના શરીરમાં જેવા પ્રકારના મહારોગો ઉત્પન્ન થયા, તેવા પ્રકારના રોગો નરકમાં હશે એમ શંકા કરું છું. તે કલ્પાંત કરવા લાગ્યો કે, 'હે

માતા ! હું મરી જાઉં છું.' એવા આક્રન્દનથી તે સ્થાને બેઠેલાઓનાં માનસ કંપાવી નાખ્યાં. નથી તેને શય્યામાં સુખ નથી ભૂમિ પર સુવામાં, પાણી ન પીવામાં કે પીવામાં, ભોજન કરવામાં કે ન કરવામાં તેને કોઈ પ્રકારે ક્યાંય પણ સુખ થતું નથી. વીણા, વાંસળી, મૃદંગ વગેરે વાજિંત્રના શબ્દોથી કે બીજા વિષયોથી કોઇ પ્રકારે ક્ષણવાર પણ સુખ થતું નથી, પરંતુ અંદરથી દરરોજ સંતાપ વધતો જાય છે. જાણે ઇંટ પકવવાનો સળગતો નીભાડો હોય, તેમાં પ્રવેશ કર્યો હોય અથવા ચિતા ઉપર બેઠેલો હોય અને પોતે શેકાતો હોય, તેમ આત્માને ન સમજનારો તે માનવા લાગ્યો. પોતાના પિતા અત્યંત રીબાય છે, એમ દેખીને સુલસે પોતાના પિતાની સર્વ હકીકત પોતાના મિત્ર અભયકુમારને કહી. શ્રાવકધર્મમાં અગ્રેસર કર્મના મર્મને સમજનાર અભયકુમારે તેની આગળ આ પ્રમાણે કહ્યું કે, 'હે મિત્ર ! તારા પિતાએ પાપકર્મ એટલા મોટા પ્રમાણમાં ઉપાર્જન કરેલું છે કે, 'જે સાત નારકીમાં પણ સમાઈ શકતું નથી, તેથી અહિં ભૂમિ ઉપર ઉભરાય છે. આ જ જન્મમાં તે કર્મનો અનુભવ કરી રહેલ છે. માટે તું ઇન્દ્રિયોના વિષયોનું વિપરીતપણું હવે કર. એમ જાણીને સુલસ એકદમ ઘરમાંથી તીક્ષ્ણ કાંટાની શય્યા કરી લાવી, તેમાં તેને સુવડાવ્યો, તથા તરત જ અતિદુર્ગંધવાળા પદાર્થોનું આખે શરીરે વિલેપન કરાવ્યું. વળી કડવા-તુરા સ્વાદવાળા પદાર્થો પોતે ખવરાવ્યા.

આ પ્રમાણે અનિષ્ટ ઇન્દ્રિયના પ્રતિકૂળ વિષયો સુલસે કર્યા, તેમ તેમ તેને કંઇક સુખાનુભવ થયો. નજીક ફરતા એવા સુલસપુત્રને તેણે કહ્યું કે, 'આટલો વખત તેં કેમ મને આવા સુખથી વંચિત રાખ્યો ? તેવા પ્રકારની તેની ચેષ્ટા દેખીને તેમ જ વાણી સાંભળીને વિસ્મય પામેલો સુલસ વિચારવા લાગ્યો કે, 'અરે ! પાપનો પ્રભાવ કેવો કડવો જણાય છે કે, અહિં આ જ જન્મમાં જાણી શકતા નથી, તો પરલોકમાં તો શું થશે ? પાપકર્મનો પ્રત્યક્ષ અનુભવ થતો હોવા છતાં પણ પિતાજી હજુ પણ ધર્મની કથા કરતા જ નથી. હું તો હવે પાપની વાત પણ નહીં કરીશ અને ધર્મનું જ વર્તન કરીશ. સાક્ષાત્ દેખાતા અગ્નિમાં કયો ડાહ્યો પુરુષ ઝંપાપાત કરે ? ધર્મધ્યાનમાં મગ્ન અને પાપમાં આળસુ એવો સુલસ તેમ જ બીજા લોકો તે ક્રૂરકર્મની આગળ રુદન કરતા હતા, ત્યારે દુષ્ટમનવાળો તે કસાઇ વજ્ર સરખા તીક્ષ્ણ કાંટાવાળી અપ્રતિષ્ઠાન નામની સર્વોત્કૃષ્ટ દુઃખના સ્થાનવાળી સાતમી નારકીમાં ઉત્પન્ન થયો.

## ૧૭૭. સુલસની અહિંસા ભાવના-

એક દિવસ આજીવિકાના અર્થી એવા સ્વજનોએ સુલસને કહ્યું કે, 'કુલક્રમાગત આવેલા પિતાના પદ પર બેસી જા અને હિંસા કરીને કુટુંબનો નિર્વાહ કર. 'તમે ફોગટના

માંસ ખાવામાં આસક્ત છો, તમે વૃદ્ધ છો, તો હું તમને કહું છું કે, હું પ્રાણીને ઘાત કરવાનું પાપ કદાપિ નહિ કરીશ, ધર્મન માર્ગને ન જાણનાર એવા પિતાએ તે પાપ કર્યું, પરંતુ ધર્મ અને અધર્મના માર્ગને સાક્ષાત્ દેખતો હું તે પાપ હવે નહિં કરીશ. તમે ચક્ષુથી આગળ માર્ગમાં અંધારો મોટો કૂવો દેખતા હો, તો કોઇ દિવસ જાણી જોઇને તેમાં પડશો ખરા ? જેમ આત્માની કે બીજાની હિંસા કરવાથી તેને દુઃખ થાય છે, જેમ પોતાની હિંસા છોડાય છે, તો બીજાની હિંસા કેમ ન છોડવી ? હિંસા કરનાર કાલસૌકરિક મૃત્યુ પામતી વખતે તમે સાક્ષાત્ દુઃખ અનુભવતો જોયો, તેનાં ફળો અહિં પણ જોયાં, તો પછી તમે ફોગટ અજ્ઞાનતાથી પાપમનવાળા ન થાવ. પોતાના જીવિત માટે સમગ્ર પૃથ્વીને પણ લોકો આપી દે છે, તો પછી અલ્પધન ખાતર મહામૂલ્યવાળું જીવિત તેનો વિનાશ ન કરો. ઘણા લોકોને નમસ્કાર કરવા યોગ્ય એવી તપસ્યા ધારણ કરો, શાસ્ત્રના ગૂઢ રહસ્યવાળી વ્યાખ્યા કરો, પરંતુ જેમાં જીવરક્ષા અને ધર્મરક્ષા જો ન હોય તો તે સમગ્ર અહીં અપ્રશસ્ત છે. કઠોર શબ્દોથી તમારો કોઇએ તિરસ્કાર કર્યો હોય, તો તમારા મનમાં પીડા ઉત્પન્ન થાય છે, તેમ જ તમને જો કોઇ તીક્ષ્ણ ભાલાં, તરવાલ, બાણ મારે છે, તો તમને શરીરપીડા થાય છે. ખરેખર મૃત્યુ તે જ કહેવાય છે કે, બીજા પ્રાણીઓને અતિભય પમાડે છે, તો બીજા પ્રાણીઓના પ્રાણનો નાશ કરીને તમે કેમ આનંદ માણનારા થાઓ છો ?'

ત્યારે કુટુંબીઓએ સુલસને કહ્યું કે, 'પ્રાણિ વધ કરવાથી થએલું જે પાપ અને ભાવીમાં તેનું કડવું ફળ ભોગવવાનું થશે, તે અમે સર્વે થોડું થોડું લઇ વહેંચી લઇશું. બીજું તારે પોતાને તો એક જ પાડાની માત્ર હત્યા કરવી, બીજા સર્વનો અમે વધ કરીશું, પછી તને કેટલું પાપ લાગશે ? આ પ્રમાણે સ્વજનો જ્યારે બોલવા લાગ્યા, ત્યારે સુંદર બુદ્ધિવાળા સુલસે સ્વજનોને પ્રતિબોધ કરવા માટે કુહાડાથી પોતાના પગમાં જ ઘા કર્યો. પીડા થવાથી સ્વજનોને મોટા શબ્દોથી કહેવા લાગ્યો કે, 'મારી અલ્પ અલ્પ વેદના તમો સર્વે ગ્રહણ કરો, તમો હંમેશાં મારા તરફ ઘણો સ્નેહ ધરાવનારા છો, તો મારી પીડાની ઉપેક્ષા કેમ કરો છો ? અને દુઃખમાં ભાગ કેમ પડાવતા નથી ? ત્યારે સ્વજનો કહેવા લાગ્યા કે, 'બીજાની વેદના અન્ય કોઇ લઇ શકે ખરા ?' ત્યારે સુલસે સમજાવતાં કહ્યું કે, તો પછી મેં કરેલા જીવવધનું પાપ તમે કેવી રીતે લઇ શકો ? જ્યારે અહિં અલ્પવેદનાનું દુઃખ લઇ શકાતું નથી, તો પછી તમે ઘણી નરકવેદના કેવી રીતે ગ્રહણ કરશો ? અહિં જે કોઇ કર્મ કરે છે, તેનું ફળ તે જ ભોગવે છે. એક ઝેરનું ભક્ષણ કર્યું અને બીજો મૃત્યુ પામે તેમ બનતું નથી. પિતા, માતા, ભગિની, બન્ધુ, વલ્લભા કે તેવા સંબંધીઓ આ ભવ-સમુદ્રમાં વિપરીતતા ધારણ કરનારા હોય છે, એટલે પિતા પુત્ર થાય, પુત્ર પિતા થાય, માતા પત્ની થાય, પત્ની માતા થાય, આવા અતાત્ત્વિક સંબંધ રાખવાથી શો લાભ ? અનાદિ અનંત સંસારમાં કયો કોની સાથે

અને કોનો સંબંધ જીવે નથી કર્યો ? તેમાં સ્વ અને પરની કલ્પના શી કરવી ? હે બુદ્ધિરૂપી ધનવાનો ! હવે તમે આ પાપકર્મરૂપ કદાગ્રહ-ગાંઠનો ત્યાગ કરીને જૈનધર્મના અધિકારમાં અમોને સહારો આપો. માયારહિત સુલસને ધર્મકર્મમાં એકતાનવાળો દેખીને તેઓએ તેનું કહેલ વચન સ્વીકાર્યું, વજ્રથી શું ન ભેદાય ? આ પ્રમાણે પોતાની બુદ્ધિના પ્રભાવથી કલ્યાણ ભજનાર થયો, તેમ જ અભયકુમારની અપૂર્વ મૈત્રીના યોગથી બારવ્રતો અંગીકાર કર્યાં અને તેની વૃદ્ધિ, શુદ્ધિ, બુદ્ધિ કરનાર થયો, એટલું જ નહિં, પરંતુ જિનધર્મ ધારણ કરનારમાં અગ્રેસર બન્યો. (૨૯૯)

## ૧૭૭. હિતોપદેશ-

હવે કેટલાકને આવતો ભવ ઇત્યાદિ ચાર ભાંગામાં પ્રથમ ભંગની યોજના કરતા જણાવે છે -

**छज्जीवकाय-विरओ, काय-किलेसेहिं सुट्ठु गुरुएहिं ।**
**न हु तस्स इमो लोगो, हवइऽस्सेगो परो लोगो ।।४४१।।**

**नरय-निरुद्ध-मईणं, दंडियमाईण जीवियं सेयं ।**
**वहुवायम्मि वि देहे, विसुज्झमाणस्स वरं मरणं ।।४४२।।**

**तव-नियम-सुट्ठियाणं, कल्लाणं जीविअंपी मरणं पि ।**
**जीवंतऽज्जंति गुणा, मया वि पुण सुग्गइं जंति ।।४४३।।**

**अहियं मरणं, अहिअं च जीवियं पावकम्मकारीणं ।**
**तमसम्मि पडंति मया, वेरं वड्ढंति जीवंता ।।४४४।।**

**अवि इच्छंति अ मरणं, न य परपीडं करंति मणसा वि ।**
**जे सुविइयसुगइपहा, सोयरिय-सुओ जहा सुलसो ।।४४५।।**

પૃથ્વીકાયાદિક છજીવનિકાય જીવોની વિરાધના કરવામાં વિશેષ આસક્ત, પંચાગ્નિતપ, માસક્ષમણ આદિ અજ્ઞાનતપ કરી કાયક્લેશ સહન કરતો હોવાથી બાલતપસ્વી તેને વિવેકનો અભાવ હોવાથી ક્લેશ સહેતો હોવાથી તેને આ લોક સારો નથી, પણ પરલોક સારો થાય છે. અજ્ઞાનતપથી તેને બીજા ભવમાં પાપાનુબંધી પુણ્યથી રાજ્યાદિક સુખ પ્રાપ્ત થાય છે. આ ગાથાથી બીજા પણ ત્રણ ભાંગા પોતાની બુદ્ધિથી જોડવા. બાલ-અજ્ઞાન તપસ્વીઓ રાગ-દ્વેષથી નષ્ટ થએલી ચિત્તવૃત્તિવાળા પંચાગ્નિતાપ સહન કરનારા, હજાર

ઘડાની ધારા ધારણ કરનારા, લાવેલી ભિક્ષા અણગળ પાણીમાં ધોઇને ખાનારા એમ છકાય જીવોનું ઉપરમર્દન કરનારા મૃત્યુ પામીને અજ્ઞાનકષ્ટથી અકામનિર્જરાથી પાપાનુબંધી તુચ્છ-અલ્પપુણ્ય ઉપાર્જન કરનારા એવા તે પરલોકમાં વ્યંતરાદિક હલકી દેવગતિમાં સાંસારિક સુખ ભોગવનારા થાય છે. કોણિકનો જીવ સેનક નામનો તાપસ હતો, તેની જેમ બીજા ભવમાં સુખપ્રાપ્તિ થાય છે. પણ અહિં કષ્ટાનુષ્ઠાન કરતો હોવાથી આ લોકમાં સુખ નથી. જૈનસાધુઓ પણ અહીં કષ્ટાનુષ્ઠાન તપસ્યાદિક કરે છે, તો તેમને અહીં ન લેવા. તેઓ જ્ઞાનપૂર્વક તપસ્યા કરતા હોવાથી છકાય જીવોનું રક્ષણ-સંયમ કરતા હોવાથી, રાગ-દ્વેષ વગરના હોવાથી અહિં પણ સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્રમાં સુખ માનનારા હોવાથી ત્રીજા ભાંગામાં ગણેલા છે. કહેલું છે કે -

"બાર માસના પર્યાયવાળા ઉત્તમમુનિ અનુત્તરના સુખને અતિક્રમી જાય છે. ચક્રવર્તીને તે સુખ હોતું નથી કે, જે સુખ ભૂમિપર સંથારો કરનાર આત્મરમણતા કરનાર મુનિને હોય છે.' (૪૪૧) પરવમાં નક્કી જવાના છે, એવા શ્રેણિક તથા રાજ્યાધિકારીઓનું જીવિત સારું છે. અહિં અલ્પકાળ સુખની પ્રાપ્તિ છે અને આવતા ભવમાં નરકનાં દુઃખોનો નક્કી અનુભવ કરવાનો છે, તેથી કેટલાકનું જીવિત સારું એ ભાંગો જણાવ્યો. 'કેટલાકને મરણ સારું' એ સમજાવે છે. શરીરમાં ઘણા રોગો ઉત્પન્ન થયા હોય, પરંતુ પ્રશસ્તધ્યાનથી જ્યાં સુધી સમતાથી વેદના સહન કરે, સકામ નિર્જરા થાય અને આર્તધ્યાનને સ્થાન ન મળે, ત્યાં સુધી મરણ સુંદર ગણાય. સુકોશલમુનિ વગેરે સાધુઓ જેમ સદ્ગતિ પામ્યા, તેની માફક મરણ સુંદર સમજવું. (૪૪૨) બાર પ્રકારનાં તપ અને ગ્રહણ કરેલાં મહાવ્રતાદિક જેઓ સારી રીતે પાલન કરતા હોય, તેમનું જીવિત અને મરણ બંને સારાં છે. કારણ કે, જીવતાં તપ અને ગુણોપાર્જનમાં વધારો કરે છે અને મરે તો સ્વર્ગ કે મોક્ષનું સુખ મેળવે છે. બંને પ્રકારે લગાર પણ તેમને અહિત હોતું નથી. (૪૪૩) પાપકર્મ કરનારા, ચોર, વ્યભિચારી, કસાઈ, માછીમાર વગેરેનું જીવિત અને મરણ બંને અહિતકારી છે. કારણ કે, મરીને તેઓ અંધકારવાળી ઘોર નરકમાં પડે છે. અને જીવતાં બીજા જીવોને ત્રાસ, ભય પમાડી વૈરની વૃદ્ધિ કરે છે. બંને પ્રકારે અનર્થ કરનારા છે. કાલસૌકરિક વગેરેએ જીવતાં સુધી અનેક જીવોનો વધ કર્યો અને તેટલાઓથી સાથે વેરના કારણભૂત પાપની વૃદ્ધિ કરી. (૪૪૪) આ કારણે વિવેકીઓ પ્રાણ જાય, તો પણ પાપ આચરતા નથી તે કહે છે, કાલસૌકરિકનો પુત્ર જેણે સદ્ગતિનો માર્ગ સારી રીતે જાણેલો છે, એવો સુલસ કામ પડે તો મરણ સ્વીકારે, પરંતુ મનથી પણ બીજાને પીડા કરતો નથી, પછી વચન અને કાયાથી પીડા કરવાની વાત જ ક્યાં રહી ? સુલસનું દૃષ્ટાંત દર્દુરાંકદેવની કથામાં કહી ગયા છીએ. (૪૪૫) વિવેક વિષયક હકીકત જણાવીને હવે અવિવેક વિષયક વિસ્તાર કહે છે -

मूलग कुदंडगा दामगाणि उच्छूलघंटिआओ य ।
पिंडइ अपरितंतो, चउप्पया नत्थि य पसूऽवि ।।४४६।।

तह वत्थ-पाय-दंडग-उवगरणे जयणकज्जमुज्जुत्तो ।
जस्सऽट्ठाए किलिस्सई, तं चिय मूढो न वि करेई ।।४४७।।

अरिहंता भगवंतो, अहियं व हियं व नवि इहं किंचि ।
वारंति कारवेंति य, धित्तूण जणं बला हत्थे ।।४४८।।

उवएसं पुण तं दिंति जेण चरिएण कित्ति-निलयाणं ।
देवाण वि हुंति पहू, किमंग पुण मणुअभित्ताणं ? ।।४४९।।

वरमउड-कीरीड-धरो, चिंचइओ चवल-कुंडलाहरणो ।
सक्को हिओवएसा, एरावणवाहणो जाओ ।।४५०।।

रयणुज्जलाइं जाइं, बत्तीस-विमाण-सयसहस्साइं ।
वज्जहरेण वराइं, हिओवएसेण लद्धाइं ।।४५१।।

सुरवइ-समं विभूइं, जं पत्तो भरहचक्कवट्टी वि ।
माणुसलोगस्स पहू, तं जाण हिओवएसेण ।।४५२।।

लद्धूण तं सुइसुहं, जिणवयणुवएसममयबिंदुसमं ।
अप्पहियं कायव्वं, अहिएसु मणं न दायव्वं ।।४५३।।

हियमप्पणो करिंतो, कस्स न होइ गरुओ गुरू गण्णो ! ।
अहियं समायरंतो, कस्स न विप्पच्चओ होइ ? ।।४५४।।

## ૧૭૮. અવિવેકનાં લક્ષણો-

ઘોડાને બાંધવાની ખીલી-થાંભલી, વાછરડાને બાંધવાની ખીલી, પશુ બાંધવાની દોરડી, ગળે બાંધવાની ઘુઘરીઓ-ઘંટડીઓ, પશુ વગેરેનાં ઉપકરણો થાક્યા વગર એકઠાં કર્યા કરે છે, પરંતુ તેની પાસે ગાય, ઘોડો, બળદ એવું એક પણ પશુ નથી છતાં મૂર્ખ તેનાં ઉપકરણો એકઠાં કરે છે, તે તેનો પરિશ્રમ વ્યર્થ છે. (૪૪૬) દાષ્ટાંન્તિક અર્થ કહે છે. તે પ્રમાણે અવિવેકી પુરુષ વસ્ત્ર, પાત્ર, દંડ વગેરે યતના કરવાનાં ઉપકરણો એકઠાં કરે છે,

પણ જયણા કરવામાં પ્રયત્ન કરતો નથી. જે યતના માટે આટલો ક્લેશ-પરિશ્રમ કરે છે, ઉપકરણો મેળવે છે અને યતના કરતો નથી તે સાધુને પશુનાં ઉપકરણ એકઠાં કરનાર સરખો મૂર્ખ જાણવો. યતના કાર્ય માટે હું મેળવું છું, એમ શઠતા કરે છે. લોકોને કહે કે, સંયમ માટે ઉપકરણ એકઠા કરું છું, પરંતુ મૂઢ તેનાથી જયણા કરતો નથી. તાત્પર્ય એ છે કે, જેમ ચોપગાં જાનવર વગરનો ઉપકરણ એકઠાં કરે, તે નકામાં છે. તેમ સંયમ-યતના ન સચવાય તો ઉપકરણો એકઠાં કરવાં વ્યર્થ છે. (૪૪૭) તો પછી ઉન્માર્ગે પ્રવર્તેલાને તીર્થંકરો કેમ નિવારણ કરતા નથી ? તે કહે છે - રાજા જેમ બળાત્કારથી હુકમ પાલન કરાવે છે, તેમ તીર્થંકર ભગવંતો બળાત્કારથી લોકોના હાથ પકડીને અહિતનું નિવારણ અને હિતને કરાવતા નથી. (૪૪૮) તેઓ માત્ર તત્ત્વકથન અને મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે, જે આચરવાથી કીર્તિના સ્થાનરૂપ દેવોના પણ સ્વામી થાય છે, તો પછી મનુષ્યમાત્રના સ્વામી કેમ ન થાય ? (૪૪૯) હિતોપદેશ સર્વ કલ્યાણ પ્રાપ્ત કરાવનાર થાય છે, તે કહે છે -

જેનો આગળનો ભાગ શ્રેષ્ઠ છે, એવા ઉત્તમ મુગટને ધારણ કરનાર, બાજુબંધ તથા ચપળ ઝળહળતા કુંડળને ધારણ કરનાર, ઐરાવણ વાહન પર બેસનાર એવા શક્ર-ઇન્દ્ર ભગવંતના હિતોપદેશથી બન્યા. કાર્તિકશેઠના ભવમાં હિતકારક ભગવંતનો ઉપદેશ આચરવાથી તેઓ શક્રેન્દ્ર બન્યા. (૪૫૦) ઇન્દ્રનીલરત્નો જડેલ હોવાથી ઝગમગ થતાં ઉજ્જ્વલ બત્રીશ લાખ શ્રેષ્ઠ વિમાનો વજ્ર ધારણ કરનાર ઇન્દ્રે મેળવ્યાં, તે પ્રભુના હિતોપદેશના આચરણથી મેળવ્યાં. (૪૫૧) ઈન્દ્રતુલ્ય સમૃદ્ધિ પ્રાપ્ત કરનાર ભરતચક્રવર્તી પણ મનુષ્યલોકના સ્વામી બન્યા, તે પણ હિતોપદેશ શ્રવણ અને આચરણ કરવાથી થયા. (૪૫૨) અમૃતના બિન્દુસમાન, કર્ણસુખ કરનાર જિનવચન પ્રાપ્ત કરીને ચિત્ત પ્રસન્ન કરવાના કારણભૂત જ્ઞાનાદિક સદનુષ્ઠાન કરવું અને ભગવંતે નિષેધેલ હિંસાદિક અને કષાયાદિ કાર્યોમાં મન ન આપવું. વચન, કાયા તો પાપકાર્યમાં પ્રવર્તાવવાનાં ન જ હોય. (૪૫૩) તે પ્રમાણે કરતો આ લોકમાં જેવો થાય, તે કહે છે - આત્મહિતની સાધના કરનાર આચાર્ય સરખા કોને પૂજનિક અને સર્વ કાર્યોમાં સલાહ લેવા લાયક અથવા પૂછવા લાયક નથી બનતા. તેથી વિપરીત હોય, તે માટે કહે છે કે, આત્માનું અહિત સાધનાર કોને અવિશ્વસનીય નથી બનતા ? (૪૫૪) જે હિત કરવામાં યોગ્ય હોંય, તે ભલે કરતા, અમે તો તેને યોગ્ય નથી - એમ માનનારને કહેનારને કહે છે -

**जो नियम-सीलंतव-संजमेहिं जुत्तो करेइ अप्पहियं ।**
**सो देवयं व पुज्जो, सीसे सिद्धत्थओ व्व जणे ।।४५५।।**

सव्वो गुणेहिं गण्णो, गुणाहिअस्स जह लोगवीरस्स ।
संभंत-मउड-विडवो, सहस्सनयणो सययमेइ ।।४५६।।

चोरिक्क-वंचणा-कूड-कवड-परदार-दारुणमइस्स ।
तस्स च्चिय तं अहियं, पुणो वि वेरं जणो वहइ ।।४५७।।

जइ ता तण-कंचण-लुट्ठ-रयण-सरिसोवमो जणो जाओ ।
तइया नणु वुच्छिन्नो, अहिलासो दव्व-हरणम्मि ।।४५८।।

आजीवगगण-नेया, रज्जसिरिं पयहिऊण य जमाली ।
हियमप्पणो करिंतो, न य वयणिज्जे इहपडंतो ।।४५९।।

## ૧૭૯. ગુણવાન્ અગુણવાનનું કથન-

જે કોઈ નિયમ, વ્રત, શીલ, તપ, સંયમાદિ આત્મહિતનાં અનુષ્ઠાન કરે છે, તે દેવતા માફક લોકોમાં પૂજનીય થાય છે, તથા સિદ્ધાર્થ - (સરસવ) માફક તેની આજ્ઞા લોકો મસ્તક પર ચડાવે છે. કહેવાનો આ અભિપ્રાય છે કે - ગુરુપદને યોગ્ય એવા ગુણોની કોઈ ખાણ હોતી નથી, પરંતુ ગુણો પૂજ્યપણાના કારણ હોય છે અને તે દરેકને પ્રયત્નથી સાધી શકાય છે. તે કારણથી દરેકે તે ગુણો મેળવવા આદર કરવો જોઇએ. એવું કોઈ ક્ષેત્ર નથી કે, જેમાં સાધુઓ પાકતા હોય, તે સાધુ થાય છે, માટે તેમની સેવા કરવી. તથા ગુણો પ્રયત્ન કરવાથી મેળવી શકાય છે, અને પ્રયત્ન પુરુષાર્થ આત્મામાં જ રહેલો છે. 'બીજો પણ ગુણીઓમાં અગ્રેસર છે' એ વાત જીવતો કયો સહન કરી શકે ? એ જ વિચારાય છે. સર્વ જીવો ગુણો દ્વારા જ માનનીય પૂજનીય થાય છે. જેમ જગતમાં સત્ત્વાદિક અધિક ગુણોવાળા, ત્રણે ભુવનમાં પ્રસિદ્ધ એવા મહાવીર ભગવંતને ચપળ મુકુટને ધારણ કરનાર એવા ઇન્દ્ર ભક્તિના અતિશયથી પોતે વારંવાર વંદન કરવા આવે છે. માટે ગુણો જ પૂજ્યપણાના કારણ છે.

ગુણહીનની વિપરીતતા જણાવતાં કહે છે - ચોરી કરવી, બીજાને છેતરવાની ક્રિયા કરવી, કપટ વચન બોલવાં, કપટવાળું માનસ રાખવું, પરદારા-સેવન આવા દોષો સેવન કરવાની બુદ્ધિવાળા આ લોકનું અહિત કરનાર થાય છે, વળી પરલોકમાં તેના ઉપર ક્રોધ-વૈરના પરિણામ ઉત્પન્ન થાય છે. આ પાપી છે. તેનું મુખ જોવા લાયક નથી એવા આક્રોશનાં વચનો પ્રાપ્ત કરનાર થાય છે. તે બિચારાને ગુમડા ઉપર બીજો ઘા વાગવા જેવું દુઃખ થાય છે. ગુણીઓએ તો આ દોષો દૂરથી જ ખસેડેલા હોય છે. જ્યારે લોકોમાં તણખલા અને

સુવર્ણ, પથરા અને રત્નો તે પદાર્થોમાં સમાન બુદ્ધિવાળો થાય, ત્યારે પારકું દ્રવ્ય હરણ કરવાની અભિલાષા ચાલી જાય, માત્ર દ્રવ્યલિંગ-સાધુના વેષમાત્રથી આજીવિકા કરનાર તે આજીવક એટલે નિહ્નવો, તેમના ગણના નેતા અર્થાત્ ગુરુ જે જમાલી, તેમણે રાજલક્ષ્મીનો ત્યાગ કરી, આગમનો અભ્યાસ કરી જો આત્મહિત સાધ્યું હોત, તો આ ભગવંતના જમાઇ 'કરાતું તે કર્યું' - એવું વીર ભગવંતનું વચન તેમાં શ્રદ્ધા ન કરતા હોવાથી 'આ નિહ્નવ છે' એવી નિંદા લોક અને શાસનમાં ન પામતે. (૪૪૫ થી ૪૫૯) જમાલિની કથા.

### ૧૮૦. જમાલિની કથા -

ક્ષત્રિયકુંડ ગામમાં વીરભગવંતના મોટા બહેનના પુત્ર જમાલિ નામના રાજા હતા. પ્રિયદર્શના નામની વીરપ્રભુની રાણીની સુદર્શના નામની પુત્રી જમાલી સાથે પરણાવી હતી. તે સુદર્શના શોભાયમાન સૌભાગ્યવાળી, મનોહર યૌવનરૂપ બગીચાની રમણીય અને વિકસિત શોભાલક્ષ્મીવાળી, નીતિ અને વિનયનું એક સ્થાન, અપાર કરુણારૂપ અમૃતના સમુદ્રસરખી શ્રીવીરભગવંતની પુત્રી તે જમાલિની ભાર્યા થઈ. તેની સાથે વિષયસુખ અનુભવતા કેટલોક મનોહરકાળ પસાર કર્યો. શહેર, નગર, ગ્રામાદિકમાં વિહાર કરતાં કરતાં કોઈક સમયે દેવાધિદેવ વીરસ્વામી બ્રાહ્મણકુંડ ગ્રામના બગીચામાં સમવસર્યા. ઉપશાલક નામના ચૈત્યમાં ઇન્દ્રે વિકુર્વેલા સમવસરણમાં પર્ષદાને ધર્મદેશના સંભળાવવા બિરાજમાન થયા. ક્ષત્રિયુકંડ ગામથી જમાલિ પણ ત્યાં આવી પહોંચ્યા. ભગવંતને ત્રણ પ્રદક્ષિણા આપીને દેશના શ્રવણ કરવાત્યાં બેઠા. ભગવંત ધર્મદેશા આપતા કહે છે કે, મિથ્યાત્વાદિકવડે જીવ કર્મથી બંધાય છે અને સમ્યકત્વ, સંયમ, તપ વગેરે આચરવાથી જીવ કર્મથી મુક્ત થાય છે, જે પ્રમાણે સર્વ ગતિઓમાં દુઃખથી પીડા પામી ક્લેશ અનુભવે છે, તથા પાણીના રેંટ માફક ફરી ફરી ત્યાં ને ત્યાં જીવ ઉત્પન્ન થાય છે. કર્મની લઘુતા થવાથી સંસાર-સાગરનો પાર પામી જાય છે.' એ વગેરે યથાર્થ ઉપદેશ તીર્થનાથે આપ્યો.

આ સમયે ભવથી ત્રાસ પામેલા મનવાળો જમાલિ ભગવંતને નમસ્કાર કરી વિનંતિ કરવા લાગ્યો કે, 'હે ભગવંત ! માત-પિતાની રજા મેળવીને આપની પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરીશ. ભગવંતે પણ કહ્યું કે, 'તેમાં તું હવે વિલંબ ન કરીશ.' એ પ્રમાણે કહેવાએલ ભગવંતને પ્રણામ કરીને પોતાના ઘરે આવીને માતા-પિતાને દીક્ષા માટે પૂછ્યું. કોઈ પ્રકારે તેમની અનુજ્ઞા મેળવીને હજાર પુરુષોથી વહન કરાય તેવી શિબિકામાં બેસી મહાવિભૂતિ સહિત ભગવાનની પાસે આવ્યો. ભગવંતે પણ ૫૦૦ રાજપુત્ર સહિત તેને પ્રવ્રજ્યા આપી. તેમ જ તેની પત્ની સુદર્શનાએ પણ હજારના પરિવાર સહિત દીક્ષા

અંગીકાર કરી. બંનેએ સામાયિકથી માંડીને ૧૧ અંગ સુધી શ્રુત-સંપત્તિ પ્રાપ્ત કરી. કાલે કરીને ગીતાર્થ થયા એટલે આચાર્યપદ પર સ્થાપન કર્યા, અનુષ્ઠાન કરવામાં તત્પર એવા તે ૫૦૦ના પરિવાર સહિત ગ્રામ, નગરાદિકમાં વિચરતા વિચરતા કોઈક સમયે શ્રાવસ્તિ નગરીમાં તિંદુક નામના ઉદ્યાનમાં કોષ્ઠક ચૈત્યમાં અવગ્રહ માગીને રોકાયા. ત્યાં અંત-પ્રાન્ત નિરસ આહાર ખાવાથી ઉત્પન્ન થએલ દાહજ્વરવાળા જમાલિએ શિષ્યોને આજ્ઞા કરી કે, 'મારા માટે સંથારો પાથરો' તેઓએ પણ તે આજ્ઞા સ્વીકારી સંથારો પાથરવાનું કાર્ય શરુ કર્યું. જમાલિને અતિશય ગાઢવેદના થતી હોવાથી તેમ જ શરીર પણ અશક્ત થઈ ગએલ હોવાથી ફરી કહ્યું કે, 'અરે શ્રમણો ! સંથારો પાથર્યો કે નહિં ?' તેઓએ કહ્યું કે - પાથર્યો. એટલે નજીક આવીને જ્યાં દેખે છે, ત્યારે સંથારો પથરાતો હોવાથી તેને દેખીને મુશીબતે બેસી ગયા અને કોપ કરતાં કહ્યું કે, 'અરે સાધુઓ ! તમે અર્ધસંથારો પાથરેલો હતો, અધુરો પથરાયો હતો, પૂર્ણ પથરાયો ન હતો છતાં સંથારો પથરાઇ ગયો છે - એમ કહ્યું. ત્યારે શિષ્યોએ કહ્યું કે, 'કરાતું હોય તે કર્યું, ચલાયમાન ચાલ્યું, ઉદીરાતું હોય, તે ઉદીર્યું, નિર્જરાતું નિર્જર્યું, એ વગેરે ભગવંતના વચનથી પ્રમાણભૂત માનેલું છે.

ત્યારપછી કેટલોક સમય સંથારામાં રહીને તે વખતે મિથ્યાત્વકર્મનો ઉદય થવાથી નવો સંકલ્પ ઉત્પન્ન થયો. શરીર અને આત્મા બંનેમાં દાહજ્વર સંક્રાન્ત થયો એટલે સાધુઓને બોલાવીને કહ્યું કે, 'અરે સાધુઓ ! મેં બહુ વિચારણા કરીને તાત્પર્ય મેળવ્યું છે, તે તમે સાંભળો - 'ભગવંતે જે કરાતું હોય તે કર્યું - એ વગેરે વચનો કહેલાં છે, તે બહુ વિચાર કર્યા વગરનાં વચનો છે. સંથારો પથરાતો હોય અને સંથારો પથરાઇ ગયો હોય એ બંનેના ભિન્નકાળ છે, તેનો ક્રિયાકાળ અને પૂર્ણાહુતિના કાળમાં આંતરું હોવાથી. આ વિષયમાં ભગવાનનું વચન સ્ખલના પામેલું છે.' - એમ હું જાણું છું. એમ કહ્યું, એટલે કેટલાક સાધુઓએ આપ કહો છો, તે બરાબર છે - એમ કહી જમાલિનું વચન માન્ય કર્યું. બીજા જેઓ ભગવંતનાં વચનને યથાર્થ માનનારા હતા, તેમણે આ પ્રમાણે કહ્યું કે - 'હે જમાલિસૂરિ ! આ તમે કહો છો, તે બરાબર નથી, નિર્મળ કેવલજ્ઞાનવાળા અને વીતરાગ ભગવાન કદાપિ ફેરફાર કહે જ નહિં. કેમકે, તેમને ફેરફાર બોલવાનું કોઈ કારણ નથી. રાગથી, દ્વેષથી કે મોહથી જ અસત્ય વચન બોલાય. જેમનામાં એ ત્રણે દોષનો સર્વથા અભાવ હોય, તે કદાપિ જૂઠ વચન બોલે નહિં. આગમ એ આપ્ત પુરુષનું વચન છે. દોષનો ક્ષય થવાથી આપ્તગુણની પ્રાપ્તિ થાય છે.

જેના દોષો સર્વથા ક્ષીણ થયા હોય, તે જૂઠ વચન ન બોલે, કારણ જૂઠ બોલવાના કારણરૂપ રાગ, દ્વેષ અને અજ્ઞાન ચાલ્યા ગયા છે, તેથી નક્કી થયું, માટે 'કરાતું તે કર્યું.'

એ સત્ય વચન છે. આપ્તપુરુષે કહેલું હોવાથી, બીજા વાક્યની જેમ. જેમ બીજાઓમાં કહેલું છે કે, 'પુરાણ, મનુસ્મૃતિ, અંગસહિત વેદ અને ચિકિત્સાશાસ્ત્ર આ ચાર સર્વ આજ્ઞાસિદ્ધ છે, તેને યુક્તિથી ખંડિત ન કરવાં.' તે પ્રમાણે ભગવંતનાં વચનો નથી, જેમ જાતિવંત સુવર્ણની કષ, છેદ, તાપ, તાડનથી પરીક્ષા કરાય છે, તેમ ભગવંતના વચનોની પણ તે તે પ્રકારે પરીક્ષા કરીને પછી સ્વીકારાય છે. આમાં કઇ વિચારણીય છે, માટે આ નથી વિચારતા, પરંતુ જાતિસુવર્ણ છે, પછી તાપાદિકની પરિક્ષામાં શા માટે ભય રાખો છો. એ વગેરે ઉપાલંભનું પાત્ર બને. વળી જે કહ્યું કે, પથરાતો અને પથરાયો બંનેનો ભિન્નકાળ છે ઇત્યાદિ જે કહ્યું, તે બાળક-અજ્ઞાનીનું વચન છે. ક્રિયાકાળ અને નિષ્ઠાકાલ તે બંનેનો કથંચિત્ એક કાળ સ્વીકારીએ, તો પથરાયો તે સમયે પણ કથંચિત્ સંસ્તીર્ણ પણાનો નિર્ણય થએલો છે. તે આ પ્રમાણે - ક્રિયમાણક્ષણમાં કૃતત્વ પણ છે જ, નહિંતર ક્રિયમાણનો પ્રથમ ક્ષણ, બીજો ક્ષણ વગેરે ક્ષણો તથા અન્ત્યક્ષણમાં પણ કૃતત્વ ન રહેતું હોવાથી કદાચિત્ કરેલો આ છે - એમ પ્રત્યય ન થાય. જો પટના અન્ત્યક્ષણ સુધી નિષ્પદ્યમાન બનતી અવસ્થામાં થોડી પણ બનેલી અવસ્થા થઈ, ત્યારે કોઈ વખત કેવી રીતે આ પટ બન્યો એમ વ્યવહારથી બોલી શકાય. નહિંતર ઘટ બન્યો, તેમપટ એવો વ્યપદેશ થાય. બંનેમાં પ્રગટ છે. તેને ઉત્પન્ન થએલાનો અભાવ થઇ જાય.

બીજી શંકા કરે છે કે, પટમાં અનેક તાંતણાં હોય છે. તેમાં એક બે ત્રણ તાંતણા ગોઠવ્યાં, તે સમયે પટ બનવાનો શરૂ થયો અને તેટલો બન્યો, પરિપૂર્ણ પટ તો છેલ્લો તાંતણો પ્રક્ષેપ થસે, ત્યારે આરંભાશે અને પટ ઉત્પન્ન પણ થશે. તેથી શરૂઆતમાં જ તેની ક્રિયાની સમાપ્તિ કેવી રીતે પ્રાપ્ત થાય ? એ પ્રમાણે સંથારો પાથરવાના વિષયમાં પણ સજી લેવું. આ વિષયમાં ઘણું કહેવાનું છે, તે વિશેષાવશ્યક ભાષ્યથી સમજી લેવું. આ પ્રમાણે ઘણા પ્રકારે સાધુઓએ સમજાવ્યા છતાં પણ જમાલિએ ભગવાનનું વચન ન માન્ય કર્યું. એટલે તેને મિથ્યાત્વ થયું. 'હવે આ શાસનમાંથી નીકળી ગયો છે, સેવા કરવા યોગ્ય નથી' - એમ વિચારીને તેઓએ મહાવીર ભગવંતનો આશ્રય કર્યો.

આ બાજુ સુદર્શનાસાધ્વી જમાલિને વંદન કરવા માટે તે નગરીમાં આવી અને મહાવીર ભગવંતના ઢંકનામના કુંભકારને ત્યાં ઉપાશ્રયની અનુજ્ઞા મેળવીને રોકાઇ. તે સુદર્શનાસાધ્વી પણ પતિરાગથી કરેલાને જ કરેલું માનતી અને કરાતું કર્યું એમ ન માનતી - આમ જમાલિનું વાક્ય અનેક પ્રકારે સાંભળતી, તેમ જ કંઇક પતિ તરફનો રાગ વિચારતી જમાલિના અનુરાગને ન છોડતી ઢંકશ્રાવક પાસે પણ તેમજ પ્રરૂપણા કરતી હતી.

ત્યારે જમાલિના વૃત્તાન્તથી અજાણ બની કપટથી ઢંકે કહ્યું કે, 'હે આર્યા ! આવા વિષયમાં હું વિશેષ સમજી શકતો નથી કે ભગવાન સત્ય છે કે જમાલિ સત્ય છે, એમ કહીને મૌનપણે બેસી રહ્યો. કોઇક દિવસે સુદર્શના સાધ્વી સ્વાધ્યાયપોરસી કરતાં હતાં, ત્યારે નિભાડાના ઉપરના ભાગમાંથી ભાજનો નીચે ઉતારતાં તે ઢંકકુંભાર શ્રાવકે એકદમ સળગતો એક અંગારો એવી રીતે ફેંક્યો કે જેથી તેના સંઘાટક વસ્ત્રના એક ભાગમાં લાગી ગયો. ત્યારે સાધ્વીએ કહ્યું કે, શ્રમણોપાસક મહાનુભાવ ! આ મારા વસ્ત્રને તેં કેમ બાળ્યું ! ત્યારે તેણે કહ્યું કે, 'હે આર્યા ! જુઠું કેમ બોલો છો ! તમારા પોતાના મતે બળતાને બળેલું એમ ન કહેવાય. હજું તમારું વસ્ત્ર તો બળતું વર્તે છે. એ વગેરે કહીને તેને પ્રતિબોધ પમાડી, સાધ્વીએ કહ્યું કે, 'હે શ્રાવક ! તેં ઠીક કર્યું. હું શિખામણની ઇચ્છા રાખું છું - એમ કહીને 'મિચ્છામિ દુક્કડં' આપ્યું. અને જમાલિ પાસે ગઇ.

પોતાનો અભિપ્રાય યુક્તિસહિત વારંવાર સમજાવ્યો, તો પણ જમાલિએ તે માન્ય ન કર્યો. ત્યારપછી પોતે અને બીજા સાધુઓ ભગવંત પાસે ગયા. ત્યારપછી તે એકલો તે ખોટી પ્રરૂપણાથી પાછો ન ફરેલો, તેની આલોચના ન કરી, પ્રતિક્રમણ ન કર્યું અને પંદર દિવસની સંલેખના કરીને-કાલ કરીને લાન્તકકલ્પમાં તેર સાગરોપમની સ્થિતિવાળો કિલ્બિષિક-હલકી જાતિનો દેવ થયો. ત્યાંથી ચ્યવી ચાર-પાંચ એવા તિર્યંચ અને મનુષ્યના ભવો સંસારમાં રખડી મહાવિદેહમાં સિદ્ધિપદ પામશે. પોતાની બહેનના પુત્ર, બીજી બાજુ પોતાની પુત્રીના પતિ એવા જમાલિ જેમને ભગવંતે પોતાના હસ્તથી સંયમ-સામ્રાજ્ય આપેલું હતું. એવા જ પુરુષ જો ભગવંતની અવગણના કરે, તો પછી ખેદની વાત છે કે, આ કરતાં બીજા કૃતઘ્નતાનો પ્રકર્ષ કયો ?

**इंदिय-कसाय-गारव-मएहिं सययं किल्लिट्ठ-परिणामो ।**
**कम्मघण-महाजालं, अणुसमयं बंधई जीवो ।।४६०।।**

**परपरिवाय-विसाला, अणेग-कंदप्प-विसय-भोगेहिं ।**
**संसारत्था जीवा, अरइविणोअं करंतेवं ।।४६१।।**

**आरंभपाय-निरया, लोइअरिसिणो तहा कुलिंगी अ ।**
**दुहओ चुक्का नवरं, जीवंति दरिद्द-जियलोए ।।४६२।।**

**सव्वो न हिंसियव्वो, जह महिपालो तहा उदयपालो ।**
**न य अभयदाणवइणा, जणोवमाणेण होयव्वं ।।४६३।।**

पाविज्जइ इह वसणं, जणेण तं छगलओ असत्तु त्ति ।
न य कोइ साणियवलिं, करेइ वग्धेण देवाणं ।।४६४।।

वच्चइ खणेण जीवो, पित्तानिल-धाउ-सिंभ-खोभेहिं ।
उज्जमह मा विसीअह, तरतमजाोगो इमो दुलहो ।।४६५।।

पंचिदियत्तणं माणुसत्तणं आरिए जणे सुकुलं ।
साहु-समागम सुणणा, सद्दहणाऽरोग पव्वज्जा ।।४६६।।

आउं संविल्लंतो, सिढिलंतो बंधणाइं सव्वाइं ।
देहिट्ठिअं मुयंतो, झायइ कलुणं बहुं जीवो ।।४६७।।

इक्कं पि नत्थि जं सुट्ठु सुचरियं जह इमं बलं मज्झ ।
को नाम दढक्कारो, मरणंते मंदपुण्णस्स ? ।।४६८।।युग्मम्।।

## ૧૮૧. હિતોપદેશ-

સ્પર્શાદિક પાંચ ઈન્દ્રિયો, ક્રોધાદિક કષાયો, રસ-ઋદ્ધિ-શાતારૂપ ત્રણ ગૌરવો, તથા જાતિ વગેરે નિરંતર ક્લિષ્ટ પરિણામવાળો જીવ સંસારમાં સમયે સમયે કર્મરૂપી મેઘના મોટા સમૂહને બાંધે છે. એટલે કે કર્મરૂપી મેઘના પડલે કરીને જ્ઞાનરૂપ ચંદ્રને આચ્છાદિત કરે છે. ઈન્દ્રિયો, કષાયાદિકથી માત્ર કર્મ જ બાંધે છે, તેમાં કંઇ પણ પરમાર્થ હોતો નથી. વિષય-સુખ દુઃખરૂપ છે, ખસને ખણવા સરખા અરતિ વિનોદ દ્વારોથી વિપરીત છે. તેમાં અવિવેકીઓને જ સુખબુદ્ધિ થાય છે. તરશ લાગવાથી મુખ સુકાય, ત્યારે સુગંધી-સ્વાદિષ્ટ જલપાન કરે, ક્ષુધાથી પીડાય, ત્યારે શાલી, ચોખા, અડદ, તલ, વગેરેનું ભોજન કરે, રાગાગ્નિ પ્રદીપ્ત થાય અને શરીરમાં કામજ્વર ઉત્પન્ન થાય, ત્યારે તેને શાંત કરવા માટે પ્રિયાને આલિંગન કરે, વ્યાધિ ઉત્પન્ન થાય ત્યારે તેનો પ્રતિકાર કરે, 'આ સર્વ દુઃખના પ્રતિકારમાં સુખ છે.' એમ લોકોની મતિ અવળી થાય છે. વાસ્તવિક તો આ સર્વ સુખ નથી, પણ દુઃખના પ્રતિકારમાં અજ્ઞાનીઓને સુખ-બુદ્ધિ થાય છે. રાગ-દ્વેષને આધીન થએલા આત્માઓ અરતિ વિનોદ માત્રનો જ અનુભવ કરે છે, પરંતુ તેમાં અલ્પપણ સુખ નથી. એ જ વાત ગાથાથી કહે છે-બીજાનો અવર્ણવાદ કે નિંદા ઘણી કરવી, આથી દ્વેષ જણાવે છે, અનેક પ્રકારના કામવિષયક, ઇન્દ્રિયવિષયક, ભોગો સંબંધી હાસ્ય, ઠઠ્ઠા, મશ્કરી કરવી. આથી રાગકાર્ય જણાવે છે.

આ પ્રમાણે સંસારમાં રહેલા જીવો રાગ-દ્વેષને મોહથી અરતિની પ્રેરણા કરે છે અને વિષય અભ્યાસનો વધારો કરે છે. રોગોની વૃદ્ધિ કરે છે, પરંતુ ઇન્દ્રિયોને સંતોષ પમાડી શકાતો નથી. તે માટે કહેલું છે કે - 'ભોગોને ભોગવીને જે વિષય-તૃષ્ણા શાન્ત કરવાની અભિલાષા કરે છે, તે ખરેખર પાછલા પહોરે પોતાના પડછાયાને દાબવા માટે દોડે છે- અર્થાત્ પડછાયો આગળ વધતો જાય છે, પણ દાબી શકાતો નથી. તેમ વિષયો ભોગવવાથી તેની ભોગતૃષ્ણા વૃદ્ધિ પામે છે, પણ શાન્ત થતી નથી, વિષયભોગથી બીજાને અરતિ ઉત્પન્ન કરીને પોતાને સુખ ઉત્પન્ન કરે છે. પૃથ્વીકાયાદિનો આરંભ, ધાન્ય રાંધવાના કાર્યમાં આસક્ત રહે, એવા લૌકિક ઋષિઓ માયાવી ભૌતાદિક પાખંડીઓ સાધુપણામાં નથી, કે ગૃહસ્થાશ્રમમાં નથી. તેથી બંનેથી ચૂકી જાય છે અને દારિદ્રચથી, દીનતાથી જીવિકા ચલાવે છે. વિપરીતવેષ હોવાથી ગૃહસ્થ નથી, હિંસાદિકમાં પ્રવર્તેલા હોવાથી સાધુઓ નથી. જૈનદર્શન સિવાયના યતિઓ અજ્ઞાન અને મોહથી આરંભાદિકમાં વર્તે છે, તેથી વિડંબનાથી ઉદરપૂર્તિ માત્ર કરે છે. જૈન સાધુઓના હૃદયમાં તો આવા ભાવ વર્તતા હોય છે. હિંસાનો વિચાર કરીએ, તો દરેક જીવને પીડા ન આપવી, જેવી રીતે રાજા તે જ પ્રમાણે રંકને પણ પીડા ન કરવી, બંનેને પ્રાણો સરખા પ્રિય છે, એક સરખા જ બંનેના પ્રાણોનું રક્ષણ કરવું, અહિં ઉદકપાલ શબ્દનો પ્રયોગ એટલા માટે કરેલો છે કે, તળાવ વગેરેમાં રહેલા પાણીનું પોતાના પીવા માટે રક્ષણ કરે છે, પણ અન્નાદિક બીજી કોઈ સામગ્રી જેની પાસે નથી, તેથી ઉદકપાલ એટલે દરિદ્ર-ગરીબ. સર્વ જીવોને અભયદાન આપવાની પ્રવૃત્તિ કરનાર સાધુજનોએ લોક સરખા ન બનવું.

લૌકિક શાસ્ત્રમાં તો કહેલું છે કે - 'અગ્નિ આપનાર, ઝેર આપનાર, હથિયાર હાથમાં રાખનાર, ધન હરણ કરનાર, ક્ષેત્ર-સ્ત્રીનું હરણ કરનાર એવા છને શસ્ત્ર ઉગામી મારી નાખવા તૈયાર થએલા સરખા છે.

એવા હિંસકોને આવતો દેખો કે, વેદ પારગામીને મારતો દેખો, તો તેની મારી નાખનારને હિંસક કહેવાતો નથી.'

જૈનમુનિઓ તો બીજો પીડાની પ્રવૃત્તિ કરે, તો પણ સામાને પીડા ન કરવી - એમ માનનારો છે. એમ કરવાથી અવિવેકીઓ તેને અસમર્થ-કાયર ગણશે ત્યારે સમજાવે છે. અવિવેકી લોકો તેમ ક્ષમા રાખનારની હીલના-લઘુતા કરશે કે, 'આ બકરા જેવો પ્રતિકાર કરવાં અસમર્થ છે. દુનિયામાં કોઇ ચંડિકા દેવતાને વાઘ-સિંહના રુધિરનું બલિદાન આપતા નથી, બકરા સરખા અસમર્થનું જ બલિદાન અપાય છે. કારણ કે તેમાં તેવું સત્ત્વ નથી, માટે તું પણ સત્ત્વ વગરનો બકરા જેવો છે' એમ કરીને કોઇ હીલના કરે, તો પણ મુનિએ

ક્ષમાવાળા જ બનવું, પરંતુ તેના વચનથી ક્રોધ ન કરવો. કારણ કે, ક્રોધ પરલોક બગાડનાર થાય છે. આયુષ્ય અલ્પ છે અને પરલોક નજીક આવવાનો છે.

પિત્ત, વાયુ-પ્રકોપ, ધાતુ-ક્ષોભ, કફ અટકવો ઇત્યાદિ કારણોથી જીવ ક્ષણવારમાં શરીર છોડીને ભવાંતરમાં ચાલ્યો જાય છે. હે શિષ્યો ! તમે સુંદર ધર્માનુષ્ઠાનમાં ઢીલા ન પડો અને પ્રમાદ છોડી સંયમમાં ઉદ્યમ કરો, અહિં મનુષ્ય-જન્મ અને ધર્મસામગ્રી સદ્ગુરુ-સમાગમ આદિ દુર્લભ પદાર્થો મળ્યા છે. માટે તે મળ્યા પછી પ્રમાદ કરવો યુક્ત નથી. કહેલું છે કે, 'અહિં મનુષ્યભવ, સદ્ગુરુ-સુસાધુનો સમાગમ મેળવીને ધર્મમાં ઉદ્યમ કરતા નથી, તો હે જીવ ! તું પ્રગટપણે ઠગાય છે. હે ભવ્યાત્માઓ ! કાગનું બેસવું અને તાલફલનું પડવું એ ન્યાયે અથવા ચિંતામણિરત્ન-પ્રાપ્તિ દૃષ્ટાન્તે માનુષક્ષેત્ર, પંચેન્દ્રિયપણું વગેરે દુર્લભ ધર્મ-સામગ્રી મેળવી તો કર્મને ગથન કરનાર ધર્મ, શાસ્ત્રશ્રવણ અને ઉત્તમ ગુરુ તેં અણધાર્યા મેળવ્યા છે, તો હવે તું તત્કાલ દુર્ગતિ આપનાર એવા પ્રમાદનો જરૂર ત્યાગ કર. સંપૂર્ણ પાંચે ઇન્દ્રિયોની પ્રાપ્તિ, મનુષ્યજન્મ, મગધાદિક આર્યદેશમાં ઉત્પત્તિ, તેમાં પણ ઉત્તમકુલ મળવું, વળી સાધુ-સમાગમ, તેમના મુખેથી શાસ્ત્રશ્રવણ, તેની શ્રદ્ધા, સંયમ-ભાર વહન કરી શકાય તેવી નિરોગતા, વળી સર્વસંગના ત્યાગસ્વરૂપ ભાગવતી દીક્ષા આ સર્વ સામગ્રી ઉત્તરોત્તર પ્રાપ્ત થવી દુર્લભ છે.'

આટલો ઉપદેશ આપ્યા પછી માત્ર વર્તમાનભવ જોનાર દુર્બુદ્ધિ ધર્મ ન કરે અને પાછળથી શોક કરે, તેના પ્રત્યે કહે છે - આયુષ્ય ભોગવી ભોગવીને ઘટાડતો, અંગ અને ઉપાંગોના બંધનો શિથિલ કરતો, દેહસ્થિતિ તેમ જ પુત્ર, પત્ની, ધન, સુવર્ણનો ત્યાગ કરતો તે અતિકરુણ સ્વરથી બીજાને કરુણા ઉપજાવતો જીવ બહુ પશ્ચાત્તાપ કરે છે કે સર્વજ્ઞ-શાસન પામીને નિર્ભાગી મેં એક પણ સુંદર ધર્માચરણ ન કર્યું, વિષયની લોલુપતાથી હંમેશાં સંસાર વધારનાર એવાં પાપાચરણ કર્યાં, સારું વર્તન તો મેં કાંઇ કર્યું જ નહિં. સદ્ગતિ પમાડનાર એક પણ ધર્મના અંગનું સેવન ન કર્યું.

હવે નિર્ભાગી એવા મને મરણસમયે દૃઢ આલંબનભૂત શરણ કોનું મળશે ? કારણ કે, દરેક સુંદર સામગ્રી તો હારી ગયો છું. જે મનુષ્ય સમુદ્રની અંદર ખીલી માટે નાવડીમાં છિદ્ર પાડે છે, દોરા માટે વૈડૂર્યરત્નનો હાર તોડી નાખે છે, રાખ માટે બાવનાચંદન બાળી નાખે છે અને ઇન્દ્રિયના સુખ માટે જે મનુષ્યભવ હારી જાય છે, તે પાછળથી પારાવાર પશ્ચાત્તાપ કરનાર થાય છે. (૪૬૦ થી ૪૬૮) એકલા વાત, પિત્ત, કફ ધાતુના ક્ષોભથી આયુષ્ય ઘટી જાય છે કે, ઉપક્રમ લાગે છે, તેમ નથી, પરંતુ બીજા પણ આયુષ્યને ઉપક્રમ લાગવાનાં કારણો છે, તે કહે છે -

## ૧૮૨. આયુષ્યને ઉપક્રમ લાગવાનાં કારણો-

सूल-विस-अहि-वसूई-पाणी-सत्थग्गि-संभमेहिं च ।
देहंतर-संकमणं, करेइ जीवो मुहुत्तेण ।।४६९।।

कत्तो चिंता सुचरिय-तवस्स गुण-सुट्ठियस्स साहुस्स ।
सोगइगम-पडिहत्थो, जो अच्छइ नियम-भरिय-भरो ।।४७०।।

साहंति अ फुड-विअडं, मासाहस-सउण सरिसया जीवा ।
न य कम्मभार-गरुयत्तणेण तं आयरंति तहा ।।४७१।।

वग्घमुहम्मि अहिगओ, मंसं दंतंतराउ कढ्ढेइ ।
मा साहसंति जंपइ, करेइ न य तं जहाभणियं ।।४७२।।

परिअट्टिणू गंत्थ-वित्थरं निहसिऊण परमत्थं ।
तं तह करेइ जह तं, न होइ सव्वं पि नड-पढियं ।।४७३।।

पढइ नडो वेरग्गं, निव्विज्जिज्जा य बहुजणो जेण ।
पढिऊण तं तह सढो जालेण जलं समोअरइ ।।४७४।।

कह कह करेमि कह मा करेमि कह कह कयं बहुकयं मे ।
जो हिययसंपसारं, करेइ सो अइकरेइ हियं ।।४७५।।

सिढिलो अणायर-कओ, अवस-वसकओ तहा कयावकओ ।
सययं पमत्तसीलस्स, संजमो केरिसो होज्जा ? ।।४७६।।

चंदु व्व कालपक्खे, परिहाइ पए पए पमायपरो ।
तह उग्घर-विघर-निरंगणो य ण य इच्छियं लहइ ।।४७७।।

પેટમાં શૂલ ઉત્પન્ન થાય, ઝેર ચડી જાય, સર્પ ડંખે, અજીર્ણ થવાથી ઝાડાનો રોગ થાય, પાણીમાં ડૂબી જવું, શસ્ત્રનો પ્રહાર લાગે, અગ્નિનો ઉપદ્રવ નડે, ભય કે સ્નેહાદિક લાગણીથી હૃદય રુંધાઈ જાય, આ અને એવા બીજાં કારણે જીવ મુહૂર્ત માત્રમાં મૃત્યુ પામી બીજા દેહમાં અને પરલોકમાં સંક્રમણ કરે છે. કહેવાનો મતલબ એ છે કે, જીવિત ચંચળ છે. જેણે જીવનમાં ધર્મારાધન ન કર્યું હોય, તેવો આત્મા મૃત્યુ-સમયે શોક કરે છે. જેણે

ધર્માનુષ્ઠાન કરેલ હોય, તેને શોક કરવાનો અવકાશ હોતો નથી, તે કહે છે સદ્ગતિમાં જવા માટે જેણે નિયમ, અભિગ્રહ વડે જેણે ધર્મકોષ (ધર્મભંડાર) ભર્યો છે, સુચારિત્ર અને તપ ક્ષમાસહિત જેણે કરેલું છે અને સદ્ગતિ તથા મોક્ષ સાધીઆપનાર એવા સંયમ, તપ ક્ષમાસહિત જેણે કરેલું છે અને સદ્ગતિ તથા મોક્ષ સાધી આપનાર એવા સંયમ, તપ, અભિગ્રહને જીવરૂપી ગાડામાં ભરેલા છે, તેવા આત્માને મરણ-સમયે કઈ ચિંતા હોય ! અર્થાત્ ન હોય. આ વસ્તુ જાણવા છતાં પણ ભારેકર્મી આત્માઓ ધર્માનુષ્ઠાન કરતા નથી. તે કહે છે -

## ૧૮૩. 'મા સાહસ' પક્ષી સરખા ઉપદેશો-

કેટલાક ઉપદેશકો 'મા સાહસ' પક્ષીની સરખા સ્પષ્ટાક્ષરથી ધર્મની સુંદર વ્યાખ્યા સમજાવે છે, પરંતુ કર્મના ભારીભારથી ભારેકર્મી હોવાથી કથની પ્રમાણે પોતાની રહેણી હોતી નથી જેમ કથન કરે, તેમ પોતે વર્તન કરતા નથી. તે દૃષ્ટાંત કહે છે - વાઘના મુખમાં પ્રવેશ કરીને દાંતોની વચ્ચે ચોંટેલું માંસ ચાંચથી ખેંચીને ખાય છે અને 'સાહસ ન કર' તેમ બીજાને કહે છે, જેમ પોતે બોલે છે, તેમ સ્વયં વર્તન કરતો નથી કોઇક પક્ષી માર્ગમાં જતા બ્રાહ્મણને સંભળાવે છે કે, 'સાહસ ન કર' એમ કહેતાં સાંભળ્યું અને વળી તે પક્ષી સુતેલા વાઘના મુખમાં પ્રવેશ કરીને તે માંસ ચાંચથી ખેંચે છે. ત્યારે બ્રાહ્મણે તે પક્ષીને સંભળાવ્યું કે, બીજાને સાહસ કરવાની મના કરે છે અને વિશ્વાસથી વાઘના મુખમાંથી માંસ હરણ કરે છે, તું ભોળું પક્ષી જણાય છે, વચન પ્રમાણે આચરણ તો કરતું નથી. એ પ્રમાણે જે બોલે જુદું અને કરે જુદું, તે પણ 'મા સાહસ' પક્ષી સરખો છે. આ સમજીને આગમ જાણકારે જેવું કથન તેવું વર્તન કરવું. તેથી વિપરીત કરવામાં આવે, તો લઘુતા થાય, તેમ જ આગમના અભ્યાસ પ્રમાણે વર્તન નથી-તેમ નિંદા થાય અને મા સાહસપક્ષી માફક વિનાશ પામે. વળી તે બીજું શું કરે, તે કહે છે-અનેક વખત ગ્રન્થ અને તેના અર્થનો વિસ્તાર કરી વ્યાખ્યા કરવી તેમ જ ગોખી ગોખીને કડકડાટ તૈયાર કરેલ હોય અને ઐદંપર્યાય સુધી સૂત્રનો સાર પણ જાણેલો હોય, સારી રીતે પરીક્ષા કરીને સૂત્રાર્થ ગ્રહણ કરેલા હોય, પરંતુ ભારેકર્મી એવા તેને તે સૂત્રાર્થો મોક્ષ માટે થતા નથી, પણ નટના બોલવા સરખું નિષ્ફલ થાય.

નટનો ઉપદેશ નિષ્ફલ થાય, તેમ વર્તન વગરના વાચાળ વક્તાનાં ઉપદેશવચનો વ્યર્થ જાય છે. ભારેકર્મીના સૂત્રાર્થ-પઠનાદિક નિષ્ફલ થાય છે. નટ પોતાની વાણી દ્વારા વૈરાગ્ય ઉત્પન્ન કરાવે અને વ્રતો પણ ગ્રહણ કરાવે, તેમના ઉપદેશથી-કથનથી ઘણા સંસારથી વૈરાગી બની વ્રત-નિયમો સ્વીકારે. તેના હાવ-ભાવ-અભિનય બીજાને માત્ર ઠગવા માટે હોય, પરંતુ તેના હૃદયમાં તો છેતરવાના માત્ર પરિણામ વર્તતા હોય. માછીમાર જાળ લઇને

જળમાં પ્રવેશ કરે, તે મત્સ્યો પકડવા માટે, તેમ આ નટ સરખો ઉપદેશક હૃદયમાં વૈરાગ્ય વગરનો અને લોકોને ઠગવાના પરિણામવાળો હોય છે. હું ધર્માનુષ્ઠાન કેવી રીતે કરું અને કેવી રીતે ન કરું, કેવી રીતે કરવાથી તે ઘણું લાભકારક થાય ? આ પ્રમાણે જે મનમાં વિચારણા કરે છે, તે આત્મહિત ઘણું સાધે છે. હંમેશાં પ્રમાદભાવમાં વર્તનારનો સંયમ શિથિલ હોય. તે કેવી રીતે થાય ? અનાદરથી ધર્માનુષ્ઠાન કરવામાં આવે, એટલે પ્રયત્ન પૂર્વક ન કરે, યત્નથી કરે, તોપણ ગુરુની પરતંત્રતા, ભય, લજ્જાથી કરે, પણ શ્રદ્ધાથી ન કરે, પરાધીનતાથી કરે, કોઇક વખત સંપૂર્ણ આરાધનાથી, કોઈ વખત વિરાધનાથી કરે, સતતપ્રમત્ત શીલવાળાને સંયમ-ચારિત્ર ક્યાંથી હોઇ શકે ? વિષયાદિની વાંછાવાળા પ્રમાદીને આત્મહિત કરનાર સુંદર ચારિત્રાનુષ્ઠાન કેવી રીતે હોય ? અર્થાત્ ન હોય તે આ પ્રમાણે - કૃષ્ણપક્ષના અર્ધમાસનો ચન્દ્ર ક્ષય પામતો જાય, તેમ દિન-પ્રતિદિન પ્રમાદી ગુણઅપેક્ષાએ સ્થાને સ્થાને પ્રમાદી બનતો જાય છે. ગૃહસ્થ પર્યાયનું ઘર નાશ પામ્યું છે, દીક્ષામાં વિશિષ્ટ વસતિ વગરનો છે, સ્ત્રી પણ હવે રહેલી નથી, એટલે પ્રમાદી સાધુ માત્ર ક્લિષ્ટ પરિણામથી વિષયની ઇચ્છા કરતો દરેક ક્ષણે કર્મ એકઠાં કરે અને આત્મામાં અંધકાર ઉભો કરે છે, પરંતુ ઇચ્છિત પ્રાપ્ત કરતો નથી, ઘર, સ્ત્રી વગેરે તેનાં સાધનનો અભાવ હોવાથી (૪૬૯ થી ૪૭૬) વળી તે અહિં બીજો અનુભવ કરે છે, તે કહે છે -

भीओव्विग्ग-निलुक्को, पागडं पच्छन्न-दोससयकारी ।
अप्पच्चयं जणंतो, जणस्स धी ! जीवियं जियइ ।।४७८।।

न तहिं दिवसा पक्खा, मासा वरिसा वि संगणिज्जंति ।
जे मूल-उत्तरगुणा, अक्खलिया ते गणिज्जंति ।।४७९।।

जो नवि दिणे दिणे संकलेइ के अज्ज अज्जिया मि गुणा ? ।
अगुणेसु अ न हु खलिओ, कह सो उ करिज्ज अप्पहिअं ।।४८०।।

इय गणियं इय तुलिअं, इय बहुआ दरिसियं नियमियं च ।
जइ तहवि न पडिबुज्झइ, किं कीरइ ? नूण भवियव्वं ।।४८१।।

किमगंतु पुणो जेमं, संजमसेढी सिढिलीकया होई ।
सो तं चिअ पडिवज्जइ, दुक्खं पच्छा उ उज्जमई ।।४८२।।

जइ सव्वं उवलद्धं, जइ अप्पा भाविओ उवसमेणं ।
कायं वायं च मणं, उप्पहेणं जह न देई ।।४८३।।

**हत्थे पाए निखिवे, कायं चालिज्ज तं पि कज्जेणं ।**
**कुम्मो व्व सए अंगे, अंगोवंगाइं गोविज्जा ।।४८४।।**

## ૧૮૪. પડેલાને ચડવુ મુશ્કેલ છે ?

પોતે પાપાચરણ કરેલ હોવાથી મને કોઈક ઠપકો આપશે, એમ ત્રાસથી ઉદ્વેગ પામે, કોઇ પણ કાર્યમાં ધીરજ રાખી શકે નહિં. સંઘ કે બીજા પુરુષોથી પોતાના આત્માને છૂપાવતો, રખે મને કોઇ દેખી ન જાય, છૂપા અને પ્રગટ સેંકડો પાપ કરનાર લોકોને ધર્મમાં અવિશ્વાસ પ્રગટ કરતો, લોકને એમ મનમાં થાય કે, શાસ્ત્રકારે જ આમ પ્રતિપાદન કરેલ છે. આવા જીવો ધિક્કારપાત્ર જીવિત ધારણ કરે છે. જે કારણથી અતિચારવાળાને દોષ લાગે છે, માટે પ્રથમથી જ નિરતિચાર થવું. વળી જે એમ વિચારે કે મારો દીક્ષા-પર્યાય ઘણો લાંબો છે, તેથી જ ઇષ્ટકાર્યની સિદ્ધિ થવાની છે, તો વળી મારે નિરતિચારવ્રતની શી જરૂર છે ? તેમ માનનારા પ્રત્યે કહે છે - ધર્મની અને ઇષ્ટસિદ્ધિની વિચારણામાં દિવસો, પક્ષો, મહિના, કે વર્ષોના પર્યાયની ગણતરી કરવામાં આવતી નથી. તેમાં તો મૂલગુણો અને ઉત્તરગુણોની નિરતિચારતા જ ગણતરીમાં લેવાય છે, તે જ ઇષ્ટ-મોક્ષસિદ્ધિ મેળવી આપે છે. તે કારણે લાંબાકાળની દીક્ષા અકારણ છે. નિરતિચારતા તો સજ્જડ અપ્રમાદી હોય, તેને જ થાય છે, તે કહે છે - જે સાધુ દરરોજ રાત્રે અને દિવસે એમ વિચારે કે, 'મેં આજે કેટલા ગુણો મેળવ્યા ? જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ વગેરેમાંથી કયા ગુણોની આરાધના કરી ? મિથ્યાત્વાદિક અગુણોમાં હું આદરવાળો તો નથી થયો ? એ આત્મહિત કેવી રીતે સાધી શકશે ? આ પ્રમાણે સદનુષ્ઠાન વિષયક અનેક પ્રકારના ઉપદેશ આવા છતાં કેટલાક તેનો સ્વીકાર કરતા નથી. બીજા કેટલાકે સ્વીકાર કરેલ હોય, તેમાં પ્રમાદી અને શિથિલ બની જાય છે, તે દેખાડતા કહે છે - આ પ્રમાણે આગળ ઋષભ ભગવંતે વરસદિવસ તપ કર્યો, એમ કહી સદનુષ્ઠાન જણાવ્યું, અવંતિસુકુમાલે પ્રાણાંતે પણ ધર્મનો ત્યાગ ન કર્યો, એમ ઉપદેશ આપી તુલના કરી, આર્યમહાગિરિના દૃષ્ટાન્તથી તેમ ઉલટા-સુલટા દૃષ્ટાન્તો આપી નિયમિત કર્યું, સમિતિ, ગુપ્તિ, કષાયજય, ગૌરવ, ઇન્દ્રિયવિષયક દૃષ્ટાન્તો સમજાવી નિયંત્રણા સમજાવી, ૪૨ એષણાના દોષોનું રક્ષણ કરો, એમ અનેક પ્રકારે ઉલટા-સુલટા દૃષ્ટાન્ત-દાખલા આપવા પૂર્વક સમજાવ્યું, તો પણ ન પ્રતિબોધ પામે, પછી બીજો કયો ઉપાય કરવો ? ખરેખર તે જીવની લાંબાકાળ સુધી ભવભ્રમણ કરવાની તેવી ભવિતવ્યતા જ છે. નહિંતર કેમ પ્રતિબોધ ન પામે ! એ જ વાત શિષ્યના પ્રશ્નપૂર્વક કહે છે. જે જ્ઞાનાદિક ગુણવાળી સંયમશ્રેણી શિથિલ બનાવી, તે ફરી સારા અનુષ્ઠાન માર્ગમાં જનાર ન થાય ? તેના સમાધાનમાં જણાવે છે કે, તે શિથિલતા જે મોહની

પ્રબળતાથી થનારી છે અને વજ્ર માફક સજ્જડ-દઢ-મજબૂત બનાવે છે, તેથી પછી અતિકષ્ટથી ઉદ્યમ કરી શકે છે. શિથિલ થયા પછી અપ્રમાદમાં ઉદ્યમ કરવો મુશ્કેલ છે. માટે પ્રથમથી શિથિલ ન બનવાનો ઉદ્યમ કરવો.

- બહુ ઉંચા સ્થાનથી નીચે પડેલો, અંગ, ઉપાંગ ભાંગી ગયાં હોય, તેને ફરી ઉપર ચડવાનો ઉદ્યમ કરવો ઘણો મુશ્કેલ છે. આ અર્થ આગળ પણ અનેક વખત કહેવાઈ ગયો છે. જેમકે, ચક્રવર્તીને ચક્રવર્તીપણાના સર્વસુખોનો ત્યાગ કરવો સહેલો છે, પરંતુ ઓસન્ન વિહારીને સુખશીલતા છોડવી ઘણી મુશ્કેલ છે. બીજું દૃષ્ટાન્ત આપીને આ વધારે અયુક્ત છે, તેમ સમજાવતા કહે છે કે, મેળવીને ગુણો નાશ કરનાર કરતાં નિર્ગુણ પુરુષ વધારે સારો છે, અલંકારમાં જડેલો મણિ ખોવાઇ જાય, તે કરતાં મણિ વગરનો પુરુષ સારો છે. માટે શરુથી જ પ્રમાદને સ્થાન ન આપવું. હળુકર્મી પુણ્યશાળી આત્મા તો જે પ્રમાણે ઉપદેશ અપાય, તે પ્રમાણે આચરણ કરનારો થાય. માટે તેને આશ્રીને ઉપદેશનો સર્વસાર જણાવે છે કે, સર્વ પ્રકારનો ઉપદેશ પ્રાપ્ત કર્યો. હૃદયમાં તેને ધારણ કર્યો, રાગાદિકનો ક્ષય કરી આત્માને ઉપશાંત કર્યો, તો હવે હે વિવેકી આત્માઓ ! ભાવીમાં નવાદોષ ઉત્પન્ન થતા અટકાવવા માટે તેમ જ જુના દોષ દૂર કરવા માટે કાયા, વાણી અને મન ઉન્માર્ગે ન જાય-તેમ વર્તન કરવું. તે માટે કહેલું છે કે, 'જેથી રાગાદિક વિશેષ ઉત્પન્ન થાય, તે જ્ઞાન ન કહેવાય, સૂર્યનાં કિરણો પથરાએલાં હોય, ત્યાં અંધકાર રહેવાને શક્તિમાન બની શકતો નથી,' તેમાં કાયાને આશ્રીને કહે છે કે - વગર પ્રયોજને હાથ, પગ કે કાયા હલાવવી નહિં, કાર્ય પડે, ત્યારે પણ પ્રતિલેખન-પ્રમાર્જના કર્યા વગર હાથ, પગ કે દેહ લેવા-મૂકવા નહિં. કાચબાની જેમ હંમેશાં શરીર અને અવયવોને ગોપવીને સંયમમાં ઉદ્યમ કરવો. (૪૭૮ થી ૪૮૪) વચનને આશ્રીને કહે છે -

विकहं विणोयभासं अंतरभासं अवक्कभासं च ।
जं जस्स अणिट्ठमपुच्छिओ य भासं न भासिज्जा ।।४८५।।

अणवट्ठियं मणो जस्स, जायइ बहुयाइं अट्टमट्टाइं ।
तं चितिअं च न लहइ, संचिणइ अ पावकम्माइं ।।४८६।।

जह जह सव्वुवलद्धं, जह जह सुचिरं तवोवणे वुच्छं ।
तह तह कम्मभरगुरू, संजम-निब्बाहिरो जाओ ।।४८७।।

विज्जप्पो जह जह ओसहाइं पिज्जेइ वायहरणाइं ।
तह तह से अहिययरं, वाएणाऊरिअं पुट्टं ।।४८८।।

दड्ढ-जउमकज्जकरं, भिन्नं संखं न होइ पुण करणं ।
लोहं च तंब-विद्धं, न एइ परिकम्मणं किंचि ।।४८९।।

को दाही उवएसं, चरणालसयाण दुव्विअड्ढाणं ? ।
इंदस्स देवलोगो, न कहिज्जइ जाणमाणस्स ।।४९०।।

## ૧૮૫. હિતોપદેશ-

રાજકથા, દેશકથા, સ્ત્રીકથા, ભોજનાદિની વિકથા ન કરવી. જ્ઞાનાદિ પ્રયોજન વગર વખત પસાર થાય, તેવી વિનોદકથા ન કરવી. ગુરુ વાતચીત કરતા હોય, તેની વચ્ચે ન બોલવું, ચકાર મકારવાળી અપ્રશસ્ત ભાષા ન વાપરવી, બીજાને અપ્રિય લાગે એવી વાણી ન બોલવી, કોઈએ પૂછ્યા વગર અગર વાચાળપણાથી ફાવે તેમ બોલબોલ ન કરવું. હવે મનને આશ્રીને કહે છે - જેનું મન ચંચળ છે, તે અનેક પ્રકારના આડા-અવળા પાપવિષયક-તર્ક-વિતર્ક કરે છે, પરંતુ ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થઇ શકતી નથી, પરંતુ દરેક ક્ષણે પાપકર્મો એકઠાં કરે છે. નરકાદિયોગ્ય આશાતાનાં કર્મ ઉપાર્જન કરે છે. માટે મનને સ્થિર અને નિર્મળ બનાવવું. હજુ પણ ભારેકર્મીનું વિપરીત વર્તન બતાવતા કહે છે. જ્ઞાનાવરણકર્મનો ક્ષયોપશમ થવાથી આગમ-રહસ્ય પ્રાપ્ત કર્યું, લાંબાકાળ સુધી ઉત્તમસાધુના મધ્યમાં વાસ કર્યો, પરંતુ મિથ્યાત્વ વગેરે કર્મસમૂહના ભારથી દબાએલો તે આગમમાં કહેલા અનુષ્ઠાનથી રહિત થયો. તે કોના જેવો થયો ? તે દર્શાવતા કહે છે - હિતકારી એવો સારો પ્રામાણિક વૈદ્ય વાયુ દૂર કરનાર એવા સૂંઠ વગેરે ઔષધ વાયુરોગવાળાને પાય, તેમ તેમ તે રોગીને આગળ કરતાં પણ અધિક પેટ વાયુથી ભરાય છે. તે પ્રમાણે ભગવંતે પણ સિદ્ધાંત-પદોરૂપી ઔષધથી ચિકિત્સાથી પણ અસાધ્ય છે, તેઓ અસાધ્ય છે. તે લૌકિક દૃષ્ટાન્તથી કહે છે - બળી ગએલી લાખ કોઈ કામ લાયક રહેતી નથી, ભાંગી ગયેલો જળમાં ઉત્પન્ન થએલ શંખ ફરીથી સાંધી શકાતો નથી, તાંબાથી વિંધાએલ-મિશ્રણ થયેલ લોહ સાંધવાના કામમાં આવતું નથી, ફરી સાંધી શકાતું નથી, તેવી રીતે અસાધ્યકર્મથી વીંટાએલ ભારેકર્મી જીવ ધર્મને વિષે સાંધી શકાતો નથી. શાસ્ત્રના પલ્લવને વિપરીતપણે જાણનાર એવા મૂર્ખ-પંડિતો જે ચારિત્રમાં પ્રમાદ કરનારા છે, તેમને તત્ત્વરૂપ ઉપદેશ આપવો નિરર્થક છે. જાણકાર એવા ઇન્દ્રની પાસે દેવલોકનું વર્ણન કરાતું નથી, જો તેનું વર્ણન કરવામાં આવે,

તો હાસ્યપાત્ર બને છે, તેમ 'અમે જાણકાર છીએ' તેવાની પાસે ઉપદેશ આપવો, તે હાસ્યપાત્ર છે, પ્રબળ મોહોદય હોવાથી તે કંઈ જાણતો જ નથી. નહિતર ઉન્માર્ગની પ્રવૃત્તિ થતે જ નહિં. (૪૮૫ થી ૪૯૦) શંકા કરી કે, આ ઉન્માર્ગ કેવી રીતે ? તે કહે છે -

दो चेव जिणबरेहिं, जाइ-जरा-मरण-विप्पमुक्केहिं ।
लोगम्मि पहा भणिया, सुस्समण सुसावगो वा वि ।।४९१।।

भावजचणमुग्गविहारया य दव्वज्चणं तु जिणपूआ ।
भावच्चणाउ भट्ठो, हवज्जि दव्वच्चणुजुत्तो ।।४९२।।

जो पुण निरच्चणो च्चिअ, सरीरसुह-कज्ज-मित्त-तल्लिच्छो ।
तस्स नहि बोहिलाभो, न सुग्गई नेय परलोगो ।।४९३।।

कंचण-मणि-सोवाणं, थंम-सहस्सूसिअं सुवण्णतलं ।
जो करिज्ज जिणहरं, तओ वि तव-संजमो अहिई ।।४९४।।

निब्बीए दुब्भिक्खे, रण्णा दीवंतराओ अन्नाओ ।
आणेऊणं बीअं, इह दिन्नं कासवजणस्स ।।४९५।।

केहि वि सव्वं खइयं, पइन्नमन्नेहिं सव्वमद्धं च ।
वुत्तं गयं च केई, खित्ते खुट्टंति संतत्था ।।४९६।।

राया जिणवरचंदो, निब्बीयं धम्म-विरहिओ कालो ।
खित्ताइं कम्मभूमी, कासववग्गो य चत्तारि ।।४९७।।

अस्संजएहिं सव्वं, खइअं अद्धं च देसविरएहिं ।
साहूहिं धम्मबीअं, उत्तं नीअं च निप्फत्तिं ।।४९८।।

जे ते सव्वं लहिउं, पच्छा खुट्टंति दुब्बल-धिईया ।
तव-संजम-परितंता, इह ते ओहरिअ-सीलभरा ।।४९९।।

आणं सव्वजिणाणं, भंजइ दुविहं पहं अइक्कंतो ।
आणं च अइक्कंतो, भमइ जरा-मरण-दुग्गम्मि ।।५००।।

જાતિ, (જન્મ), જરા, મરણાદિક દુઃખોથી સર્વથા મુક્ત થએલા એવા જિનવરોએ લોકમાં ઉત્તમ સાધુમાર્ગ અને ઉત્તમશ્રાવકનો માર્ગ-એમ મોક્ષના બે માર્ગો કહેલા છે. અપિ શબ્દથી ત્રીજો સંવિગ્નપાક્ષિક માર્ગ પણ છે, જે તે બેની અંદર રહેલો સમજી લેવો સાચામાર્ગને પુષ્ટ કરનાર હોવાથી તે બેની મધ્યમાં નાખવામાં વાંધો નથી. આ બંનેને ભાવાર્ચન અને દ્રવ્યાર્ચન શબ્દથી સંબોધાય છે, તે કહે છે- ભાવાર્ચન એટલે ઉગ્રવિહાર, અપ્રમત્ત ચારિત્રની આરાધના અને દ્રવ્યાર્ચન એટલે જિનપૂજારૂપ દ્રવ્યસ્તવની આરાધના કરવી. આ બેમાં ભાવસ્તવરૂપ સુંદર ચારિત્રની ઉત્તમતા કહેલી છે, તે ન કરી શકે, તો શ્રાવકપણાની દ્રવ્યપૂજા કરવી, તે પણ પુણ્યાનુબંધી પુણ્ય બંધાવનાર અને પારંપર્યથી ભાવાર્ચનનું કારણ છે. ભગવાનની આજ્ઞારૂપ છએ કાયના સમગ્ર જીવોને ત્રિવિધ ત્રિવિધ અભયદાન આપવા રૂપ સર્વવિરતિ ચારિત્ર, તે ભાવાર્ચન કહેલું છે. દ્રવ્યાર્ચન તે ભાવાર્ચનની અપેક્ષાએ અપ્રધાન પૂજન કરેલું છે. આ વર્ણવી ગયા, તે દ્રવ્ય પૂજા અને ભાવપૂજા બંને માર્ગો સર્વજ્ઞને માન્ય છે, પરંતુ જે ચારિત્રમાં પ્રમાદ કરનારા અને પ્રબલ મોહનિદ્રામાં સ્તબ્ધ બનેલા બંને લિંગથી રહિત છે. નથી દ્રવ્યપૂજામાં કે નથી ભાવપૂજામાં માટે પુનઃ શબ્દ જણાવીને તે બેથી ભિન્ન એવા દ્રવ્ય-ભાવપૂજા રહિત, ચરણ-કરણરૂપ ચારિત્ર અને સમ્યક્ત્વની કરણીરૂપ શ્રાવકયોગ્ય જિનપૂજા-રહિત હોય માત્ર શરીરના સુખકાર્યમાં લંપટ બનેલો, ગૌરવવાળો હોય, તેને ભવાંતરમાં બોધિલાભ-જિનધર્મ-પ્રાપ્તિ કે સદ્‌ગતિ-પ્રાપ્તિ થતી નથી.

## ૧૮૭. સુવર્ણ જિનમંદિર કરતાં તપ સંયમ અધિક છે-

શંકા કરી કે, દ્રવ્યપૂજા અને ભાવપૂજામાં ચડિયાતી અને વધારે લાભ આપનાર પૂજા કઇ ? ત્યારે કહે છે કે - સુવર્ણ અને ચંદ્રકાન્ત વગેરે ઉત્તમ રત્નજડિત પગથિયાવાળું, હજાર સ્તંભયુક્ત અને અતિઉંચુ, સોનાના તલયુક્ત અથવા સમગ્ર મંદિર સુવર્ણનું બનાવરાવે, તેમાં રત્નમય-બિંબો પધરાવે, તેવાં જિનભવનો કરાવે, તેના કરતાં પણ તપ-સંયમ અનેકગુણા અધિકલાભ આપનાર થાય છે. કારણ કે, તપ અને સંયમથી જ મોક્ષ-પ્રાપ્તિ થવાની છે. જે કારણથી આમ છે. તો સામર્થ્ય હોય તો સર્વવિરતિરૂપ ભાવપૂજામાં પ્રયત્ન કરવો, અંગીકાર કર્યા પછી તેમાં પ્રમાદ ન કરવો. નહિંતર મહાનુકશાન થાય. તે લૌકિક-દૃષ્ટાન્તથી કહે છે - એક દેશમાં દુષ્કાળ સમયમાં ધાન્ય વાવવા માટે બીજ પણ રહેલ નથી. ત્યારે રાજાએ બીજા દ્વીપમાંથી બીજ મંગાવીને ખેડૂત લોકોને વાવવા આપ્યું કે, જેથી ઘણું ધાન્ય પાકે. તેમાંથી કેટલાક ખેડૂતોએ સર્વ બીજ ભક્ષણ કર્યું. કેટલાકે છૂટું છૂટું અર્ધ વાવ્યું અને અર્ધ ખાઈ ગયા. કેટલાકે સર્વ બીજ વાવ્યું, તેમાંથી કેટલાકે પુરુ પાક્યા પહેલાં અને

કેટલાકે પાક્યું ત્યારે રાજાના કે ચોરના ભયથી ફોતરાં અને દાણા છૂટા પાડીને પોતાના ઘરે લઇ જવાંની ઇચ્છાવાળા ભય પામવા લાગ્યા, ઘરે ધાન્ય લઈ જનારને રાજપુરુષોએ તેમને ઘણો ક્લેશ આપ્યો અને વિનાશ પમાડ્યા, કારણકે, રાજા પ્રચંડઆજ્ઞા પાલન કરાવતો હતો. હવે ઉપનય કહે છે -

અહિં જિનેશ્વર ભગવંત રાજા સમજવા, નિર્બીજ એટલે ધર્મરહિત કાળ, કર્મભૂમિઓ એ બીજ વાવવાનું ક્ષેત્ર, ખેડૂતવર્ગ એટલે અસંયત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર, સર્વવિરતિધર અને પાસત્થા એમ ચાર પ્રકારના ખેડૂતો. તે ચારેયને ભગવંતે કેવલજ્ઞાન નામના દ્વીપથી ધર્મબીજ મંગાવીને મોક્ષ-ધાન્ય ઉગાડવા માટે આપ્યું. તેમાં અસંયતોએ વિરતિરૂપ ધર્મબીજ સર્વ ખાઇને પુરું કર્યું. વિરતિ-રહિત થયા હોવાથી. તેમાંથી દેશવિરતિવાળાએ અર્ધું ખાધું અને અર્ધવિરતિરૂપ બાકી રાખ્યું. સાધુઓએ સર્વબીજ વાવ્યું અને સારી રીતે વિરતિ પાલન કરીને ફળ ઉત્પન્ન કર્યું. હવે તેમાં પાસત્થાએ શું કર્યું અને તે કેવા છે ? તે કહે છે - વિપરીતરૂપ ધર્મબીજને પામીને પાછળથી જેમનું ધૈર્ય દુર્બલ બની જાય છે, તપ-સંયમ કરવામાં ખેદ પામે છે, સંયમ-ખીલના ભારનો જેમણે ત્યાગ કર્યો છે, એવા પાસત્થાદિક આ જિનશાસન વિષે પોતાના આત્મારૂપી ક્ષેત્રમાં તે ધર્મબીજને વિનાશ પમાડે છે. દૃષ્ટાન્તનો ઉપનય કહીને જેના માટે અધિકાર ચાલતો હતો, તે બતાવે છે - સાધુધર્મ અને શ્રાવકધર્મ એમ બે પ્રકારના મોક્ષમાર્ગનું ઉલ્લંઘન કરનાર, સર્વજ્ઞ એવા સર્વજિનેશ્વરોની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, એટલે જરા, મરણાદિક દુઃખથી ગહન એવા અનંત સંસારમાં અનંતાકાળ સુધી રખડે છે. (૪૯૧ થી ૫૦૦) જો હવે ભગ્નપરિણામવાળો વ્રતપાલન કરવા સમર્થ ન થઇ શકે, તો તેણે શું કરવું ? તે કહે છે -

**जह न तरसि धारेउं, मूलगुणभरं सउत्तरगुणं च ।**
**मुत्तूण तो तिभूमी, सुसावगत्तं वरतरागं ।।५०१।।**

**अरिहंत-चेइआणं, सुसाहु-पूया-रओ दढायारो ।**
**सुस्सावगो वरतरं, न साहुवेसेण चुअधम्मो ।।५०२।।**

**सव्वं ति भाणिऊणं, विरई खलु जस्स सव्विया नत्थि ।**
**सो सव्वविरइ-वाई, चुक्कइ देसं च सव्वं च ।।५०३।।**

**जो जहवायं न कुणइ, मिच्छद्दिट्ठी तओ हु को अन्नो ? ।**
**वड्ढेइ अ मिच्छत्तं, परस्स संकं जणेमाणो ।।५०४।।**

आणाए च्चिय चरणं, तब्भंगे जाण किं न भग्गं ति ? ।
आणं च अइक्कंतो, कस्साएसा कुणइ सेसं ।।५०५।।

संसारो अ अणंतो, भट्ठ-चरित्तस्स लिंगजीविस्स ।
पंचमहव्वय-तुंगो, पागारो भल्लिओ जेण ।।५०६।।

न करेमि त्ति भणित्ता, तं चेव निसेवए पुणो पावं ।
पच्चक्खमुसावाई, माया-नियडी-पसंगो य ।।५०७।।

लोए वि जो ससूगो, अलिअं सहसा न भासए किंचि ।
अह दिक्खिओ वि अलियं, भासइ तो किंच दिक्खाए ? ।।५०८।।

महवय-अणुव्वयाइं, छंडेउं जो तवं चरइ अन्नं ।
सो अन्नाणी मूढो, नावाबु(छु)ड्डो मुणेयव्वो ।।५०९।।

सुबहुं पासत्थजणं, नाऊणं जो न होइ मज्झत्थो ।
न य साहेइ सकज्जं, कागं च करेइ अप्पाणं ।।५१०।।

## ૧૮૭. વિરતિધર્મે પ્રમાદ ત્યાગ-

હે મહાનુભાવ ! જો તું મૂલગુણ અને ઉત્તરગુણના ભારને વહન કરવા સમર્થ ન હોય, તો જન્મભૂમિ, વિહારભૂમિ, અને દીક્ષાભૂમિ એવા ત્રણ સ્થાનનો ત્યાગ કરીને સંપૂર્ણ શ્રાવકપણાના ધર્મનું પાલન કર, તે વધારે સુંદર છે. તે જ વાતને સમર્થન કરતાં કહે છે કે - 'હે ભવ્યાત્મા ! તું મહાવ્રત પાલન ન કરી શકે, તો ભગવંતનાં બિંબોની પૂજા કરનારો થા, ઉત્તમ સાધુઓને વસ્ત્રાદિકનું દાન આપી તેમની પૂજા કરનારો થા, અણુવ્રતાદિક આચારો પાલન કરવામાં દઢ બન, આવી રીતે સુશ્રાવકપણું પાલન કરીશ, તો તે વધારે હિતકારક છે, પરંતુ સાધુવેષમાં રહીને આચારભ્રષ્ટ થવું યોગ્ય નથી. કારણ કે, તેથી શાસનની હેલના થાય છે. વળી 'सव्वं सावज्जं जोगं पच्चक्खामि' એમ 'સર્વ સાવદ્યયોગનાં પચ્ચક્ખાણ કરું છું' એવું સર્વવિરતિનું પ્રત્યાખ્યાન સ્વીકારીને પછી તે સર્વવિરતિના નિયમનું પાલન નથી કરતો, તો તારી સર્વવિરતિ જ નથી. એટલે સર્વવિરતિવાદીપણું ભ્રષ્ટ થાય છે. દેશ અને સર્વવિરતિ બેમાંથી અર્થાત્ સાધુપણાથી અને શ્રાવકપણાથી બંનેથી ચુકી જાય છે. પ્રતિજ્ઞાપ્રમાણે ન કરતો હોવાથી. માત્ર બંને વિરતિનો અભાવ છે - એમ નહિં, પરંતુ તે મિથ્યાદષ્ટિપણું પામે છે તે જણાવે છે - જે મનુષ્ય જે પ્રમાણે બોલતો હોય અને

તે પ્રમાણે કરતો હોય તેના સરખો બીજો કયો મિથ્યાદષ્ટિ છે ? બીજાને શંકા ઉત્પન્ન કરાતો તે મિથ્યાત્વની વૃદ્ધિ કરનારો સમજવો.

ભગવંતની આજ્ઞા પૂર્વકનું જ ચારિત્ર કહેલું છે, તેમની આજ્ઞાનો ભંગ કરવાથી પછી શું ચારિત્ર બાકી રહે ? આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર બાકીનું અનુષ્ઠાન કોની આજ્ઞાથી કરે છે ? આજ્ઞા-ભંગ કર્યા પછી ચાહે તેવું ઉગ્રતપ-સંયમ કરે, તે નિષ્ફલ ગણેલું છે. ચારિત્રથી ભ્રષ્ટ થએલો અને માત્ર વ્યાપાર માફક માત્ર ઓઘો-મુહપત્તિ આદિ વેષથી જ જીવન નિર્વાહ કરવાના સ્વભાવવાળો અનંત સંસાર ઉપાર્જન કરનારો છે. અહિં સુધી અંદરના ચારિત્રના પરિણામનો અભાવ બતાવ્યો. હવે તેના કાર્યને બતાવે છે. પાંચ મહાવ્રતરૂપ ભિત્તિવાળો અને ઉંચા કિલ્લા સરખો જીવનગરને રક્ષા કરવા સમર્થ એવા ગુણસમુદાયનો જેણે નાશ કરેલો છે, તેવો નિર્ભાગી અનંતાકાળ સુધી સંસારમાં ગર્ભાવાસાદિકના દુઃખ અનુભવે છે. હું મન, વચન, કાયાથી ત્રિવિધ ત્રિવિધે પાપ નહિં કરું એવી 'કરેમિ ભંતે' સૂત્ર ઉચ્ચારી પ્રતિજ્ઞા ગ્રહણ કરે છે અને વળી તે પાપ-સેવન કરે છે. તે પ્રગટ મૃષાવાદી દેખતાં જ ચોરી કરનાર માફક સુધારી શકાય તેવો નથી. તેને બાહ્ય અને અભ્યંતર માયા અને શાઠ્યપણાના પ્રસંગની ઉત્પત્તિ થાય છે. કારણ કે, તે જેવું બોલે છે, તેવું પાળતો નથી. તેને બંને પ્રકારે માયામૃષાવાદી જાણવો. લોકમાં પણ થોડો પણ પાપભીરુ આત્મા હોય, તે વગર વિચાર્યે એકદમ કંઇ પણ બોલતો નથી. તો પછી દીક્ષિત થઇને પણ અસત્ય બોલે, તો દીક્ષા લેવાનું શું પ્રયોજન ? કંઈ નહિં.

મહાવ્રતો કે અણુવ્રતોને છોડીને જે અનશનાદિક તપ અથવા બીજાં તીર્થ સંબંધી આકરું પણ તપ કરે, તે અજ્ઞાની નિર્વિવેકી થઇ એમ વિચારે કે, 'હું મહાવ્રત કે અણુવ્રત પાળવા સમર્થ નથી અને તપસ્યાથી તો નિકાચિત કર્મ પણ તૂટી જાય છે-એમ સાંભળીને તપસ્યામાં ઉદ્યમ કરે છે, તે મૂર્ખ સમુદ્રમાં નાવડીનો ત્યાગ કરીને તેની ખીલી મેળવીને સમુદ્ર તરવા તૈયાર થાય તેના સરખો મૂઢ સમજવો, સંયમનાવડી ભાંગી ગયા પછી તપરૂપી ખીલી પકડીને ભવ-સમુદ્રમાં ડૂબવાથી તપને પકડવું વ્યર્થ છે, માટે મહાવ્રત-અણુવ્રત સહિત તપ કરવાનો ઉદ્યમ કરવો. હવે ઘણા પાસત્થાદિકથી ભાવિત જે ક્ષેત્ર હોય, તો માધ્યસ્થનું અવલંબન કરવું, પણ ત્યાં બોલીને બગાડવું નહિં, નહિંતર આપણા સંયમ-પદાર્થની હાનિ થાય, તે વાત કહે છે. અનેક પ્રકારના પાસત્થાલોકના જૂથને દેખીને જે મૌનશીલ બનતો નથી, તે મોક્ષસ્વરૂપ એવું મોક્ષલક્ષણકાર્ય સિદ્ધ કરી શકતો નથી. એટલું જ નહિં, પરંતુ તેઓ રોષથી એકઠા થઇ પોતાનામાં ગુણોનું સ્થાપન કરવા માટે 'અમે હંસ સરખા નિર્મલ છીએ' અને લોકોની મધ્યમાંતેને નિર્ગુણ સ્થાપન કરી કાગડા સરખા કરે છે. (૫૦૧ થી ૫૧૦)

परिचिंतिऊण निउणं, जइ नियमभरो न तीरए वोढुं ।
पर-चित्त-रंजणेणं, न वेसमित्तेण साहारो ।।५११।।

निच्छयनयस्स चरणस्सुवघाए नाण-दंशण-वहो वि ।
ववहारस्स उ चरणे, हयम्मि भयणा उ सेसाणं ।।५१२।।

सुज्झइ जई सुचरणो, सुज्झइ सुस्सावओ वि गुण-कलिओ ।
ओसन्न-चरण-करणो, सुज्झइ संविग्गपक्ख-रुई ।।५१३।।

संविग्ग-पक्खियाणं, लक्खणमेयं समासओ भणियं ।
ओसन्नचरणकरणा वि जेण कम्मं विसोहंति ।।५१४।।

सुद्धं सुसाहुधम्मं, कहेइ निंदइ य निययमायारं ।
सुतवस्सियाण पुरओ, होइ य सव्वोमरायणीओ ।।५१५।।

वंदइ नय वंदावइ, किइकम्मं कुणइ कारवे नेय ।
अत्तट्ठा नवि दिक्खइ, देइ सुमाहूण बोहेउं ।।५१६।।

ओसन्नो अत्तट्ठा, परमप्पाणं च हणइ दिक्खंतो ।
तं छुहइ दुग्गईए, अहिययरं वुड्डइ सयं च ।।५१७।।

जह सरणमुवगयाणं, जीवाण निकिंतए सिरे जो उ ।
एवं आयरिओ वि हु, उस्सुत्तं पन्नवंतो य ।।५१८।।

सावज्ज-जोग-परिवज्जणा उ सव्वुत्तमो जइधम्मो ।
बीओ सावगधम्मो, तइओ संविग्ग-पक्खपहो ।।५१९।।

सेसा मिच्छद्दिट्ठी, गिहिलिंग-कुलिंग-दव्वलिंगेहिं ।
जह तिण्णि य मुक्खपहा संसारपहा तहा तिण्णि ।।५२०।।

### ૧૮૮. માત્ર વેષધારી ન બનો ?

સૂક્ષ્મબુદ્ધિથી વિચારીને મૂલ તથા ઉત્તરગુણના નિયમસારને વહન કરવા જીવન પર્યંત શક્તિમાન્ ન હોય, તો માત્ર બીજાનાં ચિત્ત રંજન કરવા-એટલે આ પ્રવ્રજિત સાધુ છે-એવી

બીજામાં બુદ્ધિ ઉત્પન્ન કરીને રજોહરણ વગેરે વેષમાત્રથી દુર્ગતિથી રક્ષણ કરી શકાતું નથી. કહેવાની મતલબ એ છે કે, નિર્ગુણ માત્ર વેષ ધારણ કરે, તો લોકોમાં મિથ્યાત્વનું કારણ બને છે અને તેથી ગહન અનંત સંસાર વધે છે. માટે બહેત્તર છે કે, તે કરતાં વેષનો ત્યાગ કરવો સારો છે. હવે અહિં કદાપિ તેણે ચારિત્ર વિનાશ પમાડ્યું, તો પણ જ્ઞાન-દર્શન બે તો છે, તેથી એકાંતિક નિર્ગુણ નથી. લિંગત્યાગને સારો માનો, તે પણ ઠીક નથી, ચારિત્રના અભાવમાં વાસ્તવિક રીતે વિચારીએ તો તે બેનો પણ અભાવ જ છે. તે માટે કહે છે -

નિશ્ચયનય એટલે તત્ત્વ નિરૂપણના અભિપ્રાયથી વિચારીએ, તો ચારિત્રનો ઘાત થયો એટલે જ્ઞાન-દર્શનનો પણ ઘાત થઇ જ ગયો છે. કારણ કે, તે બેથી જ ચારિત્રની સાધના કરી શકાય છે અને તો જ ચારિત્રનું પારમાર્થિક સ્વરૂપ ટકે છે, જ્ઞાન-દર્શનના અભાવમાંકંઇ પણ કાર્ય સિદ્ધ થઇ શકતું નથી. મોક્ષફળની પ્રાપ્તિ થતી નથી. જ્યારે વ્યવહાર તો બાહ્ય તત્ત્વનિરૂપણ કરવાના અભિપ્રાયવાળા છે, તેથી ચારિત્રનો નાશ થાય, ત્યારે જ્ઞાન-દર્શન હોય કે ન પણ હોય તેમ ભજના માનેલી છે. કાર્યના અભાવમાં એકાંત કારણનો અભાવ સિદ્ધ થતો નથી. ધૂમાડો ન હોય, તેવો પણ અગ્નિ દેખાય છે. આટલા ગ્રન્થ સુધી ભગવંતે સાધુ અને શ્રાવક એમ બે માર્ગ કહેલા છે, તેનું નિરૂપણ કર્યું.

હવે અપિ શબ્દથી સૂચિત સંવિગ્ન-પાક્ષિક માર્ગ પણ સ્વીકાર્ય-મોક્ષમાર્ગની સિદ્ધિ કરનાર છે, તે દેખાડતા કહે છે - સુંદર ચારિત્રવાળો સાધુ કર્મમલ સાફ કરીને નિર્મળ થાય છે, સમ્યગ્દર્શનાદિ ગુણયુક્ત શ્રાવક પણ નિર્મલ થાય છે, તેમ જ મોક્ષાભિલાષી સુસાધુઓ તરફ તેમનાં સુંદર અનુષ્ઠાનો તરફ રુચિવાળા-પક્ષપાતવાળા હોય, તેવા અવસન્ન ચરણ-કરણવાળા શિથિલ હોય, તેપણ શુદ્ધ થાય છે. ગાથામાં વારંવાર सुज्झइ ક્રિયાપદ વાપરીને એમ સૂચવ્યું કે સાધુને સાક્ષાત્ શુદ્ધિ થાય છે અને બીજા બેને બીજા પ્રકારે શુદ્ધિ થાય છે. સંવિગ્નપાક્ષિક રુચિવાળાને કેવી રીતે ઓળખવા ? તે કહે છે - મોક્ષાભિલાષી સુસાધુવર્ગ વિષે આદરવાળી સુંદર બુદ્ધિ ધરાવનાર સંવિગ્નપાક્ષિક કહેવાય. ગણધરાદિકોએ તેમનું સંક્ષેપથી આગળ કહીશું તેવું લક્ષણ જણાવેલું છે. અવસન્ન-ચરણ-કરણવાળા પણ પોતે કર્મની પરતંત્રતાથી પ્રમાદી થવા છતાં પણ જે લક્ષણથી જ્ઞાનાવરણ આદિ કર્મની દરેક ક્ષણે શુદ્ધિ કરે છે, તે સંવિગ્નપાક્ષિક કહેવાય, સંવિગ્નપાક્ષિક હોય, તે લોકોને નિષ્કલંક એવા સુસાધુ-ધર્મનો જ-સાધુના આચારનો જ ઉપદેશ આપે છે. પરંતુ પોતાનો શિથિલ આચાર પોષવા માટે અશુદ્ધ ધર્મોપદેશ આપતા નથી, તેમ કહેવામાં દુરંત સંસારની વૃદ્ધિ થાય છે તેવું જાણેલું હોવાથી, તે આ પ્રમાણે - શસ્ત્ર, ઝેર, શાકિની-પ્રેત-ભૂત-આદિના વળગાડ, દુષ્કાળ, દુષ્ટરાજા, ભયંકર જ્વાલાવાળો અગ્નિ જે અનર્થ પ્રાપ્ત કરાવતા નથી,

તેવો કે તે કરતાં અધિક અનર્થ મિથ્યાત્વથી ઘેરાએલા કુમતિ લોક જે જિનેન્દ્ર ભગવંતના સિદ્ધાંતને ચારિત્રવંત સાધુઓ આગળ નિંદા કરે છે, આજના દીક્ષિત સાધુ કરતાં પણ હું નાનો-ન્યૂન છું-એમ અંતરથી માને છે. તથા પોતે સુસાધુને વંદન કરે, પણ વંદન કરાવે નહિં, તેના વંદનની ઇચ્છા પણ ન રાખે.

કૃતિકર્મ-વંદન, વિશ્રામણા પોતે કરે પણ કરાવે નહિં, તથા પોતાની પાસે આવેલ શિષ્યને પોતે દીક્ષા ન આપે, પણ ધર્મદેશનાથી પ્રતિબોધ પમાડી સુસાધુઓને શિષ્યો આપે. શા માંટે પોતે પોતાના શિષ્યો ન બનાવે ? કારણ કહે છે- શિથિલાચારવાળો અવસન્ન પોતાનો શિષ્ય બનાવે, તો પોતાના અને શિષ્યના પ્રાણોનો-ભાવપ્રાણોનો નાશ કરે છે અને આગળની અવસ્થા કરતાં ભવ-સમુદ્રમાં અધિક ડૂબનારો થાય છે. એકલી પ્રવ્રજ્યા આપવાથી નહિં, પણ ખોટી પ્રરૂપણા કરીને પણ ડૂબે છે, તે કહે છે. જેમ કોઇ શરણે આવેલો હોય, એવા જીવનું જો કોઇ મસ્તક કાપી નાખે, તે વિશ્વાસઘાત કરીને પોતાના આત્માને દુર્ગતિમાં ધકેલે છે,તેપ્રમાણે આચાર્ય-ગુરુ પણ આગમથી વિરુદ્ધ પ્રરુપણા કરે, તો પોતાને અને બીજાને દુર્ગતિમાં નાખે છે. હવે આનો ઉપસંહાર કરતા કહે છે કે - આ કારણથી એ નક્કી થયું કે, જેમાં સર્વ પાપવ્યાપાર પરિહાર કરવાનો છે-એવો સર્વવિરતિરૂપ યતિધર્મ પ્રથમ મોક્ષમાર્ગ છે. બીજો દેશવિરતિરૂપ શ્રાવકધર્મ અને ત્રીજો સંવિગ્નપાક્ષિક માર્ગ. તે યતિધર્મના કારણરૂપ હોવાથી તે બંને પણ મોક્ષમાર્ગ છે. હવે બાકીનાની સંસાર સ્થિતિ વધારનારી હકીકત કહે છે-જેમ મોક્ષમાર્ગ ત્રણ પ્રકારના જણાવ્યા, તેમ સંસારના પણ ત્રણ માર્ગ કયા તે જણાવે છે - સુસાધુ, શ્રાવક અને સંવિગ્નપાક્ષિક આ ત્રણ સિવાયના બાકીના ગૃહીલિંગને ધારણ કરનાર, ભરડા, ચરક, યોગી, સંન્યાસી, બાવા વગેરે લિંગને ધારણ કરનાર, દ્રવ્યલિંગ એટલે વર્તન વગરનો માત્ર આજીવિકા માટે વેષને ધારણ કરનાર એ ત્રણે મિથ્યાદૃષ્ટિ સંસારના માર્ગે જનારા જાણવા. અર્થાત્ ગૃહસ્થ ચરકાદિ અને પાસત્થાદિક એ ત્રણે સંસારના હેતુ છે. (૫૧૧ થી ૫૨૦) ગૃહસ્થલિંગ ચરકાદિક ભલે સંસારના માર્ગ ગણાય, પણ ભગવાનનું લિંગ કેવી રીતે સંસારનો માર્ગ કહેવાય, તે કહે છે -

**संसारसागरमिणं, परिब्भमंतेहिं सव्वजीवेहिं ।**
**गहियाणि य मुक्काणि य अंणतसो दव्वलिंगाइं ।।५२१।।**

**अच्चणुरत्तो जो पुण, न मुयइ बहुसो वि पन्नविज्जंतो ।**
**संविग्ग-पक्खियत्तं, करिज्ज लब्भिहिसि तेण पहं ।।५२२।।**

कंतार-रोहमद्धाणओम-गेलन्नमाइकज्जेसु ।
सव्वायरेण जयणाइ कुणइ जं साहुकरणिज्जं ।।५२३।।

आयरतरसंमाणं, सुदुक्करं माणसंकडे लोए ।
संविग्ग-पक्खियत्तं, ओसन्नेणं फुडं काउं ।।५२४।।

सारणचइआ जे गच्छनिग्गया पविहरंति पासत्था ।
जिणवयणबाहिरा वि य, ते उ पमाणं न कायव्वा ।।५२५।।

हीणस्स वि सुद्धपरूवगस्स संविग्ग-पक्खवायस्स ।
जा जा हविज्ज जयणा, सा सा से निज्जरा होइ ।।५२६।।

सुक्का(सुंका)इय-परिसुद्धे, सइ लाभे कुणइ वाणिओ चिट्ठं ।
एमेव य गीयत्थो, आयं दट्ठुं समायरइ ।।५२७।।

आमुक्क-जोगिणो च्चिअ, हवइ थोवा वि तस्स जीवदया ।
संविग्गपक्ख-जयणा, तो दिट्ठा साहुवग्गस्स ।।५२८।।

किं मूसगाण अत्थेण ? किं वा कागाण कणगमालाए ? ।
मोह-मल-खवलिआणं, किं कज्जुवएसमालाए ।।५२९।।

चरण-करणालसाणं, अविणय-बहुलाण सययऽजोगमिणं ।
न मणी सयसाहस्सो, आवज्झइ कुच्छभासस्स ।।५३०।।

## ૧૮૯. દ્રવ્યલિંગનો સંબધ અનંતકાળથી ?

કાલનું અનાદિપણું હોવાથી સર્વભાવો સંયોગ થવાના સ્વભાવવાળા હોવાથી જીવોએ દ્રવ્યલિંગનો સંબંધ અનંતી-વખત કર્યો છે, એટલે કે, અનાદિકાળથી સંસાર-સાગરમાં પરિભ્રમણ કરતાં જેમ દરેક ભાવોનો સંયોગ, વિયોગ આ જીવે અનંતાનંત વખત કર્યો, તેમ સમ્યગ્જ્ઞાનરહિત આપણા જીવે રજોહરણાદિરૂપ દ્રવ્યલિંગ અનંતી વખત કર્યાં અને છોડ્યાં. વળી સાધુગુણ વગરનાને તો વેષ-ત્યાગ કરવો તે જ હિતકર છે. જો તે વેષ છોડતો ન હોય, તો આગમના જાણકારે તેને સમજાવવો જોઇએ કે, કાં તો સાધુપણું યથાર્થ પાલન કરો, અગર વેષનો ત્યાગ કરવો. કારણ કે, સાધુવેષમાં રહી તેના વિરુદ્ધકાર્ય ન કરવાં

જોઇએ. નહિંતર બોધિદુર્લભ થાય. આમ છતાં વેષનો ત્યાગ ન કરે, તેના પ્રત્યે કહે છે. વેષ રાખવામાં તે અતિશય મમતાવાળો હોય અને કંઈક શરતશૂક-હોય ગીતાર્થોએ લાભ-નુકશાન સમજાવીને 'સંવિગ્નપાક્ષિકપણું કર' એમ ઉપદેશ આપવો, વળી તેને કહેવું કે, તેનાથી તને ભવાંતરમાં બોધિલાભ અને પરંપરાએ જ્ઞાનાદિક મોક્ષમાર્ગ મળશે. તે તેની સંવિગ્નતા કયા કયા કાર્યમાં ઉપયોગી થાય ? મહાઅટવી ઉલ્લંઘન કરવી પડે, રાજાઓની લડાઇમાં ઘેરો ઘલાયો હોય અને નગરાદિકમાં પ્રવેશ-નિર્ગમન મુશ્કેલ થયું હોય, વિષમ માર્ગે ચાલવાનું હોય, દુષ્કાળ સમય હોય, જ્વરાદિ રોગની માંદગી પ્રસંગે હોય, તેવાં કાર્યો આવી પડે, તો સવાંદરથી આગમમાં કહેલી યતનાથી, જે પ્રમાણે તેમના ચિત્તમાં પ્રસન્નતા રહે, તેમ સંવિગ્નપાક્ષિકોએ સાધુઓનાં કાર્યો કરવાં અને સાધુઓએ પણ તે સ્વીકારવાં, પણ પાસત્થા વગેરેની જેમ તેમને અવગણવા નહિં. જરૂરી પ્રસંગોમાં યતનાથી કામ લેવું. જે કારણ માટે સંવિગ્ન-પાક્ષિકતા અતિદુષ્કર છે, માટે તેને પ્રશંસેલી છે, તે માટે કહે છે -

## ૧૯૦. ત્રણ પ્રકારનો મોક્ષમાર્ગ-

પોતાના અભિમાનમાં પરાધીન થએલા તુચ્છ લોકોમાં અતિઆદરસહિત સુસાધુઓનું સન્માન કરવું, તે સંવિગ્નપાક્ષિક માટે અતિશય દુષ્કર ગણાય. અવસન્ન-શિથિલ આચારવાળાને લોકોની વચ્ચે સાધુઓને અતિશય આદર આપવો અને પોતાના અવગુણો પ્રકાશિત કરવા, તે અતિદુષ્કર દુર્ધરવ્રત છે. શંકા કરી કે, સુસાધુ, સંવિગ્ન પાક્ષિક અને સુશ્રાવક લક્ષણ એમ ત્રણ મોક્ષમાર્ગ કહ્યા, તેમાં જેઓ સુસાધુના આચાર પાલન કરવા પૂર્વક લાંબો કાળ વિચરીને પાછળથી કર્મની પરતંત્રતાથી શૈથિલ્યનું અવલંબન કરે, તો તેને કયા પ્રકારમાં નાખવા ? માટે કહે છે. સારણા, વારણા, નોદના વગેરે જેનું સ્વરૂપ આગળ કહેવાઈ ગએલું છે, એથી કંટાળીને જેઓ ગચ્છબહાર-ગુરુની કે સમુદાયની નિશ્રાનો ત્યાગ કરીને બહાર નીકળી ગયો છે અને પોતાની સ્વેચ્છાથી વિચરે છે, તેને પ્રમાણભૂત ન ગણવા. એટલે સુસાધુરૂપે તેમને ન દેખવા. પાસત્થાદિકો જિનવચનથી બહાર છે. કહેવાની એ મતલબ છે કે, લાંબાકાળથી જ જેઓ જિનવચનથી દૂર ખસી ગએલા છે, એવા પાસત્થા થએલા છે તેઓને પંડિત પુરુષો કોઈપણ કાર્યમાં ચારિત્રના આચરણમાં પ્રમાણભૂત માનતા નથી. સૂત્રને જ પ્રમાણભૂત માનવું, નહિંતર અર્થાપત્તિ ન્યાયથી ભગવંતની અપ્રમાણતા થઈ જાય. તથા શ્રીહરિભદ્રસૂરિજીએ કહેલું છે કે - 'સૂત્રવિરુદ્ધ આચરણ કરવામાં આવે, તેમ જ તેવા પ્રકારના લોકને પ્રમાણભૂત ગણતા બિચારા, ભુવનગુરુ તીર્થંકરને પ્રમાણભૂત સમજતા નથી. સૂત્રની અંદર પ્રેરણા પામેલો અર્થ જો બીજાં બહાનાં કાઢીને તેનો સ્વીકાર ન કરે, તો તે શાસ્ત્રબાહ્ય છે, તે ધર્મમાં અધિકારી નથી.

માટે આગમસૂત્રને આધીન બનીને અને લોકઆચરિતથી નિરપેક્ષ બનીને, મોક્ષમાર્ગને અનુસરતું શક્તિ અનુસાર અનુષ્ઠાન કરનાર નિર્જરા કરાવનાર થાય છે. એને જ પુષ્ટ કરતાં કહે છે - શુદ્ધ ચારિત્રવાળાની વાત બાજુ પર રાખીએ, પરંતુ ઉત્તમગુણોની અપેક્ષાએ ન્યૂન ગુણવાળો હોય, યથાસ્થિત સર્વજ્ઞાના આગમને કથન કરનાર-શુદ્ધપ્રરૂપક, સંવિગ્નપાક્ષિક હોય અને જે તેને યતનાની થોડી પરિણતિ હોય, જેમકે, પરિમિતજળ આદિ ગ્રહણ કરવા, તે સંવિગ્નપાક્ષિકને નિર્જરાનાં કારણ થાય છે. કાયાથી તે બીજે પ્રવર્તેલો હોવા છતાં સુંદર અનુષ્ઠાન પ્રત્યે સજ્જડ મન પરોવાએલું છે. તે માટે કહેલું છે કે, સંવિગ્ન-પાક્ષિક કાયાથી બીજામાં પ્રવર્તતો હોવા છતાં બીજા પુરુષમાં ગાઢરાગવાળી સ્ત્રીની જેમ ધર્મમાં તેની ગાઢપરિણતિ છે. હવે ગીતાર્થ બહુલાભ અને અલ્પદોષની વિચારણાપૂર્વક ભગવંતની આજ્ઞાનુસાર કંઈક દોષ સેવે, તો પણ નિર્જરાલાભનું ભાજન બને છે, તે દૃષ્ટાન્ત સહિત કહે છે - વેપારી રાજાનો કર તથા નોકર-ચાકરનો ખર્ચ વગેરેથી પરિશુદ્ધ વ્યાપારની ચેષ્ટા લાભ થાય-નફો થાય, તેમ કરે છે, એ પ્રમાણે ગીતાર્થપુરુષ જેણે આગમનો ભાર મેળવેલો છે, એવા તેઓ જ્ઞાનાદિકનો વધારે વધારે લાભ થાય તેમ વિચારીને યતનાથી અલ્પદોષ સેવન કરે છે અને વધારે લાભ મેળવે છે. વળી શંકા કરી કે, ગીતાર્થ લાભ-નુકશાનની તુલના કરીને પ્રવર્તે, તેમને તો નિર્જરા થાય, પરંતુ જે વગર કારણે સંપૂર્ણ અનુષ્ઠાન વગરનો સંવિગ્નપાક્ષિક માર્ગ તેનું શા માટે સમર્થન કરાય છે ? તે કહે છે -

સર્વ પ્રકારે જેણે સંયમના યોગો છોડી દીધા છે, એવા સાધુવર્ગને થોડી જીવદયા હોય છે જ, તેથી સંવિગ્નપાક્ષિકની યતના મોક્ષાભિલાષાના અનુરાગથી ભગવંતે તેમનામાં દેખેલી છે, તેથી જેમ રોગી ઘણા કાળથી અપથ્યનું સેવન કરનાર સારા હિતકારી વૈદ્યના સંપર્કથી પથ્ય સેવનનો ગુણ જાણેલો હોવાથી આરોગ્યની અભિલાષાવાળા અપથ્યને છોડવાની ઇચ્છાવાળો ભાવની સુંદરતા હોવાથી ક્રમસર અપથ્યને ત્યાગ કરીને ત્યાગ કરનાર થાય છે અને ધીમે ધીમે હિતકારી પથ્યનું સેવન કરે છે. ક્રમ આગળ જણાવીશું. કોઇ પ્રકારે લાંબાકાળથી પાસત્થાદિકના ભાવને સેવનાર હોય, પણ વળી ઉત્તમ સાધુઓના સંપર્કમાં આવે તો વળી ધર્મની તીવ્ર શ્રદ્ધાવાળો બની જાય છે. આગળ કહેવાઇ ગયું છે કે 'ઓસન્નવિહારીપણું ત્યજવું ઘણું મુશ્કેલ છે' પણ તેના ભાવને ક્રમે ક્રમે ઘટાડતો સજ્જડ સંયમ પ્રત્યે રુચિવાળો થાય અને સંપૂર્ણ વીર્ય પ્રગટ થવાથી પ્રથમ સંવિગ્નપાક્ષિક થાય તેથી તેનો માર્ગ પણ મોક્ષના કારણભૂત કહેલો છે.

આ પ્રકારે અનેક આકારવાળા સદુપદેશોને પ્રતિપાદન કરીને તેને સુપાત્રમાં સ્થાપન કરવાની યોગ્યતા વિપક્ષના વિક્ષેપ કરવા દ્વારા જણાવે છે કે, ઉંદરને સુવર્ણ શા કામનું ?

કાગડાને સુવર્ણ-મણિની માળા પહેરવાથી શો લાભ ! તેમ મોહ-મલથી ખરડાએલા મિથ્યાત્વાદિ કર્મ-કાદવથી લિંપાએલા ભારેકર્મીને આ ઉપદેશમાળાથી કયો ઉપકાર થવાનો ? કંઈપણ તેવા આત્માઓને ઉપકાર નહિં થવાનો. પાંચ મહાવ્રતરૂપ ચારિત્ર અને પિંડવિશુદ્ધિ આદિ કરણમાં આળસ-પ્રમાદ કરનારા, અવિનયની બહુલતાવાળા જીવોને માટે હંમેશા આ ઉપદેશમાળા અયોગ્ય છે. લાખ સોનામહોરની કિંતમી મણિ-સુવર્ણની માળા કાગડાના કંઠે બંધાતી નથી. પહેરાવનાર હાસ્યપાત્ર બને છે. (૫૨૧ થી ૫૩૦) શું આમ કહેવાથી કેટલાક સારી રીતે ન વર્તે, જેથી આમ કહેવાય છે ? જરૂર, કારણ કે પ્રાણીઓ તેવા કર્મથી પરતંત્ર થએલા છે. તે કહે છે -

नाऊण करयलगयाऽऽमलं व सब्भावओ पहं सव्वं ।
धम्मम्मि नाम सीइज्जइ त्ति कम्माइं गुरुआइं ।।५३१।।

धम्मत्थ-काम-मुक्खेसु जस्स भावो जहिं जहिं रमइ ।
वेरग्गेगंतरसं, न इमं सव्वं सुहावेइ ।।५३२।।

संजम-तवालसाणं, वेरग्गकहा न होइ कण्णसुहा ।
संविग्ग-पक्खियाणं, हुज्ज व केसिंचि नाणीणं ।।५३३।।

सोऊण पगरणमिणं, धम्मे जाओ न उज्जमो जस्स ।
न य जणियं वेरग्गं, जाणिज्ज अणंतसंसारी ।।५३४।।

कम्माण सुबहुआणुवसमेण उवगच्छई इमं सव्वं।
कम्म-मल-चिक्कणाणं, वच्चइ पासेण भन्नंतं ।।५३५।।

उवएसमालभेयं जो पढइ सुणइ कुणइ वा हियए ।
सो जाणइ अप्पहिंय नाऊण सुहं समायरई ।।५३६।।

## ૧૯૧. ઉપદેશમાળાથી વૈરાગ્ય ન પામે તે કેવો ?

હથેલીમાં રહેલા આમળાની માફક પ્રગટ-પ્રત્યક્ષ આ જ્ઞાનાદિક મોક્ષમાર્ગ સ્વીકારવા યોગ્ય છે, અથવા આ નિર્મલ સર્વજ્ઞાનાદિરૂપ મોક્ષમાર્ગ આદરસહિત ગ્રહણ કરવા યોગ્ય છે - એમ જાણીને કેટલાક ભારેકર્મી આત્માઓ તેમાં પ્રમાદ કરે છે. તે ખરેખર કર્મનું નાટક છે. વળી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ કહેવાતા હોય, ત્યારે જે જીવને જેમાં રસ ઉત્પન્ન થાય છે, તેમાં તેમાં તેને આનંદ ઉત્પન્ન થાય છે. એકાંત વૈરાગ્યરસ ઉત્પન્ન થયા સિવાય આ

સર્વપ્રકરણ આલ્હાદ ઉત્પન્ન કરતું નથી. ઉલટું કદાચ વિમુખ પણ બનાવે, સંયમ, તપમાં પ્રમાદી હોય. તેમાં ઉત્સાહ વગરના હોય, તેવા ભારેકર્મી આત્માઓને ચાલુ ઉપદેશમાળા કે તેવી વૈરાગ્યકથા શ્રવણ કરે, તો પણ ચિત્તને આલ્હાદ ઉત્પન્ન કરનાર થતી નથી, આગળ કહી ગયા, તેવા સ્વરૂપવાળા સંવિગ્નપાક્ષિકો, જેઓ સંયમ-તપમાં આળસુ હોવા છતાં પણ વૈરાગ્યકથા તેમને કાનને સુખ કરનારી થાય છે, તેમ જ કેટલાક સંયમ પ્રત્યે રસિક ચિત્તવાળા, નિર્મળ જ્ઞાનવાળા હોય, તેમને આ ઉપદેશમાળારૂપ વૈરાગ્યકથા આલ્હાદ કરનારી થાય છે. સર્વને સુખ કરનાર થતી નથી. વળી આ પ્રકરણ મિથ્યાત્વરૂપ કાળસર્પથી ડંખાએલ આત્માઓને સાધ્ય કે અસાધ્યરૂપ નીવડશે. તે જાણવા માટે સાધ્યનો સંગ્રહ અને અસાધ્યનો પરિહાર, કરાવનાર બતાવતા કહે છે.

આ ઉપદેશમાળા નામનું પ્રકરણ શ્રવણ કરીને જેને ધર્મ વિષે ઉદ્યમ થતો નથી, વિષયો તરફ અણગમો થતો નથી, તે કાળસર્પથી ડંખાએલા અસાધ્ય માફક અનંતસંસારી જાણવો. એમ કેમ બને ? માટે કહે છે - જે પ્રાણીઓને મિથ્યાત્વાદિકકર્મનો ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમ, થવાથી અલ્પકર્મમાત્ર બાકી રહેલાં હોય, ત્યારે તેને આ પ્રકરણ સદ્‌બોધ પમાડે છે. ઉલટાવીને કહે છે કે, કર્મના કાદવથી લપેટાએલા હોય તેની આગળ કહેવામાં આવે તો પાસેથી ચાલ્યું જાય છે, પણ આત્માની અંદર ઉપદેશ પ્રવેશ કરતો નથી. ઉપર તર્યા કરે છે. હવે આ પ્રકરણના પાઠાદિનું ફળ જણાવે છે - આ ઉપદેશમાળાને જે કોઈ ભાગ્યશાળી ભણે છે, સૂત્રથી શ્રવણ કરે છે. હૃદયમાં અર્થ ઉતારે છે, દરેક ક્ષણે તેના અર્થ ચિંતવે છે, તે આ લોક અને પરલોકનું હિત જાણીને સુખપૂર્વક આત્મહિતની પ્રવૃત્તિ કરે છે. આ વિષયમાં રણસિંહરાજનું જ દૃષ્ટાન્ત છે. (૫૩૧ થી ૫૩૬)

## ૧૯૨. ઉપદેશમાળા દ્વારા રણસિંહને પ્રતિબોધ-

વિજયા રાણીની કુક્ષિરૂપ કમળના રાજહંસ એવા રણસિંહકુમારને જન્મતાંની સાથે અજયા નામની મોટી શોક્યરાણીએ કપટથી છૂપી રીતે જંગલમાં ત્યાગ કરાવેલ હતો. કેટલાંક વર્ષો પછી યથાર્થ વૃત્તાન્ત જાણીને ઉત્પન્ન થએલા વૈરાગ્યવાળા વિજયસેનરાજાએ વિજયારાણી અને તેના બન્ધુ સુજય(સાળા) સાથે જગતના એક અલંકાર, કરુણાના સમુદ્ર શ્રીમહાવીરભગવંતના હસ્ત-કમળથી પ્રવ્રજ્યા-મહોત્સવ અંગીકાર કર્યો.

ત્યારપછી ૧૧ અંગો ભણી, શ્રુતસંપત્તિ તતા તીક્ષ્ણધારા સમાન આકરાં વિશાળ તપોઅનુષ્ઠાન કરવામાં તત્પર, પ્રાપ્ત કર્યું છે 'ધર્મદાસગણી' એવું નામ જેમણે, અવધિજ્ઞાનવાળા, મહાવીર ભગવંતના પોતાના હસ્તે દીક્ષિત થએલા અન્તેવાસી-શિષ્ય, અધ્યયનની રચના કરવાની ઇચ્છાવાળા પોતાનું રાજ્ય પ્રાપ્ત કરનાર પોતાનો પુત્ર, તેને ભવિષ્યમાં કલિકાલ

સ્ખલના કરશે. તેને દેખતાં, એટલે પુત્રને પ્રતિબોધ કરવા માટે યથાર્થ આ ઉપદેશમાળા પ્રકરણને ઉત્પન્ન કર્યું, અને ભણાવ્યું. પુત્રને પ્રતિબોધ કરવા માટે તેના મામાને કહ્યું, એટલે યોગ્યસમયે ત્યાં આવીને કલિથી ઠગાએલી એવી પોતાની પત્નીઓને તારે પ્રતિબોધ કરવી. આ પ્રમાણે કેટલાક વર્ષો પછી તે મહામુનિ સ્વર્ગવાસી થયા. ત્યારે કોઇ શોભન અવસરે સુજયસાધુ વિજયાસાધ્વી સહિત રાજા-રણસિંહને રહસ્ય કહેવા માટે વિજયપુરની બાહરના બગીચામાં આરામની જગ્યામાં આવી પહોંચ્યા. વૃત્તાન્ત જેણે જાણ્યો છે કે, મામા અને માતા બહાર બગીચામાં આવેલા છે, એટલે આવીને વન્દન કરીને અપ્રતિમ હર્ષથી જેની ચિત્તવૃત્તિ વિકસિત થયેલી છે, એવો રાજા આગળ બેસીને ઉપદેશશ્રેણી શ્રવણ કરવા લાગ્યો. સમય પાક્યો, ત્યારે વિજયસેન મહામુનિનો વૃત્તાન્ત વિસ્તારથી કહીને સુજયમુનિવરે આ ઉપદેશમાળા તેને સંભળાવી. તેણે પણ આદરપૂર્વક એક વખત શ્રવણ કરી અને કંઠમાં પ્રતિષ્ઠિત કરી લીધી-અર્થાત્ મુખપાઠ કરી અને સંક્ષેપથી તેનું તાત્પર્ય વિચારવા લાગ્યો. ત્યારથી માંડી દરેક ક્ષણે અંતઃકરણમાં વિશેષ પ્રકારે વિચારણા કરવા લાગ્યા. તેનાથી આત્મહિત જાણીને સમયે દીક્ષા અંગીકાર કરી-એમ વૃદ્ધોનું કથન છે.

## ૧૯૩. આ ઉપદેશમાળા કોને આપવી ?

હવે સૂત્રકાર પોતાનું નામ વ્યુત્પત્તિથી પ્રગટ કરતા તે જ શબ્દોથી પોતાનાં પુત્ર રણસિંહને મુખ્યવૃત્તિએ ઉપકાર કરવા માટે આ પ્રકરણની રચના કરી છે. તે જણાવતાં કહે છે -

**धंत-मणि-दाम-ससि-गय-णिहि-पय-पढमक्खराभिहाणेणं ।**
**उवएसमालपगरणमिणमो रइअं हिअट्ठाए ।।५३७।।**

**जिणवयण-कप्परुक्खो, अणेग-सुत्तत्थ-साल-विच्छिन्नो ।**
**तव-नियम-कुसुम-गुच्छो, सुग्गइ-फल-बंधणो जयइ ।।५३८।।**

**जुग्गा सुसाहु-वेरग्गिआण परलोग-पत्थिआणं च ।**
**संविग्ग-पक्खिआणं, दायव्वा बहुसुआणं च ।।५३९।।**

તેમાં ધન્તાદિક છ પદોના પ્રથમ અક્ષરો વડે 'ધર્મદાસગણિ' એવું નામ જેનું છે, તેણે આ ઉપદેશમાળા પ્રકરણ રચ્યું છે. શા માટે રચના કરી છે ? તો કે નિઃશ્રેયસપદ મેળવવા માટે-અથવા જીવોના ઉપકાર માટે રચ્યું છે. હવે બીજો અર્થ કહે છે. ધ્માતઃ એટલે મેલ-કલંક દૂર કરવા માટે પુટપાક સુધી પહોંચાડેલા, એટલે રત્નોના મેલ દૂર કરવા માટે તેવા અગ્નિ

અને રસાયણોનો પ્રયોગ કરવામાં આવે અને મેલ દૂર કરવામાં આવે, તેવા પુષ્પરાગ, પદ્મરાગ, વજ્ર, વૈડૂર્ય, ચન્દ્રકાન્ત વગેરે સાફ-શુદ્ધ કરેલા મણિઓ તેની માળા, શશિનઃ એટલે બખ્તર, સુવર્ણ, કર્પૂર, ગજ એટલે હાથી અને ઉપલક્ષણથી ઘોડા, રથ, પાયદળ, નિધિ એટલે દાટેલા ખજાના આ વગેરેનું સ્થાન રાજા હોય છે, અને અહિં રણસિંહનો અધિકાર છે. તેને પ્રથમાક્ષર કહેવો એટલે શું ? માતૃકાક્ષર માફક સર્વશાસ્ત્રોમાં પ્રથમ અક્ષર ઓંકાર મંગલ માટે ગ્રહણ કરાય છે, તે પરમેષ્ઠિ-વાચક પ્રસિદ્ધ છે. અભિધાન એટલે અંતર્જલ્પ, મનમાં જાપ કરવો, તે કારણે ઉપદેશમાલા પ્રકરણ રચેલું છે. એમ સંબંધ જોડવો.

કલિથી છેતરાએલો રણસિંહ રાજા આ ઉપદેશમાલા પ્રકરણથી પ્રતિબોધ પામે, અને જે પ્રમાણે પરલોકના કલ્યાણના કારણભૂત પંચ પરમેષ્ઠી-પંચમંગલ જાપમાં પરાયણ બને તેમ કરું એ અભિપ્રાયથી આ રચના કરી. માટે જ આ એના હિતને માટે થશે, આ મંત્રરાજ-પરાયણ થાય, તે રૂપ હિત-પથ્ય તેને માટે સમજવું. તે આ પ્રમાણે - સમગ્રસિદ્ધાંતનું રહસ્ય આ મંત્રરાજ એક જ છે, આ લોક અને પરલોકનું ભાતું પણ આ જ છે, સમગ્ર પૂર્વધરો પણ સમ્યગ્ પ્રકારે તેનું જ શરણ સ્વીકારે છે, દુઃસાધ્યકાર્યની સિદ્ધિ પણ નક્કીતેના પ્રભાવથી થાય છે, દરેક જગો પર અને હંમેશાં જેની પવિત્રતા રહેલીછે અને તેની આ જ પરંપરા છે - એવો તે પંચનમસ્કારરૂપ શ્રીમંત્રરાજ આ જગતમાં જયવંતો વર્તે છે. હવે જિનપ્રવચન સ્તવનરૂપ અન્ત્યમંગલ કલ્પવૃક્ષના રૂપકથી જણાવે છે. સમગ્રઅર્થી સમુદાયનાં મનોરથ-શ્રેણીને પૂરનાર હોવાથી જિનવચનરૂપ કલ્પવૃક્ષ, સૂત્રોના અનેક અર્થો તે રૂપ શાખા એટલે ડાળીઓથી વિસ્તાર પામેલ, તે માટે કહેલું છે કે - 'સર્વ નદીઓમાં જેટલી રેતીના કણિયા છે, સર્વ સમુદ્રમાં જેટલું જળ છે, તેના કરતાં પણ એક સૂત્રના અનંતા અર્થો કહેલા છે. અથવા અનંતનો સંબંધ સૂત્રની સાથે જોડે છે, આગમસૂત્રો અનંતગમવાળા છે.

અનશનાદિક તપસ્યાઓ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ અભિગ્રહો તે તપ-નિયમરૂપ પુષ્પના ગુચ્છાઓ જેના વિષે છે, અનન્ય અને સામાન્ય સુખરસથી પૂર્ણ એવા સ્વર્ગ અને મોક્ષરૂપ સદ્ગતિનાં ફળ બાંધનાર એવું જિનવચનરૂપ કલ્પવૃક્ષ જયવંતુ વર્તે છે. તે માટે કહેલું છે કે - જેમ વૃક્ષોમાં કલ્પવૃક્ષ, મણિઓમાં ચિંતામણિ અતિકિંમતી છે, તેમ બીજા સમગ્ર ધર્મોમાં જિનધર્મ સર્વથી ચડિયાતો છે. હવે આ પ્રકરણના અધિકારી કોણ છે, તે કહે છે - સુસાધુઓ, વૈરાગ્યવંત શ્રાવકો, પરલોકમાં પ્રયાણ કરનાર અથવા સંયમ સન્મુખ બનેલા, હિતમાટે પ્રયત્ન કરનારા સંવિગ્નપાક્ષિકો તેમ જ વિવેકી એવા બહુશ્રુતો હોય તેમને આ ઉપદેશમાળા આપવી. (૫૩૭ થી ૫૩૯) ઉપદેશની સમાપ્તિમાં અમે પૂજ્યે

કહેલા સૂક્તોથી તમને કહીએ છીએ કે - 'આ ધર્મોપદેશ સજ્જડ ગાઢ અંધકારસમૂહને દૂર કરનાર નિર્મલ પ્રદીપ છે, આ ધર્મોપદેશ કામદેવ અને અહંકારરૂપ મહાવ્યાધિને નાશ કરનાર ઔષધિ છે, આ ધર્મોપદેશ શિવસુખના ભવન ઉપર ચડવા માટે નિસરણી છે, આ ધર્મોપદેશનો ભવ્ય આત્માએ મનથી પણ અનાદર ન કરવો, હવે ચાર પ્રક્ષેપ ગાથાની વ્યાખ્યા કરીએ છીએ. તેમાં પ્રથમ બાલકો અને અબલાઓને પ્રકરણકર્તાનું નામ જણાવવા માટે કહે છે.

**इय धम्मदासगणिणा जिणवयणुवएस-कज्जमालाए ।**
**माल व्व विविहकुसुमा, कहिआ य सुसीसवग्गस्स ।।५४०।।**

**संतिकरी वुड्ढिकरी, कल्लाणकरी सुमंगलकरी य ।**
**होइ कहगस्स परिसाए, तह य निव्वाणफलदाई ।।५४१।।**

**इत्थ समप्पइ इणमो, मालाउवएसपगरणं पगयं ।**
**गाहणं सव्वाणं, पंचसया चेव चालीसा ।।५४२।।**

**जाव य लवणसमुद्दो, जाव य नक्खत्त-मंडिओ मेरू ।**
**ताव य रइया माला, जयम्मि थिरथावरा होउ ।।५४३।।**

આ પ્રમાણે ધર્મદાસગણિ નામના આચાર્યે વિવિધ પ્રકારનાં પુષ્પોની માળા સરખી જિનવચન-ઉપદેશરૂપ કાર્યોની માળા, જેમ વિવિધ પુષ્પોની માળા સૌરભ વગેરે ગુણોથી મનોહર હોય અને દરેકને ગ્રહણ કરવા લાયક હોય, તેમ આ ઉપદેશમાળા પણ શિષ્યવર્ગને ગ્રહણકરવા લાયક છે, ભણવાલાયક કહેલી છે. બીજી આશીર્વાદ સ્વરૂપ ગાથા કહે છે. આ ઉપદેશમાળા કથન કરનાર વક્તા, તથા શ્રવણ કરનાર પર્ષદાને આવી પડેલા દુઃખને ઉપશાન્ત કરનારી, ધર્મના સાધનભૂત સામગ્રીની વૃદ્ધિ કરનારી, આ લોકનાં સમગ્ર કલ્યાણ કારણને મેળવી આપનારી, પરલોકમાં સમગ્ર મંગલ પમાડનારી અને પરંપરાએ નિર્વાણ-ફલ પમાડનારી થાઓ, ત્રીજી ગાથા સમાપ્તિ કહેવા સહિત ગ્રન્થસંખ્યા ગાથા સંખ્યા કહે છે. આ જિનશાસન વિષે આ પ્રકરણ ઉપદેશમાળા કહેવાય છે, તેને હવે સમાપ્ત કરીએ છીએ. કુલ આ ગ્રન્થની પાંચસો ચાલીશ ગાથા સર્વ મલીને છે. (બે ગાથા પ્રક્ષેપ જાણવી) ૫૪૨ ગ્રન્થાગ્ર. ચોથી ગાથા તો શ્રુતજ્ઞાનના આશીર્વાદ માટે છે.

જ્યાં સુધી લવણ સમુદ્રના તરંગો ઉછળે છે, નક્ષત્રમંડળથી શોભાયમાન મેરુપર્વત શાશ્વત શોભી રહેલો છે, જ્યાં સુધી સૂર્ય અને ચંદ્ર પ્રકાશ કરે છે, ત્યાં સુધી લોકમાં

શાશ્વતરૂપે આ ઉપદેશમાળા પ્રકરણ પણ પ્રતિષ્ઠિત કાયમ રહો. સ્થાવર માફક સ્થિર-શાશ્વતી રહો. (૫૪૩)

આ પ્રમાણે પ. પૂ. આગમોદ્ધારક શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીના શિષ્ય આ. શ્રી હેમસાગરસૂરિએ શ્રીરત્નપ્રભસૂરિ વિરચિત ઉપદેશમાળા વિશેષવૃત્તિ-દોઘટ્ટી ટીકાના ચોથા વિશ્રામનો ગૂર્જરાનુવાદ પૂર્ણ કર્યો.

[સંવત્ ૨૦૩૦ મહાવદિ ૧૨, સોમવાર, તા. ૧૮-૨-૭૪ સાહિત્યમંદિર, સિદ્ધક્ષેત્ર-પાલીતાણા, સૌરાષ્ટ્ર.]

## વ્યાખ્યાકારની પ્રશસ્તિ -

વિવિધ પ્રકારના ઉત્તમ પુરુષો જેમાં રહેલા છે, વળી વૈરાગ્યરંગથી રંગાએલો, પાતાલલોક સુધી સ્ફુરાયમાન કીર્તિવાળો, જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નનો સમુદ્ર એવો બૃહદ્ગચ્છ છે. તે ગચ્છમાં અનેક શાખા-સમૂહથી પ્રયાગના વડસરખો વિસ્તાર પામેલો સમૃદ્ધ એવો વડગચ્છ છે. જેમાં પ્રસિદ્ધિ પામેલા એવા શ્રીમુનિચન્દ્રસૂરિ સુગુરુ છે. સાહિત્ય, તર્ક, ન્યાય, આગમ, વ્યાકરણ શાસ્ત્રોનાં ગ્રન્થો રચવાના માર્ગમાં કવિઓને કામધેનુ સમાન એવા જેમણે સમગ્ર દેશોમાં વિહાર કરીને કોના ઉપર સુંદર ઉપકાર નથી કર્યો ? એવા શ્રીમુનિચન્દ્રસૂરિએ પોતાની પાટ ઉપર ગીતાર્થ-ચૂડામણિ પોતાના શિષ્ય શ્રીદેવસૂરિ પ્રભુને સ્થાપન કર્યા હતા. જેણે શ્રીજયસિંહરાજાની રાજસભામાં દિગંબરોને, પરાસ્ત કરી 'સ્ત્રીનિર્વાણ પામી શકે છે' એ વિવાદનું સમર્થન કરી વિજયસ્તંભ ઉભો કર્યો હતો. (અથવા વિજયપતાકા પ્રાપ્ત કરી હતી.) તેમની પાટે ગુણસમૂહથી મનોહર ઉદયવાળા, પવિત્ર બુદ્ધિવાળા, તેમના માનસમાં પ્રીતિ ઉત્પન્ન કરનારા શ્રીભદ્રેશ્વરસૂરિ થયા. શ્રીદેવસૂરિપ્રભુની કૃતજ્ઞતા માટે તેમના શિષ્ય શ્રીરત્નપ્રભસૂરિએ આ ઉપદેશમાળાનો વિશેષઅર્થ જાણવાની ઇચ્છાવાળાના હર્ષ માટે આ દો ઘટ્ટી વિશેષવૃત્તિની રચના કરી. શ્રીદેવસૂરિજીના શિષ્ય અને મારા ગુરુભાઇ શ્રીવિજયસેનસૂરિની આજ્ઞાનો અમલ કરીને હું તેમનો અનૃણીભાવ પામ્યો છું. આ ઉપદેશમાળા શ્રાવકલોકનો મૂળસિદ્ધાંત ઘણેભાગે ભણાય છે, તે કારણે મેં અહિં પ્રયત્ન કર્યો છે. વ્યાખ્યા સમજાવનારમાં શિરોમણિ એવા સિદ્ધ આચાર્યે ઘણાભાગે અહિં તેનો ગાથાર્થ કરેલો છે. કોઇ કોઈ સ્થાને વિશેષ બારીકીવાળી વ્યાખ્યા સજ્જનોએ સ્વયં વિચારી લેવી. આ ટીકામાં કોઈ વિષય આગમિક ન હોય, એટલે અનાગમિક હોય, કોઇક સ્થાને મતિમંદતાથી મેં રચના કરી હોય, તો બુદ્ધિશાળી સજ્જનોએ મારી સ્ખલનાની ક્ષમા કરવી અને કૃપા કરીને આદરથી શોધી લેવી. મણિઓ અને રત્નોના સરાણ પર ઘસીને તૈયાર કરેલા ઝગમગતા ટૂકડાઓના સમૂહને સુવર્ણમાં જડાવી મુગટ આભૂષણાદિક

બનાવરાવી જેમ જિનેન્દ્રોની પૂજા કરાય, તેમ આ ઉપદેશમાળા-વિશેષવૃત્તિમાં મારી અને બીજાની બનાવેલી સૂક્તિઓ શોભે છે. (ભૃગુપુર) નગરમાં શ્રીઅશ્વાવબોધ તીર્થમાં શ્રીવીરજિનેશ્વરની આગળ શ્રીમુનિસુવ્રતસ્વામીના ભક્તિયોગથી આ દોઘટ્ટી ટીકાશરુ કરી અને પૂર્ણ કરી. વળી કેટલાક મારી નજીક રહેલા મારા સહૃદય-સજ્જનોએ ટીકાને સંશોધન કરી છે, તેમ છતાં પણ કાંઇક સ્ખલનારૂપ કંટક બાકી રહી ગયા હોય, તો સર્વ પાઠકવર્ગને સ્ખલન-શુદ્ધિ કરવા પ્રાર્થના કરું છું.

દેદીપ્યમાન સૂર્ય, ચન્દ્ર જેની આસપાસ શોભી રહેલા છે, ફેંકાએલ વજની જેવી જેની આકૃતિ છે, નીકળી રહેલ જળવાળી શિલાતલો ઉપર ગાઢ ધરોના અંકુરો પ્રગટ થએલા છે, એવા મેરુપર્વતને આકાશરૂપી સ્ત્રી, તારારૂપી દીપકોથી જ્યાં સુધી આરતિ ઉતારે છે, ત્યાં સુધી આ મારી નવીકૃતિ વિજયને પામો.

વિક્રમ સંવત્ ૧૨૩૮ના માઘમાસમાં ૧૧૧૫૦ શ્લોક-પ્રમાણ આ ટીકાગ્રન્થ સંપૂર્ણ કર્યો. લેખક અને પાઠક-ભણાવનારનું કલ્યાણ થાઓ, વ્યાખ્યાકારની પ્રશસ્તિ પૂર્ણ થઈ.

## પુનઃ સંપાદક પ્રશસ્તિ

પરમપૂજ્ય કચ્છવાગડ દેશોદ્ધારક દાદાશ્રી જિતવિજયજી મ. સા. નાં શિષ્ય મુનિપ્રવરશ્રી હીરવિજયજી મ. સા. નાં શિષ્ય મુનિશ્રી બુદ્ધિવિજયજી મ. સા. તથા પંન્યાસ પ્રવરશ્રી તિલકવિજયજી મ. સા. નાં શિષ્ય સરલસ્વભાવી આચાર્યદેવશ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ. સા. નાં શિષ્ય શાસનપ્રભાવક આચાર્યદેવશ્રી રત્નાકરસૂરીશ્વરજી મ. સા. નાં શિષ્ય ઉપાધ્યાય શ્રી રત્નત્રયવિજયજી મ. સા. આ ઉપદેશમાળા દોઘટ્ટી ભાષાંતરનું પુનઃ સંપાદન કરી પ્રકાશિત કરેલ છે.

વિ. સં. ૨૦૬૯

## ચિત્રપરિચય

૧. વિજયપુર નગરમાં વિજયસેન રાજા અને એની બે રાણી સુજયારાણી, વિજયારાણી

૨. સુજયારાણી ઈર્ષ્યા નાં કારણે દાસી દ્વારા વિજયા નાં પુત્રને જન્મતાં જ જંગલની ઝાડી માં નાંખી દે છે.

૩. સુંદર નામનો ખેડૂત ઝાડી માંથી પુત્ર લાવીને પોતાની પત્નીને સોંપે છે. ખેડૂતની પત્ની પુત્ર ને ખેતર ખેડતાં શીખવે છે.

૪. રણ માંથી પ્રાપ્ત થવાથી પુત્રનું નામ રણસિંહ નામ પાડે છે. રણસિંહ ખેતરની પાસે જિનમંદિર છે ત્યાં દરરોજ જમતાં પહેલા નૈવેધ ચડાવે છે. તેનાં કારણે રણસિંહ રાજ્યને પ્રાપ્ત કરે છે.

૫. વિજયરાજાને આ વાત ની ખબર પડવાથી વૈરાગ્ય જાગે છે તેથી વિજયરાજા વિજયારાણી, સુજ્ય સાળા સાથે ભગવાન મહાવીર પાસે સંયમ ગ્રહણ કરે છે.

૬. રણસિંહનાં કલ્યાણ માટે વિજયરાજા ધર્મદાસગણી બની અવધિજ્ઞાનથી જાણ્યા પછી ઉપદેશમાળા ગ્રંથની રચના કરી જિનદાસ ગણી - વિજયશ્રી સાધ્વીજીને કંઠસ્થ કરાવી ઉપદેશ આપવા માટે મોકલે છે.

૭. રણસિંહ પણ ઉપદેશમાળા કંઠસ્થ કરી દરરોજ સ્વાધ્યાય કરવાથી વૈરાગ્ય જાગે છે અને આચાર્ય મુનિચંદ્ર સૂરિ પાસે સંયમ ગ્રહણ કરે છે.

## શ્રુતભક્તિ સહયોગી

શ્રી નંદિશ્વર દીપ જૈન મંદિર ટ્રસ્ટ - જાલોર (રાજસ્થાન)
શ્રી કલ્યાણ સૌભાગ્ય મુક્તિ ભવન (પાલીતાણા)
જ્ઞાનદ્રવ્યમાંથી આ ગ્રંથનું પ્રકાશન થયેલ છે.

NAVNEET PRINTERS M.: 9825261177